श्रीज्ञानेश्वरी

श्रीमद्भगवद्गीता



ॐ

श्रीमद्भगवद्गीता

શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃતા ભાવાર્થદીપિકા ઉર્ફે જ્ઞાનેશ્વરી સહિતા

"भगवद्गीता किंचिदधीता, गंगाजललवकणिका पीता ।
येनाकारि मुरारेरर्चा, तस्य यमः किं कुरुते चर्चां ॥ "

श्रीमच्छंकराचार्याः

પ્રકાશક

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,

મુંબઈ.

વિક્રમાર્ક ૧૯૭૯ ઇ. સ. ૧૯૨૨

પ્રથમાવૃત્તિ ૧૯૧૧

દ્વિતીયાવૃત્તિ ૧૯૨૨

ચેતવણી

આ પુસ્તકનો ચિત્ર સાથે કૉપીરાઇટ લીધો છે. જે કોઈ એ ચિત્રોના ડીઝાઈનની સાદી કે રંગીન નકલ કરશે, તેની સામા કાયદા પ્રમાણે પગલાં લેવામાં આવશે.

નોંધ—'ગુજરાતી' છાપખાનાનાં સર્વ સચિત્ર પુસ્તકો વિષે આ ચેતવણી ધ્યાનમાં રાખવી.

Printed and Published by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS,
No. 8, Sassoon Buildings, Circle, Fort,
BOMBAY.

ભૂમિકા.

પ્રાતઃસ્મરણીય મહાત્મા રાજર્ષિ ભર્તૃહરિએ પોતાના સુવિખ્યાત 'વૈરાગ્ય શતક'માં એક સ્થળે આ પ્રમાણેના ઉદ્દગારો કાઢેલા છે;—

क्वचिद्वीणावादः क्वचिदपि च हाहेति रुदितम्, क्वचिन्नारी रम्या क्वचिदपि जराजर्जरवपुः ।

क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहः, न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

"આ સંસારમાં એક સ્થળે વીણાનો મધુર નાદ સંભળાય છે, તો અન્ય સ્થાને હ્રદયવિદારક રુદન કર્ણગોચર થાય છે; એક સ્થળે હ્રદયહારિણી રમણીય તરુણી જોવામાં આવે છે, તો અન્ય સ્થાનમાં જરા અવસ્થાથી જર્જર થઈ ગયેલા (વિકલિત) શરીરવાળી વૃદ્ધા નારી દૃષ્ટિગોચર થાય છે; તેમ જ કોઇ સ્થળે વિદ્વાનોનો વિનોદ તો કોઈ સ્થાને મદિરાપાનથી ઉન્મત્ત બનેલાઓનો કલહ વિસ્તરેલો દેખાય છે. અર્થાત્ આ સંસારની આવી વિષમતાને જોઇને હું એ નિશ્ચયપૂર્વક જાણી (કહી) શકતો નથી કે, આ સંસાર અમૃતમય છે કે વિષમય છે?"

સંસાર–વ્યાવહારિક જ્ઞાનની વૈચિત્ર્યતા.

સંસારની આવી વિષમ લીલાને જોઇને, પ્રત્યેકના મનમાં સ્વાભાવિક જ આ સંસાર સુખદાયક છે કે દુઃખદાયક છે, એવી શંકાનો વારંવાર ઉદ્દભવ થયા કરે છે. એ સંશયના યોગે, આ પૃથ્વીનો વિસ્તાર કેટલો છે, ચંદ્ર અને સૂર્યની પેલી તરફ શું હશે, આપણી ગ્રહમાલિકા જેવી અનંત ગ્રહમાલિકાઓ અને આપણા સૂર્ય જેવા અનંત સૂર્યો છે, એમ જે કહેવામાં આવે છે, તે જો સત્ય હોય તો તેમની સંખ્યા કેટલી હશે, તે વિશ્વોની મર્યાદાનો વિસ્તાર કેટલો હશે, આ આવું જ ચક્ર કેટલાક કાળ પર્યન્ત ચાલતું રહેવાનું, સર્વનો લય થતાં કલ્પાંત થાય છે, પણ તે કલ્પાંત પછી શું થવાનું, ઇશ્વર જેવો કોઈ પદાર્થ છે કે નથી, જો હોય, તો તે દેખાતો કેમ નથી, મરણ પછી આપણી શી અવસ્થા થાય છે, એમ કહેવામાં આવે છે, કે કોઇ પણ વસ્તુનો સર્વથા નાશ તો થતો નથી જ, એ જો સત્ય હોય તો મૃત્યુપશ્ચાત્ આપણી શી સ્થિતિ થાય છે, યમદંડની વાર્તામાં કાંઈ સત્ય હોય, તો આ દેહનો લોપ થવા પછી તે કેવી રીતે ભોગવી શકાતો હશે, જો એવા યમદંડનો અભાવ જ માનીએ, તો પરમેશ્વરનાં ન્યાયમંદિરમાં ન્યાયાન્યાય છે જ નહિ, એમ જ કહેવું પડશે; પુનર્જન્મ હોવાનો સંભવ છે ખરો, જો એમ હોવાનું માનીએ, તોપણ જ્યાં પૂર્વજન્મની સ્મૃતિ જરાપણ નથી રહેતી, ત્યાં પછી પૂર્વનો જન્મ પુનઃ પ્રાપ્ત થાય તોય શું અને નવીન જીવધારી પ્રાણી નિર્માણ થાય તોય શું; અર્થાત્ એ ઉભયનું તાત્પર્ય એકનું એક જ. સમસ્ત બ્રહ્માંડ જ જ્યાં દ્વૈતમય અદ્વૈત છે, તો પછી પાપ અને પુણ્યનો ભેદ શામાટે માનવો જોઇએ; ભેદાભેદ કેવળ કાલ્પનિક છે, એમ સિદ્ધ થાય છે, તો પછી પાપપુણ્ય, અને નીતિ અનીતિ આદિને જ સત્ય શા કારણથી માનવાં; પોતાની પાસેની ધન આદિ વસ્તુઓ બીજાઓને આપી દઇને અમારે વ્યર્થ પરોપકાર શામાટે કરવો જોઇએ; લોકોનાં ગળાં કાપીને પોતાની તૂમડી તાજી શામાટે ન કરવી; શ્રીમંતના પ્રાણ લેવામાં જો પાપ જ હોય, તો તેમની જે સર્વ સંપત્તિ આપણા હાથમાં આવે છે, એ શું પુણ્યનું ફળ નથી; બળવાનો નિર્બળોને મારે, એ જો પાપ જ હોય, તો બળવાનોની નિઃસંતાનતા કેમ નથી થતી; પ્રત્યેક લગ્ન શુભ મુહૂર્ત્ત જોઇને જ કરવામાં આવે છે, છતાં વિશ્વમાં વિધવાઓની આટલી બધી ભયંકર સંખ્યા કેમ દેખાય છે, પ્રજાની ઉત્પત્તિના સાધન માટે જ જો લગ્ન વિધિનો આડંબર કરવામાં આવતો હોય, તો જેમની સંતતિનો પાર જ નથી, તે પશુ અને પક્ષીઓનાં કોણે વિધિપૂર્વક લગ્ન કરાવી આપ્યાં હતાં; દ્રવ્ય, ચોરી કરીને લાવવામાં આવ્યું હોય, છતાં તે કોઇને વિષવત્ થયેલું છે; સ્વેચ્છા અને આસક્તિથી વ્યભિચાર કરવા છતાં કોના શરીરે કોઢ નીકળે છે; અમે કરનારા જ મરી જઇએ છીએ, તો પછી ભોગવવા માટે કોણ રહેવાનું હતું; દેવ જ્યારે દેખાતો જ નથી, તો પછી

તેના અસ્તિત્વને માનવું સર્વથા વ્યર્થ જ છે; ઈત્યાદિ ચાર્વાક મતો અને આસુરી વિચારોનો, કેટલાકોના મનમાં ઉદ્ભવ થયા વિના રહેતા નથી.

જગતમાંના આવા જ સર્વ વ્યવહારોનું અવલોકન કરીને એક ગંભીર વિદ્વાને એકવાર એવો ઉદ્ગાર કાઢયો હતો કે;—"હે મિત્ર! ત્રિલોકના સમસ્ત ભાગોમાં અવિશ્રાંત શોધ કરી કરીને થાકી જવા છતાં એવા કોઈ મહાનુભાવ મહાત્માના નામશ્રવણ કિંવા દર્શનનો લાભ ન મળ્યો, કે જે સાંસારિક વિષયરૂપ હસ્તિનીમાં પરિપૂર્ણ આસક્ત થયેલાં મારાં અંતઃકરણરૂપ મદોન્મત્ત હસ્તીને સંયમ સ્વરૂપ ખુંટા સાથે બાંધીને એક સ્થાનસ્થ કરી શકે!" ત્યારે શું એનું પ્રત્યુત્તર નથી જ? અવશ્ય છે.

બ્રહ્મપ્રાપ્તિ એજ વૈચિત્ર્યતાનો નાશ.

જેની આ સંશયસાગરમાંથી પાર પડવાની ઇચ્છા હોય; જેની આ સંસારના સંતાપથી મુક્ત થવાની ભાવના હોય; જેની પરમાનંદ સુખના ઉદ્યાનમાં યથેચ્છ વિહાર કરવાની આકાંક્ષા હોય; જેની પોતાનાં અપરિહાર્ય સંકટોને ટાળવાની અખંડ વાંચ્છના હોય; જેની સર્વ શાસ્ત્રોના રહસ્યને એક સમયાવચ્છેદે જાણી લેવાની મનીષા હોય; અને જેની 'હું કોણ' એનો સાક્ષાત્ પરિચય કરી લેવાની તન્મયતા હોય; તેણે એકનિષ્ઠાથી બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં સંચાર કરવો જોઇએ.

એ બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ તે અધ્યાત્મશાસ્ત્ર છે. બ્રહ્મને જાણવાની જે વિદ્યા, તેને અધ્યાત્મશાસ્ત્રના નામથી ઓળખવામાં આવે છે. સમસ્ત જગતમાંના લોકો જડવિજ્ઞાન અથવા વ્યવહારશાસ્ત્રમાં ગમે તેવા અને ગમે તેટલા નિષ્ણાત અથવા પરિપૂર્ણ થયેલા હોય, પરંતુ એ અધ્યાત્મશાસ્ત્રના જ્ઞાતાઓ સમક્ષ તેમની પરિપૂર્ણતાની કશી પણ ગણના નથી. કારણ કે વ્યાવહારિક જ્ઞાનમાં ગમે તેટલી કુશળતા મેળવી હોય, છતાં કેટલુંક જ્ઞાન અવશિષ્ટ રહી જાય છે. જેના વિચારથી ઉચ્ચ તત્ત્વજ્ઞાનીઓ પણ મુગ્ધ બનીને મસ્તક ધૂણાવે છે, જેના અભ્યાસથી સંસારતાપથી દગ્ધ થયેલા જીવોને શીતલતાનો અનુભવ થાય છે અને જેના મનનથી વિપત્તિદુઃખથી બદ્ધ થયેલા જીવો પણ મુક્તિના સુખનો સ્વાદ ચાખવાને ભાગ્યશાળી થાય છે, તે શાસ્ત્ર તે કેવળ અધ્યાત્મશાસ્ત્ર જ છે. આપણા વેદો, ઉપનિષદો અને ષટ્શાસ્ત્રોમાં અધ્યાત્મનો વિચાર કરેલો છે. પરંતુ તે ગ્રંથો અત્યંત ગહન અને વિસ્તૃત હોવાથી સાધારણ મનુષ્ય પ્રાણીઓને જ્યારે જોઇએ, તે વેળાએ તેનો લાભ મળવો સર્વથા અશક્ય છે.

વેદાન્તનું દોહન, એજ ભગવદ્ગીતા.

જ્ઞાનેશ્વર મહારાજે 'વેદો કૃપણ છે' એમ સ્પષ્ટ કહેલું છે અને એનું કારણ એ છે કે, વેદોએ સ્ત્રીને અને શૂદ્રોને અનધિકારી બનાવી દીધાં છે. પરંતુ એ ન્યૂનતાને દૂર કરવા માટે શ્રી વ્યાસે તે સર્વ ગ્રંથોના સારનું મંથન કરીને ૭૦૦ શ્લોકોવાળી શ્રીમદ્ ભગવદ્ગીતાની રચના કરેલી છે. ભગવદ્ગીતાના ગૌરવ અને મહત્ત્વનું જેટલું વર્ણન કરવામાં આવે તેટલું અપૂર્ણ જ ગણાશે. એ ભગવદ્ગીતાના જ્ઞાન સૌગંધ્યનો પ્રભાવ એટલો બધો અગાધ છે કે, જગતમાંના સર્વ જ્ઞાતાઓ અને વિદ્વજ્જનો મધુપ પ્રમાણે એનાપર ભ્રમણ કર્યાં કરે છે. જે વિદ્વાનોએ ગીતાના વિષયપર ભાષણો નહિ કર્યાં હોય, જે જ્ઞાતાએ ગીતાની ટીકા નહિ કરી હોય, જે સંસ્કૃત ભાષાભિજ્ઞે ગીતાનાં ભાષાન્તરો નહિ કર્યાં હોય અથવા નિદાન જે ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં ગીતાના શ્લોકોનાં પ્રમાણ નહિ લીધાં હોય; એવા વિદ્વાન, જ્ઞાતા, સંસ્કૃત ભાષાભિજ્ઞ અને ગ્રંથકારો વિરલા જ મળી શકશે. શ્રીમચ્છંકરાચાર્ય, શંકરાનન્દ, મધુસૂદન, આનંદગિરિ અને શ્રીધર ઇત્યાદિ પ્રાચીન મહાત્માઓ અને સંસ્કૃતજ્ઞ અન્ય કવિઓની શ્રીમદ્ભગવદ્ગીતાની સંસ્કૃત ટીકાઓ તો પ્રસિદ્ધ જ છે, એટલે એ વિશે અહીં વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા નથી. અંગ્રેજી ભાષામાં પણ ગીતાની અનેક ટીકાઓ થયેલી છે, પણ તે સર્વમાં સ્વર્ગવાસી ન્યાયમૂર્ત્તિ તેલંગ મહાશય કૃત અંગ્રેજી ટીકા, એડવિન્ આર્નોલ્ડ્ કૃત 'સ્વર્ગીય ગાન,' નામક ગીતાનું ભાષાંતર પ્રમાણભૂત છે. ફ્રેંચ અને જર્મન ભાષામાં પણ એનાં અનેક ભાષાન્તરો થયાં છે. ફારસી ભાષામાં પણ ગીતાનો અનુવાદ છે. એ પરકીય ભાષાઓમાં પણ જ્યારે ગીતાનો આટલો બધો મહિમા છે, ત્યારે મહારાષ્ટ્રીય અને ગુર્જરી ભાષા જેવી સંસ્કૃતની પુત્રીરૂપ ભાષાઓમાં એનાં અનેક ભાષાંતરો અને અનેક વિવરણો થયાં હોય, થતાં હોય અને હવે પછી પણ થતાં રહે, એ સર્વથા સ્વાભાવિક અને નૈસર્ગિક જ છે. ગુજરાતી ભાષામાં ગીતાનાં બે સમશ્લોકી ભાષાંતરો થયાં છે. ગદ્ય ભાષાંતરો અનેક છે, પણ તેમાંનાં સારાં અને

વિશ્વસનીય ભાષાંતરો તો બે ચાર જ નીકળવાનાં, અને જે ટીકાઓ સ્વતંત્રતાથી લખાયલી છે, તે સર્વમાં સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઈએ કરેલી ગીતાની ટીકા જેવી બીજી એક પણ ઉત્તમ ટીકા નથી. પરંતુ હિંદી મહારાષ્ટ્રીય અને બંગાળી ભાષામાં ગીતાની જે કેટલીક ઉત્તમોત્તમ ટીકાઓ થયેલી છે, તે સર્વ ટીકાઓને ગુજરાતી ભાષામાં લાવવાનો "ગુજરાતી" પ્રેસના માલિકે નિશ્ચય કર્યો છે,* અને તે નિશ્ચય પ્રમાણે ચિદ્‌ઘનાનન્દ સ્વામીકૃત ભગવદ્‌ગીતાની હીંદી ટીકાનું ગર્જર ભાષાંતર અત્યાર પૂર્વે જ બહાર પડી ચૂક્યું છે. શ્રીધરી ટીકાનું ભાષાંતર સ્વલ્પ કીંમતમાં "ગુજરાતી" પ્રેસે તૈયાર કરાવ્યું છે, અને આજે આ જ્ઞાનેશ્વર મહારાજકૃત "ભાવાર્થ દીપિકા" નામક મહારાષ્ટ્રીય ઓવીબદ્ધ ટીકાનો ગુર્જર ગદ્યાનુવાદ "ગુજરાતી" પ્રેસ તરફથી ગુર્જર વાચકોના કરકમળમાં સાદર કરવામાં આવે છે. મહારાષ્ટ્રીય ભાષામાં બહુધા સર્વ કવિઓએ પોતપોતાની બુદ્ધિ અનુસાર ગીતાની ટીકાઓ કરેલી છે. શ્રી જ્ઞાનેશ્વર અને મુક્તેશ્વરની ઓવીઓ, તુકારામના અભંગ, વામન પંડિતની સમશ્લોકી, મોરોપંતની આર્યાઓ, ઉદ્ધવ ચિદ્‌ઘનના સવૈયા, હિંદમાં કબીરના અને તુલસીદાસના દોહરા અને એ ઉપરાંત અર્વાચીન ભાષાંતરકાર તથા કવિઓ અનેક છે, કે જેમનો ગીતાના સંબંધમાં પ્રયત્ન થયેલો છે. પરંતુ એ સર્વમાં શ્રી જ્ઞાનેશ્વરકૃત ટીકા અગ્રભાગે બિરાજે છે, અને એમાં જે વિશેષતા રહેલી છે, તે અન્ય ટીકાઓમાં નથી.

ભાવાર્થ દીપિકાની શ્રેષ્ઠતા.

શ્રીમત્ શંકરાચાર્ય જેવા મહાત્માઓએ ગીતાની જે ટીકાઓ કરેલી છે, તે સર્વ અત્યંત સમર્પક, ગહન વિચાર અને અગાધ જ્ઞાનવડે પરિપ્લુત, તેમ ઈશ્વરી પ્રસાદથી ઉભરાઈ ગયેલી છે, એમાં તો લેશ માત્ર પણ સંશય નથી જ. પરંતુ એ સર્વ ટીકાઓ કરતાં પણ શ્રી જ્ઞાનેશ્વર મહારાજની 'ભાવાર્થદીપિકા' (કે જેનું 'જ્ઞાનેશ્વરી' નામ જ વિશ્વવિખ્યાત છે) તે અત્યંત સરળ તથા સામાન્ય મનુષ્યના અંતઃકરણમાં પણ ઉતરી શકે એવી ટીકા છે. ઉપર્યુક્ત બીજી ટીકાઓ જ્ઞાન, વિચાર, સિદ્ધાંત અને ઈશ્વરીય પ્રસાદ આદિમાં ન્યૂન છે, એમ અમે કહેતા નથી; પરંતુ પ્રાકૃત જનો–નિદાન અત્યારની અવસ્થામાંના આપણા જેવા લોકો માટે તો શ્રી જ્ઞાનેશ્વર મહારાજે 'જ્ઞાનેશ્વરી' રૂપ બ્રહ્મપ્રાપ્તિનો એક સરળ માર્ગ કરી આપ્યો છે. એ માર્ગ એટલો બધો સુલભ અને રમણીય છે કે, શ્રી જ્ઞાનેશ્વરે જેમ કહ્યું છે કે, 'જ્ઞાનને જ્ઞાનની જ ઉપમા આપી શકાય છે, તે જ પ્રમાણે 'જ્ઞાનેશ્વરીને જ્ઞાનેશ્વરીની જ ઉપમા આપી શકાય' એવો ઉદ્‌ગાર આપણને કાઢવો પડે છે. અધ્યાત્મશાસ્ત્ર જેવા મહા ગહન વિષયને એક મનોરંજક નવલકથા પ્રમાણે સરળ અને મનોહારક બનાવી દેવાની કળા; નાના પ્રકારનાં સમર્પક અને યથોચિત વ્યાવહારિક દષ્ટાંતો આપવાનું ચાતુર્ય; પ્રધાન તત્ત્વને શ્રોતાના મનમાં ઠસાવી દેવાનો અનુપમ ગુણ; પોતામાં દીનતાનો આવિર્ભાવ કરવાની સાધુત્વશૈલિ; સ્થળે સ્થળે વ્યક્ત કરેલી નિઃસીમ ભક્તિ; ગુરુના પ્રસાદથી પ્રકટ કરેલું સોજ્જવલ જ્ઞાન અને વાણીનો અસ્ખલિત પ્રવાહ આદિ લોકોત્તર ગુણોને જોઈને જેનું હૃદય ન દ્રવે, જેની વૃત્તિ ઈશ્વરપ્રતિ ન વળે, જેના મનને સમાધાનનો અનુભવ ન થાય, જેની વૃત્તિ સમ્યક્ જ્ઞાનમાં ન ઢળી પડે અને જે સંતજનોનાં ચરણોમાં લીન ન થાય, એવો અરસિક, તો રસિક જનોના સમુદાયમાં એક પણ મળવો અશક્ય છે અને જો કોઈ એવો અરસિક હોય, તો તે દુર્ભાગી છે એમ જ કહી શકાય.

જ્ઞાનેશ્વરી જો કે શ્રીમદ્ ભગવદ્‌ગીતાની એક મહારાષ્ટ્રીય ટીકા છે, તોપણ ઇતર સંસ્કૃત ભાષ્યો, સંસ્કૃત અને પ્રાકૃત ટીકાઓ તથા અન્ય ભાષામાંની ટીકાઓમાં અને એમાં એક પ્રકારનો મહદન્તર રહેલો છે. જ્ઞાનેશ્વરીમાંનું વર્ણન અતિશય વિસ્તારયુક્ત છે; અને તે સર્વથા સાધારણ બુદ્ધિના મનુષ્યને પણ તેમાંના સિદ્ધાંતોના ગૂઢાર્થનો તત્કાળ બોધ થઈ જાય, એ હેતુથી શ્રી જ્ઞાનેશ્વરે પ્રત્યેક સિદ્ધાન્તનું અનેક દષ્ટાંતો આપીને અત્યંત રસભરિત વર્ણન કરેલું છે. આ કારણથી ગીતાના આધારે 'જ્ઞાનેશ્વરી' નામક અધ્યાત્મશાસ્ત્રનો એક નવીન સર્વથા સ્વતંત્ર ગ્રંથ જ નિર્માણ થયો છે, એમ જો કહીએ, તો તેમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ નથી. જ્ઞાનેશ્વરે આટલો બધો વિસ્તાર કરવાથી જ ગીતાના મૂળ ૭૦૦ શ્લોકની ટીકારૂપ જ્ઞાને-

* એ ઉપરાંત ગુજરાતી પ્રેસે ગીતાની સંસ્કૃત ભાષામાં જેટલી ટીકાઓ મળી શકે, તે સર્વને સંસ્કૃતમાં પ્રકટ કરવાના સાહસનો પણ આરમ્ભ કરેલો છે અને તદનુસાર ગીતાની સંસ્કૃત ટીકાનો એક ગ્રંથ ગુજરાતી પ્રેસે પ્રકટ પણ કીધો છે. આઠ ટીકાના બીજા બે ગ્રંથો છપાય છે.

શ્વરીની ૯૦૩૭ ઓવીઓ થયેલી છે. એમાંના પ્રતિપાદનનું ધોરણ કેટલેક અંશે ધ્યાનમાં આવે, એટલા માટે અહીં તેનો સંક્ષેપમાં ઉલ્લેખ આપવામાં આવે છે.

ગીતાના ૧૮ અધ્યાયોનું પરિસ્ફોટન.

૧ પ્રથમ અધ્યાયના આરંભમાં યથાયોગ્ય વિસ્તૃત અને મંગલ સંપ્રદાય અનુસાર પ્રસ્તાવના આપેલી છે. પ્રથમ ૐકારરૂપ પરમેશ્વરને નમસ્કાર કરીને ગણેશ પણ ૐકાર સ્વરૂપ જ છે, એવું એક સુંદર રૂપક કરેલું છે. ત્યાર પછી શારદાને નમસ્કાર કરીને તેના જ માહાત્મ્ય ઇત્યાદિનું કથન કરી શ્રી સદ્ગુરુનાં ચરણોમાં વંદન કરી શ્રીજ્ઞાનેશ્વરે પોતાની નમ્રતા દર્શાવેલી છે. ત્યાર પછી શ્રી ગુરુ દ્રોણાચાર્યના સ્વભાવને સુંદરતાથી વર્ણવીને યથાક્રમ વિષયનું કથન કરતાં કરતાં 'અર્જુન વિષાદયોગ' નામક ગીતાના એ પ્રથમ અધ્યાયની સમાપ્તિ કરી છે.

૨ દ્વિતીય અધ્યાયમાં અર્જુનના મનમાં ઉત્પન્ન થએલી દયા અને તે વિશેની શંકાઓ માટેનું શ્રી ભગવાન્ કૃષ્ણનું માર્મિક ઉત્તર, તેમ જ આત્માનાત્મવિચાર ઇત્યાદિ 'સાંખ્યયોગ'નું પ્રતિપાદન કરીને એ બીજા અધ્યાયની પરિસમાપ્તિ કરવામાં આવી છે.

૩ તૃતીય અધ્યાયથી 'કર્મયોગ'ના પ્રતિપાદનનો આરંભ કરેલો છે, અને તેમાં પોતપોતાનાં કર્મો કેવા પ્રકારે કરવાં એનું વર્ણન કરેલું છે. ઇંદ્રિયોનાં લાડકોડ કદાપિ પૂરવાં નહિ ઇત્યાદિ ઉપદેશ આપીને સ્વધર્માચરણના માહાત્મ્યનું વિશેષતાથી વર્ણન કરેલું છે. ત્યાર પછી કામક્રોધના ભયંકર સ્વરૂપને વર્ણવીને ઉત્કૃષ્ટતાથી ત્રીજા અધ્યાયની ઇતિશ્રી કરાયલી છે.

૪ ચતુર્થ અધ્યાયમાં કર્મ તથા અકર્મનાં લક્ષણો અને ભેદો; ભિન્ન ભિન્ન યજ્ઞોના વિધિ; જ્ઞાનમય યજ્ઞ શ્રેષ્ઠ હોવાથી તેની પદ્ધતિનું રૂપ; જ્ઞાનની મહત્તા અને સંશયગ્રસ્ત મનુષ્યની સ્થિતિ ઇત્યાદિ વિષયો કથાયલા છે.

૫ પંચમ અધ્યાયમાં ૐકારનું સ્વરૂપ; મનની સમતા; વિષયસુખમાં જ મગ્ન થનારા મનની સ્થિતિ; ઇન્દ્રિયનિગ્રહ કરવાનું ફળ; અને યોગમાર્ગનું અવલંબન કરવાથી કેવી રીતે બ્રહ્મસ્વરૂપ થઈ શકાય છે, ઇત્યાદિ વિષયોનું પ્રતિપાદન યોગ્યતાથી કરવામાં આવ્યું છે.

૬ પ્રથમ અધ્યાયથી પંચમ અધ્યાય પર્યન્ત પ્રસ્તાવનાનો અભાવ છે; પરંતુ ષષ્ઠ અધ્યાયના આરંભમાં પ્રસ્તાવના છે. એ પ્રસ્તાવનામાં 'પ્રસ્તુત અધ્યાયથી ગીતારૂપ વલ્લરીને અંકુર ફૂટ્યો' એમ કહેલું છે. આ અધ્યાયમાં, રાજયોગનો અભ્યાસ કેવી રીતે કરવામાં આવે છે, એનો વિધિ કહેલો છે. યોગના અભ્યાસ માટે સ્થળ કેવું હોવું જોઇએ, એનું અતિશય મનોહરતાથી પ્રતિપાદન કરીને યોગાભ્યાસમાંની ભિન્ન ભિન્ન મુદ્રાઓનું વિવેચન કરેલું છે; અને નાભિકમળમાંની 'કુંડલિની' નામક દેદીપ્યમાન આદિશક્તિના સ્વરૂપને સ્પષ્ટ કરેલું છે. ત્યારપછી સર્પની કાંચળી પ્રમાણે યોગીના શરીરપરની ત્વચા નીકળી જાય છે; તેને નવા દાંતો આવે છે; નવા કેશ ફૂટે છે; તેના શરીરની કાંતિ વધે છે; તેને અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે; તે પાણીપર ચાલી શકે છે; ઋદ્ધિ અને સિદ્ધિ તેની અંકિત થાય છે અને એવા બીજા પણ અનેક અપૂર્વ ચમત્કારો યોગીને સહજ પ્રાપ્ત થાય છે ઇત્યાદિ વિષયોનો વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૭ સપ્તમ અધ્યાય પ્રસ્તાવના રહિત છે. પ્રથમ માયાનાં સ્વરૂપો; નામ અને રૂપની ઉપપત્તિ; અને ત્યારપછી માયારૂપ નદીનું બહુ જ સુંદર અને વિસ્તૃત રૂપક આપીને ઈશ્વરના ભક્ત ચાર પ્રકારના છે અને તે સર્વની ભક્તિ કેવી હોય છે એનું વર્ણન કરેલું છે અને અન્તે 'અધિયજ્ઞ' ઇત્યાદિ નવીન આઠ શબ્દ માત્રનું કથન કરીને એ સપ્તમ અધ્યાયની સમાપ્તિ કરવામાં આવી છે.

૮ અષ્ટમ અધ્યાયમાં પણ પ્રસ્તાવના નથી. એમાં પ્રથમ સપ્તમ અધ્યાયમાં વર્ણવેલા 'અધિયજ્ઞ' આદિ આઠ શબ્દોના અર્થને આરંભમાં વિશદ કરીને મરણ સમયે મનમાં જે જે કલ્પનાઓ આવે છે, તેવી તેવી જ ગતિને મનુષ્ય પ્રાપ્ત થાય છે; એટલા માટે જો અંતકાળે મારું સ્મરણ કરે, તો મનુષ્ય મારા સ્વરૂપને પામે છે. અર્થાત્ એથી એ ભગવત્સ્મરણનો જ અભ્યાસ કરવો જોઇએ, એ શ્રીકૃષ્ણના ઉપદેશનો વિસ્તાર કરીને ત્યાર પછી

બ્રહ્મદેવના કાળ તથા પ્રયાણના બે માર્ગોનું ઉત્કૃષ્ટતાથી કથન કરી એ અધ્યાયની પૂર્ણાહુતિ કરવામાં આવી છે. એ જ અધ્યાયમાં નરદેહવિશેનું બહુ જ મનોહારક અને સમર્પક રૂપક આપેલું છે અને તે અવશ્ય અવલોકનીય છે.

૯ નવમ અધ્યાયની પ્રસ્તાવના વિસ્તૃત હોવા સાથે બહુ જ સુંદર છે અને તેમાં જ્ઞાનેશ્વર મહારાજે પોતાની દર્શાવેલી નમ્રતા હૃદયને ખરેખર પીગળાવી નાંખનારી જ છે. જ્ઞાનેશ્વરે એ અધ્યાયના માહાત્મ્યનું અતિશય સરસ વર્ણન કરેલું છે. ત્યાર પછી ગુપ્તવાર્તાનો કોની આગળ સ્ફોટ કરવો, એનો વિચાર કરેલો છે અને તે બહુ જ ધ્યાનમાં રાખવા જેવો છે. જ્ઞાનનું માહાત્મ્ય; તે જ્ઞાનને મેળવવા માટે લોકોની જીવસટોસટની ખટપટ; અને તે માટે યોજેલું ગોચડી (બગાઇ)નું ઉદાહરણ બહુ જ સમર્પક છે. એ વિષયમાં વિશ્વાત્મક–અર્થાત્ સર્વ વ્યાપક–પરમેશ્વરની કલ્પનાનું અતિશય વિસ્તારથી–વિશ્વાગરૂપે–વર્ણન કરેલું છે. એ પછી ભક્તિના પ્રકારો કહીને તેમાંની ગૌણી ભક્તિમાં લોકો કેવી રીતે ફસે છે અને પેમલા પોપળા બની જાય છે, એનું નિરૂપણ કરેલું છે. એ પછી ખરી ભક્તિ એટલે શું અને તે પરમેશ્વરને કેટલી બધી પ્રિય છે, એનું સ્વરૂપ દર્શાવેલું છે. એ પછી જ્ઞાનયજ્ઞ કેવી રીતે કરવામાં આવે છે, એ પણ જણાવેલું છે અને 'મને ન જાણીને જેઓ ભજન કરે છે, તે સર્વ વ્યર્થ છે; એટલા માટે જ્ઞાન તે, કર્મનાં નેત્ર છે અને તેથી તે જ્ઞાન નિર્મળ હોવું જોઇએ' એ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરેલું છે. એની પછી 'મૃત્યુલોકમાંનું સર્વ જ અનિત્ય–ઊંધું છે' એ ભાગને મનોરંજકતાથી કથીને નવમા અધ્યાયની સમાપ્તિ કરવામાં આવી છે.

૧૦ દશમ અધ્યાયના આરંભમાં સારી વિસ્તૃત પ્રસ્તાવના છે ને ગત નવ અધ્યાયમાં ગીતાના પૂર્વાર્ધની કેવી રીતે સમાપ્તિ થઈ, એનું સિંહાવલોકન કરેલું છે અને 'અત્યંત ગહન જે નવમો અધ્યાય, તેનું મારા મુખથી કથન કરાવવા માટે હું શ્રી સદ્‌ગુરુ અને શ્રોતાઓને ધન્યવાદ આપું છું' એવાં વાક્યો શ્રી જ્ઞાનેશ્વરે ઉચ્ચારેલાં છે. આ અધ્યાયમાં જો કે પરમેશ્વરની કેવળ મુખ્ય મુખ્ય વિભૂતિઓનું જ વર્ણન કરવામાં આવ્યું છે, તોપણ તે વર્ણનની મનોરંજકતા, મનોરમ્યતા અને સુંદરતા બીજા અધ્યાયો કરતાં લેશ માત્ર પણ ન્યૂન તો નથી જ.

૧૧ એકાદશ અધ્યાય પણ વિસ્તૃત પ્રસ્તાવના ધરાવે છે. આ અધ્યાયમાં વિશ્વરૂપ અને દિવ્યદષ્ટિનું વર્ણન એટલું બધું તો મધુર કરવામાં આવ્યું છે કે, તેના વાંચનથી હૃદય તૃપ્ત થતું જ નથી; અર્થાત્ તેમાંનો રસ ખૂટતો જ નથી. આ અધ્યાયના વાંચનથી શ્રી ભગવાન્ કૃષ્ણનો અર્જુનમાં કેટલો અને કેવો નિ:સીમ પ્રેમ હતો, એ ઉત્તમ રીતિથી વ્યક્ત થાય છે.

૧૨ દ્વાદશ અધ્યાયના આરંભમાં પણ લઘુ પ્રસ્તાવના છે ને તેમાં ગુરુની કૃપાદૃષ્ટિને જ્ઞાનેશ્વરે સદ્‌ગદિત અંત:કરણવડે નમન કરેલું છે. ભક્તિનો મહિમા, ચિત્તની સમાનતા કેમ કરવી અને નિર્દ્વંદ્વ કેમ થવું ઇત્યાદિનું એવી તો સરસતાથી વર્ણન કરવામાં આવ્યું છે કે, એવા રસપૂર્ણ પ્રસંગો 'જ્ઞાનેશ્વરી' માં પણ ક્વચિત્ મળી શકે છે.

૧૩ ત્રયોદશ અધ્યાયમાં પ્રસ્તાવના નામ માત્ર પણ નથી; છતાં એ સમસ્ત અધ્યાય અતિશય વિસ્તૃત અને રસિક મનુષ્યના તન તથા મનને સ્તંભિત કરી રાખીને એક પળ માત્ર પણ ચલિત ન થવા દે તેવો મનોરંજક અને આહ્લાદક છે. એમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એટલે કે દેહ અને આત્માનું વિવરણ કરેલું છે. ત્યાર પછી હિંસાનો નિષેધ અને તે હિંસા કરનારની વિરુદ્ધ કૃતિઓમાંની અજ્ઞાનતાને અનેક ચમત્કારી દૃષ્ટાંતોવડે વ્યક્ત કરેલી છે. એ પછી ખરી અહિંસા એટલે શું, એનું સ્પષ્ટીકરણ કરેલું છે. 'आचार्योपासनम्' એ મૂળ પદને લઇને ગુરુભક્તિના ખરેખરા સ્વરૂપને ૯૩ ઓવીઓથી વ્યક્ત કરેલું છે. આ અધ્યાયમાં જરાનું તાદૃશ્ય ચિત્ર આળેખેલું છે અને અજ્ઞાનીનાં લક્ષણોનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે પણ ખરેખર વાંચીને મનન કરવા યોગ્ય છે. અભક્તનાં લક્ષણો જાણીને પણ મનનું રંજન થાય છે; અર્થાત્ આવા વિષયોવડે આ અધ્યાય પરિપ્લુત છે.

૧૪ ચતુર્દશ અધ્યાયમાં પ્રસ્તાવના છે, અને ત્યાર પછી સત્ત્વ, રજ તથા તમ એ ત્રણ ગુણોનું વર્ણન આપેલું છે. આ અધ્યાયના ૨૬ મા શ્લોકની ટીકામાં 'અવ્યભિચારી' ભક્તિનું સ્વરૂપ ઉત્કૃષ્ટતાથી વ્યક્ત કરેલું છે.

૧૫ પંચદશ અધ્યાયમાં વિસ્તૃત પ્રસ્તાવના છે અને ત્યાર પછી જ્ઞાન પ્રાપ્તિમાં શું સાધન છે તે વિશે કહ્યું છે તથા સંસારરૂપ અશ્વત્થ-(જેની સ્થિતિ આવતી કાલે નથી એવા) વૃક્ષનું વર્ણન કર્યું છે. એ વૃક્ષનું દૃઢ વૈરાગ્યરૂપી શસ્ત્રવડે છેદન કરવાનું કહ્યું છે. વળી પરમાત્માનું પરમ સ્થાન કેવું છે તેનું વર્ણન છે; જીવ એ આત્માનો અંશ છે તે દર્શાવ્યું છે; અક્ષરનાં શું લક્ષણો છે; તથા અક્ષર એવા મારી પુરુષોત્તમની પ્રાપ્તિથી શું ફળ થાય છે, તે દર્શાવ્યું છે.

૧૬ ષોડષ અધ્યાયમાં પણ વિસ્તૃત પ્રસ્તાવના છે અને તે પછી દૈવી સંપત્તિનું વર્ણન છે. ચાર્વાકના અભિપ્રાય એટલે કે પાખંડીઓનાં ભાષણોનો આ અધ્યાયમાં ઘણો જ સારો ચિતાર આપેલો છે અને ત્યાર પછી એ અધ્યાયમાં 'લોઢાના ઢાળેલા સ્તંભ'નું પણ એક હૃદયદ્રાવક ઉદાહરણ છે.

૧૭ સપ્તદશ અધ્યાય પણ પ્રસ્તાવના મંડિત છે. એમાં ત્રણ પ્રકારની શ્રદ્ધાનું વર્ણન છે ને તામસ આદિકોના આહાર તથા યજ્ઞ ઇત્યાદિનું પ્રતિપાદન કરેલું છે; અને અંતે ૐકારનું સ્વરૂપ, નામ માહાત્મ્ય અને તેનો વિનિયોગ કેવી રીતે કરવો, એ મુખ્ય વિષયોને કથીને અધ્યાયની સમાપ્તિ કરવામાં આવી છે.

૧૮ અષ્ટાદશ અધ્યાય ગીતાના બીજા સર્વ અધ્યાયો કરતાં મોટો છે અને તે જ પ્રમાણે એની પ્રસ્તાવના પણ બહુ જ વિશાળ છે. એમાં પૂર્વના સત્તર અધ્યાયોનું સિંહાવલોકન કરવામાં આવ્યું છે તથા આ અધ્યાયને 'એકાધ્યાયી ગીતા'નું નામ પણ મરાઠીમાં આપવામાં આવ્યું છે. પૂર્વના સત્તર અધ્યાય તે સાત મજલા છે, એવું રૂપક કરીને અઢારમા અધ્યાયને 'કલશાધ્યાય' કહેલો છે. જ્ઞાનેશ્વરે નવમ અધ્યાયમાં જેમ પોતાના સર્વ ચાતુર્યનું દર્શન કરાવ્યું છે, તેવી જ રીતે આ અધ્યાયમાં પણ પોતાની સર્વ દક્ષતાનો પરિચય કરાવ્યો છે. આ એક જ અધ્યાયમાં ગીતામાંના સર્વ સિદ્ધાંતો સંક્ષિપ્ત સ્વરૂપમાં આવી ગયેલા છે, અને એથી આ અધ્યાયની મનોરંજકતામાં ઘણો જ વધારો થઈ ગયો છે. ત્યાગ અને સંન્યાસ એ બે અઢારમા અધ્યાયના મુખ્ય વિષયો છે. એમાંના અંતિમ શ્લોકનું માહાત્મ્ય તો વળી વિશેષ જ વર્ણવેલું છે અને ઉપસંહાર તો એટલો બધો વાચનીય છે કે, તેની પ્રશંસા જ કરી શકાય તેમ નથી. સર્વ વેદો અને ઉપનિષદોના સારને એકત્ર કરીને શ્રી વ્યાસે જેમ 'ગીતા'ના રૂપે ઉપકાર કરેલો છે, તે જ પ્રમાણે શ્રી જ્ઞાનેશ્વર મહારાજે પણ આવી રીતે ગીતાની અઢાર માળની ઇમારત ચણીને, મહારાષ્ટ્રીય જનોપર નિરન્તરનો સંસ્મરણીય ઉપકાર કર્યો છે.

આજે એ જ જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી સદ્ભાગ્યયોગે ગુજરાતી વાચકોના કરકમળમાં ગુજરાતી સ્વરૂપ ધારણ કરીને વિરાજે છે અને એના હેતુ અમે થયેલા હોવાથી અમે અમને પોતાને મહાભાગ્યશાળી માનીએ છીએ. જ્ઞાનેશ્વરીનું આ ગુજરાતી સ્વરૂપ કેવું અને કેટલું મનોરંજક થએલું છે, એના નિર્ણયનું કાર્ય વાચકોને જ સોંપવામાં આવે છે.

અહીં સુધી તો જ્ઞાનેશ્વરીની ઉત્તમતા અને અદ્વિતીયતાનું વિવેચન થયું. હવે એક અન્ય વિષયનો ઉલ્લેખ કરવો આવશ્યકીય છે અને તે એ કે, જ્ઞાનેશ્વરના સમયમાં ચાલતી (બોલાતી) મરાઠી ભાષા આજની મરાઠી ભાષા કરતાં ભિન્ન પ્રકારની હોવાથી અને તે ભાષાને આજના કેટલાક મહારાષ્ટ્રીય જનો પણ સંપૂર્ણતાથી સમજવાને સમર્થ ન હોવાથી, કેવળ જ્ઞાનેશ્વરીમાંની ઓવીઓના આધારે જ કોઈ ગુજરાતી લેખક જ્ઞાનેશ્વરીનું પ્રમાદ રહિત ગુજરાતી ભાષાન્તર કરે, એ સર્વથા અશક્ય જ નહિ, કિન્તુ અસંભવનીય પણ છે. છતાં આ ભાષાન્તર કરવામાં જેના યોગે સુલભતા થએલી છે, તે સાધનોનો ઉલ્લેખ કરવા પહેલાં જ્ઞાનેશ્વરીના આજ સુધીના ઇતિહાસનું આપણે કિંચિદ્ અવલોકન કરીશું.

જ્ઞાનેશ્વરીની ઓવીની ભાષા.

જ્ઞાનેશ્વરીની રચના શાકે ૧૨૧૨ માં કરવામાં આવી હતી. તે વેળાએ જેમ સદા બને છે તેમ તેની તરફ લોકોનું જેટલું ધ્યાન દોરાવું જોઇએ, તેટલું દોરાયું ન હોતું. લગભગ ૩૦૦ વર્ષ સુધી તે તેવી જ દશામાં પડી રહી હતી અને ત્યાર પછી શાકે ૧૫૧૨ માં શ્રી એકનાથ મહારાજે તેનો જીર્ણોદ્ધાર કર્યો; અર્થાત્ પાઠાન્તરોથી જે શબ્દો કિંવા વાક્યો અશુદ્ધ થયાં હતાં, તે સર્વનું શુદ્ધિકરણ કરીને તેમણે જ્ઞાનેશ્વરીની એક નવીન પ્રત તૈયાર કરી. એ વિશે શ્રી એકનાથે પોતે

જ્ઞાનેશ્વરી રચનાનો કાળ.

લખેલી ઓંવીઓનો અનુવાદ આ ગ્રંથના અંતમાં આપેલો જ છે. એ પછી વળી પાછી ૪૦૦ વર્ષ પર્યન્ત જ્ઞાનેશ્વરી એ જ અવસ્થામાં પડી રહી. પણ સૃષ્ટિનો ભ્રમણ વ્યાપાર ક્યાં બંધ છે? તેના રૂપાન્તરનો ક્રમ તો અવ્યાહત ચાલૂ જ છે; અર્થાત્ એ ક્રમ અનુસાર મહારાષ્ટ્ર ભાષામાં પરિવર્તન થતાં થતાં મુગ્ધ વધૂને તારુણ્યની પ્રાપ્તિ થાય, તે પ્રમાણે મહારાષ્ટ્ર ભાષાનું સ્વરૂપ સર્વથા બદલાઈ ગયું. એથી જ્ઞાનેશ્વરીમાંનો એક એક શબ્દ લોકોના બોલવા લખવાના પ્રચારમાંથી જતાં જતાં અંતે ઘણાખરા શબ્દો સર્વથા દુર્બોધ્ય થઈ પડ્યા. એ કારણથી નવીન અભ્યાસીઓને જ્ઞાનેશ્વરીના આસ્વાદને ઉપભોગવાનું કાર્ય ઉત્તરોત્તર અશક્ય થતું ગયું.

એટલામાં મુંબઈમાં 'ગણપત કૃષ્ણાજીનું છાપખાનું' જાહોજલાલીમાં આવ્યું અને તે વેળાએ એ છાપખાનાના માલિકે, સાવંતવાડીના વેદશાસ્ત્ર સંપન્ન રા૦ રા૦ શંકર ગણેશ શાસ્ત્રી દેવસ્થળીદ્વારા, જ્ઞાનેશ્વરીમાંના દુર્બોધ્ય શબ્દોનો, બહુ જ પરિશ્રમથી, એક કોશ તૈયાર કરાવ્યો. જ્ઞાનેશ્વરીમાંના દુર્બોધ્ય શબ્દોનો પ્રથમ કોશ તે એ જ. એ પછી પૂનાના પ્રસિદ્ધ 'જગદ્ધિતેચ્છુ' છાપખાનાના માલેક રા. રા. રાવજી શ્રીધર ગોંધળેકરે એ જ કોશના આધારે પરિભાષા સહિત જ્ઞાનેશ્વરીને છાપીને પ્રકટ કરી. ત્યારપછી મુંબઈના 'જગદીશ્વર' છાપખાનાના માલેકે મૂળ જ્ઞાનેશ્વરી બુકસાઈઝમાં છાપીને તેના અંતમાં કઠિન શબ્દોનો કોશ જોડ્યો. પરંતુ જ્ઞાનેશ્વરીમાંનાં વિભક્તિરૂપો જૂની પદ્ધતિનાં; પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ એક સરખી જ; તેમ જ તૃતીયા અને સપ્તમી પણ એકરૂપા જ; વાક્યો સૂત્ર સમાન ત્રોટક! ઇત્યાદિ કારણોથી જ્ઞાનેશ્વરીની દુર્બોધ્યતા તો આટલા પ્રયત્નો છતાં પણ કેટલેક અંશે કાયમ જ રહી ગઈ. એ સર્વથી પશ્ચાત્ મુંબઈના 'નિર્ણયસાગર' છાપખાનાના માલેક સ્વ૦ રા. જાવજી દાદાજીએ, ડૉ. અણ્ણા મોરેશ્વર કુંટે પાસેથી ટિપ્પણ લખાવીને સટીપ જ્ઞાનેશ્વરી છાપીને પ્રકટ કરી. એ જ્ઞાનેશ્વરી બુકસાઈઝ છે ને તેમાં ગીતામાંનાં પદોનાં પ્રત્યાદિકો, કઠિન શબ્દોમાટે પૃષ્ઠની નીચે ટિપ્પણ અને એવી બીજી પણ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. એ પછી કોલ્હાપુરનિવાસી વકીલ રા. રા. ભાવેએ લગભગ ૧૮૯૯ કે ૧૯૦૦ માં 'ભાવાર્થ ચંદ્રિકા' નામક સાર્થ જ્ઞાનેશ્વરી તૈયાર કરીને તેને છપાવી. એમાં કઠિન શબ્દોનો કોશ કિંવા તેમના અર્થો આપેલા નથી અને એનો આકાર પોથીનો હોવાથી વાંચવા કે પાસે રાખવામાં પણ અડચણ પડે છે. એ પછી એ જ ગ્રંથના આધારે રા. રા. નારાયણ હરિ ભાગવતે, 'ગીતા જ્ઞાનેશ્વરી રહસ્ય' નામનું એક ન્હાનું પુસ્તક રચ્યું છે. એ પણ જ્ઞાનેશ્વરીના કેટલાક ભાગનું ભાષાન્તર છે.

જ્ઞાનેશ્વરીપર જૂદા જૂદા ગ્રંથકારોનાં વિવરણો.

એમાંની ભાષા બહુ જ ઉત્તમ અને હૃદયંગમ છે. પરંતુ એમાં કેવળ નવ અધ્યાયનો જ સમાવેશ હોવાથી અને તે પણ સમગ્ર ભાષાન્તર નહિ, કિંતુ કેવળ પ્રવચનો હોવાથી જ્ઞાનેશ્વરીના ભાષાન્તર માટે એ પણ ઉપયોગી નથી. એ પછી ઇ.સ. ૧૮૯૮ કે ૯૯ માં મુંબઈના મરાઠી પુસ્તક વિક્રેતા અને પ્રકાશક જનાર્દન મહાદેવ ગુર્જરે 'કેરળ કોકિળ'ના તંત્રી રા. રા. કૃષ્ણાજી નારાયણ આઠલ્યે ટેંભૂકરકૃત જ્ઞાનેશ્વરીની સાર્થ અને સટીપ આવૃત્તિ છપાવીને પ્રકટ કરી. એની બે આવૃત્તિઓ થઈ છે અને ત્યાર પછી ૭ વર્ષે રા. રા. કૃષ્ણાજી પરશુરામ ભિડેએ પોતાના ગુરુ શ્રી નાના મહારાજ જોશી સાખરેના મુખથી શ્રવણ કરેલું જ્ઞાનેશ્વરીનું ગદ્યાત્મક વિવરણ છપાવીને પ્રકટ કર્યું, (શાકે ૧૮૨૭) અને એ વિવરણ પણ અત્યારે પોતાનાં બે સંસ્કરણ જોવાને ભાગ્યશાળી થયું છે. એ છેલ્લાં બન્ને વિવરણો વર્તમાન મરાઠી ભાષામાં (ગદ્યાત્મક) કરાયલાં છે. એમાં ગીતાના મૂળ શ્લોક, તેની નીચે ઓંવીઓ અને પછી ગીતાના શ્લોકોપરની જ્ઞાનેશ્વરની ઓંવીઓનો સરળ અને વર્તમાન મરાઠી ભાષામાં અર્થ આપવામાં આવ્યો છે. જ્યાં એક ઓંવીના અર્થની સમાપ્તિ થાય ત્યાં તેનો અંક આપેલો છે અને પૃષ્ઠની નીચેના ભાગમાં કઠિન શબ્દોના અર્થો પણ આપેલા છે. વચ્ચે કેટલાંક કથાનકોના સંબંધને વ્યક્ત કરવા માટે કેટલાંક વિશેષ ટિપ્પણ આપેલાં છે. એ પ્રમાણે જ્ઞાનેશ્વરીનાં એ બન્ને ગદ્યાત્મક વિવરણો ઉત્તમ છે; છતાં એવો એક નિયમ છે કે, સંસ્કૃત ભાષાના જ્ઞાતાને પણ શ્રી શંકરાચાર્યના ભાષ્યના રહસ્યને યથાર્થતાથી સમજી લેવા માટે જેમ કોઈ પરંપરાગત સાંપ્રદાયિકનો જ આશ્રય લેવો પડે છે; એમ કર્યા વિના કેવળ સ્વબુદ્ધિથી જ ભાષ્યને સમજવાની ચેષ્ટા કરવામાં આવે તો તેમાંનું સત્ય રહસ્ય જેમ જાણવામાં આવતું નથી; તે જ પ્રમાણે જ્ઞાનેશ્વરીને પ્રાકૃત ગ્રંથ ધારી કેવળ પોતાની બુદ્ધિથી જ સમજીને કૃતાર્થ થવાની આશા રાખવામાં આવે, તો તે વ્યર્થ જ થશે. એ ગ્રંથના રહસ્યને પણ પરંપરાગત સાંપ્રદાયિકના આશ્રયમાં જઈને તેના મુખથી જ સમજી લેવું જોઈએ.

માત્ર તે સાંપ્રદાયિક વિદ્વાન્ હોવો જોઇએ. શકે ૧૮૨૫ માં સમાધિસ્થ થયેલા મહાત્મા સાખરે બાવા જ્ઞાનેશ્વરીના ઘણા જ સારા જ્ઞાતા અને વિવેચક હતા અને તેઓ જ્ઞાનેશ્વર મહારાજના સંપ્રદાયના હોવાથી તેમનું વિવેચન વિશેષ વિશ્વસનીય હોય, એ સ્વાભાવિક જ છે. તેઓ જ્ઞાનેશ્વરીની કથા કરતા હતા તેજ લખી લઇને રા. ભિડેએ તેમનાં વચનો જ છપાવીને પ્રકટ કર્યાં છે. એટલે આ ગુજરાતી ભાષાંતર કરવામાં રા. ભિડેની આવૃત્તિપર જ વધારે આધાર રાખવામાં આવ્યો છે; છતાં કોઈ કોઈ સ્થળે રા. આઠલ્યેના વિવરણનો પણ ઉપયોગ કરેલો છે અને કેટલેક સ્થળે વિશેષ સ્પષ્ટતા કરવા માટે પૃષ્ઠની નીચે કેટલાંક નવાં ટિપ્પણો પણ આપવામાં આવ્યાં છે. ગુજરાતી વાચકો મૂળ ઓંવીઓની ભાષા સમજી શકે એમ ન હોવાથી ઓંવીઓ આપી નથી; પરંતુ પ્રથમ ગીતાનો શ્લોક, તેની નીચે તેનો સંક્ષિપ્ત અર્થ અને તેની નીચે ઓંવીઓનું ભાષાંતર અને પૃષ્ઠની નીચે ટિપ્પણ એવો પ્રસ્તુત ગ્રંથમાં અનુક્રમ રાખેલો છે. ઓંવીઓના અંક સર્વત્ર આપેલા હોવાથી જો કોઈની મૂળને જોવાની ઇચ્છા થાય, તો એ અંકો સાથે મેળવીને તે મૂળનું વાચન સરળતાથી કરી શકે એમ છે.

જ્ઞાનેશ્વરીમાં આવેલા ક્ષેપકો.

હવે આવા પુરાતન ગ્રંથોનું ભાષાન્તર કરતી વેળાએ ઘણીક વાર અચાનક ક્ષેપકો આવીને એવો ગોટાળો ઉભો કરી દે છે કે, બિચારા ભાષાન્તરકારને આગળ વધવાનો માર્ગ જ સૂઝતો નથી. વેદ, ઉપનિષદ્, મહાભારત, રામાયણ અને અન્ય એવા મહાન્ ગ્રંથો પણ જ્યાં એવા ક્ષેપકોના તડાકામાંથી નથી છૂટી શકયા, તો પછી 'જ્ઞાનેશ્વરી' કેમ કરીને છૂટી શકે વારુ? મૂળ ગીતામાં પણ એવો જ ગોટાળો થયેલો છે, એટલા માટે પ્રથમ આપણે તેનો ઉલ્લેખ કરીને પછી 'જ્ઞાનેશ્વરી'માંના ક્ષેપકોનો વિચાર કરીશું.

શ્રી વેદવ્યાસે અનેક લેખો લખ્યા છે; પરંતુ તે સર્વની ગણના તેણે બરાબર રાખેલી છે. અમુક ગ્રંથના પૂરનું પરિમાણ તે તે ગ્રંથમાં અથવા પોતાના રચેલા અન્ય ગ્રંથમાં તે પોતે જ દર્શાવતા રહ્યા છે; અને એથી જ સંશોધકો, તેની પછીના લેખકોએ સ્વાર્થ કિંવા અન્ય કારણથી તે ગ્રંથોમાં કરેલા વધારા ઘટાડાને તત્કાળ પકડી શકે છે. આ ભગવદ્ગીતાના પરિમાણ વિશે મહાભારતના ભીષ્મ પર્વ ૪૩ મા અધ્યાયમાં જે વૈશંપાયનનું વચન આપેલું છે, તે આ પ્રમાણે છેઃ-

"षट् शतानि सविंशानि श्लोकानां प्राह केशवः ।
अर्जुनः सप्तपंचाशत्सप्तषष्टिं तु संजयः ॥ ४ ॥
धृतराष्ट्रः श्लोकमेकं गीताया मानमुच्यते ।
भारतामृतसर्वस्वगीताया मथितस्य ? च ॥
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे हुतम्" ॥ ५ ॥

અર્થાત્ "કેશવ (શ્રી કૃષ્ણ) ના કહેલા ૬૨૦ શ્લોક, અર્જુનના કથેલા ૫૭, સંજયના ૬૭ શ્લોક અને ધૃતરાષ્ટ્રનો ઉચ્ચારેલો ૧ શ્લોક મળીને ગીતાના કુલ શ્લોકોની સંખ્યા ૭૪૫ ની કહેલી છે. ભારતરૂપ અમૃત સાગરનું મંથન કરીને જે કાંઇ સાર કાઢવામાં આવ્યો છે, તે સર્વસ્વરૂપ ગીતાની શ્રી કૃષ્ણે અર્જુનના મુખમાં આહુતિ આપી છે."

આથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, વ્યાસરચિત ગીતાના શ્લોકોની મૂળ સંખ્યા ૭૪૫ ની હતી. પરંતુ આજે આપણા હસ્તમાં તેના કેવળ ૭૦૦ શ્લોકો જ રહેલા છે: અર્થાત્ મૂળમાંથી ૪૫ શ્લોકો ગમે તે કારણથી કોઇએ ઉડાવી દીધેલા હોવા જોઇએ. વળી અત્યારે ગીતાની જે આવૃત્તિઓ પ્રચલિત છે, એમને જોતાં અર્જુનના ૨૭ શ્લોકો મૂળ કરતાં વધ્યા છે અને સંજયના લગભગ તેટલા જ એટલે કે ૨૬ ઓછા થયા છે. સંજયનાં વચનો વિષયની સંકલનાને જોડનારાં હોવાથી અને અર્જુનનાં કેવળ પ્રશ્નો જ હોવાથી એમાં થયેલી ન્યૂનાધિકતાને કદાચિત્ આપણે વિશેષ મહત્ત્વની ન પણ ગણીએ; પરંતુ શ્રી કૃષ્ણનાં વચનોની મહત્તા તો અલૌકિક જ છે! એથી આધિભૌતિક, આધિદૈવિક અને વિશેષતઃ આધ્યાત્મિક અતકર્ય સંશયોનું છેદન થઈ જાય છે અને શ્રી કૃષ્ણના એવા થોડા ઘણા નહિ, પણ આખા ૪૬

શ્લોકો આપણા નેત્રો આગળથી લુપ્તપ્રાય થયા છે, એ કાંઈ જેવા તેવા ખેદનો વિષય નથી. પ્રાચીન ગ્રંથોના સંશોધક અને પ્રકાશક વિદ્વાન્ મહાશયો, જો એ શ્લોકોનો શોધ કરશે, તો જગતપર તેમનો મહદુપકાર થશે, એમાં જરા પણ સંશય નથી.

હવે અહીં કદાચિત્ કોઈ પોતાનો એવો સંશય રજૂ કરે, કે શ્રી વ્યાસે એની ગણના ૩૨ અક્ષરના શ્લોક પ્રમાણે કરી હશે અને ગીતામાં કેટલાક શ્લોકો ૪૪ અક્ષરોના છે, એથી જ આટલો બધો તફાવત આવતો હશે. ખરી રીતે એવું કાંઈ પણ છે જ નહિ. અત્યારની ઉપલબ્ધ ગીતામાં ૪૪ અક્ષરોના છંદો અર્જુનના ૩૨, શ્રીકૃષ્ણના ૨૧ અને સંજયના ૨ મળી કુલ ૫૫ જ છે. (દ્વિતીય અધ્યાયમાં ૮, અષ્ટમ અધ્યાયમાં ૪, નવમ અધ્યાયમાં ૨, એકાદશ અધ્યાયમાં ૩૬ અને પંચદશ અધ્યાયમાં ૫ એકંદર ૫૫.) હવે એ પ્રત્યેક શ્લોકમાંના બાર બાર અક્ષરોના વધારાનો સરવાળો કરતાં ૬૬૦ અક્ષરો વધે છે, એટલે ત્રણે વ્યક્તિયોના મળીને એમાંથી કેવળ ૨૦$\frac{5}{8}$ શ્લોકો જ થઈ શકે. પરંતુ એથી આપણને દેખાતી ખુલ્લા ૪૬ શ્લોકોની ખોટ પૂરાય તેમ નથી જ. અર્થાત્ ઉપનિષદ્‌ના દોહનરૂપ શ્રીકૃષ્ણના મુખમાંથી બહાર પડેલા એ ૪૬ શ્લોકોનો અત્યંત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાં એકાગ્રતાથી શોધ કરવામાં આવે, તો અમારી ધારણા છે કે, કદાચિત્ એ ખોવાયલું ધન આપણને પ્રાપ્ત થઈ શકે. જ્ઞાનેશ્વરીના ક્રમને જોતાં પણ તે સમયમાં આજના જેટલા જ શ્લોકો ગીતાના હતા, એમ દેખાય છે અને એથી એ ગોટાળો આજનો નહિ, પણ ઘણા જૂના સમયનો હોવાથી એ વિશેનો શોધ પણ ઘણા જૂના ગ્રંથોમાં જ થવો જોઇએ, તો જ કાંઇક લાભની આશાનો સંભવ માની શકાય.

જ્ઞાનેશ્વરીમાં ઘટાડો નથી–વધારો છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ગીતામાં જેવી રીતે પાછળથી ન્યૂનાધિકતા થઈ ગઈ છે, તે જ પ્રમાણે જ્ઞાનેશ્વરીમાં ન્યૂનતા ન થતાં કેવળ અધિકતા જ થયેલી છે. સચ્ચિદાનંદે લખેલી જ્ઞાનેશ્વરીની મૂળ પ્રતમાં ક્ષેપકોની ઉત્તરોત્તર વધારે અને વધારે ભરતી થતી ગઈ છે; પરન્તુ મૂળ ઓવીઓને કાઢી નાંખીને ઓછી કરવાનો કોઇએ પણ પ્રયત્ન કર્યો હોય, એમ કોઈ પણ પ્રતને જોતાં જણાતું નથી. ભૂલથી એક બે ઓવીઓ લેખકે ક્યાંક મૂકી દીધી છે, પણ જાણી જોઇને એક પણ ઓવીને ટાળી દેવાનું કોઈ પણ લેખકે સાહસ કરેલું જોવામાં આવતું નથી. ભક્તિમાર્ગી લોકો જ્ઞાનેશ્વરના વચનને કેવળ ઈશ્વર વચન સમજતા હતા અને જેઓ વિદ્વાન્ હતા તેમની મૂળ ઓવીઓ સાથે સહૃદયતા હતી—એ કારણથી જ્ઞાનેશ્વરની મૂળ ઓવીઓમાં ન્યૂનતા થતી અટકી ગઈ છે. પણ થયું શું ? ટીકાકારોની વધારીને લખવાની ટેવને લીધે મૂળ ગ્રંથમાં ક્ષેપકોની ખોગીર ભરતી માત્ર એટલી બધી થઈ ગઈ કે રામ તારો આશરો ! કોઈ કોઈ પ્રતમાં ઓવીઓનો અનુક્રમ બદલાયલો દેખાય છે: આગળની ઓવી પાછળ અને પાછળની ઓવી આગળ, એવો અનુક્રમ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ ક્યાંય એક આખી ઓવી અથવા વધારે ઓવીઓ કાઢી નાંખેલી કે ઉડાવી દીધેલી જોવામાં આવતી નથી. જૂદી જૂદી મળી આવેલી જ્ઞાનેશ્વરની પ્રતોમાં ઓવીઓની સંખ્યામાં કેટલો અંતરાય છે, એ રા. રા. વિશ્વનાથ કાશીનાથ રાજવાડેએ હમણા જ બહાર પાડેલી જ્ઞાનેશ્વરી (મૂળ માત્ર)ની આવૃત્તિમાંની પોતાની પ્રસ્તાવનામાં વિસ્તારથી બતાવ્યું છે અને તે જ અમે ગુર્જર વાચકોની જાણ માટે અહીં ઉતારી લઇએ છીએ.

જ્ઞાનેશ્વરીની ઓવીની સંખ્યામાં ફેરફાર.

રા. રાજવાડે લખે છે કે, તંજાવરમાંથી મળી આવેલી જ્ઞાનેશ્વરીની એક પ્રતમાં ઓવીઓની સંખ્યા ૯૦૪૭ની છે; 'નિર્ણય સાગર'ની પ્રકટ કરેલી 'જ્ઞાનેશ્વરી'ના સંપાદક રા. કુંટે, પોતાની પ્રતને 'એકનાથની પ્રત' તરીકે ઓળખાવે છે અને તેમાં ઓવીઓની સંખ્યા ૯૦૩૭ ની છે; અર્થાત્ તંજાવરી પ્રત કરતાં એમાં ૧૦ ઓવીઓ વધારે છે. રા. રાજવાડેએ હમણા છાપીને બહાર પાડેલી મુકુન્દરાજની પ્રતમાંની ઓવીઓની સંખ્યા ૮૮૯૨ ની જ છે. વાઇમાં એક સોનીને ત્યાંથી મળી આવેલી પ્રતમાં ઓવી સંખ્યા ૯૮૫૧ ની છે. અકળુજના એક ભરાડ પાસેથી મળેલી પ્રતમાં ૯૭૩૪ ઓવીઓ છે. વાઈમાં ઉદ્‌બોધનાથ સંપ્રદાયી એક ખેડકર હરિદાસ છે, તેની પાસેની જ્ઞાનેશ્વરીની પ્રતમાં ઓવીઓની સંખ્યા ૯૦૩૪ ની જ છે, અને એ પ્રત સંપ્રદાયપરંપરાથી આવેલી છે, એમ હરિદાસ કહે છે. એ ઉપરાંત રા. માંડગાંવકરે

પાઠાન્તરો સહિત એક જ્ઞાનેશ્વરી છપાવી છે; પરંતુ કરવી જોઇએ તેટલી જાહેર રીતે તેને પ્રસિદ્ધ કરી નથી; પણ રા. રાજવાડેને એ પ્રત પ્રાપ્ત થયેલી છે અને તેમાંની ઓંવીસંખ્યા પણ ૯૦૩૪ ની જ છે. નિળોબાકૃત 'જ્ઞાનેશ્વર ચરિત્ર' માં એની સંખ્યા ૧૦૦૦૦ ની કહેલી છે. ચિદ્દઘનના અભિપ્રાય પ્રમાણે એ ઓંવીઓની સંખ્યા ૯૦૫૦ ની હોવી જોઇએ. ભારદ્વાજની પ્રતમાંની ઓંવીઓની સંખ્યા ૯૦૦૯ ની જ છે. રા. રાજવાડે જણાવે છે કે, એ પ્રમાણે નિળોબાના કથન અનુસાર ૧૦૦૦૦ થી તે મુકુન્દરાજની પ્રતમાં ૮૮૯૨ સુધી જૂદી જૂદી પ્રતોમાં ઓંવીઓની જૂદી જૂદી સંખ્યા આપેલી છે; એટલે એમાંના મુકુન્દરાજની પ્રતમાંના આંકડાને જ ખરા તરીકે સ્વીકારવો, એ કાળ અને ભાષાની દૃષ્ટિથી કેવળ પ્રશસ્ત છે, એટલું જ નહિ, પણ અત્યંત આવશ્યક છે. અર્થાત્ એ ૮૮૯૨ ની સંખ્યા કરતાં જેટલી ઓંવીઓ જે પ્રતમાં વધારે મળી આવે, તો તે સર્વ ક્ષેપક છે એમ જ માનવું.

એ ક્ષેપક ઉપરાંત જ્ઞાનેશ્વરીમાંના કેટલાક શબ્દો અને પાઠો વિશે પણ વિદ્વાનોનો ઘણો મતભેદ છે. એના નિર્ણયનું કાર્ય મહારાષ્ટ્રીય વિદ્વાનોનું હોવાથી આપણે એ વિષયમાં વિશેષ ઉંડા ઊતરીએ, એ સર્વથા અનુચિત જ કહી શકાય. જ્ઞાનેશ્વરીમાંના ક્ષેપકોનું આટલું વિવેચન કરવાનું એટલું જ કારણ છે કે, ઊપર કહ્યા પ્રમાણે ગીતાના મૂળના ૪૫ શ્લોક જેમ ઊડી ગયા છે, તે પ્રમાણે એ ક્ષેપકના યોગે જ્ઞાનેશ્વરીને તો બાધા આવતી ન હોતી, પણ એક સ્થળે ગીતાનો એક બીજો શ્લોક ઉડી જવાની તૈયારીમાં હતો. રા. આઠલ્યે અને સાખરે મહારાજની પ્રતમાંથી તો તે શ્લોક ઊડી જ ગયો છે. એ શ્લોક તે તેરમા અધ્યાયનો પ્રથમ શ્લોક છે. અત્યારે શ્રીમદ્ ભગવદ્ગીતાની જેટલી પ્રતો પ્રચલિત છે, તે સર્વમાં તેરમા અધ્યાયનો અર્જુનના વચન રૂપ—

"प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च । एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव" ॥ १ ॥

એ શ્લોકથી જ આરંભ થાય છે અને એ સર્વને વિદિત છે જ. પરંતુ રા. આઠલ્યે અને સાખરે મહારાજની સાર્થ જ્ઞાનેશ્વરીમાં તેરમા અધ્યાયના આરંભમાં જ્ઞાનેશ્વર મહારાજની મંગળાચરણાત્મક જે ૬ ઓંવીઓ આપેલી છે, તેમાંની ૬ ઠ્ઠી ઓંવી આ પ્રમાણે છે;—

"ते नमस्कारूनि आतां । जो पितामहाचा पिता । लक्ष्मीयेचा भर्त्ता । ऐसें ह्मणे" ॥ ६ ॥

એનો અર્થ એવો થાય છે કે, (જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે;–) "બ્રહ્મદેવના પિતા અને શ્રી લક્ષ્મીના પતિ જે ભગવાન્ શ્રીકૃષ્ણ તે કહેવા લાગ્યા કે;–" હવે જો આ ઓંવીના અનુક્રમને કાયમ રહેવા દઇએ, તો તો તેરમા અધ્યાયનો શ્રીકૃષ્ણના વચનરૂપ દ્વિતીય શ્લોકથી જ આરંભ કરવો જોઇએ, એટલે પ્રથમ શ્લોકનો લોપ થવાનો જ. અહીં શંકા એ થાય છે કે, શું જ્ઞાનેશ્વર જેવા મહાત્મા અને જ્ઞાતાએ અર્જુનના એ શ્લોકનો જાણી જોઇને લોપ થવા દીધો હશે, કિંવા કાઢી નાંખ્યો હશે? ખરેખર એમ તો સંભવતું જ નથી. ત્યારે પછીથી કોઇએ શ્રી કૃષ્ણની પ્રશંસા ગાવાના ઉન્માદમાં તણાઇને, એ છઠ્ઠી ઓંવી વધારે ઘુસેડી દીધેલી હોવી જોઇએ. પણ તેમ કરતાં ગીતાના એક શ્લોકનો લોપ થાય છે એનું તેને ભાન નહિ રહ્યું હોય, એ જ અનુમાન સત્ય છે. કારણ કે, રા. રાજવાડેએ છપાવીને પ્રકટ કરેલી મુકુન્દરાજની પ્રતમાં એ ઓંવી એ સ્થાનમાં છે જ નહિ. મંગળાચરણની કેવળ પાંચ ઓંવીમાં જ સમાપ્તિ કરેલી છે અને છઠ્ઠી ઓંવી અર્જુનના વચનરૂપ પ્રથમ શ્લોકના અર્થની છે. એ ઓંવી સાતમી આવે છે. આ ગોટાળાને કાઢી નાંખવા માટે અમે તેરમા અધ્યાયના આરંભમાં રા. રાજવાડેની પ્રતમાંના પાઠનો જ સ્વીકાર કર્યો છે અને એ છઠ્ઠી ઓંવીનો એ સ્થળેથી ત્યાગ કર્યો છે, અને એ વિશે ત્યાં જ નીચે ટિપ્પણમાં એનો ખુલાસો પણ આપી દીધો છે. કોઈ કદાચિત્ એવું પ્રશ્ન કિંવા સંશય રજૂ કરશે કે, મુકુન્દરાજની પ્રતમાં એ ઓંવી છઠ્ઠીને બદલે સાતમી છે, તો તે સ્થાનભેદ છે; એથી કાંઈ એ ક્ષેપક છે, એમ સિદ્ધ થતું નથી. એના ઉત્તરમાં જણાવીશું કે, એ ઓંવી સાતમી હોવા છતાં પણ નિર્વિવાદ ક્ષેપક જ સિદ્ધ થાય છે; કારણ કે, એમાં જે પ્રથમ '**ते नमस्कारूनि आतां**' એ શબ્દો યોજાયલા છે, એનો ભાવાર્થ એવો થાય છે કે, "શ્રી સદ્દગુરુનાં ચરણોમાં નમસ્કાર કરીને (જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે;–)" એથી આ ઓંવી મંગલાચરણના અંતમાં જ શોભી શકે એવી છે. અર્જુનનો પ્રશ્ન થઈ જવા પછી અને શ્રી કૃષ્ણના ઉત્તરનો

સમય આવી લાગવા વખતે, પુનઃ ગુરુને નમસ્કાર કરવાનો વ્યાપાર પ્રાસંગિક દેખાતો નથી અને એની ક્ષેપકતા નિઃસંશય સિદ્ધ થઈ જાય છે. અર્થાત્ રા. રા. રાજવાડેએ છપાવીને પ્રકટ કરેલી મુકુન્દરાજની પ્રત પણ સર્વથા ક્ષેપકરહિત હોય, એમ તો મનાતું નથી જ. એમાંના ક્ષેપકોની સંખ્યા અન્ય પ્રતો કરતાં ઓછી છે, એટલું જ સત્ય! એ જ કારણથી સર્વ ક્ષેપકોનો અમારાથી પણ ત્યાગ કરી શકાયો નથી; તોપણ જ્યાં આવા ગોટાળા થતા હતા, તે સ્થળોમાં ઘણી પ્રતો મેળવીને યોગ્ય પાઠનો જ સ્વીકાર કરીને તે પ્રમાણે જ ભાષાન્તર કરવામાં આવ્યું છે. આટલો પરિશ્રમ કરવા છતાં પણ અમે સર્વથા દોષરહિત હોવાનો દંભ દર્શાવતા નથી.

આ ભાષાન્તર, પ્રથમ જળગામના ડાકતર વ્રજજીવન દામોદરદાસ મથુરવાલા એલ. એમ. અને એસ. શરુ કર્યું હતું. કેટલાક પ્રસંગોને લીધે તે અટક્યું. જ્ઞાનેશ્વર મહારાજનું જીવનવૃત્ત, પ્રથમ અધ્યાય અને દ્વિતીય અધ્યાયની થોડીક ઓવીઓનું ભાષાન્તર તેમનું છે. તે પછીનું ભાષાન્તર ઠક્કુર નારાયણ વિસનજીનું કહેલું છે. એમાં કયાંય કયાંક સમજ ફેરથી અર્થાંતર થતો હતો, તે "ગુજરાતી" મુદ્રાલયના એક શાસ્ત્રી છોટાલાલ ચન્દ્રશંકરે પ્રુફ તપાસતાં તપાસ્યા હતા. એમ આ ભાષાન્તરને નિર્દોષ બનાવવાનો સમ્પૂર્ણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભાષાંતર કરતી વખતે "કેરળ કોકીલ" માસિકના તંત્રીના ભાષાન્તરની સમ્પૂર્ણ સહાય લીધી છે; પણ ભાષાન્તર સાખરે મહારાજની પ્રતપરથી કીધું છે; કેમકે તે ભાષાન્તર પ્રાસાદિક છે–તેમનો આ પ્રસંગે સપ્રેમ આભાર માનવામાં આવે છે. વળી આ પુસ્તકમાં યોગ્ય લાગે તેવે સ્થળે રંગીન પાંચ ચિત્રો મૂકવામાં આવ્યાં છે, જેથી આ પુસ્તકની પ્રિયતામાં વૃદ્ધિ થાય, એમ અમે ઇચ્છીએ છીએ.

"ગુજરાતી" કાર્યાલય.
મુંબઈ, વામનજયંતી, સં. ૧૯૬૭.

અનુક્રમણિકા

રંગીન ચિત્રોની અનુક્રમણિકા.

જ્ઞાનેશ્વરીના ચિત્રોની સમજણ

ધૃતરાષ્ટ્ર-સંજય, પૃષ્ઠ ૧૮-૧૯

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत सञ्जय ॥ અ. ૧ શ્લો. ૧

અંધરાજા ધૃતરાષ્ટ્ર રાજમહાલયમાં બેસી, કૌરવપાંડવના યુદ્ધ વિષે સંજયને પૂછે છે અને સંજય યુદ્ધના વર્તમાન રાજાને કહે છે.

ૐ બ્રહ્મ, મુખપૃષ્ઠ (૭૬-૭૭)

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ અ. ૪ શ્લો. ૭

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ત્યારે હું (એટલે પરબ્રહ્મ) જન્મ ધરું છું. એ જન્મ અવ્યાકૃત, એકરસ, એકાકાર, તુરીય બ્રહ્મમાંથી ઉદ્ભવે છે. સૃષ્ટિ વિસ્તારવાનો સમય થતાં અવ્યાકૃત સત્‌માંથી ૐ બ્રહ્મ ઉદ્ભવે છે ને તેમાંથી ઉપહિત ચૈતન્યમય ઈશ્વર શ્રીકૃષ્ણ ઉદ્ભવે છે અને એ ક્રમે સમષ્ટિથી તે વ્યષ્ટિ પર્યંત સૃષ્ટિ વિસ્તરે છે. અવ્યાકૃત સત્‌માંથી સૃષ્ટિ થયાનું નીચે જણાવેલા નગર, વન, સમુદ્રાદિના ચિત્રથી સૂચવ્યું છે. ૐ બ્રહ્મના એકરસરૂપની ચોફેર આછો વાદળી રંગ છે, તે બ્રહ્મનું શાન્ત, અનંતમય સર્વવ્યાપિપણું દર્શાવે છે.

કુંડલિની નાડીનું ચિત્ર, પૃષ્ઠ ૧૧૫

અધ્યાય ૬ ઠ્ઠો, શ્લોક ૧૪ ઉપરની જ્ઞાનેશ્વરી ટીકા જૂઓ.

વિશ્વરૂપ, પૃષ્ઠ ૨૩૦-૩૧

पश्यामि देवांस्तव देव देहे सर्वास्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ અ. ૧૧ શ્લો. ૧૫.

ચિત્રપટમાં શ્રીકૃષ્ણ રથારૂઢ છે, તેમાંથી વિશ્વરૂપનું દર્શન, અર્જુનના કહેવાથી કરાવે છે. અર્જુન એ અદ્‌ભૂત દર્શન જોઈ ભય પામી હાથ જોડી સ્તુતિ કરતો ઉભો છે. વિશ્વરૂપ ભગવાનના અંગઉપાંગમાં દેવ તથા ભૂત વિશેષ સંઘાત અર્જુનને પ્રત્યક્ષ દેખાય છે; હૃદયમાં કમલાસનસ્થ બ્રહ્મા વિરાજે છે; બાહુમાં ઋષિ, મુનિ, સર્પાદિ છે; અર્જુન અનેક મુખોને અનેક રચના કરતા જુવે છે. અર્જુનની મુખમુદ્રા ગભરાટમાં છે, તેની આંખો વૈરાટરૂપ જોતાં મીંચાઈ મીંચાઈ જાય છે.

અશ્વત્થ, પૃષ્ઠ ૩૪૮-૪૯

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ અ. ૧૫ શ્લો. ૧

કઠોપનિષદમાં ऊर्ध्वमूलमधः शाख ઇત્યાદિથી બ્રહ્મનું સંસારવૃક્ષરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. એ વૃક્ષમાંથી આ સૃષ્ટિની ઉત્પત્તિ છે. એ વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલો પુરુષ ઉત્પત્તિના મૂળને જો જાણે છે તો તે શુદ્ધ થઈ મૂળ સ્થાનને પામે છે. જગતના સર્વ વૃક્ષોનાં મૂળ નીચે જમીનમાં લાગેલાં હોય છે, પણ આ સંસારવૃક્ષની વિચિત્રતા એ છે કે, તેનું મૂળ આકાશમાં છે અને થડ, પાંદડાં, ડાળાં નીચે ઉતરીને વિસ્તારને પામેલાં છે. એ પાંદડાંઓ છન્દસ-વેદને સ્થાને છે. ચિત્રમાં સ્ત્રીપુરુષનાં જે મિથુનો દર્શાવ્યાં છે, તે કર્મથી બંધાઇને સૃષ્ટિનો ક્રમ વધારનારાં છે, તે માટે છે. આ સંસારવૃક્ષનો સમૂળ નાશ કરવાને તે જ શક્તિમાન્ થાય છે કે, જેની પાસે અસંગરૂપી શસ્ત્ર હોય છે.

મોહનાશ, પૃષ્ઠ ૪૯૮-૯૯

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥ અ. ૧૮ શ્લો. ૭૩.

શ્રીકૃષ્ણે મોહ પામેલા અર્જુનને ખરો કર્મમાર્ગ શું છે તે સમજાવ્યું અને કહે છે કે તારો ધર્મ તો કર્મ કરવાનો છે, કર્મ કર. એ ઉપદેશની અસર થઈ, અને છેવટમાં અર્જુને કહ્યું કે, મને જે મોહ વ્યાપ્યો હતો તે નાશ પામ્યો છે. એ નાશનું પરિણામ આ ચિત્રમાં છે. અર્જુન ઉત્સાહભર્યો ક્ષાત્ર ધર્મ પૂર્ણ કરવાને ઉત્સાહી થયો છે. શ્રીકૃષ્ણ નિશ્ચિતપણે રણમાં રથ દોડાવ્યા જાય છે; અર્જુનના મુખ ઉપર તેજ પ્રત્યક્ષ દેખાય છે; શત્રુસૈન્ય પ્રતિ અર્જુનના પ્રયાણથી કૌરવસૈન્યમાં કેવો ગભરાટ થાય છે, તે સામેના આછા ચિત્રમાં છે.

શ્રી જ્ઞાનેશ્વરનું જન્મ ચરિત્ર

શાકે ૧૧૯૩, ઇ. સ. ૧૩૨૮ માં પુનાથી ઉત્તરે ૧૨ મૈલપર ઇંદ્રાયણી નદીના કિનારાપર આવેલા આળંદી અથવા અલકાપુરી ગામમાં આ મહાત્માનો જન્મ થયો હતો. તેમના જન્મની તિથિ નિશ્ચિતપણે જણાઈ નથી. જાતે યજુર્વેદી બ્રાહ્મણ હતા અને તેમના પિતાનું નામ વિઠ્ઠલપંત તથા માતાનું નામ રુકમાબાઈ હતું.

તેમના તીર્થરૂપની પૂર્વપીઠિકા જાણવા જેવી છે. તેમનો જન્મ પૈઠણમાં ગોદાવરીના કિનારાપર આવેલા આપે ગામમાં થયો હતો. વિઠ્ઠલપંત ગોવિંદપંત નામના કુલકર્ણીના એકના એક પુત્ર હતા. વિઠ્ઠલપંત સુશીલ અને વિદ્વાન્ હોવા સાથે ભગવદ્ભક્ત પણ હતા અને કોમાર અવસ્થામાં જ યાત્રા કરવા નિકળ્યા હતા. ફરતા ફરતા આળંદી આવ્યા. આળંદીમાં તેમની જ યોગ્યતાના શિદોપંત નામે મોટા ભાવિક અને અતિથિ વગેરેનો આદરસત્કાર કરવામાં ઉત્સુક બ્રાહ્મણ રહેતા હતા. તેઓ વિઠ્ઠલપંતને પોતાને ઘેર તેડી લાવ્યા. શિદોપંતને રુકમાબાઇ કરીને એકની એક પુત્રી હતી. શિદોપંતની વ્યાવહારિક સ્થિતિ સારી હતી અને પુત્રી સદ્ગુણની મૂર્તિરૂપ હતી. સ્વાભાવિક રીતે જ તેણીને માટે યોગ્ય પતિ મેળવવાની ચિંતા શિદોપંતને થયા કરતી. તેમનું મન તે જ ચિંતામાં ગુંથાયેલું હોવાથી, વિઠ્ઠલપંત આવતાં જ, તેમનું લક્ષ તેના આચારવિચાર ઉપર અધિક ગયું અને તેને સ્વસ્વભાવાનુસાર જોઇ પોતાનો જમાઈ થવા યોગ્ય ગૃહસ્થ અનાયાસે ઘેર બેઠાં આવ્યો હોય એમ લાગ્યું. નિદ્રાસ્થ થતાં શ્રી પંઢરીનાથે પોતાના પરમભક્ત શિદોપંતને સ્વપ્ન આપી, વિઠ્ઠલપંતને કન્યાદાન દેવા આજ્ઞા કરી. સહવારે ઉઠી નિત્ય કર્મ કરી વિઠ્ઠલપંતને રાત્રિની પોતાના ઇષ્ટ દેવની આજ્ઞા વિદિત કરી, પણ તેટલાથી વિઠ્ઠલપંતનું સમાધાન થયું નહીં. યાત્રાએ નીકળેલા મનુષ્યને આવો પ્રસંગ અણધાર્યો પ્રાપ્ત થતાં તેમ થાય, એ સ્વાભાવિક છે; છતાં શિદોપંત જેવા સુજ્ઞ પુરુષનું અપમાન ન થાય માટે, વિઠ્ઠલપંતે કહ્યું, "સ્વપ્નની આજ્ઞાનુસાર તેને પોતાને કંઈ પ્રતાપ જણાય તો તે નિશ્ચિતપણે માને." ઈશ્વર કૃપાથી તેની ઇચ્છાનુસાર વિઠ્ઠલપંતને દૃષ્ટાંત મળ્યું. તે તુળસી વન આગળ નિદ્રાસ્થ હતા, ત્યાં સ્વપ્નમાં શ્રી પાંડુરંગે દર્શન આપી કહ્યું, "તારામાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોવાથી તારાપર મારો અનુગ્રહ છે; માટે મારી આજ્ઞા છે કે, શિદોપંતની પુત્રી રુકમાબાઈ સાથે તારે લગ્ન કરવાં, ઉભય ભક્તશિરોમણિ છો; તમને ત્રણ પુત્રરત્ન અને એક સદ્ગુણશિરોમણિ કન્યારત્ન થશે."

સહવાર થતાં વિઠ્ઠલપંત કંઇક ઉદાસીન દેખાયા. કારણ તેમની મનોવૃત્તિ લગ્ન તરફ હાલ નહોતી. પછી શિદોપંતને સ્વપ્નની વાત કહી અને પોતાની ઉદાસીનતા પણ દર્શાવી. શિદોપંતે તેમનું સમાધાન કર્યું કે, શ્રી પંઢરીનાથની આજ્ઞાનુસાર વર્તવું, એ જ ઇષ્ટ છે; સિવાય કહ્યું કે, "તમે જેમ તમારા માતાપિતાને એકલા છો, તેમ જ મારી રુકમા પણ છે. મારી આજીવિકાના માલિક તમે જ છો; નિર્વાહની ચિંતા છે જ નહીં." એવી રીતે સમાધાન કીધા પછી લગ્નતિથિ જોતાં જણાયું કે, શુભ તિથિ પણ નજીક જ છે; વિઠ્ઠલપંતના માતાપિતાનું ગામ ૧૦૦ ગાઉ દૂર હોવાથી તેમને તેટલા વખતમાં બોલાવી શકાય, એ અસંભવિત જણાયું. વિઠ્ઠલપંત પોતે એકના એક પુત્ર હતા અને પોતાના માતાપિતાને આ શુભ પ્રસંગનો લાભ નહીં મળે તે જાણી ખેદ કરવા લાગ્યા. પણ ઇશ્વરેચ્છા સમજી તેમણે સર્વ શક્તિમાનની આજ્ઞાનુસાર વર્તવા નિશ્ચય કર્યો.

શિદોપંતે મોટા ઉત્સાહથી લગ્ન સમારંભ કર્યો; ગામમાં સર્વને મોટો આનંદોત્સવ થયો; સર્વનો યોગ્ય સત્કાર કર્યા બાદ ચાર દિવસે પોતાના કુળાચાર પ્રમાણે શિદોપંતે વરકન્યાને શ્રી વિઠ્ઠલનાથનાં દર્શને લઈ જવાની ઇચ્છા દર્શાવી; યાત્રા પ્રસંગ પુનઃ પ્રાપ્ત થયેલો જોઇ વિઠ્ઠલપંત પાછા ઉલ્લાસમાં આવ્યા. શિદોપંતે શ્રી પંઢરીનો મહિમા પણ ઘણો કહ્યો:–"ધન્ય ધન્ય પંઢરપુર; પવિત્ર ક્ષેત્રમાં બીજું એવું ક્ષેત્ર નથી; તારાગણમાં ચંદ્ર, ધાતુમાં સુવર્ણ, રત્નમાં કૌસ્તુભ, તપસ્વીમાં શંકર, કીર્તિમાનમાં વિષ્ણુ, પક્ષીમાં ગરુડ, વૃક્ષમાં પીપળો, મંત્રમાં ગાયત્રી, નામમાં રામકૃષ્ણ, સ્થાવરમાં હિમાલય, તેમ જ સર્વ તીર્થમાં પંઢરી ઉત્કૃષ્ટ છે ! અયોધ્યા, કાશી, વગેરે છે, પણ તે સર્વમાં કંઈ સ્વાર્થ છે, કારણ ત્યાં પિતૃશ્રાદ્ધ, માતૃશ્રાદ્ધ વગેરેની આવશ્યકતા છે; પંઢરીની યાત્રા કેવળ ઈશ્વર પ્રીત્યર્થ હોવાથી અને ત્યાં બધા ભૂતો વિષે સમભાવ રાખવાની આવશ્યકતા હોવાથી, પંઢરીનો મહિમા ઘણો છે." શિદોપંતનો ઉપર પ્રમાણેનો આત્યંતિક ભક્તિભાવ જોઈ વિઠ્ઠલપંતને આનંદ થયો અને શ્રી પંઢરીનાથનાં દર્શન માટે અધિક આતુર થયા. યથાવિધિ યાત્રા કરી આળંદી પાછા ફર્યા. કેટલાક દિવસ આનંદમાં ગાળી, વિઠ્ઠલપંત પોતાની અપૂર્ણ રહેલી યાત્રા પૂર્ણ કરવા નિશ્ચય કરી, શિદોપંતની આજ્ઞા લઇ, નીકળ્યા. મલ્લિકાર્જુન, ગિરિવ્યંકટેશ, અરુણાચળ, પંપાસરોવર, ગોકર્ણ, શિવકાંચી, વિષ્ણુકાંચી, મદુરા વગેરે થઇ શ્રી સેતુબંધ રામેશ્વર આવી ત્યાં થોડા દિવસ સ્થિતિ કરી. પાછા ફરતા કાર્તિક સ્વામી, મહાબલેશ્વર, કોલ્હાપુર, કૃષ્ણાસંગમ વગેરે ક્ષેત્રની યાત્રા કરી, આળંદી પાછાં ફર્યા. ત્યાર બાદ પોતાના માતાપિતા ગોવિંદપંત અને નિરુબાઇ, જે પુત્રવિયોગથી સંતપ્ત હતાં, તેમને મળી સંતુષ્ટ કર્યાં અને સર્વ વૃત્તાંત વિદિત કર્યું.

ગોવિંદપંત વૃદ્ધ થયા હતા, તેથી વિઠ્ઠલપંતપર સર્વ સંસારકાર્યભાર આવી પડ્યો. પોતે ભગવદ્ભક્ત હોવાથી વિશેષ કાળ ભગવત્ કીર્તનમાં ગાળતા, તેથી કુલકર્ણી હોવા છતાં વિશેષ લક્ષ વ્યવહારમાં આપી શકયા નહીં. થોડો કાળ વીત્યા પછી તેમની માતા નિરુબાઇએ તુળસીને પાણી નાંખતાં નાંખતાં જ દેહત્યાગ કર્યો. ત્યારબાદ થોડેકાળે તેના પિતા ગોવિંદપંત પણ સ્વર્ગસ્થ થયા. મૂળથી જ ઉદાસીન વૃત્તિવાળા વિઠ્ઠલપંત માતાપિતાના વિયોગ પછી વિશેષ ઉદાસીન થયા. શિદોપંતને એ વર્તમાન પહોંચતાં જ પોતે આપેગાવ આવ્યા અને વિઠ્ઠલપંતના મનનું સમાધાન કર્યું. તેમની વૃત્ત્યનુસાર તેમની સર્વ મિલકત ધર્માદા કરાવી, તેમને પોતાને ગામ પોતાને ત્યાં જ રહેવા લઇ ગયા. આળંદી જઈ રહ્યા બાદ દિવસે દિવસે વિઠ્ઠલપંતની વૃત્તિ વધુ વધુ ઉદાસીન થતી ગઇ અને એક દિવસ પોતાની પત્ની રુકમાબાઇ આગળ પોતાનો સંન્યાસ લેવાનો વિચાર દર્શાવ્યો. રુકમાબાઇને આ વાત સાંભળતાં જ ઘણું દુઃખ થયું. માતાપિતા વૃદ્ધ, સંતાન નહીં, સાસુ સસરા નહીં, પોતાની યુવાવસ્થા અને પતિ સંન્યાસ લેવાની તૈયારીમાં! આવી સ્થિતિમાં કોઇપણ સ્ત્રીને ધૈર્ય રહે નહીં એ સ્વાભાવિક છે. પોતાના પિતાને આ વાત નિવેદન કરી અને વિઠ્ઠલપંતનો વિચાર બદલાય એવો પ્રયત્ન કરવા અને શાસ્ત્ર રીતે પુત્ર થયા સિવાય સંન્યાસ લેવાય નહીં એમ સમજાવવા, વિનતિ કરી. પિતાએ આશ્વાસન દીધું અને કહ્યું કે, તારી આજ્ઞા સિવાય સંન્યાસ લેવાશે નહીં, માટે ભૂલે ચૂકે તારે આજ્ઞા આપવી નહીં. પરંતુ ભાવી મિથ્યા થતું નથી. તે પ્રમાણે એક દિવસ રુકમાબાઇથી કહેવાઇ ગયું કે "હા જાઓ, ઇચ્છાનુરૂપ કાર્ય કરો !" વિઠ્ઠલપંત તો ખરી ખોટી આજ્ઞાનીજ રાહ જોતા હતા, એટલે તે શબ્દ આજ્ઞા પ્રમાણે માની લઇ સમય જોઇ નિકળી પડ્યા અને મોટી મોટી યાત્રા કરતા કરતા કાશી આવ્યા. ભાગીરથી સ્નાન કરી ત્યાંના પ્રસિદ્ધ સિદ્ધ પાદયતેશ્વરનાં દર્શન કરી, તેમના પગપર માથું મૂકી, પોતાને ચતુર્થાશ્રમમાં લેવા વિનતિ કરી. મહાત્માએ તેમ કરવાનું કારણ પૂછ્યું અને નાની વયમાં પૂર્ણ વિચાર કર્યા વગર સંન્યાસ ન લેવાય, એમ

જણાવ્યું તથા સ્ત્રી વગેરે છે કે નહીં, તે વિષે ખુલાસો પૂછ્યો. વિઠ્ઠલપંતે પોતાની ઉદાસીનતા એ જ કારણ કહ્યું. પણ સ્ત્રી સંબંધીનો ઉત્તર ગમે તે કારણથી નકારમાં આપ્યો. સ્વામીએ તે હકીકત સાંભળી અને વિઠ્ઠલપંતની વિરક્તતા જોઇ યથાવિધિ મંત્રદીક્ષાયુક્ત સંન્યાસ આપ્યો.

કેટલોક કાળ વીત્યા બાદ આળંદીમાં આ વર્તમાન પહોંચતાં જ રુકમાબાઇને અનિવાર્ય દુઃખ પ્રાપ્ત થયું. સસરાનું નામ ડૂબ્યું; સૌભાગ્ય સમુદ્રનું સંન્યાસાગ્નિએ પાન કીધું; તેણીના માતપિતાને પણ એક જ પુત્રીનું દુઃખ જોઇ ઘણું કષ્ટ થયું, છતાં તેણીનું સમાધાન કરી અશ્વત્થની પૂજા કરવા પુત્રીને કહ્યું.

વિઠ્ઠલપંત કાશીમાં ગુરુ પાસે રહ્યા છે. કેટલેક દિવસે ગુરુ યાત્રાએ નિકળ્યા અને ફરતા ફરતા આળંદી આવી જ્યાં રુકમાબાઇ અશ્વત્થની પૂજા કરે છે ત્યાં ઉતર્યા. રુકમાબાઇ તે મહાત્માને પગે પડી કે, મહાત્માએ, "અષ્ટપુત્રા સૌભાગ્યવતી ભવ!"નો આશીર્વાદ આપ્યો!! તે સાંભળી રુકમાબાઇને સ્વાભાવિક રીતે જ હાસ્ય આવ્યું. તેને હસતી જોઇ સ્વામીએ કારણ પૂછ્યું. ત્યારે રુકમાબાઇએ સવિસ્તર હકીકત જણાવી. આવી તરુણ સ્ત્રી છોડી સંન્યાસ લેનાર ને આપનાર ઉભયને શિક્ષા કરવી જોઇએ, એમ સ્વામીને લાગ્યું. તેથી તેમણે રુકમાબાઇના પતિ વિષે વિશેષ તપાસ કરી. તેમ કરતાં જણાયું કે, જેને પોતે સંન્યાસ આપ્યો છે તે જ આ સ્ત્રીનો પતિ છે. એમ જાણતાં જ પોતાને અત્યંત ખેદ થયો અને વિઠ્ઠલપંતે અસત્ય ભાષણ કીધું, તે જાણી વધુ ખેદ થયો. પછી રુકમાબાઇના માતાપિતાને બોલાવી તેમને પોતાની સાથે કાશી આવવા કહ્યું. તે મહાત્માએ તેમને જણાવ્યું કે, જ્યારે આ રુકમાબાઇના પતિને પાછો ગૃહસ્થાશ્રમ કરાવીશ ત્યારે જ મ્હારું પોતાનું પ્રાયશ્ચિત્ત થશે. એથી પોતે યાત્રાનો વિચાર માંડી વાળી કાશી પાછા ફરવાનો નિશ્ચય જણાવીને કહ્યું કે, "આ સ્ત્રીના પતિ વિયોગરૂપ દાવાનળથી મારા તીર્થાટનરૂપ તૃણ દગ્ધ થઈ જાય એમ છે, માટે તમારે મારી સાથે કાશી આવવું."

આવા મહાત્માના સમાગમમાં કાશી યાત્રાનો યોગ પ્રાપ્ત થતાં જ શિદોપંતને મહા આનંદ થયો. તેઓ સ્વામીની આજ્ઞા પ્રમાણે તેમની સાથ ચાલ્યા ચાલ્યા કાશી આવ્યા. અત્ર સ્વામીએ તેમને એક સ્થાનમાં બેસાડ્યા. પછી પોતે એકલા જ મઠમાં જઇને વિઠ્ઠલપંતને પૂછ્યું કે, "સંન્યાસ લેતી વખતે મને સ્ત્રી નથી એમ જે કહ્યું હતું તે ખરું કે ખોટું ? યથાર્થ વદ!" વિઠ્ઠલપંત આ શબ્દ સાંભળતાં જ ગભરાયા અને સ્વામીના પગપર પડી ક્ષમા માંગી સર્વ વૃત્તાંત કહ્યો. તરત જ વિઠ્ઠલપંતની પત્ની અને સાસુ સસરાને મઠમાં બોલાવ્યાં અને સ્વામીએ વિઠ્ઠલપંતને રુકમાબાઇનો અંગીકાર કરવા આજ્ઞા કરી અને કહ્યું કે, "સંતુષ્ટચિત્તે સુખે સંસાર કરી પરમાર્થ સાધ. અવિધિ કર્મનો તલમાત્ર ભય ન રાખ, પરમાત્મા તારાપર પૂર્ણ કૃપા કરશે."

ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવા સિવાય બીજો ઉપાય નહી હોવાથી તેમણે 'ઠીક' કહ્યું, કે તુરત જ શિદોપંતે ગૃહસ્થાશ્રમનાં વસ્ત્રાભૂષણ આગળ કર્યાં—જે વિઠ્ઠલપંતને અંગીકાર કરતાં જોતાં જ રુકમાબાઇના આનંદની સીમા રહી નહીં. તેણીએ સ્વામીનું વારંવાર સ્તવન પૂજન કીધું અને પછી સર્વ કાશી યાત્રા કરી સ્વામીની આજ્ઞા લઇ આળંદી પાછાં ફર્યાં.

આળંદીમાંના બ્રાહ્મણો તેમ જ આજુબાજુના બ્રાહ્મણોને જ્યારે આ સર્વ નિવેદન થયું ત્યારે તેઓ ઘણા ક્રોધાવિષ્ટ થઇને કહેવા લાગ્યા કે, "આ શું! વેદાંત પછી કોક શાસ્ત્ર! સજ્જન સંગ પછી દુર્જન સંગતિ! વિષ્ણુ પૂજન પછી વેતાળનું સાધન!" આવા ઉદ્‌ગારના જ્યાં ત્યાં ભણકારા થઈ રહ્યા અને તેના પરિણામે વિઠ્ઠલપંત અને રુકમાબાઇને જ્ઞાતિવ્યવહારથી બહિષ્કૃત કર્યાં. શિદોપંતે ઘણી આજીજી કરી, તેથી તેમને અને તેમનાં પત્નીને ક્ષમા કરી.

આમ છતાં વિઠ્ઠલપંતને આથી કંઇ પણ દુઃખ થયું નહીં. તેઓ જાણતા હતા કે, પોતે શ્રી પરમ પૂજ્ય પાદયતેશ્વરની આજ્ઞાનુસાર સંસાર અંગીકાર કર્યો છે તો પછી બીજાના અભિપ્રાય સાથ શો સમ્બન્ધ છે? એમ વિચાર કરી દૂર ઝુંપડું બાંધી આનંદમાં ગીતા, ભાગવત, યોગવાસિષ્ઠ વગેરેના અવલોકનમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા. શિષ્ટોપંતે અન્ન પાનાદિની વ્યવસ્થા રાખી. આ પ્રમાણે બાર વર્ષ વીત્યાબાદ રુકમાબાઇને પુત્રપ્રાપ્તિ થઇ. શાકે ૧૧૯૦ માં નિવૃત્તિનાથનો જન્મ થયો, પછી ૧૧૯૩ માં જ્ઞાનેશ્વરનો, ૧૧૯૬ માં સોપાનદેવનો અને ૧૧૯૯ માં મુક્તાબાઇનો જન્મ થયો. શ્રીનિવૃત્તિનાથ શંકરના, શ્રીજ્ઞાનેશ્વર વિષ્ણુના, સોપાનદેવ બ્રહ્માના અને મુક્તાબાઈ જગદંબાના અંશ મનાય છે.

"ज्ञानेशो भगवान् विष्णुर्निवृत्तिर्भगवान् हरः ।
सोपानो भगवान् ब्रह्मा मुक्ताख्या ब्रह्मणः कला ॥"

આ ચારેને શુકદેવજી પ્રમાણે જન્મતાં જ જ્ઞાન થયું હતું; ઈશ્વરના અંશાવતાર પછી ન્યૂન શું? તેઓ સર્વવિદ્યાવિશારદ થયા.

જનરીતિ મનમાં લાવી વિઠ્ઠલપંતે તેઓનું વ્રત બંધ કરવા વિચાર કર્યો. પણ બહિષ્કૃત એટલે કોણ સંસ્કાર કરાવે? ચારે અનુક્રમે, ૧૫,૧૨,૧૦,૮ વર્ષની વયના થવા છતાં કંઈ પણ સંસ્કાર તેમને ન થયલો હોવાથી તેમની માતુશ્રી રુકમાબાઇને ખેદ થયો અને તેથી પતિને વારંવાર વિનવવા લાગ્યાં કે, આવા સૂર્ય જેવા તેજસ્વી, બૃહસ્પતિ જેવા વક્તા, મદન જેવા દેખાવડા, શંકરાચાર્ય જેવા પંડિત પુત્રો હોવા છતાં તેમનાં લગ્ન વગેરે ન થાય, એ ઘણું દુઃખદાયક છે. વિઠ્ઠલપંતે કહ્યું કે, મુખ્ય ધર્માધિકારીને પૈસા આપ્યા વગર કંઇ વળે એમ નથી; અને ધન તો છે નહીં માટે નિરુપાય છે. રુકમાબાઇનું તેથી સમાધાન થયું નહીં અને વિઠ્ઠલપંતને ચાર શિષ્ટ બોલાવી, તેમના પગપર માથું મૂકી, દીન થઇ ક્ષમા માગવા વિનતિ કરી. તે ઉપરથી આળંદીના બ્રાહ્મણને સભા ભરી નિર્ણય કરવા વિઠ્ઠલપંતે વિનતિ કરી અને ઘણો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. વળી આજુબાજુના બ્રાહ્મણોને એકઠા કરી તેમની આગળ વિઠ્ઠલપંત રુકમાબાઇ અને ચારે છોકરાં હાથ જોડી ઉભાં રહ્યાં અને બહુ દીનતાથી નિર્ણય કરવા વિનતિ કરી; તેમ જ વિઠ્ઠલપંતે જણાવ્યું કે, પોતે ગુરુ આજ્ઞાનુસાર ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો હતો તેમ છતાં દોષ થયો હોય તો ક્ષમા કરવી. પરંતુ બ્રાહ્મણો એકના બે થયા નહીં. તેઓએ કહ્યું કે, "ગુરુ કેવો ને આજ્ઞા કેવી! જેનું મુખ સુદ્ધાં જોતાં અપવિત્ર થવાય, તેને પ્રાયશ્ચિત્ત શાનું? તેને માટે દેહાંતરૂપી પ્રાયશ્ચિત્ત સિવાય બીજું પ્રાયશ્ચિત્ત જ નથી."

વિઠ્ઠલપંતને આ અપમાનથી ઘણું ખોટું લાગ્યું; કેટલોક કાળ ગયા બાદ તેણે ત્રિવેણીમાં પોતાનો દેહ અર્પણ કર્યો અને ત્યાર બાદ રુકમાબાઇએ પણ તે પ્રમાણે કર્યું.

ચારે છોકરાંઓએ આ વર્તમાન સાંભળ્યા છતાં તેઓ વિષે કંઇપણ મનમાં ન લાવતાં ઉલટા પોતાના વૃદ્ધ દાદા દાદીને આશ્વાસન દેવા લાગ્યાં અને તેમને મૃત્યુલોકની ક્ષણભંગુરતા વગેરેનો જ્ઞાનોપદેશ કીધો. વળી થોડો કાળ ગત થયા બાદ ચારે ભાઇબહેન બ્રાહ્મણોને પોતાને જ્ઞાતિમાં લેવાને વારંવાર સૂચના કરવા લાગ્યાં. આખરે આળંદીના બ્રાહ્મણોએ એકઠા થઇ એમ યુક્તિ કાઢી કે, ચારે જણે 'પૈઠણ' જઇ ત્યાંથી શુદ્ધિપત્ર લાવવો, એટલે જ્ઞાતિમાં લેવા હરકત રહેશે નહીં.

સર્વ બ્રાહ્મણનું એ પ્રમાણેનું બોલવું સાંભળી નિવૃત્તિનાથ બોલ્યા. અમારે પૈઠણ જઇ શું કહેવું? કારણ અમે બ્રાહ્મણ નહીં, ક્ષત્રિય નહીં, વૈશ્ય નહીં, શૂદ્ર નહીં, ત્યારે જ્ઞાત કયી કહેવી? બ્રાહ્મણ કહીએ તો

न चर्मणो न रक्तस्य न मांसस्य न चास्थिनः ।
प्राणस्य नात्मनो जातिर्व्यवहारोऽपि कल्पितः ॥

"ચર્મ, રક્ત, માંસ, અસ્થિ, પ્રાણ, આત્મા એની જાતિ નથી, ફક્ત વ્યવહારે જ જાતિની કલ્પના કરેલી છે." એવું નિવૃત્તિનાથનું ભાષણ સાંભળી જ્ઞાનદેવ બોલ્યા;–"મનુષ્ય પુષ્કળ જ્ઞાતા થાય તોપણ તેણે પ્રાચીન ચાલતા આવેલા આચાર વિચારનું એકદમ નિકંદન કરવું નહીં." આ પ્રમાણે ઉભય બંધુનું બોલવું સાંભળી સોપાનદેવ બોલ્યા,–"જાતિ, કુળ સાથ શું કર્તવ્ય છે! ઇશ્વર ચરણમાં જેની ભક્તિ તે જ શ્રેષ્ઠ, પછી તે લોકવ્યવહારમાં કેટલોએ હલકો હોય છતાં તે નામાંકિત કુલવાન્ છે. પાંડવ, દુર્વાસા, વસિષ્ઠ, ગૌતમ, વ્યાસ, વાલ્મીકિ એમનું કુળ જુઓ તેવું જ આપણું છે." આ પ્રમાણે એકમેક સાથે ભાષણ કરી આળંદીના બ્રાહ્મણનો પત્ર લઇ ચારે ભાઈ બહેન પૈઠણને માર્ગે પડ્યાં. નિવૃત્તિનાથે શ્રીત્રંબકેશ્વરની યાત્રા કરી પૈઠણ તરફ જવું, એમ આજ્ઞા કરવાથી ચારે તીર્થ, વ્રત ને જ્ઞાન ચર્ચા કરતાં કરતાં શ્રીત્રંબકેશ્વર આવ્યાં. ત્યાં શ્રીનિવૃત્તિનાથને શ્રીગઇનીનાથે ઉપદેશ કર્યો. એમની ગુરુપરંપરા નીચે પ્રમાણે છે. આદિનાથશંકરનો ઉપદેશ મત્સ્યેંદ્રનાથને થયો; પછી અનુક્રમે ગોરક્ષનાથ, ગઇનીનાથ, નિવૃત્તિનાથ અને જ્ઞાનેશ્વરને ઉપદેશ થયો.

ચારે ભાઇ બહેનને આ સિવાય બીજા શિક્ષણનો કે સત્સંગનો કે ગુરુ ઉપદેશનો પ્રસંગ કોઇ ઠેકાણે વર્ણવેલો જોવામાં આવતો નથી, તેથી જ તેમને ઇશ્વરના અંશ માન્યા છે.

નિવૃત્તિનાથને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ થયા બાદ તેમણે ત્રણે ભાઇ બહેનને ઉપદેશ ત્યાં જ કર્યો. ત્યાર બાદ તેઓ ગુરુ શિષ્ય પ્રમાણે વર્તવા લાગ્યાં. પછી ચારે ગોદાવરીને કિનારે કિનારે યાત્રા કરતાં કરતાં પૈઠણ આવી પહોંચ્યાં. ત્યાં આવી એક બ્રાહ્મણને ઘેર ઉતર્યાં. પૈઠણમાં મોટી સભા ભરી પોતાને શુદ્ધ કરવા પ્રાર્થના કરી, તે ઉપરથી ધર્માધ્યક્ષે એક દિવસ નીમ્યો અને તે દિવસે ચારેને આવવા સૂચવ્યું.

નિર્માણ દિવસે સભા ભરાઇ. ત્યાં ચારે મહાત્મા ગયાં અને શ્રીજ્ઞાનેશ્વરે અધ્યક્ષને આળંદીથી આણેલો પત્ર આપ્યો. પત્ર વાંચી અધ્યક્ષે સર્વને સાર કહ્યો કે, આ સંન્યાસીના છોકરાને અહીં પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરવા મોકલ્યા છે. સર્વેએ વિચાર કીધો કે "જેમ સેકેલા બીમાંથી ઝાડ થવું અશક્ય, માટીની તાવડીને પારસમણિ લગાડવું વ્યર્થ, તેમ આને પ્રાયશ્ચિત્ત આપવું અશક્ય છે. પરંતુ જો શુદ્ધ ન કરીએ તો આ પ્રતિષ્ઠાન ક્ષેત્રની મોટાઈ શાની! તેથી સર્વ શાસ્ત્રનું મંથન કરી જે ઉપાય હોય તે એમને કહેવો જોઇએ." પછી શાસ્ત્ર જોતાં જે ઉપાય સૂઝયો, તે છોકરાંને કહેવા તેમણે અધ્યક્ષ પાસે આણ્યા અને કહ્યું કે, તમારે માટે એક જ પ્રાયશ્ચિત્ત છે તે એ કે, 'પરમાત્માની અનન્ય ભક્તિ કરવી અને સર્વ ભૂત વિષે સમાનતા રાખવી.'

આ ભાષણ સાંભળવાથી નિવૃત્તિનાથ જ્ઞાનેશ્વર વગેરેને પરમાવધિ આનંદ થયો. તે બોલ્યા,– "અહો બ્રહ્મદેવો! જેવું અમારા મનમાં હતું તેવું જ ધર્મશાસ્ત્રમાંથી નીકળ્યું." ચારેનું દિવ્ય તેજ અને આનંદોત્સાહ જોઈ સભાજનને આશ્ચર્ય થયું અને તેઓમાં કંઇ ચાતુર્ય છે કે નહીં, તેની પરીક્ષા કરવાની એકે અધ્યક્ષને સૂચના કરી; તે સૂચનાનુસાર અધ્યક્ષે તેમનાં નામ પૂછ્યાં. પછી નિવૃત્તિનાથ પહેલા બોલ્યા;–"મહારાજ! ઈશ્વરને પરમ–પૂર્ણ–સર્વેશ્વર–સમજી પ્રવૃત્તિમાર્ગમાં જે પડતો નથી તેને નિવૃત્તિ નામ શોભે છે; તેવો પ્રકાર આ દાસથી બનતો નથી, છતાં તેને નિવૃત્તિ કહે છે." પછી જ્ઞાનેશ્વર આગળ આવ્યા અને બોલ્યા, "પ્રભુ, અજ્ઞાનમય અહંકૃતિથી પરાઙ્મુખ થયેલું જ્ઞાન જે બ્રહ્મ, તેમાં જે દેહની તત્પરતા હોય છે, તેને જ્ઞાનદેવ કહેવો; પરંતુ આપના આ સેવકથી તેવા જ્ઞાનની સંપન્નતા ન થયલી હોવા છતાં આ અજ્ઞાનીને જ્ઞાનદેવ

કહે છે." સોપાન બોલ્યા;-"સજ્જનો! જે ભક્તિમાર્ગે ચાલશે તેને અલ્પ કાળ સુદ્ધાં ઇશ્વર ગુણાનુવાદ સિવાય વ્યર્થ જનાર નથી; તે પુરુષની યોગ્યતા જેમ સોપાન (પગથિયાં) સ્વર્ગનો માર્ગ દેખાડે છે તેવી છે. હવે આ દેહમાં એટલી યોગ્યતા નથી, છતાં આ મૂઢને સોપાનદેવ કહે છે." છેવટે મુક્તાબાઇ આગળ આવી હાથ જોડી બોલ્યાં,-"બાપા! જગદીશ્વરની લીલા પૂર્ણપણે સમજી અંગમાં દયા, ક્ષમા, શાંતિ ઇત્યાદિ સદ્દગુણ પૂર્ણ હોય, સર્વ સમાનતા હોય, તે જ મુક્ત લક્ષણવાળો છે અને એવાં લક્ષણ જે બાઇમાં હોય તેનું નામ મુક્તા શોભે; પણ તેવાં લક્ષણ આ આપની અજ્ઞ બાલકીમાં નથી, છતાં નામ મુક્તાબાઈ રાખ્યું છે."

ચારેના નામની વ્યાખ્યા, તેઓની દીનતા, મધુરવાણી અને તેમના દિવ્ય તેજથી સભા અંજાઈ ગઈ. સભાજનોમાં સજ્જનોનું ચિત્ત દ્રવ્યું; મધ્યમ ચકિત અને લજ્જિત થયા; કુટિલ હસી કહેવા લાગ્યા કે, "વાહ! શું નામ! અંગમાં કરણી નહી અને વ્યર્થ બોલવું, શૌર્ય નહીં અને યુદ્ધમાં જવું એ જેમ વ્યર્થ છે; લૂગડાનું નામ ચંદ્રકળા અને રંગ કૃષ્ણ; નામ લક્ષ્મી અને લોકને ઘેર દાસીપણું કરે; નામ મહીપતિ અને મૂઠીભરી માટી મળે નહીં, તેવાં તમારાં નામ છે." તેટલામાં બીજો એક બોલ્યો. "નામમાં શું છે? પેલો પખાલીનો પાડો આવે છે, તેનું નામ પણ 'જ્ઞાન્યા' રાખ્યું છે; તદ્વત્ તમે; બાપ સંન્યાસી અને છોકરાં પોતાને નિવૃત્તિ, જ્ઞાનેશ્વર, સોપાન કહેવડાવે છે એ પણ જ્ઞાનમાં!"

એ શબ્દ સાંભળી જ્ઞાનેશ્વર બોલ્યા; "મહારાજ! આપ થોડો વિચાર કરશો અને આપનો દીનદાસ જે ચાર શબ્દ કહે છે તે ફરીને સાંભળશો. આપે જે પખાલીનો પાડો દેખાડ્યો, તેના આત્મામાં ને મારા આત્મામાં ભેદ શું છે વારુ? એક સૂર્ય અનંત ઘટમાં પ્રકાશે, તેથી સૂર્યની અનેકતા થશે શું? ઇશ્વર સર્વવ્યાપક છે, તેથી આ પાડામાં અને મારામાં કંઈ જ ભેદ નથી."

આમ જ્ઞાનેશ્વર બોલે છે, તેટલામાં તે પાડો સભા સમીપ આવ્યો. આ વખતે એવો ચમત્કાર થયો કે, પાડાની પીઠપર ચાબુક મારે અને તેનો સોળ જ્ઞાનેશ્વરની પીઠપર ઉઠે! એ જોઇ સભાજનો ઘણા વિસ્મય પામ્યા. કેટલાક તેને નજરબંદી કહેવા લાગ્યા; જ્યારે બીજા કેટલાક બ્રાહ્મણો બોલ્યા "અહો જ્ઞાનદેવ! તમારામાં અને પાડામાં કંઇ ભેદ નથી. તમારો ઉભયનો આત્મા એક છે ત્યારે તે પાડાપાસે વેદ તમે સહજ બોલાવી શકશો!"

તે સાંભળી જ્ઞાનેશ્વર બોલ્યા,-"જુઓ મહારાજ! પરમેશ્વર મહા સમર્થ છે, मूकं करोति वाचालं" એવો સર્વ શક્તિમાન્ છે તે શું નહિ કરી શકે? હવે આપ જેને વેદ કહો છો તે અમારામાંથી એકેને આવડતો નથી, છતાં તે આપની આજ્ઞાનુસાર પાડો પણ બોલશે." બ્રાહ્મણો સર્વ હાસ્ય કરવા લાગ્યા અને કહ્યું. "એમ છે તો બોલાવો ઋગ્વેદ." 'જેવી ઇચ્છા' એમ કહી જ્ઞાનેશ્વરે તે પાડા પાસે જઇ તેના માથાપર હાથ મૂકયો; તેમ કરતાંમાં જ તે પાડો મનુષ્યવાણીએ બોલ્યો,-"શું આજ્ઞા છે ગુરુવર્ય?" જ્ઞાનેશ્વરે કહ્યું, "આ વખતે ઋગ્વેદ બોલી આ પ્રતિષ્ઠાનવાસી બ્રાહ્મણોને સંતુષ્ટ કર." એટલું બોલતામાં જ તે પાડો ન્યાસપૂર્વક ઋગ્વેદનો પાઠ કરવા લાગ્યો. માત્રા, સ્વર ઇત્યાદિક ભેદોમાં જાણે વ્યાસ ભગવાનનો શિષ્ય જાતે બોલતો હોય, એ પ્રકારે ઋગ્વેદ બોલી આગલો પગ વાળી, જ્ઞાનેશ્વરને નમસ્કાર કરી ઉભો રહ્યો.

આ અપૂર્વ ચમત્કાર જોઇ સભાજન ભીંત ઉપરનાં ચિત્રની માફક સ્તબ્ધ થઇ ગયા અને વિસ્મય પામી બોલ્યા "આ શું અદૃષ્ટ અપૂર્વ ચમત્કૃતિ! ૧૨ વર્ષ અભ્યાસ કર્યા છતાં જે મનુષ્યને ન આવડે, તે વેદ જ્ઞાનશૂન્ય પશુને માથે હાથ મૂકતાં જ કડકડાટ બોલી ગયો, એવું કૃત્ય ઇશ્વરી અંશ સિવાય થાય કેમ? અહો! આ ઇશ્વરના પ્રત્યક્ષ અવતાર! એને શુદ્ધ કોણ કરી શકે!

તેમનાં દર્શનથી જ પૃથ્વીપરના પતિતનો ઉદ્ધાર થશે. જેમ માતુશ્રીગંગા પવિત્ર છે, તેમ આ ચારે મૂર્ત્તિ પણ પવિત્ર જ છે. ધન્ય એમના માતાપિતાને! ધન્ય એમનો વંશ! ધન્ય એમની જન્મભૂમિ!" એમ બોલી સર્વ એમને પગે પડ્યા. ત્યારે જ્ઞાનેશ્વર બોલ્યા; "મહારાજો! એ આપના જ પુણ્ય પ્રતાપ છે! અમે તો તમારાં ગાંડાં ઘેલાં છોકરાં છઇએ, એ અમારી શક્તિ નથી." પછી સર્વ સભા વિસર્જન થઇ અને જ્ઞાનેશ્વરાદિ ભાઈ બ્હેન તે પાડાને લઈ પોતાને ઉતારે ગયાં.

પૈઠણમાં અને આજુબાજુના ગામોમાં આ વાત સત્વર પ્રસરી. ભાવિક લોક તેમને ઇશ્વરનો અવતાર માનવા લાગ્યાં. કુટિલો બોલવા લાગ્યા કે, આ ગૌડબંગાલી ભોળા લોકને વિદ્યાથી ભ્રમ થયો છે. એવા નાના પ્રકારના કુતર્ક આવા પ્રસંગોપર જનસમુદાયમાં થાય, એ સ્વાભાવિકજ છે.

આટલું છતાં પણ તે મંડળમાં કુબુદ્ધિઓનું જોર વધારે હતું અને પરિણામે તેમાંના કેટલાકે કહ્યું,-"શું! સંન્યાસીના છોકરા જેનું મુખ પણ જોવાય નહીં તેને ઇશ્વરાંશ કહેવા? પણ અધ્યક્ષને શું કહેવું?" એ પ્રકારના ઉદ્ગારો કાઢી એવો નિશ્ચય કીધો કે, જે બ્રાહ્મણને ઘેર તેઓ ઉતર્યા છે તેની સાથ પંક્તિવ્યવહાર રાખવો નહીં; અને તેને ત્યાં આવતી કાલે શ્રાદ્ધ છે, તે વેળા કોઇએ તેનું આમંત્રણ સ્વીકારવું નહી.

બીજે દિવસે જ્યારે તે બ્રાહ્મણ આમંત્રણ આપવા ગયો ત્યારે સર્વેએ કૃતનિશ્ચય પ્રમાણે તે નિમંત્રણ સ્વીકાર્યું નહીં અને કહ્યું કે, 'તેં સંન્યાસીના છોકરાને તારે ત્યાં ઉતાર્યા છે, તેથી તારી સાથે પંક્તિવ્યવહાર બંધ કીધો છે.' બ્રાહ્મણ નિરાશ થઈ વિચારશૂન્ય મૂઢ જેવો ઘેર આવ્યો અને સ્તબ્ધ થઇ બેસી રહ્યો. જ્ઞાનેશ્વરે તેનું કારણ પૂછતાં તેણે સર્વ હકીકત કહી. જ્ઞાનેશ્વરે સર્વ વર્તમાન સમજી કહ્યું; "કંઇ ફીકર કરવી નહીં; બ્રાહ્મણ ન આવે ને એમના પૂર્વજ આવે તો કેમ? માટે સર્વ તૈયારી કરો." બ્રાહ્મણ ભાવિક હતો. તેણે ખુશી થઇ સર્વ તૈયારી કીધી. પત્રાવલી પીરસી, પાટલા માંડી રાખ્યા, તેટલામાં જ્ઞાનેશ્વરાદિ ભાઇ બ્હેન સ્નાન વગેરે નિત્ય કર્મ આટપી આવ્યાં અને જ્ઞાનેશ્વરે સર્વ તૈયારી જોઇ બ્રાહ્મણ પાસ થોડા અક્ષત માંગી પત્રાવળી પર નાંખ્યા કે તુરતજ તે બ્રાહ્મણના તીર્થરૂપસહ સર્વ પૈઠણના બ્રાહ્મણના પૂર્વજો પાટલા પર મૂર્તિમાન્ આવી બેઠા. ત્યારબાદ જ્ઞાનેશ્વર વગેરે ભોજન માટે બેઠા એટલે બ્રાહ્મણોએ શ્રદ્ધાથી પિતર સ્વરૂપી જનાર્દનના નામનો સંકલ્પ કરી હરહર મહાદેવ કરી જમવાનો આરંભ કર્યો. ભટજીની ફજેતી કરવાના ઉદ્દેશથી જે બ્રાહ્મણો આતુર થઇ ચેષ્ટા કરતા હતા, તેમણે આ શબ્દ સાંભળ્યો અને વિસ્મય થયા કે, એક છોકરું સુદ્ધાં જમવા ભટજીને ત્યાં ગયું નથી અને આ ગડબડ શી! એમ વિચાર કરી ત્યાં જોવા આવ્યા તો સર્વે પોતપોતાના પૂર્વજોને જોઇ વિસ્મિત થયા. આને સ્વપ્ન કે સત્ય એમ વિચાર કરવા લાગ્યા અને મનમાં ખિન્ન થયા તથા પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પિતૃઓ સર્વ જમી જ્ઞાનેશ્વર વગેરેને પગે પડી અદૃશ્ય થયા. તે પછી બહાર બ્રાહ્મણ ઉભા હતા તે અંદર આવ્યા અને ચારેના પગપર મસ્તક મૂકી સ્તુતિ કરવા લાગ્યા અને ક્ષમા માંગી. અન્ય સર્વ લોક તેમની સ્તુતિ કરવા લાગ્યા અને આજુબાજુથી ટોળાંનાં ટોળાં જ્ઞાનેશ્વરનાં દર્શને આવવા લાગ્યાં.

ત્યાર બાદ પૈઠણના બ્રાહ્મણો પાસે શુદ્ધિપત્ર લખાવી લીધો. સર્વ બ્રાહ્મણો તે વખતે કહેવા લાગ્યા, "કે તમે પ્રત્યક્ષ ઇશ્વર! તમને કોણ પૂછનાર છે?" આ વખતે જ્ઞાનેશ્વરે થોડો ઉપદેશ કવિતામાં કર્યો હતો, જેનો સાર નીચે પ્રમાણે છેઃ-અનંત જન્મની પુણ્ય સામગ્રી હશે તો જ જિહ્વાગ્રે રામનામ આવશે. જે કુળમાં રામનામનો ઉચ્ચાર થાય છે તે કુળને ધન્ય છે. રામનામ બોલતાં જ અનેક જન્મોના દોષ જાય છે. કોટિ કુળનો ઉદ્ધાર રામ નામથી થયો. રામકૃષ્ણ સ્મરણ કરનારને

ધન્ય ધન્ય છે, નામ તારક સાંગડી* છે, માટે અર્ધ ઘડી નામ વિસરવું નહીં. કંઇક તપ કીધાં હશે તો જ નામ મુખે આવશે. જ્ઞાનદેવ કહે છે કે, "નામ સ્મરણના મોટા અભ્યાસથી હરિ હરિ સ્મરતાં વૈકુંઠમાં ઘણા ગયા છે!" વળી તે બોલ્યા, "ભાઇઓ! આ નામ અમૃતથી પણ મીઠું છે; કલ્પતરુથી પણ ઉદાર છે. જુઓ જપ, તપ, ધ્યાન ઇત્યાદિથી જે સમાધાન થતું નથી, તે એક નામથી થાય છે. પૂર્વ યુગમાં નામામૃત જે જે મહાત્માએ સેવન કરી સાયુજ્યપદ મેળવ્યું છે, તેની કીર્તિ પુરાણ ગાય છે. એવા કોણ છે તે સાંભળો;" એમ કહી કવિતમાં મહાત્માઓનો જે મહિમા જ્ઞાનેશ્વરે ગાયો, તેનો ટુંક સાર આ પ્રમાણે છે, "પ્રહ્લાદે નામ ઉચ્ચારણ કીધું તેથી નરહરિએ છોડવ્યો અને ઉંચકી ખોળામાં બેસાડ્યો; જે ધ્રુવે યાદ કીધું તેજ ઉપમન્યુએ ગોખ્યું, તેથી તેમનું હિત થયું; અજામેલ જેવો ચાંડાળ, નામથી પવિત્ર થયો; વાટવાક (ધાડપાડુ) કોળી નામસ્મરણથી વાલ્મીક થયો. ત્રણે લોકનો નામસ્મરણથી ઉદ્ધાર થયો છે." વળી બોલ્યા; "મુખ્ય કહેવાનું એટલું જ કે, ભગવન્નામરૂપ અશ્વારોહણ કરો; ભજનરૂપ ખડ્ગ હાથમાં લો; કામ ક્રોધાદિકનું શિર છેદી નાંખી સર્વભૂતમાં સમાનતા રાખો; ક્ષમાદયારૂપ નગરીનો છૂટકો અવિવેકરૂપ દુષ્ટ નૃપતિને મારી નાંખી કરો, એ આપને સવિનય પ્રાર્થના છે."

આ પ્રમાણેના ઉપદેશથી પૈઠણની બ્રાહ્મણ મંડળીને ઘણો આનંદ થયો. તેઓએ જ્ઞાનેશ્વરને પગે પડી થોડા દિવસ વધારે ત્યાં જ રહેવા આગ્રહ કર્યો, પરંતુ જ્ઞાનેશ્વરે તેઓને સમજાવી બીજે દિવસે જ ત્યાંથી પ્રયાણ કીધું. પેલા પાડાને જ્ઞાનેશ્વરે તેના માલિક પાસેથી માંગી લીધો અને તેને સાથે લઈ ચારે જણ જ્યારે તે ગામ છોડી નિકળ્યા ત્યારે આખા ગામના લોકે તેમને નમસ્કાર કર્યા અને થોડે સૂધી તેમની સાથે ગયા.

જ્ઞાનેશ્વર પૈઠણથી આળંદી જવા નીકળ્યા. તે ગોદાવરીને કાંઠે ચાલ્યા. તેઓ જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં તેમનાં દર્શનને માટે ઘણા લોક એકઠા થતા અને તેઓના ઉપર કંઇ કંઈ ઉપકાર જ્ઞાનેશ્વર કરતા. એમ કરતા 'નેવાસા' આવી પહોંચ્યા. ગામમાં ચાલતાં રસ્તે બ્રાહ્મણનું પ્રેત લઇ જતું ટોળું સામે મળ્યું અને પાછળ તેની સ્ત્રી પતિ સહગમન કરવા જતી હતી, તે જ્ઞાનેશ્વરને પગે પડી. જ્ઞાનેશ્વરે "અષ્ટપુત્રા સૌભાગ્યવતી ભવ" કરી આશીર્વાદ દીધો. તે સાંભળી તે સ્ત્રી બોલી;–"મહારાજ! મારા પતિએ દેહત્યાગ કીધો છે, તેના દેહને આ લઇ જાય છે અને હું પતિ સહગમન કરવા જાઉં છું તો તમારા આશીર્વાદનો શું ઉપયોગ થશે? તે સાંભળી જ્ઞાનેશ્વરે તેના પતિનું નામ પૂછ્યું અને તે સચ્ચિદાનંદ છે એમ જાણ્યું ત્યારે કહ્યું, "સત્-ચિત્-આનંદ! અને એને મૃત્યુ કેમ?" એમ કહેતાં જ પ્રેત આગળ જઇ બોલ્યા "સચ્ચિદાનંદ ઉઠ!" એટલું બોલતામાં જ જેમ ઉંઘમાંથી સુપ્ત મનુષ્ય જાગે તેમ સચ્ચિદાનંદ ઉઠ્યો અને જ્ઞાનેશ્વરાદિ મંડળીને પગે પડીને આજ્ઞા માંગી. જ્ઞાનેશ્વરે અહીં જે ઇશ્વરી લીલા ગુરુ કૃપાએ થાય, તે મરાઠીમાં લખવાને કહ્યું. જે સાંભળી તે ઘણો જ હર્ષિત થઇ ચારે ભાઇ બહેનને પોતાને ઘેર લઇ ગયો.

ત્યાં ઘણા દિવસ રહ્યા. નેવાસાના લોકને તથા જે દર્શને આવતા તેમને રોજ ઉપદેશ આપતા. નિત્ય નિયમ કર્યા પછી હમેશ સ્વમુખે પરમેશ્વરની લીલા કવિતારૂપે ગાતા. નેવાસામાં હતા તેજ વખતમાં આ શ્રી જ્ઞાનેશ્વરી નામની પદબંધ ટીકા ભગવદ્ગીતાપર શ્રીજ્ઞાનેશ્વરે કીધી હતી. આ ગ્રંથે એમની કીર્તિ આજ સૂધી જાળવી રાખી છે. તે લખવાનું કામ સચ્ચિદાનંદ બુઆએ કીધું જણાય છે. ગ્રંથ સંપૂર્ણ થતાં પોતાના જ્યેષ્ઠ બંધુ અને ગુરુ શ્રી નિવૃત્તિનાથને દેખાડ્યો. નિવૃત્તિનાથે તે હાથમાં લઈને "હે મુકુંદ! હે મુકુંદ!" એવા શબ્દો ઉચ્ચાર્યા. આ સાંભળી જ્ઞાનેશ્વરે સવિનય તેમ કરવાનું કારણ પૂછ્યું. નિવૃત્તિનાથે જણાવ્યું કે, "જ્ઞાનેશ્વર! તેં આ ટીકા મૂળ

* ઘણા પદાર્થોને એક બીજા સાથે સાંકળથી બાંધેલું નીસરણી જેવું વાહન.

આધારે કીધી, પણ મુકુંદરાયે 'વિવેકસિંધુ પરમામૃત' વગર આધારે કીધો, તેથી તેને ધન્ય ધન્ય કહું છું." આ પ્રમાણેનું ભાષણ સાંભળતાં જ શ્રી જ્ઞાનેશ્વર સમજી ગયા કે, ગુરુરાયનો ભાવાર્થ બીજો ગ્રંથ કરાવવાનો છે અને તેમની ભાવના પ્રમાણે બોલ્યા,–"મહારાજ! આપની કૃપા અને પરમેશ્વર પ્રસન્ન હશે તો આ દાસ પાસે પણ એવો ગ્રંથ શ્રી વિઠ્ઠલ કરાવશે." ત્યાર પછી આળંદી પાછા ફર્યા બાદ 'અમૃતાનુભવ'* નામે બીજો ગ્રંથ તેમણે તૈયાર કરી, નિવૃત્તિનાથ આગળ મૂક્યો. તે વખતે શ્રી નિવૃત્તિનાથે શ્રી જ્ઞાનેશ્વરની ઘણી પ્રશંસા કીધી અને કહ્યું કે; 'તું અગ્યારમો અવતાર જ છે.'

નેવાસાથી ત્યાર બાદ આળંદી જવા નીકળ્યાં. રસ્તે સત્પુરુષનાં દર્શન કરતાં, લોકપર કૃપાનુગ્રહ કરતાં, વિદ્વાનને ગ્રંથદ્વારા સંતોષ આપતાં, ચાલતાં ચાલતાં પુના જીલ્લામાં જુન્નર તાલુકામાં આવેલા 'આળે' ગામ નજીક તેઓ આવી પહોંચ્યાં. ગામથી થોડે દૂર પાણી વગેરેની સવળતા જોઈ ત્યાં મુકામ કીધો. નિત્ય નિયમ આટોપી ભગવદ્ગીતા વાંચે છે, તેટલામાં એમ બન્યું કે, જે પાડો તેમની સાથેજ હજી સૂધી હતો, તે ઘણો મોટો ઘાંટો કહાડી વેદ બોલવા લાગ્યો. તે વખતે આળે ગામમાં વેદશાસ્ત્રસંપન્ન બ્રાહ્મણ ઘણા હતા. તેમના કાનપર આ અવાજ પડતાં જ તેઓ આશ્ચર્યચકિત થઈ, આ અવાજ ક્યાંથી આવે છે, તેની શોધ કરવા નિકળ્યા. આવીને જુએ છે તો ચાર તેજસ્વી કિશોરવયના મહાત્માઓ બેઠા બેઠા ગીતાપાઠ કરે છે અને પાસે ઉભો ઉભો પાડો વેદ ભણે છે. પૈઠણની હકીકત ઉડતી ઉડતી તેમને કાને આવી હતી, તે ઉપરથી તેમણે અનુમાન કર્યું કે, જ્ઞાનેશ્વરાદિ ભાઈ બહેન તે આજ હોવાં જોઇએ. પછી તેઓ તેમને પગે પડ્યા. આ પ્રમાણે રોજ ક્રમ ચાલુ રહ્યો. હજારો લોક દર્શને આવતા અને પાડાને વેદ ભણતો જોઈ ચકિત થતા, કંઈ કંઈ કલ્પનાઓ કરતા તથા મહાત્માની શક્તિ વિષે નજરબંધી વગેરે અટકળો કરતા. તેટલામાં એક દિવસ ત્યાંના બ્રાહ્મણોએ હાથ જોડી શ્રી જ્ઞાનેશ્વર મહારાજને વિનતિ કરી કે, "અમે વેદનો સ્વર શૂદ્રને કાને સુદ્ધાં પડવા દેતા નથી અને આપ આ પશુ પાસે વેદ બોલાવો છો, તે ન થાય તો ઠીકઃ અમારે વેદવાક્ય સાંભળવાની વધારે ઈચ્છા નથી." શ્રી જ્ઞાનેશ્વરે પુનઃ પૂછ્યું કે, "તમને વેદવિદ્યા નહી જોઇએ?" તેનો પણ ઉપર પ્રમાણે જ જવાબ મળતાં, શ્રી જ્ઞાનેશ્વરે તે પાડાને સ્નાન કરાવી, પાસે જ એક મોટો ખાડો ખોદાવી, તેને સમાધિ આપી અને જન્મમરણથી મુક્ત કીધો. તે જગ્યાએ એક પથ્થર દાટી તે ઉપર સિંદૂર લગાડી તેનું નામ મ્હસોબા રાખ્યું અને પાસે એક વૃક્ષ રોપ્યું, તેનું નામ અજાનવૃક્ષ રાખ્યું. તે વૃક્ષના પાન જે ખાએ તેનું અજ્ઞાન જાય છે, એમ માની ભક્તિથી આજ સૂધી યાત્રાળુઓ તેમ કરે છે. આવું વૃક્ષ આળંદીમાં પણ છે. વળી એમ પણ માનવામાં આવે છે કે, તે વખતથી જ આ બે ગામમાંથી વેદવિદ્યા જતી રહી છે.

આળે ગામથી નિકળી તે આળંદી આવ્યા. ઇંદ્રાયણી નદીમાં સ્નાન કરી દાદાને ઘેર આવ્યા. જ્ઞાનદેવાદિના સુકીર્તિરૂપ ચંદ્રામૃતથી આળંદીના લોક ઠંડાગાર થઈ ગયા હતા તથા આ ભગવદ્ભક્ત શિરોમણિ પાછા કયારે ફરશે, તેની આતુરતાથી રાહ જોતા હતા. ચારેના આગમનની ખબર પડતાંજ સર્વત્ર ઘણો આનંદ થયો. સર્વ લોક મનમાં વિચાર કરવા લાગ્યા કે, આપણા આ નાનકડા ગામની કીર્તિ, આ ચારેએ કેટલી વધારી છે, એમ સમજી ચારેનાં દર્શને ગામના સર્વ લોક આવ્યા; બ્રાહ્મણોને પૈઠણનો શુદ્ધિપત્ર આપ્યો. તે લીધા પછી સર્વેએ ચારેને નમસ્કાર કીધા. બ્રાહ્મણોને તે પત્ર પહેલાં જ વર્તમાન મળ્યા હતા; તેથી તેઓ તેમને પગે પડ્યા; કુટિલો ખિન્ન થયા; પણ સજ્જનો ભક્તિભાવે તેમની સેવા કરવા લાગ્યા તથા વારાફરતી પોતાને ઘેર ભોજનનું આમંત્રણ આપવા લાગ્યા.

---

* સાર્થ અમૃતાનુભવ તથા હરિપાઠ અને ચાંગદેવ પાસષ્ઠિ (ગ્રન્થ ત્રય) સુબોધ ગુર્જર ભાષામાં અર્થ વિવરણ સહિત. કી. ૨-૦-૦.

આ પ્રમાણે આળંદીના સર્વ લોકની પ્રીતિ આ ચારે મહાત્માએ સંપાદન કીધી-કહો સર્વેનાં હૃદય આકર્ષી લીધાં; માત્ર એક વિસોબા ચાટી નામનો બ્રાહ્મણ તેમનો ઘણો દ્વેષ ક લાગ્યો. એ વિસો શ્રીમંત હતો, સુખી હતો એટલે લોક તેની સાથે વાદ કરી શકતા નહીં. તે ચારેની નિંદા કરતો ત્યારે બીજી રીતે લોક તેને બંધ કરતાં. એમ કરતાં દીવાળી આવી. નિવૃ નાથે, મુક્તાબાઇને સૂચના કરી કે, દીવાળી છે માટે આવતી કાલે 'માંડ' (લ્હેંચી) પોળી કર બીજે દિવસે સહવારે સર્વ સામગ્રી તૈયાર હતી, માત્ર ખાપર (માટીની તાવડી) નહોતી, તે કુંભા ત્યાંથી લાવવા મુક્તાબાઇ ગયાં. રસ્તામાં વિસોબા મળ્યો. તેણે મુક્તાબાઇને પૂછ્યું કે, તું ક્યાં જ છે? પછી મુક્તાબાઇનું અપમાન કીધું અને પછી કુંભારને ત્યાં જઈ કહ્યું કે, આને ખાપર આપ નહીં. મુક્તાબાઇ નિરાશ થઈ ઘેર પાછી ફરી અને ચિંતાતુર મુખે બેઠી હતી, તેટલામાં તેના શ્રી જ્ઞાનેશ્વર મહારાજની દૃષ્ટિ પડી, એટલે તેમણે તેની ચિંતાનું કારણ પૂછ્યું. મુક્તાએ સ સ્તર હકીકત કહી. જ્ઞાનેશ્વરે કહ્યું; "એટલું જ કે, ચિંતા નહી. સર્વ તૈયારી કરો અને ખાપર જ્યારે જરૂર પડે ત્યારે કહેવું!" વખત થતાં જ્ઞાનેશ્વરે યોગ ધારણા કરી પંચાગ્નિ પ્રકટાં મુખમાંથી જ્વાળા નિકળવા માંડી, નેત્ર રક્ત થયાં, પીઠ લાલચોળ તપી એટલે માંડ સે મુક્તાબાઇને કહ્યું. મુક્તાબાઇએ મોટી ત્વરાથી તે સેકી તૈયાર કીધા, તેટલામાં નિવૃત્તિનાથ સોપાનદેવ નિત્ય નિયમ આટોપી આવ્યા અને સર્વ ભોજનાર્થ બેઠા. જ્ઞાનેશ્વરે પંચાગ્નિ શાંત ક્ષુધાગ્નિ સિદ્ધ કર્યો અને ભોજન પ્રારંભ કર્યો. તેમના ભોજનવિષે કવિનું વર્ણન આ પ્રમ છેઃ—સ્વાનંદની થાળીમાં, પ્રેમભક્તિની ખીર પીરસી, તેપર સૌખ્યની સાકર ભભરાવી અને તે સ્વાનુભવના 'માંડ' બોળી, જય શ્રીહરિ કરી, ચારે ભગવદ્ભક્તે આનંદે ભોજન કીધું.

વિસોબા આ સર્વ બારીમાંથી જોયા કરતો હતો. જ્ઞાનેશ્વરનું યોગ સામર્થ્ય જોઈ, તે મનમાં ઘણો અનુતાપ થયો. પ્રત્યક્ષ ઈશ્વરના અંશને મ્હેં દુષ્ટે વ્યર્થ છળ્યા! ચિંતામણિ હાથ આવવા છતાં મ્હેં દુષ્ટે પથ્થર સમજી ગોફણમાં ઘાલી દૂર ફેંકી દીધો! કલ્પતરુના ઝા કુહાડીના ઘા માર્યા! ધિક્કાર મારા ઐશ્વર્યને! ધિક્કાર મારા દેહને! મેં કેટલો અન્યાય કી આમ પશ્ચાત્તાપ કરતા મનમાં ક્ષમાની ભિક્ષા માંગવાનો વિચાર આવ્યો. તે ગમે તેમ ક પ્રસાદ મેળવવાનો નિશ્ચય કરીને, તત્ક્ષણે જ મઠમાં દોડ્યો દોડ્યો આવ્યો અને ઝટ એઠા અન્નમાં એક કોળિયો લઇ મ્હોંમાં મૂકયો અને પછી જ્ઞાનેશ્વરના પગપર માથું મૂકયું. જ્ઞાનેશ્વરે ક "છળબુદ્ધિ, દૂર જા, તું ખચ્ચર થઈશ." વિસોબાએ કંઈ પણ લક્ષ આપ્યું નહિ. પ્રસાદથી તેનું શુદ્ધ થઈ ગયું હતું. તેણે જ્ઞાનેશ્વરના પગ પકડી ઘણા જ વિનીત ભાવથી ક્ષમા માંગી. જ્ઞાને દૂર જવા પુનઃ પુનઃ કહ્યું, પણ સાંભળે જ કોણ? તે તો દેહભાન જ ભૂલી ગયો. આખરે જ્ઞાનેશ્વર મહારાજે જોયું કે, હવે એનામાં યોગ્યતા આવી છે, એટલે અભય આપી પોતે ઉઠાડ્યો અને તેના ઉપર પૂર્ણ અનુગ્રહ કર્યો. વિબાસોની અટક ખચ્ચર પડી એટલેથી જ પ વળી તેનો સ્વભાવ એટલો તો પલટાઇને શુદ્ધ થઈ ગયો કે, તે જેટલો પ્રવૃત્તિમાર્ગમાં હ તેટલો જ નિવૃત્તિમાર્ગમાં વળ્યો અને જન્મ મરણનું મૂળ છેદી નાંખી કૈવલ્ય સુખાનુભવ લે લાગ્યો. પ્રસિદ્ધ નામદેવ મહારાજના ગુરુ તે જ એ વિસોબા ખચ્ચર.

આવી રીતે દિવસ જતાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજની વય ૧૯ વર્ષની થઈ. પોતાનું અવત કૃત્ય એટલેથી જ પૂર્ણ કરવું એમ વિચારી, શ્રી પંઢરપૂર, શ્રી વિઠ્ઠલનાથનાં દર્શને ગયા અને પ્રાર્થ કરી કે, 'દાસને ૧૯ વર્ષ રહેવાની આજ્ઞા હતી તે પૂરાં થવા આવ્યાં છે તો હવે આજ્ઞા કરો!' પાંડુરંગે કહ્યું, 'તારું અવતારકૃત્ય હજી રહ્યું છે; ત્હારા જ્ઞાનેશ્વરી અને અમૃતાનુભવ એ તો મ બુદ્ધિશાળીને માટે થયાં, પણ અજ્ઞજનોને તમારો કવિત્વરૂપ પ્રસાદ મળી શકે તેવું ન

માટે હું તને બીજાં ત્રણ વર્ષનું આયુષ્ય આપું છું. તેટલા વખતમાં જે કવિત્વશક્તિ પ્રકટે, તે મારી પ્રેરિત શક્તિ છે, એમ સમજી મારા નામનો તેમાં ઉલ્લેખ કરજે."

આજ્ઞા પ્રમાણે જ્ઞાનદેવ આળંદી પાછા આવ્યા. ત્યાં રહી, આળંદીના સર્વ લોકોને ઉપદેશ કરી પોતાનાં કર્યાં. તેમની કીર્તિ ઘણી પ્રસરી. તે વખતે તાપી નદીના કિનારાપર ચાંગદેવ નામે એક મહાસિદ્ધ મહાત્મા રહેતો હતો, તેના આશ્રમ આગળ આ કીર્તિરૂપ ગંગાપ્રવાહ પહોંચ્યો. ચાંગદેવનું મન ચારેનાં દર્શન માટે ઘણું આર્દ્ર થયું.

આ ચાંગદેવને માટે એમ કહેવાય છે કે, તેણે યોગસાધનાના બળથી પોતાનું આયુષ્ય ૧૪૦૦ વર્ષ સૂધી વધાર્યું હતું. વેદ, શાસ્ત્ર, પુરાણ, રસાયન, આયુર્વેદ, જારણ, મારણ વગેરે વિદ્યા, સહુ તેના મઠમાં હંમેશ પડ્યાં પાથર્યાં રહેતાં હતાં. ચાંગદેવ સમાધિ ક્ષણમાત્રમાં લગાડી શકતા, જોતજોતામાં પક્ષીની માફક ઉડી જતા, ઝાડપર ટાંગેલા દેખાતા, પાણીમાં જલસ્તંભ કરી બેસતા, ભયંકર ડુંગર ઉપરથી કુદી શકતા–વગેરે અનેક સિદ્ધિઓ સાધી શકતા. વ્યાકરણ, મીમાંસા, ન્યાય વગેરે વિદ્યા એના ઘરની પાળેલી ગાયો જેવી જ થઇ રહી હતી. શરીર કાંતિ જાણે તેજનો પુંજ જ હોય તેવી હતી; તેનાં ૧૪ નામ હતાં.

ચાંગદેવને આ ચાર મૂર્ત્તિનાં દર્શનની ઉત્કંઠા થઇ. તેમણે આળંદી આવવા વિચાર કર્યો, પણ કેટલાક શિષ્યોએ સૂચના કરી કે આપ પૃથ્વીના રાજા જેવા છો, એટલે આપ તેમને જ અહીં બોલાવો; વળી સાંભળેલી વાત ખરી છે કે નહીં, તેનો પણ તપાસ કરો. પછી તેમણે પોતાના બે શિષ્યો સાથે એક પત્ર પૈઠણના બ્રાહ્મણપર મોકલ્યો. તેનો ઉત્તર આવ્યો કે, 'પરમ સત્ય વાત સર્વ તદ્વત્ છે. ચારે મૂર્ત્તિ બાળ છે, છતાં ઈશ્વરી અંશ જ છે. પરમ કૃપાળુ શ્રી પંઢરીનાથની પરમ વિભૂતિ જ છે.' આ પત્ર આવ્યા બાદ વળી શિષ્યોએ આશંકા કરી અને સૂચના કરી સમજાવ્યા કે 'એક પત્ર લઇ ચાર શિષ્યને તેમની પરીક્ષા લેવા પુનઃ મોકલો.' ચાંગદેવે પત્ર લખવા આરંભ કર્યો, પરંતુ નાની વયના છતાં પણ જે ઇશ્વર અંશ તેને શી રીતે સંબોધીને લખવું, તે વિષે મતભેદ પડવાથી ફક્ત કોરો પત્ર આપીને જ ચાર શિષ્યને મોકલ્યા; શિષ્યને સૂચના કરી કે, ફક્ત પત્ર આપવોઃ પણ કયાંથી આવ્યા, કે કોણે પત્ર આપ્યો છે, વગેરે કંઇ જ કહેવું નહીં.

શિષ્યો કેટલેક દિવસે આળંદી પહોંચ્યા. ગામમાં ફરતાં એક ઠેકાણે જ્ઞાનદેવ વગેરે ચારે મહાત્મા લોકને સુબોધ આપતા દૃષ્ટિએ પડ્યા. કેટલાક લોક દર્શન કરી જાય છે, કેટલાક બેઠા છે, તેવામાં ચાંગદેવના શિષ્યોમાંના એક શિષ્યે મોટે સ્વરે પૂછ્યું કે; "નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર ક્યાં રહે છે?" ત્યાં એક ૧૨ વર્ષની છોકરી ઉભી હતી તેણે કહ્યું; "બાબા! આવી અવિનયની રીત તમને કોણે શીખવી! કેવળ પરબ્રહ્મમૂર્ત્તિ–તેનું નામ આમ ઉદ્ધતપણે પૂછવું, એ આપ જેવા મોટાને યોગ્ય નથી. જુઓ તે સર્વત્ર છે, સર્વવ્યાપક છે. તેનું વળી સ્થાન કયું દેખાડવું!" આ પ્રમાણેનું ભાષણ સાંભળી શિષ્યે હાથ જોડ્યા અને કહ્યું; "અમારી ભૂલ થઇ, ક્ષમા કરો અને તે મહા પુરુષનું દર્શન કયાં થશે તે કહો." તે છોકરીએ અણસારાથી જ્ઞાનેશ્વર વગેરે બેઠા હતા તે જગ્યા દેખાડી. ત્યાં જઇ તે ચારે શિષ્યો હજુ તો તે મહાત્માને પગે પડે છે, તેટલામાં જ શ્રી જ્ઞાનેશ્વરે પૂછ્યું; "મહારાજ ચાંગદેવ કુશળ તો ખરા?" તે સાંભળતાં જ શિષ્યોને ઘણો વિસ્મય થયો અને તેમણે આણેલો પત્ર આપ્યો. જ્ઞાનેશ્વરે તે પત્ર ઉકેલ્યો અને કોરો જોઇ બોલ્યા, "અરેરે! ફળ વગરનું આમ્રવૃક્ષ, પાણી વગરનું સરોવર, સંતાન વગરની કાંતા, સામર્થ્ય વગરનો પુરુષ, સૌભાગ્ય વગરના અલંકાર, વૈરાગ્ય વગરનો સંન્યાસ, ઔદાર્ય વગરનું ઘણું દ્રવ્ય, પર્જન્ય સિવાયનું અભ્રપટલ, આ સર્વ જેમ વ્યર્થ રહે છે, તદ્વત્ ચાંગદેવ પણ ૧૦૦૦ વર્ષ જીવી આખરે

કોરો જ!!" પછી શિષ્યોએ ચાંગદેવની તેમનાં દર્શન માટેની ઉત્કંઠા પ્રદર્શિત કરી અને તે વિષે ઉત્તરની વિનતિ કીધી. તેના ઉત્તરમાં જ્ઞાનેશ્વરે ચાંગદેવને લખ્યું કે, "ચાંગદેવ, ચૈતન્ય સર્વ ઠેકાણે સમાન છે. વડીલ કે કનિષ્ઠ નથી; કુટુંબ વત્સલ નથી, એકલું નથી, આકાશપર અભ્ર આવતાં ક્ષણભર જૂદા જૂદા રંગ દેખાય છે, પરંતુ મૂળ આકાશને તેનો વિકાર થતો નથી, તેમ જ સ્થૂલ દેખાતું હો કે સૂક્ષ્મ દેખાતું હો, પણ સચ્ચિદાનંદ સ્વરૂપ જેવડું છે તેવડું જ છે. અવિદ્યાની ભ્રાંતિથી મોટા નાના આપને જણાય છે; વિચાર દૃષ્ટિએ જોતાં એમ બોલવું વ્યર્થ છે; અક્ષર પરબ્રહ્મ વેદને સુદ્ધાં અગોચર છે. હવે આપને વધારે શું લખવું; જે તમારા હૃદયમાં છે તે જ અહીં છે; વિશેષ કંઇ નથી."

શિષ્યો પત્ર લઇ ચાંગદેવ પાસે પાછા આવ્યા અને સવિસ્તર હકીકત જણાવી પત્ર આપ્યો. ચાંગદેવને પત્ર વાંચતાં જ પોતાનાં ૧૪૦૦ વર્ષ વ્યર્થ ગયાં એમ લાગ્યું અને હવે આ બાળ મૂર્ત્તિ ઈશ્વરાંશનાં દર્શનવડે તેણે પોતાના દેહનું સાર્થક્ય કરવાનો નિશ્ચય કર્યો.

ચાંગદેવ સર્વ શિષ્ય વગેરે આડંબર સહિત આળંદી આવવા નિકળ્યા. હાથી, ઘોડા, નોબત, નિશાન, ડંકા વગેરે આગળ ચાલે છે; પછી ડેરા તથા કનાતો લાધેલા ઉંટ આવે છે; અનેક વાદ્યો આગળ વાગે છે, ૧૪૦૦ શિષ્ય, કોઇ ઘોડાપર, કોઇ હાથીપર, કોઇ સાબરપર, કોઇએ અંગે ભસ્મ લગાડી છે, કોઇએ ગોપીચંદનનું લેપન કર્યું છે, કોઇ કાષાયાંબરધારી છે, તો કોઇ મૃગચર્મ કે કોઇ વ્યાઘ્રચર્મધારી છે. કોઇ દંડધારી તો કોઇ જટાધારી, કોઈ જીર્ણકંથાધારી તો કોઇ દિગ્યાંબરધારી છે. કોઇ ઝાંઝ, કોઇ મૃદંગ, તો કોઇ તાળ હાથમાં લઇ ચાલે છે અને ચાંગદેવ પોતે વાઘપર બેસી હાથમાં સર્પનો ચાબુક લઇ ચાલ્યા આવે છે.

મુકામ કરતાં કરતાં આળંદી નજીક આવ્યા. જ્ઞાનદેવ વગેરે ચારે મહાત્મા તે વખતે ભીંતપર બેઠા હતા. ત્યાં કેટલાક બ્રાહ્મણોએ આવી વર્તમાન કહ્યા. નિવૃત્તિનાથે જ્ઞાનેશ્વરને કહ્યું, 'ચાલો આપણે સામા જઇએ.' તે ઉપરથી જ્ઞાનેશ્વરે ભીંતને કહ્યું, 'ચાલ બાઇ.' તુરત જ તે નિર્જીવ ભીંત હાથણીની માફક ચાલવા લાગી. સામેથી ચાંગદેવ આવે છે, તેને તેના શિષ્યોએ કહ્યું, 'જુઓ મહારાજ! આ બાળ સૂર્ય જેવા તેજસ્વી સિદ્ધવર્ય નિર્જીવ ભીંતપર બેસી આવે છે!' ચાંગદેવ તુરત જ વાઘ ઉપરથી કુદકો મારી જ્ઞાનેશ્વરાદિ બાંધવને પગે પડ્યા. તે મહાત્માઓએ પણ ચાંગદેવને પ્રેમાલિંગન કીધું. આલિંગન દેતાં જ વિશ્વએકાત્મ્યતા ચાંગદેવના હૃદયમાં પ્રગટ થઇ, સંચિત ક્રિયમાણની હોળી ગઈ ને સર્વ નાના મોટા સરખા જણાવા લાગ્યા. પછી ચાંગદેવના શિષ્યોને પણ પ્રેમાલિંગન કર્યું; તે યોગે તેઓ પણ કૃતાર્થ થયા.

થોડા દિવસ ચાંગદેવે ત્યાં રહ્યા પછી પોતાની વિદ્યાનો ચમત્કાર દેખાડ્યો. નાના પ્રકારનાં અન્ન એકાએક નિર્માણ કર્યાં; સ્વતઃ આકાશમાં પક્ષી માફક ગમન કીધું; પુષ્કળ દ્રવ્યનો ઢગલો પોતાની આગળ ઉભો કીધો. તેમની આ યોગિક શક્તિનું અવલોકન કરી જ્ઞાનેશ્વરે કહ્યું, "ચાંગદેવ! ધન્ય છે તમારી વિદ્યાને અને સિદ્ધાઇને!" ચાંગદેવે જવાબ દીધો, "એ તો વિદ્યાના ખેલ જ! મહારાજ, જેથી જન્મ મરણનો હિસાબ ચૂકવાય છે, તેવી મહાન્ વિદ્યા તો આપના પાસે જ છે, તેથી ખરો ધન્યવાદ તો આપશ્રીના ચરણને જ ઘટે છે."

એક દિવસ મુક્તાબાઈ સ્નાન કરતાં હતાં, ત્યાં ચાંગદેવ અકસ્માત્ આવી પહોંચ્યા અને મુક્તાબાઇને સ્નાન કરતાં જોઈ પાછા ફર્યા. મુક્તાબાઇએ તે જોઈ ચાંગદેવને બોલાવ્યા. ચાંગદેવે ભીંતને ઓથે ઉભા રહી હુંકારો દીધો. તે જોઈ મુક્તાબાઈ બોલ્યાં; "૧૪૦૦ વર્ષ જીવ્યા, પણ

હજુ તારો સંશય શું ગયો નહીં? તારી દૃષ્ટિમાં હજી શું વિષમતા રહી? સ્ત્રી અને પુરુષ એ વિષમ દુરાગ્રહ તને હજી છોડતો નથી!" આટલા શબ્દ સાંભળતાં જ ચાંગદેવ દોડતા આવી મુક્તાબાઇને પગે પડ્યા અને પછી જ્ઞાનેશ્વર મહારાજનો ઉપદેશ લીધો.

ત્યાર બાદ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ શ્રી પંઢરપૂર ગયા. શ્રી વિઠ્ઠલનાથના અનન્યભક્ત નામદેવ નામે હતા, તેના સુખદ સમાગમમાં શ્રીજ્ઞાનેશ્વરે સર્વ તીર્થયાત્રા કરવાનો વિચાર કીધો અને તે ઉદ્દેશથી નામદેવને ઘેર ગયા. બેઉ મોટા પ્રેમથી એકમેકને મળ્યા. નામદેવે યોગ્ય આદરસત્કાર કીધો; પછી જ્ઞાનેશ્વરે પોતાની ઇચ્છા પ્રદર્શિત કીધી. નામદેવે કહ્યું, "પંઢરપૂર છોડી બીજા તીર્થમાં શું છે! કસ્તુરી છોડી રાખોડીનું પડીકું બાંધવું વ્યર્થ છે. હવે આપને એક વાત કહું છું; આ દેહ જેનો છે, આ નામો જેનાં કિંકર છે, જેની આજ્ઞામાં રહેનાર આ સર્વ છે, જેના સિવાય બીજો આશરો નથી, જે ભક્તને અર્થે કલ્પદ્રુમ છે, જે રુક્મણીવર મહાપ્રભુ છે, તે જો આપની સાથે આવવા આજ્ઞા આપશે તો આવીશ." જ્ઞાનેશ્વરને આ એવી કનિષ્ઠાનું ભાષણ સાંભળીને મોટો આનંદ થયો. પછી ઉભય શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં આવ્યા અને શ્રી પંઢરીનાથની સ્તુતિ કીધી; શ્રીપાંડુરંગે હાસ્ય વદન કરી શ્રી જ્ઞાનેશ્વરને કહ્યું, "તું જીવનમુક્ત તથા ચિદ્રૂપ છે. તને તીર્થાટન શું કરવા જોઇએ? સૂર્યને ઉટણું, ચંદ્રને શીતોપચાર, કુબેરને દ્રવ્ય, તેમ ત્હારે માટે તીર્થયાત્રા! તારા ચરણમાં સર્વ તીર્થ છતાં તારો તીર્થાટન કરવાનો ઉદ્દેશ છે તે વ્યર્થ છે." જ્ઞાનેશ્વરે કહ્યું, "નામદેવ જેવા ભક્તરત્નોનો સહવાસ મળે એ મુખ્ય હેતુ છે, માટે આપે આજ્ઞા આપવી." પછી શ્રી પંઢરીનાથે આજ્ઞા આપી અને કહ્યું, "નામદેવ મારું નાનું બાળ છે, તેને સંભાળી પાછો લાવજે!"

બેઉ તીર્થાટને નિકળ્યા; ગામથી થોડે દૂર જતાં જ નામદેવને શ્રી પંઢરીનાથ સાંભરી આવવાથી મૂર્ચ્છા આવી; પછી જ્ઞાનેશ્વર મહારાજે તેનું સમાધાન કર્યું અને ઉપદેશ કર્યો કે, "ભગવાન્ તારા હૃદયમાં હોવા છતાં વ્યર્થ શોક શા માટે કરે છે; મૃગની નાભિમાં કસ્તુરી હોવા છતાં તે સુવાસની શોધમાં જેમ જંગલે જંગલ દોડ્યા કરે છે તેમ તું કરે છે." નામદેવ તે ભાષણ સાંભળી શુદ્ધિમાં આવ્યો અને તે સ્વરૂપ દેખાડવા શ્રી જ્ઞાનેશ્વરને વિનતિ કરી. તેની એકનિષ્ઠા જોઇ જ્ઞાનેશ્વરે તેનો મોહ દૂર કીધો. પછી જ્ઞાનેશ્વરે તેને ભક્તિમાર્ગવિષે કહેવા વિનતિ કરતાં નામદેવ બોલ્યા; "મહારાજ! એ આપનું પૂછવું કેવું! કૃષ્ણની તળે કલ્પતરુ ભિક્ષા માંગવા જાય, એવું આપનું આ પૂછવું છે." જ્ઞાનેશ્વરે કહ્યું; "નામદેવ! તારા ભક્તિ અને જ્ઞાનરૂપ સિંહ આગળથી સંસારરૂપ ભયંકર હાથી આગળ આગળ નાસે છે; એવી તારી યોગ્યતા છે, તેથી મૌન છોડી દે."

નામદેવે હાથ જોડી કવિતારૂપે જે પ્રમાણે કહ્યું, તેનું 'ભક્તિવિજય' નામના ગ્રંથમાં વિવેચન છે. તેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ-" અંગમાં વૈરાગ્ય બળ જોઇએ, સર્વ ભૂતપર અઢળક દયા જોઇએ, હું તુંપણાની ભેદ બુદ્ધિ રાખવી નહીં, પ્રપંચમાં આસક્ત નહિ થવાય એવી સ્થિતિ થાય તેને શુદ્ધ ભજન કહેવું; તે ન હોય તો સાધન વ્યર્થ છે; બહારથી નમન કરે અને અંદરથી દોષ ગુણને સંભારે તે પકવાન્ન સાથ માખી જમવા જેવું છે; ઉત્તમ મધ્યમ ન સાંભરે તો અખંડ નમન છે; અંતરમાં સ્વાનંદનું જીવન હોય, તેને ભક્તિમાં ખંડન નથી."

તે સિવાય નામદેવના તીર્થાવળિ પ્રકરણમાં કવિત્ત છે, તેનો ટુંક સાર આ પ્રમાણે છે;- "નમ્રતા તે કે જેમાં ગુણદોષ ન દેખાય ને મનન થાય છે; અંતરમાં આનંદ પ્રકાશ જોઇએ, વિશ્વમાં મારા વિઠોબાને જૂએ તેનું નામ નિર્વિકાર ધ્યાન છે. જેમ વ્યભિચારિણીનું મન પરપુરુષમાં આસક્ત હોવાને લીધે કામ ધામમાં લાગતું નથી, તેવો જેનો નિદિધ્યાસ છે, અને જે એકાંતે અનુરાગે ગોવિંદનું ભજન કરે છે, તેના જેવી બીજાને વિશ્રાંતિ નથી; આ જે મારો કાયિક, વાચિક

તથા માનસિક અનુભવ જે મને સર્વથી પ્રિય હતો તે મેં તમને કહ્યો." નામદેવ કહે છે કે, એવા પાંડુરંગની સહાયતાવડે મારાથી આ બોલાયું છે."

નામદેવનું ભાષણ સાંભળી જ્ઞાનેશ્વરને મોટો આનંદ થયો અને કહ્યું, 'ધન્ય છે નામદેવ.'

આ પ્રમાણે ચર્ચાસુખનો લ્હાવો લેતાં લેતાં અનેક તીર્થ કરી, મારવાડ દેશમાંથી જતાં એક વખત નામદેવને ઘણી તૃષા લાગી. તેનું સમાધાન કરવા જ્ઞાનદેવે લઘિમા નામની શક્તિના યોગે ત્યાંના ઉંડા કુવામાં પ્રવેશ કરી જળ આણ્યું. તે ઉપરથી નામદેવ બોલ્યા; 'મહારાજ,-આપના અંગમાં આટલી શક્તિ તેથી ઉદક લાવ્યા; બીજા લોક આ પાતાળમાં ગયેલા કુવાને કાંઠે બેસી શી રીતે તૃષા છીપાવે ? આ કુવામાંથી ઉપર પાણી વહે તો ઘણું સારું;' એમ બોલી નેત્ર વીંચી શ્રી વિઠ્ઠલનું ધ્યાન કીધું કે, તરત જ કુવામાંથી ઝરણ એકદમ વહેવા લાગ્યા અને કુવો ભરાઇ પાણી બહાર વહેવા માંડ્યું. એ ચમત્કાર જોઇ જ્ઞાનેશ્વરે નામદેવની સ્તુતિ કરી. આ કુવાને ત્યાંના લોક 'નામદેવજીનો કુવો' કહે છે અને દર વર્ષે ત્યાં મૃગશીર્ષ માસમાં હજી સૂધી યાત્રા ભરાય છે.

આ પ્રમાણે યાત્રા કરી વિઠ્ઠલનાથજીમાં પાછા આવ્યા; તેમના આગમનની ખબર થતાં નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઇ, ચાંગદેવ વગેરે દર્શને આવ્યાં. થોડા દિવસ ત્યાં નિવાસ કરી સર્વ મંડળી આળંદી પાછી ફરી. સંકેત પ્રમાણે સમાધિકાળ સમીપ આવ્યો જાણી, શ્રી જ્ઞાનેશ્વર અજાનવૃક્ષ સમીપ સિદ્ધેશ્વર લિંગ પાસે આવ્યા અને ગુરુ નિવૃત્તિનાથને સાષ્ટાંગ નમસ્કાર કરી સોપાનદેવ, મુક્તાબાઇ, ચાંગદેવ, વિસોબાખચ્ચર, ગોરાકુંભાર વગેરેને સાષ્ટાંગ નમસ્કાર કીધા અને શાકે ૧૨૧૫ માં કાર્તિક વદી ૧૩ ને દિને સમાધિ લીધી. શાકે ૧૨૧૫ માં મૃગશીર્ષ વદી બારસે સોપાનદેવે સાસવડ ગામમાં સમાધિ લીધી અને ૧૨૧૬ ના જ્યેષ્ઠ વદી તેરસે નિવૃત્તિનાથે શ્રી ત્ર્યંબકેશ્વરમાં સમાધિ લીધી. તેમની યાત્રા પોષ માસમાં ત્યાં ભરાય છે. આ પ્રમાણે બીજી જ તિથિએ યાત્રા ભરવાનું કારણ એમ જણાવે છે કે, શ્રી વિઠ્ઠલનાથની યાત્રા કરનાર 'વાર કરી' લોકની સગવડતા માટે તેમ કરવામાં આવે છે.

મુક્તાબાઇએ, કોઇ કહે છે કે, ૧૨૧૬ ના ચૈત્ર વદી બારસે ખાનદેશમાં એદલાબાદ ગામમાં સમાધિ લીધી. કેટલાકનું કહેવું એમ છે કે, મુક્તાબાઇને બ્રહ્મકાલ સૂધી સમાધિ જ છે અને પંઢરપૂરમાં હાલ તે બાઇ જીવતાં છે. આમ તેમના વિષે લોકમાં મત ભેદ છે.

શ્રી જ્ઞાનેશ્વર મહારાજની સમાધિ માટે કેટલાંક ગામો જૂદે જૂદે વખતે જાગીરમાં થયેલાં છે. શ્રીમંત સિંધિયાએ, હોલકરે અને ગાયકવાડે, આળંદીમાં ત્રણ નગારખાનાં આજ સૂધી ચાલુ રાખ્યાં છે. એવી રીતે તેમના પ્રત્યેનો ભક્તિભાવ શ્રીમંત લોકે દર્શાવ્યો છે અને અન્ય લોક તો તેમનું નામ કીર્તન 'જ્ઞાનબા તુકારામ' કરી કરે છે. "નિવૃત્તિ, જ્ઞાન, સોપાનદેવ, નિવૃત્તિ જ્ઞાન સોપાનદેવ,"નું કીર્તન કરે છે. નિવૃત્તિ જ્ઞાન હોય તો સોપાન (દાદર), દેવ પાસે તરત લઈ જાય છે અને મુક્તિ આપે છે.

જ્ઞાનેશ્વરી

અધ્યાય ૧ લો

મંગલાચરણ

ॐ नमोजी आद्या । वेदप्रतिपाद्या । जय जय स्वसंवेद्या । आत्मरूपा ॥ १ ॥
देवा तूंचि गणेशु । सकळार्थमतिप्रकाशु । म्हणे निवृत्तिदासु । अवधारिजो जी ॥ २ ॥
हें शब्दब्रह्म अशेष । तेचि मूर्ति सुवेष । तेथ वर्णवपु निर्दोष । मिरवत असे ॥ ३ ॥
स्मृति तेची अवयव । देखा आंगीकभाव । तेथ लावण्याची ठेव । अर्थशोभा ॥ ४ ॥

હે ૐઅનાદિ, વેદે પ્રતિપાદન કરેલા, ૐકારરૂપ પરમેશ્વર, તને નમું છું. પોતે પોતાને જાણનાર આત્મસ્વરૂપ તારો જય જયકાર થાઓ.[૧]

નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે;–હે દેવ! સકળ મતિને પ્રકાશ કરનાર ગણેશ તે તું જ છે. હે મહારાજ! હે શ્રોતાઓ (મારી) પ્રાર્થના સાંભળો.[૨] સર્વ વેદ એ જ તારી (ગણેશની) સુંદર મૂર્તિ છે; અને તેમાંની શુદ્ધ દોષરહિત વર્ણરચના જ તારા દેહની ઉત્કૃષ્ટ શોભા છે.[૩] સ્મૃતિ તે શરીરના ચલન-વલન કરનાર અવયવો છે અને અર્થ શોભા જ તારા લાવણ્યનો ભંડાર છે.[૪] અઢાર પુરાણો એ જ તારા રત્ને ખચિત ભૂષણ છે, તેમાં તત્ત્વજ્ઞાન એ રત્ન અને પદપદ્ધતિ એ કુંદન છે.[૫] સર્વોત્તમ પદ-રચના તારું સુંદર રંગીન વસ્ત્ર છે અને તેમાં સાહિત્યરૂપી ચકચકિત જરીના તંતુ છે;[૬] તેમ જ કાવ્ય નાટકો જે વાંચતાં કૌતુક લાગે છે, તેનો જે અર્થધ્વનિ તે રુમઝુમ કરતી સુંદર ઘુઘરીઓ છે.[૭] તત્વજ્ઞાનના નાના પ્રકારના પ્રમેયોનું નિપુણપણે અવલોકન કરતાં તેમાં વિચિત્ર આનંદ-દાતા કૌશલ્ય દેખાય છે, અને તેનું એકએક પદ એટલું યોગ્ય લાગે છે કે જાણે અપ્રતિમ રત્ન જ![૮] તેમાં વ્યાસાદિકનો બુદ્ધિપ્રભાવ એ એક રમ્ય ઉપવસ્ત્ર છે, કે જેનો ફરફરતો પવિત્ર છુટો પલ્લવ ઝક ઝક કરી રહ્યો છે.[૯] ષડ્ દર્શનરૂપી તેના હાથ કહેવાય છે અને તેથી જ તેમાં ભિન્ન ભિન્ન મતરૂપી આયુધો ધારણ કરેલા છે.[૧૦] ન્યાયશાસ્ત્ર એ ફરશી છે; અર્થશાસ્ત્ર એ અંકુશ છે; અને મહારસથી પૂર્ણ વેદાંત મોદકની જગ્યાએ શોભે છે.[૧૧] એક હાથમાં સ્વ-ભાવતઃ ખંડિત દાંત છે તે શારીરિક સૂત્ર ઉપરના વાર્તિક ભાષ્યમાંનો ચાર્વાક અને બૌદ્ધ મતના ખંડનનો ભાગ છે.[૧૨] તેથી સહેજે જ "વાદનો સત્કાર" એ જ વર આપનાર હાથ, અને "ધર્મ પ્રતિષ્ઠા" એ જ અભયસૂચક કર છે.[૧૩] સીધી સૂંઢ તે નિર્મળ વિવેક છે અને ત્યાં મહા-સુખનો કેવળ પરમાનંદ ભરેલો છે.[૧૪] તેમ જ 'ગુરુ શિષ્ય સંવાદ' એ સમતારૂપ શુભ્ર વર્ણનો દાંત છે અને સૂક્ષ્મ જ્ઞાનદૃષ્ટિ તે એ વિઘ્નરાજનાં નેત્ર છે.[૧૫] મને લાગે છે કે મીમાંસા કર્ણ-સ્થાને ઉત્તમ શોભશે, તેના ગંડસ્થળમાંથી નિકળતો મદસ્રાવ એ બોધામૃત છે અને મુનિરૂપ ભ્રમરો તેને સેવે છે.[૧૬] તત્ત્વાર્થ એ સુપ્રભ (સુશોભિત) કાંતિમય મોતી છે અને દ્વૈતાદ્વૈત એ બે ગંડસ્થળ છે, તે ગજ મસ્તકપર એકત્ર થયા છે.[૧૭] જ્ઞાનમકરંદથી ભરેલા ઉપનિષદરૂપી સુવા-સિક પુષ્પ મુકુટપર ઘણા શોભી રહ્યા છે;[૧૮] એ ચરણ અકાર છે; વિશાળ ઉદર ઉકાર છે અને મકાર એ મસ્તકાકાર મહામંડળ છે.[૧૯] એ ત્રણ એકત્ર થયા, એટલે શબ્દ બ્રહ્મ થયો. તે ૐકારરૂપ આદિ બીજને શ્રીગુરુકૃપાથી હું અભિવંદન કરું છું.[૨૦]

હવે ચાતુરીને અર્થે કળા આપનાર, કામિની જેવી સુંદર, વાગ્વિલાસની, અધિષ્ઠાત્રી મહા-દેવી, એવી વિશ્વમોહિની શ્રી શારદાને હું અભિવંદન કરું છું.[૨૧]

આ સંસારપૂરમાંથી તારનાર સદ્ગુરુ મારા હૃદયમાં છે, તેથી વિચાર-વિવેકપર મને અતિ આદર છે.[૨૨] જેમ આંખમાં અંજન આંજતાં જ દૃષ્ટિને ફાંટા ફૂટે છે અને ભૂમિગત દ્રવ્ય સ્પષ્ટ દેખાય છે;[૨૩] અથવા ચિંતામણિ હાથ આવે એટલે જેમ સદા સર્વે મનોવૃત્તિને વિજય મળે છે, તેમ જ્ઞાનદેવ કહે છે, કે હું શ્રી નિવૃત્તિનાથનો શિષ્ય હોવાથી, સદા પૂર્ણકામ છું;[૨૪] તેથી જેમ મૂળીઆંને પાણી પાવાથી શાખા ને પલ્લવ સહેજ જ સંતોષાય છે, તેમ જ ગુરુભજનથી કૃતકૃત્ય થવાશે; એમ સમજી જ્ઞાતાએ ગુરુને ભજવા.[૨૫] અથવા સમુદ્રસ્નાન કરવાથી જેમ ત્રિભુવનમાં સર્વ તીર્થનું શ્રેય મળે છે; અથવા અમૃત રસમાં જેમ સર્વ રસનો અંતર્ભાવ છે,[૨૬] તેમ જ શ્રી ગુરુ ઇચ્છિત મનોરથ પૂર્ણ કરનાર છે, એમ સમજી તેમને હું પુનઃ પુનઃ અભિવંદન કરું છું.[૨૭]

હવે કથા સાંભળો. આ કથા સર્વ કથાનું જન્મસ્થાન છે અથવા વિવેકતરુનો વિશાળ બાગ છે;[૨૮] અથવા સર્વ સુખનું આદિસ્થાન, પ્રમેયનો ભંડાર છે; અથવા નવ રસામૃતનો સિંધુ તેને કહીશું તોપણ શોભશે;[૨૯] અથવા પ્રગટ પરમધામ, સર્વ વિદ્યાનું મૂળ અને સર્વ શાસ્ત્રનો આધાર છે;[૩૦] અથવા સકળ ધર્મનું પીયર, સજ્જનનો જીવ, પ્રાણ અથવા શારદાના લાવણ્યરત્નના ભંડારની ઉપમા પણ તેને શોભશે.[૩૧] સાક્ષાત્ સરસ્વતી વ્યાસની બુદ્ધિમાં સંચાર કરી વિવિધ કથારૂપે ત્રિજગતમાં પ્રગટ થઇ છે,[૩૨] તેથી જ આ કાવ્ય સર્વ કાવ્યનો રાજા છે, સર્વ ગ્રંથમાં શ્રેષ્ઠ ગ્રંથ છે અને પ્રત્યેક રસને આપનાર છે.[૩૩] તેમ જ વળી એક વાત સાંભળો, ઉત્તમ શાસ્ત્રની શબ્દશોભા અને સદુપદેશની કોમળતા અહીંથી જ વિસ્તાર પામી છે.[૩૪] અહીંથી જ ચાતુર્ય ને ડહાપણ આવ્યું, પ્રમેય રુચિકર થયો અને સુખના સૌભાગ્યને વૃદ્ધિ પ્રાપ્ત થઇ.[૩૫] એમાં માધુર્યની મધુરતા, શૃંગારની શોભા અને યોગ્યતા ભરેલાં દેખાય છે.[૩૬] કળા ને કૌશલ્ય અહીં જ મળ્યું છે અને એનો પુણ્ય પ્રતાપ અપૂર્વ છે, તેથી જ જનમેજયના દોષ સહજ હર્યા.[૩૭] જેમ-જેમ વધારે જોઈએ, તેમ તેમ પ્રત્યેક રંગની કળા વધુ ચઢતી દેખાય છે અને સગુણપણાનું સામર્થ્ય ઘણું દેખાય છે.[૩૮] ભાનુતેજથી જેમ વિશ્વ પ્રકાશમાન દેખાય છે, તેમ વ્યાસની બુદ્ધિ વિશ્વમાં વ્યાપી સર્વ સ્થળમાં પ્રકાશ આપી શોભા આપે છે.[૩૯] અથવા જેમ સુક્ષેત્રમાં વાવેલું બીજ આપોઆપ વિસ્તાર પામે છે તેમ ભારતમાં તત્વાર્થ વ્યાપ્યું છે.[૪૦] નગરમાં રહેવાથી જેમ ચતુરાઇ આવે છે, તેમ વ્યાસની વાણીના તેજથી ત્રૈલોક્યમાં સકળ પદાર્થને પ્રકાશ થયો છે.[૪૧] તારુણ્યથી સ્ત્રીના અંગો અંગમાં લાવણ્યતા વિશેષ દૃષ્ટિએ પડે છે;[૪૨] અથવા વસંતઋતુ આવતાં ઉદ્યાનમાં વનશોભાની ખાણ ઉઘડે છે.[૪૩] સુવર્ણની લગડી સાધારણ લાગે છે પણ તેના અલંકાર ઘડ્યા કે જૂદી જ શોભા જોવામાં આવે છે.[૪૪] તે પ્રમાણે આ કથા વ્યાસની વાણીથી અલંકૃત થવાથી તેમાં જેવું જોઇએ તેવું સૌંદર્ય આવ્યું છે, એમ જાણીને જ ઇતિહાસે તેનો આશ્રય લીધો છે.[૪૫] અથવા, પોતાની પ્રતિષ્ઠા વધારવા પુરાણ લઘુરૂપ લઇ ભારતમાં આખ્યાનરૂપે પ્રગટ થયા છે.[૪૬] તેથી જ મહાભારતમાં નથી તે ત્રૈલોકયમાં પણ નથી જ. આ સર્વ જગત્ત્રય, વ્યાસોચ્છિષ્ટ કહેવાય છે, તેનું એજ કારણ છે.[૪૭] એવી જે જગતમાંની સુરસ અને પરમાર્થની ઉત્પત્તિના સ્થાનરૂપ કથા વૈશંપાયન ઋષિએ જનમેજય રાજાને કહી સંભળાવી.[૪૮] તે કથા ઉત્તમ, અદ્વિતીય, પવિત્ર, નિરુપમ, પરમ મંગળધામ છે માટે શ્રવણ કરો.[૪૯]

હવે ભારત એક કમળ છે તેમાં શ્રી કૃષ્ણે અર્જુનને પ્રતિપાદન કરેલો ગીતાપ્રસંગ એ મકરંદ છે.[૫૦] અથવા વ્યાસ બુદ્ધિથી વેદરૂપી સમુદ્રનું મંથન કરી કાઢેલું આ નવનીત છે.[૫૧] પછી જ્ઞાનરૂપ અગ્નિની વિચારરૂપી મંદ ઝાળપર મૂકી તેને તપાવવાથી સ્વાદ વધ્યો છે;[૫૨] વિરક્ત તેની

અપેક્ષા કરે છે, સંત તેનો સદા અનુભવ લે છે, સોઽહંભાવમાં પારંગત થયેલા તેમાં રમણ કરે છે.[૫૩] ભક્ત તેથી કુદકા મારી નાચે છે–ત્રણલોકમાં પૂજ્ય એવો આ જે ગીતારૂપી સંવાદ, તે ભીષ્મ પર્વમાં કહ્યો છે.[૫૪] એ સંવાદને ભગવદ્‌ગીતા કહે છે, જેની બ્રહ્મા અને શંકર સ્તુતિ કરે છે અને જેની સનકાદિક મુનિ અતિ આદરથી સેવા કરે છે, એવી તેની યોગ્યતા છે.[૫૫] જેમ શરદ્‌ઋતુના ચંદ્રનાં કિરણમાં અંતર્ગત રહેલા અમૃતના કોમળ રજકણોનું સેવન જમીન પર રહેનારા ચકોરપક્ષીનાં બચ્ચાં, મનના ઉલ્હાસથી કરે છે,[૫૬] તે પ્રમાણે શ્રોતાએ મનમાં અતિ પ્રેમ લાવી આ કથાનો રસાસ્વાદ ગ્રહણ કરવો.[૫૭] આ ગીતાનો ઉચ્ચાર કર્યા સિવાય વિચાર કરવો, ઇંદ્રિયોને ન સમજાય એમ એનો અનુભવ લેવો અને બોલતાં પહેલાં જ એનું રહસ્ય સમજી લેવું.[૫૮] જેમ ભ્રમર કમળમાંનું મધ, કમળની પાંખડીને ન સમજાય એમ લે છે, તે પ્રકારે આ ગ્રંથ સેવન કરવાનો છે.[૫૯] ચંદ્રોદય થતાં જ પોતાની જગ્યા ન છોડતાં તેને આલિંગન કરવાનું સુખ કમલિનીને જ ખબર હોય છે,[૬૦] તેમ ગંભીરપણે સ્થિર અંતઃકરણે જે આ શાસ્ત્રને માન આપશે, તે ભાગ્યવાન્ પુરુષ જ એની યોગ્યતા સમજશે.[૬૧]

અહો! અર્જુનની પંક્તિમાં બેસી જે સંત આ ગીતામૃત પ્રાશન કરવા યોગ્ય હોય, તેમણે કૃપા કરી અહીં ધ્યાન આપવું.[૬૨] પ્રભુ! આપનું અંતઃકરણ ગંભીર છે, તેથી કેવળ લાડથી આપના ચરણ પાસે આ વિનતિ કરું છું.[૬૩] બાળક બોબડું તોતડું બોલે તોપણ માબાપને સંતોષ ઉપજે એ સ્વભાવધર્મ છે;[૬૪] તેમ જ તમ જેવા સજ્જનોએ મને પોતાનો કહી મારો અંગીકાર કર્યો તો પછી હવે જે સ્વભાવગત દોષ હોય તેને માટે ક્ષમા કરવાની પ્રાર્થનાની જરૂર શી?[૬૫] પરંતુ ગીતાનો અર્થ કરું છું, તે આપને સાંભળવા વિનતિ કરું છું; એ અપરાધ મારો મોટો છે.[૬૬] આ કામ કરવું ઘણું દુર્ઘટ છે, પણ તેનો વિચાર ન કરતાં છતાં ચિત્તમાં વ્યર્થ ધૈર્ય ધર્યું છે. સૂર્યના તેજ આગળ આગિયાની શોભા શી?[૬૭] અથવા ટીટી કરતું પક્ષી, પોતાની ચાંચથી સમુદ્રનું માપ કરવા જાય તેવું જ આ મારું અજ્ઞાનપણાનું વર્તન છે;[૬૮] અથવા એ વિચાર કરો કે, જેમ આકાશને ઢાંકવાને ઇચ્છનારે આકાશથી મોટા થવું જ જોઇએ; અને તેમ નિશ્ચયપણે વિચાર કરી જોતાં આ સર્વ મારું અજ્ઞાનપણાનું કૃત્ય છે.[૬૯] જ્યારે ગીતાર્થની પ્રશંસા શ્રી શંકર કરતા હતા, ત્યારે પાર્વતીજીએ વિસ્મય થઈ પ્રશ્ન કર્યો કે, અહો! આ ગીતાર્થનું માહાત્મ્ય કેટલું મોટું છે?[૭૦] તે સમયે પ્રત્યુત્તરમાં શ્રી શંકરે કહ્યું કે, "હે મહાદેવી જેમ તમારું સ્વરૂપ નિત્ય નવું હોવાથી તેનો પાર કોઇથી પમાતો નથી, તેમ ગીતાતત્ત્વ નિત્ય નવું છે, તેમ તેનું શુદ્ધ સ્વરૂપ ગહન છે, તે સમજો."[૭૧] જેના યોગનિદ્રામાં ઘોરવાથી વેદ ઉત્પન્ન થયા તે પ્રત્યક્ષ સર્વેશ્વરે તે પ્રતિપાદન કરી છે.[૭૨] પણ જ્યાં વેદમતિ ગુંમ થઈ, એવી જે અગાધ અર્થવાળી છે, ત્યાં મારા જેવા અલ્પ મતિવાળાની કથા જ શી?[૭૩] જે અપાર તેનો પાર કેમ લાધે! મહાતેજને તેજ કોણ આપી શકે? મચ્છર ગગનને મુઠીમાં શી રીતે ધરશે?[૭૪] પણ અહીં ભાષણ કરવાને મને એક આધાર છે, તેથી ધૈર્ય છે. તે આધાર તે શ્રી ગુરુની અનુકૂળતા છે, એમ જ્ઞાનદેવ કહે છે.[૭૫] ખરેખર જોવા જશો તો હું મૂર્ખ છું; અવિવેક મારાથી થયો છતાં સંતકૃપારૂપ દીપક પ્રકાશિત છે.[૭૬] જેમ પારસમણિ લોખંડનું સોનું કરે છે, અથવા અમૃત મરેલાને સજીવન કરે છે,[૭૭] અથવા પ્રત્યક્ષ સરસ્વતી પ્રગટ થાય તો મુંગાને વાચા આવે છે; એમાં વસ્તુ એ જ સામર્થ્યશક્તિ હોવાથી એમાં નવલ જેવું શું છે?[૭૮] જેની માતા કામધેનુ છે તેને અપ્રાપ્ય શું છે? તેથી જ આ ગ્રંથ લખવા હું પ્રવૃત્ત થયો છું;[૭૯] તો ન્યૂન હોય તે પૂર્ણ કરજો, અધિક હોય તે છોડી દેજો, એટલી આપને વિનતિ છે.[૮૦] હવે અહીં લક્ષ આપજો. જેમ કળસૂત્રની બાહુલી (પુતળી) દોરીની સહાયતાએ નાચે છે તેમ આપ બોલાવશો તે હું બોલીશ.[૮૧] તે પ્રમાણે સાધુનો અનુગ્રહ હોઈ તેમનો આજ્ઞાધારક છું. સાધુ પોતાના શરણાગતને ગમે તેમ વિભૂષિત કરે છે.[૮૨] ત્યારે શ્રી ગુરુએ કહ્યું, "રાખ, એટલું બોલવાની કંઇ જરૂર નથી; હવે જલદી ગ્રંથ રચવામાં ચિત્ત દે."[૮૩] એ સાંભળી નિવૃત્તિ(ના) દાસને જ્ઞાનદેવને ઘણો ઉલ્હાસ આવ્યો અને બોલ્યા; હવે સ્વસ્થપણે શ્રવણ કરો.[૮૪]

જ્ઞાનેશ્વરીનો પ્રથમ અધ્યાય

અર્જુનવિષાદયોગ

धृतराष्ट्र उवाच–धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥ १ ॥

[ધૃતરાષ્ટ્રે કહ્યું કેઃ–સંજય, ધર્મનું સ્થાન જે કુરુક્ષેત્ર, ત્યાં યુદ્ધની ઇચ્છાથી એકત્ર મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું?] ૧

પુત્રસ્નેહથી મોહિત થઇ ધૃતરાષ્ટ્ર સંજયને કુરુક્ષેત્રનું વર્તમાન પૂછે છે, 'હે સંજ ક્ષેત્રનો વૃત્તાંત શો છે, તે મને કહે.[૯૫] જે કુરુક્ષેત્રને ધર્માલય કહે છે, ત્યાં પાંડવ અ પુત્ર યુદ્ધ નિમિત્તે ગયા છે.[૯૬] તે આ વખતે પરસ્પર શું કરે છે, તે મને જલદી કહે.'[૯૭]

संजय उवाच–दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥ २ ॥
पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३ ॥

[સંજય બોલ્યો કેઃ–પાંડવ સૈન્યની વ્યૂહ રચનાને જોઇને દુર્યોધન રાજા દ્રોણાચા જઇને તેમને કહેવા લાગ્યો કે, "અહો ગુરુ મહારાજ, આપનો બુદ્ધિમાન્ શિષ્ય જે દ્રુપદ ધૃષ્ટદ્યુમ્ન, તેણે આ પાંડવોની પ્રચંડ સેનાની કરેલી વ્યૂહ રચનાનું આપ અવલોકન કરો."] :

સંજય કહે છેઃ–મહાપ્રલયની વખતે જેમ કાળનું મુખ પ્રસરે, તેમ પાંડવનું સૈન્ય ખ રહ્યું છે,[૯૮] મેઘસમુદાય પ્રમાણે ખીચોખીચ ચાલતું એ સૈન્ય જાણે સમુદ્ર મથન વખતે સૂધી ઉછળેલું કાળકૂટ વિષ જ છે, તેનું શમન કરનાર કોણ?[૯૯] અથવા જેમ પ્રલય વાયુથી ભડકેલો વડવાનલ અગ્નિ સમુદ્રનું શોષન કરી ગગને પહોંચે છે,[૯૦] તેમ જૂદી વ્યૂહરચનાથી ગોઠવાયલું તે પરમ દુઃસહ સૈન્ય તે વખતે ઘણું ભયંકર જણાયું.[૯૧] પણ સિં ગજસમુદાયને તુચ્છ ગણે છે, તેમ દુર્યોધને તે સેનાને તુચ્છ માની,[૯૨] પછી તે દ્રોણાચાર્ય આવી બોલ્યોઃ–"આ જુઓ પાંડવનું સૈન્ય કેવું યોગ્ય પ્રકારે ગોઠવેલું છે?[૯૩] દ્રુપદના બુ પુત્ર ધૃષ્ટદ્યુમ્ને તેની રચના કેવી કરી છે કે જાણે ચાલતો ડુંગરી કિલ્લો જ હોય તેવું જણાય જુઓ, જે શિષ્યને તમે વિદ્યા શિખવી શાણો કીધો છે, તેણે જ આ સૈન્યસિંધુ સજ્જ કીધો

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥ ४ ॥

[આ સ્થાનમાં મોટાં ધનુષ્યોને ધારણ કરનારા અને યુદ્ધમાં ભીમ તથા અર્જુન જેવ ક્રમી યુયુધાન, વિરાટ અને દ્રુપદ એ મહારથીઓ છે.] ૪

અને તેમાં શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં પ્રવીણ અને ક્ષાત્રધર્મમાં નિપુણ એવા અનેક વીર ભીમ અને અર્જુન જેવા બળમાં પ્રૌઢ યોધાઓ વિષે વિશેષ પ્રસંગાનુસાર કહીશ.[૯૭] અહ શ્રેષ્ઠ યુયુધાન, વિરાટ અને મહારથી દ્રુપદ એવા એકઠા થયા છે.[૯૮]



धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥ ५ ॥
युधामन्युश्च विक्रांत उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६ ॥

[ધૃષ્ટકેતુ, ચેકિતાન, પરાક્રમી કાશીરાજ, પુરુજિત્, કુંતિભોજ અને નરશ્રેષ્ઠ શૈબ્ય, ૫ શૂર વીર યુધામન્યુ, પરાક્રમી ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પુત્રો, એ સર્વ મહારથીઓ છે.] ૬

તેમજ ચેકિતાન, ધૃષ્ટકેતુ, પરાક્રમી કાશિ રાજા, નૃપનાથ ઉત્તમૌજા અને શૈબ્યને જુઓ;[૯૯] અહીં કુંતિભોજને જુઓ; વળી યુધામન્યુ આવ્યો છે અને પુરુજિત્ વગેરે સર્વ રાજાઓ છે તેને પણ જુઓ.[૧૦૦] વળી દુર્યોધને કહ્યું, આ સુભદ્રાના હૃદયને આનંદ આપનાર જાણે જે નવો અર્જુન હોય, એવા અભિમન્યુને જુઓ;[૧] વળી દ્રૌપદીના પુત્ર સર્વ મહારથી વીર છે અને બીજા અગણિત યોધા એકત્ર થયા છે.[૨]

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७ ॥
भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८ ॥

[અહો દ્વિજશ્રેષ્ઠ! હવે આપણા સૈન્યમાંના જે મુખ્ય મુખ્ય સેનાપતિઓ છે, તેમનાં નામોનો તે આપની જાણ માટે ઉચ્ચાર કરું છું, તે સાંભળો. ૭ આપ પોતે, ભીષ્માચાર્ય, કર્ણ, સદાવિજયી કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ અને તેજ પ્રમાણે સૌમદત્તિ (ભૂરિશ્રવા,)] ૮

હવે અમારા સૈન્યમાં મુખ્ય મુખ્ય નાયક કોણ છે, તે પ્રસંગાનુસાર કહું છું તે સાંભળો.[૩] પ્રથમ તમે અને બીજા જે વીરો છે, તેમાં જે દિગ્દર્શન કરવા જેવા છે તેનાં નામ સાંભળો.[૪] ગંગાને આનંદ આપનાર અને પ્રતાપી, શૌર્ય ને બળમાં ભાનુ જેવા તેજસ્વી ભીષ્મ અને રિપુ પાંડવરૂપ ગજને, સિંહ સમાન છે એવો આ કર્ણ છે.[૫] એક એક પોતાના મનોવ્યાપારથી જગતનો નાશ કરે એવા છે. વધું શું કહું? એકલા કૃપાચાર્યજ એમને પૂરા પડનાર નથી કે?[૬] જુઓ અહીં વીર વિકર્ણ છે, ત્યાં અશ્વત્થામા છે, જેનાથી યમ સુદ્ધાં રાત દિવસ બીહે છે.[૭]

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

[બીજા પણ અનેક વીરો મારા લાભ માટે પોતાના જીવપર ઉદાર થયેલા છે. તે સર્વ નાના પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા અને યુદ્ધવિદ્યામાં સર્વ પ્રકારે કુશળ છે.] ૯

સમરવિજય સૌમદત્તિ વગેરે, ગણાય નહી એટલા યોધાઓ છે.[૮] શસ્ત્રવિદ્યામાં પ્રવીણ, મંત્રોના અવતારની મૂર્તિરૂપ અને અસ્ત્રવિદ્યા જેમણે પ્રસિદ્ધિમાં આણી છે એવા આ વીરો છે.[૯] જગતમાં જેનો કોઇ પ્રતિસ્પર્ધી નથી એવા આ સર્વ મારે માટે પ્રાણ આપવા તૈયાર થયા છે.[૧૦] જેમ પતિવ્રતાનું હૃદય પતિ સિવાય બીજાને સ્પર્શ કરતું નથી, તેમ આ સર્વ સુભટો મને જ પોતાનું

સર્વસ્વ માને છે.[૧૧] મારા કાર્ય આગળ તેઓ પોતાનું જીવિત્વ યત્કિંચિત્ માને છે, એવા તેઓ શુદ્ધ સ્વામિભક્તો છે.[૧૨] તેઓ યુદ્ધચાતુર્ય જાણનાર અને બળ તથા કળથી કીર્તિ સંપાદન કરનાર છે. તેમનાં વધારે વખાણ કેટલાં કરું? સાથે ક્ષાત્રધર્મ જેમની પાસેથી શિખાય, એવા એ ક્ષત્રિયરત્નો છે,[૧૩] અને સર્વોપરિ પરાક્રમી અમારા સૈન્યમાં અસંખ્ય છે. હું તે કેટલાને ગણી બતાવું?[૧૪]

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १० ॥

["ભીષ્માચાર્યવડે રક્ષાયલું આપણું સૈન્ય અપરિમિત છે અને ભીમવડે રક્ષાયલું પાંડવોનું સૈન્ય અલ્પ છે.] ૧૦

વળી ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ અને જગપ્રસિદ્ધ સુભટ ભીષ્મ પાસે સર્વ સૈન્યનું સેનાપતિપણું છે.[૧૫] તેણે હાથે આવું કિલ્લા પ્રમાણે રચાયલું સૈન્ય, તેની સત્તામાં હોવાથી, ત્રૈલોક્ય પણ એની આગળ તુચ્છ છે.[૧૬] સમુદ્ર જ ભયંકર છે, તેને વડવાનળની સહાય મળે પછી પૂછવું જ શું![૧૭] અથવા પ્રલય અગ્નિને જેમ મહાવાયુની સહાય મળે તેમ અમારા સૈન્યને આ ગંગાસુતનું સેનાધિપતિપણું છે.[૧૮] હવે અમારા સૈન્ય સાથે લડવા યોગ્ય કોણ છે? એની સાથ સરખાવતાં પાંડવનું સૈન્ય ઘણું તુચ્છ જણાય છે.[૧૯] અને વળી તેઓનો સેનાપતિ જડભરત ભીમસેન છે!" એટલું બોલી દુર્યોધન સ્તબ્ધ થઈ રહ્યો.[૨૦]

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षंतु भवंतः सर्व एव हि ॥ ११

[તમને નિયત કરી અપાયલા સ્થાનમાં તમો સર્વેએ પોતપોતાના સ્થાને ઊભા રહીને ભીષ્માચાર્યનું જ સર્વ પ્રકારે સંરક્ષણ કરવું.] ૧૧

પછી સઘળા સેનાપતિઓને પોતપોતાનું સૈન્ય સજ્જ કરવા કહ્યું.[૨૧] પછી જે જે અક્ષૌહિણી વિભાગો હતા, તેણે તેણે કયા કયા મહારથીના તાબામાં યુદ્ધમાં જવું તે નક્કી કર્યું.[૨૨] મહારથીઓએ તે વિભાગ પોતાના તાબામાં રાખી ભીષ્મની આજ્ઞાનુસાર વર્તવું. પછી દ્રોણાચાર્યને કહ્યું કે, "તમારે આ સેનાઓપર લક્ષ રાખવું.[૨૩] સર્વેએ ભીષ્મને અને મને એક સમજી, ભીષ્મનું રક્ષણ કરવું. કારણ આપણા સૈન્યની જિતનો આધાર તેનાપર જ છે.[૨૪]"

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्मौ प्रतापवान् ॥ १२ ॥

[એ પછી દુર્યોધનના મનમાં હર્ષ ઉત્પન્ન કરવા માટે કુરુકુળમાંના વૃદ્ધ અને મહાપ્રતાપી પિતામહ ભીષ્માચાર્યે સિંહ પ્રમાણે ગર્જના કરીને મોટા સ્વરથી શંખનાદ કર્યો.] ૧૨

સેનાપતિ ભીષ્મને, રાજાના આ ભાષણથી આનંદ થયો અને તેણે સિંહનાદ કર્યો.[૨૫] તેની ગર્જના એટલી અદ્‌ભુત થઈ કે બેઉ સૈન્યમાં પ્રતિધ્વનિ ફરી વળી દૂર નિકળી ગયો.[૨૬] તે પ્રતિધ્વનિ થતાં બરોબર, વીરવૃત્તિના આવેશમાં આવી ભીષ્મદેવે, દિવ્ય શંખ વગાડ્યો.[૨૭] તે બે નાદ એકત્ર થતાં ત્રૈલોક્ય (થરથરી) બહેરું થઈ ગયું; જાણે આકાશ જ તૂટી પડ્યું![૨૮] આકાશમાં ગર્જના થઈ રહી, સમુદ્ર ઉછળી રહ્યો, ચરાચર ક્ષોભ પામી કાંપવા લાગ્યો.[૨૯] આ મહાઘોષની ગર્જનાથી પર્વતની ગુફાઓ સુદ્ધાં કંપી રહી, તેટલામાં આખા સૈન્યમાં રણવાદ્ય વાગી રહ્યાં.[૩૦]

तत: शंखाश्च भेर्यश्च पण[illegible]नकगोमुखा: ।

सहसैवाभ्यहन्यंत स शब्दस्तुमुलोऽभवत् ॥ १३ ॥

[ત્યાર પછી બીજા યોધાઓએ શંખ, નોબત, ડંકા, મૃદંગ અને ગોમુખ ઇત્યાદિ નામનાં રણવાદ્યો એકદમ વગાડ્યાં. એથી ત્યાં એક મહા નાદ ઉત્પન્ન થયો.] ૧૩

નાના પ્રકારનાં વાદ્ય વાગી રહ્યાં, તેના ભયંકર ઘોષથી ધૈર્યવાન્ પુરુષોને પણ મહાપ્રલયની ભાવના થઈ.[૩૧] નોબત, ભેરી, નિશાણ, માંદળ (એક પ્રકારનું રણવાદ્ય), શંખ, ઝાંઝ, તતુડી ઇત્યાદિ અનેક રણવાદ્ય વાગી રહ્યાં હતાં. તેમ જ સુભટોની ભયાનક રણગર્જના થઈ રહી હતી.[૩૨] કેટલાક આવેશમાં આવી ભુજાઓ ઠોકવા લાગ્યા, કેટલાક આગળ વધી એકબીજાને બોલાવતા હતા ને મદોન્મત્ત ગાંડા હાથી જેવા થવાથી તેમને અંકુશમાં રાખવા મુશ્કેલ થઈ પડ્યા.[૩૩] ત્યાં બીકણની શું વાત કહેવી? કાચાપોચાને માટે તો કેર વરતી રહ્યો. કાળ પણ બ્હીને મ્હોં સંતાડવા લાગ્યો.[૩૪] કોઇના ઉભાઉભા પ્રાણ ગયા જેવું થયું, કેટલાક હૃષ્ટપુષ્ટની દાંત ખીલી બેસી ગઈ, અને અહંકારીના સુદ્ધાં પાય ધ્રુજવા લાગ્યા.[૩૫] આવો અદ્ભુત વાદ્યધ્વનિ સાંભળી બ્રહ્મા પણ વ્યાકુળ થયા. દેવ કહેવા લાગ્યા કે, પ્રલયકાળ નજીક આવ્યો.[૩૬]

तत: श्वेतैर्हयैर्युक्ते महति स्यंदने स्थितौ ।

माधव: पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतु: ॥ १४ ॥

पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजय: ।

पौंड्रं दध्मौ म[illegible]ाशंखं भीमकर्मा वृकोदर: ॥ १५ ॥

अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिर: ।

नकुल: सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

[ત્યાર પછી સફેદ ઘોડા જોડેલા મોટા રથમાં બેઠેલા કૃષ્ણે અને અર્જુને દિવ્ય શંખ વગાડ્યા. ૧૪ શ્રીકૃષ્ણે પાંચજન્ય નામક, અર્જુને દેવદત્ત નામક અને ભયંકર કર્મ કરનારા ભીમસેને પૌન્ડ્ર નામક શંખનો ધ્વનિ કર્યો; ૧૫ કુંતિપુત્ર ધર્મરાજે અને નકુળ-સહદેવે (અનુક્રમે) અનંતવિજય, સુઘોષ અને મણિપુષ્પક નામના શંખો વગાડ્યા.] ૧૬

આ પ્રમાણે સ્વર્ગ લોકમાં ગડબડ થઈ રહી; હવે પાંડવસૈન્યમાં શું થયું તે સાંભળો.[૩૭] જાણે વિજયનું મહિયર અથવા મહાતેજનો ભંડાર જ હોય એવા રથને ગરુડની બરોબરી કરનાર ચાર ઘોડા જોડેલા હતા.[૩૮] તે રથ એવો શોભતો હતો કે, જાણે મેરુ પર્વતનેજ પાંખ આવી હોય; જેના તેજથી દશે દિશા વ્યાપી રહી હતી.[૩૯] જે રથનો સારથિ વૈકુંઠાધિપતિ શ્રીકૃષ્ણ, તો પછી રથની શોભાનું વર્ણન શું કરવું![૪૦] ધ્વજસ્તંભપર વાનર તે જાણે મૂર્તિમંત શંકરજ! અર્જુનના સારથિ સારંગધર હતા.[૪૧] કેવું પ્રભુનું આશ્ચર્ય! ભક્તપર કેટલો અદ્ભુત પ્રેમ તે જુઓ. તેથી અર્જુનના સારથિ શ્રીકૃષ્ણ થયા હતા.[૪૨] સેવકને પાછળ રાખી પોતે આગળ થઇ, રીતિ પ્રમાણે પાંચજન્ય શંખ વગાડ્યો.[૪૩] તે મહાઘોષ એવો મોટો હતો અને તેની એવી ગંભીર ગર્જના થઇ કે, જેમ સૂર્યોદય થતાં તારા સંતાઇ જાય છે,[૪૪] તેમ કૌરવના સૈન્યમાં જે વાદ્યઘોષ થઇ રહ્યો હતો તેનો કોણ જાણે ક્યાંએ લોપ થઇ ગયો![૪૫] તેમજ અર્જુને, દેવદત્ત નામનો મોટા નાદવાળો ગંભીર શંખ વગાડ્યો.[૪૬] તે બે શંખોનો અદ્ભુત શબ્દ એક થયો, ત્યારે એમ લાગ્યું કે

જાણે બ્રહ્માંડના હજારો ટુકડા થશે કે શું ?[૪૭] જેમ મહાકાળ ખળભળી ઉઠે તેમ ભીમસેને આવેશમાં આવી પૌંડ્ર નામનો શંખ વગાડ્યો.[૪૮] તેનો નાદ પ્રલય કાળના મેઘના ગડગડાટ જેવો થયો; ને તેનો પ્રતિધ્વનિ શાંત થયો નહિ તેટલામાં યુધિષ્ઠિરે અનંતવિજય નામનો શંખ ફુંકયો;[૪૯] તેમજ નકુળે સઘોષ અને સહદેવે મણિપુષ્પક નામના શંખો વગાડ્યા.તેના નાદથી યમ સુદ્ધાં ગભરાયા.[૫૦]

काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७ ॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक्पृथक् ॥ १८ ॥
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥

[હે ધૃતરાષ્ટ્ર! મહા ધનુર્ધારી કાશીરાજા, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અજેય સાત્યકિ, દ્રુપદ, દ્રૌપદીના પુત્રો અને મહાપરાક્રમી અભિમન્યુ, એ સર્વેએ પોતપોતાના શંખો વગાડ્યા.૧૭-૧૮ તે ભયંકર શંખનાદ આકાશ અને પૃથ્વીમાં વ્યાપી ગયો અને તેના યોગે દુર્યોધન આદિનાં હૃદયો કંપી ગયાં.] ૧૯

ત્યાં દ્રુપદ, દ્રૌપદીના પુત્ર, વગેરે અનેક રાજા હતા; જુઓ એક તરફ મહાબાહુ કાશીપતિ,[૫૧] બીજી તરફ અર્જુનનો પુત્ર અભિમન્યુ, સદા વિજયિ સાત્યકિ અને નૃપશ્રેષ્ઠ ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી પણ છે.[૫૨] તેજ પ્રમાણે વિરાટ વગેરે રાજાઓ તથા જેઓ સેનામાં મુખ્ય વીર હતા તેઓએ, એકી વખતે પોતપોતાના શંખ વગાડ્યા.[૫૩] તે મહાઘોષના ધબકારાથી શેષ અને કૂર્મ ગભરાઇ ભૂભાર નાંખી દે છે કે શું, એમ થઇ રહ્યું.[૫૪] તે વખતે ત્રણે લોક ડામાડોળ થઇ રહ્યા; મેરુ અને મંદરપર્વત ડોલવા લાગ્યા, સમુદ્રનું પાણી કૈલાસ સુધી ઉછળવા લાગ્યું,[૫૫] પૃથ્વી જાણે ઉલટી થઈ પડશે, કે આકાશ જાણે તૂટી પડશે અને નક્ષત્રો વિખરાઈ જશે એમ લાગ્યું.[૫૬] અને 'સૃષ્ટિ બુડી ! ઓ બુડી! હવે દેવો નિરાધાર થયા,' એવી સત્યલોકમાં તાળી પીટાઈ રહી.[૫૭] દિવસે સૂર્ય જાણે સ્થિર થયો; જાણે પ્રલયકાળ આવ્યો હોય, એવો હાહાકાર ત્રણે લોકમાં થઈ રહ્યો.[૫૮] તે જોઇને આદિપુરુષ શ્રીકૃષ્ણ વિસ્મય થઈ ગયા. રખે હમણાંજ વિશ્વનો અંત આવશે, એમ મનમાં લાવી તે અદ્‌ભુત નાદનો લોપ કર્યો,[૫૯] તેથી વિશ્વ સ્થિત રહ્યું; નહીં તો કૃષ્ણાદિકના મહા શંખાદિના ઘોષથી યુગાન્ત સમયજ આવ્યો હતો.[૬૦] તે ઘોષનો જો કે લોપ થયો, છતાં પ્રતિધ્વનિ જે રહ્યો હતો તેથી કૌરવના સર્વ દળમાં કોલાહલ થઈ રહ્યો.[૬૧] હાથીના ટોળામાં સિંહ લીલા કરે તો એ હાથીનાં હૃદય ફાટી જાય, તેમ કૌરવનાં હૃદય તે નાદે ભેદી નાંખ્યાં.[૬૨] તે ગર્જના કાનપર પડતાંજ હાથ પગ ગળી ગયા અને એકમેકને સાવધ! રે સાવધ એમ કહેવા લાગ્યા.[૬૩]

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥ २० ॥

[જેના ધ્વજસ્તંભમાં હનુમાન્ બિરાજમાન્ છે એવા અર્જુને (યુદ્ધ કરવા માટે વ્યવસ્થિત રીતિથી ઊભા રહેલા) દુર્યોધન આદિકને શસ્ત્રપ્રહાર કરવા માટે ઉદ્યુક્ત થયેલા જોઇને, પોતાના ધનુષ્યને ઉપાડી લીધું.] ૨૦

ત્યારે બળવાન્ એવા જે મહારથી હતા તેમણે સૈન્યને પુનઃ ધૈર્ય આપ્યું.[૬૪] પછી બેવડા જોરથી એકત્ર થઇ આગળ ધસ્યા, ત્યારે તે સૈન્યે ત્રણે લોકમાં ક્ષોભ પમાડયો.[૬૫] પ્રલયકાળમાં જેમ અનિવાર જળધારા વર્ષે, તેમ ધનુર્ધારીઓએ બાણુનો વરસાદ વર્ષાવ્યો.[૬૬] તે જોઈ અર્જુને સંતોષ પામી આનંદથી સેનાપર એક ત્વરિત દૃષ્ટિ ફેરવી.[૬૭] સંગ્રામમાં જ્યારે સકળ કૌરવને સજ્જ થયેલા જોયા, ત્યારે પાંડુકુમારે પણ હાથમાં સહજ ધનુષ લીધું.[૬૮]

अर्जुन उवाच—हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।
सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१ ॥

[તે વેળાએ, હે રાજન્! અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કેઃ-"હે કૃષ્ણ! મારા રથને બન્ને સૈન્યોના મધ્યમાં લઈ જઈને ઉભો રાખો.] ૨૧

તે વખતે અર્જુન બોલ્યો; "દેવ! હવે આપણો રથ ઝટ તૈયાર કરી બેઉ દળની મધ્યે હાંકી ઉભો કરો.[૬૯]

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥
योत्स्यमानानवेक्ष्येऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

[ત્યાં યુદ્ધની ઇચ્છાથી આવેલા સર્વ (જન)ને હું જોઇ લઉં, ત્યાં સૂધી રથને ઊભો રાખો. આ રણક્ષેત્રમાં હું કોની સાથે યુદ્ધ કરું? (એ મારે જોવું જોઇએ.) અધર્મનિષ્ઠ દુર્યોધનને યશની પ્રાપ્તિ થાય, એવી ઇચ્છાથી જે યોધાઓ અહીં આવેલા છે, તેમને હું જોઉં છું! (જોવા ઇચ્છું છું.)"] ૨૨-૨૩

જેથી યુદ્ધમાં જે જે સકળ વીર લડવાને એકત્ર થયા છે તેમને ક્ષણેક જોઉં.[૭૦] અહીંઆ લડવાને સર્વ આવ્યા હશે, પણ મારે કોની સાથે યુદ્ધ કરવું તે જોવું અવશ્યનું છે.[૭૧] કૌરવો ઘણે ભાગે દુષ્ટ સ્વભાવના અને ઉતાવળા હોવાથી, પરાક્રમ સિવાય લડવાની ઇચ્છા કરે છે.[૭૨] તેમને લડવાની હોંસ છે પણ સંગ્રામમાં ટકવા જેટલા ધૈર્યવાન્ નથી."[૭૩]

संजय उवाच—एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥

[સંજયે કહ્યું;-રાજા ધૃતરાષ્ટ્ર, એ પ્રમાણે અર્જુને શ્રીકૃષ્ણને કહેવા પછી શ્રીકૃષ્ણે ઉભય સૈન્યના મધ્ય ભાગમાં રથને લઇ જઇ ઊભો રાખી,] ૨૪

એટલું ધૃતરાષ્ટ્ર રાજા પ્રત્યે બોલી, સંજય પુનઃ કહે છે. "સાંભળ, હે રાજન્! ઉપર પ્રમાણે અર્જુન બોલ્યો એટલામાંજ શ્રીકૃષ્ણે રથ હાંકયો અને બેઉ સૈન્યની મધ્યે લાવીને ઉભો કીધો.[૭૪]

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ २५ ॥
तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥ २६ ॥

श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधूनवस्थितान् ॥ २७ ॥

[તેમજ ભીષ્મ, દ્રોણ અને સર્વ રાજાઓ સમક્ષ અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–"અહીં આવેલા સર્વ કૌરવ મંડળનું અવલોકન કર." એટલે અર્જુને વડિલ દાદા, ગુરુ, મામા, ભાઈ, પુત્રો, ભત્રીજાઓ, મિત્ર, શ્વશુર અને પોતાના હિતકર્તાઓને, બન્ને સૈન્યોમાં ઊભેલા જોયા.] ૨૫–૨૭

જ્યાં આપ્ત સંબંધી નજીકનાં સગાં–ભીષ્મ, ગુરુ દ્રોણ વગેરે અનેક આપ્તસંબંધી અને અનેક રાજા સન્મુખ જ ઉભા છે,[૭૫] ત્યાં રથ સ્થિર થતાંજ, અર્જુન મોટી ત્વરાથી સર્વ સૈન્ય જોવા લાગ્યો;[૭૬] અને બોલ્યો, "હે દેવાધિદેવ! જુઓ! જુઓ! આ સર્વ ગોત્રનાજ જનો તથા ગુરુદેવ લડવાને આવેલા છે." આવા શબ્દો સાંભળી શ્રીકૃષ્ણ મનમાં ક્ષણભર વિસ્મય પામ્યા;[૭૭] અને પોતાના મનમાં કહેવા લાગ્યા કે, 'કોણ જાણે શું છે? આવું એના મનમાં શું આવ્યું એમાં કંઇ આશ્ચર્ય છે!'[૭૮] બીજાના અંતરની વાર્તા જાણનાર અંતર્યામી શ્રીકૃષ્ણે ભવિષ્ય સહજ જાણ્યું, છતાં તે વેળાએ કંઈ ન બોલતાં સ્વસ્થ રહ્યા.[૭૯] તે વખતે અર્જુને પિતૃ, પિતામહ, ગુરુબંધુ, મામા વગેરે સર્વ સગાને ઓળખ્યા.[૮૦] પોતાના ઇષ્ટમિત્ર, પુત્ર, સર્વને ત્યાં આવેલા જોયા.[૮૧] ત્યાં ધનુર્ધર અર્જુને પોતાના પ્રાણ જેવા મિત્ર, સસરા, પુત્ર, પૌત્ર વગેરે સગા સંબંધીને લડવાને આવેલા જોયા.[૮૨] જેઓએ પોતાપર ઉપકાર કર્યો હતો કે સંકટમાં સંરક્ષણ કીધું હતું એવા મોટાથી નાના સૂધી સર્વ ત્યાં છે,[૮૩] તથા બેઉ સૈન્યમાં પોતાના ગોત્રના જ સર્વ લડવા તૈયાર થયા છે, એમ અર્જુને જ્યારે જોયું;[૮૪]

कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥

[(પણ) તે સર્વને જોઇને તે કરુણાથી પીડિત થયો અને ખિન્ન થઇને બોલ્યો,] ૨૭॥

ત્યારે તેનું મન ચલવિચલ–હાવરુંબાવરું–થયું અને સહજ દયા ઉત્પન્ન થઈ; અને જે અપમાન થયું હતું તેથી જે વીરવૃત્તિ ઉત્પન્ન થઈ હતી તે તેને છોડી નિકળી ગઈ.[૮૫] ઉત્તમ કુળમાં જન્મેલી, લાવણ્યમય અને ગુણયુક્ત સ્ત્રીઓ બીજાની સરસાઇ સહન કરી શકતી નથી;[૮૬] કામી પુરુષ નવા પ્રેમમાં પોતાની વનિતાને વિસરી ભ્રમિષ્ટ થઈ પાડા જેવું આચરણ કરે છે;[૮૭] અથવા તપોબળના યોગથી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય, ત્યારે બુદ્ધિભ્રષ્ટ થાય છે અને વિરક્તતા સુદ્ધાં ભૂલી જવાય છે;[૮૮] તેવી અર્જુનની સ્થિતિ ત્યાં થઇ. અંતઃકરણ કરુણાને સ્વાધીન કર્યાથી પુરુષત્વ હતું તેટલું જતું રહ્યું;[૮૯] મંત્રજ્ઞ મંત્રોચ્ચારમાં ચૂકી જાય છે, ત્યારે તેને જેમ ભ્રમિષ્ટપણું આવે છે તેમ ધનુર્ધર મહામોહથી વ્યાપી રહ્યો.[૯૦] જેમ ચન્દ્રકાંતમણિ ચંદ્ર કિરણના સ્પર્શથી દ્રવે છે તેમ અર્જુનનું હૃદય ધૈર્ય જવાથી દ્રવિત થયું.[૯૧] પછી અતિ સ્નેહે મોહિત થઇ, સખેદ અંતઃકરણે શ્રી અચ્યુતને તે કહેવા લાગ્યો.[૯૨]

अर्जुन उवाच–दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ २८ ॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९ ॥
गांडीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥ ३० ॥

[અર્જુન કહેવા લાગ્યો કે;-"હે કૃષ્ણ! આપ્તજનોને યુદ્ધ માટે તૈયાર થયેલા જોઇને, ૨૮ મારાં ગાત્રો શિથિલ થયાં છે; મોઢાપરનું અને મોઢામાંનું પાણી પલાયન કરી ગયું છે; મારા શરીરમાં કંપનો આવિર્ભાવ થતાં રોમાંચ ખડાં થયાં છે; ૨૯ ગાંડીવ ધનુષ્ય હાથમાંથી સરી પડે છે. અને મારા સર્વાંગમાં દાહ થાય છે; હવે મારાથી અહીં ઊભા રહી શકાતું નથી. મારું મન બહુ જ ભ્રમણાને પ્રાપ્ત થયું છે.] ૩૦

"હે દેવ! આ સમુદાય મેં જોયો પણ એમાં માત્ર મારો ગોત્રવર્ગ જ સર્વ દેખાય છે.[૯૩] એ સર્વ નિશ્ચય કરી યુદ્ધ કરવા તૈયાર થયા હશે, પણ આપણને તેમ કરવું ઉચિત કેમ હોય?[૯૪] એ વિચાર મનમાં આવવાથી મને કંઈ સૂઝતું નથી; મારું દેહભાન જતું રહ્યું છે; મન બુદ્ધિ અસ્થિર થયાં છે;[૯૫] જુઓ! મારો દેહ કંપે છે, મ્હોં સુકાય છે, ગાત્ર વ્યાકુળ થયાં છે;[૯૬] સર્વ અંગમાં કાંટાની માફક રોમાંચ ઉભાં થયાં છે, અતિ સંતાપ ઉપજ્યો છે અને ગાંડીવપરનો હાથ ઢીલો થયો છે!"[૯૭] તેનું ગાંડીવ હાથમાંથી સરી ગયું, પણ એનું હૃદય મોહથી એવું વ્યાપી ગયું હતું કે, હાથમાંથી તે પડ્યું છે એવું પણ ભાન એને રહ્યું નહીં.[૯૮] જેનું અંતર વજ્રથી કઠણ, દુર્ધર, અતિ દારુણ છે તેના કરતાં પણ આ મોહ-સ્નેહબળ અસાધારણ એ આશ્ચર્ય![૯૯] જેણે સંગ્રામમાં શંકરને જિત્યા, નિવાતકવચ રાક્ષસનું ઠામ ઠેકાણું રહેવા દીધું નહીં, તે અર્જુન એક ક્ષણમાં મોહથી ઘેરાઈ ગયો.[૧૦૦] સુકું કાષ્ઠ ગમે તેટલું કઠણ હોય પણ જે ભ્રમર તેને કોરી નાંખે છે, તે જ ભ્રમર કુમળી કળીમાં સ્નેહથી બંદીવાન થઈ સપડાય છે;[૧] ત્યાં તે જીવ આપશે, પણ તે કમળની પાંખડી ચીરી શકશે નહીં; આવો સ્નેહ કોમળ છતાં કઠણ છે.[૨] સંજય કહે છે, હે રાજા! સાંભળ. આ મોહ આદિપુરુષની માયા છે! બ્રહ્મદેવથી સુદ્ધાં તે કળાય નહીં એવી છે. તેણે અર્જુનને વ્યાકુળ કીધો.[૩] અર્જુન પોતાના સર્વ સ્વજનને જોઇ સંગ્રામનું અભિમાન વિસરી ગયો.[૪] કોણ જાણે એટલી કરુણા એના ચિત્તમાં કયાંથી આવી, તે સમજાય તેમ નથી. તે બોલ્યો,-'કૃષ્ણ! હવે અહીં ઉભું રહેવું મને રુચતું નથી.[૫] આ સર્વને મારવાનો વિચાર આવતાં જ મારું મન અતિશય વ્યાકુળ થાય છે અને વાચા ભ્રમિષ્ટ થાય છે.'[૬]

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा [illegible]हव ॥ ३१ ॥

[અને હે કેશવ! અહીં કાંઇપણ વિપરીત થશે જ, એવાં ચિહ્નો દેખાય છે અને યુદ્ધમાં સ્વજનોનો ઘાત કરવાથી પુરુષાર્થ કર્યો કહેવાશે, એમ મારું માનવું નથી.] ૩૧

જો આ કૌરવોને મારે મારવા જ હોય, ત્યારે યુધિષ્ઠિર વગેરેને શા માટે ન મારું? અમો સર્વ પરસ્પર એક જ ગોત્રીય છીએ.[૭] આ યુદ્ધને આગ લાગો; મારા મનને તે પસંદ નથી. આ મહાપાપનું મારે શું કામ છે?[૮] હે દેવાધિદેવ! ઘણો વિચાર કરતાં પણ યુદ્ધ કરવાથી નુકસાન જ થશે એમ મને સ્પષ્ટ લાગે છે; અને તે દૂર કરવામાં જ કલ્યાણ દેખાય છે.[૯]

न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
[illegible]क नो राज्येन गोविंद किं [illegible] वा ॥ ३२ ॥
येषामर्थे [illegible] नो राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे [illegible] धना[illegible] च ॥ ३३ ॥

[હે કૃષ્ણ, મને વિજય, રાજ્ય અને સુખની અપેક્ષા નથી. હે ગોવિંદ! આપણે રાજ્ય અને ભોગોને ભોગવીને શું કરવું છે? ૩૨ કારણ કે, જેમને માટે આપણે રાજ્યભોગ અને સુખની ઇચ્છા કરીએ,] ૩૩

એવી રીતે મેળવેલા વિજય સાથે મારે કંઈ પણ કામ નથી; એવી રીતે રાજ મેળવીને પણ શું કરવું છે?"[10] અર્જુને પુનઃ કહ્યું:–"શું, આ સઘળાને મારી વૈભવ ભોગવવો? બળો એ વૈભવ![11] એમ કરવાથી દુઃખ પડશે તો ગમે તેમ સહન કરીશ; જરૂર પડશે તો પ્રાણ પણ આપીશ,[12] પણ સ્વપ્ને પણ મારું મન એમને મારી, રાજસુખ ભોગવવાનો વિચાર હવે નહીં કરે.[13] આ વડીલનું મનમાં પણ જો અનિષ્ટ ચિંતવીએ તો પછી આ જન્મ, આ જીવન શા કામના?[14] લોક, પુત્રની ઇચ્છા આટલા માટે શું કરે છે, કે તે પુત્ર કુળનું નિકંદન કરે?[15] વજ્ર જેવા કઠણ અમારાથી કેમ થવાય? ઉલટું બને તો અમારા આપ્તગોત્રનું ભલું કરવું જોઇએ.[16] અમે જે જે સંપાદન કરીએ, તે આ સમસ્તે ભોગવવું જોઇએ; એમને માટે પ્રાણ જાય તોએ શું![17] જૂદા જૂદા દેશના રાજાને જિતી અમારે અમારા કુળને સંતોષ આપવો જોઇએ.[18] પણ કર્મની કેવી વિપરીત ગતિ છે કે સર્વ ગોત્રજ યુદ્ધ કરવા તૈયાર થયું છે?[19] સ્ત્રી, પુત્રને છોડી, ભંડાર છોડી, તરવારની અણીપર પોતાનો જીવ આપવા સર્વ તૈયાર થયા છે;[20] એવા લોકને હું શી રીતે મારું? કોનાપર શસ્ત્ર ઉગામું? પોતાના પ્રાણ જેવા તેનો ઘાત શી રીતે કરું?[21]

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा ॥ ३४ ॥

[તે આ ગુરુ, વડીલ, પુત્ર, દાદા, મામા, શ્વશુર, ભત્રીજા, સાળા, તેમ જ અન્ય આપ્તવર્ગ આદિ સર્વ, આ સ્થળમાં પોતાના પ્રાણ અને ધનપર ઉદાર થઈને યુદ્ધ (માં મરવા) માટે (આવીને) ઉભા છે.] ૩૪

"એ કોણ છે, તેની તમને ખબર નથી શું? પેલા ઉભા છે તે ભીષ્મ અને દ્રોણ–તેમનો મારા સર્વપર અસાધારણ ઉપકાર છે.[22] આ અહીં આગળ સાળા, સસરા, મામા અને બીજા સર્વ બંધુજનો તેવા જ પુત્ર, ભાણેજ અને અન્ય આપ્તજનો ઉભા છે.[23] એ સર્વ તદ્દન નિકટના સંબંધીઓ છે તેથી ગમે તેમ એમને માટે બોલવું–તેમને મારી નાંખવાની વાત કહેવી–તેમાં સુદ્ધાં મને દોષ જણાય છે.[24]

एतान्न हंतुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥३५ ॥

[હે મધુસૂદન! જો તેઓ મારો વધ પણ કરે, તો પણ હું ત્રિલોકના રાજ્યસુખ માટે પણ એમને મારવાની ઇચ્છા કરવાનો નથી; ત્યારે પૃથ્વીના રાજ્ય માટે તો હું એમને કેમ જ મારી શકું વારુ.] ૩૫

તેઓ મને જોઇએ તો મારે, પણ હું તેમને મારવાનો વિચાર પણ મનમાં લાવીશ નહિ.[25] "ત્રૈલોક્યનું નિષ્કંટક રાજ્ય મળે તો પણ આ અનુચિત કર્મ હું નહીં કરું.[26] આજે મેં તેમનો વધ કીધો, તો તેમ કરવાથી આ લોકમાં મારું નામ કોણ સ્મરણ કરશે? અને હે કૃષ્ણ! તમને પણ પછી મ્હારાથી મુખ કેમ દેખાડાશે વારુ?[27]

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ ३६ ॥

[હે જનાર્દન! આ કૌરવોને મારવાથી આપણને શું સુખ થવાનું હતું? એ આતતાયી હોવાથી એમનો વધ કરવાથી તો આપણને પાપ જ લાગશે.] ૩૬

"જો હું કુળનો વધ કરીશ, તો પછી હું દોષનો જ અધિકારી થઈશ. પછી તમે જે મને મળ્યા છો તે પણ મારાથી દૂર જતા રહેશો![૨૮] કુળના નાશ કરનારનું અંગ પાવકથી ભરેલું હોય છે, તો ત વખતે તમને કોણ અને કયે ઠેકાણે શોધવા?[૨૯] બાગમાં આગ લાગી ભડકો થયેલો જોય કે, જેમ કોકિલ એક ક્ષણભર પણ ત્યાં સ્થિર રહેતું નથી;[૩૦] અથવા સરોવર કાદવથી ભરેલું જોઈ ચકોર પક્ષી જેમ તેનો ઉપભોગ ન લેતાં તેનો ત્યાગ કરે છે;[૩૧] તેમ, ઓ કૃપાસાગર દેવ! આવા આતતાયીઓના તથા કુળજનોના વધથી મારું પુણ્ય પરવારી જશે; પછી તમે મને માયામાં ગુંથાડશો અને આપ મને આપની પાસે સુદ્ધાં પણ આવવા દેશો નહીં.[૩૨]

तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥ ३७ ॥

[એટલા માટે, પોતાના બાંધવો–આ કૌરવો–ને મારવા, એ આપણને યોગ્ય નથી. હે માધવ! પોતાના આપ્તજનોને મારીને આપણે કેમ કરીને સુખી થઈ શકીએ વારુ?] ૩૭

"માટે, એ કુટુમ્બી જનોને હણવા, એ બહુ પ્રકારે નિંદ્ય દેખાય છે; તેથી હું એ કર્મ કદી પણ નહીં કરું અને આ સંગ્રામમાં હાથમાં શસ્ત્ર પણ નહીં ધરું.[૩૩] હે કૃષ્ણ! ગોત્રવધ કરવાથી મારા અને તમારા વચ્ચે અંતરાય થશે, તો પછી આપજ કહો કે, અમારું કોણ રહ્યું? અરે તમારા વિયોગદુઃખે મ્હારું હૈયું ફાટી જશે.[૩૪] તેથી કૌરવને મારી અમે રાજ્યના ભોગ ભોગવીએ, એ વાત મને ગમતી નથી;" એ પ્રકારે અર્જુને શ્રીકૃષ્ણ પ્રત્યે કહ્યું.[૩૫]

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥
कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

[લોભવડે ચિત્ત ભ્રષ્ટ થઈ જવાથી, કુલક્ષય કરવાથી લાગનારા દોષને અને મિત્રો સાથે વેર કરવાથી લાગનારા પાતકને જો કે એ કૌરવો જોતા નથી, ૩૮ પરંતુ, હે જનાર્દન! કુલક્ષય કરવાથી લાગનારું પાપ આપણને પ્રત્યક્ષ દેખાતું હોવા છતાં તે પાપથી નિવૃત્ત થવા માટે આપણે વિચાર કેમ ન કરીએ વારુ?] ૩૯

વળી અર્જુને કહ્યું:–"કૌરવો જો કે અભિમાનના મદથી છકી જઈ યુદ્ધ કરવા આવ્યા છે, તો અમારે પણ અમારું હિત જોવું જોઇએ.[૩૬] પણ આપણાને આપણે જ મારીએ, એ વાત કેમ બની શકે? તમે મને જાણી જોઇને કાળકૂટ વિષ શા માટે પીવા કહો છો?[૩૭] જુઓ, આપણે એક રસ્તે જતા હોઇએ અને સામો સિંહ આવે તો તેને ચૂકવી બીજે રસ્તે જઇએ છીએ, કેમકે તેમાં આપણું શ્રેય (સમાયલું) છે;[૩૮] તો પછી, છતો પ્રકાશ મૂકી અંધારામાં બેસવામાં, હે દેવ! શું લાભ છે, તે તમે જ કહો.[૩૯] અથવા સામે અગ્નિ છે, તે જોવા છતાં તેને એક કોરે ખસેડી દઈશું નહીં, તો તે એક ક્ષણમાં બાળી નાંખશે જ.[૪૦] તેમ, આ મૂર્તિમાન્ દોષ અંગને અડકવા આવે છે તે જાણવા છતાં, તેમાં કેમ પ્રવર્તાય?"[૪૧] એમ કહ્યા પછી અર્જુન વળી કહે છે:–"હે પ્રભાવશાળી દેવ! આ પાપ કાંઈ થોડો અનર્થ કરનારું નથી તે જુઓ![૪૨]

कुलक्षये प्रणश्यंति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४० ॥

[કુલક્ષયથી સનાતન (વંશપરંપરાથી ચાલતા આવેલા) કુલાચારનો લોપ થાય છે; કુલાચારનો લોપ થતાં જ અધર્મવડે સર્વ કુલ વ્યાપ્ત થઈ જાય છે.] ૪૦

"જેમ કાષ્ઠ સાથે કાષ્ઠનું મથન થતાં અગ્નિ ઉત્પન્ન થઈ સર્વ કાષ્ઠને બાળી ભસ્મ કરે છે;[૪૩] તેમ મત્સરથી ગોત્રમાં પરસ્પર વધ થાય તો તે મહાઘોર દોષથી કુળનો નાશ થાય છે.[૪૪] આ કુલક્ષયરૂપ પાપકર્મ કરવા થકી કુલધર્મનો લોપ થાય છે; અને પછી કુળમાં અધર્મની પ્રવૃત્તિ થાય છે.[૪૫]

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥ ४१ ॥

[હે કૃષ્ણ, અધર્મવડે કુલ વ્યાપ્ત થતાં કુલસ્ત્રીઓ દુરાચરણમાં પ્રવૃત્ત થાય છે; અને, હે વાર્ષ્ણેય, તેમના દુષ્ટ આચરણથી (પ્રજા) વર્ણસંકર થાય છે.] ૪૧

"એમ થયા પછી સારાસાર વિચાર રહેતો નથી; યોગ્યાયોગ્ય આચરણ, કર્તવ્યાકર્તવ્ય, વિધિ-નિષેધ વગેરે વિચારો બંધ પડી જાય છે.[૪૬] છતો દિવો હોલવી અંધારે ચાલીએ તો જેમ સહેજે ઠેસ લાગે,[૪૭] તેમ કુળના મધ્યમાં જ કુળનો ક્ષય થાય તો અનાદિ કુળ ધર્મનો નાશ થાય છે અને તે પછી પાપ સિવાય કુળમાં શું બાકી રહે છે?[૪૮] કુળના પુરુષોના નાશથી મનોનિગ્રહ વગેરે જતા રહે છે, તેના નાશથી ઇંદ્રિયો ગમે તેમ વર્તે છે, તેમજ કુળની સ્ત્રીઓ વિધવા બનવાથી વ્યભિચાર કરે છે;[૪૯] તે ઉત્તમ અધમ ગમે તેનો સંબંધ કરે છે; તેથી બ્રાહ્મણ ક્ષુદ્રાદિ વર્ણાવર્ણની ભેળમભેળા થઈ જાય છે અને જ્ઞાતિધર્મ સમૂળગો જતો રહે છે;[૫૦] અને ચૌટામાં બળિ જોઈ કાગડા એકઠા થઈ તે ખાઇ જાય છે, તેમ કુળમાં પુરુષોના નાશથી મહાપાપ શિરપર આવી બેસે છે અને શુભનો ધ્વંસ કરે છે.[૫૧]

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतंति पितरो ह्येषां लुप्तपिंडोदकक्रियाः ॥ ४२ ॥

[(વંશ) વર્ણસંકર થયો એટલે કુલનો ઘાત કરનારા પુરુષને અને તે કુલને નરકની પ્રાપ્તિ થાય છે; અને પિંડદાન અને તર્પણ આદિક ક્રિયા અટકી પડવાથી બન્નેના પિતૃઓ નરકમાં પડે છે!]૪૨

"એમ થવા પછી કુળના હણાયેલા સર્વને અને કુળઘાતકને—બધાને નરકમાં જવું પડશે.[૫૨] હે દેવ! જ્યાં એ પ્રમાણે સમસ્ત વંશવેલી પતિત થઈ કે, સ્વર્ગમાંના પૂર્વજોનું પણ પતન પ્રાપ્ત થાય છે.[૫૩] જે કુળમાં નિત્ય ને નૈમિત્તિક ક્રિયા બંધ પડે છે, ત્યાં કોણ કોને માટે તિલોદક મૂકી તર્પણાદિક ક્રિયા કરશે?[૫૪] અને પછી પિતૃઓ શું કરશે અને તેઓ સ્વર્ગમાં કેમ રહી શકશે? તેઓ પણ કુળની પાછળ અધોગતિમાં જ પડશે.[૫૫] જેમ નખને અગ્રે સર્પ કરડે, તો પણ તેનું ઝેર જલદીથી નખશિખા પર્યંત વ્યાપી જાય છે, તેમ આવા દોષથી આ બ્રહ્મલોકમાં ગયલા સર્વ પિતૃગણો, સહજવારમાં કુળસહ બૂડી જાય છે.[૫૬]

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥ ४३ ॥
उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ॥ ४५ ॥

[વર્ણસંકર (પ્રજા) ઉત્પન્ન કરનારા આ કુલઘાતક પુરુષોના દોષોના પરિણામે પુરાતન જાતિધર્મ અને કુલધર્મનો નાશ થાય છે. ૪૩ જેમના કુલધર્મ નષ્ટ થયેલા હોય છે, તે મનુષ્યોને નિશ્ચયપૂર્વક નરકની પ્રાપ્તિ થાય છે, એમ આપણે સાંભળીએ છીએ. ૪૪ અરેરે! આપણે રાજ્યસુખના લોભથી જે આપણા બાંધવોને મારવાને ઉદ્યુક્ત થયા છીએ, એ આપણે એક મહાપાપ કરવાને જ તૈયાર થયા છીએ.] ૪૫

"હે દેવ! વળી બીજું કહું છું તે સાંભળોઃ-કુળ ઘાતમાં બીજું પણ એક મહાપાતક છે. આ દોષથી લોકાચાર નાશ પામે છે.[૫૭] જેમ ઘરના મધ્ય ભાગમાં આગ લાગે તો બાકીના સર્વ ભાગને પણ તે બાળી ભસ્મ કરે છે,[૫૮] તેમ આ કુળના સહવાસમાં જે જે લોક આવશે, તેમને પણ એને નિમિત્તે બાધ લાગશે."[૫૯] અર્જુન કહે છેઃ-"આવી રીતે નાના પ્રકારના દોષથી તે સર્વ કુળો મહાઘોર નરકમાં પડશે."[૬૦] વળી અર્જુન કહે છેઃ-"એકવાર એવે ઠેકાણે પડ્યા કે કલ્પના અંત સૂધી પણ તેની મુક્તિ નહીં થાય, એવું કુલક્ષયનું ઘોરતમ પાપ છે.[૬૧] હે દેવ! મારી આ કટકટ તમે કાને સાંભળવા છતાં, તમારા મનમાં ત્રાસ થતો નથી એ શું? તમે આમ તમારું હૃદય વજ્ર જેવું કઠણ કેમ કીધું છે?[૬૨] વળી જેને માટે રાજ્ય સુખની ઇચ્છા કરવાની છે, તે આ દેહ તો ક્ષણભંગુર છે, એમ જાણવા છતાં પણ કુળક્ષયનો દોષ દૂર ન કરવો, એ શું ઉચિત છે?[૬૩] આ સર્વ અમારા વડીલને મારવાની ઇચ્છા કીધી–દૃષ્ટિ ફેંકી, એ પણ શું મારે માથે થોડું પાપ લાગ્યું છે? તે કહો. હે દેવ![૬૪]

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४६ ॥

[એટલે હું નિઃશસ્ત્ર થઈને પ્રાણના સંરક્ષણ માટે કાંઈ પણ પ્રયત્ન ન કરતો હોવા છતાં જો આ શસ્ત્રધારી કૌરવો મારો વધ કરશે, તો એમાં પણ અધિક જ કલ્યાણ છે.] ૪૬

હવે જીવવું તે કરતાં શસ્ત્ર નાંખી દઈ કૌરવોનાં જ બાણ સહન કરવાં, એ વધારે સારું છે.[૬૫] તેમ કરવાથી જો દુઃખ થાય કે મરણ આવે તોપણ તે ખમવું વધારે સારું છે, પણ આવા પાપમાં પડવાની ગરજ નથી."[૬૬] આવી રીતે પોતાના સર્વ કુળને જોઈને, વળી અર્જુન કહે છેઃ- "આ સર્વને મારીને રાજ્ય મેળવવું, એ કેવળ નરક ભોગ જ છે."[૬૭]

संजय उवाच–एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४७ ॥

[સંજયે કહ્યુંઃ-એ પ્રમાણે બોલીને જેનું અંતઃકરણ શોકાકુલ થયેલું છે એવો તે અર્જુન રથના મધ્યભાગ ઉપર બેઠો.] ૪૭

સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ-"હે રાજન્! સાંભળ. સમરાંગણમાં ઉભેલો અર્જુન આ પ્રમાણે તે સમયે બોલ્યો.[૬૮] પછી તેને અત્યંત ઉદ્વેગ થયો. તે આવેલો ઉભરો ખાળી શક્યો નહીં, તેથી રથ ઉપરથી નીચે કુદી પડ્યો. (અથવા તે રથમાં જ ઉભો હતો તે બેસી ગયો.)[૬૯] જેમ કોઈ રાજકુમાર પદચ્યુત થયાથી નિસ્તેજ થાય છે ને તેને કોઈ માન આપતું નથી, અથવા ગ્રહણ લાગવાથી સૂર્ય જેમ કળાહીન થાય છે,[૭૦] અથવા મહાસિદ્ધિના ભ્રમથી તપસ્વી જેમ ભૂલાવામાં પડી

તપનો ત્યાગ કરી, કામેચ્છાથી મહા દીન થાય છે;[71] તેમ અર્જુન રથ ઉપરથી નીચે ઉતર્યા પછી દુઃખથી ઘણો દીન દેખાવા લાગ્યો!"[72] સંજય કહે છે; "હે મહારાજા! પછી તેણે હાથમાંથી ધનુષ બાણ નાંખી દીધાંઃ તે અશ્રુપ્રવાહને રોકી શકયો નહીંઃ એવી એની દીન દશા થઈ ગઈ.[73] વૈકુંઠનાથ આ પ્રમાણે અર્જુનને સખેદ જોઇ હવે પરમાર્થ-તત્ત્વજ્ઞાનનો વિચાર કહે છે, તે સાંભળો.[74] [ક્ષેપક-વેદમાં ત્રણ કાંડ નિરૂપણ કર્યાં છે; કર્મ, ઉપાસના અને જ્ઞાન; તેનું જ નિરૂપણ શ્રીકૃષ્ણ કરશે.[75] જેથી અર્જુનનો મોહ નાશ પામશે અને સમ્યક્જ્ઞાન પ્રકાશશે, એવું શ્રીવિશ્વેશ અર્જુનને જ્ઞાન કહેશે.[76] ઉત્તર મીમાંસા ને ઉપનિષદનું મંથન કરી ગોવિંદ અત્યાનંદથી એવા મહાજ્ઞાનનું નિરૂપણ કરશે કે, તેથી પાર્થનું ચિત્ત સ્વસ્થ થાય.][77] નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કે, તે કથા સવિસ્તર હવે આવશે, જે સાંભળનારને સકૌતુક લાગશે.[78]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે અર્જુન વિષાદયોગ નામનો પહેલો અધ્યાય સમાપ્ત. (શ્લોક ૪૭, ઓવીઓ ૨૭૮)

જ્ઞાનેશ્વરીનો દ્વિતીય અધ્યાય

સાંખ્યયોગ

संजय उवाच–तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

[સંજયે કહ્યું:-એ પ્રમાણે કરુણાથી વ્યાપ્ત થયેલા, આંસુઓથી ભરાઈ આવેલી આંખોવાળા અને ખિન્ન થયેલા અર્જુનને ઉદ્દેશીને) મધુસૂદન એમ કહેવા લાગ્યા.] ૧

પછી સંજય (ધૃતરાષ્ટ્ર) રાજાને કહે છે કે; સાંભળો મહારાજ! રણભૂમિમાં અર્જુન, શોકાતુર થઈ રડવા લાગ્યો;[1] સર્વ કુળ ગોત્રના જનોને જોઈ તેને અદ્ભુત મોહ ઉપજ્યો અને તેથી તેનું ચિત્ત,[2] જેમ જળમાં મીઠું ઓગળી જાય છે, જેમ અભ્ર વાયુથી વીખરાઇ જાય છે, તેમ અર્જુનનું હૃદય ધૈર્યયુક્ત હોવા છતાં દ્રવિત થઈ ગયું.[3] સ્નેહને આધીન થવાથી તે કાદવમાં ગુંચવાયલા રાજહંસ જેટલો ગભરાયલો દેખાયો.[4] આ પ્રમાણે પાંડુકુમારને મહામોહથી અતિવ્યાકુળ થયેલો જોઈ, શ્રી શાર્ઙ્ગધરે (શ્રીકૃષ્ણે) બોલવાનો પ્રારંભ કર્યો.[5]

भगवानुवाच–कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે અર્જુન, મોટા લોકોમાં અમાન્ય થનારો, સ્વર્ગપ્રાપ્તિના માર્ગમાં આડો આવનારો અને આ લોકમાં કીર્તિનો નાશ કરનારો આ મોહ, આવો યુદ્ધના પ્રસંગે (તારા મનમાં) ક્યાં ઉત્પન્ન થયો?] ૨

શ્રી ભગવાન્ કહે છેઃ-"હે અર્જુન! આમ જો અને પ્રથમ વિચાર કર કે, આ ઠેકાણે (રણમાં શસ્ત્ર પકડી યુદ્ધ કરવા ઉભો છે તે વખતે) આમ કરવું (મોહ ઉપજવો) તને યોગ્ય છે કે? તું કોણ છે, અને શું કરે છે.[6] તેનો તું વિચાર કર. કહે, તને થયું છે શું? તને શી ન્યૂનતા લાગી, લડવામાં શું હરકત નડી? બોલ, ખેદ શા માટે કરે છે?[7] તું તો અનુચિત વાત ચિત્તમાં આણતો નથી, તેમ ધૈર્ય છોડનારો પણ નથી, છતાં આ કરે છે શું? તારું નામ શૂરવીરોમાં એવું વિખ્યાત છે કે, તે સાંભળતાં જ અપયશ ભાગી જાય છે.[8] તું તો શૂરવૃત્તિનું

સ્થાન છે, ક્ષત્રિયોનો મુકુટમણિ છે, ત્રણ લોકમાં તારા પરાક્રમનો ડંકો વાગે છે.[૯] તેં સંગ્રામમાં હરને જિત્યા છે; નિવાતકવચનું ઠામઠેકાણું રહેવા દીધું નથી અને ગંધર્વ તારા ગુણાનુવાદ-યશ ગાય છે.[૧૦] હે પાર્થ! તારી યોગ્યતા જોતાં ત્રૈલોક્ય પણ નાનું જણાય છે, એવું તારામાં ઉત્તમ પુરુષત્વ છે.[૧૧] એવો પરાક્રમી જે તું, તે આજ વીરવૃત્તિ છોડી, નીચે મુખે રુદન કરે છે![૧૨] હે અર્જુન! સગાંસંબંધી જોઈ તને કરુણા ઉત્પન્ન થઈ છે ને તેથી તું દીન થયો છે, પણ વિચાર કર કે, અંધકારે ભાનુનો કદી ગ્રાસ કીધો છે?[૧૩] પવન વાદળાથી કદી બ્હીશે? અમૃતને કદી મરણ છે? કાષ્ઠ અગ્નિને કદી ગળી શકશે?[૧૪] અથવા મીઠાથી પાણી ઓગળશે? કાળકૂટ, બીજા વિષના સંસર્ગથી શું મરશે? કે દેડકો નાગને ગળશે? કહે વારુ, શું થશે?[૧૫] કદી કોલ્હાએ કોઈ દિવસ સિંહ સાથે ટક્કર ઝીલી છે ખરી? એવી વિલક્ષણ વાત કોઈ ઠેકાણે બની છે? ના. પણ તે વાત આજે તેં સાચી કરી દેખાડી છે![૧૬] પણ હે અર્જુન! આ હીણી વાત છોડી દે; મનમાં જલદી ધૈર્ય આણ અને સાવધ થા.[૧૭] આ મૂર્ખપણું છોડી દે. ઉઠ, ધનુષ્ય બાણ હાથમાં લે. સંગ્રામમાં આ તારા કારુણ્યનો ઉપયોગ શો? [૧૮] હે અર્જુન! તું ડાહ્યો હોવા છતાં વિચાર કેમ કરતો નથી? સંગ્રામમાં દયા ઉચિત છે કે?"[૧૯] જગન્નિવાસ શ્રીકૃષ્ણ વળી અર્જુનને કહે છે કેઃ-"હે અર્જુન! તું આવા તારા વર્તનથી તારી મેળવેલી કીર્તિ ગુમાવશે અને તને પરલોકમાં પણ હાનિ થશે.[૨૦]

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥

[હે પાર્થ, આ બાયલાપણાને ધારણ ન કર. આ તને શોભતું નથી. હે શત્રુઓને તાપ આપનાર અર્જુન! મનની આ ક્ષુદ્ર દુર્બળતાને ત્યાગીને યુદ્ધ માટે ઉઠીને ઉભો થા.] ૩

"તેથી હે પાંડુકુમાર! તું શોક મા કર અને ધૈર્ય ધરી આ શોકનો ત્યાગ કરી દે.[૨૧] આવો શોચ તારા જેવા વીર પુરુષને ઉચિત નથી. તેં આજ પર્યંત જે મેળવેલું છે, તે સર્વ આવા તારા વર્તનથી ચાલ્યું જશે. માટે હજી પણ તારું હિત વિચારી જે કરવા યોગ્ય છે તે કર.[૨૨] સંગ્રામનો અવસર હવે આવી લાગ્યો છે, માટે કૃપાળુપણું નકામું છે. આ કૌરવો આજે વળી તારા સગાં ક્યાંથી થયાં વારુ?[૨૩] એ તારાં સગાં છે, એ શું તને પૂર્વેથી ખબર ન હતી, કે પ્રથમથી તું ત્હારા ગોત્રને શું ઓળખતો નહોતો, કે આ વખતે જ આ અતિશય કઢંગું દીનપણું તેં કરવા માંડ્યું છે?[૨૪] કંઈ તારે માટે નવીન યુદ્ધ જન્મ્યું નથી; એ તો તમારું પરસ્પરનું રોજનું જ કર્તવ્ય છે.[૨૫] તો આજે જ તને શું થયું? આજ ક્યાંથી આવો ગાઢ સ્નેહ ઉપજ્યો? એ મને તો સમજાતું જ નથી. પણ હે અર્જુન! તેં આ બહુ ખોટું કીધું.[૨૬] આવો મોહ ધરવાથી તારી મેળવેલી પ્રતિષ્ઠા જશે અને આ લોક તથા પરલોક બન્ને ગુમાવશે.[૨૭] હૃદયનું ઢીલાપણું એ કંઈ સારું નથી. ક્ષત્રિયને માટે તો સંગ્રામમાં આવું શિથિલપણું એ પતન-મોત જ છે-નરકનું સાધન જ છે!"[૨૮] આવી રીતે તે કૃપાવંત શ્રીકૃષ્ણ વિવિધ રીતે બોધ કરે છે, ત્યારે તે સાંભળી અર્જુન શું બોલે છે, તે સાંભળોઃ-[૨૯]

अर्जुन उवाच-कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥

[અર્જુને કહ્યુંઃ-હે મધુસૂદન! હું આ યુદ્ધમાં ભીષ્મ અને દ્રોણાચાર્યપર બાણ કેમ કરીને છોડું? કારણ કે, હે શત્રુદમન, તેઓ પૂજા કરવાને યોગ્ય છે.] ૪

અર્જુન કહે છેઃ-"હે દેવ! આટલું કહેવાની કંઈ જરૂર નથી; (હું તમે કહો છો તે સારી

રીતે સમજું છું.) પણ તમે જ આ સંગ્રામનો વિચાર કરો![30] અરે! આ યુદ્ધ નથી, પણ પ્રમાદ-અમર્યાદા છે; તેમાં પ્રવર્તવાને હું તૈયાર થયેલો હોવાથી તેમાં મને મોટો દોષ દેખાય છે અને એથી મારે માત્ર સ્પષ્ટપણે શ્રેષ્ઠનો ઉચ્છેદ કરવાનું જ છે.[31] જુઓ, માતપિતાની પૂજા કરવી, સર્વ પ્રકારે તેમને સંતોષ આપવો એ ધર્મ છે. તે છોડી પોતાને હાથે તેનો વધ કરવો, એ શું ધર્મ છે?[32] હે દેવાધિદેવ! સંતવૃંદને નમસ્કાર કરવો અથવા તેની પૂજા કરવી એ ધર્મ છે, પણ તેમ ન કરતાં તેમની આપણે જ મુખે નિંદા કરવી, એ શું ધર્મ છે?[33] આ અમારા ગોત્ર-ગુરુ ઉભા છે! અમારે એમની હમેશા પૂજા કરવી તે જ ધર્મ છે! તેમાં પણ ભીષ્મ, દ્રોણ તો મને ઘણા જ પૂજવા યોગ્ય છે.[34] હે દેવ! જેને માટે સ્વપ્ને પણ વૈરબુદ્ધિ ન થાય, તેમનો પ્રત્યક્ષ ઘાત કેમ કરાય?[35] બળો આ જીવવું! ઉત્તમ શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી સર્વને આ શું સૂઝયું છે કે, આવા આવા પૂજ્યોનો વધ કરી પ્રતિષ્ઠા મેળવવા ઇચ્છે છે![36] હું અર્જુન, દ્રોણનો શિષ્ય, એણે જ મને ધનુર્વિદ્યા શીખવી, તેનો ઉપકાર તેને મારીને વાળવો, એ શું ઉચિત છે કે?"[37] અર્જુન કહે છેઃ-"જેની કૃપાથી વર મેળવેલો, તેનું જ ભુંડું મનમાં આણું, તેવો હું શું ભસ્માસુર* છું કે?[38]

गुरूनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

[આવા ઉદાર અંતઃકરણવાળા ભીષ્મ અને દ્રોણ આદિ ગુરુઓને ન મારતાં આ લોકમાં ભિક્ષા માગીને નિર્વાહ કરવો, એ જ મને તો વિશેષ કલ્યાણકારક ભાસે છે. કારણ કે ગુરુજનો કદાચિત્ ધનલુબ્ધ હોય, તોય તેમને મારીને તેમના રક્તવડે ભરેલા ભોગો આ લોકમાં જ (સ્વર્ગલોકમાં નહિ) આપણને ભોગવવા પડશે!] ૫

"હે દેવ! સમુદ્ર ગંભીર છે છતાં તે ઉછળે છે; પણ દ્રોણાચાર્ય તો રાગ-વૈર એ કદી જાણતા જ નથી.[39] આ આકાશ અપાર છે તેનું કદી માપ પણ થઇ શકે, પણ દ્રોણાચાર્યનું અંતઃકરણ તેથી પણ વિશેષ અગાધ અને ગહન છે કે, તેનું માપ જ ન થાય.[40] કદાપિ અમૃત બગડે, વજ્ર કાળે કરી તૂટે, પણ એનો મનોધર્મ, એનો ક્ષોભ કરવાથી પણ બદલાશે નહીં.[41] સ્નેહમાં માતા શ્રેષ્ઠ કહેવાય છે, પણ દ્રોણ કૃપાની મૂર્તિ જ છે.[42] અર્જુન કહે છે કે, "દ્રોણગુરુ તો કરુણાની જ મૂર્તિ છે, સકલ ગુણના નિધિ છે, એ વિદ્યાના અગાધ સમુદ્ર છે.[43] ના, એથીએ શ્રેષ્ઠ છે. સિવાય અમારા પર એમની કૃપા છે. હવે કહો એવા કૃપાળુ ગુરુદેવનો ઘાત ચિત્તમાં આણવો શું ઉચિત છે?[44] રણમાં એવા ગુરુને મારી રાજ્યસુખ ભોગવવું, એ બીલકુલ મારા મનમાં આવતું નથી.[45] એમને મારવા એ ન બને એવું છે. એવું ઘોર-નિંદ્ય કર્મ કરવાથી રાજ્ય તો શું, પણ તેના કરતાં પણ વધુ ભોગ મળે, તો પણ એ ભોગવવા કરતાં ભિક્ષા માગવી હું સારી જાણું છું.[46] દેશત્યાગ કરવો, ગિરિમાં જઈ રહેવું એ સારું, પણ એમના પર શસ્ત્ર ઉગામવું એ બહુ બૂરું છે.[47] હે દેવ! નવાં ધારવાળાં શસ્ત્ર એમના જીવપર વાપરી, એમનાં રુધિરમાં બૂડેલા ભોગ શોધવા, એમાં કંઈ મહત્વ છે ખરું?[48] ગુરુપર શસ્ત્ર ઉગામી રાજ્ય મેળવીને શું કરવું? રક્તથી ભરેલું રાજ્યાદિક કેમ ઉપભોગમાં લેવાય? તેથી જ મને આ કર્મ-યુદ્ધ કરવું ગમતું નથી."[49] તે અવસરે આવી રીતે

* આ નામના રાક્ષસને ચિતાભસ્મ લાવવાનું કામ શ્રીશંકરે સોંપ્યું હતું અને તેને વર આપ્યો હતો કે, જેના માથાપર હાથ મૂકશે તે ભસ્મ થશે. પણ એને પાર્વતી માટે દુષ્ટબુદ્ધિ થવાથી તે શ્રીશંકરના જ માથાપર હાથ મૂકવા તૈયાર થયો ત્યારે શ્રી વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કરી, યુક્તિથી તેનો જ હાથ તેના માથાપર મૂકાવ્યો હતો, એટલે તેથી તે પોતે જ ભસ્મ થયો.

અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, પણ તે બોલવું શ્રી મુરારિના મનમાં આવ્યું નહીં,[૫૦] એમ જાણી, પાર્થ મ્હીધો અને ફરી બોલ્યો; "હે દેવ! આ મારા બોલવાપર તમે ચિત્ત કેમ દેતા નથી!"[૫૧]

न चैतद्विद्मः कतरन्नो गरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः ।

यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

[હમણાં જ કહેલું યુદ્ધ અને ભિક્ષાટન એ બેમાંથી કઈ વસ્તુ આપણા માટે અધિક શ્રેયસ્કર છે એ, અને કૌરવોને અમે જિતીશું કિંવા તેઓ અમને જિતી લેશે, એ પણ હું જાણી શકતો નથી. જે કૌરવોને મારીને આપણે જીવવાની જ ઈચ્છા કરતા નથી, તેઓ તો યુદ્ધ માટે મારા સમક્ષ આવીને તૈયાર થઇને જ ઉભા રહેલા છે.] ૬

"મારા ચિત્તમાં જે વાસ્તવિક હતું તે હું અત્યારે સ્પષ્ટ રીતે બોલ્યો છું: પણ તે સિવાય જે સારું (યોગ્ય) શું છે-શું હશે તે તમે જાણો છો (તે તમે મને કહો).[૫૨] તમે જુઓ કે જેની સાથે વેર છે એ જાણ્યા બરાબર-એવા શબ્દ નીકળતાં જ-પ્રાણ છૂટી જાય, તેઓ જ અહીં યુદ્ધ કરવાને માટે ઉભા રહ્યા છે.[૫૩] તો હવે એમને મારવા કે છોડી દેવા, તે બેમાં સારું શું છે, તે મને કાંઈ સમજાતું જ નથી.[૫૪]

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः।

यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥

[અજ્ઞાન નિમિત્તક દોષને લીધે મારું અંતઃકરણ દૂષિત થયેલું છે અને મારું કર્તવ્ય શું છે એ હું જાણી શકતો નથી, એટલા માટે તમને હું પૂછું છું કે, આમાં જે કાંઈ પણ નિશ્ચય-પૂર્વક કલ્યાણકારક હોય તે મને કહો. હું તમારો શિષ્ય છું અને તમારે શરણે આવ્યો છું, એટલા માટે મને યોગ્ય ઉપદેશ આપો.] ૭

"મારું ચિત્ત મોહથી વ્યાકુળ થયું છે, તેથી મારે શું કરવું ઉચિત છે, તે વિચાર કરતાં પણ મને સ્ફુરતું નથી.[૫૫] જેમ તિમિરના અવરોધથી દૃષ્ટિના તેજનો નાશ થાય છે અને તેથી વસ્તુ પાસે પડેલી હોય છે, તે છતાં દેખાતી નથી;[૫૬] તેમ, હે દેવ! મને થયું છે. મારું મન ભ્રાંતિથી ઘેરાયું છે, તેથી હિત શેમાં છે અને અહિત શેમાં છે, તે મને સમજાતું નથી.[૫૭] હે શ્રીકૃષ્ણ! તે તમે જાણો છો, માટે જે સારું (યોગ્ય) હોય તે મને કહો; કારણ મારાં સગાં અને સ્નેહી-સર્વમાં એક તમે જ અમને સાહ્ય કરનારા છો[૫૮] તમે જ ગુરુ, તમે જ બંધુ, તમે જ પિતા, તમે જ મારા ઇષ્ટ દેવતા છો; તમે જ સંકટમાં મારી સદા રક્ષા કરનારા છો.[૫૯] ગુરુ શિષ્યને કદી તજી દેતો નથી; સાગરે કદી સરિતાને તજી છે?[૬૦] હે કૃષ્ણ! સાંભળો! મા બાળકને છોડી જાય તો તે શી રીતે જીવે?[૬૧] તેમ, હે દેવ! સર્વ પ્રકારે મને તમારો એકનો જ આશરો છે અને પ્રથમ જે મેં કહ્યું કે, હું લડીશ નહિ, તે જો તમારા મનમાં આવતું ન હોય,[૬૨] તો હે પુરુષોત્તમ! મને ઉચિત અને ધર્મથી વિરુદ્ધ ન હોય તેવું કર્મ સત્વર કહો."[૬૩]

नहि प्रपश्यामि ममापनुद्याद्यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।

अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

[આ લોકમાં, પૃથ્વીનું નિષ્કંટક અને સંપન્ન રાજ્ય અથવા (સ્વર્ગમાંનું) દેવોનું આધિપત્ય એટલે કે, ઇંદ્રનું પદ મળવા છતાં પણ મારી ઇંદ્રિયોને શોષી નાંખનારો આ શોક કોઈ પણ ઉપાયથી દૂર થશે કે કેમ, એ મારા સમજવામાં આવી શકતું નથી.] ૮

"આ સકળ કુળને લડવાને ઉભેલા જોઇને મારા મનમાં જે શોક ઉપજ્યો છે, તે તમારા વાક્ય સિવાય બીજા કશાથી જડમૂળથી જશે નહીં.[૬૪] અહીં કદી પૃથ્વીનું સાર્વભૌમત્વ પ્રાપ્ત થાય, કદી ઇંદ્રપદ મળે, તોપણ મ્હારાં મનનો થયેલો દયારૂપ મોહ કદી પણ જનાર નથી.[૬૫] બળેલાં બી સારી જમીનમાં વાવીએ અને મનમાન્યું પાણી પાઇએ તો તે જેમ ઉગવાં નથી;[૬૬] અથવા આયુષ્ય પૂરું થયું હોય તો પરમામૃત સિવાય કોઈ ઔષધ જેમ ઉપયોગી થતું નથી;[૬૭] તેમ રાજ્યભોગ સમૃદ્ધિથી આ મોહ પામેલી બુદ્ધિનું સમાધાન થશે નહિ. અહીં, હે કૃપાનિધિ! તમારી કૃપા એ જ આશરો છે."[૬૮] આ પ્રમાણે અર્જુન બોલ્યો. તે પછી તેની ક્ષણભર ભ્રાંતિ દૂર થઈ. પણ પુનઃ તેના હૃદયમાં માયાની લેહેર સ્ફુરી આવી.[૬૯] જ્ઞાનેશ્વર કહે છે કે, મને લાગે છે કે, તે માયાની લેહેર ન હતી, પણ એક જૂદી જ સ્થિતિ હતી. મહા મોહરૂપી કાળસર્પે જ તેને દંશ્યો હતો.[૭૦] હૃદયકમળમાં કરુણા ઉત્પન્ન થતાં જ તે કારુણ્યની સંધિ જોઈ, સર્પે તેના હૃદયના મર્મસ્થાનમાં દંશ્યો છે, તેથી તેનો વેગ શમતો ન હતો.[૭૧] પણ જેની દૃષ્ટિમાત્રથી વિષ ઉતરી જાય એવા શ્રીકૃષ્ણ ગારુડી, આ કઠણ પ્રસંગ સમજી, રક્ષણ કરવા દોડી આવ્યા.[૭૨] હવે વ્યાકુળ થયેલા પાંડુકુમાર પાસે બેઠેલા શ્રીકૃષ્ણ, તેનું રક્ષણ પોતાની કૃપાદૃષ્ટિથી સહેજે કરશે.[૭૩] આ હેતુ જાણી મેં અર્જુનને મોહરૂપ સર્પની ફેણથી ગ્રસ્ત થયેલો કહ્યો છે![૭૪] જેમ મેઘસમુદાયમાં સૂર્ય ઢંકાઈ જાય છે, તેમ અર્જુન, રણભૂમિ ઉપર ભ્રાંતિથી ગ્રસ્ત થઈ ગયો હતો.[૭૫] ગ્રીષ્મકાળે જેમ ગિરિપર દાવાનલ (વનનો અગ્નિ) લાગે, તેમ ધનુર્ધર અર્જુન દુઃખથી જર્જરિત થયો હતો.[૭૬] તેથી, દાવાનલ ઉપર નીલવર્ણ મહામેઘરૂપી શ્રીગોપાળે, કૃપામૃતરૂપી જળની સહજ વૃષ્ટિ કરવા માંડી.[૭૭] એ ઠેકાણે શ્રીગોપાળના શુભ દાંતની પ્રભાને વિજળી જાણો અને ગંભીર વાણી એ મેઘ ગર્જનાની જગ્યાએ હતી.[૭૮] હવે તે ઉદાર મેઘ અર્જુનરૂપ ગિરિપર એવી વૃષ્ટિ કરશે કે, દાવાનલ હોલાઈ જશે, અર્જુન શાંત થશે અને ત્યાં જ્ઞાનરૂપ નવાં પલ્લવ ફૂટશે.[૭૯] તે કથા નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કે, મનના સમાધાન માટે શ્રવણ કરો.[૮૦]

संजय उवाच-एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतप ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥ ९ ॥

[સંજયે કહ્યું:-શત્રુઓને તાપ દેનાર અર્જુન શ્રીકૃષ્ણને એ પ્રમાણે કહીને 'હે ગોવિંદ! હું હવે યુદ્ધ કરવાનો નથી' એમ શ્રી હૃષીકેશને જણાવીને સ્તબ્ધ થઈ રહ્યો.] ૯

એમ બોલતાં સંજય રાજા ધૃતરાષ્ટ્રને કહે છે કે; હે રાજાજી, સાંભળો. હવે શોકાતુર અર્જુન શું કહે છે તે.[૮૧] ખેદ સહિત અર્જુન બોલ્યો; "હે ગોવિંદ! સાંભળો. હું સર્વથા અહીં યુદ્ધ કરનાર નથી અને તમે પણ મને તેમ કરવા અટકાવતા ના."[૮૨] એમ એક વખત બોલીને અર્જુન સ્તબ્ધ રહ્યો, તે જોઈ શ્રીકૃષ્ણ વિસ્મય પામ્યા.[૮૩]

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदंतमिदं वचः ॥ १० ॥

[હે રાજા, બન્ને સૈન્યો મધ્યે ખેદ પામેલા અર્જુનને ઉદ્દેશીને હસવાના ભાવથી શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહેવા લાગ્યા.] ૧૦

અને તે-શ્રીકૃષ્ણ-મનમાં ને મનમાં બોલવા લાગ્યા કે આ અર્જુન આ કટાકટીને પ્રસંગે આ શું આરંભી બેઠો છે? અહીં શું કરવું તે એને સર્વથા સમજાતું નથી, તો હવે કેમ કરવું?[૮૪] જેમ જોશી, ગ્રહ પીડા વિષે વિચાર કરે છે અથવા પંચાક્ષરી-યંતર મંતરવાળો-ભૂત કહાડવાનો વિચાર

કરે છે, તેમ શ્રીકૃષ્ણ વિચારવા લાગ્યા કે, હવે આને શી રીતે સમજાવવો? એને ધૈર્ય શી રીતે આવશે?[૮૫] કોઈ અસાધ્ય રોગીને જોઈ, જેમ વૈદ્ય આખરની અમૃત જેવી ઔષધિની યોજના કરે છે,[૮૬] તેમ શ્રી અનંત, બે સૈન્યની વચ્ચે ઉભા રહી, અર્જુનને શોક મોહ ઉત્પન્ન થયો છે, તે ભ્રાંતિ એ કેવી રીતે ત્યજી દે, તેવી યોજના કરવાનો વિચાર કરે છે.[૮૭] તે યોજનાનો મનમાં નિશ્ચય કરી, જેમ માતાના રોષમાં ગુપ્ત સ્નેહ હોય છે, તેમ શ્રીકૃષ્ણે સક્રોધ બોલવું શરુ કીધું.[૮૮] અથવા જેમ કડવા ઔષધમાં રહેલું અમૃત બહાર ન દેખાતાં ગુણથી પ્રગટ થાય છે;[૮૯] તેમ ઉપરથી જોતાં ઉદાસ, પણ અંદરથી જોતાં અતિ મમત્વથી ભરેલાં સુવાક્ય બોલવાનો શ્રી હૃષીકેશે આરંભ કર્યો.[૯૦]

श्रीभगवानुवाच—अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचंति पंडिताः ॥ ११ ॥

[શ્રીકૃષ્ણે કહ્યું:-જેનો શોક કરવો યોગ્ય નથી, તેનો તું શોક કરે છે અને જ્ઞાનની મોટી મોટી વાતો કરે છે. જે જ્ઞાની છે, તેઓ મરેલા કે જીવતા માણસોવિશે શોક કરતા જ નથી.] ૧૧

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે; "અરે અર્જુન! આ યુદ્ધની વેળાએ તેં જે કાંઈ આ આરંભ્યું છે, તે કંઇ નવલ જ મને નજરે પડે છે.[૯૧] તું શાણો કહેવડાવે છે, છતાં મૂર્ખપણું છોડતો નથી, તેથી મૂર્ખ જણાય છે અને તું પોતે નીતિની મોટી મોટી વાતો કરે છે, પણ હજી તારે તો ઘણું શીખવાનું છે, એમ મને દેખાય છે.[૯૨] જે જન્માંધ અને ગાંડો હોય તે જેમ ગમે તેમ દોડે, એવું તારું આ શાણપણું મને દેખાય છે.[૯૩] તું પોતાને તો ઓળખતો નથી અને કૌરવ માટે શા માટે શોક કરે છે, એ જ મને પુનઃ પુનઃ વિસ્મયયુક્ત લાગે છે.[૯૪] કહે, ભાઈ અર્જુન! આ અનાદિ વિશ્વરચના કેમ ખોટી છે? અને આ ત્રિભુવનની સ્થિતિ તારે લીધે છે કે?[૯૫] આ જગતમાં કોઇએક સર્વ સમર્થ છે, જે થકી આ સર્વ ભૂત થાય છે, અને તેજ કર્તા હર્તા છે, એવી જે લોકવાયકા છે, તે શું ખોટી છે?[૯૬] તારા બોલવાપરથી એમ ઠરે છે કે, આ જન્મ મૃત્યુ તેં જ સર્જ્યાં અને તે નાશ પામશે તે પણ તારાથી જ![૯૭] (એવા) અભિમાનથી તું ભ્રમિષ્ટ થયેલો હોવાથી તું કૌરવોનો ઘાટ કરવાનું મનમાં આણતો નથી, પણ તેથી શું તે ચિરંજીવ થવાના છે?[૯૮] અથવા તું એ સર્વને મારનાર અને બાકી સર્વ મરનાર એવી ભ્રાંતિ તારા મનમાં કદાચિત્ આવી હશે, અને તેથી તું મારશે જ તો એ સર્વ નાશ પામશે, એમ જ કે?[૯૯] પણ આ સર્વ અનાદિસિદ્ધ છે; જાતિ ધર્મ પ્રમાણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તો તારે તેનો શોક કરવાનું કારણ શું છે, તે મને કહે.[૧૦૦] અજ્ઞાનપણાથી તને એ વાત સમજાતી નથી ને ઉલટું તું જે ન ચિંતવવા યોગ્ય છે તે ચિંતવે છે અને વળી મને નીતિની વાતો કહે છે.[૧] પણ જે વિવેકી છે તે જાણે છે કે, જન્મ અને મૃત્યુ એ બેઉ ભ્રાંતિરૂપ છે, માટે તે બંનેમાંથી એકેનો પણ શોક કરતો નથી.[૨]

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ १२ ॥

[હું પૂર્વે કદાપિ નહોતો, કિંવા તું પણ કદાપિ નહોતો, કિંવા એ રાજા પણ નહોતા, કિંવા આપણે બધા હવે પછી (આ દેહ પછી) કદાપિ નહિ જ હોઇએ, એમ નથી.] ૧૨

"હે અર્જુન! વળી તું સાંભળ. હું, તું અને લડવાને એકઠા થયેલા આ સર્વ રાજાથી માંડીને બીજા સર્વ,[૩] હમણા છે, તેમજ નિત્ય હોનારા પણ છે અથવા નિશ્ચય કરી નાશ પણ પામશે, એ બન્ને ભ્રાંતિ તું છોડી દેશે, એટલે તું સારી રીતે સમજી શકશે કે, જન્મ પણ નથી ને મૃત્યુ પણ નથી![૪] છતાં એ જન્મ્યા અને નાશ પામ્યા એમ જે દેખાય છે, તે માયાને લીધે જ છે; બાકી આત્મા

તો અવિનાશી જ છે.[૫] જેમ પવનથી પાણી હાલી તરંગાકાર દેખાય છે, પણ પાણી સિવાય પાણીમાં જે દેખાય છે તે બીજું કાંઇ નથી, તો કોણ કયાં જન્મ્યું?[૬] વાયુનો પ્રવાહ બંધ થતાં પાણી આપો આપ શાંત થયું, તેમાં વળી કોણ કયારે નાશ પામ્યું? એ વાતનો તું સારી રીતે વિચાર કર.[૭]

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

[આ દેહમાં બાલ્ય, તારુણ્ય અને વૃદ્ધ એ પ્રમાણે ત્રણે અવસ્થાઓ જેવી રીતે એક જ દેહને પ્રાપ્ત થાય છે અને જતી રહે છે પરંતુ તે અવસ્થાઓની સાથે દેહ જતો આવતો નથી, તેવી જ રીતે દેહી–આત્માને બીજા દેહની પ્રાપ્તિ થાય છે, એમ સમજીને જ્ઞાની, એ દેહાન્તરપ્રાપ્તિ વિશેના મોહમાં પડતો નથી.] ૧૩

"સમજ કે, શરીર તો એક જ છે, પણ વય પ્રમાણે અનેક ભેદ તેના થાય છે, તે પ્રત્યક્ષ પ્રમાણથી છે.[૮] આ શરીરમાં કૌમાર અવસ્થા હોય છે તે આપણે જોઇએ છીએ, પછી તે તારુણ્ય આવતાં નાશ પામે છે, પણ સાથે શરીર નાશ પામતું નથી.[૯] તેમ જ ચૈતન્યમાં નાના પ્રકારનાં શરીર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે પણ ચૈતન્ય નાશ પામતું નથી, એમ જે જાણે છે, તેને આ ભ્રાંતિથી દુઃખ થતું નથી.[૧૦]

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ १४ ॥

[અર્જુન, માત્રા એટલે ઇંદ્રિયો અને તેમના સ્પર્શ એટલે વિષય–એ વિષયોની સાથે થનારા સંબંધો શીત, ઉષ્ણ, સુખ અને દુઃખ દેનારા છે; તે વિષય સંબંધ ઉત્પત્તિ નાશરૂપ હોવાથી અનિત્ય છે. એટલા માટે હે ભારત! તેમને મિથ્યા સમજીને સહન કર.] ૧૪

"એ ભ્રાંતિ ન જણાવાનું કારણ એ કે, મનુષ્યનું ઇંદ્રિયોને આધીનપણું છે. એ ઇંદ્રિયો અંતઃકરણને વશ છે તેથી જ ભ્રમ થાય છે,[૧૧] અને ઇંદ્રિયો વિષય સેવે છે તેથી તેને હર્ષ શોક ઉત્પન્ન થાય છે; અને તે સુખદુઃખ તેમ જ–હર્ષશોકને માણસ પોતાના માને છે, તેથી તે ભમાઈ જાય છે.[૧૨] જે શબ્દાદિ વિષયને ઠેકાણે એકનિષ્ઠા (એક સ્થિતિ) ન હોવાથી, તેમાં દુઃખ અને કંઇક સુખ પણ ભાસે છે.[૧૩] હવે શબ્દની વ્યાપ્તિથી જો. જો કાને નિંદા સાંભળી તો દ્વેષ ઉપજે છે અને સ્તુતિને સાંભળી તો મનને આનંદ થાય છે.[૧૪] સ્પર્શના મૃદુ અને કઠણ એ બે ગુણ છે, તે ત્વચામાં ભાસવાથી સંતોષ અને ખેદનાં કારણ થાય છે;[૧૫] સુંદર અને કદ્રૂપ એ રૂપનું સ્વરૂપ છે, જે નેત્રના જોવાવડે સુખદુઃખ ઉપજાવે છે;[૧૬] તેમ ગંધના સુગંધ અને દુર્ગંધ એ બે ભેદ છે. તે ઘ્રાણેંદ્રિયના સંગે વિષાદ અને સંતોષ આપે છે;[૧૭] તેમ જ રસનાં બે સ્વરૂપ છે. તે પ્રીતિ અને ત્રાસ ઉપજાવે છે. તેથી વિષય સંગ એ મૂળ સ્વરૂપથી ભ્રષ્ટ કરનાર છે.[૧૮] ઇંદ્રિયોને આધીન છે, તે જ શીતોષ્ણ પામી સુખદુઃખમાં સપડાય છે.[૧૯] જો કે, જે ઇંદ્રિયોનો સ્વભાવ જ એવો છે કે, તેને વિષય સિવાય જગતમાં કંઈ રમ્ય જણાતું નથી.[૨૦] હવે એ વિષય કેવા છે, તો મૃગજળ જેવા; અથવા સ્વપ્નમાં દેખાતા હાથી જેવા છે.[૨૧] હે ધનુર્ધર! આ પ્રમાણે તે અનિત્ય હોવાથી તેને છોડી દે; તેનો સર્વથા સંગ કર નહિ.[૨૨]

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५ ॥

[હે પુરુષશ્રેષ્ઠ! જેને સુખદુઃખ સમાન છે અને જે ધૈર્યયુક્ત છે એવા પુરુષને એ વિષય-સંબંધ બાધા કરી શકતો નથી. તે પુરુષ મોક્ષપ્રાપ્તિ માટે યોગ્ય છે.] ૧૫

“જે પુરુષને વિષય આકર્ષતા નથી, પણ વિષયો તેને સ્વાધીન રહે છે, તેને સુખદુઃખ એમાંનું કાંઇ પણ પ્રાપ્ત થતું નથી. તેને પુનર્જન્મ જ નથી–તેને ગર્ભવાસ ભોગવવો પડતો નથી.[23] હે પાર્થ! જે પુરુષ ઇંદ્રિયોના અર્થ એવા જે વિષયભોગ તેમાં સપડાતો નથી, તેને સર્વથા નિત્ય-રૂપ–અવિનાશી જ સમજ.[24]

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६ ॥

[જે અસત્ એટલે કે મિથ્યા છે, તે કદાપિ સત્ય થવાનું નથી; અને જે સત્ છે તેનો કદાપિ નાશ થવાનો નથી. એ સત્ અને અસત્‌ના પરિણામને તત્ત્વવેત્તાઓએ જાણી લીધેલું છે.] ૧૬

“હે અર્જુન! હવે તને હું, જે વિચારથી પરલોક ઓળખાય તે કહું છું, તે તું સાંભળ.[25] આ ઉપાધિ–જગત્ મધ્યે સર્વવ્યાપક એક ગુપ્ત ચૈતન્ય છે, તેનો તત્ત્વજ્ઞ સદા સ્વીકાર કરે છે.[26] પાણી ને દુધ એવાં એકરસ મળી ગયાં હોય છે કે, તે એક જ દેખાય છે, છતાં રાજહંસ જેમ તેને જૂદા કરી શકે છે;[27] અથવા બુદ્ધિમાન્, અગ્નિમાં હલકી ધાતુ બાળી જેમ ચોખી ધાતુ જૂદી કરે છે;[28] અથવા જ્ઞાનના ચાતુર્યથી દહીં વલોવી નવનીત જૂદું કઢાય છે;[29] અથવા ભૂસુ અને દાણા એકઠા ઝાડકતાં જે ઉડી જાય તે ભૂસુ અને રહે તે દાણા, તે જેમ સહજ સમજાય છે;[30] તેમ વિચારને અંતે પ્રપંચ મિથ્યા જણાય છે. સર્વ ભ્રાંતિ છૂટી જાય છે અને જ્ઞાનીને કેવળ તત્ત્વ, અર્થાત્ એક બ્રહ્મ જ બાકી જણાય છે.[31] તેથી અનિત્ય–અસત્‌માં તેને આસ્તિક બુદ્ધિ–હોવાપણાની બુદ્ધિ થતી નથી, કારણ કે બેઉનો પરિણામ તેણે જાણેલો હોય છે.[32]

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ १७ ॥

[જે ચૈતન્યવડે સર્વ જગત્ વ્યાપેલું છે, તે ચૈતન્ય નાશ પામનારું નથી, એમ માની લે. એવું નાશરહિત જે ચૈતન્ય, તેનો નાશ કરવાને કોઈપણ સમર્થ નથી.] ૧૭

“વળી જો! સારાસારનો–ખરાખોટાનો–સત્ અસત્‌નો–જો વિચાર કીધો તો સહજ જ ભ્રાંતિ નિઃસાર છે અને સાર તે સ્વાભાવિક અવિનાશી છે, તે સ્પષ્ટ સમજાય છે.[33] આ ત્રણ લોકનો આકાર જેનાવડે વિસ્તારને પામ્યો છે, તેનામાં રંગ કે આકાર, નામ કે ચિહ્ન કંઈ જ નથી.[34] તે તો સર્વદા સર્વવ્યાપક છે, જન્મ મરણાતીત છે, તેનો નાશ કરવા જતાં તેનો કદી પણ નાશ થવાનો નથી.[35]

अंतवंत इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ १८ ॥

[નિત્ય, અવિનાશી અને જેનું માપ કરી શકાતું નથી એવા આત્માના જે દેહો તે નશ્વર છે, એમ જ્ઞાનીજનો કહે છે. એટલા માટે હે ભારત! તું યુદ્ધ કર.] ૧૮

હે પાંડુકુમાર! સર્વ શરીર માત્ર જાતિ સ્વભાવે નાશવંત છે, તેથી તું યુદ્ધ કર.[36]

य एनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हंति न हन्यते ॥ १९ ॥

[આત્મા મારનારો છે અને આત્મા મરનારો છે, એમ જેઓ સમજે છે, તે બન્ને અજ્ઞાની છે. કારણ કે એ (આત્મા) કોઈથી મરાતો પણ નથી અને કોઈને મારતો પણ નથી.] ૧૯

તું દેહાભિમાન ધરી શરીરપર જ દૃષ્ટિ રાખે છે, તેથી કહે છે કે, હું મારનાર અને કૌરવો મરનાર છે;[૩૭] પણ હે અર્જુન! તેમાંનો તત્ત્વાર્થ તું જાણતો નથી. તત્ત્વવિચાર કરતાં જણાશે કે, તું વધ કરનારો પણ નથી અને કૌરવો મરનારાએ નથી.[૩૮]

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥
वेदाविनाशिनं नित्यं य ग्नमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥ २१ ॥

[આ આત્મા કદાપિ ઉત્પન્ન થતો નથી અને કદાપિ મરતો પણ નથી; એનો આગળ જન્મ થયો છે અને તેથી એ પુનઃ મૃત્યુ પામશે, એમ પણ નથી. કારણ કે, એ જન્મરહિત, નિત્ય, શાશ્વત અને અનાદિ છે; અને શરીરનો વધ થાય તોપણ એનો વધ થતો નથી. ૨૦ હે પાર્થ! આત્મા અવિનાશી, નિત્ય, જન્મરહિત અને અવિકારી છે, એમ જે જાણે છે, તે પુરુષ આત્માને કેમ કરીને કોઈના હાથે હણાવે અને હણી શકે વારુ? (અર્થાત્ તે હણવાનો પણ નથી અને હણાવવાનો પણ નથી.)] ૨૧

જેમ સ્વપ્નાવસ્થામાં સ્વપ્ન સાચું જણાય છે, પણ જાગ્રતાવસ્થામાં આવતાં ખરેખર કંઈપણ હોતું નથી;[૩૯] તેવી આ માયા અને તેની વ્યર્થ ભ્રાંતિમાં તું પડ્યો છે. જેમ મનુષ્યની છાયાપર તરવાર મારવાથી તે અંગને કાપતી નથી;[૪૦] અથવા પાણીનો ભરેલો કુંભ ઉંધો વળે તો તેમાં પડેલા સૂર્યના બિંબાકારનો નાશ થતો જણાય છે, પણ તેથી ખરા સૂર્યનો નાશ થતો નથી;[૪૧] અથવા બાંધેલા ઘરનું આકાશ, ઘરની એ કૃતિ પ્રમાણે જણાય છે, પણ ઘરનો નાશ થતાં તે સ્વસ્વરૂપે જ રહે છે;[૪૨] તેમ શરીરનો નાશ થતાં, આત્માનો સર્વથા નાશ નથી થતો, તેથી, ભાઈ! એ ભ્રાંતિ તું મનમાં ન આણ.[૪૩]

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥ २२ ॥

[જેવી રીતે પુરુષ જૂનાં વસ્ત્રોને ઉતારી નાંખીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેવી રીતે આત્મા જૂનાં શરીરોને ત્યાગીને નવાં શરીરો ધારણ કરે છે.] ૨૨

મનુષ્ય જેમ જૂનાં થયેલાં વસ્ત્ર ફેંકી દઈ નવાં પહેરે છે, તેમ આ ચૈતન્યનાથ–આત્મા માત્ર એક દેહનો ત્યાગ કરી બીજું શરીર જ સ્વીકારે છે (બીજું કંઈ જ નથી.)[૪૪]

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥ २३ ॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

[એ આત્માને શસ્ત્રો છેદતાં નથી; એને અગ્નિ બાળતો નથી; એને પાણી ભીંજવતું નથી; અને એને વાયુ સૂકવતો નથી. ૨૩ આ આત્મા છિન્ન થવા યોગ્ય નથી, બાળી શકાય તેવો નથી, ભીંજાય તેવો નથી અને સૂકાય તેવો પણ નથી. અર્થાત્ આ આત્મા નિત્ય સર્વવ્યાપક, સ્થિર, અચલ અને ત્રિકાલાબાધિત એટલે કે ત્રણે કાળમાં અવિચલ રહેનારો જ છે.] ૨૪

આ આત્મા જન્મ મરણ રહિત છે, નિત્ય શાશ્વત છે, અનાદિ છે, વિશુદ્ધ છે, ઉપાધિરહિત છે, તેથી શસ્ત્રાદિકથી પણ એનો ઘાત થતો નથી;[૪૫] એ પ્રલયકાળના પાણીથી બૂડતો નથી; અગ્નિથી બળવાનો સંભવ જ નથી; તેમજ વાયુનો મહાશોષણ કરવાનો સ્વભાવ એના પ્રત્યે ચાલતો નથી.[૪૬] હે અર્જુન ! આ (આત્મા) નિત્ય છે–સ્થિર છે-શાશ્વત છે-સર્વત્ર સદા આત્મા પરિપૂર્ણ ભરેલો છે.[૪૭]

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २५ ॥

[એ આત્માને આકાર નથી, (એટલા માટે) ચિત્તવડે તેનું ચિંતન કરી શકાતું નથી; એ વિકારરહિત છે એમ કહેવામાં આવે છે. એટલા માટે આત્મા એવા પ્રકારનો છે, (કોઈ પણ પ્રકારનો નથી) એમ સમજી લીધા પછી આમ શોક કરવો, એ તને યોગ્ય નથી.] ૨૫

હે કિરીટી! તર્કશાસ્ત્રની દૃષ્ટિએ એ દેખાય એવોએ નથી; ધ્યાન એની ભેટને માટે સદા ઉત્સુક હોય છે.[૪૮] હે અર્જુન! આ સદા મનને દુર્લભ, સાધનાથી ન પ્રાપ્ત થાય એવો, પાર ન પમાય એવો તથા પુરુષોમાં (જીવ પ્રાણીમાં) ઉત્તમ છે.[૪૯] આ આત્મા, સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણથી રહિત, અનાદિ, અવિકારી, આકારથી રહિત અને સર્વરૂપ-વસ્તુ માત્રના સ્વરૂપ જેવો છે.[૫૦] હે અર્જુન! આવો હોવાથી તે સર્વવ્યાપક છે, એમ તું જાણ. તેમ જાણવાથી તું શોકરહિત થશે.[૫૧]

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २६ ॥

[હવે, આત્મા નિત્ય ઉત્પન્ન થાય છે અને નિત્ય નાશ પામે છે, એવો જો તારો અભિપ્રાય હોય, તોપણ, અર્જુન, તારે તે વિશે આટલો બધો શોક કરવો યોગ્ય નથી.] ૨૬

અથવા, હે અર્જુન ! એમ ન સમજતાં, તું આત્માને નાશવંત માનીશ તોપણ, શોચ કરવાનું તને કંઈ કારણ નથી.[૫૨] કારણ કે જેમ ગંગાજળનો પ્રવાહ વહે છે તે જેમ અખંડ છે, તે પ્રવાહ પ્રમાણે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ નિત્ય જ છે.[૫૩] જેમ ગંગાનું પાણી ઉત્પન્ન થાય છે અને મૂળમાંથી જ ખંડ ન પડતાં સમુદ્રને જઈ મળે છે અને જ્યારે વહેતી હોય છે ત્યારે મધ્યે પણ દેખાય છે,[૫૪] તેમ આ આત્માની પણ ત્રણ સ્થિતિ છે, તે પાણી માત્રથી કદી પણ છૂટે એમ નથી, એ નક્કી જાણ.[૫૫] તેથી તારે એ સર્વ માટે શોક કરવાનું કારણ નથી; કારણ સ્વભાવતઃ જ અનાદિ એ સૃષ્ટિક્રમ ચાલતો આવેલો છે.[૫૬] હે અર્જુન ! એ તને કદાચ ન સમજાય તો એમ સમજ કે, પ્રાણીમાત્ર જન્મ મરણને આધીન છે.[૫૭] અને તેથી પણ તારે શોક કરવાનું કારણ નથી, કારણ જન્મ અને મૃત્યુ અપરિહાર્ય છે.[૫૮]

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥

[જે જન્મ્યો છે, તે નિશ્ચયપૂર્વક મરણ પામે છે અને જે મરે છે તે અવશ્ય પુનઃ જન્મને પામે છે. એ ઘટનાને ટાળી શકાય તેમ છે જ નહિ. એટલા માટે એ વિશે શોક કરવો તને યોગ્ય નથી.] ૨૭

જે જન્મે તેનો નાશ થશે અને જેનો નાશ તે પુનઃ જન્મશે, એ ઘટિકાયંત્ર પ્રમાણે ચાલુ જ છે;[૫૯] અથવા સૂર્યના ઉદય અને અસ્ત જેમ આપોઆપ અખંડિત થયા જાય છે, તેમ આ જન્મ મૃત્યુ જગતમાં અનિવાર છે.[૬૦] મહાપ્રલય કાળ વખતે આ ત્રૈલોક્યનો પણ સંહાર થાય

છે, એમ આ આદિ અને અંતનો કંઇ પરિહાર થતો નથી.[૬૧] તું જો એમ માનતો હોય, તો પછી ખેદ શું કરવા કરે છે? અને જાણી બુઝીને ગાંડા માફક કેમ વર્તે છે?[૬૨] વળી સાંભળ, હે પાર્થ! ગમે તે રીતે તું વિચાર કરશે, તોપણ તને દુઃખ કરવાનું સર્વથા કંઈ પણ કારણ નથી.[૬૩]

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २८ ॥

[હે ભારત! આ સર્વ ભૂતો મૂળમાં અવ્યક્ત એટલે કે અસ્પષ્ટ સ્થિતિમાં હોય છે; પણ માત્ર વચમાં દેખાય છે અને અંતે પણ અવ્યક્તમાં જ લીન થાય છે. એટલે તેમના વિશે શોક શા માટે કરવો જોઇએ વારુ?] ૨૮

આ સમસ્ત પ્રાણી છે, તે જન્મની પૂર્વે નિરાકાર હોય છે ને જન્મ લીધા સાથે તે આકાર ધારણ કરે છે.[૬૪] તેનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે તે બીજી સ્થિતિને પામતો નથી, એ નિશ્ચિત છે. પણ તે પોતાની પૂર્વ સ્થિતિને જ પામે છે.[૬૫] પરંતુ જન્મ અને મૃત્યુ આ બે અવસ્થાની મધ્યે જે સ્થિતિ ભાસે છે, તે તો જેવું નિદ્રામાં સ્વપ્ન છે, તેવો આ સત્સ્વરૂપનો આકાર માયાને વશ થવાથી, ભાસે છે.[૬૬] અથવા પવનના સ્પર્શથી પાણીમાં જેમ તરંગાકાર દેખાય છે; અથવા આપણા મનગમતા દાગીના તૈયાર કીધા પછી, અજ્ઞાન મનુષ્યને સુવર્ણપર દાગી-નાનો જ ભાસ થાય છે;[૬૭] તે જ પ્રમાણે આ સકળ પ્રાણી ઉત્પન્ન થયાં છે એમ જાણ. જેમ આકાશમાં અભ્રનો ખોટો પડદો ઉત્પન્ન થાય છે,[૬૮] તેમ જે આદિમાં જ નથી તેને માટે તું શું કામ રડે છે? અવિનાશી એક ચૈતન્ય–બ્રહ્મ જ છે, તે જ તું જો.[૬૯] જેને માટે સાધુ સંતો વિષયભોગનો ત્યાગ કરે છે, જેને માટે વિરક્ત થઇને વૈરાગ્યસંપન્ન થાય છે કે વનને સેવે છે;[૭૦] જેનાપર દૃષ્ટિ રાખી મુનીશ્વરો બ્રહ્મચર્ય વ્રત પાળી તપ આચરે છે;[૭૧]

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

[કોઈ આત્મસ્વરૂપને આશ્ચર્યવત્ જુએ છે, કોઈ તેનું આશ્ચર્ય તરીકે વર્ણન કરે છે, કોઈ તેને આશ્ચર્યવત્ સાંભળે છે અને કોઈ તેના ગુણાનુવાદ સાંભળ્યા છતાં પણ તેને ઓળખતા અથવા જાણતા નથી.] ૨૯

જે શુદ્ધ બ્રહ્મને જોતાં જ કેટલાકો અંતઃકરણમાં સ્તબ્ધ થઈ સકળ પ્રપંચને વિસરી જાય છે;[૭૨] ગુણાનુવાદ કરતાં કરતાં કેટલાકના ચિત્તને ઉપરતિ થાય છે, અને પછી છેવટે નિરંતર તેમાં જ તલ્લીન રહે છે;[૭૩] કેટલાક તેનું સ્વરૂપ સાંભળીને જ શાંત થઈ દેહાભિમાન છોડી નિવૃત્ત થઈ જાય છે; અને કેટલાક અનુભવ લઈ તદ્રૂપ થાય છે;[૭૪] અને જેમ સમસ્ત સરિતાનો ઓઘ સમુદ્રમાં જઇ મળે છે, પણ તેમાં ન સમાવાથી કદી પાછો ફરતો નથી,[૭૫] તેમ આ સર્વ યોગીશ્વરોની મતિ, બ્રહ્મ સાક્ષાત્કારમાં જ તદ્રૂપ થઈ જાય છે. તેનો વિચાર કરવાથી કદી પણ પુનર્જન્મ લેવો પડતો નથી.[૭૬]

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ३० ॥

[અર્જુન, સર્વ દેહમાં દેહી જે આત્મા, તે નિત્ય અવધ્ય છે; એટલા માટે સર્વ ભૂતોવિશે શોક કરવો તને યોગ્ય નથી.] ૩૦

જે સર્વત્ર, સર્વાંતર્યામી વ્યાપક છે, જેનો ઘાત કરવા ધારે તોપણ થાય એમ નથી, એવું

એક ચૈતન્ય જ છે, તેમ જ જે આ વિશ્વરૂપ છે તે લક્ષમાં રાખ.૭૭ તેના સ્વભાવ પ્રમાણે આ સર્વ ઘડમાંજ થાય છે; તો તું કહે કે અહીં શોક શા માટે કરવો?૭૮ હે પાર્થ! આ તને કેમ સમજાતું નથી, તે હું સમજતો નથી. પરંતુ આ શોક કરવો, એ સર્વ રીતે નિંદ્ય જ છે.૭૯

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ ३१ ॥

[અથવા સ્વધર્મની દૃષ્ટિથી પણ તને શોક કરવો યોગ્ય નથી; કારણ કે, ધર્મયુદ્ધની પ્રાપ્તિ થવી, એના કરતાં ક્ષત્રિયો માટે બીજું કાંઈ પણ વધારે કલ્યાણકારક નથી.] ૩૧

તું અદ્યાપિ વિચાર કેમ નથી કરતો અને ચિત્તમાં આ તું ભળતું શું લાવ્યો છે કે, જે સ્વધર્મથી મનુષ્ય તરી શકે છે તેને તું વિસરી ગયો છે?૮૦ આ કૌરવનું ગમે તેમ થાય અથવા તારું ગમે તેમ થાય, કે આ યુગ અહીં બૂડે,૮૧ તોપણ એક સ્વધર્મ જે છે તે સર્વથા ત્યાગ કરવો નહીં જ. પણ તેનો ત્યાગ કરવાથી તારા હૃદયમાં જે દયા ઉપજી છે, તેથી શું તું તરી જવા ધારે છે કે?૮૨ હે અર્જુન! તારું ચિત્ત દ્રવીભૂત થયું છે, તે આ સંગ્રામ સમયે કેવળ અનુચિત જ છે.૮૩ અરે! ગાયનું દૂધ ઉત્તમ છે, પણ જેને રોગ થયો હોય તેને તે પીવાની ના પાડી છે, છતાં જો તે દૂધ નવ-જ્વરથી પીડાતાને આપવામાં આવે, તો તે વિષ આપ્યા પ્રમાણે થાય છે.૮૪ તેમ જ અયોગ્ય વખતે અયોગ્ય આચરણ કરવાથી સ્વહિત નાશ પામશે. તેથી હવે તું સાવધ થા;૮૫ વ્યર્થ શોકાકુળ મા થા; અને જે કાર્ય કરવાથી કોઈ કાળે પણ દોષ નથી, તે સ્વધર્મમાં વર્તવાપર લક્ષ દે.૮૬ જેમ સીધે રસ્તે જતાં સર્વથા નુકસાન નથી અથવા દીવાને આધારે ચાલતાં ઠેસ લાગતી નથી,૮૭ તે પ્રમાણે સ્વધર્મમાં ચાલવાથી સકળ કામના પૂર્ણ થાય છે.૮૮ આ પ્રમાણે જોતાં, તમો ક્ષત્રિયો માટે સંગ્રામ સિવાય બીજું કંઈ પણ ઉચિત જ નથી.૮૯ સામસામા લડવા ઉભા રહી નિષ્કપટપણે પરસ્પર યુદ્ધ કરવું, એ ધર્મને તું પ્રત્યક્ષ જાણતો હોવાથી, તને વધારે શું કહેવું વારુ?૯૦

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥ ३२ ॥

[હે પાર્થ! સહજ સ્વભાવે પ્રાપ્ત થયેલો આ યુદ્ધ પ્રસંગ, એટલે તે સ્વર્ગનું ઉઘડેલું દ્વાર જ છે. આવું યુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયોને જ પ્રાપ્ત થાય છે.] ૩૨

હે અર્જુન! આ હમણાનું યુદ્ધ જો! એ તમારું જાણે દૈવત જ, અથવા તમારે માટે જાણે સકળ ધર્મનું ધામ જ પ્રકટ થયું છે.૯૧ એને શું યુદ્ધ કહેવું? ના. યુદ્ધરૂપે એ તો સ્વર્ગ જ, જાણે તારા પ્રતાપે મૂર્તિમાન્ ઉદય થયું છે.૯૨ અથવા તારા ગુણની ખ્યાતિથી આર્ત થઈ-ગાંડી થઈ, કીર્તિકુંવરી તારી સાથે સ્વયંવર કરવા આવી છે.૯૩ જેમ માર્ગે જતાં ચિંતામણિ પગમાં અથડાય, તેમ ક્ષત્રિયો બહુ પુણ્ય કરે, ત્યારે પ્રાપ્ત થનારું આવું યુદ્ધ, તને પ્રાપ્ત થયું છે.૯૪ અથવા બગાસું ખાવા મુખ પહોળું કરે અને તેમાં અચાનક અમૃત પડે, તેમ આ સંગ્રામ તને પ્રાપ્ત થયું છે.૯૫

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३ ॥

[આમ હોવા છતાં જો તું આ ધર્મયુદ્ધનો ત્યાગ કરીશ તો આ લોકમાંની તારી કીર્તિ અને પરલોકના સાધનરૂપ તારા સ્વધર્મનો નાશ થતાં તું મહાપાપભાગી જ થઇશ.] ૩૩

હવે આવું ન મળી શકે તેવું યુદ્ધ તને મળ્યું, ત્યારે આડીતેડી વાતો કરી તેનો શોક કરતાં બેસવું, તે પોતે પોતાની હાનિ કરવા જેવું જ છે.૯૬ આજે રણમાં ન લડતાં, શસ્ત્ર છોડી દેવાં,

એ પૂર્વજોએ મેળવેલું માન ગુમાવવા બરાબર જ છે.[97] એટલું જ નહિ, પણ જો તું યુદ્ધમાંથી વિરામ પામશે તો તારી મેળવેલી કીર્ત્તિ પણ જશે અને સર્વ જગત્ તારી નિંદા કરશે, તેમ જ મહાદોષ તને શોધતા આવશે.[98] જે પ્રમાણે પતિરહિત વનિતા સર્વથા અપમાન પામે છે, તેવી દશા સ્વધર્મ ત્યાગ કરી જીવવાથી થાય છે.[99] અથવા રણમાં શબ પડ્યું, એટલે ચોમેરથી જેમ ગીધ તેને ફાડી ખાય છે, તેમ સ્વધર્મહીન મનુષ્યને લાગતા મોટા દોષો, તેની દુર્દશા કરે છે.[100]

अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणा-तिरिच्यते ॥ ३४ ॥

[અને એમ કરતાં પછીથી સર્વ લોકો તારી અપકીર્ત્તિનાં ગીતો જ ગાશે અને સંભાવિત પુરુષને એ અપકીર્તિ મરણ કરતાં પણ વિશેષ દુઃખકર થઈ પડે છે.] ૩૪

તેથી, તું જો સ્વધર્મ છોડશે તો તને મોટું પાપ લાગશે અને કલ્પાંત પર્યંત તારો અપયશ જશે નહીં.[1] અપકીર્ત્તિનો ડાઘ લાગ્યો ન હોય ત્યાં સૂધી જ શાણા માણસનું જીવવું છે. તો હવે કહે, આમાંથી કેમ નીકળાય ને ક્યાં જઈ રહેવાય ?[2] તું તો ખરેખર નિર્મત્સર અને સદય અંતઃકરણથી પાછો હટી જશે, પણ તે વાર્ત્તા વેરીઓમાં મનાશે નહીં.[3] તેઓ તો તને ચારે બાજુથી ઘેરી લઈ બાણ મારશે અને તે વખતે કૃપાળુપણાથી તારો છૂટકો થશે નહીં.[4] કદાચિત્ આટલું કરવાથી તું પ્રાણસંકટમાંથી છૂટી જઇશ, તોપણ, હે તાત! એવું જીવવું તે કરતાં મરવું ભલું.[5]

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥ ३५ ॥

[આ સર્વ મહારથીઓ, તું ભયથી જ રણક્ષેત્રમાંથી ન્હાસી ગયો છે, એમ જ માનશે. એટલે પછી તારું અત્યારે જે એમનામાં ગૌરવ છે તે ગૌરવનું લાઘવ (હાનિ) થઈ જશે.] ૩૫

વળી આ વાતનો તેં જરા પણ વિચાર જ કીધો નથી. અહીં તું મોટા ઠાઠમાઠથી લડવા આવ્યો છે અને પછી દયાને લીધે જો કે લડ્યા વગર તું પાછો જશે;[6] તોપણ, હે અર્જુન! આ તારા વેરી દુર્જન કૌરવોને તે ખરું લાગશે કે? એ કહે જોઇએ.[7]

अवाच्यवादांश्च बहून्वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ ३६ ॥

[તારા સામર્થ્યની નિન્દા કરીને તારા શત્રુઓ ન બોલાવાં જોઇએ તેવાં અનેક દુર્ભાષણો તારા સંબંધમાં બોલશે. એના કરતાં વધારે દુઃખકારક તે બીજું શું હોઈ શકે વારુ?] ૩૬

તે તો કહેશે એમ જ કે, "અર્જુન અમારાથી બ્હીને પલાયનમઃ કરી ગયો! નાઠો રે, નાઠો!" આવો આરોપ તારાપર તે શું સારો છે કે?[8] હે ધનુર્ધર! બહુબહુ પ્રયાસ કરી, જરૂર પડે તો જીવ આપીને પણ આવી કીર્ત્તિ-યુદ્ધયશ-લોક સંપાદન કરે છે.[9] તેવી કીર્ત્તિ-અનુપમેય ને નિષ્પ્રતિબંધ કીર્ત્તિ તને અનાયાસ, ન સમજતાં મળી છે. જેમ આ ગગન અદ્વિતીય છે,[10] તેમ તારે વિષે કીર્ત્તિ નિઃસીમ, નિરુપમ છે. ત્રણે લોકમાં તારા ગુણ ઉત્તમ ગણાય છે.[11] દેશ દેશના રાજા, ભાટ થઈ તારાં વખાણ કરે છે, તારું નામ સાંભળી યમાદિક સુદ્ધાં બ્હીયે છે.[12] સાંભળ! આ રીતે તારી કીર્ત્તિનો મહિમા ગંગાના પાણી પ્રમાણે નિર્મળ અને ગહન છે, અને તે કીર્ત્તિ સાંભળીને, મોટા મોટા સુભટો પણ દિંગ થઈ જાય છે.[13] આ સમસ્ત લડનારાઓ, એ તારા અદ્ભુત પરાક્રમનો મહિમા સાંભળી, કૌરવો જીવ ઉપર અતિ વિરક્ત થઈ ગયા છે.[14] જેમ સિંહની ગર્જના

મદોન્મત્ત હાથીને પણ પ્રલયકાળ જેવી લાગે છે તેમ આ સર્વ કૌરવને તારો ભય લાગે છે.[15] જેમ પર્વત વજ્રને અને જેમ સર્પ ગરુડને માને છે, તેમ આ કૌરવો તું અર્જુનને ગણે છે.[16] તે પછી જો તું ન લડતાં પાછો જશે, તો તારી કીર્તિ નાશ પામી, તને હીનત્વ પ્રાપ્ત થશે.[17] અને કદાચ તું નાસી જશે, પણ તને આ તારા શત્રુઓ નાસવા કેમ દેશે? તે તો તને પકડી તારી ફજેતી કરશે; તને ન ગણતાં, તને સંભળાય એમ તારી નિંદા તારા મ્હોંપર જ કરશે.[18] તે મર્મભેદક શબ્દ સાંભળીને તારું હૃદય વિદીર્ણ થાય, એના કરતાં અત્યારે જ શૌર્યથી યુદ્ધ શાને ન કરવું વારુ? જો એમને તું જિતશે તો તું પૃથ્વીનું રાજ્ય ભોગવશે.[19]

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥

[જો તું યુદ્ધમાં મરણ પામીશ તો તને સ્વર્ગની પ્રાપ્તિ થશે અને જો તું યુદ્ધમાં વિજય મેળવીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ; એટલા માટે, હે અર્જુન ! યુદ્ધ માટેનો નિશ્ચય કરીને ઉઠ.] ૩૭

અથવા રણમાં યુદ્ધ કરતાં દેહ પડશે–જીવ જશે તો પણ તને નિરામય એવું સ્વર્ગસુખ સહજ મળશે.[20] તેથી હે કિરીટી! બીજી વાતનો વિચાર કરી બેસી ન રહે, પણ હાથમાં ધનુષ્ય લઇને ઉઠ અને જલદી યુદ્ધનો આરંભ કર.[21] સ્વધર્મના આચરણથી જો દોષ હોય તો તે પણ જતા રહે છે, તો પછી તારા ચિત્તમાં પાતકની ભ્રાંતિ કયાંથી આવી?[22] બોલ, નાવમાં બેસનાર શું બૂડશે? સરળ માર્ગે જતાં શું ઠોકર વાગશે? કદાચિત્ કેમ ચાલવું, એની જેને ખબર ન હોય, તે પડે.[23] *અમૃતનું પાન કરવાથી જેવી રીતે મરણ થતું નથી, પણ જો વિષની સાથે તેનું સેવન કરે તો તેથી તે પીનાર મરી જાય છે, તેમ સ્વધર્મમાં પણ જો ફળની આશા રાખી કંઈ કરીએ તો દોષ લાગે છે,[24] એટલા માટે, હે પાર્થ! ક્ષાત્રવૃત્તિ પ્રમાણે યુદ્ધ કરવામાં લેશ પણ પાતક નથી.[25]

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥

[સુખ દુઃખ, લાભ હાનિ, જય અને પરાજય એ સર્વને સમાન માનીને યુદ્ધ માટે તૈયાર થા; એટલે એથી તને કદાપિ પાપ લાગવાનું નથી.] ૩૮

સુખમાં સંતોષ ન માનવો, દુઃખમાં વિષાદ ન માનવો અને લાભ અલાભ મનમાં ન આણવો,[26] આમાં વિજય મળશે કે પ્રાણ જશે તેનો આગળથી વિચાર કરતાં બેસવું નહીં;[27] આપણને સ્વધર્મમાં જ પ્રવર્ત્તવું એ ઉચિત છે, પછી તેમાં જે પ્રાપ્ત થાય તે શાંત રીતે સહન કરવું.[28] એ પ્રમાણે મન વર્તે, એટલે સ્વાભાવિક જ દોષ લાગશે નહીં. તેથી હવે તું ભ્રાંતિ છોડી યુદ્ધ કર.[29]

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्धया युक्तो यया पार्थ कर्मबंधं प्र.ास्यसि ॥ ३९ ॥

---

* અમૃત એક શ્રેષ્ઠ અને અદ્ભુત ગુણકારી પદાર્થ છે અને વિષ એક ક્ષુદ્ર પદાર્થ છે. એટલે વિષના દોષનો અમૃતવડે નાશ થવો જોઇએ, પણ અમૃતના ગુણનો વિષથી નાશ થવો જોઇએ નહિ. એ પ્રમાણે લૌકિક દૃષ્ટિથી વિચાર કરતાં ઉપરના વાકયમાં વિરોધ ઉત્પન્ન થાય છે. એટલા માટે 'વિષની સાથે' એનો અર્થ 'અમૃત ઉપર વિષની ભાવના કરવાથી' એ પ્રમાણેનો કરવો જોઇએ. એટલે કે "અમૃતનું જો વિષની ભાવનાથી સેવન કરવામાં આવે તો મરણ આવે છે" એ વિધાન સયુક્તિક દેખાય છે. સાખરે મહારાજે અહીં અમૃતનો અર્થ 'દૂધ' કરેલો છે અને અમને પણ તે વધારે સયુક્તિક દેખાય છે. પણ મૂળમાં 'અમૃત' શબ્દ હોવાથી અમૃત શબ્દ રાખ્યો છે. પરંતુ જો તેનો અર્થ 'દૂધ' સ્વીકાર કરવામાં આવે, તો આટલા ખંડન મંડનની કડાકૂટ કરવાની જરૂર રહેતી નથી.

[હે પાર્થ! અત્યારલગી તને સાંખ્યબુદ્ધિ (પરમાર્થ શાસ્ત્રમાંનું જ્ઞાન) કહી સંભળાવી, હવે કર્મયોગ વિશેની જે બુદ્ધિ કે જેના યોગે કર્મબંધનો નાશ થાય છે, તે સાંભળ.] ૩૯

અહીં સૂધી તને સાંખ્ય સ્થિતિ (જ્ઞાનયોગ) સંક્ષેપે કહી, હવે બુદ્ધિયોગ (કર્મનો જ્ઞાન સાથે સંબંધ-નિષ્કામ કર્મયોગ) નિશ્ચિતપણે કહું છું, તે તું સાંભળ.[૩૦] હે પાર્થ! જે બુદ્ધિયોગને પ્રાપ્ત થયો છે, તેને કર્મબંધ સર્વથા બાંધી શકતો નથી.[૩૧] જેમ વજ્રનું કવચ પહેર્યા પછી શસ્ત્રની વૃષ્ટિ સહન કરવા છતાં વિજયી પુરુષનો વાળ પણ વાંકો થતો નથી તેમ.[૩૨]

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥

[એ બુદ્ધિયોગમાં આરંભેલાં કર્મ વચ્ચે જ અટકી પડ્યાં હોય તો થયેલાં કર્મોનો નાશ થતો નથી અને તેને અડચણ કિંવા સંકટ આવતું નથી; અને એ ધર્મના અલ્પ સ્વલ્પ અનુષ્ઠાનથી પણ મોટા ભયમાંથી રક્ષણ થઈ શકે છે.] ૪૦

જે કર્મ યોગથી પૂર્વે કહેલો જ્ઞાનયોગ સ્પષ્ટ દેખાય છે, તેમાં ઐહિક સુખ નષ્ટ થતું નથી ને મોક્ષમાં બાધ નડતો નથી.[૩૩] કરવાની રીતિ પ્રમાણે સર્વ કર્મ કરવાં, પણ કર્મ ફળપર દૃષ્ટિ ન રાખવી. જેમ મંત્રજ્ઞ, ભૂતના બંધનથી બંધાતો નથી,[૩૪] તેમ (કર્મ ફળપર આસક્તિ ન રાખતાં નિરભિમાન બુદ્ધિથી કર્મ કરનારને) પરિપૂર્ણ સુબુદ્ધિ પ્રાપ્ત થઈ, એટલે તેને જન્મ મરણની ઉપાધિ હોય તો તે પણ બાધ કરી શકતી નથી.[૩૫] અને જે બુદ્ધિને પુણ્ય પાપ બાધ કરી શકતાં નથી, જે અતિ સૂક્ષ્મ અને નિશ્ચળ છે, જેમાં સત્વ, રજ અને તમ–ગુણત્રયાદિનો સ્પર્શ લાગી શકતો નથી.[૩૬] આવી જે બુદ્ધિ, હે અર્જુન! પુણ્યને વશ થઈ, હૃદયમાં અલ્પ પણ પ્રકાશશે તો તેથી અશેષ સંસારના ભયો નાશ પામશે.[૩૭]

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥

[હે અર્જુન! એ કર્મયોગમાં નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ છે અને અનિશ્ચિત પુરુષોની બુદ્ધિ એ અનંત ભેદોવડે યુક્ત અને અનંત હોય છે.] ૪૧

જેમ દીવાની જ્યોતિ નાની હોવા છતાં પુષ્કળ પ્રકાશ આપે છે તેમ સુબુદ્ધિને તે અલ્પ હોય તોય તેવી અલ્પ કહેવી નહીં.[૩૮] હે અર્જુન! વિચાર કર. શૂર પુરુષો–જ્ઞાની–જે સદ્વાસનાની બહુ રીતે અપેક્ષા કરે છે, તે સદ્‌બુદ્ધિ પ્રાણીમાત્રને દુર્લભ છે.[૩૯] જેમ દૈવયોગે જ્યાં ત્યાં પથરા (અને વિષ) પુષ્કળ મળે છે, પણ પારસમણિનો કટકો અથવા અમૃતનો એક ઘુંટડો મળતો નથી,[૪૦] તેમ પરમેશ્વરની કૃપા હોય છે તેને જ સુબુદ્ધિ મળે છે. જેમ ગંગાને સમુદ્ર જ છેવટનું સ્થાન છે, તેમ સુબુદ્ધિનો પરમાત્મા અવધિ છે.[૪૧] હે અર્જુન! ઈશ્વર સિવાય બીજું જેને પ્રાપ્ત કરવું નથી એવી એ એક જ બુદ્ધિ, જગતમાં છે,[૪૨] બાકીની (બધી) દુર્મતિ છે–જે બહુધા વિકાર પામેલી હોવાથી, તેમાં અવિવેકી જ રમણ કરે છે![૪૩] તેથી હે પાર્થ! તેવા લોકોને સ્વર્ગસુખ, સંસાર અને નરકાવસ્થા જ પ્રાપ્ત થાય છે; પણ તેને કદાપિ આત્મસુખ–સ્વરૂપનંદ પ્રાપ્ત થતું નથી.[૪૪]

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥

[હે અર્જુન! કેવળ વેદોના અર્થવાદમાં જ નિમગ્ન થયેલા જે અવિચારી લોકો, કર્મવિના બીજું કાંઈ પણ નથી, એવી બહારથી મનોહર ભાસનારી પુષ્પિતવાણી બોલે છે;] ૪૨

જે વેદના આધારે બોલી કેવળ કર્મની પ્રતિષ્ઠા કરે છે, પણ કર્મફળમાં આસક્તિ રાખે છે,[૪૫] તે કહે છે કે, સંસારમાં જન્મી, યજ્ઞાદિક કર્મ કરી, પછી આહ્લાદદાયક સ્વર્ગસુખ ભોગવો.[૪૬] હે અર્જુન! આ લોકમાં એ સિવાય સર્વથા સુખ જ નથી, એમ એ દુર્બુદ્ધિ કહે છે.[૪૭]

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥

[તે વિષય ભોગોવિશે તત્પર અને સ્વર્ગ મેળવવાની જ ઇચ્છાવાળા પુરુષ, જન્મ અને કર્મરૂપ ફળ આપનારી અને જેમાં પુષ્કળ કર્મો કહેલાં છે એવી વેદવાણીના આધારે, ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે જ આચરણ કરે છે.] ૪૩

તેઓ કેવળ ભોગમાં ચિત્ત દઈ સહેતુકપણે કર્મનું આચરણ કરે છે,[૪૮] તે બહુ બહુ પ્રકારે અનુષ્ઠાનાદિ કરે છે, વિધિ લોપતા નથી; પરન્તુ ધર્મમાં નિપુણ થઈ આચરણ કરે છે.[૪૯]

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४ ॥

[(એવા પ્રકારે) ભોગ અને ઐશ્વર્યમાં તત્પર અને જેમનું ચિત્ત મારી પુષ્પિત વાણીને વશ થયેલું છે, તેમના અંતઃકરણમાં આત્મતત્ત્વવિષયક કિંવા કર્મયોગ વિષયક બુદ્ધિ જ હોતી નથી.] ૪૪

પરંતુ તેમાં એક જ દોષ છે. તેઓ સ્વર્ગની ઇચ્છા મનમાં રાખે છે, યજ્ઞભોક્તા જે ઈશ્વર તેને વિસરી જાય છે.[૫૦] જેમ કપુરનો ઢગલો કરી તેમાં અગ્નિ લાવી મૂકવો અથવા મિષ્ટાન્નમાં કાળકૂટનો સંચાર કરવો;[૫૧] અથવા દૈવયોગે અમૃતકુંભ મળે અને તેને લાત મારી ઉંધો વાળી નાંખવો, તેમ ફળપ્રાપ્તિના હેતુથી પ્રાપ્ત થયેલા ધર્મને લોકો હાથે કરીને નષ્ટ કરી નાંખે છે.[૫૨] મોટા શ્રમે પુણ્ય સંપાદન કર્યા પછી, સંસારની અપેક્ષા શું કામ કરવી? પણ જે અજ્ઞાની છે તે એથી બીજું શું કરે? તેને બીજું પ્રાપ્ત થાય એવું દેખાતું જ નથી.[૫૩] જેમ કોઈ સ્વયંપાક કરનાર નાના પ્રકારની ઉત્તમ રસોઈ કરી તે અન્ન, દ્રવ્યની લાલચે વેચે, તેમ અવિવેકી પુરુષ, સુખોપભોગ સારુ ધર્મને ગુમાવે છે.[૫૪] તેમ, હે અર્જુન! વેદના અર્થવાદમાં નિમગ્ન રહેલા પુરુષોના મનમાં સર્વથા દુર્બુદ્ધિ વસે છે, એમ જ જાણ.[૫૫]

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥

[હે અર્જુન! વેદોમાં સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનું પ્રતિપાદન કરેલું છે. એટલા માટે તું ગુણાતીત થા; હું અને મારું, એ દ્વંદ્વને ત્યાગી દે; નિત્ય શુદ્ધ સત્ત્વગુણવડે સ્થિર થા; યોગ ક્ષેમ એટલે કે અન્ન અને વસ્ત્ર કેવી રીતે અને ક્યાંથી મળશે, એની ચિંતાનો ત્યાગ કર; અને આત્મસ્વરૂપમાં ચિત્તની સ્થિતિ કર.] ૪૫

વેદ નિઃસંશય ત્રણ ગુણોથી ભરેલા છે. ઉપનિષદાદિ સમસ્ત શાસ્ત્રો સાત્વિકમાં ગણાય છે.[૫૬] હે ધનુર્ધર! બીજાં શાસ્ત્ર, જેમાં કર્મ ઉપાસનાનું નિરૂપણ કર્યું છે, તે રજતમાત્મક છે—જેમાં કેવળ સ્વર્ગસૂચક કર્માદિકનું જ નિરૂપણ છે,[૫૭] તેથી તે સુખ દુઃખના કારણ છે, એમ

તું નક્કીપણે જાણ. તેમાં તારા અંતઃકરણને પેસવા દેતો ના.[૫૮] તું ત્રણે ગુણની ત્રિપુટીનો ત્યાગ કરી દે, હું અને મારું ભૂલી જા, અને એક આત્મસુખનો જ અંતરમાં વિચાર રાખ.[૫૯]

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥

[અલ્પ જલસમુદાયમાં જે સ્નાન પાન આહ્નિક કાર્યો કષ્ટપૂર્વક થાય છે, તે સર્વ કાર્યો મોટા જલાશયમાં અનાયાસ થઈ જાય છે. તેવી જ રીતે, સર્વ વેદોમાંનું કષ્ટસાધ્ય જે ફળ, તે બ્રહ્મજ્ઞાનીને અનાયાસે જ પ્રાપ્ત થાય છે.] ૪૬

વેદમાં જો કે પુષ્કળ કહ્યું છે, વિવિધ ભેદ દેખાડ્યા છે, છતાં આપણા હિતનું જ આપણે તેમાંથી સ્વીકારવું.[૬૦] જેમ સૂર્યોદય થતાં સર્વ માર્ગ દેખાય છે, તેથી તે બધે રસ્તે આપણે ચાલવાનું છે કે શું? તે મને કહે.[૬૧] પૃથ્વીપર સઘળે જળમય થઇ જાય, તોપણ આપણે આપણી તરસ છીપાય એટલું જ લઇએ છીએ;[૬૨] તેમ જે જ્ઞાની છે, તે વેદાર્થનો વિચાર કરી, જે ઇચ્છિત અને શાશ્વત હશે, તે જ સ્વીકારશે.[૬૩]

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७ ॥

[હે અર્જુન! તું કર્મનો જ અધિકારી છે; ફળનો અધિકારી કદાપિ થઇશ નહિ અને કર્મના ફળની ઇચ્છા માત્ર પણ ધારણ કરીશ નહિ; તેમજ કર્મ કરવા વિશે તું આગ્રહ પણ ધરીશ નહિ.] ૪૭

તેથી હે પાર્થ! સાંભળ. આ સર્વ વિચાર કરતાં તને આ સ્વકર્મ જ ઉચિત છે કે તારે યુદ્ધ કરવું.[૬૪] મને બહુ બહુ વિચાર કરી જોતાં એ જ મનમાં આવે છે કે તારે તારું કર્ત્તવ્ય કર્મ છોડવું નહીં.[૬૫] પરંતુ કર્મફળની આશા ન કરતાં અને નિષિદ્ધ કર્મની સંગતિ ન કરતાં, કર્મના ફળની ઇચ્છા નહિ કરી, તારે આ સત્ક્રિયાનું જ આચરણ કરવું.[૬૬]

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८ ॥

[હે ધનંજય! ઈશ્વરાર્પણ કર્મમાં સ્થિર થઇને કર્મના કર્ત્તાપણાના અભિમાનને અને ફળની ઇચ્છાને ત્યાગીને જ કર્મ કર. આરંભેલાં કર્મ પૂરાં થાય અથવા ન થાય તો તે માટે હર્ષ કે શોક માનીશ નહિ. સુખ અને દુઃખમાં સમતા હોવી, એને જ યોગ કહેવામાં આવે છે.] ૪૮

હે અર્જુન! તારે યોગયુક્ત (નિષ્કામ) થઇને ફળની ઇચ્છાનો ત્યાગ કરવો અને મન લગાડીને કર્મો કરવાં.[૬૭] પરંતુ દૈવયોગથી જો આરંભેલાં કર્મો પૂર્ણ થઈ જાય, તો તેથી સંતોષ કે આનંદ ન માનવો;[૬૮] અથવા કોઈ પણ કારણને લીધે તે કર્મો સિદ્ધ ન થતાં તેમનાં તેમ જ રહી જાય, તો તેથી અસંતોષ માનીને ત્રાસી પણ ન જવું.[૬૯] કરેલાં કર્મો જો સંપૂર્ણ થાય, તો તો જાણે ખરેખરે તેમનો ઉપયોગ જ થયો; પણ કદાચિત્ કાંઇ વિઘ્ન આવી પડવાથી તે અપૂર્ણ રહી જાય, તોપણ તે સફળ થયેલાં છે, એમ જ સમજ.[૭૦] કારણ કે, જેટલાં કર્મ થયાં હોય તે સર્વ ઈશ્વરને અર્પણ કરી દેવાં અને એમ કરવાથી તે કર્મોને સહજ પૂર્ણ થયેલાં સમજવાં.[૭૧]

વળી સારાં અને નઠારાં ઉભય પ્રકારનાં કર્મોમાં મનોધર્મ એક સરખો જ રહે, એને જ ઉત્તમ જનો યોગસ્થિતિના નામથી ઓળખે છે.[૭૨]

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५० ॥

[હે અર્જુન! ઈશ્વરને અર્પણ કરવાના હેતુથી કરેલાં કર્મ કરતાં ફળના હેતુથી કરેલું કર્મ બહુ જ ઓછી યોગ્યતાવાળું છે. એટલા માટે બુદ્ધિયોગને શરણે જા. કર્મના ફળની ઇચ્છા કરનારા કંગાલ જ હોય છે. ૪૯ બુદ્ધિયોગયુક્ત પુરુષ, કર્મનાં ફળો જે પાપ અને પુણ્ય તેમના બંધનથી આ લોકમાં જ મુક્ત થાય છે. એટલા માટે સમત્વરૂપ બુદ્ધિયોગને સાધ્ય કરી લે. ઈશ્વરને કર્મ અર્પણ કરી દેવામાં જ કર્મનું કૌશલ્ય રહેલું છે.] ૫૦

હે અર્જુન! જ્યાં મન (ક્રિયા) અને બુદ્ધિ (જ્ઞાન) નું ઐક્ય છે, ત્યાં જ ચિત્તની સમતા રહી શકે છે અને એ જ યોગનો સાર છે.[૭૩] હે પાર્થ! એ બુદ્ધિયોગ અને કર્મયોગની તુલના કરતાં એ (અહંકારયુક્ત અને ફલેચ્છા સહિત) કર્મયોગ બહુ જ ઓછી યોગ્યતા ધરાવનારો છે, એમ વિચારને અંતે જણાઈ આવે છે.[૭૪] પરંતુ તે કર્મોનું આચરણ કરવાથી જ એ બુદ્ધિયોગ સાધ્ય થાય છે અને એવી રીતે કર્મની સિદ્ધિ થતાં તે અવસ્થાને યોગસ્થિતિના નામથી ઓળખવામાં આવે છે.[૭૫] એટલા માટે, હે અર્જુન! બુદ્ધિયોગ જ શુદ્ધ પાયો છે અને તેથી તું તેમાં જ તારા મનને સંલગ્ન કર. પરંતુ મનમાં ફળ પ્રાપ્તિની આશા કરીશ નહિ.[૭૬] જેની બુદ્ધિ યોગમાં પ્રવૃત્ત થયેલી હોય છે, તેઓ જ માત્ર પાર પડી જાય છે; અને પાપ તથા પુણ્ય ઉભયના બંધનમાંથી છૂટી જાય છે.[૭૭]

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः
जन्मबंधविनिर्मुक्ताः पदं गच्छंत्यनामयम् ॥ ५१ ॥

[એટલા માટે, સમત્વ બુદ્ધિયુક્ત પુરુષો જ્ઞાની થઇને કર્મ ફળની આશાનો ત્યાગ કરી તેમ જ જન્મબંધથી મુક્ત થઇને, સર્વ ઉપદ્રવોથી રહિત એવા (પરબ્રહ્મ) પદને પ્રાપ્ત થાય છે.] ૫૧

હે અર્જુન, જેઓ જો કર્મ કરે, તોપણ તે કર્મોના ફળની તેઓ ઇચ્છા રાખતા નથી, એથી તેમની જન્મ મરણની યાતનાઓ સર્વથા ટળી જાય છે.[૭૮] હે ધનુર્ધર! એ પછી તેઓ બુદ્ધિયોગ યુક્ત થઇને બ્રહ્માનન્દથી છલાછલ ભરેલા અવિનાશી પદને પ્રાપ્ત થાય છે.[૭૯]

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितारिष्यति ।
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥

[જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી પાતકને ઉલ્લંઘી જશે, ત્યારે જ તું, તેં જે સાંભળેલું છે અને તારે જે સાંભળવાનું છે તેનાથી વિરક્ત થઇશ.] ૫૨

જ્યારે તું આ મોહનો ત્યાગ કરીશ, ત્યારે જ તે (બ્રહ્મત્વની) સ્થિતિને પ્રાપ્ત થઇશ અને તારા મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થશે.[૮૦] એથી, તને નિર્દોષ અને ગહન આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે અને ત્યાર પછી તારું મન પોતાની મેળે જ તૃપ્ત થઈ જશે;[૮૧] તારા મનની એવી સ્થિતિ થયા પછી ભવિષ્યના વિચારો અને ગત કાળના સ્મરણો સર્વ પ્રકારે પોતપોતાને ઠેકાણે જ રહી જશે.[૮૨]

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥

[વેદમાંનાં નાના પ્રકારનાં વાક્યોનું શ્રવણ કરીને ગોટાળામાં પડી ગયેલી તારી બુદ્ધિ જ્યારે આત્મામાં સ્થિર થશે ત્યારે જ તું યોગને પ્રાપ્ત કરીશ.] ૫૩

જે બુદ્ધિ ઇંદ્રિયોના સંગથી ચંચળ થાય છે, તે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી સહજમાં જ સ્થિર થઈ જાય છે.[૮૩] સમાધિના સુખમાં જ્યારે તારી બુદ્ધિ સ્થિર થશે, ત્યારે જ તને સર્વ યોગસ્થિતિ સાધ્ય થશે.[૮૪]

अर्जुन उवाच–स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४ ॥

[અર્જુને કહ્યું:–હે કેશવ! જેની બુદ્ધિ સ્થિર થઇને યોગસ્થ થયેલી છે, તેને લોકો શું કહે છે? તે બોલે છે કેવી રીતે? તે હોય છે કેવો? અને તે કેવી રીતે ચાલે છે?] ૫૪

તે સમયે અર્જુને કહ્યું કે;–"હે શ્રીકૃષ્ણ! હે કૃપાનિધે! હું આ વિષેનો જે વધારે ખુલાસો પૂછું, તે કૃપા કરીને મને કહો."[૮૫] એ પછી શ્રીકૃષ્ણ કહે છે કે;–"હે અર્જુન! જે તને પોતાના સંતુષ્ટ મનથી યોગ્ય લાગે તે આનંદથી પૂછ."[૮૬] શ્રીકૃષ્ણના એમ કહેવાથી અર્જુન શ્રીકૃષ્ણને ઉદ્દેશી કહેવા લાગ્યો કે;–"સ્થિતપ્રજ્ઞ (જેની બુદ્ધિ સ્થિર છે તે) કોને કહેવો અને તેને ઓળખવો કેવી રીતે, એ સ્પષ્ટ કરીને કહો.[૮૭] જેને સ્થિરબુદ્ધિ કહેવામાં આવે છે અને જે નિરંતર સમાધિ સુખ ભોગવે છે, તેને કયાં ચિહ્નોવડે ઓળખવો?[૮૮] હે દેવ! હે લક્ષ્મીવલ્લભ! તે કઈ સ્થિતિમાં હોય છે અને કયા રૂપથી વર્તન કરે છે, એ કૃપા કરીને મને જણાવો."[૮૯] એટલે ષડ્ગુણૈશ્વર્ય સંપન્ન, સર્વ ગુણોના અધિષ્ઠાન અને પરબ્રહ્માવતાર ભગવાન્ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;–[૯૦]

श्रीभगवानुवाच–प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥

[શ્રીકૃષ્ણે કહ્યું:–હે અર્જુન! જ્યારે મનમાંની સર્વ વાસનાઓને નિઃશેષ કાઢી નાંખીને આત્મસમાધાનવડે મનુષ્ય પોતામાં જ સંતુષ્ટ થાય, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.] ૫૫

શ્રી ભગવાન્ કહે છે;–હે અર્જુન! સાંભળ. મનમાંની જે બલવતી ઇચ્છા, તે આત્મસુખના માર્ગમાં વિઘ્ન ઉપસ્થિત કરે છે.[૯૧] જે સર્વદા તૃપ્ત હોઇને જેનું અંતઃકરણ આત્મજ્ઞાન વડે ભરેલું છે અને જેના યોગે વિષયોમાં પડી જવાનો સંભવ છે;[૯૨] તે કામની જેના મનમાંથી પૂર્ણ નિવૃત્તિ થતાં જેનું મન આત્મસંતોષમાં એટલે કે સ્વાનંદમાં રમમાણ હોય છે, તે જ પુરુષ સ્થિરબુદ્ધિ છે, એમ જાણવું.[૯૩]

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥

[જેનું મન દુઃખપ્રાપ્તિથી ખેદ પામતું નથી અને સુખની જેને ઇચ્છા હોતી નથી, એટલે કે, કામ, ક્રોધ અને ભય એ વિકારો જેના અંતઃકરણમાંથી ચાલ્યા ગયેલા છે, એવા જે મુનિ તેને સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે.] ૫૬

નાના પ્રકારનાં દુઃખો પ્રાપ્ત થયેલાં છતાં જેના મનમાં ત્રાસ ઉત્પન્ન થતો નથી અને જે સુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો નથી;[94] તે સત્પુરુષના અંતઃકરણમાંથી, હે અર્જુન! કામ અને ક્રોધ સહજ રીતેજ લુપ્ત થયેલા હોય છે અને તે પૂર્ણ અવસ્થાને પહોંચેલો પુરુષ, ભયના નામ માત્રને પણ જાણતો નથી.[95] એવી રીતે સંસારનો ત્યાગ કરીને જે કેવળ ભેદરહિત થયેલો હોય છે, તેજ પુરુષ સ્થિરબુદ્ધિ છે, એમ સમજવું.[96]

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥

[સર્વ વિષયોમાંથી જેની મમતા નષ્ટ થયેલી છે અને જેને સારા અથવા નઠારા વિષયો પ્રાપ્ત થતાં, તેમનાથી સુખ કિંવા દુઃખ થતું નથી, તેની જ બુદ્ધિ સ્થિર થયેલી છે એમ સમજવું.] ૫૭

પૌર્ણિમાનો ચંદ્ર જેવી રીતે સારા અને નઠારા લોકોને એક સરખો જ પ્રકાશ આપે છે, તેજ પ્રમાણે જે સર્વ સાથે સદાસર્વદા એક સરખું જ વર્તન રાખે છે;[97] જેનામાં અખંડ સમતા અને પ્રાણી માત્ર વિશેની દયાનો નિવાસ હોય છે અને જેના ચિત્તની સ્થિતિ કદાપિ બદલાતી નથી;[98] કાંઇ પણ સારી વસ્તુ પ્રાપ્ત થવાથી તેના સંતોષવડે જેને ગર્વ થતો નથી અને નઠારી વાતથી જેને દુઃખ થતું નથી,[99] એવો જે પુરુષ, હર્ષશોકથી રહિત અને આત્મવિચારમાં જ નિમગ્ન રહેનારો હોય છે, તેજ, હે અર્જુન! સ્થિરબુદ્ધિ–પ્રજ્ઞ છે, એમ જાણી લે.[100]

यदा संहरते चायं कूर्मोऽगानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥

[જેવી રીતે કાચબો પોતાના અવયવોને પોતાની ઇચ્છા પ્રમાણે સંકોચી લે છે, તેવી રીતે સર્વ વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી ખેંચી લઇને મનુષ્ય જ્યારે પોતાના તાબામાં રાખે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર થયેલી કહેવાય છે.] ૫૮

કિંવા, જેવી રીતે કાચબો જ્યારે આનંદમાં હોય છે ત્યારે પોતાના હાથ અને પગોને પસારે છે અને ઇચ્છા થાય ત્યારે તેમને સંકોચી લે છે.[1] તેવીજ રીતે જેની ઇંદ્રિયો આજ્ઞાધીન રહીને પુરુષની જે આજ્ઞા થાય તે પ્રમાણેજ વર્ત્તે છે, તેની બુદ્ધિ સ્થિરતાને પ્રાપ્ત થયેલી છે, એમ સમજી લેવું.[2]

विषया विनिवर्त्तंते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥

[આહાર ન કરનારા પુરુષના વિષયોનો લોપ થતાં તેનામાં કેવળ પ્રીતિ જ અવશિષ્ટ રહે છે અને બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં તે પ્રીતિનો પણ લોપ થઈ જાય છે.] ૫૯

હે અર્જુન! હવે એક બીજા ચમત્કારની વાર્ત્તા હું તને સંભળાવું છું તે સાંભળ. જે સાધકો નિયમોના યોગે વિષયોનો ત્યાગ કરીને,[3] શ્રોત્રાદિ ઇંદ્રિયોનું આકલન-સ્વાધીન કરે છે,

પરંતુ વાસનાનો નિગ્રહ કરતા નથી; તે વિવિધ પ્રકારથી એ વિષયોમાં ગુંથાઈ જાય છે.[૪] એક વૃક્ષને ઉપરના ભાગમાંથી ઉપરા ઉપરી છાંટી નાંખવામાં આવે અને તેના મૂળમાં પાણી રેડાયા જ કરતું હોય, તો પછી તે વૃક્ષનો નાશ કેમ કરીને થઈ શકે વારુ?[૫] તે વૃક્ષ જેવી રીતે પાણીના જોરથી આડું વધે છે, તેવી જ રીતે વાસનાદ્વારા અંતઃકરણમાં વિષયો વધારે અને વધારે પુષ્ટ થતા જાય છે.[૬] બીજા વિષયોના વિષયને (ઇંદ્રિયોના વિષયને) ઓછા કરવાથી તેઓ ઓછા થતા જાય છે, પણ તેટલા જ પ્રમાણમાં હઠથી વાસનાના વિષયોને ઓછા કરી શકાતા નથી; કારણ કે, તે જીવન છે; તે વિના આ શરીર ટકી કે ચાલી શકતું નથી.[૭] પરંતુ, હે અર્જુન! સાધક જ્યારે પરબ્રહ્મનો અનુભવ લેતો થાય છે, ત્યારે એ વાસનાનું પણ સહજમાં નિયમન થઈ શકે છે.[૮] જે વેળાએ, 'હું બ્રહ્મ છું' એવો મનુષ્યને સાક્ષાત્કાર થાય છે, તે વેળાએ શરીરના વ્યવહારો બંધ થતાં, ઇંદ્રિયો પોતપોતાના વિષયોને વિસરી જાય છે.[૯]

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥ ६० ॥

[અર્જુન, આ બલવતી ઇંદ્રિયો, મનુષ્ય વિદ્વાન્ હોઈને ઇંદ્રિયનિગ્રહ કરવાનો નિગ્રહ કરતો હોય, તોપણ તેના મનને બળાત્કારે પોતા તરફ આકર્ષી લે છે.] ૬૦

જો એમ કરવામાં ન આવે, તો હે અર્જુન! ઇંદ્રિયોને જિતવા માટેના જેઓ નિરંતર યત્નો કર્યા કરે છે, તેમને પણ એ ઇંદ્રિયો આધીન થતી નથી.[૧૦] જે પોતાની આસપાસ અભ્યાસનો ઉભો પહેરો રાખીને યમ નિયમોનો કિલ્લો બાંધી લે છે અને મનને હંમેશા મુઠ્ઠીમાંજ રાખે છે,[૧૧] તેને પણ એ ઇંદ્રિયો વ્યાકુળ કરી નાંખે છે, એવો એ ઇંદ્રિયોનો મહાપ્રતાપ છે. જેવી રીતે માંત્રિકને યક્ષિણી ભૂલાવામાં નાખી દે છે,[૧૨] તેવીજ રીતે, એ વિષયો ઋદ્ધિ અને સિદ્ધિના રૂપે યોગીને પ્રાપ્ત થાય છે અને પછી ઇંદ્રિયદ્વારા યોગીના મનને ભ્રષ્ટ બનાવી દે છે.[૧૩] જો મન એવી સંધિમાં સપડાઈ ગયું તો અભ્યાસ તેની જગ્યાએ જ રહી જાય છે, એવી એ ઇંદ્રિયોની પ્રચંડ શક્તિ છે![૧૪]

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥

[એટલા માટે, એ સર્વ ઇંદ્રિયોને પોતાના તાબામાં રાખીને જ્ઞાની પુરુષોએ મારામાં જ પોતાના મનને સ્થિર કરવું. જેની ઇંદ્રિયો સ્વાધીન હોય છે, તે સ્થિર બુદ્ધિનો છે એમ સમજવું.] ૬૧

એટલા માટે, હે પાર્થ! સર્વ વિષયોમાંની ઇચ્છાનો ત્યાગ કરીને જે ઇંદ્રિયોને જિતે છે,[૧૫] અને જેનું અંતઃકરણ વિષયના સુખથી લલચાતું નથી, તે જ યોગનિષ્ઠાને પ્રાપ્ત કરવાને યોગ્ય છે, એમ જાણ.[૧૬] કારણ કે, તે નિત્ય આત્મબોધ યુક્ત થઇનેજ રહે છે અને પોતાના અંતઃકરણમાંથી મને કદાપિ વિસારતો નથી.[૧૭] કદાચિત્ કોઈ બહારના વિષયોને ત્યાગી, કર્મેન્દ્રિયોનો સંયમ કરી સ્વસ્થ થઇને બેસી રહે છતાં મનમાં પણ જો વિષયોની ઇચ્છા કરે, તો તે જન્મ મરણના ફેરામાંથી છૂટ્યો છે, એમ કદાપિ કહી શકાય નહિ.[૧૮] વિષ ખાતી વેળાએ જો કે થોડું જ હોય છે, છતાં તે જેવી રીતે શરીરમાં પ્રસરીને જીવનનો અવશ્ય નાશ કરી નાંખે છે,[૧૯] તેવી જ રીતે, મનમાં વિષયોની જો થોડી પણ ઇચ્છા રહેલી હોય, તો અવશ્ય તે સર્વ વિચારસમૂહનો વિનાશ કરી નાંખે છે![૨૦]

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ ६२ ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥

[વિષયોનું ચિન્તન કરનારા પુરુષોમાં વિષયોની આસક્તિ (પ્રીતિ) ઉત્પન્ન થાય છે. પ્રીતિને લીધે કામ (પ્રબલ ઇચ્છા) ઉત્પન્ન થાય છે. જો કોઈ તે ઇચ્છામાં આડું આવે તો ક્રોધ, ક્રોધથી મૂર્ખતા, મૂર્ખતાથી સ્મૃતિનાશ, સ્મૃતિનાશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશના પરિણામે પુરુષનો મોહ–સર્વથા નાશ થઈ જાય છે!] ૬૨-૬૩

અંતઃકરણમાં વિષયોનું કેવળ સ્મરણ થાય, તો તે સ્મરણ માત્ર વિરક્તના મનમાં પણ વિષયની પ્રીતિ ઉત્પન્ન કરાવે છે, અને એ પ્રીતિના યોગે મૂર્તિમાન્ કામદેવ પ્રકટ થાય છે.[૨૧] કામનો ઉદ્ભવ થયો કે ત્યાં પછી ક્રોધને તો આગળથી જ આવેલો ધારી લેવો અને ક્રોધમાં અવિચારનો નિવાસ તો સ્વાભાવિક હોવાનો જ![૨૨] જેવી રીતે દીપકની જ્યોતિ, વાયુના આઘાતથી બૂઝાઈ જાય છે, તેવી જ રીતે અવિચારના યોગે સ્મૃતિનો નાશ થાય છે.[૨૩] સંધ્યાકાળ થતાં જ નિશાદેવી જેવી રીતે સૂર્યના પ્રકાશને ગળી જાય છે, તેવી જ રીતે મનુષ્યની સ્મૃતિનો (ક્રોધથી) ભ્રંશ થતાં અંધઃકારમયી અવસ્થા થાય છે.[૨૪] એમ થવા પછી અજ્ઞાનના પ્રતાપે તેની બુદ્ધિ કેવળ અંધ બની જતાં તે સર્વ વિષયોથી વંચિત થાય છે અને તેને કોઈ પણ માર્ગ સૂઝતો નથી.[૨૫] જન્માંધને જેવી રીતે દોડવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તે ગભરાટમાં જ આમતેમ દોડવા માંડે છે, તેવી જ રીતે હે અર્જુન, એની બુદ્ધિમાં ભ્રમ થઈ જાય છે.[૨૬] એવી રીતે બુદ્ધિમાં ભ્રમનો વિકાર થયો, એટલે બુદ્ધિ ગોટાળામાં પડી જાય છે અને તેથી તેનું સર્વ જ્ઞાન નષ્ટ થાય છે.[૨૭] શરીરમાંના પ્રાણ નીકળી જતાં જેમ દેહ પ્રેતરૂપ થાય છે, તેમજ બુદ્ધિનો નાશ થતાં જીવની સ્થિતિ થાય છે.[૨૮] એટલા માટે, હે અર્જુન, સાંભળ; ઇંધન (લાકડાં) ને આગની એક ચિંગારીનો સ્પર્શ થાય અને એક વાર સળગે, એટલે જેવી રીતે તે ત્રિભુવનને બાળી નાંખવાને પણ સમર્થ હોય છે,[૨૯] તેવી જ રીતે, અંતઃકરણમાં વિષયનું જરા જેટલું પણ સ્મરણ થયું, કે તે પણ એટલા જ મોટા અનિવાર્ય અનર્થનું કારણ થઈ પડે છે![૩૦]

रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४ ॥

[પ્રીતિ અને દ્વેષનો ત્યાગ કરીને જેણે પોતાની ઇંદ્રિયોને પોતાને આધીન રાખેલી છે, તે યદિ–જો વિષયોનું સેવન કરે, તોપણ તેના અંતઃકરણની પ્રસન્નતા તેથી બગડતી નથી.] ૬૪

એટલા માટે, મનમાંથી બધા વિષયોને એકદમ હાંકી કાઢવા જોઇએ. એમ કરવાથી રાગ, (પ્રીતિ) અને દ્વેષ (અપ્રીતિ)નો પોતાની મેળે જ લોપ થઇ જાય છે.[૩૧] પાર્થ! તને હું બીજું એ પણ કહું છું કે, રાગ અને દ્વેષનો સર્વ પ્રકારે લોપ થવા પછી જો ઇંદ્રિયો વિષયોમાં રમમાણ હોય તોપણ તે વિષયો પછીથી બાધક થઈ શકતા નથી.[૩૨] જે પ્રમાણે, આકાશમાંથી સૂર્ય પોતાનાં કિરણરૂપ હાથોવડે જગતમાંની વસ્તુઓને સ્પર્શ કરે છે, પરંતુ તેના સંસર્ગ દોષથી લિપ્ત થતો નથી,[૩૩] તેવી જ રીતે જે, વિષયોમાં ઉદાસીન, આત્મસ્વરૂપમાં નિમગ્ન અને

કામ ક્રોધથી અલિપ્ત હોય છે,[૩૪] તેમ જ હે અર્જુન! જે વિષયોમાં કેવળ પોતાના સ્વરૂપ વિના બીજા કશાને પણ જોતો નથી, તેને વિષયો શી બાધા કરી શકવાના હતા? અને બાધા કરે, તોપણ કોને કરે?[૩૫] જો પાણીમાં પાણી ડૂબી જતું હોય અથવા અગ્નિથી અગ્નિ બળતો હોય, તો જ તે પરિપૂર્ણતાને પામેલો પુરુષ વિષયોના સંગથી ડૂબી શકે,[૩૬] એવી રીતે જે પોતે જ સર્વરૂપ થઈ રહે છે, તે જ પુરુષ અચલપ્રજ્ઞ (સ્થિરબુદ્ધિ) છે, એમ તારે કોઈ પણ પ્રકારની ભ્રાન્તિ વિના, નિશ્ચયપૂર્વક સમજી લેવું.[૩૭]

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥

[ચિત્તને પ્રસન્નતા પ્રાપ્ત થતાં સર્વ દુઃખોનો નાશ થાય છે અને પ્રસન્નચિત્ત થયેલાની બુદ્ધિ સત્વર જ આત્મામાં સ્થિર થાય છે.] ૬૫

જ્યાં મનની પૂર્ણ શાંતિનો પ્રસાર થયેલો હોય છે, ત્યાં સંસારનાં દુઃખોનો કદાપિ પ્રવેશ થતો નથી.[૩૮] જેના ઉદરમાં જ અમૃતનો ઝરો ઉત્પન્ન થયેલો હોય છે, તેને જેવી રીતે ભૂખ અને તરસની જરાપણ પીડા થઈ શકતી નથી,[૩૯] તેવી જ રીતે, જેનું હૃદય પ્રસન્ન હોય છે, તેને દુઃખની શી બાધા? અને તે થાય પણ ક્યાંથી? તેની બુદ્ધિ તો પોતાની મેળે જ ઈશ્વરના સ્વરૂપમાં જકડાઈ ગયેલી હોય છે.[૪૦] જેવી રીતે વાયુવિનાના સ્થાનમાં-ગોખલાદિમાં રાખેલા દીવાની જોત કોઈવાર જરા પણ ડોલતી નથી, તેવી જ રીતે જે પુરુષ સ્થિરબુદ્ધિ હોય છે, તે આત્મસ્વરૂપ સમાધિમાં નિશ્ચલતાથી રત હોય છે.[૪૧]

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥ ६६ ॥

[જેનું અંતઃકરણ સ્વસ્થ નથી હોતું, તેને આત્મજ્ઞાનની બુદ્ધિ પણ નથી હોતી; જેને ધ્યાન નથી તેને શાંતિ નથી; અને જેને શાંતિ હોય નહિ, તેને સુખ ક્યાંથી હોઈ શકે વારુ?] ૬૬

જેના અંતઃકરણમાં એ યોગયુક્તિના વિચારનો અભાવ છે, તેને શબ્દ આદિ વિષયો પોતાના જાળમાં સપડાવી લે છે.[૪૨] હે પાર્થ! તેની બુદ્ધિમાં કદાપિ સ્થિરતા હોતી નથી અને એ સ્થિરતાની પ્રાપ્તિ માટે તેના અંતઃકરણમાં ઇચ્છા પણ ઉત્પન્ન થતી નથી.[૪૩] હે અર્જુન! જેના અંતઃકરણમાં મૂળ સ્થિરતાની ભાવના માત્ર પણ ઉત્પન્ન ન થાય, તો પછી તેને શાંતિની પ્રાપ્તિ ક્યાંથી જ થઈ શકે?[૪૪] જેવી રીતે પાપીને મોક્ષ એક દૃષ્ટિ માત્રથી પણ જોતો નથી, તેવી જ રીતે જ્યાં શાંતિનો અભાવ હોય છે, ત્યાં સુખ ભૂલે ચૂકે પણ જતું નથી.[૪૫] જો અગ્નિમાં સેકેલાં ધાન્યનાં બીજ અંકુરિત થવાનો સંભવ હોય, તો જ શાંતિહીન મનુષ્યને સુખની પ્રાપ્તિ થવાનો સંભવ માની શકાય.[૪૬] એટલા માટે મનની જે અનિયમિતતા, તે જ દુઃખનું મૂળ કારણ છે. એથી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, એ જ સર્વોત્તમ કાર્ય છે.[૪૭]

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥ ६७ ॥

[જેનું મન ઇંદ્રિયોની સંગતિથી વિષયોની પાછળ પાછળ દોડ્યા કરે છે, તેની બુદ્ધિ, જેવી રીતે સમુદ્રમાં ચાલતી નૌકા પ્રતિકૂલ વાયુના યોગે ડૂબી જાય છે, તેવી રીતે હરાઈ જાય છે.] ૬૭

જે પુરુષો ઇંદ્રિયોની ઇચ્છા પ્રમાણે વર્ત્તે છે, તેઓ, આપણે આ વિષયરૂપ સાગરમાંથી તરીને પાર ઉતરી આવ્યા છીએ, એમ સમજતા હોય છે, છતાં તેઓ ખરેખર તરીને પાર થયેલા હોતા નથી. કિંબહુના તરી શકતા જ નથી.[૪૮] જેવી રીતે એક નૌકા તીર પાસે આવી પહોંચેલી છતાં અચાનક તોફાન થતાં ભૂલથી બીજી તરફ ઘસડાઈ જાય છે અને પાછી સાગરના મધ્યમાં જઈ પડે છે,[૪૯] તેવી રીતે, સિદ્ધ પુરુષ પણ જો ઇંદ્રિયોનું પ્રીતિથી લાલન પાલન કરે, તો તે પણ પાછો સંસારનાં દુઃખોમાં જઈ ફસાય છે, એમ નક્કી જાણવું.[૫૦]

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।

इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥

[એટલા માટે, હે મહાબાહુ અર્જુન! ઇંદ્રિયોના અર્થ જે વિષય, તે વિષયોથી ઇંદ્રિયોને જે સર્વ પ્રકારે રોકી રાખે છે, તેની બુદ્ધિ સ્થિર થયેલી છે, એમ જાણવું.] ૬૮

એટલા માટે, હે ધનંજય! આપણી ઇંદ્રિયો આપણા તાબામાં આવી જાય, તો એથી વિશેષ બીજું સાર્થકય તે શું હોઈ શકે?[૫૧] જેવી રીતે કાચબો પોતાના પ્રસારેલા અવયવોને પોતાની ઇચ્છાથી પોતે જ સંકોચી લે છે,[૫૨] તેવી જ રીતે, જેની ઇંદ્રિયો સ્વાધીન હોઇને તેની ઇચ્છા પ્રમાણે જ વર્ત્તે છે, તેની જ બુદ્ધિને તારે સ્થિરતા સુધી પહોંચેલી સમજવી.[૫૩] અર્જુન, હવે જ્ઞાનીને ઓળખવાનું એક બીજું સૂક્ષ્મ ચિહ્ન તને હું બતાવું છું, તે ધ્યાનમાં રાખ.[૫૪]

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।

यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥

[પોતાના રૂપવિશેનું જે અજ્ઞાન તે જ રાત્રિ. તે રાત્રિના સમયમાં યોગી પુરુષ જાગૃત હોય છે અને સ્વરૂપાનુભવરૂપ જાગૃતિનો ઉપભોગ લે છે; અને જે સ્વરૂપના અજ્ઞાનરૂપ રાત્રિના સમયમાં સર્વ ભૂતો સત્યબુદ્ધિથી જાગૃત હોય છે, તે સંસારની જાગૃતિ યોગી પુરુષને તો રાત્રિસમાન જ હોય છે!] ૬૯

સર્વ પ્રાણીઓ જેનાથી અજ્ઞાત છે, તે આત્મસ્વરૂપનું જેને પૂર્ણ જ્ઞાન હોય અને જે વિષય સુખોને પ્રાણી માત્ર સારી રીતે જાણે છે, તે વિષય સુખ વિશે જેની નિદ્રાસમાન અવસ્થા હોય,[૫૫] તે જ હે અર્જુન! ઉપાધિરહિત, સ્થિરબુદ્ધિ અને ગંભીર સત્પુરુષ છે, એમ જાણવું.[૫૬]

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशंति यद्वत् ।

तद्वत्कामा यं प्रविशंति सर्वे स शांतिमाप्नोति न कामकामी ॥ ७० ॥

[ઉપરાઉપરી પાણીવડે ભરાતા અને મર્યાદાને ન છોડનારા સમુદ્રમાં જેવી રીતે સર્વ નદીઓ ઇત્યાદિ આવીને મળી જાય છે, તેવી જ રીતે, જે નિષ્કામ હોવા છતાં સર્વ કામો જેનામાં પ્રવેશ કરે છે તેને શાંતિ આવી મળે છે; પરંતુ જે કામની ઇચ્છા કરે છે તેને શાંતિ મળતી નથી.] ૭૦

પાર્થ, બીજા પણ એક ચિહ્નથી તે સ્થિતપ્રજ્ઞ મનુષ્ય ઓળખી શકાય છે. તે ચિહ્ન શું છે, તે સાંભળ. સમુદ્રમાં જેવી રીતે નિરંતર પરિપૂર્ણતા હોય છે, તેવી જ પરિપૂર્ણતા તે પુરુષમાં પણ હોય છે.[૫૭] જો કે, વર્ષાઋતુમાં નદીઓના પ્રવાહો ભરપૂર થઇને સમુદ્રમાં આવી મળે છે, છતાં સમુદ્ર પોતે જરાપણ ન વધતાં પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી;[૫૮] અથવા તો, હે અર્જુન! ઉન્હાળામાં સર્વ નદીઓનું પાણી સૂકાઈ જવા છતાં સમુદ્રમાંનો જલસંચય જરા પણ ઓછો થતો નથી,[૫૯] તેવી જ રીતે, તે પુરુષ ઋદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ થવાથી ઉલ્લાસ પામતો

નથી અને એમના અભાવે અસંતુષ્ટ પણ થતો નથી.[૬૦] સૂર્યના ગૃહમાં દીપકની જ્યોતિનો પ્રકાશ કરવામાં આવે તો જ ત્યાં અજવાળું પડવાનું અને તેમ ન કરવામાં આવે, તો સૂર્ય બિચારો અંધારામાં જ બેસી રહેવાનો, એવી વસ્તુસ્થિતિ છે ખરી કે?[૬૧] અર્થાત્ સૂર્યને પ્રકાશનો વિચાર પણ હોતો નથી. તેવી જ રીતે તે પુરુષને ઋદ્ધિસિદ્ધિ આવી તોય શું ને ગઈ તોય શું, એવી ભાવનાથી તેમનું સ્મરણ માત્ર પણ હોતું નથી. કારણ કે, તેનું અંતઃકરણ મહાસુખમાં નિમગ્ન હોય છે.[૬૨] જે પોતાના ગૃહના સૌન્દર્ય સમક્ષ ઇંદ્રભુવનને પણ તુચ્છ માનતો હોય, તેને ભિલ્લોનાં ઝુપડાંને જોવાથી કેમ સમાધાન થઇ શકે વારુ?[૬૩] જે અમૃતની પણ ચેષ્ટા કરતો હોય તે જેવી રીતે કાંજી પીતો નથી, તેજ પ્રમાણે આત્મજ્ઞાની ઋદ્ધિસિદ્ધિનો ઉપભોગ લેતો નથી.[૬૪] હે અર્જુન, આ એક મહા આશ્ચર્યકારક ઘટના છે કે, જ્યાં આગળ સ્વર્ગ સુખની પણ કશી ગણના નથી, ત્યાં આગળ જઈને તે પુરુષને ઋદ્ધિસિદ્ધિ પોતાના મોહમાં ફસાવવાનો પ્રયત્ન કરે છે; પણ તેમના એ પ્રયત્નો સર્વથા વ્યર્થ અને નિષ્ફળ જ થાય છે.[૬૫]

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥ ७१ ॥

[જે પુરુષ સર્વ કામવાસનાઓનો ત્યાગ કરીને, નિઃસ્પૃહ થઇને અને 'હું તથા મારું' એ દ્વંદ્વને ત્યાગીને રહેતો હોય છે, તેને જ શાંતિસુખ પ્રાપ્ત થાય છે.] ૭૧

એવી રીતે આત્મબોધથી સંતુષ્ટ થયેલો અને પરમાનંદમાં નિમગ્ન થયેલો જે પુરુષ હોય, તે જ ખરેખરો સ્થિરબુદ્ધિ છે, એમ તારે સમજવું.[૬૬] તે અહંતાને હાંકી કાઢી સર્વ વિષયોનો ત્યાગ કરી જગદાકાર થઇનેજ જગતમાં સંચાર કરતો હોય છે.[૬૭]

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामंतकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति ॥ ७२ ॥

[અર્જુન, એજ સ્થિતિને બ્રહ્મસ્થિતિ (સર્વ કર્મ ત્યાગીને બ્રહ્મરૂપ થઈ જવું) કહેવામાં આવે છે. એ સ્થિતિની પ્રાપ્તિ થતાં પ્રાણી મોહવશ થતો નથી. એ સ્થિતિમાં જો મરણ આવે, તોપણ તે સર્વથા શાંત બ્રહ્મને જ પ્રાપ્ત થાય છે.] ૭૨

જે નિષ્કામ પુરુષ એવી બ્રહ્મસ્થિતિને અનુભવે છે, તેઓ અનાયાસેજ પરબ્રહ્મને (આત્મસ્વરૂપને) જઈ મળે છે.[૬૮] જ્ઞાન સ્વરૂપમાં જઈ મળ્યા પછી બ્રહ્મસ્થિતિવડે દેહાંત સમયની વ્યાકુલતા (ભ્રાંતિ) તેમના ચિત્તમાં આડી આવી શકતી નથી.[૬૯] સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે: હે રાજન્! તેજ એ સ્થિતિ શ્રી કૃષ્ણે પોતે અર્જુનને કહી સંભળાવી.[૭૦] એવું શ્રી કૃષ્ણનું કથન સાંભળ્યા પછી અર્જુન પોતાના મનમાંજ કહેવા લાગ્યા કે, આ યુક્તિ હવે મારા પોતાના અભિપ્રાયને ઠીક પુષ્ટિ આપનારી થઇ પડશે.[૭૧] દેવે જે સર્વ કર્મોનો નિષેધ કર્યો છે, તે નિષેધથીજ દેવ મને જે યુદ્ધ માટેનો આગ્રહ કરે છે, તે તેમનો આગ્રહ વ્યર્થ સિદ્ધ થઈ શકે છે.[૭૨] આ પ્રમાણે શ્રી કૃષ્ણનું ભાષણ સાંભળીને અર્જુન પોતાના મનમાં ઘણોજ હર્ષિત થયો. હવે તે એ શંકાને અનુસરીને ગહન પ્રશ્ન કરશે.[૭૩] તે સંવાદ અત્યંત રસમય હોવા સાથે સર્વ ધર્મોનું ઉત્પત્તિસ્થાન અથવા અમર્યાદ વિચારામૃત મહાસાગરજ છે.[૭૪] જગદીશ્વર પોતે જ તે સંવાદનું નિરૂપણ કરશે અને તેનું નિવૃત્તિદાસ જ્ઞાનદેવ વાર્તિક કરશે.[૭૫]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે સાંખ્યયોગ
નામનો બીજો અધ્યાય સમાપ્ત

જ્ઞાનેશ્વરીનો તૃતીય અધ્યાય

કર્મયોગ

अर्जुन उवाच-ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥

[અર્જુને કહ્યું:-હે જનાર્દન, હે કેશવ, કર્મયોગ કરતાં બુદ્ધિયોગ શ્રેષ્ઠ છે, એવો જ જ્યારે તમારો અભિપ્રાય છે, ત્યારે (તું) મને હિંસક કર્મમાં શા માટે પ્રવૃત્ત કરે છે વારુ?] ૧

ત્યાર પછી અર્જુને કહ્યું કે;-"હે દેવ કૃપાનિધે! તમે જે કાંઈ બોલ્યા, તે મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું,[1] તમારા એ કથન પ્રમાણે જોતાં તો કર્મ અને કર્ત્તા જેવું કાંઈ રહેતું જ નથી. શ્રી અનંત, તમારો જો એ જ નિશ્ચિત અભિપ્રાય હોય,[2] તો પછી, હે હૃષીકેશ! આપ, 'હે પાર્થ, તું સંગ્રામયુદ્ધ કર' એવો ઉપદેશ મને શા માટે આપો છો?[3] આ જુઓ, જ્યારે તમે પોતે સર્વ કર્મોનો નિષેધ કરો છો, ત્યારે મારા હાથે આવું હિંસક કર્મ કેમ કરાવો છો વારુ?[4] એટલા માટે, હે હૃષીકેશ! તમે પોતે કર્મ માર્ગને આટલું બધું માન આપતા હોવા છતાં મારા હાથે આ ભયંકર હિંસા કરાવો છો, એનો તમે પોતે જ કાંઇક વિચાર કરી જુઓ![5]

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २ ॥

[તમે પોતાના આ ગોટાળા ભરેલા બોલવાથી, મારા મનમાં ભ્રમ ઉત્પન્ન કરો છો; એટલા માટે તમે મને એવું એક નિશ્ચિત મત કહો કે, જેના યોગે હું મારું પોતાનું કલ્યાણ કરી શકું.] ૨

"હે દેવ, જ્યારે તમે પોતે જ આમ બોલવા માંડો, ત્યારે પછી અમો અજ્ઞાનીઓએ શું કરવું વારુ? અર્થાત્ હવે વિચારનો અંત જ આવી ગયેલો છે, એમ જ સમજવું જોઇએ.[6] અજ્ઞાનને કાઢી નાંખવા માટે જો આવો જ સંદિગ્ધ ઉપદેશ આપો, તો પછી એથી કયો ભ્રમ, ભિન્ન હોઇ શકે વારુ? હવે અમારે અમારી આત્મબોધ માટેની ઇચ્છાને પૂર્ણ થયેલી જ માનવી જોઇએ![7] મને કહો કે, રોગીની પ્રકૃતિની પરીક્ષા કરી તે માટે પથ્યની યોજના કરીને પછી વૈદ્ય પોતેજ ઔષધમાં વિષ મેળવી આપે તો પછી રોગી કેમ કરીને અને કેવી રીતે જીવી શકે?[8] જેવી રીતે કોઈ આંધળાને આડા માર્ગમાં ચઢાવી દેવામાં આવે અથવા તો વાંદરાને દારુ પાવામાં આવે, તેવી રીતે તમારો આ ઉત્તમ ઉપદેશ અમને સારો ફળ્યો, ભગવાન્![9] હે શ્રી કૃષ્ણ! એક તો પ્રથમથી હું કાંઈ વધારે સમજી શકતો નથી અને તે ઉપરાંત વળી અત્યારે મોહથી ઘેરાઈ ગયો છું, એટલે તમને મેં ઉપદેશની વાર્ત્તા વિશે પૂછયું,[10] પણ તમે તો જે એક એક વચન બોલો છો, તે એક એક નવીન આશ્ચર્ય નવાઈ જેવું જ બોલો છો! તમારા કરેલા ઉપદેશમાં તો આદિથી અંત પર્યન્ત જ્યાં જોઇએ ત્યાં ગડબડ ગોટાળો જ ભરેલો દેખાય છે. પ્રભો! શરણાગત સાથે આવી રીતે શાને વર્ત્તો છો? શરણાગત સાથે આવી રીતે વર્ત્તવું જોઇએ કે?[11] અમે તમારા બોલવામાં કાયા, વાચા અને મનવડે વિશ્વાસ રાખીએ અને તેના બદલામાં તમે જ જો આમ કરવા માંડો, તો પછી બધો ખેલ અટોપાઈ ચૂકયો છે, એમ જ કહેવું જોઇએ!"[12] અર્જુન કહે છે:-"હવે જો તમે આવા પ્રકારે જ બોધ આપતા હો, તો તો અમારું

ઘણું જ ભલું કરો છો![૧૩] ત્યારે હવે અહીં જ્ઞાનની આશા શા માટે રાખવી જોઈએ? જ્ઞાન સંપાદન કરવાની (મારી) હોંસ પૂરી થઈ! પરંતુ એક નવું સંકટ એ આવ્યું કે, મારા મનની સ્થિરતાનો લોપ થતાં તે મન સ્હામું વધારે ગોટાળામાં પડી ગયું![૧૪] તેવી જ રીતે, હે કૃષ્ણ! તમારી લીલાને અમે જાણી શકતા નથી, એ ઉપદેશના નિમિત્તથી જો તમે મારા મનની પરીક્ષા કરતા હો, તો કોણ જાણે![૧૫] અથવા તો તમે મને ભમાવો છો કે, ગૂઢાર્થવડે બ્રહ્મ સ્વરૂપનું ભાન કરાવો છો, એ વિશે અનુમાનથી ખરું કાંઇપણ જાણવામાં આવતું નથી.[૧૬] એટલા માટે, હે દેવ! સાંભળો. આ ગૂઢાર્થ ન કહેતાં તમારો જે કાંઈ વિચાર હોય, તે સ્પષ્ટતાથી જ કહી દો.[૧૭] હે કૃષ્ણ! હું અતિશય મન્દબુદ્ધિ છું; એટલા માટે સારી રીતે મારા સમજવામાં આવી શકે, એવું કોઈ પણ નિશ્ચયાત્મક વચન તમે ઉચ્ચારો.[૧૮] આમ જુઓ–ઔષધ આપવાથી રોગનો નાશ તો થાય છે, પરંતુ સાથે તે ઔષધ મધુર અને રુચિકર પણ હોવું જોઇએ;[૧૯] તેવી જ રીતે, સર્વ અર્થવડે પરિપૂર્ણ અને (આચરવામાં) યોગ્ય હોય એવું તત્ત્વ તમે મને કહી સંભળાવો; અને જે પદ્ધતિથી મારા મનને તેનો પૂરેપૂરો બોધ થઈ શકે, તેવી પદ્ધતિથી જ કહો.[૨૦] હે દેવ! જ્યારે તમારા જેવા ગુરુ મને મળ્યા છે, ત્યારે આજે મારે મારા મનની ઇચ્છા શા માટે તૃપ્ત ન કરી લેવી જોઇએ? આ સ્થળે મારે મર્યાદા કોની રાખવી? તું મારી માતા છે![૨૧] જો દૈવયોગે કામધેનુનાં દૂઝતાં આંચળ પ્રાપ્ત થયાં હોય, તો પછી ઇચ્છિત વસ્તુ માગી લેવામાં ન્યૂનતા શાને રાખવી?[૨૨] કિંવા ચિંતામણિ હાથમાં આવ્યો હોય, તો પછી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં સંકટ શા માટે પડવું જોઇએ? પોતાને જે વસ્તુની અપેક્ષા હોય, તે વસ્તુ શા માટે માગી ન લેવી?[૨૩] અમૃત સિંધુના તીર પ્રાંતમાં ઉભા રહેવા છતાં અમૃતનું યથેચ્છ પાન કરવાને બદલે, તૃષાથી વ્યાકુળના વ્યાકુળ જ રહીએ, તો પછી અમૃત સિંધુના તીરે આવવાનો પરિશ્રમ પણ શા માટે વેઠવો જોઇએ?[૨૪] તેવી જ રીતે, હે કમલાપતે! તમારી જન્મે જન્મે ઉપાસના કરતાં કરતાં આજે જ્યારે દૈવયોગે અમને તમારી પ્રાપ્તિ થઈ છે,[૨૫] ત્યારે પછી, હે પરમેશ્વર! પોતાની ઇચ્છા પ્રમાણેનો જ વર, અમારે તમારી પાસેથી શા માટે ન માગી લેવો જોઇએ? હે દેવ! આજે મનોગત હેતુની પૂર્ણતાનો ઉદય કાળ આવી લાગ્યો છે![૨૬] આજે મારી સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ છે અને મારાં પૂર્વ પુણ્યો ફળીભૂત થતાં સર્વ મનોરથ સિદ્ધ થયા છે;[૨૭] કારણ કે, કલ્યાણના આદિપીઠ અને સર્વ દેવોના દેવ જે તમે, તે આજ અમારે આધીન થયા છો.[૨૮] માતાના સ્તનનું પાન કરવામાં બાળકને જેવી રીતે વેળા કવેળાનો વિચાર હોતો નથી,[૨૯] તેવી જ રીતે, હે કૃપાનિધિ દેવ! હું તમને મારી ઇચ્છા પ્રમાણે પૂછું છું"[૩૦] અર્જુન કહે છે, "એટલા માટે, હે દેવ! આ લોકમાં આચરવા યોગ્ય અને પરલોકમાં પણ હિતકારક થઈ શકે એવી એક નિશ્ચિત વાર્ત્તા કહો."[૩૧]

श्रीभगवानुवाच–लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

[શ્રી ભગવાને કહ્યું:–હે નિષ્પાપ અર્જુન! આ લોકમાંના સૃષ્ટિના આરંભમાં જ, મેં આ બે પ્રકારના માર્ગો કહેલા છે. સાંખ્ય વિચાર કરનારાઓને જ્ઞાનયોગ અને કર્મ કરનારાઓને કર્મયોગ.] ૩

એ બોલવું સાંભળીને અચ્યુત જે શ્રી કૃષ્ણ તે આશ્ચર્યથી કહે છે કે:–અર્જુન, તને મેં જે કહ્યો તે ગર્ભિતાર્થ છે.[૩૨] ઇશ્વરાર્પણ કર્મ માર્ગનું વિવેચન કરતાં પ્રસંગાનુસાર હું જે જ્ઞાનમાર્ગનો મહિમા ગાઇ ગયો,[૩૩] તે મારા હેતુને તું જાણતો નથી અને તેથી જ વ્યર્થ વિક્ષુબ્ધ થઇ ગયો છે. હવે આ વાર્ત્તા ધ્યાનમાં રાખજે કે, જ્ઞાનયોગ અને કર્મયોગ એ બન્ને માર્ગ મેં જ કહેલા છે.[૩૪]

હે વીરશ્રેષ્ઠ, સાંભળ! આ પૃથ્વીમાં એ બન્ને સંપ્રદાય મારામાંથી જ પૂર્વાપર પ્રકટ થયેલા છે.૩૫ જડ અને ચૈતન્યનો વિચાર કરનારાં જેવું આચરણ કરે છે અને જેને યોગે બ્રહ્મસ્વરૂપનું ઓળખાણ થતાંની સાથે તે ક્ષણે જ તેઓ તદ્રૂપ થઈ જાય છે, તે એક સંપ્રદાયને જ્ઞાનયોગના નામથી ઓળખવામાં આવે છે,૩૬ બીજા સંપ્રદાયને કર્મયોગનું નામ આપવામાં આવેલું છે. એ યોગમાં તત્પર હોય એવા મુમુક્ષુજનો અવકાશથી (જ્ઞાન મેળવ્યા પછી) મોક્ષને પ્રાપ્ત કરે છે.૩૭ તૈયાર હોય એવા અથવા તૈયાર કરી લીધેલા અન્નના ભોજનથી જેવી રીતે એક સરખી જ તૃપ્તિ થાય છે, તેવી જ રીતે એ બન્ને માર્ગોનું પરિણામ એકજ છે.૩૮ અથવા તો પૂર્વ અને પશ્ચિમ તરફ જનારી નદીઓ તરફ જોઇએ તો, જોતાં તેઓ જૂદી જૂદી દેખાય છે, પરંતુ સમુદ્રમાં મળતી વેળાએ અંતે જેમ તે એકત્ર થઈ જાય છે,૩૯ તેવી રીતે એ બન્ને મતો, એક જ તત્ત્વનાં સૂચક છે; પરંતુ તેમની ઉપાસનાનો આધાર ઉપાસકની યોગ્યતા ઉપર જ રહેલો છે.૪૦ આ ઉદાહરણ ધ્યાનમાં રાખવા જેવું છે. પક્ષી જેવી રીતે એક જ વારના ઉડ્ડાણથી વૃક્ષના ફળને પકડી લે છે, પણ તેટલા જ સમયમાં તેવી જ રીતે મનુષ્યથી તે ફળ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, તે કહે જોઇએ?૪૧ તે ધીમે ધીમે ડાળીઓ ઉપર ચાલતો ચાલતો અથવા સરકતો સરકતો કેટલાક વખત પછી ખરેખર તે ફળ પાસે જઈ પહોંચશે;૪૨ તેજ પ્રમાણે, જેઓ જ્ઞાનમાર્ગનું આચરણ કરે છે, તે જ્ઞાનીઓ વિહંગમ માર્ગથી (પક્ષીના ઉડ્ડાણ પ્રમાણે) તત્કાળ મોક્ષને પ્રાપ્ત કરી લે છે.૪૩ બીજા યોગીઓ (પિપીલિકા) કર્મ માર્ગથી વિહિત વર્ણાશ્રમધર્મનું આચરણ કરીને અવકાશથી (જ્ઞાન મેળવ્યા પછી) મોક્ષની પ્રાપ્તિ કરી લે છે.૪૪

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥ ४ ॥

[કર્મનું આચરણ ન કરવાથી પુરુષને કર્મશૂન્યત્વ પ્રાપ્ત થતું નથી અને કેવળ કર્મસંન્યાસ કર્યો, એટલે જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ પણ નથી.] ૪

કોઈપણ મનુષ્ય વિહિત કર્મોને ત્યાગીને જ જો સિદ્ધ (જ્ઞાની) થવાનો ફાંકો રાખતો હોય, તો અવશ્ય તેનાથી સિદ્ધ થઈ શકાવાનું જ નથી.૪૫ હે અર્જુન, જે વિહિત કર્મો જેણે કરવાનાં હોય છે, તે કર્મોનો ત્યાગ કરવાથી તે કૃતાર્થ થશે, એમ કહેવું એ કેવળ મૂર્ખતા જ છે,૪૬ નદી બન્ને કાંઠે પાણીથી ભરેલી છે અને તે ઉતરીને સ્હામે પાર જવાની જ્યાં આવશ્યક્તા છે, ત્યાં નૌકા વિના જ જવાની ઇચ્છા રાખવામાં આવે તો કેમ કરીને જઈ શકાય, તે કહે જોઇએ?૪૭ અથવા તો ભોજનથી જ જે તૃપ્તિની ઈચ્છા રાખે છે તેને રાંધવાનો પરિશ્રમ ન કરતાં અથવા રાંધેલું અન્ન ન ખાતાં, કેમ કરીને તૃપ્તિ થઈ શકે વારુ?૪૮ જ્યાં સૂધી નિરિચ્છાની-નિષ્કામપણાની પ્રાપ્તિ થયેલી હોતી નથી, ત્યાં સૂધી કાંઇપણ ખટપટ તો કરવી જ જોઇએ. એ નિરિચ્છતા પ્રાપ્ત થઈ, એટલે પછી પ્રાણી સહજ આત્મસંતોષમાં નિમગ્ન થઈ જાય છે.૪૯ એટલા માટે હે પાર્થ! જેને મોક્ષ પ્રાપ્તિની ઇચ્છા હોય તેનાથી વિહિત કર્મોનો ત્યાગ કદાપિ કરી શકાતો નથી;૫૦ અને પોતપોતાની ઇચ્છા પ્રમાણે જ કર્મોનો સ્વીકાર અને ત્યાગ કરવામાં આવે છે,૫૧ એમ જે બોલવું તે વ્યર્થ બકબકારો કરવા જેવું જ છે. એનો વિચાર કરી જોતાં કર્મોનો ત્યાગ કરવાથી, એટલે કે કર્મહીન રહેવાથી કર્મોનો ખરો ત્યાગ થતો નથી એમ જ તને જણાશે, એ દૃઢતાથી જાણજે.૫૨

नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥

[કારણ કે, કોઇપણ પ્રાણી કર્મ કર્યા વિના એક ક્ષણ માત્ર પણ સ્વસ્થ હોતો નથી; પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્ત્વ આદિ ગુણો, અવશ એવા સર્વ પાસે કર્મ કરાવે છે.] ૫

જ્યાં સૂધી માયાનું વાસ્તવ્ય છે, ત્યાં સૂધી કર્મના સ્વીકાર કે ત્યાગની વાત કરવી, એ અજ્ઞાનનું જ પરિણામ છે. કારણ કે, આ જીવના હાથે જે વ્યાપાર થાય છે, તે માયાના ગુણાનુરોધથી સહજ જ–ઇચ્છા હોય કે ન હોય, તોપણ એની મેળે જ–થાય છે,[૫૩] જેટલાં વિહિત કર્મો છે, તે સર્વનો કદાપિ ત્રાસને લીધે ત્યાગ પણ કરવામાં આવે, તોપણ તેથી ઇંદ્રિયોના સ્વભાવ ધર્મોનો લોપ થાય છે કે ?[૫૪] કર્મનો ત્યાગ કરવાથી કાનોએ સાંભળવાનું છોડી દીધું, આંખ્યોએ પોતાના જોવાનો ધર્મ ત્યાગી દીધો, નાકનાં છિદ્રો બંધ થઇને નાકનો વાસ લેવાનો ધર્મ ચાલ્યો ગયો, એમ તો થતું જ નથી.[૫૫] કિંવા પ્રાણવાયુની ગતિ પણ એથી બંધ થાય છે કે? મન કલ્પના-રહિત થાય છે કે? ક્ષુધા અને તૃષાની ઇચ્છાનો લોપ થાય છે કે?[૫૬] અથવા નિદ્રા અને જાગૃતિ–એ અવસ્થાઓ ટળી જાય છે કે? અથવા તો પગ પોતાના ચાલવાના સ્વભાવને ભૂલી જાય છે કે? એટલું જ નહિ, પણ એથી જન્મ મરણનું ચક્ર પણ બંધ થાય છે કે?[૫૭] અર્થાત્, જ્યારે એ ઇંદ્રિયોના વ્યાપાર તો બંધ થતા જ નથી, ત્યારે ત્યાગ કર્યો તે શાનો? સારાંશ કે, દેહાભિમાનીથી કર્મોનો ત્યાગ કરી શકાતો નથી.[૫૮] કર્મ પોતે પરાધીન હોવાથી પ્રકૃતિના ગુણાનુરોધથી જ બન્યા કરે છે; એટલા માટે 'હું કર્મ કરીશ અથવા કર્મોનો ત્યાગ કરીશ,' એમ સમજવું સર્વથા વ્યર્થ છે.[૫૯] જો, અને સમજ કે, રથમાં બેઠા પછી સ્તબ્ધ રહેવા છતાં પણ તે બેસનાર રથને આધીન હોવાથી રથનું ફરવું, તે તેના જ ફરવા બરાબર છે–એટલે કે રથ ફર્યો કે તે પણ ફર્યો એમ જ સમજવાનું છે.[૬૦] અથવા ઝાડનું સૂકાયલું પાંદડું નિશ્ચેષ્ટ હોવા છતાં પણ જેવી રીતે વાયુના વેગથી ઉડીને આકાશમાં ભ્રમણ કરે છે,[૬૧] તેવી જ રીતે, માયાના આધાર અને કર્મેન્દ્રિયોના વિકારવડે નિષ્કામ પણ નિત્ય કર્મ (જ્ઞાની) કરતો હોય છે.[૬૨] એટલા માટે, જ્યાં સૂધી માયાનો સંગ છે, ત્યાં સૂધી કર્મનો ત્યાગ સંભવતો જ નથી; એમ હોવા છતાં જે કર્મોનો ત્યાગ કરવાનું કહે છે, તે તેનો નિરર્થક આગ્રહ છે, એમ જ જાણવું.[૬૩]

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ६ ॥

[જે મૂર્ખ પુરુષ કર્મેંદ્રિયોનું સંયમન કરીને ઇંદ્રિયોના વિષયોનું મનવડે ચિન્તન કરતો રહે છે, તેને દાંભિક–દુરાચારી–ના નામથી ઓળખવામાં આવે છે.] ૬

જેઓ યોગ્ય કર્મોને ત્યજીને અને કર્મેંદ્રિયોનું દમન કરીને કર્માતીત (કર્મનો ત્યાગી) થવા ઇચ્છે છે,[૬૪] તેમને કર્મત્યાગની પ્રાપ્તિ થઈ શકતી નથી; કારણ કે, તેમના મનમાં કર્મો કરવા વિશેની ભાવના જાગૃત હોય છે. કર્મત્યાગ અમે કર્યો છે, એમ ઉપર ઉપરથી બતાવવું, એ ખરેખર વિડમ્બના છે.[૬૫] પાર્થ! એવી રીતે પ્રાણીઓ નિત્ય વિષયાસક્ત હોય છે, એમ નિશ્ચય જાણજે.[૬૬] હવે અર્જુન, હું તને પ્રસંગાનુસાર નિરિચ્છ મનુષ્યના લક્ષણોનું વિવેચન કરી સંભળાવું છું, તે ધ્યાનપૂર્વક સાંભળ.[૬૭]

यस्त्विंद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेंद्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥

[પરંતુ અર્જુન, જે મનવડે ઇન્દ્રિયોનું નિયમન કરીને આસક્તિ ન રાખતાં કર્મયોગનું આચરણ આરંભે છે, તે અધિક શ્રેષ્ઠ છે.] ૭

જે અંતરમાં નિશ્ચલ અને પરમાત્મામાં તલ્લીન હોવા છતાં બહારથી લોકાચાર પ્રમાણે વર્તનારો હોય છે,[૬૮] તે ઇંદ્રિયોને આજ્ઞા કરતો નથી, વિષયોની ભીતિ રાખતો નથી અને જે જે વેળાએ જે જે કર્મો કરવાનાં હોય તેમનો ત્યાગ કરતો નથી.[૬૯] કર્મેન્દ્રિયો પોતાનાં કર્મોમાં પ્રવૃત્ત હોય, તે વેળાએ તે ઇંદ્રિયોની ગતિને જો કે રોકતો નથી, તથાપિ પોતે તેમના વિકારને આધીન પણ થતો નથી.[૭૦] તે વાસનામાં બંધાતો નથી અને તેના મનને મોહની બાધા થતી નથી. કમળપત્ર જેવી રીતે રાતદિવસ પાણીમાં હોવા છતાં પાણીથી ભીંજાતું નથી,[૭૧] તે જ પ્રમાણે સંસારમાં રહેવાથી તે બીજા લોકો જેવો દેખાય છે. જેવી રીતે પાણીના સંગથી સૂર્યબિંબ પાણીમાં દેખાય છે;[૭૨] તેવી રીતે ઉપર ઉપરથી જોતાં તે મનુષ્ય સાધારણ જ દેખાય છે! પરંતુ તેની આત્મસ્થિતિ નિશ્ચયપૂર્વક ઓળખી શકાતી નથી.[૭૩] એવા ગુણોથી જે વિભૂષિત હોય અને જે નિરિચ્છ હોય છે, તે જ મુક્ત છે એમ તારે ધારવું.[૭૪] હે અર્જુન, તે જ યોગી અને જગતમાં સ્તુતિને પાત્ર પણ તે જ હોય છે અને એટલા માટે જ હું તને એવા થવાનો ઉપદેશ આપું છું.[૭૫] તું તારા મનનો સંયમ કર અને અંતરમાં બુદ્ધિની સ્થિરતા કર. પછી ભલે કર્મેન્દ્રિયો પોતપોતાના વ્યાપારો કર્યા કરે.[૭૬]

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥

[અરે તું વિહિત કર્મોનું આચરણ કર. કર્મ ન કરવા કરતાં કર્મ કરવું એ જ વધારે શ્રેયસ્કર છે. કર્મ કર્યા વિના તારા શરીરનો નિર્વાહ સુદ્ધાં પણ થવાનો નથી.] ૮

એટલા માટે, કર્મરહિત થવું આ સંસારમાં અસંભવનીય જ છે. એથી શાસ્ત્રવિરુદ્ધ, આચરણ શાને માટે કરવું, એનો વિચાર કર.[૭૭] એટલા માટે જે જે કર્મો યોગ્ય અને સમયાનુસાર પ્રાપ્ત થયેલાં હોય, તે તે કર્મો તું નિષ્કામ બુદ્ધિથી કર.[૭૮] પાર્થ! હજી પણ એક બીજા કૌતુકથી તું અજ્ઞાત છે અને તે કૌતુક એ છે કે, નિષ્કામ બુદ્ધિથી કરાયલાં કર્મો હોવા છતાં, તે કર્મ, બંધનથી એટલે કે આ સંસારના પાશથી મુક્ત કરનારાં જ થઈ પડે છે.[૭૯] પોતાના અધિકાર પ્રમાણે જે કોઈ પણ સ્વધર્મનું આચરણ કરે છે, તે એ આચરણના યોગે જ નિશ્ચયપૂર્વક મોક્ષને મેળવી શકે છે.[૮૦]

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥ ९ ॥

[અર્જુન, ઈશ્વરાર્પણ બુદ્ધિવિના ફળની ઇચ્છાથી કરેલાં કર્મોના યોગે આ જીવ બંધાઈ જાય છે; એટલા માટે, અર્જુન, કર્તૃત્વના અભિમાનને ત્યાગીને ઇશ્વરાર્પણ બુદ્ધિથી જ તું કર્મ કર.] ૯

ભાઇરે! પોતાના ધર્મ પ્રમાણે આચરણ કરવું એને જ તું નિત્યયજ્ઞ ધારી લે; એટલા માટે એવી રીતે વર્ત્તન કરવા પછી તેમાં પાપનો પ્રવેશ થઈ શકતો નથી.[૮૧] પ્રાણી જ્યારે એ સ્વધર્મનો ત્યાગ કરે છે અને નઠારાં કર્મોમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે તે જન્મમરણના ફેરામાં ફસાય છે.[૮૨] એટલા માટે સ્વધર્મ અનુસાર આચરણ કરવું, એ જ અખંડ યજ્ઞ છે, એમ સમજ; અને જે પુરુષ એ યજ્ઞ કરે છે, તેને કોઇપણ પ્રકારના બંધનનો સ્પર્શ થતો નથી.[૮૩] આ સમસ્ત જગત્, કર્મોવડે બંધાઇને માયાના પાશમાં ફસાયલું છે; એ સ્વકર્મથી વિમુખ થવાનું જ પરિણામ છે.[૮૪] પાર્થ, હવે હું તને એ વિશે એક કથા સંભળાવું છું. જે સમયે બ્રહ્મદેવે સૃષ્ટિ નિર્માણ કરી,[૮૫]

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥

[સૃષ્ટિના આરંભમાં યજ્ઞસહ વર્ત્તમાન પ્રજા ઉત્પન્ન કરીને બ્રહ્મદેવે તેને કહ્યું કેઃ–તમે સ્વધર્મરૂપ યજ્ઞવડે ધર્માચરણ કરો, એટલે આ યજ્ઞ તમારા ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરશે.] ૧૦

તે વેળાએ પ્રાણી અને તેમણે નિત્ય આચરવાના ધર્મ, એ બન્નેને એક સાથેજ ઉત્પન્ન કર્યા. પરંતુ તે ધર્મો ગહન હોવાથી પ્રાણીઓના સમજવામાં આવી શક્યા નહિ;[૮૬] ત્યારે તેમણે બ્રહ્મદેવની પ્રાર્થના કરી કેઃ-'હે દેવ, અહીં અમારા તારણનો હવે શો ઉપાય છે?' એટલે બ્રહ્મદેવ તેમને કહેવા લાગ્યા કે,[૮૭] "તમારા વર્ણાશ્રમ પ્રમાણે મેં પ્રથમથી જ ધર્મો નિર્માણ કરેલા છે, તે નિયમિત ધર્મો પ્રમાણેજ તમે આચરણ કરો, એટલે તમારા મનોરથો સહજમાં જ પૂર્ણ થશે.[૮૮] તમે વ્રત નિયમ આદિ કરશો નહિ; અપવાસ આદિ કરીને શરીરને કષ્ટ આપશો નહિ; તીર્થયાત્રા માટે દૂર દેશમાં જવાનો શ્રમ વ્હોરશો નહિ;[૮૯] યોગાદિક સાધનો તેમજ સકામ અનુષ્ઠાન અને મંત્ર તંત્ર આદિ સાધનાનુષ્ઠાન આદિ પણ કરશો નહિ;[૯૦] બીજા દેવોને ભજશો નહિ; અને એ વિપરીત કર્મો આચરશો નહિ, કિંતુ પોતાના વર્ણાશ્રમ પ્રમાણે જે ધર્મ કહેવામાં આવેલો છે, તેનું જ તમે સાહજિક આચરણ કરજો.[૯૧] જેવી રીતે પતિવ્રતા સ્ત્રી નિષ્કામ બુદ્ધિથી પોતાના પતિની સેવા કરે છે, તેવીજ રીતે નિષ્કામ બુદ્ધિથી તમે પોતાના ધર્મનું આચરણ કરો."[૯૨] બ્રહ્મદેવે કહ્યું:–"સ્વધર્મનું આચરણ એ એક માત્ર જ તમારો યજ્ઞ હોવાથી, તેનુંજ આચરણ કરો.[૯૩] હે જનો! જો તમે સ્વધર્મને અનુસરીને વર્ત્તશો, તો તે કામધેનુ સમાન ફળદ્રૂપ થશે અને તમારાથી કદાપિ વિમુખ થશેજ નહિ.[૯૪]

देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

[એ સ્વધર્મરૂપ યજ્ઞવડે દેવોનું પૂજન કરવાથી તે દેવો તમારાપર પ્રસન્ન થશે; અને એવી રીતે તમે પરસ્પર એક બીજાને સંતુષ્ટ કરીને પોતપોતાનું કલ્યાણ કરી લ્યો.] ૧૧

"એ સ્વધર્મના આચરણથી સર્વ દેવતાઓ સંતુષ્ટ થશે અને પછી તેઓ તમારી ઇચ્છિત કામનાઓને સહજ પૂર્ણ કરશે.[૯૫] એવી રીતે પોતાના ધર્મનું આચરણ કરવાથી સર્વ દેવતાઓ તમને અપ્રાપ્ય વસ્તુની પણ પ્રાપ્તિ કરાવી આપશે અને તે વસ્તુનું રક્ષણ પણ અવશ્ય તેઓ પોતેજ કરશે.[૯૬] જો તમે દેવોને ભજશો, તો દેવો પણ અવશ્ય તમારાપર સંતુષ્ટ થશે; અને એવી રીતે જ્યારે એક બીજાનો એક બીજામાં પ્રેમ બંધાશે,[૯૭] ત્યારે તમારી ગમે તે કરવાની ઇચ્છા હશે, તે સહજ સિદ્ધ થશે અને તમારા મનમાંની સર્વ વાસનાઓ પૂર્ણ થશે.[૯૮] તમારા વચનને યશ મળશે અને તમે બીજાને આજ્ઞા કરવાની યોગ્યતા મેળવશો. તેમ જ મહાઋદ્ધિ નિરંતર તમારી સેવામાં ઉપસ્થિત રહીને, 'અમારી સેવાનો સ્વીકાર કરો' એમ તમને કહ્યા કરશે.[૯૯] જેવી રીતે પોતાના ફૂલના ભારે કરી લાવણ્યયુક્ત વનશોભા વસંતઋતુના દ્વારમાં નિરન્તર નિવાસ કરતી હોય છે.[૧૦૦]

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥ १२ ॥

[યજ્ઞવડે પૂજાયલા દેવો સંતુષ્ટ થઇને તમને તમારા ઇચ્છિત ભોગો આપશે. દેવતાઓએ આપેલા ભોગો પાછા તેમને જ સમર્પણ ન કરતાં, જે પોતે જ ભોગવે છે, તેને ચોર જ સમજવો.] ૧૨

"તે જ પ્રમાણે, તમે જ્યાં પણ હશો, ત્યાં સર્વ સુખો સહિત મૂર્તિમંત સુદૈવ તમને શોધતું જ આવી લાગશે.[૧૦૧] ભાઇઓ, જો તમે એક નિષ્ઠાથી સ્વધર્મનું જ આચરણ કરશો, તો તેથી તમે ઐશ્વર્યયુક્ત થશો અને પછી તમારામાં વિષયોની ઇચ્છા રહેશે નહિ.[૧૦૨] સર્વ સંપત્તિની પ્રાપ્તિ થઈ હોય, તે સમયે વિષય સેવનની મિષ્ટતામાં લંપટ થઇને ઇંદ્રિયોની તૃપ્તિ કરવામાં જ જે પોતાનો કાળ વીતાડે છે,[૧૦૩] યજ્ઞવડે સંતુષ્ટ થયેલા દેવોએ આપણને જે આ પૂર્ણ સંપત્તિ આપેલી છે, તે સંપત્તિવડે અને સ્વધર્મના આચરણવડે જે ઈશ્વરને ભજતો નથી,[૧૦૪] જે અગ્નિમાં આહુતિ આપતો નથી, અતિથિને યથાસમય અન્નદાન ઇત્યાદિ આપતો નથી,[૧૦૫] અથવા ગુરુભક્તિથી જે કંટાળી જાય છે, અતિથિનો આદર સત્કાર નથી કરતો અને પોતાની જાતિને સંતોષ નથી આપતો,[૧૦૬] અર્થાત્ એવી રીતે જે સ્વધર્મનું આચરણ નથી કરતો, ધનાઢ્યતાના પરિણામે જેના હૃદયમાં ગર્વનો ભંડાર ભરાઈ ગયો હોય છે અને જે કેવળ વિષયાસક્ત બની ગયો હોય છે,[૧૦૭] તેને મોટાં મોટાં સંકટો પ્રાપ્ત થાય છે, તેના યોગે તેના ઐશ્વર્યનો લોપ થાય છે; અને જે ભોગો પોતાની પાસે હોય છે તેમનો પણ તેનાથી ઉપભોગ કરી શકાતો નથી.[૧૦૮] જેવી રીતે આયુષ્યહીન થયેલા શરીરમાં જીવ નિવાસ કરતો નથી અથવા તો દુર્ભાગી દરિદ્રીના ગૃહમાં લક્ષ્મી નિવાસ કરતી નથી,[૧૦૯] તેજ પ્રમાણે જો સ્વધર્મનો લોપ થયો, તો તેની સાથે જ સુખોના આશ્રયસ્થાનને પણ નષ્ટ થયેલું સમજી લેવું. દીવો બુઝાઈ જતાં જ જેવી રીતે પ્રકાશનો લોપ થાય છે,[૧૧૦] તેવી જ રીતે, બ્રહ્મદેવ કહે છે કે, "હે પ્રજાજનો, જે સ્વધર્મના આચરણનો ત્યાગ કરે છે, તેનું સ્વાતંત્ર્ય ખરેખર નષ્ટ જ થઈ જાય છે.[૧૧૧] એટલા માટે જે કોઈ પણ સ્વધર્મનો ત્યાગ કરશે, તેને કાળ પોતે શિક્ષા કરશે અને તેને ચોર ધારીને તેના સર્વસ્વનું હરણ કરી લેશે.[૧૧૨] એમ થવા પછી, રાત્રિનો સમય આવતાં જેવી રીતે ભૂતો પ્રકટ થઇને સ્મશાન ભૂમિને ઘેરી લે છે, તેવી રીતે સર્વ સંકટો આવીને તેને ઘેરી લેશે.[૧૧૩] એવા ધર્માચરણહીન પ્રાણીમાં, ત્રિભુવનમાંનાં સર્વ દુઃખો, હજારો પ્રકારનાં પાતકો અને સકળ દારિદ્રય આવીને એક સમયાવચ્છેદે જ નિવાસ કરે છે.[૧૧૪] હે સજ્જનો! તે ઉન્મત્ત મનુષ્યની એવી સ્થિતિ થાય છે અને દુઃખો એવાં પ્રાણીઓને કલ્પાંતે પણ છોડતાં નથી."[૧૧૫] બ્રહ્મદેવ પ્રજાને એવો બોધ કરે છે કે, "એટલા માટે પોતાના સ્વધર્મને છોડશો નહિ અને ઇંદ્રિયોને સ્વૈર–સ્વચ્છંદે વર્ત્તન કરવા દેશો નહિ.[૧૧૬] જેવી રીતે, માછલાંને પાણીમાંથી બહાર કાઢતાંની સાથે જ મૃત્યુની પ્રાપ્તિ થાય છે, તેવી જ રીતે, સ્વધર્મથી વિમુખ થતાંની સાથે જ પ્રાણીનો અધઃપાત થઈ જાય છે."[૧૧૭] બ્રહ્મદેવ કહે છે કેઃ– "એટલા માટે તમો સર્વેએ પોતપોતાના ધર્મ પ્રમાણેનાં કર્મ કરવામાં સદૈવ તત્પર રહેવું.[૧૧૮]

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।

भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥ १३ ॥

[જેઓ યજ્ઞનો અવશિષ્ટ પ્રસાદ ગ્રહણ કરે છે, તે શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપથી મુક્ત થાય છે; પણ જે પ્રાણી પોતામાટે જ પાપ કરીને ભોજન કરે છે, તેઓ પાતકનું જ સેવન કરે છે.] ૧૩

બ્રહ્મદેવ કહે છે કે;–"જે કોઈ પોતાની સંપત્તિનો નિષ્કામ બુદ્ધિથી વિહિત કર્મોના આચરણમાં જ વિનિયોગ કરે છે,[૧૧૯] પોતાના ગુરુ, આપ્ત અને અગ્નિની પૂજા કરે છે તથા આવેલા બ્રાહ્મણની સેવા કરે છે અને પોતાના પિતૃઓની શ્રાદ્ધતિથિ આદિનું પાલન કરે છે,[૧૨૦] અને એ પ્રમાણે વિહિત કર્માચરણ અને પંચમહાયજ્ઞ આદિ કરીને જે યજ્ઞશેષ બાકી રહે,[૧૨૧] તેનું આનંદથી પોતાના કુટુંબ સહિત સેવન કરે છે, તેનાં સર્વ પાતકોનો, તે યજ્ઞશેષના સેવનવડે,

નાશ થાય છે.[૧૨૨] જેવી રીતે અમૃતનું સેવન કરવાથી મહારોગ આદિનો નાશ થાય છે, તેવી જ રીતે યજ્ઞના અવશિષ્ટ રહેલા અન્નનું સેવન કરવાથી તેનાં સર્વ દુઃખોનો સંહાર થઈ જાય છે.[૧૨૩] જેવી રીતે બ્રહ્મનિષ્ઠને ભ્રાંતિની બાધા થતી નથી, તેવી જ રીતે જે કોઈ પણ એ યજ્ઞના અવશિષ્ટ અન્નનું સેવન કરે છે, તેને દોષની કશીપણ બાધા થઈ શકતી નથી.[૧૨૪] એટલા માટે, સ્વધર્મવડે સંપાદન કરેલું દ્રવ્ય સ્વધર્મમાં જ ખર્ચવું અને જે બાકી રહે તેનો સંતોષથી ઉપભોગ કરવો."[૧૨૫] હવે શ્રી મુરારિ કહે છે કે; "હે પાર્થ, એવી એ આદ્યસ્થિતિ છે; અને એ વિના મનુષ્યે અન્ય માર્ગે વર્તવું યોગ્ય નથી.[૧૨૬] જે લોકો પોતાના શરીરને જ આત્મા માને છે, વિષયોના સેવનને જ ભોગ્ય વસ્તુ માનીને તે વિના બીજા કશાને જાણતા જ નથી,[૧૨૭] આ સર્વ સાહિત્યો યજ્ઞ સંબંધી છે, એમ ન જાણીને જેઓ ભ્રાંતિમાં જ પડેલા હોય છે અને અહંકાર બુદ્ધિથી જેમની દૃષ્ટિ કેવળ વિષયોપભોગોમાં જ લાગેલી હોય છે,[૧૨૮] જેઓ પોતાને ગમતાં ઉત્તમ પકવાન્નો તૈયાર કરીને પોતે જ તેમનું સેવન કરે છે, તેઓ પાપી છે અને કેવળ પાપનું જ સેવન કરે છે, એમ જ તારે જાણવું.[૧૨૯] આ સર્વ સંપત્તિ સ્વધર્મરૂપ યજ્ઞનું હવન દ્રવ્ય છે, એમ ધારીને તે સ્વધર્મ યજ્ઞવડે જ પરમેશ્વરને અર્પણ કરી દેવી.[૧૩૦] આ સર્વ ન કરતાં, મૂર્ખ જનો કેવળ પોતામાટે જ નાના પ્રકારના પદાર્થો તૈયાર કરાવે છે.[૧૩૧] જે અન્નવડે યજ્ઞની સિદ્ધિ થાય છે અને ઈશ્વર સંતુષ્ટ થાય છે, તે અન્ન સામાન્ય નથી. એટલા માટે,[૧૩૨] એ અન્નને સાધારણ ન સમજતાં તે બ્રહ્મરૂપ છે, એમ જ સમજજે; કારણ કે, સર્વ જગતનું જીવન એ જ છે.[૧૩૩]

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवम् ॥ १४ ॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥

[અન્નમાંથી ભૂતો (પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે તે અન્ન પર્જન્ય (વર્ષા)થી ઉત્પન્ન થાય છે; તે પર્જન્ય યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે; કર્મ, વેદથી ઉત્પન્ન થાય છે, એમ તું સમજ. વેદો પરમેશ્વરમાંથી ઉત્પન્ન થાય છે; એટલા માટે, સર્વગત જે વેદો તે સ્વધર્મરૂપ યજ્ઞમાં નિત્ય નિવાસ કરી રહેલા છે.] ૧૪–૧૫

અન્નમાંથી પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે અને પર્જન્યથી સર્વ સ્થાનમાં અન્ન ઉત્પન્ન થાય છે.[૧૩૪] તે પર્જન્યની ઉત્પત્તિ યજ્ઞથી અને યજ્ઞની ઉત્પત્તિ કર્મોથી થાય છેઃ કર્મની ઉત્પત્તિ વેદરૂપ બ્રહ્મમાંથી થાય છે[૧૩૫] અને તે વેદોની ઉત્પત્તિ પરાત્પર અવિનાશી બ્રહ્મમાંથી થાય છે. સારાંશ કે, આ સર્વ જગત, બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલું છે.[૧૩૬] પરંતુ, હે સુભદ્રાના પતિ! સાંભળ; કર્મની મૂર્તિ જે યજ્ઞ, તેમાં વેદબ્રહ્મ નિરંતર નિવાસ કરતો હોય છે.[૧૩૭]

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६ ॥

[હે પાર્થ! એવી રીતે ચાલતાં ચક્રને અનુસરીને જે આ લોકમાં વર્તતો નથી, તેનું જીવવું વ્યર્થ છે. એથી તે ઇંદ્રિયલંપટ થઇને પોતાના આયુષ્યને વ્યર્થ જ ગુમાવી દે છે.] ૧૬

એ પ્રમાણે, હે ધનુર્ધર, એ સ્વધર્મ સ્વરૂપ યજ્ઞની મૂળ પીઠિકા તને સંક્ષેપથી કહી સંભળાવી.[૧૩૮] અર્થાત્ જે ઉન્મત્ત પુરુષ આ લોકમાં એ સ્વધર્મરૂપ યજ્ઞનું ઉચિત આચરણ કરતો નથી,[૧૩૯] તેમ જ જે કેવળ દુરાચરણમાં જ ઇંદ્રિયોનો ઉપયોગ કરે છે, તે પાપરાશિ, ભૂમિને કેવળ ભારરૂપ છે, એમ જ સમજવું.[૧૪૦] જેવી રીતે, સમય વિના જ આકાશમાં આવેલાં વાદળાં નિરુપયોગી હોય છે, તેવી જ રીતે, હે અર્જુન, તે મનુષ્યનાં સર્વ જન્મોમાંનાં કર્મો નિષ્ફળ છે.[૧૪૧] જેને સ્વધર્મનું અનુષ્ઠાન પ્રાપ્ત થતું નથી, તેનું જીવવું બકરીના ગળામાંના આંચળ પ્રમાણે વ્યર્થ અને નિરર્થક જ છે.[૧૪૨] એટલા માટે, હે પાંડવ, સાંભળ; આ સ્વધર્મનો કોઇએ પણ ત્યાગ કરવો નહિ અને સર્વ ભાવવડે એનું જ આચરણ કરવું.[૧૪૩] જો કે, આ શરીર (મનુષ્ય દેહ) જે પ્રાપ્ત થયેલું છે, તે પણ પૂર્વકર્માનુસાર જ પ્રાપ્ત થયેલું છે. એમ હોવાથી મનુષ્યે પોતાનાં ઉચિત કર્મો શા માટે ન કરવાં વારુ?[૧૪૪] હે સવ્યસાચી! આ માનવદેહ પ્રાપ્ત થયેલો હોવા છતાં, જેઓ કર્મોની ગ્લાનિ કરે છે, કર્મ કરવામાં ખેદ પામે છે, તેઓ ખરેખર મૂર્ખ છે એમ જ સમજવું.[૧૪૫]

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७ ॥

[પરન્તુ જે આત્મામાં જ રમમાણ થયેલો છે અને આત્મસુખથી તૃપ્ત થયેલો હોઇને આત્માનંદ વડે જ સંતુષ્ટ છે, તેના માટે કાંઈ પણ કર્ત્તવ્ય બચતું નથી.] ૧૭

જે સદૈવ આત્મસ્વરૂપમાં જ રમમાણ હોય છે, તે જ એક દેહના બધા વ્યાપારો ચાલતા હોવા છતાં, કર્મમાં લિપ્ત–લપટાયલો–હોતો નથી.[૧૪૬] કારણ કે તે આત્મબોધવડે સંતુષ્ટ થયેલો હોવાથી કૃતકાર્ય જ થયેલો હોય છે, અને તેથી સહજમાં જ કર્મ સંગથી મુક્ત થઈ જાય છે.[૧૪૭]

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

[આ લોકોમાં કર્મ કરવાથી તેને કશો પણ લાભ હોતો નથી, તેમજ કર્મ ન કરવાથી પણ તેની કશી હાનિ થતી નથી; તેમ જ કોઈ પણ પ્રાણી પાસેથી તેનો કશો પણ સ્વાર્થ સિદ્ધ કરવાનો હોતો નથી.] ૧૮

જેવી રીતે, તૃપ્તિ થવા પછી તેનાં સાધનો પણ પોતાની મેળે જ પૂરાં થાય છે, તેવી જ રીતે નિજ સ્વરૂપાનંદમાં નિમગ્ન થવા પછી કર્મો પણ અવશિષ્ટ રહેતાં નથી.[૧૪૮] હે અર્જુન, જ્યાં સૂધી આ આત્મજ્ઞાન થયું નથી, ત્યાં સૂધી જ એ સાધનોનું આચરણ કરવું પડે છે.[૧૪૯]

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥

[એટલા માટે, ફળની ઇચ્છાનો ત્યાગ કરીને તું નિત્ય વિહિત કર્મ કર. કારણ કે ફળની આશા ન રાખનારો પુરુષ વિહિત કર્મોના આચરણથી–ચિત્ત શુદ્ધિના યોગે–પરમપદને પ્રાપ્ત કરી લે છે.] ૧૯

એટલા માટે, નિરંતર ફળની આશાનો ત્યાગ કરીને તું પોતાના ઉચિત ધર્મનું આચરણ કર.[૧૫૦] પાર્થ, આ જગતમાં જેમણે ખરેખર નિષ્કામ બુદ્ધિથી જ સ્વધર્મનું આચરણ કરેલું છે, તે સર્વ મોક્ષપદને પામી ગયા છે.[૧૫૧]

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

[જનક આદિ જ્ઞાનીઓ કર્મ કરીને જ મુક્ત થયા છે; અને લોકહિતનો વિચાર કરીને ત્હારે પણ એ કર્મ કરવાં જ યોગ્ય છે.] ૨૦

કર્મોનો કદાપિ ત્યાગ ન કરવા છતાં પણ, જનક આદિ મોક્ષપદને પ્રાપ્ત થયા હતા.[૧૫૨] એટલા માટે, પાર્થ, કર્મોમાં તું આસ્થા રાખ. કારણ કે, એ આસ્થાથી એક બીજો પણ લાભ થવાનો છે.[૧૫૩] જો આપણે પોતે જ એ કર્મોનું આચરણ કરીશું, તો લોકોનું પણ એ તરફ આકર્ષણ થશે. અને તેથી તેમનાં દુઃખોનો અનાયાસ લોપ થશે.[૧૫૪] જેમને પોતે કૃતાર્થ થવાથી કોઈ પણ વસ્તુની આવશ્યકતા રહેલી હોતી નથી, તેમણે પણ લોકોને કર્મમાર્ગમાં પ્રવૃત્ત કરવા માટે કર્મોનું આચરણ કરવું જ જોઇએ.[૧૫૫] આંધળાઓની હારને દોરનારો નોખરે દેખતો માણસ જ્યાં ચાલે છે, ત્યાં જ બધા આંધળાઓ ચાલ્યા જાય છે. તેવી જ રીતે, તેવા જ જ્ઞાનીજને પોતે ધર્મનું આચરણ કરીને અજ્ઞાની જનોને માર્ગે ચઢાવવા જોઇએ.[૧૫૬] જો જ્ઞાની એવા પ્રકારનું વર્ત્તન ન કરે, તો પછી અજ્ઞાની જનો એ માર્ગમાં કેમ કરીને પ્રવેશ કરી શકે? અને તેઓ એ માર્ગને કયા ઉપાયે ઓળખી શકે વારુ?[૧૫૭]

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥

[શ્રેષ્ઠ પુરુષ જે જે કર્મનું આચરણ કરે છે, તે તે કર્મ બીજા લોકો પણ કરે છે; અને તે પુરુષ જે પ્રમાણે ઠરાવે છે, તેનું જ લોકો અનુકરણ કરે છે. ૨૧]

આ સંસારમાં શ્રેષ્ઠ જનો જે આચરણ કરે છે, તેને જ 'ધર્મ'નું નામ આપીને બીજા સર્વ લોકો પણ તેનું જ આચરણ કરે છે.[૧૫૮] આ ઘટના સાહજિક હોવાથી, કર્મોનો ત્યાગ કરી શકાતો નથી; અને સાધુ સંતોને તો વિશેષતાથી કર્મનું આચરણ કરવું પડે છે.[૧૫૯]

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥

[પાર્થ, ત્રૈલોકયમાં મારે કાંઈ કરવાનું છે અથવા તો કાંઈ અપ્રાપ્ય વસ્તુ પ્રાપ્ત કરી લેવાની છે, એમ તો નથી જ; તથાપિ (લોકસંગ્રહ માટે) હું કર્મ કરું છું જ.] ૨૨

હે કિરીટી! મારે બીજાની વાતો શા માટે કરવી જોઇએ? એ જ જોઈ લેને કે, હું પોતે પણ એ કર્મ માર્ગમાં જ ચાલ્યા કરું છું.[૧૬૦] હવે, મારાપર કોઈ એક એવું સંકટ આવી પડ્યું હશે અથવા તો મારા મનમાં કાંઇ (મોટા થવાની, ધનવાન્ થવાની, માન મેળવવાની) ઇચ્છા હશે, એટલા માટે જ હું સ્વધર્મનું આચરણ કરતો હોઇશ એવો જો તું આક્ષેપ કરે,[૧૬૧] (તો મારે જણાવવું જોઇએ કે,) આ જગતમાં મારા જેવો ગુણ અને ઐશ્વર્ય આદિથી સંપન્ન બીજો કોઇ પણ નથી, એ મારા સામર્થ્યને તો તું જાણે છે જ.[૧૬૨] સાંદીપનિ* ગુરુના મરેલા પુત્રને

* ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલરામે ગોકુળમાં અનેક બાળલીલાઓ કરીને પુષ્કળ દુષ્ટ રાક્ષસોનો સંહાર કરી નાંખ્યો હતો; અને એમ કરીને પૃથ્વીનો ભૂભાર પણ થોડોક ઓછો કરી નાંખ્યો હતો. ત્યાર પછી ધનુર્યાગનું મિષ કરીને કૃષ્ણ અને બલરામનો વધ કરવા માટે કંસ રાજાએ તેમને અક્રૂર દ્વારા મથુરા નગરીમાં બોલાવી મંગાવ્યા. ત્યાં તેમના નાશ માટેની દુષ્ટ કંસે સર્વ પ્રકારની અનેક તૈયારીઓ કરી રાખી હતી; પરંતુ પરિણામ સર્વથા વિપરીત થતાં કંસનો પોતાનો જ શ્રીકૃષ્ણના હાથે

મેં પાછો લાવી આપ્યો, એ પરાક્રમને તો તેં પ્રત્યક્ષ જોયું જ છે; પરંતુ હું એવો નિરિચ્છ હોવા છતાં એ કર્મમાર્ગનું આચરણ તો કરું છું જ.[૧૬૩]

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥

[પાર્થ, જો હું આળસને ત્યાગી કર્મનું આચરણ ન કરું, તો આ સર્વ લોકો પણ સર્વાંશે મારા માર્ગને અનુસરીને ચાલવા લાગશે (અર્થાત્ તેઓ પણ કર્મ કરવાના નથી).] ૨૩

પરંતુ તે એકજ ઉદ્દેશ માટે હું સ્વધર્મનું આચરણ કેવા પ્રકારે કરું છું, કે જાણે કોઈ સકામ પુરુષ જ એ આચરણ કરતો હોયની![૧૬૪] કારણ કે, સર્વ પ્રાણીઓ મારાપર જ આધાર રાખી રહેલા હોવાથી તેઓ કર્મથી ભ્રષ્ટ ન થાય, (એ ઉદ્દેશથી જ હું કર્મ આચરું છું).[૧૬૫]

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्त्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥

[જો હું પોતે કર્મ ન કરું, તો સર્વ પ્રજાનો નાશ કરી નાંખવાનો દોષ મને જ લાગે એમ છે અને પ્રજાની વર્ણસંકરતા મેં જ કરી, એમ જ કહેવાય; અને સર્વ લોકોનો વિનાશક પણ હું જ સિદ્ધ થાઉં!] ૨૪

વધ થઈ ગયો! ત્યાર પછી બલરામ અને કૃષ્ણનું ઉપનયન થવા પછી તેઓ અવંતી નગરીમાં સાંદીપનિ નામક બ્રાહ્મણને ત્યાં અધ્યયન કરવા માટે રહ્યા હતા. ત્યાં તેમના અધ્યયન (વિદ્યાભ્યાસ)ની સમાપ્તિ થવા પછી ઉભય શિષ્યે તે બ્રાહ્મણને ગુરુદક્ષિણા માગી લેવાની પ્રાર્થના કરી. સાંદીપનિ બ્રાહ્મણે બલરામ અને કૃષ્ણના અદ્ભુત મહિમા તથા અમાનુષીય બુદ્ધિપ્રભાવનો વિચાર કરીને પોતાની પત્નીની એ વિશે સલાહ લીધી અને ત્યાર પછી 'પ્રભાસ ક્ષેત્રમાં સમુદ્રમાં ડૂબી ગયેલા મારા પુત્રને પાછો લાવી આપો!' એ પ્રમાણે તેમની પાસેથી ગુરુદક્ષિણા માંગી. અતુલ પરાક્રમી બલરામ અને કૃષ્ણ 'બહુ સારું' એમ કહીને રથમાં બેઠા અને પ્રભાસ ક્ષેત્રમાં જઇને સમુદ્રના તીરે ક્ષણ બે ક્ષણ બેસી રહ્યા. એટલામાં તેઓ પરમેશ્વર છે, એમ જાણીને સમુદ્ર મનુષ્યનું રૂપ ધારણ કરીને તેમના સમક્ષ પ્રકટ થયો અને તેણે અર્ધ્યપાદ્ય આદિથી તે જગદ્વંદ્યોની પૂજા કરી. ત્યાર પછી ભગવાન્ શ્રીકૃષ્ણે સમુદ્રને ઉદ્દેશીને કહ્યું કે; "હે સમુદ્ર! તેં પોતાની મોટી મોટી લહરીઓમાં અમારા ગુરુના પુત્રને ડૂબાડી દીધો છે, તેને સત્વર પાછો લાવી આપ." એના ઉત્તરમાં સમુદ્રે કહ્યું કે;–"હે પ્રભો! તમારા તે ગુરુપુત્રને કાંઈ મેં ડૂબાવ્યો નથી. મારા વારિસંચયમાં શંખનું સ્વરૂપ ધારણ કરીને રહેનારો એક અસુર છે તે અસુરવડે જ તે હણાયલો છે." સમુદ્રનું એ કથન સાંભળી ભગવાન્ શ્રીકૃષ્ણે તે ક્ષણે જ જળમાં પ્રવેશ કરીને તે અસુરનો વધ કરી નાંખ્યો; અને તેના ઉદરને ચીરીને અંદર જોયું પણ તેમાં પોતાના ગુરુનો પુત્ર ક્યાંય દેખાયો નહિ! ત્યાર પછી તે અસુરના દેહમાંથી સિદ્ધ કરેલા પાંચજન્ય નામક શંખને લઇને શ્રીકૃષ્ણ પુનઃ રથારૂઢ થયા અને બલરામસહિત યમની સંયમિની નામક નગરીમાં આવી લાગ્યા. યમપુરી સમીપ જતાં જ તેમણે પાંચજન્ય શંખનો ધ્વનિ કરીને યમને પોતાના આગમનની સૂચના આપી, એટલે સર્વ પ્રજાને દંડ દેનારા યમરાજે મોટા સમારંભથી સ્હામે આવીને ભગવાનનાં ચરણોમાં ભક્તિપુરઃસર પૂજા અર્પણ કરી. એ યમ-ધર્મ ભગવાનને હાથ જોડીને કહેવા લાગ્યો કે;–"હે સર્વાન્તરસાક્ષી ભગવન્! તમે કેવળ પોતાની લીલાથી જ નરરૂપ ધારણ કરીને આ સ્થાનમાં પધાર્યા છો! વાસ્તવિક રીતે તો તમે જ અખિલ જગતના અધિપતિ છો. તમારી શી આજ્ઞા છે, તે કહી સંભળાવો. હું આજ્ઞાધીન છું." એ પછી શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;–"હે યમ, તારા દૂતો સાંદીપનિ ગુરુના પુત્રને અહીં લાવ્યા છે તેને પાછો મારે સ્વાધીન કર. બંધો! તેને અહીં લાવવામાં તારી અથવા તો તારા દૂતોની કાંઇ પણ ભૂલ જ થયેલી છે એમ નથી; કિંતુ તે તો કેવળ પોતાના કર્મ અનુસાર જ અહીં આવેલો છે. પરંતુ અત્યારે મારી આજ્ઞાથી તેને તું મુક્ત કર. મારી આજ્ઞાથી એમ કરતાં તને કાંઈ પણ દોષ લાગવાનો નથી." કૃષ્ણની એ આજ્ઞાનું શ્રવણ કરીને યમ-ધર્મે તરત ગુરુપુત્ર લાવીને તેમને સ્વાધીન કર્યો અને ત્યાર પછી, બળરામ અને કૃષ્ણ બંધુદ્વય તે ગુરુપુત્ર સહિત તત્કાળ ગુરુ સાંદીપનિ પાસે આવી પહોંચ્યા અને તેનો પુત્ર તેને સમર્પણ કરી દીધો.

આ કથા શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના ૪૫ મા અધ્યાયમાં વર્ણવેલી છે અને અહીંઆ તેનું જ અવતરણ કરવામાં આવ્યું છે.

હું જો નિરિચ્છ થઇને બ્રહ્મસ્વરૂપમાં જ નિમગ્ન થઈ રહું, તો પછી પ્રજા કયા માર્ગમાં પ્રવર્ત્તે વારુ?[१६६] મારું વર્તન જોઇને જો પ્રજા પણ તેવી જ રીતે વર્ત્તવા માંડે, તો આ જગતની સર્વ વ્યવસ્થા સર્વત્ર તત્કાળ છિન્ન વિચ્છિન્ન થઈ જવાનો જ સંભવ થાય.[१६७] એટલા માટે જે કોઈ પણ સમર્થ અને સર્વજ્ઞાનસંપન્ન હોય, તેણે વિશેષતઃ કર્મનો કદાપિ ત્યાગ કરવો જ નહિ.[१६८]

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥

[હે ભારત, જેવી રીતે અવિદ્વાન્ (અજ્ઞાની) લોકો કર્મ ફળમાં આસક્ત થઇને કર્મો કરે છે, તેવી જ રીતે, પણ ફળની ઇચ્છા ન રાખતાં વિદ્વાનોએ કેવળ લોકસંગ્રહ માટે જ કર્મો કરવાં જોઇએ.] ૨૫

જેવી રીતે ફળને ઇચ્છનારા લોકો કેવળ ફળમાં જ ધ્યાન રાખીને કર્મોનું આચરણ કરે છે, તે પ્રમાણે નિરિચ્છ પુરુષે પણ કર્મો કરવાની લાલસા રાખવી જોઇએ.[१६९] કારણ કે, હે પાર્થ! વારંવાર ઉત્પન્ન થનારા પ્રાણીઓના ધર્મને સર્વ પ્રકારે કાયમ રાખવો જોઈએ; એટલા માટે,[१७०] કર્મમાર્ગનું આચરણ કરીને જગતના મનને પોતાના આચરણો તરફ વાળવું જોઇએ; પરંતુ લોકમાં આસક્તિ રાખવી નહિ.[१७१]

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ २६ ॥

[વિદ્વાન્ મનુષ્યે ફળની આશાથી કર્મ કરનારા અજ્ઞાની લોકોની બુદ્ધિનો ભેદ કરવો નહિ; કિંતુ વિરુદ્ધ પક્ષે તે જ કર્મોનું પોતે નિષ્કામ બુદ્ધિથી આચરણ કરીને તેમનામાં કર્મ કરવાની અભિરુચિ ઉત્પન્ન કરવી.] ૨૬

હે ધનુર્ધર! જે બાળક સ્તનપાન પણ મહાપરિશ્રમથી કરતો હોય, તે પકવાન્નો કેમ કરીને ખાઈ શકે? એટલા માટે, જેવી રીતે તેને પકવાન્ન આપવાં યોગ્ય નથી,[१७२] તે જ પ્રમાણે, કર્માચરણ માટે જે અનધિકારી હોય, તેની આગળ જ્ઞાનમાર્ગની મહત્તાનું વિનોદમાં પણ વર્ણન કરવું નહિ.[१७३] તેને સત્કર્મના આચરણમાં જ લગાડી દેવો, તેની આગળ કેવળ સત્કર્મ આચરણની જ પ્રશંસા કરવી અને નિષ્કામ જનોએ પોતે પણ તેવું આચરણ કરી બતાવવું.[१७४] એમ વર્ણાશ્રમ ધર્મ રક્ષણ માટે કર્મમાર્ગનું આચરણ કરતાં તેમને કર્મબંધ ભોગવવો પડશે નહિ.[१७५] પોતે રાજા તેમ જ રાણીના વેશો લેવા છતાં જેવી રીતે બહુરૂપીના મનમાં સ્ત્રી પુરુષની ભાવના હોતી જ નથી; પરંતુ (તે પ્રમાણેનો વેશ ભજવતાં) લોકોના મનમાં તેઓ તેવી ભાવના (કે એ સ્ત્રી છે, રાજા છે, વાઘ છે, એવી ભાવના) ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે.[१७६]

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥

[સર્વ કર્મો સર્વ પ્રકારે પ્રકૃતિના ગુણોવડે જ થતાં હોવા છતાં અહંકારવડે જેનું મન મોહિત થયેલું છે એવો મનુષ્ય 'તે કર્મોનો કરનાર હું જ છું' એમ જ માની બેસે છે.] ૨૭

હે અર્જુન! બીજાનો ભાર જો પોતાના માથા ઉપર ઉપાડી લેવામાં આવે, તો તેથી આપણી ગર્દન નીચી નમે ખરી કે નહિ? એનો વિચાર કર.[१७७] તેવી જ રીતે જે સારાં અને નઠારાં કર્મો, પ્રકૃતિના ગુણથી જ ઉત્પન્ન થાય છે, 'તે કર્મોનો કર્ત્તા હું છું' એમ મૂર્ખ અને ઉન્મત્ત જનો

અહંકારપૂર્વક કહે છે.[૧૭૮] એવો જે અહંકારથી ભરેલો અને એકદેશી અજ્ઞાની મનુષ્ય હોય, તેની આગળ આ ગહન આત્મજ્ઞાનનો ઉલ્લેખ કરવો જ નહિ.[૧૭૯] પણ અર્જુન! અત્યારે એ બધું રહેવા દે અને હું તને જે એક હિતકારક વાર્ત્તા કહેવાનો છું, તે તું ધ્યાનપૂર્વક સાંભળ.[૧૮૦]

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।

गुणा गुणेषु वर्तंत इति मत्वा न सज्जते ॥ २८ ॥

[હે મહાબાહો! સત્ત્વ આદિ ગુણ કર્મેન્દ્રિયોના વિભાગોના તત્ત્વને જાણનારો તો ગુણ ગુણોના સ્થાનમાં જ, એટલે કે ઇન્દ્રિયો વિષયોમાં જ વસે છે, એમ માનીને તેમનામાં કદાપિ આસક્ત થતો નથી.] ૨૮

જેમાંથી સર્વ કર્મો ઉત્પન્ન થાય છે, તે પ્રકૃતિનો વિકાર જ્ઞાનીમાં લેશ માત્ર પણ હોતો નથી.[૧૮૧] તે જ્ઞાની દેહના અભિમાનને ત્યાગીને અને ગુણ કર્મથી રહિત થઇને માત્ર સાક્ષીપણાથી જ દેહમાં વર્ત્તે છે.[૧૮૨] એટલા માટે, સૂર્ય જેવી રીતે જગતમાં પ્રકાશનો વિસ્તાર કરતો હોવા છતાં જગતનાં કર્મોવડે લિપ્ત થતો નથી, તેવી જ રીતે, જ્ઞાની જનો જો કે દેહ ધારણ કરે છે, છતાં દેહકર્મમાં બદ્ધ થતા (બંધાઈ જતા) નથી.[૧૮૩]

प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।

तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥ २९ ॥

[પ્રકૃતિના ગુણોવડે જેઓ મોહિત થયેલા છે, તેઓ ગુણોએ કરેલાં કર્મોમાં પોતે આસક્ત થાય છે. એવા અલ્પજ્ઞ અને મંદ બુદ્ધિજનોની બુદ્ધિનો જ્ઞાની મનુષ્યે ભેદ કરવો નહિ.] ૨૯

જે પ્રકૃતિને આધીન થઇને વર્ત્તે છે અને ગુણોના ફન્દામાં ફસાઈ જાય તે જ કેવળ કર્મોવડે લિપ્ત થાય છે.[૧૮૪] ઇંદ્રિયો ગુણોને આધીન થઇને પોતપોતાના વ્યાપારમાં વર્ત્તતી હોય છે, છતાં તે બીજાનું કર્મ 'હું જ કરું છું' એવો ભાર તે જાણી જોઇને પોતાના માથાપર વ્હોરી લે છે.[૧૮૫]

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।

निराशीर्निर्ममो भूत्वा युद्ध्यस्व विगतज्वरः ॥ ३० ॥

[અર્જુન! વિચારપૂર્વક સર્વ કર્મો મારામાં જ અર્પી દે; કર્મફળમાં આશા ન રાખ અને શોકરહિત થઇને યુદ્ધ કર.] ૩૦

એટલા માટે, સર્વ વિહિત કર્મોનું આચરણ કરીને તે સર્વ કર્મો તારે મને જ અર્પણ કરી દેવાં; પરંતુ ચિત્તવૃત્તિ માત્ર સદૈવ આત્મસ્વરૂપમાં સ્થિર રાખવી.[૧૮૬] 'આ કર્મનો હું કર્ત્તા છું અને અમુક ફળ માટે હું આ કરું છું,' એવા અભિમાનને તું પોતાના ચિત્તમાં ઉત્પન્ન થવા દઇશ નહિ.[૧૮૭] તું શરીરને સ્વાધીન ન થતાં સર્વ ઇચ્છાનો ત્યાગ કરી દે અને પછી બધા ભોગોને યથાસમય ભોગવ્યા કર.[૧૮૮] હવે હાથમાં ધનુષ્ય ઉપાડીને આ રથમાં બેસ અને સમાધાન વૃત્તિને ધારણ કરી તથા માયા મોહને વિસારી વીરવૃત્તિનો સ્વીકાર કર.[૧૮૯] જગતમાં તું પોતાની કીર્તિને વધાર; સ્વધર્મના મહિમાની વૃદ્ધિ કર અને દુર્યોધન આદિ દૈત્યોના ભારથી આ પૃથ્વીને મુક્ત કર.[૧૯૦] હે પાર્થ! હવે તું નિઃશંક થઇને આ યુદ્ધમાં ધ્યાન આપ; એ વિના બીજું કાંઈ પણ ન બોલ.[૧૯૧]

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।

श्रद्धावंतोऽनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ॥ ३१ ॥

[જે લોકો નિન્દા ન કરતાં શ્રદ્ધાથી મારા આ મતનું નિત્ય અનુષ્ઠાન કરે છે, તેઓ પણ કર્મબંધનથી મુક્ત થઈ જાય છે.] ૩૧

અર્જુન! જેઓ મારા આ નિશ્ચિત મતનો અત્યંત આદરપૂર્વક સ્વીકાર કરીને તેનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરશે,[૧૯૨] તેઓ સકલ કર્મનું આચરણ કરતા હોવા છતાં પણ કર્મરહિત છે, એમ જ સમજવું. એટલા માટે મારું આ મત નિશ્ચયપૂર્વક આચરવાને યોગ્ય છે.[૧૯૩]

ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥

[જેઓ મારા મતની નિન્દા કરીને તેનું અનુષ્ઠાન કરતા નથી, તે લોકો જ્ઞાનવિહીન, મૂર્ખ અને ચિત્તભ્રષ્ટ થયેલા છે, એમજ જાણજે.] ૩૨

એથી વિરુદ્ધ, દેહના પાશમાં બદ્ધ થઈ અને ઇંદ્રિયોની તૃપ્તિ કરીને જેઓ મારા એ મતનો તિરસ્કાર કરીને ત્યાગ કરે છે,[૧૯૪] જેઓ તેને સામાન્ય સમજે છે અને તેથી તેની મશ્કરી કરે છે અથવા તો વાચાળતાથી 'તે વ્યાજસ્તુતિ છે' એમ કહે છે,[૧૯૫] તેઓ મોહરૂપી મદ્યનું પાન કરીને ભાન ભૂલી ગયેલા, વિષયરૂપ વિષપ્રભાવને વશ થયેલા અને અજ્ઞાનરૂપી પંકમાં (કાદવમાં) ફસાયલા છે, એમ નિઃસંશય તારે માની લેવું.[૧૯૬] પ્રેતના હાથમાં પરીક્ષા માટે આપેલું રત્ન જેવી રીતે નિરર્થક જાય છે અથવા તો જન્માંધના મુખમાંથી નિકળેલી દિવસ ઉગવાની વાતને જેમ લોકો ખરી માનતા નથી,[૧૯૭] અથવા જેવી રીતે ચંદ્રનો પ્રકાશ કાગડાના ઉપયોગમાં આવી શકતો નથી, તેવી જ રીતે જે લોકો મૂર્ખ છે, તેમને આ વિચાર રુચતો નથી.[૧૯૮] તેમજ, હે પાર્થ! જે જનો એ પરમાર્થથી કંટાળી ગયા છે, તેમની સાથે કદાપિ એ વિશેનું ભાષણ કરવું જ નહિ.[૧૯૯] કારણ કે, જેવી રીતે પતંગો દીવાનો મત્સર કરે છે, તેવી જ રીતે તે જનો તે વિચારમાં વિશ્વાસ ન રાખતાં સ્હામી તેની નિંદાના વ્યાપારનો જ આરંભ કરે છે.[૨૦૦] પતંગે દીવાને આલિંગન આપતાં જ તત્કાળ જેવી રીતે તેનું મરણ થાય છે, તેવી જ રીતે વિષયોને આપેલું આલિંગન પોતાના નાશનું કારણ જ થઈ પડે છે.[૨૦૧]

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥ ३३ ॥

[જ્ઞાતા પણ પોતાના સ્વભાવને અનુસરીને જ વર્ત્તે છે અને સર્વ ભૂતો પણ પોતપોતાના સ્વભાવને અનુસરીને જ વર્ત્તતાં હોય છે, ત્યારે નિગ્રહનું શું ચાલી શકે એમ છે વારુ?] ૩૩

એટલા માટે કોઇપણ જ્ઞાની પુરુષે, કૌતુકથી પણ આ ઇન્દ્રિયોની ઇચ્છા તૃપ્ત કરવી નહિ.[૨૦૨] સર્પ સાથે કોઇથી રમી શકાશે કે? અથવા વાઘનો સહવાસ સિદ્ધ થઈ શકશે કે? અથવા તો હલાહલ વિષ પ્રાશન કરવામાં આવે તો તે કોઇથી જીરવી શકાશે કે? એ કહો.[૨૦૩] જેવી રીતે સહજ રમતાં રમતાં પણ આગ લાગી જાય, તો તેનો ભડકો થવા પછી તેને કાબૂમાં લાવી શકાતી નથી, તેવી જ રીતે વિનોદમાં પણ ઇંદ્રિયોની ઇચ્છા તૃપ્ત કરવાનું પરિણામ સારું આવતું નથી.[૨૦૪] અર્જુન! વાસ્તવિક રીતે જોતાં જ્યારે આ શરીર પરાધીન (ગુણાધીન) જ છે, ત્યારે એના માટે યત્નવડે વિષયોપભોગ મેળવવાની ખટપટ શામાટે કરવી જોઇએ?[૨૦૫] અનેક યત્ન કરીને અને સર્વ વસ્તુઓ સંપાદન કરીને આ દેહનું અહોરાત્ર લાલન પાલન શામાટે કરવું?[૨૦૬] આ સંસારમાં સર્વ પ્રકારના પરિશ્રમો કરીને, પુષ્કળ સંપત્તિ મેળવીને અને સ્વધર્મનો ત્યાગ કરીને કેવળ દેહનું જ પોષણ શામાટે કરવું?[૨૦૭] જ્યારે આ પંચતત્ત્વાત્મક શરીર અન્તે

પંચતત્ત્વમાં જ જઈને મળી જવા પછી આપણે કરેલા પ્રયત્નો અને પરિશ્રમોને શોધવા આપણે ક્યાં જઈશું?[૨૦૮] એટલા માટે કેવળ શરીરનું જ પોષણ કરવું, એ પ્રત્યક્ષ હાનિ છે, એમ જ સમજ. સારાંશ કે, આ દેહમાં જ વિશેષ ધ્યાન ન આપ.[૨૦૯]

इंद्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपंथिनौ ॥ ३४ ॥

[ઇંદ્રિયોના અર્થ જે વિષય, તે વિષયોમાં ઇંદ્રિયોની પ્રીતિ (રાગ) કિંવા અપ્રીતિ (દ્વેષ) તો વ્યવસ્થિત જ છે. એ રાગ અને દ્વેષને વશ થવું નહિ; કારણ કે, તે જીવોનો ઘાત કરે છે.] ૩૪

એથી વિરુદ્ધ, ઇંદ્રિયોને ગમતા હોય તે જ વિષયોનું સેવન કરવાથી ચિત્તને સમાધાન થશે ખરું;[૨૧૦] પરંતુ જે સમાધાન, સંભાવિત ચોર સાથે પરિચય થતાં તે ચોર જેવી રીતે નગરની સીમાનાં ઉલ્લંઘન સૂધી શાંત અને સ્વસ્થ હોય છે, (અને ત્યાંથી આગળ વધ્યા પછી, ઘોર વનમાં ગયા પછી, જેવી રીતે તે ચોર ધનનો અપહાર કરે છે,) તેવા જ પ્રકારનું સમજવું.[૨૧૧] ભાઇ રે! વિષની મિષ્ટતા (મીઠાસ) પ્રથમ જેવી રીતે ચિત્તને સમાધાનકારક લાગે છે, પરંતુ વિચાર કરી જોતાં પરિણામે જેમ તે પ્રાણનું હરણ કરે છે, તેવીજ રીતે,[૨૧૨] ઇંદ્રિયોમાંની કામવાસના પ્રથમ સુખકારક જણાય છે અને પરિણામે દુઃખોનું કારણ જ થઈ પડે છે. જેવી રીતે ગળમાં અડકાવેલા માંસથી માછલાં ભૂલાવો ખાઇ જાય છે,[૨૧૩] પરંતુ એ માંસની અંદરના ભાગમાં ગળ છે અને તે પ્રાણ લઈ લેશે, એ તેમના જાણવામાં આવતું નથી,[૨૧૪] તેવી જ રીતે, વિષયસુખોની અભિલાષાથી જે વિષયની ઇચ્છા કરે છે, તે ક્રોધાગ્નિમાં પડી જાય છે.[૨૧૫] જેવી રીતે પારધી મૃગને પકડી લેવા માટે ચારે તરફથી મારવાનો સંધિ સાધીને તેને વાળી લાવે છે,[૨૧૬] તેવો જ આ વિષયોનો પણ પ્રકાર છે. એટલા માટે હે પાર્થ! કામ અને ક્રોધને વિઘાતક જાણીને તેમનો સંગ કરીશ નહિ;[૨૧૭] અને એ વિષયોને હૃદયમાં સ્થાન ન આપતાં મનને એમનું સ્મરણ પણ થવા દઇશ નહિ. કિન્તુ મનમાં આત્મબોધની જ જાગ્રતિ રાખજે.[૨૧૮]

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

[પોતાનો ધર્મ કદાપિ વૈગુણ્યયુક્ત હોય, તથાપિ ઉત્તમ પ્રકારે આચરેલા પરધર્મ કરતાં તે સારો છે. સ્વધર્મના આચરણમાં જો મરણ પણ આવે, તો તે પણ કલ્યાણકારક છે. પરંતુ પરધર્મ ભયકારક છે.] ૩૫

અરે, આપણો પોતાનો (બ્રાહ્મણે બ્રાહ્મણનો,-કે વેદાધ્યયન કરવું, યમ નિયમ પ્રાણાયામાદિ સાધવા, ક્ષત્રિયને ક્ષત્રિયનો,-કે પ્રજાપાલન કરવું, શત્રુને પીઠ ન દેખાડવી વગેરે) ધર્મ જો આચરવામાં કઠિન હોય, તોય તેનું આચરણ કરવું જ ઉત્તમ છે.[૨૧૯] બીજાનો ધર્મ ખરેખર દેખાવમાં જો કે સારો હોય, તોપણ (તે ન ગ્રહણ કરી), આચરણ કરનારે પોતાના ધર્મનું જ આચરણ કરવું જોઇએ.[૨૨૦] બ્રાહ્મણ કદાચિત્ દરિદ્રી થઈ ગયો હોય, તોપણ તે શૂદ્રના ગૃહનાં ઉત્તમ પકવાન્નોનું કેમ કરીને સેવન કરી શકે, તે કહે જોઇએ?[૨૨૧] એવું એ અનુચિત કર્મ કેમ કરીને કરી શકાય? અને જે કાર્ય થવાને યોગ્ય ન હોય, તેની ઇચ્છા કેમ કરીને કરી શકાય. અથવા જો ઇચ્છિત પ્રાપ્ત પણ થાય, તો તેનો સ્વીકાર કરવો કે? એનો વિચાર કર.[૨૨૨] તેમજ લોકોની મોટી મોટી અને સુંદર હવેલીઓને જોઇને પોતાના પાસના ઝૂંપડાંને તોડી પાડવાં કે શું?[૨૨૩] અસ્તુ. પરંતુ જેવી રીતે આપણી પોતાની સ્ત્રી કુરૂપ હોય, તોપણ આપણા ભોગ

माटे ते ज योग्य छे.[२२४] तेवी ज रीते, स्वधर्म गमे तेवो कठिन अने आचरवामां दुर्गम्य होय, तोपण आपणो परलोकनो मित्र तो ते ज छे.[२२५] दूध अने साकर ए बन्ने पदार्थो मीठा छे अने ए सर्वत्र प्रसिद्ध छे, परंतु जेमने कृमिविकार थयेलो होय छे, तेमनो तो ते अपायकारक थई पडे छे, एटले तेओ एमनुं सेवन केम करीने करे वारु?[२२६] अर्जुन! आम होवा छतां पण जो रोगी तेमनुं सेवन करे, तो ते तेनो एक प्रकारनो हठवाद अथवा तो हठधर्म ज कही शकाय. कारण के परिणामे ए पदार्थोनुं सेवन तेने हितकर थतुं नथी ज.[२२७] एटला माटे, जो पोताना हितनी रक्षा करवी होय, तो जे बीजाने उचित छतां आपणा पोतामाटे अनुचित होय, तेनुं कदापि आचरण करवुं नहि.[२२८] स्वधर्मनुं आचरण करतां जो पोतानो जीव पण आपवो पडे, तोपण ते स्वधर्म आचरणकर्त्ता बन्ने लोकमां खरेखर श्रेष्ठ ज मनाय छे.[२२९] देवाधिदेव श्री शार्ङ्गपाणिनुं ए भाषण सांभळीने अर्जुने कह्युं केः–देव, मारी एक प्रार्थना छे;[२३०] आपे अत्यारे मने जे कांई पण कह्युं, ते में बधुं ध्यानपूर्वक सांभळ्युं; एटले हवे मने जे कांई जोइए छे, ते ज हुं पूछुं छुं.[२३१]

अर्जुन उवाच–अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

[अर्जुने कह्युंः–कृष्ण! जीवने विषयोनी इच्छा न होवा छतां पण जीव बलात्कारे धकेलाया प्रमाणे कोनी प्रेरणाथी पापनुं आचरण करे छे?] ३६

"हे देव, ज्ञानीओनी पण अवस्था भ्रष्ट थई जाय छे अने तेओ बीजा ज मार्गमां चढी जाय छे, ए केम?[२३२] तेओ सर्वज्ञ होवाथी तेमने आ उपायोनी जाण होवा छतां पण तेओ परधर्मनुं आचरण केम करे छे वारु?[२३३] जेवी रीते आंधळो माणुस धान्य अने भूसाने जूदां पाडी शकतो नथी, तेवी रीते कोइवार ते सारी दृष्टिना मनुष्यने सुद्धां देखातां नथी अने ते पण भ्रममां पडी जाय छे, ते केम?[२३४] जेओ सव संगनो परित्याग करी बेठा होय छे, तेओ ज पुनः संग करवा छतां पण तृप्त थता नथी; अने जेओ वनवासनो स्वीकार करी गयेला होय छे तेओ पाछा आवीने ग्राममां निवास करे छे.[२३५] पोते छूपाई रहे छे अने पापने दूर राखे छे, पण बळात्कारे ते पापना खाडामां धकेलाय छे.[२३६] जे वस्तुनो मनने तिरस्कार थयेलो होय छे, ते ज वस्तु पाछी तेने प्रिय थइ पडे छे; अने जो तेने आपणे दूर राखवानो प्रयत्न करीए, तो ते स्हामी आपणे गळे आवीने बाझी पडे छे."[२३७] अर्जुन कहे छे केः– "हे देव, आ शरीरमां एवा प्रकारनो जे बळात्कार देखाइ आवे छे, तेनो एटले बधे अंशे पुरस्कर्त्ता कोण छे, ते, मने कृपा करीने जणावो."[२३८]

श्रीभगवानुवाच–काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३७ ॥

[श्री भगवाने कह्युंः–ए काम अने क्रोधनी उत्पत्ति रजोगुणमांथी थयेली छे. ए (काम अने क्रोध) अकरांतिया अने महापापी छे. तुं आ लोकमां एमने शत्रु समजजे.] ३७

एटले पछी, हृदयने रमाडनार अने योगिजनो जेनी निष्काम बुद्धिथी इच्छा करे छे एवा जे पुरुषोत्तम ते कहेवा लाग्या केः–हुं कहुं छुं ते सांभळ.[२३९] भाइरे! एमनुं नाम ज काम अने क्रोध छे. एटले एमनी पासे दयानो लवलेश पण नथी. एमने मूर्त्तिमंत कृतांत (काळ) ज समजवा.[२४०] ए ज्ञानरूप संचित भंडारपर बेठेला नाग, विषय कंदरामांना व्याघ्र अने भजन

માર્ગના ચાંડાલ મારાઓ છે.[૨૪૧] એઓ દેહરૂપ દુર્ગપરના મોટા પાષાણ અને ઇંદ્રિયરૂપી ગ્રામના ગ્રામદુર્ગ અને સમસ્ત જગતમાં ભ્રાન્તિ ઇત્યાદિને ઉત્પન્ન કરવામાં એમનું અનિવાર્ય પ્રાબલ્ય છે.[૨૪૨] એઓ રજોગુણાત્મક મનથી ઉત્પન્ન થયેલા છે અને આસુરી સંપત્તિના કારણ છે; તેમ જ એઓ અજ્ઞાનવડે જ નિત્ય તૃપ્ત રહે છે.[૨૪૩] એઓ રજોગુણમાંથી ઉદ્ભવેલા છે ખરા, પણ તમોગુણના ઘણા જ પ્રિયજન છે અને એટલા માટે તમોગુણે પોતાનું સર્વસ્વ–અહંતા અને અજ્ઞાન–એમને આપી દીધું છે.[૨૪૪] એઓ જીવનના શત્રુ છે અને એટલા માટે જ મૃત્યુના નગરમાં એઓ અતિશય શ્રેષ્ઠ મનાય છે.[૨૪૫] એમની કેવળ ક્ષુધાની ઇચ્છા થતાં આ સમસ્ત વિશ્વ એમના એક ગ્રાસ તરીકે પણ પૂરું પડી શકતું નથી–અર્થાત્ વિશ્વને તો એક જ ગ્રાસમાં એવો સ્વાહા કરી જાય છે—અને આશા એમના તે વ્યાપારની વૃદ્ધિ કરે છે.[૨૪૬] જે ભ્રાંતિ કેવળ પોતાની મુઠ્ઠી વાળે તો તેમાં સમાવાને ચૌદભુવન પણ ઓછા થઈ પડે છે, તે ભ્રાંતિ તો એમની વ્હાલામાં વ્હાલી ન્હાની બ્હેન જ છે.[૨૪૭] એ ભ્રાંતિ કેવળ રમતાં રમતાં નાસ્તા તરીકે જ સહજમાં ત્રણ લોકને ખાઈ જાય છે અને તૃષ્ણા જે આટલી બધી પુષ્ટ થાય છે તે એના દાસત્વના બળથી જ! [૨૪૮] અસ્તુ. પણ એમને મોહ મહારાજે પૂજ્ય માનેલાં છે; અને જે અહંકાર સમસ્ત જગતને નચાવી રહ્યો છે, તે અહંકારનો પણ એમની સાથે લેવડદેવડનો વ્યવહાર છે.[૨૪૯] જે સત્યના કોથળાને ફાડીને તેમાં અસત્યનો ભાર ભરનારો જે દંભ છે, તે દંભને આ જગતમાં પ્રસિદ્ધિમાં લાવનારાં એ જ છે.[૨૫૦] એમણે જ પતિવ્રતારૂપ શાંતિને લૂટી લઈને માયારૂપ ચાંડાલિનીને શૃંગારી છે અને તેની મારફત સાધુઓના સમુદાયોને ભ્રષ્ટ કરાવ્યા છે![૨૫૧] એમણે જ વૈરાગ્યના આશ્રયનો નાશ કર્યો છે; વિવેકનું ચામડું ઊતારી લીધું છે અને ઉપશમની જીવતાં જ ગરદન કાપી છે![૨૫૨] એમણે સંતોષરૂપી વનનો વિધ્વંસ કર્યો છે, ધૈર્યરૂપી દુર્ગને જમીનદોસ્ત કર્યો છે; અને આનંદરૂપી રોપાઓને ઊખેડી નાંખ્યા છે.[૨૫૩] એમણે જ્ઞાનના રોપાઓનું ઉન્મૂલન કરી નાંખ્યું છે; સુખના નામ માત્રનો પણ લોપ કરી નાંખ્યો છે અને પ્રાણીમાત્રના હૃદયમાં ત્રિવિધ તાપનો અગ્નિ ઉત્પન્ન કરી દીધો છે.[૨૫૪] એ (ત્રિવિધ તાપો) શરીર સાથે જોડાયલા છે અને જીવ સાથે જકડાયલા છે, છતાં બ્રહ્માદિકને પણ તે શોધ કરવા છતાં મળી શકતા નથી.[૨૫૫] એઓ બ્રહ્મરૂપની પાસે અને જ્ઞાનની પંક્તિમાં જ વિરાજે છે અને તેથી જગતનો મહાપ્રલય કરવામાં પ્રવૃત્ત થાય છે ને કોઈથી પણ અવરુદ્ધ (અટકાવ) કરી શકાતા નથી.[૨૫૬] એ પાણી વિના જ ડુબાવી મારે છે, અગ્નિ વિના જ બાળે છે અને પ્રાણીને ખબર ન પડી શકે તેવી રીતે ગ્રસી જાય છે.[૨૫૭] એઓ શસ્ત્રવિના જ સંહાર કરે છે, દોરડા વિના જ બાંધી મૂકે છે અને તત્ત્વવેત્તાઓને તો હોડ* કરીને પોતાને આધીન કરી લે છે.[૨૫૮] એઓને કીચડ વિના જ ઊંડાં† ઉતારી દે છે, પાશ વિના જ લોકોને બાંધી રાખે છે અને એઓ શરીરના એટલા બધા ઊંડા ભાગમાં ઉતરી ગયેલા હોય છે કે ત્યાં પછી એમની બરાબરી કરનાર બીજું કોઈપણ હોતું નથી.[૨૫૯]

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥

* સરત કરીને જે પંડિતો–જ્ઞાનીઓ એવું અભિમાન રાખે કે અમે કામ ક્રોધના સપાટામાં ન આવીએ. અમે કામ ક્રોધને જિત્યા છે, તેથી અમને કામ ક્રોધ ઉની આંચ પણ ન લગાડી શકે તેવાઓને ઉંધુ ચત્તુ કરી દે છે.

† તાત્પર્ય કે જે ખાડામાં કળણ હોય તેમાં તો માણસ સહજ ઉંડો ઉતરી જાય, પણ કામ ક્રોધ એવા છે કે, પાપકર્મથી રહિત એવા પુરુષો જો સાવધ ન રહે તથા જરા આડોઅવળો વિચાર કરે, એટલામાં તેઓને પાપ કર્મરૂપી કળણમાં ઠેઠ ઉતારી દે છે.

[જેવી રીતે ધુમાડાવડે અગ્નિ, મળવડે દર્પણ અને ગર્ભાશયવડે ગર્ભ આચ્છાદિત થયેલો હોય છે, તેવીજ રીતે આ કામવડે એ શુદ્ધ જ્ઞાન આચ્છાદિત થયેલું છે.] ૩૮

સર્પ જેવી રીતે ચંદનવૃક્ષના થડને લપટાઈ રહે છે, અથવા તો ચર્મવેષ્ટન (ગર્ભાશય) વડે જેવી રીતે ગર્ભ આચ્છાદિત હોય છે; [૨૧૦] અથવા પ્રભા વિના સૂર્ય, ધુમાડા વિના અગ્નિ કિંવા મળ વિના દર્પણ જેવી રીતે મળી શકતાં નથી, [૨૧૧] તેવી જ રીતે કામ ક્રોધ રહિત શુદ્ધ જ્ઞાન કદાપિ આપણા જોવામાં આવ્યું નથી. [૨૧૨]

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

[જ્ઞાનીઓના નિત્ય શત્રુ અને કદાપિ તૃપ્ત ન થનારા અગ્નિ પ્રમાણે રહેતા કામે જ્ઞાનને ઢાંકી દીધું છે, હે કૌંતેય!] ૩૯

અર્થાત્, જ્ઞાન પોતે શુદ્ધ હોવા છતાં કામ અને ક્રોધવડે આચ્છાદિત હોય છે અને તેટલા માટે જ કામ તથા ક્રોધ મહાબળવાન્ થઈ બેઠા છે. [૨૧૩] એટલા માટે પ્રથમ મુમુક્ષુએ કામ ક્રોધને જિતી લઈ પછી જ્ઞાન મેળવવું; પરંતુ રાગ અને દ્વેષને પરાજિત કરવાનું કાર્ય બહુ જ કઠિન છે. [૨૧૪] એમને મારવા માટેનું જે બળ લાવવામાં આવે છે, તે સ્હામું તેમનુંજ સાહ્યકારી થઈ પડે છે. જેમ લાકડાં અગ્નિને સાહ્ય કરે છે, [૨૧૫]

इंद्रियाणि मनोबुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

[ઇંદ્રિયો, મન અને બુદ્ધિ એ તે કામનાં નિવાસ સ્થાન છે, એટલે એ કામ ઇંદ્રિય આદિના યોગે, જીવના જ્ઞાનને ઢાંકી નાંખીને, તેને મોહમાં નાંખી દે છે.] ૪૦

તેજ પ્રમાણે, એમને ટાળવાના જે જે ઉપાયો કરવામાં આવે, તે સ્હામા એમનેજ મદદ આપનારા થઈ પડે છે; એથી જગતમાં હઠયોગીઓને (સુદ્ધાં) પણ એઓ જિતી લે છે. [૨૧૬] (પણ અર્જુન!) એવા સંકટમાંથી પણ પાર પડી જવાનો એક ઉત્તમ ઉપાય છે; અને જો તેને તું સાધ્ય કરી શકે એમ હોય તો તે ઉપાય હું તને સંભળાવું છું. [૨૧૭]

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

[એટલા માટે, હે અર્જુન! તું પ્રથમ ઇંદ્રિયોને જિતી લે અને શાસ્ત્રીય તથા આનુભવિક જ્ઞાનના વિનાશક મહાપાપી કામને મારી નાંખ.] ૪૧

એમનો (કામ ક્રોધનો) મૂળ નિવાસ ઇંદ્રિયોમાં અને ઇંદ્રિયોમાંથી કર્મની પ્રવૃત્તિ થાય છે. એટલા માટે ઇંદ્રિયોપર પ્રથમ તું વિજય મેળવી લે એટલે થયું. [૨૧૮]

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥

[દેહ કરતાં ઇંદ્રિયો સૂક્ષ્મ છે, ઇંદ્રિયો કરતાં મન સૂક્ષ્મ છે, મન કરતાં બુદ્ધિ સૂક્ષ્મ છે અને બુદ્ધિ કરતાં પણ જે સૂક્ષ્મ તે પરમાત્મા છે એમ જ્ઞાનીઓ કહે છે.] ૪૨

એમ થતાંજ મનનો વેગ કુંઠિત થતાં બુદ્ધિની મુક્તિ થશે અને ત્યાર પછી તે સ્થાનમાંથી તે દુષ્ટો (કામ ક્રોધ) નો નિવાસ ટળી જશે. [૨૧૯]

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ४३ ॥

[હે મહાબાહો! એવી રીતે બુદ્ધિથી પર પરમાત્માને જાણીને પોતાની સ્વસ્થતાને પોતે પ્રાપ્ત કરી લઈ, ત્યાર પછી જિતવાને યોગ્ય કઠિન કામરૂપી શત્રુને જિતી લે.] ૪૩

એવી રીતે એમનો શરીરમાંનો નિવાસ ટળી ગયો, એટલે તેને પૂર્ણપણે નિશ્રાંત થયેલો સમજવો. જેવી રીતે સૂર્યકિરણ વિના મૃગજલ દેખાતું નથી,[૧૭૦] તેવીજ રીતે, રાગ અને દ્વેષનો નાશ થતાંની સાથેજ બ્રહ્મરૂપી સ્વરાજ્ય હાથમાં આવેલુંજ સમજી લેવું. એ પછી તે પોતાનુંજ સુખ પોતે ભોગવે છે. [૧૭૧] એજ ગુરુશિષ્યની ગુપ્ત ગોષ્ઠિ અને એજ જીવ બ્રહ્મનું ઐક્ય. તું ત્યાં સ્થિર થઇને ત્યાંથી કદાપિ ચલિત થતો નહિ. [૧૭૨] સંજય કહે છે કે:–રાજા, સાંભળ; સકલસિદ્ધ મુકુટમણિ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ એ પ્રમાણે બોલ્યા. હવે આની પછી ભગવાન્ શ્રીકૃષ્ણ એક પુરાતન કથા કહેશે અને તે સાંભળીને અર્જુન પ્રશ્ન કરશે.[૧૭૩–૧૭૪] તે કથાની યોગ્યતા અને રસિકતાથી શ્રોતાઓના હૃદયમાં પૂર્ણ સમાધાન થશે.[૧૭૫] નિવૃત્તિના દાસ જે જ્ઞાનદેવ તે કહે છે કે, ભાઇઓ આત્મજ્ઞાન પ્રાપ્તિની સારી તૈયારી માટે શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ (સાંભળવાનો) લાભ ગ્રહણ કરો.[૧૭૬]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃતા ભાવાર્થદીપિકા મધ્યે કર્મયોગ
નામનો અધ્યાય ત્રીજો સમાપ્ત

જ્ઞાનેશ્વરીનો ચતુર્થ અધ્યાય

જ્ઞાનવિભાગયોગ

[ગત અધ્યાયમાંના કથા ભાગનું શ્રવણ થયા પછી તેનું મનન થતાં તેનોજ નિદિધ્યાસ લાગેલો હોવાથી જ્ઞાનેશ્વર મહારાજ ઉત્પ્રેક્ષા કરે છે કે;–] આજે શ્રવણો (કાનો) નો ભાગ્યોદય થયો; કારણ કે, તેમણે ગીતાનો ભંડાર જોયો. જાગ્રત થવા પછી સ્વપ્નમાંનો બનાવ ખોટો ભાસે છે; પણ તે બનાવ આજે ખરા તરીકે સિદ્ધ થયો છે![૧] પ્રથમજ આત્મ વિચારની વાર્તા અને તેનો પ્રતિપાદક જગજ્જ્યેષ્ઠ શ્રીકૃષ્ણ તથા શ્રોતાભક્ત શિરોમણિ અર્જુન; એટલે[૨] જેવી રીતે કોકિલાનો મંજુલ પંચમ સ્વર અને તેમાં મળેલાં ઉત્તમ સૌગંધ્ય અને માધુર્ય એ ત્રણથી જેવો આનંદ થાય છે, તેવોજ આ કથાથી આનંદ થયેલો છે.[૩] જે દૈવના યોગે શ્રોતાઓનાં જપતપ ફળદ્રૂપ થઇને તેમને અમૃતરૂપ ગંગા જ પ્રાપ્ત થઈ છે, તે દૈવની મહત્તાનાં શાં વખાણ કરવાં![૪] એટલા માટે, સર્વ ઇંદ્રિયોએ પોતપોતાનાં કામોને છોડી દઇ શ્રવણોમાં જ નિવાસ કરી શ્રીકૃષ્ણાર્જુન સંવાદરૂપ ગીતાના શ્રવણનું સુખ ભોગવવું.[૫] (શ્રીજ્ઞાનેશ્વર મહારાજનું આ બોલવું સાંભળીને) સંત સમુદાય જ્ઞાનેશ્વરને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે:–હવે આ તારા ટીખલ અને અધિક પ્રસંગોને પૂરા કરીને, કૃષ્ણ અને અર્જુન જે કાંઇ પરસ્પર બોલ્યા હતા તે કથા જ અમને કહી સંભળાવ.[૬] તે સમયે સંજય ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યો કે:–સત્ત્વ ગુણવડે વિભૂષિત થયેલો જે અર્જુન, તેને શ્રીકૃષ્ણે અતિશય પ્રેમથી કહ્યું કે;–[૭] જે ગુહ્ય શ્રીકૃષ્ણે પોતાના પિતા વસુદેવ, માતા દેવકી અને બંધુ બલરામને પણ કહ્યું ન હોતું તે કેવળ અર્જુનને જ કહ્યું છે.[૮] લક્ષ્મી દેવી નિત્ય ભગવાનની સંનિધ રહેનારી હોવા છતાં તેને પણ

જે પ્રેમસુખનો અનુભવ થયો નથી, તે કૃષ્ણપ્રેમની વૃષ્ટિ આજે પાર્થના શિરપર જ થયેલી છે.[૯] સનકાદિક એની ઘણા દિવસથી ઇચ્છા કરતા હતા, પરંતુ આટલી બધી યોગ્યતાવાળો પ્રેમ તેમને પણ પ્રાપ્ત થયો નહોતો.[૧૦] અર્જુને એવું તે કયું મહત્પુણ્ય કર્યું હશે કે, જેના પરિણામે તેના પ્રતિ જગદીશ્વરનો અનુપમેય પ્રેમ દૃષ્ટિગોચર થાય છે?[૧૧] જુઓ-જેની પ્રીતિમાટે નિરાકાર સાકાર થયો, એથી મને તો એમ જ ભાસે છે કે, એ ઉભયની સ્થિતિ (દેહ) જો કે ભિન્ન છે, તો પણ ખરી રીતે તો બન્ને એકરૂપ જ છે.[૧૨] જો એમ ન હોત તો જે ભગવાન્ યોગીઓના હાથમાં પણ આવતા નથી, વેદોના જાણવામાં આવતા નથી અને જેનામાં ધ્યાનની દૃષ્ટિ પણ પહોંચી શકતી નથી;[૧૩] એવા આત્મસ્વરૂપી ભગવાન્-અનાદ્યન્ત અને અચલ ભગવાન્-કયા કારણથી અર્જુનપર આટલા બધા કૃપાવાન્ થયા છે વારુ?[૧૪] એ ત્રૈલોક્યરૂપ વસ્ત્રના સંકોચ અને વિસ્તારનું અધિષ્ઠાન છે, (ત્રૈલોક્ય એનું સ્વરૂપ હોઇ તેની ઘડી કરીને એ અવતાર ધારણ કરી અહીં આવ્યા છે) અને આકારથી પર છે, છતાં અર્જુનને એ એટલા બધા પ્રેમથી કેમ આધીન થયેલા હશે, એ જાણી શકાતું નથી![૧૫]

श्रीभगवानुवाच–इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

[ભગવાને કહ્યું:-આ નાશરહિત કર્મયોગ મેં પ્રથમ સૂર્યને કહ્યો હતો; સૂર્યે મનુને કહ્યો હતો; અને મનુએ ઇક્ષ્વાકુને કહી સંભળાવ્યો હતો.] ૧

ત્યાર પછી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે;-આ કર્મયોગ મેં પ્રથમ વિવસ્વાન્- સૂર્યને કહ્યો હતો; પરંતુ તે વાતને ઘણા દિવસ થઈ ગયા છે.[૧૬] પછી સૂર્યે એ સર્વ યોગ મનુને કહ્યો હતો;[૧૭] અને મનુએ તેનું આચરણ કરીને ઇક્ષ્વાકુ નામક પોતાના પુત્રને તેનો ઉપદેશ કર્યો હતો. એવી રીતે મૂળથી જ એ પરંપરા ચાલતી આવી છે.[૧૮]

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥ २ ॥

[અર્જુન! એવી પરંપરાથી પ્રાપ્ત થયેલો એ યોગ રાજર્ષિઓના જાણવામાં આવ્યો. એ જ યોગ ઘણો કાળ વીતી જવાથી આ લોકમાં નષ્ટ થયેલો છે.] ૨

ત્યાર પછી એ યોગ કેટલાક રાજ ઋષિઓના જાણવામાં હતો, પરંતુ તે પછીથી અત્યાર સૂધીમાં એ યોગ કોઇના પણ જાણવામાં નથી;[૧૯] કારણ કે, પ્રાણી માત્રની વિષય સેવનમાં જ રુચિ હોઇને, દેહમાં જ અધિક પ્રેમ હોવાથી તેમને આત્મબોધનું સર્વથા વિસ્મરણ જ થઈ ગયું છે.[૨૦] આસ્તિક્ય બુદ્ધિ આડા માર્ગમાં ઊતરી જવાને લીધે જે વિષયસુખ તે જ ઇતિકર્તવ્ય એવો લોકોને ભાસ થવાથી તેઓ જેમ જીવપર પ્રેમ રાખે છે, તેવી જ રીતે વિષય-ઉપાધિપર પણ પ્રેમ કરવા લાગ્યા છે![૨૧] નગ્ન લોકોના ગામમાં ઉંચાં વસ્ત્રોની શી મહત્તા હોઇ શકે? અથવા તો જન્માંધને સૂર્યનો શો ઉપયોગ?[૨૨] અથવા તો બહેરાઓની સભામાં ગાયનને કોણ માન આપે? અથવા શિયાળોને ચંદ્રિકાથી શો આનંદ થવાનો હતો?[૨૩] ચંદ્રનો ઉદય થવા પહેલાં જ જેમની આંખો ફૂટી જાય છે એટલે કે મીંચાઇ જાય છે તેવા કાગડાઓ, ચંદ્રને કેમ કરીને ઓળખી શકે?[૨૪] એ જ પ્રમાણે, જેમને વૈરાગ્યનો સ્પર્શ પણ થયો નથી અને જેઓ વિચારને નામ માત્રથી પણ ઓળખતા નથી, તે મૂર્ખ જનોને મુજ પરમેશ્વરનો લાભ કેમ કરીને મળી

શકે વારુ?[૨૫] એ મોહ આટલો બધો કેમ વધી ગયો છે, એ કાંઇ સમજાતું નથી; પણ એથી ઘણો કાળ વ્યર્થ વહી જવાથી આ લોકમાં એ યોગનો લોપ અથવા નાશ થઇ ગયેલો આપણા જોવામાં આવી શકે છે.[૨૬]

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

[એ જ પુરાતન અને ઉત્તમ રહસ્યરૂપ (તત્ત્વબોધ) મેં આજે તને કહેલો છે; કારણ કે, તું મારો ભક્ત અને સખા (મિત્ર) છે.] ૩

હે કુન્તીપુત્ર! ખરેખર તે જ યોગ આજે મેં તને કહી સંભળાવ્યો છે; (તેથી તેના સત્યપર) તારે મનમાં જરા પણ શંકા રાખવી નહિ.[૨૭] એ યોગ મારા જીવ કે પ્રાણ સમાન છે; છતાં તારાથી એ યોગ પણ મેં ગુપ્ત રાખ્યો નથી; કારણ કે, તું મારો અત્યંત પ્રિય ભક્ત છે.[૨૮] હે ધનુર્ધર! તું કેવળ પ્રેમની મૂર્ત્તિ છે, ભક્તિનો જીવ છે, સત્ય મિત્રતાનું કેવળ જીવન છે,[૨૯] અને મારા વિશ્વાસનું સ્થાન છે; એટલે તારી વંચના કેમ કરીને કરી શકાય? આપણે અત્યારે જો કે, યુદ્ધ માટે તૈયાર થયેલા છીએ,[૩૦] તોપણ ક્ષણ માત્રને માટે એ યુદ્ધના કોલાહલને એક કોરણે મ્હેલીને, જરા પણ ગભરાટમાં ન પડતાં, મારે તારા મનમાં અહુણાં વ્યાપેલા અજ્ઞાનને દૂર કરવું જ જોઇએ.[૩૧]

०

अर्जुन उवाच–अपरं भवतो जन्म परं जन्म विवस्वतः।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

[અર્જુને કહ્યું:-હે કૃષ્ણ, તમારો જન્મ તો હમણાંનો છે અને સૂર્ય તો પ્રાચીન કાળનો છે; એટલે તમે તેને પ્રથમ એ યોગ કહ્યો હતો, એ વાતને હું સાચી કેમ કરીને માની શકું?] ૪

શ્રીકૃષ્ણનું આવું વચન સાંભળી, અર્જુન કહેવા લાગ્યો કે:-"હે કૃપાનિધે! શ્રી હરિ! માતા જો પોતાનાં બાળકોપર પ્રેમ કરે, તો તેમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે?[૩૨] તમે તો સંસારમાં થાકેલા માટે છાંયડારૂપ અને દીન જનોની માતારૂપ છો. ખરેખર અમારો જન્મ તમારી કૃપાના પ્રતાપે જ થયેલો છે.[૩૩] હે દેવ! માતા જો એક પંગુ બાળકને જન્મ આપે, તો તેના જન્મકાળથી જ તે બિચારીને ત્રાસ ભોગવવો પડે છે, એ સર્વ તો તમે જાણો જ છો; ત્યારે અમે તમારી આગળ તમારી મહત્તાનાં ગીતડાં શાં ગાઇએ?[૩૪] અત્યારે હવે હું જે કાંઇ પૂછવાનો છું, તે મારા પ્રશ્નમાં સારી રીતે ધ્યાન આપશો અને મારા પ્રશ્ન વિશે મનમાં ક્રોધ લાવશો નહિ.[૩૫] હે અનંત! તમે હમણા જ જે ગતકાળની વાર્ત્તા કહી, (સૂર્ય અને કર્મયોગ કહી સંભળાવ્યાની), તે મારા મનમાં જરા પણ રુચ નહિ! અર્થાત્ એ સત્ય છે એમ મનાતું નથી! કેમકે,[૩૬] સૂર્ય કોણ છે અને તેનો જન્મ ક્યારે થયો હતો, એ આપણા પૂર્વજો પણ જાણતા નથી, તો પછી તમે તેને કેમ અને કેવી રીતે ઉપદેશ આપ્યો?[૩૭] તે સૂર્ય, તો ઘણો જ પ્રાચીન છે, એમ સાંભળવામાં આવે છે અને તમે તો, શ્રીકૃષ્ણ, હજી હમણાં જન્મેલા છો, એટલે તમારી આ વાતમાં મને તો પ્રત્યક્ષ વિરોધ દેખાય છે.[૩૮] વળી અધુરામાં પૂરું, હે દેવ! તમારા ચરિત્રના રહસ્યને અમે જાણી શકતા નથી, એટલે તમારું આ કથન અસત્ય છે, એમ પણ એકદમ અમારાથી કહી શકાતું નથી.[૩૯] એટલા માટે, તમે પોતે સૂર્યને એ યોગનો ઉપદેશ કર્યાની વાત કહો છો, તે મારા સમજવામાં આવી શકે, એવી રીતે સ્પષ્ટ કરીને કહો."[૪૦]

श्रीभगवानुवाच-बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે શત્રુતાપન અર્જુન! મારા અને તારા અનેક જન્મો થઇ ગયા છે; તે સર્વનું મને સ્મરણ છે, તને(માત્ર) તેનું સ્મરણ નથી!] ૫

એટલે શ્રીકૃષ્ણે કહ્યું કે:-અર્જુન! જે સમયમાં તે સૂર્ય હતો, તે સમયમાં આપણે નહોતા, એવી જો કે તારા મનમાં શંકા આવેલી છે,[૪૧] છતાં તું એ જાણતો નથી કે, તારા અને મારા તો અનેક જન્મો થયેલા છે. પરંતુ તને એ જન્મોનું સ્મરણ નથી.[૪૨] પણ હે અર્જુન! મેં જે જે વેળાએ જે જે અવતારો ધારણ કરેલા છે, તે મારા સર્વ અવતારોનું મને તો સ્મરણ છે જ.[૪૩]

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ ६ ॥

[હું જન્મનાશરહિત અને સર્વ ભૂતોનો નિયંતા હોવા છતાં પણ, સ્વકીય પ્રકૃતિનો સ્વીકાર કરીને પોતાની માયાથી જ જન્મ ધારણ કરું છું.] ૬

અર્થાત્ મને વીતી ગયેલી સઘળી વાતોનું સ્મરણ છે. હું પોતે જન્મરહિત હોવા છતાં પણ માયાના યોગથી અવતાર ધારણ કરું છું;[૪૪] મારા અવ્યયત્વનો નાશ થતો નથી, પણ અવતાર ધારણ કરવાનો અને તેને સમાપ્ત કરવાનો જે ભાસ થાય છે, તે ભાસ મારામાં જ કેવળ માયાના યોગથી થાય છે.[૪૫] મારી સ્વતંત્રતાનો તો ભંગ થતો નથી જ; છતાં હું કર્માધીન છું, એમ જે લોકોને ભાસે છે, તે કેવળ ભ્રાંતિને લીધે જ. ખરી રીતે જોતાં એવું કાંઈ છે જ નહિ.[૪૬] એક જ વસ્તુ, દર્પણના યોગે બે સ્થાનમાં દૃષ્ટિગોચર થાય છે, પણ વસ્તુસ્થિતિનો વિચાર કરતાં તે એક જ વસ્તુ હોય છે;[૪૭] તે જ પ્રમાણે, હે અર્જુન! હું તો નિરાકાર જ છું; પણ જગત્કાર્ય માટે માયાનો સ્વીકાર કરીને, નટ (નાટકના પાત્ર) પ્રમાણે બાહ્યતઃ આકારને ધારણ કરું છું.[૪૮]

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ ७ ॥

[હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મ ક્ષીણ થાય છે અને અધર્મ વધી જાય છે, ત્યારે ત્યારે ધર્મનો ઉદ્ધાર કરવા હું અવતાર ધારણ કરું છું.] ૭

જેટલા જેટલા ધર્મો છે, તે સર્વનું પ્રત્યેક યુગમાં મારે રક્ષણ કરવું જ જોઇએ, એવો આ ક્રમ પ્રારંભ કાળથી જ ચાલતો આવ્યો છે;[૪૯] એટલા માટે જે જે સમયમાં અધર્મના યોગે ધર્મનો ક્ષય થાય છે, તે તે સમયમાં હું મારી જન્મરહિતતાને એક બાજૂએ મૂકી દઉં છું અને નિરાકારતાનું સ્મરણ માત્ર પણ કરતો નથી.[૫૦]

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

[સાધુઓનું સંરક્ષણ કરવા માટે અને દુષ્ટોનો નાશ કરવા માટે તેમજ ધર્મની સ્થાપના કરવા માટે હું યુગ યુગમાં અવતાર ધારણ કરું છું.] ૮

તે વેળાએ ભક્તોના સંરક્ષણ માટે હું દેહ ધારણ કરીને અવતાર લઉં છું અને પછી અજ્ઞાનરૂપ અંધકારને ગળી જાઉં છું;[૫૧] અધર્મની મર્યાદાને તોડી નાંખું છું, દોષોએ કરેલી સનંદોને ફાડી નાંખું છું અને જેઓ સાધુ હોય તેમના હાથે સુખોની ધ્વજાઓ ચઢાવું છું.[૫૨] દૈત્યકુળનો (અધર્મીઓનો) નાશ કરું છું, સાધુઓને યોગ્ય માન અપાવું છું અને ધર્મ તથા નીતિનો પરસ્પર મેળાપ કરાવી આપું છું.[૫૩] અવિચારરૂપ દીપકના કાજળને કાઢી નાખીને વિચારરૂપ દીપકને પ્રજ્વલિત કરું છું અને તે વેળાએ યોગીજનોને સર્વથા આનંદરૂપ દીવાળીનો જ ભાસ થાય છે![૫૪] એમ થવાથી સમસ્ત વિશ્વ સારા સુખથી ઉભરાઈ જતું દેખાય છે; સર્વત્ર લોકો ધર્મનું આચરણ કરે છે અને ભક્તજનો સત્ત્વ ગુણવડે પરિપૂર્ણ થાય છે.[૫૫] હે અર્જુન! જે વેળાએ મારો અવતાર પ્રકટ થાય છે, તે વેળાએ પાપોના પર્વતનો લોપ થાય છે અને પુણ્યોના સુખકર (સૂર્યનો) ઉદય થાય છે.[૫૬] એવા કાર્ય માટે હું પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરું છું અને એમ જે જાણે છે, તેજ જગતમાં જ્ઞાની છે.[૫૭]

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

[અર્જુન! એવી રીતે મારો જન્મ અને મારું કર્મ દિવ્ય છે, એમ જે યથાર્થ જાણે છે તે દેહનો ત્યાગ કર્યા પછી પાછો જન્મતો નથી; કિન્તુ તે મનેજ પ્રાપ્ત થાય છે.] ૯

અજત્વ (અજન્મપણા)ને કાયમ રાખીને જન્મ ધારણ કરવો અને અકર્તૃત્વને અવિચલ રાખીને કર્મ કરવું, એવું મારું જે સ્વરૂપ, તે સ્વરૂપને જે નિઃશંકતાથી જાણે છે તેજ પરમ મુક્ત છે.[૫૮] તે દેહના સંબંધથી ચાલતો હોવા છતાં પણ, ચાલતો નથી અને દેહ ધારણ કરવા છતાં પણ દેહભાવથી આકર્ષાતો નથી અને મરણ પામ્યા પછી તે મારા સ્વરૂપમાં આવી મળે છે–મારા સ્વરૂપમાં લીન–તન્મય થઈ જાય છે![૫૯]

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

[જેમના કામ, ભય અને ક્રોધ આદિ દોષોનો લોપ થયેલો છે અને જેઓ મત્સ્વરૂપ બની મારોજ આશ્રય ધારીને રહેલા છે, એવા જ્ઞાનરૂપ તપથી પવિત્ર થયેલા પુષ્કળ જ્ઞાની જનો, મારા સ્વરૂપને પામ્યા છે.] ૧૦

ભૂત અને ભવિષ્ય કાળની ઘટના વિશે જેઓ શોક કરતા નથી અને જેઓ વાસનારહિત હોય છે, તેઓ કોઇપણ સમયે ક્રોધના માર્ગમાં વિચરતા નથી.[૬૦] જેઓ વિષયની પ્રીતિથી રહિત છે, જેઓ નિત્ય મારા સ્વરૂપની પ્રાપ્તિ થવાથી પોતાને ધન્ય અને કૃતાર્થ માને છે અને કેવળ મારી સેવા માટેજ જીવતા રહેલા છે અથવા તો જેઓ જ્ઞાનના બોધથી સંતોષ પામે છે,[૬૧] જેઓ તપના તેજના રાશિરૂપ કિંવા જ્ઞાનના આગાર અથવા તીર્થને પવિત્ર કરનાર તીર્થરૂપ છે,[૬૨] તેઓ સહજ સ્વભાવે મારા સ્વરૂપમાં આવી મળે છે અને મત્સ્વરૂપ થઇ જાય છે;–તેમનામાં અને મારામાં ભિન્ન ભાવ હોતો નથી.[૬૩] મને એ કહે કે, પિત્તળમાંનો બધો કાટ એકદમ નીકળી જાય, તો પછી પિત્તળ અને સોનામાં શો ફેર રહે?[૬૪] તેવીજ રીતે જેઓ યમનિયમ આદિ અષ્ટાંગયોગમાં પારંગત થઇ, તપ અને જ્ઞાનવડે શુદ્ધ થયેલા છે, તેઓ નિઃસંશય મારા સ્વરૂપમાં આવી મળે છે.[૬૫]

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

[હે અર્જુન! જેઓ જે ભાવનાથી મારું ભજન કરે છે, તે (ભાવના) પ્રમાણે જ હું તેમની ઇચ્છા પૂર્ણ કરું છું. સર્વ લોકો સર્વ પ્રકારે મારા માર્ગથી જ ચાલનારા છે.] ૧૧

એ ઉપરાંત એ પણ તારે જાણવું જોઇએ કે, જેઓ જે ભાવથી મને ભજે છે, તે તે ભાવથી હું પણ તેમને તેવી જ રીતે ભજું છું.[૬૬] મનુષ્ય માત્રની સ્વાભાવિક રીતે જ મારા ભજનમાં પ્રવૃત્તિ હોય છે.[૬૭] પરંતુ જ્ઞાનના અભાવથી બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન થતાં હું જે ખરી રીતે એક છું, તે મારામાં તેઓ અનેકત્વની કલ્પના કરે છે;[૬૮] એટલે કે, હું અભેદ હોવા છતાં મારામાં ભેદ કલ્પે છે. હું નામરહિત હોવા છતાં મને અનેક નામો આપે છે અને હું શબ્દાતીત હોવા છતાં મને કોઈ દેવ અને કોઈ દેવી ઇત્યાદિના નામથી ઓળખે છે.[૬૯] જે હું સર્વત્ર એક સમાન છું, તે મારામાં તેઓ માયાને આધીન થઈ ભ્રાંતિથી સારો અને નઠારો એવા ભેદો માને છે.[૭૦]

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥ १२ ॥

[કર્મના ફળની પ્રાપ્તિની ઇચ્છા ધરાવનારા પુરુષ, આ લોકમાં દેવતાઓનું યજન કરે છે. કારણ કે, આ મનુષ્યલોકમાં કર્મથી ફળની ત્વરિત (તુરતાતુરત) સિદ્ધિ થાય છે.] ૧૨

એ રીતે મનમાં નાના પ્રકારના ઉદ્દેશોને ધારણ કરીને તેઓ પોતાને ગમતા ઉપચારોવડે (મને) અનેક દેવો (રૂપ) માનીને તેમની ઉપાસના કરે છે.[૭૧] એ પ્રમાણે અહીં જેનું જે ઇચ્છિત હોય છે, તે તેને તે જ પ્રમાણે પ્રાપ્ત થાય છે; પરંતુ એ તેના કર્મનું ફળ છે, એમ નિશ્ચયપૂર્વક જાણવું.[૭૨] પણ ખરી રીતે જોતાં આપનાર અથવા લેનાર નિઃસંશય કર્મ વિના બીજું કોઈપણ ન હોવાથી, કર્મથી જ ફળની પ્રાપ્તિ થાય છે.[૭૩] જે પ્રમાણે જમીનમાં જે ધાન્ય વાવીએ છીએ, તેના કરતાં બીજી જાતના ધાન્યની ઉત્પત્તિ થતી જ નથી અથવા તો દર્પણમાં જેવી વસ્તુ હોય છે તેવી જ તે દેખાય છે;[૭૪] કિંવા હે અર્જુન! પર્વતની કંદરામાં આપણા મોઢામાંથી જ નીકળેલો શબ્દ પ્રતિધ્વનિરૂપે પાછો સંભળાય છે;[૭૫] તે જ પ્રમાણે, હે અર્જુન! પ્રત્યેક ઉપાસનાનો આધારભૂત હું જ છું અને તેથી જ પ્રત્યેકને તેની ભાવના પ્રમાણે જ ફલપ્રાપ્તિ થાય છે.[૭૬]

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥ १३ ॥

[ગુણ અને કર્મના વિભાગ અનુસાર (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) એવા ચાર વર્ણ મેં ઉત્પન્ન કરેલા છે; (અને તેથી) યદ્યપિ હું એ વર્ણોનો કર્તા દેખાતો હોઉં, તથાપિ, હું અકર્તા, નાશરહિત અને અસંસારી છું, એમ જ તું જાણ.] ૧૩

હવે એ જ પ્રમાણે તું એ પણ ધ્યાનમાં રાખ કે, આ લોકમાં જે ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર મનાય છે, તેમને પણ ગુણ અને કર્મના વિભાગથી મેં જ ઉત્પન્ન કરેલા છે;[૭૭] અને તે ચારે વર્ણોનાં પોતપોતાના પ્રકૃતિધર્મ અને ગુણોના તારતમ્યવડે મેં વ્યવસ્થા કરેલી છે.[૭૮] પણ હે અર્જુન! એ સર્વ જનો એક જ હોઇને ગુણ અને કર્મના યોગે તેમના ચાર વર્ણોની વ્યવસ્થા સહજ થયેલી છે.[૭૯] એટલા માટે પાર્થ! એ વર્ણભેદની સ્થાપનાનો કર્તા હું છું જ નહિ.[૮૦]

न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥ १४ ॥

[કર્મો મને બદ્ધ કરતાં નથી અને કર્મફળમાં મારી આસક્તિ પણ નથી. મને જે આવો જાણે છે, તેને પણ કર્મો બદ્ધ કરતાં નથી.] ૧૪

એ વર્ણભેદ જો કે મારાથી થયેલો છે, છતાં તે વર્ણભેદ મારો કરેલો નથી, એમ જે જાણે છે, તે જ કર્માતીત થયેલો છે.[૮૧]

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

[હું કર્મ કરવા છતાં અકર્તા છું, એમ જાણીને જ પૂર્વના મુમુક્ષુએ કર્મો કરેલાં છે, એટલા માટે તું પણ આગળના લોકો પ્રમાણે કર્મ કર.] ૧૫

હે અર્જુન! પૂર્વકાળમાં જે મુમુક્ષુઓ થઈ ગયા છે, તેમણે મને આમ જાણીનેજ કર્મો કર્યાં છે;[૮૨] પરંતુ જેવી રીતે બળેલા બીજનું આરોપણ કરવાથી તેમાંથી વૃક્ષની કદાપિ ઉત્પત્તિ થતીજ નથી, તેવી રીતે તેમનાં નિષ્કામ કર્મોજ તેમની મોક્ષપ્રાપ્તિમાં કારણરૂપ થયેલાં છે;[૮૩] અને અર્જુન! તેમાં વિશેષતા એ છે કે, ચતુર મનુષ્યે એ કર્મ અને અકર્મવિશે પોતાની ઇચ્છા પ્રમાણેજ વિચાર કરવો યોગ્ય નથી.[૮૪]

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १६ ॥

[કર્મ એટલે શું, અને અકર્મ એટલે શું, એ જાણવા માટે મોટા મોટા દૂરદર્શી પુરુષો પણ મોહમાં પડી ગયા છે. એવું જે કર્મ, તે હું તને કહી સંભળાવું છું; કેમકે એને જાણવાથી તું સંસારદુઃખથી મુક્ત થઈશ.] ૧૬

જેને કર્મના નામથી ઓળખવામાં આવે છે તે શું છે અને અકર્મનું લક્ષણ શું છે, એનો વિચાર કરતાં કરતાં મહાન્ પંડિતો પણ ગોટાળામાં પડી જાય છે.[૮૫] જેવી રીતે ખોટો સિક્કો આબેહૂબ ખરા જેવોજ દેખાયાથી જ્ઞાનીનાં નેત્રોને પણ સંશયમાં નાંખી દે છે,[૮૬] તેવી જ રીતે કેવળ ઇચ્છા માત્રથીજ પ્રતિ સૃષ્ટિ નિર્માણ કરવાની શક્તિ ધરાવનારા પણ 'અમે કર્માતીત છીએ,' એવા ભ્રમથી ભૂલીને કર્મોના પાશમાં સપડાઈ જાય છે.[૮૭] હવે જ્યાં જ્ઞાનીની જ એવી અવસ્થા થાય છે, ત્યાં પછી મૂર્ખ–અજ્ઞાની–ની તો વાત જ શા માટે કરવી જોઇએ? જ્ઞાની લોકો પણ કેવી રીતે મોહમાં સપડાયા છે, તે વિશેની જ હું વાત કહું છું, તે સાંભળ.[૮૮]

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ १७ ॥

[[૧]કર્મ [૨]અકર્મ અને [૩]વિકર્મના તત્ત્વને યથાર્થ જાણવું જ જોઇએ; કારણ કે તે કર્માદિકનું યથાર્થ તત્ત્વ, સમજવા માટે બહુ જ કઠિન છે.] ૧૭

જ્યાં પોતાની મેળે જ વિશ્વરચના સંભવે છે, તેનેજ કર્મ સમજી લે; અને તેનું જ સર્વથી પ્રથમ યથાર્થ જ્ઞાન મેળવી લેવું જોઇએ.[૮૯] ત્યારપછી જે કર્મો વર્ણાશ્રમને યોગ્ય અને વેદોમાં કહેલાં છે,

---

૧ વિહિત કર્મ. ૨ નિષિદ્ધ કર્મ. ૩ કાંઈ પણ ન કરવું તે–નૈષ્કર્મ્ય.

તેમનો પણ નિશ્ચિત ફળ સહિત પરિચય કરી લેવો જોઇએ.[९०] જેને નિષિદ્ધ કર્મ કહેવામાં આવે છે, તેના સ્વરૂપને પણ જાણી લેવું જોઇએ. એમ થવાથી તે (પુરુષ) પોતાની મેળે જ મુક્ત થાય છે-અર્થાત્ કર્મથી બંધાતો નથી.[९१] અન્યથા, એ કર્મની વ્યાપ્તિ એટલી બધી ગહન છે કે, આ સમસ્ત જગત્ કર્માધીન છે. અસ્તુ. હવે બ્રહ્મનિષ્ઠનાં લક્ષણો ક્યાં છે, તે સાંભળ.[९२]

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।

स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥

[જે કર્મમાં અકર્મ જુવે છે અને અકર્મમાં કર્મનો સાક્ષાત્કાર કરે છે, તે મનુષ્યોમાં સર્વ કરતાં બુદ્ધિમાન્, યોગી અને સર્વ કર્મ કર્તા છે.] ૧૮

ફળની આશા ન રાખતાં જે કર્મનું આચરણ કરે છે, પણ તે કર્મ પોતે કરે છે, એમ માનતો નથી;[९३] અને તે એવા પ્રકારની કર્માતીતતાને એટલા બધા સારા રૂપમાં જાણી ગયેલો હોય છે કે, એ વિના તેને આ જગતમાં બીજું કાંઈપણ કરવાનું બાકી હોતું નથી;[९४] તથાપિ, તે સર્વ કર્મો સારી રીતે કર્યાં કરે છે, એમ દેખાય છે; તેજ, હે અર્જુન! જ્ઞાની પુરુષ છે, એમ જાણવું.[९५] જેવી રીતે કોઇ એક મનુષ્ય નદીને તીરે ઉભો રહીને પાણીમાં પોતાના પ્રતિબિંબને જુવે છે, છતાં, 'હું એ પ્રતિબિંબથી ભિન્ન છું' એમ તે નિઃસંશય જાણતો હોય છે.[९६] અથવા તો નૌકામાં બેસીને જનારા મનુષ્યને જેમ તીર પ્રાંતમાંના વૃક્ષો દોડતાં જતાં દેખાય છે, પણ વધારે સૂક્ષ્મતાથી જોતાં તેજ વૃક્ષો અચલ હોવાનો પરિચય થાય છે,[९७] તેમ જ સર્વ કર્મો કરવા છતાં કર્મ કરવું સર્વથા અસત્ય છે, એમ માનીને હું કર્મકર્ત્તા નથી એવો જ જે નિશ્ચય રાખે છે;[९८] અને સૂર્ય ઊગે છે અને અસ્ત પામે છે, એટલા જ પ્રમાણથી જો કે તે આપણને ચાલતા દેખાય છે, તે પ્રમાણે કર્મ આચરવા છતાં જે પોતાને કર્મનો અકર્ત્તા જ જાણે છે,[९९] તે જો કે મનુષ્ય સમાન દેખાય છે ખરો, પરંતુ વાસ્તવિક રીતે તે મનુષ્ય નહિ, કિન્તુ પરબ્રહ્મ જ છે, એમ તારે સમજવું. જેવી રીતે સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં પડવા છતાં તેમાં સૂર્ય હોતો નથી,[१००] તે જ પ્રમાણે, જે બ્રહ્મરૂપ થયેલો હોય છે, તે જગતને જોવા છતાં પણ જોતો નથી. સર્વ ક્રિયાઓ કરવા છતાં એક પણ ક્રિયા કરતો નથી અને સર્વ ભોગ્ય વસ્તુઓને ભોગવવા છતાં કાંઈ પણ ભોગવતો નથી.[१०१] તે સર્વ સ્થાનોમાં ભ્રમણ કરે, છતાં તેનું સ્વકીય સ્થાન દૂર થતું નથી. માત્ર એટલું જ નહિ પણ તે પોતે વિશ્વરૂપ જ બની ગયેલો હોય છે, એમ નિશ્ચયપૂર્વક જાણવું.[१०२]

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।

ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥ १९ ॥

[જેના સર્વ કર્મોનો આરંભ સંકલ્પ અને ફળની ઇચ્છાથી રહિત હોય છે, તેને જ્ઞાનીજનો જ્ઞાનાગ્નિથી જેનાં સર્વ કર્મો દગ્ધ થયેલાં છે એવો 'પંડિત' એવા નામથી ઓળખે છે.] ૧૯

જે પુરુષને કર્માચરણ વિશે ખેદ થતો નથી, અર્થાત્ કર્મ કરતો બંધ પડતો નથી; પરંતુ કર્મ (કરવા છતાં કર્મ) ફળની ઇચ્છા જેના મનમાં બીજ માત્રને પણ ઉદ્ભવતી નથી,[१०३] અને 'અમુક એક કર્મ હું કરીશ અથવા તો અમુક આરંભેલા કર્મની સમાપ્તિ હું કરીશ;' એવો સંકલ્પ માત્ર પણ જેના મનને સ્પર્શ કરતો નથી;[१०४] અને જ્ઞાનરૂપ અગ્નિના મુખમાં નાંખીને જેણે પોતાનાં સર્વ કર્મોને બાળી નાંખ્યાં છે, એવા પુરુષને તારે મનુષ્યરૂપથી થયેલો પરબ્રહ્મનો અવતાર જ જાણવો.[१०५]

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ २० ॥

[જે કર્મના ફળની ઈચ્છાને ત્યાગી દે છે અને (આત્માનંદમાં) નિત્ય તૃપ્ત રહીને કશાનો પણ આશ્રય કરતો નથી, તે સર્વ કર્મો કરતો હોય તોય, વસ્તુતઃ કાંઈ પણ કરતો નથી.] ૨૦

જે શરીર વિશે ઉદાસીન હોય છે અને કર્મમાંથી થનારી ફળ નિષ્પત્તિની ઇચ્છા રાખતા નથી, તેમ જ નિત્ય આનંદ સ્વરૂપમાં નિમગ્ન હોય છે,[૬] અને હે પાર્થ! જે સંતોષના સદનમાં બેસીને ભોજન કરતો, પીરસવા આવેલા આત્મબોધને પીરસવાની ના પાડતો જ નથી.[૭]

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ २१ ॥
यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥ २२

[જેણે આશાનો ત્યાગ કરી દીધો છે, પોતાનાં ચિત્ત અને બુદ્ધિને સ્વાધીન રાખેલાં છે, અને (એવી રીતે નિરિચ્છ થવાથી જેણે) સર્વ સંગ્રહનો ત્યાગ કર્યો છે, તે જો શરીર નિર્વાહ પૂરતાં (ભિક્ષાટન આદિ) કર્મો કરે, તો તેથી તેને કર્મોનો દોષ લાગતો નથી (સંસાર પ્રાપ્ત થતો નથી).[૨૧] સહજ સ્વભાવે મળે તેમાં જ સંતુષ્ટ રહેનાર, (હું અને મારું એ) દ્વંદ્વથી દૂર વસનાર, મત્સરરહિત અને કર્મ પૂર્ણ થયું હોય કે અપૂર્ણ રહ્યું હોય તોય હર્ષ કે ખેદ ન માનનાર, એવો જે પુરુષ હોય, તે સંપૂર્ણ કર્મો કરતો હોવા છતાં પણ કર્મબંધનથી લિપ્ત થતો નથી.] ૨૨

જે અહંકારસહિત આશાનું ઓવારણું કરીને વધારે અને વધારે બ્રહ્મસુખનો આસ્વાદ લે છે,[૮] એથી જે વેળાએ જે કાંઈ પણ આવી મળે તેમાં જ જે સુખ માને છે અને જેને પોતાની અને પારકાની વસ્તુ–આ મારું છે, આ બીજાનું છે, એવો ભેદ નથી,[૯] પોતાની દૃષ્ટિથી જે જે જુવે છે અને કાનોથી જે કાંઈપણ સાંભળે છે, તેનું સ્વરૂપ પોતે જ બની જાય છે.[૧૦] પગે ચાલે છે, મોઢાથી બોલે છે અને શરીરથી બીજા જેટલા વ્યાપારો કરે છે, તે સર્વ-રૂપ પોતેજ બની જાય છે[૧૧] અને જગતમાં દૃષ્ટિપાત કરતાં આત્મસ્વરૂપ વિના જેને બીજું કાંઈપણ દેખાતું નથી, તેને કોઈપણ કર્મની શી રીતે બાધા થઇ શકે?[૧૨] જેથી મત્સરનો ઉદ્ભવ થાય છે એવો દ્વૈતભાવ જેનામાં બીજ માત્રને પણ અવશિષ્ટ રહેલો હોતો નથી અર્થાત્ તે નિર્મત્સર હોય છે–એ બોલી બતાવવાની પણ કાંઇ અગત્ય નથી.[૧૩] તે સર્વ પ્રકારનાં કર્મો કરવા છતાં કર્મરહિત છે અને તેના અંગમાં જો સત્ત્વ, રજ અને તમ એ ગુણોનો નિવાસ હોય તોપણ તે ગુણાતીત છે અને તેથી તે સર્વ પ્રકારે મુક્ત છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી.[૧૪]

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

[જે સર્વ સંગવિવર્જિત હોઇને ધર્મ અને અધર્મના બંધનમાંથી પાર પડેલો છે અને જેનું ચિત્ત જ્ઞાનમાં સ્થિર થયેલું છે, તે જો યજ્ઞને સંપૂર્ણ કરવાના ઉદ્દેશથી કર્મ કરતો હોય, તોપણ તેના તે કર્મનો ફળ સહિત લય થઈ જાય છે.] ૨૩

તે દેહધારી હોવા છતાં નિર્ગુણ સમાન દેખાય છે અને બ્રહ્મની કસોટીપર કસીને જોતાં તેના જેવો જ શુદ્ધ જણાય છે;[૧૫] એવો જો કે તે કેવળ મુક્ત છે, તોપણ કોઈવાર કૌતુકથી યથાવિધિ યજ્ઞ આદિક કર્મોનું આચરણ કરે છે; પરંતુ તેનાં તે સંપૂર્ણ કર્મોનો તે (યજ્ઞ)માંજ લય થઈ જાય છે![૧૬] જેવી રીતે આકાશમાં અકાળે ચઢી આવેલાં વ્યર્થ વાદળાં વૃષ્ટિ વર્ષાવ્યા વિનાજ લુપ્ત થઈ જાય છે,[૧૭] તેવી જ રીતે, તે જો કે વેદવિહિત કર્મો યથાવિધિ આચરતો હોય, તોપણ તે કર્મોમાં તેનો દ્વૈતભાવ ન હોવાથી તે કર્મોનો તેનામાંજ લય થઈ જાય છે.[૧૮]

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

[(કારણ કે,) હોમના સાધન, હોમના દ્રવ્ય, અગ્નિ, હોતા અને હવનક્રિયા એ સર્વ તે બ્રહ્મવેત્તાની દૃષ્ટિથી બ્રહ્મ જ છે અને બ્રહ્મરૂપ કર્મમાં લીન થયેલા તે બ્રહ્મવેત્તાને પ્રાપ્ત થનારું ફળ પણ બ્રહ્મ જ છે.] ૨૪

આ હવન અને તેનો કર્તા હું છું, અથવા તો આ યજ્ઞનો ભોક્તા અમુક છે, એવા પ્રકારનો તેની બુદ્ધિમાં ભિન્નભાવ હોતો નથી. એટલા માટે,[૧૯] તે જે જે ઈષ્ટ યજ્ઞ કરે છે, તેમાંના હોમ-દ્રવ્યો અને મંત્ર આદિ સર્વ બ્રહ્મસ્વરૂપજ છે, એમજ તે સમજે છે.[૨૦] અર્થાત્, હે અર્જુન! બ્રહ્મ તેજ કર્મ છે, એવી સમબુદ્ધિ જેના અંતઃકરણમાં વ્યાપી ગયેલી હોય છે તે કર્મ કરે છે તો પણ તે તેની નિષ્કર્મતા જ છે.[૨૧] અવિચારરૂપ બાલ્યાવસ્થામાંથી બહાર પડીને જેઓ તારુણ્યમાં વૈરાગ્યને સ્વીકારે છે, તેમણે યોગાભ્યાસની ભક્તિનો આરંભ કર્યો છે, એમ જાણવું.[૨૨]

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

[બીજા કેટલાક યોગી દૈવયજ્ઞ (ઇંદ્રઆદિક દેવતાઓના નિમિત્તથી કરેલો યજ્ઞ) કરે છે; બીજાઓ બ્રહ્મરૂપ અગ્નિમાં (યજ્ઞસંજ્ઞક) સ્વધર્મ (આત્મા)વડે આત્માનું હવન કરે છે;] ૨૫

જે રાત દિવસ યજ્ઞ કરનારા છે, તેમણે ગુરુવાક્યરૂપ અગ્નિમાં મન સહિત અજ્ઞાનનું હવન કર્યું.[૨૩] એવી રીતે યોગરૂપ અગ્નિમાં જે હવન કરવું તેને દૈવયજ્ઞ કહેવામાં આવે છે. હે પાંડુકુમાર, એ યોગથી આત્મસુખનો લાભ થાય છે.[૨૪] પ્રાક્તન કર્મવડે જ દેહનું પાલન થાય છે, એવો જેનો પૂર્ણ નિશ્ચય થયેલો હોય છે અને જે પોતાના દેહના સંરક્ષણની જરાપણ ચિન્તા રાખતો નથી, તે દૈવયોગે કરીને મહાયોગી છે, એમ સમજવું.[૨૫] હવે જે બ્રહ્માગ્નિના અગ્નિહોત્રી સ્વકર્મવડે ઈશ્વરારાધન કરે છે, તે વિશે હું વર્ણન કરું છું તે સાંભળ.[૨૬]

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुह्वति ॥ २६ ॥

[કેટલાકો સંયમરૂપી અગ્નિમાં શ્રોત્રાદિ જ્ઞાનેન્દ્રિયોનું હવન કરે છે; અને બીજા કેટલાક ઇંદ્રિયરૂપી અગ્નિમાં પંચ વિષયોનું હવન કરે છે.] ૨૬

કેટલાકો આત્મસંયમરૂપ અગ્નિમાં હોમ કરનારા હોય છે, તે કાયિક, વાચિક અને માન-સિક એ ત્રણ યુક્તિમંત્રવડે પવિત્ર ઇંદ્રિયરૂપ દ્રવ્યોનું હવન કરે છે;[૨૭] કેટલાકો વૈરાગ્યરૂપ સૂર્યનો ઉદય થવા પછી સંયમાગ્નિનું ઉદ્ધરણ કરીને તેના પ્રજ્વલિત થવા પછી જ્ઞાનવડે ઇંદ્રિય-

રૂપ અગ્નિને સળગાવે છે;[૨૮] તે ઇંદ્રિયાગ્નિએ વૈરાગ્યરૂપ જ્વાળાનો સ્વીકાર કરતાં જ વિષય-વિકારરૂપ લાકડાં બળવા માંડે છે અને એ વિકારરૂપ લાકડાં સળગતાં જ અંતઃકરણ પંચક-માંના આશારૂપ ધૂમાડાનો તત્કાળ લોપ થાય છે.[૨૯] એ પછી તે ઇંદ્રિયાગ્નિના કુંડમાં, ગુરુ-વાક્યના કુશળ વિધિથી, વિષયોની યથેચ્છ આહુતિઓ આપીને તેઓ હવન કરે છે.[૩૦]

सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।

आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

[બીજા કેટલાક જ્ઞાનવડે પ્રદીપ્ત થયેલા મનોનિગ્રહરૂપી અગ્નિમાં સર્વ ઇંદ્રિયોના અને પ્રાણોના કર્મોનું હવન કરી દે છે.] ૨૭

હે પાર્થ! એવી રીતે કોઇ પોતાના સર્વ દોષોનું ક્ષાલન કરી નાંખે છે; કોઇ હૃદયરૂપી અરણીમાં વિચારરૂપ મંથન કરીને,[૩૧] અને તેને ધૈર્યરૂપ ભારથી દાબીને તથા શાંતિરૂપ દોરીથી હચમચાવીને ગુરુવાક્યરૂપ મંત્રવડે મંથન કરે છે.[૩૨] એવી રીતે સર્વ વૃત્તિઓનું ઐક્ય કરીને મંથન કરવાથી ત્યાં તત્કાળ કાર્યસિદ્ધિ થાય છે. તે કાર્યસિદ્ધિ એ કે, ત્યાં તરત જ્ઞાનરૂપ અગ્નિ પ્રજ્વલિત થાય છે.[૩૩] અર્થાત્ પ્રથમ ઋદ્ધિસિદ્ધિના મોહરૂપ ઉત્પન્ન થયેલા ધૂમાડાનો લોપ થતાં અગ્નિની સૂક્ષ્મ ચિંગારી ઉત્પન્ન થાય છે,[૩૪] એ પછી યમનિયમના યોગે સહજ તૈયાર થયેલા મનરૂપ કોયલાની સહાયતાથી તે અગ્નિને સળગાવવામાં આવે છે.[૩૫] એની સાહ્યથી મોટી જ્વાળા ઉત્પન્ન થાય છે. ત્યાર પછી વાસનારૂપ સમિધોને અનેક પ્રકારના મોહરૂપ ઘૃતનું લેપન કરીને તેમને બાળી નાંખવામાં આવે છે.[૩૬] ત્યાર પછી જીવરૂપ દીક્ષિત, પ્રદીપ્ત કરેલા જ્ઞાનરૂપ અગ્નિમાં ઇંદ્રિય કર્મોની આહુતિ આપી દે છે.[૩૭] અંતે પ્રાણકર્મના 'સ્રુવા'[1]નામક યજ્ઞપાત્રની સહાયથી અગ્નિમાં પૂર્ણ આહુતિ કર્યાં પછી ઐક્ય બોધરૂપ અવભૃથ[2] સ્નાનનો લાભ પ્રાપ્ત થાય છે;[૩૮] અને સંયમાગ્નિમાં ઇંદ્રિ આદિક હોમદ્રવ્યોનું હવન કરી દીધા પછી બાકી રહેલા આત્મસુખનો પુરોડાશ તરીકે સ્વીકાર કરવામાં આવે છે.[૩૯]કેટલાકો એવી રીતે યજ્ઞ કરીને ત્રિભુવનમાં મુક્ત થયેલા હોવાથી, એ યજ્ઞક્રિયાઓ જો કે નાના પ્રકારની છે, છતાં તેમની અંતિમ ફલપ્રાપ્તિ તો એક જ છે.[૪૦]

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।

स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८

[આરંભેલા કર્મને નિશ્ચયથી પાર પાડનારા બીજા કેટલાક યોગી દ્રવ્યયજ્ઞ, કેટલાક તપો-યજ્ઞ, કેટલાક યોગયજ્ઞ, કેટલાક સ્વાધ્યાય (વેદાધ્યયન) યજ્ઞ અને કેટલાક જ્ઞાનયજ્ઞ (એવી રીતે મોક્ષપ્રાપ્તિ માટે નાના પ્રકારના યજ્ઞો) કરે છે.] ૨૮

એ જે યોગો કહેવામાં આવ્યા છે, તેમનામાંના એકને 'દ્રવ્યયજ્ઞ' કહે છે; એકને (તપના સામર્થ્યથી કરેલાને) 'તપોયજ્ઞ' કહે છે; એકને (અષ્ટાંગસાધનવડે સાધેલાને) 'યોગ યજ્ઞ' કહે છે.[૪૧] જેમાં શબ્દવડે શબ્દનો હોમ કરવામાં આવે છે, તેને 'વાગ્યજ્ઞ'ના નામથી ઓળખ-વામાં આવે છે અને જે યજ્ઞમાં જ્ઞાનવડે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, તેને 'જ્ઞાનયજ્ઞ' નામ આપ-વામાં આવેલું છે.[૪૨] હે અર્જુન, એ સર્વ યજ્ઞો મહા વિકટ હોવાથી એમનું આચરણ કરવું બહુ જ કઠિન છે; પરંતુ જેણે ઇંદ્રિયોપર વિજય મેળવેલો હોય છે, તે જ માત્ર પોતાના અધિકારપરત્વે

૧ હોમમાં આહુતી આપવાને "સ્રુવા" નામનું પવી સરખું જે પાત્ર હોય છે તે. ૨ યજ્ઞના અંતમાં કરવામાં આવતું સ્નાન.

એ યજ્ઞો કરી શકે છે.[४३] યોગ સમૃદ્ધિવડે સુસંપન્ન થયેલા પુરુષો એ યજ્ઞો કરી શકે છે; કારણ કે, તેમણે પોતાના જીવનું આત્મામાં હવન કરી દીધેલું હોય છે.[४४]

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥

[એ જ પ્રમાણે કોઈ અપાન વાયુમાં પ્રાણવાયુનો પ્રક્ષેપ (પૂરક) કરે છે; બીજા કેટલાક પ્રાણવાયુમાં અપાનવાયુનો પ્રક્ષેપ (રેચક) કરે છે; અને કેટલાકો પ્રાણ અને અપાન એ બન્ને વાયુનો નિરોધ (કુંભક) કરે છે; એમને પ્રાણાયામપરાયણ યોગીના નામથી ઓળખવામાં આવે છે.] ૨૯

કેટલાકો અભ્યાસના યોગે અપાનવાયુરૂપ અગ્નિમાં પ્રાણવાયુરૂપ દ્રવ્યનું હવન કરે છે;[४५] હે અર્જુન, કોઇ અપાનવાયુને પ્રાણવાયુ સાથે મેળવે છે અને કોઇ બન્ને વાયુનો નિરોધ કરે છે; એમને 'પ્રાણાયામી' યજ્ઞ કરનારાના નામથી ઓળખવામાં આવે છે.[४६]

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

[બીજાઓ આહારને નિયમિત કરીને પ્રાણોમાં જ પ્રાણોનું હવન કરે છે. એ સર્વ યજ્ઞને જાણનારા યોગીઓ યજ્ઞવડેજ પાપનો નાશ કરે છે.] ૩૦

કેટલાકો હઠયોગના ક્રમથી સર્વ આહારોને જિતીને પ્રાણવાયુરૂપ અગ્નિમાં ત્વરાથી પ્રાણોનું હવન કરે છે.[४७] એવી રીતે મોક્ષપ્રાપ્તિની ઇચ્છા કરનારા એ સર્વ કહેવામાં આવેલા યજ્ઞકર્ત્તા જ હોઇને તેમણે એ યજ્ઞોદ્વારા પોતાના કામ અને ક્રોધ આદિ વિકારોનો નાશ કરી નાંખેલો હોય છે.[४८] એવી રીતે સર્વ અવિદ્યા–અજ્ઞાનને બાળી નાંખ્યાથી તેનામાં સ્વાભાવિક રીતે જ શુદ્ધ સ્વરૂપ અવશિષ્ટ રહે છે અને (તેમાં) અગ્નિ અને યજ્ઞકર્ત્તા, એવો દ્વૈતભાવ રહેતો નથી.[४९] જ્યાં યજ્ઞકર્ત્તાની ઇચ્છા પૂર્ણ થઇ ને યજ્ઞ ક્રિયાની સમાપ્તિ થાય છે અર્થાત્ અંતે સર્વ કર્મો નામશેષ થાય છે;[५०] અને જ્યાં વિચારોનો પ્રવેશ થતો નથી અને જેઓ દ્વૈત દોષના સંગથી લિપ્ત થતા નથી;[५१]

यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥ ३१ ॥

[હે કુરુકુલશ્રેષ્ઠ, યજ્ઞના અવશિષ્ટ પ્રસાદને સ્વીકારનારા લોકો સનાતન બ્રહ્મપ્રતિ પ્રાપ્ત થાય છે; યજ્ઞ ન કરનારને માટે તો આ લોક પણ નથી, તો પછી તેને પર લોકની પ્રાપ્તિ તો ક્યાંથી જ થઇ શકે?] ૩૧

એવા અનાદિસિદ્ધ અને શુદ્ધ યજ્ઞાવશિષ્ટ બ્રહ્મનું જે બ્રહ્મનિષ્ઠ જનો 'अहंब्रह्मास्मि'–હું બ્રહ્મ છું–એ મંત્રવડે સેવન કરે છે તેઓ બ્રહ્મરૂપ થાય છે.[५२] એવી રીતે યજ્ઞના અવશિષ્ટ કહેલા જ્ઞાનરૂપ અમૃતનું પાન કરીને તૃપ્ત થઇ જેઓ અમર થાય છે, તેઓ સહજમાં જ બ્રહ્મત્વને પામે છે.[५३] પણ જેમના હાથે એ યજ્ઞનું આચરણ થતું નથી, જેમનાથી આત્મસંયમ થઇ શકતો નથી અને જેઓ જન્મવા છતાં યોગયાગ પણ કરતા નથી;[५४] અને એથી હે અર્જુન, જેમનો આ લોકમાં જ કાંઇ ઢંગધડો નથી, તેની પરલોકમાંની સ્થિતિ વિશે વધારે શા માટે પૂછે છે? તેમના વિશે કાંઇ પણ બોલવું નકામુંજ છે.[५५]

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥

[એ પ્રમાણે જે અનેક પ્રકારના યજ્ઞો વેદોએ કહેલા છે, તે સર્વ, કર્મમાંથી જ ઉત્પન્ન થનારા છે, એમ જાણજે. એમ જાણવાથી તું મોક્ષને પામીશ.] ૩૨

એવી રીતે તને જે અનેક પ્રકારના (બાર) યજ્ઞો મેં કહ્યા, તેમના વિશે વેદોમાં બહુ વિસ્તારથી સારું વર્ણન કરેલું છે.[૫૬] પરંતુ વેદોમાંના તેમના સવિસ્તર વર્ણનને સાંભળીને આપણે શું કરવું છે? તેમાંનો સાર એટલો જ છે કે, એ સર્વ યજ્ઞો, કર્મોમાંથી જ ઉત્પન્ન થયેલા છે અને એટલું જાણવાથી (તને) કર્મની બાધા થનાર નથી.[૫૭]

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

[હે શત્રુતાપન! દ્રવ્યથી સાધ્ય થનારા યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે; કારણ કે, પાર્થ! સર્વ કર્મોનો જ્ઞાનમાં જ અંતર્ભાવ થાય છે.] ૩૩

હે અર્જુન! જે યજ્ઞોનું મૂળ વેદ છે અને જેમાં અનેક જડકર્મ કહેલાં છે અને જેથી કેવળ સ્વર્ગસુખનો જ અપૂર્વ લાભ થાય છે,[૫૮] તે કર્મયજ્ઞ જો કે સત્ય છે, પરંતુ સૂર્ય સમક્ષ જેવી રીતે નક્ષત્રોના તેજનો લોપ થાય છે, તે જ પ્રમાણે તેઓ જ્ઞાનયજ્ઞની બરાબરી કરી શકતા નથી.[૫૯] જે જ્ઞાનાંજનને નેત્રોમાં આંજીને, આત્મસુખરૂપ ભંડારને મેળવવા માટે; યોગી જનો દિવસ અને રાત્ર જાગ્રત રહ્યા કરે છે;[૬૦] જે જ્ઞાન ફલોન્મુખ કર્મની સમાપ્તિનું સ્થાન છે, જે કર્માતીત બોધની ખાણ છે અને આત્મપ્રાપ્તિની ક્ષુધાવાળા સાધકની તૃપ્તિનું સ્થળ છે;[૬૧] જ્યાં કર્મની ઈચ્છા અને તર્કનો લોપ થાય છે અને જેના યોગે ઇંદ્રિયો વિષય સેવન કરવાનું ભૂલી જાય છે;[૬૨] જેથી મનનું મનપણું ચાલ્યું જાય છે, શબ્દોની દોડ અટકી જાય છે અને અંતર્ગત બ્રહ્મ પ્રાપ્ત થાય છે;[૬૩] જેવડે વૈરાગ્યની હીનતાનો નાશ થાય છે, વિચારની ઉત્કંઠા પૂરી થાય છે અને આપણને શોધ્યાવિના જ સહજમાં આત્મભાવના દેખાવા માંડે છે, (બ્રહ્મ પ્રાપ્ત થાય છે એ જ્ઞાન ઉત્કૃષ્ટ છે).[૬૪]

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥

[એ જ્ઞાનને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય, તો તત્ત્વદર્શી જ્ઞાનીઓને નમસ્કાર કરીને તેમની સેવા કરતાં તેઓ તેને તે જ્ઞાનનો ઉપદેશ આપશે એમ જાણજે.] ૩૪

એવું જે ઉત્કૃષ્ટ જ્ઞાન, તે મેળવવાની જો તારી ઇચ્છા હોય તો તું (પૂર્વ શ્લોકમાં કહેલા) સત્પુરુષોની સેવા કર.[૬૫] તે સંત મહાત્માઓ જ્ઞાનના આગાર છે અને સેવાધર્મ તેમના ઘરનો ઉંબરો છે; એટલા માટે હે અર્જુન! સેવા કરીને એ આગારને તું પોતાને સ્વાધીન કરી લે.[૬૬] તન, મન અને જીવ અર્પણ કરીને તેમનાં ચરણોમાં પ્રથમ પડવું અને અભિમાન ત્યાગીને તેમની નોકરી કરવી.[૬૭] એ પછી તે સાધુઓને પોતાના ઇચ્છિત પ્રશ્ન પૂછતાં તેઓ તેમના ઉત્તર આપશે અને તેમના કથનનો અંતઃકરણમાં બોધ થયો, એટલે પછી મનમાં સંકલ્પની ઉત્પત્તિ થતી સદાને માટે અટકી જશે.[૬૮]

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाडव
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥

[હે પાંડુપુત્ર! તે જ્ઞાન પ્રાપ્ત થતાં પુનઃ આવો (ભેદરૂપી) મોહ તારામાં ઉત્પન્ન થશે નહિ; અને તે જ્ઞાનવડે એ સર્વ ભૂતોને તું તારા પોતામાં અને મારામાં નિહાળીશ.] ૩૫

જે વેળાએ તેમના (સત્પુરુષના) ઉપદેશરૂપ પ્રકાશથી તારું ચિત્ત નિર્ભય થશે અને તું નિઃસંશય બ્રહ્મની યોગ્યતાને પ્રાપ્ત થઇશ;[૬૯] તે વેળાએ, તું પોતા સહિત બાકીના સર્વ જગતને મારા સ્વરૂપમાં જ નિરંતર જોયા કરીશ.[૭૦] હે પાર્થ! એવી રીતે જ્યારે તારાપર સત્પુરુષોની કૃપા થશે, ત્યારે તારા અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ વ્યાપી જશે અને તેથી મોહરૂપ અંધકારનો લય થશે.[૭૧]

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

[તું જો બીજા સર્વ પાપીઓ કરતાં વધારે પાપી હોઇશ, તોપણ એ જ્ઞાનરૂપ નૌકાના સાધનથી સર્વ પાપરૂપ સમુદ્રને અનાયાસ તરી જઇશ.] ૩૬

તું જો પાતકોનો આગાર, ભ્રાંતિનો સાગર અથવા ભ્રમનો પર્વત હોય,[૭૨] તોપણ જ્ઞાનની શક્તિ સમક્ષ એ સર્વ તુચ્છ પદાર્થ છે; એટલું બધું એ જ્ઞાનમાં ઉત્તમ સામર્થ્ય રહેલું છે.[૭૩] નિરાકાર બ્રહ્મનો જે વિશ્વ જેટલો મહા અંધકાર છે, તે જેના પ્રકાશને પૂરો થતો નથી-(વિશ્વાભાસરૂપી જે અજ્ઞાનાંધકાર તેને નષ્ટ કરીને જે જ્ઞાન અવશિષ્ટ રહે છે),[૭૪] તે જ્ઞાન સમક્ષ મનમાંના અજ્ઞાનની શી મહત્તા હોઇ શકે વારુ? એટલા માટે તારા મનમાં આ શંકા આવવી, એ જ પ્રથમ તો યથાર્થ અને યોગ્ય નથી. કારણ કે આ જગતમાં જ્ઞાનની બરાબરી કરી શકે એવી બીજી કોઇ વસ્તુ છે જ નહિ.[૭૫]

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥

[હે અર્જુન! પ્રજ્વલિત થયેલો અગ્નિ જેવી રીતે કાષ્ઠને ભસ્મ કરી નાંખે છે, તેવી જ રીતે જ્ઞાન-અગ્નિ સર્વ કર્મોને ભસ્મીભૂત કરી નાંખે છે.] ૩૭

ત્રૈલોક્ય સળગવાથી આકાશમાં પ્રસરેલા ધૂમાડાને પળ માત્રમાં વિખેરી નાંખનાર જે પ્રલયકાળનો વંટોળિયો, તેને વાદળાંને વિખેરી નાંખતાં શી વાર લાગે વારુ?[૭૬] અથવા તો વાયુની સાહ્યથી પ્રજ્વલિત થયેલો જે અગ્નિ પાણીને પણ બાળી નાંખે છે, તે પ્રલયકાળનો અગ્નિ ઘાસ અને લાકડાંવડે શાંત થઇ શકે ખરો કે?[૭૭]

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यत ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥ ३८ ॥

[કારણ કે, જ્ઞાન સમાન પવિત્ર આ જગતમાં બીજું કાંઈ પણ નથી અને યોગયુક્ત થયેલો પુરુષ કાળે કરીને તે (આત્મવિષયક) જ્ઞાન પોતે પોતાની મેળે જ મેળવે છે.] ૩૮

અસ્તુ. આ બનાવો કદાપિ બનવાના નથી, એટલે એમનો વિચાર કરવો વિસંગત જ કહી શકાય; અર્થાત્ જ્ઞાનનો જેમ જેમ વધારે અને વધારે વિચાર કરતા જઇએ, તેમ તેમ એમ જ

સ્પષ્ટ દેખાઈ આવે છે કે, તેની યોગ્યતા જેનામાં હોઈ શકે એવી બીજી એકપણ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી.[૭૮] જેવી રીતે ચૈતન્યનો બીજો પર્યાય નથી–અર્થાત્ બીજું ચૈતન્ય નથી, તે પ્રમાણે જ આ લોકમાં જ્ઞાન એક અત્યંત ઉત્તમ વસ્તુ હોવાથી તેની બરાબરીની બીજી વસ્તુ ક્યાંથી મળી શકે?[૭૯] જો સૂર્યના તેજની બરાબરી કરનાર બીજું કોઈ તેજ મળવાનો, આકાશને બાથમાં સમાવી દેવાનો, તેમજ પૃથ્વી સમાન બીજી એવી જ વજનદાર વસ્તુ મળી આવવાનો સંભવ હોય, તો જ હે અર્જુન! જ્ઞાનની બરાબરીની બીજી વસ્તુ મળવાનો સંભવ માની શકાય.[૮૦-૮૧] એટલા માટે, અનેક પ્રકારે વારંવાર વિચાર કરી જોતાં એ જ્ઞાનની પવિત્રતા કેવળ જ્ઞાનમાંજ રહેલી છે, એમ જ કહેવું પડે છે.[૮૨] અમૃતના સ્વાદવિશે જો કોઈ પૂછે તો તે સ્વાદને જેમ અમૃતના સ્વાદ જેવોજ કહેવો પડે છે, તેવીજ રીતે જ્ઞાનને જ્ઞાનની જ ઉપમા આપવી પડે છે![૮૩] અત્યારે હવે જ્ઞાન વિશે વધારે ઊહાપોહ કરવો, તે વ્યર્થ સમયનો વ્યય કરવા જેવુંજ છે. એટલે અર્જુને મનમાં કહ્યું:–"તમે બોલો છો તે ખરું છે,[૮૪] પણ તે જ્ઞાન કયા ઉપાયથી પ્રાપ્ત કરવું?" અર્જુન એમ પૂછવાના વિચારમાં હતો, એટલામાં પરમેશ્વરે તેનાં મનમાંના હેતુને આગળથી જ જાણી લીધો;[૮૫] અને તેથી અર્જુનને કહ્યું કે:–હે કિરીટી, હવે જ્ઞાનપ્રાપ્તિનો જે ઉપાય હું તને કહેવાનો છું, તે ધ્યાનપૂર્વક સાંભળ.[૮૬]

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

[પરમ શ્રદ્ધાવાન્, જ્ઞાનપ્રાપ્તિ માટે તત્પર અને ઇંદ્રિયોને જેણે જિતી લીધી હોય એવા પુરુષને જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ને તે જ્ઞાન પ્રાપ્ત થતાં સત્વર જ ઉત્તમ શાંતિ પણ પ્રાપ્ત થાય છે.]૩૯

આત્મસુખની મિષ્ટતાનો આસ્વાદ લીધા પછી જેનું મન બીજા સર્વ વિષયો વિશે વિરક્ત થઈ જાય છે અને જેનામાં ઇંદ્રિયોની જરાપણ પ્રતિષ્ઠા રહેતી નથી,[૮૭] જે પોતાની ઇચ્છા પોતાના મનને પણ જાણવામાં આવવા દેતો નથી, પ્રકૃતિની અધીનતાને લીધે શરીરવડે કરાયલા કર્મોને જે પોતાના શિરપર ખેંચી લેતો નથી અને શ્રદ્ધાના યોગે સંતુષ્ટ જ રહે છે,[૮૮] તે પુરુષને શોધતું આવીને જ્ઞાન પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે. જેનામાં છલાછલ શાંતિ ભરેલી હોય છે,[૮૯] અને જ્ઞાનની મનમાં સ્થિરતા થતાં શાંતિમાંથી અંકુર નીકળીને જેનામાં આત્મબોધનો પ્રકાશ થાય છે;[૯૦] તે પછી જ્યાં દૃષ્ટિપાત કરે ત્યાં તેને શાંતિ અને શાંતિ જ દૃષ્ટિગોચર થાય છે અને તે શાંતિમાં ખરેખર નિજ–પર (મારું અને તારું) એ ભાવનો અભાવ જ હોય છે.[૯૧] એ પ્રમાણે જ્ઞાનનું જેટલું વર્ણન કરીએ તેટલું થોડું જ છે; એટલે હવે એ વાતને રહેવા દે.[૯૨]

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४० ॥

[અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયી પુરુષ નાશને પામે છે (સ્વાર્થથી વંચિત થાય છે) અને સંશયી પુરુષને આ લોક, પરલોક તથા મોક્ષસુખની પ્રાપ્તિ થતી નથી.] ૪૦

જે મનુષ્યમાં એવા પ્રકારના જ્ઞાનની રુચિ નથી હોતી તેનું જીવવું શું? એવા જીવન કરતાં તો મરણજ વધારે સારું![૯૩] જેમ કોઈએક ઉજ્જડ ઘર અથવા પ્રાણ વિનાનું શરીર હોય, તેવીજ રીતે જ્ઞાનહીન મનુષ્યનું જીવન મોહયુક્ત હોય છે.[૯૪] સત્ય જ્ઞાન પ્રાપ્ત થયેલું ન હોય, છતાં તેવા જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટેની જે ઇચ્છા ધરાવે છે, તેને કાંઈક પણ જ્ઞાન

પ્રાપ્તિનો સંભવ છે.[૯૫] જ્ઞાન હોવા વિશેની વાત તો જાણે દૂર રહી, પરંતુ તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ જે ધરાવતો નથી, તે પુરુષ સંશયરૂપ અગ્નિમાં જ પડી ગયેલો છે, એમ જાણવું.[૯૬] કારણ કે, અમૃત પણ અરુચિકર લાગે એવી અરુચિ જ્યારે સહજ ઉત્પન્ન થાય છે, ત્યારે તે મનુષ્યનું મરણ બહુ નિકટમાં આવી લાગેલું છે, એમજ જાણી લેવું.[૯૭] તેમજ વિષયસુખમાં જ જે પરમાનંદ માને છે અને જ્ઞાનની પ્રાપ્તિ માટે બેપરવાજ હોય છે, તેને અવશ્ય સંશય પિશાચે ગ્રાસેલો હોવો જોઇએ, એમાં લેશ માત્ર પણ સંશય નથી જ.[૯૮] એ પ્રમાણે જે સંશયમાં પડી ગયેલો હોય, તે નિઃસંશય ભ્રષ્ટ જ થયેલો છે અને એથી તે આ લોક અને પરલોકના સુખથી વંચિત થયેલો છે![૯૯] જેને સન્નિપાત જ્વરનો વિકાર થયેલો હોય તે જેવી રીતે શીત અને ઉષ્ણને ઓળખી શકતો નથી અને તે જેમ તડકાને અને ચાંદરણાને સરખાં જ માને છે,[૧૦૦] તેવી જ રીતે સંશયી પુરુષ સત્ય અને અસત્ય, અનુકૂળ અને પ્રતિકૂળ તથા હિત અને અહિતને ઓળખી શકતો નથી.[૧] જેવી રીતે જન્મથી આંધળો અવતરેલો પુરુષ રાત્રિ અને દિવસના ભેદને જાણી શકતો નથી, તેવીજ રીતે સંશયી પુરુષને કોઈપણ વસ્તુનું જ્ઞાન હોતું નથી.[૨]

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।

आत्मवंतं न कर्माणि निबध्नंति धनंजय ॥ ४१ ॥

[હે અર્જુન, જેણે યોગવડે સર્વ કર્મોનો સંન્યાસ કરેલો છે, જ્ઞાનવડે જેના સંશયોનો લોપ થયેલો છે અને જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત થયેલું છે, તે પુરુષને કર્મનું બંધન પ્રાપ્ત થતું નથી.] ૪૧

એટલા માટે સંશય જેવું બીજું ભયંકર પાપ એક પણ નથી. પ્રાણીનો નાશ કરવા માટેનું એ એક જાળું છે.[૩] એથી તું એના સંગનો ત્યાગ કરીને પ્રથમ એને જિતી લે. જ્યાં જ્ઞાનનો અભાવ હોય છે, ત્યાં જ એનો નિવાસ હોય છે.[૪] જ્યારે મનમાં અજ્ઞાનના નિબિડ અંધકારનો વિસ્તાર થયેલો હોય છે ત્યારે એ સંશયની મનમાં વિશેષ વૃદ્ધિ થાય છે અને એ સંશય શ્રદ્ધાની કલ્પના માત્રને પણ મનમાં આવવા દેતો નથી.[૫] એ કેવળ અંતઃકરણમાં જ ભરાઈ બેસે છે એમ નથી, કિન્તુ એ બુદ્ધિને પણ ગ્રાસી લે છે અને એમ થતાં તે પુરુષને ત્રણે લોક સંશયાત્મક જ દેખાવા માંડે છે.[૬]

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।

छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥

[એટલા માટે, હે અર્જુન! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હૃદયમાંના એ સંશયને પોતાના જ્ઞાનરૂપ શસ્ત્રવડે વિદારીને (ઈશ્વરાર્પણ) કર્મયોગનું અવલંબન કર અને યુદ્ધ માટે ઉઠીને ઉભો થા.] ૪૨

પરંતુ એટલા બધા વધી ગયેલા સંશયને પણ સ્વાધીન કરી લેવા માટેનો એક ઉપાય છે. જો તીવ્ર જ્ઞાનખડ્ગ હાથમાં હોય,[૭] તો એ તીક્ષ્ણ શસ્ત્રના યોગે એ સંશયનો નાશ થઈ જાય છે અને તેમ થતાં મનમાં દુઃખનો લેશ માત્ર પણ અવશિષ્ટ રહેતો નથી.[૮] એટલા માટે, હે પાર્થ! પોતાના મનમાંના સંશયને દૂર કરીને સત્વર ઉભો થા.[૯]

સંજય ધૃતરાષ્ટ્ર રાજાને કહે છે કેઃ–હે રાજન્, સાંભળ; જ્ઞાનીજનોના જનક જે જ્ઞાનદીપ ભગવાન્ શ્રીકૃષ્ણ, તેણે એવી રીતે મહા કૃપાથી અર્જુનને બોધ આપ્યો.[૧૦] એથી હવે એ સમસ્ત પૂર્વાપર કથાનો વિચાર કરીને તે અર્જુન સમયોચિત પ્રશ્ન કરશે.[૧૧] એ કથાની સંકલના, અભિપ્રાયની શોભા અને રસની મિષ્ટતાનું પછીથી વિવેચન કરવામાં આવશે.[૧૨] જેના કથનની સરસતા પરથી આઠે

રસોને ઓવારી નાંખીએ, એવું જેનું રસિક કથન છે અને જે સજ્જનોની બુદ્ધિનું આ જગતમાં વિશ્રાંતિસ્થાન છે,[૧૩] જે કથનથી શાંતરસ જ પ્રકટવાનો છે અને સમુદ્ર કરતાં પણ વિશેષ ગંભીર હોઇને અર્થભરિત છે, તે કથન સાંભળો.[૧૪] જેવી રીતે સૂર્યબિંબ હાથના પંજાના ફરેવાળમાં સમાઈ જાય એટલો જ દેખાય છે; છતાં તેના પ્રકાશ માટે ત્રિભુવન પણ પૂરાં પડતાં નથી; તે જ પ્રમાણે આ શબ્દાર્થની વ્યાપ્તિ છે એવો અનુભવ કરવો.[૧૫] અથવા જેવી રીતે કલ્પવૃક્ષ કામીજનોની ઇચ્છા પૂર્ણ કરે છે, તે જ પ્રમાણે આ કથન સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરનાર છે. એટલા માટે એમાં ધ્યાન આપવું.[૧૬] હે શ્રોતાઓ! તમને વધારે શું શું કહેવું? તમે જ્ઞાતા જ છો એટલે તમારે સારી રીતે એ કથનશ્રવણમાં ધ્યાન આપવું, એટલી જ મારી પ્રાર્થના છે.[૧૭] જેવી રીતે કોઇએક સ્ત્રી સુંદર, ગુણવતી અને કુલશીલવતી હોવા સાથે પતિવ્રતા પણ હોય છે, તેવી જ રીતે આ કથનની પદ્ધતિને જોતાં એમાં સર્વ અલંકાર અને શાંતિનો ભંડાર ભરેલો દેખાય છે.[૧૮] પ્રથમથી જ શાકરની રુચિ હોય અને વળી જો તે ઔષધના અનુપાનમાં આપવામાં આવે, તો તે વારંવાર આનંદથી કેમ ન ખાવી?[૧૯] સહજ સ્વભાવથી જ જો મલયગિરિ પર્વતપરનો મંદ મંદ અને સુગંધિત વાયુ વા'તો હોય અને તેને અમૃતનું પુટ મળેલું હોય, તેમ જ દૈવયોગથી ત્યાં જો પંચમ સ્વર જેવો નાદ કર્ણોમાં આવી અથડાતો હોય,[૨૦] તો તે વાયુના સ્પર્શથી જેમ સર્વ અંગ શીતલ થાય છે, મિષ્ટતાથી જિંહ્વાને સમાધાન થાય છે અને મધુર સ્વરના શ્રવણથી કર્ણોની તૃપ્તિ થાય છે,[૨૧] તેવી જ રીતે આ કથાના શ્રવણથી શ્રવણોની સાર્થકતા થશે અને સંસાર દુઃખોનો કાંઈ પણ વિકાર ન થતાં તેમનો પોતાની મેળે જ નાશ થઈ જશે.[૨૨] (અને) જો કેવળ મંત્રવડે જ શત્રુનો નાશ થઈ શકતો હોય, તો કમ્મરે કટાર શા માટે બાંધવી જોઇએ? તેમ જ જો દૂધ અને શાકરના સેવનથી જ રોગનો પરિહાર થતો હોય, તો પછી કડવા લીંબડાનું સેવન શા માટે કરવું જોઇએ?[૨૩] એ જ પ્રમાણે, મનને જિત્યા વિના અને ઇંદ્રિયોનું દમન કર્યા વિના કેવળ આ શ્રવણમાં જ પ્રત્યક્ષ મોક્ષ સમાયલો હોવાથી,[૨૪] નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કે, તમારા મનમાં જેટલી ઉત્કંઠા હોય, તેટલી ઉત્કંઠાથી આ ગીતાના અર્થનું શ્રવણ કરો.[૨૨૫]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે જ્ઞાનવિભાગયોગ નામનો અધ્યાય ચોથો સમાપ્ત શ્લોક ૪૨, ઓવીઓ ૨૨૫

જ્ઞાનેશ્વરીનો પંચમ અધ્યાય

સંન્યાસયોગ.

अर्जुन उवाच–संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥

[અર્જુને કહ્યું:–હે કૃષ્ણ, એકવાર તમે કર્મ સંન્યાસની પ્રશંસા કરો છો અને તરત પાછા કર્મયોગની પ્રશંસા કરો છો; એટલે એ બેમાંથી જે એક કલ્યાણકારક હોય, તે જ મને નિશ્ચયપૂર્વક કહો.] ૧

પછી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે;–"આવું તે કેવું આ તમારું દ્વિઅર્થી બોલવું? જો તમે એક જ વાત કહો, તો તેનો અંતઃકરણપૂર્વક કાંઈ વિચાર પણ કરી શકાય.[૧] તમે જ પ્રથમ

ઉપરાઉપરી એમ નિરૂપણ કર્યું કે, સર્વ કર્મોનો ત્યાગ કરવો; અને હવે પાછો કર્મ કરવા માટેનો આગ્રહ શામાટે કરો છો?[૨] હે અનંત, આવું તમારું દ્વિઅર્થી કથન મારા જેવા જ્ઞાનહીન જનોના ચિત્તમાં પોતાની બુદ્ધિથી અધિષ્ઠિત થઈ શકતું નથી (અર્થાત્ અમે એવા સંદિગ્ધ કથનને બુદ્ધિથી સમજી શકતા નથી).[૩] જુવો દેવ, જો તમારે એક જ તત્ત્વનો બોધ કરવો હોય, તો એક જ માર્ગ કહો (પણ જૂદી જૂદી વાત ન કહો). આ વાતનો આપને બીજાએ ઉપદેશ (સમજણ) આપવો જોઈએ, તેમ તો નથી જ.[૪] મેં પ્રથમ પણ તમને એ પ્રમાણેની જ પ્રાર્થના કરી હતી કે, આ પરમાર્થનો વિષય ગૂઢ અર્થમાં ન કહો;[૫] પણ હે દેવ, એ આગળની વાતને જવા દ્યો અને પ્રસ્તુત બે માર્ગમાંથી વધારે ઉત્તમ માર્ગ કયો છે, તે સ્પષ્ટ કરીને કહી સંભળાવો.[૬] તે માર્ગ અંતપર્યન્ત સાથ દેનારો અને નિઃસંશય ફળદાયક થનારો, તેમ જ આચરવામાં સર્વથા સુલભ જ હોવો જોઇએ.[૭] જેવી રીતે વાહન સરળ અને સુખાવહ હોય છે, તો નિદ્રાનો ભંગ ન થતાં લાંબો પંથ (સુલભતાથી) કપાઇ જાય છે, તે જ પ્રમાણે આપ પણ મને જે સુલભ સાધન હોય તે જ કહો."[૮] એ પ્રમાણે અર્જુનનું બોલવું સાંભળીને, દેવ શ્રીકૃષ્ણ પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયા અને પરમ ઉલ્લાસથી અર્જુનને કહેવા લાગ્યા કે:-"તું કહે છે તે પ્રમાણે જ થશે,[૯] સાંભળ." (જ્ઞાનેશ્વર કહે છે:-)જુઓ, જે પ્રારબ્ધવાન્ પુરુષને કામધેનુ સમાન માતા મળેલી હોય છે, તેને રમવામાટે ચન્દ્ર પણ મળી શકે છે.[૧૦] વળી જુવો કે, ઉપમન્યુપર શ્રી શંકર પ્રસન્ન થયા એટલે તેણે તેની ઇચ્છા પ્રમાણે દૂધ ભાતને બદલે તેને ક્ષીરસમુદ્ર જ નહોતો આપી દીધો કે?[૧૧]* એ જ પ્રમાણે, સર્વઔદાર્યના ભંડારરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થતાં અર્જુનને સર્વ સુખોની પ્રાપ્તિ કેમ ન થાય?[૧૨] અથવા શ્રી લક્ષ્મીકાંત જેવો જેનો સ્વામી હોય તે પોતાની ઇચ્છા પ્રમાણે જ તેની પાસેથી માગણી કરે, એમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે?[૧૩] એટલા માટે અર્જુને જે જે માગ્યું, તે સર્વ શ્રીકૃષ્ણે પ્રસન્નવદનથી તેને આપ્યું. તે શું, તે હવે કહેવામાં આવશે.[૧૪]

श्रीभगवानुवाच–संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ २ ॥

[શ્રી ભગવાને કહ્યું:-કર્મસંન્યાસ અને કર્મયોગ એ બન્ને મોક્ષદાયક છે: પરંતુ એ બેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ (વિશેષ) શ્રેષ્ઠ છે.] ૨

ભગવાને કહ્યું:-હે કુંતીપુત્ર, વાસ્તવિક વિચાર કરતાં તો કર્મયોગ અને કર્મત્યાગ, એ બન્ને મોક્ષદાયક છે;[૧૫] તથાપિ, જેવી રીતે સ્ત્રીઓ અને બાલકોને પણ નદી ઇત્યાદિને (જળસ્થળને) તરી જવા માટેનું નૌકા એક સુલભ સાધન થઇ પડે છે; તેવી જ રીતે જ્ઞાની, તેમ જ અજ્ઞાનીને, સંસાર

---

* ઉપમન્યુ વસિષ્ઠકુલોત્પન્ન વ્યાઘ્રપાદ નામક ઋષિના બે પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર હતો. ધૌમ્ય મુનિનો મોટો ભાઈ જ્યારે બાળક હતો, ત્યારે પોતાના બંધુસહિત પોતાના ગૃહમાં જ ક્રીડા કરતો હતો. એક સમયે પોતાના બંધુ સાથે બીજા એક ઋષિના આશ્રમમાંના બાળકોના સમાગમથી રમતાં રમતાં તેણે ત્યાં એક ગાયનું દોહન થતું જોયું અને દૂધ પણ જોયું. ત્યાંના બાળકોની માતાઓએ તે દૂધ પોતાના બાલકોને આપ્યું અને તેની સાથે તેને તથા તેના ભાઇને પણ પીવા માટે થોડું થોડું દૂધ આપ્યું. તે દુગ્ધનું પાન કર્યા પછી તે પોતાને ઘેર આવ્યો અને પોતાની માતા પાસેથી તેવું જ દૂધ માગવા લાગ્યો. ત્યારે ઘરમાં ઘણી ગરીબીને લીધે તેની માતાએ પોતાના નિત્યના ક્રમ પ્રમાણે પાણીમાં લોટ મેળવીને તે ધોળું પાણી તેને આપ્યું; પણ તે જોઇને તે બાળક "આ દૂધ નહિ; કિન્તુ ગઇ કાલે મેં પેલા આશ્રમમાં જેવું દૂધ પીધું હતું તેવું દૂધ મને આપ," એમ હઠ કરીને કહેવા લાગ્યો. બાળકનું એ ભાષણ સાંભળી ખિન્ન થઇને માતા તેને કહેવા લાગી કે:-"તેવું દૂધ પ્રાપ્ત થવા જેવું તારું સુકૃત્ય નથી; કારણ કે, પૂર્વ જન્મમાં તને ઈશ્વર આરાધનનો લાભ મળ્યો નથી." માતાનાં એ વચનથી ઉત્તેજિત થઈ તેણે ઈશ્વરનું આરાધન કરીને કલ્પ પર્યંતનું આયુષ્ય તથા ક્ષીરસાગરનું આધિપત્ય સંપાદન કર્યું છે. એની ગણના શૈવમાં છે (મહાભારત, અનુશાસન પર્વ, અ. ૧૪ માં આ કથા છે.)

સમુદ્ર તરી જવા માટેનું એ કર્મયોગ એક ખરેખર સુલભ સાધન છે.[૧૬] સારાસારનો વિચાર કરતાં એ યોગ જ સુલભ દેખાય છે અને એનું આચરણ કરવાથી અનાયાસ કર્મત્યાગનું ફળ પણ મળી જાય છે.[૧૭] એ જ કારણથી, હું તને કર્મસંન્યાસ કરનારનાં ચિહ્નો કહીશ, એટલે પછી કર્મયોગ અને કર્મસંન્યાસયોગ એ ઉભય એક જ છે, એવો તારો સહજ નિશ્ચય થઇ જશે.[૧૮]

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।

निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥ ३ ॥

[હે અર્જુન ! જે પુરુષ કોઇનો દ્વેષ કરતો નથી અને અભિલાષા રાખતો નથી, તેને નિત્ય સંન્યાસી જ જાણવો; કારણ કે, તે દ્વંદ્વરહિત થઇને સંસારનાં બંધનથી સુખપૂર્વક મુક્ત થતો હોય છે.] ૩

જે ગત વસ્તુનું સ્મરણ કરતો નથી અને જો કોઇ વસ્તુ ન મળી તો તેની ઇચ્છાએ કરતો નથી; જે મેરુ પર્વત પ્રમાણે અંતરમાં સ્થિર હોય છે;[૧૯] અને હે પાર્થ ! જેના અંતઃકરણમાં 'હું અને મારું' એની સ્મૃતિ સુદ્ધાં પણ થતી નથી, તે નિત્યસંન્યાસી છે, એમ જાણવું.[૨૦] જેના મનની એવી વૃત્તિ થયેલી હોય છે, તેની જ વિષયેચ્છાનો લોપ થાય છે અને તેથી તેને જ આનંદથી અખંડ સુખની પ્રાપ્તિ થાય છે.[૨૧] એવા મનુષ્યને ગૃહ આદિને છોડી જવાનું કાંઇપણ પ્રયોજન નથી હોતું; કારણ કે, તેના મનનો તો 'હું નિઃસંગ છું' એવો દૃઢ નિશ્ચય થઇગયેલો હોય છે.[૨૨] અગ્નિના બુઝાઇ ગયા પછી તેની થયેલી રક્ષા (રાખ), જેવી રીતે પીંજેલા રુમાં રાખી શકાય છે,[૨૩] તેવી જ રીતે જેની બુદ્ધિને 'હું કર્ત્તા છું' એવો વિકાર થતો નથી (સર્વ કર્મનો કર્તા હું છું એમ ન જાણતાં, જે વ્યવહાર-કર્મ કરે છે, તે સર્વ ઈશ્વરાર્પણ કરે જાય છે), તે સંસારમાં રહેવા છતાં પણ કર્મબંધનવડે બંધાતો નથી.[૨૪] એટલા માટે, જ્યારે મનમાંની સર્વ કલ્પનાઓ લુપ્ત થઇ જાય છે, ત્યારે જ સંન્યાસની પ્રાપ્તિ થાય છે. એ કારણથી જ, કર્મત્યાગ અને કર્મયોગ એ બન્ને એક જ છે.[૨૫]

सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः ।

एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥ ४ ॥

[સાંખ્યયોગ (કર્મસંન્યાસ) અને કર્મયોગ એ બન્ને ફળદૃષ્ટિથી ભિન્ન છે, એમ અજ્ઞાની જનો કહે છે; પરન્તુ જ્ઞાની જનો તેમ કહેતા નથી; કારણ કે, એ ઉભયમાંથી એકનું જ સારી રીતે અનુષ્ઠાન કરનારને એ બન્ને યોગોનું ફળ પ્રાપ્ત થાય છે.] ૪

પાર્થ ! જેઓ સર્વથા અજ્ઞાની છે, તેઓ એ જ્ઞાનયોગ અને કર્મયોગની વ્યવસ્થાને કેમ કરીને સમજી શકે ?[૨૬] તેમના સ્વાભાવિક અજ્ઞાનને લીધે તેઓ એ બન્ને યોગ એક બીજાથી ભિન્ન હોવાનું જ કહે છે; પરંતુ તું વિચાર કરી જો કે, ઝરુખામાંથી બહાર નીકળતા એક જ દીપકના પ્રકાશમાં કાંઇ પણ ભિન્નતા હોય છે ખરી ?[૨૭] તથાપિ, જેમણે સારી રીતે અનુભવ કરીને બ્રહ્મરૂપના તત્ત્વને જાણેલું છે, તેઓ તો એ બન્ને યોગ એક જ છે, એમ જ માને છે.[૨૮]

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।

एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥ ५ ॥

[જે પદ સાંખ્યોને (કર્મ સંન્યાસીને) મળે છે, તે જ પદ યોગીઓને પણ મળે છે; એટલા માટે સાંખ્ય અને યોગ ફળદૃષ્ટિથી એક જ છે, એમ જે સમજે છે, તે જ ખરો જ્ઞાની છે.] ૫

અને જ્ઞાનયોગથી જે પ્રાપ્તિ થાય છે, તે જ કર્મયોગથી પણ પ્રાપ્ત થાય છે; એથી જાણે કે એ બન્નેમાં સહજ ઐક્ય જ સમાયલું છે.[૨૯] આકાશ અને પોલાણમાં જેવી રીતે ભેદ નથી, તેવીજ રીતે જ્ઞાનયોગ અને કર્મયોગમાં પણ પરસ્પર કાંઇ પણ ભેદ નથી. એ રહસ્યને જે જાણે છે,[૩૦] અર્થાત્ જ્ઞાનયોગ અને કર્મયોગમાં કાંઇએ ભિન્નભાવ નથી, એ તત્ત્વ જેણે જાણેલું હોય છે, તેને જ આ જગતમાં પ્રકાશ દેખાયલો છે (જ્ઞાનપ્રાપ્તિ થયેલી છે); અને તેણે જ આત્મસ્વરૂપને જોયલું છે.[૩૧]

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥

[હે મહાબાહો! કર્મયોગ વિના કર્મસંન્યાસની પ્રાપ્તિ કરવી, એ મહા કઠિન છે. કર્મયોગયુક્ત મુનિને સંન્યાસ ત્વરિત પ્રાપ્ત થાય છે.] ૬

પાર્થ! જે કર્મમાર્ગમાં ગમન કરીને મોક્ષરૂપ પર્વતપર ચઢે છે તે, તે પર્વતના બ્રહ્મરૂપી શિખરપર સત્વરજ પહોંચી જાય છે.[૩૨] એથી વિરુદ્ધ, જે કર્મમાર્ગનું આચરણ નથી કરતા, તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે વ્યર્થ પ્રયત્ન કરે છે; પરંતુ તેમને તે જ્ઞાન કદાપિ પ્રાપ્ત થતું નથી.[૩૩]

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

[જે કર્મયોગીનું અંતઃકરણ શુદ્ધ થયેલું છે, જેણે દેહ અને ઇંદ્રિયોને સ્વાધીન રાખેલાં છે અને જેનો આત્મા સર્વ ભૂતોનો આત્મા થયેલો છે, તે પુરુષ કર્મો કરે, તોપણ બદ્ધ થતો (કર્મમાં બંધાતો) નથી.] ૭

જેણે પોતાના મનને ભ્રાંતિમાંથી પાછું વાળી, તેમ જ ગુરુવાક્યવડે શુદ્ધ કરીને આત્મસ્વરૂપમાં સંલગ્ન કરેલું છે;[૩૪] જેમ, જ્યાં સૂધી મીઠું સમુદ્રમાં નખાયલું નથી હોતું, ત્યાં સૂધી જેવી રીતે તે ભિન્ન હોવાની સાથે સ્વલ્પ દેખાય છે, પરંતુ તે જ જ્યારે સમુદ્રમાં મળી જાય છે, ત્યારે સમસ્ત સમુદ્રમાં પ્રસરીને સમુદ્રસ્વરૂપ જ બની જાય છે;[૩૫] તેવી જ રીતે જેનું મન સંકલ્પમાંથી નિકળીને બ્રહ્મસ્વરૂપમાં મળી ગયેલું છે, તેનું મન જોકે એકદેશીય હોય છે, છતાં તેણે ત્રિભુવનને વ્યાપ્ત કરી નાંખેલું હોય છે![૩૬] એમ થવા પછી તેનામાં 'હું કર્ત્તા' છું અને 'મારે અમુક કર્મ કરવાનું છે' એવી ભાવનાનો સ્વાભાવિકતાથી જ લોપ થાય છે; અને એટલા માટે જો તે કર્મો કરે, તોપણ તે ન કર્યા બરાબર જ છે.[૩૭]

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ८ ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥ ९ ॥

[યોગયુક્ત થયેલો તત્ત્વવેત્તા પુરુષ પોતે દેખતો હોવા છતાં, સાંભળતો હોવા છતાં, સ્પર્શ કરતો છતાં, વાસ લેતો છતાં, ખાતો છતાં, ગમન કરતો છતાં, નિદ્રા કરતો છતાં, શ્વાસોચ્છ્વાસ લેતો છતાં, બોલતો છતાં, મળ આદિનો ત્યાગ કરતો છતાં, ગ્રહણ કરતો છતાં, અથવા આંખોની

ઉઘાડ ઢાંક ઈત્યાદિ શરીરના સર્વ વ્યાપારો કરતો હોવા છતાં, 'ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થયા કરે છે' (એમાં મારે કંઇ લાગતું નથી) એવો નિશ્ચય કરીને 'હું કશું પણ કરતો નથી' એમ જ માને છે.] ૮–૯

કારણ કે, પાર્થ! તેના દેહમાં અહંતાની સ્મૃતિ સુદ્ધાં પણ હોતી નથી, એટલે પછી તેનામાં 'હું કર્તા છું' એવું અભિમાન તો ક્યાંથી જ હોઇ શકે?[૩૮] એ જ પ્રમાણે શરીરનો ત્યાગ ન કરવા છતાં પણ તે યોગયુક્ત પુરુષમાં નિરાકાર બ્રહ્મના સર્વ ગુણો દૃષ્ટિગોચર થયા કરે છે.[૩૯] નહિ તો, બીજા લોકો પ્રમાણે તે પણ શરીરધારી હોઇને સર્વ વ્યાપાર કરતો જ દેખાય છે.[૪૦] તે નેત્રથી જુવે છે, કાનોથી સાંભળે છે, છતાં તે શરીરના ભાવમાં લિપ્ત થતો નથી, એ આશ્ચર્યને તો જરા જોઇ લે![૪૧] તે સ્પર્શને જાણે છે, નાસિકાવડે વાસ લે છે અને તે પોતે સમયોચિત ભાષણ પણ કરી શકે છે;[૪૨] તે ખાય છે, ત્યાગવાની વસ્તુને ત્યાગે છે, નિદ્રા સમયે સુખપૂર્વક નિદ્રાનો આસ્વાદ લે છે,[૪૩] પોતાની ઇચ્છા પ્રમાણે તે ચાલે છે અને જે જે વેળાએ જે જે કર્મો કરવાનાં હોય, તે સર્વ કર્મ તે કરે છે.[૪૪] એ સર્વ કર્મોનું એક એક કરીને શું વિવેચન કરું? શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી, આંખ્યોની ઉઘાડ ઢાંક ઇત્યાદિ,[૪૫] સર્વ વસ્તુઓ તેનામાં દૃષ્ટિગોચર થાય છે; પરંતુ પાર્થ! આત્માનુભવના બળથી તે એ કર્મોનો કર્ત્તા હોતો નથી.[૪૬] જ્યારે તે ભ્રાંતિરૂપ શય્યામાં ઊંઘેલો હતો, ત્યારે સ્વપ્નસુખમાં ભૂલો પડી ગયો હતો; પરંતુ હવે તેનામાં બ્રહ્મજ્ઞાનની જાગૃતિ થયેલી હોવાથી તે કર્ત્તા નથી (એમ જ માને છે).[૪૭]

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १० ॥

[જે ફળની ઇચ્છાને ત્યાગીને બ્રહ્માર્પણ બુદ્ધિથી જ સર્વ ક્રિયા કરે છે, તે, કમળનું પાંદડું જેવી રીતે પાણીમાં હોવા છતાં પણ પાણીવડે ભીંજાતું નથી, તેવી રીતે (કર્મો કરતો હોવા છતાં તજ્જનક) પાપ વડે લિપ્ત થતો નથી] ૧૦

હવે, આત્માના આશ્રયથી સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓ પોતપોતાના વિષયોમાં લુબ્ધ હોય છે;[૪૮] દીપકના પ્રકાશથી જેવી રીતે ગૃહમાંના સર્વ વ્યવહારો ચાલે છે (પણ દીપક પોતે તો તેમનાથી સર્વથા અલિપ્ત જ હોય છે); તેવી રીતે જ્ઞાનીના હાથે કર્મો થાય છે ખરાં,[૪૯] (પણ) કમળનું પાંદડું જેવી રીતે પાણીમાં હોવા છતાં પણ ભીંજાતું નથી, તે પ્રમાણે તે જ્ઞાની સર્વ કર્મો કરતો હોવા છતાં પણ કર્મબંધન વડે બંધાતો નથી.[૫૦]

कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ ११ ॥

[યોગીજનો, આત્મશુદ્ધિ માટે કેવળ શરીરનાં, મનનાં, બુદ્ધિનાં અને ઇંદ્રિયોનાં એવા ચાર પ્રકારનાં કર્મો, ફળાસક્તિને ત્યાગીને જ કરતા હોય છે.] ૧૧

જેમાં, બુદ્ધિનું ચિહ્ન દેખાતું ન હોય અને મનનો અંકુર ઊગતો ન હોય, તે વ્યાપારને 'દેહવ્યાપાર'ના નામથી ઓળખવો.[૫૧] એથી પણ વિશેષ સ્પષ્ટ કરીને કહું છું તે સાંભળ. જેવી રીતે ન્હાનાં બાળકોના વ્યાપાર મન અને બુદ્ધિ વિના જ થતા હોય છે, તેવી રીતે યોગી લોક કેવળ દેહનાં કર્મો કરતા હોય છે.[૫૨] એ પ્રમાણે પાંચ તત્ત્વોનું બનેલું આ શરીર, જ્યારે સૂતેલું હોય છે, ત્યારે મન સ્વપ્નવત્ એકલું જ વ્યાપાર ચલાવતું હોય છે.[૫૩] હે અર્જુન! આ એક

આશ્ચર્ય સાંભળ; વાસનાનો એટલો બધો પ્રસાર છે કે, તે દેહને જાણવા ન દેતાં તેની પાસેથી સુખદુઃખો ભોગવાવે છે.[૫૪] ઇંદ્રિયોની જાણમાં આવ્યા વિના જ જે વ્યાપાર થાય છે, તેને જ માત્ર 'મનોવ્યાપાર'ના નામથી ઓળખવાનો છે.[૫૫] યોગીજનો એ મનોવ્યાપારનું પણ આચરણ કરે છે, પરંતુ તેઓ કર્મવડે બંધાતા નથી; કારણ કે, તેમણે અહંકારનો ત્યાગ કરેલો હોય છે.[૫૬] જે વેળાએ કોઇએક મનુષ્યનું મન ભ્રમિષ્ઠ થયેલું હોય છે; અથવા તો જેવું પિશાચબાધાથી પીડાતા મનુષ્યનું ચિત્ત હોય છે તે વેળાએ, ઇંદ્રિયોના સર્વ વ્યાપારો અવ્યવસ્થિત દેખાય છે? (અર્થાત્ તે મન અને બુદ્ધિને અનુસરીને થતા નથી; કારણ કે, ભ્રમનો નિરાસ થવા પછી તે વ્યાપારોની તે મનુષ્યને જરા પણ સ્મૃતિ રહેતી નથી).[૫૭] સમક્ષ આવેલો મનુષ્ય તેને (ભ્રમિત અથવા પિશાચના વલગાડવાળાને) દેખાય છે, કોઇ હાંક મારે તો તેને સંભળાય છે અને તે પોતે પણ બોલે છે; પરંતુ તેનામાં જ્ઞાનનો સંપૂર્ણ અભાવ હોય છે.[૫૮] અસ્તુ! એનું તત્ત્વ કિંવા તાત્પર્ય એટલું જ કે, જે કાંઇ પણ નિષ્કારણ કરવું, તે માત્ર ઇંદ્રિયોનું જ કર્મ છે, એમ જાણવું.[૫૯] શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે;–એથી ભિન્ન જાણીને જે કર્મો કરવાં, તે સર્વ બુદ્ધિનાં કર્મ છે, એમ જાણજે.[૬૦] તે યોગિજનો બુદ્ધિને આગળ કરીને મનપૂર્વક કર્મોનું આચરણ કરે છે, પરંતુ તેઓ કર્માતીત હોવાથી મુક્ત જ હોય છે.[૬૧] કારણ કે, તેમને બુદ્ધિથી તે દેહપર્યન્તમાં અહંકારનું સ્મરણ માત્ર પણ થતું નથી. એથી તેઓ કર્મ કરતા હોય, તો પણ શુદ્ધ જ છે.[૬૨] 'કર્મનો કરનાર હું છું' એવો ભાવ ન રાખતાં જે કર્મ કરવું તે જ નૈષ્કર્મ્ય છે, એ ગુરુ પાસેથી જાણવામાં આવનારા તત્ત્વને તેઓ સારી રીતે જાણે છે.[૬૩] આપણે અત્યારે જે બોલવું ન જોઇએ, તે બોલી ગયા છીએ અને એથી શાંતિરસની એટલી બધી અધિકતા થઇ ગઇ છે કે, તે શાંતિરસ જે પાત્રમાં ભરેલો છે, તે પાત્ર છલાછલ થઇ ગયેલું હોવાથી તેમાંનો રસ છલકાઇ જવા માંડ્યો છે.[૬૪] જેની ઇંદ્રિયોની દીનતાનો પૂર્ણતાથી લોપ થયેલો હોય, તેને જ આ (અનુભવજન્ય) કથન સાંભળવાનો અધિકાર છે.[૬૫] (એ પછી શ્રોતાઓ જ્ઞાનેશ્વરને કહે છેઃ–) "અરે હવે આ વિષયાન્તરની સમાપ્તિ કરો; કથાના સંબંધને તોડી ન નાંખો; કારણ કે, એમ કરવાથી શ્લોકોની સંગતિનો બગાડ થશે.[૬૬] જે વિષય ન સમજી શકાય તેવો મનોદુર્લભ અને વિચાર કરવા છતાં બુદ્ધિમાં ન આવી શકનારો છે, તે પણ દૈવની અનુકૂલતાથી આપે અમને કહી સંભળાવ્યો છે.[૬૭] જે વિષયનું શબ્દોથી પાન કરી શકાતું જ નથી, અર્થાત્ જે વિષય વાણીનો અવિષય છે તે જ વિષયનું જ્યાં કથન કરી શકાયું, ત્યાં પછી બીજા ઉપચારની શી આવશ્યકતા હોય? છતાં હવે એ લંબાણને છોડી દઇને કથા શ્રવણ કરાવો."[૬૮] શ્રોતાઓની એવી ઉત્કટ ઇચ્છા જાણીને નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહેવા લાગ્યા કેઃ–જે સંવાદનું અત્યાર સૂધી તમે શ્રવણ કર્યું છે, તે જ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદનું મનનપૂર્વક આગળ વધીને શ્રવણ કરો.[૬૯] પછી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કેઃ–પૂર્ણ બ્રહ્મનિષ્ઠને ઓળખવા માટેનું ખરું ચિહ્ન કયું છે, તે હવે હું કહું છું તે સાંભળ.[૭૦]

युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबद्ध्यते ॥ १२ ॥

[આત્મનિષ્ઠ પુરુષ કર્મફળનો ત્યાગ કરીને અચલ શાંતિ પ્રાપ્ત કરી લે છે; અને જે પુરુષ આત્મનિષ્ઠ હોતો નથી તે વાસનાવડે પ્રેરિત થઈ ફલાસક્ત થવાથી બદ્ધ થાય છે.] ૧૨

આત્મજ્ઞાનવડે જે પૂર્ણ ભરાયલો છે અને જેને કર્મફળનો સર્વથા કંટાળો આવી ગયેલો છે, તેને આ જગતમાં ઘેર બેઠાં જ શાંતિ આવીને વરે છે (પ્રાપ્ત થાય છે).[૭૧] પરંતુ હે અર્જુન, બીજા જે સંસારી હોય છે, તે કર્મ બંધનવડે બંધાઇને અભિલાષાની ગાંઠથી ફળભોગના ખીલા સાથે જકડાઇ જાય છે.[૭૨]

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।

नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

[જેને પરમાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થયેલી છે એવો દેહી, મનઃપૂર્વક સર્વ કર્મોનો ત્યાગ કરીને આ નવદ્વારપુર (શરીર)માં કાંઈ પણ ન કરતાં અને કાંઈપણ ન કરાવતાં કેવળ સુખથી જ રહે છે.] ૧૩

ફળની ઇચ્છાથી કર્માચરણ કરનાર પ્રમાણે જે સર્વ કર્મો યથાનિયમ કરે છે, પરંતુ 'તે કર્મોનો કર્ત્તા હું નથી' એમ ધારીને ફળની ઈચ્છાનો ત્યાગ કરે છે,[૭૩] તે પુરુષ જ્યાં જ્યાં પણ દૃષ્ટિપાત કરે છે, ત્યાં ત્યાં સર્વત્ર સુખમય સૃષ્ટિ જ બની જાય છે; અને તે કહે તે સ્થાનમાં સાક્ષાત્ બ્રહ્મજ્ઞાન આવીને ઊભું રહે છે.[૭૪] માત્ર એક ફળની આશા કિંવા ઈચ્છા ન રાખવાથી તે નવદ્વારયુત દેહમાં હોવા છતાં પણ ન હોવા સમાન જ છે; અને તે સર્વ કર્મો કરવા છતાં અકર્ત્તા સમાન છે.[૭૫]

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।

न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

[ઈશ્વર, જીવનાં કર્મો, કર્ત્તાપણું અને ફળનો સંબંધ એ ત્રણેને ઉત્પન્ન કરતો નથી; કિન્તુ આ બધો માયાનો જ પસારો (ખેલ) છે.] ૧૪

જેવી રીતે ઈશ્વર ખરી રીતે જોતાં અકર્ત્તા જ છે, પરંતુ (માયાની ઉપાધિનો તેનામાં આરોપ કરવાથી) આ ત્રિભુવનનો વિસ્તાર તે જ કરે છે (એમ દેખાય છે);[૭૬] અને જો તેને કર્ત્તા કહેવામાં આવે, તો કોઇ પણ કર્મવડે તે લિપ્ત થતો નથી; કારણ કે, તેની વૃત્તિ ઉદાસીન હોવાથી તેના હાથ પગોને કશાનો સંસર્ગ થતો નથી;[૭૭] તેની યોગનિદ્રાનો કદાપિ ભંગ થતો નથી; અને તેના અકર્ત્તાપણાને પણ દોષ લાગતો નથી; છતાં તે મહાભૂતોના સમુદાયો માત્ર ભલીભાતે દૃશ્ય કરી દે છે.[૭૮] ખરી રીતે જોતાં આ જગતમાંના પ્રાણિમાત્રમાં તે રહેલો છે; પરંતુ તે કદાપિ કોઇનો હોતો નથી અને આ જગતનો ઉદય અને લય થઇ જાય છે, એવું તેને ભાન પણ હોતું નથી.[૭૯]

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।

अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥ १५ ॥

[ઈશ્વર કોઇનાં પાપ અને પુણ્યને પોતાના શિરપર વ્હોરી લેતો નથી; પરંતુ અજ્ઞાનવડે જ્ઞાન આચ્છાદિત થયેલું હોવાથી સર્વ જીવો મોહ પામે છે.] ૧૫

પાપ અને પુણ્ય એ સર્વ તેની પાસે જ હોવા છતાં તેમને તે જોતો નથી; એટલું જ નહિ, પણ તે પાપ અને પુણ્યનો તે પોતે સાક્ષીભૂત પણ હોતો નથી. એટલે પછી અન્ય વિષયવિશે પ્રશ્નનો અવકાશ જ કયાંથી હોય?[૮૦] તથાપિ મૂર્ત્તિ ધારણ કરીને તે દેહની સાથે રમ્યા કરે છે! (અવતાર ધારણ કરીને જગતમાં વિચરે છે), છતાં તે પ્રભુની નિરાકારતાનો ભંગ થતો નથી.[૮૧] વસ્તુસ્થિતિ આવી હોવા છતાં, હે અર્જુન, તે ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને સંહાર કરે છે એમ જે લોકો કહે છે, તે સર્વ તેઓ અજ્ઞાનને લીધે જ કહે છે, એમ સમજવું.[૮૨]

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।

तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ १६ ॥

[જેમનામાંનું એ અજ્ઞાન આત્મસ્વરૂપના જ્ઞાનવડે નષ્ટ થયેલું છે; તેમનું તે સૂર્ય સમાન ઉજ્જ્વલ જ્ઞાન, પરબ્રહ્મને પ્રકાશિત કરે છે.] ૧૬

તે અજ્ઞાનનો જ્યારે સંપૂર્ણ લોપ થાય છે, ત્યારે જ ભ્રાન્તિરૂપ અંધકારનો પણ લય થાય છે અને એમ થવા પછી ઇશ્વરનું અકર્તૃત્વ સ્પષ્ટતાથી જાણવામાં આવી જાય છે.[૮૩] એવી રીતે ઈશ્વર અકર્ત્તા છે, એમ મનનો નિશ્ચય થતાં, 'તે જ હું છું' એ તો પ્રથમથી સિદ્ધ જ હોય છે (એટલે કે, હું પોતે પણ અકર્ત્તા છું, એમ સ્વાભાવિક રીતે જ સિદ્ધ થાય છે).[૮૪] એ પ્રમાણે વિવેકથી જેના ચિત્તમાં અજવાળું પડે છે, તેને પછી આ ત્રણ જગતમાં ભેદ જેવું કાંઈ જણાતું નથી અને પોતાના અનુભવના આધારે તે સમસ્ત જગતને મુક્ત જ સમજે છે.[૮૫] જેવી રીતે પૂર્વ દિશામાં સૂર્યનારાયણનો ઉદય થતાં જ્યારે તેના પ્રકાશનો વિસ્તાર થાય છે ત્યારે પૂર્વ દિશા સાથે બીજી દિશાઓમાંના અંધકારનો પણ લોપ થાય છે, તેવી જ રીતે તે જ્ઞાનીના હૃદયમાંના અંધકારનો પણ જ્ઞાનના ઉદયથી નાશ થઈ જાય છે.[૮૬]

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

[તે પરબ્રહ્મમાં જ જેમની બુદ્ધિ રમમાણ થયેલી છે, પરબ્રહ્મ જ જેમનો આત્મા છે, પરબ્રહ્મમાં જ જેમની પૂર્ણ નિષ્ઠા છે અને જેઓ તત્પરાયણ-બ્રહ્મપરાયણ-જ થયેલા છે, તેઓ જન્મ મરણના ફેરામાં પડતા નથી; કારણ કે આત્મજ્ઞાનવડે તેમનાં સર્વ પાતકો ધોવાઈ ગયેલાં હોય છે.] ૧૭

આત્મજ્ઞાનમાં જ જેમની બુદ્ધિનો નિશ્ચય છે, જે પોતાને બ્રહ્મરૂપ જ માને છે અને રાત દિવસ બ્રહ્મપરાયણ રહીને પોતાની બ્રહ્મસ્થિતિને જે સંપૂર્ણ ટકાવી રાખે છે;[૮૭] એવું સર્વવ્યાપક જ્ઞાન જેમને શોધતું આવેલું હોય છે, તેમની દૃષ્ટિ સમ થાય છે જ, એટલે એ વિશે વધારે બોલી બતાવવાની કશી પણ આવશ્યકતા નથી.[૮૮] તેઓ સર્વ જગતને પોતા પ્રમાણે જ જાણે છે, એમ કહેવામાં નવાઇ જેવું કાંઇ છે જ નહિ.[૮૯] જેવી રીતે ભાગ્ય કદાપિ કૌતુકથી પણ દીનતાનો અનુભવ લેતું નથી, કિંવા વિચારને જેવી રીતે ભ્રાંતિનો સ્વપ્નમાં પણ પરિચય હોતો નથી,[૯૦] અથવા સૂર્યનારાયણ સ્વપ્નમાં પણ અંધકારના સ્વરૂપને જોતા નથી, કિંવા અમૃત શ્રવણો (કાનો)થી પણ મરણની વાર્ત્તા સાંભળતું નથી;[૯૧] જેમ ચંદ્રને ઉષ્ણતાનો લેશ માત્ર પણ અનુભવ હોતો નથી, તેવી રીતે જે જ્ઞાનીજનો છે, તેમને પ્રાણીમાત્રમાં લેશ માત્ર પણ ભેદ દેખાતો જ નથી.[૯૨]

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥ १८ ॥

[જેઓ જ્ઞાતા-આત્મનિષ્ઠ-છે, તેઓ, વિદ્યા અને નમ્રતા આદિ ગુણોથી વિભૂષિત બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરું અને ચાંડાલ આદિ સર્વમાં એક બ્રહ્મને જ જોયા કરે છે]. ૧૮

ત્યાર (ઉપરના શ્લોકમાં કહી એવી સ્થિતિ થયા) પછી આ મક્ષિકા છે ને આ હાથી છે; આ અંત્યજ છે અને આ બ્રાહ્મણ છે; તેમ જ આ મારો પુત્ર છે અને આ બીજાનો પુત્ર છે, એ ભેદદૃષ્ટિ તેનામાં ક્યાંથી અને કેમ કરીને રહી શકે?[૯૩] અથવા તો આ ગાય છે અને આ કૂતરું છે; અને આ લઘુ તથા આ મહાન્ છે, એવો ભેદભાવ તેનામાં હોતો જ નથી. જે જાગૃત હોય, તેને સ્વપ્ન કેમ કરીને લાધે (અડચણ કરી શકે)?[૯૪] જ્યાં અહંતા અવશિષ્ટ રહેલી હોય, ત્યાં જ

ભેદદૃષ્ટિનો સંભવ હોય છે; પરંતુ જ્યાંથી અહંતાનો સર્વથા લોપ જ થયેલો હોય ત્યાં ભિન્નતા ક્યાંથી હોઈ શકે ?[૯૫]

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥

[જેમનું મન સમ અવસ્થામાં (બ્રહ્મમાં) સ્થિર થયેલું છે, તેમણે આ જન્મમાં જ જન્મ અને મરણને જિતી લીધાં હોય છે; કારણ કે, બ્રહ્મ દોષરહિત અને સમ છે, એટલે તે પુરુષો બ્રહ્મમાં સ્થિતિ પામેલા છે (એટલે કે નિર્દોષ છે). ૧૯]

અર્થાત્ જેની નિત્ય સર્વત્ર સમદૃષ્ટિ છે, તે પોતે જ અદ્વિતીય બ્રહ્મ છે. એ જ સમદૃષ્ટિનું પૂર્ણ રહસ્ય છે, એમ જાણજે.[૯૬] જેણે વિષયસંગને છોડ્યો નથી અને ઇંદ્રિયોને દંડ દીધેલો નથી, કિન્તુ કેવળ વાસનાવિના અકર્ત્તાપણાનો અનુભવ લીધેલો છે;[૯૭] જેણે લોકોના આશ્રયથી વર્ત્તીને અને સર્વ વ્યાવહારિક વ્યાપારો કરીને જ લૌકિકમાં વસેલા અજ્ઞાનનો ત્યાગ કર્યો છે;[૯૮] તે પુરુષ, પિશાચ જેવી રીતે સર્વ લોકમાં હોવા છતાં પણ દેખાતો નથી, તેવી જ રીતે પોતે શરીરધારી હોવા છતાં સંસારને ઓળખતો નથી.[૯૯] અને જેમ વાયુના આઘાતથી પાણીમાં પાણી ઉછળે છે, પણ તેને બીજા લોકો જેવી રીતે પાણીથી ભિન્ન તરંગના નામથી ઓળખે છે,[૧૦૦] તે પ્રમાણે એનાં નામ અને શરીર જો કે જગત્ પ્રમાણે જ હોય છે, તથાપિ તે સાક્ષાત્ બ્રહ્મ જ છે; અને તેનું મન સર્વત્ર સમતાને પામેલું હોય છે.[૧] શ્રી અચ્યુત કહે છે કેઃ–હે અર્જુન! એવી જેની સમદૃષ્ટિ થયેલી છે, તે પુરુષના લક્ષણનું હું તારી આગળ સંક્ષેપથી વિવેચન કરું છું, તે તું સાંભળ.[૨]

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

[જેની બુદ્ધિ સ્થિર થયેલી છે, જેનું સર્વ અજ્ઞાન નષ્ટ થયેલું છે અને જે બ્રહ્મમાં સ્થિત થયેલો છે, એવો બ્રહ્મવેત્તા પુરુષ પોતાનો ગમતો વિષય પ્રાપ્ત થવા છતાં સુખ માનતો નથી અને અણગમતો વિષય પ્રાપ્ત થતાં તેના ચિત્તમાં દુઃખ થતું નથી. ૨૦]

જેવી રીતે મૃગજળ (ઝાંઝવાનાં પાણી)ના પૂરથી પર્વત તણાઈ જતો નથી, તેવી રીતે જે પુરુષ સારી અથવા નઠારી વસ્તુ પ્રાપ્ત થતાં તેથી વિકાર પામતો નથી,[૩] તે જ ખરો પુરુષ છે. શ્રીહરિ કહે છે કેઃ–હે અર્જુન, તેણે જ સમદૃષ્ટિથી તત્ત્વને જાણેલું હોય છે અને તે જ સ્વયમેવ બ્રહ્મ છે.[૪]

बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

[જે પુરુષનું મન બાહ્ય વિષયોમાં આસક્ત હોતું નથી, તેને આત્મામાં રહેલા સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ તે જ પુરુષ જ્યારે બ્રહ્મયોગયુક્ત થાય છે ત્યારે અક્ષય સુખને પામે છે. ૨૧]

જે આત્મસ્વરૂપને ત્યાગીને કદાપિ ઇંદ્રિયોને આધીન થતો નથી, તે જો વિષયોનું સેવન ન કરે, તો તેમાં આશ્ચર્ય શું હોઈ શકે ?[૫] આત્મસુખની પૂર્ણતાથી તેનું અંતઃકરણ સ્વાભાવિક જ સંતુષ્ટ થયેલું હોય છે અને એથી તે બહાર પગલાં ભરતો નથી. (ઇંદ્રિયોમાં તેનું મન પરોવાતું નથી)[૬] જે ચકોર પક્ષીએ ચંદ્રવિકાસી કમળનાં પત્રમાં ઉત્તમ કિરણોનું ભોજન

કરેલું હોય છે, તે શું રેતીના રણમાં રેતીનો આહાર કરશે કે?[7] આત્મસુખની ઉત્પત્તિ થઈને જેને આત્મસ્વરૂપની પોતાની મેળે જ પ્રાપ્તિ થયેલી હોય છે, તેણે જો વિષયોનો સહજ ત્યાગ કર્યો હોય, તો તેમાં વિશેષતા જેવું શું હોઈ શકે?[8] હવે એ વિષયોના સુખોમાં કોણ ફસાય છે, એ વિષયનો કૌતુકથી તું પોતે જ તારા મનમાં સારી રીતે વિચાર કરી જો.[9]

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥ २२ ॥

[કારણ કે, હે અર્જુન, જે વિષયોના ભોગો ઇંદ્રિયોને પ્રાપ્ત થાય છે, તે ઉત્પત્તિ અને નાશવાળા હોવાથી દુઃખનાં જ કારણ છે; એટલા માટે જ્ઞાની પુરુષ તેમનામાં સંલગ્ન થતો નથી. ૨૨]

જેવી રીતે દરિદ્રી મનુષ્ય ક્ષુધાવડે વ્યાકુલ થવાથી ધાન્યની ત્વચાને (ફોતરાંને) પણ ખાઈ જાય છે, તેવી જ રીતે જેમણે આત્મસુખનો અનુભવ લીધો નથી, તેઓ જ આ ઇંદ્રિયોથી ઉત્પન્ન થતાં વિષયસુખોમાં રમમાણ થાય છે;[10] કિંવા તરસ (તૃષા)થી વ્યાકુળ થયેલાં હરિણો ભ્રમવશ થઈ ખરા પાણીને ભૂલી ઝાંઝવાના જળને જ પાણી જાણીને તેની તરફ દોડી આવે છે;[11] તેવી જ રીતે જેમણે આત્મસુખનો અનુભવ લીધેલો હોતો નથી અને જેમનામાં સદા સર્વદા આત્મસુખનો ટોટો જ હોય છે, તેમને જ એ વિષયસુખો સારાં ભાસે છે![12] નહિ તો વિષયોમાં સુખ છે, એમ કહેવું યોગ્ય નથી. જો આપણે એ વિષયસુખોમાં સુખ છે, એમ માનીએ, તો વિજળીના ચમકાટથી પડતા પ્રકાશમાં જગતના વ્યાપાર કેમ ન ચાલે?[13] તું કહે કે, વાયુ, જળવૃષ્ટિ અને ઉષ્ણતાનું-જો અભ્રની છાયાથી જ નિવારણ થઈ જતું હોય, તો પછી ત્રણ મજલાનું મોટું ઘર બાંધવાનું શું કારણ છે?[14] એટલા માટે, વિષના કાંદા (વછનાગ)ને જેવી રીતે મિષ્ટ કહેવામાં આવે છે, તેવી જ રીતે વિષયોમાં સુખની કલ્પના કરવી તે મિથ્યા બડબડાટ જ કહી શકાય.[15] અથવા ભૌમ ગ્રહને જેવી રીતે મંગળના નામથી ઓળખવામાં આવે છે, છતાં તેમાંથી માંગલ્યનો અનુભવ કદાપિ મળતો નથી અથવા મૃગજળને જળ કહેવામાં આવે છે, પરંતુ તેમાં જળનો લેશ માત્ર પણ ધર્મ હોતો નથી, તદ્વત્ વિષયસેવનમાં સુખ છે, એમ કહેવું સર્વથા વ્યર્થ અને નિરર્થક જ છે.[16] હવે એ સર્વ વાતોને પણ રહેવા દઈને, તું એમ કહે કે, નાગના ફણની છાયા ઉંદરને કેટલીક સુખદાયક થઈ શકશે![17] હે અર્જુન, ગળમાં અટકાવેલા માંસને માછલું મુખસ્પર્શ કરતું નથી, ત્યાં સુધી તેને નિર્ભયતા હોય છે, તેવી જ રીતે જ્યાં સુધી વિષયસંગનો અનુભવ લેવામાં નથી આવતો, ત્યાં સુધી જ તે કલ્યાણકારક છે![18] હે કિરીટી! જો વિરક્તની દૃષ્ટિથી એ વિષયોને જોવામાં આવે તો તેઓ પાંડુરોગમાંની પુષ્ટિ સમાન (અશક્ત હોવા છતાં) હૃષ્ટપુષ્ટ દેખાય છે.[19] એટલા માટે, વિષયોપભોગમાં જેને સુખ તરીકે ઓળખવામાં આવે છે, તે આરંભથી તે અંતપર્યન્ત દુઃખ, દુઃખ અને દુઃખ જ છે, એમ જ સમજ. પરંતુ મૂર્ખજનો શું કરે બિચારા! કારણ કે, એમનું સેવન કર્યાવિના તેમને માટે બીજો માર્ગ જ નથી.[20] તેઓ એ વિષયસુખના રહસ્યને સમજેલા ન હોવાથી તેમને માથે વિષયસુખોના સેવનની ફરજ જ આવી પડે છે. જેવી રીતે પરુ અને ગારામાંના કીડાઓને પરુનો ને ગારાનો કદાપિ કંટાળો આવતો નથી, તેવો જ એમનો પ્રકાર સમજી લેવાનો છે;[21] તે દુઃખિતોને દુઃખજ પ્રિય (જીવન) હોય છે, કારણ કે, તેઓ વિષયરૂપ પંકમાંનાં દેડકાં અને વિષયોપભોગરૂપ જળમાંનાં માછલાં હોવાથી વિષયોના સેવનને કેમ કરીને છોડી શકે?[22] જો વિષયોમાં સર્વ જીવો વિરક્તિ રાખે, તો પછી જેટલી દુઃખદાયક યોનિઓ છે, તે સર્વ વ્યર્થ ન થઇ જાય?[23] અથવા, હે અર્જુન, જો સર્વ લોક જ્ઞાની થાય,

તો પછી ગર્ભવાસમાં થનારાં દુઃખો અને જન્મ મરણમાં કષ્ટના અવિશ્રાંત ચલાવવા પડતા માર્ગને કોણ ચલાવે?[૨૪] જો વિષયાસક્ત જનો વિષયોનો સર્વથા ત્યાગ કરે, તો પછી મહાદોષો પોતાનો નિવાસ કયાં કરે? અને એમ થતાં જગતમાં 'સંસાર' શબ્દ પણ અસત્ય થઈ જાય, એનું કેમ?[૨૫] એટલા માટે, જેઓ વિષયોના ભોગથી થનારાં દુઃખોને જ સુખ માને છે, તેઓ સર્વ મિથ્યા અજ્ઞાનને જ્ઞાન તરીકે ઓળખાવે છે.[૨૬] એથી, હે અર્જુન, વિચાર કરી જોતાં (જણાય છે કે) એ વિષયો બહુજ ખરાબ છે; એટલે ભૂલથી પણ તું એ વિષયોના માર્ગમાં વિચરીશ નહિ;[૨૭] કારણ કે, જે વિરક્ત પુરુષો છે, તેઓ વિષયસુખને વિષ પ્રમાણે માનીને તેનો ત્યાગ કરે છે અને તેઓ નિરિચ્છ હોવાથી વિષયોએ બતાવેલાં સુખરૂપ દુઃખો તેમને ગમતાં નથી![૨૮]

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥

[આ લોકમાં જ દેહનો પાત થતાં સૂધી જે પુરુષ કામ, ક્રોધથી ઉત્પન્ન થએલા વેગને સહન કરવાને સમર્થ છે, તે જ પુરુષ યોગી છે અને ત જ સુખી છે. ૨૩]

જ્ઞાનના સંબંધમાં તો અવશ્ય એ વિષયોની વાત સુદ્ધાં પણ નિકળતી નથી, કારણ કે, તે દેહધારી હોવા છતાં, તેણે ઇંદ્રિયોની વૃત્તિને સ્વાધીન કરી લીધેલી હોય છે.[૨૯] જેમને અંતરમાં આત્મસુખનો લાભ મળેલો હોય છે, તેઓ તો એ વિષયોના નામ માત્રને પણ જાણતા નથી.[૩૦] પરંતુ તેમની આત્મસુખનો ઉપભોગ કરવાની રીતિ જૂદી જ છે. જેવી રીતે પક્ષીઓ જે વેળાએ ફળનું ચુંબન કરતાં હોય છે, તે વેળાએ ત્યાં ભોક્તા, ભોગ્યવસ્તુ અને ભોગની ત્રિપુટી હોય છે. તેવી ત્રિપુટી આત્મસુખના ઉપભોગમાં હોતી નથી અને જ્ઞાનીઓ ભોક્તૃત્વને પણ ભૂલી જાય છે.[૩૧] આત્મસુખનો ઉપભોગ લેવા માટે જે એકવૃત્તિ ઉત્પન્ન થાય છે, તે અહંકારનો નાશ કરે છે અને દૃઢતાથી સુખને આલિંગન આપે છે; (પોતે સુખરૂપ બની જાય છે;)[૩૨] અને તે આલિંગનના ઉલ્લાસમાં પોતાની મેળે જ એકરૂપતા થઈ જાય છે. જેવી રીતે, પાણી પાણીમાં મળી જતાં ભિન્ન દેખાતું નથી;[૩૩] કિંવા આકાશમાંના વાયુનો લોપ થતાં ત્યાં આકાશ અને વાયુ એ ભેદનો લોપ થાય છે; તે જ પ્રમાણે વૃત્તિ અને આત્માની એકતામાં કેવળ સુખ જ રહે છે.[૩૪] એવી જ રીતે, જે વેળાએ દ્વૈતભાવનો લોપ થતાં એકત્વ પ્રાપ્ત થાય છે, તે વેળાએ એકત્વને જાણનારો બીજો સાક્ષી કોણ હોઈ શકે?[૩૫]

योऽन्तः सुखोऽन्तरारामस्तथांतर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥
लभंते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

[જે યોગી પોતાના અંતરમાં સુખી થયેલો છે, આત્મામાં જ કૃતકૃત્ય થઇને બેઠેલો છે અને જેનામાં બ્રહ્મનો પ્રકાશ થયેલો છે, તે બ્રહ્મરૂપ થઇને શાંત બ્રહ્મને પ્રાપ્ત થાય છે. જેમનાં પાપોનો નાશ થયેલો છે, જેમના દ્વૈતભાવનો વિલય થયો છે, જેમણે પોતાનાં અંતઃકરણોને જિતી લીધાં છે અને જેઓ સર્વભૂતોના હિત માટે તત્પર છે, એવા ઋષિઓ શાંત બ્રહ્મને પામે છે. ૨૪-૨૫]

એટલા માટે આ બધી વાતોને રહેવા દઇએ; કારણ કે (અનુભવ વિના) જાણવામાં ન આવનારી વાતો કેવળ મોઢેથી બોલી નાંખવામાં લાભ નથી. જે પોતે આત્મસ્વરૂપ થયેલો હશે, તે સહજમાં તેનાં લક્ષણ જાણી લેશે.[૩૬] એવા (આત્મજ્ઞાનના) સુખવડે જેઓ પરિપૂર્ણ થયેલા છે અને નિજ સ્વરૂપમાં જેઓ નિમગ્ન થઈ રહેલા છે, તેઓ મદ્રૂપ (મારા રૂપ) થઇને બ્રહ્માનંદના નિખાલસ મૂળમાં જ રેડાયલાં હોય છે, એમ જ હું સમજું છું.[૩૭] તેઓ આનંદના સ્વરૂપ સુખના અંકુર કિંવા આત્મબોધના ક્રીડાસ્થાનરૂપ જ છે.[૩૮] તેઓ વિચારોના ગ્રામ, પરબ્રહ્મના સ્વભાવ, કિંવા બ્રહ્મવિદ્યાના સુશોભિત કરેલા અવયવો જ છે. તેઓ સત્વ કરતાં પણ સાત્વિક છે અને જીવાત્માના શરીરાવયવ છે.[૩૯] 'હવે આ વિષે વિશેષ બોલવાનું બંધ કર્ય; કારણ કે, એક એક વસ્તુનું તું કયાં સૂધી વર્ણન કરી શકીશ?[૪૦] તું જયારે સાધુજનોની સ્તુતિનો આરંભ કરે છે, ત્યારે તને કથાનું પણ સ્મરણ રહેતું નથી; કારણ કે, તું નિરાકાર સ્વરૂપ વિશે જ પ્રેમાળ ભાષણ કર્યા કરે છે.[૪૧] પરંતુ હવે અત્યારે આ સ્તુતિગાનની સમાપ્તિ કર અને ગીતાર્થરૂપી દીપકને સળગાવીને સાધુજનોના હૃદયમંદિરમાં મંગલદાયક જ્ઞાનના પ્રકાશનો વિસ્તાર કર.'[૪૨] એ પ્રમાણે નિવૃત્તિદાસને ગુરુની સાંકેતિક આજ્ઞા મળતાં જ તેણે કહ્યું કે, શ્રીકૃષ્ણ શું બોલ્યા હતા, તે જ સાંભળો.[૪૩] શ્રીકૃષ્ણ કહે છે-હે અર્જુન! આત્મસુખની સરિતાના ઊંડા ભાગમાં ઠેઠ તળિયા સુધી જેમણે ડૂબકી મારેલી છે, તેઓ ત્યાં જ સ્થિર થઇને આત્મસ્વરૂપ બની ગયા છે;[૪૪] કિંવા આત્માના નિર્મળ પ્રકાશથી જે પોતામાં જ વિશ્વનું દર્શન કરે છે, તે દેહ સહિત પરબ્રહ્મ થયેલો છે, એમ કહેવા અને માનવામાં કશી પણ અડચણ આવે તેમ નથી જ.[૪૫] જે ખરેખર અતિ ઉત્તમ, અવિનાશી અને અમર્યાદ બ્રહ્મસુખ છે, તેના અધિકારી કેવળ નિરિચ્છ જનો જ થાય છે.[૪૬] એ સુખ મહર્ષિઓ માટે જ રાખી મૂકવામાં આવ્યું છે, એ સુખ વિરક્તોના ભાગમાં જ આવેલું છે અને સંશયરહિત જીવો માટે જ નિરંતર પરિપક્વ થઈ રહેલું છે.[૪૭]

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाण वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

[જેઓ કામક્રોધથી રહિત છે, જેમણે ચિત્તને સ્વાધીન કરેલું છે અને જેમણે આત્મસ્વરૂપને જાણેલું છે એવા યોગીઓ જીવનકાળમાં અને મરણ પછી પણ શાંત બ્રહ્મ જ હોય છે. ૨૬]

જેમણે પોતાના મનને વિષયોમાંથી પાછું વાળીને જિતેલું છે, તેઓ જ્યાં સૂઈ જાય છે ત્યાંથી નિશ્ચિત પાછા જાગ્રત થતા જ નથી. (તેઓ બ્રહ્માકાર થવા પછી પાછા દેહજ્ઞાનમાં આવતાજ નથી.)[૪૮] હે પાંડુકુમાર! તે પુરુષો આત્મજ્ઞાનીઓના કારણરૂપ કેવળ પરબ્રહ્મ જ છે,[૪૯] તેઓ એવા કેમ કરીને થયા અને દેહમાં હોવા છતાં બ્રહ્મત્વને કેમ મેળવી શકયા, એવો તું કદાચિત્ પ્રશ્ન કરે, તો અત્યારે જ હું એ વિશે જે કાંઈ સંક્ષેપથી કહું છું, તે સાંભળી લે.[૫૦]

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ ॥ २७ ॥
यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥ २८ ॥

[શબ્દ આદિ બાહ્ય વિષયોને બહાર કાઢી નાંખીને, ભ્રુકુટીના મધ્યમાં દૃષ્ટિને સ્થાપન કરી અને નાસિકામાં સંચાર કરનારા પ્રાણ તથા અપાન વાયુઓને એકત્ર કરી ઇંદ્રિયો, મન તથા

બુદ્ધિને પોતાને આધીન કરી લઈ અને ઇચ્છા, ભય તથા ક્રોધનો નાશ કરીને, જે યોગી મોક્ષતત્પર થયેલો હોય છે, તે સદા મુક્ત જ છે. ૨૭–૨૮]

વૈરાગ્યના આધારથી વિષયોને બહાર કાઢી નાંખીને જેઓ શરીરમાં પોતાના મનને એકનિષ્ઠ કરે છે,[૫૧] ઇડા અને પિંગળાને છોડીને સુષુમ્ણામાં જ પ્રાણને લઇ જઇને લલાટ ચક્રના મધ્યમાં, સ્વરૂપ પ્રતિ દૃષ્ટિ પાછી ફેરવીને સ્થિર કરે છે;[૫૨] ડાબા અને જમણા નાસિકારંધ્રમાંના શ્વાસોચ્છ્વાસને બંધ કરીને પ્રાણ અને અપાન એ બે વાયુને એક કરી ચિત્તને ચિદાકાશમાં લઈ જાય છે;[૫૩] ત્યાર પછી, માર્ગમાંના (સારા અને નઠારા) સર્વ પ્રકારના ઉદકને લઇને ગંગા સમુદ્રમાં મળી જતાં તેમાંથી માર્ગમાંના જળ ઇત્યાદિને ચૂંટીને જૂદાં પાડી શકતાં નથી;[૫૪] તેવી જ રીતે હે અર્જુન ! જે વેળાએ પ્રાણના નિરોધવડે મનનો ચિદાકાશમાં લય થાય છે, તે વેળાએ વાસનાવિષયક વિચારનો પણ પોતાની મેળે જ લોપ થઈ જાય છે.[૫૫] જે મનરૂપ પટપર આ સંસારરૂપી ચિત્ર આલેખેલું હોય છે, તે પટ પોતાની મેળે જ ફાટી જાય છે. જેવી રીતે સરોવરમાંનું જળ સૂકાઇ ગયા પછી તે સરોવરમાં પ્રતિબિંબ દૃષ્ટિગોચર થતો નથી;[૫૬] તે જ પ્રમાણે મૂળ મન જ જ્યાં નહિ જેવું થઇ જાય છે, ત્યાં અહંકાર ઇત્યાદિનો વાસ ક્યાંથી હોઈ શકે ? એટલે બ્રહ્મસ્વરૂપનો અનુભવ લેનાર શરીરસહિત બ્રહ્મ જ થાય છે.[૫૭]

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥ २९ ॥

[સર્વ યજ્ઞ અને તેમનો ભોક્તા, સર્વ લોકોનો મહેશ્વર અને સર્વ ભૂતોનો હિતકર્તા એવો જે પરમેશ્વર તે હું જ છું, એમ જે જાણે છે–એટલે કે મને જ જે પરમેશ્વર જાણે છે-તે શાંતિસુખને પ્રાપ્ત થાય છે. ૨૯]

કેટલાક લોકો જેઓ પોતાના જીવન કાળમાં જ બ્રહ્મ બની ગયાનું મેં પૂર્વે તને કહેલું છે, તેઓ આ યોગમાર્ગમાં ચાલીને આગ્યાથી જ બ્રહ્મ થયેલા છે;[૫૮] અને એથીજ તેઓ યમનિયમરૂપી યોગમાર્ગના પર્વતને અને યોગાભ્યાસરૂપ મહાસાગરને ઉલ્લંઘીને પાર નિકળી ગયા છે (બ્રહ્મત્વને પામેલા છે);[૫૯] અને તેમણે પોતાના આત્માને ઉપાધિરહિત કરીને પ્રપંચનો માપ લીધેલો હોવાથી તેઓ પોતે ખરા બ્રહ્મનાં સ્વરૂપ બની રહ્યા છે.[૬૦] એ પ્રમાણે જ્યારે શ્રીકૃષ્ણે યોગયુક્તિના અભિપ્રાયને પ્રદર્શિત કર્યો, ત્યારે અર્જુનને, તે પોતે માર્મિક હોવાથી એનો મોટો ચમત્કાર ભાસવા લાગ્યો.[૬૧] શ્રીકૃષ્ણે તેના મનોગત ઉદ્દેશને જાણીને, હસિત વદનથી અર્જુનને ઉદ્દેશી કહ્યું કે;–" મેં તને જે કાંઈ કહ્યું છે, તેથી તારું મન પ્રસન્ન થયું છે ખરું કે?"[૬૨] એટલે અર્જુન કહેવા લાગ્યો કેઃ–"હે દેવ, બીજાના મનમાંના અભિપ્રાયને જાણનારાઓના તમે રાજા છો, એથી મારા મનમાંના ભાવને તમે સારી રીતે જાણી ચૂકયા છો.[૬૩] હે દેવાધિદેવ, મારે આપને જે કાંઇ પણ વિચારપૂર્વક પૂછવાનું હતું, તે તો આપ પ્રથમથી જ જાણી ગયા છો, એટલે મારી એ જ પ્રાર્થના છે કે, આપ જે કાંઇપણ કહેવાના હો, તે વિશેષ સ્પષ્ટ કરીને જ કહો.[૬૪] બાકી આપે જે યોગમાર્ગ કહ્યો તે કેવો છે, એમ જો મને પૂછવામાં આવે તો મારું ઉત્તર એ જ છે કે, તે જેવી રીતે ઊંડા પાણીમાં તરીને પાર જવા કરતાં જેવી રીતે પગઉતાર (પાણીમાં બાંધેલી પાળ) સુલભ હોય છે, તેવી રીતે એ યોગમાર્ગ પણ અન્ય સાંખ્યના માર્ગો કરતાં સરળ ને સુલભ છે;[૬૫] અર્થાત્ અમારા જેવા નિર્બળ માટે જ્ઞાનયોગ કરતાં એ અષ્ટાંગયોગ સુગમ છે; પરંતુ તે કેટલાક કાળ પછી–કાળના કેટલાક અવધિ પછી–સાધ્ય થનારો છે.[૬૬] એટલા માટે હે પ્રભો ! વળી પણ એ યોગ એકવાર કહી સંભળાવો. હવે એથી જો કે વિસ્તાર તો થશે, ખરો જ છતાં પણ એ યોગ

આદિથી અંતપર્યન્ત સંભળાવો જ, એવી મારી પ્રાર્થના છે."[૬૭] એટલે શ્રીકૃષ્ણે કહ્યું કેઃ-"ત્યારે એ યોગમાર્ગ તને સારી રીતે ગમ્યો છે તો ખરો! જો એમ જ છે, તો તું ગભરાઇશ નહિ. તને તે યોગમાર્ગ હું આનંદથી કહું છું તે સાંભળ.[૬૮] હે અર્જુન, તું જે પ્રમાણે સાંભળે છે અને તે જ પ્રમાણે આચરણ કરે છે; આમ હોવાથી હું એ માર્ગનો તને ઉપદેશ કરવામાં ન્યૂનતા શા માટે રાખું!"[૬૯] (નિવૃત્તિદાસ કહે છે કે) પ્રથમ જ માતાનું હૃદય અને તેમાં પ્રિયકર અને વધારે ગમતા બાળકનું નિમિત્ત આવી મળ્યું હોય, એટલે પછી તેના સ્નેહની અદ્ભુતતાને કોણ વર્ણવી શકે એમ છે.[૭૦] તે સ્નેહને, કારુણ્ય રસની સૃષ્ટિ કિંવા અદ્ભુત સ્નેહની સૃષ્ટિ જ નિર્માણ થયેલી છે, એમ કહીને ઓળખીએ તો તે ચાલી શકે! અસ્તુ. ભગવાનની કૃપાદૃષ્ટિનું કોઈ પણ પ્રકારે યથાર્થ વર્ણન કરી શકાય તેમ નથી જ.[૭૧] તે દૃષ્ટિ અમૃતવડે ભરાયલી અથવા પ્રેમનું પાન કરીને ઉન્મત્ત થયેલી હોવાથી અર્જુનના મોહમાં એવી ગુંથાઈ ગઈ કે, તેનાથી બહાર નિકળી જ ન શકાયું.[૭૨] એ વિશે આપણે જેમ જેમ વધારે બોલીશું, તમ તેમ કથાનો વિષયાંતર થતો જશે; છતાં શ્રીકૃષ્ણ અને અર્જુનના પરસ્પર સ્નેહનું વર્ણન શબ્દોવડે તો કરી શકાય તેમ નથી જ.[૭૩] જે ઈશ્વર પોતે જ પોતાનો માપ કરી શકતો નથી, તે ઈશ્વરને બીજો કોણ માપી અથવા જાણી શકે એમ છે. એટલા માટે એ વિચાર કરવામાં કશો પણ અર્થ નથી.[૭૪] છતાં આગળ જણાવેલા અભિપ્રાયથી મને એમ લાગે છે કે, (કૃષ્ણ) સહજ મોહિત થઇને બલાત્કારથી અર્જુનને એમ કહેવા લાગ્યા કેઃ-"હે વાત હું કહું છું તે સાંભળ.[૭૫] હે અર્જુન, જે જે પ્રકારે તારા મનને બોધ થવાનો સંભવ હશે, તે તે પ્રકારથી કૌતુકવડે હું તને યોગમાર્ગ કહીશ.[૭૬] તે યોગને કયા નામથી ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ શો છે અને તે યોગને આચરવાનો અધિકારી કોને છે,[૭૭] એવી રીતે તેના સંબંધમાં જે કાંઈ પણ યોગ્ય વાર્તાઓ હશે, તે સર્વ હવે હું તને કહી સંભળાવીશ.[૭૮] એટલા માટે હવે તું ચિત્ત દેઈને મારું કથન સાંભળ." એમ કહીને પછી શ્રી હરિએ યોગનો જે વિસ્તાર કર્યો, તે કથા હવે પછીના અધ્યાયમાં કહેવામાં આવશે.[૭૯] નિવૃત્તિદાસ જ્ઞાનેશ્વર કહે છે કે, દ્વૈતને અવિચલ રાખીને શ્રીકૃષ્ણે અર્જુનને જે યોગ કહી સંભળાવ્યો, તે હું સ્પષ્ટ કરીને કહું છું.[૮૦]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે સંન્યાસયોગ નામનો અધ્યાય પાંચમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો ષષ્ઠ અધ્યાય.

અધ્યાત્મયોગ. (અભ્યાસયોગ.)

ત્યાર પછી સંજયે ધતરાષ્ટ્રને કહ્યું કે;-"હે રાજન્, હવે શ્રીકૃષ્ણે યોગ વિશે પોતાનો જે અભિપ્રાય દર્શાવ્યો હતો; તે સાંભળ.[૧] નારાયણે અર્જુનને સહજ જ્ઞાનરસની મેજબાની આપી હતી અને તે વેળાએ અમે પણ ત્યાં અતિથિ તરીકે ગયા હતા,[૨] એ અમારા ભાગ્યની અવર્ણનીય મહત્તા જ કહી શકાય. તૃષાતુર મનુષ્ય જળપાન કરવા માટે જળના પાત્રને મોઢે માંડે અને અચાનક તે પાત્રમાંથી તેને જળને બદલે અમૃત જ પ્રાપ્ત થાય,[૩] તેવી રીતે, હે રાજન્! કોઇએક મૂલ્યવાન્ વસ્તુ થોડી કીંમતમાં પ્રાપ્ત થઈ જાય, તે પ્રમાણે મને અને તેને બ્રહ્મની પ્રાપ્તિ થયેલી છે." પરંતુ ધૃતરાષ્ટ્રે સંજયને કહ્યું કેઃ-"તને હું બ્રહ્મરસ વિશે કાંઇ પણ પૂછતો

નથી."[૪] એ સાંભળીને સંજય જાણી ગયો કે, ધૃતરાષ્ટ્ર રાજાનું મન પોતાના પુત્રના સારા વૃત્તાંતને સાંભળવા માટે ઉત્સુક થયેલું છે;[૫] તે મનમાં વિસ્મય પામ્યો અને કહેવા લાગ્યો કે;–"આ વૃદ્ધ ધૃતરાષ્ટ્ર પુત્રવાત્સલ્યથી ગાંડો બની ગયો છે; નહિ તો અત્યાર લગીનો કૃષ્ણ તથા અર્જુનનો સંવાદ અતિશય ઉત્તમ છે,[૬] પરંતુ એ સંવાદના સ્વાદને એ કેમ કરીને ચાખી શકે? કારણ કે, જે જન્મથી જ અંધ હોય છે, તે દેખી શકતો જ નથી. પણ જો એને આ પ્રમાણે સ્પષ્ટ કહેવામાં આવશે, તો એના હૃદયમાં ક્રોધનો આવિર્ભાવ થશે;" એવા વિચારથી સંજયે પોતાનો અભિપ્રાય સ્પષ્ટતાથી ન દર્શાવ્યો;[૭] તથાપિ શ્રીકૃષ્ણ અને અર્જુનના પરસ્પર સંવાદથી તે પોતાના મનમાં ઉત્તમ પ્રકારે સંતુષ્ટ થયો.[૮] એ આનંદની તૃપ્તિથી અને પ્રફુલ્લિત અંતઃકરણથી તે, બહુજ મર્યાદાપૂર્વક ધૃતરાષ્ટ્રને પોતાનો અભિપ્રાય જણાવશે.[૯] ક્ષીરસાગરનું મંથન કરવાથી જેવી રીતે અમૃતની પ્રાપ્તિ થઈ હતી, તેવો જ તે અભિપ્રાય એટલે કે, ગીતાના છઠ્ઠા અધ્યાયનો યોગરૂપ અભિપ્રાય છે અને તેને અવશ્ય બુદ્ધિપૂર્વક જાણવો જ જોઇએ.[૧૦] એ અધ્યાય ગીતાના સારરૂપ છે અને આત્મા તથા અનાત્માના વિચારરૂપ સમુદ્રનો સ્હામો કિનારો છે અથવા તો જાણે યોગસંપત્તિનો ભંડાર જ ખોલી નાંખ્યો હોયની, એમ જ દેખાય છે.[૧૧] જે આદિમાયાનું વિશ્રાંતિ સ્થાન, જે સ્થાનમાં વેદોને પણ મૌન ધારણ કરવું પડે છે અને જે યોગ ગીતારૂપ લતામાં અંકુર ફૂટ્યો છે,[૧૨] તે છઠ્ઠો અધ્યાય સર્વ અલંકારો સહિત કહેવામાં આવશે, એટલા માટે ચિત્ત–ધ્યાન–આપીને તેનું શ્રવણ કરો.[૧૩] મારા શબ્દો શુદ્ધ પ્રાકૃત છે ખરા, પરંતુ તેઓ અમૃતને પણ અવશ્ય ભૂલાવી દે એવા મિષ્ટ અક્ષરોના પ્રયોગથી હું બોલીશ.[૧૪] એ શબ્દોની મૃદુતા સમક્ષ સપ્ત સ્વરોના શ્રવણથી થનારો આનંદ પણ ઓછો જ ભાસશે અથવા તો તેમના છંદો આગળ સુગંધ પણ નીરસ અને હતવીર્ય બની જશે.[૧૫] એમની મિષ્ટતાનો સ્વાદ લેવાની આશાથી કાનોને જિહ્વા આવશે અને ઇંદ્રિયો પોતપોતામાં કલહ કરવા માંડશે.[૧૬] શબ્દ મૂળ તો કાનનો જ વિષય છે, છતાં એ રસ મારો છે એમ જીભ પ્રતિપાદન કરશે અને નાસિકાને પણ એ શબ્દમાં સૌગંધ્યનો સ્વાદ મળશે.[૧૭] એના કરતાં વિશેષ આશ્ચર્ય બીજું શું હોઈ શકે? એમના કથનની પદ્ધતિને જોઇને જ નેત્રો તૃપ્ત થશે અને એ શબ્દ નથી, કિન્તુ સાક્ષાત્ સ્વરૂપની ખાણ જ નિર્માણ થયેલી છે, એવો તેમને ભાસ થવા માંડશે.[૧૮] જ્યારે એ શબ્દો એક બીજા સાથે ગુંથાઇને વાકયરચના બહાર પડશે, ત્યારે મન પણ બહાર નિકળી પડશે અને પોતાના બાહુને પ્રસારીને તે વાકયને આલિંગન આપવા માટે દોડશે.[૧૯] એ પ્રમાણે સર્વ ઇંદ્રિયો પોતપોતાના ધર્મ પ્રમાણે તે શબ્દને પોતાનો કરવા મથશે, પરંતુ તે તો સર્વને સમાન ધર્મથી જ ઉપદેશ–બોધ–આપશે. જેવી રીતે એકલો સૂર્ય સમસ્ત જગતને ચલાવે છે,[૨૦] તેવી રીતે શબ્દની વ્યાપકતા પણ અલૌકિક છે, એમ સમજો; અને વધારે સૂક્ષ્મ વિચાર કરતાં એમ જ જણાય છે કે, જે એના અર્થને જાણનાર છે, તેને એમાં ચિંતામણિના ગુણો જ મળી આવે છે.[૨૧] અસ્તુ. એ શબ્દોના મોટા મોટા થાળ બનાવીને અને તેમાં મોક્ષરસ રેડીને નિષ્કામી જનોને આ ગ્રંથરૂપી મેજબાની જ આપવામાં આવી છે.[૨૨] એ મેજબાનીમાં પ્રકાશ માટે નિત્ય નવીન આત્મજ્યોતિની મશાલ સળગાવીને, જે કોઈ ઇંદ્રિયોની જાણમાં ન આવવા દેતાં એ મેજબાનીનું સેવન કરશે, તેને જ તેની પ્રાપ્તિ થશે.[૨૩] અહીં શ્રવણોની ન્યૂનતા ન કરતાં શ્રોતાઓએ મનવડે જ ઉપભોગ લેવાનો છે. (અર્થાત્ કાનોની ગરજ ન રાખતાં માત્ર મનથી જ એનો ઉપભોગ કરવાનો છે).[૨૪] શબ્દપરથી કેવળ છાલને પ્રથમ કાઢી નાંખવી અને ત્યારપછી બ્રહ્મસ્વરૂપ થઇને કેવળ સુખથી જ સુખનો સ્વાદ લેવો.[૨૫] જો એવા સૂક્ષ્મ મનથી વર્ત્તવામાં આવે, તો જ તેનો ઉપયોગ થઈ શકે એમ છે; નહિ તો સર્વ વાર્તા

મૂંગાએ કહેવા પ્રમાણે અને બહેરાએ સાંભળવા પ્રમાણે જ સમજવી.[૨૬] પણ એ વાતને હવે રહેવા દ્યો. કારણ કે, સર્વ શ્રોતાઓને સાવધ કરવાની આવશ્યકતા નથી; અહીં જેમને સ્વભાવતઃ જ વિષયોની વાસના નથી, તેઓ જ આ વાર્તાને સાંભળવા માટેના અધિકારી છે.[૨૭] જેમણે બ્રહ્મજ્ઞાનના પ્રેમ માટે સ્વર્ગ અને સંસારની પ્રાપ્તિને ઓવારી નાંખી છે, તેમના વિના બીજાઓએ શબ્દના સ્વાદને જાણી શકવાના નથી.[૨૮] કાગડાને જેમ ચંદ્રનો પરિચય હોતો નથી, તેવી રીતે પ્રાકૃત જનોને આ ગીતા ગ્રંથના સ્વાદનો પરિચય નથી; પરંતુ તે જ ચંદ્ર જેવી રીતે ચકોરનું ખાદ્ય છે, (તેવી રીતે જેમને કર્મનાં ફળોની આશા નથી, તેઓ જં આ ગીતા ગ્રંથના સ્વાદને જાણે છે).[૨૯] તેવી જ રીતે જેઓ જ્ઞાની છે, તેમના માટે આ ગ્રંથ વિશ્રાંતિનું સ્થાન છે અને જેઓ અજ્ઞાની છે, તેમને આ ગ્રંથ અજાણ્યા ગામ જેવો છે. એટલા માટે આ વિષય વિશે વધારે બોલવાનું કાંઈ પણ પ્રયોજન નથી.[૩૦] છતાં પ્રસંગાનુસાર હું જે કાંઈ બોલ્યો છું, એ માટે સજ્જનોએ મને ક્ષમા કરવી. હવે પછી શ્રીરંગે (કૃષ્ણે) જે કાંઈ કહેલું છે, તે જ હું કહીશ.[૩૧] એ કથન બુદ્ધિને પણ સમજવામાં કઠિન છે, એટલે મારા કથનમાં પણ કદાચિત્ સમજણ આવવી અત્યંત દુર્લભ છે; છતાં શ્રી ગુરુ નિવૃત્તિ મહારાજના કૃપારૂપ દીપકના પ્રકાશની સહાયતાથી હું જે કાંઈ બોલીશ, તે જાણી તથા સમજીને બોલીશ.[૩૨] ઇંદ્રિયાતીત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું, એટલે જે વસ્તુ દૃષ્ટિથી ન દેખાનારી છે, તે પણ દૃષ્ટિ વિના જ જોવામાં આવશે.[૩૩] જો દૈવયોગે પારસમણિ હાથમાં આવી જાય, તો કીમિયાગરને પણ ન મળી શકનારું સુવર્ણ લોખંડમાં જ મળી આવે છે;[૩૪] તેવી રીતે જો સદ્‌ગુરુની કૃપા થાય, તો પછી પ્રયત્ન કરતાં શું ન મળી શકે? એટલા માટે જ્ઞાનદેવ કહે છે કે, મારાપર સદ્‌ગુરુની પૂર્ણ કૃપા છે.[૩૫] એ ગુરુકૃપાના યોગે જ હું બોલીશ અને મારા બોલવાથી હું સર્વને નિરાકાર વસ્તુ પ્રાપ્ત કરાવી આપીશ; તેમ જ જે વસ્તુ ઇંદ્રિયાતીત છે, તે ઇંદ્રિયોને ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત કરાવી આપીશ.[૩૬] જેનામાં યશ, શ્રી, ઔદાર્ય, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ છ ગુણોનો નિવાસ છે,[૩૭] તેને એ ગુણોના યોગે ભગવાન્ કહેવામાં આવે છે, તે ભગવાન્-જેમણે સર્વ સંગ પરિત્યાગ કરેલો છે તેમના મિત્ર (નિષ્કામ પુરુષોના મિત્ર) ભગવાન્, પાર્થને એમ કહેવા લાગ્યા કે, "હવે હું જે કાંઈ કહું છું, તે ધ્યાન રાખીને સાંભળ."[૩૮]

श्रीभगवानुवाच—अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ १ ॥

[શ્રી ભગવાને કહ્યું:-જે અગ્નિસેવા અને વિહિત કર્મો નથી કરતો, તે જ કેવળ સંન્યાસી અને યોગી છે એમ નથી; કિન્તુ જે કર્મોનાં ફળોની ઇચ્છા ન કરતાં વિહિત કર્મો કરતો રહે છે, તે જ સંન્યાસી અને તે જ યોગી છે. ૧]

શ્રીકૃષ્ણ કહે છે કે:-હે પાર્થ! યોગી અને સંન્યાસી આ જગતમાં એક જ છે. તેઓ ભિન્ન છે, એમ કદાપિ માનીશ નહિ; કારણ કે, એમના વિશે વિચાર કરતાં એ બન્ને એક હોવાનું જ જણાય છે.[૩૯] તેનાપર જે બે નામોનો આરોપ કરવામાં આવે છે, તેને છોડી દે; કારણ કે, બ્રહ્મદૃષ્ટિથી જોતાં એ બન્નેમાં જરા પણ ભેદ નથી અને તેથી જે યોગ છે તે જ સંન્યાસ છે.[૪૦] જેવી રીતે નામોની ભિન્નતાથી એક જ પુરુષને બોલાવવામાં આવે છે અથવા એક જ સ્થાન પ્રતિ બે માર્ગો જાય છે;[૪૧] અથવા એક જ જળને બે પાત્રોમાં ભરવાથી જળમાં ભિન્નભાવ થતો નથી, તે જ પ્રમાણે યોગ અને સંન્યાસમાં ભિન્નભાવ નથી, એમ જાણવું.[૪૨] હે અર્જુન! જે કર્મો કરીને તેમનાં ફળોની ઇચ્છા રાખતો નથી, તે જ આ જગતમાં સર્વની બુદ્ધિથી યોગી

મનાય છે.[૪૩] પૃથ્વી, વૃક્ષાદિકને ઉત્પન્ન કરીને તેમની ઉત્પત્તિવિશે કાંઈ પણ અહંકારબુદ્ધિ બતાવતી નથી; અને જેમ તે પૃથ્વી વૃક્ષોમાં ઉત્પન્ન થનારાં ફળોની પણ પોતે ઇચ્છા ધરાવતી નથી,[૪૪] તે જ પ્રમાણે આત્મબોધના આધારથી અને જાતિ અનુસાર જે જે વેળાએ જે કાંઈ પણ કરવાનો પ્રસંગ આવે,[૪૫] તે તે વેળાએ તે સર્વ યથાવિધિ કરવા છતાં, જે પોતાના શરીરમાં અહંકારને ઉત્પન્ન થવા દેતો નથી અને બુદ્ધિને ફળની આશા તરફ જવા દેતો નથી;[૪૬] હે પાર્થ! સાંભળ-એવો જે પુરુષ હોય છે, તે જ સંન્યાસી અને તે જ નિઃસંશય યોગીશ્વર છે.[૪૭] આવી ભાવના વિના, જે કોઈ, આ નિત્ય નૈમિત્તિક કર્મો બંધનમાં નાખનારાં છે એમ ધારીને તેમનો ત્યાગ કરે છે અને તત્કાળ બીજાં કર્મો કરવામાં પ્રવૃત્ત થાય છે,[૪૮] તે એક લેપને ધોઈ નાંખીને બીજો લેપ લગાડનારા મનુષ્ય પ્રમાણે વ્યર્થ ગડબડ ગોટાળામાં પડી જાય છે.[૪૯] ગૃહસ્થાશ્રમનો ભાર તો સર્વના માથાપર પ્રથમથી જ આવી પડેલો હોય છે; પરંતુ યથાવિધિ ગૃહસ્થાશ્રમીનાં આચરણ ન કરતાં કેટલાકો સંન્યાસને સ્વીકારી એક ભારને ઊતારીને તરત બીજા ભારને માથાપર ધારણ કરી લે છે.[૫૦] એટલા માટે, શ્રૌત-સ્માર્ત હોમાદિક કર્મોના યથાવિધિ આચરણનો ત્યાગ ન કરતાં કર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં ન આવે, તો યોગસુખ સહજ સ્વભાવે આપણી પાસે જ છે, એમ સમજી લેવું.[૫૧]

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगो भवति कश्चन ॥ २ ॥

[હે અર્જુન! જ્ઞાતાઓ જેને સંન્યાસના નામથી ઓળખે છે તે જ યોગ છે એમ તું સમજ. કારણ કે, સંકલ્પના ત્યાગ વિના કોઈ પણ યોગી થઈ શકતો નથી. ૨]

સાંભળ-'જે સંન્યાસી છે તે જ યોગી છે' એવી એકવાક્યતાની ધ્વજા અનેક શાસ્ત્રોએ આ જગતમાં ચઢાવેલી છે.[૫૨] જ્યાં ત્યાગેલા સંકલ્પનો સર્વથા લોપ થાય છે, ત્યાં જ યોગના સારરૂપ બ્રહ્મનો મેળાપ થાય છે, એમ અનુભવથી સિદ્ધ થયેલું છે.[૫૩]

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

[જે મુનિને ધ્યાનયોગની પ્રાપ્તિ કરવી હોય, તેના માટે વિહિત કર્મોનું આચરણ, એ જ એક સાધન છે; અને યોગની પ્રાપ્તિ થવા પછી તેની પૂર્ણતા કરવા માટેનું સાધન કર્મનિવૃત્તિ છે. ૩]

હે પાર્થ! જેની યોગરૂપ પર્વતના શિખર પર જવાની ઇચ્છા હોય, તેણે સરળ સોપાનરૂપ કર્મમાર્ગનો કદાપિ ત્યાગ ન કરવો.[૫૪] એ કર્મમાર્ગમાં ચાલવાનો આરંભ કરીએ, એટલે પ્રથમ એ પર્વતનો યમનિયમરૂપ મજલો આવે છે; ત્યાર પછી આસનોની પગવાટે ચાલી પ્રાણાયામરૂપ ટેકરીપરથી ઊપર ચઢવું પડે છે.[૫૫] ત્યારપછી પ્રત્યાહારરૂપ અડધો તૂટેલો ટેકરો આવે છે અને તેનાપરથી વખતે બુદ્ધિના પગો પણ લપસી જાય છે અને એને ઓળંગવા માટેની હઠયોગીની પ્રતિજ્ઞા પણ કેટલીકવાર પૂરી થતી નથી.[૫૬] તથાપિ અભ્યાસના બળથી પ્રત્યાહારરૂપ નિરાધાર આકાશમાં કેવળ વૈરાગ્યરૂપી ટેકાવડે જ ધીમે ધીમે ચઢી શકાય છે.[૫૭] એવી રીતે વાયુરૂપ અશ્વપર આરૂઢ થઇ માર્ગમાં ચાલતાં ચિત્ત સ્થિર કરવાના માર્ગને પસાર કરી આવ્યા પછી તે ધ્યાનના માથાપર આવી પહોંચે છે.[૫૮] ત્યાર પછી તેનો ચાલવાનો વ્યાપાર બંધ પડી જાય છે, તેના મનની દોડ પણ પૂરી થાય છે અને બ્રહ્મ સાથે ઐક્ય થવાથી સાધ્ય સાધન ભેદનો લોપ થાય

છે.૫૯ જે સ્થળે આગળ વધવાનું બંધ થાય છે અને પાછળની સ્મૃતિ પણ નથી રહેતી, એવી સમ–અવિકાર ભૂમિમાં સમાધિનો લાભ થાય છે.૬૦ એ ઉપાયવડે જે યોગારૂઢ થાય છે, તે નિઃસંશય પરિપૂર્ણ થયેલો છે. હવે તેનાં ચિન્હોનો નિર્ણય હું તને કહી સંભળાવું છું, તે સાંભળ.૬૧

यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

[જ્યારે યોગી વિષયોમાં અને કર્મોમાં આસક્ત થતો નથી અને સર્વ સંકલ્પને ત્યાગી દે છે ત્યારે તેને યોગારૂઢના નામથી ઓળખવામાં આવે છે. ૪]

જે આત્મબોધના ગૃહમાં નિદ્રિત થયેલો હોય છે (એટલે કે જેને આત્મજ્ઞાન થયેલું હોય છે), તેમની ઇંદ્રિયોના ગૃહમાં વિષયોનું આવવું જવું બંધ થાય છે (તેનાપર ઇંદ્રિયોનો અધિકાર ચાલતો નથી).૬૨ સંસારમાંનાં સુખ અને દુઃખો સાથે ઝગડી ઝગડીને અનેક ટક્કરો ઝીલી જેનું (ચિત્ત–મન) કંટાળી જવાથી પ્રોત્સાહન પામતું નથી. તેની આગળ જો વિષયો (મૂર્ત્તિમાન્) આવીને ઉભા રહે, તો પણ તેઓ કોણ છે અને કોણ નહિ, એની તેને સ્મૃતિ રહેતી નથી.૬૩ કદાચિત્ તેની ઇંદ્રિયો કર્મ કરવામાં પ્રવૃત્ત પણ થાય, તોપણ તેને અંતઃકરણમાં ફળના હેતુની ઇચ્છા હોતી નથી.૬૪ જે યોગી જાગ્રત છતાં સૂતેલો દેખાય છે, તેને જ ખરેખરો યોગ સાધ્ય થયેલો છે, એમ તું જાણ.૬૫ એ વેળાએ અર્જુન અનંત (કૃષ્ણ)ને કહેવા લાગ્યો કે:–"હે દેવ, તમે જે કહો છો, તે સાંભળીને મને આશ્ચર્ય થાય છે; અર્થાત્ એ યોગીને એટલી બધી યોગ્યતા કોણ આપે છે, તે કૃપા કરીને મને કહો."૬૬

उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

[આત્માવડે જ પોતાના આત્માનો ઉદ્ધાર કરવો; પોતાના આત્માને અધોગતિમાં ન રાખવો. કારણ કે, આત્મા જ આત્માનો હિતકર્ત્તા છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. ૫]

શ્રીકૃષ્ણ હસીને કહે છે કે:–તારા આ બોલવાથી મને આશ્ચર્ય થાય છે; કારણ કે, આ અદ્વૈતમાં કોઇએ કોઈને આપવાનો અને લેવાનો સંભવ જ હોતો નથી:૬૭ પરંતુ મનુષ્ય જ્યારે બળવાન્ અજ્ઞાનથી ઘેરાઇને ભ્રાંતિરૂપ શય્યામાં સૂતેલો હોય છે, તે વેળાએ તેને જન્મ અને મરણનાં દુષ્ટ સ્વપ્નાં ભોગવવાં પડે છે.૬૮ ત્યાર પછી તે અકસ્માત્ જાગ્રત થતાં તેનાં તે સર્વ સ્વપ્ન વ્યર્થ થાય છે અને 'આપણે સત્યરૂપ છીએ' એવો તેનો નિશ્ચય થાય છે અને તે નિશ્ચય પણ પોતાની મેળે જ થાય છે.૬૯ એટલા માટે હે ધનંજય ! જો આપણે અસત્ય દેહમાં સત્ય વિશ્વાસ રાખીએ, તો તેથી આપણે પોતે જ આપણા ઘાતમાં પ્રવૃત્ત થયા છીએ, એમ જ સિદ્ધ થાય છે.૭૦

बंधुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

[જેણે આત્માના સહાય્યથી આત્માને જિતેલો છે, તેનો આત્મા જ તેનો બંધુ–હિતકર્તા છે; અને જેણે આત્માને જિત્યો નથી, તેનો આત્મા જ તેનો શત્રુ થાય છે. ૬]

એવો વિચાર કરીને અહંકારનો ત્યાગ કરીએ, એટલે પછી આપણું પોતાનું બ્રહ્મસ્વરૂપ જ આપણા અનુભવમાં આવે છે. એમ થયું કે આપણે આપણું કલ્યાણ કર્યું, એમ સહજ સિદ્ધ થાય છે.[૭૧] (પરંતુ) જે કોઈ સુશોભિત શરીરમાં લુબ્ધ થઇને આત્મસ્વરૂપને ભૂલી જાય છે અને અહંતા માને છે,તે રેશમના કીડા પ્રમાણે પોતે પોતાનો જ વૈરી થાય છે.[૭૨] જેવી રીતે લાભનો સમય આવેલો હોવા છતાં હતભાગી મનુષ્ય આંધળાપણાની સ્મૃતિ થતાં ચેષ્ટા કરવા માટે પોતાની આંખ્યોને બંધ કરી લે છે અને વસ્તુના લાભને ખોઈ બેસે છે,[૭૩] અથવા તો કોઈ એક મનુષ્ય ભ્રમથી એવો જ પોકાર કરે છે કે, 'હું પોતે જ ખોવાઈ ગયો છું' અને અંતઃકરણમાં તેવા જ ખોટા ભાવને પકડી રાખે છે.[૭૪] હવે જો તેના એ ભ્રમને દૂર મૂકીને જોઇએ, તો તે પોતે જ બ્રહ્મરૂપ છે; પરંતુ ગમે તે ઉપાયે પણ તેની બુદ્ધિને એવો ભાસ જ થતો નથી. સ્વપ્નમાં થયેલા તલવારના વારથી–ઘાથી–કોઈ ખરેખર મરી જાય છે ખરું કે?[૭૫] પોપટને* પકડવા માટે ટાંગેલી ઝાડપરની નળી જ, તેના અંગના ભારથી જ્યારે ઊંધી ફરી જાય છે, ત્યારે તે પોતે ઊડી ન જતાં હું પોતે જ ફરી ગયો છું, એવી શંકાથી જેમ તે નળીને છોડતો નથી,[૭૬] વિનાકારણ ડોક હીલવ્યા કરે છે તથા છાતી અને પગના જોરથી તે નળીને વધારે દાબી, જોરથી પકડી રાખે છે અને છૂટવાને પોકાર કરે છે.[૭૭] તેને એમ લાગે છે કે, હું ખરેખરો જ બંધાયલો છું. આ ભ્રાંતિથી જ પોતે બંધનમાં પડે છે. જો કે ખરેખરી રીતે તો તેના પગના પંજાઓ નળીની સાથે બંધાયલા નથી હોતા, છતાં પણ પગો તે નળીની સાથે અધિકાધિક વળગાડી રાખે છે.[૭૮] આવા નિરર્થક બંધનમાં તે પડે છે, તે વખતે શું તેને બીજા કોઇએ બાંધેલ હોય. છે? તું જ કહે. જો તે પક્ષીને અડધો કાપી નાંખ્યો હોય તો પણ તે નળીને છોડતો નથી.[૭૯] એટલા માટે, જેણે પોતાના મનના સંકલ્પોને ઘણા જ વધારી દીધેલા હોય છે, તે પોતે જ (પોતાથી બંધાતો હોવાથી) પોતાનો શત્રુ છે. પણ જે પુરુષ વૃથા અભિમાનને ધારણ કરતો નથી, તે જ આત્મજ્ઞાની (પોતે જ પોતાનો મિત્ર) છે.[૮૦]

जितात्मनः प्रशांतस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥
ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंद्रियः ।
युक्तइत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥ ८ ॥

[જેણે પોતાના મનને જિતી લીધું હોય છે અને જેના મનને પ્રસન્નતા પ્રાપ્ત થયેલી છે, તે જીવ પરમાત્મરૂપી છે. જ્યારે યોગી પોતાની ઇંદ્રિયોને સ્વાધીન રાખે છે; બ્રહ્મજ્ઞાન અને આનુભવિક જ્ઞાનવડે તૃપ્ત થયેલો હોય છે; માટી, સોનું અને પત્થરને એક સરખાં સમજે છે; શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખ, તેમ જ માન અને અપમાનને સમાન માને છે અને મનને નિર્વિકાર સ્વરૂપમાં સ્થિર રાખે છે, ત્યારે તેને 'યુક્ત' નામથી ઓળખવામાં આવે છે. ૭-૮]

જેણે પોતાના મનને જિતેલું છે અને જેની સર્વ વાસનાઓ શાંત થયેલી છે, તેને બીજાઓની પેઠે પરમાત્મા દૂર હોતો નથી.[૮૧] સોનાને તપાવતાં તેમાંના મળનો નાશ થતાં જેવી રીતે તે ઉત્તમ સુવર્ણ થાય છે, તેવી જ રીતે મનમાંના સંકલ્પોનો નાશ થતાં જ, જીવને બ્રહ્મત્વ પ્રાપ્ત થાય છે.[૮૨] ઘડામાંના આકાશને, ઘડાનો નાશ થવા પછી મહાકાશમાં મળી જવા માટે

* પક્ષીને પકડવા માટે ઝાડ ઉપર આંટાવાળી એક દોરી બાંધવામાં આવે છે તથા તેની વચમાં વાંસની નળી રાખવામાં આવે છે. પક્ષી જ્યારે તે નળીપર બેસે છે ત્યારે નળી હાલવાથી પક્ષી એમ જાણે છે કે, રખેને હું નળી છોડીશ તો પડી જઇશ આમ જાણી ઘણા જ જોરથી તે નળીને પકડી રાખે છે. એટલે ભારથી નળી ઉંધી વળી જાય છે, તેની સાથે પક્ષી પણ ઉંધો વળી જાય છે અને પછી પારધી તેને પકડી લેછે. આ પ્રમાણે તે પોતે બંધાય છે.

જેમ અન્યત્ર જવું પડતું નથી,[૮૩] તેવી રીતે જેના દેહમાંના ખોટા અહંકારનો સમૂળ નાશ થાય છે, તે પુરુષ પરંપરાથી જ પરમાત્મારૂપ છે.[૮૪] એવી સ્થિતિમાં શીત કિંવા ઉષ્ણ, સુખ કિંવા દુઃખ અને માન કિંવા અપમાન આદિનો વિચાર તેનામાં જરા પણ સંભવતો નથી. એટલે કે, તેને એ સર્વ સમાન દેખાય છે.[૮૫] જે જે માર્ગમાંથી સૂર્ય ગમન કરે છે, તે તે સ્થાનમાં તેનો પ્રકાશ પડે છે; તેમ જ તેને જે જે વસ્તુ મળે છે, તે સર્વ તેને–તે પોતે બ્રહ્મરૂપ બનેલો હોવાથી–બ્રહ્મરૂપ જ દેખાય છે.[૮૬] મેઘમાંથી નિકળતી જળવૃષ્ટિની ધારાઓ જેવી રીતે સમુદ્રને ખૂંચતી નથી, તેજ પ્રમાણે જે બ્રહ્મરૂપ બનેલો હોય છે તેને શુભ અને અશુભ કર્મો ભિન્ન ભાસતાં નથી.[૮૭] પરોક્ષ (સાંસારિક) જ્ઞાનનો વિચાર કરતાં તે (સંસારી જ્ઞાન) વ્યર્થ છે, એવો જેને ભાસ થાય છે, તેજ જ્યારે જ્ઞાનનો શોધ કરવા માંડે છે ત્યારે જ્ઞાનરૂપ હું પોતે જ છું, એવો તેને ભાસ થાય છે.[૮૮] ત્યાર પછી 'હું વ્યાપક છું કે અવ્યાપક છું' એ વિષયનો ઊહાપોહ કરતાં કરતાં તે ઊહાપોહ ત્યાંનો ત્યાં જ રહી જાય છે; કારણ કે, તેના મનમાં દ્વૈતભાવ હોતો નથી.[૮૯] એવી રીતે શરીરમાં રહીને જેણે પોતાની ઇંદ્રિયોને જિતી લીધી છે અને જે કૌતુકવડે પરબ્રહ્મની યોગ્યતાને પ્રાપ્ત થયેલો છે,[૯૦] તેજ સહજ જિતેંદ્રિય છે અને તેજ યોગી છે! કારણ કે, તેના મનમાં લઘુતા અને ગુરુતાનો ભેદ નથી;[૯૧] તે શુદ્ધ સુવર્ણના મેરુતુલ્ય પર્વતને અને માટીના ઢેખાળાને એક સરખા જ માને છે;[૯૨] જેના મૂલ્ય આગળ પૃથ્વીનું મૂલ્ય પણ અલ્પ હોય એવા અમૂલ્ય રત્નને પણ કેવળ પાષાણવત્ માનવા સુધી તે નિરિચ્છ હોય છે.[૯૩]

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

[જે યોગીની સુહૃદ્ (પ્રત્યુપકારની આશા ન રાખતાં ઉપકાર કરનાર), મિત્ર (સહવાસથી પ્રીતિ કરનાર), શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષને યોગ્ય અને સંબંધી જનમાં, તેમ જ સાધુ અને પાપીમાં પણ સમબુદ્ધિ હોય છે, તે સર્વમાં શ્રેષ્ઠ છે. ૯]

એવા યોગીના મનમાં આપ્ત અને શત્રુ, અથવા ઉદાસીન અને મિત્ર એવી વિચિત્ર કલ્પના ક્યાંથી આવી શકે?[૯૪] 'હું જ જગત્‌રૂપ છું' એવો જેના મનમાં બોધ થયેલો છે, તેનો બંધુ કોણ અને દ્વેષી કોણ?[૯૫] એ પછી હે અર્જુન, તેના મનમાં ન્હાના અને મોટાનો ભેદ ક્યાંથી હોઈ શકે? પારસનો કસ લાગ્યા પછી પાછા બીજા જૂદા જૂદા કસ લાગી શકે ખરા?[૯૬] નહિ જ. તે કસોટીથી જેવી રીતે શુદ્ધ સુવર્ણ જ ઉત્પન્ન થાય છે, (અર્થાત્ પારસમણિના સ્પર્શથી લોહ સુવર્ણ બની જાય છે) તેવી જ રીતે તે યોગીની બુદ્ધિ નિત્ય, ચલ અને અચલમાં કેવળ એકતાનો જ અનુભવ કરે છે.[૯૭] 'વિશ્વરૂપ અલંકારના ઘાટ જો કે અનેક આકારના છે, તોપણ તે એક જ પરબ્રહ્મરૂપી સુવર્ણમાંથી જ ઘડેલા છે'[૯૮] એવું શુદ્ધ અને સત્ય તત્ત્વ જેના સમજવામાં આવી ગયું છે, તે ચિત્રવિચિત્ર રચનાના ઉપરના ભેદને જોઇને ભ્રમમાં પડતો નથી.[૯૯] વસ્ત્રને જોતાં તે જેવી રીતે સમગ્ર તંતુમય દેખાય છે, તેવી જ રીતે તેને જગતમાં બ્રહ્મ વિના બીજું કાંઈ પણ દેખાતું નથી.[૧૦૦] એ પ્રમાણે આ સમસ્ત જગત્ બ્રહ્મથી ભરેલું છે, એવો જેને અનુભવ થાય છે તેજ સમબુદ્ધિ છે, એ અસત્ય નથી એમ દૃઢતાથી સમજજે.[૧] જેનું (યોગીનું) નામ તીર્થરાજ છે, જેનાં દર્શનથી અંતઃકરણમાં સમાધાન થાય છે અને જેની સંગતિથી અહંકારથી ભ્રમિષ્ટ થયેલા પુરુષની ભ્રાંતિનો નાશ થઈ તે બ્રહ્મ સ્વરૂપ બની જાય છે;[૨] જેનું વચન ધર્મના જીવનરૂપ છે અને જેની દૃષ્ટિ મહાસિદ્ધિને ઉત્પન્ન કરનારી છે. તેમ જ સ્વર્ગપર્યંતનાં સુખો જેના રમવાના ખેલરૂપે છે,[૩] એવા બ્રહ્મવેત્તા મનુષ્યનું જો ચિત્તમાં સ્મરણ કરીએ, તો પણ

તે સ્મરણ કરનારાને પોતાની યોગ્યતા આપે છે. વધારે તો શું, પણ તેની સ્તુતિ કરવાથી કલ્યાણ થાય છે.[૪]

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥

[યોગીજને એકલા જ એકાંતમાં નિવાસ કરીને અને મન તથા દેહને સ્વાધીન રાખીને કશાની પણ આશા ન રાખતાં અને સંગ્રહ ન કરતાં સતત આત્મધ્યાન કરવું. ૧૦]

કદાપિ અસ્તંગત ન થનાર જ્ઞાનસૂર્ય જેના હૃદયમાં ઉદિત થયેલો છે, તે પોતે સદાસર્વદા આત્માના બ્રહ્માનંદમાં જ વિહરતો હોય છે.[૫] હે પાર્થ, એવી દૃષ્ટિથી જે વિચાર કરે છે તે જ અદ્વિતીય છે અને તે જ ત્રણ લોકમાં સંગ્રહ ન કરનારો છે એમ જાણવું.[૬] એવી રીતે પોતાના કરતાં પણ વિશેષ ગૌરવથી શ્રીકૃષ્ણે સાધુનાં મુખ્ય લક્ષણો કહી સંભળાવ્યાં[૭] જે સર્વ જ્ઞાનીજનોમાં શ્રેષ્ઠ છે અને સર્વ જોનારાઓની દૃષ્ટિનો પ્રકાશક છે, જે સમર્થ (જન)ના કેવળ સંકલ્પમાત્રથી જ વિશ્વની રચના થાય છે;[૮] ૐકારના બજારમાં જે શબ્દબ્રહ્મરૂપ ઉત્તમ વસ્ત્ર નીકળેલું છે, તે જેના યશના આચ્છાદન માટે પૂરું પડતું નથી; (અર્થાત્ વેદો પણ જે શ્રીકૃષ્ણના યશનું વર્ણન કરી શકતા નથી;)[૯] જેના અંગના તેજથી સૂર્ય અને ચંદ્રના વ્યાપારો શરુ થયા છે, જેની દૃષ્ટિથી બાહ્ય કોઈ પણ વસ્તુ હોતી નથી, સર્વ જગતને પ્રકાશ વિના પણ જે પોતાની જ્ઞાનદૃષ્ટિથી જોઈ શકે છે,[૧૦] જેના કેવળ નામ માત્રના પ્રભાવ આગળ જ ગગન તુચ્છ દેખાય છે, એવા એ કૃષ્ણના કેટલા ગુણોને તમે જાણી શકશો ?[૧૧] એટલા માટે આટલી પ્રશંસા જ બસ છે; કારણ કે, એવા લક્ષણોથી યુક્ત જ સાધુઓનું જે શ્રીકૃષ્ણ ભગવાન્ વર્ણન કરે છે, તે સાધુઓનાં લક્ષણો આપણાથી કહી શકાય તેમ તો નથી જ; છતાં નિરુપાયવશાત્ તે કહેવાં પડ્યાં છે.[૧૨] જે બ્રહ્મવિદ્યા દ્વૈતનો નાશ કરે છે, તેને જો સ્પષ્ટ કરીએ, તો પોતાના પ્રિયકર અર્જુનની પ્રીતિનો કદાચિત્ લોપ થશે,[૧૩] એમ ધારી બ્રહ્મજ્ઞાનવિશે કાંઇ પણ ન બોલતાં તેની આડે પડદો નાંખીને તેમણે અર્જુનના મનને, તેના અને પોતાના પ્રેમને ઉપભોગ લેવા માટે જૂદું જ રાખ્યું.[૧૪] જેઓ 'અહંબ્રહ્મ' પર્યન્ત આવી પહોંચ્યા છે અને જેઓ મોક્ષસુખની પ્રાપ્તિ માટે અત્યંત આતુર થયેલા છે, તેમની દૃષ્ટિનો કલંક કદાચિત્ મારી બ્રહ્મવિદ્યામાંના પ્રેમને લાગશે;[૧૫] કદાચિત્ અર્જુનની અહંતાનો નાશ થતાં 'હું તે જ (બ્રહ્મરૂપે) છું' એમ જો થશે, તો પછી હું એકલો (ભક્તિથી રહિત થયલો) શું કરીશ વારુ ?[૧૬] જેને જોતાં જ નેત્રો શાંત થાય, જેની જોડે મોઢું ભરીને બોલી શકાય અથવા તો જેને આનંદથી દૃઢ આલિંગન આપી શકાય, એવું એના વિના મને બીજું કોણ છે ?[૧૭] જો અર્જુનનું અને મારું ઐક્ય થાય, તો પછી મારા મનમાં ન માઇ શકનારી ઉત્તમ વાર્તા પછીથી કોની આગળ કહેવી ?[૧૮] એ સર્વ અડચણોનો વિચાર કરીને શ્રીકૃષ્ણે પોતાના બોલવાના પ્રવાહમાં સાધુઓનાં લક્ષણોને વર્ણવીને અર્જુનને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને તેના મનને એ વિષયમાં વાળ્યું.[૧૯] આ કથન તમોને શ્રોતાઓને કદાચિત્ અશક્યવત્ ભાસતું હોય, તથાપિ તમારે નિઃસંશય એ જ માનવું કે, પાર્થ ખરેખર શ્રીકૃષ્ણના સુખમાંથી બનાવેલ એક પ્રતિમારૂપ જ છે.[૨૦] જેવી રીતે કોઇ એક વંધ્યા સ્ત્રીને પોતાનું ગર્ભધારણ કરવાનું વય વીતી જવા પછી અચાનક એકજ બાળક પ્રાપ્ત થાય છે, તો તે અબળા તે બાળકના પ્રેમની પ્રત્યક્ષ પ્રતિમા બનીને આનંદથી નાચવા માંડે છે,[૨૧] તેવો જ અહીં શ્રીકૃષ્ણનો પ્રકાર થયેલો છે ! જો અર્જુનપરનો તેનો પ્રેમ–અતિશય પ્રેમ–દૃષ્ટિગોચર ન થયો હોત, તો હું આ પ્રમાણે બોલત નહિ.[૨૨] જુવો તો ખરા, આ કેવી નવાઈ અને કેવી

પ્રસન્નતા ? આ યુદ્ધપ્રસંગ ક્યાં તથા આ વેદાંતનો ઉપદેશ ક્યાં ? આ બેનો એક બીજા સાથે કાંઇ પણ સંબંધ નથી. તો પણ પ્રીતિ અને રુચિ દરેકને ભિન્ન ભિન્ન હોય છે. આથી કૃષ્ણરૂપ પ્રીતિ તથા રુચિ, ભક્તની સમક્ષ નૃત્ય કરે છે.[23] રુચિને ઠેકાણે લજ્જા હોય, પ્રીતિને સ્થાને તિરસ્કાર હોય તથા શ્રમિષ્ટને શુદ્ધિ હોય તો પછી તે ત્રણની પ્રતિષ્ઠા (અધિષ્ઠાન) શું ![24] આ સર્વ વિસ્તારનો સાર એટલો જ કે, અર્જુન એ શ્રીકૃષ્ણની મૈત્રીનું ગૃહ છે અથવા સુખવડે શૃંગારેલા પોતાના મનને જોવા માટેનું દર્પણ છે, એમજ સમજવું.[25] એવી રીતે અર્જુન ધન્ય, પુણ્યપવિત્ર અને ભક્તિરૂપ બીજના વાવવાનું ઉત્તમ ક્ષેત્ર હોવાથી જ, શ્રીકૃષ્ણની કૃપાને પાત્ર થયો હતો ![26] શ્રવણથી* તે આત્મનિવેદનપર્યન્ત જે નવ પ્રકારની ભક્તિ છે, તેમાં આત્મનિવેદનથી આગળની જે સખ્યનામક આઠમી ભક્તિ છે, તેનો અર્જુન મુખ્ય દેવતા છે.[27] ભગવાન્ પોતે જ પાસે હોય, છતાં તેનું વર્ણન ન કરતાં તેના સેવકના ગુણોનું જ વર્ણન કરાય અને તે તેના માલેક (ભગવાન)ને બહુ જ પસંદ પડે, એવી યોગ્યતાવાળો જો કોઇ પણ હોય તો તે ભગવાનનો વ્હાલો સખા અર્જુન જ છે.[28] જે પતિવ્રતા પ્રમદા પ્રેમથી પોતાના પતિની પૂજા અને સેવા કરે છે અને પતિના પ્રેમને પાત્ર થાય છે, તે પતિવ્રતાની પતિ કરતાં વિશેષ પ્રશંસા શા માટે ન કરીએ વારુ ?[29] એવી જ રીતે અર્જુનની જ વિશેષ સ્તુતિ કરવી જોઇએ, એમ મારા મનને ભાસ્યું; કારણ કે, તે ત્રિભુવનના ભાગ્યને પ્રાપ્ત થયેલો છે ![30] જેની પ્રીતિના ઉન્માદથી નિરાકાર પરબ્રહ્મ સાકારરૂપે થયા (અવતારને ધારણ કર્યો) તેમ જ સર્વ કામનાઓથી પરિપૂર્ણ હોવા છતાં કામનાવાળા થયા, તે અર્જુન પ્રશંસાને પાત્ર છે એમ કહેવામાં લેશ માત્ર પણ અસંભવનીયતા નથી જ.[31] એટલે શ્રોતાઓએ કહ્યું કે;–"દૈવની ગતિ કેટલી બધી વિચિત્ર છે કે, જેની સુંદરતાએ નાદબ્રહ્મપર પણ વિજય મેળવ્યો છે,[32] શુદ્ધ મરાઠી ભાષામાં પણ જેનું એવું વર્ણન કરી શકાય છે કે, જેના યોગે હૃદયમાં શૃંગાર આદિ નવ રસના જૂદા જૂદા છાપ પડી શકે છે. એટલે એ અતિશય આશ્ચર્ય નથી કે, શું ?[33] જો કોઇ એમ કહે કે, જ્ઞાનેશ્વરનું આ કથન કેવું છે ? તો તેનું ઉત્તર એ જ કે, જ્ઞાનેશ્વરનું આ કથન જ્ઞાનરૂપ ચંદ્રની ચંદ્રિકા સમાન સ્વચ્છ હોઇને એના ભાવાર્થથી મનને આનંદ થાય છે–અર્થાત્ ગીતાના શ્લોકોનો અર્થ ચંદ્રવિકાસી કમળ પ્રમાણે સહજ સ્પષ્ટ થયેલો છે.[34] એ કથનની એવી યોગ્યતા છે કે, એના શ્રવણથી બ્રહ્મવિદ્યાના શ્રોતાની ઇચ્છા તૃપ્ત થાય છે." એવી રીતે શ્રોતાઓ એ કથનના શ્રવણથી અંતઃકરણમાં પ્રસન્ન થઇને આનંદથી ડોલવા લાગ્યા.[35] શ્રોતાઓના મનમાંના એવા ભાવને જાણીને નિવૃત્તિદાસ જ્ઞાનદેવે કહ્યું કેઃ—"હે શ્રોતાઓ ! મારા કથનમાં ધ્યાન આપો." કૃષ્ણરૂપી દિવસે પાંડવકુળપર પ્રકાશ પાડયો. (શ્રીકૃષ્ણે પાંડવોપર કૃપા કરી)[36] (તે કૃષ્ણ કેવા છે, એમ જો પૂછવામાં આવે, તો તેનું ઉત્તર એ છે કે,) જેને દેવકીએ પોતાના ઉદરમાં નવ માસ સૂધી સંભાળ્યા છે અને યશોદાએ જેનું મહાકષ્ટથી લાલન પાલન કરેલું છે, તે (કૃષ્ણ) અંતે પાંડવોને ઉપયોગી થઇ પડ્યા ![37] એટલા માટે અનેક દિવસપર્યન્ત તની સેવા કરવાનો અથવા તો પ્રસંગને સાધીને તેને પ્રાર્થના કરવા માત્રનો પરિશ્રમ પણ તે ભાગ્યશાળી અર્જુનને વેઠવો પડયો નહિ.[38] શ્રોતાઓ કહે છે કેઃ—" જ્ઞાનેશ્વર મહારાજ ! હવે ટાહેલું રહેવા દો અને આગળનો કથાભાગ કહેવા માંડો." એટલે જ્ઞાનેશ્વર કહે છે કેઃ— અર્જુન લાડથી કહે છે કેઃ—"હે દેવ ! તમે આજે આ જે સંતોનાં લક્ષણો કહ્યાં, તે લક્ષણોનો

* આપણા પ્રાચીન સંસ્કૃત ધર્મ ગ્રન્થોમાં નવ પ્રકારની ભક્તિનો નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલો છેઃ—
"श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम्" ॥
અર્થાત્ વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

મારા અંગમાં નિવાસ નથી.[૩૯] એટલા માટે જો કે એ લક્ષણોના તાત્પર્યને જાણવા માટે હું ખરેખર અયોગ્ય જ છું અને અપૂર્ણ જ છું, પરંતુ તમારા કહેવાથી કદાચિત્ એ માટેની યોગ્યતાનો મારામાં આવિર્ભાવ થાય તો કહી શકાતું નથી.[૪૦] જો તમે મનમાં આણશો, તો તો હું પોતે બ્રહ્મ પણ થઈ શકીશ! તમે જે વસ્તુના અભ્યાસનો મને ઉપદેશ આપશો, તે અભ્યાસમાં મને શી અશક્યતા થવાની હતી વારુ?[૪૧] આ તમે કોની વાર્તા કહી એ જો કે હું સમજી શકતો નથી; પરંતુ એ વાર્તા સાંભળ્યા પછી અંતઃકરણમાં એની સ્તુતિ કરવાની સ્વાભાવિક ઇચ્છા થયા કરે છે, ત્યારે જેના અંગમાં એની યોગ્યતાનો નિવાસ હશે, તેના આનંદનો તો ખરેખર પારાવાર જ નહિ હોય![૪૨] હે પ્રભો! એ જ પ્રમાણેની યોગ્યતાનો મારા અંગમાં પણ આવિર્ભાવ થાય, એટલી કૃપા આપ કરશો કે?" એટલે શ્રીકૃષ્ણ હસીને કહેવા લાગ્યા કેઃ—"જી, હા–હું તને બ્રહ્મરૂપ કરીશ."[૪૩] જેમ, માત્ર એક સંતોષની જ પ્રાપ્તિ ન થાય, તો ચારે તરફ સુખની ન્યૂનતા જ હોય છે, પરંતુ તે પ્રાપ્ત થયા પછી સુખની લેશ માત્ર પણ ન્યૂનતા રહેતી નથી;[૪૪] તે જ પ્રમાણે જે, સર્વેશ્વરનો પૂર્ણ સેવક બનેલો છે, તે સહજમાં જ બ્રહ્મરૂપ થઈ શકે છે. પણ અર્જુન પોતાના સુદૈવના પાકના ભારથી કેટલો બધો નમી ગયેલો છે તે જુઓ.[૪૫] જે ઇશ્વર સહસ્રાવધિ જન્મ ધારણ કરવા છતાં ઇંદ્રને પણ મળવા દુર્લભ છે, તે ભગવાન્ અર્જુનને એટલા બધા આધીન થયેલા છે કે, તેના સાધારણ વચનનું પણ તે ઉત્થાપન–ઉલ્લંઘન–કરતા નથી.[૪૬] અર્થાત્ અર્જુને પોતે બ્રહ્મ થવાનું જે કહ્યું, તે ઈશ્વરે સર્વ સાંભળ્યું.[૪૭] તે વેળાએ ઇશ્વરના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે, અર્જુનને જે બ્રહ્મ થવા વિશેની જ આતુરતા લાગેલી છે, એનું કારણ એ છે કે, એના ઉદરમાં વૈરાગ્યનો ગર્ભ રહેલો છે.[૪૮] અથવા, અર્જુન એક નૂતન વૃક્ષ હોવા છતાં પણ વૈરાગ્યરૂપ વસંતના ભારથી અહંબ્રહ્મરૂપ મ્હોરવડે નમ્ર થઈ ગયો છે.[૪૯] અર્થાત્ એથી એને મોક્ષરૂપ ફળની સત્વર જ પ્રાપ્તિ થશે; કારણ કે, એ વિરક્ત થયેલો છે. એવો શ્રીકૃષ્ણને નિશ્ચય થયો.[૫૦] શ્રીકૃષ્ણ કહે–વિચારે છે કેઃ–હવે એ અર્જુન જે જે કર્મનું આચરણ કરશે, તે તે કર્મનું ફળ એને સત્વર જ મળશે. એટલે હવે જે વસ્તુના અભ્યાસનો આપણે એને ઉપદેશ આપીશું, તે એનો અભ્યાસ વ્યર્થ થવાનો નથી.[૫૧] તે વેળાએ શ્રીહરિએ મનમાં એ પ્રમાણે વિચાર કરીને કહ્યું કેઃ–હે અર્જુન, હું હવે તને જે યોગમાર્ગ બતાવવાનો છું, તે યોગમાર્ગ સર્વ માર્ગોનો રાજા છે–એટલે હવે તું તેનું શ્રવણ કર.[૫૨] તે યોગ એવો છે કે, જેના પ્રવૃત્તિરૂપ વૃક્ષની નીચે કોટ્યવધિ મોક્ષ ફળો દૃષ્ટિગોચર થાય છે; (જેના આચરણથી મોક્ષની પ્રાપ્તિ થાય છે;) અને એથી જ શ્રી શંકર અદ્યાપિ એ માર્ગની યાત્રા કર્યા કરે છે.[૫૩] પરંતુ પ્રથમ યોગીજનો હૃદયાકાશમાંના આડાઅવળા માર્ગમાં ચાલ્યા હતા અને ત્યાર પછી અનુભવનાં પગલાથી તેમને બ્રહ્મનો પત્તો લાગ્યો હતો;[૫૪] એટલા માટે અજ્ઞાનરૂપ અન્ય સર્વ માર્ગોનો ત્યાગ કરીને, યોગીજનો આત્મબોધના એ સરળમાર્ગમાં એક સરખા દોડ્યા હતા![૫૫] તેમના માર્ગે જ મહર્ષિઓ આવ્યા અને તેઓ સાધકમાંથી સિદ્ધ બન્યા; એ જ પ્રમાણે તત્ત્વજ્ઞાનીઓ એ જ પંથથી શ્રેષ્ઠતાના પ્રદેશમાં પહોંચ્યા છે.[૫૬] એ માર્ગે ચાલવાનો વિચાર કરવાથી ક્ષુધા અને તૃષાનો લોપ થાય છે અને એ માર્ગમાં ગમન કરતાં રાત્રિ અને દિવસનું સ્મરણ થતું નથી[૫૭] એ માર્ગનું ક્રમણ કરતાં મનુષ્ય જ્યાં પોતાનો પગ રાખે છે, ત્યાં મોક્ષની ખાણ જ ઉત્પન્ન છે અને કદાચિત્ તે આડે રસ્તે ચઢી જાય છે, તોપણ તેને સ્વર્ગ સુખની પ્રાપ્તિ થાય છે.[૫૮] તે પૂર્વના માર્ગમાંથી નિકળીને એટલે કે પ્રવૃત્તિના માર્ગને ત્યાગીને (ઇંદ્રિયોનું આકલન કરીને) પશ્ચિમમાં આવે છે. (નિવૃત્તિના માર્ગમાં પ્રવૃત્ત થાય છે.) હે ધનુર્ધર, નિશ્ચલતાથી એકસ્થાનમાં બેસવું, એ જ એ માર્ગમાંનો ગમન વ્યાપાર

છે.[५९] એ માર્ગમાં સંચાર કરીને તે જે સ્થાનમાં જાય છે, તે સ્થાનનું ગ્રામ તે પોતે જ બને છે, એ વિસ્તારથી કહેવાની આવશ્યકતા નથી. કારણ કે, એ રહસ્ય ધીમે ધીમે પોતાની મેળે જ તારા જાણવામાં આવી જશે.[६०] એટલે પાર્થ કહેવા લાગ્યો કેઃ–"હે પ્રભો! ત્યારે આપ મને યોગશાસ્ત્રનો ઉપદેશ ક્યારે સંભળાવશો? કારણ કે, હું ઉત્કંઠારૂપ સમુદ્રમાં ડુબેલો છું, એટલે મને તમારે એ સમુદ્રમાંથી બહાર કાઢવો જ જોઇએ."[६१] એ પ્રાર્થના સાંભળીને શ્રી કૃષ્ણ કહેવા લાગ્યા કે;–"હું પોતે જ તને આ બોધ આપવાને તૈયાર થયો છું અને તેમાં વળી આ પ્રશ્ન તેં કર્યો છે, ત્યારે પછી તું આટલી બધી ઊતાવળ શાને કરે છે?"[६२]

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ ११ ॥

[યોગીએ શુદ્ધ પ્રદેશમાં પોતાનું આસન રાખવું (પાથરવું). પ્રથમ દર્ભ, તેની ઉપર મૃગાજિન (મૃગચર્મ) અને તેની ઉપર વસ્ત્રો એવી રીતે આસનની રચના કરવી; અને તે આસન વધારે ઉંચું તેમ જ હદથી વધારે નીચું ન થાય, એની સંભાળ રાખવી. ૧૧]

ત્યારે હવે હું તને યોગમાર્ગ સ્પષ્ટતાથી બતાવું છું, પરંતુ એનો ઉપયોગ અભ્યાસ કર્યા પછીજ થઈ શકે છે. એટલા માટે એવા પ્રકારના યોગાભ્યાસ માટે એક સ્થાન શોધી કાઢવું જોઇએ.[६३] તે સ્થાન એવું હોવું જોઇએ કે, જે સ્થાનમાં મનોરંજનની ઇચ્છા પૂરી થતી હોવાથી ત્યાંથી ઊઠવાની ઇચ્છા ન થાય અને જેને જોતાં જ વૈરાગ્યની બમણી જાગ્રતિ થાય.[६४] તે સ્થાન પૂર્વે સત્પુરુષોએ વસાવેલું હોવું જોઇએ, (જ્યાં સત્પુરુષો રહેતા હોવા જોઇએ) તેના યોગે મનના સંતોષને સાહ્ય મળવું જોઇએ, અને ધૈર્યનો ઉત્કર્ષ થવો જોઇએ.[६५] તે સ્થાનમાં અભ્યાસને ઉત્તેજન મળવું જોઇએ અને મનને અનુભવે પુષ્પમાળા પહેરાવવી જોઇએ. એ પ્રમાણેની રમણીયતામાં તે સ્થાનની યોગ્યતા હોવી જોઇએ.[६६] હે પાર્થ, એ સ્થાનની પાસેથી નિકળતાં પાખંડી પુરુષના મનમાં પણ તપશ્ચર્યા કરવાની આસ્થા ઉત્પન્ન થાય ત્યારેજ એ સ્થાનની મહત્તા![६७] એક મનુષ્ય સહજ માર્ગમાં ગમન કરતો અચાનક ત્યાં આવી લાગે અને તે કામેચ્છુ હોઇને પોતાના ગૃહ તરફ જતો હોય, તોય તે સ્થાનને છોડવાની તેની ઇચ્છા ન થાય, ત્યારે જ એ સ્થાનનું ગૌરવ,[६८] અર્થાત્ એવી રીતે જેને તે સ્થાનમાં રહેવાની ઇચ્છા ન હોય, તેને પણ તે સ્થાન ત્યાં અટકાવી રાખે છે અને ભ્રમણ કરનારને બેસાડી દે છે તેમ જ વૈરાગ્યને ઉત્પન્ન કરે છે.[६९] કોઇએક મનુષ્ય વિલાસી હોય, છતાં એ સ્થાનને જોતાં જ તેના મનમાં એવો ભાવ થાય છે કે, પોતાના ઉત્તમ રાજ્યને ત્યાગીને આ રમણીય એકાંતસ્થાન–એકાંતવાસમાં જ રહીએ તો કેવું સારું![७०] એ પ્રમાણે જે સ્થાન ઉત્તમ અને અતિ શુદ્ધ હોય, તે સ્થાનમાં નેત્રોને બ્રહ્મનું સ્વરૂપ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે.[७१] બીજી એક વસ્તુ સાધકે જોવી જોઇએ. તે એ છે કે, તે સ્થાનમાં નિવાસ કર્યા પછી ત્યાં યોગના અભ્યાસીઓનો જ નિવાસ હોવો જોઇએ. બીજા આલતુ ફાલતુ માણસોનો કંટાળો ન હોવો જોઇએ.[७२] તે સ્થાનમાં જેનાં મૂળિયાં પણ અમૃત જેવાં મીઠાં અને નિત્ય જે ફળોવડે નમેલાં હોય એવાં ઘાટાં વૃક્ષો અવશ્ય હોવાં જોઇએ.[७३] ત્યાં પગલે પગલે પાણીના ઝરા હોવા જોઇએ અને તે એવા હોવા જોઇએ કે, જેમનું પાણી ચોમાસામાં પણ નિર્મળ રહેતું હોય અને પાણીની વિપુલતા હોવા છતાં તેમાંથી પાણી કાઢવામાં અથવા તો તેમાં ઊતરતાં વધારે પરિશ્રમ વેઠવો ન પડે.[७४] તે સ્થાનમાં સૂર્યનો તાપ સૌમ્ય હોવો જોઇએ અને કદાચિત્ તે તાપ સ્વચ્છ હોય, તોય તેથી સંતાપ ઉત્પન્ન ન થવો જોઇએ. તેમ જ ત્યાં વાયુ, શીત તથા મંદ વાતો હોવો જોઇએ.[७५] ત્યાં બહુધા ગડબડ ન હોવી જોઇએ અને શ્વાપદો (પશુઓ)ની વિપુલતા–ભીડ–પણ

ન હોવી જોઇએ. પરંતુ પોપટ અને ભ્રમર થોડા પ્રમાણમાં હોવા જોઇએ.[૭૬] તે સ્થાનમાં બતક, હંસ, બેચાર ચક્રવાક પક્ષી, તેમ જ કોઈવાર કોકિલપક્ષી આવીને બેસે, તો ચાલી શકે તેમ છે.[૭૭] જો મોર ત્યાં નિત્ય ન વસતા હોય, પણ કોઇ કોઇવાર આવતા જતા હોય તો તેમાં કાંઈ અટકાવ કરવા જેવું નથી.[૭૮] પરંતુ હે પાંડવ, આવા પ્રકારનું એક સ્થાન અવશ્યમેવ જોવું–શોધી કાઢવું અને તે સ્થાનમાં એકાદ ગુપ્ત ગુહા અથવા શિવાલયનું અસ્તિત્વ હોવું જ જોઇએ.[૭૯] અને પછી એ બેમાંથી જે પોતાને ગમતું હોય અથવા જે મનને પસંદ પડે તે સ્થળમાં બહુધા એકાંતવાસી થઇને બેસવું.[૮૦] એવી બધી સગવડ કરીને ત્યાર પછી તે સ્થાનમાં મન, સ્થિર થાય છે કિંવા નહિ એ જોવું અને જો મનની સ્થિરતા થાય તો ત્યાં આસન દૃઢ કરવું. આસન દૃઢ કરવાનો પ્રકાર એવો છે કે,[૮૧] ઉપરના ભાગમાં ધોયેલાં વસ્ત્રોની ઘડી, તેની નીચે કૃષ્ણાજિન અને તેની તળે સાગ્ર દર્ભનું આસન હોવું જોઈએ.[૮૨] તે દર્ભ કોમળ, એક સરખા અને પોતાની મેળે જ એક સ્થાનમાં રહી શકે એવી સારી વ્યવસ્થાથી ગુંથેલા હોવા જોઈએ.[૮૩] પરંતુ એ આસન જો વધારે ઉંચું થઈ જાય તો તેથી શરીર ડોલી જવાનો સંભવ છે અને જો બહુ જ નીચું હોય તો ભૂમિના શીતલતા આદિ દોષોથી શરીરને અપાય થવાનો સંભવ હોય છે,[૮૪] એટલા માટે એમ ન કરતાં આસન સમભાગ કરવું–અર્થાત્ સમતાથી આસનની યોજના કરવી.[૮૫]

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥

[તે આસનપર બેસીને, મનને એકાગ્ર કરીને તથા ચિત્ત અને ઇંદ્રિયોને જિતીને પોતાના અન્તઃકરણની શુદ્ધિ કરવા માટે યોગનો અભ્યાસ કરવો. ૧૨]

ત્યાર પછી તે સ્થળમાં મનની એકાગ્રતા કરી, સદ્ગુરુનું સ્મરણ કરી, આત્મસુખનો અનુભવ લેવો.[૮૬] તે સ્થાનમાં અહંભાવનો લોપ થઈ જાય અને અન્તર્બાહ્ય અષ્ટ સાત્વિકભાવ ઉત્પન્ન થાય ત્યાં સૂધી આદરપૂર્વક સદ્ગુરુનું સ્મરણ કરવું.[૮૭] વિષયોનું સ્મરણ માત્ર પણ ન રહે, ઇંદ્રિયોની વિષયોમાંની ઇચ્છાનો સર્વથા લોપ થાય અને મનની ચંચલતાની મરડાઇને હૃદયમાં ઘડી વળી જાય.[૮૮] એ પ્રમાણે સહજ ઐક્ય થતાં સૂધી તે સ્થાનમાં રહેવું અને ત્યાર પછી એવા મનને બોધનો સંસર્ગ થતાં આસનપર બેસવું.[૮૯] ત્યાર પછી અંગવડે અંગનો સંકોચ કરવો અને પ્રાણાપાન વાયુવડે પ્રાણાપાનનો નિરોધ કરવો. આ રીતની બાબત સ્પષ્ટ અનુભવસિદ્ધ છે.[૯૦] એ સ્થાનમાં પ્રવૃત્તિની નિવૃતિ થાય છે તથા સમાધિ સહજ સાધ્ય થાય છે અને ત્યાર પછી આસને બેસતાં સર્વ અભ્યાસ પોતાની મેળે જ પૂર્ણ થાય છે.[૯૧] હવે હું મુદ્રાની મહત્તાનું વર્ણન કરું છું તે સાંભળ. પેટનો નીચેનો ભાગ જંઘાને અડકાડીને આસન જમાવવું;[૯૨] એક પગપર બીજો પગ વાંકો રાખીને પગની પાનીને ગુદસ્થાનને અડકાડી સ્થિર અને દૃઢ રાખવી;[૯૩] જમણા પગને નીચે રાખીને તેવડે વૃષણથી તે ગુદસ્થાન પર્યન્તની વચ્ચેની સંધિરેષાને વચ્ચે દાબવી અને ત્યાર પછી જમણા પગની ઉપર ડાબો પગ સહજ ચડાવવો;[૯૪] અપાનદ્વાર અને શિશ્નના મધ્યમાં જે ચાર આંગળની જગ્યા છે, તેમાંથી આગળ પાછળ દોઢ દોઢ આંગળ જેટલી જગ્યાને છોડીને,[૯૫] વચ્ચે જે એક આંગળ જેટલી જગ્યા રહે, તે જગ્યાને શરીરને સમતોલ રાખી પગની પાનીના ઉપરના ભાગવડે દાબી રાખવી;[૯૬] શરીરને ઉંચકી રાખેલું છે એમ ન જણાવતાં પીઠના અસ્થિપિંજરના છેલ્લા ભાગને ઉપાડવો–ઉંચો કરવો–અને તે જ પ્રમાણે બન્ને પગના ગોઠણને સરળ રાખવા;[૯૭] હે પાર્થ! એમ કરવા પછી સમસ્ત શરીર બંન્ને ગોઠણના

શિરપર આધાર વિના સ્વતઃસિદ્ધ રહે છે.[૯૮] હે અર્જુન, એ 'મૂળબંધ' નામક આસનનું લક્ષણ છે, એને જ એક બીજું 'વજ્રાસન' એવું ગૌણ નામ આપવામાં આવ્યું છે.[૯૯] એવી રીતે 'મૂળબંધ' આસન કરવાથી નીચેનો માર્ગ બંધ થાય છે અને તેથી અપાન વાયુ અંદર ને અંદર રહીને જ તેનું આકર્ષણ થવા માંડે છે.[૧૦૦]

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।

खं प्रेक्ष्य नासिकाग्रं खं दिशश्चानवलोकयन् ॥ १३ ॥

[સાધકે પોતે સ્થિર થઈ શરીર, મસ્તક અને ગ્રીવાને સ્થિર રાખવાં અને પોતાની નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ રાખીને આમ તેમ ન જોતાં યોગનો અભ્યાસ કરવો ૧૩]

ત્યાર પછી ડાબા પગપર સહજ બન્ને હાથ દ્રોણાકાર (પડિયાના આકારે) કરીને રાખવા, એટલે એથી સ્વાભાવિક જ સ્કંધભાગ ઉચ્ચ થાય છે.[૧] ત્યાર પછી શરીર સ્થિર રહેવાથી શિર-કમળ કાંઈ અંદર પેસે છે અને તેથી આંખ્યોની પાંપણો ઢળવા માંડે છે;[૨] ઉપરની પાંપણ નીચે આવે છે અને નીચેની નીચે જ સ્થિર રહે છે; એમ થતાં નેત્રોની અડધી ઉઘડેલી અને અડધી મીંચાયલી દૃષ્ટિ થાય છે.[૩] એ પ્રમાણે દૃષ્ટિ અંદરની અંદર જ રહે છે અને કદાચિત, કૌતુકથી વધારે બહાર આવે છે, તોય નાસિકાના અગ્રભાગે જ આવીને અટકે છે.[૪] અર્થાત્ દૃષ્ટિ અંદરની અંદર જ સ્થિર રહેવાથી પુનઃ બહાર આવતી નથી. એટલે કે, દૃષ્ટિનો નાસિકાના અગ્રભાગમાંનો નિવાસ અવિચલ થાય છે.[૫] એથી બીજી દિશામાં જોવાનું અથવા તો સ્વરૂ-પને જોવા માટેની વાટ જોવાનું પોતાની મેળે જ અટકી જાય છે; અર્થાત્ અન્યત્ર જોવાની ઇચ્છાનો લોપ થાય છે.[૬] એ પછી ગળાની નળી અંદર ઢંકાય છે અને હડપચી ગળાની નીચેના ખાડાને વળગે છે અને ઉરપર દૃઢ થઈ ઉરને દાબી રાખે છે.[૭] હે પાંડુકુમાર! એ પછી કંઠમણિ દેખાતો બંધ થાય છે. એ પ્રમાણેની જે મુદ્રા થાય છે, તેને 'જાલંધરબંધ'ના નામથી ઓળખવામાં આવે છે.[૮] નાભિ ઉપર નિકળી આવે છે, પેટ સપાટ થઈ જાય છે અને હૃદયકોષ અંતર્ભાગમાં પ્રસરે છે.[૯] હે અર્જુન! ગુદદ્વારના ભાગમાં અને નાભિની નીચેના ભાગમાં જે મુદ્રા બને છે, તેને 'વોઢિયાણબંધ'ના નામથી જાણવામાં આવે છે.[૧૦] એવી રીતે શરીરના બાહ્ય ભાગના અભ્યાસક્રમનો આરંભ થયો.

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।

मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥ १४ ॥

[યોગીયે પ્રસન્ન અંતઃકરણથી નિર્ભય થઇને બ્રહ્મચર્યવ્રત આચરવું અને મનનું સંયમન કરીને તથા મારું ચિન્તન કરીને મત્પરાયણ થઈ રહેવું. ૧૪]

એટલે મનના ધર્મનું બળ લુપ્ત થાય છે.[૧૧] (તે મનના ધર્મ કયા છે તે સાંભળ.) કલ્પના ખૂટી જાય છે, મનની દોડ ઓછી થાય છે અને મનોવિકાર પોતાની મેળે જ બંધ થયેલા દેખાય છે;[૧૨] ભૂખનું શું થયું અને નિદ્રા કઇ દિશામાં ચાલી ગઈ, એનું સ્મરણ માત્ર પણ અવશિષ્ટ ન રહેવાથી તેમનો પત્તો પણ મળતો નથી.[૧૩] 'મૂળબંધ'વડે રોકાયલો અપાનવાયુ પાછો ફર્યો, એટલે સહજ ઉપર અટકીને ફૂલે છે;[૧૪] તેનો ક્ષોભ થયાથી તે બળવાન્ થાય છે, જ્યાં અટકયો હોય તે સ્થાનમાં ગડગડાટ કરે છે અને રહી રહીને લિંગચક્ર સાથે અથડાય છે.[૧૫] એવી રીતે ઉત્પન્ન થયેલું એ તોફાન પેટમાં ફરીને ઉથલપાથલ કરે છે અને બાલ્યાવસ્થાથી એકત્ર થયેલા સડેલા

એક અમુલ્ય તક.

શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સર્વ ગ્રન્થોનો લાભ.

પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રની અમૃતવર્ષિણી ગીતા ઉપરની શ્રીજ્ઞાનેશ્વર મહારાજની સહૃદયા ટીકા વાંચ્યા પછી વાંચનારને સ્વાભાવિક પ્રશ્ન થશે કે આવા મોટા ભક્તરાજે શું એકલી "જ્ઞાનેશ્વરી" રચી છે કે મુમુક્ષુ ભક્તજનો માટે બીજા ગ્રન્થો પણ રચ્યા છે કે નહિ? રચ્યા હોય તો ગુજરાતી ભાષામાં પ્રકટ થયા છે કે નહિ? તેઓની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે જણાવવાનું કે શ્રીજ્ઞાનેશ્વર મહારાજ આજથી ૭૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા છે અને તેમણે જે મરાઠી ભાષામાં ગ્રન્થો રચ્યા છે તે પ્રાચીન મરાઠી છે, અને તે આજની મરાઠી ભાષા બોલનાર સુદ્ધાં સમજી શકે તેવી નથી. એટલા માટે મરાઠી ભાષાના પંડિતોએ અર્વાચીન મરાઠીમાં તેનો ભાવ આણેલો છે. હરિભક્તિપરાયણ પુરૂષોએ તેના ઉપર સારી ટીકાઓ કરી છે. આવા પુસ્તકો ઉપરથી ગુજરાતી પ્રેસના માલીકોએ શ્રીજ્ઞાનેશ્વર મહારાજના બીજા ત્રણ ગ્રન્થોના સુબોધ ભાષાંતર કરાવીને જિજ્ઞાસુઓની ઇચ્છા તૃપ્ત કરી છે. આ ત્રણે ગ્રંથો જ્ઞાનેશ્વરીનો અભ્યાસ કરનારે અવશ્ય વાંચવા જોઇએ. એ ત્રણ પુસ્તકોના નામો નીચે પ્રમાણે છેઃ—

અમૃતાનુભવ,

હરિપાઠ (૨૮ અભંગો), **ચાંગદેવ પાસષ્ઠી** (૬૫ ઓવીઓ).

આ ત્રણે ગ્રંથોની મૂળ ઓવીઓ આપી છે, અને તેની સમજૂતિ વિસ્તારથી છાપી છે.

અમૃતાનુભવમાં નીચે પ્રમાણે વિષયો છે.

(૧) શિવભક્તિ સમાવેશ નમન. (૨) સદ્ગુરૂ સ્તવન. (૩) વાચાઋણોત્તીર્ણ. (૪) જ્ઞાનાભેદ કથન. (૫) સચ્ચિદાનંદ પદત્રય વિવરણ. (૬) શબ્દખંડન. (૭) અજ્ઞાનખંડન. (૮) જ્ઞાનખંડન. (૯) જીવનમુક્ત દશા કથન. (૧૦) ગ્રંથ મહિમા વર્ણન. (૧૧) ઉપસંહાર. (૧૨) જ્ઞાનેશ્વર મહારાજની આરતી.

હરિપાઠમાં ૨૮ અભંગોમાં શ્રીહરિની મળવાની કુંચી શ્રીજ્ઞાનેશ્વરે સમજાવી છે. ગ્રંથ નાનો પણ અતિ સુંદર છે.

ચાંગદેવ પાસષ્ઠી—આમાં ૬૫ ઓવીઓમાં શ્રી જ્ઞાનેશ્વરે આખું વેદાંતશાસ્ત્ર અને ભક્તિમાર્ગનો મહિમા ટુંકમાં સમજાવ્યો છે. ગ્રન્થ નાનો પણ પ્રાસાદિક છે.


આ ત્રણે ગ્રન્થો વાંચવા સમજવા લાયક છે. આ ત્રણમાં અમૃતાનુભવ ગ્રન્થ મોટો છે. એની ઉત્પત્તિ સંબંધમાં નીચે પ્રમાણે કથા છે.

"જ્ઞાનેશ્વર મહારાજે શકે ૧૨૧૨ માં નેવાસા નામક સ્થાનમાં શ્રીમદ્ભગવદ્ગીતાની જ્ઞાનેશ્વરી અથવા ભાવાર્થદીપિકા નામની પ્રાકૃત ટીકા લખીને પોતાના સદ્ગુરુ શ્રી નિવૃત્તિનાથનાં ચરણોમાં સાદર કરી હતી. તે ટીકાને (જ્ઞાનેશ્વરીને) જોઇને સદ્ગુરુ નિવૃત્તિનાથે કહ્યું કે;–"તારી આ ટીકાનો જે કોઇ પણ સત્સંપ્રદાયપૂર્વક વિચાર કરશે, તે આત્મજ્ઞાનસંપન્ન થશે. હવે તું તારી પોતાની બુદ્ધિમત્તાથી અમૃત એટલે અખંડ બ્રહ્મસંજ્ઞિત વસ્તુ કે જે સર્વ કાળ, સર્વ દેશ અને સર્વ અવસ્થામાં નિત્ય, અપરોક્ષ તથા સ્વતઃસિદ્ધ છે, તેનો અનુવાદ કર." આ પ્રમાણે ગુરૂમહારાજ નિવૃત્તિનાથની આજ્ઞા થતાં શ્રીજ્ઞાનેશ્વરે અમૃતાનુભવ નામનો સ્વતંત્ર ગ્રન્થ રચ્યો છે.

પુસ્તક સારા ઉંચા ચીવટ્ કાગળો ઉપર સારા વાંચી શકાય તેવા અક્ષરોમાં છાપેલું છે. તેનું પૂર ૩૫૦ પાનાનું છે, પૂઠું પાકુ અને મજબુત છે. મૂલ્ય રૂ. ૨-૦-૦.

મળવાનું ઠેકાણુંઃ—**ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ,**

કોટ, સરકલ, સાસુન બિલ્ડીંગ્સ-મુંબઈ.



કુંડલિની નાડી-અધ્યાય ૬ ઠ્ઠો, શ્લોક ૧૪ ટીકા જુઓ.

મળને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે.[16] તે વાયુ પેટમાં તળેના ભાગમાં ન વળતાં કોઠામાં પ્રવેશ કરે છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે.[17] સપ્ત ધાતુનાં સ્થાનોને ઉલ્લંઘી જાય છે, મેદના પર્વતને ફોડી નાંખે છે અને હાડમાંના રસને બહાર કાઢે છે;[18] નાડીઓને છૂટી પાડે છે, અવયવોને શિથિલ કરે છે અને યોગ સાધન કરનારને ભયભીત કરી મૂકે છે; પરંતુ એથી કદાપિ ભયભીત થવું નહિ જ.[19] તે વ્યાધિ ઉત્પન્ન કરે છે અને તત્કાળ પુનઃ તે વ્યાધિનો લોપ પણ કરે છે; તેમ જ કફ ઇત્યાદિ ભીનાશવાળા પદાર્થો અને માંસ વગેરે જડ કિંવા શુષ્ક પદાર્થોને એકત્ર કરે છે.[20] હે અર્જુન! એની બીજી બાજૂએ વળી બીજો જ વ્યાપાર ચાલે છે અને તે એ છે કે આસનની ઉષ્ણતાથી *'કુંડલિની' નામની શક્તિ જાગ્રત થાય છે.[21] કુંકુમવડે મંડિત કરેલાં નાગેણનાં બચ્ચાં જેવી રીતે ગુંછળું વળીને સૂઈ જાય છે,[22] તેવી જ રીતે એ 'કુંડલિની' ન્હાના સાડાત્રણ ગુંછળાં વાળાને નીચે મોઢું કરીને સર્પ પ્રમાણે સૂતેલી હોય છે.[23] તે સૌદામિની (વીજળી)-ના કંકણ પ્રમાણે અથવા અગ્નિજ્વાળાની ઘડી પ્રમાણે અથવા તો ઘસીને ચકચકિત કરેલા સુવર્ણના ગુંછળા પ્રમાણે,[24] નાભિસ્કંધમાં જે દબાઇને બેઠેલી હોય છે તે 'મૂળબંધ'ની ચુંટીથી જાગ્રત થાય છે.[25] તે વેળાએ નક્ષત્ર જેવી રીતે પડતી વખતે ચકચકાટ કરે છે કિંવા સૂર્યબિંબ ડોલાયમાન થાય કે પછી તેજના બીજને અંકુર આવીને તેનો વિસ્તાર થાય,[26] તે પ્રમાણે તે 'કુંડલિની', પોતાનાં ગુંછળાંને સરળ કરીને આળસ છોડી નાભિપર ઉભી રહેલી દેખાય છે.[27] હે કિરીટી, એ વેળાએ હૃદય કમળની નીચે જે વાયુ ભરેલો હોય છે, તેને ગળે બાઝીને એ આલિંગન આપે છે;[28] અને મુખમાંની જ્વાળાથી નીચે તથા ઉપરના માંસાદિકના ગ્રાસ કરીને ખાવા મંડી જાય છે.[29] જે સ્થળે માંસ હોય છે, ત્યાંના માંસનો સહજ ગ્રાસ કરે છે;[30] અને ત્યાર પછી તે બાકી રહેલા ભાગનો પણ સ્વાહાકાર કરી જાય છે.[31] ત્યાર પછી પગનાં તળિયાં અને હાથનાં તળિયાં (હથેલી)નું શોધન કરીને ઉપરના અંગનો ભેદ કરે છે અને પ્રત્યેક અંગ તથા પ્રત્યેક સંધિ ભાગની જડતી લઈ નાંખે છે;[32] એટલુંજ નહિ, પરંતુ તે પોતાના મૂળ સ્થાનને ન છોડતાં નખમાંના સત્ત્વને પણ કાઢે છે અને ત્વચાને ધોઇને અસ્થિ તથા શિરાઓ સાથે જઈ મેળવે છે.[33] તથા અસ્થિઓની નળીઓમાંના રસને કાઢીને શિરામાંના ગર્ભને સૂકવી નાંખે છે અને એથી બહારના કેશોની વૃદ્ધિનાં મૂળ કરમાઈ જાય છે.[34] ત્યાર પછી સપ્ત ધાતુના સાગરમાં પ્રવેશ કરીને તે પોતાની તૃષાને તૃપ્ત કરે છે અને એ સાથે શરીરને સર્વત્ર કોરું-શુષ્ક-બનાવી નાંખે છે.[35] નાસિકારંધ્રમાંથી જે વાયુ બાર આંગળ જેટલા વિસ્તારમાં બહાર નિકળે છે, તેનું ગળું દબાવીને તેને અંદર પેસાડી દે છે.[36] એ વેળાએ પ્રાણ અને અપાન એ બે વાયુઓ આકુંચિત થાય છે

---

* 'કુંડલિની'નું લક્ષણ તથા સ્વરૂપ 'હઠયોગ પ્રદીપિકા'ના તૃતીયોપદેશમાં નીચે પ્રમાણે આપ્યું છેઃ-

"સશૈલવનધાત્રીણાં યથાધારોऽહિનાયકઃ । સર્વેષાં યોગતંત્રાણાં તથાધારો હિ કુંડલી" ॥ ૧ ॥

અર્થાત્-"સર્પોનો નાયક જે શેષ, તે જેવી રીતે સમ્પૂર્ણ પર્વત અને વનયુક્ત ભૂભાગનો આધાર છે; તેવીજ રીતે 'કુંડલી' યોગના સર્વ ઉપાયોનો આધાર છે."

"સુપ્તા ગુરુપ્રસાદેન યદા જાગર્તિ કુંડલી । તદા સર્વાણિ પદ્માનિ ભિદ્યંતે ગ્રંથયોऽપિ ચ" ॥ ૨ ॥

"ગુપ્ત-નિદ્રિત-કુંડલી ગુરુના કૃપાપ્રસાદથી જ્યારે જાગ્રત થાય છે, ત્યારે હૃદયમાંનાં સર્વ ગ્રહો અને ગ્રંથિઓ પણ ભિન્ન ભિન્ન-અર્થાત્ શિથિલ થાય છે."

નાભિની નીચે કુંડલિની નામક એક સર્પાકાર શક્તિ સાડાત્રણ આંટા વાળીને બેઠેલી હોય છે. એને જાગ્રત કરવી, એ જ માત્ર યોગનો મુખ્ય અભ્યાસ છે. આસનની સિદ્ધિ થતાં અપાન વાયુ અંદર રૂંધાઇને સ્વાધિષ્ઠાન ચક્રદ્વારા એ શક્તિપર જઇને અથડાય છે, એટલે એના આઘાતથી તે ધીમે ધીમે જાગ્રત થઇને પોતાના ગુંછળાને છોડી સરળ થાય છે. એ કુંડલિની સરળ થતાં જ સુષુમ્ના નાડીનું દ્વાર ઉઘડે છે અને તેમાંથી પ્રાણવાયુ બ્રહ્મરંધ્રપર્યન્ત જવા માંડે છે. અધિક માહિતી માટે જુવો વિવેકાનંદ સ્વામીકૃત "રાજયોગ."

અને પ્રાણ વાયુ અપાન વાયુને દાબી રાખે છે અને એ બન્નેના આલિંગન મધ્યે ચક્રોના પડદા અવશિષ્ટ રહે છે.[૩૭] પ્રાણ અને અપાન એ બન્ને વાયુઓ એ જ વખતે એક સ્થાનમાં મળી જવાનો સંભવ હોય છે, પરંતુ તે 'કુંડલિની' જરા ગભરાઇને તેમને 'તમે પાછા જાઓ–તમારૂં અહીં શું કામ છે ?' એમ કહે છે.[૩૮] હે અર્જુન, સાંભળ. શરીરમાંના (પંચભૂતમાંથી) પૃથ્વીના સર્વ ભાગને ખાઇ જઇને તે કાંઈ પણ અવશિષ્ટ રાખતી નથી અને તેવી જ રીતે જળના સર્વ ભાગને પણ પી ચાટીને સફાચટ કરી નાંખે છે.[૩૯] એવી રીતે બન્ને ભૂતોના ભાગનું ભક્ષણ કરી તૃપ્ત થવા પછી સૌમ્ય થઇને તે સ્વસ્થતાથી *સુષુમ્ના નાડી પાસે રહે છે.[૪૦] ત્યાં તૃપ્તિના ઊમળકામાં તે મુખમાંથી જે ગરલ (વિષ) ઓકે છે, તે ગરલરૂપ અમૃતના યોગે પ્રાણનું રક્ષણ થાય છે.[૪૧] તે ગરલરૂપ અગ્નિ બહાર નિકળીને સર્વાંગમાંના દાહને શમાવી દે છે; અને તેથી અંગમાંથી પૂર્વનું ગયેલું સામર્થ્ય અંગમાં પાછું આવવા માંડે છે.[૪૨] નાડીનું વહન બંધ થાય છે અને નવ વાયુઓના વ્યાપાર પણ બંધ થવાથી શરીરના ધર્મો અવશિષ્ટ રહેતા નથી.[૪૩] †ઇડા અને પિંગળા એકત્ર થાય છે, ત્રણે ગાંઠો છૂટે છે અને છયે ચક્રોનાં સંબંધ લુપ્ત થાય છે.[૪૪] ત્યાર પછી અનુક્રમે જે વાયુઓ ચંદ્ર અને સૂર્યના નામથી પણ ઓળખાય છે, તે વાયુઓ દીપકના પ્રકાશની સહાયતાથી શોધવા છતાં પણ દૃષ્ટિગોચર થતા નથી.[૪૫] બુદ્ધિની જ્ઞાનકળા પોતાના સ્થાનમાંને સ્થાનમાં જ શમાઈ જાય છે અને નાસિકામાં અવશિષ્ટ રહેલું સૌગંધ્ય પણ 'કુંડલિની'ની સાથે જ સુષુમ્નામાં ચાલ્યું જાય છે.[૪૬] તે વેળાએ, ભ્રુકુટીચક્ર મધ્યે જે ચંદ્રામૃતનો તળભાગ છે, તેને ધીમો આઘાત થતાં તે વાંકો થાય છે અને તેમાંનું અમૃત 'કુંડલિની'ના મુખમાં પડવા માંડે છે.[૪૭] એથી તેમાં રસ ભરાઇને તે રસનો સર્વ અંગોમાં પ્રસાર થાય છે અને પ્રાણવાયુવડે તેના તે સ્થાનમાં જ જીર્ણ થઈ જાય છે.[૪૮] તપાવેલી મૂસમાંથી મીણ નિકળી ગયા પછી ઓતેલા મુખ્ય ધાતુના રસથી જેવી રીતે તે મૂસ ભરાઈ રહે છે, (મૂસનો આકાર રસને પ્રાપ્ત થાય છે,)[૪૯] તે જ પ્રમાણે તે શરીર એટલું બધું તેજસ્વી દેખાય છે કે, જાણે મૂર્તિમંત તેજનો જ ત્યાં અવતાર થયો હોયની, એવો જ ભાસ થવા માંડે છે.[૫૦] સૂર્ય અભ્રના આચ્છાદનમાં ઢંકાઈ રહેલો હોય છે ત્યારે દેખાતો નથી અથવા ઝાંખો દેખાય છે; પરંતુ અભ્રપટલ દૂર થતાં તે જ સૂર્ય જેવી રીતે પોતાના તેજનો વિસ્તાર કરે છે,[૫૧] તેવી જ રીતે, શરીરપર ત્વચાનું જે વ્યર્થ આચ્છાદન હોય છે, તે ફોતરા પ્રમાણે નિકળી જાય છે અને[૫૨] ત્યારપછી કેશરના સ્વાભાવિક રંગ જેવી અથવા તો રત્નરૂપ બીજમાંથી નિકળેલા અંકુર જેવી તે અવયવકાંતિની છટા દેખાવા માંડે છે;[૫૩] અથવા તો સંધ્યાકાલીન આકાશના રંગની લાલીને કાઢી લઇને તેનું જ એ અંગ બનાવેલું હોયની અથવા તો આત્મચૈતન્યના તેજનું લિંગ કરેલું હોયની,[૫૪] કિંવા તે કુંકુમથી ભરેલું અને આત્મરસથી ઓતેલું હોયની,[૫૫] અથવા તો તે મૂર્તિમંત શાંતિ જ હોવી જોઇએ, એવો જ મને ભાસ થાય છે.[૫૬] તે સુવર્ણ ચંપાનો રાશિ અથવા અમૃતની પ્રતિમા કે કોમલતાનું વાસંતિક ઉદ્યાન જ છે.[૫૭] જેવી રીતે શરદ્ ઋતુની પૌર્ણિમાની આર્દ્રતાથી ચંદ્રબિંબ શોભે છે અથવા તો જાણે મૂર્તિમંત તેજ જ આસને આવીને વિરાજેલું હોય,[૫૮] તેવી જ રીતે

---

* सुषुम्ना शून्यपदवी ब्रह्मरंध्रं महापथः । स्मशानं शांभवी मध्यमार्गश्चेत्येकवाचकाः" ॥ ४ ॥

અર્થાત્–"શૂન્યપદવી, બ્રહ્મરંધ્ર મહાપથ, સ્મશાન, શાંભવી અને મધ્યમાર્ગ એ સર્વ શબ્દો સુષુમ્ના નાડીના પર્યાયવાચક છે; અર્થાત્ એટલા સર્વ શબ્દોનો અર્થ એક જ છે." હઠયોગપ્રદીપિકા. તૃતીયોપદેશ.

† દેહમાં સ્હાડા ત્રણ લાખ નાડીઓ છે. તેમાં ચૌદ મુખ્ય છે અને તે ચૌદમાંથી પણ ઇડા, પિંગળા અને સુષુમ્ના એ ત્રણ મુખ્ય છે. એ ત્રણમાં પણ વળી સુષુમ્ના મુખ્ય હોઇને તે પરમપદને આપનારી છે. બીજી સર્વ નાડીઓ એના આધારથી જ શરીરમાં રહે છે. એનાં છ સ્થાનો અને એની છ શક્તિઓ છે. એ ઇડા અને પિંગળાના મધ્યમાં રહેલી છે. ડાબા નાસિકારંધ્રમાંની નાડીનું નામ ઇડા અને જમણા નાસિકારંધ્રમાંની નાડીનું નામ પિંગળા છે.

'કુંડલિની' એ ચંદ્રામૃતના તળાવમાંના અમૃતનું પાન કરવા પછી શરીરની અદ્વિતીય કાંતિ દેખાવા માંડે છે. એમ થવા પછી સાક્ષાત્ યમરાજ પણ એ શરીરને જોઈને ભયભીત થઈ જાય છે![૫૯] વૃદ્ધાવસ્થા પલાયન કરી જાય છે, તારુણ્યના ઉન્માદનો લોપ થાય છે અને ગયેલી બાલ્યાવસ્થા પુનઃ પ્રાપ્ત થાય છે.[૬૦] વયમાં જો કે તે અલ્પ જ દેખાય છે, પરંતુ અલૌકિક પરાક્રમ કરે છે અને તેનું ધૈર્ય પણ અનુપમ હોય છે.[૬૧] સુવર્ણ વૃક્ષના પલ્લવમાંથી સતત નવીન રત્નકલિકા નિકળે, તેવી રીતે તેને નવા નખો આવે છે અને તે સતેજ દેખાય છે.[૬૨] દાંત પણ નવા આવે છે, પણ તે ઘણા જ બારીક બની જાય છે અને જાણે બન્ને બાજૂએ હીરાની હારો જ ગોઠવી હોય, એવી તેમની રચના દેખાય છે.*[૬૩] સર્વ અંગપરનાં રોમના અંકુર માણેકની કણીઓ પ્રમાણે ન્હાના પણ તેજસ્વી ઉદ્ભવે છે–ઉત્પન્ન થાય છે;[૬૪] હાથ અને પગનાં

---

* એથી જેવી રીતે સર્પ પોતાની કાંચળી (ત્વચા)ને ઉતારી નાંખે છે, તે જ પ્રમાણે યોગાભ્યાસના પ્રતાપે મનુષ્ય પણ પોતાના શરીરપરની ત્વચાને ત્યાગીને પાછો તરુણ થઈ શકે છે, એ વાર્ત્તા સિદ્ધ થાય છે. વાગ્ભટે એ જ પ્રયોગ રસાયનના સેવનથી સિદ્ધ થવાનું પોતાના ગ્રંથમાં પ્રતિપાદન કરેલું છે.

"दीर्घमायुः स्मृतिं मेधामारोग्यं तरुणं वयः । प्रभावर्णस्वरौदार्यं देहेन्द्रियबलोदयम् ॥ १ ॥
वाक्सिद्धिं वृषतां कांतिमवाप्नोति रसायनात् । लाभोपायो हि शस्तानां रसादीनां रसायनात्" ॥ २ ॥

વાગ્ભટ–રસાયનાધ્યાય–૩૯

"વિશાળ આયુષ્ય, સ્મરણશક્તિ, ધારણાશક્તિ, આરોગ્ય, તારુણ્ય, ઉત્તમ તેજ, સારો વર્ણ, મધુર સ્વર, દેહ અને ઇંદ્રિયો (નેત્રાદિક)ની શક્તિ, વાણીની સિદ્ધિ, વૃષતા (વીર્યવૃદ્ધિ) અને સૌન્દર્ય એ સર્વ રસાયનથી પ્રાપ્ત થાય છે; કારણ કે, રસાયન, શરીરમાંના રસ આદિ ધાતુઓને ઉત્તમતાથી પ્રાપ્ત કરવાનો રામબાણ ઉપાય છે."

"पूर्वे वयसि मध्ये वा तत्प्रयोज्यं जितात्मनः । स्निग्धस्य स्रुतरक्तस्य विशुद्धस्य च सर्वथा" ॥ ३ ॥

"આત્મસંયમ કરનારા મનુષ્યે પૂર્વ વયમાં (૨૫ વર્ષના વયની અંદર) કિંવા મધ્ય વયમાં (૫૦ ની અંદર) સ્નિગ્ધ થઈને, રક્ત કાઢીને અને મનવડે શુદ્ધ થઈને ત્યાર પછી રસાયનનું સેવન કરવું."

"अविशुद्धे शरीरे हि युक्तो रासायनो विधिः । वाजीकरो वा मलिने वस्त्रे रंग इवाफलः" ॥ ४ ॥

"શરીર શુદ્ધ થયા વિના જો રસાયન અથવા વાજીકરણનો પ્રયોગ કરવામાં આવે, તો તે મલિન વસ્ત્રપર ચઢાવેલા રંગ પ્રમાણે સર્વથા અફળ–વ્યર્થ–જ થાય છે."

"रसायनानां द्विविधं प्रयोगमृषयो विदुः । कुटिप्रावेशिकं मुख्यं वातातपिकमन्यथा" ॥ ५ ॥

"રસાયન સેવનના બે પ્રકારના પ્રયોગો ઋષિઓએ કહેલા છે. એક તો પર્ણકુટીમાં બેસી રહીને ઔષધ લેવું અને અન્ય, એમ ન કરતાં ઔષધનું સેવન કરવું. એમાંનો પ્રથમ કુટિપ્રાવેશિક નામનો પ્રયોગ ઉત્તમ છે અને બીજો વાતાતપિક નામનો પ્રયોગ ગૌણ અથવા કનિષ્ઠ છે."

"निर्वाते निर्भये हर्म्ये प्राप्योपकरणे पुरे । दिश्युदीच्यां शुभे देशे त्रिगर्भां सूक्ष्मलोचनाम् ॥ ६ ॥
धूमातपरजोव्यालस्त्रीमूर्खाद्यविलंघितम् । सज्जवैद्योपकरणां सुमृष्टां कारयेत्कुटिम्" ॥ ७ ॥

"જે નગરમાં સર્વ સાહિત્યો–સાધનો–મળવાનો સંભવ હોય, તે નગરમાંના કોઈ નિર્ભય અને નિર્વાયુ સ્થાનમાં અથવા મહાલયમાં ઉત્તર દિશાએ પવિત્ર ભૂમિમાં એક પર્ણકુટિ બાંધવી. એ પર્ણકુટીને ત્રણ ગર્ભ હોવા જોઇએ–એટલે કે, દેવાલયના ગર્ભ ભાગ પ્રમાણે અંદર એક ઓરડી, તેની બહાર બીજી ભીંત અને તેની આગળ ત્રીજી ભીંત, એ પ્રમાણે પર્ણકુટીની રચના કરવી. એમાં ન્હાની બારીઓ રાખવી અને ધૂમાડો, તડકો, ધૂળ, પશુઓ, સ્ત્રીઓ અને મૂર્ખજનોનો ત્યાં સંસર્ગ થવા ન દેવો. ત્યાં વૈદ્યની સર્વ સામગ્રી તૈયાર હોવી જોઇએ અને એ પર્ણકુટી સારી ઢંકાયલી હોવી જોઇએ."

"अथ पुण्येऽह्नि संपूज्य पूज्यांस्तां प्रविशेच्छुचिः । तत्र संशोधनैः शुद्धः सुखी जातबलः पुनः ॥ ८ ॥
ब्रह्मचारी धृतियुतः श्रद्दधानो जितेन्द्रियः । दानशीलदयासत्यव्रतधर्मपरायणः ॥ ९ ॥
देवतानुस्मृतियुतो युक्तस्वप्नप्रजागरः । प्रियौषधः पेशलवाक् प्रारभते रसायनम् ॥ १० ॥

"રસાયન સેવનનો નિશ્ચય થવા પછી શુભ મુહૂર્તમાં પવિત્ર થઈ, દેવ, બ્રાહ્મણ અને ગુરુની પૂજા કરીને તે પર્ણકુટીમાં પ્રવેશ કરવો અને રેચક (જુલાબ) ઇત્યાદિ લીધા પછી પુનઃ શરીરમાં શક્તિ આવે, એટલે ઔષધ સેવાને

તળિયાં કમળ પ્રમાણે લાલ બને છે અને નેત્રો સ્વચ્છ થાય છે.[૬૫] મોતીઓ પરિપક્વ દશામાં આવીને ફૂલતાં હોવાથી જેવી રીતે છીપમાં માતાં નથી અને તેથી છીપનો સાંધો ઉઘડી જાય છે,[૬૬] તે પ્રમાણે મનુષ્યની દૃષ્ટિ પાંપણોની સીમામાં ન માઇને દૂર સૂધી પહોંચીને બહાર આવવા માંગે છે. એ દૃષ્ટિ જો કે પ્રાથમિક હોય છે, છતાં સમસ્ત ગગનને વ્યાપી નાંખે છે.[૬૭] હે અર્જુન, સાંભળ. દેહની કાંતિ સુવર્ણ સમાન થાય છે; પરંતુ તે સમસ્ત વાયુમય હોય છે–અપ્–જળ અને પૃથ્વીનો તેનામાં અંશ પણ હોતો નથી.[૬૮] એ પછી તેને સમુદ્રપારની વસ્તુઓ પણ દેખાય છે, સ્વર્ગમાંના વિચારો તેના જાણવામાં આવે છે; અને તે કીડીના મનોભાવને પણ જાણી શકે છે.[૬૯] તે વાયુના અશ્વપર આરૂઢ થાય છે ને તે પાણી પર ચાલે છે, છતાં તેના પગ પાણીને અડકતા નથી. એ પ્રમાણે પ્રસંગાનુસાર તેને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.[૨૭૦] પ્રાણવાયુનો હાથ ઝાલી અને હૃદયાકાશયાં પગથિયાં કરી સુષુમ્નાની નિઃસરણીથી હૃદયમાં આવી લાગેલી,[૭૧] અને જીવાત્માને શોભાવનારી જે કુંડલિની જગદંબા, તે જગદ્બીજનો ગર્ભ જે જીવ તે જીવપર છાયા કરે છે.[૭૨] તે નિરાકાર બ્રહ્મની સાકાર મૂર્ત્તિ છે, જે પરમાત્મા શિવનું સંપુટ છે અને ૐકારની તો જે કેવળ જન્મભૂમિ જ છે.[૭૩] વધારે શું કહેવું? એ સુકુમાર કુંડલિનીએ હૃદયમાં પ્રવેશ કર્યો કે તરત અખંડ ૐકાર ધ્વનિ થવા માંડે છે.[૭૪] બુદ્ધિ એ કુંડલિનીની નિકટમાં જ હોવાથી ૐકારનો કિંચિત્ ધ્વનિ બુદ્ધિનાં શ્રવણોમાં પહોંચે છે;[૭૫] ઘોષના કુંડમાં ધ્વનિ અને નાદરૂપ ૐકારનાં રેખેલાં રૂપો નિકળી આવે છે.[૭૬] આ બધી વાતો કેવળ કલ્પના વડે જ જાણી શકાય છે; પરંતુ કલ્પના કરનારને ક્યાંથી લાવવો? (કારણ કે, તેનું તો જીવાત્મા જોડે ઐક્ય થયેલું હોય છે) એથી, તે હૃદયાકાશમાં શી અને કેવા પ્રકારની

આરંભ કરવો. એ રસાયન ખાનાર નીરોગી હોવો જોઇએ, તેણે બ્રહ્મચર્યથી રહેવું, નિત્ય સંતુષ્ટ રહેવું અને ઔષધમાં શ્રદ્ધા રાખવી, પોતાની ઇંદ્રિયોને સ્વાધીન રાખવી અને દાન, સુસ્વભાવ, દયા, સત્ય તથા વ્રત આદિમાં તત્પર રહેવું. દેવતાનું નામ સ્મરણ કરવું, યોગ્ય સમયે નિદ્રાધીન થવું અને યોગ્ય વેળાએ જાગ્રત થવું, ઔષધની પ્રિયતા રાખવી અને મધુર–મિષ્ટ–ભાષણ કરવું.”

“नीरजार्द्रपलाशस्य छिन्ने शिरसि तत्क्षतम् । अंतर्द्विहस्तं गंभीरं पूर्यतामलकैर्नवैः ॥ २८ ॥
आमूलं वेष्टितैर्दर्भैः पद्मिनीपंकलेपितम् । आदीप्य गोमयैर्वन्यैर्निर्वातेस्वेदयेत्ततः ॥ २९ ॥
स्विन्नानि तान्यामलकानि तृप्त्या । खादेन्नरः क्षौद्रघृतान्वितानि ॥
क्षीरं शृतं चानुपिबेत्प्रकामम् । तेनैव वर्त्तेत च मासमेकम् ॥ ३० ॥
वर्ज्यानि वर्ज्यानि च तत्र यत्नात् । स्पृश्यं च शीतांबु न पाणिनापि ॥
एकादशाहेऽस्य ततो व्यतीते । पतन्ति केशा दशना नखाश्च ॥ ३१ ॥
अथाल्पकैरेव दिनैः सुरूपः । स्त्रीष्वक्षयः कुंजर तुल्यवीर्यः ॥
विशिष्टमेधाबलबुद्धिसत्वो । भवत्यसौ वर्षसहस्रजीवी ॥ ३२ ॥

“કીડાવડે ન ખવાયલા લીલા પલાશના ઊપરના ભાગને તોડીને તેને બે હાથ જેટલો ઊંડો કરી તે ઊંડાણને નવાં આંબળાંવડે ભરવું. તે વૃક્ષને થડથી તે ઊપરના ભાગ પર્યન્ત દર્ભ વીંટાળવા અને તેનો ઊપરનો ભાગ કમળની નીચેના ગારાવતી લીંપી નાંખવો. એ પછી એની આસપાસ જંગલી છાણાં ખડકીને તેને વાયુનો સ્પર્શ ન થાય એવી રીતે સળગાવી દેવાં. તે આંબળાં પાકી (સીજી) જાય એટલે તેમને બહાર કાઢી તેમની સાથે મધ અને ઘી મેળવીને ખાવાં અને ઊપરથી દૂધ પીવું. એવી રીતે બીજું કાંઈ પણ ન ખાતાં કેવળ એના આહારથી જ એક માસ પર્યન્ત ચલાવી લેવું. જે વર્જ્ય પ્રકારો કહેલા છે, તે કદાપિ કરવા નહિ. ઠંડા પાણીને તો હસ્તનો સ્પર્શ સુદ્ધાં પણ કરવો નહિ. એવી રીતે એ ઔષધના સેવનને અગિયાર દિવસ થયા કે, દાંત, વાળ અને નખો ગળી પડે છે અને ત્યાર પછી થોડા જ દિવસમાં તે પુરુષ સુસ્વરૂપ અને હાથી પ્રમાણે સામર્થ્યવાન્ થઇને ગમે તેટલી સ્ત્રીઓને ભોગવવા છતાં પણ થાકતો નથી. તેની ધારણાશક્તિ, બળ, બુદ્ધિ અને ધીરતા આદિ વધે છે અને તે એક હજાર વર્ષપર્યન્ત જીવે છે.”

ગર્જના થાય છે, એ કાંઈ જાણી શકાતું નથી.[૭૭] હે અર્જુન, હું તને એક ખાસ વાત કહેવી તો ભૂલી જ ગયો. તે વાત એ છે કે, જ્યાં સુધી પ્રાણ અને અપાન આદિ વાયુનો નાશ થતો નથી, ત્યાં સુધી હૃદયાકાશને વાચા હોય છે અને તેથી જ શબ્દનો ઉદ્ભવ થાય છે.[૭૮] તે અખંડ ૐકારના મેઘસમાન ધ્વનિવડે હૃદયાકાશ નિનાદિત થઈ રહે છે. તે વેળાએ બ્રહ્મરંધ્રની બારી સહજ ઊઘડી જાય છે.[૭૯] કમળમાંના પોલાણ પ્રમાણે હૃદયાકાશમાં જે પોલી જગ્યા હોય છે, ત્યાં ચૈતન્યનો અર્ધાંતરે નિવાસ હોય છે. (તે પૂર્ણ નથી હોતું.)[૮૦] તે આત્માના ગૃહમાં પરમેશ્વરીય અતિથિરૂપ કુંડલિનીના આવ્યા પછી તેજરૂપની મેજબાની આપવામાં આવે છે.[૮૧] તે વેળાએ બુદ્ધિરૂપ શાકસહિત થાળ પીરસીને–કે જેનામાં દ્વૈતનો ભાસ માત્ર પણ હોતો નથી, તે ચૈતન્ય સમક્ષ મૂકવામાં આવે છે.[૮૨] કુંડલિની પોતાની તેજોરૂપ કાંતિને ત્યાગીને વાયુરૂપિણી બની જાય છે[૮૩] અને એ સમયે તે પીતાંબરધારિણી વાયુમૂર્તિ પોતાના પીત વસ્ત્રને ઉતારીને મૂળ સ્વરૂપમાં જ પ્રત્યક્ષ થઈ હોયની, એ પ્રમાણે જ દેખાય છે.[૮૪] અથવા તો દીપકની જ્યોતિ, વાયુના આઘાતથી જે પ્રમાણે બુઝાઈ જાય છે અથવા જેમ વિજળી ચમકાટ કરીને પાછી ગગનમાં લુપ્ત થઈ જાય છે,[૮૫] તે પ્રમાણે હૃદયકમળ પર્યન્ત જઈને તે સોનાની જાડી લગડી જેવી સતેજ અથવા તેજોરૂપ પાણીના ઝરા સમાન વહી આવેલી દેખાય છે.[૮૬] ત્યાર પછી તે હૃદયરૂપ પોચી ભૂમિમાં એકાએક સમાઈ જાય છે અને તે વેળાએ કુંડલિની શક્તિનું સ્વરૂપ શક્તિમાંજ લીન થાય છે.[૮૭] એવી સ્થિતિ થયા પછી એને શક્તિના નામથી જ ઓળખવામાં આવે છે–જો કે એ ખરેખર પ્રાણ જ છે, પરંતુ એ વેળાએ ધ્વનિ, કળા તથા જ્યોતિનો લોપ થાય છે.[૮૮] ત્યારપછી મનને જિતવું, વાયુનું અધર રહેવું અથવા ધ્યાન ધારવું ઇત્યાદિનો પણ લોપ થાય છે.[૮૯] તેમજ કલ્પનાના સ્વીકાર અને ત્યાગનો વ્યાપાર પણ બંધ થઈ જાય છે; અને તેથી કુંડલિની પંચમહાભૂતોને ઓતવાની મૂસ છે, એમ જ કહેવાય છે.[૯૦] શરીર વડે જ શરીરનો લોપ કરવો, એ યોગશાસ્ત્રના જનક શ્રી શંકરે કરેલા સિદ્ધાંતનો અભિપ્રાય છે અને શ્રીમહાવિષ્ણુએ એના ઉદ્દેશને પ્રદર્શિત કરેલો છે.[૯૧] (શ્રી જ્ઞાનેશ્વર કહે છેઃ–) તે મહાવિષ્ણુના ગૂઢાર્થરૂપી ગાંસડીને ખોલીને અને વસ્ત્રોની યથાર્થરૂપી (સત્યરૂપી) ઘડી ઊઘાડીને આ શ્રોતાઓ જ મારા તે માલના ગ્રાહક છે, એમ જાણી એ માલ હું તેમની આગળ રજુ કરું છું.[૯૨]

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।
शान्ति निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

[એ પ્રમાણે સર્વકાળ પોતાના અંતઃકરણને સમાધિમાં સંલગ્ન કરીને મનોનિગ્રહ કરનાર યોગીને, મોક્ષ જ જેનું પરમ ફળ છે, એવી મારા સ્વરૂપમાં વસનારી શાંતિ પ્રાપ્ત થાય છે. ૧૫]

હવે જે વેળાએ (ઉપર કહેવામાં આવેલી કુંડલિની) શક્તિના તેજનો લોપ થાય છે, તે વેળાએ દેહનું રૂપ પણ લુપ્ત થઈ જાય છે અને તે યોગી એટલું બધું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે કે, તેનાથી જગતની આંખમાં પણ છૂપાઈને ગુપ્ત રહી શકાય છે.[૯૩] જો કે તે શરીર પૂર્વ પ્રમાણે જ સાવયવ હોય છે, પરંતુ તે કેવળ વાયુનું જ અથવા તો વાયુમય જ હોય છે.[૯૪] અથવા તો કેળની બહારની છાલને કાઢી નાંખીને કેવળ ગર્ભને જ ઊભો રાખવામાં આવે તો જેમ કાંઈ પણ અવશિષ્ટ રહેતું નથી; અથવા તો જેમ આકાશને જ અવયવો આવે તેમ તના અવયવો હોવા છતાં પણ ન હોવા સમાન જ હોય છે;[૯૫] તેમ શરીરની એવી સૂક્ષ્મ અવસ્થા થાય, એટલે પછી તેને 'આકાશગામી'ના નામથી ઓળખવામાં આવે છે; અને એમ થવાથી તેનો દેહ લોકોને આશ્ચર્યકારક લાગે છે.[૯૬] યોગને સાધ્ય કરનાર સાધકના ચાલ્યા

જવા પછી તેની પાછળ તેનાં પગલાં પડે છે અને તે પ્રત્યેક પગલામાં અણિમા આદિ સિદ્ધિઓ હસ્તદ્વય જોડીને ઊભેલી હોય છે;[97] પરંતુ હે ધનંજય, સાંભળ; તે અણિમા આદિ સિદ્ધિઓનું આપણે શું કામ છે? (પંચમહાભૂતોમાંના) પૃથ્વી, અપ્ અને તેજ આ ત્રણે ભૂતોનો દેહમાંને દેહમાં જ લય થાય છે, એ ધ્યાનમાં રાખ.[98] પૃથ્વીને ઉદક જીરવે છે, ઉદકને અગ્નિ જીરવે છે અને વાયુ હૃદયમાં અગ્નિનો નાશ કરે છે;[99] અને અંતમાં કેવળ એકલો વાયુ જ અવશિષ્ટ રહે છે અને તે શરીરની આકૃતિથી જ રહેલો હોય છે. પરંતુ તે પણ કેટલાક વખત પછી ત્યાંથી નિકળી બ્રહ્મરંધ્ર આકાશમાં જઈ મળી જાય છે.[300] તે વેળાએ કુંડલિની એ નામનો ક્ષય થાય છે અને કેવળ મારુત (વાયુમય) નામની તેને પ્રાપ્તિ થાય છે. પરંતુ તે મારુત બ્રહ્મમાં મળી જાય ત્યાં સૂધી તેની શક્તિ તો કાયમ હોય છે જ.[1] ત્યાર પછી જાલંધર બંધને છોડી અને કાકીમુખ (કંઠસ્થાન)ને ફોડીને તે બ્રહ્મરંધ્ર આકાશના પર્વતપર પ્રવેશ કરે છે.[2] તે ૐકારની પીઠપર પગ મૂકીને પશ્યંતી વાચાના સોપાનને પાછળ મૂકી દે છે;[3] અને ત્યાર પછી તે, ૐકારમાંની અર્ધ વર્તુલાકાર માત્રાને ઉલ્લંઘીને, જેવી રીતે નદી સાગરને જઈ મળે છે, તેવી રીતે બ્રહ્માકાશમાં જઈ સમાય છે.[4] ત્યાર પછી મસ્તકના પોલાણ—બ્રહ્મરંધ્ર—માં સ્થિર થઈને 'હું બ્રહ્મ છું' એવી ભાવનાથી બાહુ પ્રસારી તે પરબ્રહ્મને આલિંગીને એકરૂપ થઈ જાય છે.[5] એ વેળાએ પંચમહાભૂતોના પટનો નાશ થતાં શિવશક્તિ (શિવ અને શક્તિ)નું ઐક્ય થાય છે—ત્યાં તે આકાશસહિત બ્રહ્માનંદમાં મળી જાય છે.[6] જેવી રીતે સમુદ્રનું જળ મેઘદ્વારા આકર્ષાઇને પાછી તેની પૃથ્વીપર વૃષ્ટિ થતાં નદી માર્ગથી પુનઃ સમુદ્રને જ આવી મળે છે,[7] તે જ પ્રમાણે હે અર્જુન, દેહના નિમિત્તથી જીવાત્મા બ્રહ્મપદમાં પ્રવેશ કરે છે અને એ એકતા પણ સમુદ્રના જળ સમાન જ છે, એમ જાણજે.[8] ત્યાર પછી હું ભિન્ન છું અને આત્મા ભિન્ન છે અથવા તો બન્ને એક જ છે, ઇત્યાદિ વિવાદ અવશિષ્ટ રહેતો જ નથી.[9] (નાના) આકાશનો (મહા) આકાશમાં જ લય થઈ જાય છે, એ રીતના તત્ત્વનો જે યોગી અનુભવ કરે છે તેને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.[10] એટલા માટે જે શબ્દો વડે કોઈ પણ વાર્ત્તા સ્પષ્ટ કરીને વર્ણવી શકાય છે, તે શબ્દો વડે ત્યાંની વાર્તા વર્ણવી શકાતી નથી.[11] હે અર્જુન, ખરી રીતે જોતાં અભિપ્રાયને વ્યક્ત કરવાનો ગર્વ ધરાવનારી જે વાણી, તે વાણીને પણ એનો પત્તો મળી શકતો નથી.[12] ભ્રૂના આંતરિક ભાગમાં મકારનો પણ પ્રવેશ થતો નથી, તે જ પ્રમાણે એકલા પ્રાણવાયુને પણ બ્રહ્માકાશમાં પહોંચવાની મોટી અડચણ થઈ પડે છે.[13] ત્યાર કેડે તે વાયુ તે સ્થળે પહોંચી ગયા પછી તદાકાર થાય છે અને તે ક્ષણે શબ્દની વાચાશક્તિ ખૂટી જાય છે, તેમ જ આકાશતત્ત્વની પણ શુષ્કતા થાય છે.[14] જ્યાં અવ્યક્ત અવસ્થાના ઊંડાણમાં મહદાકાશનો પણ પત્તો મળી શકતો નથી, ત્યાં એ બિચારા શબ્દની શી બિસાત વારુ?[15] એટલા માટે એ બ્રહ્મ અક્ષરમાં મળી શકે એવો (વર્ણનીય) નથી અથવા સાંભળી શકાય તેવો (શ્રવણીય) પણ નથી, એ ત્રણવાર સત્ય કરીને જાણજે.[16] જે વેળાએ કોઇ દૈવગતિથી એનો અનુભવ મળે છે, તે વેળાએ તે અનુભવ મેળવનારો તદ્રૂપ બની જાય છે;[17] અને ત્યાર પછી ત્યાંની સ્થિતિને જાણવાનું ગાડું પોતાની મેળે જ અટકી જતું હોવાથી, હે ધનુર્ધર, તે વિશે આપણે ગમે તેટલું બોલીએ તો તે વ્યર્થ જ છે.[18] એવી રીતે ત્યાં (બ્રહ્મમાં) બધું બોલવું પોતાની મેળે જ અટકી જાય છે, સંકલ્પનો પણ અસ્ત થાય છે અને તેથી ત્યાં (બ્રહ્મમાં) વિચારનો સંચાર પણ થતો નથી.[19] તે બ્રહ્મસ્વરૂપ કેવું હોય છે? તે સહજ સ્થિતિનું સૌન્દર્ય છે, સમાધિ અવસ્થાનું તારુણ્ય છે અને જે આદિરહિત—અનાદિ—છે તથા જેની માપણી કરી શકાતી નથી, તે વિશ્વનો આધાર,[20] યોગરૂપ વૃક્ષનું ફળ અને આનંદનું એક માત્ર જીવન છે.[21] ત્યાં આકાશની સીમા આવી જાય

છે, એટલે કે તે મોક્ષની કેવળ સ્થિતિ હોઈને ત્યાં આદિ અને અંતનો લય થયેલો હોય છે.[૨૨] તે બ્રહ્મ પંચમહાભૂતોનું મૂળ કારણ અને મહાતેજનું તેજ છે. સારાંશ કે, હે પાર્થ, તે બ્રહ્મ મારું મૂળ સ્વરૂપ છે.[૨૩] સાધુવૃંદનો નાસ્તિકોએ જ્યારે છળ કર્યો, ત્યારે તેમના એ છળને જોઈને એ સ્વરૂપમાંથી જ મેં આ મારી ચતુર્ભુજ મૂર્તિ પ્રકટ (સાકાર) કરેલી છે.[૨૪] હે અર્જુન ! એવું એ મહાસુખ અવર્ણનીય જ છે. પરંતુ એની પ્રાપ્તિ થતાં સૂધી જે પુરુષોના પ્રયત્નો અવ્યાહત ચાલ્યા કરે છે, તે પુરુષો સ્વયમેવ સુખસ્વરૂપ બની જાય છે.[૨૫] મેં જે આ અષ્ટાંગયોગનાં સાધનો કહ્યાં, તે સાધનોને જેઓ પોતે શરીરવડે પ્રાપ્ત કરે છે તેઓ યોગનિપુણ થવાથી મારી યોગ્યતાને જ પ્રાપ્ત થાય છે.[૨૬] તે યોગીઓનાં શરીરો પરબ્રહ્મના રસવડે દેહાકૃતિની મૂસમાં ઓતાયલાં જેવાં સતેજ દેખાય છે.[૨૭] "જો અંતરમાં આ અનુભવની પ્રાપ્તિ થઈ, તો પછી આ સર્વ વિશ્વનો તેની આગળ અસ્ત–લય થઈ જાય છે." એ સાંભળીને અર્જુન કહેવા લાગ્યો કેઃ- "હે દેવ, આપે જે કહ્યું તે સત્ય છે.[૨૮] હે પ્રભો, આપે હમણાં જે ઉપાય બતાવ્યો, તે બ્રહ્મ-પ્રાપ્તિનું સ્થાન છે અને આ ઉપાયવડે જ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.[૨૯] આપે જે આ માર્ગ દેખાડ્યો, તેનો દૃઢ અભ્યાસ કરનારાઓ ખરેખર બ્રહ્મપદને પામે છે, એ આપના કથનથી મારા જાણવામાં આવ્યું છે.[૩૦] હે દેવ, આપે કહેલી વાર્ત્તાનું શ્રવણ કરતાં જ ચિત્તમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે, તો પછી તેનો પ્રત્યક્ષ અનુભવ કરનારને તદ્રૂપતા કેમ પ્રાપ્ત ન થાય વારુ ?[૩૧] એટલા માટે, આપે જે કાંઈ પણ કહ્યું છે, તેમાં સંશય કરવાનું લેશ માત્ર પણ સ્થાન નથી જ. છતાં હું જે પ્રાર્થના કરું છું, તે ધ્યાનથી સાંભળો.[૩૨] હે કૃષ્ણ ! અત્યારે આપે જે યોગનું કથન કર્યું, તે યોગ મને ઘણો જ ગમ્યો; પરંતુ મારી પોતાની યોગ્યતા ઓછી હોવાથી એ યોગ મારાથી સાધી શકાય તેમ નથી.[૩૩] મારા અંગમાં જેટલી શક્તિ છે, તે સઘળી શક્તિને ખર્ચી નાંખતાં પણ જો એ યોગ સિદ્ધ થતો હોય, તોય હું મહા સંતોષથી એનો અભ્યાસ કર-વાને તૈયાર છું.[૩૪] પરંતુ હે દેવ, જેમ આપ કહો છો, તેમ જો મારાથી ન કરી શકાય, તો મારી જેટલી યોગ્યતા છે તે યોગ્યતાના પ્રમાણમાં મારાથી જેટલું બની શકે તેટલું એ માટે કરવાના બીજા ઉપાય વિશે મારે પોતે જ આપને પૂછવું,[૩૫] એવી મારા મનમાં ઇચ્છા ઉત્પન્ન થવાથી આપને પૂછવાનું કારણ મળ્યું છે." અર્જુન આગળ વધીને કહે છેઃ-"હે દેવ, આપ મારી પ્રાર્થનામાં ધ્યાન આપો.[૩૬] મહારાજ, આપે જે આ યોગસાધન કહ્યાં, તે મેં સાંભળ્યાં પરંતુ ગમે તે એનો અભ્યાસ કરે, તોય એ યોગની પ્રાપ્તિ થઇ શકે ખરી ?[૩૭] અથવા તો યોગ્યતા વિના એ યોગ સિદ્ધ થતો જ નથી, એમ છે ?" એના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કેઃ-"હે અર્જુન, આ તું કેવું પ્રશ્ન કરે છે ? ખરી રીતે આ યોગનો અભ્યાસ તો મોક્ષને આપ-નારો છે; પણ જો એના કરતાં બીજી સાધારણ વસ્તુ હોય, તો પણ તે અધિકારની યોગ્યતા વિના સિદ્ધ થઇ શકે છે ખરી કે ?[૩૮-૩૯] જેને યોગ્યતા કહેવામાં આવે છે, તે પ્રાપ્ત થયા વિના (કોઇ પણ વસ્તુ) જાણવામાં આવી શકતી નથી; કારણ કે, અધિકારી થવા પછી આરંભેલું કાર્ય તત્કાળ ફળદ્રૂપ થાય છે.[૪૦] છતાં અહીં–આમાં એવી ખરેખર કાંઇ પણ અડચણ નથી અને બીજું એમ છે કે, યોગ્યતાની કયાંય એકાદ ખાણ ભરેલી નથી.[૪૧] જે કિંચિત્ વિરક્ત અથવા વિહિત ધર્મ આચરવામાં નિયમિત થયેલો હોય–એટલું જ નહિ, પણ જે સામાન્ય રીતે વિવેકથી વર્ત્તનારો હોય, તે પણ અધિકારી થઇ શકે છે.[૪૨] એ યુક્તિથી જોતાં એટલો અધિકાર તારામાં છે જ." એ પ્રમાણે તે સમયના અર્જુનના સંશયને શ્રીકૃષ્ણે લોપ કરી નાંખ્યો.[૪૩] પછી આગળ વધીને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;-"હે પાર્થ, એ યોગપ્રાપ્તિની આવી વ્યવસ્થા છે; પરંતુ અવ્ય-વસ્થિત મનુષ્યને એની પ્રાપ્તિનો કદાપિ સંભવ હોતો નથી.[૪૪]

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ १६ ॥

[હે અર્જુન, અતિશય આહાર કરવાથી યોગ કદાપિ સાધી શકાતો નથી અને સર્વથા નિરાહાર રહેનારથી એકાન્તવાસ (યોગ) કરી શકાતો નથી; એ જ પ્રમાણે અત્યંત નિદ્રા લેનારથી પણ યોગસાધન થતું નથી અને જાગનાર પણ એ કાર્ય કરી શકતો નથી. ૧૬]

જે જિહ્વાને આધીન થયેલો હોય કિંવા જે સર્વથા નિદ્રાને વશ થયેલો હોય, તે એ યોગનો અધિકારી કહી શકાતો નથી.[૪૫] અથવા તો દુરાગ્રહના આવેશમાં જે ક્ષુધા અને તૃષાને મારી નાંખે છે અને અન્નનો આહાર ઓછો કરી નાંખે છે,[૪૬] તેમ જ નિદ્રાનું નામ પણ ન લેતાં જાગ્રત રહેવામાં જ અભિમાન માને છે, તેનું શરીર પણ તેને આધીન રહેતું નથી. એટલે પછી તેને યોગની સિદ્ધિ ક્યાંથી અને કેમ કરીને મળી શકે?[૪૭] એટલા માટે વિષયોનું અતિ સેવન કરવાની અથવા તો તેમને સર્વથા ત્યાગી દેવાની ઇચ્છા કદાપિ કરવી જ નહિ, અર્થાત્ સર્વ કાર્ય નિયમિત જ હોવાં જોઇએ.[૪૮]

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ १७ ॥

[જેના આહાર અને વિહાર યુક્ત હોય છે, કર્માચરણના વ્યાપારો યોગ્ય રીતે ચાલતા હોય છે અને જેની નિદ્રા તથા જાગ્રતિ પ્રમાણશીલ હોય છે તે પુરુષનો યોગ તેનાં દુઃખોનો નાશ કરી નાંખે છે. ૧૭]

અન્નનો આહાર તો કરવો જ, પણ તે યુક્તિથી અને પરિમિતતાથી કરવો જોઇએ; તેમજ જે જે કાર્યો કરવાનાં હોય તે સર્વને ધીમે ધીમે યુક્તિથી પ્રમાણમાં લાવી મૂકવાં જોઇએ.[૪૯] ભાષણ પણ પરિમિત હોવું જોઇએ, વ્યાયામ પણ પ્રમાણપુરઃસર અને નિદ્રાનો ઉપભોગ પણ નિયમિત સમયે જ લેવો જોઇએ.[૫૦] જો જાગરણ કરવાનો પ્રસંગ આવતો હોય તો તે નિયમિત સમય પર્યન્ત જ કરવું. એ પ્રમાણે નિયમિત આચરણ કરવાથી શરીરમાંના રક્ત આદિ સપ્ત ધાતુઓ સમતોલ રહે છે.[૫૧] એવી રીતે યોગ્ય પ્રમાણથી ઇંદ્રિયોની તૃપ્તિ કરવામાં આવે, તો આપણું પોતાનું મન જ પોતે સંતોષની વૃદ્ધિ કરે છે.[૫૨]

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ १८ ॥

[જ્યારે યોગીનું નિયત-એકાગ્ર થયેલું-ચિત્ત આત્મામાં જ સ્થિર રહે છે અને એમ કરવાથી સર્વ વાસનાવિશે નિઃસ્પૃહ (નિરિચ્છ) બની જાય છે, ત્યારે તે (યોગી) ને 'યુક્ત' કહેવામાં આવે છે. ૧૮]

એવી રીતે જો બાહ્ય ઇંદ્રિયોની સ્થિતિને નિયમિત રાખવામાં આવે, તો તેથી અંતરમાં સુખ ઉત્પન્ન થતાં તે મનુષ્યને અભ્યાસ કર્યા વિના જ યોગ સહજમાં પ્રાપ્ત થાય છે.[૫૩] જેવી રીતે ભાગ્યનો ઉદય થતાં ઉદ્યોગના નિમિત્તથી પોતાની મેળે જ ઘરમાં લક્ષ્મી ચાલી આવે છે,[૫૪] તેવી જ રીતે, જે પુરુષ નિયમશીલ હોય છે, તે કૌતુકથી એટલે કે અચાનક જ યોગના માર્ગમાં વળ્યો હોય, તો પણ તેને સહજ આત્મસ્થિતિના અનુભવની પ્રાપ્તિ થઇ જાય છે.[૫૫]

એટલા માટે હે અર્જુન, જે દૈવવાન્ પુરુષને યુક્તિનું સાહ્ય હોય છે, તે મોક્ષરાજ્યના સિંહાસને આરૂઢ થાય છે.[૫૬]

यथा दीपो निवातस्थो नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युंजतो योगमात्मनः ॥ १९ ॥

[જેવી રીતે પવન વિનાના સ્થાનમાં રાખેલો દીવો કંપાયમાન થતો નથી તેવી રીતે આ ઉપમા આત્મવિષયક યોગ કરનાર સ્થિરચિત્ત થયેલા યોગીને લાગુ પડે છે. ૧૯]

નિયમિતતાથી વર્તનાર મનુષ્યના મનમાં જો યોગનો અભ્યાસ કરવાની ઇચ્છા થાય, તો તેનો તે યોગ ગંગા અને યમુનાનો જ્યાં સંગમ થયેલો છે તે પ્રયાગતીર્થ પ્રમાણે જ થયેલો સમજવો. તે આત્મસ્વરૂપી પ્રયાગમાં જે મનુષ્યનું મન મરણ પર્યંત અવિચલ રહે છે,[૫૭] તે જ મનુષ્યને તું યોગી નામથી ઓળખ અને પ્રસંગાનુરોધથી એ પણ ધ્યાનમાં રાખી લે કે, તેના ચિત્તને પવનવિનાના સ્થાનમાં રાખેલા દીપકની ઉપમા લાગુ પડી શકે છે.[૫૮] હવે તારા મનોગત ભાવને જાણીને હું તને એક વાર્તા કહું છું, તે ધ્યાન આપીને સાંભળ.[૫૯] તું તારા મનમાં યોગપ્રાપ્તિની ઇચ્છા ધરાવે છે; પરંતુ અભ્યાસ તરફ તારું ધ્યાન નથી. એ અભ્યાસ અતિશય કઠિન છે, એવી તારા મનમાં ભીતિ રહ્યા કરે છે કે કેમ, તે મને કહે.[૩૬૦] હે પાર્થ તું કદાચિત્ એવી ભીતિ મનમાં રાખતો હઇશ; પણ કૃપા કરીને એમ ન કરતો. કારણ કે, આ દુર્જેય ઇંદ્રિયો અભ્યાસને વિનાકારણ ભયંકર આકારમાં રજુ કરીને તેના ભયનો ભાસ કરાવે છે![૬૧] જે આયુષ્યને સ્થિર કરે છે (વધારે છે) ને પૂર્ણ થવાની અણીપર આવી પહોંચેલા જીવિતને અટકાવી રાખે છે (મૃત્યુના પ્રસંગને ટાળે છે), તેવા સુધાસમાન ઔષધને પણ (જો તે કડવું હોય તો) જિહ્વા શત્રુ નથી સમજતી કે શું?[૬૨] તે જ પ્રમાણે, પારલૌકિક હિત સાધનમાં પણ જે વસ્તુ પરમોપયોગી અને ઉત્તમ હોય છે તે સર્વ આ ઇંદ્રિયોને દુઃખદાયક જ ભાસે છે. નહિ તો વાસ્તવિક રીતે યોગસાધન સમાન બીજું એક પણ સરળ અને સુલભ સાધન છે જ નહિ.[૬૩]

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥
सुखमात्यंतिकं यत्तद्बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ २१ ॥

[યોગાભ્યાસવડે સંયમિત થયેલું ચિત્ત જ્યારે કર્મથી ઉપરામ પામે છે–નિવૃત્ત થાય છે–અને જ્યારે તે પોતપોતામાં જ પોતાના સ્વરૂપને જોઇને સંતુષ્ટ થાય છે; તેમ જ અનન્ત, બુદ્ધિગ્રાહ્ય પણ ઇંદ્રિયો જેને મેળવી શકતી નથી એવા સુખને જ્યારે તે અનુભવે છે, ત્યારે તે સ્થિર થયેલો યોગી, બ્રહ્મસ્વરૂપથી ચલિત થતો જ નથી. ૨૦–૨૧]

એટલા માટે મેં જે આસનબળયુક્ત યોગનો સત્ય અભ્યાસ તને કહ્યો છે, તે અભ્યાસવડે જ જો યોગ થાય તો ઇંદ્રિયોનો નિગ્રહ થવાનો સંભવ છે.[૬૪] જ્યારે એ યોગસાધનવડે ઇંદ્રિયોનો નિગ્રહ થાય છે, ત્યારે ચિત્ત પોતાની મેળે જ આત્માને ભેટવા માટે જાય છે.[૬૫] ચિત્તની દોડ નિત્ય આગળ અને આગળ જ હોય છે અને જ્યારે તે પાછું વાળીને આત્માપ્રતિ દૃષ્ટિપાત કરે છે તે વેળાએ તેને 'આત્મા અને હું એક જ છીએ' એવો પરિચય થાય છે.[૬૬] એવો પરિચય

થવા પછી તે સુખના રાજ્યપર આરોહણ કરે છે અને પછી બ્રહ્માનન્દવડે પોતામાં જ લય પામે છે।[67] તેમ જ જેના કરતાં અધિક બીજું કાંઈ પણ નથી અને જેને ઇંદ્રિયો કદાપિ જાણી શકતી નથી એવો જે બ્રહ્મ, તે બ્રહ્મ તે પોતે જ બની જાય છે.[68]

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिंस्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥ २२ ॥

[તેમ જ જેની પ્રાપ્તિ પછી યોગી બીજા કોઈ પણ લાભને તેથી અધિક માનતો નથી અને ગમે તેવું મહા દુઃખ પ્રાપ્ત થવા છતાં તેનું ચિત્ત સ્વરૂપાનન્દથી ચલિત થતું નથી; ૨૨]

એવી સ્થિતિ થવા પછી જો મેરુ પર્વત કરતાં પણ વિશેષ દુઃખના ભારથી દેહ દબાઈ જાય તો પણ તેથી તેના ચિત્તને દુઃખ થતું નથી;[69] કિંવા જો શસ્ત્રવડે તેના દેહને કાપવામાં આવે અથવા તેનો દેહ અગ્નિમાં પડે, તો પણ મહાસુખમાં નિમગ્ન થયેલું તેનું ચિત્ત જાગ્રત થતું નથી.[370] એવી રીતે આત્મસુખમાં નિમગ્ન થવા પછી તે દેહના સ્મરણને ભૂલી જાય છે અને આવું અનિર્વાચ્ય બ્રહ્મસુખ પ્રાપ્ત થવાથી તેને બીજી સર્વ વસ્તુઓનું વિસ્મરણ થઈ જાય છે.[71]

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा ॥ २३ ॥

[એને દુઃખના સંબંધને તોડી નાંખનારો યોગ જ જાણવો. સાધકે પ્રસન્નચિત્તવડે નિશ્ચયપૂર્વક એ યોગ કરવો. ૨૩]

જે બ્રહ્મસુખની મિષ્ટતાથી સંસારમાં ગુંથાયલું મન ઇચ્છાના સ્મરણને ત્યાગી દે છે,[72] જે યોગની શોભા છે, સંતોષનું કેવળ સામ્રાજ્ય છે અને જેના માટે જ્ઞાનની આવશ્યકતા છે,[73] એવું જે બ્રહ્મસુખ, તે અભ્યાસના યોગે મૂર્તિમાન્ દેખાવા માંડે છે અને તે દેખાવા માંડ્યું કે, તત્કાળ તેનો દ્રષ્ટા તદ્રૂપ જ બની જાય છે.[74]

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः ॥ २४ ॥

[સંકલ્પથી ઉત્પન્ન થનારી સર્વ વાસનાઓનો સર્વથા ત્યાગ કરીને તથા મનવડે જ સર્વ ઇંદ્રિયોને સર્વ દિશાએથી જિતી લઇને; ૨૪]

તથાપિ, હે અર્જુન, એક પ્રકારે આ યોગ સુલભ પણ છે. સંકલ્પના પુત્ર જે કામ અને ક્રોધ આદિક તેમનો નાશ કરવાથી જ્યારે તે સંકલ્પને પુત્રશોક થાય છે, ત્યારે જ એ યોગ સાધ્ય થાય છે.[75] સંકલ્પ જ્યારે વિષયોના લયની વાર્ત્તા સાંભળે છે અને ઇંદ્રિયોને નિયમથી વર્ત્તતી જુવે છે, એટલે તેની છાતી ફાટી જતાં તે જીવથી વંચિત થાય છે.[76] એવી રીતે વૈરાગ્ય પ્રાપ્ત થવા પછી સંકલ્પની યાત્રાની સમાપ્તિ થાય છે અને બુદ્ધિ ધૈર્યના મંદિરમાં આનંદથી નિવાસ કરે છે.[77]

शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् ॥ २५ ॥

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६ ॥

[ધૈર્યયુક્ત બુદ્ધિવડે ધીમે ધીમે આત્મસ્વરૂપમાં સ્થિર થવું. એવી રીતે મનને સ્થિર કરીને પછી કોઈ પણ વસ્તુનું ચિંતન કરવું નહિ. આ અસ્થિર અને ચંચળ મન જે જે સ્થાનમાં જાય તે તે સ્થાનમાંથી એને નિગ્રહવડે પાછું વાળીને આત્મસ્વરૂપમાં જ સંલગ્ન કરવું. ૨૫–૨૬]

બુદ્ધિને ધૈર્યનો આશ્રય મળતાં તે મનને ધીમે ધીમે બ્રહ્માનુભવ માર્ગે ચઢાવે છે અને તેની બ્રહ્મસ્વરૂપમાં સ્થાપના કરે છે.[૭૮] આ એક માર્ગથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, પરંતુ જો એટલું પણ ન બની શકે તો એના કરતાં પણ વધારે સુલભ એક બીજો માર્ગ હું બતાવું છું, તે સાંભળ.[૭૯] સાધકે પોતાનો એક એવો નિયમ કરવો કે, પોતાના થયેલા નિશ્ચયને કદાપિ ચલિત થવા દેવો નહિ.[૮૦] એવા નિશ્ચયથી જો ચિત્ત સ્થિર થાય છે, તો અનાયાસ જ કાર્ય સિદ્ધ થઈ જાય છે. પરંતુ જો એમ ન જ થઈ શકે, તો તે ચિત્તને આનંદથી સ્વૈર (યથેચ્છ) વર્ત્તન કરવા દેવું.[૮૧] એમ કરવાથી મુક્ત થયેલું ચિત્ત જ્યાં જ્યાં ગમન કરશે, ત્યાંથી ત્યાંથી નિશ્ચય તેને પાછું ખેંચી લાવશે અને તેમ થતાં તે તત્કાળ સ્થિર થઇને રહેવા માંડશે.[૮૨]

प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

[જે યોગીનું ચિત્ત સમાધાન પામેલું હોય છે, જેના રજોગુણનો લોપ થયેલો છે અને જે બ્રહ્મસ્વરૂપ તથા નિષ્પાપ થયેલો છે, તે યોગીને જ બ્રહ્મસુખ પ્રાપ્ત થાય છે. ૨૭]

ત્યાર પછી એવી રીતે અનેક વેળા સ્થિર રહેવાથી તે ચિત્ત સહજ આત્મસ્વરૂપની પાસે આવે છે,[૮૩] અને તે આત્મસ્વરૂપને જોઇને પોતે તદ્રૂપ બની જાય છે. એ પછી દ્વૈત અદ્વૈતમાં ડૂબી જાય છે અને ઐક્યના તેજવડે ત્રણે લોક પ્રકાશિત થાય છે (ત્રણે લોકમાં બ્રહ્મપદ દૃષ્ટિ-ગોચર થવા માંડે છે.)[૮૪] આકાશમાં ઉત્પન્ન થયેલાં અભ્રો–વાદળાંઓ જે વેળાએ લુપ્ત થાય છે તે વેળાએ સર્વત્ર શુદ્ધ આકાશ જ દેખાય છે;[૮૫] તેવી જ રીતે, એ ઉપાયથી ચિત્તનો લય થવો અને જીવાત્માનું બ્રહ્મસ્વરૂપ થવું, એ પ્રાપ્તિ સહજમાં જ થઈ જાય છે.[૮૬]

युंजन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥

[એ પ્રમાણે નિરંતર આત્મવિષયક યોગ કરનાર અને પાપરહિત યોગી, જેમાં બ્રહ્મનો અનુભવ રહેલો છે એવા અત્યંત સુખને, અનાયાસ મેળવે છે. ૨૮]

મનમાંના સંકલ્પ વિકલ્પને ત્યાગીને જેઓ એ સરળ યોગ સ્થિતિનો પુષ્કળ અનુભવ લઇને સુખી થયેલા છે,[૮૭] તેઓ એ સુખની સંગતિથી પરબ્રહ્મપદને આવી પહોંચ્યા છે. લવણ પાણી સાથે મળી ગયા પછી જેવી રીતે પાણીને છોડી શકતું નથી,[૮૮] તે જ પ્રમાણે જીવ અને બ્રહ્મની એકતા થવા પછી લવણ અને પાણી જેવી જ તેની અવસ્થા થાય છે અને ત્યાર પછી તે બ્રહ્માનંદના મંદિરમાં મહાસુખની દીવાળી થવા પ્રમાણે સમસ્ત જગતને જુવે છે.[૮૯] એવી રીતે યોગી પોતાના પગોને પોતાની જ પીઠપર ઉપાડીને ચાલે છે. પરંતુ એવો કઠિન યોગ જો તને પ્રાપ્ત થઈ શકતો ન હોય, તો તને એક બીજો ઉપાય હું બતાવું છું.[૯૦]

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ३० ॥

[જેની સર્વત્ર સમદૃષ્ટિ છે, એવો યોગયુક્ત પુરુષ સર્વ ભૂતોમાં હું જ છું અને સર્વ ભૂતો મારામાં છે, એમ જ જુવે છે. જે સર્વ ભૂતોમાં મને નિહાળે છે અને સર્વ ભૂતોને મારામાં દેખે છે, તેની દૃષ્ટિથી હું દૂર થતો નથી અને મારી દૃષ્ટિથી તે દૂર થતો નથી. (કારણ કે, અમે બન્ને એકરૂપ જ હોઇએ છીએ.) ૨૯–૩૦]

હું સર્વના દેહમાં છું, એ વિશે તો શંકા જ નથી અને તે જ પ્રમાણે સર્વ મારામાં રહેલા છે (એમાંએ શંકા નથી).[૯૧] એ પ્રમાણે જગત્ અને ઈશ્વર એ ઉભય એક બીજામાં મળી-ભળી-ગયેલાં છે. પરંતુ સાધકે તો કેવળ પોતાની બુદ્ધિનો નિશ્ચય જ કરવાનો છે.[૯૨] હે અર્જુન! હવે જે એકતાના ભાવથી સર્વ ભૂતોમાં હું વ્યાપક છું એમ માનીને મને ભજે છે,[૯૩] વ્યક્તિ માત્રની અનેકતાથી જેના અંતઃકરણમાં અનેકતા ઉત્પન્ન થતી નથી અને જે સર્વ સ્થળે કેવળ મને જ વ્યાપક જાણે છે,[૯૪] તે અને હું એક જ છીએ. એ વિશે વધારે બોલવું વ્યર્થ છે. હે ધનંજય, એ વિશે જો બોલવામાં પણ ન આવે, તોપણ તે અને હું એક જ છીએ.[૯૫] કેવી રીતે એમ તું પૂછશે તો સાંભળ. જેવી રીતે દીપક અને પ્રકાશના એકત્વની યોગ્યતા હોય છે, તે જ પ્રમાણે તે (જીવ) મારામાં રહેલો છે અને મારો (પરમાત્માનો) તેનામાં નિવાસ છે.[૯૬] જેવી રીતે રસત્વાનું પાણીના યોગે અને પોલાણનું ગગનના યોગે જ અસ્તિત્વ હોય છે, તેવી જ રીતે તે યોગી મારા જ રૂપથી રૂપવાન્ દેખાય છે.[૯૭]

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥ ३१ ॥

[જે યોગી એકનિષ્ઠાથી સર્વ ભૂતોમાં (પ્રાણીમાત્રમાં) રહેલા મને ભજે છે, (પછી) તે ગમે તે પ્રકારે વર્તતો હોય તોપણ મારા સ્વરૂપમાં જ રહેલો હોય છે. ૩૧]

હે અર્જુન, જેવી રીતે વસ્ત્રમાં તંતુ એક જ હોય છે, અર્થાત્ જેવી રીતે સર્વ વસ્ત્ર કેવળ તંતુમય છે તેવી રીતે જેણે ઐક્યની દૃષ્ટિથી સર્વત્ર મારી જ વ્યાપ્તિ છે, એમ જાણેલું છે,[૯૮] અથવા અનેક અલંકાર ધારણ કરવા છતાં અનેકત્વ વિનાના સુવર્ણ પ્રમાણે જેને પર્વતની માફક સર્વ ઐક્યરૂપે છે એમ સ્થિતિ કરી છે,[૯૯] અથવા તો વૃક્ષનાં જેટલાં પર્ણો હોય છે, તેટલા રોપા કાંઈ વાવેલા હોતા નથી એવા જ્ઞાનના પ્રકાશથી જેની અજ્ઞાનરાત્રિનો અંત થયેલો છે,[૪૦૦] તે જો કે પંચભૂતાત્મક શરીરમાં સપડાયલો હોય, તોપણ તેને પોતાના સ્વરૂપમાં પાછા આવવામાં કશો પણ પ્રતિબંધ થઈ શકતો નથી. કારણ કે, અનુભવના યોગે જે મારી એકતાને પામે છે,[૧] તેના અનુભવે, મારું વ્યાપકત્વ સર્વત્ર છે, એમ જાણેલું હોય છે અને એ રહસ્યને જાણનાર સર્વવ્યાપક થયેલો હોવો જ જોઇએ, એ પુનઃ પુનઃ કહી બતાવવાની કશી પણ અગત્ય નથી.[૨] (જેની અજ્ઞાનરૂપ રાત્રિનો નાશ થયેલો છે એવા) તેણે શરીર ધારણ કરી રાખેલું હોવા છતાં તે શરીર નથી. આ વાર્ત્તા અવર્ણનીય-અકથનીય-હોવાથી એનું વર્ણન કેમ કરી શકાય વારુ?[૩]

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥

[હે અર્જુન, જે યોગી પોતા પ્રમાણે સર્વત્ર સુખ અને દુઃખને સમાન જુવે છે, તે યોગી પરમ માન્ય છે. ૩૨]

અર્થાત્ આ વિષય વિશે વિશેષ કહેવાની કશી પણ આવશ્યકતા નથી. જે સમસ્ત જગતને સદોદિત પોતા સમાન જ માને છે;[૪] જે સુખ અને દુઃખના વિકારને ભિન્ન અને શુભ તથા અશુભ એવાં બે પ્રકારનાં કર્મો છે એમ પોતાના મનમાં સમજતો નથી;[૫] જે સમ અને વિષમ એવા ભાવને મનમાં ન લાવતાં ઈતર સર્વ વિચિત્ર વાર્તાઓને પોતાના શરીરમાંના અવયવો પ્રમાણે એક જ સમજે છે;[૬] એથી વિશેષ શું કહું; જેણે 'હું જ ત્રૈલોક્ય છું' એમ અનુભવથી જાણી લીધું છે,[૭] તેને શરીર હોય છે એ જો કે ખરું છે અને તે સુખ તથા દુઃખ ભોગવે છે, એમ તેને વિશે લોકો બોલે છે પણ ખરા, તથાપિ મારા અનુભવથી તે પરબ્રહ્મ જ છે![૮] એટલા માટે હે અર્જુન, જેના યોગે સર્વ વિશ્વને પોતામાં જ નિહાળી શકાય અને પોતે જ વિશ્વરૂપ થઈ શકાય છે, તે સમદૃષ્ટિની તું ઉપાસના કર.[૯] મેં તને અનેક પ્રસંગે એ જ કારણથી એમ કહેલું છે કે, આ જગતમાં સમદૃષ્ટિ કરતાં બીજી વિશેષ પ્રાપ્તિ કોઈ પણ નથી.[૪૧૦]

अर्जुन उवाच—योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥ ३३ ॥
चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ३४ ॥

[અર્જુને કહ્યું:-"હે મધુસૂદન! તમે જે આ સમત્વયોગ અર્થાત્ સર્વ બ્રહ્મમય છે, એ પ્રમાણેનો જ યોગ કહ્યો, તે, મનની ચંચલતાને લીધે સિદ્ધ થશે, એમ મને ભાસતું નથી. હે કૃષ્ણ, મન અતિ ચંચલ અને કોઈ પણ ઇચ્છાને સિદ્ધ થવા ન દેનારું, તેમ જ બલવાન્ તથા અભેદ્ય હોવાથી એનો નિગ્રહ વાયુ પ્રમાણે દુઃસાધ્ય છે એમ હું માનું છું." ૩૩-૩૪]

અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું;-"હે દેવ, તમોએ મારે માટે મનમાં દયા લાવીને મને આ સમતાનો માર્ગ બતાવ્યો, પરંતુ મનના ચંચળ સ્વભાવ આગળ અમારું કાંઈ ચાલી શકતું નથી.[૧૧] આ મન કેવું છે અને કેવડું છે, એમ જોવા માગીએ તો તે હાથ લાગી શકતું નથી; અને વળી બીજી રીતે તેના ભ્રમણ માટે ત્રણ લોક પણ પૂરા પડી શકતા નથી.[૧૨] એટલા માટે, વાંદરાને સમાધિનો લાભ મળે, કે બલવાન્ વાયુને થોભ કહેતાં જ તે થોભી જાય એ કેમ કરીને બની શકે?[૧૩] જે મન બુદ્ધિનો છળ કરે છે, નિશ્ચયને તોડી નાંખે છે અને ધૈર્યના હાથપર જોત જોતામાં તાળી આપીને છટકી જાય છે;[૧૪] જે મન વિચારને ભ્હેકાવે છે, સંતોષને અસંતોષના નાદમાં લગાવી દે છે અને મનુષ્યને તે એક સ્થાનમાં બેઠો હોય છતાં દશ દિશામાં ભ્રમણ કરાવે છે;[૧૫] જે મનને પૂરી રાખ્યું હોય તોય જે બહાર નિકળી આવે છે અને જો તેનો નિગ્રહ કરીએ તો સ્હામો તે નિગ્રહ જ જેને સાહ્ય કરે છે, એવું આ મન પોતાના સ્વભાવને છોડશે ખરું?[૧૬] એટલા માટે જો એક મન માત્ર જ સ્થિર રહે, તો તો અમને સમદૃષ્ટિ પ્રાપ્ત થાય જ; પરંતુ મનની આવી ચંચળવૃત્તિ હોવાથી તે સમદૃષ્ટિ અમને પ્રાપ્ત થવી અશક્ય છે.[૧૭]

श्रीभगवानुवाच—असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥ ३५ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે મહાબાહો! એ ચંચળ મનનો નિગ્રહ કરવો ખરે મહા કઠિન છે, એ હું નિઃસંશય માનું છું; પરંતુ અર્જુન, વૈરાગ્ય અને અભ્યાસના યોગે તે પણ સ્વાધીન થાય છે. ૩૫]

અર્જુનના એ પ્રશ્નના ઉત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું:-તું જે બોલે છે, તે અક્ષરે અક્ષર સત્ય છે. ખરેખર, મનનો સ્વભાવ એવો જ (તું કહે છે તેવો જ) ચંચળ છે.[૧૮] પરંતુ જો એને વૈરાગ્યના આધારે અભ્યાસના માર્ગમાં ચઢાવીએ, તો કેટલાક સમય પછી એ સ્થિર થાય છે.[૧૯] કારણ કે, એ મનમાં એક ઉત્તમ ગુણ પણ રહેલો છે, અને તે એ કે, એને જે વસ્તુનો ચટકો લાગે છે, તે સ્થાનમાં જ રહેવાને તે આકર્ષાય છે! એટલા માટે એ મનને કૌતુકવડે આત્મસુખ તરફ જ વાળી દેવું.[૪૨૦]

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६ ॥

[જેઓ મનના નિગ્રહનો અભ્યાસ કરતા નથી, તેમને યોગ પ્રાપ્ત થતો નથી; પરંતુ જેઓ અંતઃકરણને વશ કરીને મનનો નિગ્રહ કરવાનો યત્ન કરે છે, તેમને ઉપાયવડે યોગ પ્રાપ્ત થાય છે, એવો મારો અભિપ્રાય છે. ૩૬]

જેનામાં વૈરાગ્યનો અભાવ છે અને જે કદાપિ અભ્યાસ પણ કરતો નથી, તેનું મન કદાપિ વશ થવાનું નથી, એમ તો હું પોતે પણ ક્યાં નથી માનતો? (હું પણ તેમ જ માનું છું.)[૨૧] પરંતુ જે (પુરુષ) યમ, નિયમ, પ્રાણાયામ અને પ્રત્યાહાર ઈત્યાદિ અભ્યાસ કરતો નથી, જેને વૈરાગ્યનું કદાપિ સ્મરણ થતું નથી અને જે કેવળ વિષયરૂપ જળાશયમાં મત્સ્ય પ્રમાણે ડૂબી રહેલો હોય છે;[૨૨] અને એવી રીતે વિષયલંપટ થયેલા તેના મનને યુક્તિનો જ્યાં સૂધી સ્પર્શ થયો નથી, ત્યાં સૂધી તેનું મન નિશ્ચલ કેમ કરીને થઇ શકે?[૨૩] એટલા માટે, મનોનિગ્રહ કરવાનો જે ઉપાય છે, તેનો તું આરંભ કર. એમ કરવાપછી મન કેમ નિશ્ચલ નથી થતું, તે જોઇએ તો ખરા![૨૪] અર્થાત્ શું જેટલાં યોગસાધનો છે, તે સર્વ ખોટાં છે? ના તે ખોટાં નથી જ! પણ આપણાથી અભ્યાસ થતો નથી એ આપણી જ ન્યૂનતા છે, એમ જ તારે જાણવું જોઇએ.[૨૫] જો (પુરુષના)અંગમાં યોગ સાધનોનું બળ હોય, તો પછી મનની ચંચલતાનું તેની આગળ જરા પણ બળ ચાલી શકતું નથી. યોગસાધનથી મહત્ તત્ત્વ આદિ સ્વાધીન નથી થતાં કે શું?[૨૬] એટલે અર્જુને કહ્યું:-"હે પ્રભો! આપ જે કહો છો તે સત્ય છે; ખરેખર યોગના બળ સમક્ષ મનનું બળ ટકી શકતું નથી."[૨૭] પરંતુ એ યોગ કેવો છે અને કેવી રીતે જાણવો, એની અમને આટલા દિવસ ખબર નહોતી અને તેથી જ આ મન અનિવાર્ય છે, એમ હું કહેતો હતો.[૨૮] હે પુરુષોત્તમ! આપના કૃપાપ્રસાદવડે મારા સમસ્ત જીવન કાળમાં મને આજે જ યોગનો પરિચય થયો છે.[૨૯]

अर्जुन उवाच—अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥ ३७ ॥

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥ ३८ ॥
एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥ ३९ ॥

[અર્જુને કહ્યું–હે કૃષ્ણ, જે સાધક શ્રદ્ધાયુક્ત છે, છતાં વિશેષ યત્ન કરતો નથી અને યોગથી જેનું મન ભ્રષ્ટ થયેલું છે, એવો પુરુષ યોગની ગતિને ન પામતાં બીજી કઈ ગતિને પામે છે? હે કૃષ્ણ, શું બ્રહ્મમાર્ગમાં સ્થિર ન થતાં મુગ્ધ થયેલો યોગી, કર્મમાર્ગ અને યોગમાર્ગ એ ઉભયથી ભ્રષ્ટ થઇને ટૂટેલા વાદળ પ્રમાણે નાશને નથી પામતો? હે કૃષ્ણ, મારા આ સંશયનું નિઃશેષ છેદન કરવાને માત્ર આપ જ યોગ્ય (સમર્થ) છો. આપ વિના આ સંશયનું છેદન કરવાને બીજો કોઇ પણ સમર્થ નથી. ૩૭-૩૯]

"પરંતુ હે પ્રભો! મારા મનમાં એક બીજો સંશય સહજ ઉત્પન્ન થયો છે અને તેનો ખુલાસો કરવાને આપ વિના બીજું કોઈ પણ શક્તિમાન્ નથી.[૪૩૦] એટલા માટે હે ગોવિન્દ! મને કહો કે, કોઇએક મનુષ્ય મોક્ષપ્રાપ્તિમાટે ભક્તિયુક્ત અંતઃકરણથી, યોગાભ્યાસ વિશે યત્ન કરવા લાગ્યો હોય;[૩૧] અને ઇંદ્રિયરૂપી ગ્રામમાંથી નિકળીને મોક્ષરૂપી નગરમાં જવા માટે તેણે ભક્તિરૂપ માર્ગમાં પ્રવેશ કર્યો હોય અને એવા ભક્તિયુક્ત મનુષ્યનું આયુષ્ય વચમાં જ પૂરું થયું હોય તો તેવા જીવને કેવી રીતની ગતિ પ્રાપ્ત થાય છે?[૩૨] પણ એથી તેને મોક્ષ પણ મળતો નથી અને તે માર્ગમાંથી પાછું પણ ફરી શકાતું નથી; અર્થાત્ એવી અવસ્થામાંતેના આયુષ્યરૂપ સૂર્યનો વચ્ચે જ અસ્ત થઈ જાય છે;[૩૩] સહજ અકાળે ઘેરાઈ આવેલાં પાતળાં–આછાં વાદળાં, જેવી રીતે વધારે વાર ટકી શકતાં નથી અને જળવૃષ્ટિ પણ વર્ષાવતાં નથી,[૩૪] તેવી રીતે જેની બન્ને વસ્તુઓ ચાલી જાય છે, એટલે કે, જેને મોક્ષનો લાભ પણ મળતો નથી અને શ્રદ્ધાને લીધે છોડેલો સંસાર પણ અપ્રાપ્ય થાય છે;[૩૫] એવી રીતે ઉભય વસ્તુથી વંચિત થયેલા, પરંતુ ભક્તિમાર્ગમાં નિમગ્ન થયેલા પુરુષને કઈ ગતિ પ્રાપ્ત થાય છે, તે મને કહો."[૩૬]

श्रीभगवानुवाच–पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ ४० ॥

[શ્રી ભગવાને કહ્યું:–હે પાર્થ, જે એવો યોગેચ્છુ પુરુષ હોય છે, તે આ લોક અને પરલોકથી વંચિત થતો નથી. હે તાત, જે કલ્યાણની ઇચ્છા ધરાવનાર હોય છે, તે (જન્મમરણરૂપ) દુર્ગતિને કદાપિ પ્રાપ્ત થતો નથી. ૪૦]

અર્જુનનું એ પ્રશ્ન સાંભળી, શ્રીકૃષ્ણે કહ્યું કે;–હે પાર્થ, જેને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા છે, તેને મોક્ષ વિના બીજી ગતિ છે જ નહિ.[૩૭] માત્ર તેને જે અડચણ થાય છે તે એટલી જ કે વચ્ચે તેને વિશ્રાંતિ લેવી પડે છે. પરંતુ એ વિશ્રાંતિમાં તેને જે સુખ મળે છે, તે સુખ દેવતાઓને સુદ્ધાં મળી શકતું નથી.[૩૮] જો એ જ મનુષ્ય અભ્યાસના પગલાંથી મોક્ષના માર્ગમાં ગમન કરે તો દિવસ (આયુષ્ય)નો અંત થવા પૂર્વે જ તે મોક્ષપ્રાપ્તિના નગરમાં પહોંચી જાય, એમાં લગારે શંકા નથી.[૩૯]પરંતુ તેનો એટલો બધો વેગ ન હોવાથી તેને વિશ્રામ લેવાની ફરજ પડે છે, તોપણ અંતે તો તે મોક્ષપ્રાપ્તિ અવશ્ય કરી શકે છે જ.[૪૪૦]

प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥

[યોગભ્રષ્ટ પુરુષ મહત્પુણ્યના યોગે પ્રાપ્ત થનારા ઇંદ્રાદિક લોકમાં જઈ, ત્યાં પુષ્કળ વર્ષો પર્યન્ત નિવાસ કરીને, ત્યારપછી મૃત્યુલોકમાં આવી, પવિત્ર અને શ્રીમંત પુરુષના કુળમાં જન્મ ધારણ કરે છે. ૪૧]

અરે, આ કૌતુકને તો તું જો. જે લોકોની પ્રાપ્તિ થવા માટે એકસો યજ્ઞ કરનાર ઇંદ્રને પણ અતિશય આયાસ કરવા પડે છે, તે લોક, એ મોક્ષેચ્છુ પુરુષને અનાયાસ પ્રાપ્ત થાય છે.[૪૧] ત્યાર પછી ત્યાંના નિષ્ફળ ન થનારા અને અપ્રતિમ ભોગોનો ઉપભોગ લેતાં લેતાં તેના મનને કંટાળો આવે છે![૪૨] તે દિવ્ય ભોગોને ભોગવતાં ત્યાં તેને સુખ ભાસતું નથી અને 'હે ભગવન્! મારી પૂઠે આ વિઘ્ન કેમ વળગાડ્યું છે?' એવો તે નિરંતર પશ્ચાત્તાપ કર્યા કરે છે.[૪૩] એ પછી પાછો તે મૃત્યુલોકમાં જન્મ પામે છે. પરંતુ તે સર્વ ધર્મના ભંડારરૂપ ઉચ્ચ કુળમાં જ અવતરે છે અને ત્યાં તેના પૂર્વ બીજાંકુરનો ઉદય થાય છે.[૪૪] જે કુળ નીતિમાર્ગથી ચાલનાર, સત્ય અને પવિત્ર ભાષણ કરનાર તથા શાસ્ત્રરીતિથી વર્ત્તનાર હોય છે;[૪૫] જે કુળમાં વેદ પોતાનું સ્થાન ધરાવે છે (અર્થાત્ જ્યાં વેદાધ્યયન ચાલતું હોય છે); વડીલ મનુષ્યો જ જે કુળનાં પૂજ્ય દૈવત હોય છે; સ્વધર્મનું આચરણ એ જ જેનો વ્યવસાય હોય છે અને સારાસાર વિચાર જેનો મંત્રી હોય છે;[૪૬] જે કુળની ચિંતા ઇશ્વરને વરેલી હોય છે, એટલે કે, જેને ચિંતાનો સ્પર્શ પણ હોતો નથી; અને વડીલ મનુષ્યો જ જેનાં પૂજ્ય દૈવત છે;[૪૭] સારાંશ કે, જે કુળે એવા પુણ્યનો સંચય કરેલો હોય અને જ્યાં સર્વ સુખોની સમૃદ્ધિનો અખંડ નિવાસ હોય, એવા ઉત્કૃષ્ટ કુળમાં તે યોગભ્રષ્ટ પુરુષ આનંદથી જન્મ ધારણ કરે છે.[૪૮]

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥ ४३ ॥

[અથવા તો બુદ્ધિમાન્ યોગીના ગૃહમાં એ યોગભ્રષ્ટ જન્મ લે છે. કારણ કે, એવા પ્રકારનો જન્મ આ લોકમાં અતિશય દુર્લભ છે. એવા યોગીના કુળમાં જન્મવાથી પૂર્વ જન્મની યોગબુદ્ધિ તેને આ જન્મમાં પ્રાપ્ત થાય છે અને તે યોગની સિદ્ધિ માટે પુનઃ યત્ન કરે છે. ૪૨-૪૩]

અથવા જ્ઞાનરૂપ અગ્નિમાં હવન કરનાર, અધ્યાત્મશાસ્ત્રમાં નિષ્ણાત અને પરબ્રહ્મરૂપ ગામના વતનદાર;[૪૯] જેઓ 'એકમેવાદ્વિતીયં'ના સિદ્ધાન્તમાં નિત્ય નિમગ્ન રહીને ત્રિભુવનનું રાજ્ય કરતા હોય છે અને સંતોષરૂપ વનમાં કોકિલસમાન મધુર ધ્વનિ કર્યા કરે છે;[૫૦] અને જેઓ વિચારવૃક્ષના મૂળમાં બેસીને બ્રહ્મરૂપ ફળનું નિત્ય સેવન કરતા હોય છે, એવા યોગીના કુળમાં તે યોગભ્રષ્ટ પુરુષ જન્મ ધારણ કરે છે.[૫૧] જન્મ ધારણ કર્યા પછી બાલ્યવયમાંજ તેનામાં આત્મજ્ઞાનનો પ્રકાશ વિસ્તરે છે અને જેવી રીતે સૂર્યનો ઉદય થવા પૂર્વેજ ચતુર્દિશામાં તેની પ્રભાની છટા વિસ્તરે છે,[૫૨] તેવી રીતે પ્રૌઢ વયની માર્ગપ્રતીક્ષા ન કરતાં બાલ્યાવસ્થામાંજ તેને જ્ઞાન પ્રાપ્ત થઇ આવે છે.[૫૩] પૂર્વ જન્મમાં સિદ્ધ થયેલી બુદ્ધિના યોગે સર્વ વિદ્યાઓ તેને પ્રાપ્ત થાય છે અને તેના મુખમાંથી સર્વ શાસ્ત્રો સ્વયમેવ નિળકવા માંડે છે.[૫૪]

એવો જે ઉત્તમ કુળમાં જન્મ, તે પ્રાપ્ત થવા માટે સ્વર્ગવાસી દેવો પણ મનમાં ઇચ્છા ધારીને જપ તથા હોમ ઇત્યાદિ કરતા હોય છે.[૫૫] હે પાર્થ, દેવો પણ જે કારણથી સ્તુતિ-પાઠક બનીને મૃત્યુ લોકનાં ગુણગાન ગાય છે, તે ઉત્તમ કુળમાંના જન્મને, યોગભ્રષ્ટ પુરુષ સહજમાં પ્રાપ્ત કરે છે;[૫૬]

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ४४ ॥

[ત્યાં જન્મ થવા પછી તે પરતંત્ર હોય, તોપણ પૂર્વ અભ્યાસના બળથી (યોગપ્રતિ) આકર્ષાય છે; અને જે કેવળ યોગવિશે જિજ્ઞાસુ હોય છે, તેને પણ વેદાચરણના ફળ કરતાં વિશેષ ફળ મળે છે. ૪૪]

અને જે પૂર્વ જન્મમાં તેના આયુષ્યનો અંત થયેલો હોય, તે સમયની સદ્બુદ્ધિ તેને પુનઃ પ્રાપ્ત થાય છે.[૫૭] તે સમયે, જેવી રીતે દૈવવાન્ પગી અને આંખોમાં જેણે દિવ્ય અંજન આંજેલું હોય એવા પુરુષને ભૂમિમાંનો ધનભંડાર સહજ દૃષ્ટિગોચર થાય છે;[૫૮] તે પ્રમાણે ગુરુ મુખ-સમાગમ વિના સમજી ન શકાય તેવા કઠિન અભિપ્રાયોમાં પણ તેની બુદ્ધિ અનાયાસ પ્રવેશ કરી જાય છે.[૫૯] ઇંદ્રિયો પોતાની મેળેજ મનને આધીન થાય છે, મન પ્રાણવાયુમાં ઐક્ય થાય છે અને પ્રાણવાયુ ચિદાકાશમાં મળી જાય છે.[૬૦] એમાં બીજું ગમે તે રહસ્ય હોય, પરંતુ એ પણ સત્યજ છે કે, યોગાભ્યાસ પણ તેને પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે અને સમાધિ પણ તેના મનના ગૃહની પૃચ્છા કરતી આવી લાગે છે.[૬૧] તેને જોતાં એવો જ ભાસ થવા માંડે છે કે, એ પુરુષ યોગસ્થ નવીન કૈલાસપતિ (શંકર) કિંવા યોગનો આરંભકાલીન વૈભવ અથવા વૈરાગ્ય-રૂપ સિદ્ધિનો મૂર્તિમાન્ અનુભવજ હોયની![૬૨] અથવા તો આ સંસારને ગણવાનું ગણનાયંત્ર અથવા અષ્ટાંગ યોગ સાધનનો પર્વતજ હોયની, એવોજ ભાસ થાય છે. સૌગંધ્યજ જેમ ચંદનનું સ્વરૂપ ધારણ કરે,[૬૩] તેવીજ રીતે સાધક દશાના યોગે તે એટલો બધો યોગધૈર્યયુક્ત થયેલો હોય છે કે, તે સંતોષની પ્રતિમા સમાન કિંવા સિદ્ધિના ભંડારમાંથી નિકળેલા રત્નરાશિ સમાનજ દેખાય છે.[૬૪]

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ४५ ॥

[નિયમિત પ્રયત્ન કરનાર, સર્વ પાતકોથી મુક્ત થયેલો અને અનેક જન્મથી એજ પ્રયત્ન કરતો આવેલો યોગી પરમ ગતિને પ્રાપ્ત થાય છે. ૪૫.]

કારણ કે, કોટ્યવધિ વર્ષોથી સહસ્રાવધિ જન્મોના પ્રતિબંધને દૂર કરીને તે (યોગભ્રષ્ટ યોગી) આત્મસિદ્ધિના તીર પ્રાંતમાં આવી પહોંચેલો હોય છે.[૬૫] એટલા માટે તેને સર્વ સાધનો સ્વાભાવિક રીતેજ પ્રાપ્ત થાય છે; અને ત્યાર પછી તે સહજમાંજ વિચારના સિંહાસનપર બિરાજે છે.[૬૬] એમ થતાં વિચાર કરવામાં મહા પ્રબળ એવો વિવેક પણ પાછળ રહી જાય છે અને અવિચારણીય જે બ્રહ્મ તે તો તે પોતેજ બની જાય છે.[૬૭] તે સ્થાનમાં મનનાં વાદળાં વિખેરાઇ જાય છે, પ્રાણવાયુની હીલચાલ બંધ થાય છે અને તે પોતામાં તથા ચિદાકાશમાં લીન થઇને,[૬૮] ૐકારના અર્ધ બિન્દુમાં નિમગ્ન થાય છે. એ પ્રમાણે તેને અવર્ણનીય સુખની પ્રાપ્તિ થાય છે અને તેથી ત્યાં બોલવુંજ સર્વથા બંધ થઇ જાય છે.[૬૯] પછી, સર્વ ગતિઓને ગતિ આપનારી જે બ્રહ્મસ્થિતિ, તે નિરાકાર સ્થિતિનું રૂપજ તે બની રહે છે.[૪૭૦] તેણે આગળના અનેક જન્મોમાં પાણીપરના

પ્રતિબંધરૂપ મળને ધોઇ નાંખેલો હોય છે અને તેથી તેનો જન્મ થવાની સાથેજ તેની લગ્નઘટિકા ડૂબી જાય છે,[૭૧] અને તેનું તદ્રૂપતા સાથે શુભ લગ્ન થતાં તે અભિન્નત્વને પામે છે. અભ્રોનો લોપ થતાં તેઓ જેવી રીતે આકાશરૂપજ બની રહે છે,[૭૨] તેવીજ રીતે (વિક્ષેપ આદિ વિઘ્નોનો લોપ થતાં) જેનાથી વિશ્વની ઉત્પત્તિ થયેલી છે અને જેમાં તે (વિશ્વ) પુનઃ લીન થાય છે, તે બ્રહ્મ, તે આ વિદ્યમાન દેહમાં હોવા છતાંજ, બની જાય છે અર્થાત્ તે સદેહ બ્રહ્મ થાય છે.[૭૩]

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।

कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥ ४६ ॥

[તપસ્વી, જ્ઞાની અને કર્મ કરનાર કરતાં યોગી અધિક શ્રેષ્ઠ છે અને તેટલા માટે હે અર્જુન ! તું યોગી થા. ૪૬]

જે લાભની આશાથી કર્મનિષ્ઠ પુરુષો પોતાના બાહુબલના વિશ્વાસથી કર્મમાર્ગના પ્રવાહમાં ઝંપલાવે છે,[૭૪] કિંવા જે એક વસ્તુ માટે જ્ઞાની પુરુષો જ્ઞાનરૂપ કવચ ધારણ કરીને સમરાંગણમાં આવી પ્રપંચરૂપ શત્રુ સાથે યુદ્ધનો આરંભ કરે છે,[૭૫] અથવા તો જેની પ્રાપ્તિ માટે તપસ્વી લોકો નિરાશ્રય અને સપાટ થયેલા તપોરૂપ પર્વતના ટૂટેલા અથવા ટૂટી પડવાની અણીપર આવી લાગેલા પાષાણ માર્ગમાં પ્રવાસ કરે છે,[૭૬] અને જે ભજન કરનારાઓના ભજનનું અધિષ્ઠાન, સર્વને પૂજ્ય,[૭૭] અને સાધકનું સિદ્ધત્વ છે, તે પરબ્રહ્મ તે પોતેજ બની જાય છે.[૭૮] એટલા માટે, તે કર્મનિષ્ઠોને વંદ્ય, જ્ઞાનીઓને વિચારણીય અને તપસ્વીઓનો મૂળ તપોનાથ છે.[૭૯] જીવ અને પરમાત્માના સંગમ સ્થાનમાં તેના મનનું ઐક્ય થયેલું હોવાથી તે દેહધારી હોવા છતાં પણ એટલી બધી યોગ્યતાને પામે છે.[૮૦] એટલા માટે હે અર્જુન, તું યોગી થા, એમ અંતઃકરણપૂર્વક હું તને નિત્ય કહ્યા કરું છું.[૮૧]

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।

श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥ ४७ ॥

[સર્વ યોગીઓમાંથી પણ જે મારામાં ઐક્ય પામીને શ્રદ્ધા (ઐક્યબોધ)થી મને ભજે છે. તે મને પરમ માન્ય છે. ૪૭]

અરે, યોગી એટલે દેવોનો પણ દેવ, મારાં સર્વ સુખોનો આકર અને કેવળ મારો પ્રાણ છે, એમજ સમજી લે.[૮૨] તેનામાં ભજન કરનાર, ભજનક્રિયા અને ભજ્ય વસ્તુ, એ ત્રિપુટી સદોદિત રહેલી હોય છે.[૮૩] હે સુભદ્રાપતે, એ પછી તેની અને મારી પ્રીતિના સ્વરૂપનું વર્ણન કરી શકાતું નથી. છતાં એટલુંજ ધારી લે કે, તે એટલે કે પ્રત્યક્ષ હું પોતેજ છું.[૮૪] એવી રીતે પ્રેમનું જે ઐક્ય થયેલું હોય છે, તેની તુલના માટે જો કોઇ ઉપમા હોય, તો હું દેહ અને તે આત્મા—એ વિના બીજી કોઇ ઉપમા જ નથી![૮૫] સંજય કહે છે કેઃ—"હે રાજન્! ભક્તરૂપ ચકોરનો ચંદ્ર અથવા સર્વ ત્રિભુવનના રાજા અને ગુણોના મહાસાગરરૂપ જે શ્રીકૃષ્ણ પરમાત્મા તે એ પ્રમાણે બોલ્યા.[૮૬] પાર્થને પૂર્વથીજ યોગનું ઐશ્વર્ય જાણવાની ઇચ્છા તો હતીજ અને તે પુનઃ બમણી થઈ, એમ યદુનાથે મનમાં જાણી લીધું;[૮૭] અને એ વાર્તા જાણીને શ્રીકૃષ્ણના મનમાં સહજ એવો આનંદ થયો કે, હું જે કાંઇ પણ કહું છું, તે મારા કથનને પ્રત્યક્ષ જોવા માટેનું આ અર્જુન એક દર્પણજ છે. એટલે હવે એ આનંદના ઊભળકામાં તે (કૃષ્ણ) હવે પછીની કથા કહી સંભળાવશે.[૮૮] એ વિષય અથવા પ્રસંગ હવે પછી આવવાનો છે અને તેમાં શાંતિરસનું સ્પષ્ટ દર્શન થશે તથા જ્ઞાનરૂપ બીજ, વૃક્ષનું રૂપ ધારણ કરશે.[૮૯] જે જ્ઞાન-

બીજના ઉગવા માટે સત્ત્વગુણની વૃષ્ટિ થયેલી છે અને તેથી આધ્યાત્મિક તાપનાં ઢાંખળાં વહી જવાથી ચતુર શ્રોતાઓનાં ચિત્તરૂપ ઉત્તમ ક્ષેત્રો તૈયાર થયેલાં છે,[૯૦] અને તેમાં સુવર્ણ સમાન અવધાનનો બફારો આવેલો જોઇને શ્રીનિવૃત્તિનાથને તે જ્ઞાનરૂપ બીજના વાવવાની ઉત્કંઠા ઉત્પન્ન થઈ છે.[૯૧] જ્ઞાનદેવ કહે છે કે,-તે બીજને ઉગવવા માટે સદ્ગુરુએ મારી મહા કૌતુકથી ચાળણીના સ્થાને યોજના કરી અને મારા મસ્તકે હસ્ત રાખીને તે બીજ તે ચાળણીમાં નાંખ્યું.[૯૨] એટલા માટે, મારા મુખમાંથી જે કાંઈ પણ નિકળે છે (અર્થાત્ બોલાય છે) તે સંતોને સત્ય જ ભાસે છે. અસ્તુ. હવે શ્રીરંગ જે કાંઈ બોલ્યા છે, તે જ હું કહીશ.[૯૩] પરંતુ તે ધ્યાન આપીને સાંભળો, બુદ્ધિથી તેનો વિચાર કરો, તેને ચિત્ત સમર્પણ કરીને તેના અર્થને સમજી લ્યો[૯૪] અને અવધાનરૂપ હસ્તવડે તેનો પોતાના હૃદયમાં સંચય કરો. એ કથન સજ્જનોના મનને રમાડનારું છે.[૯૫] એ કથનના શ્રવણથી નિત્ય આત્મપ્રાપ્તિ થશે, સંકટમાંથી મુક્તિ મળશે અને જીવને સુખપ્રાપ્તિ થશે.[૯૬] હવે શ્રીમુકુંદ અર્જુનને જે કાંઈ પણ સર્વોત્કૃષ્ટ જ્ઞાન કહેશે, તે હું તમને 'ઓવી' નામક કવિતામાં કહી સંભળાવીશ.[૪૯૭]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે અધ્યાત્મયોગ (અભ્યાસયોગ) નામનો અધ્યાય છઠ્ઠો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો સપ્તમ અધ્યાય

જ્ઞાનવિભાગયોગ

श्रीभगवानुवाच—मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥
ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥

[શ્રીભગવાને કહ્યું:—હે અર્જુન, મારા મનને આસક્ત કરીને, કેવળ મારો જ આશ્રય કરીને અને જે પ્રકારનો યોગાભ્યાસ કરી તું મને (પૂર્ણતાથી) જાણી શકીશ, તે પ્રકાર સાંભળ. હું તને વિજ્ઞાન સહિત તે જ્ઞાન પૂર્ણતાથી કહું છું. તે જાણ્યા પછી આ લોકમાં બીજું કાંઇ જાણવા જેવું રહેતું જ નથી. ૧–૨]

હે શ્રોતાઓ! સાંભળો. ત્યાર પછી શ્રી અનંત-કૃષ્ણ-ભગવાન્–પાર્થને કહેવા લાગ્યા કે;–'તું નિશ્ચયપૂર્વક યોગયુક્ત થયેલો છે.[૧] હવે હું તને વ્યાવહારિક (પ્રાપંચિક) જ્ઞાન સહિત બ્રહ્મજ્ઞાન એવી રીતે કહી સંભળાવીશ કે, તેના યોગે જેવી રીતે આપણે હથેલીમાંના રત્નને સ્પષ્ટ જોઈ શકીએ છીએ, તેવી રીતે તું મને સંપૂર્ણતાથી ઓળખી શકીશ.[૨] અહીં પ્રાપંચિક જ્ઞાન સાથે આપણો શો સંબંધ છે, એવા સંશયનો જો તારા મનમાં ઉદય થતો હોય, તો તો (હું કહું છું કે) સર્વથી પ્રથમ ખરેખર એ જ જ્ઞાનને પ્રાપ્ત કરવું જોઇએ.[૩] એમ કરવાથી જ્ઞાનના સાક્ષાત્કાર સમયે બુદ્ધિની દૃષ્ટિ થોભી-સ્તંભિત થઈ જાય છે. જેવી રીતે કિનારે લાગેલી નૌકા ડગમગતી નથી,[૪]

તેવી રીતે જ્યાં બુદ્ધિનો પ્રવેશ થતો નથી, વિચાર પણ પાછળ રહી જાય છે અને તર્કનો ઉત્સાહ પણ મંદ થાય છે;[૫] તેનેજ જ્ઞાનના નામથી ઓળખવામાં આવે છે. હે અર્જુન, એ વિનાનાં બીજાં બધાં પ્રાપંચિક જ્ઞાનો છે કે, જેમને વિજ્ઞાન* કહેવામાં આવે છે અને પ્રપંચને સત્ય માનવો એ ભયંકર અજ્ઞાન છે, એમજ સમજી લેવું.[૬] હવે જ્યારે એ સર્વ અજ્ઞાનનો લોપ થાય છે, વિજ્ઞાન સમૂળ બળી જળીને ભસ્મીભૂત થઈ જાય છે અને મૂર્તિમાન્ જ્ઞાન પ્રકટ થાય છે;[૭] કે જેના યોગે બોલનારાનું બોલવું ખૂટી જાય છે, સાંભળનારની ઇચ્છા ન્યૂન થાય છે અને અમુક મહાન્ અને અમુક હીન એવો ભેદ રહેતો નથી;[૮] અને જેના અલ્પ શ્રવણથી પણ મનમાંના અનેક હેતુઓ પૂર્ણ થાય છે, તે ગુપ્ત તત્ત્વ હું તને કહી સંભળાવું છું.[૯]

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥

[હજારો મનુષ્યોમાંથી કોઈ એક જ મારી પ્રાપ્તિ માટેનો યત્ન કરે છે; અને મારે માટે યત્ન કરનારા સિદ્ધોમાંથી પણ કોઈ એક જ મને તત્ત્વતઃ (ખરેખરા સ્વરૂપમાં) જાણી-ઓળખી-શકે છે. ૩]

ખરેખર હજારો મનુષ્યોમાંથી કોઈ એકને જ આ જ્ઞાનની ઇચ્છા થાય છે અને જેમને એવા જ્ઞાનની ઈચ્છા થયેલી હોય એવા અનેક જનોમાં મને જાણનારો તો વળી કોઈ એક વિરલો જ મળી આવે છે.[૧૦] જેવી રીતે મનુષ્યોથી ભરેલા ત્રિભુવનમાં સૈન્યમાં રાખવા માટે એક એક સારા શૂરવીરને ચૂંટી ચૂંટીને લક્ષાવધિ સૈનિકોનું સૈન્ય તૈયાર કરવામાં આવે છે,[૧૧] અને તેમાં પણ જે વેળાએ તલવારોના વાર શરીરપર આવવા માંડે છે, તે વેળાએ તો કોઈ એક જ વીરપુંગવ વિજયશ્રીનો અધિકારી થાય છે;[૧૨] તેવી જ રીતે, મારા જ્ઞાનની પ્રાપ્તિની આસ્થાના પૂરમાં કોટ્યવધિ લોકો ભૂસકો મારે છે; પરંતુ તેમનામાંનો કોઈ એક જ તરીને સ્હામે તીરે પહોંચી શકે છે. (કોઈ એકને જ મારી પ્રાપ્તિ થાય છે.)[૧૩] એટલા માટે, આ વાર્ત્તા સામાન્ય નથી, કિન્તુ અસામાન્ય–શ્રેષ્ઠ–અસાધારણ છે; પરંતુ એનો વિસ્તાર આગળ જતાં કરાશે. હમણાં તો (તને વિજ્ઞાનનું સ્વરૂપ કહું છું તે) સાંભળ.[૧૪]

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

[ભૂમિ, ઉદક, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ ભાગોમાં વિભક્ત થયેલી (વ્હેંચાયલી) મારી પ્રકૃતિ છે. ૪]

હે ધનંજય, સાંભળ. આપણા અંગનો જેમ પડછાયો હોય છે, તે પ્રમાણે આ મહદ્ આદિ તત્ત્વો મારી માયા છે.[૧૫] એને જ પ્રકૃતિ નામથી ઓળખવામાં આવે છે. એના આઠ પ્રકાર હોઇને એમાંથી જ આ ત્રૈલોક્યની ઉત્પત્તિ થાય છે.[૧૬] એ પ્રકૃતિ ભિન્ન ભિન્ન આઠ પ્રકારની કેવી રીતે છે, એવી શંકા જો તું મનમાં લાવવાનો હોય, તો પ્રથમ હું તને એનો જ સ્ફોટ કરી સંભળાવું છું, તે સાંભળ.[૧૭] જળ, તેજ, વાયુ, આકાશ, પૃથ્વી, મન, બુદ્ધિ અને અહંકાર એ તેના જૂદા જૂદા આઠ પ્રકારો છે અથવા તેનાં જૂદાં જૂદાં આઠ સ્વરૂપો છે.[૧૮]

---

* શ્રીમચ્છંકરાચાર્યે ગીતામાંના મૂળ 'सविज्ञानम्' શબ્દનો 'स्वानुभवसंयुक्तम्' એટલે કે વિજ્ઞાન–અનુભવયુક્ત જ્ઞાન–સહિત, એવો અર્થ કરેલો છતાં શ્રી જ્ઞાનેશ્વરે વિજ્ઞાન શબ્દનો પ્રાપંચિક જ્ઞાનના અર્થમાં સ્વીકાર કરેલો છે, આ ભેદને ધ્યાનમાં રાખીને વાચકે વાચનમાં આગળ વધવું.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५ ॥

[હે મહાબાહો, એ અપરા એટલે કે, ગૌણ પ્રકૃતિ છે. એથી ભિન્ન મારી જે પરા એટલે કે, જીવભૂતા પ્રકૃતિ છે તે શ્રેષ્ઠ છે, એમ જાણ. આ જગતને તેનો જ આધાર છે. ૫]

હે પાર્થ, એ આઠ ભાગોની જે સામ્યસ્થિતિ (એકીકરણ) તે મારી પરમ પ્રકૃતિ છે અને તેને જ 'જીવભૂતા' નામથી ઓળખવામાં આવે છે.[૧૯] એ અચેતન (શરીર)નું જીવન કરે છે, જ્ઞાનને ચેતના આપે છે અને મનને શોક તથા મોહની માનીનતામાં પ્રવૃત્ત કરે છે.[૨૦] એના સાન્નિધ્યથી બુદ્ધિમાં જ્ઞાનનો ઉદ્ભવ થાય છે અને એ અહંકારની કુશળતાથી જગતને ધારણ કરે છે.[૨૧]

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥

[એ બન્ને પ્રકૃતિઓ સર્વ ભૂતોની ઉત્પત્તિનું કારણ છે, એમ તારે સમજવું; (અને એટલા માટે જ) હું સમસ્ત–સર્વ–જગતનો ઉત્પત્તિકર્ત્તા અને સંહારકર્ત્તા છું. ૬]

એ સૂક્ષ્મ (પરા) પ્રકૃતિ જ્યારે સ્વેચ્છાથી સ્થૂલ (અપરા) પ્રકૃતિ સાથે સંયુક્ત થાય છે, ત્યારે સૃષ્ટિમાંના પ્રાણીઓની ટંકશાળ શરુ થઈ જાય છે.[૨૨] એ ટંકશાળમાં પોતાની મેળે જ ચાર પ્રકારના સિક્કાઓ પાડવા માંડે છે. એમનામાં પંચમહાભૂતોની યોગ્યતા તો એકસરખી જ છે; પરંતુ એમની જાતિઓ ભિન્ન હોય છે,[૨૩] એમની ચોર્યાસી લાખ જાતિઓ હોઈને તેમનામાં વળી કેટલીબધી ઉપજાતિઓ રહેલી છે, એની તો ગણુના પણ નથી. એવા પુષ્કળ–અસંખ્ય–સિક્કાઓ (જાતિઓ) વડે નિરાકાર શૂન્ય એટલે કે અવ્યક્તનો પોકળ ભાગ ભરાઇ જાય છે.[૨૪] એ પ્રમાણે પંચમહાભૂતોના એકસરખા અસંખ્ય સિક્કાઓ પડે છે અને તેમની વૃદ્ધિની ગણુના એ (માયા) જ રાખે છે.[૨૫] તે (માયા) નાણાંપર નિશાનીઓ કરીને તેમનો વિસ્તાર કરે છે અને પછીથી તેમનો અવરોધ પણ કરે છે. એવી રીતે કર્મ અને અકર્મ પ્રમાણે ઉથલપાથલ કરવાની માયાની વૃત્તિ છે.[૨૬] એ ગમે તો રૂપક હોય પણ તેને સમજવામાં આવે એવી સ્પષ્ટતાથી કહેવાનું એટલું જ છે કે, એ પ્રકૃતિ જ પ્રાણીઓનાં નામ અને રૂપનો વિસ્તાર કરે છે.[૨૭] અને એ પ્રકૃતિ તો નિઃસંશય મારામાંજ રહેલી હોવાથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું મૂળ કારણ તો હું પોતેજ છું.[૨૮]

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

[હે ધનંજય, મારા વિના આ જગતનું બીજું કોઇ કારણીભૂત નથી. (સુવર્ણના) સૂત્રમાં જેવી રીતે સુવર્ણના મણિ પરોવીએ, તેવી રીતે આ જગત્ ઓતપ્રોત મારામાંજ પરોવાયલું છે. ૭]

(આ દૃશ્ય વિશ્વ મૃગજલ સમાન છે!) જો આપણે મૃગજળના મૂળનો શોધ કરીશું તો આપણને એમ જણાઇ આવશે કે, તેનું મૂળ કેવળ સૂર્યનાં કિરણો જ નથી, કિન્તુ સૂર્ય પોતે જ છે.[૨૯] એ જ પ્રમાણે હે અર્જુન, જેમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થયેલી છે, તે પ્રકૃતિ અને સૃષ્ટિ ઉભયનો ઉપસંહાર કરીને (એમને બાદ કરીને) જો જોવામાં આવે તો પછી અંતિમ અવશિષ્ટ

તત્ત્વ હું જ છું.[30] એવી રીતે જે ઉત્પન્ન થાય છે, દેખાય છે અને અદૃશ્ય થઈ જાય છે, તે સર્વ મારામાં જ થાય છે. જેવી રીતે સૂત્રના આધારે મણકા રહેલા છે; અર્થાત્ સૂત્રે મણકાઓને ધરી રાખેલા હોય છે, તેજ પ્રમાણે આ વિશ્વને મેં ધારણ કરી રાખ્યું છે. વિશ્વ મારા આધારે જ રહેલું છે.[31] સુવર્ણના મણકા બનાવીને સુવર્ણના દોરામાં જ તેમને પરોવીએ, તે પ્રમાણે આ જગતને આંતર્બાહ્ય મેંજ વ્યાપી નાંખ્યું છે.[32]

रसोऽहमप्सु कौंतेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥
पुण्यो गंधः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

[હે કૌન્તેય, સર્વ ઉદકોમાં જે રસ છે તે હું છું; સૂર્ય અને ચન્દ્રમાં જે પ્રભા છે તે હું છું; સર્વ વેદોમાં જે પ્રણવ (ૐકાર) છે તે હું છું; આકાશમાં શબ્દ હું છું; પુરુષોમાંનો જે પરાક્રમ તે હું છું; અને પૃથ્વીમાંનો ઉત્તમ સુવાસ હું છું; અગ્નિમાં તેજ હું છું; સર્વ ભૂતોમાંનું જીવન હું છું અને તપસ્વીઓમાં તપ હું છું. ૮-૯]

એટલા માટે પ્રાણીમાં જે રસ છે, કિંવા વાયુમાં જે સ્પર્શ છે અને ચન્દ્ર તથા સૂર્યમાં જે પ્રકાશ છે તે હું જ છું, એમ તારે જાણવું.[33] એજ પ્રમાણે પૃથ્વીમાં જે સ્વાભાવિક સુવાસ રહેલો છે તે હું છું; આકાશમાં જે શબ્દ છે તે હું છું અને વેદોમાંનો જે ૐકાર છે તે પણ હું જ છું.[34] મનુષ્યોમાં રહેલું મનુષ્યત્વ–અહંભાવનું સત્ય–છે તે પૌરુષ હું છું. એ તત્ત્વ પણ હું છું. એ પણ તને જણાવી દઉં છું.[35] તેજપર અગ્નિ નામનું જે એક વ્યર્થ આચ્છાદન આવ્યું છે, તે આચ્છાદનને દૂર કરતાં તેનું જે ખરું સ્વરૂપ વ્યક્ત થાય છે તે હું છું,[36] અને પ્રાણી આ ત્રિભુવનમાં અનેક પ્રકારની જાતિઓમાં જન્મ લઈને પોતપોતાની જાતિના અનુરોધથી અન્ન આદિ જીવનના યોગે જીવનને પામે છે;[37] કેટલાકો વાયુના આહારથી જીવનને ટકાવી રાખે છે, કેટલાકો તૃણભક્ષણથી જ ઉપજીવિકા કરે છે, કેટલાકો અન્નના ભક્ષણથી જીવે છે અને કેટલાકો કેવળ જળપાનથી પોતાનું ઉપજીવન કરે છે,[38] એવું પ્રત્યેક પ્રાણીનું, તેની પ્રકૃતિના અનુરોધે જે જે ભિન્ન ભિન્ન જીવન દેખાય છે, તે સર્વ હું જ છું.[39]

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ १० ॥
बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥ ११ ॥

[હે પાર્થ, સર્વ ભૂતોનું સનાતન બીજ હું છું, એમ પણ જાણ. બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, તેજસ્વીઓનું તેજ હું છું. ઇચ્છા–પ્રીતિ–રહિત બલવાન્ પુરુષોનું બળ હું છું; હે ભરતશ્રેષ્ઠ, સર્વ ભૂતોમાં રહેલો ધર્મને અનુકૂલ જે કામ (અન્નપાન આદિની ઇચ્છા) તે પણ હું છું. ૧૦-૧૧]

ખરેખર, ઉત્પત્તિના સમયમાં જે આકાશના અંકુરથી વિસ્તાર પામે છે અને જે અંતકાળે ૐકારના અક્ષરોને ગળી જાય છે;[40] જ્યાં સુધી આ જગતનો આકાર છે, ત્યાં સુધી જે તેના

(જગતના) જેવું જ દેખાય છે, પરંતુ મહાપ્રલયના સમયમાં જે કોઇ પણ આકારનું હોતું નથી;[૪૧] એવું જે આ જગતનું અનાદિ અને સ્વતઃસિદ્ધ બીજ હું જ છું તે આજે સર્વથા તારા હસ્તમાં આપું છું.[૪૨] હે અર્જુન ! એને બરાબર જાણી લઇને જો તું એનો વિચાર કરીશ, તો એનો કેટલો બધો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે, એ તું પ્રત્યક્ષ અનુભવીશ.[૪૩] પરન્તુ હવે આ અપ્રાસંગિક કથનને રહેવા દે. હું તને એક રહસ્ય સંક્ષેપથી કહી સંભળાવું છું. તપસ્વીઓમાં જે તપ નામનું તત્ત્વ છે, તે મારું જ સ્વરૂપ છે.[૪૪] બળવાનોમાં જે બળ છે તે હું જ છું એમ નિઃસંશય જાણ અને બુદ્ધિમાનોમાં જે બુદ્ધિ છે તે પણ હું જ છું.[૪૫] શ્રીકૃષ્ણ કહે છે કેઃ- જેના આચરણથી ધર્મ અને અર્થ એ પુરુષાર્થ સાધ્ય થાય છે, તે પ્રાણી માત્રમાં રહેલો કામ પણ હું જ છું.[૪૬] જો વિકાર ઉત્પન્ન થતાં ઇન્દ્રિયોની ઇચ્છા પ્રમાણે આચરણ કરવામાં આવે, તો પણ એ કામ ધર્મ વિરુદ્ધ વર્ત્તવા દેતો નથી.[૪૭] એ કામ નિષેધના આડા માર્ગને ત્યાગીને વિધિના સરળ માર્ગમાં જ ચાલ્યો જાય છે અને તેની સાથે વળી નિયમરૂપ મશાલ પણ સળગેલી જ હોય છે.[૪૮] એવી રીતે-એવી સાવધતાથી-એ ચાલે છે, એટલે જ ધર્મનું આચરણ પૂર્ણ થાય છે અને સંસારમાં વસનારને મોક્ષરૂપી તીર્થમાં મુક્તિ પ્રાપ્ત થાય છે.[૪૯] તે માટે વેદોના મહત્ત્વરૂપ મંડપના શિરોભાગે રહેલા મોક્ષનો કર્મ ફળનો સ્પર્શ કરે ત્યાં લગી કાળ સૃષ્ટિની લતાને ધર્મ વધારે છે.[૫૦] યોગીઓના જનક શ્રીકૃષ્ણ કહે છે કે, એવા નિયમથી રહેનારો અને પ્રાણીમાત્રનો બીજભૂત જે કામ, તે હું છું,[૫૧] એનો વિસ્તાર હું તને કયાં સુધી કરી બતાવું ? સારાંશ એટલો જ કે, વસ્તુમાત્ર જે કાંઇ પણ છે, તે સર્વનો મારામાંથી જ વિસ્તાર થયેલો છે, એમ તારે જાણવું.[૫૨]

ये चैव सात्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥ १२ ॥

[જે સાત્ત્વિક, રાજસ અને તામસ વિકારો છે, તે મારામાંથી જ ઉત્પન્ન થયેલા છે, એમ તું સમજ. પરંતુ એમનામાં હું નથી, કિન્તુ તેઓ મારામાં છે. ૧૨]

જે સાત્ત્વિક અથવા રાજસ અને તામસ આદિ ભાવો છે, તે સર્વ મારા સ્વરૂપમાંથી જ ઉત્પન્ન થયેલા છે, એ તું જાણી રાખ.[૫૩] તેઓ જો કે મારામાંથી જ ઉદ્ભવેલા છે, તોપણ હું તેમનામાં નથી. જેવી રીતે સ્વપ્નના ખાબોચીયામાં જાગ્રતિ ડૂબતી નથી;[૫૪] (કિંવા) જેવી રીતે બીજ, રસવડે પૂર્ણ ભરેલું હોવા છતાં તેમાંથી અંકુર ફૂટીને કાષ્ઠ બન્યા પછી[૫૫] તે કાષ્ઠમાં બીજ હોય છે ખરું કે ? નહિ જ; એ પ્રમાણે સાત્ત્વિક આદિ સર્વ ભાવો જો કે મારામાંથી જ ઉત્પન્ન થએલા છે, તોપણ તેમનામાં હું નથી.[૫૬] ખરેખર, આકાશમાં જ્યારે મેઘ (વાદળાં) ચઢી આવે છે, ત્યારે શુદ્ધ આકાશ હોતું નથી; તેમ જ જળયુક્ત વાદળાં હોય છે ત્યારે જળ વિનાનાં વાદળાંનો અભાવ હોય છે.[૫૭] અને ત્યાર પછી તે પાણીના ઘર્ષણથી જે ચકચકીત દેખાતું તેજ (વીજળી) ઉત્પન્ન થાય છે, તે વીજળીરૂપ તેજમાં પાણી હોય છે ? ના.[૫૮] અગ્નિમાંથી જે ધૂમાડો નીકળે છે, તે ધૂમાડામાં, અગ્નિ હોય છે, એ કહે જોઇએ ? એ જ પ્રમાણે એ સઘળા ભાવો જો કે મારામાંથી જ ઉત્પન્ન થયેલા છે, છતાં તે ભાવો તે હું પોતે જ છું, એમ તારે ધારવું કે માનવુંજ નહિ.[૫૯]

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥

[એ ત્રિગુણ વિકારોથી આ સર્વ જગત્ મોહિત થઇ ગયું છે; એટલા માટે એ ગુણોથી પર રહેલો અવિનાશી એવો હું તેને તે (જગત્) જાણતું-ઓળખી શકતું-નથી. ૧૩]

તથાપિ, પાણીમાંથી ઉત્પન્ન થયેલી શેવાળ (લીલ) જેવી રીતે પાણીને ઢાંકી નાંખે છે અથવા તો જેવી રીતે વાદળાંથી આકાશ વ્યર્થ ઢંકાઇ જાય છે;[૬૦] સ્વપ્ન અસત્ય હોવા છતાં નિદ્રાના યોગે સત્ય ભાસે છે અને તે વેળાએ તે આપણને આપણી પોતાની સ્મૃતિ થવા દેતું નથી.[૬૧] અથવા તો જેવી રીતે આંખ્યોમાંના પાણીથી ઉત્પન્ન થયેલાં પોપચાં દૃષ્ટિ–આંખ્યો–ને બંધ કરી નાંખે છે;[૬૨] તેવી જ રીતે મારામાંથી જ ઉત્પન્ન થયેલી અથવા મારામાં જ પ્રતિબિંબિત થયેલી સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોથી યુક્ત મારી પ્રતિચ્છાયા (માયા) પડદા પ્રમાણે મારા સ્વરૂપને જ આડી આવીને ઊભી રહે છે.[૬૩] એ કારણથી, પ્રાણીઓ મને જાણતા નથી અને તેઓ મારામાંથી જ ઉત્પન્ન થયેલા હોવા છતાં મદ્રૂપ થતા નથી. જેવી રીતે પાણીમાંથી જ ઉત્પન્ન થયેલાં મોતી પાણીમાં પાછાં મળતાં નથી,[૬૪] અથવા માટીનો ઘડો બનાવી જો તેને કાચો જ પાછો માટીમાં મેળવ્યો હોય તો મળે છે, પણ તેને આગમાં (નીંભાડામાં) પકવ્યા પછી તે માટી સાથે મળીને એકરૂપ થઇ શકતો નથી,[૬૫] તે જ પ્રમાણે સર્વ પ્રાણીઓ મારા જ અવયવ હોવા છતાં માયાના યોગે જીવપણાને પામેલા છે,[૬૬] એથી જ મારામાંથી ઉત્પન્ન થયેલા હોવા છતાં તેઓ મદ્રૂપ થતા નથી અને મારા પોતાના હોવા છતાં મને ઓળખી શકતા નથી. તેઓ 'હું' અને 'મારું' એ ભ્રાંતિથી વિષયાન્ધ બની ગયેલા છે.[૬૭]

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते ॥ १४ ॥

[એ અતિ દિવ્ય અને ત્રિગુણાત્મક મારી માયા દુસ્તર છે. જેઓ કેવળ મારે જ શરણે આવે તેઓ જ એ માયા (રૂપ નદી) ને તરી જાય છે. ૧૪]

ત્યારે હવે હે ધનંજય, એ મહત્તત્ત્વ આદિ મારી માયાને તરીને મમરૂપ થવાનો અનુભવ કેવી રીતે આવી શકે ?[૬૮] (કારણ કે,) જે માયાનદી નિર્ગુણ બ્રહ્મરૂપ પર્વતના તૂટેલા વિભાગમાં જ હોય છે, તે વેળાએ જ પ્રથમ તેમાં સંકલ્પરૂપ જળનો ઉદ્ભવ થાય છે અને તે જળમાં પંચમહાભૂતોનો ન્હાનો પરપોટો ઉદ્ભવે છે;[૬૯] જે સૃષ્ટિના વિસ્તારરૂપ પ્રવાહથી અને કાળગતિના વેગથી કર્મ અને મોક્ષના ઊંચા કાંઠાઓને ઉલ્લંઘીને આગળ વધતી ચાલી છે;[૭૦] જે સત્ત્વ આદિ ગુણરૂપી મેઘોની વૃષ્ટિવડે ભરાઇને ભ્રાંતિરૂપ મહાપૂરથી યમનિયમરૂપ વિશાળ નગરોને પણ તાણી જાય છે;[૭૧] જેનામાં દ્વેષરૂપ ભ્રમરીઓ રહેલી છે અને જે મત્સરરૂપ લવણથી વહન કરતી જાય છે; જેના પાત્રમાં ઉન્મત્તતા આદિ મોટાં મોટાં માછલાં તલપ્યાં કરે છે;[૭૨] જેનામાં પ્રપંચરૂપ ભેદનાં વલણો હોઇને જેના કર્મ–અકર્મરૂપ પૂરમાં સુખ દુઃખરૂપ કચરો તણાઈ આવી કાંઠાને લાગી જાય છે;[૭૩] જેમાંના વિષયસુખરૂપ બેટને કામરૂપ લહરીઓ આવીને અથડાય છે અને તેથી ત્યાં જીવસમુદાયરૂપ ફીણ વિપુલ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે;[૭૪] અહંકારરૂપ ઓઘવડે અને વિદ્યા, ધન તથા સામર્થ્ય એ મદના ત્રણ ફાંટાઓથી જેનામાં વિષયતરંગોની લહરીઓ ઉત્પન્ન થાય છે;[૭૫] ઉદય અને અસ્તના ક્ષોભવડે જન્મમરણરૂપ પાષાણ પડી જઇને જેમાં શરીરરૂપ પરપોટા ઉત્પન્ન થાય છે અને પાછા લય પામી જાય છે;[૭૬] જેના પાત્રમાંનાં મોહ અને ભ્રાંતિરૂપ માછલાં ધૈર્ય ધારીને માંસને ગળી જાય છે અને ત્યાં અજ્ઞાનરૂપ મોટી ભ્રમરીયો (પાણીમાંનું ચક્ર) ગરગર ફર્યાં કરતી હોય છે;[૭૭] જ્યાં ભ્રાંતિરૂપ ડોળું પાણી આસ્થાના–શ્રદ્ધાના ખાડામાં ભરાઈ રહે છે અને તેથી તમોરૂપ

કલકલધ્વનિવડે સ્વર્ગપ્રાપ્તિની ગર્જના થતી હોય છે;[૭૮] (એવા એ) તમોરૂપ પ્રવાહને તરી-ઉલ્લંઘી-જવાનું કાર્ય અતિશય કઠિન છે; (અહીં) સત્ત્વરૂપ સ્થિર પાણીનો ખાડો છે; કિંબહુના, એ માયાનદી મહાદુસ્તર છે.[૭૯] ખરેખર એમાં રહેલા જન્મ મૃત્યુના પૂરના વિક્ષોભમાં સત્યલોકના કિલ્લાઓ તણાઇ જાય છે અને બ્રહ્માંડરૂપ પાષાણો તત્કાળ કડડભૂસ કરતા તૂટી પડે છે.[૮૦] એ પૂરના પ્રવાહમાં અદ્યાપિ કોઇના પગ લાગતા-ટકતા- નથી! અરે, એવા એ માયાના પૂરને કોઇ પણ તરી શકે એમ છે ખરું?[૮૧] વળી અહીં એક બીજી મોટી નવાઇ છે અને તે એ કે, એ નદીને તરી જવા માટેના જે જે ઉપાયો કરવામાં આવે છે, તે તે ઉપાયો પરિણામે અપાયકારકજ થઇ પડે છે![૮૨] કોઇ પોતાની બુદ્ધિના બળથી એમાંથી તરી જવા માટે એમ ભૂસ્કો મારે છે, પણ તેમનો પાછો પત્તો જ મળી શકતો નથી; કેટલાકોને જ્ઞાનરૂપ ખાડામાં ગર્વ એકદમ ગળી ગયો છે;[૮૩] કેટલાકો વેદત્રયીના ત્રાફાપર બેસીને તેની હેઠળ અહંતારૂપ પાષાણ બાંધી તરી જવાને બહાર નીકળી પડ્યા, પણ તેઓ મદરૂપી મત્સ્યના મુખમાં પડીને સદાને માટે અદૃશ્ય થઇ ગયા છે;[૮૪] કેટલાકો તારુણ્યના બળથી કમર કસીને મદનની છાતીને અથડાયા, એટલામાં તો વિષયરૂપ મગરમચ્છે તેમને ચાવીને તેમનો નિકાલજ લાવી નાંખ્યો;[૮૫] એ પછી તેઓ વૃદ્ધાવસ્થારૂપ મોજાઓમાં તરતા જાય છે, એવામાં અચાનક મતિભ્રંશરૂપ જાળમાં સપડાય છે અને તેના યોગે ચારે તરફથી જકડાઇને[૮૬] શોકરૂપ પાષાણપર જઇ અથડાય છે અને ત્યાર પછી ક્રોધરૂપ ભ્રમરીમાં સપડાઇને જ્યાં જરાક માથું ઊંચું કરે છે કે તરત આપત્તિરૂપ ગીધ પક્ષીઓ આવીને તે માથાને ટોંચી ટોંચીને ખાવા મંડી જાય છે.[૮૭] એ પછી તેઓ દુઃખરૂપ ગારામાં ફસાઇને મરણરૂપ રેતીના રણમાં રોળાય છે. અર્થાત્ એ પ્રમાણે જેઓ ખાઇપીને વિષયોની પૂઠે પડેલા હોય છે, તેઓ નિષ્ફળ થાય છે. (તેમનું જીવન વ્યર્થ જાય છે.)[૮૮] કોઇ યજ્ઞાદિક ક્રિયારૂપ માટલું બાંધીને પેટતળે રાખે છે, પણ તેઓ સ્વર્ગ સુખરૂપ દરીમાં-ગુફામાં અટકી રહે છે.[૮૯] કેટલાકો મોક્ષપ્રાપ્તિની આશાથી કર્મરૂપ બાહુના બળમાં વિશ્વાસ રાખે છે; પરંતુ તેઓ કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યના ભોંયરામાં પડીને ગુંચવાઇ જાય છે.[૯૦] એ નદીમાં વૈરાગ્યરૂપ નૌકા ચાલતી નથી અને વિવેકરૂપ લાકડી ટકતી નથી. એ નદીને યોગવડે તરી શકાય છે; પરંતુ તેમ પણ ક્વચિત્જ બને છે.[૯૧] એવી રીતે જીવના અંગ બળથી આ માયારૂપ નદીમાંથી તરીને પાર પડી શકાય છે, એમ કહેવું શાના જેવું છે તે હવે હું તને કહું છું.[૯૨] જો પથ્ય ન પાળનાર રોગીના રોગનો નાશ થવો શક્ય હોય, દુર્જનની બુદ્ધિને જાણવાને સાધુ સમર્થ હોય, અથવા વિષયાસક્ત પુરુષ પ્રાપ્ત થયેલી સિદ્ધિનો ત્યાગ કરે;[૯૩] જો ચોરોની સભાઓ ભરાય અથવા માછલું ગલને ગળી જઇ શકે અથવા તો બ્હીકણથી બ્હીને પિશાચ પલાયન કરી જાય;[૯૪] હરિણનું બાળક પારધીના જાળને તોડી નાંખવાને સમર્થ થાય અથવા તો કીડી મેરુ પર્વતને ઓળંગી જાય, તો જ જીવોથી પોતાના ચાતુર્યવડે માયા નદીને તરીને પેલેપાર પહોંચી શકાય![૯૫] એટલા માટે હે પાંડુપુત્ર! વિષયી પુરુષ સ્ત્રીને જિતી શકતો નથી, તેવી રીતે જીવ માયારૂપ નદીને તરી શકતો નથી.[૯૬] પરંતુ જેઓ અનન્ય ભાવથી મારે શરણે આવે છે, તેઓ એ (માયારૂપ) દુસ્તર નદીમાંથી તરીને સહજ પાર પડી જાય છે. એટલુંજ નહિ, પણ તેઓ હજી તો આ કાંઠેજ ઉભેલા હોય છે, એટલામાંજ માયારૂપ જળનો સર્વથા લોપ થઇ જાય છે.[૯૭] સદ્ગુરુ જ જેમની નૌકાનો કર્ણધાર હોય છે અને જેમણે બળપૂર્વક બ્રહ્મનો કિનારોજ પકડેલો હોય છે અને જેમને આત્મનિવેદનરૂપ નૌકા પ્રાપ્ત થયેલી હોય છે;[૯૮] જેઓ અહંભાવના ભારને ઉતારી નાંખીને, વિકલ્પરૂપ વાયુથી બચી જઇને અને સ્ત્રી પુત્રાદિપરના પ્રેમની ધારા-પ્રેમરૂપ પાણીની ધારા-ને ટાળીને,[૯૯] જીવાત્માની એકતારૂપ ઉતારવડે બોધરૂપ નૌકાના

આશ્રયથી નિવૃત્તિના પેલા કાંઠે જઇ પહોંચે છે,[100] તેઓ વૈરાગ્યરૂપ હાથોને અફાળતા 'અહં બ્રહ્મ' ભાવના બળથી તરીને નિર્વિઘ્ન મુક્તિરૂપ તટપર આવી નીકળે છે.[1] એ ઉપાયવડે જેઓ મને ભજે છે, તેઓ જ આ માયારૂપ નદીમાંથી તરીને પાર પડી શકે છે. પરન્તુ એવા ભક્તો વિશેષ હોતા નથી; બહુ જ વિરલ હોય છે.[2]

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यंते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ १५ ॥
चतुर्विधा भजंते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ १६ ॥

[માયાએ જેમના જ્ઞાનને નષ્ટ કરેલું છે અને જેમણે આસુરી પ્રકૃતિનો આશ્રય કરેલો છે એવા પાપી અને મૂર્ખ નરાધમ મારે શરણે આવતા નથી. હે અર્જુન, હે ભરતશ્રેષ્ઠ, આર્ત્ત (રોગાદિવડે પીડિત), જિજ્ઞાસુ (ભગવત્ તત્ત્વને જાણવાની ઇચ્છાવાળા), અર્થાર્થી (ભોગેચ્છુ) અને જ્ઞાની એવા ચાર પ્રકારના પુણ્યવાન્ લોકો મને ભજે છે. ૧૫-૧૬]

કારણ કે, તે એક વિના ઇતર સર્વ પ્રાણીઓમાં અહંકારરૂપ ભૂતનો સંચાર થયેલો હોવાથી તેમને આત્મસ્વરૂપનું વિસ્મરણ થયેલું હોય છે.[3] એમ થવાથી તેમને નિયમરૂપ વસ્ત્રનું ભાન રહેતું નથી, અધોગતિની લજ્જાનો લોપ થાય છે અને તેઓ વેદવિરુદ્ધ વર્ત્તન કરે છે.[4] હે અર્જુન, તેઓ આ શરીરરૂપ ગ્રામમાં જે કાર્ય માટે આવેલા હોય છે, તે સર્વ કાર્યભાગને ત્યાગી દઇને,[5] આ ઇન્દ્રિય સમુદાયરૂપ રાજમાર્ગમાં અહંતા અને મમતાની ગડબડ કરવા માટે કામ અને ક્રોધાદિક વિકારોના સમુદાયને એકત્ર કરે છે,[6] અને દુઃખ અને શોકના આઘાતો થતા હોવા છતાં પણ તેમને એનું સ્મરણ માત્ર પણ હોતું નથી. એનું કારણ એ જ કે, તેઓ માયાવડે ગ્રસ્ત હોય છે,[7] અને તેથી મારાથી વંચિત થાય છે; પરંતુ માત્ર ચાર જણે જ મારું ભજન કરીને આત્મહિતને વૃદ્ધિગત કરેલું છે.[8] એ ચારમાંના પ્રથમને આર્ત્ત, બીજાને જિજ્ઞાસુ, ત્રીજાને અર્થાર્થી અને ચોથાને જ્ઞાની નામથી ઓળખવામાં આવે છે.[9]

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥ १७ ॥

[તેમાં, જ્ઞાની નિરંતર મારામાં તત્પર હોઇને એક નિષ્ઠાથી મારી ભકિત કરતો હોવાથી શ્રેષ્ઠ છે. જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે, મને અતિશય પ્રિય છે. ૧૭]

આર્ત્ત (રોગપીડિત) પોતાના દુઃખના નિવારણ માટે મને ભજે છે; જિજ્ઞાસુ જન જ્ઞાનની પ્રાપ્તિ માટે મને ભજે છે અને ત્રીજો જે અર્થાર્થી તે દ્રવ્ય (ધન) ની પ્રાપ્તિ માટે મારું ભજન કરે છે.[110] પરંતુ જે ચોથો છે, તેનું કાંઇપણ કર્ત્તવ્ય ન હોવા છતાં મને તે ભજે છે અને એટલા માટે તે જ્ઞાની પુરુષ જ મારો ભક્ત છે, એમ જાણજે.[11] કારણ કે, તેના જ્ઞાનના પ્રકાશવડે ભેદાભેદરૂપ અંધકારનો લોપ થાય છે અને ત્યારપછી મારી સાથે તેનું ઐક્ય થઇને તે મદ્રૂપ થઈ બેસે છે અને તેની ભક્તિ પણ યથાસ્થિત કાયમ હોય છે.[12] પરંતુ સ્ફટિક મણિ જેમ ઉદકમય દેખાય છે, તેજ પ્રમાણે બીજાઓને એ જ્ઞાની પુરુષ દેખાય છે અને એ કૌતુક કાંઈ

વર્ણવી જ શકાતું નથી.[૧૩] જેવી રીતે ગગનમાં વાયુ શાંત થવા પછી તેનું વાયુત્વ ભિન્ન અવશિષ્ટ રહેતું નથી, તે જ પ્રમાણે જો કે એ મદ્રૂપ થાય છે, છતાં તેની ભક્ત તરીકેની મહત્તા જતી રહેતી નથી.[૧૪] જો વાયુને હીલવીને જોવામાં આવે તો તે ગગનથી ભિન્ન દેખાય છે અથવા ભાસે છે, પરંતુ એ વિના ગગન અને વાયુ જેવી રીતે એક જ હોય છે;[૧૫] તે પ્રમાણે જ, શરીરસંબંધી સર્વ કર્મોનાં આચરણથી તે મારો ભક્ત ભાસે છે, પરંતુ સ્વાનુભવના યોગે તે મદ્રૂપ જ હોય છે,[૧૬] અને જ્ઞાનપ્રાપ્તિના પ્રકાશથી હું જ તેનો આત્મા છું, એમ તે જાણે છે, એટલા માટે હું પણ સંતોષ પામીને તેને પોતાનો આત્મા જ કહું છું.[૧૭] જે જીવત્વથી પર ચિહ્નને સમજી લઇને વ્યવહારમાં વર્ત્તે છે, તે દેહ ધારણ કરવાવડે મારાથી ભિન્ન થઈ શકે ખરો કે? કદાપિ નહિ.[૧૮]

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥ १८ ॥

[એ સર્વ શ્રેષ્ઠ જ છે; પરંતુ તેમાં પણ જ્ઞાની તો મારો આત્મા જ છે, એમ હું માનું છું. કારણ કે, તે મારામાં ચિત્ત રાખીને મને જ સર્વોત્તમ ગતિ માની મારો જ આશ્રય કરે છે. ૧૮]

અર્થાત્, પોતાના હિત માટે ગમે તે મનુષ્ય મારી ભક્તિ કરે છે, પરંતુ હું જેનામાં પ્રીતિ કરું છું, એવો એક ભક્ત તો કેવળ જ્ઞાની જ છે.[૧૯] દૂધની આશાથી સર્વ લોકો ગાયને દામણુ બાંધે છે; પરંતુ પોતાના વાછડા કે વાછડીને તો ગાય દામણુ વિના જ દૂધ પાય છે.[૨૦] એનું કારણ એ છે કે, તે વાછડું બીજી ત્રીજી વાતને ન જાણતાં તન મન પ્રાણથી કેવળ પોતાની માતાને જ ઓળખે છે અને તે જે કોઈપણ વસ્તુ જુવે છે તે મારી માતા છે, એમ જ સમજે છે.[૨૧] એવી રીતે, તે વાછરડું અનન્ય ભક્ત-માતૃભક્ત-હોય છે અને તેથી ગાયની પણ તેનામાં તેવી જ પ્રીતિ હોય છે. અર્થાત્ એથી લક્ષ્મીપતિ (કૃષ્ણ) જે બોલ્યા, તે સત્ય જ છે.[૨૨] તેઓ આગળ વધીને કહે છે કેઃ-જ્ઞાની વિના તને જે મેં બીજા ભકતો કહ્યા, તેઓ પણ મારા પ્રિય ભક્તો છે.[૨૩] તેમને મારું જ્ઞાન થવા પછી તેઓ પાછા ફરવાનું-મારાથી વિમુખ થવાનું-ભૂલી જાય છે. જેવી રીતે નદી મહાસાગરમાં મળી ગયા પછી તેનું પાછું ફરવું નથી થતું;[૨૪] તેવી જ રીતે જેની અંતઃકરણરૂપ દરીમાંથી-ગુફામાંથી અનુભવરૂપ ગંગા નિકળીને મારામાં આવી મળી હોય છે, તે મદ્રૂપ જ થયેલો છે. એનું વિશેષ વર્ણન કેટલુંક કરું વારુ?[૨૫] જો કે, જેને જ્ઞાની કહે છે, તે મારો જીવ કે પ્રાણ છે, એ વાર્ત્તા કોઈને કહેવાની નથી; તો પણ એ ન બોલવાની વાત મેં પ્રસંગોપાત્ત તને કહી દીધી છે.[૨૬]

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ १९ ॥

[જ્ઞાની પુરુષને, બહુ જન્મ પછી 'સર્વ વાસુદેવરૂપ છે' એવા પ્રકારે મારી પ્રાપ્તિ થાય છે, એવો એ મહાત્મા મહાન્ દુર્લભ છે. ૧૯]

જે વિષયરૂપ ઘાટી ઝાડીમાંથી કામ ક્રોધ આદિ સંકટોને ટાળીને સદ્વાસનાના પર્વતપર ચઢી આવેલો હોય છે.[૨૭] અને ત્યાર પછી હે અર્જુન, સાધુઓના સમાગમથી, સત્કર્મોના સરળ માર્ગમાં, દુરાચરણોના આડા માર્ગને ત્યાગીને[૨૮] અને આસ્થા (ફલાશા) ના બંધનને પગમાં

ન નાંખતાં સેંકડો જન્મ ભક્તિની વાટે ચાલનારો જે જ્ઞાની ભક્ત હોય છે, તે ફળના હેતુનો કદાપિ હિસાબ કરતો જ નથી અને તે કરે પણ ખરો કે?[૧૨૯] એ પ્રમાણે શરીરવિષયક અજ્ઞાનરૂપ રાત્રિએ ઉપાધિરહિત માર્ગને કાપતાં સહજ કર્મનો ક્ષય થાય છે અને જ્ઞાનોદયરૂપ વા વાય છે,[૧૩૦] તે જ સમયે ગુરુકૃપારૂપ ઉષઃકાળ થાય છે અને ત્યાર પછી જ્ઞાનરૂપ સૂર્યનાં કોમળ કિરણો પડતાં સમદૃષ્ટિરૂપ ઐશ્વર્ય તેને દેખાવા માંડે છે.[૩૧] એ સમયે તે જ્યાં જ્યાં નજર દોડાવે છે, ત્યાં ત્યાં સર્વત્ર માત્ર મારા વિના બીજું કાંઈ પણ તેના જોવામાં આવતું નથી; અથવા તો કદાચિત્ તે સ્વસ્થ થઇને બેસી રહે, તોપણ ત્યાં તેને હું જ દૃષ્ટિગોચર થયા કરું છું.[૩૨] વધારે શું કહેવું? તેને સર્વત્ર મારાવિના બીજું કાંઈ દેખાતું જ નથી. જેવી રીતે પાણીમાં ડૂબેલા ઘડાની અંદર અને બહાર કેવળ પાણી જ હોય છે;[૩૩] તેવી રીતે હું તેની અંદર અને બહાર તથા તે મારા અંતરમાં છે; એ વાર્તા બોલી બતાવવા જેવી નથી.[૩૪] અર્થાત્ એવી રીતે તેને જ્ઞાનનો ભંડાર જ દૃષ્ટિગોચર થાય છે અને તે જ્યાં જ્યાં સંચાર કરે છે, ત્યાં ત્યાં તેને 'હું જ વિશ્વ છું' એવો જ ભાસ થયા કરે છે.[૩૫] આ સર્વ વિશ્વમાં વાસુદેવ જ પ્રસરેલો છે, એવો તેનો પૂર્ણ અનુભવ હોય છે અને એટલા માટે સર્વ ભકતોમાં તે જ સર્વશ્રેષ્ઠ અને તે જ જ્ઞાની છે.[૩૬] હે ધનુર્ધર, જેના અનુભવના ભંડારમાં સર્વ ચરાચર વિશ્વ સંગ્રહિત થયેલું હોય, એવો મહાત્મા અતિશય દુર્લભ છે.[૩૭] એ ઉપરાંત હે અર્જુન, અનેકો મને ભજે છે, પરંતુ તેમની ભક્તિ કેવળ વિષય સુખની આશાવાળી છે; કારણ કે, આશાતિમિરથી તેમની દૃષ્ટિ વિષયાંધ થયેલી હોય છે;[૩૮]

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यंतेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥ २० ॥

[જૂદી જૂદી કામનાઓવડે જેમનું જ્ઞાન નષ્ટ થયેલું છે અને જે અજ્ઞાનીઓ પોતપોતાના સ્વભાવને આધીન થયેલા છે, તેઓ (જે જે દેવતાનો જે જે ઉપાસનાનિયમ હોય,) તે તે નિયમનું અવલંબન કરીને (મારા–આત્મરૂપ વાસુદેવથી ભિન્ન) બીજા દેવતાઓને ભજે છે. ૨૦]

અને ફળની ઈચ્છાથી તેમના હૃદયમાં કામનો સંચાર થયો કે, તેના સંસર્ગથી જ્ઞાનરૂપ દીપક ઓલવાઈ જાય છે.[૩૯] એવી રીતે તેમને અંતર્બાહ્ય અંધકાર થઈ જવાથી હું તેમની પાસે–સમક્ષ–હોવા છતાં પણ તેઓ મારાથી વંચિત થાય છે અને પછી સર્વ ભાવથી બીજા દેવોને ભજવા મંડી જાય છે.[૧૪૦] પ્રથમથી જ તેઓ માયાને આધીન થયેલા હોય છે અને અધૂરામાં પૂરું વળી ફળની પ્રાપ્તિ માટે દીન-કંગાલ-બનેલા હોય છે, એટલે પછી તેમની અધોગતિનું પૂછવું જ શું વારુ? તેઓ લંપટ થઇને મહાકૌતુકથી દેવોની કેવી ભક્તિ કરે છે, એ જાણવા યોગ્ય છે![૪૧] કયા નિયમથી અને ઉપચાર દ્રવ્યથી તેમ જ યથાવિધિ, દેવને શી શી વસ્તુઓ અર્પવી જોઇએ, તેમાં બરાબર ધ્યાન આપીને તે દેવને જે જે ઉપચારો ગમતા હોય છે, તે તે ઉપચારો તેઓ કરે છે.[૪૨]

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ २१ ॥

[જે જે ભક્ત જે જે દેવતામાં ભક્તિ રાખીને શ્રદ્ધાથી આરાધના કરવા ઈચ્છે છે, તેની તે શ્રદ્ધાને હું જ તે તે દેવતામાં સ્થિર કરું છું. ૨૧]

પરંતુ જે જે મનુષ્ય જે જે દેવતાની કેવળ ફળમાટે જ ઉપાસના કરે છે, તેની તે ઇચ્છાને પણ હું જ પૂર્ણ કરું છું.[૪૩] દેવ અને દેવી હું જ છું; પરન્તુ તેનો પોતાનો એવો નિશ્ચય (ભાવ) પણ હોતો નથી અને તેથી તે તે વિશિષ્ટ દેવમાં તેનો જૂદો જૂદો ભાવ જ હોય છે.[૪૪]

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।

लभते च ततः कामान्मयैव विहितान्हितान् ॥ २२ ॥

[તે, તે શ્રદ્ધાથી યુક્ત થઇને તે દેવતાના આરાધનનો પ્રયત્ન કરે છે; અને ત્યાર પછી મેં જ નિર્માણ કરેલી તેની તે કામનાઓ પૂર્ણ થાય છે. ૨૨]

ત્યાર પછી તેમને જે જે દેવતાની શ્રદ્ધા હોય છે, તે તે દેવતાની પોતાની કાર્યસિદ્ધિ થતાં સૂધી તેઓ યથાવિધિ પૂજા કરે છે.[૪૫] એ પ્રમાણે જે કોઈ જે ફળની ઇચ્છા રાખે છે, તે ફળ તેને પ્રાપ્ત થાય છે. પરંતુ એ સર્વ મારી પાસેથી જ (તેમને) મળે છે.[૪૬]

अंतवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।

देवान्देवयजो यांति मद्भक्ता यांति मामपि ॥ २३ ॥

[(પરંતુ અન્ય દેવતાઓને ભજનારા તે) અલ્પબુદ્ધિ મનુષ્યોને પ્રાપ્ત થનારું તે ફળ નાશવંત હોય છે. દેવતાઓના ભક્ત દેવતાઓને જઇ મળે છે અને મારા ભકતો મને આવી મળે છે. ૨૩]

પરંતુ તે ભકતો મને જાણુતા નથી; કારણ કે, તેઓ આશાના પાશ (બંધન)થી મુક્ત થતા નથી, (તેમાં જ ફસાઈ રહે છે;) અને એટલા માટે જ તેમને તેમનાં ઇચ્છિત નાશવંત ફળો જ પ્રાપ્ત થાય છે.[૪૭] કિંબહુના એવા પ્રકારનું જે ભજન, તે સંસારનું સાધન જ છે. નહિ તો એનો ફળભોગ તે સ્વપ્નગત ક્ષણિક સુખસમાન જ છે.[૪૮] એ વાતને હવે એક તરફ જ રહેવા દઈએ-ભલેને તે તેનું મનોગમતું દૈવત હોય, પરંતુ તે દેવતાનું પૂજન કર્યું, એટલે તે દેવત્વને તો પામે છે જ.[૪૯] નહિ તો, તનમન સમર્પણ કરીને જેઓ કેવળ મારી ભક્તિના માર્ગમાં જ લાગે છે, તેઓ દેહાંતે મારી પાસે જ આવે છે.[૧૫૦]

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यंते मामबुद्धयः ।

परं भावमजानंतो ममाव्ययमनुत्तमम् ॥ २४ ॥

[મારા ઉત્કૃષ્ટ, અવિનાશી અને અત્યુત્તમ ભાવને ન જાણુનારા અજ્ઞાની લોકો હું અવ્યક્ત હોવા છતાં મને દેહધારી માને છે. ૨૪]

પણ પ્રાણીઓ તેમ કરતા નથી અને એથી વિનાકારણ પોતાના હિતની હાનિ કરીને (બીજા દેવોની પૂજાથી અલ્પ ફળની પ્રાપ્તિ કરી લઇને) હથેલીમાંના પાણીમાં તર્યા પ્રમાણે કરી બેસે છે.[૫૧] અથવા તો અમૃતના સમુદ્રમાં ડુબ્યા હોઈએ ત્યાં પછી મોઢું બંધ શાને કરી રાખવું વારુ? અને મનમાં ખાબોચિયામાંના ગંદા પાણીની સ્મૃતિ શા માટે રાખવી?[૫૨] અમૃત સરોવરમાં સંચાર કરવા છતાં મરવાનો ઉપચાર શામાટે કરવો? અમૃતમાં સુખથી અમૃતરૂપ થઇનેજ શાને ન રહેવું?[૫૩] તેજ પ્રમાણે, હે ધનુર્ધર, ફળના આશારૂપ પાંજરાને ત્યાગીને અનુભવરૂપ પાંખોવડે (સંચાર કરીને) ચિદાકાશના (ભગવત્ સ્વરૂપના) સ્વામી શામાટે ન થવું?[૫૪] તે ચિદાકાશ, આપણે ગમે તેટલી ઊંચાઇએ ઊડવાની ઇચ્છા કરીએ, તોય સુખપૂર્વક તેટલું ઉડ્ડાણ કરવા માટે વિસ્તરેલું છે.[૫૫] એવા ચિદાકાશને-મને-માપી શકાય તેટલા સંકુચિત વિસ્તારમાં

શામાટે લાવી મૂકવું જોઇએ ? હું નિરાકાર હોવા છતાં મને સાકાર માનવાની શી આવશ્યકતા છે વારુ ? હું સિદ્ધ હોવા છતાં મારી પ્રાપ્તિ માટે કોઇએ પણ સાધનોવડે ક્ષીણ શા માટે થવું જોઇએ ?[૫૬] પરંતુ, હે અર્જુન, જો ખરું કહું તો બહુધા આ બોલવું કોઇને ગમતું જ નથી.[૫૭]

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।

मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥ २५ ॥

[યોગમાયાથી વ્યાપ્ત જે હું, તે સર્વને સ્પષ્ટ દેખાતો નથી. આ મૂઢ લોકો જન્મને પ્રાપ્ત ન થનારા અને અવિનાશી એવા મને જાણતા–ઓળખતા–નથી. ૨૫]

કારણ કે, યોગીઓ માયાના પટલથી–વસ્ત્રથી અંધ બનેલા હોય છે અને એટલા માટે દેહ બુદ્ધિના બળથી પ્રકાશરૂપ જે હું, તે મને તેઓ દેખતા નથી.[૫૮] નહિ તો, જેમાં હું ન હોઉં, એવી એક પણ વસ્તુ છે ખરી કે ? કોઇપણ પાણી રસરહિત હોઇ શકે ખરું કે ?[૫૯] વાયુ કોને સ્પર્શ નથી કરતો વારુ ? આકાશનો સંચાર અથવા વિચાર કિંવા સમાવેશ કયા સ્થાનમાં નથી વારુ ? સારાંશ કે, સમસ્ત વિશ્વમાં હું જ ભરેલો છું.[૬૦]

वेदाहं समतीतानि वर्त्तमानानि चार्जुन ।

भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ २६ ॥

[હે અર્જુન, આગળ થઇ ગએલાં, વર્તમાન અને હવે પછી થનારાં ભવિષ્યને હું જાણું છું, પરંતુ મને કોઇ જાણતું નથી. ૨૬]

આ જગતમાં જેટલાં પ્રાણીઓ થઇ ગયાં છે, તેમનામાં હું જ હતો અને જેઓ અત્યારે વિદ્યમાન છે, તેમનામાં પણ હું જ છું.[૬૧] અથવા તો જેઓ હવે પછી (ઉત્પન્ન) થવાનાં છે, તેઓ પણ મારાથી ભિન્ન નથી; પરંતુ આ કેવળ બોલવું જ છે. બાકી ખરી રીતે તો કાંઇ પણ થતું નથી અને કાંઇ જતું પણ નથી.[૬૨] જેવી રીતે દોરીના સર્પ વિશે, તે કાળો, લીલો કે પીળો છે, એવી કશી પણ કલ્પના કરી શકાતી નથી, તેવી જ રીતે પ્રાણીમાત્ર મિથ્યા હોવાથી તેમના વિશે પણ કાંઇ કલ્પના થવી શકય નથી.[૬૩] હે પાંડુપુત્ર, એવી રીતે હું સદા-સર્વદા અખંડ છું; પ્રાણીમાત્રની પાછળ જે સંસારનો ભાર લાગેલો છે, તેનું કારણ જૂદું જ છે.[૬૪] એટલા માટે તે વિશે હું તને થોડુંક કહી સંભળાવું છું, તે વાત સાંભળ; અભિમાન અને શરીર એ ઉભયનો જ્યારે સ્નેહ બંધાયો;–[૬૫]

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।

सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥ २७ ॥

[હે પરંતપ ભારત, ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા સુખ દુ:ખરૂપ મોહવડે સર્વ ભૂતો પ્રમાદી બનીને ઉત્પત્તિ કાળે મોટા ગોટાળામાં પડી જાય છે. ૨૭]

એટલે એ બન્નેના સ્નેહથી ઇચ્છારૂપ કન્યા ઉત્પન્ન થાય છે અને તે પોતાના પૂર્ણ યૌવનમાં તેનું દ્વેષ સાથે લગ્ન થાય છે.[૬૬] તે ઉભયના સંયોગથી (સુખ દુ:ખરૂપ) દ્વંદ્વમોહ નામક પુત્રનો જન્મ થાય છે અને ત્યાર પછી તેમનું અહંકારરૂપ પિતામહ લાલન પાલન કરે છે.[૬૭] તે દ્વંદ્વમોહ નિત્ય ધૈર્ય અને ઇન્દ્રિયદમનને પ્રતિકૂલ અને આશારૂપ દુગ્ધવડે પુષ્ટ થયેલો હોય છે.[૬૮] હે ધનુર્ધર, અસંતોષરૂપ મદ્યપાનવડે ઉન્મત્ત થવાથી તે વિષયોના ઉપભોગથી કંટાળતો નથી.[૬૯] તેણે

શુદ્ધ ભક્તિના માર્ગમાં વિકલ્પના કાંટા પાથરીને પછી કુમાર્ગની આડી વાટો કાઢેલી હોય છે.[70] એના યોગે સર્વ પ્રાણી માત્ર ભ્રમિષ્ઠ થઇને સંસારરૂપ અરણ્યમાં જઇ પડે છે અને ત્યાં તેમને અસહ્ય દુઃખોના આઘાતો સહન કરવા પડે છે.[71]

येषां त्वंतगतं पापं जनानां पुण्यकर्मणाम् ।

ते द्वंद्वमोहनिर्मुक्ता भजंते मां दृढव्रताः ॥ २८ ॥

[પરંતુ પુણ્યકર્મના યોગે જેમનાં પાતકોનો ક્ષય થયેલો છે, તે દૃઢ નિશ્ચયી જનો, સુખ દુઃખના મોહથી મુક્ત થઇને મને ભજે છે. ૨૮]

એ પ્રમાણે વિકલ્પના તીક્ષ્ણ, પરંતુ નિષ્ફળ કાંટાઓને જોઇને જેમનાથી મતિભ્રમ થવાનો સંભવ હોય તેમને જેઓ માનતા નથી,[72] જેઓ ભક્તિની એક નિષ્ઠાની પગરવટમાં આગળ વધતાં વિકલ્પના કાંટાઓને ચગદી નાંખે છે, તેઓ મહાપાતકના અરણ્યને ત્યાગીને સરળ માર્ગમાં જ ચાલવા માંડે છે.[73] ત્યાર પછી પુણ્યના માર્ગમાં ઊતાવળથી ચાલીને તેઓ મારા સાક્ષાત્કાર (સાન્નિધ્ય) ને પામે છે અને એ પ્રમાણે (કામ ક્રોધ આદિ) વાટપાડુઓના સપાટામાંથી છૂટે છે.[74]

जरामरणमोक्षाय मामाश्रित्य यतंति ये ।

ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥ २९ ॥

[જેઓ મારા આશ્રયથી જરામરણના બંધનમાંથી મુક્ત થવાનો યત્ન કરે છે, તેઓ તે બ્રહ્મને જાણે છે; અને સર્વ અધ્યાત્મ અને સર્વ કર્મને પણ જાણે છે. ૨૯]

હે પાર્થ ! જન્મ મરણના ચક્ર (ફેરા)માંથી છોડવનારું જે સાધન છે, તેને પ્રાપ્ત કરવાની જેમના મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે,[75] તેમને, તેમનો તે પ્રયત્ન ફળરૂપ થતાં બ્રહ્મપ્રાપ્તિ થાય છે અને પાકા ફળના રસ પ્રમાણે તેઓ પૂર્ણતાને પામે છે.[76] તે વેળાએ તેમને 'અમે ધન્ય છીએ' એવો ભાસ થાય છે અને સમસ્ત જગતમાં આનંદ અને આનંદ ભરેલો જ દેખાય છે; ત્યાર પછી તેમની આત્મજ્ઞાન વિશેની હોંસ પૂરી થવાથી કર્મો તો તેમને ઠેકાણે જ રહી જાય છે અને તેમનું મન શાંત થાય છે.[77] હે ધનંજય ! એવી રીતે તેમને આત્મજ્ઞાનનો લાભ થાય છે કારણ કે, તેમના એ પરમાર્થમય વ્યાપારમાંની થાપણ હું જ છું.[78] તેમને સમદૃષ્ટિરૂપ વ્યાજ મળે છે અને તેમની ઐક્યરૂપ સંપત્તિની સમૃદ્ધિ થાય છે-એથી ભેદરૂપ દીનતાનું સ્મરણ માત્ર પણ અવશિષ્ટ રહેતું નથી.[79]

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।

प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ३० ॥

[જે યોગીઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞસહિત મને જાણે છે, તે સ્વસ્થચિત્ત પુરુષો મરણ કાળે પણ મને જાણે છે. ૩૦]

જેમણે અનુભવના હાથવડે માયાવશ જીવને પકડીને પાંચભૌતિકો સહિત મને સ્પર્શ કરેલો છે;[80] અને જેમના જ્ઞાનના વેગે મને અધિયજ્ઞ દૃષ્ટિથી જોયેલો છે, તેમને શરીરના વિયોગથી (મરણ સમયે) દુઃખ થતું નથી.[81] નહિ તો આયુષ્યની દોરી તૂટવાની અણીપર આવી

પહોંચે છે, તે વેળાએ પ્રાણીઓ એટલી બધી આપદા અને વિક્ષોભમાં પડી જાય છે કે, તેની તે સ્થિતિને જોઇને ન મરનારાના ચિત્તને પણ પ્રલયકાળમાં ખેંચાઇ જવાનો ભાસ થાય છે.[૮૨] પરંતુ જે મદ્રૂપ–મારારૂપ–થયેલા, એટલે સર્વ જગતને અસાર જાણી, સારરૂપ જે હું તેનામાં તલ્લીન થયેલા છે, તેઓ પ્રાણાંતે પણ મને છોડતા નથી. હવે એમ કેમ કરીને થાય છે, એ મારાથી કહી શકાય એમ નથી; (એ તો જે અનુભવે છે તે જ જાણે છે, પણ તે અનિર્વચનીય છે.)[૮૩] તારે એમ બરાબર સમજવું કે, જેઓ એવા પ્રકારે પૂર્ણ જ્ઞાની છે, તેઓ જ અંતઃકરણપૂર્વક મારા ઐક્યને પામેલા છે.[૮૪]

આ તત્ત્વનું કથન કરતી વેળાએ શ્રીકૃષ્ણના મુખમાંના શબ્દરૂપ (પ્રવાહયુક્ત) પાત્રની નીચે અર્જુનની અવધાનરૂપ અંજલિ નહોતી; કારણ કે ક્ષણમાત્ર તેનું ધ્યાન અન્ય દિશામાં દોરવાઈ ગયું હતું.[૮૫] તે સ્થાનમાં એ બ્રહ્મ પ્રતિપાદક વાક્યરૂપ ફળો જ વિપુલ અર્થરૂપ રસથી ભરેલાં હતાં અને તેમનો ભક્તિરૂપ સુવાસ ચારે તરફ પ્રસરી ગયો હતો.[૮૬] તે વેળાએ શ્રીકૃષ્ણકૃપારૂપ મંદ વાયુના યોગે, શ્રીકૃષ્ણરૂપ વૃક્ષપરથી વચનરૂપ ફળો અર્જુનના શ્રવણરૂપસદનમાં સહજ આવીને પડ્યાં ![૮૭] તે ફળો વેદાંત સિદ્ધાંતનાં જ બનેલાં હતાં, બ્રહ્મરસના સાગરમાં ડુબાવેલાં હતાં અને તે જ પ્રમાણે પરમાનંદરૂપ શર્કરામાં ઘોળેલાં હતાં.[૮૮] એવી રીતે તૈયાર થયેલાં નિર્મળ ફળોના અર્થરૂપી ગર્ભનો લાભ થાય તો સારું, એવી અર્જુનના મનમાં ઇચ્છા ઉત્પન્ન થવાથી તે વિસ્મયરૂપ અમૃતના ઘુટડા ગળવા લાગ્યો.[૮૯] એવા પ્રકારનું સુખ થવાથી તે ગાંડો બનીને સ્વર્ગસુખને દર્શાવવા લાગ્યો અને તેના અંતઃકરણમાં ગલગલિયાં થવાં લાગ્યાં.[૧૯૦] એ પ્રમાણે તે ફળના બાહ્ય સ્વરૂપને જોઇને તેનો આનંદ વધવા લાગ્યો, એટલે તત્કાળ તેની જિહ્વાને તે ફળને ચાખી સ્વાદ લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ.[૯૧] તત્કાળ અનુમાનરૂપ હસ્તમાં, શ્રીકૃષ્ણ વાક્યરૂપ ફળો લઇને તે પોતાના અનુભવરૂપ મુખમાં મૂકવા લાગ્યો. [૯૨] પરન્તુ તે ફળો વિચારરૂપ જિહ્વાથી ચખાય અને હેતુરૂપ દાંતથી ચવાય એવાં નથી; એ જાણીને સુભદ્રાપતિ અર્જુન તેમને મુખ લગાડતાં અચકાયો[૯૩] અને ચમત્કાર ભાસવાથી કહેવા લાગ્યો કે;–"અરે પાણીમાં દેખાતાં નક્ષત્રો પ્રમાણે આ અક્ષરોની સુંદરતાથી અક્ષરોને ફળ ધારી–માની–ને હું ફસાયો ![૯૪] આ અક્ષરોનાં પદો નથી, કિન્તુ કેવળ આકાશની ઘડીઓ જ છે અને મારી બુદ્ધિ એમાં ગમે એટલી ડુબકીઓ મારે, તોપણ કાંઇ એનું તળિયું દેખાય કે મળે તેમ નથી જ."[૯૫] જ્યારે એ ફળો ખાઇ શકાતાં નથી તો પછી એમના સ્વાદને જાણી કેવી રીતે શકાશે ? મનમાં એવા પ્રકારની વાર્ત્તા લાવીને અર્જુને પુનઃ યાદવેન્દ્ર શ્રીકૃષ્ણપ્રતિ જોયું,[૯૬] અને પછી અર્જુને શ્રી દેવની પ્રાર્થના કરીને કહ્યું કે:-"હે દેવ ! આ જે એકત્ર થયેલાં સાત પદો છે, તેમનો કદાપિ કોઇએ પણ સ્વાદ લીધો નથી, એ એક મહા આશ્ચર્યની વાર્ત્તા છે.[૯૭] નહિ તો, લક્ષપૂર્વક શ્રવણ ન કરવા છતાં કેવળ શ્રવણના બળથી જ (લક્ષ વિના જ શ્રવણ કર્યું હોય તો) અનેક (સાધારણ) સિદ્ધાંતોનું તાત્પર્ય બોલીને વ્યક્ત કરી શકાય ખરું કે ?[૯૮] (નહિ જ.) અને તેમાં પણ હે દેવ! આપનું આ કથન કાંઈ સાધારણ નથી. આ અક્ષરોને માત્ર જોવાથી જ વિસ્મય પામેલને પણ મહા આશ્ચર્ય થવાનો સંભવ છે.[૯૯] હજી તો કાનોના ઝરુખામાંથી વચનરૂપ કિરણો અંદર ગયાં ન ગયાં, એટલામાં ચમત્કાર મુગ્ધ થવાથી મારું ધ્યાન ખૂટી ગયું (મતિ ચાલતી અટકી ગઇ).[૧૦૦] એ શબ્દોના અર્થને સમજવાની મારી અત્યંત ઇચ્છા છે અને આટલું કહેવામાં જે અલ્પ સમય વ્યતીત થાય છે, તેટલા સમય સૂધી પણ ધૈર્ય ધારણ કરવાની મારામાં શક્તિ નથી. અર્થાત્, હે દેવ ! સત્વર કહો."[૧] એ પ્રમાણે, ગત પ્રત્યંતરને લઇ, હવે પછીના અભિપ્રાયમાં દૃષ્ટિ રાખી અને વચ્ચે પોતાની સાંભળવાની ઇચ્છા દર્શાવી અર્જુને કહ્યું.[૨] પ્રશ્ન કરવાની અર્જુનની શૈલી

કેવી છે તે તો જરા જુવો. મર્યાદાનું ઉલ્લંઘન ન કરવાં તે શ્રીકૃષ્ણના હૃદયને પ્રેમાલિંગન આપવાને જ તૈયાર થયો![૩] અહો, જે વેળાએ શ્રી ગુરુને કાંઈપણ પૂછવું હોય; ત્યારે તે આવી જ મર્યાદાથી પૂછવું પડે છે. તેમની મર્યાદાને કાયમ રાખીને કેવી રીતે પ્રશ્ન કરવો, એ તો માત્ર એક સવ્યસાચી અર્જુન જ જાણે છે.[૪] હવે તેનું એ પ્રશ્ન અને તે પ્રશ્નનું સર્વજ્ઞ શ્રી હરિએ આપેલું ઉત્તર ઈત્યાદિ કથા સંજય કેવા પ્રેમથી કહે છે, તે જુઓ.[૫] જે વાર્તા સરળ મરાઠી ભાષામાં કહેવામાં આવવાની છે, તેમાં પૂર્ણ ધ્યાન આપો; અને તે ધ્યાન એવું હોવું જોઇએ કે, જેના યોગે શ્રવણોથી પ્રથમ દૃષ્ટિ જ તેના અર્થને જોઈ શકે.[૬] બુદ્ધિરૂપ જિહ્વાથી તે શબ્દના રસને ન ચાખતાં અક્ષરની શોભાથી જ ઇંદ્રિયો તટસ્થ થઈ જવી જોઇએ.[૭] માલતી પુષ્પની કલિકાઓનો સ્વાદ નાસિકાને તો મળી શકે છે જ; પરંતુ તેમના બાહ્ય સૌન્દર્યથી નેત્રોને પણ આનંદ નથી મળતો શું?[૮] એ જ પ્રમાણે, મરાઠી ભાષાની શોભાથી ઇન્દ્રિયો સુખનું રાજ્ય કરશે અને ત્યાર પછી તરત સિદ્ધાંતના ગ્રામમાં જઈ પહોંચશે.[૯] એવી સુંદરતાથી જે બોલવું સાંભળવાથી બોલવું જ બંધ થાય છે, તે સાંભળો, એમ નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે.[૨૧૦]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે જ્ઞાનવિભાગયોગ,
નામનો અધ્યાય સાતમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો અષ્ટમ અધ્યાય.

અક્ષરબ્રહ્મયોગ.

अर्जुन उवाच—किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥ १ ॥

[અર્જુને કહ્યું;-"હે પુરુષોત્તમ, તે બ્રહ્મ એટલે શું? અધ્યાત્મ એટલે શું? કર્મ એટલે શું? અધિભૂત શાને કહે છે? અને અધિદૈવ કોને કહે છે? ૧]

ત્યાર પછી અર્જુને કહ્યું કે:-"હે દેવ! સાંભળ્યું કે? હું જે પૂછું છું તે મને સ્પષ્ટ કરીને કહો.[૧] બ્રહ્મ એટલે શું, કર્મ શાનું નામ છે, અધ્યાત્મ શાને કહે છે,[૨] અધિભૂત કેવું હોય છે અને આ જગતમાં અધિદૈવત શું છે, એ મારાથી સમજી શકાય એવી રીતે કહો.[૩]

अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ॥ २ ॥

[હે મધુસૂદન! આ દેહમાં અધિયજ્ઞ કોણ અને કેવો છે? અને જેમણે અંતઃકરણને જીતેલું છે, એવા યોગીઓ મરણકાળે તમને કેવી રીતે જાણે છે? ૨]

"હે દેવ, અધિયજ્ઞ એટલે શું અને તે આ દેહમાં કોણ છે, એ અનુમાનથી સારી રીતે ધ્યાનમાં આવતું નથી.[૪] હે શાર્ઙ્ગપાણિ, જેમણે અંતઃકરણને સ્વાધીન કરી લીધું છે, તેઓ અંતકાળે તમને કેમ કરીને ઓળખી શકે છે, એ (રહસ્ય) મને સ્પષ્ટ કરી સમજાવો."[૫] જ્ઞાનેશ્વર કહે

છે કે, જુઓ ચિન્તામણિના મંદિરમાં કોઈ એક દૈવવાન મનુષ્ય જઈને સૂઈ ગયો હોય અને જો તે નિદ્રામાં જ લવારો કરે, તો તેનો તે લવારો પણ વ્યર્થ થતો નથી.[૬] તેજ પ્રમાણે, અર્જુનના મુખમાંથી જે વાક્યો નીકળ્યાં, તે સાંભળતાં જ દેવ (શ્રીકૃષ્ણ) કહેવા લાગ્યા કેઃ-"તેં જે કાંઈ પૂછ્યું છે, તેનું ઉત્તર ધ્યાન ધરીને સાંભળ."[૭] કિરીટી, કામધેનુનો વત્સ (વાછડો) હોઇને કલ્પતરુના મંડપમાં બાંધેલો છે અર્થાત્ એથી જો તેના સર્વ હેતુઓ સિદ્ધ થતા હોય તો તેમાં આશ્ચર્ય જેવું શું હોઈ શકે વારુ?[૮] શ્રીકૃષ્ણ ક્રોધમાં આવીને જેને મારે છે, તો તે પણ જ્યાં બ્રહ્મસ્વરૂપને પામી જાય છે, તો પછી તેઓ જેને કૃપાદૃષ્ટિથી ઉપદેશ કરે, તેને શું પ્રાપ્ત ન થાય વારુ?[૯] જે વેળાએ આપણે શ્રીકૃષ્ણના ભક્ત થઇએ છીએ, તે વેળાએ આપણું અંતઃકરણ કૃષ્ણરૂપ બની જાય છે અને ત્યાર પછી સંકલ્પરૂપ આંગણામાં (આપણા મનમાં જે જે સંકલ્પો ઉદ્ભવે, તે સર્વને પૂર્ણ કરવા માટે) ઋદ્ધિસિદ્ધિ આવી સહજ હાથ જોડીને ઊભી રહે છે.[૧૦] પરંતુ એવા પ્રકારનો જે નિસ્સીમ પ્રેમ, તે કેવળ એક અર્જુનમાં જ અમર્યાદ છે અને તેથી જ તેની મનઃકામનાઓ નિત્ય પૂર્ણ થયા કરે છે.[૧૧] એટલા માટે, અર્જુન પોતાના મનમાંની વાત મને પૂછશે, એમ જાણીને શ્રીકૃષ્ણે તૈયાર ઉત્તરની થાળી પીરસીને તેની આગળ રાખી દીધી.[૧૨] સ્તનપાન કરીને દૂર રમતા બાળકને ભૂખ લાગવાની કલ્પના જેમ કેવળ માતા જ કરી શકે છે, કારણ કે માતા કાંઈ બાળકના માગ્યા પછી તેને દૂધ પીવડાવતી નથી;[૧૩] અર્થાત્ કૃપાળુ સદ્ગુરુમાં (પોતાના શિષ્યવિશે) એવો જ પ્રેમ હોય, એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. અસ્તુ. હવે દેવ જે કાંઈ બોલ્યા તે સાંભળો.[૧૪]

श्रीभगवानुवाच—अक्षरं ब्रह्म परमं स्वभावो[redacted] ।

भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३ ॥

[ભગવાને કહ્યુંઃ-બ્રહ્મ અવિનાશી અને શ્રેષ્ઠ છે; સ્વભાવ (બ્રહ્મનું શરીરમાં રહેવું એટલે કે હોવું) એટલે અધ્યાત્મ અને પ્રાણીની ઉત્પત્તિના કારણરૂપ જે વિસર્ગ (યજ્ઞમાં ચરુ પુરોડાશાદિનું જે પ્રદાન) છે, તેને કર્મ કહે છે. ૩]

એ પછી સર્વેશ્વરે કહ્યું કેઃ-જે આ કૂટેલા આકાર (દેહ)માં ઓતપ્રોત ભરેલું હોવા છતાં કદાપિ નાશ પામતું નથી;[૧૫] વળી જો એની સૂક્ષ્મતાને જોઇએ, તો સ્વભાવતઃ તે શૂન્ય નથી. કિન્તુ બહુ જ પાતળા આકાશના પાલવમાં તેને ગાળી લીધેલું છે;[૧૬] એવા પ્રકારનું જો કે તે સૂક્ષ્મ છે તોપણ પ્રાપંચિક જ્ઞાનના સંચામાંથી (શરીરમાંથી) હીલવવા છતાં પણ ગળતું નથી. તેને 'પરબ્રહ્મ' કહેવામાં આવે છે;[૧૭] અને આકાર એટલે કે શરીરના જન્મમાં આવતાં તે (શરીર)ના જે ધર્મો છે તેને તે જાણતું નથી અને તે શરીરનો નાશ થવા છતાં પણ તેનો કદાપિ નાશ થતો નથી.[૧૮] હે સુભદ્રાપતિ, એવી રીતે જે બ્રહ્મની નિરંતર આપણા પોતામાં જ સહજ સ્થિતિ (નિવાસ) હોય છે, તેને અધ્યાત્મ નામથી ઓળખવામાં આવે છે.[૧૯] પછી, નિર્મળ આકાશમાં નાના પ્રકારના રંગવિરંગી અભ્ર એકાએક કેમ અને કેવી રીતે ઉત્પન્ન થાય છે, એ જેમ જાણવામાં આવતું નથી;[૨૦] તે જ પ્રમાણે, તે નિરાકાર શુદ્ધ બ્રહ્મમાં પ્રકૃતિ અને અહંકાર આદિ ભેદોવડે બ્રહ્માંડના આકારોનો આવિર્ભાવ થવા માંડે છે.[૨૧] પરંતુ કલ્પનાતીત શુદ્ધ બ્રહ્મની અકૃષ્ય (ખેડવાને લાયક ન હોય તેવી) પૃથ્વીમાં 'હું બહુ પ્રકારનો થઈશ' એવો સંકલ્પરૂપ અંકુર ઉદ્ભવે છે અને એથી તરત તેને બ્રહ્માંડનો આકાર પ્રાપ્ત થતાં તેથી તે નમી જાય છે.[૨૨] આકારમાં દૃષ્ટિપાત કરવાં તે, તે બીજવડે, એટલે કે બ્રહ્મવડે જ ભરેલો છે, એમ જ દેખાય છે અને તે પ્રત્યેકમાં કેટલા જીવો થાય છે અને ચાલ્યા જાય છે, એની ગણના કરી

શકાતી નથી.[૨૩] ત્યાર પછી તે બ્રહ્માંડના ગોળાના પ્રત્યેક અંશમાંથી અસંખ્ય આદિ સંકલ્પો અર્થાત્ ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે; અર્થાત્ એવી રીતે સૃષ્ટિનો વિસ્તાર થાય છે.[૨૪] પરન્તુ બીજા કોઇ વિના માત્ર એકલું પરબ્રહ્મ તત્ત્વ જ સર્વત્ર ભરેલું હોઇને તે અનેકરૂપે વિભૂષિત થઇ પૂર આવ્યા પ્રમાણે ભાસે છે.[૨૫] એવી જ રીતે, સ્થાવર જંગમ વિશ્વની રચના પણ સહજ થાય છે અને તેમાં અધિકતા અને ન્યૂનતા કેવી રીતે આવે છે, એ પણ સમજી શકાતું નથી; પરંતુ દૃષ્ટિથી એવાં લક્ષાવધિ જાતિઓ ઉત્પન્ન થયેલી દેખાય છે.[૨૬] એ ઉપરાંત જે નાના પ્રકારના જીવોનો વિસ્તાર છે, તેની મર્યાદા કલ્પી શકાતી નથી. એમની ઉત્પત્તિ શામાંથી અથવા કોનામાંથી થાય છે એનું જો અવલોકન કરીએ, તો એમનું મૂળ અવ્યક્ત જ છે, એમ દેખાય છે.[૨૭] અર્થાત્ મૂળમાં કર્તાનું ઠેકાણું ન હોવા છતાં અને અંતમાં કાંઇ કારણ પણ ન હોવા છતાં, વચ્ચે કાર્યની પોતાની મેળે જ વૃદ્ધિ થયા કરે છે.[૨૮] એવી રીતે, અવ્યક્તમાં કર્ત્તા વિના પ્રત્યક્ષ દેખાતા આકારને ઉત્પન્ન કરવાનો જે વ્યાપાર તે વ્યાપારને કર્મ કહેવામાં આવે છે.[૨૯]

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

[હે પુરુષશ્રેષ્ટ, જે નાશવંત વિકાર છે તેને અધિભૂત કહે છે; (સમષ્ટિગત હિરણ્યગર્ભ અને વ્યષ્ટિગત તૈજસ) પુરુષને અધિદૈવત જાણવો; અને આ દેહમાં (કેવળ સાક્ષિત્વથી) રહેલાને અધિયજ્ઞ માનવો; અને તે જ હું છું. ૪]

હવે જેને 'અધિભૂત' કહેવામાં આવે છે, તે વિશે હું સંક્ષેપથી કહું છું. જેવી રીતે વાદળાં ઉત્પન્ન થાય છે અને પાછાં વિખેરાઇને અદૃશ્ય થાય છે;[૩૦] તેવી જ રીતે જેનું અસ્તિત્વ ચળ અથવા ક્ષણિક હોય છે અને વાસ્તવિક રીતિથી જોતાં જે થતું કે હોતું નથી અને જેને પંચમહાભૂતો મળીને સ્વરૂપમાં લાવે છે;[૩૧] અને જે પંચમહાભૂતોના આશ્રયે જ રહેલું હોય છે, તેમના જ સંયોગથી દૃષ્ટિગોચર થાય છે અને વિનાશકાળે લય પામે છે, એવું જે નામરૂપ—નામ અને રૂપ–[૩૨] તેને 'અધિભૂત' કહેવામાં આવે છે. તેમ જ પ્રકૃતિવડે ઉત્પન્ન થયેલાનો જે ઉપભોગ લે છે તે 'અધિદૈવત' અર્થાત્ જીવ છે એમ સમજવું. તે પ્રકૃતિજન્ય ભોગોનો ઉપભોગ લે છે.[૩૩] જે બુદ્ધિનો દ્રષ્ટા, ઇંદ્રિયરૂપ દેશનો અધિપતિ અને શરીરના અંતકાળે મનોરૂપ પક્ષી માટે વિશ્રાંતિ લેવા માટેનું તરુવર,[૩૪] જે પ્રત્યક્ષ દ્વિતીય પરમાત્મા જ છે, પરંતુ અહંકારરૂપ નિદ્રાને આધીન થવાથી જેને સ્વપ્નની ખટપટથી સંતોષ અને અસંતોષ પણ થાય છે;[૩૫] અને જેને 'જીવ' નામથી બોલાવવામાં આવે છે, તેને જ 'અધિદૈવત' કહે છે; અને તે પંચમહાભૂતોના બનેલા શરીરમાંનું મુખ્ય દૈવત છે.[૩૬] હવે હે પાંડુકુમાર, એ જ શરીરરૂપ ગ્રામમાં જે શારીરિક ઉપાધિનો લય કરે છે, તે 'અધિયજ્ઞ' હું છું.[૩૭] અન્યથા, અધિદૈવ અને અધિભૂત સર્વ ખરેખર હું જ છું; પરંતુ ઉત્તમ કસવાળું સોનું હીણકસ સોના સાથે મળવાથી તે ઓછા ભાવનું અથવા હલકું સોનું કહેવાતું નથી કે ?[૩૮] તથાપિ, ખરેખર તેની ઉત્તમતા ઓછી થતી નથી અને તે હીણકસ સાથે મળતું પણ નથી; પરંતુ જ્યાં સૂધી તે તેની સાથે હોય છે, ત્યાં સૂધી તો તેને મેલવાળા સોના તરીકે જ ઓળખવામાં આવે છે;[૩૯] તેવી જ રીતે અધિભૂત આદિ સર્વ જ્યાં સૂધી અજ્ઞાનના પટલથી ઢંકાયલાં છે, ત્યાં સૂધી તેમને એક બીજાથી ભિન્ન જ માનવાં જોઇએ.[૪૦] પરંતુ એ જ અજ્ઞાનના આવરણને કાઢી નાંખીને અને ભેદભાવની મર્યાદાનો ઉચ્છેદ કરીને જો તેમને એકત્ર કરીએ, તો પછી તે બન્ને એક બીજાથી ભિન્ન હોઇ શકશે ખરાં ? ના.[૪૧] પરંતુ વાળનું ગુંછળું કરી તેની ઉપર સ્ફટિકની શિલા રાખતાં તે શિલા, ઊપર ઊપરની નજરથી જોતાં, કાપાવાળી દેખાય છે;[૪૨] પણ

પછી તે કેશના ગુંછળાંને ખસેડી લેતાં તેમાંના તે ચીરા અથવા ફાંપા ક્યાં ચાલ્યા ગયા, એ સમજી શકાતું નથી-એટલે એ શિલાને ભાંગીને પાછી જોડવામાં આવેલી કહી શકાય કે ?[૪૩] નહિ જ. તે તો પ્રથમથીજ અખંડ હતી; પરંતુ કેશના સમાગમથી ચીરાવાળી દેખાતી હતી અને તેથી તે વાળોને દૂર કરતાં જ પાછી જેવી હતી તેવી જ દેખાવા માંડી.[૪૪] એવી જ રીતે અહંભાવનો લોપ થતાં જ મૂળ ઐક્યનો પ્રત્યય થાય છે અને જ્યાં એ ઐક્યનો અનુભવ થાય છે, તે અધિયજ્ઞ હું જ છું.[૪૫] જે હેતુને મનમાં ધારણ કરીને 'સર્વ યજ્ઞ કર્મમાંથી જ ઉદ્ભવેલા છે' એમ મેં તને પૂર્વે (ચોથા અધ્યાયમાં) કહ્યું હતું, તેજ એ અધિયજ્ઞ છે.[૪૬] એ અધિયજ્ઞ સર્વ જીવોનો વિશ્રામ હોઇને બ્રહ્મસુખનો આધાર છે. પણ, અર્જુન, તને (એ રહસ્ય) હું વધારે સ્પષ્ટ કરીને સમજાવું છું.[૪૭] પ્રથમ વૈરાગ્યરૂપ ઇંધનની પૂર્ણતાથી ઇંદ્રિયરૂપ અગ્નિને પ્રજ્વલિત કરીને તેમાં વિષયરૂપ દ્રવ્યની આહુતિ આપવામાં આવે છે,[૪૮] ત્યારપછી વજ્રાસનરૂપ ભૂમિકાને શુદ્ધ કરીને તેની ઉપર મૂળબંધ મુદ્રાનો ઓટલો બાંધવામાં આવે છે અને તેની ઉપર શરીરરૂપ મંડપ ઊભો કરાય છે.[૪૯] તે સ્થાને ઇંદ્રિયનિગ્રહરૂપ અગ્નિના કુંડમાં ઇંદ્રિયરૂપ હોમદ્રવ્યો અર્પીને યોગમંત્રવડે હવન કરાય છે.[૫૦] એ પછી, મન અને પ્રાણના નિગ્રહરૂપ મોહદ્રવ્યોની તૈયારીથી ધૂમાડા વિના જ નિર્દોષ જ્ઞાનાગ્નિને સંતુષ્ટ કરવામાં આવે છે.[૫૧] એવી રીતે એ સાહિત્યોને જ્ઞાનમાં અર્પણ કરીને, પછી તે જ્ઞાન પોતે બ્રહ્મમાં લય પામે છે, અર્થાત્ એમ છતાં અંતે કેવળ એકલું બ્રહ્મ અને બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે.[૫૨] એને જ અધિયજ્ઞ એટલે બ્રહ્મ માનવામાં આવે છે. એમ જે વેળાએ સર્વજ્ઞ શ્રીકૃષ્ણ બોલ્યા, તે વેળાએ તત્કાળ એ તત્ત્વ મહાબુદ્ધિમાન્ અર્જુનના સમજવામાં આવી ગયું.[૫૩] બ્રહ્મને અર્જુન જાણી ચૂક્યો છે, એ વાર્તા ભગવાન્ શ્રીકૃષ્ણના જાણવામાં પણ આવી જવાથી તેઓ કહેવા લાગ્યા કે:-"તું બહુ જ ઉત્તમતાથી શ્રવણ કરે છે!" શ્રીકૃષ્ણના એ ઉદ્ગારને સાંભળીને અર્જુન સંતુષ્ટ થયો.[૫૪] તૃષાતુર બાળકની તૃષાતૃપ્તિથી પોતે કેવી રીતે તૃપ્ત થવું અને શિષ્યની કૃતાર્થતાથી પોતાની કૃતાર્થતા થયેલી કેવી રીતે માનવી, એ રહસ્યને કેવળ એક માતા અથવા સદ્ગુરુ જ જાણે છે.[૫૫] અર્થાત્ અર્જુનની પૂર્વે જ શ્રીકૃષ્ણના અંગમાં અષ્ટ સાત્ત્વિક ભાવો ઉત્પન્ન થઇને ઉભરાઈ જવા લાગ્યા; પરંતુ દેવે પોતાની બુદ્ધિ(ઊમળકા)ને રોકી રાખી[૫૬] અને પૂર્ણતાને પામેલા સુખના સુગંધ પ્રમાણે અથવા શીતલતમ અમૃતની લહરી પ્રમાણે તેઓ કોમળ અને રસાળ બોલો બોલવા લાગ્યા.[૫૭] તેમણે કહ્યું કે:-શ્રોતાઓમાં શ્રેષ્ઠ અર્જુન, સાંભળ. હે તાત, માયા બળી ગઈ, એટલે પછી તેને બાળનારું જ્ઞાન પોતે પણ બળી જાય છે.[૫૮]

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ५ ॥

[જે અંતકાળે મારું સ્મરણ કરતાં દેહને ત્યાગે છે, તે મારા સ્વરૂપમાં મળી જાય છે, એમાં સંશય નથી. ૫]

અરે! હમણાં જ મેં જે કહ્યું-'મેં જેને અધિયજ્ઞ'નું નામ આપ્યું, તે-મને-જેઓ પ્રથમ અને પ્રાણાંત સમયમાં પણ જાણે છે,[૫૯] તેઓ દેહને મિથ્યા માનીને પોતામાં જ બ્રહ્મરૂપ થઈ જાય છે. જેવી રીતે એક ઘર આકાશથી ભરાયલું અને આકાશમાં જ હોય છે;[૬૦] તેવી રીતે, અનુભવરૂપ ગૃહમધ્યભાગમાં તેનો નિશ્ચયરૂપ ઓરડો હોય છે અને તેથી તેને બ્રહ્મ વિના બીજી કોઇપણ બાહ્ય વસ્તુનું સ્મરણ હોતું જ નથી.[૬૧] એવી રીતે જે આંતર્બાહ્ય ઐક્યવડે મદ્રૂપ જ થઈ રહેલો છે, તે બહારનાં પંચમહાભૂતોનાં કવચો(શરીરો) પડી જાય, તો તેને તે જાણતો પણ

નથી.[૬૨] શરીર જીવતું હોવા છતાં પણ તેની જે પરવા કરતો નથી, તો પછી શરીરના પતનથ દુઃખ કોને થાય વારુ ? અર્થાત્ એથી જ અનુભવના ઉદરમાંનું પાણી ચળવિચળ થતું નથી (અંત કાળે તેનો બ્રહ્મવિષયક અનુભવ ચળતો નથી). [૬૩] તે અનુભવ કેવળ ઐક્યનો જ અર્થાત્ સમદ ભાવનો બનેલ હોય છે, અવિનાશિતાના હૃદયમાં નાંખેલો હોય છે અને તેને તેવા જ પૂર્ણાનંદ સમુદ્રમ ધોયેલો હોય છે, એટલા માટે તે કામ આદિ મળના યોગે મલિન થતો નથી.[૬૪] ઉંડા પાણીમ ઘડો ડુબ્યો હોય તો જેમ તેની અંદર અને બહાર પાણી અને પાણી જ હોય છે, છતાં જો દૈવગતિથ તે પછીથી ફૂટી જાય, તો તેથી કાંઈ પાણીનો નાશ થાય છે ?[૬૫] અથવા સર્પ પોતાની કાંચળીને ત્યાગી દે અથવા ઉષ્ણતાના કારણથી વસ્ત્રો ઊતારી નાંખવામાં આવે, તો તેથી અવયવોમાં કાંઈ બગા થાય છે ખરો ?[૬૬] નહિ જ. એટલે એ જાણવાનું છે કે, શરીરનો દૃષ્ટિગત–દૃષ્ટિના દેખાવમાંથ નાશ થવા છતાં બ્રહ્મનો તો સર્વત્ર ભરાવ અવિચલ જ હોય છે, એટલે જો એમાં બુદ્ધિ નિપુણ થઇ જાય, તો પછી ભય જેવું હોઇ જ શું શકે ?[૬૭] એટલા માટે એ પ્રમાણે અંતકાળે મારું સ્મરણ રાખીને જેઓ દેહનો ત્યાગ કરે છે, તેઓ મમરૂપ જ થાય છે.[૬૮] નહિ તો સાધારણ નિયમ એવો છે કે, મરણ પ્રાપ્ત થતી વેળાએ અંતઃકરણમાં જેનું સ્મરણ થાય છે તેને જ તે પામે છે;[૬૯] જેવી રીતે કોઇ એક ભયભીત મનુષ્ય વાયુસમાન પલાયન કરત માર્ગમાં અચાનક કૂવામાં પડે છે;[૭૦] અને તે અવસ્થામાં પલાયનના વેગને ઓછો કરી કૂવામ પડવાનું તેનાથી ટાળી શકાતું નથી, એટલે અવશ્ય તેને કૂવામાં પડવું જ પડે છે.[૭૧] તે જ પ્રમાણે (મૃત્યુ સમયે) જીવસમક્ષ જે વસ્તુ આવીને ઊભી રહે છે, તે વસ્તુસ્વરૂપ (મરણ પછી) તેને થવું પડે છે. એમ થવાનું કોઈપણ ઉપાયથી ચૂકાતું નથી;[૭૨] અને મનુષ્ય જાગ્રત હોતાં તેના મનમાં જે કલ્પનાઓ આવે છે, તે જ કલ્પનાઓ સ્વપ્નમાં તેની આંખ્યો જોતી હોય છે.[૭૩]

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवेति कौंतेय सदा तद्भावभावितः ॥ ६ ॥

[હે કૌંતેય, જે મનુષ્ય મનમાં જે જે ભાવ લાવીને અન્તે શરીરને ત્યાગે છે, તે બીજા જન્મમાં સદા તે તે ભાવથી યુકત થઈને જન્મ ધારણ કરે છે. ૬]

તે જ પ્રમાણે જીવતાં જેના મનમાં (અંતઃકરણમાં) જે વસ્તુની પ્રિયતા હોય છે, તે જ વસ્તુની પ્રિયતા અંતકાળના સમયમાં વૃદ્ધિગત થાય છે;[૭૪] અને મરણના સમયે જે વસ્તુનું સ્મરણ હોય છે, તેની જ ગતિને તે (મરણ પછી) પ્રાપ્ત થાય છે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥ ७ ॥

[એટલા માટે, હે અર્જુન, મન અને બુદ્ધિને મારામાં અર્પણ કરીને સદૈવ મારું ચિન્તન કર અને યુદ્ધમાં પ્રવૃત્ત થા, એટલે તું મારામાં જ આવી મળીશ, એમાં સંશય નથી ૭.]

એટલા માટે તું નિત્ય મારું જ સ્મરણ કરતો રહે.[૭૫] આંખ્યોવડે જે દેખાય, કાનોવડે જે સંભળાય,મનવડે જેચિંતાય અને વાણીવડે જે બોલાય,[૭૬] તે હૃદયમાં ભાસનારું અને બાહ્ય દૃષ્ટિને દેખાનારું સર્વ હું જ છું એમ સમજવું. (એમ સમજ્યા) પછી સર્વત્ર હું જ છું એમ સહજ તને દેખાઈ આવશે.[૭૭] હે અર્જુન, એ પ્રમાણે વસ્તુ માત્ર મદ્રૂપ (મમસ્વરૂપ) છે, એવો તારા મનનો નિગ્રહ થતાં, દેહનો પાત થવા છતાં પણ તું મરવાનો નથી. એમ હોવાથી તું યુદ્ધ કરે તો તેમાં તને

શાની ભીતિ હોય ?[૭૮] જો તું મન અને બુદ્ધિને ખરેખર મારા સ્વરૂપમાં જ અર્પણ કરી દઈશ, તો તું મદ્રૂપ થઇશ, એ હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.[૭૯] એ કેમ થઈ શકે, એવો જો તારા મનમાં સંશય આવતો હોય તો પ્રથમ અભ્યાસ કરીને અનુભવ લે અને જો હું કહું છું તે પ્રમાણે ન થાય, તો પછી, મારાપર કોપ કર.[૮૦]

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥ ८ ॥

[હે પાર્થ, પોતાના ચિત્તને અન્યત્ર કયાંય જવા ન દેતાં અભ્યાસના સાધનથી (ચિત્તને) એકાગ્ર કરીને જે મારું ચિંતન કરે છે, તે પ્રકાશાત્મક પરમ પુરુષમાં જઈ મળે છે. ૮]

એટલે, જો સારી રીતે ચિત્ત અને અભ્યાસની એક બીજા સાથે ગાંઠ બાંધી દેવામાં આવે, (મનઃપૂર્વક અભ્યાસ કરવામાં આવે), તો જેવી રીતે લંગડો માણસ ઉદ્યોગના બળથી પર્વતપર પણ ચઢી શકે છે,[૮૧] તે જ પ્રમાણે નિત્ય બ્રહ્મવિચારનો અભ્યાસ કરીને ચિત્તને આત્માનો છંદ લગાવ, એટલે પછી શરીર રહે અથવા જાય એની પરવા રહેશે નહિ.[૮૨] અનેક પ્રકારની સ્થિતિને પ્રાપ્ત કરાવનારું ચિત્ત આત્માને વરશે, તો પછી દેહ છે કે ચાલ્યો ગયો છે, એનું સ્મરણ કોઈ પણ કરવાનું નથી.[૮૩] પાણી નદીના પ્રવાહનું રૂપ ધારણ કરી ઘૂંઘૂ ધ્વનિથી સમુદ્રને મળવા માટે ચાલ્યું, એટલે પછી પાછળ શું થાય છે એ જોવા માટે પાછું વળતું નથી;[૮૪] કિન્તુ તે સમુદ્રમાં મળ્યા પછી સમુદ્રરૂપ જ બની જાય છે. એ જ પ્રમાણે ચિત્ત આત્મસ્વરૂપને પ્રાપ્ત થતાં જન્મ અને મરણની યાતના ટળી જાય છેઃ કારણ કે, તેનામાં તો પરમાનંદ જ ભરેલો હોય છે.[૮૫]

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिंत्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥१०॥

[જે અંતકાળે મનને નિશ્ચલ કરીને, ભકિતયુકત થઇને, યોગબળવડે બન્ને ભ્રૂના મધ્યમાં પ્રાણને ઉત્તમ પ્રકારે સ્થિર કરે છે અને સર્વજ્ઞ, અનાદિ, સર્વનો નિયંતા, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સર્વનો પોષક, અચિંત્યરૂપ, સૂર્યસમાન તેજસ્વી અને તમોગુણથી દૂર એવા પરમપુરુષનું એક સરખું ચિન્તન કરે છે, તે તેમાં જ જઈ મળે છે–લીન થાય છે. ૯–૧૦]

જેનું અસ્તિત્વ નિરાકાર છે, જેનામાં જન્મમરણનો અભાવ છે અને જે સર્વ વ્યાપકતાથી સર્વને જુવે છે,[૮૬] જે પરમાણુ કરતાં પણ સૂક્ષ્મ છે, જેના સાંનિધ્યથી વિશ્વના વ્યાપારો ચાલ્યા કરે છે,[૮૭] જેનાથી આ સર્વની ઉત્પત્તિ થાય છે, જેનાવડે સમસ્ત વિશ્વ જીવે છે અને જેનું અનુમાન કરી શકાતું નથી;[૮૮] કીડીથી કદાપિ અંગારા ખાઈ શકાતા નથી, તેજમાં અંધકાર પ્રવેશ કરતો નથી અને જે અજ્ઞાન દૃષ્ટિને દિવસે પણ દેખાતું નથી;[૮૯] જે નિર્મળ સૂર્યરૂપ કણોના રાશિસમાન છે અને જ્ઞાનીને નિત્ય પ્રકાશ આપનાર છે, તેમ જ જેનો અસ્ત કદાપિ નથી;[૯૦] તે પરિપૂર્ણ બ્રહ્મને જાણીને મરણકાળ સમીપ આવ્યો હોય તે વેળાએ જે એકાગ્રચિત્તથી તેનું સ્મરણ કરે છે;[૯૧] પદ્માસન વાળી, ઉત્તર દિશાભિમુખ બેસી અને કર્મયોગવડે પ્રાપ્ત થયેલા સુખને

અંતઃકરણુંમાં સંગ્રહી,[૯૨] અંતરમાં એકાગ્રચિત્તથી સ્વરૂપપ્રાપ્તિના પ્રેમવડે પોતાની મેળે જ બ્રહ્મમાં ત્વરિત (ઉતાવળથી) મળી જવા માટે,[૯૩] પ્રાપ્ત કરેલા યોગદ્વારા સુષુમ્ણા નાડીના મધ્ય માર્ગમાં થઇને, અગ્નિસ્થાનમાંથી બ્રહ્મરંધ્રમાં જવાને નીકળે છે;[૯૪] પ્રાણ અને ચિત્તની સંગતિ વ્યર્થ બાહ્યતઃ દેખાય છે; અને પ્રાણનો આકાશમાં લય થાય છે,[૯૫] પરંતુ મનની સ્થિરતાવડે જે બંધાઈ ગએલો હોય છે, જેનું અંતઃકરણ ભક્તિયુક્ત થયલું હોય છે અને જે યોગના બળથી તૈયાર થઇને મનને પોતાના અધિકારમાં રાખી શકે છે,[૯૬] તે ચિત્ત અને પ્રાણને ભ્રૂકુટિના મધ્યભાગમાં રોકી રાખીને જે પ્રમાણે ઘંટાનો નાદ ઘંટામાં જ લય પામે છે, તેવી રીતે બન્નેનો લય કરે છે,[૯૭] અથવા તો માટલાવડે ઢાંકી રાખેલો દીવો ક્યારે ઓલવાઈ જાય છે એની જેમ ખબર પડતી નથી, તે પ્રમાણે જ, હે અર્જુન! જે કોઈ પોતાના દેહને ત્યાગે છે, (પ્રાણવાયુને બ્રહ્માકાશમાં લઈ જઇને તે આત્મસ્વરૂપમાં કયારે લીન થાય છે એ કોઇની જાણમાં ન આવવા દેતાં પોતાના દેહનો ત્યાગ કરે છે),[૯૮] તે કેવળ પરબ્રહ્મ જેનું નામ પરમ પુરુષ પણ છે—એટલે કે મારા નિજ સ્વરૂપમાં જઇને મળી જાય છે.[૯૯]

यदक्षरं वेदविदो वदंति विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

[વેદવેત્તાઓ જે તત્ત્વને અક્ષર કહે છે અને જેમના કામ અને ક્રોધનો લોપ થએલો છે એવા સંન્યાસીઓ જે સ્વરૂપને પ્રાપ્ત થાય છે અને જેની પ્રાપ્તિમાટે બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય વ્રતથી રહે છે, તે પદ, હે અર્જુન! તને હું સંક્ષેપથી કહું છું. ૧૧]

સર્વ જ્ઞાનના અંતિમ સ્થાનરૂપ જ્ઞાનને ધરાવનારા બુદ્ધિમાન્ જ્ઞાની પુરુષોએ પણ જેને અક્ષર નામ આપેલું છે,[૧૦૦] તે ઝંઝાવાતથી વિભક્ત ન થનારું ખરેખર એક ગગન જ છે. તેના વિના, તે વાયુ સમક્ષ વાદળાં ચઢી આવીને કેમ ટકી શકે?[૧] તેવીજ રીતે, જ્ઞાની જે વસ્તુને સમજી ચૂક્યો હોય, તે વસ્તુ જ્ઞાનના માપમાં આવી ગયેલી કહેવાય છે અને તેથી તે ક્ષર (નાશવંત) છે, એટલા માટે જે વસ્તુ જાણવાને અશક્ય હોય, તેને સહજ અક્ષર (અવિનાશી) નામથી ઓળખવામાં આવે છે.[૨] અને વેદપારંગત પુરુષો જેને અક્ષર (બ્રહ્મ) કહે છે અને જે માયાથી પર હોય છે ને સચ્ચિદાનંદરૂપ છે;[૩] તેમ જ વિષયોની ઇચ્છાને ત્યાગીને તથા સર્વ ઇંદ્રિયોનું દમન કરી દેહરૂપ વૃક્ષતળે ઉદાસીન વૃત્તિથી બેઠેલા[૪] વિરક્ત પુરુષો પણ નિત્ય જેની માર્ગપ્રતીક્ષા કરતા હોય છે અને જે નિત્ય નિરિચ્છ જનોને પ્રિય છે,[૫] જેની પ્રિયતા માટે યોગીજનો બ્રહ્મચર્ય આદિ સંકટોની પરવા કરતા નથી અને નિષ્ઠુરતાથી ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે,[૬] એવું જે પરમ દુર્લભ પદ—જેનો અંત નથી અને જેને વેદો પણ જાણી શકયા નથી;[૭] તે પદને, જેઓ ઊપર કહ્યા પ્રમાણે શરીરને ત્યાગે છે તેઓ સહજ પ્રાપ્ત કરે છે. અને એથી જ, હે પાર્થ, એ જ વાત હું તને એક વાર વધારે કહી સંભળાવું છું.[૮] એ વેળાએ અર્જુન કહે છે કે;—"હે ગુરુવર્ય, હું આપને અત્યારે એ જ પૂછવાનો હતો, એટલામાં તો આપે પોતે જ કૃપા કરી. ચાલો ત્યારે હવે એ કહી સંભળાવવાનો આરંભ કરો:[૯] પરન્તુ જે કાંઈ કહેવાનું હોય તે બહુ જ સરળ ભાષામાં કહેશો." એ સમયે ત્રિભુવનદીપ શ્રી કૃષ્ણે કહ્યું:—"હું શું તને ઓળખતો નથી કે? તને હું સંક્ષેપથી (અને સ્પષ્ટતાથી)જ કહું છું.[૧૧૦] હાં! હવે તું, મનની બહાર ભટકવાની સ્વાભાવિક ટેવને બંધ કરીને તેને હૃદયમાં જ સ્થિર રાખવાનો ઉપાય કરજે.[૧૧]

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥ १२ ॥

[જે સર્વ દ્વારોનો નિષેધ કરીને, મનને હૃદયમાં સ્થિર કરીને અને કપાળની અંદર તથા ભ્રૂના મધ્યભાગમાં પોતાના પ્રાણવાયુને નિશ્ચલ કરી યોગાભ્યાસમાં સ્થિર થાય છે; ૧૨]

પરંતુ જે વેળાએ ઇંદ્રિયરૂપ દ્વારો નિગ્રહરૂપ તાળાવડે વસાયલાં હોય છે, તે વેળાએ જ આ કાર્ય બની શકે છે.[૧૨] એમ થતાં મન સહજ પૂરાઈ જવાથી હૃદયમાં જ નિર્વિકલ્પ અવસ્થામાં રહે છે. જેવી રીતે હાથ પગ ભાંગેલો મનુષ્ય પોતાના ગૃહને છોડતો નથી;[૧૩] તેવી જ રીતે, હે અર્જુન! ચિત્તની સ્થિરતા થયા પછી પ્રાણાયામવડે ૐકારનું ધ્યાન કરવું અને પછી પ્રાણવાયુને ધીમે ધીમે બ્રહ્મરંધ્રપર્યન્ત લાવવો;[૧૪] ત્યાર પછી અકાર, ઉકાર અને મકાર એ ત્રયી અર્ધમાત્રામાં મળી જાય ત્યાં સૂધી ધારણાશક્તિના બળથી પ્રાણવાયુ બ્રહ્માકાશમાં મળવાની તૈયારીમાં હોય એવી રીતે ધારી રાખવો;[૧૫] અર્થાત્ ત્યાં સૂધી તે વાયુને મસ્તકાકાશમાં સ્થિર કરવો અને ત્યાર કેડે ૐકાર અને તેનો સંયોગ થતાં તે મૂળ સ્વરૂપ જે બ્રહ્મ તેમાં રમમાણ થાય છે.[૧૬]

ओंमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ १३ ॥

[અને નિર્વિકાર બ્રહ્મના વાચક એકાક્ષર ૐ નો ઉચ્ચાર કરીને જે મારું સ્મરણ કરતો દેહને ત્યાગીને નીકળી જાય છે, તે ઉત્તમ ગતિને જઈ પહોંચે છે. ૧૩]

તે સાથે ઓંકાર (ૐકાર)નું સ્મરણ બંધ પડી જાય છે અને ત્યારે-તે વેળાએ-જ પ્રાણનો અંત થાય છે. ત્યારપછી ૐકારથી પર, જે બ્રહ્માનંદ સ્વરૂપ તેજ કેવળ અવશિષ્ટ રહે છે.[૧૭] એટલા માટે જેને પ્રણવ નામથી ઓળખવામાં આવે છે અને જે એકાક્ષર બ્રહ્મ છે તે મારા પરમ સ્વરૂપનું સ્મરણ કરતાં,[૧૮] જે જીવ તે અવસ્થામાં જ દેહનો ત્યાગ કરે છે તે નિશ્ચયપૂર્વક મારામાં જ સમાય છે. કારણ કે, તેની મારી પ્રાપ્તિ વિના બીજી ગતિ જ નથી.[૧૯] હે અર્જુન! કદાચિત્ તારા મનમાં એવી શંકા આવે કે, 'મરણ સમયે મારું સ્મરણ કેમ કરીને થઈ શકે?[૨૦] જ્યાં જીવનના સુખનો અંત આવ્યો હોય અને ઇંદ્રિયો સંકટમાં પડી જતાં અંતરમાં અને બહાર મૃત્યુનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હોય,[૨૧] તે વેળાએ ઊઠીને બેઠું કોણ થઈ શકે વારુ? ઇંદ્રિયોનું સંયમન કોણ કરે અને કયા અંતઃકરણથી ૐકારનું સ્મરણ કરી શકાય?[૨૨] તો ભાઇરે, એવા સંશયને તું પોતાના અંતઃકરણમાં સ્થાન આપતો નહિ.' આમ જો, મારી જે નિત્ય સેવા કરે છે, તેના અંતકાળ સમયે હું તેનો દાસ બની રહું છું.[૨૩]

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ १४ ॥
मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमां गताः ॥ १५ ॥

[હે પાર્થ! જે યોગી એકાગ્રચિત્તથી સદા સર્વદા મારું સ્મરણ કરનાર અને નિરન્તર સમાધાનયુક્ત હોય છે, તેને હું સહજ પ્રાપ્ત થાઉં છું. પરમ સિદ્ધિને પામેલા મહાત્માઓ, મને પ્રાપ્ત કર્યા પછી દુઃખના સ્થાન અને અશાશ્વત જન્મને પામતા નથી. ૧૪-૧૫]

જેઓ વિષયોને તિલાંજલિ આપીને; વિષયો વિશે ઉત્પન્ન થનારી ઇચ્છાઓને અટકાવી, હૃદયમાં મને સ્થાપિત કરીને તે સુખનો ઉપભોગ લેતા હોય છે,[૨૪] તેમને તે સમાધાનમાં

ક્ષુધા ઇત્યાદિની સ્મૃતિ પણ રહેતી નથી; એટલે પછી ગરીબ બિચારાં નેત્ર આદિની ત્યાં શી ગણના હોઇ શકે?[૨૫] એ પ્રમાણે, નિરંતર મારા ઐકયરૂપને પામેલા, પોતાના અંતઃકરણ વડે મારામાં તલ્લીન થએલા અને મદ્રૂપ થઇને જેઓ મારી જ સેવા કરનારા છે,[૨૬] તેમનો અંતકાળ સમીપ આવે, તેઓ મારું સ્મરણ કરે અને તે પછી હું તેમને પ્રાપ્ત થાઉં, તો પછી તેમણે પૂર્વે મારી જે ઉપાસના કરેલી હોય તેનો ઉપયોગ શો?[૨૭] આમ જો, સંકટના સમયમાં કોઈ એક દીન મનુષ્ય પણ મહા આર્જવતાથી ('હે ઈશ્વર') 'ત્રાહિ ત્રાહિ' એવી રીતે મારી સહાયતા માગે, તો તેના દુઃખનું નિવારણ કરવાને મારે જવું પડતું નથી કે?[૨૮] અને મારા જેઓ ભક્ત છે, તેમની સાથે પણ જો હું એવુંજ આચરણ રાખું તો પછી તેમને મારી ભક્તિની હોંસ રાખવાની શી અગત્ય છે? આવા આવા સંશયાત્મક અભિપ્રાયોના નામ માત્રનો પણ તું ઉચ્ચાર કરીશ નહિ.[૨૯] તેઓ જે વેળાએ સ્મરણ કરે છે, તે વેળાએ તેમના સ્મરણ સાથે જ હું તેમને પ્રાપ્ત થાઉં છું. (તેઓ મારી ભક્તિ કરે છે) એ તેમના ઉપકારના ભારને હું સહન કરી શકતો નથી.[૧૩૦] એ પ્રમાણે હું મને પોતાને ઋણી થએલો જોઇને તેમના તે ઋણથી ઉત્તીર્ણ (મુક્ત) થવા માટે મારા ભકતોના અંતકાળ સમયે તેમની (હું) સેવા કરું છું.[૩૧] મારા તે સુકુમાર ભકતોને, દેહ (છૂટવા)ની ગ્લાનિનો સંબંધ ન લાગે, એટલા માટે હું તેમને આત્મબોધરૂપી પાંજરામાં રાખું છું;[૩૨] તે પાંજરાની ઊપર મારા સ્મરણની શીતલતમ છાયા પ્રસારું છું અને એવી રીતે, જેમની બુદ્ધિ નિત્ય મારામાં સ્થિર થયેલી હોય છે, તેમને હું મારા સ્વરૂપમાં ખેંચી લાવું છું.[૩૩] એટલા માટે મારા ભક્તને દેહના અવસાન કાળનું દુઃખ કદાપિ થતું નથી અને મારો જે ભક્ત હોય છે તેને હું સુખ-પૂર્વક મારા તરફ વાળી લાવું છું.[૩૪] આત્મા ઉપરના દેહરૂપ આવરણને કાઢી નાખીને અને તેમાંના અહંકારરૂપ કચરાને ઝાડીઝુડી સાફ કરીને તેને કેવળ ભગવત્ પ્રાપ્તિની વાસનાથી મદ્રૂપ કરી દઉં છું![૩૫] અને ભક્તનો પણ દેહમાં પ્રેમ ન હોવાથી તે (દેહ)નો ત્યાગ કરતાં 'અરેરે! મારો અને દેહનો વિયોગ થાય છે' એમ તેને પણ ભાસતું નથી.[૩૬] કારણ કે, દેહના અંતસમયમાં ભગવાન્ આવી મળે અને મને તે પોતાની પાસે લઈ જાય, એવી ભાવના પણ તેના મનમાં આવતી નથી; કેમકે, ભક્તજનો તો પ્રથમથીજ મમસ્વરૂપ થએલા હોય છે.[૩૭] એ ઉપરાંત, તેમનું જે શરીર રહેલું હોય છે, તે શરીરરૂપ પાણીમાં આત્મા હોય છે ખરો; પરંતુ તે પ્રતિચ્છાયા (પડછાયા) પ્રમાણે મિથ્યા છે. જેવી રીતે ચંદ્રિકા જો કે બહાર પ્રસરેલી દેખાય છે, તો પણ વાસ્તવિક રીતિથી જોતાં તો તે ચંદ્રમાં જ રહેલી હોય છે, (તેવો જ આનો પ્રકાર પણ જાણી લેવો.)[૩૮] એવા જેઓ મારું નિત્ય સ્મરણ કરનારા છે, તેમને હું નિરંતર નિકટમાંજ છું અને તેઓ મરણ પછી નિશ્ચયપૂર્વક મદ્રૂપ થાય છે.[૩૯] ત્યાર પછી જે (શરીર) કલેશરૂપ વૃક્ષોનું વન છે, જે ત્રણ તાપરૂપ અગ્નિની સગડી છે અને જે મૃત્યુરૂપ કાગડાને આપેલું બલિ છે,[૧૪૦] જે દારિદ્રયને વધારનારું છે, જે મૃત્યુના ભયની વૃદ્ધિ કરનારું છે, જે સર્વ દુઃખોના પૂર્ણ ભંડારરૂપ છે,[૪૧] જે નઠારી બુદ્ધિનું મૂળ છે, જે પૂર્વ જન્મનાં અધમ કર્મોનું ફળ છે, જે ભ્રાંતિનું કેવળ સ્વરૂપ છે,[૪૨] જે સંસારને બેસવાનું સ્થાન છે, અહંકાર આદિ વિકારોનું ઉદ્યાન છે, જે સર્વ વ્યાધિઓ વડે પીરસાયલો થાળ છે,[૪૩] જે કાળે ચાવી નાંખેલો એઠો ખીચડો છે, જે આશાનું અંગબળ છે, જે સ્વાભાવિક રીતે જન્મ મરણને તાજાં કરનાર છે,[૪૪] જે ભ્રાંતિથી ભરેલું છે, જે નઠારી કલ્પનાઓથી ઓતાયલું છે, કિંબહુના, વીંછી-ની વિષગર્તા (ખાડી) છે,[૪૫] જે વાઘનું જાળું છે, જે વેશ્યાનો મિત્ર એટલે કે મનને મોહમાં નાંખનાર છે, જે વિષયોને જાણવાનું ઉત્તમ યંત્ર જ છે,[૪૬] જે યક્ષિણીની દયાનું સ્થાન છે, જે વિષયરૂપ શીતલ પાણીનો ઘૂટડો છે, જે સ્નેહભાવથી વર્ત્તનારા ચોરના બલવાન્ નિઃશ્વાસ સમાન છે,[૪૭] જે કોઢના રોગથી પીડાતા મનુષ્યના આલિંગનરૂપ છે, જે મહા વિષારિ સર્પના શરીર સમાન મૃદુ છે, જે

પારધિના સહજ ગમન પ્રમાણે મધુર છે,[૪૮] જે વેરીના આતિથ્યના સમારંભરૂપ છે, જે દુર્જનોએ કરેલા સત્કાર સમાન છે અને ટુંકામાં જે સર્વ અનર્થોનું મૂળ છે,[૪૯] જે સ્વપ્નમાં આવેલું સ્વપ્ન છે, જે મૃગજળ વડે વ્યાપેલું વન છે અને ઊડેલી ધૂળની રજથી ઘેરાયલું આકાશ છે,[૧૫૦] એવું જે આ શરીર તે મદ્રૂપ થયેલા પુરુષોને પુનઃ પ્રાપ્ત થતું નથી.[૫૧]

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौंतेय पुनर्जन्म न विद्यते ॥ १६ ॥

[હે અર્જુન! બ્રહ્મલોક પર્યન્તના જે સર્વ લોક છે, તે સર્વને ઉત્પત્તિ અને વિનાશ તો છે જ; પરંતુ હે કૌન્તેય! માત્ર મારી પ્રાપ્તિ થવા પછી પુનઃ જન્મ નથી. ૧૬]

સાધારણ રીતે તો બ્રહ્મત્વનો ઘમંડ રાખનારને (બ્રહ્મદેવને) પણ પુનર્જન્મના ફેરા ફરવા પડે છે; પરંતુ જેવી રીતે મૃત મનુષ્યનું પેટ દુઃખતું નથી,[૫૨] અથવા તો જાગ્રત થવા પછી જેમ કોઇ સ્વપ્નમાંના મહાપૂરમાં ડુબતું નથી, તે જ પ્રમાણે જેઓ મને પામેલા છે, તેઓ સંસાર વડે લિપ્ત થતા નથી.[૫૩] કારણ કે ચૌદ ભુવનોનું જે શિખર છે, જે સપ્ત ચિરંજીવોમાં અગ્ર ભાગે રહેનાર છે અને ત્રૈલોકયરૂપ પર્વતનું જે મસ્તક છે એવું જે બ્રહ્મભુવન;[૫૪] જે બ્રહ્મલોકના એક પ્રહર દિવસ પર્યન્ત પણ એક ઇંદ્રનું આયુષ્ય ટકી શકતું નથી અને જેના એક દિવસના અવધિમાં એકદમ ચૌદ ઇંદ્રોનો અંત આવી જાય છે.[૫૫]

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः ॥ १७ ॥

[કારણ કે, ચાર યુગો સહસ્રવાર વીતી જતાં જેટલો કાળ જાય છે, તેટલો કાળ બ્રહ્મદેવનો એક દિવસ થાય છે; અને ત્યાર પછી વળી તેટલા જ કાળની બ્રહ્મદેવની રાત્રિ આવે છે, એમ તે દિવસ અને રાત્રને જાણનારા લોકો જાણે છે. ૧૭]

ચાર યુગો જ્યારે એક હજારવાર વીતી જાય છે, ત્યારે બ્રહ્મદેવનો ખરેખરો પૂરો એક દિવસ થાય છે અને તેવી હજાર ચોકડીની ત્યાં રાત્રિ પણ થાય છે.[૫૬] જ્યાં એટલો દિવસ અને એટલી રાત્રિ છે, ત્યાં જે ભાગ્યવાન્ પુરુષો છે, તેઓ મરતા નથી અને તે દિવસ રાત્રિને જુવે છે, તેઓ સ્વર્ગ લોકના ચિરંજીવી છે.[૫૭] નહિ તો, જ્યાં ઇંદ્રની જ અવસ્થા એવી છે કે, એક દિવસના અવધિમાં ચૌદ ઇંદ્રો થઈ-બદલાઈ જાય છે, ત્યાં દેવગણની પ્રતિષ્ઠાનું શું વર્ણન કરવું ?[૫૮] પરંતુ બ્રહ્મદેવના આઠ પ્રહરને પણ જેઓ પોતાનાં નેત્રો વડે દેખે છે, તેમને (બ્રહ્મદેવના) દિવસ અને રાત્રિને જાણનારા કહેવામાં આવે છે.[૫૯]

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवंत्यहरागमे ।
रात्र्यागमे प्रलीयंते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥
भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥ १९ ॥

[દિવસના આગમન સાથે અવ્યક્તમાંથી સર્વ વ્યક્તિઓનો ઉદય થાય છે અને રાત્રિનું આગમન થતાં તે જ અવ્યક્તમાં તેમનો લય થાય છે. હે પાર્થ! તે જ આ ચરાચર વસ્તુઓનો

પરતંત્ર સમુદાય પુનઃ પુનઃ ઉત્પન્ન થઇને રાત્રિ પડતાં લય પામે છે અને દિવસ થતાં પાછો ઉત્પન્ન થાય છે. ૧૮-૧૯.]

તે બ્રહ્મદેવનો દિવસ જે વેળાએ ઊગે છે, તે વેળાએ નિરાકારમાંથી સાકાર વિશ્વ એવી રીતે ઉત્પન્ન થાય છે કે, તે તેની માપણી વગેરે કરી શકાતી જ નથી.[૬૦] પછી તે દિવસના ચાર પ્રહરની સમાપ્તિ થતાં આ વિશ્વ અદૃશ્ય-લુપ્ત થાય છે અને પુનઃ પ્રભાત થતાં પ્રથમ પ્રમાણે જ ભરાવા માંડે છે.[૬૧] જેવી રીતે શરત્કાળના આરંભમાં આકાશમાંનાં અભ્રો લોપાય છે અને તે જ પાછાં ગ્રીષ્મઋતુના અંતમાં ઉત્પન્ન થાય છે;[૬૨] તે જ પ્રમાણે, બ્રહ્મદેવના દિવસના આરંભમાં આ ભૂતસૃષ્ટિનો સમુદાય એકત્ર થાય છે અને તે જ્યાંસુધી ચારયુગ, હજારવાર વીતી જાય, ત્યાં લગી કાયમ રહે છે.[૬૩] ત્યારપછી બ્રહ્મદેવની રાત્રિનો સમય આવતાં આ વિશ્વ નિરાકારમાં લીન થાય છે અને પુનઃ તે (રાત્રિનો) કાળ વીતી જતાં ઉદયકાળમાં પુનઃ ઉદય પામે છે-પૂર્વવત્ થાય છે.[૬૪] એ રીતિથી વિશ્વની રચના થાય છે, એ કહેવાનો ઉદ્દેશ એટલો જ કે, બ્રહ્મદેવના દિવસ અને રાત્રિના સમયમાં જગતની ઉત્પત્તિ અને લયનો વ્યાપાર થઈ જાય છે.[૬૫] એની મહત્તાની યોગ્યતાનો વિચાર કરતાં એમ જ જણાય છે કે, તે બ્રહ્મદેવ સૃષ્ટિના બીજનો ભંડાર છે, છતાં તે પણ જન્મ મરણનો અગ્રેસર થયેલો છે.[૬૬] હે ધનુર્ધર! આ ત્રૈલોક્યસૃષ્ટિ સત્યલોકના પ્રસારરૂપ હોઇને બ્રહ્મદિવસ ઊગતાંની સાથે એ પ્રસાર ફરી ઉત્પન્ન કરવામાં આવે છે.[૬૭] અને ત્યાર પછી તેની રાત્રિનો સમય થતાં તે પોતાની મેળે જ અવ્યક્તમાં (માયામાં) સમાઈ જાય છે. તેમજ આ પંચભૂત આદિક પણ બ્રહ્મદેવની આજ્ઞાથી સહજ જ્યાં હોય ત્યાં જ લય પામી જાય છે.[૬૮] જેવી રીતે વૃક્ષ બીજરૂપમાં સમાઈ જાય છે કિંવા મેઘ આકાશમાં લીન થાય છે, તે પ્રમાણે, જ્યાં પુષ્કળ વસ્તુઓનો સમાવેશ થાય છે, તેને 'સામ્ય' કહેવામાં આવે છે.[૬૯]

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥

[સર્વ ચરાચરનો નાશ થવા છતાં પણ જે નષ્ટ થતો નથી, તે, અવ્યક્તથી પર, અવ્યક્ત અને અવિનાશી એવી બીજી વસ્તુ હોય છે. ૨૦]

તે સામ્યમાં ન્યૂનાધિક કાંઈ પણ દેખાતું નથી અને એથી તે 'ભૂત' નામને પ્રાપ્ત થતું નથી. જેવી રીતે દૂધનું દહિ થયા પછી દૂધનું નામ અને રૂપ રહેતું નથી-અર્થાત્ તેનો લોપ થાય છે;[૧૭૦] તેવી રીતે, આકારનો નાશ થવા સાથે જ જગતની જગત્તાનો પણ લોપ થઈ જાય છે; પરંતુ જેમાંથી એ ઉત્પન્ન થયેલું હોય છે, તે (મૂળ બીજ)માં તો તે જેમનું તેમજ રહેલું હોય છે,[૭૧] અને તે વેળાએ જ 'અવ્યક્ત' નામથી તેને ઓળખવામાં આવે છે; અને જે વેળાએ તે સાકાર હોય છે તે વેળાએ તે જ 'વ્યક્ત' નામથી ઓળખાય છે. એ એક બીજાને સિદ્ધ કરનારાં બે નામો છે, પરંતુ વાસ્તવિકતાથી જોતાં એ બન્ને નથી.[૭૨] જેવી રીતે (સુવર્ણના) આકારનો લોપ કર્યા પછી તેને 'લગડી' નામ આપવામાં આવે છે અને પાછો તેનો ઘાટ ઘડાયા પછી તે 'ઘરેણા'ના નામથી ઓળખાય છે;[૭૩] એ બન્ને રૂપાન્તરો જેમ એક જ સુવર્ણ અથવા રૂપાનાં જ થાય છે; તે જ પ્રમાણે, વ્યક્ત અને અવ્યક્ત એ ઉભય વિચાર એક બ્રહ્મમાં જ થાય છે.[૭૪] પરંતુ તે બ્રહ્મ તો વ્યક્ત પણ નથી અને અવ્યક્ત પણ નથી; તે ઉત્પન્ન પણ થતો નથી અને નષ્ટ પણ થતો નથી; કિન્તુ એ બન્ને અવસ્થાઓથી ભિન્ન-પર-અનાદિસિદ્ધ છે.[૭૫] તે બ્રહ્મ વિશ્વાકાર થઈ રહે છે, પરંતુ વિશ્વત્વનો લય થતાં તેનો લય થતો નથી. જેવી રીતે

અક્ષરોને લૂછી નાંખવામાં આવે, તોપણ તેમનો અર્થ ભૂંસાઈ જતો નથી, તેવો જ આનો પણ પ્રકાર છે.[૭૬] ઉદકમાં તરંગો આવે છે અને જાય છે, પરંતુ ઉદક તો જેમ કાયમ જ હોય છે, તે જ પ્રમાણે, ભૂતો અદૃશ્ય–નષ્ટ–થવા છતાં અવિનાશી પરબ્રહ્મ નાશ પામતો નથી.[૭૭] અથવા તો અલંકારને ગાળતાં જેમ સુવર્ણ ગળતું નથી, તેવી રીતે મૃત્યુને વશ થનાર શરીરમાં જે અમર છે;[૭૮]

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तंते तद्धाम परमं मम ॥ २१ ॥
पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यांतःस्थानि भूतानि येन सर्वमिद ततम् ॥ २२ ॥

[જે અવ્યક્ત ભાવ છે, તેને જ અક્ષર કહેલો છે, તેને જ પરમ ગતિ કહેવામાં આવે છે. જ્યાંથી જ્ઞાનીઓ જઈ પોહોંચ્યા પછી પાછા આવતા નથી, તે જ એ મારું પરમ ધામ છે. હે પાર્થ! જેમાં આ સર્વ ભૂતોનો સમાવેશ થઈ જાય છે અને જેવડે આ સર્વ જગત્ વ્યાપ્ત છે, તે પરમ પુરુષ અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. ૨૧–૨૨]

જેને કૌતુકથી અવ્યક્ત કહેવા છતાં તેની સ્તુતિ કર્યાનો ભાસ (આપણને) થતો નથી, કારણ કે, જે મન અને બુદ્ધિને ગમ્ય (પ્રાપ્ય) નથી.[૭૯] આકારમાં આવ્યા છતાં પણ જેની નિરાકારતાનો નાશ થતો નથી અને આકારનો નાશ થવા છતાં જેની નિત્યતામાં બાધ આવતો નથી;[૮૦] અને એટલા માટે જ જેને 'અક્ષર' કહેવામાં આવે છે, તેવા તે અક્ષરનો 'અક્ષર' કહેવાથી જ બોધ થાય છે. એની પછી અન્ય કોઈ પણ વસ્તુનો વિસ્તાર દેખાતો નથી અને એનું જ નામ પરમ ગતિ છે.[૮૧] પરંતુ તે આ શરીરમાં વ્યાપ્ત હોવા છતાં નિદ્રાવશ થયા પ્રમાણે છે. કારણ કે, તે વ્યાપાર કરતો નથી અને વ્યાપાર કરાવતો પણ નથી.[૮૨] હે મહાવીર અર્જુન! નહિ તો શરીરના સર્વ વ્યાપારોમાંનો એક પણ વ્યાપાર અટકતો નથી; દશેન્દ્રિયોના વ્યાપાર તો ચાલુ જ છે.[૮૩] વિષયરૂપ બજારને ઉઘાડીને મનના ચૌટામાં વ્યાપારનો આરંભ થયા પછી તેથી થનારાં સુખ દુઃખોનો મુખ્ય ભાગ અંતર્ભાગમાં પણ પ્રાપ્ત થાય છે.[૮૪] પરંતુ રાજા જેવી રીતે સુખ નિદ્રામાં સૂઈ ગયેલો હોવા છતાં તેનાં રાજ્યમાંના વ્યાપારો બંધ થતા નથી, અને પ્રજા તો પોતાના લાભની ઈચ્છાથી વ્યાપાર કરતી હોય છે,[૮૫] તે પ્રમાણે જ, બુદ્ધિનું જાણવું કિંવા મનનું લેવું દેવું, ઇન્દ્રિયોનું કર્મ અને પ્રાણવાયુનું સ્ફુરણ પામવું,[૮૬] એ સર્વ શરીરવ્યાપારો તે કરાવતો નથી, કિન્તુ પોતાની મેળે જ થયા કરે છે. જેવી રીતે, સૂર્ય પોતે ન ચલાવતો હોવા છતાં ત્રણે લોક ચાલ્યા કરે છે,[૮૭] તેવી જ રીતે હે અર્જુન! તે શરીરમાં સ્વસ્થ હોવાથી તેને પુરુષ કહેવામાં આવે છે એમ સમજવું;[૮૮] અને માયારૂપ પતિવ્રતાના એકપત્નીવ્રતમાં પડવાથી તે પુરુષ એ નામ પામેલો છે.[૮૯] પરંતુ વેદોની જ્ઞાનદૃષ્ટિના મહત્ત્વને જેનું આંગણું પણ દૃષ્ટિગોચર થતું નથી અને જેનામાં આકાશનો સમાવેશ થયેલો છે,[૯૦] એ જાણીને જ યોગીજનો તેને પરાત્પર કહે છે અને તે પુરુષ એકનિષ્ઠ ભક્તોનો શોધ કરતો તેમને ઘેર આવી લાગે છે.[૯૧] જે એકનિષ્ઠ ભક્ત કાયા, વાચા અને મનથી બીજા કશાને જાણતો જ નથી, તેની એકનિષ્ઠાના ફળને આપનાર તે (પુરુષ) ઉત્તમોત્તમ ક્ષેત્ર જ છે.[૯૨] હે પાંડવ! આ ત્રૈલોકય ભગવદ્રૂપ છે, એવો જેના મનનો ખરેખરો મનોભાવ હોય છે, તે ભક્તોનો તે પોતે એક આશ્રમ જ છે.[૯૩] જે નિરભિમાનીઓનો વૈભવ છે, જે ગુણાતી-

તેનું જ્ઞાન છે અને જે નિઃસ્પૃહી જનનું સુખોપભોગ લેવાનું સ્થાન (સ્વરાજ્ય) છે;[૯૪] જે સંતોષી જનોનું ભોજન છે, જે સંસારની ચિન્તા ન કરનારા શરણાગતોનું મા-પેટ છે, અને જે ભક્તિથી ચાલનારાઓનો મોક્ષરૂપ ગ્રામમાં લઈ જનારો સરળ માર્ગ છે;[૯૫] હે ધનંજય! એવા તેના એક એક ગુણને વર્ણવીને કેટલું વિવેચન કરું? પરંતુ જે સ્થાનમાં જવાથી મનુષ્ય તદ્રૂપતાને પામે છે, (તે સ્થાન એ જ છે.)[૯૬] ટાઢની ઝળકથી જેવી રીતે ગરમ પાણી ઠંડું થાય છે અથવા તો સૂર્ય ઉદિત થવા છતાં અંધકાર જ પ્રકાશરૂપ થયેલો દેખાય છે,[૯૭] તે જ પ્રમાણે, હે પાંડવ! અજ્ઞાન અને તેના કાર્યરૂપ જગતનું જે ગ્રામમાં ગમન થતાં જે પોતે જ મોક્ષ બની રહે છે;[૯૮] તેમ જ કાષ્ઠને અગ્નિમાં નાંખવાથી તે પછીથી પોતે અગ્નિ જ બની જાય છે અને પછીથી જો તેને શોધી કાઢવાનો યત્ન કરવા છતાં તેનું કાષ્ઠત્વ દૃષ્ટિગોચર થઈ શકતું નથી;[૯૯] કિંવા, હે પાંડુસુત! જેવી રીતે એકવાર શર્કરા થઈ ગયા પછી પાછો તેનો ઇક્ષુદંડ (શેરડીનો સાંઠો) બનાવી શકાતો નથી,[૨૦૦] એક પારસમણિથી લોઢાનું સોનું બન્યા પછી બીજો કોઇપણ પાષાણ તેના ગયેલા લોહત્વને પાછું લાવી શકતો નથી;[૧] અને ઘીમાંથી પાછું દૂધ પણ ખરેખર નથી જ થઈ શકતું; તે જ પ્રમાણે જે સ્થાનમાં જવા પછી પુનઃ જન્મનો સંભવ નથી,[૨] તે જ મારું ખરેખર ઉત્તમ સ્થાન છે. આ ગુહ્ય તત્ત્વ તને અત્યારે મેં સ્પષ્ટ કરીને કહી સંભળાવ્યું છે.[૩]

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥ २३ ॥

[હે ભરતશ્રેષ્ઠ! જે કાળે યોગીઓ મરણ પામીને પાછા જન્મમાં આવતા નથી અને આવે છે, તે કાળવિશે હું તને કહું છું. ૨૩]

તે જ પ્રમાણે, દેહના અવસાન પછી યોગી જનો જે સ્વરૂપને પ્રાપ્ત થાય છે, તે ગુહ્ય રહસ્ય બીજા એક પ્રકારે પણ સરળતાથી સમજી શકાય છે.[૪] અથવા અકસ્માત્ એમ બની આવે છે કે, જે યોગી જનો અકાળે દેહનો ત્યાગ કરે છે, તેમને પુનઃ દેહ ધારણ કરવો પડે છે;[૫] એટલામાટે જો શાસ્ત્રોક્ત શુદ્ધ કાળમાં દેહનું અવસાન થાય છે, તો તે ક્ષણે જ તે યોગીઓ બ્રહ્મરૂપ થાય છે. નહિ તો અકાળે અવસાન થવાથી તેઓ પાછા જન્મ પામે છે.[૬] તેવી જ રીતે, મોક્ષ અને પુનર્જન્મ એ બન્ને કાળને આધીન છે. એવો જે કાળ તે વિશે હું તને પ્રસંગાનુસાર કાંઈક કહી સંભળાવું છું.[૭] તો, હે મહાવીર અર્જુન! સાંભળ. મરણનો કાળ સમીપ આવી લાગતાં અંતે પંચ મહાભૂતો પોતપોતાના માર્ગે ચાલ્યા જાય છે.[૮] એવો મરણકાળ પ્રાપ્ત થતાં બુદ્ધિને ભ્રાંતિ ગળી શકતી નથી, સ્મરણશક્તિ મંદ થતી નથી અને મન પણ મરતું નથી.[૯] જેણે બ્રહ્મભાવનો અનુભવ લીધો હોય છે, તે જ અંતરમાં તે બ્રહ્મનો ઉપભોગ લે છે અને તેથી મરણસમયે એ સઘળો પ્રાણસમુદાય ચળકતો દેખાય છે.[૨૧૦] એવી રીતે એ સમુદાય સાવધ હોય છે; અને જેને મરણપર્યન્ત ઇન્દ્રિયોનું સાહ્ય હોય છે તે સાહ્ય જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તો જ મળી શકે છે.[૧૧] વાયુ અથવા પાણીના યોગે જે વેળાએ દીપકનો પ્રકાશ લુપ્ત થાય છે, તે વેળાએ આપણી દૃષ્ટિ વિદ્યમાન હોવા છતાં પણ તેને કાંઈ દેખાતું નથી.[૧૨] તે જ પ્રમાણે, દેહાવસાન સમયે વાયુની વૃદ્ધિ થવાથી શરીર અંદર અને બહાર કફવડે વ્યાપ્ત થાય છે અને તે વેળાએ જઠરાગ્નિનું તેજ મંદ થઈ જાય છે,[૧૩] તે વેળાએ જ્યાં પ્રાણને જ અવસાન નથી હોતું, ત્યાં પછી બુદ્ધિ હોવા છતાં પણ શું કરી શકે વારુ? અર્થાત્ અગ્નિ વિના દેહમાં ચેતના રહી શકતી નથી.[૧૪] જો શરીરમાંના જઠરાગ્નિનો નાશ થયો, તો પછી તે શરીર નહિ, કિન્તુ ભીનો ગારો જ છે. એવા સમયે સાધક પોતાના આયુષ્યનો કાળ અંધકારમાં જ

શોધતો હોય છે અથવા શોધતો બેસે છે.[૧૫] એ પછી વીતેલી સર્વ વાતોનું મરણસમયે સ્મરણ થાય છે, એટલે પછી દેહને ત્યાગીને નિજ સ્વરૂપમાં કેમ મળી શકાય વારુ?[૧૬] એટલામાં તે દેહમાંના કફના ગારામાં ચેતના ડૂબી જવાથી આગળ અને પાછળની વાતોનું વિસ્મરણ થઈ જાય છે.[૧૭] એથી પૂર્વે જે યોગાભ્યાસ કરેલો હોય છે, તે મરણ આવવાની પ્રથમ જ નાશ પામે છે. જેવી રીતે આપણે પોતે રાખેલી વસ્તુને દીવો હાથમાં લઇને શોધવા જઇએ અને તે વસ્તુ મળ્યા પૂર્વે જ દીવો ઓલવાઈ જાય, તે પ્રમાણે જ આ ઘટના થાય છે.[૧૮] હવે આ સર્વ વાતોને રહેવા દે, જઠરાગ્નિ એ જ્ઞાનનું મૂળ કારણ છે અને મરણસમયે સર્વ બળ એ અગ્નિનું જ હોય છે.[૧૯]

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छंति ब्रह्म ब्रह्मविदो जनाः ॥ २४ ॥

[અગ્નિ, જ્યોતિ, દિવસ, શુકલ પક્ષ અને ઉત્તરાયણના છ માસમાંથી એક મહિનાના કાળમાં મરણ પામેલા બ્રહ્મવેત્તા જનો બ્રહ્મસાથે જઈ મળે છે. ૨૪]

શરીરમાં જઠરાગ્નિની જ્યોતિનો પ્રકાશ હોય, બહાર શુદ્ધ પક્ષ (શુકલપક્ષ) હોય અને ઉત્તરાયણનો કોઈપણ એક મહિનો હોય,[૨૦] એવી રીતે સર્વ સાધનોની તૈયારી હોય એવા સમયમાં જેઓ પોતાના દેહનો ત્યાગ કરે છે, તે જ્ઞાની જનો બ્રહ્મ સ્વરૂપમાં જઈ મળે છે.[૨૧] હે ધનુર્ધર! સાંભળ. એ સમયના યોગનું એવું વિલક્ષણ સામર્થ્ય હોવાથી જ મોક્ષપ્રાપ્તિ માટે અને સ્વસ્વરૂપને પ્રાપ્તિ થવા માટેનો એ સરળ માર્ગ છે.[૨૨] એ માર્ગમાં જઠરાગ્નિ પ્રથમ સોપાન છે, અગ્નિની તેજસ્વિતા દ્વિતીય સોપાન છે, દિવસ તૃતીય સોપાન છે અને શુકલપક્ષ ચતુર્થ સોપાન છે, એમ સમજવું;[૨૩] અને ઉત્તરાયણના છ મહિનાઓમાંનો એક મહિનો, એ નિઃસરણીની એકદમ ઉપરની પાયરી છે. એવા ક્રમે ચઢવાથી યોગી મોક્ષસિદ્ધિરૂપ સદનમાં જઈ પહોંચે છે.[૨૪] એ ઉત્તમ કાળ છે, એમ સમજ, અને એને 'અર્ચિરાદિ માર્ગ' કહેવામાં આવે છે. હવે મરણમાટે યોગ્યકાળ કયો છે, તે પણ તને કહું છું તે સાંભળ.[૨૫]

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चांद्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ २५ ॥

[ધૂમ, રાત્રિ તેમ જ કૃષ્ણ પક્ષ અને દક્ષિણાયનના છ માસમાંના કોઈ પણ એક માસના સમયમાં મરણ પામનાર યોગી ચંદ્રલોકના* ઉપભોગ ભોગવીને આગળ ન વધતાં ત્યાંથી પાછો ફરે છે. ૨૫]

મરણસમયે કફ અને વાયુ આદિ દોષોની પ્રબળતાથી અંતઃકરણમાં અંધકાર વ્યાપી જાય છે.[૨૬] સર્વ ઇંદ્રિયોની ગતિ કુંઠિત થઈ જાય છે, સ્મૃતિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે, મન પ્રમાદમય થતાં પ્રાણ મુંઝાય છે;[૨૭] જઠરાગ્નિ ઓલવાઈ જાય છે અને તેનો ધુમાડો ચારે તરફ ફરી વળે છે અને તેથી જ્ઞાન પણ અટવાઈ જાય છે.[૨૮] જેવી રીતે ઘન અને પાણીથી ભરેલાં વાદળાં આડાં આવતાં ચંદ્રનું તેજ લપાઈ–ઢંકાઈ જાય છે અને નહિ પ્રકાશ કે નહિ અંધકાર જેવી અવસ્થા

* સર્વ કર્મોને ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરવાથી સાત્ત્વિક મોક્ષ થાય છે; પરંતુ જો સકામ કર્મ કરવામાં આવે, તો તેથી તે લોકમાં સુખનો ઉપભોગ લીધા પછી પુનર્જન્મ થયા પછી જે મોક્ષ થાય છે, તેને 'રાજસમોક્ષ'ના નામથી ઓળખવામાં આવે છે. એ વૈભવ ભોગવવાના સ્થાનને જ આ શ્લોકમાં 'ચન્દ્રલોક'નું નામ આપવામાં આવ્યું છે. ચોવીશમો શ્લોક નિષ્કામ કર્મ કરનારને માટે છે અને આ શ્લોક સકામ કર્મયોગીને માટે છે.

થાય છે.[૨૯] તેવીજ રીતે, તે મરતો પણ નથી અને સાવધ પણ નથી હોતો. એવી સ્થિતિમાં શરીર કેવળ પડેલું હોય છે અને આયુષ્ય મરણની માર્ગપ્રતીક્ષા કરતું હોય છે.[૧૩૦] એવી રીતે મન, બુદ્ધિ અને ઇંદ્રિયોની આસપાસ ઘણોજ ધૂમાડો ભરાય છે અર્થાત્ તેઓ અજ્ઞાનવડે આવૃત્ત થાય છે, તેથી તે વેળાએ આખા જન્મમાં મેળવેલા સર્વ લાભો નષ્ટ થઇ જાય છે.[૩૧] હાથમાં આવેલું જતું રહ્યા પછી પુનઃ લાભ થવાની આશાજ શી હોય વારુ? અર્થાત્ મરણ સમયે એવી દશા પ્રાપ્ત થાય છે.[૩૨] એ પ્રમાણે દેહની આંતરિક અવસ્થા હોય છે અને બહાર કૃષ્ણપક્ષનો વિસ્તાર હોય છે અને તેમાં પણ વળી રાત્રિ અને દક્ષિણાયનમાંના કોઇ એક મહિનાની પ્રાપ્તિ થાય છે.[૩૩] એ સર્વ જન્મમરણના ચક્રમાં નાંખનારા સંયોગો જેના મરણ સમયે એકત્ર થઇ જાય છે, તેનાં શ્રવણોમાં મોક્ષપ્રાપ્તિની વાર્ત્તા ક્યાંથી આવી શકે?[૩૪] એવા સમયમાં જેના શરીરનો અંત થાય–આવે છે, તેને, તે યોગી હોવાથી ચંદ્રલોક પર્યંત પહોંચવાનો લાભ મળી શકે છે ખરો, પરંતુ (તેના તપનું તેજ નષ્ટ થયા પછી) ત્યાર પછી ત્યાંથી તે પાછો ફરીને જન્મમરણના ફેરામાં સપડાય છે.[૩૫] હે પાંડવ! મેં જે મરણ માટેનો અયોગ્ય કાળ કહ્યો, તે એ જ છે, એમ સમજ. જન્મમરણના સ્થાનમાં લઇ જનારો ધૂમ્રમાર્ગ પણ એજ છે.[૩૬] એથી ભિન્ન જે (ઊપર કહેલો) અર્ચિરાદિ માર્ગ છે, તે વસતિવાળો અને સરળ હોવાથી તે ઉત્તમ અને સુલભ થઇ મોક્ષપ્રદેશ પર્યન્ત લંબાયલો છે.[૩૭]

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥ २६ ॥

[આ જગતની શુક્લ અને કૃષ્ણ એ બે ગતિઓ નિરન્તર (શાશ્વત) મનાયલી છે. એક ગતિથી જનારને પાછું આવવું પડતું નથી અને બીજી ગતિથી જનારને(આ જગતમાં) પાછું આવવું પડેછે. ૨૬]

એવા એ બે માર્ગો–એક સરળ અને બીજો વક્ર–અનાદિ કાળથી ચાલતા આવેલા છે. એટલા માટે હે મહાવીર! તે મેં તને બુદ્ધિપુરઃસર બતાવ્યા છે.[૩૮] કારણ કે, એ માર્ગોમાંનો સારો માર્ગ કયો અને નઠારો માર્ગ કયો, તે તને દેખાશે અને એથી ખરાખોટાને ઓળખીને પોતાના હિતને સાધી લેવા માટે તારાથી હિત અને અહિતનો વિચાર પણ કરી શકાશે.[૩૯] ઉત્તમ નૌકાને (કિનારે) પડેલી જોવા છતાં પણ કોઇ અગાધ જલપ્રવાહમાં ભૂસકો મારે ખરો? કિંવા (કોઇ પ્રવાસી) રાજમાર્ગને ત્યાગી આડા માર્ગમાં (ચોર લુટારાવાળા ભયગ્રસ્ત માર્ગમાંથી) જવાનું પસંદ કરશે કે?[૧૪૦] જે વિષ અને અમૃત ઉભયને ઓળખી શકે છે, તે (વિષને ગ્રહીને) અમૃતનો ત્યાગ કરે ખરો? ના, એજ રીતે જે સરળ માર્ગને જોઇ શકતો હોય, તે તો આડે રસ્તે જવાનો નહિજ.[૪૧] એટલા માટે પ્રથમ ખરા ખોટાની પરીક્ષા કરવી જોઇએ અને એ પરીક્ષા થઇ ગઇ, એટલે પછી તે સંકટમાં પડતો નથી.[૪૨] નહિ તો, મરણ સમયે એ માર્ગની પ્રાપ્તિ થવામાં મોટાં મોટાં સંકટો આવવાની ભીતિ રહ્યા કરે છે. અંતકાળે એની પ્રાપ્તિ થવા માટે જો સમસ્ત જન્મપર્યન્ત અભ્યાસ કરવામાં આવે, તોપણ તે સર્વ યત્ન વ્યર્થ પડે છે.[૪૩] જો અર્ચિરાદિ માર્ગ ખોવાયો (અથવા તે પ્રાપ્ત કરવાનાં સાધનો ન થયાં) અને તે યોગી અકસ્માત્ ધૂમ્રમાર્ગમાં આવી પડ્યો, તો પછી જન્મ મરણના ફેરામાં પડ્યા વિના તેનો છૂટકો થતોજ નથી.[૪૪] એવાં એ મોટાં સંકટોને જોઇને તેમનું નિવારણ શા ઉપાયથી થઇ શકે, એ બતાવવા માટે મેં બન્ને યોગમાર્ગનું સારી રીતે સ્પષ્ટીકરણ કર્યું છે.[૪૫] એક માર્ગમાં ચાલતાં યોગી મોક્ષ પામે છે અને બીજા માર્ગમાં પ્રયાણ કરવાથી જન્મ મરણના ફેરામાં સપડાય છે. પરંતુ દેહના અવસાન સમયે પ્રારબ્ધ અનુસાર જેને જે માર્ગ પ્રાપ્ત થાય તે ખરો.[૪૬]

नैते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ॥ २७ ॥

[હે અર્જુન! એ માર્ગને જાણનાર કોઇ પણ યોગી મોહમાં પડતો નથી; એટલા માટે તું સર્વ કાળમાં યોગયુક્ત થા. ૨૭]

અચાનક કઈ વેળાએ શું પ્રાપ્ત થશે, એનો કાંઇ નિયમ હોતો નથી; એટલા માટે આ વાતને આટલેથીજ રહેવા દે. ખરી વાત તો એ છે કે, બ્રહ્મની પ્રાપ્તિ કરી લેવા માટે, વળી કોઇ માર્ગજ શા માટે હોવો જોઇએ?૪૭ અર્થાત્ દેહ રહો કે જાઓ, અમે તો કેવળ બ્રહ્મજ છીએ, એમ જ્ઞાનીઓ સમજે છે. કારણ કે, રજ્જુ (દોરી)માં સર્પનો જે ભાસ થાય છે, તે રજ્જુના સત્યનો ભાસ થતાં રજ્જુના જ્ઞાન સાથે નષ્ટ થાય છે.૪૮ પાણીમાં લહરી આવે છે અને જાય છે, એનો પાણીને કદાપિ ભાસ થાય છે ખરો? નહિજ. કારણ કે, તેને તો જ્યારે જુવે ત્યારે તે પાણીનું પાણીજ કાયમ હોય છે.૪૯ તે પાણી લહરીઓનો ઉદ્ભવ થવાથીજ કાંઇ જન્મ પામતું નથી અથવા તો લહરીનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. એવી રીતે જેઓ દેહમાં રહીને દેહ સહિત બ્રહ્મ થયેલા હોય છે, (તેમનો દેહના જન્મ કે મરણ સાથે કશો પણ સંબંધ હોતો નથી.)૨૫૦ દેહ સહિત બ્રહ્મ થયા પછી તેનામાં દેહનું નામ માત્ર પણ અવશિષ્ટ રહેતું નથી. એમ થવા પછી વિચારી જો કે, કઇ વેળાએ કોનો લય થઇ શકે વારુ?૫૧ જ્યારે દેશકાળ ઇત્યાદિ તે પોતેજ થઇ રહેલો હોય છે, તો પછી બ્રહ્મપ્રાપ્તિના માર્ગનો શોધ શા માટે કરવો જોઇએ? અને કોઇ પણ માર્ગમાં કેમ કરીને જવું, એવો વિચારજ ક્યાંથી ઉદ્ભવે?૫૨ જે વેળાએ ઘડો ફૂટી જાય છે, તે વેળાએજ તેમાંનો આકાશ ભાગ માર્ગસ્થ થઇને આકાશને ભેટે છે અને નહિ તો તેમ નથી થતું, એમ ખરું કે? નહિજ.૫૩ ખરી વાત તો એજ છે કે, તે ઘટના આકારનોજ નાશ થાય છે; કારણ કે, ઘટાકાશ તો ઘટ નિર્માણ થવા પહેલાંથીજ મૂળ આકાશરૂપીજ છે.૫૪ એવા જ્ઞાનના સાધનથી આપણે પોતે જ બ્રહ્મ છીએ, એવા અનુભવને પ્રાપ્ત થયેલા યોગીઓને, સારા અને નઠારા માર્ગનું સંકટ ભોગવવું પડતું નથી.૫૫ એટલાં માટે, હે પાંડુપુત્ર! તું યોગયુક્ત* થા; કેમકે એના યોગે તને પોતાની મેળેજ બ્રહ્મરૂપતા પ્રાપ્ત થશે.૫૬ એમ થવાથી દેહનો ગમે તે સ્થાન કે ગમે તે કાળમાં નાશ થાય, તોપણ નિષ્પ્રતિબંધ અને નિત્ય બ્રહ્મસ્વરૂપમાં તેથી અંતરાય થતો નથી.૫૭ તે સૃષ્ટિના આરંભમાં જન્મતો નથી, સૃષ્ટિના અંતમાં મરણ પામતો નથી અને સૃષ્ટિની સ્થિતિના સમયમાં સ્વર્ગ અને સંસાર સુખના મોહમાં કદાપિ બદ્ધ થતો-બંધન પામતો નથી.૫૮ એ બોધ-જ્ઞાનવડેજ જે યોગી સાવધ હોય છે, તેનેજ એ બોધના ફળની પ્રાપ્તિ થાય છે, કારણ કે, તે વિષયોપભોગની તુલના કરીને બ્રહ્મસ્વરૂપમાં જઇ મળે છે,૫૯ હે અર્જુન! ઇંદ્ર આદિ દેવોને સ્વર્ગમાં નિત્ય સર્વ પ્રકારના સુખોનો ઉપભોગ મળે છે, પણ તે સુખને તજવા યોગ્ય માનીને તે (યોગી, તે સુખને પણ) દૂર હડસેલી દે છે.૨૬૦

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

[(બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ અને મરણ સમયે ભગવચ્ચિંતન કેમ થાય છે), એ સર્વ પૂર્ણતાથી જાણવામાં આવી ગયા પછી વેદ, યજ્ઞ, તપ અને દાનથી જે પુણ્ય ફળની પ્રાપ્તિ કહેલી છે, તેનું અતિક્રમણ કરીને તે આદ્ય અને ઉત્કૃષ્ટ સ્થાનને પ્રાપ્ત થાય છે.*૨૮]

* તાત્પર્ય કે અધ્યયન, યજ્ઞ, તપ અને દાન આદિથી જે લોકોની પ્રાપ્તિ થાય છે, તે લોકોથી પણ ઉત્તમ લોકમાં યોગીજનો જાય છે.

કદાચિત્ વેદોનું અધ્યયન કરીને (કોઇ મનુષ્ય) વૈદિક થાય અથવા યજ્ઞ કરીને પુણ્યરૂપી બીજને ઉગાડે કિંવા તપ તથા દાન કરીને પુણ્યનો સંચય કરે,[૬૧] એવા પ્રકારનાં સર્વ પુણ્યોનું ખળું અર્થાત્ મેદાન કદાચિત્ ફળોની વિપુલતાથી ઉભરાઇ ગયેલું હોય, તોય તે નિર્મળ બ્રહ્મની બરાબરી તો કોઇથી પણ કરી શકાતી નથી જ.[૬૨] જે નિત્યાનંદની તુલનાથી ત્રાજવામાં નાંખતાં લઘુ દેખાય છે અને જેની પ્રાપ્તિ માટે વેદયજ્ઞાદિ સાધનો કરવાં પડે છે;[૬૩] જે સુખ કંટાળાભરેલું થતું નથી અને સમાપ્ત પણ થતું નથી, ભોક્તાની ઇચ્છા પૂર્ણ કરે છે અને જે મહાસુખ (બ્રહ્મસુખ)-ના ન્હાના ભાઈ સમાન જ છે;[૬૪] એ પ્રમાણે ઊપર ઊપરથી દેખાતું તે સુખ કે જે મરણ પછી જ પ્રાપ્ત થાય છે અને જે સો યજ્ઞ કરવા છતાં પણ સાધ્ય થતું નથી,[૬૫] એવું જે સ્વર્ગસુખ, તે, યોગીશ્વરોને, દિવ્યદૃષ્ટિથી અને કૌતુકથી જોતાં બ્રહ્મસુખ સમક્ષ સર્વથા સૂક્ષ્મ (અને તુચ્છ) જ ભાસે છે.[૬૬] હે અર્જુન! તે (યોગી)ઓ સ્વર્ગ સુખનું પગથિયું કરીને બ્રહ્મપદપર ચઢે છે.[૬૭] એ પ્રમાણે સ્થાવર જંગમના મુખ્ય ભાગ્યરૂપ બ્રહ્મદેવ અને શંકરવડે પણ જે આરાધ્ય છે, જે યોગીજનોની ઉપભોગ્ય વસ્તુ છે,[૬૮] જે આદિજ્ઞાનસ્વરૂપ છે, જે પરમાનંદની કેવળ મૂર્તિ છે, જે સમસ્ત વિશ્વગત પ્રાણી માત્રનું જીવન છે,[૬૯] જે સર્વ જ્ઞાનના આત્મારૂપ છે અને જે યાદવ કુળના કુળદીપકરૂપ છે એવા જે શ્રીકૃષ્ણ તેણે અર્જુનને આ પ્રમાણે કહ્યું.[૨૭૦] એવો કુરુક્ષેત્રમાંનો કથાભાગ સંજયે ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યો. જ્ઞાનદેવ કહે છે કે, તે જ કથા હવે આગળ સાંભળો.[૨૭૧]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા મધ્યે અક્ષરબ્રહ્મયોગ
નામનો અધ્યાય આઠમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો નવમો અધ્યાય.

રાજવિદ્યારાજગુહ્યયોગ.

શ્રી જ્ઞાનેશ્વર કહે છે કેઃ—“હે શ્રોતાઓ! સાંભળો. હું પ્રતિજ્ઞાપૂર્વક સ્પષ્ટ કહું છું કે, જો તમે આમાં જ એક ધ્યાન રાખશો, તો સર્વ સુખોને પાત્ર થશો.[૧] પણ તમારા જેવા સર્વજ્ઞોની સભા-સમક્ષ આ શબ્દો હું કાંઇ ગર્વથી ઉચ્ચારતો નથી! ‘તમે ધ્યાન આપો’ એ મારી તમને એક લાડની પ્રાર્થના છે.[૨] કારણ કે, તમારાં જેવાં સંપન્ન જ્ઞાનસદન જ્યાં હોય છે, ત્યાં મનોગમ્યતા નામની જે એક વૃત્તિ છે, તેની મનોગમ્યતા (પસંદગી) પણ પૂર્ણ થઇ જાય છે અને મનોરથની ઇચ્છા પણ તૃપ્ત થાય છે.[૩] તમારી કૃપાદૃષ્ટિની શીતલતા(ભીનાશ)થી બહારમાં આવેલા પ્રસન્નતાના ક્ષેત્રમાંની શીતલ છાયાને જોઇને બહુ જ થાકી ગયેલો જે હું, તે ત્યાં વિશ્રાંતિ લઉં છું.[૪] હે મહારાજ! તમો સુખામૃતના સમુદ્ર જ છો અને તેથી મારી ઇચ્છા પ્રમાણે તેમાં વિહાર કરવાની મને આજ્ઞા આપો, એટલું જ મારું કહેવું છે. અહીં પણ જો હું મારા મનને મુક્ત કરવામાં સંકોચ કરું, તો પછી મારે ક્યાં જઇને તૃપ્ત (શાંત) થવું વારુ?[૫] એક બાળકના બોબડા તોતલા બોલવાથી અને આડા અવળા ચાલવાથી, કૌતુક માનીને જેવી રીતે માતા આનંદિત થાય છે,[૬] તેજ પ્રમાણે કોઇ પણ ઉપાયે તમો સંતજનોની મારાપર પ્રીતિ થાય, એવી પૂર્ણ ઇચ્છાથી જ હું તમારી જોડે આટલી બધી છૂટ લઉં છું.[૭] એ વિના, કેવળ મારા કથનની યોગ્યતામાં જ આપના જેવા સર્વજ્ઞ શ્રોતાઓની પ્રીતિ દૃઢ થવાનો સંભવ નથી. સરસ્વતીના પુત્રને તે વળી પાઠો મોઢે કરીને વિદ્યા સંપાદન કરવું પડતું હશે?[૮] આગીઓ ગમે તેટલો મોટો હોય, તોય સૂર્યપ્રકાશ સમક્ષ તેનું તેજ કેટલીવાર ટકી શકે? તેમ જ અમૃતરૂપ થાળમાં પીરસવાને યોગ્ય

હોય, એવી પાકનિષ્પત્તિ કઇ છે વારુ?[9] અહો, જેનાં કિરણો શીતલ છે, એવા ચંદ્રને વીજન (પંખા)વતી વાયુ ઢોળવો, કિંવા સુસ્વરને ગાયન ગાઇ સંભળાવવું, તે જ પ્રમાણે અલંકારને સાલંકાર કરવા, એ કયાંય પણ બની શકે એમ છે ખરું કે?[10] પરિમળ પોતે શાનો સુવાસ લે? સમુદ્ર પોતે કયા જળાશયમાં જઇને સ્નાન કરે? અને આ આકાશનો જેમાં સમાવેશ થઇ જાય, એવી મોટી વસ્તુ કઇ છે, તે કહો જોઇએ![11] તેવી જ રીતે, જેથી તમારું અવધાન તૃપ્ત થાય અને તમે એમ કહી ઊઠો કે, 'આ વાર્ત્તા સત્ય છે' એવું તમને તૃપ્ત કરવા યોગ્ય વકતૃત્વ કોનું હોઈ શકે વારુ?[12] છતાં પણ સમસ્ત જગતને પ્રકાશિત કરનારા સૂર્યની વાટો સળગાવીને આરતી ન કરવી કે શું? અથવા તો સમુદ્રને અંજલિ ભરીને પાણીથી અર્ઘ્ય ન આપવું કે શું?[13] મહારાજ! તમો કેવળ શંકરની મૂર્તિ છો અને હું ગરીબ ભક્તિપૂર્વક તમારી પૂજા કરું છું, તો બિલ્વપત્રસમાન મારા શબ્દોનો તમે સ્વીકાર નહિ કરો?[14] ન્હાનું બાળક પિતાની થાળીમાં જ જમવા બેસીને પિતાના મુખમાંજ કોળિયો આપવાને તૈયાર થાય છે અને તે વેળાએ પિતા પણ સંતોષથી તે ગ્રાસ લેવા માટે પોતાના મોઢાને આગળ ધરે છે;[15] એ જ પ્રમાણે, જો કે હું તમારી સાથે બાળકસમાન વિનોદથી વર્ત્તું છું, છતાં પણ મારા તે વર્ત્તનથી તમને આનંદ જ થવો જોઇએ, કારણ કે, એ પ્રેમનો એક મોટામાં મોટો ગુણ છે.[16] તેમજ તે પોતાના અભિમાનથી તમો સંતજનોએ બહુ પ્રકારે મને 'પોતાના' તરીકે કહેલો છે અને તેથી મારી આ અમર્યાદશીલતા–છૂટથી તમારા મનમાં વિષાદ તો થવાનો નથી જ.[17] વાછડું ગાયના આંચળમાં માથાનો પ્રહાર કરે છે, એટલે ગાયના દૂધની ધારા વધારે છૂટે છે; તે પ્રમાણે, જે મનુષ્ય અતિશય પ્રિય હોય છે, તેના કોપથી વળી પ્રેમ બમણો વધી જાય છે.[18] એટલા માટે આ બાળકના તોતળા બોબડા બોલવાથી તમારી સૂતેલી કૃપાળુતા જાગૃત થયેલી છે, એમ જાણીને જ મેં બોલવાનું સાહસ કર્યું છે.[19] નહિ તો ચંદ્રની ચંદ્રિકાને કોઇએ ક્ષેત્રમાં વાવીને પકવેલી હોય છે કે? કિંવા વાયુને વાવાની ગતિ કોઇએ આપી છે કે? તેમ જ આકાશને કોઇ બાથ ભીડી શક્યું છે ખરું કે? (અર્થાત્ આકાશને કોઈ બાથમાં સમાવી શકે કે?) નહિ જ.[20] સાંભળો: પાણીને પાતળું કરવું પડતું નથી અને માખણ તૈયાર થયા પછી તેને વલોણથી કોઇ વલોવતું નથી; તે જ પ્રમાણે તમોને જોવાથી મારું વ્યાખ્યાન લજ્જિત થઇને બહાર નીકળી જાય છે.[21]

અસ્તુ. જેની સમક્ષ વેદોના શબ્દો કુંઠિત થવાથી તે પણ જેની શય્યામાં ગાઢ નિદ્રા લે છે (જેની સમક્ષ વેદોની મતિ કુંઠિત થવાથી તે પણ સ્તબ્ધ રહે છે), તેવી ગીતાના અર્થનો હું મરાઠી ભાષામાં વિસ્તાર કરું. એવો અને એટલો મારો અધિકાર છે ખરો? નહિ જ.[22] પરંતુ આવી સ્થિતિ હોવા છતાં પણ મારા મનમાં આગળની આશાથી એવી ઇચ્છા ઉત્પન્ન થયેલી છે. તે ઇચ્છા એ કે, મનને દૃઢ કરીને તમારા જેવાઓની પ્રીતિ મેળવવી.[23] માટે હવે ચંદ્ર કરતાં પણ વધારે શીતલ કરનારા અને અમૃત કરતાં પણ અધિક જીવન આપનારા અવધાનવડે મારા મનોરથને પુષ્ટિ આપો.[24] જો મારા શિરપર તમારી પૂર્ણ કૃપાદૃષ્ટિરૂપ વૃષ્ટિ થશે, તો મારી બુદ્ધિરૂપ ભૂમિમાં સર્વાર્થ સિદ્ધિરૂપ ધાન્ય પાકશે. જો તમો મારાથી ઉદાસ થશો, તો અંકુરિત થયેલું મારું જ્ઞાન પણ સૂકાઈ જશે.[25] વકતૃત્વરૂપ પક્ષીને અવધાનરૂપ દાણા મળવાથી તેના પ્રત્યેક અક્ષરરૂપ અવયવને અર્થરૂપી પુષ્ટિ મળશે.[26] અર્થ, શબ્દની બહાર નિકળવાની વાટ જોય છે. એક શબ્દ બહાર નીકળતાં જ તેમાંથી એક પછી એક અર્થ નિકળવા માંડે છે અને બુદ્ધિને નાના પ્રકારના શ્લેષ સૂઝવા માંડે છે.[27] એટલા માટે સંવાદરૂપ અનુકૂલ વાયુ વેગથી વાવા માંડ્યો કે, વક્તાના હૃદયાકાશમાં બ્રહ્મજ્ઞાનની વૃષ્ટિ થાય છે અને તેમાં જો સાંભળનારનું ધ્યાન ન હોય, તો વકતૃત્વમાં આવેલો રસ નીરસ થઇ જાય છે.[28] ચંદ્રકાંત મણિને પરસેવો આવે છે,

એ વાત ખરી છે; પણ એમ કરવાની શક્તિ કેવળ એક ચન્દ્રમામાં જ સમાયલી છે. અર્થાત્ જો શ્રોતા ન હોય તો પછી વક્તાની કશી કીંમત જ નથી.[૨૯] 'અમને મિષ્ટ કરીને આરોગો,' એવી પ્રાર્થના ચોખાએ કરવી પડતી નથી. તેમ જ શા માટે યાંત્રિક પૂતળીઓએ 'અમને નચાવો' એવી સૂત્રધારને પ્રાર્થના કરવી જોઇએ?[૩૦] સૂત્રધાર યાંત્રિક પૂતળીઓને નચાવે છે તે પોતાની ચતુરાઇ બતાવવા માટે કે પુતળીઓના સ્વાર્થ માટે નચાવે છે? એટલા માટે પણ આ બધો ખટાટોપ શા માટે કરવો જોઇએ?[૩૧] એ સમયે શ્રીગુરુ નિવૃત્તિરાજ કહે છે કેઃ-"તને આટલા બધા ઉદાસ થવાનું શું કારણ છે વારુ? તારું સર્વ બોલવું અમને માન્ય છે. હવે શ્રીકૃષ્ણે અર્જુનને જે કાંઈ કહ્યું છે, તે તું અમને કહી સંભળાવ."[૩૨] એથી નિવૃત્તિદાસ જ્ઞાનદેવ સંતોષ પામી, મહાઉલ્લાસથી બોલ્યા કે"-જી હા મહારાજ, સાંભળો. શ્રીકૃષ્ણે, અર્જુનને એમ કહ્યું કે;[૩૩]

श्रीभगवानुवाच—इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १ ॥

[શ્રી ભગવાને કહ્યુંઃ-જેને જાણવાથી તું અશુભ સંસારથી મુક્ત થઇશ, એવું જે આ અત્યંત ગુહ્ય જ્ઞાન તે તારા જેવા એક નિર્મત્સરને હું વિજ્ઞાનસહિત કહી સંભળાવું છું. ૧]

હે અર્જુન! આ મારા અંતઃકરણમાં જે અતિગુહ્ય જ્ઞાનનું આદિ કારણ રહેલું છે, તે તને પુનઃ કહું-વ્યક્ત કરી બતાવું-છું.[૩૪] હવે આવી રીતે આ પ્રાણપ્રિય ભેદનો હું તારી આગળ સ્ફોટ શા માટે કરું છું, એવી કદાચિત્ તારા મનમાં સહજ શંકા આવશે,[૩૫] તો હે તાત! સાંભળ. તું બુદ્ધિમાન્ હોવા સાથે કેવળ શ્રદ્ધા-આસ્થાની જ પ્રતિમા છે અને હું તને જે કાંઈ પણ કહું છું, તે તું ધ્યાનપૂર્વક સાંભળે છે,[૩૬] એટલા માટે, મારી ગુપ્ત વાર્ત્તા બહાર પડે તો છો પડતી અને ન બોલવા જેવી વાત બોલવી પડે તો છો બોલવી પડતી, પરંતુ મારા હૃદયમાંની ગુપ્ત વાર્ત્તા તારા હૃદયમાં ઉતરે, એ જ મારી ઇચ્છા છે. (તેથી જ તને આ રહસ્યજ્ઞાન સંભળાવું છું.)[૩૭] દૂધ જો કે સ્તનમાં ભરેલું હોય છે, છતાં તેનો સ્વાદ સ્તનને આવતો નથી; પરંતુ જો એકનિષ્ઠ સેવન કરનાર કોઈ વત્સ-બાળ હોય છે, તો તેની ઇચ્છા તૃપ્ત થાય છે.[૩૮] ઘાસની કોથળીમાંથી ઓરવાનાં બી કાઢીને ખેડીને તૈયાર કરેલી ભૂમિમાં ઓર્યાં, એટલે તે યથાસ્થિત ન ઓરાયાં કે વ્યર્થ ગયાં, એમ થઈ શકતું નથી;[૩૯] એટલા માટે જો ભક્ત પ્રશસ્ત અંતઃકરણનો, શુદ્ધ બુદ્ધિવાળો, નિંદા ન કરનારો અને એકનિષ્ઠ હોય, તો તેને પોતાના મનની ગુપ્ત વાર્ત્તા પણ આનન્દથી જણાવવામાં કશો પણ પ્રત્યવાય નથી.[૪૦] એવા ગુણોથી મંડિત ભક્ત અત્યારે તો તારા જેવો બીજો કોઈ પણ નથી અને તેથી આ ગુહ્ય વાર્ત્તાને હું તારાથી છાની રાખી શકતો નથી.[૪૧] હવે આ વાર્ત્તાને વારંવાર ગુપ્ત ગુપ્ત કહેવાથી કદાચિત્ તને મારું બોલવું કંટાળા ભરેલું લાગશે, એટલે તને હવે હું પ્રાપંચિક જ્ઞાન* સહિત બ્રહ્મજ્ઞાન કહી સંભળાવું છું.[૪૨] પરંતુ ખરું અને ખોટું નાણું એકઠું થઈ જવાથી જેવી રીતે તેમને થોકડીઓ માંડીને જૂદું કરવામાં આવે છે, તેવી રીતે હું તને જ્ઞાન અને વિજ્ઞાન જૂદાં કરી બતાવું છું;[૪૩] અથવા તો રાજહંસ પોતાની ચાંચની સાંડસી કરીને દૂધ અને પાણીને નિરાળાં કરી નાંખે છે, તે પ્રમાણે હું જ્ઞાન અને વિજ્ઞાનને-નિરાળાં કરી નાંખી, સ્પષ્ટ કરી બતાવું છું.[૪૪] એમ કરવાથી, જેમ ફોતરાં અને ધાન્યને જૂદાં પાડવાને વાયુપર ધરી રાખતાં, જેવી રીતે ધાન્યનો પોતાની મેળે નીચે ઢગલો થાય છે અને ફોતરાં ઉડી જાય છે,[૪૫] એ પ્રમાણે, એ જ્ઞાનવિજ્ઞાનને જાણવાની સાથે જ તે જ્ઞાન સંસારનો નાશ કરીને તે સાધકને મોક્ષની પીઠપર બેસાડી દે છે.[૪૬]

* સાતમા અધ્યાયના પ્રથમ શ્લોકની ટીકામાંના વિજ્ઞાન શબ્દ માટે આપેલી ટીપ જુઓ.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥ २ ॥

[એ જ્ઞાન સર્વ વિદ્યાનો રાજા છે, સર્વ ગુહ્યોમાં શ્રેષ્ઠ છે, ઉત્કૃષ્ટ છે, પવિત્ર છે, પ્રત્યક્ષ અનુભવમાં આવી શકે તેવું છે, ધર્મને અનુસરનાર છે, સુખપૂર્વક પ્રાપ્ત થનાર છે અને અવિનાશી છે. ૨]

જેને સર્વ જ્ઞાનના સમુદાયમાં મુખ્ય આચાર્યનું સ્થાન આપવામાં આવે છે, જે સર્વ રહસ્યોનો રાજા છે, પવિત્ર વસ્તુઓનો સ્વામી છે,[૪૭] અને ધર્મનું અધિષ્ઠાન છે; તેમ જ જે ઉત્તમોમાં ઉત્તમ છે અને જે જ્ઞાનની પ્રાપ્તિ થવાથી દ્વિતીય-બીજો-પુનર્ જન્મ ધારણ કરવાનું કારણ રહેતું નથી;[૪૮] જે ગુરુના મુખમાંથી અંશતઃ બહાર પડતાં જ શિષ્યના હૃદયમાંના સ્વયમેવ બ્રહ્મની, શિષ્યને સહજ પ્રાપ્તિ થઈ જાય છે;[૪૯] તેમ જ સુખની નિઃસરણીપર ચઢતાં જેનો મેળાપ થાય છે અને એ મેળાપ થયા પછી મેળાપથી થનારા સુખનો જેનામાં લય થાય છે;[૫૦] પરંતુ જેની પ્રાપ્તિના સુખના આગમનના કાંઠાપર ઉભા રહેવાથી પણ ચિત્ત આનન્દમય થાય છે, એવું એ જ્ઞાન સુલભ અને સરળ હોવા છતાં પરબ્રહ્મની પ્રાપ્તિ આપનારું છે.[૫૧] ખરેખર એ જ્ઞાનમાં બીજા પણ ગુણો રહેલા છે અને તે એ કે, એ જ્ઞાન પ્રાપ્ત થવા પછી નષ્ટ થતું નથી; એ અનુભવ લેવાથી (ભોગવવાથી) ન્યૂન થતું નથી; તેમ જ નિરંતર પાસે રહેવા છતાં એનો કંટાળો પણ છૂટતો નથી.[૫૨] હે ચતુર અર્જુન! હવે તું જો એવી શંકા કરે કે, એ એક આવી અપ્રતિમ વસ્તુ હોવા છતાં લોકોને પ્રાપ્ત થયા વિના કેમ રહી ગઈ છે?[૫૩] જે લોકો એક ટકો મેળવવા માટે જ બળતી આગમાં પણ કૂદી પડતાં આગળ પાછળનો વિચાર કરતા નથી, તેઓ સહજ પોતામાં જ-પાસે રહેલી સંપત્તિનો ત્યાગ કેમ કરીને કરતા હશે?[૫૪] અર્થાત્ પવિત્ર અને રમણીય, સુખદ, જાણવામાં સુલભ, અતિ સુખકારક, ધર્મને પૂર્ણ અનુકૂળ અને પોતામાં જ પ્રાપ્ત થનાર,[૫૫] હે અર્જુન! એ પ્રમાણે સર્વથા અનુકૂળ હોવા છતાં પણ એ જ્ઞાન, લોકોને હસ્તગત થયા વિના કેમ રહ્યું, એ શંકા કરવાનાં કારણો છે ખરાં; પરંતુ તારે એવી શંકા કરવી નહિ.[૫૬]

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तंते मृत्युसंसारवर्त्मनि ॥ ३ ॥

[હે પરંતપ! આ (આત્મજ્ઞાનરૂપ) ધર્મમાં શ્રદ્ધા ન રાખનારા પુરુષો, મારી પ્રાપ્તિ ન થવાથી મૃત્યુયુક્ત સંસારના માર્ગમાંજ પરિભ્રમણ કર્યા કરે છે. ૩]

જેમ ગાયનું દૂધ પવિત્ર, અને મિષ્ટ છે, તેમ જ બહુ જ પાસે ત્વચાના પડદાની અંદર જ છે; છતાં તેનો ત્યાગ કરીને બગાઇઓ કેવળ રક્તનું જ સેવન નથી કરતી કે?[૫૭] અથવા તો કમળકંદ અને દેડકાંનો (સરોવરમાં) એક જ સ્થળમાં નિવાસ હોવા છતાં, ભ્રમર કમળમાંના મકરંદનું સેવન કરે છે અને દેડકાંના ભાગ્યમાં તો પંક (કાદવ) જ લખાયલો હોય છે;[૫૮] અથવા તો દુર્ભાગી પુરુષના ગૃહમાં સુવર્ણ મુદ્રા આદિ અગણિત દ્રવ્ય દાટેલું હોવા છતાં, તે તો પોતાના એ ગૃહમાં રહેવા છતાં દરિદ્રાવસ્થામાં રહી અપવાસ કરીને જ ઉપભોગ કરે છે (દહાડા કાઢે છે);[૫૯] તેમ જ મનુષ્યના સર્વ સુખોનું વિશ્રાંતિસ્થાન જે હું 'રામ,' તે મનુષ્યના હૃદયમાં હોવા છતાં, તે અજ્ઞાની પુરુષની વાસના તો વિષયોમાં જ હોય છે. (સંસારના પ્રપંચમાં જ રમણ ભ્રમણ કરે છે.)[૬૦] વિપુલ મૃગજલ દૃષ્ટિગોચર થતાં મુખમાંના અમૃતના ઘૂટડાને થૂકી નાંખવામાં આવે અથવા છીપ મળતાં

ગળામાં બાંધેલા પારસમણિને તોડીને ફેંકી દેવામાં આવે,[૬૧] તે જ પ્રમાણે, જેના મનમાં અહંતા તથા મમતાનો પૂર્ણ અધિકાર જામેલો હોય છે, તે બિચારાઓ મને પ્રાપ્ત કરી શકતા નથી અને એથી તેઓ જન્મ અને મરણના મધ્યમાં જ ડચકાં ખાતા પડી રહે છે.[૬૨] હું કેવો છું એવું જો પ્રશ્ન કરવામાં આવે તો એનું ઉત્તર એ છે કે, સૂર્ય જેવી રીતે ગમે ત્યાંથી જોનારને પોતાના મુખ સમક્ષ સ્થિર દેખાય છે, તેવો જ મારો પ્રકાર છે—તેવો જ હું સ્થિર છું. પરંતુ સૂર્યમાં જે એ એક ન્યૂનતા છે, કે તે કોઈવાર દેખાય છે અને કોઇવાર દેખાતો નથી, તે માત્ર મારામાં નથી. (અર્થાત્ હું સર્વ કાળમાં દૃષ્ટિગોચર થાઉં છું).[૬૩]

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।

मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥ ४ ॥

[અવ્યક્ત સ્વરૂપ જે હું તે મારાવડે આ સર્વ જગત્ વ્યાપ્ત છે; સર્વ ભૂતો મારામાં જ વસેલાં છે, પણ હું તેમનામાં સ્થિત નથી. ૪]

આ સમસ્ત જગત્ મારા નિર્ગુણ સ્વરૂપનો વિસ્તાર છે. જેવી રીતે દૂધ સહજ જામ્યું, એટલે તેજ દહિં કહેવાય છે;[૬૪] અથવા બીજનું જ વૃક્ષ થાય છે અને સુવર્ણમાંથી અલંકારો થાય છે, તે જ પ્રમાણે, નિર્ગુણ એકલો જે હું, તે (માંથી જન્મેલો) મારો જે આ વિસ્તાર, તે આ જગત્ છે.[૬૫] મારું એ સ્વરૂપ જ્યારે અવ્યક્ત હોય છે, તે વેળાએ નિરાકાર હોય છે અને તે જ પછીથી સૃષ્ટિનારૂપે વિસ્તારને પામીને આકારમાં આવે છે. એ પ્રમાણે નિર્ગુણ હોવા છતાં સાકાર થયેલો જે હું, તેનાથી જ આ ત્રૈલોકય મંડાયલું છે, એમ જાણ.[૬૬] મહત્ તત્ત્વથી તે દેહ પર્યન્ત આ સર્વ ભૂતો ખરેખર મારામાંથી જ ઉત્પન્ન થાય છે. જેવી રીતે પાણીમાંથી ફીણ ઉત્પન્ન થાય છે,[૬૭] પરંતુ તે ફીણમાં જોતાં પાણી દેખાતું નથી; કિંવા હે અર્જુન! સ્વપ્નમાં જીવ અનેક રૂપો ધારણ કરતો હોવા છતાં જાગૃત થવા પછી જેમ તે રૂપો અદૃશ્ય થાય છે;[૬૮] તે જ પ્રમાણે એ ભૂતો જો કે મારામાં રહેલાં ભાસે છે, તો પણ હું તેમનામાં નથી. આ ઉપપાદન તને *આગળ પણ મેં કહેલું જ છે.[૬૯] એટલા માટે એકવાર કહેવાયલી વાર્તાનું પિષ્ટપેષણ ન કરવું, એવો નિયમ હોવાથી આ વાર્તાને આટલેથી જ રહેવા દે. પરંતુ તારી દૃષ્ટિનો મારા અંતઃકરણમાં પ્રવેશ થવા દે.[૭૦]

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।

भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥ ५ ॥

[અને ભૂતો મારામાં નથી, એવી મારી અદ્ભુત ઈશ્વરીય ઘટનાને જો. હું ભૂતોને ધારણ કરનારો હોવા છતાં ભૂતોમાં વસનારો નથી; અને મારો આત્મા ભૂતોની ઉત્પત્તિ તથા સંરક્ષા કરનારો છે. ૫]

માયાથી પર મારું જે સ્વરૂપ છે, તેને તું જો કલ્પના વિના જ જોવા માંડે, તો મારામાં સર્વ ભૂતો રહેલાં છે, એમ જે તને કહેવામાં આવ્યું છે તે સર્વ મિથ્યા છે, એમ તને ભાસશે. કારણ કે, સર્વ હું ને હું જ છું.[૭૧] આમ હોવા છતાં સંકલ્પરૂપ સંધ્યાકાળના સમયે, અજ્ઞાનરૂપ અંધકારવડે જ્ઞાનરૂપ નેત્રો કેટલાક કાળપર્યન્ત ગ્રસ્ત થાય છે અને તેથી તે નેત્રો અંધકારયુક્ત થવાથી હું અખંડ હોવા છતાં, ભૂતો મારાથી ભિન્ન દેખાય છે.[૭૨] તે જ સંકલ્પરૂપ સંધ્યાકાળનો લોપ થતાં જેવી રીતે નીલમણિની માળામાં લીલા સર્પનો ભાસ, શંકાના લોપ સાથે જ દૂર થઈ જાય

* સાતમા અધ્યાયનો બારમો શ્લોક જુઓ.

છે, તે જ પ્રમાણે હું અખંડ અવિનાશી દેખાવા માંડું છું.[૭૩] શું જમીનમાંથી ગાગર, માટલા અને ઘડા વિગેરેના આકાર સ્વયંસિદ્ધ નીકળે છે ખરા? નહિ જ. તે તો કુંભારની બુદ્ધિથી જ તૈયાર થાય છે.[૭૪] અથવા શું સમુદ્રના જળરાશિમાં શું લહરીઓની ખાણો છે? નહિ જ. કિન્તુ લહરીઓ ઉપજાવવાનું કૃત્ય તો વાયુનું જ છે.[૭૫] કપાસના ગર્ભમાં કાપડની ગાંઠ હોય છે? નહિ જ. પણ વાપરનારની મતિથી તેનું કાપડ બનેલું છે.[૭૬] સોનાના દાગીના બનાવ્યાથી તેની સુવર્ણતાનો નાશ થાય છે? કદાપિ નહિ. કિન્તુ સ્થૂલ દૃષ્ટિથી વાપરનારની કલ્પનાથી તે દાગીના દેખાય છે.[૭૭] આપણા પોતાના શબ્દોનો જે પ્રતિધ્વનિ સાંભળવામાં આવે છે, અથવા દર્પણમાં આપણે આપણા પોતાનાં જે સ્વરૂપને જોઇએ છીએ, તે ખરેખર આપણા બોલવા અને જોવા-વડે જ શું ઉત્પન્ન થયેલી હોય છે અથવા તે વસ્તુઓ આપણા પહેલાં જ ત્યાં રહેલી હતી, એ કહે જોઇએ?[૭૮] એ જ પ્રમાણે, આ મારા નૈરુપાધિક સ્વરૂપમાં જે ભૂતવિષયક કલ્પનાનો આરોપ કરે છે, તેને તેની કલ્પનાના કારણથી મારામાં ભૂતોના હોવાનો ભાસ થાય છે.[૭૯] તે જ કલ્પના કરનારી માયાની સમાપ્તિ થતાં મારામાંનો ભૂતવિષયક ભાસ પણ લુપ્ત થાય છે અને એમ થતાં કેવળ મારું નૈરુપાધિક શુદ્ધ સ્વરૂપ જ કેવળ અવશિષ્ટ રહે છે.[૮૦] અસ્તુ. આપણા મસ્તકમાં કોઇવાર ચક્કર આવ્યાથી જેમ પર્વત ઈત્યાદિ ચક્રવત્-ચાકની માફક ફરતા દેખાય છે, તેવી જ રીતે મનમાં કલ્પનાનો ઉદ્‌ભવ થતાં અખંડ બ્રહ્મસ્વરૂપમાં ભૂતોનો ભાસ થયો છે.[૮૧] તે જ કલ્પનાનો ત્યાગ કરીને જો જોવામાં આવે, તો 'હું ભૂતોમાં છું અને ભૂતો મારામાં છે,' એ કલ્પના સ્વપ્નમાં પણ આવવાનો સંભવ નથી.[૮૨] એટલા માટે, 'એક હું જ ભૂતોને ધારણ કરનાર છું અથવા તો ભૂતોમાં રહેનાર છું,' એ સર્વ વાતો સંકલ્પરૂપ સન્નિપાત વાયુની લહરીમાંના બડબડાટ જેવી જ છે.[૮૩] અર્થાત્, હે પ્રિયોત્તમ! સાંભળ કે, એવી રીતે હું સૃષ્ટિનો વિશ્વાત્મા છું, કિંવા મિથ્યા-ખોટી-નાશવંત-સૃષ્ટિનો આધાર છું, એ કલ્પના મિથ્યા છે.[૮૪] જેવી રીતે સૂર્યનાં પ્રખર કિરણોવડે પાણી ન હોવા છતાં પણ મૃગજળનો ભાસ થાય છે, તેવી જ રીતે સર્વ ભૂતો મારામાં છે અને હું પણ તેમનામાં છું, એવી કલ્પના ઉત્પન્ન થાય છે.[૮૫] એવી રીતે (હું) ભૂતોને ઉત્પન્ન કરનાર હોવા છતાં પણ, સૂર્ય અને તેનું તેજ જેવી રીતે એક જ છે, તેવી રીતે હું તેમનાથી ભિન્ન નથી, (પણ હું અને તે એક જ છિયે).[૮૬] આ મારો ઐશ્વર્ય યોગ (અદ્‌ભુત કૃત્ય) સારી રીતે હવે તારા સમજવામાં આવ્યો? ત્યારે હવે કહે કે, મારા અને પ્રાણી માત્રમાં કશો પણ ભેદનો સંબંધ છે ખરો?[૮૭] એટલા માટે, મારાથી ખરી રીતે સર્વ પ્રાણીમાત્ર ભિન્ન નથી અને હું પણ તેમનાથી ભિન્ન નથી, એમ સમજ.[૮૮]

यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ६ ॥

[જેવી રીતે સર્વગામી અને મહાન્ વાયુ નિત્ય આકાશમાં જ હોય છે, તેવી રીતે સર્વ ભૂતો મારામાં જ છે, એમ તું જાણ. ૬]

આકાશનો જેટલો વિસ્તાર છે, તેટલા પ્રમાણમાં જ તેમાં વાયુ ભરાયલો છે; પરંતુ તેને જરાપણ હીલવતાં જ તે આકાશથી ભિન્ન ભાસે છે. નહિ તો ખરી રીતે તો જે આકાશ છે તે જ તે છે;[૮૯] એ પ્રમાણે જ, પ્રાણીઓ મારામાં છે, એવી મનમાં કલ્પના આવતાં થોડોક ભાસ થાય છે. પરંતુ કલ્પનાના અભાવમાં જોતાં સર્વત્ર હું એકલો જ છું, એમ દેખાય છે.[૯૦] એટલા માટે ભૂતોનું ન હોવું અને હોવું, એ માત્ર કલ્પનાના સંબંધથી જ ભાસે છે અને જે કલ્પનાનો લોપ થયા પછી ભાસતું નથી અને કલ્પના હોતાં ભાસે છે,[૯૧] તે જ કલ્પનાને ઉત્પન્ન

કરનાર અજ્ઞાનનો નાશ થતાં ભૂતોનું ન હોવું અને હોવું ક્યાંથી ભાસે વારુ? એટલા માટે હવે પછી હું તને મારી અદ્‌ભુત કૃતિ કહી સંભળાવું છું, તે સાંભળ.[૯૨] આ અનુભવરૂપી સમુદ્રમાં તું પોતે એક તરંગ બની રહે. એ પછી જ્યારે તું આ ચરાચરમાં દૃષ્ટિપાત કરીશ, તો સર્વત્ર તું પોતે જ ભરેલો છે, એમ જ તારા જોવામાં આવશે.[૯૩]

હેવે કહ્યું:-હે અર્જુન! મેં તને જે આ જ્ઞાન કહ્યું, તેનો તારા મનમાં કાંઈ પ્રકાશ પડ્યો કે? (અર્થાત્) તું એનું રહસ્ય સમજ્યો કે? જો રહસ્ય સમજાયું હોય તો હું અને આ વિશ્વ એ બે (ભિન્ન) છીએ, એવું જે તને સ્વપ્ન લાધ્યું હતું, તે અસત્ય સિદ્ધ થયું કે નહિ?[૯૪] પરંતુ હવે પછી કદાચિત્ તારી બુદ્ધિને, કલ્પનારૂપ નિદ્રા આવે, તો હું અને આ જગત્ એક જ છીએ એવો જે બોધ, તે જગત્‌સ્વરૂપ સ્વપ્ન આવતાં લુપ્ત થશે.[૯૫] એટલા માટે એ કલ્પનારૂપ નિદ્રાના માર્ગને બંધ કરીને શુદ્ધ જે બ્રહ્મજ્ઞાન, તે પોતાની મેળે જ તને પ્રાપ્ત થાય, એવું જે એક સત્ય તત્ત્વ છે, તે હું હવે તને બતાવું છું.[૯૬] તો હે ધૈર્યવાન્ ધનુર્ધર ધનંજય! તું સારી રીતે ધ્યાનથી જાણ કે, પ્રાણી માત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું એક માત્ર કારણ માયા જ છે.[૯૭]

सर्वभूतानि कौंतेय प्रकृतिं यांति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥ ७ ॥

[હે અર્જુન! સર્વ ભૂતો કલ્પના અંતમાં મારી પ્રકૃતિમાં જ લીન થાય છે અને કલ્પના પ્રારંભમાં હું જ પુનઃ તેને ઉત્પન્ન કરતો હોઉં છું. ૭]

જે માયાને પ્રકૃતિ કહેવામાં આવે છે અને જે બે પ્રકારની છે એમ મેં તને પૂર્વે* જણાવેલું જ છે. તેમાંની પ્રથમ-એક-આઠ પ્રકારના રૂપોવડે ભિન્ન છે અને બીજી જીવ સ્વરૂપ છે.[૯૮] હે પાંડવ! એ પ્રકૃતિનો સર્વ વિષય તેં પૂર્વે સાંભળેલો જ છે, એટલે હવે તે વિશે પુનઃ પુનઃ કહેવાનું કાંઇપણ કારણ નથી.[૯૯] તોપણ, મહાપ્રલયના અન્તમાં આ સર્વ ભૂતો મારી પ્રકૃતિરૂપ અવ્યક્ત સ્વરૂપમાં જ લય પામે છે.[૧૦૦] ગ્રીષ્મ ઋતુ મધ્યે પ્રખર તાપના યોગે જેવી રીતે ઘાસ બીજ સુદ્ધાં સૂકાઇ જાય છે;[૧] અથવા વર્ષાકાળના મેઘોના આડંબરની સમાપ્તિ થતાં શરદ્‌ઋતુનો અંકુર ફૂટે છે અને તે વેળાએ આકાશમાંના મેઘ આકાશમાં જ સમાઇ જાય છે;[૨] અથવા તો આકાશના પોલાણમાં જેવી રીતે પ્રાણ વાયુ ઉત્પન્ન થઇને પુનઃ લુપ્ત થાય છે; અથવા પાણીમાં ઉત્પન્ન થયેલી લહરીઓ પાછી પાણીમાં જ સમાય છે,[૩] તેમ જ જાગ્રત થતાં મનમાંનું સ્વપ્ન મનમાં જ અસ્તંગત થઇ જાય છે; તે જ પ્રમાણે મહા પ્રલયના અંતમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં સર્વ ભૂતો પ્રકૃતિમાં જ લીન થાય છે;[૪] અને ત્યારપછી સૃષ્ટિના આરંભમાં પુનઃ તે ભૂતોને હું જ નિર્માણ કરું છું, એવો જે લોકાપવાદ છે, તે વિશેનું જે ખરું રહસ્ય છે, તે હું તને કહી સંભળાવું છું, તે સાંભળ.[૫]

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ८ ॥

[હું મારી પોતાની પ્રકૃતિનું અવલંબન કરીને સ્વભાવતઃ પરાધીન આ સર્વ ભૂતસમુદાયને પુનઃ પુનઃ ઉત્પન્ન કરું છું. ૮]

---

* સાતમા અધ્યાયનો ચોથો અને પાંચમો એ બે શ્લોક વાંચો.

હે અર્જુન! એ જ મારી પ્રકૃતિનો હું જ્યારે સહજ સ્વીકાર કરું છું, ત્યારે તંતુના સમુદાય સંબંધથી જેવી રીતે વસ્ત્રપર વણાટ દેખાય છે[6] અને એ પછી તે વણાટના આધારે જે પ્રમાણે નાની નાની ચોકડીવાળાં વસ્ત્રો તૈયાર થાય છે, તે જ પ્રમાણે પંચભૂતાત્મક આકારથી પ્રકૃતિ સૃષ્ટિસ્વરૂપે ચમકવા માંડે છે.[7] જેવી રીતે અધ્રણ (મેળવણ) નાંખવાના યોગે દૂધ ઝામવા માંડે છે, તે પ્રમાણે પ્રકૃતિ પણ સૃષ્ટિના આકારને ધારણ કરવા માંડે છે.[8] જેવી રીતે પાણીના સાન્નિધ્યથી બીજને શાખાઓ ઇત્યાદિ ફૂટીને તેનું વૃક્ષ થાય છે, તે જ પ્રમાણે પ્રાણીમાત્ર વિષયક સૃષ્ટિમાંનો પ્રસાર મારા કારણથી જ થાય છે.[9] અરે, અમુક નગર રાજાએ વસાવ્યું, એ કથન જો કે ખરું પણ હોય, તોપણ તેથી ખરેખરી રીતે જોતાં રાજાના હાથને કાંઈ પરિશ્રમ થયેલો હોય છે ખરો કે?[110] અર્થાત્ જેમ સ્વપ્નાવસ્થામાંનો મનુષ્ય જાગ્રતાવસ્થામાં આવે તેમ હું પ્રકૃતિનો સ્વીકાર કરું છું.[11] અર્થાત્ હે પાંડુસુત! સ્વપ્નાવસ્થામાંથી જાગ્રતાવસ્થામાં આવતા તે મનુષ્યના પગો દુખે છે ખરા કે? કિંવા સ્વપ્નાવસ્થામાં હોતાં તેને ભ્રમણ કરવાનો પરિશ્રમ થાય છે ખરો કે?[12] એ સર્વનો અભિપ્રાય એટલો જ છે કે, આ ભૂતસૃષ્ટિ નિર્માણ કરતાં મારે કાંઈ પણ કરવું પડતું નથી, એટલો જ મથિતાર્થ છે.[13] જેવી રીતે, રાજાએ પોતાની આજ્ઞામાં રાખેલી પ્રજા પોતપોતાની પ્રાપ્તિ માટે વ્યાપાર કરતી હોય છે, તેવી રીતે જ પ્રકૃતિનો અને મારો સંબંધ માત્ર છે. બાકી નહિ તો, ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ સર્વ વ્યાપારો કેવળ તેના જ છે.[14] પૌર્ણિમાના ચંદ્રનો મેળાપ થતાં જ સમુદ્રમાં ભરતી આવે છે, પણ અર્જુન! એથી ચંદ્રમાને કશો પણ પરિશ્રમ વેઠવો પડે છે ખરો કે?[15] લોઢું ભારે હોવા છતાં પણ જ્યારે લોહ-ચુંબક પાસે હોય છે તો કંપી જાય છે; પણ તે વેળાએ લોહચુંબકને તો જરાય શ્રમ થતો નથી.[16] કિંબહુના, એ પ્રમાણે મેં સૃષ્ટિની ઉત્પત્તિની ઇચ્છાનો અંગીકાર કરવા સાથે જ એકદમ પ્રાણીમાત્રનો વિસ્તાર થવા માંડે છે.[17] હે પાંડવ! આ સર્વ પ્રાણીસમુદાય પ્રકૃતિને આધીન છે. જે પ્રમાણે બીજમાંથી વલ્લરી, પર્ણ ઇત્યાદિ ઉત્પન્ન કરવાને ભૂમિ સમર્થ છે.[18] અથવા તો બાલ્યાવસ્થા, તારુણ્ય અને વૃદ્ધાવસ્થા એ સર્વ અવસ્થાઓનું મુખ્ય કારણ દેહનો સંગ છે, કિંવા આકાશમાંથી મેઘમાળાની ઉત્પત્તિનું મૂળ કારણ વર્ષાકાળ છે,[19] કિંવા જેવી રીતે સ્વપ્નનું કારણ નિદ્રા છે, તેવી જ રીતે હે નરેન્દ્ર! આ સર્વ પ્રાણીસમુદાયનું મુખ્ય કારણ પ્રકૃતિ છે.[120] સ્થાવર, જંગમ તથા સ્થૂલ અને સૂક્ષ્મ આદિ સર્વ જગતનું મૂળ કારણ પ્રકૃતિ જ છે.[21] એટલા માટે પ્રાણીઓને ઉત્પન્ન કરવા અથવા ઉત્પન્ન થયલાનું પ્રતિપાલન કરવું, એ સર્વ કૃતિનું કર્તૃત્વ મારામાં આવતું નથી.[22] પાણીમાં ચંદ્રનો પ્રકાશ વેલીના પ્રસાર પ્રમાણે દેખાય છે, પણ તેની ઉત્પત્તિ ચંદ્રમાએ કરેલી હોતી નથી; તે જ પ્રમાણે આ કર્મો મારામાંથી ઉત્પન્ન થયેલાં હોવા છતાં મારાથી તો દૂર જ હોય છે.[23]

न च मां तानि कर्माणि निबध्नंति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥

[હે ધનંજય! (જગતની ઉત્પત્તિઆદિ) કર્મોમાં ઉદાસીન પુરુષ પ્રમાણે આસક્તિ રહિત જે હું, તે, મને તે કર્મો બદ્ધ કરતાં નથી. ૯]

જેવી રીતે સમુદ્રના પાણીની ભરતી આવતાં મીઠાનો બાંધ તેને અટકાવી શકતો નથી, તેવી રીતે મારામાં લય પામનારાં સર્વ કર્મો મને કેમ કરીને બાંધી શકે વારુ?[24] જો ધુમાડાની છત વહન કરતા વાયુને હાંક મારીને અટકાવી શકે અથવા તો સૂર્ય કિરણોમાં અંધકારનો પ્રવેશ થાય,[25] કિંવા પર્વતના ગર્ભમાંના દ્રવ્યોને અતિવૃષ્ટિની બાધા થઇ શકે, તો જ પ્રકૃતિનાં

કર્મોથી મને બાધા થવાનો સંભવ માની શકાય. (પરંતુ એમ થઈ શકતું જ નથી અને તેથી મને કર્મોની બાધા થતી નથી).[૨૬] નહિ તો, એ પ્રકૃતિના કાર્યનું હું જ એક કારણ છું, એમ તારે સમજવું; પરંતુ એક ઉદાસીન પ્રમાણે હું કાંઈ પણ કરતો નથી, તેમ કરાવતો પણ નથી.[૨૭] જે પ્રમાણે, ઘરમાં રાખેલો દીવો અમુક કરવાનું કે ન કરવાનું કોઇને કહેતો નથી અને કોણ શું વ્યાપાર કરે છે એ પણ જાણતો નથી;[૨૮] તે તો સાક્ષીભૂત હોઇને ગૃહકૃત્યોની પ્રવૃત્તિમાં જ કારણીભૂત થનાર હોય છે; તે જ પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ કર્મોમાં હું ઉદાસીન હોઇને સર્વ ભૂતોમાં છું,[૨૯] આ એક જ અભિપ્રાય સત્ય છે. એટલે પુનઃ પુનઃ અનેક પર્યાયોથી શું કહું વારુ? હે સુભદ્રાપતિ! એટલા માટે આ યથાર્થ લક્ષમાં રાખજે.[૧૩૦]

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौंतेय जगद्विपरिवर्तते ॥ १० ॥

[હે કૌન્તેય! મારી અધ્યક્ષતાથી એ ત્રિગુણાત્મક માયા આ ચરાચરને ઉત્પન્ન કરે છે; અને એ જ કારણથી જગત્ ફરતું રહ્યા કરે છે. ૧૦]

હે અર્જુન! સમસ્ત સૃષ્ટિના લોકોના વ્યાપારોમાં જેવી રીતે સૂર્ય કારણીભૂત છે, તેવી રીતે જગતની ઉત્પત્તિનું કારણ હું છું, એમ જાણ.[૩૧] કારણ કે, માયાનો મેં અંગીકાર કરેલો છે અને તેના યોગે પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે, એટલા માટે આ જગતની ઉત્પત્તિનું કારણ હું છું, એવી લોકોની માન્યતા થયેલી છે.[૩૨] એથી જો કે ભૂતોની ઉત્પત્તિ મારામાંથી થાય છે, તો પણ હું પોતે ભૂતોમાં નથી, એ મારી અદ્ભુત કરણીને આ જ્ઞાનના પ્રકાશથી સારી રીતે નિહાળીને જો.[૩૩] અથવા તો પ્રાણી મારામાં નથી અને હું તેમનામાં નથી, એ રહસ્યને તું કદાપિ ભૂલીશ નહિ.[૩૪] એ મારું મુખ્ય રહસ્ય (વર્મ) હોવા છતાં પણ મેં તને ખુલ્લું કરીને બતાવી દીધું છે; તો હવે તું તારી ઇંદ્રિયોનાં દ્વાર બંધ કરી કોઇને તે જાણવા ન દેતાં તારા હૃદયમાં એનો ઉપભોગ લે.[૩૫] હે પાર્થ! આ વેદાંત સિદ્ધાન્તનું રહસ્ય જ્યાં સૂધી હસ્તગત થયલું હોતું નથી, ત્યાં સૂધી મારું સત્ય સ્વરૂપ કદાપિ કોઇના જાણવામાં આવી શકતું નથી. જેવી રીતે ભૂસામાં શોધવાથી દાણાનો એક કણ પણ હાથ આવતો નથી, (તેવો જ આનો પણ પ્રકાર સમજી લેવો).[૩૬] અનુમાનની સહાયતાથી જો કે મારું સ્વરૂપ જ્ઞાત થયા જેવું ભાસે છે, પરંતુ મૃગજળની ભીનાશથી પૃથ્વી કદાપિ ભીંજાય છે ખરી કે? નહિ જ.[૩૭] માછલાંને પકડવા માટે જે જાળ પ્રસારવામાં આવે છે, તેમાં ચંદ્રનું બિંબ ફસાયા જેવું દેખાય છે, પણ તે જાળને નદીના તીરે લાવી ખંખેરતી વેળાએ ચંદ્રબિંબ કયાં હોય છે, તે કહે જોઇએ?[૩૮] એ જ પ્રમાણે 'અમને અનુભવ મળી ચૂકયો' એવા શબ્દો અને વાણીના યોગે કેટલાક લોકો ઉપરટપકેનો દેખાવ બતાવતા હોય છે; પરંતુ પછીથી ખરી પરીક્ષાનો સમય આવી લાગતાં, તેમને બોધ કે જ્ઞાનનો સ્પર્શ થયો નથી, (એમ જ અનુભવવામાં આવે છે) અને બીજાઓને પણ તે જ્ઞાન તેમનાથી આપી શકાતું નથી.[૩૯]

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

[મેં મનુષ્યદેહ ધારણ કરેલો હોવાથી, મૂર્ખ લોકો મારી અવજ્ઞા કરે છે; કારણ કે, સર્વ ભૂતોના સ્વામી તરીકેના મારા ઉત્કૃષ્ટ સ્વરૂપનું તેમને જ્ઞાન હોતું નથી. ૧૧]

કિંબહુના, આ સંસારથી ડરીને તને જો મારી પ્રાપ્તિની ખરેખરી ઈચ્છા હોય, તો મેં (અત્યારે) જે રહસ્ય તને કહેલું છે, તેને સારી રીતે તારા ધ્યાનમાં રાખજે.[140] નહિ તો આંખોમાં પાંડુરોગ-કમળો-થવાથી મનુષ્ય ચંદ્રિકા શુભ્ર હોવા છતાં તેને પીળી કહે છે, તે પ્રમાણે જ તેને મારા નિર્દોષ શુદ્ધ સ્વરૂપમાં પણ દોષ દેખાય છે.[41] કિંવા જેનું જ્વરને લીધે મોઢું કડવું થાય છે, તેને દૂધ પણ વિષ સમાન કડવું લાગે છે. તે જ પ્રમાણે તેઓ મને હું મનુષ્ય ન હોવા છતાં પણ મનુષ્ય માને છે.[42] એટલા માટે, હે ધનંજય, તું કદાપિ આ અભિપ્રાયને વિસરીશ નહિ. જો તું કેવળ સ્થૂલ દૃષ્ટિથી જ જોવા માંડીશ, તો તારું તે જોવું વ્યર્થ થશે.[43] જેવી રીતે સ્વપ્નમાંના અમૃતપાનથી કોઈ અમર થતું નથી, તેવી જ રીતે જેઓ મને સ્થૂલ દૃષ્ટિથી જુવે છે, તેઓ ખરેખર મને નિહાળતા નથી જ.[44] જો કે કેટલાક અજ્ઞાની લોકો સ્થૂલ દૃષ્ટિથી મને જાણવાનું કહ્યા કરે છે, પરંતુ તેમનો એ ભ્રમ તેમના સત્ય જ્ઞાનને આડો આવે છે.[45] જેવી રીતે પાણીમાંના નક્ષત્રના પ્રતિબિંબને જોતાં તેને મોતી સમજી પ્રાપ્ત કરી લેવા માટે હંસપક્ષી આકાશમાંથી ભૂસકો મારી ગતપ્રાણ થાય છે;[46] ગંગા જાણીને જો કોઈ મૃગજળ પાસે જાય છે તો તેને કાંઈ પણ પ્રાપ્ત થતું નથી; તેમ જ કલ્પવૃક્ષ સમજીને બાવળને હાથમાં લીધાથી કશો પણ લાભ થતો નથી.[47] નીલમણિની એ સરોની માળા ધારી લીલા સર્પને હાથમાં લેવામાં આવે, કિંવા રત્ન ધારીને હિમના કકડા ચૂંટી લેવાય,[48] અથવા તો પૃથ્વીમાંનો દ્રવ્યનો ભંડાર બહાર નિકળીને ઉજ્જડ પડ્યો છે, એમ ધારી ખેરનાં લાકડાંના અંગારાને પછેડીમાં બાંધી લેવાય, અથવા પોતાનો જ પડછાયો પાણીમાં પડેલો છે, એમ ન જાણીને સિંહ જેમ પાણીમાં પડી વિના કારણ મરી જાય છે,[49] તે જ પ્રમાણે મારો પ્રપંચમાં ખાસ નિવાસ છે. એવા કૃતનિશ્ચયથી જેઓ પ્રપંચમાં લચીપચી રહે છે, તેઓ, ચંદ્રને બદલે પાણીમાંના તેના પ્રતિબિંબને પકડવા ઈચ્છનાર અને મથનાર પ્રમાણે જ ભૂલથાપ ખાતા હોય છે;[150] અર્થાત્, સંસારમાં હું છું એવો જે તેમનો કૃતનિશ્ચય હોય છે, તે સર્વથા નિષ્ફળ થાય છે. જેમ કોઈ કાંજી પીને અમૃતપાનથી થતા સુખના લાભની ઇચ્છા રાખે છે,[51] તેવી જ રીતે તેઓ અંતઃકરણપૂર્વક વિશ્વાસથી નાશવંત દેહમાં મને અવિનાશીને જુવે છે, એટલે હું તેમને કેવી રીતે દૃષ્ટિગોચર થઈ શકું વારુ?[52] સાંભળ–જો કોઈ પશ્ચિમ સમુદ્રપતિ જવાના હેતુથી પૂર્વ સમુદ્રના માર્ગમાં જવા માંડે, તો તેને પશ્ચિમ સમુદ્રની પ્રાપ્તિ થવાનો સંભવ હોઈ શકે ખરો કે? કિંવા, હે મહાવીર! ભૂસા અથવા ફોતરાંને ખાંડવાથી તેમાંથી ધાન્ય પ્રાપ્તિની આશા રાખી શકાય છે ખરી કે?[53] તે જ પ્રમાણે, આ વિસ્તાર પામેલા જગતને જાણવાથી મને જાણવાની આશા રાખવી વ્યર્થ છે. ફીણ પીવાથી પાણી પીવાનો સ્વાદ આવે છે કે? નહિ જ.[54] અર્થાત્ માયા મુગ્ધ મનોવૃત્તિથી મને સંસારમાં રહેલો જ માનીને જેઓ મારામાં ભ્રાંતિથી જન્મ, મરણ આદિ સ્થિતિનો આરોપ કરે છે, તેઓ એથી અવળા માર્ગ જ ચઢી જાય છે.[55] તેઓ, એ પ્રમાણે નામ રહિત, ક્રિયા રહિત અને દેહ રહિત મને નામધારી, કર્મકારી અને દેહધર્મ યુક્ત સમજે છે.[56] મને નિરાકારને આકાર, નિરુપાધિકને ઉપચાર, કર્ત્તવ્ય રહિતને વ્યાપાર-વ્યવહાર–,[57] જાતિ રહિતને જાત, ગુણાતીતને ગુણ, ચરણ રહિતને ચરણ, હસ્ત રહિતને હસ્ત,[58] પરિણામાતીતને પરિણામ, સર્વવ્યાપકને એકસ્થાનીય, જેમ શય્યામાં સૂતેલો સ્વપ્નમાં વનશોભા નિહાળે છે,[59] તેવી રીતે કર્ણ રહિતને કાન, નેત્ર રહિતને નેત્ર, ગોત્ર રહિતને ગોત્ર, નિરાકારને આકાર,[160] અવ્યક્તને વ્યક્તિ, નિરિચ્છને ઇચ્છા અને હું જે સ્વયમેવ તૃપ્ત છું તેને તૃપ્તિ તરીકે કલ્પે છે.[61] હું વસ્ત્ર રહિત એટલે કે, સર્વ જગતને આચ્છાદિત કરનારો હોવા છતાં તેઓ મારાપર આચ્છાદન નાંખે છે; હું ભૂષણાતીત એટલે નિરાકાર હોવા છતાં મને તેઓ દાગીના પહેરાવે છે; હું સમસ્ત વિશ્વનો ઉત્પાદક છતાં મને

બીજા કોઇએ ઉત્પન્ન કરેલો છે, એમ તેઓ માને છે.[૬૧] હું સ્વયમેવ હોવા છતાં મારી મૂર્ત્તિઓ બનાવે છે; હું સ્વતઃ સિદ્ધ હોવા છતાં મારી પ્રાણપ્રતિષ્ઠા કરે છે; અને હું ઓતપ્રોત ભરેલો હોવા છતાં મારું આહ્વાન તથા વિસર્જન કરે છે.[૬૩] હું નિત્ય સ્વયમેવ અને નિરાકાર હોવા છતાં મારામાં બાલ્ય, તારુણ્ય અને વૃદ્ધાવસ્થાનો આરોપ કરે છે.[૬૪] હું અદ્વૈત હોવા છતાં મારામાં દ્વૈત માને છે, હું કાંઈ પણ ન કરનાર હોવા છતાં મને કર્મ કરનારો અને હું કાંઈ પણ ન ખાતો હોવા છતાં ખાનારો માને છે.[૬૫] મારા કુળ-ગોત્રનો સંપૂર્ણ અભાવ હોવા છતાં મારા કુળનું વર્ણન કરે છે; અને હું નિત્ય હોવા છતાં મરતો ધારીને મારા મરણનો શોક કરે છે; તેમ જ હું સર્વના અંતરમાં રહેતો હોવા છતાં અમુકનો મને શત્રુ અને અમુકનો મિત્ર કલ્પી લે છે;[૬૬] હું નિજાનંદમાં નિમગ્ન રહેનાર છતાં તેઓ મને બીજા સુખોની ઇચ્છા રાખનારો માને છે અને સર્વત્ર મારી સમદૃષ્ટિ હોવા છતાં મને એકદેશીય, એટલે કે એક જ સ્થાનમાં વસનારો ધારે છે.[૬૭] હું સર્વ સ્થાવર જંગમનો આત્મા હોવા છતાં હું એકનો બચાવનાર છું અને બીજાને કોપીને મારનાર છું, એવી મારી સર્વત્ર (અસત્ય) પ્રસિદ્ધિ કરે છે.[૬૮] કિંબહુના, મનુષ્યના જે જે ધર્મો છે, તે સર્વ મને લાગુ પડે છે, એવું તેમનું વિપરીત માનવું (જ્ઞાન) હોય છે.[૬૯] જે વેળાએ તેઓ કોઈ એક મૂર્ત્તિને પોતાની દૃષ્ટિ સમક્ષ નિહાળે છે, તે વેળાએ તે દેવ જ છે, એવા ભાવથી તેને ભજે છે અને પછી તે જ મૂર્ત્તિ તૂટી જતાં તેમાંનું દેવત્વ જતું રહ્યું, એમ માનીને તેનો ત્યાગ કરે છે.[૧૭૦] મને તેઓ આવા પ્રકારે, એટલે કે હું મનુષ્યના દેહને ધારણ કરનારો છું એમ માને છે; એટલા માટે તેમનું જ્ઞાન જ સત્યજ્ઞાનને આડે આવે છે.[૭૧]

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ १२ ॥

[તે મૂર્ખાઓની આશા, કર્મો અને જ્ઞાન સર્વ વ્યર્થ જ હોય છે; તેઓ વિચારશૂન્ય થાય છે; અને તેઓ મોહાવનાર રાક્ષસી અને આસુરી સ્વભાવનો આશ્રય કરે છે. ૧૨]

સારાંશ કે, જેમની મારા વિશે એવા પ્રકારની ધારણા હોય છે, તેમનો જન્મ વ્યર્થ જ છે, જે પ્રમાણે, પર્જન્યકાળ વિના મેઘ વ્યર્થ છે, કિંવા મૃગજળની લહરીઓ દૂરથી જ જોવાને યોગ્ય હોય છે,[૭૨] અથવા માટીના બનાવેલા ઘોડેસ્વાર, કપટવિદ્યાના અલંકાર અથવા સંધ્યાકાળે (પૂર્વ દિશામાં) દૃષ્ટિગોચર થતું* ગાંધર્વ નગર કિંવા ઇન્દ્ર ધનુષ્ય ભાસે છે.[૭૩] થૂવર જો કે સરળ ઊંચું વધે, તો પણ તે અંદર પોકળ હોય છે અને તેને ફળ પણ આવતાં નથી; તેમ જ બકરીના ગળામાંના સ્તનમાંથી દૂધ નિકળતું નથી,[૭૪] કિંવા સાવર (લોધ્ર)ના વૃક્ષને ફળ આવેલાં હોવા છતાં તે કોઇને આપી શકાતાં નથી અને લઈ પણ શકાતાં નથી; એવું જ તે મૂર્ખ જનોનું જીવન છે અને તેથી તેમના કાર્યને પણ ધિક્કાર હો![૭૫] એટલે એ મૂર્ખ જનોએ જે કાંઈ પણ શાસ્ત્રાધ્યયન કરેલું હોય છે, તે વાંદરાએ નારીયેળ ફોડ્યા પ્રમાણે અથવા તો આંધળાને મોતી મળ્યા પ્રમાણે જ થઈ પડે છે.[૭૬] કિંબહુના, તેમણે કથેલાં તે શાસ્ત્રો ન્હાના બાળકના હાથમાં આપેલા શસ્ત્ર સમાન અથવા તો અપવિત્ર પ્રાણીને શીખવેલા બીજ સહિત મંત્ર સમાન નિરર્થક જ હોય છે.[૭૭] હે ધનંજય! તેમ જ જેમનું ચિત્ત સ્વાધીન નથી, તેમનું સર્વ જ્ઞાન અને તેમનાં સર્વ આચરણો વ્યર્થ જ સમજવાં.[૭૮] એવી રીતે તમોગુણરૂપી રાક્ષસી સદ્‌બુદ્ધિને ગ્રાસીને જ્ઞાનના સ્થાનને નષ્ટભ્રષ્ટ કર-

* આકાશ અભ્રાચ્છાદિત થતાં આપણી પોતાની કલ્પના પ્રમાણે હાથી, ઘોડો, નગર, ધનુષ્ય ઇત્યાદિ જે જે ભિન્ન ભિન્ન આકૃતિઓ દૃષ્ટિગોચર થાય છે, તેને ગાંધર્વ નગરના નામથી ઓળખવામાં આવે છે અને બહુધા અમુક વસ્તુનું મિથ્યાત્વ દર્શાવવું હોય, ત્યાં એ ઉદાહરણ આપવામાં આવે છે.

નારી છે.૭૯ એ પ્રકૃતિથી જેઓ ગ્રસ્ત થાય છે, તેઓ સદોદિત ચિંતાક્રાંત હોઇને અનાયાસ તામસ પ્રકૃતિના જડબામાં જઈ સપડાય છે.૧૮૦ જે રાક્ષસી પ્રકૃતિ આશારૂપ લાળમાં હિંસારૂપ જીભને ભીંજવીને અસંતોષરૂપ માંસના પિંડ નિરંતર ઓગાળતી હોય છે;૮૧ જે હોઠ ચાટતી અનર્થરૂપ કાન સૂધી બહાર નીકળી આવે છે; જે પ્રમાદરૂપ એટલે કે ભૂલના પર્વતમાંથી મોટી અંધારી દરી છે;૮૨ જેની દ્વેષરૂપ દાઢો ચાવી ચાવીને જ્ઞાનને સ્વાહા કરી જાય છે અને જે અગસ્ત્ય ઋષિના કુંભાવરણ પ્રમાણે સ્થૂલ બુદ્ધિ લોકો માટે આસુરી માયાનું આવરણ છે;૮૩ એવા પ્રકારની તે રાક્ષસી પ્રકૃતિના મુખમાં જેઓ બલિ-ગ્રાસરૂપ થઈ પડે છે, તેઓ આખાને આખા ભ્રાંતિરૂપ કુંડમાં ડૂબી જાય છે.૮૪ એવી રીતે જેઓ અજ્ઞાનના ખાડામાં પડે છે, તેઓ વિચારરૂપ હાથને પ્રાપ્ત કરી શકતા નથી, એટલું જ નહિ, પણ તેઓ ક્યાં ચાલ્યા જાય છે, એનો પત્તો પણ મળી શકતો નથી.૮૫ એટલા માટે હવે આ નિષ્ફળ કથાને રહેવા દે. કારણ કે મૂર્ખાઓનું વ્યર્થ વર્ણન કરવાથી માત્ર વાણીની ક્ષીણતા થવાનો જ સંભવ છે.૮૬

શ્રીકૃષ્ણે એમ કહ્યા પછી અર્જુને 'જી હા' એમ કહ્યું.

ત્યાર પછી શ્રી ભગવાન્ પાછા કહેવા લાગ્યા કેઃ-" જેનું વર્ણન કરવાથી વાણીને પણ આનંદ થવાનો સંભવ છે, તે સાધુની કથાનું (મનનપૂર્વક) શ્રવણ કર."૮૭

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजंत्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ १३ ॥

[હે અર્જુન, જેમણે દૈવી સંપત્તિનો આશ્રય કરેલો છે એવા મહાત્માઓ તો હું ભૂતોનો આદિ અને અવિનાશી છું, એમ જાણીને એક નિષ્ઠાથી મને જ ભજે છે. ૧૩]

જે સાધુઓના નિર્મળ અંતઃકરણમાં હું ક્ષેત્ર સંન્યાસી થઈને નિવાસ કરું છું અને જેમની નિદ્રાવસ્થામાં પણ વૈરાગ્ય આવીને જેમની સેવા કરે છે એટલે કે, સ્વપ્નમાં પણ જેમને વિષય-વાસનાનો સ્પર્શ થતો નથી;૮૮ ધર્મ જેમની સદ્વાસનામાં રાજ્ય કરે છે; (જેમને અધર્મની ઇચ્છા માત્ર પણ થતી નથી) અને જેમનું મન નિરંતર સદ્વિચારને જ પુષ્ટિ આપતું હોય છે;૮૯ જેઓ જ્ઞાનરૂપ ગંગામાં સ્નાન કરીને અંતર્બાહ્ય શુદ્ધ થયેલા હોય છે, પૂર્ણ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિથી તૃપ્ત હોય છે અને જાણે શાંતિને નવ પલ્લવ આવ્યાં હોયની તદ્વત્ શાંત થયેલા છે;૧૯૦ જેઓ બ્રહ્મના રૂપાન્તરને ફૂટેલા ફણગા સમાન છે અને જેઓ ધૈર્યરૂપ મંડપના સ્તંભ છે; તેમ જ આનંદ સમુદ્રમાં ડુબાવેલા કુંભ પ્રમાણે ઓતપ્રોત ભરેલા હોઇને૯૧ જેમને ભક્તિની એટલી બધી યોગ્યતા ભાસે છે કે, જેથી તેઓ મોક્ષને પણ પાછો જવાની આજ્ઞા કરે છે અને જેમની સહજ લીલામાં પણ નીતિ જાગ્રત દેખાય છે;૯૨ જેમણે પોતાના સર્વ અવયવોમાં શાંતિ-રૂપ અલંકારો ધારણ કરેલા છે, (જેમની ઇંદ્રિયોની વાસના કદાપિ વિષયોમાં જતી જ નથી.) અને જેમણે પોતાના ચિત્તથી મને સર્વવ્યાપકને વેષ્ટી લીધો છે;૯૩ એવા જે મહાત્માઓ છે, તે ભગવદ્ભક્તિને અનુકૂળ થઈ રહેનારી સાત્ત્વિક પ્રકૃતિ કરતાં પણ શ્રેષ્ઠ છે-તેઓ મારા સર્વ સ્વરૂપને જાણે છે;૯૪ અને પછી નિત્ય વધતા જતા પ્રેમથી તે મહાત્માઓ મને ભજે છે. પરંતુ તેમના મનોધર્મે દ્વૈતને સ્પર્શ માત્ર પણ કરેલો હોતો નથી.૯૫ હે અર્જુન! એવી રીતે જેઓ મદ્રૂપ થઇને મારી સેવા કરે છે, તે સેવાની આશ્ચર્યકારક વાર્ત્તા કહેવાની રહેલી છે, તે સાંભળ.૯૬

सततं कीर्तयंतो मां यतंतश्च दृढव्रताः ।
नमस्यंतश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥ १४ ॥

[સદાસર્વદા ભક્તિયુક્ત અને સ્વીકારેલા વ્રતને દૃઢતાથી ચલાવનારા (પાળનારા) તે મહાત્માઓ સતત મારું કીર્તન કરીને ઇંદ્રિયદમન કરી તથા નમસ્કાર કરીને મારી જ ઉપાસના કરે છે. ૧૪]

તેઓ હરિકીર્તનના પ્રેમથી નૃત્ય કરે છે, એથી પ્રાયશ્ચિત્તના તેમના સર્વ વ્યાપારો નાશ પામેલા હોય છે અને એ હરિકીર્તને પાપનું નામ માત્ર પણ અવશિષ્ટ રહેવા દીધેલું હોતું નથી.[૯૭] યમ એટલે મનોનિગ્રહ અને દમ એટલે ઇંદ્રિયનિગ્રહ, એમની નિકૃષ્ટ દશા કરી નાંખેલી હોય છે, તીર્થોને તેમનાં પોતાનાં સ્થાનમાંથી ઉઠાડી મૂકયાં છે અને યમલોકના સર્વ વ્યાપારોને બંધ પાડી નાંખેલાં હોય છે.[૯૮] યમ કહે છે કે, "નિયમ કોનું અથવા શાનું કરવું?" દમ કહે છે કે, "જિતવું કોને?" તીર્થો કહે છે કે, "અમારે ક્ષાલન શાનું કરવું? કારણ કે, દોષ તો દવા માટે પણ બાકી રહેલો દેખાતો નથી!"[૯૯] એવી રીતે મારા નામની ઘોષણાથી જગતમાંનાં સર્વ પ્રાણીઓનાં દુઃખો નષ્ટ થાય છે અને સમસ્ત જગત્ બ્રહ્મસુખવડે નિનાદિત (વ્યાપ્ત) થઈ જાય છે.[૧૦૦] તે સાધુઓ પ્રભાત થયા વિના જ જીવોને પ્રકાશ એટલે કે આત્મજ્ઞાનનો લાભ કરાવી આપે છે, અમૃત વિના જ પ્રાણીઓના જીવોનું રક્ષણ કરે છે અને યોગસાધનવિના જ નેત્ર સમક્ષ સાક્ષાત્ મોક્ષ બતાવી આપે છે.[૧] પરંતુ તેઓ રાજા અને રંકમાં અંતર-ભેદ માનતા નથી અને લઘુ ગુરુના ભેદને ઓળખતા નથી. એ પ્રમાણે તેઓ સમસ્ત વિશ્વને આનંદના ભંડારરૂપ થઈ પડે છે.[૨] વૈકુંઠમાં જનાર ભાગ્યવશાત્ કોઇક જ મળી આવે છે, પરંતુ એ સાધુઓએ તો સર્વ જગતને વૈકુંઠ જ બનાવી નાંખેલું હોય છે અને મારા નામભજનની યોગ્યતાથી સમસ્ત વિશ્વને પવિત્ર કરેલું હોય છે.[૩] તે સાધુઓનું તેજ સૂર્ય પ્રમાણે નિર્મળ હોય છે-પરંતુ સૂર્યમાં પણ અસ્ત પામવાનો દોષ રહેલો છે અને જો તેમના તેજને ચંદ્ર સમાન કહીએ તો તે વૃદ્ધિગત થાય છે અને ક્ષીણ થાય છે, એ એક મહાદોષ તેમાં પણ રહેલો છે; પરંતુ એ સાધુઓ તો સતત પૂર્ણતાને પામેલા હોય છે.[૪] એમના ઔદાર્યને જો મેઘ સમાન કહીએ, તો તે ઓસરી જતો હોવાથી તે ઉપમા આપવા યોગ્ય કહેવાય નહિ. કિન્તુ એ સાધુઓ તો નિઃશંક સપક્ષ (પાંખોવાળા) સિંહ સમાન જ છે.[૫] જે મારા નામનો મુખમાંથી એકવાર ઉચ્ચાર નિકળવા માટે સહસ્ર જન્મપર્યન્ત મારી સેવા કરવી પડે છે, તે મારું નામ જેમની વાચાસમક્ષ કૌતુકથી નૃત્ય કરતું હોય છે.[૬] (મારા નામનો આવો અગમ્ય મહિમા છે કે) હું વૈકુંઠ લોકમાં પણ નથી હોતો, કોઈ એક વેળાએ સૂર્યમંડળમાં પણ દેખાતો નથી એટલું જ નહિ, પણ કોઇવાર યોગીઓના મનનું પણ ઉલ્લંઘન કરી જાઉં છું;[૭] પરંતુ, હે પાંડવ! જો હું ક્યાંય પણ ન મળું, તોપણ જેઓ મારા નામનો સતત ઘોષ કરે છે, તેમની પાસે તો હું અવશ્ય મળવાનો જ.[૮] તેઓ મારા ગુણવડે એટલા બધા તૃપ્ત થયેલા હોય છે કે, તેથી તેઓ દેશકાળને ભૂલીને મારા નામસંકીર્તનના યોગે પોતાના અંતર્ધામમાં જ સુખી થયેલા હોય છે.[૯] કૃષ્ણ, વિષ્ણુ, હરિ, ગોવિંદ, ઇત્યાદિ શુદ્ધ નામોની કવિતાથી આત્માઅનાત્માનો વિચાર કરી તેઓ મારા નામનું સતત સ્મરણ કર્યા કરે છે.[૧૧૦] હે પાંડુકુમાર! એવી રીતે બીજા પણ અનેક પ્રકારથી મારા ગુણાનુવાદ વર્ણવતા કેટલાકો જગતમાં ફરે છે.[૧૧] હે અર્જુન! અને બીજા કેટલાકો અંતરમાં પંચપ્રાણ અને મનને જિતીને જયપત્ર મેળવે છે.[૧૨] બહારથી યમનિયમની વાડ કરીને અંદર મૂળબંધનો દુર્ગ તૈયાર કરે છે અને તેની ઊપર નિરંતર ચાલતી પ્રાણાયામરૂપ તોપો ગોઠવી રાખે છે.[૧૩] ત્યાર પછી કુંડલિની ઊર્ધ્વ મુખ થતાં તેના પ્રકાશવડે મન અને પ્રાણની અનુકૂલતાથી ચંદ્રામૃતની સત્તરમી કળાનો તલભાગ સ્વાધીન કરી લે છે.[૧૪] તે વેળાએ પ્રત્યાહાર મહાપરાક્રમથી કામક્રોધ આદિ વિકારોનો તેમના પરિવારસહિત નાશ કરી નાંખે છે અને ઇંદ્રિયોને બાંધીને હૃદયમાં લઈ આવે છે.[૧૫] એટલામાં ધારણારૂપ અશ્વારોહી સૈનિક આક્રમણ

કરીને પંચ મહાભૂતોનું ઐકય કરે છે અને સંકલ્પના ચતુરંગ સૈન્યને (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને) નસાડી મૂકે છે.[૧૬] ત્યાર પછી જયજયકાર શબ્દ થાય છે, ધ્યાનરૂપ નોબત વાગવા માંડે છે અને એકરૂપતાનું છત્ર ચમકે છે.[૧૭] પછીથી સમાધિરૂપ લક્ષ્મીનો, અખંડ આત્માનુભવરૂપ રાજ્યસુખના બ્રહ્મરૂપ ઐકયવડે પટ્ટાભિષેક થાય છે.[૧૮] હે અર્જુન! એવું જે મારું કઠિન ભજન, તે કોણ કરે છે એ મેં તને કહ્યું. હવે એ ઉપરાંત ભજન કરનારા બીજા કોણ છે, તે સાંભળ.[૧૯] વસ્ત્રના બન્ને પાલવ પર્યન્ત જેવી રીતે આડો અને ઊભો ભરેલો તંતુ જ હોય છે, તે જ પ્રમાણે આ જગત્ મારા વિના બીજા કશાથી પણ વ્યાપ્ત થયેલું નથી, એવી જ તેમની માન્યતા છે.[૨૦] એક બાજૂએ બ્રહ્મદેવ અને બીજી અંતિમ સીમાએ જે અતિશય ક્ષુલ્લક જીવ મક્ષિકા તેના મધ્યમાં મારા સ્વરૂપ વિના બીજું કોઈ પણ નથી, એમ તેઓ સમજે છે.[૨૧] એથી લઘુ ગુરુ, અને સજીવ નિર્જીવના ભેદને ન માનતાં જે જે વસ્તુ દૃષ્ટિગોચર થાય, તે મદ્રૂપ જ છે એવા સરળ ભાવથી તેઓ જીવમાત્રને નમસ્કાર કરે છે.[૨૨] પોતાની ગુરુતાને વિસરી જઇને સમક્ષ આવેલી વસ્તુ યોગ્ય હોય છે કે અયોગ્ય છે, એનો વિચાર ન કરતાં, એક સરખી રીતે સર્વ વસ્તુઓને નમસ્કાર કરવામાં જ તેમને પ્રસન્નતા ભાસે છે.[૨૩] જેવી રીતે એકદમ ઉંચાઈપરથી પડતું પાણી એકદમ નીચાણમાં આવી પડે છે, તેવી રીતે જે પ્રાણી દૃષ્ટિગોચર થાય તેને નમસ્કાર કરવા, એ તેમનો સ્વભાવ જ બની જાય છે.[૨૪] કિંવા ફળની વિપુલતાથી વૃક્ષની શાખા જેવી રીતે સહજ ભૂમિ પર્યન્ત નમી ગયા જેવી દેખાય છે, તેવી રીતે પ્રાણીમાત્રનાં ચરણોમાં તેઓ મસ્તક નમાવે છે.[૨૫] તેઓ નિત્ય ગર્વ રહિત હોય છે અને નમ્રતા જ તેમની અખૂટ સંપત્તિ હોય છે, અને જયજય મંત્રથી પોતાનાં સર્વ કર્મો મારામાં સમર્પણ કરી દે છે.[૨૬] નમ્ર થતાં થતાં અંતે તેમના મનમાંથી માન તથા અપમાનનો વિચાર સર્વથા નિકળી જાય છે અને એથી તેઓ મદ્રૂપ જ બની રહે છે અને એવી રીતે મદ્રૂપ થવા છતાં પણ નિરંતર મારીજ ઉપાસના કરતા હોય છે.[૨૭] હે અર્જુન! એવી રીતે આ શ્રેષ્ઠ ભક્તિ તને કહી સંભળાવી. હવે જેઓ જ્ઞાનયજ્ઞવડે મારી ભક્તિ કરે છે, તે ભકતો કેવા અને કોણ છે તે સાંભળ.[૨૮] પરન્તુ હે કિરીટી! તેમના ભજનની શૈલીને તો તું જાણે છે જ અને એ વિશે મેં પૂર્વે વર્ણન પણ કરેલું છે.[૨૯]

એટલે અર્જુને કહ્યું કેઃ–"ખરેખર એ ઈશ્વરીય પ્રસાદ જ છે; તથાપિ અમૃતનું સેવન કરનાર અમૃત પીતાં કદાપિ કંટાળે છે ખરો કે?"[૩૦]

અર્જુનનું એ બોલવું સાંભળીને એ કાર્ય સાધુ છે એમ સમજી શ્રી અનંત (કૃષ્ણ) ચિત્તમાં સંતોષ માનીને (આનંદથી) ડોલવા લાગ્યા,[૩૧] અને કહેવા લાગ્યા કેઃ–"હે પાર્થ! ધન્ય! જો કે એક વાર કહેલી વાતને બીજી વાર કહેવી એ અપ્રાસંગિક જ છે, પરંતુ તારી તે સાંભળવા માટેની તીવ્ર ઈચ્છા જોઈને મારે તે કહેવી પડે છે."[૩૨]

એટલે અર્જુને કહ્યું કેઃ–"તમે કહો છો તેમ નથી. જુવો–ચકોર પક્ષીની તૃષાને તૃપ્ત કર્યાના કર્ત્તવ્ય વિના ચંદ્રને બીજું કાંઈ પણ કર્ત્તવ્ય નથી કે શું? જગતને શાંત કરવું એ તો તેનો સ્વભાવ જ છે.[૩૩] છતાં ચકોર પક્ષી પોતાના સ્વાર્થ માટે જેવી રીતે પોતાની ચાંચ ચંદ્ર તરફ કરે છે, તે જ પ્રમાણે હું પણ આપની જેટલી પ્રાર્થના કરું તેટલી થોડી જ છે. કારણ કે, હે દેવ! આપ તો દયાના સાગર જ છો,[૩૪] મેઘ પોતાની મોટાઇથી જગતના દુઃખનું નિવારણ કરે છે અને તે તેની અગાધ વૃષ્ટિના પ્રમાણથી જોતાં ચાતકની તૃષા તે કેટલીક હોઈ શકે વારુ![૩૫] પરંતુ એક જ અંજલિ ભરવાની હોય તોય જેમ ગંગાતીરે જ જવું પડે છે, તે જ પ્રમાણે અમને થોડું કે વધારે સાંભળવાની ઈચ્છા થાય–અર્થાત્ સાંભળવા માટેની અમારી ઈચ્છા થોડી હોય કે વધારે હોય, તોય હે દેવ! હવે આપ પોતાના કથનનો આરંભ કરો."[૩૬]

તે વેળાએ દેવ શ્રીકૃષ્ણે કહ્યું કે:-'હે અર્જુન! હવે તારું બોલવું રહેવા દે. મને જે સ્વાભાવિક સંતોષ થયલો છે, તેમાં તારી સ્તુતિથી વધારો થવાનો સંભવ નથી;[૩૭] પરંતુ મારું કથન જેમ તેં આટલી વાર સૂધી ધ્યાન આપીને સાંભળ્યું છે, તે જ પ્રમાણે ધ્યાનથી હવે પછીનું મારું કથન પણ સાંભળી લે.' એ પ્રમાણે શ્રીહરિએ અર્જુનને માન આપીને પોતાના કથનનો આરંભ કર્યો.[૩૮]

ज्ञानयज्ञेन चाप्यन्ये यजंतो मामुपासते ।

एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥ १५ ॥

[જ્ઞાનયજ્ઞથી પૂજન કરનારા કેટલાક લોકો એક રૂપથી, ભિન્ન ભિન્ન રૂપથી અને બહુ પ્રકારથી સર્વતોમુખ જે હું, તે મારી ઉપાસના કરે છે. ૧૫]

'જ્યાં બ્રહ્મ બહુવિધ થાય છે, તે જ્ઞાનયજ્ઞનું લક્ષણ છે; એટલે કે જ્યાં આદિ સંકલ્પ જ યજ્ઞસ્તંભ છે; પંચમહાભૂતો યજ્ઞમંડપ છે; જીવ અને ઈશ્વરની ભિન્નતા પશુ છે;[૩૯] ત્યાર પછી પંચમહાભૂતોના જે વિશેષ ગુણો તે, અથવા તો પંચ ઇંદ્રિયો અને પંચ પ્રાણ એ જ યજ્ઞનાં સાહિત્યો છે અને બ્રહ્મવિષયક જે અજ્ઞાન તે જ ઘૃત છે;[૨૪૦] હે બલાઢ્ય અર્જુન! તે યજ્ઞમાં મન અને બુદ્ધિ એ બે કુંડો હોઇને એ કુંડોમાં જ્ઞાનરૂપ અગ્નિ પ્રદીપ્ત કરવામાં આવે છે; સુખ અને દુ:ખમાંની જે સમતા તે જ વેદિકા, એટલે કે યજ્ઞકુંડની આસપાસનો પરિઘ છે;[૪૧] આત્મા અને અનાત્માનો વિચાર કરવામાં બુદ્ધિની જે કુશળતા, તે જ યજ્ઞમાંના મંત્ર છે; શાંતિ જ સ્રુક્ છે, અને સ્રુવા નામક હવન પાત્રો તથા જીવ યજ્ઞકર્ત્તા છે.[૪૨] તે યજ્ઞ કરનાર જીવ અનુભવરૂપ પાત્રવડે, બ્રહ્મવિચારરૂપ મહામંત્રવડે ને જ્ઞાનરૂપ અગ્નિહોત્ર કર્મવડે, જીવ અને ઈશ્વરના ભિન્નત્વની આહુતિ આપીને તે ભેદનો નાશ કરી નાંખે છે.[૪૩] તે વેળાએ અજ્ઞાનનો નાશ થતાં, યજ્ઞકર્ત્તા અને યજ્ઞક્રિયા પણ ત્યાંને ત્યાં જ રહી જાય છે. ત્યાર પછી આત્માનંદ રસમાં જીવ યજમાનના અવભૃથસ્નાનનો વ્યાપાર થાય છે.[૪૪] એ વેળાએ પંચમહાભૂતો, શબ્દ, સ્પર્શ, ઇત્યાદિ વિષય અને ઇંદ્રિયો એ સર્વ ભિન્ન છે એમ તે કહેતો નથી, પણ બ્રહ્મ સાથે તાદાત્મ્ય થયલું હોવાથી 'સર્વ એક છે' એમ તે જાણે છે.[૪૫] હે અર્જુન! જેવી રીતે નિદ્રાનો ઉપભોગ લીધા પછી જાગ્રત થયલો મનુષ્ય કહે છે કે-'સ્વપ્નમાં જોયેલી ચિત્ર વિચિત્ર સેના, નિદ્રા આવી ગયેલી હોવાથી હું જ થયેલો હતો ને![૪૬] હમણાં જ જે સેના જોવામાં આવી તે ખરેખર સેના નહોતી: કારણ કે, હું પોતે જ સેના થયો હતો!' હે અર્જુન! એ પ્રમાણે તે પુરુષને જગત્ એકરૂપ ભાસે છે.[૪૭] એ પછી તે જીવ 'હું છું' એવા સ્મરણને વિસરી જાય છે અને બ્રહ્મદેવથી તે તૃણપર્યન્ત આત્મા જ ભરેલો છે, એમ માને છે. એવી રીતે જ્ઞાનયજ્ઞથી ઐક્ય પામીને કેટલાકો મને ભજે છે.[૪૮] બીજો મને ભજનાર વળી એમ સમજે છે કે, જગતમાંના જે આ સર્વ પદાર્થો દેખાય છે, તે અનાદિ છે; સર્વ એક સમાન હોવા છતાં ભિન્ન છે અને કેવળ તેમનાં નામ તથા રૂપ જ નિરાળાં છે.[૪૯] એટલા માટે, જગત્ યદ્યપિ ભિન્ન ભિન્ન વસ્તુઓવડે ભરેલું છે, તથાપિ તે વસ્તુના અધિષ્ઠાનના જ્ઞાન વિશે તેના મનમાં ભેદ હોતો નથી. જેવી રીતે અવયવો ભિન્ન હોવા છતાં એક જ દેહના હોય છે,[૨૫૦] અથવા તો શાખાઓ કદાચિત્ ન્હાની મોટી હોય, છતાં તે એક જ વૃક્ષની હોય છે અથવા તો કિરણો અનેક દૃષ્ટિગોચર થવા છતાં તે જેમ એક જ સૂર્યમાંથી ઉત્પન્ન થયેલાં હોય છે;[૫૧] તે જ પ્રમાણે, વ્યક્તિઓ અનેક તથા તેમનાં નામો અને સ્વભાવ પણ અનેક હોવા છતાં, સર્વ ભૂતોમાં મારી એકતાનો અખંડ નિવાસ છે, એમ તેઓ જાણે છે.[૫૨] હે પાંડવ! એવી રીતે સર્વ ભૂતોને ભિન્ન જાણીને જેઓ ઉત્તમ જ્ઞાનયજ્ઞ કરે છે અને જ્ઞાની હોવાથી જેમના જ્ઞાનમાં ભેદભાવ અવશિષ્ટ રહેતો નથી;[૫૩] અથવા તો, જ્યારે અને જે

સ્થાનમાં તેઓ જે જે વસ્તુને જુવે છે, તેમાં મારા વિના બીજું કાંઈ પણ નથી, એવો જેમના મનનો નિશ્ચય હોય છે;[૫૪] પાણીમાંનો પરપોટો જ્યાં જાય ત્યાં તેને માટે પાણી તો એક જ હોય છે અને તેથી તે કાયમ રહે અથવા લુપ્ત થાય, તોપણ પાણીમાં જ હોય છે;[૫૫] અથવા વાયુના આઘાતથી માટીના કણ ઊંચે ઊડે, તોય તેમણે પોતાના પૃથ્વીધર્મને છોડેલો હોતો નથી અને પાછા પડે છે તો પૃથ્વીપર જ પડે છે;[૫૬] તે જ પ્રમાણે ગમે ત્યાં, ગમે તે ભાવનાથી, ગમે તે થાય કે ન થાય, પરંતુ 'તે સર્વ હું જ છું' એવી જેમના મનની વૃત્તિ થઈ ગયેલી હોય છે;[૫૭] હે અર્જુન ! જેટલી મારી વ્યાપ્તિ છે, તેટલો જ તેમનો અનુભવ છે અને તેથી જો તેઓ પુષ્કળ વ્યક્તિઓમાં ભાસતા હોય, તોય તેઓ મારા રૂપ જ થયેલા હોય છે.[૫૮] હે ધનંજય! સૂર્ય-બિંબ કોઈપણ જુવે તેને પોતાની સ્હામો જ દેખાય છે. તે પ્રમાણે તે જ્ઞાનીજનો નિત્ય જગતની સ્હામા જ હોય છે.[૫૯] હે અર્જુન! તેમના જ્ઞાનમાં આંતર્બાહ્યનો ભેદ હોતો નથી. જેવી રીતે વાયુ આકાશમાં સર્વત્ર ભરેલો છે,[૬૦] તે જ પ્રમાણે, હું જેટલો સંપૂર્ણ છું તેટલો તેમના સદ્ભાવના માપમાં આવી રહું છું અને તેથી હે પાંડવ! તેઓ જો મારું ભજન ન કરે, તોપણ ભજન કર્યા પ્રમાણે જ છે.[૬૧] નહિ તો હું તો સર્વત્ર ભરેલો જ છું અને મારી ઉપાસના કોણ નથી કરતું અને મારું ભજન કયા સ્થાનમાં નથી થતું ? છતાં એક પૂર્ણ જ્ઞાન વિના અજ્ઞાની જનોને મારી પ્રાપ્તિ થતી નથી.[૬૨] અસ્તુ. એ યોગ્ય જ્ઞાનયજ્ઞવડે યજ્ઞ કરીને જેઓ મારી ઉપાસના કરે છે. તે ભક્તો વિશે તને કહ્યું.[૬૩] સદા સર્વકાળમાં જે કર્મો થાય છે, તે કર્મો સર્વ બાજુએથી મને સહજ પામે છે, પરંતુ મૂર્ખ જનો એ રહસ્યને જાણી શકતા ન હોવાથી હું તેમને પ્રાપ્ત થતો નથી.[૬૪]

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ १६ ॥

[અગ્નિહોત્રાદિ શ્રૌત યજ્ઞ, વૈશ્વદેવાદિક સ્માર્ત યજ્ઞ, પિતરોને અર્પણ કરેલું સ્વધા નામક અન્ન, મનુષ્યનું અન્ન, મંત્ર, હોમદ્રવ્ય, અગ્નિ અને હવન કર્મ હું જ છું. ૧૬]

એ જ જ્ઞાન પ્રાપ્ત થતાં, મુખ્ય વેદ હું જ છું; તેમાં જે વિધિ અનુષ્ઠાન કહેલાં છે, તે ક્રતુ પણ હું જ છું;[૬૫] અને હે પાંડવ! તે યજ્ઞ વિધાનમાંથી પ્રકટ થનાર યથાવિધિ યજ્ઞ પણ હું જ છું.[૬૬] દેવને હવિ આપવાનો મંત્ર હું છું; પિતરોને હવિ આપવાનો મંત્ર પણ હું જ છું; સોમવલ્લી આદિ નાના પ્રકારની ઔષધિ હું, ઘૃત હું, સમિધ હું, મંત્ર હું અને હોમદ્રવ્ય હું જ છું;[૬૭] ઋત્વિજ હું છું; જેમાં હવન કરાય છે, તે અગ્નિ પણ મારું સ્વરૂપ છે અને અગ્નિમાં હવન કરવા માટેની જે જે વસ્તુઓ છે, તે સર્વ હું જ છું.[૬૮]

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥ १७ ॥

[આ જગતનો પિતા, માતા, પ્રાણીઓને કર્મફળ આપનાર બ્રહ્મદેવનો પિતા, જાણવાને યોગ્ય વસ્તુ, જગતને પાવન કરનારી વસ્તુ અને ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું જ છું. ૧૭]

જેના અંગસંગથી અષ્ટાંગ પ્રકૃતિ જગતને જન્મ આપે છે, તે જગત્પિતા હું છું;[૬૯] જેવી રીતે અર્ધ-નારી નટેશ્વર સ્વરૂપમાં પુરુષ તે જ સ્ત્રી અને સ્ત્રી તે જ પુરુષ હોય છે, તે પ્રમાણે સ્થાવર જંગમની માતા પણ હું જ છું[૭૦] અને ઉત્પન્ન થયેલું જગત જે સ્થાનમાં વસે છે અને જેના યોગે પ્રાણી માત્રનું સંરક્ષણ થાય છે, તે કાર્ય નિઃસંશય મારા વિના થતું જ નથી.[૭૧] પુરુષ અને પ્રકૃતિ એ બન્ને

જેના અંતઃકરણોપાધિ રહિત સ્વરૂપમાં, એટલે કે નિર્ગુણમાં ઉત્પન્ન થાય છે, તે આ વિશ્વનો પિતામહ, આ ત્રિભુવનમાં હું જ છું.[૭૨] હે અર્જુન! સર્વ જ્ઞાનોના માર્ગો જે સ્થાનમાં આવી મળે છે અને ચારે વેદોના સંગમમાં જેને વેદ્ય નામથી ઓળખવામાં આવે છે,[૭૩] જે સ્થળે પુષ્કળ પ્રકારનાં મતો ઐક્યને પામેલાં છે, શાસ્ત્રોનો એક બીજા જોડે પરિચય થયેલો છે અને ભૂલાં પડેલાં જ્ઞાનો જ્યાં એકત્ર આવી મળ્યાં છે, એવું જે સ્થાન તેને પવિત્ર સ્થાન કહેવામાં આવે છે.[૭૪] બ્રહ્મબીજને પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર વાચારૂપ અંકુર ફૂટતાં તેનું ૐકારરૂપ મંદિર પણ હું જ છું.[૭૫] જે ૐકારના ઉદરમાંથી અ, ઉ અને મ એવા અક્ષરો ઉત્પન્ન થાય છે અને જેની ઉત્પત્તિ સાથે જ ત્રણ વેદ ઉત્પન્ન થયા છે,[૭૬] એટલે, ઋક્, યજુ અને સામ વેદ પણ હું જ છું અને એ જ પ્રમાણે વેદોની વંશપરંપરા પણ હું જ છું, એમ શ્રી કૃષ્ણે કહ્યું.[૭૭]

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ १८ ॥

[કર્મ ફળ; જગતનું પોષણ કરનાર; સ્વામી, સાક્ષી; વસતિસ્થાન; શરણાગત રક્ષક; અનપેક્ષ મિત્ર; જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, લય, નિધિ અને અવિનાશી બીજ હું છું. ૧૮]

આ સર્વ સ્થાવર જંગમ વિશ્વ, જે પ્રકૃતિમાં ભરેલું છે, તે પ્રકૃતિ થાકી જતાં જે સ્થાનમાં વિશ્રાંતિ પામે છે, તે ઉત્તમ સ્થાન હું છું;[૭૮] અને જેના યોગે એ પ્રકૃતિ બચે છે, જેના આશ્રયથી આ વિશ્વ જન્મે છે અને જે પ્રકૃતિના નિમિત્તથી સત્ત્વ, રજ અને તમ એ ગુણોનો ઉપભોગ લે છે,[૭૯] તે વિશ્વલક્ષ્મીનો પતિ હું જ છું. અને અર્જુન! સર્વ ત્રૈલોક્યનો સ્વામી પણ હું જ છું.[૮૦] આકાશે સર્વત્ર હોવું જ જોઇએ, વાયુએ એક ક્ષણ માત્ર પણ સ્વસ્થ ન રહેવું, અગ્નિએ બાળવાનો ધર્મ સ્વીકારવો, મેઘોએ વૃષ્ટિ કરવી,[૮૧] પર્વતોએ પોતાના સ્થાનનો ત્યાગ ન કરવો, સમુદ્રે પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું અને પૃથ્વીએ સર્વ ભૂતોનો ભાર ઉપાડવો, એ આજ્ઞા મારી જ છે.[૮૨] મારા બોલાવ્યાથી વેદો બોલે છે, મારા ચલાવ્યાથી સૂર્ય ચાલે છે, સર્વ જગતનો ચાલક જે પ્રાણ તે પણ મારા આન્દોલનથી જ આન્દોલિત થાય છે;[૮૩] અને કાળ મારી આજ્ઞાથી જ ભૂતોનો ગ્રાસ કરી જાય છે. હે અર્જુન! એ પ્રમાણે, એ સર્વ જેનાં આજ્ઞાધારક રહીને પોતપોતાનાં કાર્યો કર્યા કરે છે,[૮૪] એવો જે સમર્થ, તે જગતનો નાથ હું છું; અને તે હું આકાશવત્ સર્વ સ્થાનમાં હોઇને સાક્ષીભૂત રહેનાર પણ હું જ છું.[૮૫] હે પાંડવ! એ પ્રમાણે એ નામરૂપથી જે સર્વત્ર ભરેલો છે અને જે પોતે જ નામરૂપનો આધાર છે;[૮૬] જેવી રીતે લહરીઓ પાણીમાં જ ઉત્પન્ન થાય છે અને લહરીઓમાં પણ પાણી હોય છે, તેવી જ રીતે જગત્ મારામાં છે અને હું જગતમાં છું.[૮૭] જે એકનિષ્ઠાથી મારે શરણે આવે છે, તેને હું જન્મમરણના બંધનથી મુક્ત કરું છું અને એથી શરણાગતનો રક્ષક એકલો હું જ છું.[૮૮] પ્રકૃતિના ભિન્ન ગુણોવડે હું એક હોઇને અનેકતાથી જગતનાં પ્રાણીમાત્રમાં પ્રાણરૂપે રહેલો છું.[૮૯] જેવી રીતે, આ સમુદ્ર છે અને આ નાળું છે, એના ભેદનો વિચાર ન કરતાં સૂર્ય તો સર્વ સ્થાનમાં એક સરખો જ પ્રકાશિત થાય છે; તે જ પ્રમાણે બ્રહ્મથી તે મક્ષિકાપર્યન્ત પ્રાણીમાત્રની જે પ્રિય વસ્તુ છે, તે હું જ છું.[૯૦] હે પાંડવ! આ ત્રિભુવનનું જીવન અને ઉત્પત્તિ, સ્થિતિ તથા લય એ ત્રણે અવસ્થાનું મૂળ હું જ છું.[૯૧] બીજમાંથી વૃક્ષ અને શાખાઓ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે આદિ સંકલ્પમાંથી સર્વ જગતની ઉત્પત્તિ થઇને પુનઃ તે જગત્ આદિ સંકલ્પમાં જ લય પામે છે.[૯૨] એ પ્રમાણે અવ્યક્ત વાસનારૂપ જગતનું બીજ જે સંકલ્પ, તેને જ્યાં કલ્પાંતમાં રહેવાનું સ્થાન મળે છે, તે સ્થાન હું જ છું,[૯૩] જ્યારે નિરાકાર સ્વરૂપ પ્રકટ થાય છે, ત્યારે એ સર્વ નાનાવિધરૂપો લય પામે છે,

વર્ણ વ્યક્તિઓ અદૃશ્ય થાય છે અને જાતિ ભેદ પણ અવશિષ્ટ રહેતો નથી.[૯૪] એ પછી પુનઃ જગત્ નિર્માણ કરવામાટે સંસ્કારરૂપ વાસના શક્તિને ધારણ કરીને દેવો જે સ્થાનમાં નિવાસ કરે છે, તે સ્થાન પણ હું જ છું.[૯૫]

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥ १९ ॥

[હે પાર્થ! હું સૂર્ય સ્વરૂપથી તાપ કરું છું; હું જ પર્જન્યને રોકી રાખું છું અને વર્ષાવું છું; અમૃત પણ હું જ છું, મૃત્યુ પણ હું જ છું અને સત્ એટલે વિદ્યમાન વસ્તુ (કારણ) પણ હું જ છું અને અસત્ એટલે તેનું કાર્ય પણ હું જ છું. ૧૯]

હું સૂર્યના રૂપથી જે વેળાએ તાપ આપું છું, તે વેળાએ આ જગત્ શુષ્ક (કોરું) થાય છે; અને પુનઃ ઇન્દ્રના રૂપથી જ્યારે જળવૃષ્ટિ વર્ષાવું છું, ત્યારે પુનઃ સમૃદ્ધિનો ઉદ્ભવ થાય છે.[૯૬] જેવી રીતે અગ્નિએ કાષ્ઠનું ભક્ષણ કર્યા પછી તેજ કાષ્ઠ પુનઃ અગ્નિ થાય છે, તેજ પ્રમાણે મરનાર અને મારનાર એ બન્ને સ્વરૂપો મારાં જ છે.[૯૭] એથી, મૃત્યુના ભાગમાંનાં જે જે રૂપો છે, તે સર્વ મારાંજ રૂપો છે અને ન મરનારાં રૂપો પણ સહજ મારાંજ છે.[૯૮] હવે વિશેષ શું બોલીને બતાવું વારુ? એકવારમાં જ તને સર્વ કહી દઉં છું કે, વ્યક્ત અને અવ્યક્ત સર્વ સ્વરૂપો મારાં જ છે, એમ તારે જાણવું.[૯૯] એટલા માટે, હે અર્જુન! મારો અભાવ હોય, એવું સ્થાન કયું છે? એક પણ નથી. પરંતુ પ્રાણીમાત્રનું ભાગ્ય એવું કાંઇક ચમત્કારિક છે કે, તેઓ મને દેખતા જ નથી.[૩૦૦] જેવી રીતે લહરીઓ જળવિના સૂકાઇ જાય અને સૂર્યનાં કિરણો દીપક પ્રકાશના સાહાય્યવિના દૃષ્ટિગોચર ન થાય, તેવી રીતે સર્વ જીવરૂપ હુંજ બનેલો હોવા છતાં તેઓ મને ઓળખતાં નથી, એ કેટલું બધું આશ્ચર્યકારક છે તે જો![૧] આ સકલ વિશ્વમાં અંદર અને બહાર હું જ ભરેલો છું અને આ જગત્ મારારૂપ જ છે; પરંતુ જીવોને કર્મો કેવાં આડાં આવી નડે છે કે, તેઓ મનેજ 'નથી' એમ કહે છે. (માને છે.)[૨] પરંતુ અમૃતના કૂપમાં પડતાં જેવી રીતે કોઈ એક મનુષ્ય 'મને આમાંથી બહાર કાઢો' એમ કહે છે, ત્યારે પછી એવા તે દુર્ભાગીને માટે શું કહેવું?[૩] હે કિરીટિ! અન્નમાટે ભટકતા આંધળાને ચિંતામણિ મળતાં દૃષ્ટિનો અભાવ હોવાથી તે તેને જેવી રીતે લાત મારીને બાજુએ ખસેડી દે છે,[૪] તે જ પ્રમાણે જ્ઞાનનો ત્યાગ કરવાથી (દેખતાની પણ આંધળા જેવીજ) સ્થિતિ થાય છે. એટલા માટે જ્ઞાન વિના જે જે કર્મો કરાય તે ન કર્યા સમાન જ છે.[૫] આંધળાને ગરુડની પાંખો મળવા છતાં તેને તેનો કશો પણ ઉપયોગ હોતો નથી. એ જ પ્રમાણે જ્ઞાનવિના સત્કર્મોનો શ્રમ વ્યર્થ છે.[૬]

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥ २० ॥

[ત્રણ વેદને જાણનારા, સોમપાન કરનારા અને એના યોગે નિષ્પાપ થયેલા યાજ્ઞિકો યજ્ઞના યોગે મારું પૂજન કરીને સ્વર્ગ પ્રાપ્તિવિશેની પ્રાર્થના કરે છે; અને તેઓ દીક્ષિત પુણ્ય-ફળરૂપ સ્વર્ગમાં જઇને ત્યાં દેવોના દિવ્ય ભોગોને ભોગવે છે. ૨૦]

હે અર્જુન! વર્ણવિહિત ધર્મનું આચરણ કરીને જેઓ પોતે જ વિધિમાર્ગની કસોટી બને છે, (વેદમાં કહ્યા પ્રમાણે યથાવિધિ આચરણ કરે છે,)[૭] તેઓ યજ્ઞ કરવા લાગ્યા, એટલે ત્રણે વેદો સંતોષ પામીને મસ્તક ધૂણાવે છે અને ક્રિયા પણ તેમના સમક્ષ ફળ પ્રાપ્તિસહિત આવીને ઉભી રહે છે.[૮] એવી રીતે યજ્ઞમાંના સોમનું પાન કરનારા યજ્ઞ કર્તાઓ (દીક્ષિતો), કે જેઓ

પોતે જ યજ્ઞરૂપ થાય છે, તેમણે નામ માત્ર પુણ્યનો, પરંતુ ખરી રીતે તો પાપનો રાશિ જ સંચિત કર્યો હોય છે એમ જાણ.[૯] તેઓ, ઋક્, યજુષ્ અને સામ એ ત્રણે વેદોને જાણીને સો યજ્ઞોવડે મારું યજન કરે છે, પરંતુ મારી પ્રાપ્તિની ઇચ્છાને ત્યાગીને સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છા કરે છે.[૧૦] હે અર્જુન! જેવી રીતે કોઈ એક હતભાગી મનુષ્ય કલ્પવૃક્ષની છાયામાં બેઠેલો હોવા છતાં પોતાની ઝોળીના મોઢાંને તાણીને બાંધી મૂકે છે અને પછી ભિક્ષાવૃત્તિ કરવા નીકળી પડે છે;[૧૧] તે જ પ્રમાણે સો સો યજ્ઞવડે મારું યજન કરીને પણ તેઓ સ્વર્ગ સુખની જ ઇચ્છા કરે છે! ત્યારે હવે કહે, તેઓનું પુણ્ય નહિ, પણ ખરેખર પાપ છે, એમ તને નથી લાગતું કે?[૧૨] એટલા માટે મારી પ્રાપ્તિની ઇચ્છાને ત્યાગીને જેઓ સ્વર્ગમાં જાય છે, તેને અજ્ઞાની જનો પુણ્યમાર્ગ કહે છે; પરંતુ જે જ્ઞાની જનો છે તેઓ તો કહે છે કે, એ તો 'જન્મ મરણના ફેરામાં પડવાથી તેમની હાનિ જ થયેલી છે'.[૧૩] નરકમાંનાં દુઃખો સાથે સરખાવતાં કદાચિત્ સ્વર્ગની પ્રાપ્તિને સુખ કહી શકાય; પરંતુ એ ઉભયથી ભિન્ન પરમ આનંદદાયક અને નિર્દોષ સુખ તે માત્ર મારું સ્વરૂપ જ (પ્રાપ્ત કરવામાં) છે.[૧૪] હે મહાવીર અર્જુન! મારી પ્રાપ્તિના માર્ગમાંની સ્વર્ગ અને નરક એ બે આડવાટો છે; તે ચોરોને જવાનો રસ્તો છે.[૧૫] પુણ્યાત્મક પાપના* યોગે સ્વર્ગપ્રાપ્તિ થાય છે અને પાપાત્મક પાપથી નરકપ્રાપ્તિ થાય છે, પરંતુ જેના યોગે કેવળ મારી જ પ્રાપ્તિ થાય છે, તે જ ખરું પુણ્ય છે એમ તારે સમજવું.[૧૬] હે પાંડુસુત! મારો જ અંશ હોવા છતાં જે પુણ્યના યોગે હું તેનાથી દૂર થાઉં છું, તેને જો પુણ્ય કહેવામાં આવે તો જીભ ટૂટી ન પડે કે?[૧૭] પરંતુ હવે એને રહેવા દઇએ. એ પ્રમાણે તે દીક્ષિત મારું યજન કરીને સ્વર્ગ ભોગની ઇચ્છા કરે છે.[૧૮] ત્યાર પછી જે પુણ્યથી હું પ્રાપ્ત થતો નથી એવા પાપરૂપ પુણ્યને પ્રાપ્ત કરીને તેઓ મોટી હોંસથી સ્વર્ગમાં જાય છે.[૧૯] જ્યાં અમરતારૂપી સિંહાસન છે, ઐરાવત સમાન વાહન છે, અમરાવતી રાજધાની છે,[૨૦] જ્યાં અષ્ટ મહાસિદ્ધિના ભંડારો ભરેલા છે, અમૃતના કોઠાર (સાગર) ઉભરાઈ જતા હોય છે અને જ્યાં કામધેનુઓનાં ટોળે ટોળાં જોવામાં આવે છે;[૨૧] જ્યાં દેવોના અનુચરોને ચાલવાના માર્ગો પણ ચિંતામણિથી જડેલા છે અને કલ્પવૃક્ષોનાં તો જ્યાં અનેક ઉદ્યાનો વિસ્તરેલાં છે;[૨૨] જ્યાં ગાંધર્વો ગાયન ગાયા કરે છે, રંભા જેવી નર્તકીઓ છે અને વિલાસિની વનિતાઓમાં જ્યાં ઉર્વશી અગ્રેસર છે;[૨૩] જ્યાંના શય્યાસદનમાં મદનરાજ સેવા કરે છે; ચંદ્ર માર્જન આદિ કરે છે અને દોડધામનું કામ વાયુ જેવો અનુચર બજાવે છે;[૨૪] જ્યાં ઇન્દ્રને આશીર્વાદ આપનારાઓમાં બૃહસ્પતિ જેવા મુખ્ય બ્રાહ્મણ છે અને જેની પંક્તિમાં દેવમંડળ વિરાજમાન છે;[૨૫] જેની આસપાસ લોકપાલ જેવા રાજાઓ ચાલે છે અને જયને મેળવી ચૂકેલા પદવીધર સરદારો પણ જોવામાં આવે છે અને જ્યાં ઉચ્ચૈઃશ્રવા નામક ઘોડો ખાસ કોટવાલ છે.[૨૬] અસ્તુ. એ પ્રમાણે જ્યાં સૂધી પુણ્યનો અંશ અવશિષ્ટ હોય છે, તેઓ ઇન્દ્રના સુખ સમાન પુષ્કળ ભોગો ભોગવે છે.[૨૭]

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभंते ॥ २१ ॥

[તેઓ તે વિસ્તીર્ણ સ્વર્ગ લોકનો ઉપભોગ ભોગવીને પુણ્યની સમાપ્તિ થતાં (પાછાં) મૃત્યુ લોકમાં આવે છે; અને એવી રીતે કેવળ ત્રણ વેદમાં કહેલાં કર્મોને કરનારા કામુક જનો, જન્મ અને મૃત્યુની યાતનાઓને પામે છે. ૨૧]

---

* પુણ્યાત્મક–પાપ એટલે સ્વર્ગપ્રાપ્તિ માટે જે કર્મો કરવાં, તે દેખીતી રીતે પુણ્યકર્મ ગણાય છે; પરંતુ જન્મ મરણનો, એ કર્મોથી, ફેરો મટતો નથી, તેથી એ પુણ્યાત્મક કર્મો, પાપનાં જ ફળ આપે છે.

ત્યાર પછી તેમના પુણ્યોની પુંજી સમાપ્ત થતાં જ ઇંદ્રત્વના અભિમાનનો લોપ થાય છે અને તેઓ પાછા મૃત્યુ લોકમાં આવી પડે છે.[૨૮] જેવી રીતે કોઇએક મનુષ્ય વેશ્યાના નાદમાં પોતાના સર્વ ધનની ધૂળધાણી કર્યા પછી નિર્ધન થાય છે, એટલે તેને તે વેશ્યાના દ્વારને અંગુલિસ્પર્શ કરવાનો પણ અધિકાર હોતો નથી; તે જ પ્રમાણે એ યજ્ઞકર્ત્તાઓની અવસ્થા પણ બહુ જ લજ્જાસ્પદ થઈ જાય છે, એ હું તને વિસ્તાર કરીને શું કહું?[૨૯] એવી રીતે, જે વેળાએ સ્મરણ રાખવું જોઇએ, તે વેળાએ મને ભૂલીને જેઓએ પુણ્ય માર્ગના આચરણથી સ્વર્ગપ્રાપ્તિ કરી લીધી હોય છે, તેમની અમરતા વ્યર્થ થતાં, તેઓ અંતે પાછા મૃત્યુ લોકમાં આવે છે.[૩૩૦] પછી માતાના ઉદરરૂપ ગુહામાં વિષ્ઠાના પ્રસ્તરમાં નવ માસ પર્યન્ત રહીને પકવ દશામાં આવે છે અને જન્મીને પાછા મરણ પામે છે.[૩૧] સ્વપ્નમાં પ્રાપ્ત થયેલો ભંડાર જેવી રીતે જાગ્રતિની સાથે જ નષ્ટ થાય છે, તે જ પ્રમાણેનું યજ્ઞકર્ત્તાનું સુખ છે એમ તારે સમજવું![૩૨] હે અર્જુન! જેમાંથી ધાન્ય કાઢી લીધેલું હોય એવાં ફોતરાંને બાફીએ તો તે મહેનત નકામી થાય છે, તે જ પ્રમાણે તેઓ વેદાર્થ જ્ઞાની હોવા છતાં મને જાણ્યાવિના તેમનો જન્મ વ્યર્થ છે.[૩૩] એટલા માટે એક મારાવિના એ ત્રણે વેદોક્ત ધર્મ વ્યર્થ છે. એથી, કેવળ મને જ જાણ–બીજા કશાને પણ મનમાં સ્થાન ન આપ, એટલે તું સુખી થઇશ.[૩૪]

अनन्याश्चितयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ २२ ॥

[જે લોકો એકનિષ્ઠ થઇને મારું ચિન્તન કરી મારી ઉપાસના કરે છે, તે સર્વદા મમયુક્ત થયેલા નિષ્કામ ભક્તોના યોગક્ષેમને હું ચલાવ્યા કરું છું. ૨૨]

જેમણે પોતાના ચિત્તને સર્વ ભાવવડે મારામાં જ સમર્પી દીધું છે; જેવી રીતે ગર્ભમાંનો ગોળો કોઇપણ ઉદ્યોગ કરવાનું જાણતો નથી,[૩૫] તે જ પ્રમાણે જેમને કેવળ મારાવિના બીજું કાંઇપણ સારું દેખાતું નથી અને જેમણે કેવળ મારે માટે જ જીવ ધારણ કરી રાખેલો હોય છે;[૩૬] એવી જ રીતે એકનિષ્ઠ અંતઃકરણથી જેઓ મારું ચિન્તન કરીને મારી સેવા કરે છે, તેમની સેવા હું જ કરું છું.[૩૭] તેઓ ઐક્યને પામીને જે વેળાએ મારા ભજનમાં નિમગ્ન થયા છે, તે વેળાથી જ મને તેમની ચિન્તા લાગી રહેલી છે.[૩૮] એ પછી તેઓ જે કાંઈપણ કરવાનું મનમાં લાવે છે, તે સર્વ મારે કરવું પડે છે. જેવી રીતે પાંખો ન ફૂટેલાં પક્ષીના જીવન માટે તેની માતા પક્ષિણી જ બધી ખટપટ કરે છે,[૩૯] અથવા તો પોતાની ક્ષુધાતૃષાને ન જાણીને પોતાના દૂધ પીતા બાળકને જે કાંઈ સુખકારક થાય, તે જ કૃત્ય માતાને કરવું પડે છે; તે જ પ્રમાણે જેમણે મનઃપૂર્વક પોતાનો સર્વ ભાર મારા શિરપર નાંખી દીધેલો હોય છે, તેમનાં સર્વ ઇચ્છિત કાર્યો મારે જ કરવાં પડે છે.[૩૪૦] તેમને જો મારા ઐક્યની ઇચ્છા થાય, તો હું તેમની ઉત્કંઠા પૂર્ણ કરું છું, કિંવા તેઓ જો મારી સેવાનો જ આગ્રહ કરે તો હું તેમના અને મારામાં પ્રેમભાવ ઉત્પન્ન કરું છું.[૪૧] એ પ્રમાણે તેઓ પોતાના મનમાં જે જે ઇચ્છાઓ કરે છે, તે તે તેમની સર્વ ઇચ્છાઓ મારે વારંવાર પૂરી કરવી પડે છે અને જે કાંઈ તેમને અપાયલું હોય છે, તેનું રક્ષણ પણ હું જ કરું છું.[૪૨] હે પાંડવ! જેમનો સર્વ ભાર મારાપર જ હોય છે, તેમના યોગ ક્ષેમનો ભાર પણ મારે જ ઉપાડવો પડે છે.[૪૩]

येऽप्यन्यदेवताभक्ता यजंते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौंतेय यजंत्यविधिपूर्वकम् ॥ २३ ॥

[જે લોકો અન્ય દેવતાની ભક્તિ કરનારા છે, તેઓ પણ જો શ્રદ્ધાયુક્ત થઇને તે દેવતાઓનું યજન કરે છે, તો તે પણ હે અર્જુન! મારું જ યજન કરે છે; પરંતુ તેમનું એ કરવું અવિધિપૂર્વક (અજ્ઞાનયુક્ત) હોય છે. ૨૩]

હવે હું સર્વ વ્યાપકરૂપે રહેલો છું, એમ ન જાણીને પ્રત્યેક સાંપ્રદાયિક લોક, અગ્નિ, ઇંદ્ર, સૂર્ય અને ચંદ્રને 'હું છું' એમ જાણીને ભજે છે.[૪૪] જો કે એમ કરીને તેઓ મારી જ પૂજા કરે છે; કારણ કે આ સમસ્ત જગતમાં હું જ વ્યાપ્ત છું; પરંતુ તે તેમનું ભજન પદ્ધતિપુરઃસર ન હોઇને ભ્રમપૂર્ણ હોય છે. (તેથી તેમને કંઈ ફળપ્રાપ્તિ થતી નથી).[૪૫] આ જો-વૃક્ષની શાખા અને પાંદડાં વગેરે એક જ બીજમાંથી ઉત્પન્ન થયેલાં નથી કે શું? છતાં જળસિંચન તો મૂળમાં જ કરવું પડે છે.[૪૬] અથવા દશ ઇંદ્રિયો જો કે એક જ દેહની છે અને તેમણે સેવેલા વિષયો એક જ સ્થાનમાં જાય છે,[૪૭] તથાપિ ઉત્તમ સ્વયંપાક કરીને કર્ણમાં નાંખવામાં આવતો નથી, તેમ જ આંખો ફૂલનો સુવાસ લઈ શકતી નથી.[૪૮] પરંતુ અન્નનું સેવન તો મુખથી જ કરવું જોઇએ અને ફૂલનો સુવાસ નાસિકાએ જ લેવો જોઇએ. એ જ પ્રમાણે મારી પૂજા પણ મને જાણીને જ કરવી જોઇએ.[૪૯] મને ન જાણતાં જે ભજન કરવામાં આવે, તે ગમે તેવું હોવા છતાં વ્યર્થ જ છે. અર્થાત્ એથી કર્મના આચરણમાં જ્ઞાનદૃષ્ટિ છે અને એટલા માટે તે જ્ઞાન નિર્દોષ થવું જોઇએ.[૫૦]

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानंति तत्त्वेनातश्च्यवंति ते ॥ २४ ॥

[કારણ કે, હું સર્વ યજ્ઞનો ભોક્તા અને સ્વામી છું; પણ એ અન્ય દેવતાના ભક્તો મને તત્ત્વતઃ જાણતા નથી અને એથી તેઓ મુખ્ય યજ્ઞફળથી વંચિત થાય છે. (તેમને મારી પ્રાપ્તિ થતી નથી.) ૨૪]

અર્જુન! નહિ તો એમ વિચાર કર કે, એ સર્વ યજ્ઞોપચારોનો મારા વિના બીજો ભોક્તા કોણ છે વારુ?[૫૧] હું સર્વ યજ્ઞોનો આદિ છું અને યજનનો અંત પણ હું જ છું; પરંતુ જેઓ દુર્બુદ્ધિ જનો છે, તેઓ મને ત્યાગીને ઇન્દ્ર આદિ દેવોને ભજે છે.[૫૨] જેવી રીતે ગંગાનું પાણી દેવ અને પિતરોના નામથી પાછું ગંગામાં જ અર્પણ કરવામાં આવે છે, તે પ્રમાણે તેઓ જે કાંઇ મારું જ છે, તે પાછું મને જ આપે છે; પણ ભેદ એટલો જ છે કે, માત્ર બીજા ભાવથી આપે છે.[૫૩] એટલા માટે, હે પાર્થ! તેઓ કદાપિ મને પામતા નથી; પરંતુ પોતાના મનમાં તેઓ જે ઇચ્છા ધારણ કરે છે ત્યાં જાય છે.[૫૪]

यांति देवव्रता देवान् पितृन्यांति पितृव्रताः ।
भूतानि यांति भूतेज्या यांति मद्याजिनोऽपि माम् ॥ २५ ॥

[દેવોની ઉપાસના કરનારા દેવલોકમાં જાય છે; પિતૃભક્તોને પિતૃલોક પ્રાપ્ત થાય છે; ક્ષુદ્ર દેવતા આદિ ભૂતોના પૂજકોને ભૂતોની પ્રાપ્તિ થાય છે અને મારું ભજન કરનારાઓને મારી પ્રાપ્તિ થાય છે. ૨૫]

મન, વાચા અને ઇંદ્રિયોના યોગે જેઓ ઇન્દ્ર આદિ દેવોનું ભજન કરે છે, તેઓ શરીરના અંત સાથે જ દેવરૂપ થાય છે.[૫૫] અથવા જેમણે પિતૃઓના વ્રતનો સ્વીકાર કરેલો હોય છે, તેમને પ્રાણાન્તે પિતૃલોક પ્રાપ્ત થાય છે;[૫૬] તેમ જ વેતાળ આદિ પિશાચ અને ક્ષુદ્ર દેવો જ જેમનાં પરમ દૈવત હોય છે અને જેમણે જારણ મારણ આદિ વિઘાતક કર્મોવડે તેમની ઉપાસના

કરેલી હોય છે,[૫૭] તેમને શરીરનો પાત થતાં જ પિશાચયોનિની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે તેમના સંકલ્પ અનુસાર તેમનાં કર્મો તેમને ફળે છે![૫૮] પરંતુ જીવો પોતાની દૃષ્ટિથી કેવળ મને જ જુવે છે, કર્ણોથી કેવળ મારા જ નામનું શ્રવણ કરે છે, મનવડે કેવળ મારું જ ધ્યાન ધરે છે અને જિહ્વાથી કેવળ મારું જ વર્ણન કરે છે.[૫૯] સર્વાંગવડે અને સર્વત્ર જેઓ મને જ નમસ્કાર કરે છે, દાન અને પુણ્ય આદિ સર્વ મારા જ ઉદ્દેશથી કરે છે;[૩૬૦] જેમણે કેવળ મારા નામના સ્મરણનું જ અધ્યયન કરેલું હોય છે, જેઓ કેવળ મારા યોગે જ આંતર્બાહ્ય તૃપ્ત થયેલા છે; જેમણે પોતાનું આયુષ્ય કેવળ મારામાં જ વીતાડ્યું છે;[૬૧] જેમને મારા વિના બીજા કશાની પ્રાપ્તિની ઇચ્છા નથી,'અમે હરિની કીર્તિને વધારનારા છીએ' એવો જેઓ ગર્વ ધરાવે છે;[૬૨] મારી જ ઇચ્છા રાખવાથી જેમની ઇચ્છાઓ પૂર્ણ થાય છે; જેઓ મારામાં પ્રેમ રાખીને પુલકિત થાય છે; જેઓ મારા પ્રેમથી ઉન્મત્ત થઇને લોકોની જરાપણ પરવા રાખતા નથી;[૬૩] મને જ જાણવો એ જ જેમનાં શાસ્ત્ર છે અને જેમના ગુરુમંત્રથી બીજાઓને મારી પ્રાપ્તિ થાય છે અને એ પ્રમાણે જેઓ સર્વ વ્યવહારમાં મારા વિના બીજા કોઇનું પણ ભજન કરતા નથી,[૬૪] તેઓ મરણથી પૂર્વે જ મદ્રૂપ થઈ જાય છે અને તેથી મરણ પછી તેઓ મારા વિના અન્યત્ર (બીજે ઠામે) કેમ કરીને જાય?[૬૫] એટલા માટે જેઓ મારું યજન કરનારા હોય છે, તેઓ મારામાં(મને જ)મળે છે; કારણ કે, તેમણે સેવાના હેતુથી પોતાનું પોતાપણું મને અર્પી દીધેલું હોય છે.[૬૬] હે અર્જુન! મારામાં આત્મત્વ સમર્પણ કર્યા વિના મારામાં તેમનો ખરો પ્રેમ ઉત્પન્ન થતો નથી અને એટલા માટે હું બીજા કોઈ પણ ઉપાયથી પ્રાપ્ત થતો નથી.[૬૭] પરંતુ જેઓ મારા વિશે જ્ઞાન થવાનું કહે છે, તેને ખરેખર મારું જ્ઞાન થયેલું હોતું નથી. પોતાને જે કૃતાર્થ થયેલા તરીકે ઓળખાવે છે, તે કૃતાર્થ થતો જ નથી. જે પોતાને મુક્ત તરીકે જણાવે છે, તે ખરેખર મુક્ત હોતો જ નથી.[૬૮] અથવા તો હે કિરીટિ! અમે યજ્ઞ કર્યા, અમે ધર્મ કર્યા અથવા અમે તપ કર્યાં, એમ કહીને જેઓ ઘમંડ રાખે છે, તેમને મારી પ્રાપ્તિના પ્રમાણથી જોતાં લેશમાત્ર યોગ્યતા પણ પ્રાપ્ત થયેલી હોતી નથી.[૬૯] વિચાર કર કે, જ્ઞાનબળમાં વેદ કરતાં કોઇ પણ અધિક જ્ઞાતા છે? અથવા બોલવામાં અથવા તો મુખોની સંખ્યામાં શેષનાગ કરતાં કોઇપણ અધિક છે ખરો ના.[૩૭૦] પરંતુ તે શેષ પણ જેની શય્યા તળે પડી જાય છે, વેદો પણ 'નેતિ નેતિ' કહીને અટકી જાય છે; તેમ જ સનકાદિક પૂર્ણ બ્રહ્મજ્ઞાનીઓ પણ જેને માટે ઉન્મત્ત થઈ ગયા છે;[૭૧] તપસ્વીઓની યોગ્યતાનો વિચાર કરીએ તો મહાદેવની યોગ્યતાને બીજો કોઇ પહોંચી શકશે તેમ નથી! પરંતુ તેણે પણ અભિમાનનો ત્યાગ કરીને, જેના ચરણોદકરૂપ ગંગાને પોતાના મસ્તકે ધારણ કરેલી છે.[૭૨] કિંવા સંપન્નતામાં લક્ષ્મી કરતાં વિશેષ કોણ છે? તેના ઘરમાં સિદ્ધિ જેવી તો દાસીઓ છે;[૭૩] તે દાસીઓ પોતાની રમતમાં જે ગૃહકૂળ નિર્માણ કરે છે તેનું જ નામ જો અમરપુરી રાખવામાં આવે, તો ઈન્દ્ર આદિ તો તે રમત ઘરમાંનાં પૂતળાં (બાવલાં) જ કહેવાય.[૭૪] પછી તે દાસીઓને તે રમતઘરનો કંટાળો આવે છે અને તેમને જ્યારે તેઓ તોડી નાંખે છે, ત્યારે ઇંદ્રો રંક બની જાય છે અને તે દાસીઓ જે વૃક્ષ તરફ જુવે છે, તે વૃક્ષ કલ્પવૃક્ષ બની જાય છે.[૭૫] જેના ગૃહમાંની દાસીનું એટલું બધું સામર્થ્ય છે, તે પટ્ટરાણી લક્ષ્મીની પણ આ સ્થળમાં કાંઈ પ્રતિષ્ઠા નથી.[૭૬] હે અર્જુન! તે લક્ષ્મી પણ મનોભાવથી સેવા કરીને અને સર્વ અભિમાનને ત્યાગીને (મારા) પગ ધોવાના અધિકારને પાત્ર થયેલી છે.[૭૭] એટલા માટે મહત્તા અથવા ગુરુતાને એક કોરણે મૂકીને અને સર્વ શાસ્ત્રીય જ્ઞાનને ભૂલીને જ્યારે જગતમાં નમ્રતાથી વર્તવામાં આવે છે, ત્યારે જ મારી પ્રાપ્તિ થાય છે.[૭૮] હે કિરીટિ! જે સ્થાનમાં સૂર્યના તેજ સમક્ષ ચંદ્રનો પણ લોપ થાય છે, ત્યાં આગીઓ પોતાનાં તેજ માટે શું અભિમાન રાખી શકે?[૭૯] એ જ પ્રમાણે જ્યાં લક્ષ્મીનું ઐશ્વર્ય પણ શોભતું

નથી, અને મહાદેવનું તપ પણ પૂર્ણ કહેવાતું નથી, ત્યાં અજ્ઞાની અને પાખંડીઓ તો મને કેમ કરીને જ જાણી શકે?[૩૮૦] એટલા માટે સર્વ અભિમાનને ત્યાગીને, સર્વ ગુણોનો ઊતાર કરીને તથા સંપત્તિના મદને ત્યાગીને પોતાના દેહને મારા પરથી ઓવારી નાંખવો જોઇએ![૮૧]

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ २६ ॥

[જે પત્ર, પુષ્પ, ફળ અથવા જળ, ભક્તિથી મને અર્પણ કરે છે, તે શુદ્ધચિત્ત ભક્તના ભક્તિથી આપેલાં (પત્રઆદિ)ને હું સ્વીકારું છું. ૨૬]

ત્યાર પછી દૃઢ ભક્તિથી મને અર્પણ કરવાના નિમિત્તથી ગમે તે વૃક્ષનું ગમે તે ફળ,[૮૨] ભક્ત મારા સમક્ષ લાવે, એટલે મારા બન્ને હાથો લંબાવીને હું તેને સ્વીકારું છું અને તેના ડીંટાને પણ ન તોડતાં આદરથી તેનું સેવન કરું છું.[૮૩] ભક્તિભાવથી જો કોઇ મને એક પુષ્પ આપે છે, તો વાસ્તવિક રીતે તેને સૂંઘવું જોઇએ; પરંતુ એમ ન કરતાં પ્રેમના ઊમળકાથી હું તેને મારા મુખમાં જ સ્થાન આપું છું.[૮૪] વધારે શું કહું? પુષ્પો તો શું કિન્તુ વૃક્ષનું એક પાંદડું પણ મને તો પ્રિય છે, પછી ભલેને તે ગમે તે વૃક્ષનું હોય અને તાજું હોય કે સૂકાયલું હોય, એની મને પરવા નથી.[૮૫] પરંતુ તે ભક્તિભાવથી અર્પણ કરાયલું છે એમ જોતાં જ, જેવી રીતે કોઇએક ક્ષુધાતુર મનુષ્ય અમૃતવડે તૃપ્ત થાય છે, તે જ પ્રમાણે ભક્તિભાવથી અર્પણ કરાયલું તે પાંદડું અમૃતતુલ્ય માનીને હું ખાવા માંડું છું.[૮૬] અથવા કોઇ વેળાએ જો એવી વાત બની આવે કે, ઝાડને ક્યાંય પાંદડાં જ ન હોય, તો પણ પાણી ન મળે એમ તો થવાનું નથી ને?[૮૭] પાણી તો ગમે તે સ્થળમાં મહેનતવિના અને મફત જ મળી શકે છે અને જે એકનિષ્ઠાથી તે પાણી જ મને અર્પે છે,[૮૮] તો તેથી તેણે મારે માટે વૈકુંઠ કરતાં પણ વિશેષ વિશાળ દેવાલય બંધાવ્યા પ્રમાણે અથવા તો કૌસ્તુભમણિ કરતાં પણ તેજસ્વી અલંકાર મને ચઢાવ્યા પ્રમાણે સંતોષ આપ્યો છે એમ હું માનું છું.[૮૯] તેણે જાણે દૂધ સમાન સ્વચ્છ અને ક્ષીર સમુદ્રમાંની લહરીઓ પ્રમાણે ફૂગેલાં અને મનોહર અગણિત શય્યાસ્થાનો મારા માટે નિર્માણ કર્યા પ્રમાણે સંતોષ આપ્યો છે એમ હું માનું છું.[૩૯૦] કર્પૂર, ચંદન, કૃષ્ણાગરુ આદિ સૌગંધિક દ્રવ્યોના મહામેરુ સમાન ઢગલાઓથી મારી આગળ વાટયો સળગાવીને સૂર્યની દીપમાળા સળગાવ્યા પ્રમાણે સંતોષ આપ્યો છે એમ હું માનું છું.[૯૧] તેણે જાણે ગરુડ સમાન વાહનો, કલ્પતરુનાં ઉદ્યાનો અને કામધેનુના ગોધનો મને અર્પ્યાં પ્રમાણે સંતોષ આપ્યો છે એમ હું માનું છું.[૯૨] મને અમૃત કરતાં પણ મિષ્ટ અનેક પકવાન્નો થાળમાં પીરસી આપવાથી જે સંતોષ થાય છે, તેટલો જ કિંબહુના તેથી પણ વિશેષ સંતોષ એ ભક્તિયુક્ત અંતઃકરણથી અર્પેલા જળના બિન્દુથી થાય છે.[૯૩] હે કિરીટિ! મેં થોડાક તાંદુલ માટે સુદામાજીની ગાંસડીની ગાંઠો છોડી હતી, એ તેં જોયું છે કે નહિ? તને એ બીજીવાર કહી સંભળાવવાની આવશ્યકતા છે ખરી?[૯૪] અર્થાત્, હું કેવળ એક ભક્તિને જ ઓળખું છું તેમાં નાના કે મોટાનો વિચાર કરતો નથી અને ગમે તે હોય છતાં જો તે ભક્તિની ઉજાણી કરે, તો આપણે જરૂર ત્યાં જમવા પધારીએ છીએ.[૯૫] નહિ તો પત્રો, પુષ્પો અને ફળો એ તો મારી ભક્તિ કરવા માટે કેવળ નિમિત્ત માત્ર જ છે; એ વિના એટલે કે ભક્તિતત્ત્વવિના હું અન્ય સર્વ સામગ્રીઓને વ્યર્થ સમજું છું.[૯૬] એટલા માટે હે અર્જુન! સાંભળ, તું પોતાની બુદ્ધિને સ્વાધીન કરીને નિત્ય પોતાના મનોરૂપ મંદિરમાં મારું વિસ્મરણ થવા દઇશ નહિ.[૯૭]

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥ २७ ॥

[હે અર્જુન! તું જે કાંઇ પણ કરે છે, જે ભક્ષણ કરે છે, જે હવન કરે છે, જે દાન કરે છે અને જે તપ કરે છે, તે સર્વ મને અર્પણ કરી દે. ૨૭]

તું જે કાંઇ પણ વ્યાપાર કરતો હોય, જે વસ્તુઓનો ઉપભોગ લેતો હોય અથવા તો જે પુષ્કળ પ્રકારના યજ્ઞોવડે મારું યજન કરે,૯૮ અથવા સત્પાત્રને જે દાન આપે અથવા નોકરોને જે પગાર આપતો હોય અને તપ આદિ જે જે સાધનો અને વ્રતો કરે,૯૯ તે તારા હાથે સહજ ત્યાજ્ય થનારાં કર્મો તું કેવળ મારા જ ઉદ્દેશથી ભક્તિપુરઃસર કરતો રહે.૪૦૦ પરંતુ તે કર્મો કરવા વિશેની તારા મનમાં સ્મૃતિ માત્ર પણ ન રહે, એટલી બધી નિષ્કામતાથી તે સર્વ મને અર્પણ કરી દે.૧

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥

[એ પ્રમાણે સર્વ કર્મો મને અર્પણ કર્યા પછી શુભ અને અશુભ ફળ આપનારા કર્મબંધનોથી તું મુક્ત થઇશ; અને એ પ્રમાણે સંન્યાસયોગવડે તારું અંતઃકરણ યુક્ત થતાં તું કર્મબંધનથી મુક્ત થઇને મારામાં આવી મળીશ. ૨૮]

એમ થવા પછી, જેવી રીતે અગ્નિમાં ભૂજેલા બીજને અંકુર ફૂટતો નથી, તેજ રીતે મને અર્પેલાં શુભાશુભ કર્મોની ફળપ્રાપ્તિ તને થવાની નથી.૨ અરે, જો કર્મ અવશિષ્ટ રહે, તો તેના યોગે સુખદુઃખ ભોગવવાં પડે છે અને તે ભોગવવા માટે જન્મ ધારણ કરવો પડે છે,૩ પણ તેજ કર્મ જો મને અર્પણ કરવામાં આવે તો તાત્કાળ જન્મ મરણનો ફેરો ટળી જાય છે અને જન્મ ટળતાં તે જન્મમાં ભોગવવાના શ્રમનો પણ નાશ થઇ જાય છે.૪ એટલા માટે હે અર્જુન! આજના કાર્યને જો આવતી કાલપર મુલતવી રાખવામાં આવે, તો ફળપ્રાપ્તિમાં વિલંબ ન થાય કે? એટલા માટે આ (કર્મ ફળને ત્યાગવાની) સરળ યુક્તિ મેં તને બતાવી છે.૫ એથી હવે આ દેહના બંધનમાં ન પડતાં અને સુખ દુઃખના સાગરમાં ન ડુબતાં અનાયાસ મારા સંતોષકારક સ્વરૂપમાં મળી જા-મારામાં એક થા.૬

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥ २९ ॥

[હું સર્વ ભૂતોમાં સમાન છું, મારો કોઈ શત્રુ પણ નથી અને કોઈ મિત્ર પણ નથી; પરંતુ જેઓ મને ભક્તિથી ભજે છે, તેઓ મારામાં હોય છે અને હું તેનામાં રહેલો છું. ૨૯]

તે હું કેવો છું, એવો તું કદાચિત્ પ્રશ્ન કરે, તો મારે, આગળથીજ જણાવવું જોઇએ કે, હું સર્વ ભૂતોમાં એક સરખો હોવાથી મારામાં 'મારું અને તારું' એ ભેદ નથી.૭ જેઓ મારા એવા સ્વરૂપને જાણે છે અને અહંકારનો સમૂળ ઉચ્છેદ કરીને કાયા, વાચા તથા મનવડે કર્મો કરીને મને ભજે છે,૮ તેઓ જગતમાં જો કે દેહવડે વ્યાપાર કરતા હોય છે, છતાં તેમનું ચિત્ત તો વ્યાપારમાં નહિ, પરન્તુ મારામાં જ હોય છે અને હું પણ તેમના હૃદયમાં પૂર્ણ ભરેલો હોઉં છું.૯ જેવી રીતે વડનું વિશાળ વૃક્ષ, વડના બીજમાં જ હોય છે અને બીજ પણ તે વૃક્ષમાં જ હોય છે;૪૧૦ તે પ્રમાણે જ મારામાં અને તેનામાં કેવળ નામ માત્રનો જ અંતરાય હોય છે. નહિ તો અંતઃસ્થિતિનો વિચાર કરી જોતાં તો તે અને હું ઉભય એકજ છીએ.૧૧ જેવી રીતે પારકાં ઘરેણાં માગી લાવીને શરીરપર ધારણ કરવાં વ્યર્થ છે, તે જ પ્રમાણે તેનું શરીર ઉપર ધારણ કરવાનું કાર્ય, ઉદાસીન-

તાનું જ હોય છે; અર્થાત્ તે દેહ રાખી રહે છે, તથાપિ તેનું આચરણ દેહરહિત પુરુષ જેમ કરે તેવું હોય છે.[१२] વાયુની સાથે જેવી રીતે પુષ્પોનો સુવાસ તેની પાછળ પાછળ જ જાય છે અને ડીંટા પાસેનું પુષ્પ જેમ સૌગંધ્ય રહિત જ રહે છે; તે જ પ્રમાણે, આયુષ્યનો કાલાવધિ પૂર્ણ થતાં સૂધી જ તેઓ દેહ ધારણ કરે છે.[१३] હે પાંડવ! તેમનું જે કાંઈપણ અભિમાન છે, તે સર્વ મારી ભક્તિને પામીને મારા સ્વરૂપમાં જ મળી ગયેલું હોય છે. (અર્થાત્ તેઓ મારામાં જ પ્રવિષ્ટ થયેલા હોય છે.)[१४]

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥ ३० ॥

[અત્યન્ત દુરાચારી હોવા છતાં પણ જે એકનિષ્ઠતાથી મારું ભજન કરવા માંડે, તો તેને સાધુ જ સમજવો જોઇએ. કારણ કે, તેનો વિચાર ઉત્તમ હોય છે. ૩૦]

એવા પ્રેમભાવથી જેઓ મને ભજે છે અને જેમને આ શરીર પુનઃ પ્રાપ્ત થતું નથી, તેઓ ભલે ગમે તે જાતિના હોય;[१५] અને હે મહાવીર! તેમનાં આચરણો પાપ કરનારાઓમાં પ્રથમ વર્ગમાં આવનારાં હોય તોપણ જેમણે પોતાના આયુષ્યની ભક્તિમાર્ગમાં સમાપ્તિ કરેલી હોય છે;[१६] એટલે કે, અંતકાળે મનમાં જેવી ભાવના (બુદ્ધિ) ઉત્પન્ન થાય છે, તે જ ગતિ ખરેખર બીજા જન્મમાં પ્રાપ્ત થાય છે. એટલા માટે, પોતાના આયુષ્યનો અંતિમ સમય જે મારી ભક્તિમાં વીતાડે છે,[१७] તે પૂર્વ વયમાં જો દુરાચારી હોય તોપણ સર્વોત્કૃષ્ટ છે એમ તારે સમજવું. કોઈ એક મનુષ્ય નદીના આ તીરે મહાપૂરમાં ભૂસકો મારે અને સર્વ મનુષ્યો તેને મરેલો ધારતા હોવા છતાં તે ન મરતાં જેમ અચાનક મહાપૂરમાંથી બીજે કાંઠે તરી નીકળી પડે છે;[१८] અને બીજે કાંઠે જીવતો નીકળવાથી જેમ તેના ડૂબી જવાની વાત વ્યર્થ છે; તે જ પ્રમાણે પૂર્વ વયમાં કરેલાં પાપો ઉત્તર વયમાંની જ્ઞાનોત્તર ભક્તિથી સર્વથા નષ્ટ ભ્રષ્ટ થઈ જાય છે.[१९] એટલા માટે જો પાપાચરણ કરનાર હોય તોપણ તે પશ્ચાત્તાપરૂપ તીર્થમાં સ્નાન કરીને જો સર્વ ભાવથી મારે શરણે આવે છે (અને પશ્ચાત્તાપ પછી લેશ પણ પાપાચરણ કરતો નથી),[४२०] તો તેનું કુળ પવિત્ર થાય છે, તે નિર્મળ કુલીનતાને પામે છે અને જન્મ ધરવાનું ફળ જે ભક્તિ, તે પણ તેને સહજ પ્રાપ્ત થાય છે.[२१] તેને સર્વ શાસ્ત્રો ઇત્યાદિ અવગત થઈ જાય છે, તેને તપના આચરણનું શ્રેય પણ મળી જાય છે અને અષ્ટાંગ સાધનોની સિદ્ધિ પણ મળે છે.[२२] હે પાર્થ! વધારે શું કહું? તે સર્વ કર્મોના ઝપાટામાંથી પાર ઉતરી જાય છે અને તેનો સર્વ પ્રેમ કેવળ મારામાં જ હોય છે.[२३] હે કિરીટિ! એકનિષ્ઠારૂપ મંજૂષા (પેટી)માં મનોબુદ્ધિના સર્વ વ્યાપારોને ભરી દઇને, તે મંજૂષાને તે મારામાં રાખી દે છે.[२४]

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांतिं निगच्छति ।
कौंतेय प्रतीजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ३१ ॥

[હે અર્જુન! તે સત્વર ધર્માત્મા થાય છે અને નિરંતર શાંતિને પ્રાપ્ત થાય છે. સારાંશ કે, મારો ભક્ત કદાપિ નાશ પામતો નથી, એ તું નિશ્ચયપૂર્વ જાણ. ૩૧]

તે કેટલોક અવકાશ વીત્યા પછી મારા સમાન થતો હશે, એમ કદાચિત્ તું ધારતો હોઇશ; પરંતુ તેમ નથી. વિચાર કર કે, જે અમૃતમાં જ નિવાસ કરે, તેને મરણ ક્યાંથી અને કેમ કરીને પ્રાપ્ત થાય?[२५] જેમ સૂર્ય જે વેળાએ ઉદય પામતો નથી, તે જ વેળાને (સમયને) રાત્રિના નામથી

ઓળખવામાં આવે છે; એ જ પ્રમાણે, મારી ભક્તિ વિનાનું જે કર્મ, તે જ મહાપાપ કહેવાય છે![૨૬] હે પાંડુસુત! તેના ચિત્ત સાથે જ્યારે મારો યોગ થાય છે, ત્યારે જ ખરેખર તે મારા સ્વરૂપને પામે છે.[૨૭] જે પ્રમાણે, એક દીવાવડે બીજો દીવો સળગાવતાં તેમાંનો પ્રથમ દીવો કયો છે, એ ઓળખી શકાતું નથી. તે જ પ્રમાણે જે સર્વભાવથી મને ભજે છે, તે મદ્રૂપ જ બની રહે છે.[૨૮] એમ થતાં તેને મારી સ્થિતિ, મારી કાંતિ અને મારી નિત્ય શાંતિ પ્રાપ્ત થાય છે. વધારે તો શું, પણ તે કેવળ મારા જીવનથી જ જીવતો રહે છે.[૨૯] હે પાર્થ! હું વારંવાર એની એ જ વાત શું કહું? પણ જો કોઇને મારી પ્રાપ્તિની ઇચ્છા હોય, તો તેણે મારી ભક્તિનું વિસ્મરણ કદાપિ પણ કરવું નહિ–થવા દેવું નહિ.[૪૩૦] અરે! કુલીનતાની એમાં આવશ્યકતા નથી, જાતિની ઉત્તમતાનો પ્રશ્ન નથી અને વિદ્વત્તા કે અવિદ્વત્તાનો પણ વિચાર નથી;[૩૧] અથવા તો રૂપ અને વયની પ્રતિષ્ઠા અથવા સંપત્તિના દંભની પણ અગત્ય નથી. કારણ કે, જો મારામાં ભક્તિ ન હોય તો એ સર્વ વૈભવો વ્યર્થ જ છે![૩૨] જો દાણા વિનાના નકામા (ખાલી) કણસલાંની વિપુલતા હોય અથવા તો મોટાં વિશાળ નગરો હોવા છતાં, તે મનુષ્ય વસતિ વિનાનાં ઉજ્જડ હોય, તો તેનો ઉપયોગ શો?[૩૩] અથવા તો મોટું તળાવ હોવા છતાં સુકાયલું હોય; અથવા અરણ્યમાં એક દુઃખી અને કષ્ટમાં પડેલા માણસને તેવો જ માણસ આવી મળે; અથવા તો જેમ વાંઝિયા ફૂલોવડે એકાદ વૃક્ષ ફૂલેલું હોય તો તે જેમ વ્યર્થ છે;[૩૪] તેમ જ–તે પ્રમાણે, સર્વ વૈભવ, કુળ અથવા જાતિની મહત્તા વ્યર્થ છે! જેમ શરીર સર્વ અવયવોથી યુક્ત હોવા છતાં તેમાં કેવળ જીવનો જ અભાવ હોય, તો તે નકામું છે;[૩૫] તે જ પ્રમાણે મારી ભક્તિ વિના તેનું (કોઇપણ જીવનું) જીવન વ્યર્થ છે. શું પૃથ્વીના પૃષ્ઠપર પાષાણો નથી કે?[૩૬] જે પ્રમાણે શરદ્ ઋતુના મેઘની ઘનચ્છાયા હોવા છતાં સજ્જનોએ તેને નિષિદ્ધ માનેલી છે; તે જ પ્રમાણે જે મારી ભક્તિ કરતો નથી, તેનું પુણ્ય, તેનો ત્યાગ કરી જાય છે.[૩૭] લીંબડો જો કે લીંબોળીઓના ભારથી નમી ગયો હોય, તોય તેથી કેવળ કાગડાઓને જ સુકાળ થાય છે; તે પ્રમાણે, મારી ભક્તિ ન કરનાર કેવળ પાપોનો સંચય કરવા માટે જ જીવતો હોય છે![૩૮] અથવા તો જેવી રીતે, ષડ્રસયુક્ત અન્નના થાળને રસ્તામાં રાખવાથી તે કેવળ કૂતરાંને જ ઉપયોગી થઈ પડે છે,[૩૯] તેવી જ રીતે, જે સ્વપ્નમાં પણ પુણ્યમાર્ગના આચરણને જાણતો નથી, તે ભક્તિહીન મનુષ્યનું જીવવું સંસારનાં દુઃખોનો થાળ ભરી રાખ્યા સમાન જ છે.[૪૪૦] એટલા માટે, કુળ ઉત્તમ ન હોય અથવા અંત્યજ જાતિનો હોય અને પશુના શરીરને પ્રાપ્ત થયેલો હોય, (તોપણ તે મનુષ્યનો વ્યવહાર ચાલી શકે છે, પરંતુ ભક્તિ વિના ચાલી શકતું નથી.)[૪૧] નક્રે (ગ્રાહે) ગજેન્દ્રને પકડતાં તેણે (ગજેન્દ્રે) મારું દીનતાથી સ્મરણ કર્યું અને તે ક્ષણે જ મને પ્રાપ્ત કરવાથી તેના પશુત્વની વ્યર્થતા થઈ ગઈ–અર્થાત્ તે મુક્તિનો અધિકારી થયો છે.[૪૨]

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥ ३२ ॥

[સ્ત્રીઓ, વૈશ્ય, શૂદ્ર ઇત્યાદિ જો કોઈ પાપયોનિમાં જન્મેલાં હોય, તોપણ હે કૌંતેય! મારો આશ્રય કરવાથી તેમને પણ ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. ૩૨]

હે કિરીટિ! જે અધમથી પણ અધમ અને જેના નામનો ઉચ્ચાર કરવો પણ ઉચિત ન હોય એવી પાપયોનિમાં જેમણે જન્મ ધારણ કરેલો હોય;[૪૩] જન્મ તો એવી પાપયોનિમાં થયો હોય અને મૂર્ખતામાં પણ કેવળ પાષાણ સમાન હોય; છતાં જો, તેનો મારામાં કેવળ (સર્વથા) દૃઢભાવ હોય;[૪૪] જેની વાણીથી મારા નામનો ઉચ્ચાર થતો હોય, જેઓ પોતાની દૃષ્ટિવડે કેવળ મારા

સ્વરૂપનો જ ઉપભોગ લેતા હોય અને જેના મનમાં મારા વિના બીજો સંકલ્પ જ વસતો ન હોય;[૪૫] જેમનાં શ્રવણો મારા ગુણાનુવાદ સાંભળ્યાવિના ખાલી નથી હોતાં; અને જેના સર્વ અવયવોને કેવળ મારી સેવાવિના બીજા કશાનું ભૂષણ હોતું નથી;[૪૬] જેની બુદ્ધિને વિષયોનું સ્મરણ માત્ર પણ થતું નથી; જેઓ એકલા મને જ જાણે છે; અને જેને આ વસ્તુઓ પ્રાપ્ત થયાવિના જીવન કરતાં મરણ જ વધારે સારું લાગે છે;[૪૭] હે પાંડવ! એવી રીતે જેઓ સર્વ પ્રકારથી પોતાના ભાવને સર્વથા મારામાં દૃઢ કરીને કાળક્રમણ કરે છે;[૪૮] તેઓ ભલે પાપયોનિમાં જન્મેલા હોય અથવા શાસ્ત્ર પણ ભણેલા ન હોય, છતાં પણ તેની મારી સાથે તુલના કરવાથી તેઓ મારા કરતાં ઓછા નથી, એમ જ માનજે.[૪૯] એનું પ્રત્યક્ષ ઉદાહરણ તો એ છે કે, ભક્તિની મહત્તાથી દૈત્યોએ દેવોને પણ પાછા હટાવી દીધા છે અને એ ભક્તિના મહિમા માટે જ મારે નૃસિંહ અવતાર ધારણ કરવો પડ્યો હતો.[૪૫૦] હે કિરીટિ! જે પ્રહ્લાદનો કેવળ મારા લીધે અનેકોએ છળ કર્યો હતો, તે કેવળ એક મારી ભક્તિના યોગે, મારી પાસેથી પ્રાપ્ત થનારી વસ્તુઓ, બીજાઓને પ્રાપ્ત કરાવી આપવાને સમર્થ થયો હતો.[૫૧] હવે વાસ્તવિકતાથી જોતાં તેણે દૈત્યકુળમાં જન્મ ધારણ કર્યો હતો, છતાં તેના કરતાં અધિક મહત્તા ઇંદ્રને પણ પ્રાપ્ત થયેલી નથી. એટલા માટે મારી પ્રાપ્તિ કરી લેવા માટે એક ભક્તિ જ બસ છે, જાતિ ઇત્યાદિની કશી પણ આવશ્યકતા નથી.[૫૨] રાજાજ્ઞાના અક્ષરો જો એક ચામડાના કકડાપર લખેલા હોય, તોય તે ચામડાના કકડાથી સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે;[૫૩] તેમાં અક્ષરવિના સોના રૂપાની પણ કશી કીંમત હોતી નથી; કિન્તુ કેવળ રાજાની આજ્ઞા જ મુખ્ય હોય છે અને તે જ રાજસિક્કાના ચર્મકકડાથી બધી વસ્તુઓ વેચાતી મળે છે;[૫૪] એ જ પ્રમાણે, જ્યારે મન અને બુદ્ધિ મારા પ્રેમથી જ સંપન્ન થાય છે, ત્યારે જ મહત્તા અને સર્વજ્ઞતાનો આડંબર શોભી શકે છે.[૫૫] એથી અર્થાત્ કુળ, જાતિ અને વર્ણ એ નિષ્કારણ છે. હે અર્જુન! કેવળ મારી ભક્તિ કરવાથી જ સર્વ સાર્થક થાય છે.[૫૬] તે, મારી ભક્તિ ગમે તેવા પણ મનોભાવથી કરે, તે પૂર્વે તે ગમે તે વર્ણનો હોય તોય ચિન્તા નથી.[૫૭] ન્હાનાં ન્હાનાં ઝરણાં જ્યાં સૂધી ગંગામાં આવી મળેલાં હોતાં નથી, ત્યાં સૂધી જ તેમને ઝરણ, વોંકરો ઇત્યાદિ નામથી ઓળખવામાં આવે છે; પરંતુ તે ગંગામાં મળતાં જ જેમ ગંગાસ્વરૂપ બની જાય છે;[૫૮] તે જ પ્રમાણે જ્યાં સૂધી મદ્રૂપતા પ્રાપ્ત થયેલી હોતી નથી, ત્યાં સૂધી ક્ષત્રિય, વૈશ્ય, સ્ત્રી, શૂદ્ર અને અંત્યજ ઇત્યાદિ જાતિઓ ભિન્ન ભિન્ન હોય છે.[૫૯–૬૦] પણ જેવી રીતે સમુદ્રમાં લવણ (મીઠું) નાખવાથી એકરૂપ થાય છે, તેવી જ રીતે મનોભાવથી મારે શરણે આવતાં જાતિ અને વ્યક્તિ આદિ ભેદનો લોપ થઇ જાય છે.[૬૧] જ્યાં સૂધી સમુદ્રમાં આવી નથી મળતાં, ત્યાં સૂધી નદ, નદી, પૂર્વવાહિની અને પશ્ચિમવાહિની ઇત્યાદિ (પાણીના પ્રવાહના) ભેદ હોય છે;[૬૨] તે જ પ્રમાણે, કોઈ પણ નિમિત્તથી મારામાં ચિત્તની સંલગ્નતા થતાં સહજમાં જ મદ્રૂપતા પ્રાપ્ત થાય છે.[૬૩] પારસમણિને તોડી નાખવાના ઉદ્દેશથી પણ જો લોઢું તેનો સ્પર્શ કરે છે, તો તે સુવર્ણ બની જાય છે;[૬૪] ગોપીઓએ પ્રેમના મિષથી મારામાં પોતાના ચિત્તની સંલગ્નતા કરી હતી અને તેથી જ તેઓ મદ્રૂપ થઇ નથી?[૬૫] અથવા તો ભયના યોગે કંસ પણ મારા સ્વરૂપને નહોતો પામ્યો? અથવા મારી જોડે અખંડ વેરભાવ રાખવાથી શિશુપાલ આદિ મદ્રૂપ નથી થયા?[૬૬] એ જ પ્રમાણે, પાંડવ અને યાદવને સગપણના સંબંધથી અને વસુદેવ આદિને મમત્વના યોગે મારું સાયુજ્ય નથી મળ્યું?[૬૭] હે ધનુર્ધર! નારદ, ધ્રુવ, અક્રૂર, શુક અને સનત્કુમાર આદિને જેવી રીતે હું ભક્તિથી પ્રાપ્ત થએલો છું;[૬૮] તેવી જ રીતે, ગોપીઓને વિષય બુદ્ધિથી, કંસને ભયથી અને શિશુપાલ આદિને વૈરભાવથી હું પ્રાપ્ત થએલો છું.[૬૯] હું નિર્વાણનું સ્થાન હોવાથી મને કોઈપણ ભક્તિ, વિષય બુદ્ધિ, વિરક્તિ અથવા વેર આદિ ગમે તે ભાવથી ભજીને પ્રાપ્ત

થાય, તો તેની મને કશી પણ પરવા નથી.[૭૦] હે પાર્થ! હવે તું વિચાર કરીને જો કે, મારામાં આવી મળવા માટેના ઉપાયોની તો અહીં ન્યૂનતા નથી જ;[૭૧] અને ગમે તે જાતિમાં જન્મ થયો હોય અને તે મારી ભક્તિ કરે અથવા શત્રુતા કરે-પરંતુ ભક્તિ અથવા શત્રુતા જે કરવી હોય તે કેવળ મારી જ કરવી જોઇએ.[૭૨] અરે! જો કોઈ ગમે તે નિમિત્તથી પણ મારે શરણે આવે, તો મદ્રૂપ થવું એ તો તેને અનાયાસે મળનારો જ લાભ છે.[૭૩] એટલા માટે હે અર્જુન! પાપયોનિથી જન્મેલા, કિંવા વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રીઓ પણ મારી ભક્તિ કરવાથી મારી પાસે જ આવે છે.[૭૪]

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ ३३ ॥

[જ્યારે એમ જ છે, ત્યારે પછી પુણ્યવાન્ હોવા સાથે મારી ભક્તિ કરનારા બ્રાહ્મણ અને રાજર્ષિ મને પ્રિય હોય, એમાં તો પૂછવું જ શાનું હોય? એટલા માટે તું જ્યારે આ અશાશ્વત અને દુઃખદાયક મૃત્યુ લોકમાં જન્મ પામેલો છે, તો મારું ભજન કર. ૩૩]

એવી વસ્તુસ્થિતિ હોવાથી સ્વર્ગ લોક તો જેમનું કેવળ ઇનામમાં મળેલું ગામ જ છે; અને મંત્રવિદ્યાના તો જેઓ જન્મસ્થાન છે; જેઓ સર્વ વર્ણોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ છે;[૭૫] જેઓ પૃથ્વીપરના દેવ છે; જેઓ તપશ્ચર્યાના મૂર્તિમંત અવતાર છે; જેમના યોગે સર્વ તીર્થોનાં ભાગ્ય ઉદિત થયાં છે;[૭૬] જેમનામાં યજ્ઞોનો અખંડ નિવાસ છે; જેઓ વેદોના દૃઢ કવચ છે અને જેમની દૃષ્ટિના સંબંધથી સર્વત્ર માંગલ્યની વૃદ્ધિ થાય છે;[૭૭] જેમની આસ્થારૂપ ભીનાશથી સત્કર્મોનો પ્રસાર થએલો છે અને જેમના સુનિશ્ચય પ્રભાવથી સત્ય અવિચલ રહ્યું છે;[૭૮] જેમના આશીર્વાદથી અગ્નિના આયુષ્યની વૃદ્ધિ થતાં તેમની પ્રીતિના કારણથી અગ્નિને સમુદ્રે પોતાના ગર્ભમાં આશ્રય આપેલો છે;[૭૯] મેં લક્ષ્મીને હડસેલીને દૂર કરી દીધી અને કૌસ્તુભ મણિને ગળામાંથી કાઢીને હાથમાં રાખ્યો અને ત્યારપછી જેમના ચરણરજની પ્રાપ્તિ માટે મેં મારા ઉરઃસ્થાન (છાતી) ને આગળ ધર્યું છે;[૮૦]* હે નરેન્દ્ર! મારી શાંતિશીલતાના સ્મરણને, મારી શાંતિશીલતાની

* એક વેળાએ સરસ્વતી નદીને તીરે મોટા મોટા ઋષિઓ સત્ર (યજ્ઞ) કરતા બેઠા હતા, તેવામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિમૂર્તિમાંથી સત્ત્વગુણપ્રધાન મૂર્તિ કોની છે, એ વિશે કેટલોક વાદાનુવાદ થયો, પરંતુ નિર્ણય કશો પણ થયો નહિ. એટલે અંતે એ ત્રણેની પરીક્ષા કરવા માટે સર્વ ઋષિઓએ ભૃગુઋષિને તેમની પાસે મોકલાવ્યા. ભૃગુઋષિ પ્રથમ બ્રહ્મલોકમાં ગયા અને ત્યાં પોતાના પિતા બ્રહ્મદેવને નમસ્કાર ન કરતાં તેની સ્હામા જઇને ઉભા રહ્યા. પુત્રે મારું અપમાન કર્યું, એવા વિચારથી બ્રહ્મદેવને બહુ જ ખેદ થયો, પરંતુ કેટલીકવાર પછી તેનો કોપ શાંત થયો અને તેણે ભૃગુને તેના અપરાધની ક્ષમા આપી. ભૃગુઋષિએ બ્રહ્મદેવના ગુણની પરીક્ષા કરીને કૈલાસમાં શ્રી શંકરને મળવા માટે પ્રયાણ કર્યું. ત્યાં ભૃગુઋષિનો સત્કાર કરવાને મહાદેવ પોતે ચાલી ચલાવીને સ્હામા આવ્યા એટલે ભૃગુઋષિ કહેવા લાગ્યા કે;-"હે શંકર! તું સ્મશાનમાં નિવાસ કરનાર, ગળામાં નરમુંડમાળા અને સર્પોને ધારણ કરનાર અને સર્વાંગમાં ચિતાભસ્મનું લેપન કરનાર હોવાથી અમંગલ છે એટલા માટે મને સ્પર્શ કરીશ નહિ!" ભૃગુનાં એ વાક્યો સાંભળી હૃદયમાં કોપનો આવિર્ભાવ થવાથી શંકરનાં નેત્રો આરક્ત થયાં અને ક્રોધથી પોતાના ત્રિશૂળને ઉગામીને તે ભૃગુઋષિને મારવા માટે તેના અંગપર ધસી ગયા; પરંતુ પાર્વતીએ તેમના મનનું સાંત્વન કરીને તેમને પાછા વાળ્યા. ત્યારપછી ભૃગુઋષિ વિષ્ણુલોકમાં ગયા. ત્યાં શ્રી વિષ્ણુ, લક્ષ્મીના અંકમાં શયન કરતા તેમના જોવામાં આવ્યા. તુરત ઋષિએ વિષ્ણુના વક્ષઃસ્થળમાં બળપૂર્વક લત્તાપ્રહાર કર્યો અને વિષ્ણુ ભગવાને જાગ્રત થઇને જોતાં ભૃગુઋષિ ઉભેલા તેમને દેખાયા. ભગવાન્ તરત ઉઠયા અને કહેવા લાગ્યા કે;-"બ્રહ્મન્! મારાથી આપનું અતિશય અપમાન થયું છે એની ક્ષમા આપશો, એવી પ્રાર્થના છે." એમ કહીને તેમણે તે ઋષિવર્યની સેવાનો આરંભ કર્યો. એટલે ભગવાનને લાત મારવા છતાં મનમાં જરા પણ કોપ ન કરતાં મનોભાવથી સેવા કરતા જોઇને ઋષિનો એવો નિશ્ચય થયો કે, સર્વથી ઉત્કૃષ્ટ સત્વગુણ કેવળ વિષ્ણુમાં જ વસેલો છે. (શ્રી ભાગવત, દશમ સ્કંધ. અ. ૮૯.)

કીર્તિને–અવિચલ રાખવા માટે મેં જેમનાં ચરણનું ચિહ્ન મારા હૃદયપર જાળવી રાખ્યું છે;[૮૧] હે મહાવીર! જેમનો કોપ સાક્ષાત્ કાળ, અગ્નિ અને રુદ્રનું વસતિસ્થાન છે અને જેમની પ્રસન્નતાથી સિદ્ધિઓ મફતમાં જ પ્રાપ્ત થાય છે;[૮૨] એવા પુણ્યપૂજ્ય જે બ્રાહ્મણો અને તેમાંથી પણ જેઓ મારી ભક્તિ પૂર્ણભાવથી કરે છે, તેઓ મદ્રૂપ થવાના જ, એમાં વધારે કહી બતાવવા જેવું શું છે?[૮૩] ચંદનના અંગવાયુવડે સ્પર્શાયલા પાસેના ઓછી યોગ્યતાના લીંબડાને પણ જ્યારે દેવના મસ્તકપર સ્થાન મળે છે;[૮૪] ત્યારે ચંદનનો ત્યાં નિવાસ થાય એમાં તો શંકા જ શી હોઇ શકે? અથવા તો ચંદનનો દેવના મસ્તકે નિવાસ થવાનું કહેતાં તે ખરું નહિ તો શું ખોટું ભાસવાનું કે?[૮૫] શંકરે વિષ પ્રાશન કરવાથી તેનાથી થતા દાહનું શમન થવાની આશાથી પોતાના મસ્તકે નિરંતર અર્ધચંદ્ર ધારણ કર્યો છે;[૮૬] તો પછી દાહનું શમન કરનાર, પૂર્ણ અને સુવાસમાં ચંદ્ર કરતાં અધિક જે ચંદન, તેને સર્વાંગમાં સહજ શા માટે ધારણ ન કરવામાં આવે વારુ?[૮૭] અથવા માર્ગમાંના ઉદકો જેનામાં આવી મળવાથી સહજ સમુદ્રમાં આવી મળે છે, તે ગંગાની સમુદ્રવિના બીજી કંઇ ગતિ છે ખરી?[૮૮] એટલા માટે, જેમને ગતિ અને જ્ઞાન આપનારો તથા જેમનું રક્ષણ કરનારો હું જ છું, તે રાજર્ષિ અને બ્રાહ્મણોને ભક્તિ અને મુક્તિ હું જ છું.[૮૯] એથી શતાવધિ છિદ્રોવાળી નૌકામાં બેસીને આપણે તો ડુબવાના જ નથી, એવા વિશ્વાસથી નિશ્ચિન્ત કેમ રહી શકાય? તેમ જ શસ્ત્રોની વૃષ્ટિ વર્ષતી હોવા છતાં આપણને તો એથી કશી પણ હાનિ થવાની નથી એવી ધારણાથી ઉઘાડા શરીરથી ત્યાં કેમ કરીને ફરી શકાય?[૪૯૦] શરીરપર પાષાણો પડતા હોવા છતાં ઢાલને આગળ ધરવામાં ન આવે, એ કેવી દક્ષતા? રોગવડે ગ્રસ્ત હોવા છતાં ઔષધ લેવામાં ઉદાસીનતા રાખીએ એ શું?[૯૧] હે અર્જુન! ચારે તરફથી દાવાનળ સળગ્યો હોય તો તેમાંથી બહાર ન નીકળવું કે? એ જ પ્રમાણે જે મૃત્યુલોક નાના પ્રકારના અનેક ઉપદ્રવોથી ભરેલો છે, તેમાં જન્મ પામતાં મનુષ્યે મારું ભજન શા માટે ન કરવું?[૯૨] અરે, મનુષ્યના અંગમાં એવું તે શું સામર્થ્ય છે કે, મને ન ભજે? તેમના ગૃહમાં સર્વ ભોગ્ય વસ્તુઓની સમૃદ્ધિ હોવાથી તેઓ નિશ્ચિન્ત અને નિર્ભય બની ગયા છે કે શું?[૯૩] અથવા તો મને ન ભજતાં વિદ્યા અને તારુણ્યથી તેમને સુખ પ્રાપ્તિ થવાની છે, એવો પ્રાણીઓનો વિશ્વાસ છે કે શું?[૯૪] પણ ભાઇ રે! જેટજેટલી ભોગ્ય વસ્તુઓ છે, તે સર્વ દેહના સુખ માટે જ ઉત્પન્ન કરેલી છે અને આ મૃત્યુલોકમાં દેહને, જોઇએ છીએ, તો તે તો કાળના મુખમાં જ પડેલો છે![૯૫] આ મૃત્યુલોકના બજારમાં, દુઃખરૂપી માલ ભરેલો છે અને મરણરૂપી માપ ચાલ્યા કરે છે; ત્યાં બજાર ઉઠવાની વેળાએ મનુષ્યરૂપથી આવવું થયેલું છે.[૯૬] હે પાંડુસુત! એવા સમયમાં જીવને જેથી સુખ થવાનો સંભવ હોય, એવી શી ખરીદી કરી શકાય એમ છે? જો અંગારા ઓલવાઇ જવા પછી રહેલી રાખને ફૂંકતા બેસીએ, તો તેથી દીવો સળગી શકે ખરો કે?[૯૭] વિષના કાંદાને વાટીને પીલીએ અને તેમાંથી કાઢેલા રસને અમૃત નામ આપીએ અને તેનું પાન કરીને જેવી રીતે અમર થવાની ઇચ્છા રાખીએ,[૯૮] તે પ્રમાણે જ, આ વિષયોથી થનારું જે સુખ તે છે–કેવળ મહત્ દુઃખ જ છે. પરંતુ જેઓ અજ્ઞાની છે, તેમને એમના સેવન વિના ચાલી શકતું નથી.[૯૯] તો પગપર થયેલા જખમપર પોતાનું માથું વાઢીને બાંધવું જેટલું ઉત્તમ છે, તેટલી જ આ મૃત્યુ લોકમાંની વસ્તુઓ ઉત્તમ (સારી) કહી શકાય.[૫૦૦] વસ્તુસ્થિતિ આવી હોવાથી મૃત્યુ લોકમાં સુખની વાર્તા કોના સાંભળવામાં આવી શકે? અંગારાના બિછાનાપર સૂતાં સુખનિદ્રા કેમ કરી આવે?[૧] જે મૃત્યુ લોકમાં ચન્દ્રને પણ ક્ષયની બાધા થયા કરે છે, જ્યાં સર્વ વસ્તુઓનો અસ્ત માટે જ ઉદય થાય છે અને જ્યાં દુઃખ, સુખનું સ્વરૂપ ધારણ કરીને જગતને છળતું હોય છે;[૨]

જ્યાં કલ્યાણનો અંકુર ફૂટતાંની સાથે જ તત્કાળ તેની ઉપર અકલ્યાણનું આચ્છાદન પડી જાય છે! અને મૃત્યુરાજ, ઉદરમાંના ગર્ભને પણ શોધતો હોય છે;[૩] જેનું ચિંતન ન કરવું જોઇએ, તેના ચિંતનમાં પ્રવૃત્ત કરીને તેના યોગે પ્રાણીઓને યમના દૂતો આવીને લઇ જાય છે અને તેઓ ક્યાં જાય છે એનો પત્તો પણ મળતો નથી;[૪] અરે સર્વ માર્ગોને શોધવા છતાં પણ જ્યાં પાછા આવવાની વાત જ નથી અને જ્યાં મૃત્યુ પામેલા લોકોની કથાઓ જ પુરાણ તરીકે ઓળખાય છે;[૫] ત્યાંની અશાશ્વતતાની કીર્તિ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવના આયુષ્યની સમાપ્તિ પર્યન્ત પણ જો ગાવામાં આવે, તોપણ તેનો અંત આવે તેમ નથી![૬] એવી જે મૃત્યુલોકની સ્થિતિ છે, ત્યાં જન્મ લેનારા લોકોની નિશ્ચિંતતા અને નિર્ભયતાને જોઇને મહા આશ્ચર્ય થાય છે![૭] પ્રત્યક્ષ અથવા પરલોકમાં થનારા લાભની પ્રાપ્તિ માટે જેઓ એક કોડીનો પણ ખર્ચ કરતા નથી, તે સર્વ પ્રકારે હાનિકારક સ્થાનમાં કોટ્યવધિ દ્રવ્યનો વ્યય કરી નાંખે છે![૮] આ લોકમાં તો જે વર્તમાન કાળમાં અનેકવિધ વિષય સુખોમાં ગુંથાયલો હોય છે, તેને સુખી માનવામાં આવે છે અને જે લોભી હોય છે તેને જ્ઞાનીના નામથી ઓળખવામાં આવે છે.[૯] જેનું આયુષ્ય થોડું જ અવશિષ્ટ રહ્યું હોય, અને જેની શક્તિ તથા બુદ્ધિ મંદ થઇ ગયેલી હોય, તેને 'વડિલ' કહીને તેનાં ચરણોમાં લોકો મસ્તક નમાવે છે.[૫૧૦] લઘુ બાળક જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તે વિશે આનંદ માનવામાં આવે છે; પરંતુ તેના આયુષ્યની ન્યૂનતા થતી જતી જોઇને તેને તેનું જરાપણ દુઃખ થતું નથી.[૧૧] મનુષ્યો જન્મના દિવસથી જ ધીમે ધીમે કાળને સ્વાધીન થતા જાય છે, છતાં આનંદથી પ્રતિવર્ષ જન્મદિવસનો ઉત્સવ કરવામાં તેઓ લીન થાય છે.[૧૨] અરે, 'મર' એટલો શબ્દ માત્ર પણ તેમનાથી સહન થતો નથી. અને મરી જતાં તેઓ રડે જ છે! પરંતુ ધીમે ધીમે આયુષ્ય વીતતું જાય છે, એની તેઓ મૂર્ખતાને લીધે કશી પણ ગણના કરતા નથી![૧૩] દેડકાને સર્પ ગળતો હોય છે, તે જ વેળાએ દેડકો પોતાની જીભથી માખ્યોને પકડીને ગળી જવાનો વ્યાપાર ચલાવે છે! એ પ્રમાણે જ, એ પ્રાણીઓ કોણ જાણે શા લોભથી પોતાની ઇચ્છાને વધારતા જ હોય છે![૧૪] હાય હાય! આ કેટલી બધી શોચનીય અવસ્થા! આ મૃત્યુ લોકમાં સર્વ વાતો ઊંધી જ બન્યા કરે છે. એટલા માટે, હે અર્જુન! તું જો કે આ લોકમાં યદૃચ્છાથી જન્મ્યો છે,[૧૫] છતાં સત્વર એથી ભિન્ન થા, દૂર થા, અને જેના યોગે મારા અવિનાશી પદને પ્રાપ્ત થવાનો સંભવ છે, તે મારી ભક્તિના માર્ગમાં સત્વર સંચાર કર.[૧૬]

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायण ॥ ३४ ॥

[હે અર્જુન, તું પોતાના મનને મારામાં સ્થિર કર; મારો ભક્ત થા; મારું યજન કર; અને મને જ નમસ્કાર કર. એ પ્રમાણે મારામાં ચિત્તને સ્થિર કરીને મત્પરાયણ થતાં, તું મને-પરમેશ્વરને જ આવી મળીશ. ૩૪]

તું પોતાના મનને મદ્રૂપ કરીને મારા ભજનમાં પ્રેમ કર, અને સર્વત્ર હું જ છું એમ ધારીને (સર્વને) નમસ્કાર કર.[૧૭] મનમાંના સર્વ સંકલ્પનો નાશ કરીને જે મારામાં જ મન પરોવે છે, તે જ મારા પૂજન કરનારના નામને પામે છે.[૧૮] મારા એવા યોગથી સંપન્ન થઇશ, તે સમયે જ મારા સ્વરૂપને તું પામીશ. એ મારા અંતઃકરણમાંની જે ગુપ્ત વાર્તા છે, તે મેં તને કહી દીધી છે.[૧૯] અરે! બીજા સર્વથી છૂપાવીને રાખી મૂકેલી મારી ગુપ્ત વાર્તા તને પ્રાપ્ત થયેલી હોવાથી તું સુખરૂપ થઇ રહીશ.[૫૨૦]

સંજય કહે છેઃ-શ્યામવર્ણું પરમાત્મા અને ભક્તની ઈચ્છાને પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણે, એ પ્રમાણે કહ્યું.[૧૧] અહો શ્રોતાઓ! સાંભળો. પાડો જેવી રીતે મહાપૂરની જરા પણ પરવા ન રાખતાં પાણીના પ્રવાહમાં જ બેસી જાય છે, તેજ પ્રમાણે આ શ્રીકૃષ્ણ અર્જુનના સંવાદને સાંભળીને, વૃદ્ધ ધૃતરાષ્ટ્ર સ્વસ્થ થઇને બેઠા![૧૨] તે વેળાએ સંજયે મસ્તક ધૂણાવીને કહ્યું કે;-આજે અમૃતની વૃષ્ટિ થયેલી છે, પણ આ ગૃહસ્થ જો કે અહીં રહેલ છે, છતાં તેમની સ્થિતિ અન્ય સ્થળે જોવામાં આવે છે.[૧૩] તથાપિ આ મારા સ્વામી હોવાથી જો હું આમ બોલીશ, તો મારી વાણી દૂષિત થશે; પણ ઉપાય શો? એનો સ્વભાવ જ એવો છે.[૧૪] પરન્તુ મુનિશ્રેષ્ઠ વ્યાસ ઋષિએ શ્રીકૃષ્ણાર્જુનનો સંવાદ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવવા માટે મારી યોજના કરેલી હોવાથી મારાં ધન્ય ભાગ્ય છે![૧૫] મનનો એ પ્રમાણે નિશ્ચય કરીને મહાન્ કષ્ટવડે બોલતાં બોલતાં સંજયના મનમાં એવો તો અષ્ટ* સાત્ત્વિક ભાવ ઉત્પન્ન થયો કે, તેને તે અટકાવી શક્યો નહિ.[૧૬] તે કૃષ્ણાર્જુન સંવાદમાં ચિત્તની લીનતા થવાથી સ્થિર થઈ ગયો; તેની વાણી ત્યાં ને ત્યાં જ સ્તબ્ધ રહી ગઈ અને તેના નખશિખમાં રોમાંચ ખડાં થઈ ગયાં![૧૭] આંખો અડધી ઉઘાડી રહી ગઈ અને તેમાંથી આનંદનાં અશ્રુ વહેવા માંડ્યાં! અને અંતરમાં સુખની લહરીઓ આવવાથી બાહ્ય અંગમાં કંપનો આવિર્ભાવ થયો;[૧૮] સર્વ રોમરંધ્રોમાંથી નિર્મળ સ્વેદના સૂક્ષ્મ કણની ઉત્પત્તિ થવાથી જાણે મોતીઓની જાળી જ તેણે શરીરપર ધારણ કરેલી હોય, એમ ભાસવા માંડ્યું.[૧૯] એ મહા સુખના પ્રેમમાં જીવદશાનો લોપ થતાં તે, વ્યાસે સોંપેલા કર્ત્તવ્યને વિસરી ગયો.[૫૨૦] એટલામાં શ્રીકૃષ્ણાર્જુનનો સંવાદ, પાણીના પ્રવાહના ઘો ઘો ધ્વનિ સહિત પુનઃ શ્રવણોમાં આવી અથડાતાંજ, સંજયની દેહસ્થિતિને ઉષ્ણતા મળી. (તે ભાનમાં આવીને પોતાને સોંપાયલું કાર્ય કરવાને તૈયાર થયો.)[૨૧] તાત્કાળ નેત્રોમાંનાં અશ્રુ અને શરીરમાંના સ્વેદને (પસીનાને) લૂછી નાંખીને તે ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યો કેઃ-"મહારાજ, સાંભળો."[૨૨] હવે શ્રીકૃષ્ણ વાક્યરૂપ ઉત્તમ બીજને સંજયની સાત્ત્વિકતારૂપ ખાતર મળવાથી, શ્રોતાના સિદ્ધાંતરૂપ પાકનો સુકાળ જ થશે![૨૩] અહો, જો તમો થોડું પણ ધ્યાન આપશો, તોપણ આનંદ રાશિપર વિરાજશો; કારણ કે શ્રવણેન્દ્રિયને દૈવે માળા પહેરાવેલી છે;[૨૪] અર્થાત્ ઈશ્વર વિભૂતિનાં જે જે સ્થળો છે, તે સર્વ, સિદ્ધોના મહારાજા શ્રીકૃષ્ણ અર્જુનને બતાવશે. નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કે તે કથા સાંભળો.[૫૨૫]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા મધ્યે 'રાજવિદ્યારાજગુહ્યયોગ' નામનો અધ્યાય નવમો સમાપ્ત

જ્ઞાનેશ્વરીનો દશમ અધ્યાય

વિભૂતિવિસ્તારયોગ.

नमो विशदबोधविदग्धा । विद्यारविंदप्रबोधा । पराप्रमेयप्रमदा । विलासिया ॥ १ ॥
नमो संसारतमसूर्या । अपरिमितपरमवीर्या । तरुणतरतूर्या । लालनलीला ॥ २ ॥
नमो जगदखिलपालना । मंगळमणिनिधाना । सज्जनवनचंदना । आराध्यलिंगा ॥ ३ ॥

---

* स्तंभः स्वेदोऽथ रोमांचः स्वरभंगोऽथ वेपथुः । वैवर्ण्यमश्रु[illegible] सात्विका मताः ॥

અર્થ-હુંમો ભરાઈ આવવો, પ્રસ્વેદ થવો, રોમાંચ થવો, વર્ણોચ્ચારનો ભંગ થવો, કંપવું, નિસ્તેજિતપણું થવું તથા અશ્રુનો પ્રવાહ ચાલવો, આ આઠ સાત્વિકભાવ કહેવાય છે.

नमो चतुरचित्तचकोरचंद्रा । आत्मानुभवनरेंद्रा । श्रुतिसारसमुद्रा । मन्मथमन्मथा ॥ ४ ॥
नमो सुभावभजना । भवेभकुंभभंजना । विश्वोद्भवभुवना । श्रीगुरुराया ॥ ५ ॥

નિર્મલ બ્રહ્મજ્ઞાનનો બોધ કરવામાં ચતુર, વિદ્યારૂપ કમલને વિકસિત કરનાર અને પરાવાણીની અર્થરૂપ સ્ત્રી સાથે વિલાસ કરનાર, હે ગુરુદેવ! તમને નમસ્કાર હો![1] સંસારરૂપ અંધકાર–અજ્ઞાનનો નાશ કરવામાં સૂર્યસમાન્ અત્યંત સામર્થ્યવાન્ અને તારુણ્યમાં આવેલી તુર્યાવસ્થા સાથે વિહાર કરનાર, હે ગુરુરાજ! તમને નમસ્કાર હો![2] સમસ્ત જગતનું પાલન કરનાર, કલ્યાણરૂપ રત્નના ભંડાર, સજ્જન સ્વરૂપ વનમાં ચંદન સમાન શ્રેષ્ઠ અને જેનું સ્વરૂપ આરાધન કરવાને યોગ્ય છે, એવા જે તમે, તે તમોને નમસ્કાર હો![3] ભક્તના ચિત્તરૂપ ચકોરના ચંદ્રસમાન તૃપ્તિદાતા, બ્રહ્માનંદરૂપ અનુભવના ભૂપાલ, શ્રુતિઓના જ્ઞાનના સમુદ્ર અને મદનના વિનાશક જે તમો, તે તમોને નમસ્કાર હો![4] ભાવયુક્ત જ્ઞાનીઓના ભજનને પાત્ર, સંસારરૂપ ગજરાજના ગંડસ્થળને વિદારનાર અને જગતની ઉત્પત્તિના સ્થાનરૂપ તમને નમસ્કાર હો![5] હે ગુરુવર્ય! તમારા કૃપારૂપ ગણેશનો જ્યારે પ્રસાદ થાય છે, ત્યારે નાના બાળકને પણ શાસ્ત્રોના ગુહ્ય સિદ્ધાંતોનું જ્ઞાન થઈ જાય છે.[6] ગુરુની ઉદાર વાચાથી જ્યારે અભયવચન મળે છે, તે વેળાએ નવરસામૃતના સમુદ્રનો પણ પાર પામી શકાય છે.[7] જ્યારે આપની પ્રીતિરૂપ સરસ્વતી મૂગાનો પણ અંગીકાર કરે છે, ત્યારે તે ગ્રંથ લખવામાં બૃહસ્પતિ સાથે પણ હોડ કરી શકે છે.[8] વધારે તો શું? પરંતુ જેનાપર આપની કૃપાદૃષ્ટિ થાય છે, અથવા તો જેના મસ્તકપર આપનો વરદહસ્ત પડે છે, તે જીવ હોવા છતાં ઈશ્વર સમાન બની જાય છે.[9] જે ગુરુકૃપાનો એવો મહિમા છે, તેનું હું કઈ વાણીના બળથી વર્ણન કરી શકું વારુ? સૂર્યના શરીરને સૌગંધિક દ્રવ્યોનું મર્દન કરી શકાય એમ છે ખરું કે?[10] કલ્પતરુમાં નિત્ય ફૂલો અને ફળો આવવાની ઇચ્છા કરવી વ્યર્થ છે; (કારણ કે, તે તો સદા સર્વદા ફળરૂપ જ હોય છે)! ક્ષીરસાગરને શાની મેજબાની આપી શકાય? કર્પૂરને બીજી કઈ વસ્તુનો સુવાસ આપીએ?[11] ચંદનના અંગને શાનું લેપન કરીએ? અમૃતને કેમ કરીને પકવ કરીએ? અને ગગન કરતાં પણ અન્ય કોઈ વસ્તુને વધારે ઊંચી બનાવવાનો પ્રયત્ન સિદ્ધ થાય ખરો? ના.[12] એ જ પ્રમાણે શ્રી ગુરુના મહિમાને જાણવાનું સાધન ક્યાંથી અને કેમ કરીને મળી શકે? આમ સમજીને મેં ગુરુને કેવળ નમસ્કાર જ કર્યાં છે.[13] જો બુદ્ધિના બળથી ગુરુના સામર્થ્યનું વર્ણન કરવાની વાત કરીએ, તો તે કાર્ય મોતીના તેજ સાથે અભ્રકના તેજને મેળવવા જેવું જ થશે;[14] અથવા ઉત્તમ સુવર્ણ સાથે રૂપાની સમાનતા કરવી જેમ વ્યર્થ છે, તે જ પ્રમાણે શ્રી ગુરુની સ્તુતિ કરવા માંડીએ, તો તે વ્યર્થ જ થશે; એટલા માટે ગુરુના ચરણોમાં લીન થઇને તેમનાં પદોમાં કેવળ મસ્તક મૂકવું, એ જ વધારે સારું છે.[15] એ પછી શ્રીજ્ઞાનેશ્વરે કહ્યું કે;–"હે સ્વામિન્! તમોએ મારા પ્રતિ મમતાથી કૃપાદૃષ્ટિ કરવાથી કૃષ્ણાર્જુન સંવાદરૂપ સંગમમાં હું પ્રયાગ ક્ષેત્રસ્થ વટવૃક્ષ પ્રમાણે થયો છું.[16] પૂર્વે ઉપમન્યુએ 'મને દૂધ જોઈએ' એમ કહેવાની સાથે જ શ્રી શંકરે જેમ સમસ્ત ક્ષીરસાગરને દુગ્ધપાત્ર કરી તેની સ્હામે રાખી દીધો હતો;[17] અથવા ધ્રુવ રીસાઈ જતાં તેને અચલ પદરૂપ ખાન આપીને શ્રી વિષ્ણુએ જેમ તેનાં મનામણાં કર્યાં હતા,*[18] તે જ પ્રમાણે

* ધ્રુવ, સૂર્યવંશીય ઉત્તાનપાદ રાજાની અમાનીતી પટ્ટરાણીનો પુત્ર હતો. તે એકવાર પિતાના અંકમાં બેસવાની ઇચ્છાથી સભામાં આવ્યો, પરંતુ રાજાએ તેને પોતાના ખોળામાં બેસવા ન દીધો. તેનું આવું અપમાન થયેલું જોઇને રાજાની બીજી એક માનીતી રાણીએ તે બાળકને પતિસમક્ષ અનેક અપશબ્દો સંભળાવ્યા અને કહ્યું કે;–"હે બાળક! તું રાજાના ખોળામાં બેસવાને યોગ્ય નથી. જો તારી રાજાના ખોળામાં બેસવાની જ ઇચ્છા હોય તો તે માટે ઘોર અરણ્યમાં જઇને ઈશ્વરની પ્રાર્થના કર અને મારા ઉદરમાંથી ફરી અવતાર લેવાનું માગી લે, એટલે રાજાના ખોળામાં બેસવાની તારી ઇચ્છા પૂર્ણ થશે." સાવકી માતાનું એ ભાષણ સાંભળીને તે બાળક રાજકુમાર રડતો રડતો પોતાની માતા

બ્રહ્મવિદ્યામાં શ્રેષ્ઠતમ અને સકળ શાસ્ત્રોનું વિશ્રાંતિસ્થાન એવી અધ્યાત્મ વિદ્યારૂપ જે ભગવદ્ગીતા, તેને આવી રૂપથી વર્ણવવાની શક્તિ આ દાસને આપે જ આપેલી છે.[૧૯] જે ભાષણના વનમાં ભ્રમણ કરતાં એક પણ અક્ષરની સાર્થકતા થવાનો ધ્વનિ મારાં શ્રવણોમાં અથડાયો નહોતો, તે જ ભાષણ વિચારરૂપ કલ્પતરુ બની ગયું છે.[૨૦] મારી જે બુદ્ધિની ગતિ દેહથી આગળ વધી નહોતી, તે જ બુદ્ધિ અત્યારે બ્રહ્માનંદરૂપ ભંડારની ઓરડી બની ગઈ છે; અને તમે મારા મનને ગીતાર્થરૂપ ક્ષીરસાગરમાં જલ મંદિર જ બંધાવી આપ્યું છે.[૨૧] એવી રીતે તમારી-ગુરુદેવની એક એક કરણી અગાધ હોવાથી તેના અપાર સામર્થ્યનું વર્ણન મારાથી કેમ કરીને કરી શકાય? એટલા માટે હે મહારાજ! હું ઉછૃંખલતાથી જે કાંઈપણ બોલી ગયો હોઉં, તેની મને ક્ષમા, કરો.[૨૨] અત્યાર લગી આપના કૃપાપ્રસાદથી મેં ભગવદ્ગીતાના પૂર્વ ખંડનું આનંદથી ઓવીબદ્ધ વર્ણન કર્યું છે.[૨૩] પ્રથમ અધ્યાયમાં આપ્ત અને સ્વકીયજનો સાથે યુદ્ધ કરવું અયોગ્ય છે, એમ

પાસે ગયો અને ત્યાં બનેલો સર્વ વૃત્તાંત તેણે માતાને કહી સંભળાવ્યો. માતાને એથી ઘણું જ માઠું લાગ્યું અને તે કહેવા લાગી કે; "હે પુત્ર! તારી સાવકી માતાના ઉપદેશ પ્રમાણે તું ઈશ્વરની પ્રાપ્તિ કરી લે, એટલે અવશ્ય સુખી થઈશ."

ધ્રુવ પોતાની જનનીને સાષ્ટાંગ નમસ્કાર કરી અરણ્યમાં ચાલતો થયો. અરણ્યમાં કેટલેક અંતરે જવા પછી તેની સાથે નારદનો મેળાપ થયો અને તેણે નારદને પૂછ્યું કે;–"પરમેશ્વરની પ્રાપ્તિ કેવી રીતે અને ક્યાં જઈને તપશ્ચર્યા કરવાથી થઈ શકશે?" નારદે એ બાળકની અવસ્થા અલ્પ હોવાથી તેને અલ્પવયમાં વિરક્તતા થવાનું કારણ પૂછ્યું અને એના ઉત્તરમાં ધ્રુવે પોતાને ત્યાં બનેલો ઇત્થંભૂત વૃત્તાંત નારદ ઋષિને કહી સંભળાવ્યો. નારદ તે બાળકને કહેવા લાગ્યો કે;–"હે બાળક! આવી અજ્ઞાન અવસ્થામાં તને ઈશ્વર પ્રાપ્તિ થવી કઠિન છે; એથી તું માન અપમાનનો વિચાર ન કરતાં પાછો ઘેર જા!" ધ્રુવે જણાવ્યું કે;–"હે મુનિરાજ! આપ કહો છો તે વાત ખરી છે; પરંતુ ઈશ્વરની પ્રાપ્તિ થયા વિના ઘેર પાછા જવું, એ મને તો યોગ્ય લાગતું નથી. મને તો આપ ઉપદેશ આપો એટલે થયું." નારદે તે બાળકના ઈશ્વરપ્રાપ્તિ માટેના અચલ નિશ્ચયને જોઈને તેને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ મંત્ર શીખવીને કહ્યું કે;–"મધુવનમાં જઈને ઈશ્વરની નિસ્સીમ આરાધના કર!" આજ્ઞાનુસાર ધ્રુવે મધુવનમાં જઈ અન્નનો ત્યાગ કરી, આત્માને બ્રહ્માંડમાં સ્થિર કરીને ઈશ્વર–આરાધનાનો વ્યાપાર ચલાવ્યો. ધ્રુવની આવી અખંડ તપશ્ચર્યાને જોઈને 'કદાચિત્ આપણી પદવી એ છીનવી લેશે' એવા ભયથી સર્વ દેવો મળીને ભગવાન્ શ્રી વિષ્ણુને શરણે ગયા. ભગવાને તેમને આશ્વાસન આપીને કહ્યું કે;–"એ બાળક મારો અનન્ય ભક્ત છે, એટલે હું પોતે મધુવનમાં જઈ તેને દર્શન દઈને તમારા દુઃખનું નિવારણ કરી નાખું છું!" ધ્રુવ બન્ને નેત્રોને બંધ કરી, શ્રી વિષ્ણુની મૂર્તિને ધ્યાનમાં ધારીને પ્રભુસ્તવન કરતો હતો, એવામાં શ્રી વિષ્ણુએ ત્યાં પધારીને તેના ધ્યાનમાંના પોતાના સ્વરૂપનો અચાનક લોપ કરી નાંખ્યો. એથી ધ્રુવે નેત્રો ઉઘાડીને જોયું તો જે મૂર્તિના સ્વરૂપના ધ્યાનમાં તે નિમગ્ન હતો. તે મૂર્તિ તો સાક્ષાત્ પોતા સમક્ષ ઊભેલી છે, એમ તેના જોવામાં આવ્યું. તે વિષ્ણુ મૂર્તિને જોતાં જ આનંદથી તે તેનાં ચરણોમાં આળોટવા લાગ્યો અને પોતે હજી જ્ઞાનહીન હોવાથી ઇશ્વરની સ્તુતિ ક્યા શબ્દોથી અને કેવી રીતે કરવી, એની તેને સૂઝ ન પડી. તેની આવી સ્થિતિ જોઈને ઇશ્વરે તેના ગાલનો પોતાના શંખવડે સ્પર્શ કર્યો, એટલે તરત તે બાળકના હૃદયમાં જ્ઞાનનો ઉદય થયો અને તે તત્કાળ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. એથી પરમેશ્વરે પ્રસન્ન થઈને તેને કહ્યું કે;–"આજ સુધીમાં જે વસ્તુ મેં બીજા કોઇને પણ આપી નથી, તે આજે તને હું આપું છું. પરંતુ તું હવે પાછો તારે ઘેર જા. તારો પિતા તને રાજ્યાભિષેક કરીને તપશ્ચર્યા કરવા માટે જશે અને તું છત્રીસ હજાર વર્ષ પર્યંત રાજ્યશાસન કરીશ." એમ કહીને શ્રી વિષ્ણુ ભગવાત્ અંતર્ધાન થયા. ત્યાર પછી ધ્રુવ પાછો ઘેર આવ્યો, પરંતુ તેને થોડોક પશ્ચાત્તાપ થયો અને તેનું કારણ કે તે સમયે સૂઝ ન પડવાથી ઇશ્વરનો સાક્ષાત્કાર થવા છતાં મુક્તિનો માર્ગ ન મેળવી શકાયો. આથી તેને ઘણું જ માઠું લાગ્યું. તે જ્યારે અરણ્યમાં ચાલ્યો ગયો હતો, તે વેળાએ તે વિશેના સમાચાર નારદમુનિએ ઉત્તાનપાદ રાજાને જણાવ્યા અને તેથી રાજાને પોતાના કૃતકર્મનો અને પોતા સમક્ષ પોતાની માનીતી રાણીએ ધ્રુવનો ઉપમર્દ કરવા માટેનો પશ્ચાત્તાપ થવા માંડ્યો હતો, એટલે જ્યારે પોતાના પુત્રના પુનઃ આગમનની ખબર તેના સાંભળવામાં આવી, ત્યારે પ્રથમ તો તેણે તે ખબરને ખોટી જ માની; પરંતુ ધ્રુવને આવેલો જોઇને સર્વને આનંદ થયો અને રાજાએ ધ્રુવને રાજ્યાભિષેક કરીને તપશ્ચર્યા કરવા માટે અરણ્યપ્રતિ પ્રયાણ કર્યું. ધ્રુવકુમારે શ્રી વિષ્ણુ ભગવાનની આજ્ઞા અનુસાર રાજ્ય કરીને અંતે અચલપદે ગમન કર્યું. એ ધ્રુવનો તારો અદ્યાપિ આકાશમાં દેખાય છે. (શ્રીમદ્ભાગવત, ચતુર્થસ્કંધ અ. ૮–૧૨.)

લાગવાથી અર્જુનના મનમાં ખેદ ઉત્પન્ન થયો હતો. બીજા (અધ્યાય)માં યોગ સ્પષ્ટતાથી કહેલો છે; પરંતુ તેમાં જ્ઞાનયોગ અને કર્મયોગ એવા બે ભેદો બતાવેલા છે.[૨૪] ત્રીજા અધ્યાયમાં કેવળ કર્મનું જ પ્રતિપાદન કરાયલું છે અને તે જ કર્મને ચોથા અધ્યાયમાં જ્ઞાનસહિત પ્રકટ કરવામાં આવ્યું છે અને પાંચમા અધ્યાયમાં યોગ તત્ત્વનો આરંભ કરેલો છે.[૨૫] તે જ યોગતત્ત્વ છઠ્ઠા અધ્યાયમાં આસન વિધિથી લઈને જીવનું (બ્રહ્મ સાથે) ઐક્ય થતાં સૂધી સ્પષ્ટ કહેલું છે.[૨૬] તે જ પ્રમાણે અષ્ટાંગ યોગસ્થિતિ અને યોગભ્રષ્ટોને મળનારી ગતિ વિશેના સર્વ સિદ્ધાંતો છઠ્ઠા અધ્યાયમાં કહેલા છે.[૨૭] ત્યારપછી સાતમા અધ્યાયમાં પ્રારંભમાં પ્રકૃતિના ઉપક્રમ અને પરિહારનો ઉલ્લેખ કરીને પછીથી ઈશ્વરનું ભજન કરનારા ચાર પ્રકારના ભક્તોનું, એટલે કે આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાનીનું વર્ણન કરેલું છે.[૨૮] એ પછી, પ્રશ્ન સપ્તકનું* સ્પષ્ટીકરણ કરીને પ્રયાણસમયે ચિત્તશુદ્ધિ કરવાનો નિર્ણય આઠમા અધ્યાયમાં કહેલો છે.[૨૯] ત્યારપછી, વેદોમાં જેટલો સાર ભરેલો છે, તેટલા સર્વ સારને એક લક્ષ (શ્લોક) ભારત–મહાભારત–ગ્રંથમાં લાવી મૂકવામાં આવ્યો છે;[૩૦] અને મહાભારતમાંનો સર્વ અભિપ્રાય કૃષ્ણાર્જુન સંવાદરૂપ ગીતાના સાતસો શ્લોકોમાં આવી રહ્યો છે અને તેનો જ એકલા નવમા અધ્યાયમાં સમાવેશ કરેલો છે.[૩૧]

એટલા માટે, નવમા અધ્યાયના અભિપ્રાયને સ્પષ્ટતાથી સમજવામાં, જ્યાં અર્જુનની પણ શક્તિ ચાલી શકી નહિ, તે અભિપ્રાયને સ્પષ્ટ કરીને કહી બતાવવાનો હું પામર વ્યર્થ ગર્વ કેમ કરીને બતાવી શકું ?[૩૨] ગોળ અને સાકરના ગાંગડા જો કે એક જ રસમાંથી બનાવેલા હોય છે, તોપણ તેમની મિષ્ટતા જૂદી જૂદી હોય છે;[૩૩] (તે જ પ્રમાણે, ગીતાના સર્વ અધ્યાયોમાં જો કે બ્રહ્મતત્ત્વનું જ નિરૂપણ કરેલું છે, તોપણ) કેટલાક અધ્યાયો બ્રહ્મને પ્રથમથી ઓળખેલ હોય તે પ્રમાણે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે; કેટલાક બ્રહ્મના સ્થાનને દર્શાવે છે; અને કેટલાક બ્રહ્મને જાણવા જતાં પોતાના જ્ઞાન અને ગુણો સહિત બ્રહ્મરૂપ જ થાય છે.[૩૪] એ પ્રમાણે ગીતાના અધ્યાયો છે; પરંતુ નવમો અધ્યાય એવો છે કે, તેનું વર્ણન કરી શકાય તેમ નથી જ. છતાં તેનું મેં વર્ણન–નિરૂપણ–કર્યું, એ હે પ્રભો ! કેવળ આપનું જ સામર્થ્ય છે.[૩૫] એક ઋષિએ (વસિષ્ઠે) શાટીવડે† સૂર્ય સમાન પ્રકાશનો વિસ્તાર કર્યો; એક ઋષિએ (વિશ્વામિત્રે) પ્રતિસૃષ્ટિ નિર્માણ કરી; એકે (રામચન્દ્રે) સમુદ્રમાં પાષાણ સેતુ બાંધીને સૈન્યને પાર ઉતાર્યું;[૩૬] એકે (હનૂમાને) જન્મ થતાં જ આકાશમાં ઉડ્ડાણ કરીને સૂર્યને ફળ જાણીને હાથમાં ધર્યો અને એકે (અગસ્ત્ય ઋષિએ) એક જ આચમનમાં સમુદ્રનું પ્રાશન કર્યું. તે જ પ્રમાણે, મારા જેવા મૂગા મનુષ્યની વાણીથી અગમ્ય બ્રહ્મવિશેનો ઉલ્લેખ તમે જ કરાવ્યો છે.[૩૭] પરંતુ આને હવે આટલેથી જ રહેવા દઈએ; કારણ કે, રામ અને રાવણનું યુદ્ધ, રામ અને રાવણના યુદ્ધ જેવું જ થયું હતું ! (અર્થાત્ એ યુદ્ધને જેમ બીજા યુદ્ધની ઉપમા આપી શકાતી નથી, તેમ આ પણ અનુપમેય જ છે.)[૩૮] તે જ પ્રમાણે શ્રીકૃષ્ણનું નવમા અધ્યાયમાંનું ભાષણ નવમા અધ્યાય જેવું જ છે, એમ હું કહું છું. ગીતાનું સત્ય રહસ્ય જે તત્ત્વજ્ઞાનીઓના સમજવામાં આવેલું છે, તેઓ જ એના નિર્ણયને જાણી શકે છે.[૩૯] એ પ્રમાણે પ્રથમ નવ અધ્યાયોનું મેં યથામતિ નિરૂપણ કર્યું. હવે અહીંથી ઉત્તરખંડનો આરંભ થાય છે, તે સાંભળો.[૪૦] એ ઉત્તર ખંડના આરંભના અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને પોતાની મુખ્ય અને ગૌણ વિભૂતિઓ કહી સંભળાવશે અને તે જ ઉત્તમ રસભરિત કથા હું તમને કહું છું.[૪૧] દેશી ભાષાની સુંદરતાથી શાંત રસ શૃંગારરસને પણ જિતી જશે અને તેના યોગે મરાઠી ઓવીઓ જ અલંકારશાસ્ત્રને શોભાવનારી થઈ પડશે.[૪૨] મૂળ સંસ્કૃત ગ્રંથ અને તેની મરાઠી ટીકા વાંચીને જો ખરેખરો અર્થ મનમાં ઉતરી શકશે તો તેમાં મૂળ ગ્રંથ કયો છે, એ કળી શકાશે જ નહિ.[૪૩]

---

* આઠમા અધ્યાયનો પહેલો અને બીજો શ્લોક જુઓ. † એક મકારનું વસ્ત્ર.

જેવી રીતે શરીરના સૌંદર્યવડે શરીર જ શૃંગારને શોભાવે છે અને કોણે કોને શોભા આપેલી છે એનો નિર્ણય કરી શકાતો નથી;[૪૪] તેજ પ્રમાણે, દેશી અને સંસ્કૃત ભાષા એક જ (ગીતા) ગ્રંથના ભાવાર્થને વર્ણવીને એક જ સ્થાનમાં કેવી શોભે છે, તે સ્વસ્થતાથી જુવો.[૪૫] કોઈ પણ અભિપ્રાયને પ્રકટ કરતી વેળાએ શૃંગાર આદિ રસોની વૃષ્ટિ થાય છે અને તે ક્ષણે જ ચાતુર્યને શોભા પ્રાપ્ત થાય છે;[૪૬] તે જ પ્રમાણે, દેશી ભાષાના સૌંદર્ય અને તારુણ્યને લૂંટીને તેના યોગે અગણિત ગીતા તત્ત્વની રચના કરેલી છે.[૪૭] જે સ્થાવરજંગમનો પરમ ગુરુ અને ચતુરજનોના ચિત્તને આનંદ આપનારો છે, તે યાદવેશ્વર શ્રીકૃષ્ણ, શું બોલ્યો હતો તે સાંભળો.[૪૮] નિવૃત્તિદાસ કહે છે, શ્રીહરિએ કહ્યું કે;–"હે અર્જુન! મારી સર્વ વાર્તામાં તારું બરાબર ધ્યાન છેને?"[૪૯]

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥

[શ્રીભગવાને કહ્યું:–હે મહાબાહો! પુનઃ મારું પરમ વચન સાંભળ. તું મારા ભાષણથી સંતુષ્ટ થાય છે, એટલા માટે તારું હિત થવાની ઇચ્છાથી હું તને આ કહું છું. ૧]

મેં આગળ (નવ અધ્યાયમાં) જે કાંઈ કહેલું છે, તેમાં મારા ભાષણમાં તારું કેવુંક ધ્યાન છે, એ મેં જોઇ લીધું છે–અર્થાત્ તારું ધ્યાન અપૂર્ણ નહિ કિન્તુ પૂર્ણ છે એવો મારો નિશ્ચય થઇ ચૂક્યો છે.[૫૦] જેવી રીતે, નવા માટલામાં થોડું પાણી નાંખી, તે ગળતું નથી એવી ખાતરી થયા પછી જ તેમાં વધારે પાણી ભરવામાં આવે છે; તે જ પ્રમાણે તને મેં થોડું (જ્ઞાન) સંભળાવ્યું અને તે તારા ધ્યાનમાં રહેલું છે, એવી ખાતરી થયા પછી હવે તને એનો વધારે લાભ આપવાની મારી ઇચ્છા થયેલી છે.[૫૧] જેવી રીતે કોઈ એક નવા નોકરને નોકરીમાં રાખ્યા પછી તેની કસોટી કરવા માટે તેના જવા આવવાના માર્ગમાં ગમે તે વસ્તુ નાંખવામાં આવે છે અને તે વસ્તુને પોતા પાસે ન રાખતાં માલેકને આપી દેવાથી તેની ખજાનચીની જગ્યાએ નીમણુક કરવામાં આવે છે; તે જ પ્રમાણે, હે અર્જુન! તું પરીક્ષામાં પસાર થયેલો હોવાથી મારા જ્ઞાનનો ભંડાર જ થયેલો છે.[૫૨] અર્જુનને જોઇને સર્વેશ્વર શ્રીકૃષ્ણ અતિશય આદરથી એમ બોલ્યા અને જેમ પર્વતને જોઇને મેઘ ભરાઈ આવે છે,[૫૩] તેમ કૃપાસાગર શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;– હે અર્જુન! પૂર્વે કહેલો સાર (અભિપ્રાય)જ હું તને ફરીથી કહી સંભળાવું છું.[૫૪] જો પ્રતિવર્ષ ક્ષેત્રમાં વાવણી કરવાથી પાક પુષ્કળ આવવા માંડે, તો પણ તેની લાગવડ કરવામાં કંટાળો લાવવામાં આવતો નથી;[૫૫] અથવા તો હે પાંડુસુત! જેવી રીતે ઊપરાઊપરી તપાવવાથી સોનાનો કસ વધે છે, છતાં સોની પોતાના લાભ માટે તેને વધારે અને વધારે જ શુદ્ધ કર્યા કરે છે;[૫૬] તે જ પ્રમાણે, હે પાર્થ! આ અભિપ્રાયને વ્યક્ત કરવામાં હું તારાપર લેશ માત્ર પણ ઉપકાર કરતો નથી, પરંતુ મારા પોતાના સ્વાર્થ માટે જ હવે પછીનો ભાગ તને કહી સંભળાવું છું.[૫૭] જેવી રીતે બાળકને દાગીના પહેરાવેલા હોય તોય તેનું સુખ બાળકને હોતું નથી, પરંતુ તેની માતાને જ એનો આનંદ મળતો જણાય છે;[૫૮] તે જ પ્રમાણે તારું હિત જેમ જેમ વધારે અને વધારે તારા સમજવામાં આવતું જશે, તેમ તેમ મારું સુખ પણ વધારે અને વધારે વધતું જશે.[૫૯] હે અર્જુન! હવે અત્યારે આ ભાષણની ખૂબીઓને રહેવા દઇએ. ખરેખર મારો તારામાં અતિશય પ્રેમ છે અને તેથી જ તારી જોડે ગમે તેટલું સંભાષણ કરવા છતાં પણ મારી તૃપ્તિ થતી નથી.[૬૦] અને એ માટે જ એની એજ વાત મારે તારી આગળ કરવી પડે છે; તો હવે મારા ભાષણમાં અંતઃકરણપૂર્વક ધ્યાન આપ.[૬૧] હે માર્મિક અર્જુન! મારા અત્યુત્તમ વાક્ય શ્રવણ કર. તે વાક્ય નહિ, પરંતુ અક્ષરરૂપથી પ્રત્યક્ષ પરબ્રહ્મનું જ તને આલિંગન આપવા માટે આગમન થયેલું છે,

એમ જાણુ.[૬૨] પરંતુ હે કિરીટિ! તું ખરેખર મને જાણુતો નથી ને? જો એમ જ હોય, તો જે હું તને દેખાઉં છું. તે જ આ સમસ્ત વિશ્વ છે![૬૩]

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥

[મારી ઉત્પત્તિને દેવગણુ પણુ જાણુતા નથી અને મહર્ષિઓ પણુ જાણુતા નથી; કારણુ કે, હું સર્વ પ્રકારે દેવ અને મહર્ષિઓનું આદિકારણુ છું. ૨]

મારા એ સ્વરૂપને જાણુવા જતાં વેદોની વાણી કુંઠિત થયેલી છે; મન અને વાયુની ગતિ ખૂટી પડી છે; અને મારા તેજના પ્રભાવથી રાત્રિ થયા વિના જ સૂર્ય અને ચંદ્ર અસ્ત પામી ગયા છે.[૬૪] જેવી રીતે ઉદરમાંનો ગર્ભ પોતાની માતાના વયને જાણુવાને અસમર્થ હોય છે, તે જ પ્રમાણે મારામાંથી ઉદ્ભવેલા દેવો મને જાણુવાને સમર્થ નથી;[૬૫] અને જળચરો જેવી રીતે સમુદ્રના અંતથી અજ્ઞાત હોય છે અથવા મક્ષિકા જેમ ગગનનું ઉલ્લંઘન કરી શકતી નથી, તેવી જ રીતે મહર્ષિઓનું જ્ઞાન મને ઓળખી શકતું નથી.[૬૬] હું કોણુ છું, કેટલો છું, કોનો છું, કયાંથી આવ્યો છું અને કયાં તથા શા માટે આવ્યો છું, એ પ્રશ્નોનો વિચાર કરતાં કરતાં તેમનાં યુગોના યુગો વીતી ગયા છે.[૬૭] કારણુ કે, હે અર્જુન! એ સર્વ મહર્ષિ, દેવ અને બીજા પ્રાણીઓને હું જ તે સર્વનું મૂળ હોવાથી, મને જાણુવાનું કાર્ય કઠિન થઈ પડે છે.[૬૮] જો પર્વતપરથી નીચે ઊતરેલું પાણી પાછું ઊપર ચઢે અથવા વૃક્ષ વધતાં વધતાં પુનઃ મૂળને સ્પર્શ કરે. તો જ મારામાંથી થયેલું જગત્ મને જાણી શકે.[૬૯] અથવા તો જો વૃક્ષમાંનો ગર્ભવૃક્ષ વનને વ્યાપી નાંખે, કિંવા લહરીમાં (મોજામાં) સમુદ્રનો સમાવેશ થાય, તેમ જ પરમાણુમાં ભૂગોલ સમાવિષ્ટ થઈ જાય;[૭૦] તો જ મારાથી થયેલા જીવો, મહર્ષિઓ કિંવા દેવો મને જાણી શકે.[૭૧] એવી રીતે જો કે હું જાણુવામાં કઠિન છું તોપણુ જેઓ સહજ ભૂલથી પણુ પ્રવૃત્તિના માર્ગને ત્યાગીને ઇંદ્રિયોથી વિમુખ થાય છે (ઇંદ્રિયોને જિતે છે).[૭૨] તો પછી તે દેહને પાછળ છોડીને પંચમહાભૂતોને સ્વાધીન કરી લે છે.[૭૩]

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

[જે મને ઉત્પન્ન ન થનારો, અનાદિ અને સર્વ લોકોનો અધિપતિ માને છે, તે મનુષ્યોમાં જ્ઞાની થઈને સર્વ પાપોના પાશથી મુક્ત થાય છે. ૩]

મનની એવી અવસ્થા અવિચલ થતાં નિર્મળ આત્મપ્રકાશવડે ઉત્પત્તિરહિત સ્વરૂપ તેનાં નેત્રો સમક્ષ દૃષ્ટિગોચર થવા માંડે છે.[૭૪] હું સર્વના આરંભની પણુ આગળનો અને સર્વથી શ્રેષ્ઠ છું; એવી રીતે જે મનુષ્ય મને જાણે છે,[૭૫] તે પાષાણુમાં જેમ પારસમણિ અથવા રસોમાં જેવું અમૃત છે, તદ્વત્ સર્વ માનવસમાજમાં મારો અંશ છે, એમ જાણે છે.[૭૬] તે બોલતા ચાલતા જ્ઞાનની કેવળ મૂર્તિ છે, તેના અવયવો સુખના અંકુર છે અને લૌકિક દૃષ્ટિથી તેનું જો મનુષ્યત્વ હોય તો કેવળ ભ્રમ જ છે,[૭૭] અરે કર્પૂરમાંથી જેવી રીતે અચાનક હીરો મળી આવતાં તેની ઉપર પાણી નાંખવાથી તે કર્પૂર પ્રમાણે પીગળી જતો નથી;[૭૮] તે જ પ્રમાણે, તે મનુષ્ય લોકમાં વસતો હોવા છતાં પણુ તેને માયાનો બાધ થતો નથી[૭૯] અને પોતાના નાશના ભયથી જ પાપ તેને જોતાં જ પલાયન કરી જાય છે. પોતાના નિવાસસ્થાન ચંદન વૃક્ષમાં અગ્નિ લાગ્યો હોય તો સર્પ જેમ તેનો ત્યાગ કરે છે; તે જ પ્રમાણે મને જે જાણે છે, તેને સર્વ સંકલ્પો ત્યાગી જાય છે.[૮૦]

એવા મને કેવી રીતે જાણી શકાય, એવો પ્રશ્ન જો તારા મનમાં ઉદ્ભવે, તો સાંભળ.[૮૧] એ વિકારો જુદા જુદા પ્રાણીઓમાં તેમની પ્રકૃતિ સમાન બનીને ત્રણ લોકમાં પ્રસરેલા છે.[૮૨]

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च ॥ ४ ॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवंति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥ ५ ॥

[બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ઉત્પત્તિ, વિનાશ, ભય, અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ અને અપયશ એ પ્રાણીના જુદા જુદા પ્રકારના વિકારો મારામાંથી જ (ઉત્પન્ન) થાય છે. ૪-૫]

એ વિકારોમાં પ્રથમ બુદ્ધિ છે એમ જાણ અને તે પછી અમર્યાદ જ્ઞાન, દક્ષતા, સહનશીલતા, ક્ષમા અને સત્ય;[૮૩] ત્યાર કેડે મનોનિગ્રહ અને ઇંદ્રિયનિગ્રહ એ બે. તેમજ હે અર્જુન! જગતમાંનાં સુખ દુઃખ અને જન્મ મરણ પણ વિકારો જ છે, એમ તારે સમજવું.[૮૪] હે પાંડુસુત! ભય અને નિર્ભયતા; અહિંસા અને સુખ દુઃખ, સમતા, સંતોષ અને તપ એ પણ ભાવો જ છે, એમ માન.[૮૫] અરે! સર્વ ભૂતોમાં દાન, યશ, અપકીર્તિ આદિ જે ભાવો દૃષ્ટિગોચર થાય છે, તે મારાવડે જ ભૂતોમાં ઉત્પન્ન થાય છે.[૮૬] જેમ ભૂતો ભિન્ન ભિન્ન છે, તેમ એ વિકારો પણ પૃથક્ પૃથક્ છે એમ સમજી લે. એમાંના કેટલાકોને મારું જ્ઞાન થાય છે અને કેટલાકને નથી થતું.[૮૭] જેવી રીતે પ્રકાશ અને અંધકાર ઉભય સૂર્યમાંથી જ ઉત્પન્ન થાય છે; (ઉદય સાથે પ્રકાશ અને અસ્ત સાથે અંધઃકાર દૃષ્ટિગોચર થાય છે.)[૮૮] તેજ પ્રમાણે મારું જ્ઞાન થવું અથવા ન થવું, એ પ્રાણીઓનાં કર્મનું જ ફળ છે, અને એથી જ તેમનામાં જુદા જુદા વિકારોનો આવિર્ભાવ થાય છે.[૮૯] એવી રીતે હે અર્જુન! આ સર્વ જીવસૃષ્ટિ મારા જ વિકારોથી ભરેલી છે, એમ જાણ.[૯૦] હવે, જેઓ આ સૃષ્ટિના પાલક છે અને જેમની આજ્ઞાનુસાર સર્વ લોકો વર્ત્તન કરે છે, એવા બીજા અગિયાર ભાવો (વિકારો) છે, તે હું તને કહી સંભળાવું છું.[૯૧]

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥ ६ ॥

[પ્રાચીન (ભૃગુઆદિ) સાત મહર્ષિઓ અને (સાવર્ણી આદિ) ચાર મનુ, મારા સામર્થ્ય યુક્ત, મારા મનમાંથી ઉત્પન્ન થયેલા છે; અને તેમનાથી આ સમસ્ત જગતમાંના લોકોની ઉત્પત્તિ થયેલી છે. ૬]

અર્થાત્ સર્વ ગુણોથી મંડિત અને મહર્ષિઓમાં જેઓ જ્ઞાતા છે એવા જે કશ્યપ આદિ સાત ઋષિઓ,[૯૨] અને બીજા ચૌદ જે મનુઓ છે, તેમનામાંના સ્વાયંભુવ આદિ મુખ્ય જે ચાર છે, તેમના વિશે હું તને કહું છું.[૯૩] હે ધનુર્ધર! એ પ્રમાણે એ અગિયાર ભાવો સૃષ્ટિની ઉત્પત્તિમાટે મારા મનમાંથી ઉત્પન્ન થયેલા છે.[૯૪] જ્યારે લોકોની વ્યવસ્થા થયેલી નહોતી અને ત્રિભુવનની રચના થયેલી નહોતી, ત્યારે પંચ મહાભૂતોનો સમુદાય કાંઈપણ કાર્ય કર્યા વિના પોતાના સ્થાનમાં જ સ્તબ્ધ હતો.[૯૫] ત્યાર પછી એ સપ્ત ઋષિ અને ચાર મનુ ઉત્પન્ન થયા, અને તેમણે અષ્ટ લોકપાલ ઉત્પન્ન કરીને તેમને સમસ્ત જગતમાં મુખ્ય કરી રાખ્યા.[૯૬] એટલા માટે એ અગિયાર જન, રાજા પ્રમાણે હોઈને ઇતર સર્વ જગત્ તેની પ્રજા છે; અને એવી રીતે

આ વિશ્વનો વિસ્તાર મારો જ છે, એમ જાણ.[૯૭] પ્રથમ બીજ એક જ હોય છે, પછી તેની વૃદ્ધિ થતાં ફણગો ફૂટે છે અને તેમાંથી અંકુર નીકળીને તેમાંથી શાખાઓ થાય છે.[૯૮] તેમના અનેક ફાંટા ફૂટીને તેમને કોમળ પલ્લવો આવે છે,[૯૯] અને તે પલ્લવોમાં ફળ અને ફૂલનો આવિર્ભાવ થાય છે. એ પ્રમાણે સર્વ વૃક્ષની રચના થયા પછી તેને કારણદૃષ્ટિથી જોતાં તે સમસ્ત બીજ જ છે, એમ સિદ્ધ થાય છે.[૧૦૦] એ જ પ્રમાણે, મૂળ આરંભમાં હું એકલો જ હતો. ત્યાર પછી મારામાંથી મન ઉત્પન્ન થયું અને તે મનમાંથી સાત ઋષિઓ તથા ચાર મનુ ઉદ્ભવ્યા.[૧] તેમનામાંથી ઇન્દ્ર આદિ અષ્ટ લોકપાલ ઉત્પન્ન થયા અને તે લોકપાલોએ અનેક પ્રકારના લોકોને ઉત્પન્ન કર્યા. તેમ જ તે લોકોમાંથી સર્વ પ્રકારના પ્રાણી ઉત્પન્ન થયા.[૨] એવી રીતે, ખરેખર સમસ્ત વિશ્વનો વિસ્તાર હું જ થયેલો છું. પરંતુ એ તત્ત્વ એ યુક્તિવડે જેને માન્ય છે, તેના જ સમજવામાં આવી શકે તેમ છે.[૩]

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन युज्यते नात्र संशयः ॥ ७ ॥

[એ મારા વિસ્તારને અને તેને ઉત્પન્ન કરવાના ચાતુર્યને જે ખરેખર જાણે છે, તે પૂર્ણ જ્ઞાની થાય છે, એમાં સંશય નથી. ૭]

એટલા માટે, હે સુભદ્રાના પતિ! આ મારા (વીસ) ભાવો અને (અગિયાર) વિભૂતિઓએ સર્વ જગતને વ્યાપી નાંખેલું છે,[૪] અને એથી બ્રહ્મદેવથી તે કીડી સુધી મારા વિના અન્ય તત્ત્વ જ નથી.[૫] આ રહસ્યને જે ખરેખર જાણે છે, તેનામાં જ્ઞાનની જાગ્રતિ થાય છે અને તેથી ઉત્તમ અને અધમ એવા પ્રાણીઓમાંના ભેદનું તેને સ્વપ્ન પણ આવતું નથી,[૬] હું મારી વિભૂતિઓ અને મારી વિભૂતિઓથી મંડિત પ્રાણી, એ યોગાનુભવ સર્વ એક જ છે, એમ તારે સમજવું.[૭] અર્થાત્ જે ખરેખર જ્ઞાનયોગવડે મનોભાવથી મારારૂપ થયેલો છે, તે અવશ્ય કૃતાર્થ છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી જ.[૮] કારણ કે, હે અર્જુન! અભેદ દૃષ્ટિથી મને જે ભજે છે, તેના ભજનના નાદથી હું તેના પાશમાં સપડાઉં છું.[૯] એટલા માટે જે કોઇ અભેદ બોધથી મારામાં ભક્તિ ધરાવે છે, તેને મારી પ્રાપ્તિમાં ખરેખર જરાપણ વિઘ્ન નડતું નથી અને એવી ભક્તિ કરતાં જો તે મરણ પામે છે, તો તેનું તે મરણ પણ ઉત્તમ જ થાય છે–એ મેં છઠ્ઠા અધ્યાયમાં પૂર્ણતાથી કહેલું છે.[૧૧૦] હવે એ અભેદ ભક્તિ કેવી હોય છે, એ જાણવાની જો તારા મનમાં ઇચ્છા થઇ હોય, તો હું કહું છું તે સાંભળ.[૧૧]

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजंते मां बुधा भावसमन्विताः ॥ ८ ॥

[હું સર્વનો ઉત્પાદક છું, સર્વ પ્રવૃત્તિ મારામાંથી જ થાય છે એમ જાણીને, જ્ઞાતાજનો શ્રદ્ધાયુક્ત થઇને મને ભજે છે. ૮]

હે અર્જુન! આ સર્વ જગતનો ઉત્પન્નકર્ત્તા અને પાલનકર્ત્તા પણ હું જ છું.[૧૨] અરે, જેવી રીતે લહરી (તરંગ)નો જન્મ જળમાં જ થાય છે, તેમને આશ્રય જળનો જ હોય છે, તેમનું જીવન પણ જળ જ હોય છે;[૧૩] અને એ પ્રમાણે તેમને સર્વત્ર જળ જ હોય છે, તે જ પ્રમાણે આ વિશ્વમાં મારા વિના બીજું કાંઇ પણ નથી.[૧૪] એવી રીતે હું સર્વવ્યાપક છું એમ માનીને જેઓ ખરી ઉત્કંઠાથી અને પ્રેમભાવથી ગમે તે સ્થાનમાં મને ભજે છે;[૧૫] દેશકાળ

વર્તમાન આદિથી હું ભિન્ન નથી (એમ જેઓ જાણે છે;) વાયુ આકાશરૂપ થઈને આકાશમાં જ સંચાર કરે છે;[૧૬] તે જ પ્રમાણે જે આત્મજ્ઞાનીઓ મને સર્વવ્યાપકને મનમાં સંભારીને સુખપૂર્વક ત્રિભુવનમાં કાળનિર્ગમન કરે છે;[૧૭] અને જે પ્રાણી દૃષ્ટિગોચર થાય, તે સર્વને ઈશ્વરરૂપ જાણે છે, તેઓ મારા સત્ય 'ભક્તિયોગ'ને આચરે છે, એમ તારે સમજવું.[૧૮]

मच्चित्ता मद्गतप्राणा बोधयंतः परस्परम् ।

कथयंतश्च मां नित्यं तुष्यंति च रमंति च ॥ ९ ॥

[જ્ઞાની જનો મારામાં ચિત્ત રાખીને અને મારામાં જીવ લગાડીને, એકમેકને મારા વિશે બોધ કરીને, મારું કીર્તન કરતા સર્વ કાળમાં સંતોષ માની મારામાં જ રમમાણ થાય છે. ૯]

જેઓ પોતાના ચિત્તને મદ્રૂપ કરે છે અને મારા યોગથી જ જેમના પ્રાણ સંતોષ પામે છે, તેઓ જ્ઞાનની નિમગ્નતામાં જન્મમરણને ભૂલી જાય છે.[૧૯] ત્યાર પછી જ્ઞાનની આકાંક્ષા થતાં તેઓ કૌતુકથી સંવાદ (ભાષણ)રૂપી સુખવડે નૃત્ય કરવા માંડે છે અને એમ થતાં તેમનું દેવું લેવું જ્ઞાન વિના બીજું કાંઈ પણ હોતું નથી.[૧૨૦] જેવી રીતે પાસે પાસેના તળાવો પાણીથી છલકાઈ જતાં તેમનાં પાણી એક બીજા સાથે ભેળાઈ જાય છે અને પછી લહરીઓને લહરીઓ જ આશ્રયભૂત થાય છે,[૨૧] તે જ પ્રમાણે, જ્ઞાનીઓ એક સ્થળમાં આવી મળતાં બ્રહ્માનંદરૂપ લહરીઓ એક બીજા સાથે મળે છે અને ત્યાં આત્મબોધ (અનુભવ)રૂપી અલંકારવડે તેને સજ્જ કરે છે.[૨૨] જેવી રીતે સૂર્ય સૂર્યના જ ઓવારણાં લે, ચંદ્ર ચંદ્રને જ આલિંગન આપે અથવા તો સમાન યોગ્યતાવાળા બે ઓઘ (પ્રવાહ) એક બીજા સાથે મળી જાય,[૨૩] તે જ પ્રમાણે, બ્રહ્મૈક્યના સંગમથી પૂર આવતાં તેમાં અષ્ટ સાત્ત્વિકભાવરૂપ કચરો તરી નીકળ્યો કે, પછી તે જ્ઞાતાઓ સંવાદરૂપ ઓટલાપરના ગણપતિ બની જાય છે.[૨૪] પછી તે બ્રહ્માનંદના ઊમળકાથી દેહરૂપ ગ્રામની બહાર દોડવા લાગીને મારી પ્રાપ્તિથી સંતોષ થવા માટેની મોટી ગર્જના કરે છે.[૨૫] ગુરુ અને શિષ્યનો જે મંત્ર એકાંતમાં કહેવાનો હોય છે, તે મંત્રનો, સર્વ જન, મેઘ પ્રમાણે ત્રણે લોકમાં ગર્જના સમાન પોકાર કરવા માંડે છે.[૨૬] જેવી રીતે કમળની કલિકા વિકસિત થવા પછી પોતામાંના મકરંદને ઢાંકી રાખી શકતી નથી અને રાજાથી તે રંક સુધીના સર્વને પોતાના સુવાસની ઉજાણી આપે છે;[૨૭] તે જ પ્રમાણે જગતમાં મારા ગુણો ગાઈને ગાવાના ઊમળકામાં તેઓ સ્તબ્ધ રહે છે અને તે સ્થિતિમાં તેમના જીવભાવ અને દેહભાવ ઉભયનો લોપ થઈ જાય છે;[૨૮] અને એવા પ્રેમના ઊમળકામાં તેમને રાત કે દિવસનું ભાન રહેતું નથી. એવી રીતે તેઓ આત્મત્વથી મારા સુખનો પરિપૂર્ણ સ્વાદ લે છે.[૨૯]

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।

ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते ॥ १० ॥

[એવી રીતે નિત્ય મારામાં તત્પર રહેનારા અને મને પ્રીતિપૂર્વક ભજનારા જે જ્ઞાનીઓ છે, તેઓ જે યોગથી મને મેળવી શકે, એવો બુદ્ધિયોગ હું તેમને આપું છું. ૧૦]

હે અર્જુન! હવે મારે તેમને જે કાંઈ આપવાનું હોય છે, તે સ્થાનનો માર્ગ જ તેમણે સ્વીકારેલો હોય છે.[૧૩૦] કારણ કે, હે અર્જુન, તેઓ જે માર્ગને સ્વીકારીને મારાપ્રતિ આવવાને નીકળેલા હોય છે, તે માર્ગની દૃષ્ટિથી જોતાં સ્વર્ગ અને મોક્ષના માર્ગો આડા રસ્તા જેવા જ તેમને ભાસે છે;[૩૧] અર્થાત્ તેમણે મારામાં રાખેલી ભક્તિના બદલામાં મારે તેમને જે કાંઈ આપવાનું હોય છે, તેને તો પોતે જ પ્રથમથી તેમણે સ્વાધીન કરી લીધેલું હોય છે.[૩૨] હવે મારી

ભક્તિનું જે પ્રેમસુખ છે તેની વૃદ્ધિ કરવી અને મારા એવા ભક્તોપર કાળની દૃષ્ટિ ન પડે એની સંભાળ રાખવી, એટલું જ મારું કર્તવ્ય છે.[૩૩] હે કિરીટિ! જેવી રીતે લાડકું બાળક રમતું હોય તો માતા તેનામાં પ્રેમદૃષ્ટિ રાખીને તેની પાછળ પાછળ દોડ્યા કરે છે.[૩૪] અને બાળક જેમ જેમ કોઈ નવીન રમકડું જુવે છે તો તે બાળકનો આગ્રહ પૂર્ણ કરવા માતા તેને આણી આપે છે, તેજ પ્રમાણે મારા ભક્તોની ઉપાસનાના સંપ્રદાય મારે વધારવા પડે છે.[૩૫] જે સંપ્રદાયોની વૃદ્ધિ કરવાથી મારા ભક્તો સહજ મને આવી મળે છે, તે સંપ્રદાયોને વિશેષતાથી વધારવાની મારી ઇચ્છા થયા કરે છે.[૩૬] ભક્તોને હું બહુ જ ગમતો હોવાથી તેમની એકનિષ્ઠાથી તેમના વિશે મારા હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થાય છે; કારણ કે, મારા ગૃહમાં પ્રેમાળ ભક્તોની બહુ જ ન્યૂનતા છે.[૩૭] મેં ઉપરટપકેની ભક્તિ કરનારાઓ માટે સ્વર્ગ અને મોક્ષ એવા બે માર્ગો ઉત્પન્ન કરેલા છે અને લક્ષ્મી સહિત મારું શરીર મેં શેષને સ્વાધીન કરેલું છે;[૩૮] પરંતુ આત્મત્વ ઉપરાંત જે એક અતિશય કોમળ સુખ છે, તે તો મેં કેવળ પ્રેમી ભક્તો માટે જ ખાસ રાખી મૂક્યું છે.[૩૯] હે અર્જુન! પ્રેમાળ ભક્તોને હું અતિશય મારા નિકટમાં રાખું છું. પરંતુ આ વાર્તા મુખથી ઉચ્ચારવા યોગ્ય નહિ, કિન્તુ અનુભવથીજ સમજાય તેવી છે.[૧૪૦]

तेषामेवानुकम्पार्थम ्मज्ञानजं तमः ।

नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ११ ॥

[તેમનાપર અનુગ્રહ કરવા માટે જ તેમની બુદ્ધિમાં વાસ કરીને સુપ્રકાશ જ્ઞાનદીપના યોગે હું અજ્ઞાનજન્ય અંધકારનો નાશ કરું છું. ૧૧]

અર્થાત્ આત્મા જે હું, તે મારી ભક્તિ (આત્મભક્તિ)ને જ જીવનનું કારણ કરીને જેમણે મારા વિના અન્ય સર્વ વસ્તુઓને વ્યર્થ માનેલી છે,[૪૧] તે શુદ્ધ આત્મજ્ઞાનીઓ માટે હું કર્પૂરની મશાલ સળગાવીને મશાલચી બની તેમની આગળ આગળ ચાલ્યા કરું છું.[૪૨] અજ્ઞાનરૂપ રાત્રિના સમયે વિસ્તરેલા ઘાટા અંધકારનો નાશ કરીને તે ભક્તો માટે નિત્ય નિયમિતતાથી જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય કરું છું.[૪૩] પ્રેમી ભક્તોનો પ્રિય પુરુષોત્તમ જ્યારે એ પ્રમાણે બોલ્યો, ત્યારે અર્જુને કહ્યું કે;–"હે દેવ! મારા સર્વ મનોરથો શાંત થયા છે.[૪૪] હે મહારાજ! આપે મારાપરના સંસારરૂપી કચરાને સારી રીતે કાઢી નાંખ્યો છે અને હે પ્રભો! એથી હું પુનર્જન્મના બંધનમાંથી મુક્ત થયો છું![૪૫] અહો! મારા જન્મોને મેં મારી આ આંખોથી જોયા છે અને મારું જીવિત આજે મારા હાથમાં આવ્યું છે, એમ મને ભાસે છે.[૪૬] હે પ્રભો! આપના મુખમાંથી આ બોલવું સાંભળીને મારા આયુષ્યનું સાર્થક થયું છે અને મારા ભાગ્યનો ભાગ્યોદય જ થયો છે![૪૭] અત્યારે આ વચનરૂપ સૂર્યના પ્રકાશથી મારા અંતર્બાહ્ય અજ્ઞાનાંધકારનો નાશ થયો છે અને તેથી હે પ્રભો! આપનું યથાર્થ સ્વરૂપ મને દેખાવા માંડ્યું છે.[૪૮]

श्रीअर्जुन उवाच—परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।

पुरुषं शाश्वत दिव्यमादिदेवमजं विभुम् ॥ १२ ॥

[અર્જુને કહ્યું:–હે દેવ! તમે સર્વ શ્રેષ્ઠ બ્રહ્મ, ઉત્તમ સ્થાન અને પરમ પવિત્ર છો. આપ નિરન્તર, તેજસ્વી, સર્વ દેવોના આદિ, ઉત્પન્ન ન થનારા અને સર્વ વ્યાપક છો. ૧૨]

"હે કૃષ્ણ! આપ પરબ્રહ્મ છો અને સર્વ મહાભૂતોના વિશ્રાંતિસ્થાન હોઇને પવિત્ર તથા સમસ્ત જગતના પાલન કર્ત્તા છો.[૪૯] તમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેના આદિ દૈવત છો. હે દેવ! પચીસમું તત્ત્વ જે પુરુષ તે તમે જ છો અને માયાથી પર જે દિવ્ય ભાવ, તે પણ તમે જ

છો.[150] હે સ્વામિન્! તમે અનાદિ સિદ્ધ હોઇને તમને જન્મ આદિ ધર્મ નથી. તમે આવા છો, એ અત્યારે જ મારા સમજવામાં આવ્યું.[51] તમે ત્રણ કાળના ચાલક છો, તમે જીવકળાના મુખ્ય દેવ છો અને તમે બ્રહ્માંડને આશ્રયભૂત છો, એમ સ્પષ્ટતાથી હું અત્યારે જ જાણી શક્યો.[52]

आहुस्त्वामृषयः सर्वे देवर्षिनारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥ १३ ॥

[આપ એવા છો, એટલા માટે જ સર્વ ઋષિ–દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ એ સર્વ ઋષિઓ આપ એવા હોવાનું કહે છે અને આપ પોતે પણ મને તે જ કહો છો. ૧૩]

"બીજી પણ એક રીતે એ તત્ત્વની સત્યતાનો અનુભવ થઈ શકે છે, તે એમ કે, પૂર્વે તમારાવિશે એવી જ વાતો અનેક ઋષિઓએ કહેલી છે.[53] પરંતુ તેમણે કહેલી વાતો ખરી છે, એ મારા જાણવામાં તો આજે જ આવ્યું; અને તે પણ કેવળ આપની કૃપા થવાથી![54] નહિ તો, નારદ મુનિ અમારે ત્યાં સદા આવ્યા કરે છે અને તેઓ પણ આમ જ કહ્યા કરે છે; પરંતુ તેમના બોલવાના ભાવાર્થને ન સમજતાં હું તો તેમનું સંગીત જ આનંદથી સાંભળતો રહું છું.[55] હે મહારાજ! આંધળાઓના ગામમાં જો સૂર્ય પોતે પ્રકટ થાય, તોય તેમને કેવળ ઉષ્ણતાનો જ લાભ મળી શકે છે; પ્રકાશને તેઓ જોઇ કે ભોગવી શકતા નથી.[56] તે જ પ્રમાણે, નારદ અધ્યાત્મ ગાયન કરતા, તે વેળાએ માત્ર તેમનાં રાગ અને રાગિણીનું માધુર્ય જ ઊપરાઊપરી મારા સમજવામાં આવતું; બીજું કાંઈ પણ હું સમજી શકતો નહિ.[57] એ જ પ્રમાણે અસિત અને દેવલના મુખથી પણ એવા જ પ્રકારના આપના ગુણાનુવાદ હું સાંભળતો હતો; પરંતુ તે વેળાએ મારી બુદ્ધિ, વિષયરૂપ વિષથી વ્યાપ્ત હતી.[58] વિષયરૂપ વિષનો મહિમા એવો છે કે, પરમાર્થ મિષ્ટ હોવા છતાં જીવને તે કડવો જણાય છે અને વિષયો કડવા હોવા છતાં જીવને તે મીઠા લાગે છે.[59] બીજા વિશે તો શું કહું, પણ સર્વશ્રેષ્ઠ જે વ્યાસમુનિ, તેઓ સુદ્ધાં પોતે આવીને આપના સ્વરૂપનું વર્ણન કરતા હતા.[160] પરંતુ કોઈ એકને અંધારામાં ચિન્તામણિ મળતાં તે ચિન્તામણિ નથી, એમ ધારીને તે નાંખી દે છે અને દિવસ થતાં તેને જ ચિન્તામણિ તરીકે ઓળખે છે;[61] તે જ પ્રમાણે, હે કૃષ્ણ! વ્યાસ આદિ મુનિઓનાં ભાષણો જ્ઞાનરૂપ રત્નની ખાણ સમાન હોવા છતાં આપના ઉપદેશરૂપ સૂર્યના પ્રકાશવિના મેં તેમનો ત્યાગ-અસ્વીકાર–કર્યો હતો.[62]

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥ १४ ॥

[હે કેશવ, તમે મને જે કહો છો, તે સર્વ હું સત્ય માનું છું. હે ભગવન્, દેવો અને દૈત્યો પણ તમારા સ્વરૂપને જાણી શકયા નથી. ૧૪]

"અત્યારે તમારાં વાક્યરૂપ કિરણોનો મારા હૃદયમાં સર્વત્ર વિસ્તાર થતાં ઋષિઓએ કહેલા માર્ગવિશેના મારા અજ્ઞાનનો સર્વથા લોપ થયો છે.[63] હે મહારાજ! તેમના શબ્દ એટલે જ્ઞાનના બીજ–શબ્દ બીજ–મારી હૃદયરૂપ ઊંડી ભૂમિમાં પડ્યાં હતાં, પણ અત્યારે તમારી કૃપારૂપ ભીનાશથી તેમને સંવાદરૂપ ફળો આવ્યાં છે.[64] હે અનંત! નારદ આદિ સંતોની ભાષણરૂપ નદીને માટે તમારો અને મારો જે સંવાદ, તે સંવાદરૂપ સુખનો હું સમુદ્ર થયેલો છું.[65] હે પ્રભો! હે સદ્ગુરો! મેં જન્મજન્માન્તરમાં જે જે ઉત્તમ પુણ્યો કરેલાં હશે, તે પુણ્યોએ તમારી પ્રાપ્તિ મને કરાવી છે અને એમ કરીને તેઓ મારા ઋણમાંથી મુક્ત થયાં છે.[66] નહિ તો, જો

કે વડિલોના મુખથી તમારા ગુણાનુવાદો નિત્ય સાંભળવામાં આવતા હતા, પણ જ્યાં સુધી આપની કૃપા થઈ નહોતી, ત્યાં સુધી સત્ય તત્ત્વને હું ઓળખી શક્યો નહોતો;[૬૭] અર્થાત્ જે વેળાએ ભાગ્ય અનુકૂળ થાય છે, તે વેળાએ કરેલા સર્વ ઉદ્યોગો સફળ થઈ જાય છે, તેજ પ્રમાણે, જ્યારે ગુરુની કૃપા થાય છે, ત્યારે સાંભળેલું અને અધ્યયન કરેલું બધું ખરું છે, એવો સાક્ષાત્ અનુભવ થઈ શકે છે.[૬૮] માળી જો કે વૃક્ષોને પાણી પાઇને ઉછેરવામાં અગાધ શ્રમ કરે છે, છતાં તેમને જે પ્રમાણે વસંતઋતુવિના ફળો આવતાં નથી;[૬૯] અહો! જ્યારે વિષમજ્વર ઊતરવા માંડે છે, ત્યારે મધુર પદાર્થ મીઠા લાગે તેમાં કાંઈ નવાઈ નથી, પણ ઔષધ આદિ પદાર્થો પણ મધુર લાગે છે.[૧૭૦] કિંવા ઇંદ્રિયો, વાચા અને પ્રાણમાં જ્યારે ચૈતન્ય આવીને સંચાર કરે છે, ત્યારે જ તેમની સાર્થકતા થાય છે;[૭૧] તે જ પ્રમાણે, વેદશાસ્ત્રોનો અથવા યોગ આદિકનો અભ્યાસ કરવા છતાં જ્યારે ગુરુની કૃપા થાય છે, ત્યારે જ તે આપણા ઉપયોગમાં આવી શકે છે."[૭૨] એ પ્રમાણેનો અનુભવ પ્રાપ્ત થવાથી અર્જુન નિશ્ચયપૂર્વક સંતોષથી નૃત્ય કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે:-"તમારું બોલવું ખરેખરી રીતે મારા અનુભવમાં આવ્યું;[૭૩] એટલા માટે, હે મુક્તિદાતા શ્રીકૃષ્ણ! મને ખરેખર એવો અનુભવ આવ્યો છે કે, તમે દેવ અને રાક્ષસની બુદ્ધિને ગમ્ય નથી જ.[૭૪] હે દેવ! તમારા બોલવાનો ભાવ સમજવા ન છતાં જે કોઈ પોતાના જ્ઞાનવડે જ તમને જાણવાની કલ્પના કરે છે, તેને તમારું જ્ઞાન થતું નથી, એવો મારો તો દૃઢ નિશ્ચય થઈ ચૂક્યો છે.[૭૫]

स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥

[હે પુરુષોત્તમ! હે ભૂતભાવન અર્થાત્ પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનાર! હે ભૂતેશ! હે દેવાધિદેવ! હે જગત્પતે! આપ પોતાના સામર્થ્યથી જ પોતાને જાણો છો. ૧૫]

"જેવી રીતે આકાશની વિશાળતાને આકાશ જ જાણે છે, કિંવા પૃથ્વીના વજનની પૃથ્વીનેજ માહિતી હોય છે;[૭૬] તે જ પ્રમાણે, હે લક્ષ્મીપતે! તમારી સર્વ શક્તિને તમે પોતે જ જાણો છો. તમારી શક્તિ અમારા જાણવામાં આવી છે, એવો વેદ આદિક વ્યર્થ ગર્વ ધરાવે છે![૭૭] અહો! મનની ગતિને કેમ કરીને પાછી ઠેલી શકાય વારુ? વેગમાં વહન કરતા વાયુને કેમ કરીને રોકી શકાય? અને બાહુવડે માયાના સમુદ્રને કેમ કરીને તરી જવાય?[૭૮] એ જ પ્રમાણે, તમારું જ્ઞાન થવું બહુ જ દુર્લભ છે અને તેથી જ તે ઘણાકોને થતું નથી; પરંતુ એ તમારા જ્ઞાનને તમે પોતે જ સમજી શકો છો.[૭૯] હે મહારાજ! તમારું જ્ઞાન તમારામાં છે અને તે બીજાઓને આપવાને પણ તમે સમર્થ છો; તો એકવાર મારી આકાંક્ષાના કપાળપરના પ્રસ્વેદને લૂછી નાંખો. મારી સાંભળવાની ઇચ્છા પૂર્ણ કરો.[૧૮૦] હે પ્રાણી માત્રના ઉત્પાદક! હે સંસારરૂપ (મદમસ્ત) હાથીના નાશ કર્તા પંચાનન! અહો! સર્વ દેવોના પૂજ્ય અને જગતના સ્વામિન્! આપે સાંભળ્યું કે?[૮૧] તમારી મહત્તાને અમે ઓળખવાનો ભલે દંભ બતાવીએ, પણ ખરી રીતે તો તમારી જોડે ઊભા રહેવાને પણ અમે યોગ્ય નથી અને સંકટથી-એ અયોગ્યતાથી-બ્હીને જો અમે તમારી પ્રાર્થના ન કરીએ, તો પછી અમારા મનના સમાધાન માટેનો બીજો કોઈ ઉપાય જ નથી.[૮૨] ચારે તરફ સમુદ્ર અને નદીઓ પાણીથી ઉભરાઈ જતાં હોય, તોય ચાતકને તેમનો શો ઉપયોગ? કારણ કે, તેને તો જ્યારે (સ્વાતિના) મેઘના બિન્દુ પડે છે, ત્યારે જ પીવા માટે જળની પ્રાપ્તિ થાય છે;[૮૩] તે જ પ્રમાણે હે કૃષ્ણ! જગતમાં જો કે ચારે તરફ ગુરુઓ પ્રસરેલા છે, છતાં મારો તો તમારા વિના બીજો કોઈ પણ ગુરુ નથી. અસ્તુ. હવે આપની વિભૂતિનું વર્ણન કરો.[૮૪]

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥ १६ ॥

[જે વિભૂતિના યોગે તમે આ સર્વ લોકોને વ્યાપી રહેલા છો, તે તમારી સર્વ અદ્ભુત વિભૂતિઓ કહો. ૧૬]

"મહારાજ! આપની જે કાંઈ પણ વિભૂતિઓ હોય, તેમાંની જેટલી વ્યાપક, શક્તિમાન્ અને સતેજ છે, તેટલી મને બતાવો.[૮૫] હે અનન્ત! જે તમારી વિભૂતિઓ ત્રણે લોકને વ્યાપી રહેલી છે, તેમાંની મુખ્ય મુખ્ય અને માન્ય હોય તે કહો.[૮૬]

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिंतयन् ।
केषु केषु च भावेषु चिंत्योऽसि भगवन्मया ॥ १७ ॥

[હે યોગિન્! તમારું સતત ચિન્તન કરનારો જે હું, તે તમને કેવી રીતે જાણી શકું? અને હે ભગવન્! કઈ કઈ વસ્તુમાં મારે તમારું ધ્યાન ધરવું? ૧૭]

"હે મહારાજ! હું તમને કેમ કરીને જાણી શકું? અને નિત્ય શાનું ચિન્તન કરું? જ્યાં સર્વત્ર તમે જ છો, એમ કહીએ, તો તો પછી મારાથી તમારું ચિન્તન થવાનું જ નહિ.[૮૭] એટલા માટે, પૂર્વે* તમે સંક્ષેપથી પોતાના જે ભાવો કહેલા છે, તેમનો જ એકવાર વિસ્તાર કરી સંભળાવો.[૮૮] જે જે વિભૂતિમાં તમે છો, એમ ધારીને ચિન્તન કરતાં મને શ્રમ ન પડે, એવી તમારી પ્રાપ્તિની જે યુક્તિ હોય, તે સ્પષ્ટ કરીને કહો.[૮૯]

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥ १८ ॥

[હે જનાર્દન! તે તમારાં યોગ અને વિભૂતિ પુનઃ મને વિસ્તારથી કહો. કારણ કે, તમારું અમૃતસમાન ભાષણ ગમે તેટલું સાંભળવા છતાં મારી તૃપ્તિ જ થતી નથી. ૧૮]

"હે ભૂતપતે! મેં જે વિભૂતિ વિશે તમને પ્રશ્ન કરેલું છે, તે કહો. તેની તે જ વાત ફરીફરીને શું કહીએ, એમ કદાચિત્ તમે કહેશો;[૧૯૦] તો, હે જનાર્દન! એવી શંકાને મનમાં આવવા દેશો નહિ; કારણ કે, જગતમાંનું જે અમૃતપાન છે, તેને પણ કોઈ 'બસ' કહેતું નથી–તેથી કોઈ ધરાતું નથી.[૯૧] જે અમૃત, કાલકૂટ વિષનો સહોદર ભ્રાતા છે અને મરણની ભીતિથી દેવોએ તેનું પ્રાશન કરેલું હોવા છતાં પણ બ્રહ્મદેવના એક જ દિવસમાં ચૌદ ઇન્દ્રો લય પામે છે![૯૨] ક્ષીરાબ્ધિનો એવો એક રસ છે કે, જેને વ્યર્થ અમૃત નામ પ્રાપ્ત થયેલું છે; પણ તેના સ્વાદથી પણ જ્યારે કોઈની તૃપ્તિ થતી નથી–[૯૩]તે તુચ્છ અમૃતના સ્વાદનો જ્યારે આટલો બધો મહિમા છે–ત્યારે તમારું બોલવું તો ખરેખરું જ્ઞાનામૃત છે!–તેથી કોણ તૃપ્ત થાય વારુ?[૯૪] એ મંદરાચલને ન હીલવતાં અને ક્ષીર-સાગરનું મંથન ન કરતાં સહજ પ્રાપ્ત થનાર એ અનાદિ અમૃત હોઈને સ્વભાવતઃ સ્વયમેવ છે.[૯૫] એ ટપકતું નથી, પાતળું પડતું નથી અને ઘાટું પણ થતું નથી. એનાં માધુર્ય અને સૌગંધ્ય સમજમાં આવી શકતાં નથી અને એ સ્મરણ કરવાંની સાથે જ ગમે તેને પ્રાપ્ત થાય છે.[૯૬] એની વાર્તા સાંભળતાં જ સર્વ સંસાર મિથ્યા ભાસવા માંડે છે અને એના યોગે બળવાન્ અમૃતત્વ પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે;[૯૭] એના યોગે જન્મ મરણની ઘટમાળાનો સમૂળ ઉચ્છેદ થાય છે અને બાહ્યાભ્યંતર

* આ જ અધ્યાયના ચતુર્થ, પંચમ અને ષષ્ઠ એ ત્રણ શ્લોકો જુઓ.

મહા સુખનો લાભ થાય છે.[૯૮] પછીથી જો દૈવયોગે એનું સેવન કરવાનો પ્રસંગ મળે છે, તો તે આત્મરૂપ બનાવી દે છે. એવા પ્રકારનું તમારું જે જ્ઞાનામૃત, તે જ્યાં તમે મને પીવાડવા બેઠા છો, ત્યાં મારાથી 'બસ' એમ કહી શકાતું નથી.[૯૯] પ્રથમ તો તમારું નામ જ મને બહુ પ્રિય છે, તેમાં વળી તમારો મેળાપ થતાં સહવાસ થયો અને અંતે આનંદમાં આવીને તમે ઉપદેશ આપવા લાગ્યા;[૧૦૦] એટલે હવે એ સુખ શાના જેવું છે, એ મારાથી કહી શકાતું નથી; છતાં મને અંતરમાં ઘણો જ સંતોષ થાય છે; અર્થાત્ તમારા મુખથી પુનઃ એકવાર ઉપદેશ સાંભળવાની મારી ઇચ્છા થાય, એ સર્વથા સ્વાભાવિક જ છે.[૧] કદાચિત્ તમારા મનમાં શંકા આવશે કે, એકવાર કહેલાનો પુનઃ શો પ્રસ્તાવ કરવો? તો હે મહારાજ! જુવો, સૂર્યનો પ્રકાશ નિત્ય મળે છે, છતાં તેને વાસી કહી શકાશે ખરો? અગ્નિને અશુદ્ધ કહી શકાશે ખરું? કિંવા અખંડ વહન કરતા ગંગોદકમાં કાંઈ વાસીપણું હોય છે ખરું?[૨] ના. તમે પોતાના મુખથી જે જ્ઞાન કહી સંભળાવ્યું છે, તે સાંભળીને મને તો એવો જ ભાસ થયો કે, નાદ બ્રહ્મ મૂર્તિમાન્ થઇને મારા સમક્ષ ઊભો છે; તેમ જ અલભ્ય ચંદનના પુષ્પનો આજે હું સુવાસ લઉં છું."[૩] અર્જુનનું એ ભાષણ સાંભળીને શ્રી કૃષ્ણ આનંદથી ડોલવા લાગ્યા અને કહેવા લાગ્યા કે; "આ પાર્થ, ભક્તિ અને જ્ઞાનનો આકર જ થયેલો છે."[૪] એ પ્રમાણે અનુભવના સંતોષમાં પ્રેમનો ઉમળકો આવતાં તેને મહાશ્રમથી દાબીને શ્રી અનંત બોલવા લાગ્યા કે;[૫]

श्रीभगवानुवाच—हंत ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यंतो विस्तरस्य मे ॥ १९ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે અર્જુન! ઠીક છે. મારી મુખ્ય મુખ્ય વિભૂતિઓ તને કહું છું. કારણ કે, મારી વિભૂતિઓના વિસ્તારનો પાર નથી. ૧૯]

"હું બ્રહ્મદેવનો પિતા છું, એ જાણતા હોવા છતાં પણ તેનું સ્મરણ ન રહેતાં શ્રી ભગવાન્ કહેવા લાગ્યા કે; "હે તાત! બહુ સારું કર્યું.[૬] હવે ભગવાને અર્જુનને 'તાત' કહીને બોલાવ્યો, એથી આપને આશ્ચર્યચકિત થવાનું કાંઈ પણ કારણ નથી; કારણ કે, ભગવાન્ પોતે નંદપુત્ર થઇને રમત રમ્યા નહોતા કે?[૭] અસ્તુ." આવા પ્રકારો વિશેષ પ્રેમથી જ બની આવે છે, એટલે પ્રેમવશ થઇને ભગવાને કહ્યું કે;-હે ધનુર્ધર! હું જે કહું છું તે તું સાંભળ.[૮] હે સુભદ્રાપતે! તેં મારી વિભૂતિ વિશે જે પૂછ્યું છે, તે વિભૂતિઓ તો અગણિત હોઇને જો કે મારી જ છે, છતાં મારી બુદ્ધિથી પણ તેમની ગણના કરી શકાતી નથી![૯] જેવી રીતે કોઇથી પણ પોતાના શરીરપરના વાળ ગણી શકાતા નથી, તેજ પ્રમાણે મારી વિભૂતિઓ પણ મારાથી ગણી શકાતી નથી.[૧૧૦] અર્થાત્ હું પોતે કેવો છું અને કેટલો છું, એ મારા પોતાના જાણવામાં પણ આવી શકતું નથી. એટલા માટે, મારી જે જે મુખ્ય મુખ્ય અને પ્રસિદ્ધ વિભૂતિઓ છે, તે તને કહું છું તે સાંભળ.[૧૧] હે કિરીટિ! એ વિભૂતિઓને જાણવાથી બીજી બધી વિભૂતિઓ તારા જાણવામાં આવી જશે. જેવી રીતે વૃક્ષનું બીજ હાથમાં આવતાં વૃક્ષ હાથમાં આવ્યા પ્રમાણે જ થાય છે,[૧૨] અથવા તો ઉદ્યાન હસ્તગત થતાં ફળ અને ફૂલો પોતાની મેળે જ હસ્તગત થઈ જાય છે; તેજ પ્રમાણે, એ વિભૂતિઓને જોતાં સર્વ વિશ્વ જોવામાં આવી જાય છે![૧૩] હે ધનુર્ધર! બાકી ખરી રીતે જોતાં તો મારા વિસ્તારનો અંત જ નથી. આ જો, ગગન સમાન મહાન્ મહાન્ પદાર્થો પણ મારામાં સમાઈ જાય છે.[૧૪]

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामंत एव च ॥ २० ॥

[હે ગુડાકેશ! સર્વ ભૂતોના અંતરમાંનો આત્મા હું છું; અને સર્વ ભૂતોનો આદિ, મધ્ય તથા અંત પણ હું જ છું. ૨૦]

"હે ગુડાકેશ અને ધનુર્વિદ્યામાં શિવસમાન પ્રવીણ અર્જુન! સાંભળ. પ્રત્યેક પ્રાણીમાં જે આત્મા છે, તે હું છું;[15] શરીરના અંદરના ભાગના અંતઃકરણમાં હું જ છું; પ્રાણી માત્રના બહારના ભાગમાં પણ મારું જ આચ્છાદન છે; અને પ્રાણી માત્રના આરંભ, મધ્ય અને અંતમાં પણ હું જ રહેલો છું.[16] જેવી રીતે, મેઘની નીચે, ઉપર, અંદર અને બહાર, સર્વત્ર આકાશ જ હોય છે અને તે આકાશમાં ઉદ્ભવીને આકાશમાં જ રહે છે;[17] અને પછી જ્યારે તે મેઘો લય પામે છે, તે વેળાએ પણ આકાશ થઇનેજ રહે છે; તે જ પ્રમાણે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે ગતિઓ પ્રાણીમાત્રને આપનાર હું જ છું.[18] એ પ્રમાણે મારી મહત્તા ને મારી વ્યાપકતા મારી એ વિભૂતિઓના યોગેજ સમજવામાં આવી શકે છે; છતાં જીવને જ શ્રોત્રેન્દ્રિયરૂપ કર્ણ બનાવીને પૂર્વે સાંભળેલી વાતોના અનુસંધાનમાં ધ્યાન રાખીને આગળ સાંભળ.[19] હે સુભદ્રાપતે! હવે પછી તને કહેવાની વિભૂતિઓ—જે કહેવાનું મેં તને કહ્યું હતું, તેમાંની મુખ્ય મુખ્ય વિભૂતિઓ સાંભળ.[110]

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥ २१ ॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इंद्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ २२ ॥
रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥ २३ ॥

[દ્વાદશ આદિત્યોમાં વિષ્ણુ હું છું; પ્રકાશવંતોમાં કિરણવાન્ સૂર્ય હું છું; મરુદ્ગણોમાં મરીચિ હું છું અને નક્ષત્રોમાં ચન્દ્ર હું છું. વેદોમાં સામવેદ હું છું; દેવોમાં ઇન્દ્ર હું છું; ઇંદ્રિયોમાં મન હું છું અને પ્રાણીઓમાં ચેતના હું છું. રુદ્રોમાં શંકર હું છું; યક્ષરાક્ષસોમાં કુબેર હું છું; અષ્ટ વસુઓમાં અગ્નિ હું છું અને પર્વતોમાં મેરુપર્વત હું છું. ૨૧-૨૨-૨૩]

એટલું બોલ્યા પછી કૃપાવંત શ્રી કૃષ્ણ કહેવા લાગ્યા કેઃ-બાર આદિત્યોમાં વિષ્ણુ હું છું; તેજસ્વી વસ્તુઓમાં કિરણોવાળો સૂર્ય નારાયણ હું છું;[21] શ્રી કૃષ્ણ કહે છે કેઃ—ઓગણપચાસ મરુદ્ગણોમાં મરીચિ હું છું અને આકાશગત નક્ષત્રોમાં ચંદ્ર હું છું.[22]

શ્રી ગોવિન્દે કહ્યું કેઃ-વેદોમાં સામવેદ હું છું; દેવોમાં મરુદ્બંધુ જે ઇન્દ્ર તે હું છું;[23] અને ઇન્દ્રિયોમાં અગિયારમું જે મન તે હું છું, એમ જાણ. તેમ જ પ્રાણીમાત્રમાં જે મૂળ જીવ કળા છે, તે હું છું.[24]

"સર્વ રુદ્રોમાં કામદેવનો શત્રુ જે શંકર તે હું છું, એ વિશે મનમાં જરા પણ શંકા કરીશ નહિ.[25] શ્રી અનંત કહે છે કેઃ—યક્ષરાક્ષસોમાં શંકરનો મિત્ર જે ધનવાન્ કુબેર તે હું છું;[26] આઠ વસુઓમાં અગ્નિ હું છું અને સર્વ શિખરધારી પર્વતોમાં ઉચ્ચતમ ગણાતો જે મેરુ પર્વત તે હું છું.[27]

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।
सेनानीनामहं स्कंदः सरसामस्मि सागरः ॥ २४ ॥

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥२५॥

[હે પાર્થ! પુરોહિતોમાં મુખ્ય જે બૃહસ્પતિ તે હું છું એમ જાણ. સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું; અને જલાશયોમાં સમુદ્ર હું છું; સપ્ત મહર્ષિઓમાં ભૃગુ હું છું; વાણીમાં ૐકાર હું છું; યજ્ઞોમાં જપયજ્ઞ હું છું અને અચલ વસ્તુઓમાં હું હિમાલય છું. ૨૪-૨૫]

"જે ઇન્દ્રનો સચિવ (પ્રધાન) છે, સર્વ જ્ઞાનના આદિપીઠરૂપ છે અને સર્વ પુરોહિતોમાં શ્રેષ્ઠ છે, એવો જે બૃહસ્પતિ તે હું છું.[૨૮] હે અર્જુન! શંકરના વીર્યથી અગ્નિના સંગવડે જે કૃત્તિકાના ઉદરથી ઉત્પન્ન થયો છે અને જે ત્રિભુવનમાંના સેનાધ્યક્ષોમાં મુખ્ય મનાય છે, તે કાર્તિકસ્વામી હું છું.[૨૯] સર્વ સરોવરમાં જલનિધિ જે સમુદ્ર તે હું છું અને મહર્ષિઓમાં તપોરાશિ જે ભૃગુ તે હું છું.[૩૦] વૈકુંઠવાસી શ્રીવિષ્ણુએ કહ્યું કે:-"સર્વ ભાષણમાં જે સત્યથી વ્યવહાર થાય છે, તે સત્ય અક્ષર હું છું;[૩૧] સર્વ યજ્ઞોમાં કર્મત્યાગ કરીને ૐકાર આદિથી ઉત્પન્ન થતો જે જપયજ્ઞ તે હું છું[૩૨] (ઈશ્વરના) નામરૂપ જપયજ્ઞ શ્રેષ્ઠ હોવાથી જપયજ્ઞ શ્રેષ્ઠ હોઇને જેને સ્નાન આદિ કર્મોની આવશ્યકતા નથી અને જેના નામમાત્રથી ધર્મ તથા અધર્મ પવિત્ર થાય છે અને વેદોમાં જેને પરબ્રહ્મના નામથી ઓળખવામાં આવે છે, તે હું છું.[૩૩] શ્રીલક્ષ્મીપતિએ કહ્યું કે;-સ્થાવર પર્વતોમાં જે પુણ્યરાશિ કહેવાય છે, તે હિમાલય પર્વત હું છું.[૩૪]

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गंधर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥ २६ ॥
उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेंद्राणां नराणां च नराधिपम् ॥ २७ ॥

[સર્વ વૃક્ષોમાં અશ્વત્થ વૃક્ષ હું છું; દેવર્ષિઓમાં હું નારદ છું; ગંધર્વોમાં હું ચિત્રરથ છું અને સિદ્ધોમાં હું કપિલ મુનિ છું; અશ્વોમાં હું ક્ષીરસાગરમાંથી નીકળેલો ઉચ્ચૈઃશ્રવા નામક અશ્વ છું; ઉત્તમ હાથીઓમાં હું ઐરાવત છું; અને નરોમાં હું રાજા છું એમ જાણી લે. ૨૬-૨૭]

"કલ્પવૃક્ષ, પારિજાત અને ચંદનતરુ એ ગુણોમાં મહા પ્રસિદ્ધ છે, તોપણ એ સર્વમાં જે પિપ્પલ (પીપળા) નામનું જે વૃક્ષ છે, તે હું છું;[૩૫] હે પાંડવ! સર્વ દેવર્ષિઓમાં હું નારદ છું એમ જાણ; અને સર્વ ગંધર્વોમાં હું ચિત્રરથ નામથી ઓળખાતો ગંધર્વ છું.[૩૬] હે જ્ઞાનવંત! સર્વ સિદ્ધોમાં હું કપિલાચાર્ય છું અને સર્વ અશ્વોમાં હું ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ છું;[૩૭] રાજાને ભૂષણ આપનારા હાથીઓમાં હું ઐરાવત નામનો હાથી છું; અને દેવોએ મંથન કરીને ક્ષીરસાગરમાંથી* કાઢેલા રત્નોમાં હું અમૃત નામક ઉત્તમ રસ છું;[૩૮] સર્વ લોકો આજ્ઞાધારક થઇને જેની સેવા કરતા હોય છે, તે સર્વ પુરુષોમાંનો શ્રેષ્ઠ પુરુષ જે રાજા તે મારી વિશેષ વિભૂતિ છે.[૩૯]

---

* દેવોએ તથા અસુરોએ એકવાર મેરુને મંથનદંડ બનાવી, વાસુકી નાગને નેતરું બનાવી તથા મંથનદંડને કચ્છપ ભગવાનની પીઠપર મૂકી, ક્ષીરસાગરનું મથન કર્યું. આ મંથનથી લક્ષ્મી આદિ ચૌદ રત્નો નીકળ્યાં, જેમાં અમૃત તેમ જ ઐરાવતાદિ રત્નો પણ હતાં.

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः सर्पाणामस्मि वासुकिः ॥ २८ ॥
अनंतश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् २९ ॥

[આયુધોમાં હું વજ્ર નામક આયુધ છું; ગાયોમાં હું કામધેનુ છું; પ્રજાને ઉત્પન્ન કરનાર જે મદન તે હું છું; સર્પોમાં હું વાસુકી નામનો સર્પ છું; નાગોમાં હું નાગરાજ અનન્ત છું; જલ દેવતાઓમાં હું વરુણ છું; પિતરોમાં હું અર્યમા નામનો પિતર છું; અને નિયમન કરનારાઓમાં હું યમ છું.૨૮-૨૯]

હે અર્જુન! સો યજ્ઞને જેણે પરિપૂર્ણ કર્યા છે એવા ઇન્દ્રના હાથમાંનાં આયુધોમાં જે શ્રેષ્ઠ આયુધ વજ્ર છે, તે હું છું.[૪૦] શ્રી વિષ્ણુએ કહ્યું કે;-સર્વ ગાયોમાં જે કામધેનુ નામની ગાય છે તે હું છું; અને (જગતના પ્રાણીઓને) ઉત્પન્ન કરનારાઓમાં હું મદન એટલે કામદેવ છું.[૪૧] હે કુંતીપુત્ર! સર્પ કુલોનો નાયક જે વાસુકી તે હું છું; અને સર્વ નાગોમાં હું સર્વ શ્રેષ્ઠ અનંત નામક નાગ છું.[૪૨] શ્રીકૃષ્ણ કહે છે કે:-સર્વ જલદેવતાઓમાં હું પશ્ચિમ દિશાનો પતિ વરુણ છું;[૪૩] સર્વ પિતૃગણમાં હું પિતૃદેવતા અર્યમા છું, એ હું ખરેખરું કહું છું.[૪૪] જેઓ જગતનાં શુભાશુભ કર્મો લખી રાખે છે, પ્રાણીઓનાં માનસિક અને શારીરિક કર્મોની ઝડતી લે છે અને ભોગોનાં કર્માનુસાર ફળ આપે છે;[૪૫] તે નિયમન કરનારાઓમાં હું, કર્મોનો સાક્ષીભૂત યમ-ધર્મ છું; એમ રમાપતિ આત્મારામે કહ્યું.[૪૬]

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेंद्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥ ३० ॥

[દૈત્યોમાં હું પ્રહ્લાદ છું; ગણના કરનારાઓમાં હું કાળ છું; પશુઓમાં હું સિંહ (અથવા વ્યાઘ્ર) છું; પક્ષીઓમાં હું ગરુડ છું. ૩૦]

દૈત્ય કુળમાં જે પ્રહ્લાદ નામનો (ભક્તરાજ) દૈત્યનો અવતાર થયો હતો તે પ્રહ્લાદ હું છું અને તેથી જ તે દૈત્યના સ્વભાવથી લિપ્ત થયો ન હોતો.[૪૭] શ્રી ગોપાળ કૃષ્ણ કહે છે કે:-હરણ કરનારાઓમાં હું મહાકાળ છું; અને સર્વ પશુઓમાં હું વ્યાઘ્ર છું, એમ જાણ.[૪૮] હે અર્જુન! વળી સાંભળ. સર્વ પક્ષીઓમાં હું ગરુડ પક્ષી છું અને તેથી જ મને તે પોતાની પીઠપર બેસાડીને લઈ જઈ શકે છે.[૪૯]

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥ ३१ ॥

[પવિત્ર કરનારી વસ્તુઓમાં હું વાયુ છું; શસ્ત્રધરોમાં હું રામ છું; જલચરોમાં હું મકર છું અને નદીઓમાં હું ભાગીરથી (ગંગા) છું. ૩૧]

હે ધનુર્ધર! જે એક ઘટિકા કરતાં પણ ઓછા સમયમાં પૃથ્વીની આસપાસ ફરી વળે છે અને એક જ દોડમાં સાતે સમુદ્રની પ્રદક્ષિણા કરી આવે છે,[૫૦] એવો વેગવાન પદાર્થોમાં શ્રેષ્ઠતમ જે વાયુ તે વાયુ હું છું; અને હે અર્જુન! સર્વ શસ્ત્રધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ હું શ્રી દાશરથી રામ છું:[૫૧] જે રામે ત્રેતાયુગમાં સંકટમાં પડેલા ધર્મની દયા ખાઈને, પોતાના સ્વરૂપનું જ બીજું

ધનુષ્ય બનાવી, વિજયશ્રી માટે પોતાના વિના બીજો માર્ગ જ શોધ્યો નહોતો;[૫૨] અને ત્યાર પછી સુવેલાચલપર ઊભા રહીને લંકાપતિ રાવણના મસ્તકોની પંક્તિ ગગનમાં ઉદે ઉદે કહેનારા ભૂતોને બળિ તરીકે આપી દીધી હતી;[૫૩] જે રામે દેવોના માનનું રક્ષણ કર્યું હતું; ધર્મ જીર્ણોદ્ધાર કર્યો હતો અને જે રામ સૂર્યવંશમાં કેવળ પ્રતિસૂર્ય તરીકે જ ઉદિત થયો હતો;[૫૪] તે શસ્ત્રોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ સીતાપતિ જે રામચન્દ્ર તે હું છું. પુચ્છવાળાં જલચરોમાં હું મકર છું;[૫૫] વહન કરતી સર્વ નદીઓમાં, જે ગંગાને ભગીરથ રાજા સ્વર્ગમાંથી (આ પૃથ્વીના પ્રાણીઓના કલ્યાણ માટે) લાવતો હતો, એટલામાં જહ્નુએ જેને ગળીને પછી પોતાની સાથળ ફાડીને માર્ગ આપ્યો હતો;[૫૬] તે ત્રૈલોક્યમાંની સર્વ નદીઓમાં, જે મુખ્ય નદી જાહ્નવી, તે હું છું, એમ, હે અર્જુન! તું જાણ.[૫૭] એ પ્રમાણે સૃષ્ટિમાંની એક એક ભિન્ન ભિન્ન વિભૂતિનું વર્ણન કરવા બેસીએ, તો એક હજાર જન્મમાં અર્ધ સંખ્યા વિભૂતિઓનું પણ પૂરું વર્ણન થઈ શકે તેમ નથી.[૫૮]

सर्गाणामादिरंतश्च मध्यं चैवाहमर्जुन ।

अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥ ३२ ॥

अक्षराणामकारोऽस्मि द्वंद्वः सामासिकस्य च ।

अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥

[હે અર્જુન! હું સૃષ્ટ પદાર્થોનો આદિ, મધ્ય અને અન્ત છું; સર્વ વિદ્યામાં આત્મા અને અનાત્માના ભેદને દર્શાવનાર અધ્યાત્મ વિદ્યા હું છું; વાદવિવાદમાં તત્ત્વને જાણવાની ઇચ્છાથી કરવામાં આવતો જે વાદ તે હું છું, અક્ષરોમાં હું ૐ અક્ષર છું; સમાસોમાં હું દ્વંદ્વ સમાસ છું; અક્ષય કાળ હું છું અને સર્વત્ર કર્મફળદાતા હું છું. ૩૨–૩૩]

જેવી રીતે સર્વ નક્ષત્રોને વીણી લેવાની મનમાં ઇચ્છા ઉદ્ભવતાં, આકાશની પોટલી બાંધવાથી જ તે સર્વ (નક્ષત્રો) હાથમાં આવવાનો સંભવ હોય છે;[૫૯] અથવા તો, પૃથ્વીના પરમાણુઓની જો જડતી લેવી હોય, તો ભૂગોળને જ બગલમાં મારી લેવો જોઇએ; તે જ પ્રમાણે જો મારા વિસ્તારને જાણવાની ઇચ્છા હોય, તો મને પોતાને જ પ્રથમ જાણવો જોઇએ. (એટલે તે સર્વ દૃષ્ટિગોચર થશે.)[૨૬૦] શાખા, પુષ્પ અને ફળોને એકદમ લઈ-સમેટી-લેવાની ઈચ્છા થતાં, જેમ વૃક્ષને મૂળસહિત ઊખેડી લેવું પડે છે,[૬૧] તે જ પ્રમાણે મારી સર્વ વિભૂતિઓને જાણી લેવાની ઇચ્છા થતાં, મારા નિર્દોષ સ્વરૂપને પ્રથમ જાણી લેવું જોઈએ. (એટલે મારી સર્વ વિભૂતિઓ સહજ જાણવામાં આવી જાય છે.)[૬૨] હે અર્જુન! જો એમ ન કરવામાં આવે, તો એક એક કરીને મારી વિભૂતિઓને કયાં સૂધી તું સાંભળીશ? અર્થાત્ એકવાર તેં મને જાણી લીધો, કે તે સર્વ વિભૂતિઓ પોતાની મેળે જ તારા જાણવામાં આવી જશે.[૬૩] હે કિરીટી! હું સમસ્ત સૃષ્ટિનો આદિ, મધ્ય અને અન્ત છું. જેવી રીતે વસ્ત્રમાં તંતુ (તાંતણા) ઊભા અને આડા ભરેલા હોય છે,[૬૪] તે જ પ્રમાણે, જે હું સર્વવ્યાપક છું, તેવા મને તું જાણ. એમ કર્યા પછી, મારી વિભૂતિઓને જાણવાની આવશ્યકતા જ શી છે? પરંતુ એમ કરવાની તારી યોગ્યતા નથી, માટે એ વાતને આટલેથી જ રહેવા દે![૬૫] હે સુભદ્રાપતે! તેં મારી વિભૂતિઓ કઈ છે, એમ પૂછ્યું છે, તો તે સાંભળ. (આત્મજ્ઞાન કરાવનારી) સર્વ વિદ્યાઓમાં હું વેદાંત વિદ્યા છું.[૬૬] અરે, બોલનારાઓમાં જે સર્વ શાસ્ત્રોની સંમતિથી કદાપિ સમાપ્ત થતો નથી તે વાદ હું છું.[૬૭] નિશ્ચય કરવા છતાં જેની વિશેષ વૃદ્ધિ થાય છે, સાંભળનારના તર્કને બલવાન્ બનાવે છે અને તે તર્કના આધારે મધુર ભાષણો થાય છે;[૬૮] શ્રીગોવિન્દે કહ્યું–એવા ઊહાપોહમાં જે વાદ ચાલે છે, તે વાદ હું છું

અને અક્ષરોમાં હું સર્વથી વિશેષ ૐમાં જે અ-ઉ-મ તેમાં સ્પષ્ટ અકાર છું.[૬૯] વ્યાકરણમાં જે સમાસ આવે છે તે સમાસોમાં હું દ્વંદ્વ સમાસ છું એમ જાણ; અને એક મક્ષિકાથી તે બ્રહ્મદેવપર્યન્ત સર્વને ગ્રસનારો કાળ હું છું;[૭૦] મેરુ મંદરાદિ સહિત પૃથ્વીનો જે નાશ કરે છે અને પ્રલય કાળમાં જળમય થયેલા જગતને જે તેના સ્થાનમાં જ શમાવી દે છે;[૭૧] હે કિરીટી! તેવા પ્રલયકાળના તેજને જે આલિંગન આપે છે, સર્વ વાયુઓને ગળી જાય છે અને જેના ઉદરમાં આકાશ પણ સમાઈ જાય છે,[૭૨] એવો જે અપરિમિત કાળ તે હું છું. એમ લક્ષ્મી સાથે વિલાસ કરનારા શ્રીકૃષ્ણે કહ્યું. તેઓ આગળ વધીને કહેવા લાગ્યા કે; રે! સૃષ્ટિનો ઉત્પન્નકર્ત્તાયે હું છું.[૭૩]

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक् च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ ३४ ॥

[સર્વ સંહારક મૃત્યુ હું છું; ઉત્પન્ન થનારા ભાગ્યવાન્ પ્રાણીઓનું હું ભાગ્ય છું અને સ્ત્રીલિંગી વિભૂતિઓમાં કીર્ત્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, બુદ્ધિ, ધૃતિ (ધૈર્ય), અને શાંતિ હું છું. ૩૪]

ઉત્પન્ન થયેલા પ્રાણી માત્રને ધારણ કરનારો હું જ છું; સર્વનું જીવન પણ હું જ છું અને અંતે હું સર્વનો સંહાર કરતો હોવાથી મૃત્યુ પણ હું જ છું, એમ સમજ.[૭૪] હવે સ્ત્રીજાતિમાંની મારી બીજી સાત વિભૂતિઓ છે, તેમનું હું કૌતુકથી વર્ણન કરું છું તે સાંભળ.[૭૫] હે અર્જુન! નિત્ય નવીન જે કીર્તિ તે મારી જ મૂર્તિ છે; ઉદારતાયુક્ત જે સંપત્તિ તે પણ હું જ છું, એમ જાણ;[૭૬] અને ન્યાયના સિંહાસને વિરાજીને વિચારના માર્ગમાં ચાલનારી જે વાણી તે પણ હું જ છું.[૭૭] પદાર્થને જોતાં જેના યોગે મારી સ્મૃતિ થઈ આવે છે, તે સ્મરણ શક્તિ પણ હું જ છું, એમ દૃઢતાથી જાણ.[૭૮] આ લોકમાં સ્વહિતને જાગ્રત કરનારી જે બુદ્ધિ તે હું છું અને આ ત્રિભુવનમાં ધૃતિ તથા ક્ષમા પણ હું છું.[૭૯] સંસારગજેન્દ્રનો નાશ કરવામાં કેવળ સિંહ એવા ભગવાન્ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;–"એવી રીતે સ્ત્રીજાતિની જે સાત શક્તિઓ છે, તે સર્વ હું જ છું, એમ તારે જાણવું."[૨૮૦]

बृहत्साम तथा साम्नां गायत्री छंदसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ ३५ ॥

[સામોમાં બૃહત્સામ હું છું; છંદોમાં હું ગાયત્રી છંદ છું; માસોમાં હું માર્ગશીર્ષ માસ છું અને ઋતુઓમાં હું વસન્ત ઋતુ છું. ૩૫]

શ્રી રમાપતિ કહે છે કે;–"હે મિત્રશ્રેષ્ઠ! વેદોમાંના સામસમુદાયમાં હું બૃહત્સામ છું.[૮૧] સાત છંદોમાં જે ગાયત્રી નામનો છંદ છે તે હું છું અર્થાત્ તે મારું સ્વરૂપ છે એમ તું નિઃસંશય જાણ."[૮૨] શ્રીકૃષ્ણ કહે છે કેઃ–સર્વ માસોમાં હું માર્ગશીર્ષ માસ છું અને સર્વ ઋતુઓમાં પુષ્પોની વૃદ્ધિ કરનાર વસન્ત ઋતુ હું છું.[૮૩]

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥ ३६ ॥
वृष्णीनां वासुदेवोऽस्मि पांडवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥ ३७ ॥

[છળ કરનારાઓમાં હું દ્યૂત (જુગાર) છું; તેજસ્વીઓમાંનું તેજ હું છું; જય હું છું; ઉદ્યોગ હું છું અને સાત્ત્વિકોમાંનું સત્ત્વ હું છું. યાદવોમાં હું વાસુદેવ છું; પાંડવોમાં હું અર્જુન છું; મુનિઓમાં હું વ્યાસ છું અને કવિઓમાં હું ઉશના નામનો કવિ છું. ૩૬–૩૭]

હે વિદ્વાન્ અર્જુન! બીજાને છળવાના જે પ્રકારો છે, તેમાં જે દ્યૂત નામની વિદ્યા છે, તે હું છું, અને એટલા માટે જ ચકલાપર અર્થાત્ પ્રત્યક્ષપણે આ દ્યૂતરૂપી ચોરી કરવામાં આવે છે તોપણ તેનો પ્રતિષેધ કરવામાં આવતો નથી.[૮૪] સર્વ સતેજ પદાર્થોમાં તેજ નામની જે વસ્તુ છે, તે હું છું, એમ નક્કીપણે જાણ; અને સર્વ આરંભેલા કાર્યોમાં જેની અભીચ્છા રાખવામાં આવે છે તે જય પણ હું જ છું.[૮૫] દેવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;–નીતિને ન ત્યાગનારો સર્વ ઉદ્યોગોમાંનો જે ઉદ્યોગ તે હું છું; અર્થાત્ સદ્ઉદ્યોગ મારું જ સ્વરૂપ છે.[૮૬] સત્ત્વધીશોમાં હું સત્ત્વ છું અને યાદવોમાં હું વાસુદેવ એટલે શ્રીમંત છું, એમ શ્રીકૃષ્ણે કહ્યું.[૮૭] જે દેવકી અને વસુદેવ માટે જન્મ ધારણ કરીને યશોદાની પુત્રી માટે ગોકુળમાં ગયો હતો અને સ્તનપાન કરવાના નિમિત્તથી જેણે પૂતના રાક્ષસીના પ્રાણ હર્યાં હતા તે હું છું.[૮૮] હજી તો બાલ્યાવસ્થાની કલિકા પણ પૂરી ખીલી નહોતી એટલામાં તો જેણે પૃથ્વીને દૈત્યરહિત કરી અને હસ્તમાં ગોવર્ધન પર્વત ધારણ કરીને ઇન્દ્રના ગર્વનું હરણ કર્યું હતું;[૮૯] જેણે યમુનામાંના કાલીય સર્પનું મર્દન કરીને તેના દ્રોમાંના દુઃખનું નિવારણ કર્યું હતું. (કાલીયમર્દનના સમયમાં સર્વ લોકો ગોકુલને ત્યાગીને યમુનાના તીરે આવ્યા હતા તે વેળાએ તેમને બાળનારા અગ્નિનું ભક્ષણ કરીને તેમનું સંરક્ષણ કર્યું હતું;) અને બ્રહ્મદેવે ગોબાલકો તથા વત્સોનું હરણ કરતાં તે સર્વ નવીન ઉત્પન્ન કરીને તેને જેણે ગાંડો બનાવી દીધો હતો;[૧૯૦] બાળદશાના આરંભકાળમાં કંસ અને ચાણૂર આદિ મોટા મોટા પ્રચંડ યોધાઓને જેણે સહજમાં જ વિદારી નાખ્યા હતા.[૯૧] એવી એવી તને કેટલીક વાતો કહી સંભળાવું. તેં પોતે પણ એવી અનેક વાતો સાંભળી અને જોઈ છે. અર્થાત્ યાદવોમાં એવી જે મારી કૃતિ છે તે જ મારું સ્વરૂપ છે;[૯૨] અને સોમવંશમાં તમારા પાંડવોમાં હું તું–જે અર્જુન તે હું જ છું એમ સમજ. હું પંડે પણ અર્જુન હોવાથી જ તારા અને મારા પ્રેમભાવમાં અંતર પડતો નથી.[૯૩] તું લોકદૃષ્ટિથી સંન્યાસી બનીને મારી ભગિની સુભદ્રાને હરી ગયો હતો, છતાં પણ તારા વિશે મારા મનમાં સંશય ઉત્પન્ન થયો નહોતો, કારણ કે તારું અને મારું સ્વરૂપ એક જ છે![૯૪] સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ જે વ્યાસ મુનિ તે હું છું અને સર્વ કવિઓમાં શ્રેષ્ઠ જે *ઉશનાચાર્ય તે હું છું, એમ યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે કહ્યું.[૯૫]

दंडो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥ ३८ ॥

[દમન કરનારાઓમાં દંડ એટલે કે શિક્ષા હું છું; જય મેળવવા ઇચ્છનારાની નીતિ હું છું; ગુહ્ય વાર્ત્તાઓમાં હું મૌન છું અને જ્ઞાનવંત જનોનું જે જ્ઞાન તે હું છું. ૩૮]

શિક્ષામાં જે સર્વથી મોટી શિક્ષા કે જે કીટિકાથી તે બ્રહ્મદેવ પર્યન્ત સર્વને સમાન શાસન કરે છે, તે શિક્ષા હું છું, એમ સમજ.[૯૬] સારાસારનો વિચાર કરીને જે શાસ્ત્રોમાં ધર્મનું અનુકરણ કરેલું હોય છે, તે સકલ શાસ્ત્રોમાંનું હું નીતિશાસ્ત્ર છું.[૯૭] હે બલવાન્ અર્જુન! સર્વ ગુહ્ય વાર્ત્તાઓમાં હું મૌન છું અને એટલા માટે મૌન ધારણ કરનાર સમક્ષ બ્રહ્મદેવ સુદ્ધાં પણ અજ્ઞાની ઠરી જાય છે.[૯૮] અરે, જ્ઞાનીઓમાં જે જ્ઞાન છે, તે હું જ છું, એમ જાણ. હવે

* એને શુક્રાચાર્ય પણ કહેવામાં આવે છે; પરંતુ સોમવંશીય યયાતિ રાજાની પત્ની જે દેવયાની તેનો પિતા જે શુક્રાચાર્ય તે આ નહિ. આ વારુણિ કવિનો પુત્ર હતો અને દેવયાનીનો પિતા વારુણિ ભૃગુનો પુત્ર હતો.

વિભૂતિના વિસ્તારને રહેવા દે; કારણ કે, ગમે તેટલો શ્રમ કરવા છતાં પણ તેનો અંત તો નથી જ આવવાનો.[९९]

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥ ३९
नांतोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥

[હે અર્જુન ! સર્વભૂતોનું જે બીજ તે હું છું; મારા વિના હોઈ શકે એવું ચરાચર ભૂત કાંઈ પણ નથી. ૩૯ હે શત્રુતાપન ! મારી દિવ્ય વિભૂતિનો અંત નથી; જે આ વિભૂતિનો વિસ્તાર છે, તે મેં તને સંક્ષેપથી કહી સંભળાવ્યો છે. ૩૯-૪૦]

હે અર્જુન ! વર્ષાની જલધારાઓની ગણના કરી શકાય એમ છે ખરું ? અથવા તો પૃથ્વી-પરના ઘાસનાં તણખલાં ગણી શકાશે ખરાં ? ના.[૩૦૦] સમુદ્રમાંની લહરીઓની પણ જેમ ગણના કરી શકાતી નથી, તદ્વત્ મારી ગુણવિશેષ વિભૂતિઓની ગણના પણ કરી શકાય તેમ નથી જ.[૧] હે અર્જુન ! વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ મેં તને મારી મુખ્ય મુખ્ય પંચોતેર વિભૂતિઓ કહી સંભળાવી; પરંતુ મારી વિભૂતિઓને સમજી લેવા માટેની તારા મનમાં જે ઇચ્છા ઉત્પન્ન થઈ તે મને તો વ્યર્થ જ લાગી.[૨] કારણ કે, મારી બીજી વિભૂતિઓનો કેટલો બધો વિસ્તાર છે એનો પત્તો ન હોવાથી તું કેટલુંક સાંભળી શકે અને હું કેટલુંક કહી શકું ?[૩] એટલા માટે એકવાર હું તને મારો ભેદ જણાવી દઉં છું કે, જે બીજમાંથી ભૂતોના અંકુર ફૂટે છે, તે બીજ હું છું;[૪] અર્થાત્ લઘુ ગુરુ કાંઈ પણ ન માનતાં ઉચ્ચ નીચના ભાવને ત્યાગીને સર્વ વસ્તુઓમાં હું જ ભરેલો છું, એમ માન.[૫] હે અર્જુન ! એના કરતાં પણ એક સર્વસાધારણ સંકેત તને કહું છું તે સાંભળ. એના યોગે તું મારી વિભૂતિઓને તત્કાળ ઓળખી શકીશ.[૬]

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥ ४१ ॥
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ४२ ॥

[હે અર્જુન ! જે જે વસ્તુ ઐશ્વર્યયુક્ત, શોભાયુક્ત અથવા અન્ય કોઈ પણ પ્રભાવથી યુક્ત હોય, તે મારા તેજના અંશમાંથી જ (ઉત્પન્ન) થએલી છે, એમ તું જાણ. અથવા હે અર્જુન ! મેં જે આ પુષ્કળ વાતો તને કહી, તેને સાંભળવાનું ફળ શું ? (એ જ કે,) આ સમસ્ત જગતને મેં એક અંશથી વ્યાપ્ત કરેલું છે, એટલું તું સમજે એટલે થયું. ૪૧-૪૨]

હે ધનંજય ! જે જે સ્થાનમાં સંપત્તિ અને દયાનું વાસ્તવ્ય હોય, તે તે સ્થાનમાં મારો અંશ છે, એમ સમજવું.[૭] અથવા આકાશમાં સૂર્યબિંબ એક જ હોવા છતાં તેની પ્રભાનો જેમ ત્રિભુવનમાં પ્રસાર થાય છે; તે જ પ્રમાણે જે એકલાની આજ્ઞાનું સર્વ જન પાલન કરે છે;[૮] તે મહાનુભાવને એકલો જાણીશ નહિ અને તેને નિર્ધન પણ માનીશ નહિ; જો-વિચાર કરી જો કે, બીજાની ઇચ્છાને તૃપ્ત કરવા માટે કામધેનુને પોતાની સાથે કાંઈ સામગ્રી લેવી પડે છે ખરી કે ?[૯] તેની પાસેથી તો જે વેળાએ જે કોઈ જે વસ્તુની યાચના કરે છે, તેને તે તત્કાળ

તે વસ્તુ આપીને સંતોષે છે. એવી જ રીતે મારી વિભૂતિના અંગમાં સર્વ ઐશ્વર્ય ભરેલું છે.[૨૧૦] એ જ મારી વિભૂતિને ઓળખવાનો સંકેત છે, એમ તારે જાણવું. હે અર્જુન ! જેમની આજ્ઞાઓ લોકોવડે શિરસામાન્ય કરાતી તારા જોવામાં આવે, તેઓ વિભૂતિ એટલે કે મારા અવતાર છે એમ જ તું સમજજે.[૧૧] મારી વિભૂતિમાં સામાન્ય વિભૂતિ અને વિશેષ વિભૂતિ એવો ભેદ માનવો એ એક મહાદોષ છે, કારણ કે, આ સમસ્ત વિશ્વમાં હુ જ એકલો ભરેલો છું.[૧૨] આમ હોવાથી સાધારણ વિભૂતિ અને અસાધારણ વિભૂતિની કલ્પના કરીને વિનાકારણ પોતાની બુદ્ધિને કલંકિત શા માટે કરવી જોઇએ ?[૧૩] ઘૃતનું વિનાકારણ શાને મંથન કરવું જોઇએ ? અમૃતને ઉકાળીને અડધું સૂકવી દેવાનો હેતુ શો ? શું તેમ જ વાયુને જમણી અને ડાબી બાજૂ હોય છે ?[૧૪] સૂર્યબિંબના આગળ અને પાછળના ભાગને જોવાનો યત્ન કરતાં માત્ર આપણી દૃષ્ટિનો જ લોપ થાય છે; (તે સર્વ પ્રકાશમય હોવાથી તેને આગળ અને પાછળના ભાગો જ નથી અને તેથી તેની તરફ જોતાં નેત્રો અંધ બની જાય છે,) તેવી જ રીતે, મારા સ્વરૂપમાં સાધારણ અને વિશેષ એવો ભેદ નથી.[૧૫] અને હે સુભદ્રાપતે ! મારી જે બીજી અનંત વિભૂતિઓ છે, તેમની તું કેટલીક ગણના કરી શકવાનો હતો ? એટલા માટે, મારી વિભૂતિઓને જાણવાની તારી ઇચ્છાને પૂર્ણ કર.[૧૬] મારા એક અંશવડે જ આ સર્વ જગત્ ભરેલું છે, અને તેથી અભેદબુદ્ધિથી સર્વત્ર હુ જ છું, એમ જાણીને કેવળ મને જ ભજ.[૧૭] જ્ઞાનરૂપ વનને વસંત ઋતુ પ્રમાણે આનંદ આપનાર અને વિરકતોને એકાંતમાં સમાગમ સુખ આપનાર સકલૈશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ પરમાત્મા એ પ્રમાણે બોલ્યા;[૧૮] એટલે અર્જુને કહ્યું કે;–"હે પ્રભો ! 'મારી વિભૂતિમાં ભેદ માનીશ નહિ' એમ જે આપે કહ્યું, તે આપની મહત્તાને શોભાવનારું જ છે ! કારણ કે, એમ માનવાથી ભેદ ભિન્ન અને તેને ત્યાગનારા અમે ભિન્ન, એમ સિદ્ધ થવાનો સંભવ છે.[૧૯] સૂર્ય ઉદિત થવા પૂર્વે જગતને, 'હુ આવું છું માટે અંધકારને એક બાજુએ ખસેડી દો' એમ કોઈ કહે છે ખરો ? ના. (કારણ કે, સૂર્યના ઉદયની સાથે જ અંધકારનો પોતાની મેળે જ લોપ થઈ જાય છે. તે જ પ્રમાણે સમસ્ત જગત્ ઈશ્વરમય છે એવું જ્ઞાન થતાંની સાથે જ ઈશ્વરને જાણનાર પણ તદ્રૂપ થાય છે.) પણ હે દેવ ! જો આ વિષયમાં આપને અવિચારી કહીએ, તો તો અતિપ્રસંગ કર્યો જ કહેવાય.[૨૨૦] હે પ્રભો ! જો તમારા નામનો જ કોઈ એકવાર પોતાના મુખથી ઉચ્ચાર કરે અથવા તો તમારા નામનું કાનથી શ્રવણ કરે છે, તો ખરેખર જ તેના મનમાંથી ભેદનો લોપ થઈ જાય છે.[૨૧] એવા તમે પ્રત્યક્ષ પરબ્રહ્મ જ મારા સદ્ભાગ્યે મારા હાથમાં આવ્યા છો, એટલે પછી તમારામાં અને મારામાં નામ માત્રનો ભેદ ક્યાંથી જ હોઈ શકે ! અને તે ભેદ કોઈ જોઈ જાણી પણ કયાંથી શકે ? (મૂળ ન હોય ત્યાં શાખાનો સંભવ જ કયાં રહ્યો ?)[૨૨] કોઈ ચંદ્રના ગર્ભમાં પ્રવેશ કર્યા પછી પણ ઉષ્ણતા કે તાપથી પીડાય ખરું ? નહિજ. પણ શ્રીકૃષ્ણ ! આપ મહાન્ અને સમર્થ છો, એટલે ગમે તેમ બોલો."[૨૩] એ બોલવું સાંભળતાં જ શ્રીકૃષ્ણને અતિશય સંતોષ થયો અને તેમણે અર્જુનને અંતઃકરણપૂર્વક આલિંગન આપીને કહ્યું કે;–"મારા બોલવાથી તું કોપ કરીશ નહિ.[૨૪] ભેદોની પરંપરા કહી સંભળાવવાના પ્રવાહમાં મેં વિભૂતિના જે જે પ્રકારો કહ્યા તે તે અભેદરૂપથી તારા મનમાં ઠસ્યા છે કે નહિ,[૨૫] એ જાણવા માટે જ હુ ઉપર ઉપરથી એમ બોલ્યો. પણ મારી વિભૂતિઓ વિશે તને સારો બોધ થઈ ગયો છે, એવો મારો અનુભવયુક્ત નિશ્ચય થઈ ચૂકયો છે !"[૨૬] એટલે અર્જુને કહ્યું કે;–"હે દેવ ! એ બધું આપ પોતે જ જોઇ લ્યો; પણ આ વિશ્વમાં સર્વત્ર આપ જ ભરેલા છો, એમ મને તો દેખાય છે."[૨૭]

એવી રીતે અર્જુનની યોગ્યતામાં આવવાની વાર્તા સંજય કહેતો હતો તે વેળાએ રાજા ધૃતરાષ્ટ્ર સ્તબ્ધ થઇને બેઠો હતો.[૨૮] એથી સંજયના મનમાં ખેદ થતાં તે કહેવા લાગ્યો કે;–"સહજ

લાભ થતો હોવા છતાં ત લાભને લાત મારવી, એ આશ્ચર્ય નથી કે શું? ધૃતરાષ્ટ્ર રાજાની જ્ઞાનદૃષ્ટિ કાયમ છે, એમ અત્યાર લગી હું સમજતો હતો; પરંતુ મારી એ ધારણા ભૂલભરેલી નીવડી છે-એ બાહ્યદૃષ્ટિ પ્રમાણેજ જ્ઞાનદૃષ્ટિથી પણ અંધ છે.[૨૯] પરંતુ ધૃતરાષ્ટ્રની વાતને રહેવા દ્યો. અર્જુન-કેવળ અર્જુન પોતાના હિતની યોગ્યતાને વધાર્યા કરે છે; કારણ કે, એ વાર્ત્તા કરતાં પણ બીજી એક ઉત્તમ વાર્ત્તાવિશે તેના મનમાં ઉત્કંઠા ઉત્પન્ન થવાથી,[૩૩૦] તે કહેવા લાગ્યો કે;-"સર્વ જગત્ ઈશ્વરમય છે એવો મારા અંતઃકરણને જે અનુભવ થયો છે; તે અનુભવ મારાં નેત્રોસમક્ષ પ્રકટ થવો જોઇએ." તેની બુદ્ધિ એ ઇચ્છાનાં પગલાંથી ચાલવા લાગી છે;[૩૧] આજ મારાં બે નેત્રોથી સકલ વિશ્વને જોવાની મારી ઇચ્છા છે. તે દૈવવાન્ હોવાથી એવી ઇચ્છા કરવા લાગ્યો.[૩૨] આજે અર્જુન એટલે કલ્પતરુની કેવળ શાખા જ છે અને તેથી તેને વંધ્યપુષ્પો આવવાનો કદાપિ સંભવ નથી. કારણ કે, તેના મુખમાંથી જે જે વચન નીકળે છે, તેને શ્રીકૃષ્ણ પરમાત્મા સત્ય કરે છે.[૩૩] જે શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રહ્લાદના વચનને અનુસરીને પોતે જ વિષરૂપે બન્યા હતા, (અર્થાત્ હિરણ્યકશિપુના કહેવાથી કયાધુએ પ્રહ્લાદને વિષ આપ્યું હતું ત્યારે શ્રીકૃષ્ણ પોતે જ વિષરૂપે થયા હતા) તે જ સદ્ગુરુ અત્યારે અર્જુનને પ્રાપ્ત થયેલા છે.[૩૪] એટલા માટે નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કે:-વિશ્વરૂપ વિશેના પ્રશ્નનો અર્જુન કેવી રીતે આરંભ કરે છે, તે કથા હવે પછીના પ્રસંગે કહેવામાં આવશે.[૩૩૫]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકા મધ્યે 'વિભૂતિવિસ્તારયોગ' નામનો અધ્યાય દશમો સમાપ્ત

જ્ઞાનેશ્વરીનો એકાદશ અધ્યાય

વિશ્વરૂપદર્શનયોગ

હવે આ પછી અગિયારમા અધ્યાયમાં જે કથાભાગ છે, તે શાન્ત અને અદ્ભુત એ બે રસોવડે ભરેલો છે; અને એમાં અર્જુનને શ્રી ભગવાનનું વિશ્વરૂપ દૃષ્ટિગોચર થવાનું છે.[૧] અહીં શાંત રસ ને ત્યાં, અદ્ભુત રસ અતિથિ તરીકે આવેલોહોઇને, તેની જોડે બીજા રસોને પણ પંક્તિનો લાભ મળ્યો છે.[૨] લગ્નમાં વધૂ વરને જેમ સારાં આભૂષણો પહેરી ફરવાનો લ્હાવો મળે છે તથા તેની જ સાથે જાનૈયાઓને પણ ભૂષિત થઈ ફરવા હરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે મરાઠી ભાષાને જેવો સુખાસનપર બેસવાનો લાભ મળે છે તેવો જ સર્વ રસોને પણ આનંદમાં મ્હાલવાનો લાભ મળેલો છે.[૩] પરંતુ એ સર્વમાં શાંત રસ અને અદ્ભુત રસ એ બે રસો એવા તો શોભી નીકળ્યા છે કે, જાણે શંકર અને વિષ્ણુ પરસ્પર પ્રેમભાવથી આલિંગન આપવાને આવ્યા હોય અને આપણે તે નજરેથી પ્રત્યક્ષ જોતા હોઇએની શું, એવો જ ભાસ થાય છે.[૪] અથવા તો અમાવાસ્યાને દિવસે જે પ્રમાણે, સૂર્ય અને ચંદ્ર એ ઉભય બિંબોનો જેમ એક સમયે ભેટો થાય છે, તે જ પ્રમાણે, શાન્ત અને અદ્ભુત રસનો મેળાપ (ઐક્ય) થઈ ગયો છે.[૫] અથવા તો જે પ્રમાણે ગંગા અને યમુના એ ઉભય નદીઓના પ્રવાહો પ્રયાગ ક્ષેત્રમાં આવીને મળ્યા છે, એ જ પ્રમાણે (અગિયારમા અધ્યાયમાં) શાંત અને અદ્ભુત રસની એકત્રતા થવાથી અગિયારમો અધ્યાય પ્રયાગરૂપ જ બન્યો છે અને તેથી આ અધ્યાયના શ્રવણથી જગતમાંના

સર્વ મુમુક્ષુ જનો પવિત્ર થાય છે.[૬] એ બે રસોના સંગમમાં ગીતાસ્વરૂપિણી તૃતીય સરસ્વતી નદી ગુપ્ત છે અને શાંત તથા અદ્દભુત એ બન્ને રસો ગંગાયમુનાના પ્રવાહ પ્રમાણે મૂર્તિમાન્ છે એટલે, હે ભ્રાતાઓ! અગિયારમો અધ્યાય તે ત્રિવેણી સંગમનો યોગ જ આવેલો છે, એમ સમજો.[૭] અહીં શ્રવણેન્દ્રિયદ્વારા એ તીર્થમાં સહજ પ્રવેશ કરી શકાય એમ છે. (અર્થાત્ ત્રિવેણી-સંગમ પ્રમાણે અહીં ડૂબવાની ધાસ્તી જરા પણ નથી.) જ્ઞાનદેવ કહે છે કે;–"મારા ગુરુદેવ નિવૃત્તિનાથે જ આ માર્ગને આટલો બધો સરળ અને સુગમ બનાવ્યો છે.[૮] આ ગીતારૂપ તીર્થનો સંસ્કૃત ભાષારૂપ તીરપ્રાંત કઠિન હોવાથી તેને તોડી નાંખીને અને ત્યાં મરાઠી ભાષા-રૂપ પગથિયાંનો સરળ ઘાટ બાંધીને શ્રી નિવૃત્તિદેવે કેવળ ધર્મનિઃસરણી જ બનાવી છે.[૯] એટલા માટે, એ તીર્થમાં ભક્તિભાવથી ગમે તેણે સ્નાન કરવું અને જેવી રીતે શ્રી પ્રયાગમાં માધવનું દર્શન થાય છે, તે જ પ્રમાણે અહીં શ્રી ભગવાનનાં વિશ્વરૂપનું દર્શન લેવું અને જન્મ-મરણરૂપ સંસારને તિલાંજલિ આપી દેવી."[૧૦] વધારે શું કહીએ? આ અગિયારમા અધ્યાયમાં સર્વ રસો આવીને મૂર્ત્તિમન્ત ઉભા રહેલા છે અને જગતને શ્રવણસુખની રેલંછેલ થયેલી છે.[૧૧] આ સ્થાને શાન્ત અને અદ્દભુત રસ પ્રત્યક્ષ દેખાતા હોઇને બીજા રસોની મહત્તા દૃષ્ટિગોચર થાય છે. પરંતુ આ ઉપમા પણ હીન જ છે. અહીં તો એમ જ જાણવું જોઇએ કે, ખુલ્લા સ્વ-રૂપમાં અને પ્રત્યક્ષ મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.[૧૨] આ અગિયારમો અધ્યાય દેવોનું પોતાનું વિશ્રાંતિસ્થાન છે; અર્જુન ભાગ્યશાળીઓનો મુકુટમણિ જ છે; કારણ કે, તે આવા અલૌકિક સ્થાનમાં આવી પહોંચવાના ભાગ્યને પણ પ્રાપ્ત કરી શકયો છે.[૧૩] આ સ્થાનમાં અર્જુનને જ આવેલો શાને કહેવો જોઇએ? કારણ કે, ગીતાના અર્થનો મરાઠીમાં વિસ્તાર થયેલો હોવાથી સર્વને માટે આ સુખનો સુકાળ થયેલો છે.[૧૪] એટલા માટે, મારી પ્રાર્થના સાંભળીને તમો સજ્જનો, ગીતાશ્રવણમાં ધ્યાન આપો.[૧૫] તમો સંતોની સભામાં આટલી સ્વતંત્રતાથી બોલવું જો કે મને યોગ્ય નથી; પરંતુ તમારે પ્રેમથી મને પોતાના બાળક પ્રમાણે માનો (અને હું બોલું તે સાંભળો).[૧૬] અહો, પોપટને આપણે પોતે જ પઢાવીએ છીએ અને જ્યારે આપણા પઢાવેલા શબ્દોનો જ તે યથાર્થ ઉચ્ચાર કરે છે, ત્યારે આપણને જ ડોકું ધૂણાવવું પડે છે. શું માતા પોતાના બાળક પાસે કૌતુક કરાવી, તે જોઇને પોતે આનંદ નથી પામતી? પામે છે.[૧૭] એ જ પ્રમાણે, હે પ્રભો! હું જે કાંઇ પણ બોલીશ, તે તમે જ મને શીખવેલું છે અને તેથી હે દેવ! તમારું બોલવું તમે પોતે જ શ્રવણ કરો.[૧૮] મારું ભાષણ એટલે તમે પોતે જ વાવેલું જ્ઞાનનું એક મિષ્ટ વૃક્ષ છે, એટલે એને એકાગ્ર અંતઃકરણરૂપ જલના સિંચનથી વધારો.[૧૯] એથી એ વૃક્ષને જ નવરસ આદિ પુષ્પો આવીને તે ફૂલશે અને પુષ્કળ પ્રકારનાં ફળોના ભારથી નમશે; તેમ જ તમારી એ કૃતિથી સમસ્ત જગતને સુખની પ્રાપ્તિ થશે."[૨૦] (શ્રી જ્ઞાનેશ્વરના) એમ બોલ્યા પછી, સંતજનો પ્રસન્ન થઇને કહેવા લાગ્યા કે;–"અમે તારા બોલવાથી સંતોષ પામ્યા છીએ. એટલે હવે અર્જુને શું કહ્યું તે માત્ર કહે."[૨૧] એટલે નિવૃત્તિના દાસ જ્ઞાનદેવ કહેવા લાગ્યા કે; "હું પ્રાકૃત, શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદનું કેમ નિરૂપણ કરી શકું વારુ? પરંતુ જો તમો મને શક્તિ આપશો, તો હું તેનું પણ નિરૂપણ કરીશ.[૨૨] જે ભગવાને જંગલમાંના પાલો ખાનારા વાંદરાઓદ્વારા લંકાપતિ રાવણનો પણ પરાભવ કરાવ્યો હતો, તેણે જ એકલા અર્જુનદ્વારા કૌરવોની એકાદશ અક્ષૌહિણી સેનાનો પરાજય નહોતો કરાવ્યો?[૨૩] અર્થાત્ જે કાર્ય સમર્થ ભગવાન્ કરી શકે છે, તે સર્વ પ્રાણી-ઓના હાથે થઇ શકતું નથી; તે જ પ્રમાણે, આપ પણ સંતજન છો, એટલે મારા મુખથી ગીતાનો ઉચ્ચાર કરાવો–ગીતાનાં અર્થનો વિસ્તાર કરાવો.[૨૪] હવે, વૈકુંઠનાયક શ્રીકૃષ્ણના મુખમાંથી ગીતાનો જે સત્ય ભાવાર્થ નિકળ્યો હતો, તે હું તમને કહી સંભળાવું છું. માટે મારા કથનમાં ધ્યાન રાખો.[૨૫]

ધન્ય ભાગ્ય તે ગીતાનાં, કે વેદોએ પણ જેનું પ્રતિપાદન કર્યું છે, તે શ્રીકૃષ્ણે જ પોતાના મુખથી તેનું નિરૂપણ કર્યું![૨૬] એ ગીતાની મહત્તાનું શું વર્ણન કરીએ વારુ? કારણ કે, તેની એ મહત્તા શંકરની બુદ્ધિને પણ ગમ્ય થઈ નથી, એટલે હવે તેને મનોભાવથી નમસ્કાર કરવા, એ જ વધારે સારું છે. (અસ્તુ)[૨૭]

પછી તે અર્જુને મનમાં વિશ્વરૂપ જોવાની ઇચ્છાને ધારણ કરી ને તેના વિષયમાં શ્રીકૃષ્ણ સાથે બોલવાનો ઉપક્રમ કેવી રીતે કર્યો તે સાંભળો.[૨૮] આ સમસ્ત જગત્ ઈશ્વરરૂપ જ છે, એવી પ્રતીતિ રાખવાથી જે અનુભવ આવ્યો હતો, તેને પોતાની બાહ્યદૃષ્ટિ પણ પ્રત્યક્ષ દેખી શકે,[૨૯] એવી તેના મનમાં ઉત્કટ ઈચ્છા હતી; પરંતુ તે ઇચ્છા શ્રીકૃષ્ણને જણાવવામાં વિઘ્ન આવી પડ્યું. 'મને ગૂઢ વિશ્વરૂપનું દર્શન કરાવો' એમ શ્રીકૃષ્ણને એકાએક કેમ કરીને કહી શકાય?[૩૦] એવો તેના મનમાં સંશય આવવાથી તે મનોગત કહેવા લાગ્યો કે;–પૂર્વે કોઈ પણ એમના પ્રિય ભક્તે જે પ્રશ્ન કદાપિ પૂછ્યો નથી, તે વિશ્વરૂપ મને બતાવશો કે કેમ, એમ મારાથી કેમ કરીને પૂછી શકાય વારુ?[૩૧] હું જો કે શ્રીકૃષ્ણ દેવનો વિશેષ સ્નેહપાત્ર છું, તોપણ માતા યશોદા કરતાં તો સ્નેહમાં મારી અધિકતા ન જ હોય, એ સ્વાભાવિક છે. પરંતુ માતા યશોદા પણ એ પૂછતાં ભયભીત થઇ હતી![૩૨] મેં એમની ગમે તેવી અને ગમે તેટલી સેવા કરી હોય, તો પણ ગરુડ સાથે હું બરાબરી કરી શકું કે? નહિ જ! પરંતુ પરમભક્ત તે ગરુડે પણ એ વિશ્વરૂપના નામનો કદાપિ ઉચ્ચાર કર્યો નથી.[૩૩] હું સનકાદિ કરતાં તો વધારે દેવના સમીપ નિવાસ કરનારો નથી જ; પરંતુ તેમને પણ આ ચાળા સૂઝયા ન હોતા, તેમ જ હું ગોકુલની ભાવિક ગોપીઓ કરતાં દેવને વિશેષ પ્રિય છું કે?[૩૪] ગોકુળમાંની તે જનતા (જનસમૂહ) ને પણ 'હું બાળક છું' એમ દેખાડીને ભગવાને ભ્રમમાં નાંખ્યા હતા અને *અંબરીષ રાજા માટે

* અંબરીષ નામના એક વિષ્ણુભક્ત રાજાએ એકાદશી વ્રતના પાલન માટે વિષ્ણુને પણ અવતાર ધારણ કરાવ્યા હતા. એ વિષ્ણુના અવતાર ધારણનું કારણ આ પ્રમાણે છે:–અંબરીષ રાજા નિત્ય નિયમિત એકાદશી વ્રત કરતો હતો, અતિથિ અભ્યાગતની સેવા કરતો અને દૃઢ નિશ્ચયથી નિત્ય હરિચિંતનમાં નિમગ્ન રહેતો હતો. એકવાર દુર્વાસાઋષિ ખાસ તેના વ્રતનો ભંગ કરવાના ઉદ્દેશથી જ અતિથિ થઇને તેને ત્યાં આવ્યા. તે દિવસે સાધન દ્વાદશી માત્ર એક ઘડીજ બાકી હતી, એટલે એવી વેળાએ અચાનક એ અતિથિને આવેલા જોઇ, કેમ થશે અને કેમ નહિ, એનો વ્રતધારી અંબરીષને મહા વિચાર થઈ પડ્યો. છતાં આવેલા અતિથિ ઋષિ દુર્વાસાનું અભિવંદન કરીને તેને અર્ઘ્યપાદ્ય આપી તેમની ઉપચારપૂર્વક પૂજા કરી અને ત્યાર પછી ઋષિને પ્રાર્થના કરી કે:–"કૃપા કરીને આપ શીઘ્ર સ્નાન કરી આવો; કારણ કે; દ્વાદશી એક ઘટિકા માત્ર અવશિષ્ટ છે–માટે અનુષ્ઠાન કરીને પાછા સત્વર પધારો !" ઋષિ નદી તીરે ગયા અને ત્યાં વિધિપૂર્વક અનુષ્ઠાન કરવા લાગ્યા. એમાં વિલંબ થતાં સાધન ઘટિકા આવી લાગી; વ્રત ભંગ થવાના ભયથી અંબરીષે તીર્થોદક લઇને પારણું કરી નાખ્યું ને ઋષિ માટે નાના પ્રકારનાં પકવાન્નો તૈયાર કરાવ્યાં. એ પછી સ્નાન આદિથી મુક્ત થઇને દુર્વાસા ઋષિ પાછા આવ્યા અને અંબરીષના મુખને જોઇને પૂછ્યું કે;–"તેં ભોજન કર્યું કે શું? હે દુરાત્મન્! અતિથિને જમાડયા પૂર્વે જ તું જમી બેઠો કે?" એમ કહીને ઋષિએ તેને શાપ દીધો અને તેથી અંબરીષે શાર્ઙ્ગધર ભગવાનનું સ્મરણ કરતાં ભગવાન્ વિષ્ણુ, ભક્તના ભયનું ભંજન કરવા માટે વૈકુંઠને ત્યાગીને ત્યાં આવી લાગ્યા. કારણ કે, શ્રીનારાયણ ભક્તવત્સલ કહેવાય છે અને શરણાગતનું સંરક્ષણ કરવું એ તેનો પરાપૂર્વનો ધર્મ છે. સર્વ પુરાણોનું એ જ કથન છે કે, પોતાના વત્સના ધ્વનિને સાંભળી ગાય જેવી રીતે તરત દોડી આવે છે, તેવીજ રીતે ભક્તના પોકારને સાંભળી ભક્તવત્સલ ભગવાન્ પણ તેના ઉદ્ધાર માટે તરત દોડીને આવે છે. ઋષિએ અંબરીષને એવો શાપ આપ્યો હતો કે;–"જગતમાંની અખિલ યોનિઓમાં તારો જન્મ થાઓ અને તું અનંતકાળ પર્યન્ત અનંત પ્રકારના ગર્ભવાસનાં દુઃખો ભોગવ!" એટલામાં ભગવાન્ હૃષીકેશ આવીને પાસે ઉભા રહ્યા અને ઋષિનું વચન મિથ્યા નહિ થાય એમ જાણીને અંબરીષ ભક્ત ભયભંજક ભગવાનનાં ચરણોમાં પડી ગયો, એટલે વિષ્ણુ ભગવાને દુર્વાસા ઋષિને કહ્યું કે;–"તમે અંબરીષને શાપ દીધો છે, પણ મારી એને રક્ષવાની ઇચ્છા હોવાથી એ શાપ આપ મને ઘો." દુર્વાસાઋષિ મહાજ્ઞાની હોવાથી મનમાં વિચાર કરવા લાગ્યા કે જે ભગવાનનો સાક્ષાત્કાર દેવોને પણ દુર્લભ છે, તે ભગવાનનો મારા શાપના યોગે

દશવાર ગર્ભવાસ ભોગવ્યો, પરંતુ પોતાના વિશ્વરૂપનું કોઇને દર્શન ન કરાવતાં તેમણે તેને અત્યાર લગી ગુપ્ત અને ગુપ્ત જ રાખી મૂક્યું છે![૩૫] અર્થાત્ શ્રી કૃષ્ણની ગુહ્ય અંતર્વાર્તાને હું કેમ કરીને પૂછી શકીશ વારુ?[૩૬] ભલા કદાચિત્ એ વિશે ન પૂછું, તો વિશ્વરૂપનું દર્શન કર્યા વિના મને ચેન પડવાનું નથી, એટલું જ નહિ, પણ હું જીવતો રહીશ કે નહિ રહું, એની પણ શંકા જ છે.[૩૭] એટલા માટે હવે મારે કાંઇક એ વિશે પૂછવાની શરુઆત કરવી જોઇએ; પછી શ્રીકૃષ્ણ, જેમ તેમની ઇચ્છામાં આવશે તેમ કરશે. મનમાં એવો નિશ્ચય કરીને પાર્થ પ્રકટ બોલ્યો,[૩૮] પરંતુ તે એવી તો ખૂબીથી બોલ્યો કે દેવ તેના એક બે પ્રશ્નોત્તરમાં જ પોતાનું સર્વ વિશ્વરૂપ તેને બતાવી દે.[૩૯] અહો! વાછડાને જોતાં જ ગાય પ્રેમથી ઉઠીને ઊભી થાય છે અને પછી વત્સના મુખનો સ્તનને સ્પર્શ થતાં તે પોતાના દુગ્ધ (દૂધ)ના પ્રવાહને અટકાવી શકતી નથી.[૪૦] જે પાંડવોનું સંરક્ષણ કરવા માટે શ્રીકૃષ્ણ જંગલ અને પર્વતમાં પણ રખડ્યા હતા, તેઓ અર્જુનનાં પ્રશ્નનું ઉત્તર આપ્યા વિના કોઇ પણ રીતે રહી શકે ખરા?[૪૧] શ્રીકૃષ્ણ ભગવાન્ સાક્ષાત્ સ્નેહની મૂર્ત્તિરૂપે છે તથા અર્જુનને સ્નેહનો અમલ (કેફ) ચઢેલો છે, અર્થાત્ તે પણ સ્નેહમય બનેલો છે. આ પ્રમાણેની ઐકયતા હોવા છતાં જે ભિન્નતા જોવામાં આવે છે તે મોટી આશ્ચર્યની વાત છે.[૪૨] એટલા માટે અર્જુને પૂછતાં જ–પ્રાર્થના કરતાની સાથે જ કૃષ્ણ પોતાની મેળે જ વિશ્વ-રૂપ ધારણ કરશે; એટલે હવે આરંભના તે પ્રસંગનું શ્રવણ કરો.[૪૩]

अर्जुन उवाच–मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥

[અર્જુને કહ્યું–હે ભગવન! મારાપર અનુગ્રહ કરવા માટે મને તમે જે અધ્યાત્મ નામના અતિશય ગુહ્ય જ્ઞાનનો ઉપદેશ કર્યો, તેના યોગે મારા સર્વ મોહનો લોપ થયો છે. ૧]

પછી પાર્થે કૃષ્ણને કહ્યું કે;–"હે કૃપાનિધે! તમે કેવળ મારા લાભ માટે શબ્દાતીત ગુહ્યનું નિરૂપણ કરી બતાવ્યું છે.[૪૪] જ્યારે પંચમહાભૂતો બ્રહ્મ મધ્યે લીન થાય છે અને જીવ તથા માયા લય પામે છે, તે વેળાએ પરમાત્મા જે સ્વરૂપને ધારણ કરી રહે છે, તે છેવટનાં સ્વરૂ-પને[૪૫] કૃપણ સમાન હૃદયમાં સંગ્રહેલું હોઇને વેદો પાસેથી પણ છૂપાવી રાખ્યું હતું;[૪૬] તે આજે તમે મારા સમક્ષ હૃદય ખોલીને પ્રકટ કર્યું; અને જે આધ્યાત્મ જ્ઞાન માટે શ્રીશંકરે ઐશ્વર્યને ત્યાગીને સ્મશાનવાસનો સ્વીકાર કર્યો હતો,[૪૭] તે જ્ઞાન, હે પ્રભો! આપે મને એક ક્ષણમાત્રમાં આપ્યું છે. પણ જો એમ કહીએ તો પછી તમારી જોડે ઐકય થવાની શી સાર્થકતા વારુ? (ઐકય થયા પછી આપવા અને લેવાનો સંબંધ બાકી જ કયાંથી રહે વારુ?)[૪૮] પરંતુ ખરેખર મને મોહરૂપ પૂરમાં માથાસૂધી ડુબેલો જોઈને, આપે પોતે પૂરમાં કૂદી પડીને મને બહાર ખેંચી કાઢ્યો છે.[૪૯] તમારા વિના આ જગતમાં બીજી કોઇ પણ વસ્તુ નથી; પરંતુ અમારાં કર્મોની એવી તો વિલક્ષણ પ્રબળતા થઇ ગઈ છે કે, જેના યોગે અમે 'હું અને મારું' ઇત્યાદિ

અચાનક મૃતલોકના પ્રાણીઓને પણ સાક્ષાત્કાર થતાં તેમનો, ઉદ્ધાર થશે એવી પરોપકારમય ભાવનાથી તેમણે વિષ્ણુ ભગવાનને શાપ દેતાં કહ્યું કે;–"તું ભૂમિમાં અવતરીને નાના સ્થાનમાં જન્મ ધારણ કરજે. દશવાર જન્મ–અવતાર ધારણ કર્યા પછી મારા શાપથી તું મુક્ત થઇશ. તું સહજ મહા વિશ્વાત્મા હોવાથી સ્થૂલ અને સૂક્ષ્મમાં તારો જ નિવાસ છે, એટલે તારા અવતારથી જગતનો ઉદ્ધાર થશે અને ભૂમિનો ભાર ઉતરશે!" ભગવાને–જગત્પિતાએ દુષ્ટોના દમન અને સૃષ્ટિના પાલન માટે એ કાર્યકારણ શાપનો સ્વીકાર કર્યો અને તેથી ભગવાનના પ્રસિદ્ધ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ અને બુદ્ધ એ નવ અવતાર થયા છે અને દશમો કલ્કી અવતાર થવાનો છે, એવી માનીનતા છે. ભગવાનને એ ગર્ભવાસની ગંભીર પીડા કેવળ ભક્તના દુઃખ નિવારણાર્થે જ ભોગવવી પડી છે.

મોહના ચક્રમાં પડીને તમારાથી ભિન્ન હોવાનું ખુલ્લે ખુલ્લું કહીએ છીએ.[૫૦] હું આ જગતમાં કોઈ એક અર્જુન છું, એવું આ દેહનું હું અભિમાન ધરાવતો હતો અને આ કૌરવોને આપ્ત સમજતો હતો;[૫૧] અને એમને હું મારીશ તો એ મારવાના પાપ માટેનું મને શું શાસન થશે, એવું નઠારું સ્વપ્ન હું જોતો હતો; એટલામાં હે પ્રભો! આપે મને જાગ્રત કર્યો છે![૫૨] હે લક્ષ્મીના પતિ! ગંધર્વ નગરીની વસતિને ત્યાગીને હું પાણી પીવાની ઇચ્છાથી મૃગજળનું પ્રાશન કરતો હતો![૫૩] હે મહારાજ! વસ્ત્રના બનેલા સર્પના દંશવાથી મને મરણની ખરી લહરીઓ આવતી હતી! એવી રીતે અજ્ઞાનથી મરવા પડેલા મને જીવનદાન આપવાનું પુણ્ય આપે સંપાદન કર્યું છે.[૫૪] કૂવામાં પોતાના પડેલા પ્રતિબિંબને ન ઓળખતાં સિંહ કૂવામાં કૂદી પડવાની તૈયારીમાં હોય અને તેને એવી અવસ્થામાં જોઈ અચાનક કોઈ આવીને તેનું રક્ષણ કરે, તેજ પ્રમાણે હે અનંત! હું અજ્ઞાનસાગરમાં ડૂબતો હતો, પણ મને તેમ કરતો અટકાવીને આપે મારું રક્ષણ કર્યું છે.[૫૫] નહિ તો મારો તો અત્યારલગી એવો જ નિશ્ચય હતો કે, આ ક્ષણે જ જો સપ્ત સમુદ્ર એકત્ર થઈ જાય,[૫૬] અથવા આ સમસ્ત જગત્ ડૂબી જાય, કિંવા આકાશ તૂટી પડે (તોય ચિન્તા નહિ), પણ ગોત્રજો સાથે મને યુદ્ધ કરવાનો પ્રસંગ ન આવે![૫૭] એવા અહંકારના યોગે મેં આગ્રહરૂપ જળમાં ડૂબકી મારી હતી; પરંતુ આપ પાસે હતા એટલે સારું થયું, નહિ તો એમાંથી મને કોણ બહાર કાઢત વારુ?[૫૮] વાસ્તવિક રીતે હું ન હોવા છતાં કોઈ છું એમ માનવાનો અને જે કાંઈ પણ નથી તેને ગોત્રજ નામ આપવાનો મને મોટો ઉન્માદ થયો હતો! પરંતુ એ ઉન્માદમાંથી આપે મને બચાવી લીધો છે.[૫૯] પૂર્વે અમે લાક્ષાગૃહમાં બળતા હતા, તેમાંથી અમને કાઢીને આપે અમારું રક્ષણ કર્યું હતું ખરું; પણ તે વેળાએ અમને કેવળ દેહનીજ ભીતિ હતી. અત્યારે, આ બીજા લાક્ષાગૃહમાં, મારું ચૈતન્ય નષ્ટ થવાની અણીપર આવી લાગ્યું હતું, તેમાંથી પણ આપે મને ઉગાર્યો છે![૬૦] દુરાગ્રહરૂપી દૈત્ય હિરણ્યાક્ષ મારી બુદ્ધિરૂપિણી પૃથ્વીને પોતાની કક્ષામાં દબાવીને મોહરૂપ સમુદ્રના ઊંડા પાણીમાં લઈ ગયો હતો,[૬૧] પણ તમારા બોધના સામર્થ્યથી હું એકાએક શુદ્ધિમાં આવ્યો છું અને ધારો કે, આપને આ વરાહનો બીજો અવતારજ ધારણ કરવો પડ્યો છે![૬૨] એ પ્રમાણે તમારાં મહત્કૃત્યો અપાર છે; એટલે તે મારી એકની એક વાણી કેમ કરીને વર્ણવી શકે? વધારે શું કહું? આપે પોતાના પંચ પ્રાણ મને અર્પણ કરી દીધા છે![૬૩] એટલા માટે હે દેવરાજ! તમારા શ્રમો વ્યર્થ ન જતાં તમને યશપ્રાપ્તિ થયેલી છે; અને તે એ કે, મારા અજ્ઞાનનો સમૂળ નાશ થયો છે.[૬૪] હે મહારાજ! આનંદ સરોવર-માંનાં કમળ સમાન આપનાં આ નેત્રો, જેને માટે પોતાના કૃપા પ્રસાદનાં મંદિરો તૈયાર કરે છે, (જેની ઊપર આપની કૃપાદૃષ્ટિ થાય છે,)[૬૫] તેની સાથે મોહનો કદાપિ મેળાપ થતો જ નથી. મહારાજ! મૃગજળની વૃષ્ટિ* વડવાનળને શું કરી શકે?[૬૬] અને હે દાતા! હું તો તમારા કૃપામંદિરના અંતર્ભાગમાં પ્રવેશ કરીને આત્મજ્ઞાનનો પૂર્ણ અનુભવ લીધા કરું છું.[૬૭] એટલે હવે મારા મોહનો નાશ થવામાં કાંઈ પણ સંશય હોઈ શકે ખરો? નહિજ. ખરેખર, હું તમારાં ચરણોના શપથ લઈને કહું છું કે, મારો હવે ઉદ્ધાર થઈ ગયો છે.[૬૮]

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

[હે કમલપત્રાક્ષ! ચરાચરની ઉત્પત્તિ અને વિનાશ એ બન્ને વિસ્તારપૂર્વક તમારા મુખથી મેં સાંભળ્યાં; તેમજ તમારો મહિમા અવિનાશી છે, એ પણ જાણ્યું. ૨]

* વડવાનળ–સમુદ્રના ગર્ભમાં રહેલો ગુપ્ત અગ્નિ.

અહો કમલનયન! કોટિ સૂર્યના પ્રકાશ સરખા તેજવાળા! હે મહેશ! આજે તમારા મુખથી મેં સાંભળ્યું છે કે,[૬૯] જેનામાંથી સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે અને જેનામાં લય પામે છે એવી જે માયા તે માયા મને હવે અર્થાત્ આપે વિસ્તારપૂર્વક કહી સંભળાવી છે.[૭૦] તે માયાનું મૂળ બતાવીને પરમાત્માનું મૂળ સ્થાન પણ બતાવી દીધું છે. જેના યશરૂપ વસ્ત્રને ધારણ કરીને વેદો વસ્ત્રયુક્ત થયેલા છે, (વેદો જે પરમાત્માનાં યશો ગાય છે,)[૭૧] જે વેદો ઉત્પન્ન થઈને અસ્તિત્વમાં છે અને જેમનામાંથી ધર્મ સમાન રત્નો નિપજે છે; પરંતુ હે દેવ! એ સર્વ કાર્યો આપનાં ચરણોનો આશ્રય કરતાં હોવાથી જ બને છે.[૭૨] તેવી જ રીતે, હે દેવ! તમારું જે અગાધ માહાત્મ્ય જે સર્વ માર્ગોવડે જાણવાને યોગ્ય છે અને જે આત્માનુભવથી પરિપૂર્ણ છે, તે પણ તમે મને બતાવી દીધું છે.[૭૩] જેમ વાદળાંનો લોપ થતાં આકાશમાં સૂર્ય મંડળ દૃષ્ટિગોચર થાય છે, અથવા તો લીલને હાથવતી દૂર કરતાં સ્વચ્છ જળ દેખાય છે,[૭૪] અથવા ચંદન વૃક્ષને સર્પોએ નાંખેલો ઘેરો નીકળી જતાં તેને આલિંગન આપી શકાય છે, અથવા પિશાચનો નાશ થતાં દ્રવ્ય હસ્તગત થવામાં વિલંબ થતો નથી,[૭૫] એવી જ રીતે, જ્ઞાનને આવરણરૂપ ઢાંકી દેનારી જે માયા હતી, તેને હવે દૂર હટાવવાથી મારી બુદ્ધિને બ્રહ્મત્વનો મેળાપ થયો છે.[૭૬] એટલા માટે, હે દેવ! તમારી અગાધ શક્તિનો હવે મારા જીવમાં પૂરેપૂરો વિશ્વાસ બેઠો છે; પરંતુ મારા મનમાં એક બીજી ઇચ્છાનો ઉદય થયો છે.[૭૭] જો શરમ રાખીને એ વિશે હું તમને ન પૂછું, તો પછી બીજા કોને પૂછું? કારણ કે, મારું તમારા વિના બીજું કોઈ સ્થાન જ નથી.[૭૮] મત્સ્ય જો જળનો આભાર માની તેને પરિશ્રમ ન આપતાં બહાર રહેવાનો મનમાં ઉદ્દેશ રાખે અથવા તો બાળક વારંવાર માતાના સ્તનપાનમાં શરમ બતાવે, તો હે શ્રીહરિ! તેમના બચવાનો બીજો કોઈ ઉપાય છે ખરો?[૭૯] એટલા માટે, સંકોચ ન રાખતાં મનમાં આવે, તે પ્રશ્ન આપને પૂછવો જ; એમ અર્જુન હજી તો કહેતો હતો, એટલામાં તો દેવ બોલી ઊઠ્યા કે, તારા આ ભાષણને હવે રહેવા દે અને તારા મનમાં જે ઇચ્છા ઉત્પન્ન થઈ હોય, તે જણાવી દે.[૮૦]

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

[હે પરમેશ્વર! આ જે તમે પોતાવિશે વર્ણન કર્યું, તે ખરેખર તેવું જ છે; પરંતુ, હે પુરુષોત્તમ! તે તમારા વ્યાપક રૂપને જોવાની મારી ઇચ્છા છે. ૩]

પછી અર્જુને કહ્યું કે;–"હે દેવ, તમે જે જે વાતો કહી, તેના અનુભવથી મારી દૃષ્ટિ શાંત થઈ છે.[૮૧] હવે, જેની ઇચ્છાથી આ સર્વ જગત્ ઉત્પન્ન થાય છે અને લય પામે છે; તેમ જ જે સ્થાનને તમે પોતે પોતાના સ્થાન તરીકે ઓળખાવો છો,[૮૨] જ્યાંથી દેવોનાં સંકટોનું નિવારણ કરવાના નિમિત્તથી દ્વિભુજ અને ચતુર્ભુજ આદિ સ્વરૂપો ધારણ કરીને તમે પધારો છો;[૮૩] ક્ષીરાબ્ધિમાંના શેષશયનના આરંભથી મત્સ્ય અને કૂર્મ આદિ અવતારો લઈને, સર્વ અવતાર કૃત્યોની સમાપ્તિ થયા પછી, હે મદારી શ્રીકૃષ્ણ, જે સ્થાનમાં તમે પાછા પ્રયાણ કરો છો;[૮૪] ઉપનિષદો જેના ગુણોનું ગાન કરે છે, યોગી જનો હૃદયમાં સ્મરીને જેનું ધ્યાન ધરે છે અને સનકાદિ ઋષિઓ જેને નિત્ય આલિંગન આપીને રહે છે;[૮૫] એવું જે તમારું અગમ્ય વિશ્વરૂપ છે અને જેની કીર્તિ નિરંતર અમે સાંભળ્યા કરીએ છીએ, તે સ્વરૂપને જોવા માટે, હે દેવ! મારું ચિત્ત બહુ જ ઉતાવળું બની ગયું છે.[૮૬] એટલા માટે તમે મનમાંના સંકોચને કાઢી નાંખીને, પ્રેમથી મારી શી ઇચ્છા છે એમ પૂછ્યું, તો તેના ઉત્તરમાં હું મારી આ જ એક બલવત્તર ઇચ્છા છે, એમ દર્શાવું છું.[૮૭] તમારા સમસ્ત વિશ્વસ્વરૂપને મારી દૃષ્ટિથી જોવાનો મારા મને અખંડ ધ્યાસ લીધો છે.[૮૮]

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥ ४ ॥

[હે પ્રભો! હે યોગેશ્વર! તે તમારા રૂપને હું જોઇ શકીશ એમ જો તમને ભાસતું હોય, તો તે તમારું અવિનાશી સ્વરૂપ મને દેખાડો. ૪]

પરંતુ, હે શાર્ઙ્ગધર! મારા મનમાં હજી એક એવી શંકા છે કે, મારા અંગમાં યોગ્યતા છે કે નહિ?[૮૯] હું પોતે એના કારણને અદ્યાપિ સમજી શકતો નથી અને તે કેમ નથી સમજી શકતો, એમ જો આપ પૂછો, તો હું આપને પૂછું છું કે, રોગી પોતાના રોગના નિદાનને જાણી-ઓળખી શકે છે ખરો?[૯૦] તેમ જ વળી હે મહારાજ, ઇચ્છાની આસક્તિ પ્રબળ હોવાથી, ઇચ્છા કરનાર મનુષ્ય જેમ પોતાની યોગ્યતાને ભૂલી જાય છે, અથવા તો તૃષાથી પીડાતા મનુષ્યને જેમ સમુદ્ર પણ તે તૃષાને શમાવવાને શક્તિમાન્ થવાનો નથી, એમ જ ભાસે છે;[૯૧] તેવી જ પ્રબળ ઇચ્છાથી હું પણ ભૂલાવામાં પડી ગયેલો હોવાથી મારી ઇચ્છાને હું દાબી શકતો નથી. એટલા માટે, માતા પોતાના સંતાનની યોગ્યતાને જાણીને જેવી રીતે તેની ઇચ્છાને પૂર્ણ કરે છે,[૯૨] તે જ પ્રમાણે, હે જનાર્દન! મારા અધિકારનો વિચાર કરીને પછી તમે પોતાના વિશ્વરૂપનું મને દર્શન આપવાનો આરંભ કરો.[૯૩] જો મારો અધિકાર હોય, તો એ કૃપા કરો અને જો મારો અધિકાર ન હોય, તો સ્પષ્ટ મને ના પાડી દ્યો. પંચમ સ્વરમય ઉત્તમ સંગીતના શ્રવણથી બ્હેરાને આનંદ ક્યાંથી મળી શકે?[૯૪] બાકી, મેઘ કેવળ ચાતક માટે જ જળવૃષ્ટિ કરે છે પણ જગત્ માટે કરતો નથી, એવો કાંઈ પ્રકાર નથી; પરંતુ તેજ વૃષ્ટિ ખડકપર થતાં વ્યર્થ જાય છે![૯૫] ચંદ્રના પ્રકાશમાંથી કેવળ ચકોરને જ અમૃતની પ્રાપ્તિ થાય છે અને બીજાને તેવી પ્રાપ્તિ ન થવાના શપથ આપેલા છે કે? ના. પણ (તે અમૃતનું પાન કરવાની યુક્તિને ચકોર પ્રમાણે બીજાઓ જાણતા ન હોવાથી તેમને જેમ તેનો કશો લાભ મળતો નથી, તેજ પ્રમાણે) દૃષ્ટિવિના પ્રકાશ વ્યર્થ છે;[૯૬] અર્થાત્ તમે બહુધા મને પોતાનું વિશ્વરૂપ દેખાડશો જ, એવો મારો પૂર્ણ વિશ્વાસ છે. કારણ કે, ભયંકર અથવા સુંદર સ્વરૂપ બતાવવાની આપની શક્તિ અલૌકિક છે![૯૭] (કારણ કે,) આપનું ઔદાર્ય સ્વતંત્ર છે અને આપની, જ્યારે કોઈ એક વસ્તુ આપી દેવાની, ઇચ્છા થઈ જાય છે, તે વેળાએ પાત્ર કે અપાત્રના ભેદને આપ માનતા નથી. એનું પ્રત્યક્ષ ઉદાહરણ એ છે કે, મોક્ષ જેવું પવિત્રતમ સ્થાન આપે પોતાના શત્રુઓને પણ આપી દીધું છે![૯૮] ખરેખર, જો કે મોક્ષ દુષ્પ્રાપ્ય છે, છતાં તે પણ આપનાં ચરણોની સેવા કરે છે; અર્થાત્ આપ સ્વામી છો અને મોક્ષ આપના સેવકરૂપે છે, તેથી જ આપ મોક્ષને જ્યાં જવાની આજ્ઞા આપો છો, ત્યાં જઇને અનુચર પ્રમાણે તે આપની આજ્ઞાનું પાલન કરે છે![૯૯] પોતાના સ્તનમાં વિષ મેળવીને આપને મારવાના ઉદ્દેશથી સ્તનપાન કરાવવાને પૂતના નામક રાક્ષસી આવી હતી, છતાં તેને પણ સનકાદિક સમાન આપે સાયુજ્ય-મુક્તિ આપી છે![૧૦૦] હે મહારાજ! ધર્મ રાજાના રાજસૂય યજ્ઞમાં ત્રિભુવનમાંના દેવ, ઋષિ અને રાજાઓ એકત્ર થયા હતા. તે વેળાએ, દુર્વાક્યો ઉચ્ચારીને જેણે આપનું અપમાન કર્યું હતું,[૧] તે મહા અપરાધી *શિશુપાલને પણ આપે સારૂપ્ય મુક્તિનો ભાગી કર્યો હતો; તેમ જ

* જે વેળાએ ધર્મ રાજાએ ઇન્દ્રપ્રસ્થમાં રાજસૂય યજ્ઞનો આરંભ કર્યો હતો, તે વેળાએ ત્યાં દેશો દેશના રાજાઓ એકત્ર થયા હતા અને તેમનામાં શિશુપાલ પણ હતો. ત્યાં અગ્રપૂજા કોની કરવી, એ વિશે વાદવિવાદ થતાં, ભીષ્મ પિતામહના અભિપ્રાયથી શ્રી કૃષ્ણની કરવાનો નિશ્ચય થયો, અને તેથી ધર્મરાજા શ્રીકૃષ્ણની પૂજા કરવા લાગ્યા. શિશુપાલથી એ સહન ન થતાં તે ભીષ્મ અને કૃષ્ણની નિન્દા કરવા લાગ્યો; પણ તેના બોલવા તરફ કોઇએ કાંઈ ધ્યાન આપ્યું નહિ; એટલે તે વધારે ઉશ્કેરાઇને સભામાં બોલવા લાગ્યો કે; "અહીં દેવર્ષિ અને રાજર્ષિ અને મોટા મોટા

હે ગોપાળ કૃષ્ણ! ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવ કુમારે અચલપદની ઈચ્છા કરી હતી કે?[૨] પિતાના અંકમાં બેસવાનું સુખ મળે, એટલા ઉદ્દેશથી જ તે વનમાં ગયો હતો; પણ તેને આપે તો ચંદ્ર સૂર્ય કરતાં પણ વધારે શ્રેષ્ઠ સ્થાનમાં લઈ જઇને બેસાડી દીધો![૩] એ પ્રમાણે, દુઃખી જનોને ઉદારતાથી સુખ આપનારા કેવળ તમે જ છો. જુવો,-*અજામીલે મરણ સમયે પુત્રના મિષથી નારાયણના નામનો ઉચ્ચાર કરવાથી તેને પણ આપે મુક્તિ આપી હતી.[૪] હે પ્રભો! જે ભૃગુ ઋષિએ આપની છાતીપર લાત મારી હતી, તેના શ્રી વત્સલાંછન ચિહ્નને આપે ભૂષણ માનીને પોતાના હૃદયપર જાળવી રાખ્યું છે અને પોતાના વૈરી શંખાસુરના શરીરને હસ્તમાં ધારણ કર્યું છે.[૫] એ પ્રમાણે, અપકાર કરનારાપર પણ આપ ઉપકાર જ કરો છો અને અપાત્ર મનુષ્યને પણ આપ ઔદાર્યથી દાન આપો છો. બલિરાજા પાસે આપ દાન માગવા જઇને તેના દ્વારપાળ થયા હતા.[૬] તમારી આરાધના ન કરતાં અને તમારા ગુણાનુવાદ ન સાંભળતાં છતાં પણ પોપટને જ કેવળ તમારા નામથી બોલાવતાં, ગણિકાને પણ તમે વૈકુંઠવાસની પ્રાપ્તિ કરાવી આપી હતી.[૭] એવા ક્ષુલ્લક કારણથી પણ જે તમે અકસ્માત્ નિજસ્વરૂપને પ્રાપ્ત કરાવી આપનારા છો તે, મને ભિન્ન પ્રાપ્તિ કેમ કરવા દેશો વારુ?[૮] અહો દૂઝતાપણાની અધિકતાથી જે કામધેનુ જગતનાં સંકટોનું નિવારણ કરે છે, તે કામધેનુનાં

બ્રહ્મર્ષિઓ પધારેલા હોવા છતાં આ ગોપપુત્રની પૂજા થાય છે એ યોગ્ય નથી!" એમ કહીને તે ભીષ્મને ઉદ્દેશીને અનેક દુર્વચનો ઉચ્ચારવા લાગ્યો અને અંતે હાથ ચાલાકીપર આવી લાગ્યો. એટલે ભીમનો કોપ અનિવાર્ય થતાં તે શિશુપાલના શરીરપર ધસી ગયો; પણ ભીષ્મ પિતામહે તેને અટકાવ્યો અને તેને શિશુપાલની મૂળ કથા સંભળાવી, એટલે તે શાંત થયો. એથી વિશેષ રોષમાં ભરાઇને શિશુપાલ ભીષ્મને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;-"હે ભીષ્મ! તેં ભીમને બેસાડી શા માટે દીધો! એને મારી જોડે લડવા દે. હું એક ક્ષણમાં જ એનો પરાભવ કરીને એને પરલોકમાં મોકલી દઉં છું!" એમ કહીને વળી તે વધારામાં ભીષ્મને કહેવા લાગ્યો કે:-"ઓ મૂર્ખશિરોમણિ! આ સ્થાનમાં મોટા મોટા બ્રહ્મર્ષિઓ હોવા છતાં આ ગોવાળીયાના છોકરાની પૂજાનો તેં આરંભ કરાવ્યો છે, એ તારી કૃતિ મને યોગ્ય લાગતી નથી. એટલા માટે જે એની પૂજા કરશે તેનો હું અવશ્ય વધ કરીશ અને મારી જોડે જે કોઈ યુદ્ધ કરવા આવશે, તેને પણ નિઃસંશય મારી નાંખીશ! તેમ જ કૃષ્ણનો વધ કરવામાં પણ હું આગળ પાછળનો વિચાર કરવાનો નથી!" શિશુપાલના એ અંતિમ વાક્યની સમાપ્તિ થતાં શ્રીકૃષ્ણ મૃદુ અને શાન્ત વાણીથી બોલ્યા કે:-'શિશુપાલ મારા પિતાની ભગિની (મારી ફોઇ)નો પુત્ર છે અને એણે મને અનેક અન્યાયો કરેલા છે. એણે દ્વારિકાપુરીને દગ્ધ કરી હતી; ભોજરાજાને રૈવતક પર્વતપરથી બાંધીને લઈ ગયો હતો અને વસુદેવના યજ્ઞમાંના અશ્વને મારી નાખ્યો હતો; પરંતુ પિતૃભગિનીને મેં આશ્વાસન આપેલું હોવાથી, એના સર્વ અપરાધોની આજ સુધી મેં ક્ષમા કરી હતી. કિન્તુ આજનું અપમાન મારાથી સહન કરી શકાય તેમ નથી. આજે એના સો અપરાધ પૂરા થયા છે!" એટલું કહીને શ્રીકૃષ્ણે શિશુપાલપર પોતાનું દિવ્ય ચક્ર ચલાવી તેના માથાને ધડથી વેગળું કરી નાખ્યું અને તેનો ઉદ્ધાર કર્યો, કારણ કે તેની વિરોધભક્તિ પરિપૂર્ણ હતી અને તેથી જ તેને સાયુજ્યમુક્તિ આપવામાં આવી હતી.

* કાન્યકુબ્જ દેશમાં પરનારીલંપટ અને અતિશય દુરાચારી અજામીલ નામનો એક બ્રાહ્મણ વસતો હતો. તે ચોરી ઇત્યાદિ નીચ કર્મો કરીને પોતાનું અને પોતાની પ્રિયતમાના કુટુમ્બનું પોષણ કરતો હતો. તેને પોતાની સ્ત્રીથી દશ સંતાનો થયાં હતાં અને તેમાં નારાયણ નામનો એક સર્વથી ન્હાનો પુત્ર હતો, તેનાપર તેની ઘણી જ પ્રીતિ હતી. એટલે સુધી કે, નારાયણ વિના એક પળવાર પણ તેને ગમતું ન હોતું. અંતે જ્યારે તેના મૃત્યુનો સમય પાસે આવ્યો અને યમના દૂતો આવીને તેના પંચ પ્રાણોને હરવા લાગ્યા; તોપણ તે પોતાનાં પુત્રના નારાયણ નામનો વારંવાર ઉચ્ચાર કરીને તેને બોલાવતો જ રહ્યો. આવી સ્થિતિને જોઈ પ્રત્યક્ષ વિષ્ણુએ ત્યાં પધારીને તેના પ્રાણ બચાવ્યા અને વિષ્ણુના પાર્ષદો તેને વૈકુંઠલોકમાં લઈ ગયા. સારાંશ કે, ઈશ્વરના નામનો મહિમા અગાધ છે. કારણ કે, અજામીલ જો કે અત્યંત નીચ હતો અને પાપી હતો, તોપણ તેના મુખે નિરંતર 'નારાયણ નારાયણ' એ નામનો ઘોષ થતો હોવાથી, પાપી હોવા છતાં પણ તેનો ઉદ્ધાર થઈ ગયો. તે સંસારસાગરમાંથી તરીને સુખરૂપ-નિર્વિઘ્ન પાર થઈ ગયો. એટલા માટે જ કહેલું છે કે:—

"સર્વ પાપ જતાં ટળી, લેતાં પ્રભુનું નામ;
અધિકારી જે નરકનો, પામે શાશ્વત ધામ!"

વત્સ કદાપિ ભૂખ્યાં રહે ખરાં?[૯] અર્થાત્ મેં જે વસ્તુ માટે વિનતિ કરેલી છે, તે વિશ્વરૂપનું, દેવ મને દર્શન ન કરાવે, એમ કદાપિ બનવાનું નથી; પરંતુ તેનાં દર્શનને યોગ્ય મને બનાવો.[૧૦] તમારાં વિશ્વરૂપને મારાં નેત્રો જોઇ શકશે, એવો જો તમારો નિશ્ચય હોય તો હે દેવાધિદેવ! વિશ્વરૂપને જોવાની મારી આકાંક્ષા તૃપ્ત કરો.[૧૧] સુભદ્રાપતિએ એવી યથાયોગ્ય પ્રાર્થના કરવાથી ષડ્ગુણૈશ્વર્યના રાજા શ્રીકૃષ્ણથી તે પ્રાર્થના સહન કરી શકાઇ નહિ.[૧૨] અર્જુન વર્ષાકાળ સમાન અને શ્રીકૃષ્ણ વર્ષાકાળમાં ઉત્પન્ન થતા કૃપામૃત યુક્ત મેઘ સમાન દેખાવા લાગ્યા. અથવા અર્જુન વસંતઋતુ અને કૃષ્ણ મંજુલ શબ્દ કરનાર કોકિલ પક્ષી હોયની, એવો ભાસ થવા લાગ્યો.[૧૩] અથવા તો પૂર્ણ ચંદ્રબિંબને જોઇને જેવી રીતે ક્ષીરસાગરમાં ભરતી આવે છે, તેવી જ રીતે તે સમુદ્રથી બમણી કરતાં પણ વધારે પ્રેમભરતીથી શ્રીકૃષ્ણ આન્દોલિત થવા લાગ્યા.[૧૪] ત્યાર પછી અતિશય કૃપાળુ શ્રીકૃષ્ણ, પ્રસન્નતાના ઉભરામાં જ મોટા ધ્વનિથી બોલી ઊઠ્યા કે; “હે પાર્થ! મારાં અગણિત સ્વરૂપોને નિહાળ!” અર્જુનનો તો દેવના એક વિશ્વરૂપને જોવાનો જ ઉદ્દેશ હતો; પરંતુ શ્રીકૃષ્ણે સમસ્ત જગત્ વિશ્વરૂપ છે, એમ બતાવ્યું.[૧૫] પ્રભુનું ઔદાર્ય અપરિમિત છે, તેથી તે યાચકોને સદા આપ્યા જ કરે છે, એટલું જ નહિ, પણ તેઓની ઇચ્છા કરતાં પણ હજારગણું વિશેષ આપે છે. આટલાથી બસ હોતું નથી, પણ પોતાનું સર્વસ્વ પણ તે આપી દે છે.[૧૭] અરે! જેમણે પોતાનું ગુહ્ય વિશ્વરૂપ, શેષનાગનાં બે હજાર નેત્રોને પણ બતાવ્યું ન હોતું, વેદોને પણ જેની આશામાં જ લટકતા રાખ્યા હતા અને જેને લક્ષ્મીથી પણ ગુપ્ત રાખ્યું હતું,[૧૮] તે વિશ્વરૂપને હવે અત્યારે અનેક પ્રકારે પ્રકટ કરીને, તે પ્રભુએ ભાગ્યવાન્ પાર્થને બતાવવાનો વ્યવસાય આરંભ્યો છે.[૧૯] કોઈ એક મનુષ્ય જાગ્રતાવસ્થામાંથી સ્વપ્નાવસ્થામાં જતાં જેવી રીતે સ્વપ્નમાં દૃષ્ટિગોચર થતા સર્વ પદાર્થરૂપ પોતેજ બની જાય છે, તે પ્રમાણે શ્રીકૃષ્ણ પોતે જ બ્રહ્માંડ થયા છે![૨૦] પ્રભુએ શ્રીકૃષ્ણ સ્વરૂપને ત્યાગીને જે અજ્ઞાન દૃષ્ટિના પટલથી તેઓ લોકોને મનુષ્યરૂપ દેખાતા હતા, તે પટલને ખસેડી પોતાના સમસ્ત યોગ બળને પ્રકટ કર્યું.[૨૧] પરંતુ અર્જુન એ સ્વરૂપને જોઈ શકશે કે નહિ, એની સ્મૃતિનો પણ લોપ થતાં તેઓ પ્રેમના ઉભરામાં એકાએક ‘મારા રૂપને નિહાળ!’ એમ કહેવા લાગ્યા.[૨૨]

श्रीभगवानुवाच—पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ ५ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે પાર્થ! અનેક પ્રકાર, અનેક વર્ણ અને અનેક આકારનાં મારાં સેંકડો હજારો અલૌકિક રૂપોને નિહાળ. ૫]

હે અર્જુન! તેં મારા એક જ વિશ્વરૂપને જોવાની ઇચ્છા દર્શાવી ને તેથી જો હું તને એક જ રૂપ બતાવું, તો તેમાં આશ્ચર્ય શું? માટે મારા સ્વરૂપમાંજ સમસ્ત જગત્ ભરેલું છે, એ તું નિહાળ.[૨૩] મારાં રૂપો કેવાં છે એમ જો તારા મનમાં આવે, તો તે ઇચ્છાને પ્રત્યક્ષ તે રૂપોને જોઇને જ તૃપ્ત કરી લે. મારાં કેટલાંક રૂપો કૃશ, કેટલાંક સ્થૂલ, કેટલાંક ઠીંગણાં, કેટલાંક ઊંચાં, કેટલાંક પાતળાં અને કેટલાંક અમર્યાદ છે;[૨૪] કેટલાંક ન સંકોચાનારાં, કેટલાંક નિષ્કપટી, કેટલાંક ઉદ્યોગ કરનારાં, કેટલાંક સ્વસ્થ બેસી રહેનારાં, કેટલાંક ઉદાસીન, કેટલાંક પ્રેમયુક્ત અને કેટલાંક તીવ્ર બુદ્ધિ છે;[૨૫] કેટલાંક અસાવધ, કેટલાંક સાવધ, કેટલાંક સુંદર, કેટલાંક ગંભીર, કેટલાંક ઉદાર, કેટલાંક કૃપણ, કેટલાંક કોપાન્વિત,[૨૬] કેટલાંક શાંત, કેટલાંક સારા મદવાળાં, કેટલાંક નિરુપયોગી, કેટલાંક આનંદયુક્ત, કેટલાંક પોકાર કરનારાં, કેટલાંક ન બોલનારાં, કેટલાંક સૌમ્ય,[૨૭] કેટલાંક લોભી, કેટલાંક વિરક્ત, કેટલાંક જાગ્રત, કેટલાંક નિદ્રિત, કેટલાંક સંતોષી, કેટલાંક દુઃખી

અને કેટલાંક પ્રસન્ન;[૨૮] કેટલાંક નિઃશસ્ત્ર, કેટલાંક શસ્ત્રધારી, કેટલાંક ઉગ્ર, કેટલાંક સ્નેહશીલ, કેટલાંક ભયંકર, કેટલાંક ચિત્રવિચિત્ર, કેટલાંક સમાધિસ્થ,[૨૯] કેટલાંક જનોની લીલામાં નિમગ્ન, કેટલાંક પ્રીતીથી પાલન કરનારાં, કેટલાંક ક્રોધથી સંહાર કરનારાં અને કેટલાંક સાક્ષીભૂત,[૧૩૦] એ પ્રમાણે નાના પ્રકારનાં અનેક અને તેજસ્વી, તેમ જ જૂદા જૂદા વર્ણનાં મારાં રૂપો છે.[૩૧] કેટલાંક તપાવેલા સોના જેવાં, સેંકડો પીળા રંગનાં, કેટલાંક અસ્તમાન સમયે આકાશ જેવું સુશોભિત દેખાય છે તેવાં, કેટલાંક લાલ રંગનાં,[૩૨] કેટલાંક જાણે સર્વ બ્રહ્માંડ માણિક્યોથી જ ભરેલું હોયની એવાં શોભાયુક્ત સુંદર, કેટલાંક અરુણોદય પ્રમાણે રક્તવર્ણનાં,[૩૩] કેટલાંક સ્વચ્છ સ્ફટિક સમાન શુદ્ધ ને શુભ્ર, કેટલાંક ઇન્દ્રનીલમણિસમાન લીલાં, કેટલાંક કાજળ જેવાં કાળાં, કેટલાંક લોહી જેવાં રાતાં.[૩૪] કેટલાંક તાવેલા સોના જેવાં પીળાં, કેટલાંક નવીન મેઘસમાન શ્યામવર્ણ, કેટલાંક ચંપક પુષ્પ સમાન પીળાં, કેટલાંક લીલાંછમ;[૩૫] કેટલાંક તપ્ત તામ્રસમાન લાલ ને કેટલાંક ચંદ્ર સમાન અતિ શુભ્ર, એ પ્રમાણે મારાં નાનાવર્ણ યુક્ત સ્વરૂપોને નિહાળ.[૩૬] જેમ આ ભિન્ન ભિન્ન રંગો છે, તે પ્રમાણે ભિન્ન ભિન્ન આકૃતિઓ પણ છે કે, જે આકૃતિઓના સૌન્દર્ય સમક્ષ મદન પણ લજાઇને શરણે આવ્યો છે.[૩૭] કેટલાંક નક્ષત્ર સમાન રેખેલાં, કેટલાંક તેજઃપુંજ, કેટલાંક મનોહર-જાણે શૃંગાર લક્ષ્મીના ભંડારનાં દ્વાર જ ઉઘડ્યાં હોયની તેવાં.[૩૮] કેટલાંક, મૃદુ, કેટલાંક ખડબચડાં, કેટલાંક અતિ વિકરાલ, કેટલાંક ઊંચી ડોકવાળાં અને કેટલાંક મોટા મસ્તકવાળાં ભયંકર;[૩૯] હે સુભદ્રાપતિ! એવી રીતે મારા રૂપની શતાવધિ આકૃતિઓ છે અને તેમને જોવા જતાં તેમનો પાર આવે તેમ નથી. એ એક એક રૂપના એક એક અવયવમાં જ સર્વ જગત્ ભરેલું છે, તે નિહાળ.[૧૪૦]

पश्यादित्यान्वसूनुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥

[હે ભારત! દ્વાદશ આદિત્ય, આઠ વસુ, અગિયાર રુદ્ર, બે અશ્વિનીકુમાર, ઓગણપચાસ મરુદ્ગણ અને પૂર્વે કદાપિ તારા જોવામાં ન આવેલાં અનેક આશ્ચર્યકારક રૂપોને મારામાં નિહાળી, હે ગુડાકેશ! ચરાચર સહિત આ સર્વ જગત્ અને બીજું જે કાંઈ તું જોવા ઇચ્છે છે, તે સર્વ આજ મારા દેહમાં એક જ સ્થળે હોયલું જોઈ લે. ૬-૭]

મારી દૃષ્ટિ ઉઘડતાં જ આદિત્ય આદિ દેવોની ઉત્પત્તિ થાય છે અને પુનઃ તે જ દૃષ્ટિ બંધ થતાં સર્વ દેવો લય પામે છે.[૪૧] મારા મુખમાંના શ્વાસોચ્છ્વાસ સાથે સર્વ જ્વાળામય થઇને જ્વાળામાંથી આઠ વસુનો સમુદાય ઉદ્ભવે છે;[૪૨] અને મારા ભ્રૂના છેડા, કોપથી એક સ્થાનમાં મળી જતાં દેખાય કે, તરત અગિયાર રુદ્ર ઉત્પન્ન થયેલા જોવામાં આવે છે.[૪૩] મારી સૌમ્ય મુદ્રામાંથી અસંખ્ય અશ્વિનીકુમાર ઉત્પન્ન થાય છે; અને હે પાંડવ! મારા શ્રવણ (કાન)માંથી અનેક વાયુઓ ઉત્પન્ન થાય છે.[૪૪] એ પ્રમાણે મારા એક એક અવયવની લીલામાંથી દેવ અને સિદ્ધોનાં કુળોની ઉત્પત્તિ થાય છે-તે અપાર અને વિશાળ રૂપોને આ સ્થાનમાં જો.[૪૫] જે રૂપોનું વર્ણન કરવામાં વેદોની વાણી કુંઠિત થયેલી છે, અને જે રૂપોને નિહાળવામાં કાળનું આયુષ્ય પણ ખૂટી પડયું છે, તેમ જ જે રૂપોનો અંત બ્રહ્મદેવથી પણ લઈ શકાયો નથી;[૪૬] અને

જેમનું નામ ત્રણ વેદોએ પણ કદાપિ સાંભળ્યું નથી, તે મારાં અનેક રૂપોને આ સ્થાનમાં પ્રત્યક્ષ જોઇ લે અને તેને જોઇ આશ્ચર્યકારક લીલા તથા મહાસિદ્ધિનો ઉપભોગ કર.[૪૭]

હે કિરીટિ! એ રૂપના પ્રત્યેક રોમરોમના મૂળમાં જે સૃષ્ટિ રહેલી છે, તે નિહાળ. એ જાણે કલ્પતરુના થડની આસપાસ કોમળ ઘાસ જ ઊગેલું હોયની, એવો જ ભાસ થાય છે.[૪૮] જેવી રીતે ઝરુખામાંથી સૂર્યકિરણોનો ઘરમાં પ્રવેશ થતાં તેમાં (ઘરમાં) પરમાણુ ઉડતાં દેખાય છે, તે જ પ્રમાણે એ રૂપના પ્રત્યેક અવયવના સાંધેસાંધામાં બ્રહ્માંડના સમૂહોના સમૂહો ભ્રમણ કર્યા કરે છે, એમ દેખાય છે તે તું જો.[૪૯] એ એકએક સ્વરૂપના અવયવોમાં સમસ્ત બ્રહ્માંડ ભરેલું છે, તે જો; અને કદાચિત્ વિશ્વથી પણ પર વસ્તુને જોવાની ઈચ્છા થાય,[૫૦] તો તે માટે પણ સંકટ સહન કરવાનું કાંઈ કારણ નથી. આ મારા શરીરમાં તને જે કાંઈ પણ પસંદ પડે, તે સર્વ આનંદથી જોઇ લે.[૫૧] એ પ્રમાણે તે વિશ્વરૂપ શ્રીકૃષ્ણ પ્રેમથી બોલ્યા અને ત્યાર પછી અર્જુન 'મારા તે રૂપને જુવે છે કે નહિ,' એનો નિશ્ચય કરવા માટે તેની તરફ જોવા લાગ્યા, તો તે તેમને સ્વસ્થ બેસી રહેલો દેખાયો.[૫૨] એટલે, 'એ આમ સ્વસ્થ થઇને કેમ બેસી રહ્યો છે?' એવું તેમને પ્રશ્ન થયું, તોય તે ભગવાનના વિશ્વરૂપને જોવાની આશામાં જેવો મગ્ન થઇ ગયો હતો, તેવી જ નિમગ્નતામાં તે દૃષ્ટિગોચર થયો.[૫૩]

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ८ ॥

[પરંતુ આ તારાં ચર્મચક્ષુવડે તું મને જોઈ શકવાનો નથી, એટલા માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું; પછી તું મારી ઈશ્વરીય શક્તિનું અવલોકન કર. ૮]

ત્યાર પછી તેઓ મનમાં જ કહેવા લાગ્યા કે;–આની ઉત્કંઠા અદ્યાપિ ઓછી થઈ નથી અને આને (વિશ્વરૂપદર્શનથી) આનંદ પણ થયો નથી. મેં એને વિશ્વરૂપનું દર્શન તો કરાવ્યું, પણ એનાથી તે જોઈ શકાયું નથી.[૫૪] એમ સ્વગત વિચાર કરી શ્રીકૃષ્ણ હસ્યા અને અર્જુનને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે;–મેં તને વિશ્વરૂપ બતાવ્યું, પણ તું તો તેને અવલોકતો જ નથી, એ શું?[૫૫] ભગવાનનું એ બોલવું સાંભળીને બુદ્ધિમાન્ અર્જુન કહેવા લાગ્યો કે;–મહારાજ! એ દોષ કોનો છે? તમે બગલા પાસે ચંદ્રામૃત પીવાનો પ્રયત્ન કરાવો છો. (ચંદ્રામૃતનો ભોક્તા ચકોરપક્ષી છે, બગલા નથી.)[૫૬] અહો મહારાજ! દર્પણને લૂછી સ્વચ્છ કરીને આપ તે આંધળાને બતાવવાની ખટપટ કરો છો; અને હે હૃષીકેશ! આપ બહેરા આગળ ગાયન લલકારવા બેઠા છો.[૫૭] હે શાર્ઙ્ગધર! આપ જાણી જોઇને પુષ્પપરાગનો ચારો ભ્રમરોને ન આપતાં દેડકાંને આપો છો અને એમ કરતાં જો તે વ્યર્થ થાય–તેવો લાભ ન લેવાય તો તેથી બીજાપર કોપ શાને કરવો જોઇએ?[૫૮] જે વિશ્વરૂપ ઈંદ્રિયોને અગોચર છે, એમ શાસ્ત્રોએ પણ કહેલું છે અને જેને કેવળ જ્ઞાનદૃષ્ટિ જ નિહાળી શકે છે, તે રૂપને જો તમે મારાં ચર્મચક્ષુ સમક્ષ રજુ કરો, તો તેને હું કેવી રીતે જોઇ શકું?[૫૯] પરંતુ તમારી આ ભૂલનો ઉચ્ચાર ન કરતાં સ્વસ્થતા ધારીને બેસી રહેવું જ વધારે સારું છે. અર્જુનનું એ ભાષણ સાંભળીને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે;–ભાઈ અર્જુન! તારું બોલવું મને માન્ય છે.[૬૦] જો તને વિશ્વરૂપ બતાવવાની જ મારી ધારણા હોય, તો તો પ્રથમ મારે તને તે જોવા માટેનું સામર્થ્ય આપવું જ જોઇએ. પરંતુ પ્રેમના ઊમળકામાં બોલતાં બોલતાં તને તેવી દૃષ્ટિ આપવાનું મને વિસ્મરણ જ થઇ ગયું હતું![૬૧] જમીનને ખેડ્યા વિના તેમાં પેરણી–વાવણી કરવાથી તેટલો સમય જેમ નકામો જાય છે, તે જ પ્રમાણે દિવ્યચક્ષુ આપ્યા વિના તને વિશ્વ-

રૂપ બતાવવાની મારી ખટપટ પણ વ્યર્થ થઇ છે, તેથી હવે તને હું એવી દૃષ્ટિ આપું છું કે, જેના યોગે તું મારા વિશ્વરૂપનું સારી રીતે અવલોકન કરી શકશે.[૬૨] પછી, હે પાંડવ! તે દૃષ્ટિવડે મારા સર્વ (અઘટિત ઘટનારૂપ) ઐશ્વર્ય યોગને જોઇને તેને પોતાના પૂર્ણ અનુભવમાં ઉતારજે.[૬૩] વેદોવડે જ જાણવા યોગ્ય અને સકળ લોકોના આદિ પુરુષ, તેમજ સર્વ જગતના પરમ પૂજ્ય શ્રીકૃષ્ણ પરમાત્મા એ પ્રમાણે બોલ્યા.[૬૪]

संजय उवाच—एवमुक्त्वा ततो राजन् महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

[સંજયે કહ્યું:–હે ધૃતરાષ્ટ્ર રાજન્! એ પ્રમાણે બોલીને ત્યાર પછી મહાયોગેશ્વર શ્રીકૃષ્ણે, પાર્થને પોતાનું પરમ શ્રેષ્ઠ વિશ્વરૂપ દેખાડયું. ૯]

સંજયે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું કે:-હે કૌરવ કુળમાંના ચક્રવર્તી ધૃતરાષ્ટ્ર રાજા! મને વારંવાર એનું જ આશ્ચર્ય થયા કરે છે કે, આ ત્રણે લોકમાં લક્ષ્મી કરતાં કોઇ પણ અધિક દૈવવાન્ છે કે?[૬૫] અથવા તો આ જગતમાં શ્રુતિ વિના અન્ય કોઇ પણ સંકેતથી વર્ણન કરનાર છે કે? અથવા તો જેને દાસ્ય કહેવામાં આવે છે, તે કેવળ એક શેષના અંગમાં જ રહેલું છે?[૬૬] રે! ભગવતની પ્રાપ્તિ માટે યોગી પ્રમાણે આઠે પ્રહર સેવા કરનાર ગરુડ સમાન બીજો કોઇ પણ છે ખરો કે?[૬૭] પરંતુ જ્યારથી પાંડવોનો જન્મ થયો છે, ત્યારથી તે સર્વ તો એક તરફ રહી ગયા છે અને સમસ્ત કૃષ્ણ-સુખ કેવળ પાંડવોમાં જ આવીને એકત્ર થયેલું છે![૬૮] છતાં પાંચે પાંડવોમાંથી અર્જુને, જેવી રીતે કોઇ કામાતુર પુરુષને કોઇ એક સ્ત્રી પોતાના સ્વાધીન કરી લે છે, તે પ્રમાણે શ્રીકૃષ્ણને આધીન કરી લીધા છે.[૬૯] (તે એટલે સુધી કે,) પઢાવેલો પોપટ પણ એટલું બોલે નહિ કે પાળેલો પશુ પણ એટલો બધો આજ્ઞામાં ચાલે નહિ! કોણ જાણે અર્જુનને કેવું દૈવ અનુકૂળ થયું હશે, એ જાણી શકાતું નથી.[૧૭૦] આજે પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્માના ઐશ્વર્યને ભોગવવાને અર્જુનનાં નેત્રો ભાગ્યશાળી થયાં છે અને એટલા માટે જ શ્રીકૃષ્ણ તેનો પડતો બોલ પણ ઝીલી લે છે.[૭૧] જો અર્જુન કોપાયમાન થાય છે, તો દેવ સ્વસ્થતાથી તેના કોપને સહન કરી જાય છે; અને જો તે રીસાય છે તો પરમાત્મા તેનું સાંત્વન કરે છે. દેવને અર્જુનનો આ કેટલો બધો ઉન્માદ થયો છે, તે તો જુવો.[૭૨] નહિ તો શ્રીકૃષ્ણની યોગ્યતાનું વર્ણન પણ થવું અશકય છે. (તે કૃષ્ણ કયાં ને અર્જુન કયાં!) જે સમર્થ શુકાચાર્યે બાર વર્ષ પર્યન્ત માતાના ઉદરમાં રહીને વિષયોને જિત્યા હતા, તે શુકાચાર્ય એમના વિષયો (રાસક્રીડા)નું વર્ણન કરી કૃતાર્થ થવાની ઇચ્છાથી સ્તુતિપાઠક બન્યા હતા![૭૩] હે રાજન્! શ્રીકૃષ્ણ પરમાત્મા યોગીઓની સમાધિના આદિ દૈવત હોવા છતાં પાર્થને આધીન થવાથી મારા મનમાં મહદ્ આશ્ચર્ય થયા કરે છે.''[૭૪] એટલું બોલીને સંજયે પુનઃ ધૃતરાષ્ટ્રને કહ્યું કે:-"પણ હે રાજન્! એમાં આશ્ચર્ય કે ચમત્કાર જેવું શું છે? શ્રીકૃષ્ણ જેનો અંગીકાર કરે, તેનો તો એવો ભાગ્યોદય થવાનો જ.[૭૫] એટલા માટે, તે દેવાધિદેવે પાર્થને કહ્યું કે, હું તને દિવ્યદૃષ્ટિ આપું છું અને તેના યોગે તું મારા અખંડ વિશ્વરૂપને જોઇ શકીશ.[૭૬] શ્રીકૃષ્ણના મુખમાંથી એ અક્ષરો નીકળતાં જ તત્કાળ અર્જુનના સર્વ અજ્ઞાનનો લોપ થઇ ગયો.[૭૭] જ્ઞાનેશ્વર કહે છે કે:-"તને દિવ્યદૃષ્ટિ આપું છું" એ અક્ષરો નહિ, પણ બ્રહ્મના ઐશ્વર્યને બતાવનારી જ્ઞાનરૂપ મશાલો જ શ્રીકૃષ્ણે સળગાવી છે, એમ જ સમજવાનું છે.[૭૮] ત્યાર પછી દિવ્ય દૃષ્ટિનો પ્રકાશ પડતાં જ અર્જુનની જ્ઞાનદૃષ્ટિનો ચતુર્દિશામાં વિસ્તાર થવા લાગ્યો. એ પ્રમાણે શ્રીકૃષ્ણે તેને પોતાના ઐશ્વર્યનું દર્શન કરાવ્યું.[૭૯] ભગવાનના સર્વ અવતારો જે વિશ્વરૂપ સમુદ્રની લહરીઓ છે, કિંવા જેના તેજરૂપ સૂર્યકિરણોવડે આ સર્વ જગત્ મૃગજળ પ્રમાણે ભાસે છે,[૧૮૦]

જેની અનાદિસિદ્ધ સત્સ્વરૂપ ભૂમિકાપર સ્થાવર જંગમરૂપ ચિત્રો મુદ્રિત થાય છે, તે પોતાના મૂળ સ્વરૂપનું શ્રીકૃષ્ણે અર્જુનને દર્શન કરાવ્યું![८१] પૂર્વે બાલ્યાવસ્થામાં એ જ શ્રીકૃષ્ણે જ્યારે એકદમ માટી ખાધી હતી, ત્યારે યશોદાએ ક્રોધાતુર થઇને તેને હાથમાં પકડી રાખ્યાતા,[८२] ત્યારે બ્હી બ્હીને 'મેં માટી ખાધી નથી' એ પ્રમાણે મુખ બતાવવાના નિમિત્તથી, ધીમેથી મુખને ઉઘાડીને તેમાં માતા યશોદાને વિસ્તારથી ચૌદે ભુવનોનું દર્શન કરાવ્યું હતું;[८३] કિંવા મધુવનમાં જે વેળાએ કુમાર ધ્રુવ દેવનાં દર્શન માટે ગયો હતો, તે વેળાએ ત્યાં તેની, પ્રભુની સ્તુતિ કરવાની ઉત્કટ ઇચ્છા છતાં, સ્તુતિ કેમ કરવી એ આવડતું ન હોવાથી તેના ગાલને દેવે પોતાના શંખનો સ્પર્શ કરાવતાં જ તે ધ્રુવ, વેદો પણ જેવી સ્તુતિ કરી શક્યા નથી તેવી અગમ્ય સ્તુતિ કરવા લાગ્યો હતો;[८४] એ જ પ્રમાણે રાજા શ્રીહરિએ ધનંજયને ઉપદેશ કરતાંની સાથે જ માયા કોણ જાણે ક્યાં પલાયન કરી ગઇ, એનો પત્તો જ લાગ્યો નહિ.[८५] એકાએક ઐશ્વર્ય તેજનો પ્રકાશ વિસ્તરતાં તેને સર્વ ચમત્કારમય જ દૃષ્ટિગોચર થવા લાગ્યું અને તેનું ચિત્ત આશ્ચર્યમાં નિમગ્ન થઈ ગયું.[८६] નદીને તીરે માર્કણ્ડેય ઋષિ સંધ્યા કરતા હતા, તેવામાં તેમણે ભગવાનને એવી પ્રાર્થના કરી કે, 'મને આશ્ચર્ય બતાવો.' એટલે તરત જ તે (જે પ્રમાણે પૃથ્વીથી તે આકાશ પર્યન્ત સર્વત્ર જળ જળ થઈ જતાં તેમાં એકલો જ) તરવા લાગ્યો હતો, તે જ પ્રમાણે, વિશ્વરૂપના કૌતુકમાં પાર્થ પણ નિમગ્ન થયો.[८७] તેણે કહ્યું કે;-"અહો! આ સ્થળે કેટલાં બધાં આકાશો દૃષ્ટિગોચર થતાં હતાં, તે બધાંને કોણે ક્યાં લઈ જઇને રાખ્યાં? તેમ જ આ સ્થાવર જંગમ મહાભૂતો ક્યાં ગયાં?[८८] દિશાઓનો ક્યાંય પત્તો નથી; આકાશ અને પાતાળ ક્યાં ગયાં, તે સમજી શકાતું નથી; અને જાગ્રત થયેલા મનુષ્યને જેવી રીતે સ્વપ્નમાં જોયેલા પદાર્થો દૃષ્ટિગોચર થતા નથી; તે જ પ્રમાણે અત્યાર સુધી દેખાતી સૃષ્ટિનો લોપ થઈ ગયો![८९] અથવા તો સૂર્યનારાયણના તેજમાં જેવી રીતે ચંદ્ર અને તારાઓનો લોપ થઈ જાય છે, તેવી જ રીતે વિશ્વરૂપના પ્રભાવે સૃષ્ટિની સર્વ રચનાનો લોપ કરી નાંખ્યો છે."[९०] તે વેળાએ તેના મનમાંથી મનની સ્મૃતિનો લોપ થતાં બુદ્ધિ બુદ્ધિવડે રોકી શકાતી નહોતી અને ઇંદ્રિયોની સર્વ વૃત્તિઓ પાછી ફરીને હૃદયમાં આવી છૂપાઈ ગઈ હતી![९१] અર્થાત્ સ્તબ્ધતાને સ્તબ્ધતા પ્રાપ્ત થઈ, એકાગ્રતામાં એકાગ્રતાનું આગમન થયું અને જાણે સર્વ જ્ઞાનપર મોહિની અસ્ત્રનો જ પ્રયોગ કરવામાં આવ્યો હોય, એવો જ ભાસ થવા લાગ્યો.[९२] એ પ્રમાણે તે આશ્ચર્યયુક્ત કૌતુકથી ચારે તરફ જોવા લાગ્યો, તો તેના સમક્ષ જે ચતુર્ભુજ ન્હાની મૂર્તિ હતી તે વધીને અનેકરૂપે ચારે તરફ પ્રસરેલી અને વિસ્તરેલી તેના જોવામાં આવી.[९३] જે પ્રમાણે વર્ષાઋતુમાંના મેઘ કિંવા મહા પ્રલયકાળના સૂર્યનો પ્રકાશ (તેજ) એકાએક ચારે દિશામાં પ્રસરી જાય છે, તે જ પ્રમાણે ભગવાને કોઈ પણ સ્થાનમાં કેવળ પોતાના વિના અન્ય કાંઈ પણ અવશિષ્ટ રહેવા દીધું નહિ.[९४] પ્રથમ તો શ્રીકૃષ્ણના સ્વરૂપને જોઇને અર્જુનના મનનું સમાધાન થયું અને ક્ષણાર્ધમાં નેત્રો ઉઘાડીને જુવે છે તો ત્યાં વિશ્વરૂપ તેના જોવામાં આવ્યું![९५] એવી રીતે, આ બન્ને નેત્રોવડે સર્વ વિશ્વરૂપને જોવાની તેની જે ઇચ્છા હતી, તે સર્વ આશા શ્રીકૃષ્ણ પરમાત્માએ પૂર્ણ કરી.[९६]

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।

अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ १० ॥

[તે વિશ્વરૂપમાં અનંત મુખ, અનંત નેત્ર અને અનંત અદ્દભુત દર્શનીય પ્રકાર હતા. તેમાં અનંત સુપ્રકાશિત અલંકાર હતા અને અનંત ચકચકતાં આયુધો ઉપાડીને પકડવામાં (ધરી રાખવામાં) આવ્યાં હતાં. ૧૦]

ત્યારપછી (અર્જુને તે વિશ્વસ્વરૂપમાં) અનેક મુખો જોયાં અને તે કેવળ શ્રીવિષ્ણુના રાજમહાલય સમાન દેખાતાં હતાં–જાણે લાવણ્યશ્રીના ભંડારો જ ઉઘડ્યા હોયની, એવો જ ભાસ થતો હતો.[97] અથવા તો આનંદરૂપ વનો જ બહારમાં આવ્યાં હોય એમ જ ભાસતું હતું. જેમ સૌન્દર્યને રાજ્યાધિકાર પ્રાપ્ત થાય, તદ્વત્ આલ્હાદકારક શ્રી હરિનાં વદનોનું અર્જુને દર્શન કર્યું.[98] તે મુખોમાં જાણે કાળરાત્રિની સેનાઓ જ ઉદ્ભવ પામેલી હોયની, એવાં કેટલાંક મુખો ભયંકર દેખાયાં.[99] અથવા તો મૃત્યુને જ મુખો આવ્યાં હોય, ભયના દુર્ગ જ બંધાયા હોય, કિંવા પ્રલયાગ્નિના મહા કુંડો જ સળગાવ્યા હોય,[200] તેવાં અદ્ભુત અને ભયંકર મુખો અર્જુને તે સ્થળે જોયાં. તેમ જ પુષ્કળ સૌમ્ય અલંકારથી વિભૂષિત ચમત્કારિક મુખો પણ તેના જોવામાં આવ્યાં.[1] પોતાની જ્ઞાનદૃષ્ટિવડે જોતાં પણ તે મુખોનો અંત તે પામી શકયો નહિ અને તેથી નેત્રો કયાં છે, એનો તે કૌતુકથી શોધ કરવા લાગ્યો.[2] એટલે નાનાવિધ રંગનાં કમળવનો જ વિકસિત થયાં હોય તેવાં સૂર્ય-તેજ સમાન ચમકતાં નેત્રોની પંક્તિઓ અર્જુનના જોવામાં આવી.[3] તેમાં અમાવાસ્યાની નિશા સમાન કાળા મેઘોના સમુદાયમાં કલ્પાંત સમયે જેવી રીતે વીજળીનો ચમકાટ થાય છે, તે પ્રમાણે ભ્રૂ ભાગની નીચે પીળાં નેત્રો અગ્નિ સમાન ચમકતાં હતાં;[4] તે એક જ રૂપમાં એક એક આશ્ચર્ય જોઇને વિશ્વરૂપમાં અનેક વિષયો ભરેલા છે, એવો તેને અનુભવ થવા લાગ્યો.[5] ત્યાર પછી એ વિશ્વરૂપના પગો કયાં છે, મુકુટ કયાં છે અને બાહુ કયાં છે એ જોવાની, કૌતુકવડે તેની ઇચ્છા વધતી ચાલી.[6] ભાગ્યવાન્ પાર્થના મનોરથ કદાપિ વિફળ થાય ખરા? નહિ જ. શંકરના ભાથામાં કદાપિ વિફળ બાણો હોઇ શકે છે? નહિ જ.[7] તેમ જ બ્રહ્મદેવની વાચામાં નિરર્થક શબ્દોનો સમાવેશ હોય ખરો? નહિ જ; અર્થાત્ અર્જુને અપાર વિશ્વરૂપના આદિ અને અંતનું નિરીક્ષણ કરી લીધું.[8] જે રૂપનો પાર વેદો પણ પામી શકયા નથી, તે રૂપના સર્વ અવયવો અલ્પ સમયમાં જ અર્જુને પોતાના બન્ને નેત્રોવડે જોઇ લીધા.[9] નાના રત્નોના અલંકારવડે શોભાયમાન વિશ્વરૂપનાં ચરણથી તે મુકુટ પર્યન્તના મહિમાને તેણે જોઇ લીધો.[210] પરબ્રહ્મે પોતે જ સ્વરૂપ ધારણ કરીને તેનાપર પરબ્રહ્મરૂપ અલંકાર ધારણ કરવાથી તે અલંકારો શાના જેવા શોભે છે, એ હું શું કહું?[11] જે તેજવડે સૂર્ય અને ચન્દ્રનાં મંડળો પ્રકાશિત થાય છે અને જે મહાતેજવડે વિશ્વ પ્રકાશિત થાય છે, તેનું જે જીવન,[12] તે બ્રહ્મ, બ્રહ્મરૂપ અલંકારોને ધારણ કરે, એટલે પછી તેને જાણવાની કોની શક્તિ હોઇ શકે? છતાં પણ બ્રહ્મે, બ્રહ્મરૂપ અલંકારો જ ધારણ કરવાનું અર્જુનની દૃષ્ટિએ દેખાયું.[13] ત્યાર પછી તે જ્ઞાનદૃષ્ટિથી બ્રહ્મના હાથોને જોવા લાગ્યો. તે હાથો સરળ હતા અને તેમાં કલ્પાંતની જ્વાળાઓને તોડનારાં શસ્ત્રો ચમકતાં હતાં, એમ તેના જોવામાં આવ્યું.[14] પોતે જ શરીર, તે શરીરપર ધારેલા અલંકાર પણ પોતે જ; હાથમાં ઉપાડેલાં શસ્ત્ર પણ પોતે જ; અને જીવ પણ પોતે જ; એ પ્રમાણે દેવે સર્વ સ્થાવર જંગમનો પોતામાં જ સમાવેશ કરી દીધો હતો.[15] તેનાં કિરણોની પ્રખરતાથી નક્ષત્રોના તેજનો લોપ થયો અને અગ્નિ પણ અંજાઇ જઇને સમુદ્રમાં પેસી ગયો![16] પછી જાણે હલાહલ વિષની લહરીઓ જ ઉદ્ભવી હોય અથવા તો મહા વિદ્યુતનું અરણ્ય જ ઉદ્ભવ્યું હોયની, એવાં આયુધોને હસ્તમાં લઇને બીજાને મારવા માટે ઊગામ્યા પ્રમાણેના અર્જુને અપરિમિત હાથો જોયા.[17]

दिव्यमाल्यांबरधरं दिव्यगंधानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥

[અંગપર સુપ્રકાશિત પુષ્પો અને વસ્ત્રો હતાં; અને અંગને દિવ્ય સુવાસિક પદાર્થો લગાડેલા હતા. એવા સર્વ આશ્ચર્યોથી ભરેલા અને સર્વ બાજુએ મુખોવાળા અને જેમણે વિશ્વરૂપ ધારણ કરેલું છે એવા દેવને અર્જુને જોયા. ૧૧]

તે હાથોમાંનાં અસંખ્ય શસ્ત્રોના ભયથી અર્જુન પોતાની દૃષ્ટિને ફેરવીને કંઠ અને મુકુટ તરફ જોવા લાગ્યો. તે વેળાએ તેને એમ ભાસ્યું કે, કલ્પતરુની ઉત્પત્તિ આમાંથી જ થયેલી હશે![૧૮] મહાસિદ્ધિનું અધિષ્ઠાન જે લક્ષ્મી તે જ્યારે થાકી જાય છે, ત્યારે ત્યાં વિશ્રાંતિ લે છે એવાં જે અતિ ઉત્કૃષ્ટ કમળો તેનો વાસ ત્યાં લેતાં હોય, એમ તેણે જોયું.[૧૯] મુકુટપર એકપર એક અનુક્રમે પુષ્પના ગુચ્છો ગોઠવેલા હોઈને કંઠમાં અવર્ણનીય પુષ્પમાળાઓ ધારણ કરેલી હતી.[૨૨૦] જેવી રીતે સ્વર્ગ સૂર્યતેજથી ભરેલું અથવા મેરુ પર્વત સુવર્ણવડે મઢેલો છે, તે પ્રમાણે કમ્મરની આસપાસ ધારેલું પીતાંબર ઝળકતું હતું.[૨૧] જેવી રીતે શ્રી મહાદેવને કર્પૂરનું લેપન કરીએ અથવા કૈલાસ પર્વતને પારાવડે મઢીએ કિંવા ક્ષીર સમુદ્રને સ્વચ્છ શ્વેત જળથી આચ્છાદિત કરીએ,[૨૨] જેમ ચંદ્રની ઘડીને ઉકેલીને આકાશને તેનો બુરખો પહેરાવીએ, તે પ્રમાણે તે શરીરમાં સર્વાંગમાં સ્વચ્છ અને શુભ્ર ચંદનનો લેપ દૃષ્ટિગોચર થયો.[૨૩] જેના યોગે પ્રકાશ આપનારી વસ્તુઓમાં પણ તેજનો આવિર્ભાવ થાય છે અને જે બ્રહ્માનંદ સ્વભાવતઃ જ શીતલ છે તેના દાહનો પણ જેના યોગે નાશ થાય છે અને જેના સૌગંધ્યથી સ્વાભાવિક સૌગંધ્યમયી પૃથ્વી પણ સુગંધિત થાય છે;[૨૪] જે ગંધ સમક્ષ ઇતર ગંધો(ની સુગંધ)નો ઝેણુ નષ્ટ થાય છે અને જે ગંધનો આકાર નથી એવો ગંધ જેણે સર્વાંગમાં ધારણ કરેલો છે, તે સુગંધની યોગ્યતાની બરાબરી કોણ કરી શકે?[૨૫] એ પ્રમાણે એક એક અલંકારની શોભાને જોઈને અર્જુન ચક્કર ખાઈ ગયો અને તેથી દેવ બેઠેલા છે, ઊભા છે કે સૂતેલા છે, એ તેના સમજવામાં આવી શક્યું નહિ.[૨૬] તે આંખો ઉઘાડીને આમ તેમ જોવા લાગ્યો તો સર્વ વિશ્વરૂપવડે ભરેલું જ તેના જોવામાં આવ્યું; અને તેથી તે તરફ ન જોતાં આંખો બંધ કરીને સ્વસ્થ થઈ બેસી રહેવું, એવી ધારણાથી જેવી તેણે આંખો મીંચી તો અંતરમાં પણ તે વિશ્વરૂપ જ તેને દેખાવા લાગ્યું.[૨૭] આંખોની આગળ અનંત મુખો દેખાતાં હોવાથી ભયને ટાળવાને તેણે મોઢું પાછળ ફેરવ્યું તો ત્યાં પણ વિશ્વરૂપનાં અનંત મુખો, હાથ, પગ આદિ તેવીજ અવસ્થામાં દેખાવા લાગ્યાં![૨૮] અહો! દૃષ્ટિ ઉઘાડીને જોતાં સર્વત્ર વિશ્વરૂપનો ભાસ થાય, એમાં આશ્ચર્ય તે શાનું હોય વારુ? પરંતુ આંખો બંધ કરવા છતાં પણ તે દેખાય, એ તો આશ્ચર્યકારક ખરું જ.[૨૯] પ્રભુની કૃપાની કરણી કેવી છે તે જુઓ કે, પાર્થના જોવામાં અને ન જોવામાં પણ શ્રીકૃષ્ણ વ્યાપી રહ્યા છે.[૨૩૦] અર્થાત્ એક આશ્ચર્યરૂપી પૂરમાં પડ્યા પછી તત્કાળ કિનારાપર પહોંચીને જ્યાં ઉભો રહ્યો કે તરત ચમત્કારરૂપ બીજા સમુદ્રમાં પડી ગયો![૩૧] એવી રીતે પોતાનાં (વિશ્વરૂપ) દર્શનના કૌશલ્યથી અર્જુનને શ્રીકૃષ્ણે અનંત રૂપો બતાવીને વ્યાપી નાંખ્યો.[૩૨] તે સર્વવ્યાપી અને સ્વભાવતઃ જ સર્વતોમુખ હોવાથી અને તેવામાં અર્જુને વિશ્વરૂપ બતાવવા માટેની પ્રાર્થના કરવાથી, પોતેજ સર્વ રૂપોને ધારણ કરીને સજ્જ થયા છે![૩૩] અર્જુનને શ્રીકૃષ્ણે જે દિવ્યદૃષ્ટિ આપી હતી, તે દૃષ્ટિથી દીપક અથવા સૂર્યનો પ્રકાશ હોય તોજ જોઈ શકાય અને નેત્રો બંધ કરીએ કે દેખાતું બંધ થાય એવી નહોતી![૩૪] અને તેથીજ નેત્રો ખુલ્લાં હોય કે બંધ હોય, તેમજ અંધારું હોય કે અજવાળું હોય, તોય અર્જુનની દિવ્યદૃષ્ટિ સર્વત્ર સંચાર કરી શકતી હતી, એમ હસ્તિનાપુરમાં સંજયે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું.[૩૫] અને વધારામાં જણાવ્યું કે, હે રાજન્! સાંભળ્યું કે! નાના અલંકારોથી ભરેલું અને જેનાં નેત્રો સર્વ દિશામાં છે એવા વિશ્વરૂપનું પાર્થે દર્શન કર્યું.[૩૬]

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।

यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥ १२ ॥

[આકાશમાં કદાચિત્ એક ક્ષણેજ સહસ્ર સૂર્યોની પ્રભા પ્રસરે, તો તે કાંઇક એ વિશ્વરૂપની પ્રભા જેવી દેખાય. ૧૨]

હે રાજન્! તે વિશ્વરૂપનું તેજ શાના જેવું હતું એમ હું કહું? પ્રલયકાળમાં જેવી રીતે દ્વાદશ સૂર્યાં એકત્ર મળે છે,[૩૭] તેવા સહસ્રાવધિ સૂર્યો જો એકજ વેળાએ ઉદિત થાય, તો તેમનાથી પણ એ વિશ્વરૂપના તેજની બરાબરી કરી શકાય તેમ નથી જ.[૩૮] સર્વ વીજળીઓને એકત્ર કરીને અને પ્રલયકાળના અગ્નિનાં સર્વ સાહિત્યોને એકઠાં કરીને, તેમાં જો ઉદક કરતાં દશગણું વધારે મહાતેજ મેળવી દેવામાં આવે,[૩૯] તો કદાચિત્ તે વિશ્વરૂપના અંગમાંના તેજની કાંઈક બરાબરી કરી શકાય; છતાં પણ તેની સાથે પૂરેપૂરી બરાબરી તો થઈ શકવાની નહિ જ,[૨૪૦] એવો તે શ્રી હરિનો મહિમા છે. તેના વિશ્વરૂપનું તેજ સર્વત્ર પ્રસરેલું હતું અને તે શ્રી વ્યાસની કૃપાથી મારા જોવામાં આવ્યું છે![૪૧]

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पांडवस्तदा ॥ १३ ॥

[તે દેવાધિદેવના શરીરમાં સમસ્ત જગત્ એકત્ર દેખાતું હતું અને તેમાં નાના પ્રકારના વિભાગો પણ છે, એમ અર્જુને તે વેળાએ જોયું. ૧૩]

વળી, તે વિશ્વરૂપમાં સર્વ જગત્ એક બાજૂએ દેખાતું હતું. જેવી રીતે સમુદ્રના જળની સપાટીપર જૂદા જૂદા પરપોટા દૃષ્ટિગોચર થાય છે,[૪૨] આકાશમાંનાં અભ્રોમાં જેમ ગંધર્વનગર, પૃથ્વીપર કીડીઓના ટેકરા અથવા ડુંગરપર બારીક માટીના કણ હોય છે;[૪૩] તેજ પ્રમાણે, તે વેળાએ તે દેવાધિદેવ શ્રી કૃષ્ણના શરીરમાં અર્જુને આ સમસ્ત જગત્ જોયું.[૪૪]

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृतांजलिरभाषत ॥ १४ ॥

[એ વેળાએ આશ્ચર્યથી ચકિત થતાં ધનંજયના અંગમાં રોમાંચ ખડાં થયાં અને તે નમસ્કાર કરીને તથા હસ્તદ્વય જોડીને દેવને કહેવા લાગ્યો. ૧૪]

એટલે પછી વિશ્વ ભિન્ન છે અને હું ભિન્ન છું, એવું જે થોડું ઘણું દ્વૈત (અર્જુનમાં) હતું તેનો પણ લોપ થતાં અર્જુનનું મન સહજ વિરમી ગયું.[૪૫] અંતરમાં બ્રહ્માનન્દ જાગ્રત થતાં તેના બાહ્ય અવયવો ઢીલા પડી ગયા અને ચરણથી તે મસ્તકપર્યન્ત રોમાંચ ઉભાં થયાં.[૪૬] વર્ષાઋતુના આરંભમાં પર્વતપરનો સર્વ મળ વહી ગયા પછી જેમ ઘાસ ઉગી નીકળે છે, તેવી જ રીતે અર્જુનના સર્વાંગમાં રોમાંચ ખડા થઈ ગયાં![૪૭] ચંદ્રકિરણોનો સ્પર્શ થતાં જેવી રીતે ચંદ્રકાંત મણિને સ્વેદ આવે છે, તે પ્રમાણે અર્જુનના શરીરમાં સ્વેદનાં બિન્દુઓનો આવિર્ભાવ થયો![૪૮] ભૃંગ કમળની કલિકામાં સપડાતાં તે કલિકા હીલવા માંડે છે, તદ્વત્ અંતરમાંની સુખની લહરીઓથી અર્જુનનું શરીર કંપવા લાગ્યું![૪૯] કર્પૂરની કેળીના ગર્ભમાંના પાલવને છોડવા માંડતાં કર્પૂરની વિપુલતાને લીધે જેમ કર્પૂરના રસની ધારાઓ બહાર નીકળવા માંડે છે, તે પ્રમાણે તેનાં નેત્રમાંથી આનંદાશ્રુની ધારાએ બહાર પડવા લાગી![૨૫૦] ચન્દ્રનો ઉદય થતાં જેવી રીતે સમુદ્ર ભરેલો હોવા છતાં પણ તેમાં ભરતી આવે છે, તેવી રીતે અંતરના સુખની લહરીવડે તે ઉપરાસાપરી ડોલવા લાગ્યો.[૫૧] એ પ્રમાણે અષ્ટ સાત્ત્વિક ભાવોની પરસ્પર હોંસાતોંસી થતાં, અર્જુનને બ્રહ્માનન્દની રાજ્ય પ્રાપ્તિ થઇ.[૫૨] તેજ પ્રમાણે બ્રહ્માનંદ સુખની. પછી તરતજ દેવ અને હું, એવું



દ્વૈત કાયમ રહેવાથી અર્જુન શ્વાસોચ્છ્વાસ મૂકીને એક દૃષ્ટિથી જોવા લાગ્યો;[૫૩] અને જે બાજૂએ દેવ વિરાજ્યા હતા તે બાજૂએ વળીને મસ્તક નમાવીને તથા હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો.[૫૪]

अर्जुन उवाच—पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥१५॥

[અર્જુને કહ્યું:-હે દેવ! તમારા દેહમાં મને સર્વ દેવ, જૂદા જૂદા પ્રકારનાં પ્રાણીઓના સમુદાય, કમળના આસનપર બેઠેલો સર્વ પ્રજાનો સ્વામી બ્રહ્મદેવ, સર્વ ઋષિ અને દિવ્ય સર્પ આદિ દેખાય છે. ૧૫]

અર્જુને કહ્યું–હે પ્રભો! આપનો જયજયકાર હો! આપની અમો પ્રાકૃતજનોપર મોટી કૃપા થઈ કે, અમને વિશ્વરૂપ જોવાનો પ્રસંગ મળ્યો.[૫૫] હે ભગવન્! આપે આ ઘણીજ સારી વાત કરી કે જેના યોગે મને સ્વાભાવિક જ અતિશય આનંદ થયો અને તે એ કે, સર્વ સૃષ્ટિને તમારોજ આશ્રય છે, એમ મેં આજે મારી પોતાની દૃષ્ટિથી પ્રત્યક્ષ જોયું![૫૬] હે દેવ! પર્વતના સંબંધથી જેમ સ્થળે સ્થળે ગુફાઓમાં શ્વાપદોનાં અરણ્યો હોય છે, તે જ પ્રમાણે આ તમારા શરીરમાં શતાવધિ ઇન્દ્ર ચંદ્ર આદિ લોકો મારા જોવામાં આવ્યા છે.[૫૭] અહો! આકાશમાં જેવી રીતે ગ્રહોના સમુદાયો દેખાય છે અથવા તો વિશાળ વૃક્ષોપર જેમ પક્ષીઓના માળા દૃષ્ટિગોચર થાય છે;[૫૮] તે પ્રમાણે, શ્રીહરિ! તમારા આ વિશ્વરૂપ શરીરમાં દેવો સહિત સ્વર્ગ દેખાય છે![૫૯] હે પ્રભો! પંચમહાભૂતો અને તેમનામાંથી ઉત્પન્ન થતા ભૂત સૃષ્ટિમાંના પ્રાણી માત્ર એ સર્વને હું તમારા દેહમાં દેખી શકું છું.[૨૬૦] તેમ જ, તમારા આ તનુમાં સત્ય લોક પણ છે. તેમજ બ્રહ્મદેવ પણ શું (તમારા શરીરમાં) નથી? બીજી તરફ દૃષ્ટિપાત કરતાં કૈલાસ પણ દૃષ્ટિગોચર થાય છે.[૬૧] પાર્વતી સહિત શ્રીશંકર તમારા શરીરના એક ભાગમાં દેખાય છે. હે હૃષીકેશ! તમને પોતાને પણ આ તમારા શરીરમાં હું નિહાળી શકું છું.[૬૨] કશ્યપ આદિ ઋષિઓનાં સર્વ કુળો અને સર્પ સહિત પાતાળને પણ તમારા વિશ્વરૂપમાં જોઈ શકાય છે.[૬૩] કિંબહુના, હે ત્રૈલોક્યપતિ! તમારી આ એક એક અવયવરૂપ ભીંતપર ચૌદ ભુવનની ચિત્ર–આકૃતિઓ જ કાઢેલી હોયની, એવો જ મને તો ભાસ થયા કરે છે;[૬૪] અને તે ભુવનોમાંના જે જે લોકો છે, તેઓ પણ તે ચિત્રોમાં દેખાય છે, એવી તમારી અલૌકિક ગુરુતાનો પ્રત્યક્ષ પરિચય કરી શકાય છે.[૬૫]

अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोऽनंतरूपम् ।
नांतं न मध्यं न पुनस्तवादिं पश्यामि विश्वेश्वर विश्वरूपम ॥१६॥

[હે વિશ્વેશ્વર! હે વિશ્વરૂપ! તમને અનંત બાહુ, અનંત ઉદર, અનંત મુખો અને અનંત નેત્રો હોઇને સર્વ બાજૂએથી તમે અનંત રૂપો ધરાવો છો, એમ હું જોઉં છું; પરન્તુ તમારા આદિ, મધ્ય અને અંતને હું જોઇ શકતો નથી. ૧૬]

તમે આપેલાં દિવ્ય ચક્ષુના બળથી ચારે તરફ જોતાં તમારા બાહુદંડના સ્થાનમાં આકાશના અંકુર ફૂટયા છે કે શું, એવો જ મને ભાસ થાય છે;[૬૬] તે જ પ્રમાણે હે દેવ! તમારા હાથવડે સર્વ વ્યાપારો એક સમયાવચ્છેદે જ થતા દેખાય છે;[૬૭] અને આકાશમાં જેમ મેઘના ભંડારો ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે તમારા શરીરમાં અપાર ઉદરો દેખાય છે.[૬૮] તમારાં હજારો મસ્તકોનાં કોટયાવધિ મુખો, જાણે પરબ્રહ્મરૂપ વૃક્ષ વદનરૂપ ફળોથી નમી આવ્યા પ્રમાણે દેખાય છે.[૬૯] તે જ પ્રમાણે, તમારી વિશ્વમૂર્ત્તિમાં

સર્વત્ર મુખો દેખાય છે અને નેત્રોની પણ અનંત પંક્તિઓ દ્રષ્ટિગોચર થાય છે.[૧૭૦] કેવળ એટલું જ નહિ, પણ સ્વર્ગ, પાતાળ, ભૂમિ, દિશા કિંવા આકાશ એ સર્વ ભેદોનો લોપ થઇને એ સર્વ વિશ્વ-મૂર્ત્તિમય દેખાય છે.[૭૧] કોઈપણ બાજૂએ તમારા વિનાની એક પરમાણુ જેટલી જગ્યા પણ કૌતુકથી જોતાં દેખાતી–મળી શકતી–નથી; એવી રીતે સર્વમાં તમે વ્યાપ્ત છો.[૭૨] નાના પ્રકારના અપરિમિત મહાભૂતોએ જે સર્વ જગતને વ્યાપી નાંખ્યું છે, તે સર્વ જગતને, હે અનન્ત! તમે વ્યાપ્યું છે, એમ જ દેખાય છે.[૭૩] એવા તમે ક્યાંથી આવ્યા છો, કયા સ્થાનમાં બેઠા છો કે ઉભા છો, કઇ માતાના ઉદરમાં હતા અને તમારી આકૃતિ કેટલી છે,[૭૪] તમારું રૂપ કેવું છે અને વય કેટલું છે, તમારાથી પર શું છે અને તમારું અધિષ્ઠાન શું છે, એ જેમ જેમ હું જોવા લાગ્યો,[૭૫] તેમ તેમ એમ જ મારા જોવા અને જાણવામાં આવ્યું કે, તમારું અધિષ્ઠાન તમે પોતે જ છો! તમે કોઇના ઉદરમાંથી ઉત્પન્ન થયા નથી, તમે જન્મરહિત તેમ જ સ્વયંભૂ છો.[૭૬] હે દેવ! તમે ઉભા પણ નથી અને બેઠેલા પણ નથી; તમે ઉંચા પણ નથી અને ઠીંગણા પણ નથી; તેમ જ તમારી નીચે અને તમારી ઉપર તમે પોતે જ છો![૭૭] હે દેવ! તમારું સ્વરૂપ તમારા પોતાના સ્વરૂપ જેવું જ છે (અર્થાત્ તમારું સ્વરૂપ અનુપમેય છે.) અને તમારું વય પણ તમારા વય જેટલું જ છે! હે દેવ! તમારી પીઠ અને તમારું પેટ તમે પોતે જ છો![૭૮] વધારે તો શું, પણ હે અનંત! હું જેમ જેમ વધારે વધારે જોવા લાગ્યો, તેમ તેમ તમારા જેવા તમે પોતે જ છો, એમ વિશેષતાથી મારા જાણવામાં આવે છે.[૭૯] પરંતુ તમારા વિશ્વરૂપમાં મને એક ન્યૂનતા જણાય છે અને તે એ કે, તેનામાં આદિ, મધ્ય અને અંત એ ત્રણેનો સંપૂર્ણ અભાવ છે. (એટલે તમારું મૂળ ક્યાં છે, મધ્ય ક્યાં છે અને અંત ક્યાં છે, તે તો જણાતાં જ નથી.)[૧૮૦] મેં એનો સર્વત્ર શોધ કરી જોયો, પરંતુ મને કશો પણ પત્તો મળ્યો નહિ; એટલા માટે, આદિ, મધ્ય અને અંત એ ત્રણે તમારાં સ્વરૂપમાં નથી, એમાં તો લેશ માત્ર પણ સંશય નથી જ.[૮૧] હે આદિમધ્યાંતરહિત! હે અપરિમિત જગદીશ! ખરેખર એ પ્રમાણે હું આપનું વિશ્વરૂપ જોઉં છું![૮૨] તમારા વિશ્વરૂપમાં શતાવધિ ભિન્ન ભિન્ન મૂર્ત્તિઓ કોરાયલી છે અને તેથી શરીરમાં નાના પ્રકારના રંગોથી વિભૂષિત અંગરખું જ જાણે પહેર્યું હોયની, એવા જ તમે દેખાઓ છો.[૮૩] તમારા વિશ્વરૂપ પર્વતમાં જે જે નાના પ્રકારની ભિન્ન ભિન્ન મૂર્ત્તિઓ છે, તે વૃક્ષ અને વલ્લરી સમાન શોભતી હોઇને મૂર્ત્તિપરના અલંકાર તે પુષ્પ અને ફળો છે.[૮૪] હે દેવ! તમે મહાસમુદ્ર હોઇને મૂર્ત્તિરૂપ લહરીઓવડે ખળભળેલા દેખાઓ છો; કિંવા તમે એક ઉત્તમ વૃક્ષ હોઇને મૂર્ત્તિરૂપ ફળોવડે ભરેલા દેખાઓ છો,[૮૫] પૃથ્વી જેમ ભૂતોવડે ભરેલી છે અથવા આકાશ જેમ નક્ષત્રોવડે ઉભરાઈ ગયેલું છે; તેમ તમારું વિશ્વરૂપ મૂર્ત્તિઓવડે ઉભરાઇ જતું જોવામાં આવે છે.[૮૬] જે એક એક મૂર્ત્તિના અંગમાંથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે અને પુનઃ તેમાં જ લીન થાય છે, તેવી મૂર્ત્તિઓ તમારા અંગમાંના એક રોમાંચમાં જ રહેલી છે.[૮૭] એવી રીતે આ જગતનો વિસ્તાર કરનારા જે તમે તે તમે કોણ છો અને કોના છો, એમ જેમ જેમ હું જોવા લાગ્યો, તો એમ જ જણાયું કે, મારા સારથિ તે જ તમે છો![૮૮] તો હે મુકુન્દ! તમે સદા સર્વદા આવા જ સર્વવ્યાપક છો; પરંતુ ભક્તોપર કેવળ અનુગ્રહ કરવા માટે જ સગુણ રૂપ ધારણ કરો છો, એમ જ મને ભાસે છે.[૮૯] તમારી તે ચતુર્ભુજ અને શ્યામ મૂર્ત્તિને જોતાં નેત્રો કેવાં તૃપ્ત થાય છે! તેને આલિંગન આપવાથી તેને બન્ને હાથોમાં પકડી શકાય છે![૧૯૦] હે વિશ્વરૂપધારક દેવ! આવું મનોહારક રૂપ તમે શું કેવળ ભક્તોપર કૃપા કરવા માટે જ ધારણ નથી કરતા કે? ધારણ કરો છો; પણ અમારી દૂષિત દૃષ્ટિથી તમારાં તે રૂપને અમે એક સામાન્ય મનુષ્યસ્વરૂપ સમાન માનીએ છીએ.[૯૧] તમોએ સહજ દિવ્ય ચક્ષુ આપવાથી મારી દૃષ્ટિના

દોષનો લોપ થયો છે અને મને તમારો મહિમા યથાર્થ દૃષ્ટિગોચર થઈ શક્યો છે.[૯૨] પરંતુ, રથની મકરાકાર ધુરાના પાછલા ભાગમાં જે તમે બેઠા હતા, તે જ તમોએ આવડું વિશાળ વિશ્વરૂપ ધારણ કરેલું છે, એટલું તો હું સારી રીતે નિશ્ચયપૂર્વક જાણી શક્યો છું.[૯૩]

किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमंतम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद् दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

[હે ભગવન્! મસ્તકે કિરીટ હોઇને હસ્તમાં ગદા તથા ચક્રવાળા, તેજઃપુંજ, સર્વ દિશાએ દેદીપ્યમાન, પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યની પ્રભા સમાન પ્રભાવાળા, અગણ્ય અને અદૃશ્ય એવા જે તમે, તે તમોને હું નિહાળું છું. ૧૭]

હે શ્રી હરે! તમે મસ્તકે જે મુકુટ ધારણ કર્યો હતો, તે જ આ નથી કે શું? પણ અત્યારનો એનો પ્રકાશ અને આકાર વિશેષ છે, એ જ મોટું આશ્ચર્ય છે![૯૪] ઉપરના હાથમાંનું ફરતું ચક્ર આ જ નથી કે શું? કારણ કે, હે વિશ્વમૂર્ત્તે! તેને તમે ગતિહીન કરીને હાથમાં ધારો છો, એ ચિહ્ન અવશિષ્ટ છે.[૯૫] બીજા હાથમાંની આ ગદા તેની તે જ નથી કે શું? હે ગોવિન્દ! નીચેના બન્ને હાથો નિઃશસ્ત્ર હોઇને અશ્વોની લગામ તમે આજે હાથોમાં પકડી નહોતી કે શું?[૯૬] અને હે વિશ્વેશ! વિશ્વરૂપને જોવા માટેની મારી ઇચ્છાને પૂર્ણ કરવાના હેતુથી જ તમે તત્કાળ આ વિશ્વરૂપ ધારણ કર્યું, એ પણ હું જાણું છું.[૯૭] પરન્તુ હે દેવ! આ તમારા રૂપવિશે આશ્ચર્ય માનવાની પણ મારી યોગ્યતા નથી એટલે પછી એ આશ્ચર્યથી મારું મન દિગ્મૂઢવત્ બની ગયું હોય તો તેમાં નવાઈ શી વારુ?[૯૮] આ તમારું વિશ્વરૂપ અહીં છે કે નથી, એટલો વિચાર કરવા માટેનો પણ અવકાશ નથી. એ રૂપના તેજનો ચમત્કાર એવો છે કે, તે સર્વત્ર ભરેલું છે, એમ દેખાય છે.[૯૯] એ રૂપના તેજની એવી અલૌકિક જાજ્વલ્યતા છે કે, તેની સમક્ષ અગ્નિની જ્યોતનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે અને સૂર્ય પણ આગીઆ કીડાની માફક મંદપ્રકાશવાળો બની જાય છે![૧૦૦] એમ જ ભાસે છે કે, સમસ્ત સૃષ્ટિ મહાતેજના મોટા સમુદ્રમાં ડૂબી ગયેલી છે કિંવા કલ્પાંત સમયની સૌદામિની (વીજળી)એ સર્વ આકાશને આચ્છાદી નાંખ્યું છે કે શું?[૧] અથવા તો પ્રલયકાલના તેજની જ્વાળાઓ વડે આકાશ વ્યાપ્ત થઈ ગયું છે કે? એવા તમારા તેજને હું મારી દિવ્ય દૃષ્ટિવડે જોઈ શકતો નથી.[૨] તે તેજ અધિક પ્રચંડ હોવાથી (મારા) શરીરને અતિશય દાહ થાય છે અને તે તરફ જોતાં મારાં દિવ્ય ચક્ષુને પણ ત્રાસ થાય છે![૩] અહો મહારાજ! પ્રલયકાળનો અગ્નિ કે જે કાળાગ્નિ, રુદ્રમાં ગુપ્ત હોય છે, તે પ્રલયરુદ્રની જ કલિકા (કળી) જાણે વિકસી હોયની શું, એમ જ ભાસે છે;[૪] તેમ જ તમારા પ્રસરેલા વિશ્વરૂપના તેજની જ્વાળામાં પંચમહાભૂતાત્મક શરીરો બળીજળીને, બ્રહ્માંડના કોયલા થતા જોવામાં આવે છે.[૫] જે તમારા રૂપની વ્યાપ્તિ અને તેજસ્વિતાનો અન્ત નથી એવું જે આ અદ્‌ભુત રૂપ, તે મેં યાવજ્જન્મ જોયું નહતું.[૬]

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥

[હે પ્રભો! જાણવાને યોગ્ય એવા જે અક્ષરનામક પરબ્રહ્મ તે તમે છો; તમે વિશ્વના મહા આધારભૂત છો; તમે અવિનાશી હોઇને સનાતન ધર્મના રક્ષક છો અને તમે ચિરકાલ રહેનારા પુરુષ છો એ મને માન્ય છે! ૧૮]

હે દેવ! તમે પરબ્રહ્મ હોઇને સાડી ત્રણ માત્રાનો જે ૐકાર છે તેનાથી પણ પર છો; અને શ્રુતિ પણ આપના સ્થાનની શોધખોળ કરે છે.[૭] તમારામાં પ્રાણીમાત્ર લય પામે છે અને તમે વિશ્વના સમાવેશનું સ્થાન હોવાથી ગહન, અવ્યય તથા અવિનાશી છો.[૮] તમે ધર્મના જીવન છો, અનાદિસિદ્ધ હોવાથી નિત્ય નવીન છો અને છત્રીસ તત્ત્વથી પણ પર સાડત્રીસમા પુરુષ હોઇને આ જગતના ઈશ્વર છો.[૯]

अनादिमध्यांतमनंतवीर्यमनंतबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपंतम् ॥ १९ ॥

[હે પ્રભો! જેને આદિ, મધ્ય અને અન્ત નથી; જેની શક્તિનો અન્ત નથી; જેના હસ્તો અનંત છે; સૂર્ય જેનાં નેત્રો છે; જેનું મુખ પ્રદીપ્ત અગ્નિસમાન છે; અને જે પોતાનાં તેજથી આ વિશ્વને તાપ આપે છે–તપાવે છે, એવા તમને હું જોઉં છું. ૧૯]

તમે આદિ, મધ્ય અને અંત રહિત હોઇને પોતાના પરાક્રમવડે જ અપાર છો; તમારા હાથ અને પગ ચારે તરફથી અસંખ્ય છે;[૧૦] ચંદ્ર અને સૂર્ય તમારાં નેત્રો છે અને તેઓ શાંતિ તથા કોપની લીલાનું દર્શન કરાવે છે; તમે તમોરૂપ નેત્રથી એકને શાસન કરો છો અને કૃપારૂપ નેત્રથી એક (બીજા)નું પાલન કરો છો.[૧૧] ખરેખર એવા અનેક પ્રકારે તમે મારી દૃષ્ટિને દૃષ્ટિગોચર થાઓ છો. જેવી રીતે પ્રલયાગ્નિ સળગ્યા પછી સર્વત્ર પ્રકાશનો વિસ્તાર થાય છે, તે પ્રમાણે તમારું મુખ મહા પ્રકાશમાન દેખાય છે![૧૨] દાવાનળથી પર્વત સળગી ઊઠતાં જેમ પર્વતપરના સર્વ પદાર્થો સળગવાથી જ્વાળાઓ ભડકી ઊઠે છે, તે જ પ્રમાણે તમારી જીભ અને દાઢ દાંતને ચાટતી હોયની શું, એમ જ દેખાય છે.[૧૩] તમારા આ મુખમાં અગ્નિની ઉષ્ણતાથી–તમારા વિશ્વરૂપના તેજથી–સર્વ વસ્તુઓ કરમાઇને નાશ પામતી દેખાય છે.[૧૪]

द्यावापृथिव्योरिदमंतरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥

[હે મહાત્મન્! આકાશ અને પૃથ્વી વચ્ચેના અન્તરને તથા સર્વ દિશાઓને તમો એકલાએ જ વ્યાપ્ત કરી છે. તમારા આ અદ્‌ભુત ઉગ્રરૂપને જોઇને આ સર્વ ત્રૈલોક્ય અતિશય ભયભીત થઈ ગયું છે. ૨૦]

અથવા સ્વર્ગ, પાતાળ, પૃથ્વી અને અંતરિક્ષ; તેમજ દશ દિશા અને સર્વ દિશાચક્ર,[૧૫] એ સર્વ તમારા એકરૂપથી વ્યાપ્ત થયેલાં છે, એમ કૌતુકથી હું જોયા કરું છું! પરંતુ આકાશ સહ વર્તમાન સર્વ (જગત્) જાણે તમારા ભયાનકરૂપમાં ડૂબી જતું હોય;[૧૬] અથવા તમારા અદ્‌ભુતરૂપના રસના થાળમાં ચૌદે ભુવનો આવીને સપડાયાં હોય, એવું તમારું રૂપ આશ્ચર્યકારક છે! એટલે તે કેમ કરીને જોઈ શકાય?[૧૭] તમારી ઉપર કહેલી વ્યાપકતા એવી વિલક્ષણ છે કે તેની કલ્પના પણ થઈ શકતી નથી. તમારા રૂપનું તેજ સહી શકાતું નથી અને તમારા આ રૂપના દર્શનથી જગતને સુખ પ્રાપ્ત થવાની વાત એક બાજૂએ રહી, પણ સ્હામું જગત્ મહાકષ્ટપૂર્વક પ્રાણ ધારણ કરી શકે છે. (એવી જગતની સંકટમયી અવસ્થા થયેલી છે).[૧૮] હે દેવ! એવા તમારા અદ્‌ભુત રૂપને જોઇને,ભયનો ઊભરો કેમ આવ્યો, એ જાણી શકાતું નથી. કારણ કે, ભીતિમાંથી ઉત્પન્ન થતી દુઃખની લહરીઓમાં ત્રૈલોક્ય–દેવલોક મનુષ્યલોક અને પાતાળ લોક ડૂબતું જાય છે.[૧૯] નહિ તો તમારા જેવા એક અલૌકિક મહાત્માનાં દર્શનથી ભય અને દુઃખની પ્રાપ્તિનો સંભવ જ ક્યાંથી હોય? પરંતુ તમારા આ રૂપના દર્શનથી તો

સુખ નથી જ થવાનું, એમ મને તો ભાસે છે.[૨૦] જ્યાં સૂધી તમારું રૂપ જોવામાં આવ્યું નહોતું, ત્યાં સૂધી જગતને સંસારસુખ જ ઉત્તમ ભાસતું હતું; પરંતુ તમારા રૂપને જોવાથી વિષયવાસનાઓનો પણ કંટાળો આવ્યો છે અને ત્રાસ પણ ઉત્પન્ન થયો છે![૨૧] તેમ જ આ તમારા રૂપને જોવાથી મારા મનમાં જે ભીતિ ઉત્પન્ન થઈ છે, તે ભીતિની અવસ્થામાં હું કેમ કરીને રહી શકું વારુ?[૨૨] એટલા માટે, જો પાછો હઠું છું, તો જન્મમરણ તમારા અને મારા મધ્યમાં-તમારા અને મારા મેળાપમાં-અંતર નાંખે છે; અને આગળ વધું છું તો આ પ્રચંડ વિશ્વરૂપ ધારણ કરેલું હોવાથી, તમોને આલિંગન આપી શકાતું નથી.[૨૩] એવી રીતે બન્ને તરફનાં સંકટોની વચ્ચે સપડાઇને બિચારા ત્રૈલોકયનું સત્યાનાશ થઈ જાય છે. તમારા વિશ્વરૂપને જોવાની આકાંક્ષાનો મને તો આવો અનુભવ મળ્યો છે![૨૪] જેવી રીતે કોઈ એક મનુષ્ય અગ્નિમાં દાઝવાથી પોતાના દાહનું શમન કરવા માટે સમુદ્ર તરફ દોડી જાય છે, પણ ત્યાં સમુદ્રની ભીષણ લહરીઓને જોઇને તે વધારે જ ભયભીત થાય છે,[૨૫] તે જ પ્રમાણેની આ જગતની સ્થિતિ થયેલી છે; તમોને જોઇને લોકો તડફડવા લાગ્યા છે.

अमी हि त्वां सुरसंघा विशंति केचिद्भीताः प्रांजलयो गृणंति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

[હે પ્રભો! ભૂભારને હરવા માટે અવતરેલા જે દેવોના અંશ, તે આ કેટલાક યોદ્ધાઓ તમારા સ્વરૂપમાં પ્રવેશ કરે છે; કેટલાકો ભયભીત થઈ હાથ જોડીને તમારી સ્તુતિ કરે છે; અને મહર્ષિ તથા સિદ્ધોના સમુદાયો 'સ્વસ્તિ' શબ્દનો ઉચ્ચાર કરીને સંપૂર્ણ સ્તુતિવડે તમારી પ્રશંસા કરે છે. ૨૧]

હવે આ ત્રૈલોક્યથી પર જે દેવો, તે દેવોના સમુદાયની સ્થિતિને જુવો.[૨૬] તમારા અંગના તેજથી એ દેવો, સર્વ કર્મોનાં બીજને બાળી નાંખીને તમારામાં લીન થાય છે;[૨૭] અને બીજા કેટલાકો ખરેખર ભયભીત થઇને તમારા સમક્ષ ઉભા રહી હાથ જોડી તમારી પ્રાર્થના કરતા દેખાય છે.[૨૮] હે દેવ! અજ્ઞાનરૂપી સમુદ્રમાં પડીને વિષયોના જાળમાં અમો સપડાયા છીએ અને સ્વર્ગસુખ તથા સંસાર એ બન્નેના દબાણમાં અમે દબાયા છીએ.[૨૯] એવા સંકટમાંથી અમને તમારાવિના બીજું કોણ છોડાવવાનું હતું? એટલા માટે, હે દેવ! અમે સર્વ ભાવથી તમારે શરણે આવ્યા છીએ, એમ દેવો કહે છે તે જુવો![૩૦] વળી કશ્યપ આદિ મહર્ષિ, કપિલ આદિ સિદ્ધ તથા વિદ્યાધર આદિ ગાંધર્વોના સમુદાયો 'તમારું કલ્યાણ થાઓ,' એમ કહેતા તમારી પ્રાર્થના કરી રહ્યા છે.[૩૧]

रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गंधर्वयक्षासुरसिद्धसंघा वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥

[હે પ્રભો! રુદ્ર, આદિત્ય, વસુ, સાધ્ય, (રુદ્ર ગણ,) વિશ્વેદેવ, અશ્વિનીકુમારો, વાયુઓ, પિતૃઓ, યક્ષ, અસુર અને સિદ્ધ આદિના સમુદાય વિસ્મિત થઇને તમારારૂપ પ્રતિ એકીટસે જોઈ રહ્યા છે. ૨૨]

હે પ્રભો! એ અગિયાર રુદ્ર, બાર આદિત્ય, આઠ વસુ, સાધ્ય નામના સર્વ દેવતા, અશ્વિનીકુમાર અને ઓગણપચાસ મરુદ્‌ગણ એ સર્વ પોતાના વૈભવથી,[૩૨] તેમ જ પિતર, ગંધર્વ, યક્ષ અને સર્વ રાક્ષસગણ, ઇંદ્ર આદિ મુખ્ય દેવ અને સર્વ સિદ્ધ,[૩૩] એ સર્વ પોતપોતાના લોકમાંથી મહાઉત્કંઠાથી તમારાં વિશ્વરૂપને જુવે છે, તે જુઓ![૩૪] અને હે પ્રભો! તમને જોતાં ક્ષણે ક્ષણે મનમાં આશ્ચર્ય પામીને તમારા સમક્ષ પોતાનાં મસ્તકોને નમાવે છે.[૩૫] તે સર્વ મંજુલ શબ્દથી સ્વર્ગમાં તમારો જયજયકાર કરે છે અને હાથ જોડીને તમને નમસ્કાર કર્યા કરે છે![૩૬] તે દેવોના

નમ્રતારૂપ વૃક્ષમંડિત ઉદ્યાનમાં અષ્ટ સાત્ત્વિક ભાવરૂપ વસંતઋતુ પ્રાપ્ત થઇને, તે વૃક્ષને કરસંપુટરૂપી પલ્લવો ફૂટ્યા છે અને તમારી પ્રાપ્તિ તેમને ફળરૂપ થઈ પડી છે.[૩૭]

रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो बहुबाहूरुपादम् ।

बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाऽहम् ॥ २३ ॥

[હે મહાબાહો! તમારું બહુ મુખોવાળું, બહુ નેત્રોવાળું, બહુ હાથોવાળું, બહુ સાથળોવાળું, બહુ પગોવાળું, બહુ પેટોવાળું અને બહુ દાઢોવડે વિકરાળ દેખાતું વિશાળ રૂપ જોઇને, સર્વ લોકો ભયથી અતિશય ભયભીત થાય છે; અને તેજ પ્રમાણે હું પણ ભયભીત થાઉં છું. ૨૩]

જાણે તેમનાં નેત્રોના ભાગ્યનો ઉદયકાળ જ આવી લાગ્યો હોયની, તેમ તમારા આ અગાધ વિશ્વરૂપને જોઇને, તેઓના મનવડે આજે સુખનો સુદિન ઉગ્યો છે![૩૮] આ ત્રણે લોકને વ્યાપનાર તમારા સ્વરૂપને જોઇને દેવોના મનમાં પણ ભીતિ ઉત્પન્ન થઈ છે; કારણ કે, એ સ્વરૂપને ગમે તે બાજૂએથી જોતાં એ પ્રત્યેક જોનારને, જાણે પોતાની સ્હામું જ હોયની તેમ જ દેખાય છે.[૩૯] એવી રીતે એ રૂપ એક જ હોવા છતાં વિચિત્ર અને ભયાનક છે; એને અનેક મુખો અને નેત્રો છે અને હાથો પણ અનેક હોઇને તેમાં શસ્ત્રો ધારણ કરેલાં છે.[૩૪૦] તેમ જ અનન્ત ઉત્તમ બાહુ, પગ, ઉદર અને નાના પ્રકારના વર્ણ આદિ હોઇને પ્રત્યેક મુખ જાણે ખાવાને ધાતું હોય, એમ દેખાય છે.[૪૧] જેવી રીતે મહાકલ્પના અંતમાં ક્રોધાયમાન થયેલો યમ, જ્યાં ત્યાં પ્રલયાગ્નિની હોળીઓને પ્રસારી દે છે,[૪૨] અથવા તો શંકરના સંહાર કરવા માટેનાં યંત્રો અથવા પાત્રો, પ્રલય ભૈરવોનો જમાવ અથવા અંત આણનારી જગદંબાની વિભૂતિ જ સંહાર કરવાને આવી લાગી હોય,[૪૩] તેમ સર્વત્ર તમારાં પ્રચંડ મુખો દેખાય છે; અને ગુફામાં જેમ સિંહ માતો નથી, તેવી રીતે તમારા દાંત મુખમાં ન માતાં, (મુખની બહાર નિકળેલા હોવાથી) ભયંકર દૃષ્ટિગોચર થાય છે.[૪૪] પ્રલય રાત્રિના અંધકારમાં જેમ વિનાશ કરનારાં પિશાચો બહાર નિકળી પડે છે, તેજ પ્રમાણે પ્રલયકાળના સંહારના રક્તવડે તમારી દાઢો ખરડાયલી દેખાય છે.[૪૫] વધારે શું કહું? કાળે જેમ યુદ્ધને આમંત્રણ આપ્યું હોય અથવા સર્વ સંહારમાં જીવનો નાશ થઈ જાય, તે પ્રમાણે તમારા વદનમાં અતિશય ભયંકરતા દેખાય છે![૪૬] શું કહું? આ જગત્ અત્યંત દીન દેખાય છે; કારણ કે, જગતપ્રતિ કિંચિત્ દૃષ્ટિપાત કરીને જુવે છે, તેને તે દુઃખરૂપ, યમુના નદીના તીરપ્રાંતસ્થ વૃક્ષો પ્રમાણે ઉભું રહેલુંજ જોવામાં આવે છે.[૪૭] તમારા આ મહામૃત્યુરૂપ સાગરમાં જગતની આયુષ્યરૂપિણી નૌકા શોકરૂપ તોફાનના ઝપાટાથી ડોલાં ખાયા કરે છે.[૪૮] હે દેવ! કદાચિત્ તમે એમ કહેશો કે, 'તને લોકોની સાથે શું સંબંધ છે? માટે એમ ન કરતાં અત્યારે તેં જે વિશ્વરૂપ જોયું છે, તેનું જ મનમાં ધ્યાન ધરીને સુખનો ઉપભોગ લે.'[૪૯] તો હવે મારે ખરેખરું કહેવું જોઇએ કે, લોકોની ભીતિનું તો નિમિત્ત જ મેં બતાવ્યું છે, પણ ખરી રીતે જોતાં અતિ ભયથી મારાં પોતાનાં ગાત્રો જ શિથિલ થઈ ગયાં છે.[૩૫૦] મારાવડે પ્રલયકાળના રુદ્રો જો કે કંપાયમાન થાય છે અને મારા ભયથી જો કે મૃત્યુ પણ સંતાઈ જાય છે, છતાં હું અંતર્બાહ્ય તમારા સ્વરૂપને જોઇને કંપાયમાન થયા કરું છું.[૫૧] પરન્તુ હે પ્રભો! આ તમારું અતિ ભયંકર રૂપ-આપનું ઉગ્રતેજ ભયને પણ પરાજિત કરી નાંખે છે. આવા ઉગ્રતેજને-વિશ્વરૂપનું નામ આપવું, એ આશ્ચર્યકારક નથી કે શું? એ વિશ્વરૂપ નહિ, પણ મહા મારિકા-મરકી જ છે.[૫૨]

नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।

दृष्ट्वा हि त्वां प्रव्यथितांतरात्मा धृतिं न विंदामि शमं च विष्णो ॥ २४ ॥

[હે વિષ્ણો! તમે આકાશપર્યન્ત પહોંચેલા, પ્રકાશમાન, અનેક વર્ણવાળા, પ્રસારિત મુખોવાળા અને પ્રદીપ્ત તથા વિશાળ નેત્રધારી છો. તમોને જોઇને મારો અંતરાત્મા ભયભીત થઇ ગયો છે; મારું ધૈર્ય ટકતું નથી અને મને શાંતિનો સ્પર્શ પણ થતો નથી. ૨૪]

તમારાં કેટલાંક ક્રોધિષ્ઠ મુખો, જાણે મહાકાળ સાથે હોડથી લઢતાં હોય અને તેમણે પોતાના ગૌરવથી આકાશને પણ પાછળ હટાવી દીધું હોય એમ જ ભાસે છે.[૫૩] તેઓ આકાશની વિશાળતાથી પણ દબાતાં નથી અને તે મુખોનું ત્રિભુવનના વાયુથી પણ આચ્છાદન થઈ શકે એમ નથી. સ્હામાં તેઓ પોતાની બાફથી અગ્નિને પણ બાળીને સર્વત્ર મહાજવાળા ઉત્પન્ન કરે છે![૫૪] તેમ જ તે સર્વ સમાન નથી, કિન્તુ પ્રત્યેકમાં રંગરૂપનો ભેદ રહેલો જોવામાં આવે છે અને જે વેળાએ પ્રલયકાળનો અગ્નિ ઉત્પન્ન થાય છે, તે વેળાએ તે એમની સાહાય્યથી જ પૃથ્વીનો પ્રલય કરે છે કે કેમ, એ કલ્પી શકાતું નથી.[૫૫] એમનાં અંગમાંનું તેજ એટલું બધું છે કે, જેથી ત્રૈલોકયની રક્ષા–રાખ–થઇ જાય છે! મુખોમાં પણ મુખો છે અને તે મુખોમાં વળી દાંત અને દાઢો છે![૫૬] (જાણે વાયુને ધનુર્વાનો રોગ થયો હોય,) સમુદ્રમાં મહાપૂર આવતાં તે મર્યાદાને ત્યાગીને વહેવા માંડ્યો હોય, અથવા તો સમુદ્ર વડવાનળની સહાયતાથી વિષરૂપ અગ્નિને મારવાને પ્રવૃત્ત થયો હોય, (એમ જણાય છે.)[૫૭] અગ્નિ હાલાહલ વિષનું પાન કરતો હોય અથવા તો મરણ જ મારવાને ઉદ્યુક્ત થતો હોય, તે પ્રમાણે આ સંહારરૂપી તેજનાં મુખો છે, તે તમે જુવો.[૫૮] પરન્તુ તે મુખ કેવડાં મોટાં છે કે, અંતરિક્ષ પંડે તૂટીને જાણે આકાશને ગળી જતું હોય, તેના જેવાં તે મુખો મોટાં દેખાય છે;[૫૯] અથવા તો, હિરણ્યાક્ષ નામક રાક્ષસ જે વેળાએ પૃથ્વીને બગલમાં મારીને પાતાળમાં જવા માટે નીકળ્યો હતો, તે વેળાએ હાટકેશ્વરે (સપ્તપાતાળ તળેના મહાદેવના–અવતારે) જેમ પાતાળનાં બારણાં ઊઘાડી નાખ્યાં હતાં,[૩૬૦] તે પ્રમાણે તમારાં આ મુખો પ્રસરેલાં છે અને તેમાં જિહ્વાઓ વેગને લીધે લબડ્યા કરે છે અને આ સમસ્ત વિશ્વ આપનો એક ગ્રાસ પણ થઇ શકે તેમ ન હોવાથી, કૌતુકથી તે જિહ્વાઓ વિશ્વને ખાઇ જતી નથી;[૬૧] તેમ જ પાતાળમાંના નાગોના ફૂત્કારથી જેવી રીતે વિષની જવાળા આકાશ સાથે જઈ અથડાય, તે પ્રમાણે જ આ મુખોની ગુફામાં જિહ્વાઓ ભાસે છે![૬૨] પ્રલયકાળની સૌદામિની (વીજળી)-ઓના સમુદાયને એકત્ર કરીને જેમ ગગનના કિલ્લાઓને શણગારીએ, તે જ પ્રમાણે હોઠોની બન્ને બાજૂએ આપની દાઢોના આંકડા દેદીપ્યમાન દેખાય છે;[૬૩] અને કપાળના ભાગમાંના ઉંડાણમાં ભયને પણ બ્હીવડાવનારી આંખો દેખાય છે, તે જાણે મહા મૃત્યુનો પ્રવાહ અંધારામાં છૂપાઇને બેઠો હોય, તેવી જ દેખાય છે.[૬૪] એ પ્રમાણે ભીતિનું કૌતુક કરીને આ સ્થાનમાં તમે શાની પ્રાપ્તિની આશા રાખો છો, તે હું સમજી શકતો નથી; પરંતુ મને તો માત્ર મરણની ભીતિ ઉત્પન્ન થયેલી છે.[૬૫] હે દેવ! મને જે વિશ્વરૂપ જોવા માટેની આકાંક્ષા થઈ હતી, તે આકાંક્ષા મને ફળી અને તે રૂપને જોઇને નેત્રોને જે શાંતિ પ્રાપ્ત થવી જોઇતી હતી, તે પ્રમાણે શાંતિ થયેલી છે![૬૬] હે દેવ! શરીર માટીનું હોવાથી તેનો જો નાશ થાય તો તેની પરવા કોણ કરે?* પરંતુ મારું તો ચૈતન્ય પણ રહેશે કે નહિ, એનો જ મને તો ભરોંસો નથી![૬૭] (તમારાં એ રૂપનાં દર્શનથી) મનમાં પણ થોડો ઘણો તાપ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિમાં ભીતિ ઉત્પન્ન થતાં અભિમાનનું પણ વિસ્મરણ થઈ ગયું છે.[૬૮] એટલું જ નહિ, પણ ઇંદ્રિયોથી ભિન્ન જે આનંદ સ્વરૂપ નિશ્ચલ આત્મા, તેને પણ કંપ છૂટવા માંડ્યો છે.[૬૯] હે દેવ! (એવા) વિશ્વ-

* તાત્પર્ય કે અર્જુન, શ્રીકૃષ્ણને કહે છે કે, આ તમારું વિશ્વરૂપ એવું ભયંકર છે કે, તે જોતાં છળી જવાય તથા શરીર ફાટી જાય, એ તો જાણે સમજ્યા; પરંતુ તે ભયંકરનું ભયંકર એવું છે કે, ચૈતન્ય, જે અવિનાશી છે, તે પણ ફાટી જાય!

રૂપના સાક્ષાત્કારના મહિમાને શું વખાણું? કે જેનાં દર્શનથી મારા જ્ઞાનની પણ કંગાલ અવસ્થા થઈ ગઈ છે! તે એટલે સૂધી કે, મારો તથા તમારો જે ગુરુશિષ્યનો સંબંધ છે, તે પણ આ જગતમાં કાયમ રહેશે કે નહિ, એનો પણ મને સંશય આવવા લાગ્યો છે.[૭૦] હે દેવ! તમારાં વિશ્વરૂપનાં દર્શનથી મારા વ્યાકુળ થયેલા અંતઃકરણને શાંત રાખવાને ધૈર્ય આપવાની હું ખટપટ કરું છું;[૭૧] પ્રથમથી જ મારામાં ધૈર્યનો અભાવ છે, તેમાં વળી આ તમારા વિશ્વરૂપનું દર્શન જોયા જ કરું છું. અસ્તુ, આ તમારા ઉપદેશવડે મને સારો બોધ મળ્યો![૭૨] મારો જીવાત્મા બિચારો વિશ્રાંતિ લેવાના નિમિત્તથી ચારે તરફ દોડ્યા કરે છે; પરન્તુ તેને કયાંય વિશ્રામસ્થાન મળતું નથી.[૭૩] એ પ્રમાણે તમારી આ વિશ્વરૂપ મહામારિકાનાં દર્શનથી સ્થાવર જંગમ આદિ સૃષ્ટિમાંના સર્વનું જીવન નષ્ટ થયેલું છે. પણ જો હું તમારે શરણે ન આવું તો પછી હું જીવતો પણ કેમ રહી શકું?[૭૪]

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास ॥२५॥

[હે દેવાધિદેવ! હે જગન્નિવાસ! પ્રલયકાળના અગ્નિસમાન પ્રદીપ્ત અને ભયંકર દાઢોવડે વિકરાળ બનેલાં તમારાં મુખોને જોતાં જ હું દિશાઓને પણ ઓળખી શકતો નથી અને મને સુખ ભાસતું નથી; એટલા માટે તમે મારાપર કૃપા કરો. ૨૫]

જેવી રીતે મહાભયરૂપ મોટું વાસણ ફૂટી જઇને આપણાં નેત્રો સમક્ષ ખુલ્લેખુલ્લું દેખાય, તે પ્રમાણે તમારાં કરાલ વિકરાલ મોટાં મોઢાં પ્રસરેલાં દેખાય છે;[૭૫] અને અંદરના દાંત તથા દાઢો એટલાં બધાં ખીચોખીચ આવેલાં છે કે, તે બંને હોઠોની અંદર સમાતાં નથી. (પણ તે બહાર નિકળેલાં છે), તેના યોગે ચારે તરફ શસ્ત્રોની ઘાટી વાડ કરી લીધી હોયની, એવો જ ભાસ થાય છે.[૭૬] તક્ષક (નાગ) પૂર્ણ વિષથી ભરેલો હોવા છતાં, તેના મુખમાં જેમ વિષનો જ ભંડાર ભરવામાં આવે અથવા અમાવાસ્યાની રાત્રિમાં ભૂતોનો સંચાર થાય અથવા પ્રલયાગ્નિ, આગ્નેયાસ્ત્ર ચલાવે,[૭૭] તે પ્રમાણે તમારાં વિશાળ મુખો જણાય છે. તેમનામાંથી આવેશ ઉભરાઈને બહાર નીકળે છે અને તેથી અમારાપર મરણરૂપ જળના પ્રવાહો જ આવ્યા છે કે શું, એવો જ પ્રત્યક્ષ ભાસ થાય છે.[૭૮] સર્વ બ્રહ્માંડનો નાશ કરનાર પ્રલયાગ્નિ ઉદ્‌ભવે અને તેને પ્રલયકાલીન પ્રચંડ વાયુ સહાયક થાય, તો પછી તે પોતાના બાળવાના ઉત્પાતમાં શી ન્યૂનતા રાખે?[૭૯] તે જ પ્રમાણે સંહાર કરનારાં તમારાં આ મુખોને જોઇને, મારાં ધૈર્યનો સર્વથા લોપ થયો છે અને હું ઉન્મત્ત થવાથી મને દિશાનો પણ ભ્રમ થઇ ગયો છે અને મને પોતાને પણ હું ભૂલી ગયો છું![૮૦] તમારાં વિશ્વરૂપને હજી તો મેં નેત્રોવડે પૂરું જોયું પણ નહોતું, એટલામાં જ તેથી થનારા સુખનો લોપ થઈ ગયો હતો! એટલા માટે કૃપા કરીને તમારા આ વિરાટ્ સ્વરૂપને પુનઃ સંકોચી લ્યો.[૮૧] તમે આવી રીતે મને ડરાવશો, એ જો હું પ્રથમથી જાણતો હોત, તો મને વિશ્વરૂપ બતાવો, એમ હું તમને કદાપિ કહેત પણ ખરો કે? હવે આ વિશ્વરૂપ પ્રલયાગ્નિથી એકવાર મારા પ્રાણોને બચાવો.[૮૨] હે અનંત! જો તમે અમારા ખરેખરા સ્વામી હો, તો મારા મરણનો અટકાવ કરીને પછી આ તમારા મહામારિકારૂપ વિશ્વરૂપના પ્રસારનો સંકોચ કરી નાંખો![૮૩] હે દેવાધિદેવ! સર્વ વિશ્વના વસ્તીસ્થાન—આધારરૂપ જે તમે, તે સર્વ જગતના પાલન કરવાના કાર્યને વિસરીને શું ઉલટો જગતનો સંહાર કરવા ધારો છો?[૮૪] એટલા માટે હે દેવરાજ! સત્વર પ્રસન્ન થઈ તમારી પોતાની માયાને સમેટી લઇને, મને આ ભયથી મુક્ત કરો.[૮૫] આટલા વખતથી, બહુ જ નમ્ર બનીને, હું જે આર્જવતાથી તમારી પ્રાર્થના કરું છું, એનું કારણ એ છે કે, હું આ વિશ્વમૂર્તિથી ભયભીત થઇ ગયો છું![૮૬] જે વેળાએ

અમરાવતીમાં રાક્ષસોનો છાપો પડ્યો હતો, તે વેળાએ મેં એકલાએ જ તેમનો પરાભવ કર્યો હતો. હું કાળના મુખમાં જતાં પણ ભયભીત થાઉં તેવો નથી;[૮૭] પરંતુ હે દેવ ? આપનું વિશ્વરૂપ તેવા વિષયોમાંનું નથી. અહીં તો મૃત્યુપર પણ સરસાઈ કરીને સકળ વિશ્વ સહિત અમારો ગ્રાસ કરવાના હેતુથી જ આપ પ્રાપ્ત થયા છો (એમ હું દેખું છું)![૮૮] આ જુઓ, પ્રલયકાળનો સમય ન હોવા છતાં પણ તમે વચ્ચે જ કાળરૂપે આવીને પ્રાપ્ત થવાથી આ બિચારાં ત્રિલોકનાં સો વર્ષ ભરાઇ ચૂક્યાં (જણાય) છે![૮૯] અહો! હે દેવ! તારી ગતિ કેવી અને કેટલી વિપરીત છે! વિશ્વરૂપનાં દર્શનથી શાંતિ થશે, એવી આશાથી મેં આપ જે દેવરૂપ છો, તેને વિશ્વરૂપ દેખાડવાનું કહ્યું, પણ તેથી સુખ થવાને બદલે આ તો ઉલટું વિઘ્ન આવી પડ્યું! અરેરે દેવ! હવે તો ખરેખર આ વિશ્વ ડુબ્યું; કારણકે, જ્યાં આપે જ આ વિશ્વનો ગ્રાસ કરવા માંડ્યો, ત્યાં પછી વિશ્વનો બચાવ ક્યાંથી થઈ શકે?[૯૦] હે દેવ! આપ અનેક મુખો પ્રસારીને આ સૈન્યનું ચારે તરફથી ભક્ષણ કરો છો, એ હું પ્રત્યક્ષ મારી દૃષ્ટિથી જોઈ શકું છું![૯૧]

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसंघैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥

[હે પ્રભો! આ ધૃતરાષ્ટ્રના દુર્યોધન આદિ સર્વ પુત્રો, રાજાઓના સમુદાયો અને ભીષ્મ, દ્રોણ તથા કર્ણ અને અમારા પક્ષના મુખ્ય મુખ્ય યોધાઓ સહિત, ૨૬]

અહો, કૌરવ કુળમાંના વીરો અને અંધ ધૃતરાષ્ટ્રના પુત્રો આ જ નથી કે શું? અરેરે! એઓ ગયા! મુઆ! પરિવાર સહિત તમારા મુખમાં (ગેબ થઈ) ગયા![૯૨] બીજા જે દેશોદેશના રાજાઓ એમની કુમકે (અમારી સામે લડવા) આવ્યા છે, તેમના મરણનો સંદેશો ઘેર જઇને કહેવા માટે પણ કોઈ મનુષ્ય અવશિષ્ટ રહ્યો નથી! એવી રીતે તમે સર્વને ગળી જાઓ છો.[૯૩] આ રણમાં મોટા ઠાઠમાઠથી હાથીઓના સમુદાયોનો પણ ગટાગટ ગ્રાસ કરી જવાનો તમે એક સરખો સપાટો ચલાવ્યો છે![૯૪] બંદૂક, તોપ વગેરેના ચલાવનાર અને પાયદળના સમુદાયોનાં ટોળેટોળાં તમારા મુખમાં અદૃશ્ય થતાં દેખાય છે![૯૫] કૃતાંત (કાળ) સમાન અસ્ત્રો કે જેમાંનું એક અસ્ત્ર સમસ્ત વિશ્વનો નાશ કરવા સમર્થ છે, તેવાં કોટ્યવધિ અસ્ત્રો તમે ગળી જાઓ છો![૯૬] ચતુરંગ સેના અને ઘોડા જોડેલા રથ આદિ સર્વને તમે દાંત ન લગાડતાં સ્વાહા કરી જાઓ છો! તો હે દેવ! એથી તમને સંતોષ કેમ થાય છે વારુ?[૯૭] અરે, ભીષ્મસમાન સત્યવાદી અને શૌર્યનિપુણ બીજો કયો પુરુષ છે? છતાં તેનો અને બ્રાહ્મણવર્ય હોવા છતાં દ્રોણનો પણ તમે ગ્રાસ કરી ગયા![૯૮] અરેરે! અહો સૂર્યપુત્ર! જે મહાવીર કર્ણ તે પણ ગયો અને હવે અમારા પક્ષના યોધાઓનો વારો આવતાં તમે તેમની અડચણ પણ દૂર કરી દીધી![૯૯] હાય! હાય! બ્રહ્મદેવ આ પ્રભુના પ્રસાદની કેવી અયોગ્ય ઘટના થાય છે કે, હું પ્રભુની પ્રાર્થના કરીને માત્ર બિચારા જગતને મારવાનો જ હેતુ થઈ પડ્યો છું![૧૦૦] પ્રથમ થોડા ઘણા પ્રકારથી પ્રભુએ પોતાની વિભૂતિઓ કહી સંભળાવી હતી; પણ દેવની મારાં નેત્રોથી દેખાતી સ્થિતિ તેવી નથી એવી હઠ હું કરી બેઠો.[૧] અર્થાત્ ભોક્તવ્ય ટળતું નથી એમ જે કહેવામાં આવે છે તે અક્ષરે અક્ષર સત્ય છે! અને (જેવું ભોક્તવ્ય હોય)તેવી જ બુદ્ધિ પણ થાય છે એ પણ સત્ય છે. લોકોએ મારા શિરપર, પોતાના મરણનું ઠીકરું ફોડવાનો લેખ લખાયલોજ હશે, તે કેમ કરીને મિથ્યા થાય![૨] પૂર્વે સમુદ્રમંથનના સમયમાં અમૃત હાથમાં આવેલું હોવા છતાં, દેવોએ સમુદ્ર મથનની ક્રિયાને બંધ ન કરતાં વિશેષ મેળવવાનો લોભ રાખ્યો, એટલે અંતે તેમના હાથમાં હલાહલ વિષજ આવ્યું![૩] પરંતુ તે પણ એક પ્રકારે ઓછું ભયાનક હતું અને વળી તેનું તો નિવારણ પણ કરી શકાય તેમ હતું અને તે

સમયના તે સંકટને શ્રી શંકરે ટાળી પણ દીધું હતું![૪] પણ અત્યારનો જે આ વિશ્વરૂપનો પ્રકાર છે-એટલે કે આ અગ્નિને સાહ્ય કરનાર વાયુ નહિ, પણ પોતે જ મહાન્ ઉષ્ણ વાયુ છે, એટલે એનો પ્રતિકાર કોનાથી કરી શકાય? તેમ જ જે વિષ સમસ્ત ગગનમાં પ્રસરેલું હોય, તેને કોણ ગળી શકે? મહાકાળ સાથે રમવાનું કોનું સામર્થ્ય હોઇ શકે?[૫] (જ્ઞાનેશ્વર કહે છે કે;) એ પ્રમાણે અર્જુન દુઃખથી વ્યાપ્ત થઇને મનમાં ને મનમાં જ શોક કરવા લાગ્યો; પરંતુ એ વેળાએ દેવ (શ્રીકૃષ્ણ)ના હૃદયગત અભિપ્રાયને તે જાણી શકયો નહિ.[૬] હું મારનાર છું અને આ કૌરવો મરનારા છે, એવા મોહથી જે વ્યાપ્ત થયો હતો, તેના મોહનો નાશ કરવા માટે જ શ્રી અનંતે પોતાનું આ વિશ્વરૂપ તેને બતાવ્યું હતું;[૭] અને કોઈ કોઈને મારતું નથી, કિન્તુ અહીં સર્વનો સંહારક હું જ છું, એ તત્ત્વને તેમણે વિશ્વરૂપના યોગે વ્યકત કર્યું હતું.[૮] પરંતુ એ અર્જુનના સમજવામાં ન આવતાં તે વ્યર્થ વ્યાકુળ થઈ ગયો અને વિનાકારણ ભીતિને પોતાના મનમાં સ્થાન આપવા લાગ્યો.[૯]

वक्त्राणि ते त्वरमाणा विशंति दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनांतरेषु संदृश्यंते चूर्णितैरुत्तमांगैः ॥ २७ ॥

[સર્વ યોધાઓ દાઢોવડે વિકરાળ બનેલા તમારા ભયંકર મુખમાં ત્વરાથી પ્રવેશ કરે છે. તેમાંનાં કેટલાક તમારા દાંતોમાં સપડાયા છે એમ દેખાય છે; અને કેટલાકનાં મસ્તકોનો ચૂરો થઇ ગએલો જોવામાં આવે છે. ૨૭]

તે વેળાએ અર્જુન પુનઃ કહેવા લાગ્યો કેઃ–અરે! આ જુઓ! આકાશમાં જેમ અભ્રોનો લોપ થાય છે, તે પ્રમાણે શિરસ્ત્રાણ અને કવચોસહિત આ ઉભય પક્ષનાં સેનાની અને સૈન્યો (હાથી, ઘોડા, સ્વારો વગેરે)તમારા મુખમાં અદૃશ્ય થઈ ગયાં છે.[૪૧૦] એ જાણે મહાપ્રલયના સમયમાં યમ કોપાયમાન થઇને એકવીસ સ્વર્ગોને પાતાળ સહિત ગળી જાય છે,[૧૧] અથવા દૈવ પ્રતિકૂળ થતાં સંગ્રહકર્તાનું ઐશ્વર્ય ત્યાંનું ત્યાં જ પોતાની મેળે જ નષ્ટ થઈ જાય છે,[૧૨] તે જ પ્રમાણે આ કર્મની ગતિ કેવી વિલક્ષણ છે તે જુવો, કે આ એકત્ર થયેલાં સૈન્યો એકાએક આ મુખમાં પ્રવેશ કરીને તેમાંથી એક પણ સૈનિક બહાર નીકળી શકતો નથી![૧૩] ઊંટના મોઢામાં અશોક વૃક્ષની ડાળીઓ જેવી રીતે ચવાતી જોવામાં આવે છે, તે પ્રમાણે આ સર્વ લોકો આ મુખમાં લીન થતા દેખાય છે![૧૪] પરંતુ મુકુટસહિત મસ્તકો, દાઢના ચીપિયામાં સપડાતાં, તેમનો દળાઇને કેવો લોટ થાય છે, તે નિહાળો.[૧૫] તે મસ્તકો દાંતના અંદરના ભાગમાં રત્નસમાન ચમકે છે અને તેમનો ભૂકો જીભનાં તાળવાંને ચોંટેલો જણાય છે. અને કેટલીક દાઢોની અણીઓ પણ તે ભૂકાવડે જડેલી જણાય છે.[૧૬] આ વિશ્વરૂપ કાળે, જે બળવાન્ લોકોનાં શરીરો ગ્રાસેલાં છે, તેઓના દેહોના અસ્થિપિંજર જીવનનો નાશ કરીને ખાસ રાખી મૂકયાં છે![૧૭] તેમ જ શરીરમાંનો ઉત્તમ ભાગ જે મસ્તક, તે જો કે મહાકાળના મુખમાં સપડાયું હતું, છતાં અંતે ખાસ કરીને તેને જાળવી રાખવામાં આવ્યું છે.[૧૮] વળી પાછો અર્જુન કહે છે કે;–આ જગતના જન્મ અને મૃત્યુ એ ઉભયને બીજો માર્ગ જ નથી; કિન્તુ સમસ્ત જગત્ આ વદનરૂપ પ્રવાહમાં જ પોતાની મેળે જ આવીને ડૂબી જાય છે;[૧૯] આ સર્વ સૃષ્ટિ આપોઆપ આ મુખના માર્ગમાં પ્રવૃત્ત થઈ છે અને પરમાત્મા ત્યાંને ત્યાં જ સ્વસ્થ રહીને સમસ્ત જગતને સહજમાં જ ગળી જાય છે.[૪૨૦] બ્રહ્મદેવ સમાન મોટા મોટા દેવો આ વિશ્વરૂપનું જે સર્વથી ઉચ્ચ મુખ છે, તેમાં દોડતા નજરે પડે છે;[૨૧] અને ઈતર પ્રાણી માત્ર તો જે સ્થાનમાં ઉત્પન્ન થાય છે તે જ સ્થાનમાં પાછા નષ્ટ થઈ જાય છે; પરંતુ આ વિશ્વરૂપના મુખના સપાટામાંથી તો નિઃસંશય કોઇ પણ છૂટી શકતું નથી.[૨૨]

यथा नदीनां बहवोऽम्बुवेगाः समुद्रमेवाभिमुखा द्रवंति ।
तथा तवामी नरलोकवीरा विशंति वक्त्राण्यभिविज्वलंति ॥ २८ ॥

[હે પ્રભો! જેમ નદીઓના મોટા મોટા પ્રવાહ, સમુદ્રપ્રતિ જ ગમન કરતા હોય છે, તેવી જ રીતે આ મૃત્યુલોકના વીરો, આ તમારા પ્રજ્વલિત મુખમાં પ્રવેશ કર્યા કરે છે. ૨૮]

જેવી રીતે મહાનદીઓના પ્રવાહ સહજ સ્વાભાવિકપણે સમુદ્રપ્રતિ વળે છે, તેવી જ રીતે સમસ્ત આ જગત્ ચારે તરફથી આવીને તમારા મુખમાં જ પ્રવેશ કરે છે;[૨૩] અને સર્વ પ્રાણી, આયુષ્યરૂપ માર્ગમાં દિવસ અને રાત્રિનાં પગથિયાં બનાવીને, ત્વરાથી તમારા મુખમાં આવી પડવાના યોગને સાધે છે.[૨૪]

यथा प्रदीप्तं ज्वलनं पतंगा विशंति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशंति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥

[હે પ્રભો! જેમ પ્રજ્વળેલા અગ્નિમાં, નાશ પામવા માટે જ પતંગો મહાવેગથી પ્રવેશ કરતા હોય છે; તેવી જ રીતે આ સર્વ લોકો પણ તમારા મુખમાં નાશ પામવા માટે જ વેગપૂર્વક પ્રવેશ કર્યા કરે છે! ૨૯]

જેવી રીતે દાવાનળથી સળગેલા પર્વતની ગુફામાં પતંગો કૂદી કૂદીને પડે છે, તે પ્રમાણે આ સર્વ લોકો તમારા મુખમાં આવી આવીને પડે છે;[૨૫] પરંતુ જેવી રીતે તપેલા તવાપર પાણી પડતાં તે બળીને ભસ્મ થઈ જાય છે, તેવી રીતે જેણે જેણે તમારા મુખમાં પ્રવેશ કર્યો છે, તેમનાં નામ અને રૂપો વ્યવહારમાંથી સમૂળાં નષ્ટ થઈ ગયાં છે; અર્થાત્ તેમનાં નામ અને રૂપનો પત્તો જ મળતો નથી.[૨૬]

लेलिह्यसे ग्रसमानः समंताल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रं भासस्तवोग्राः प्रतपंति विष्णो ॥ ३० ॥

[હે વિષ્ણો! સર્વ બાજૂએથી સળગેલાં મુખોવડે સર્વ લોકોને સ્વાહા કરીને તમે વારંવાર જીભલીઓ ચાટ્યા કરો છો; અને તમારી ઉગ્ર પ્રભાઓ સંપૂર્ણ જગતને વ્યાપીને પોતાના પ્રખર તેજવડે તપાવ્યા કરે છે. ૩૦]

અને એ પ્રમાણે સમસ્ત જગતનું ભક્ષણ કરવા છતાં પણ તમારી ભૂખ ઓછી થતી નથી; પણ તમારો જઠરાગ્નિ આટલો બધો પ્રદીપ્ત કેમ થયો વારુ?[૨૭] જેવી રીતે કોઇએક રોગી મનુષ્ય, જ્વરની પીડામાંથી મુક્ત થઈ, ઉઠે છે અને ખા ખા કર્યા કરે છે અથવા કોઈ એક ભીખારી, દુષ્કાળના સપાટામાં સપડાયો હોય (ને ગમે તેટલું ખાતાં છતાં તેની તૃપ્તિ જ થતી નથી) તેવી જ રીતે સર્વ જગતનો લય કરવા છતાં હજી તો તમે જીભલીઓને જ ચાટ્યા કરો છો;[૨૮] અર્થાત્ તમારાં આ મુખો સમક્ષ ખાવાની એક પણ વસ્તુ-પદાર્થ અવશિષ્ટ રહેતી નથી; એટલે હવે આપની ઉંડી ભૂખનું વર્ણન તો શું કરવું?[૨૯] સમુદ્રનો એક ઘૂંટડો કરી જાઉં, પર્વતનો એક ગ્રાસ કરી ખાઉં, સમસ્ત બ્રહ્મગોલને દાઢતળે દબાવી દઉં,[૩૦] સર્વ દિશાઓને ગળી જાઉં અને ચટ દેતો કે બધી ચાંદનીઓને ચાટી જાઉં, એવા પ્રકારનું જ આ તમારું અકરાંતિયાપણું જોવામાં આવે છે![૩૧] જેવી રીતે ભોગનું વિશેષ સેવન કરવાથી કામની વૃદ્ધિ થાય છે, અથવા અગ્નિમાં જેમ જેમ ઇંધન વધારે નાંખીએ, તેમ તેમ તે (શાંત પડતો નથી, પણ) વધારે ભડકતો

જાય છે; તે જ પ્રમાણે સમસ્ત જગતનું ભક્ષણ કરવા છતાં તમારાં મુખો ખાઉં ખાઉંનો જ પોકાર કર્યા કરે છે![32] જેવી રીતે દાવાનળમાં કોઠ નાંખવાથી અગ્નિને સંતોષ થતો નથી, તે પ્રમાણે આપનું આ એક જ મુખ કેટલું બધું પ્રસરેલું છે તે જુઓ–એની જિહ્વાના અગ્રભાગને ત્રિભુવન પણ પૂરાં પડતાં નથી![33] જ્યારે એક જ મુખની આવી ઉગ્રતા છે, ત્યારે તમારાં આ અગણિત મુખોને પૂરાં પડે એટલાં ત્રિભુવનો ક્યાંથી લાવીએ? એવી રીતે એ મુખોને ખાવાનું મળવાનો સંભવ ન હોવા છતાં એટલાં બધાં મુખો આપે શાને ઉત્પન્ન કર્યાં છે?[34] જેવી રીતે ચારે તરફ દાવાનળ સળગતાં તેની વચ્ચે હરિણો સપડાઈ જાય છે, તે જ પ્રમાણે સમસ્ત જગત્ તમારી આ વદનરૂપિણી (દાવાનળની) જ્વાળાના મધ્યમાં સપડાઈ ગયું છે.[35] આ વિશ્વની અવસ્થા એવી થઈ છે કે, તમો દેવ નહિ, પણ આ વિશ્વરૂપે તેમના કાળ જ થઈ આવ્યા છો! અથવા જગત્-રૂપ જલચરો માટે તમારા વદનરૂપ કાળજાળનો જ વિસ્તાર થયેલો છે![36] અર્થાત્ તમારા વિશ્વરૂપના તેજરૂપ જાળમાંથી સ્થાવર જંગમ વસ્તુઓ કોઈ સ્થળેથી બહાર પડી છટકી જઈ શકે એમ નથી! આ તમારાં મુખો નહિ, પણ જગતનાં નાશક લાક્ષાગૃહો જ નિર્માણ થયાં છે![37] પોતાના પ્રખર તેજથી પ્રાણીમાત્રનાં અંગો કેવાં બળતાં હોય છે, એ અગ્નિ પોતે સમજી શકતો નથી; પરંતુ જેને તેનો સ્પર્શ થાય છે, તેના પ્રાણ માત્ર પ્રયાણ કરી જયા વિના રહેતા નથી![38] અથવા તો, પોતાની તીક્ષ્ણ ધારાથી બીજાને કેવી રીતે મરણની પ્રાપ્તિ થાય છે, એની જેમ શસ્ત્રને કલ્પના હોતી નથી; અથવા તો પોતાના સેવનથી લોકોના પ્રાણની કેવી રીતે હાનિ થાય છે, એનું વિષને જેમ સ્વપ્ન માત્ર પણ હોતું નથી;[39] તે જ પ્રમાણે, તમારા પોતાના મુખની પ્રખરતાની તમને સ્મૃતિ જ નથી; પરંતુ તમારા આ આણી તરફના મુખમાં જ સમસ્ત જગતનો નાશ થઈ ગયો છે.[40] હે દેવ! જેને આત્મા કહેવામાં આવે છે, તે તમે એક જ હોઇને સર્વ વિશ્વના વ્યાપક પણ છો; તો પછી અમારો નાશ કરવા શાને માટે પ્રવૃત્ત થયા છો?[41] મેં પોતે તો મારા જીવની આશા છોડી દીધી છે અને તેથી તમે પણ મનમાં સંકોચ ન કરતાં તમારા મનમાં જે કાંઈપણ હોય, તે આનંદથી ખુલ્લું કરીને કહી દ્યો![42] તમે પોતાના વિશ્વરૂપની ઉગ્રતાને હજી કેટલીક વધારશો? હે દેવ! તમારામાં જે જગતનું પાલકપણું રહેલું છે, તેનું તો જરા સ્મરણ કરો–નિદાન મારાપર તો કૃપા કરો.[43]

आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवंतमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

[હે પ્રભો! તમને નમસ્કાર હો! તમે પ્રસન્ન થાઓ! ઉગ્રરૂપ ધારણ કરનારા તમે કોણ છો, તે મને કહો. તમે સર્વના આદિ છો, તે તમને હું વિશેષ જાણવાની ઈચ્છા ધરાવું છું. તમારો હેતુ કાંઈ પણ મારા જાણવામાં આવતો નથી. ૩૧]

અહો વેદવંદ્ય (વેદને નમવા યોગ્ય), ત્રિભુવનૈકઆદ્ય (ત્રિભુવનને વિશે એક તથા આદિ), વિશ્વવંદ્ય મહારાજ! મારી આટલી વિનતિ સાંભળો.[44] એ પ્રમાણે બોલીને અર્જુને ભગવાનનાં ચરણોમાં મસ્તક નમાવ્યું અને કહ્યું કેઃ–હે દેવાધિ દેવ! મારી પ્રાર્થના સાંભળો.[45] મારા સમાધાન માટે 'વિશ્વ-રૂપ બતાવો' એમ મેં કહ્યું હતું, પણ તમે તો ત્રિભુવનને ગળી જવાના હેતુથી મહાભયંકરરૂપ ધારણ કર્યું![46] કહો તમે કોણ છો? આવાં અને આટલાં બધાં ભયંકર રૂપો શા માટે ધારણ કર્યાં છે? આ સર્વ હાથોમાં શસ્ત્રો શા માટે લીધાં છે?[47] વારંવાર ક્રોધાયમાન થઇને ગગન કરતાં પણ વિશેષ ઉચ્ચ થઇને અને નેત્રોને રક્તવર્ણ કરીને ભીતિનું દર્શન શા માટે કરાવો છો?[48] હે દેવ! તમે યમનો દ્વેષ શા માટે કરો છો? (અર્થાત્ યમનું સ્થાન શા માટે સાચવો

છો?) આવું ઉગ્ર રૂપ ધારણ કરવામાં તમારો શો હેતુ સમાયલો છે?[૪૯] અર્જુનના આવા ઉદ્ગારો સાંભળીને શ્રીકૃષ્ણે કહ્યું કેઃ–હું કોણ છું અને શા માટે ઉગ્ર રૂપ ધારણ કરીને આટલો મોટો થયેલો છું, એ જ તું જાણવા માગે છે કે?[૫૦]

श्रीभगवानुवाच—कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे येऽत्रस्थिताः प्रत्यनीकेषु योधाः॥३२॥

[શ્રી ભગવાને કહ્યું:–લોકોનો ક્ષય કરનાર પ્રવૃદ્ધ કાળ હું છું. પ્રાણીઓનો સંહાર કરવા માટે હું અહીં પ્રવૃત્ત થયેલો છું. ઉભય સૈન્યોમાં જે યોધાઓ ઉભેલા છે, તે સર્વ–એક તારા વિના–જીવતા રહેવાના નથી! ૩૨]

શ્રીકૃષ્ણે કહ્યું:–ખરેખર હું કાળ છું અને લોકોનો સંહાર કરવા માટે પ્રવૃદ્ધ થઇને મેં ચારે તરફ મારાં મુખોનો પ્રસાર કરેલો છે અને હવે અત્યારે જ હું સમસ્ત વિશ્વને ગળકાયનમઃ–ગિલંકૃત કરી જવાનો છું. સાંભળઃ[૫૧] એટલે અર્જુન કહે છે કેઃ–અરેરે! આગળના સંકટથી ત્રાસ પામીને આની પ્રાર્થના કરી, તો આ તો વળી તેથી પણ ભયંકર સંકટ આવીને પ્રાપ્ત થયું![૫૨] પણ મારા આવા કઠોર ભાષણથી અર્જુન કદાચિત્ ખિન્ન થશે, એમ ધારીને શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને પુનઃ કહ્યું કેઃ–પણ એક સગવડ છે,[૫૩] અને તેથી તમો પાંડવો આ સંહારરૂપ લાક્ષાગૃહમાંથી ક્ષેમ કુશળ નીકળી જશો! આટલું સાંભળતાં જ અર્જુનના જીવમાં જીવ આવ્યો.[૫૪] તે મૃત્યુરૂપ મહા-મારિકાના સકંજામાં જ સપડાયો હતો, પણ આ (આશ્વાસનાત્મક) શબ્દ સાંભળતાં જ તે પુનઃ સાવધ થઇને શ્રી કૃષ્ણના શબ્દોને ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો.[૫૫] દેવ કહેવા લાગ્યા કેઃ–હે અર્જુન! તમો પાંડવો મારા છે, એ તું ધ્યાનમાં રાખજે; નહિ તો આ સર્વ જગતને ગળી જવા માટે જ હું પ્રાપ્ત થયો (જન્મ્યો) છું![૫૬] પ્રલય કાળના પ્રચંડ અગ્નિમાં માખણનો લોંદો નાખતાં તે જેમ નાશ પામે છે, તે જ પ્રમાણે મારા મુખમાં સર્વ જગતને તેં ગયેલું જોયું છે;[૫૭] તો હવે એ સર્વ જગતનો નાશ થશે જ, એ તું નિશ્ચિત જાણ! આ સર્વ સૈન્ય (લડવાનો અને લડીને મરવાનો) વ્યર્થ દંભ કરે છે.[૫૮] આ સ્થળે એકત્ર થયેલું આ સર્વ સૈન્ય વીર વૃત્તિના બળથી મોટા ગર્વમાં આવીને લાંબાં પહોળાં ભાષણો કરે છે અને કહે છે કે, અમારી આગળ યમની પણ કાંઈ વિસાત નથી![૫૯] તેઓ કહે છે કે, અમે સૃષ્ટિપર પ્રતિસૃષ્ટિ નિર્માણ કરીશું! હોડમાં મૃત્યુને પણ હરાવીશું અને જગતનો સંહાર કરી નાંખીશું![૬૦] સમસ્ત પૃથ્વીને ગળી જઇશું! આકાશને ઊપરને ઊપર જ બાળી નાંખીશું અને બાણોના ચાલનથી વાયુને પણ હીલવા દેવાના નથી![૬૧] એ પ્રમાણે જેઓ ચતુરંગ સેનાની સંપત્તિના બળપર કૂદકા મારીને કૃતાંત સાથે પણ સ્પર્ધા કરે છે અને પરાક્રમના ગર્વથી જેઓ આઠમા આસમાનપર ચઢી ગયા છે;[૬૨] શસ્ત્રો કરતાં પણ જેમનું બોલવું વધારે તીવ્ર છે; જેઓ અગ્નિ કરતાં પણ વધારે દાહક છે અને મારવાના કામમાં જેઓ હલાહલ વિષને પણ મધુર કહેવડાવે છે;[૬૩] તોપણ, જેમ ગંધર્વનગરીના વૈભવ અથવા તો પોકળીનાં (આકાશનાં) વળેલાં વીટળાં, તેમ જ ચિત્રોમાંનાં પૂતળાં, જેમ હોય છે, તે પ્રમાણે એ વીરો નિર્જીવ છે એમ જ તું સમજ![૬૪] અરે! જેમ મૃગજળનો પૂર આવે, તેવી જ એ સૈન્યની સ્થિતિ સમજી લેવી; અથવા તો વસ્ત્રનો સર્પ બનાવીએ, તેમ જ અલંકાર પહેરાવીને પૂતળી ઊભી રાખીએ, તેવી જ એ સૈન્યની દશા સમજી રાખજે.[૬૫]

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भुंक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥

[એટલા માટે, હે અર્જુન! તું ઊઠ, યશ મેળવ અને શત્રુને જિતીને સર્વ રાજ્યનો ઉપભોગ લે. એમને તો મેં પૂર્વથી જ મારી રાખેલા છે. તું કેવળ નિમિત્તરૂપે જ આગળ થા! ૩૩]

(શ્રીકૃષ્ણ કહે છે);–નહિ તો, જે બળવડે શરીરની ચેષ્ટાઓ ચાલ્યા કરે છે, તે સર્વ બળનો તો હું પ્રથમથી જ ગ્રાસ કરી ચૂકયો છું. હવે તો આ સર્વ સૈન્ય કુંભારના ઘરમાં પૂતળાં પ્રમાણે સર્વથા નિર્જીવ જ છે.[૬૬] કળસૂત્રી પૂતળીને નચાવનારી દોરી તૂટી જતાં તે પૂતળીઓને ગમે તે કોઈ પણ હડસેલે એટલે જેમ તે પડી જાય છે,[૬૭] તે જ પ્રમાણે આ સર્વ સૈન્યના આ આકારને તોડી નાંખતાં જરાપણ વિલંબ લાગવાનો નથી. એટલા માટે હે અર્જુન! સત્વર ઉઠ અને શુદ્ધિમાં આવ![૬૮] તેં ઉત્તર ગોગ્રહણના સમયે શત્રુના સર્વ સૈન્યપર મોહનાસ્ત્ર ચલાવીને વિરાટ્ રાજાના ભયભીત કુમાર ઉત્તરના હાથે તેમનાં (શત્રુઓનાં) વસ્ત્રોનું હરણ કરાવ્યું હતું;[૬૯] તે જ સૈન્ય અત્યારે, આજે, તે સમય કરતાં પણ નિકૃષ્ટ થઈ ગયું છે અને આઇતું જ રણક્ષેત્રમાં આવી લાગ્યું છે! તો હવે તેનો સંહાર કર અને 'એકલા અર્જુને શત્રુનો પરાજય કર્યો' એવા યશને મેળવ![૪૭૦] એ યશ મિથ્યા નથી, કિન્તુ એ યશની પ્રાપ્તિની સાથે સર્વ રાજ્યની પણ તને પ્રાપ્તિ થશે! હે સવ્ય-સાચિન્! તું નિમિત્ત માત્ર થઇને શત્રુનો સંહાર કર.[૭૧]

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युद्ध्यस्व जेताऽसि रणे सपत्नान् ॥३४॥

[દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને બીજા પરાક્રમી યોધાઓને મેં પ્રથમથી જ મારેલા છે; તેમને તું માર; ખિન્ન ન થા; યુદ્ધ કર; રણમાં તું શત્રુઓને જિતીશ. ૩૪]

"તું દ્રોણની પરવા ન કર, ભીષ્મની ભીતિ ન રાખ અને કર્ણપર શસ્ત્રો કેમ ચલાવું, એમ પણ ન કહે;[૭૨] અને જયદ્રથને મારવા માટે શી યોજના કરવી, એનો પણ વિચાર ન કર; બીજા પણ જે નામાંકિત વીરો છે,[૭૩] તે સર્વ ભીંતમાંનાં ચિત્રોમાંના સિંહ પ્રમાણે નિર્જીવ છે, એમ જ સમજ! તેમને તો પોતાથી જ* લૂછી નાખ્યાં એટલે થયું![૭૪] અર્થાત્, હે અર્જુન! યુદ્ધ માટે એકત્ર થયેલા આ વીરોની વાત શી કરવી? આ સર્વ મિથ્યા ભાસ છે. નહિ તો ખરી રીતે જોતાં તો મેં એમને ગ્રાસી જ નાંખ્યા છે![૭૫] જ્યારે તેં આ સર્વને મારા મુખમાં ગયેલા જોયા, તે વેળાએ જ એમના આયુષ્યની સમાપ્તિ થઈ ચૂકી છે! આ તો હવે ખાલીખમ ખોળિયા જેવા જ છે.[૭૬] એટલા માટે હે અર્જુન! તું સત્વર ઉઠ અને મેં જેમને મારેલા છે, તેમનો સંહાર કર! વ્યર્થ શોકસંકટમાં તું ડૂબી ન જા![૭૭] આપણે પોતે જ એક નિશાન તાકીને જેમ કૌતુકથી તેને ભેદી નાંખીએ છીએ (બાણ તો નિમિત્ત જ છે), તે પ્રમાણે જ એ સર્વનો નાશ કરવામાં તું તો કેવળ નિમિત્ત માત્ર જ છે![૭૮] અરે, જેઓ તારી સાથે વૈરભાવ રાખતા હતા, તેમને જન્મતાંની સાથે જ કાળરૂપી વાઘ સ્વાહા કરી ગયો છે, તો હવે રાજ્ય સહિત યશ મેળવીને તેનો આનંદથી ઉપભોગ લે.[૭૯] સ્વભાવતઃ ઉન્મત્ત, સર્વ જગતમાં બળવાન્ અને દુષ્ટ તથા વિષવિધાયક જે તારા પિત્રાઈ, તેમને વિલંબ ન કરતાં મારી નાંખ્યા,[૪૮૦] એવા પ્રકારની આ વાર્ત્તા, હે અર્જુન! જગતના વાક્પટમાં લખી રાખ (લોકોની ચર્ચાનો વિષય કરી રાખ) અને વિજયી થા.[૮૧]

संजय उवाच–एतच्छ्रुत्वा वचनं केशवस्य कृतांजलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ॥३५॥

---

* ગાભા ચુંથાનો ડૂચો જ્યાં ડાઘો ડૂઘો હોય છે, ત્યાં એ ડૂચો ફેરવવાથી, તે જગો ચોખ્ખી થાય છે

[સંજયે કહ્યું:–એ પ્રમાણે કેશવનું ભાષણ સાંભળીને થરથર કંપતો કિરીટી હાથ જોડી પુનઃ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને બ્હીતો, બ્હીતો ગદ્‌ગદિત અંતઃકરણથી નમ્ર થઇ કહેવા લાગ્યો કેઃ-૩૫]

(જ્ઞાનદેવ કહે છે કે):–એ પ્રમાણે એ સર્વ કથા સંજયે અપૂર્ણમનોરથવાળા ધૃતરાષ્ટ્રને કહી સંભળાવી.[૯૨] પાછો તે કહે છે કે, સત્યલોક (સ્વર્ગ) માંથી નીકળ્યા પછી ગંગાનો પ્રવાહ જેવી રીતે કલકલ ધ્વનિ કરે છે, તે પ્રમાણેની ગંભીર વાણીથી શ્રીકૃષ્ણ બોલ્યા.[૯૩] અથવા તો મેઘનાં જળની વૃષ્ટિ જેમ ધડધડ અને ગડગડ અવાજ કરતી સંભળાયા કરે છે; અથવા સમુદ્રમંથનના સમયમાં જેમ ક્ષીરાબ્ધિ મંદરાચલના રવૈયાવડે ઉભરાઈ જતો હતો.[૯૪] તે પ્રમાણે અનંતરૂપ તથા વિશ્વના મૂળરૂપ શ્રી કૃષ્ણ ગંભીર વાણીથી જે વાક્ય બોલ્યા,[૯૫] તે અર્જુને થોડુંક સાંભળ્યું; પણ તેથી તેનું સુખ વધ્યું કે દુઃખ વધ્યું, એ કાંઇ જાણવામાં આવી શક્યું નહિ. પરંતુ તેના સર્વાંગમાં કંપનો આવિર્ભાવ થયો.[૯૬] તે અતિ નમ્રતાથી હાથ જોડીને વારંવાર શ્રી કૃષ્ણનાં ચરણોમાં મસ્તક નમાવવા લાગ્યો.[૯૭] અને કાંઇ બોલવા જતો હતો એટલામાં તેનો કંઠ ભરાઈ આવ્યો. હે શ્રોતાઓ! એ સ્થિતિ સુખને લીધે થઇ કે દુઃખના કારણથી થઇ, એનો તમે પોતે જ વિચાર કરી લ્યો![૯૮] પરન્તુ દેવના બોલવાથી અર્જુનની આવી અવસ્થા થવાનું હું તો શ્લોકમાંના પદના અર્થના આધારે જ કહું છું.[૯૯] પછી બ્હીતાં બ્હીતાં તેણે ભગવાનનાં ચરણોમાં પુનઃ મસ્તક નમાવ્યું અને તે કહેવા લાગ્યો કેઃ–'મહારાજ! આપ એમ જ બોલ્યાને,–[૪૯૦]

अर्जुन उवाच–स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवंति सर्वे नमस्यंति च सिद्धसंघाः ॥३६॥

[અર્જુને કહ્યું:–હે હૃષીકેશ! તમારી વિશેષ કીર્ત્તિથી સમસ્ત જગત્ આનંદભરિત થાય છે, અને તમારામાં પ્રેમ રાખે છે; તેમ જ રાક્ષસો ભયભીત થઇને દશે દિશામાં પલાયન કરી જાય છે અને સર્વ સિદ્ધોના સમુદાયો તમને નમસ્કાર કરે છે, એ યોગ્ય જ છે. ૩૬]

'કે હે અર્જુન! હું કાળસ્વરૂપ હોઇને આ સર્વને મેં ગ્રાસેલા છે તે કેવળ મારો ખેલ છે, એટલા માટે જ?' તો હે દેવ! આ તમારું બોલવું નિશ્ચયાત્મક સત્ય છે, એમ હું માનું છું;[૯૧] પરંતુ તમો કાળરૂપ પરમેશ્વર આવા સ્વસ્થતાના સમયમાં, જગતનો ગ્રાસ કરી જાઓ, એ વાર્ત્તાનો મારા વિચાર સાથે મેળ થતો નથી.[૯૨] કોઇ એકના અંગમાંથી તારુણ્યને કાઢી લઇને તેના સ્થાનમાં વૃદ્ધતા કેમ કરીને નાંખી શકાય? એટલા માટે તમે જે કરવાનું કહો છો, તે બહુધા ન બનવા જોગ છે.[૯૩] આ જુવો, હે અનન્ત! દિવસના ચાર પ્રહરની સમાપ્તિ થયાવિના કોઈ પણ કાળે, મધ્યાહ્ને જ સૂર્ય અસ્તંગત થાય ખરો કે?[૯૪] (એટલું જ નહિ, પણ) આ જુઓ! તમો અ-ખંડિત કાળ હોવા છતાં તમોને પણ ત્રણ સ્થિતિઓ છે અને તે પ્રત્યેક સ્થિતિ પોતપોતાના સમયમાં સબળ હોય છે.[૯૫] જે વેળાએ ઉત્પત્તિ થવા માંડે છે, તે વેળાએ સ્થિતિ અને પ્રલયનો લોપ થાય છે; અને સ્થિતિના સમયમાં ઉત્પત્તિ તથા પ્રલયનું (બળ) કાંઇ ચાલતું નથી;[૯૬] તેમ જ પ્રલ-યના સમયમાં ઉત્પત્તિ અને સ્થિતિનો પોતાની મેળે જ લય થાય છે! એ અવસ્થાઓ અનાદિ હોઇને કોઇથી પણ ટાળી શકાતી નથી.[૯૭] અર્થાત્ આજે આ જગત્, સ્થિતિનો ઉપભોગ લેવાના આનંદમાં હતું, એવામાં તેને ગ્રાસવાની વાર્ત્તા આપ કહો છો, એ વાત મને રુચતી નથી.[૯૮] એ વેળાએ સંકેતથી દેવ કહેવા લાગ્યા કે:–"અરે! આ ઉભય સૈન્યના આયુષ્યની સમાપ્તિ થઈ છે, એ મેં પ્રત્યક્ષ તને બતાવ્યું; પરન્તુ બીજા લોકો તો યથાસમય જ મરણ પામશે, એમ જ તારે સમજવાનું છે!"[૯૯] એમ શ્રીકૃષ્ણ ભગવાન્ બોલતા હતા, એ વેળાએ જ સર્વ સૈન્ય પૂર્વવત્ તેના સ્થાનમાં જ છે, એમ અર્જુને જોયું[૫૦૦] અને તેથી તે કહેવા લાગ્યો કે,

હે દેવ! આપ વિશ્વને ચલાવનારા સૂત્રધાર છો અને તેથી આ જગત્ પુનઃ પૂર્વસ્થિતિને પ્રાપ્ત થયું છે;[1] પરન્તુ, હે શ્રી હરિ! દુઃખસાગરમાં પડેલાઓને આપ બહાર કાઢો છો, એવી આપની કીર્તિ છે, એનું અમને પૂર્ણ સ્મરણ છે.[2] આપની કીર્તિનું વારંવાર સ્મરણ થતાં મહા સુખ ભોગવતો હું, આનંદસમુદ્રની લહરીઓમાં વિહરું છું.[3] હે દેવ! આ જગત્ જીવતું રહેવાથી તે તમારામાં પ્રેમભાવ રાખીને સુખમાં રહે છે અને જેઓ દુષ્ટજન છે તેમનો તો તમે નાશ કરો છો જ;[4] પણ હે હૃષીકેશ! ત્રિભુવનમાંના રાક્ષસોને તમારી બહુ જ ભીતિ લાગે છે અને તેથી જ તમને જોતાંની સાથે જ તેઓ દૂર રહેવાના ઉદ્દેશથી દશે દિશામાં પલાયન કરી જાય છે.[5] નહિ તો હે દેવ! મનુષ્ય, સિદ્ધ, યક્ષ, કિંબહુના સર્વ સ્થાવર અને જંગમ તમને નિહાળી હર્ષયુક્ત થઇને વંદન જ કરે છે.[6]

कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥

[હે મહાત્મન્! હે અનન્ત, હે દેવાધિદેવ, તમો શ્રેષ્ઠ હોઇને બ્રહ્મદેવના પણ ઉત્પન્ન કર્તા છો, તો પછી તેઓ તમને શાને નમસ્કાર ન કરે? હે જગન્નિવાસ! જે સત્ અને અસત્ છે, તેથી પર જે અવિનાશી બ્રહ્મ, તે તમે છો. ૩૭]

હે નારાયણ! રાક્ષસો તમને નમસ્કાર ન કરતાં દૂર શાને ન્હાસી જાય છે?[7] એનું કારણ આપને પૂછવું પડે તેમ નથી; કારણ કે, એટલું તો અમે પણ જાણી શકીએ છીએ. આ જુવો! સૂર્યોદય થયા પછી અંધકાર કેમ કરીને રહી શકે? એ જ પ્રમાણે તમારા સમક્ષ રાક્ષસો કેમ કરીને ઊભા રહી શકે?[8] સ્વપ્રકાશના મુખ્ય સ્થાનરૂપ તમોને જોતાં જ રાક્ષસોનો સહજ લોપ થયો.[9] હે શ્રી રામ! આટલા દિવસ એ વાત અમારા સમજવામાં આવી ન હોતી; પણ હવે તમારો આ અલૌકિક મહિમા અમારા જોવા ને જાણવામાં આવી શકે છે.[10] જે સ્થાનમાંથી અનેક સૃષ્ટિની પંક્તિઓ અને પ્રાણીમાત્રની વલ્લરીઓ જગતમાં પ્રસરે છે, તે માયાનું આદિ સ્થાન તમારી ઇચ્છા જ છે.[11] તમો અગણિત સત્ત્વથી નિત્ય ભરેલા છો. તમારામાં પરમાવધિ અનંત ગુણો ભરેલા છે; તમારી સતત સમદૃષ્ટિ છે. તમો દેવોના પણ દેવ છો.[12] હે સદાશિવ! તમે આ સકળ બ્રહ્માંડના નિવાસસ્થાન છો; અવિનાશી છો; અને હે દેવ! તમો જ વ્યક્ત અને અવ્યક્ત તેનાથી પર જે જ્ઞેય તત્ત્વ, તે પણ તમે જ છો.[13]

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्ताऽसि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनंतरूप ॥ ३८ ॥

[તમે આદિ દેવ, પુરાણપુરુષ, તમે આ વિશ્વના લયસ્થાન, તમે જ્ઞાતા, તમે જ્ઞેય અને તમે પરમપદ છો. હે અનંત રૂપ! તમે આ સર્વ જગતને વ્યાપી લીધું છે. ૩૮]

તમે શિવ (પુરુષ) અને શક્તિ (પ્રકૃતિ)થી પણ આગળના હોઇને, માયાની મર્યાદા પણ તમેજ છો, અને તમે પુરાતન છો અને તમારા પૂર્વનો હોય એવો બીજો કોઈ પણ નથી.[14] તમો સર્વવિશ્વના ચાલક અને સર્વ જીવોના અધિષ્ઠાન છો અને ભૂત તથા ભવિષ્યના જ્ઞાતા તમે જ છો.[15] શ્રુતિનાં નેત્રોને જે સ્વરૂપથી સુખ થાય છે, તે સ્વરૂપ તમો ભેદરહિતનું જ છે; અને જે માયાવડે આ સકલ જગત્ વ્યાપ્ત છે, તે માયાને પણ તમારો જ આશ્રય છે.[16] એટલા માટે તમો સર્વ સૃષ્ટિના આશ્રયસ્થાન છો અને પરમ શ્રેષ્ઠ છો અને બ્રહ્માંડના અંતના સમયમાં માયા પણ તમારા-

માં જ લય પામે છે.[૧૭] કિંબહુના, હે દેવ! આ સર્વ જગતનો તમે જ વિસ્તાર કરેલો છે; તો હે દેવ! અનંતરૂપ એવા તમારું વર્ણન કરવા કોણ સમર્થ છે?[૧૮]

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥
नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनंतवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥

[વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્ર, કશ્યપાદિ પ્રજાપતિ અને બ્રહ્મદેવના પિતા પણ તમે જ છો. સહસ્રવાર તમને નમસ્કાર હો; અને પુનઃ પુનઃ તમને નમસ્કાર હો. હે સર્વરૂપ પરમેશ્વર! તમને સ્હામેથી, પાછળથી અને બધી બાજૂએથી નમસ્કાર હો. જેના બળ અને પરાક્રમનો પાર નથી એવા તમે છો. જ્યારે તમે સર્વ જગતને વ્યાપી લીધું છે, તો પછી તમે સર્વ સ્વરૂપ જ છો. ૩૯-૪૦]

તમે જેમાં નથી એવી, આ જગતમાં કંઈ વસ્તુ છે? ના. અને જ્યાં તમે નથી એવું કયું સ્થાન છે? કોઈ નહિ. જ્યાં જ્યાં તમે હો ત્યાં ત્યાં તમને મારા નમસ્કાર હો![૧૯] હે શ્રી અનંત! તમે વાયુ છો; શાસન કર્તા જે યમ તે પણ તમે જ છો; પ્રાણીમાત્રમાં વસેલો જે જઠરાગ્નિ તે પણ તમે જ છો;[૫૨૦] તમે વરુણ, ચન્દ્ર અને સૃષ્ટિને નિર્માણ કરનારા બ્રહ્મદેવ છો; અને બ્રહ્મદેવને પણ જે ઉત્પન્ન કરનાર છે, તે પણ તમે જ છો.[૨૧] હે શ્રી જગન્નાથ! એ વિના આપની જે બીજી વિભૂતિઓ છે, તેમને આકાર હોય કિંવા ન હોય, તોપણ તેમને હું નમસ્કાર કરું છું![૨૨] એ પ્રમાણે અર્જુને સપ્રેમ હૃદયથી નમસ્કાર કર્યા; અને પુનઃ હે પ્રભો! તમને નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું! એમ તે કહેવા લાગ્યો.[૨૩] ત્યારપછી શ્રીકૃષ્ણની મૂર્તિને સારી રીતે ધારી ધારીને જોવા લાગ્યો. પછી, પુનઃ હે પ્રભો! તમને નમસ્કાર કરું છું! નમસ્કાર કરું છું! એમ તે બોલવા લાગ્યો.[૨૪] આની અંદર એક એક અવયવને જોઈ મારા મનમાં સમાધાન થાય છે અને એટલા જ માટે, પુનઃ હે પ્રભો! હું તમને નમસ્કાર કરું છું! નમસ્કાર કરું છું! એવો તેણે શબ્દોચ્ચાર કર્યો.[૨૫] સ્થાવર જંગમ પદાર્થ અને પ્રાણીઓને તે સ્વરૂપમાં જોઇને હે પ્રભો! તમને નમસ્કાર કરું છું! નમસ્કાર કરું છું! એમ જ તે કહેવા લાગ્યો.[૨૬] એ પ્રમાણે શ્રીઅનંતમાં આશ્ચર્યથી અદ્ભુત રૂપોને જોઇને નમસ્કાર કરું છું! નમસ્કાર કરું છું! એવો જ તે ઘોષ કરવા લાગ્યો.[૨૭] એના કરતાં વિશેષ સ્તુતિ કેવી રીતે કરવી, એનો ઉપાય પણ તેને સૂઝયો નહિ અને તેનાથી સ્વસ્થ થઇને બેસાયું પણ નહિ. એવી અર્જુનની સ્થિતિ થતાં તે પ્રેમભાવથી વધારે અને વધારે જ સ્તુતિ કરવા લાગ્યો કે જેનું વર્ણન થવું અશક્ય છે.[૨૮] એ પ્રમાણે તેણે હજારવાર નમસ્કાર કર્યા અને તે પુનઃ શ્રી હરિને કહેવા લાગ્યો કે;–તમે મારા સમક્ષ જે દેખાઓ છો, તે તમોને હું નમસ્કાર કરું છું![૨૯] દેવને ઉદર અને પીઠ છે કે નહિ, એની તપાસ કરવાથી અમને શો લાભ થવાનો હતો? તથાપિ હે સ્વામિન્! મારી પીઠ પાછળ જે તમો છો, તે તમને નમસ્કાર કરું છું.[૫૩૦] તમે મારી પીઠ પાછળ ઉભા છો, એટલા માટે જ તમને પૃષ્ઠરક્ષક કહી શકાય છે; પરંતુ ખરી રીતે તમે જગતની પીઠ પાછળ છો કે આગળ છો, એવું કાંઈ પણ કહી શકાતું જ નથી.[૩૧] તમારા જૂદા જૂદા અવયવોની ગણના કરી શકાતી જ નથી; એટલા માટે સર્વસ્વરૂપી જે તમે તે તમારાં સર્વ અંગોને નમસ્કાર કરું છું![૩૨] હે દેવ! તમે જે અનંત બળના ભંડાર છો, તમે અગણિત પરાક્રમી અને સર્વ રૂપોને સર્વ કાળમાં સમ છો, તે તમને નમસ્કાર કરું છું![૩૩] જેવી

રીતે સમસ્ત આકાશમાં આકાશમય આકાશ જ હોય છે, તેવી જ રીતે સર્વત્ર તમારી વ્યાપ્તિ હોવાથી તમે સર્વમાં (વ્યાપક) છો;[૩૪] કિંબહુના, સર્વત્ર કેવળ તમે જ ભરેલા છો! પણ જેવી રીતે ક્ષીર સમુદ્રમાં લહરીઓ પણ ક્ષીર (દૂધ)ની જ આવે (તે જ પ્રમાણે) તમે છો![૩૫] એટલા માટે, હે દેવ! તમો સર્વ પદાર્થોથી ભિન્ન નથી, પણ તમે જ સર્વત્ર ભરેલા છો, એ મારા અનુભવવામાં આવ્યું છે.[૩૬]

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

[હે પ્રભો! તમારા આ મહિમાને ન જાણતાં હું તમને મિત્ર સમજીને, હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! આદિ અમર્યાદાથી અથવા પ્રીતિથી જે ઉદ્દામ ભાષણ બોલ્યો છું; ૪૧]

પરંતુ હે પ્રભો! તમારી આવી યોગ્યતા છે, એમ હું જરાપણ જાણી શકયો નહતો અને તેથી જ સગપણના સંબંધથી હું તમારી જોડે અમર્યાદાથી–તોછડાઇથી બોલ્યા કરતો હતો.[૩૭] અરેરે–મારા હાથે આ એક ઘણી જ અયોગ્ય વાર્ત્તા બની છે કે, મેં અમૃતનો લીંપવા ગૂંપવામાં ઉપયોગ કર્યો અને કામધેનુને આપીને તેના બદલામાં વાછડો લીધો![૩૮] પારસમણીનો પર્વત મળેલો હોવા છતાં તેને ફોડીને અમે તેનો ઘરના પાયામાં ભરાવ નાંખ્યો, તેમ જ કલ્પતરુને તોડીને તેની ખેતરને ફરતી વાડ કરી;[૩૯] ચિન્તામણિની ખાણ હસ્તગત થવા છતાં તે પાષાણ ગોફણમાં ઉડાવી, ધણી વગરનાં ભટકતાં ઢોરોને તેવડે હાંકી કાઢયાં; તેમ જ તમારી સાથેના અતિ સ્નેહનો ઉપયોગ ન કરતાં તમને દૂર ખસેડી દીધા.[૫૪૦] આ આજનું જ ઉદાહરણ સ્પષ્ટતાથી જુઓ કે, આ યુદ્ધ એટલું બધું તે શું મોટું અને શી કીંમતનું, છતાં પણ તમો પરબ્રહ્મને મેં મારા સારથી બનાવ્યા છે.[૪૧] હે કૃપાસાગર! તમોને અમોએ દુષ્ટ કૌરવોની સભામાં વિષ્ટિ કરવાને મોકલ્યા હતા. એવી રીતે હે જગદીશ્વર! અમે અમારા કાર્યમાં તમારો ઉપયોગ કરી લીધો છે.[૪૨] તમો યોગીઓના સમાધિસુખ હોવા છતાં, હું મૂર્ખ તમોને જાણી શકયો નહિ અને તેથી મેં તમારી સાથે વિનોદાત્મક સંભાષણો કર્યાં.[૪૩]

यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

[વળી, હે અચ્યુત! રમતાં, સૂતાં, બેસતાં અને જમતાં તમારે મોઢે અથવા તો તમારી પીઠ પાછળ વિનોદથી મેં જે તમારું અપમાન કર્યું છે, તેને માટે તમો અનંતની 'ક્ષમા કરો' એ પ્રમાણે હું પ્રાર્થના કરું છું. ૪૨]

તમે વિશ્વના આદિપુરુષ છો; તમારા પૂર્વનો બીજો કોઈપણ નથી, તેવા જે તમે તે સભામાં વિરાજતા હતા, ત્યાં તમે અમારા સંબંધી છો એવા સંબંધથી હું તમારી સાથે વિનોદથી બોલતો હતો.[૪૪] કદાચિત્ તમારે ઘેર આવતો, તો ત્યાં પણ તમારી બરાબરીનું માન મેળવતો હતો અને તે તમે ન આપો તો સ્નેહીના સંબંધથી હું રીસાઇને ઘેર પાછો જતો હતો.[૪૫] હે શાર્ઙ્ગપાણિ! તમે મારા પગો પકડીને મને સમજાવતા; અને એવી રીતે ગમે તેમ–ગમે તે પ્રકારે પણ હું તમારું અપમાન કરતો હતો.[૪૬] શાણપણાના ઘમંડથી અમે તમારા સમક્ષ પીઠ બતાવીને પણ બેઠેલા છીએ; તો હે કૃષ્ણ! અમારી એવી યોગ્યતા છે ખરી કે (તમારી સાથે આવી અમર્યાદાથી વર્ત્તીએ)? નહિજ. અમારી એ એક મોટામાં મોટી ભૂલ જ થયેલી છે.[૪૭] હે દેવ! તમારી સાથે પટાબાજી વગેરે રમતો તો હું રમ્યો છું; અખાડામાં કૂસ્તી પણ કરી છે; અને ચોપટ રમતાં તમારો

તિરસ્કાર કરીને તમારી જોડે ખૂબ તકરાર કરી છે;[૪૮] જે ઉત્તમ વસ્તુ હોય, તે સર્વથી પ્રથમ અમને આપો, એમ કહીને હું માગી લેતો હતો અને તમો સર્વજ્ઞને હું અનેકવાર યુક્તિની ખોટી ખોટી વાતો સંભળાવતો હતો; તે જ પ્રમાણે, તમારા અમે શું સગા સંબંધી છીએ, એમ પણ તમને પૂછ્યું હશે.[૪૯] એ પ્રમાણે ત્રિભુવનમાં પણ જેમનો સમાવેશ થવો અશક્ય છે, એવા મહા અપરાધો અમારે હાથે થયેલા છે; પરંતુ તમારા પગપર હાથ મૂકી કહું છું કે, એવું વર્તન તમારી જોડે, અમે તમને ન ઓળખી શકવાથી જ કર્યું છે![૫૦] હે દેવ! ભોજનસમયે જ્યારે તમે પ્રેમભાવથી ખરેખર મારું સ્મરણ કરતા હતા, ત્યારે હું વ્યર્થ ગર્વ કરીને રીસાઈ બેસતો;[૫૧] તમારા અંતઃપુરમાં રમત કરતાં પણ મારા મનમાં કોઈ પ્રકારની શંકા આવતી નહિ અને શય્યામાં હું પાસે જ આવીને સૂઈ જતો હતો.[૫૨] હું તમને 'ઓ કૃષ્ણ' કહીને બોલાવતો અને તમને પણ બીજા યાદવો પ્રમાણે જ માનતો હતો અને જ્યારે તમે જવાને તૈયાર થતા, ત્યારે હું મારા શપથ ખાઈ, તમને જતા અટકાવતો હતો.[૫૩] તમારી જોડે એક આસને બેસવું અને તમારા શબ્દનો અનાદર કરવો, એ અપરાધ તો અતિ પરિચયને લીધે મારાથી અનેકવાર બની ગયા છે.[૫૪] હે અનંત! એવી અમર્યાદાઓની હું આપને બીજી કેટલી વાતો કહું? અર્થાત્ હું સર્વ અપરાધોનો રાશિ જ છું.[૫૫] એથી હે પ્રભો! આગળ અથવા તો પીઠ પાછળ જેટલા મારાથી આપના અપરાધો થયા છે, થાય છે ને હવે પછી થવાના હોય, તે સર્વ અપરાધોને, માતા જેમ પુત્રના અપરાધ પેટમાં સમજી બેસી રહે છે, તેમ તમે પેટમાં રાખજો, (પણ તે માટે મારા ઉપર ક્રોધ ન કરતા).[૫૬] કોઈ એક વેળાએ નદીનું પાણી ગંદુ થઇને પણ સમુદ્રને મળવાને જાય છે, તોપણ સમુદ્રને તેનો અંગીકાર કર્યા વિના બીજો ઉપાય જ હોતો નથી;[૫૭] તે જ પ્રમાણે, પ્રીતિથી કહો અથવા પ્રમાદથી કહો, પણ હે દેવ! તમારા વિરુદ્ધ મેં જે જે ભાષણો ઉચ્ચર્યાં છે, તે તે, હે મુકુંદ! પેટમાં શમાવી દ્યો![૫૮] હે દેવ! તમારી સહન કરવાની શક્તિથી આ પૃથ્વી, પ્રાણી માત્રના ભારને સહન કરવા સમર્થ થયેલી છે; એટલા માટે, હે પુરુષોત્તમ! જેટલી તમારી પ્રાર્થના કરીએ તેટલી થોડી જ છે.[૫૯] તો હવે હે અતર્ક્ય કૃષ્ણ! તમારો જ કહેવાયલો હું, તમારે શરણે આવ્યો છું, માટે મારા સર્વ અપરાધોની ક્ષમા કરો.[૬૦]

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥

[જેના સામર્થ્યની ઉપમા નથી એવા તમે, આ ચરાચર જગતના ઉત્પાદક, અતિશ્રેષ્ઠ અને પૂજ્ય ગુરુ છો. તમારા જેવો આ ત્રૈલોકયમાં બીજો કોઈ પણ નથી; તો પછી તમારા કરતાં અધિક તો કયાંથી જ હોઈ શકે? ૪૩]

હે શ્રીકૃષ્ણ! તમારા મહિમાથી હવે હું સારી રીતે જાણીતો થયો છું. હે દેવ! તમે આ ચરાચરનું ઉત્પત્તિસ્થાન છો;[૬૧] તમે વિષ્ણુ અને શંકર આદિ દેવોના પરમ દૈવત છો; અને જેને વેદ ભણાવવામાં આવ્યા છે, તે બ્રહ્મદેવના પણ મૂળ ગુરુ તમે જ છો.[૬૨] હે શ્રીરામ! તમે ગંભીર હોઇને સર્વ ભૂતોમાં તમારી સમદૃષ્ટિ છે; તમો સર્વ ગુણોમાં અપ્રતિમ હોઇને અદ્વિતીય છો.[૬૩] તમારી બરાબરીનો બીજો કોઈ પણ નથી, એટલે તે બરોબરીનું પ્રતિપાદન કેવી રીતે કરી શકાય! કારણ કે, તમે જે આકાશને ઉત્પન્ન કરેલું છે, તેમાં સમસ્ત જગતનો સમાવેશ થઈ જાય છે,[૬૪] એટલે તમારી બરાબરીનો બીજો કોઈ છે, એમ બોલવું જ લજ્જાસ્પદ થઈ પડે છે. પછી તમારા કરતાં બીજો કોઈ અધિક છે, એમ તો બોલી જ કયાંથી શકાય વારુ?[૬૫] અર્થાત્ સમસ્ત

ત્રિભુવનમાં તમે એક જ છો. તમારી બરાબરીનો અથવા તમારાથી અધિક બીજો કોઈ પણ નથી. તમારો મહિમા અગાધ હોવાથી તેનું વર્ણન કરવા અમે અસમર્થ છીએ.[६६]

तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम् ।

पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥

[એટલા માટે હે દેવ! હું સાષ્ટાંગ નમસ્કાર કરીને, તમો સ્તુત્ય અને સમર્થને, પ્રસન્ન થવા માટે પ્રાર્થના કરું છું. જેવી રીતે પિતા પુત્રના અપરાધને, મિત્ર મિત્રના અપરાધને અને પુરુષ પોતાની પ્રિયાના અપરાધને સહન કરી જાય છે, તેવી જ રીતે તમે મારા અપરાધને સહન કરવા યોગ્ય છો. ૪૪]

એ પ્રમાણે બોલીને અર્જુને ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. એ વેળાએ તેનામાં અષ્ટ સાત્વિક ભાવો ઉત્પન્ન થયા.[६७] ત્યાર પછી તે ગદ્ગદિત થઇને કહેવા લાગ્યો કેઃ-"કૃપા કરો, કૃપા કરો! મને અપરાધરૂપ સમુદ્રમાંથી બહાર ખેંચી કાઢો.[६८] તમે અમારા સંબંધી છો, એમ માનતો હોવાથી તમો વિશ્વના સુહૃદરૂપ તમને મેં કદાપિ માન આપ્યું નથી; અને તમે સર્વ વિશ્વના ઈશ્વર છો, એમ જો કોઈ કહેતું તો સ્હામા અમે આશ્ચર્ય બતાવતા હતા![६९] અમારે જ તમારા વર્ણન કરવાનું યોગ્ય હોવા છતાં ગુણૈશ્વર્યનું સભામાં તમે જેમ જેમ પ્રેમથી મારા ગુણનું વર્ણન કરતા જતા'તા, તેમ તેમ કોપાયમાન થઇને હું અધિક અને અધિક બડબડ કર્યા કરતો હતો.[५७०] હે મુકુન્દ! મારે હાથે જે એવા એક એક અપરાધ થયા છે, તે અમર્યાદ છે અને તેથી એ અપરાધોથી મારું રક્ષણ કરો.[७१] અરે! આવા પ્રકારે તમારી પ્રાર્થના કરવા માટેની યોગ્યતા પણ મારા અંગમાં નથી; પણ ન્હાનું બાળક જેમ પિતા સાથે લાડકાપણાથી બોલે છે,[७२] તે પ્રમાણે જ હું બોલું છું. હે પ્રભો! પુત્રના હાથે જો કે અનેક અપરાધ થયેલા હોય, તોપણ પિતા દ્વૈતભાવને ત્યાગીને જેમ તે અપરાધોને સહન કરી જાય છે, તે પ્રમાણે મારા સર્વ અપરાધોને તમે સહન કરી જાઓ.[७३] હે દેવ! મિત્રની ઉચ્છૃંખલતાને જેવી રીતે મિત્ર શાંતિથી સહન કરી જાય છે, તેવી રીતે મારા સર્વ અપરાધોને આપ સહન કરો.[७४] જેવી રીતે પોતાના મનને ગમતા મિત્રના હાથે પોતાનું સન્માન થવાની કોઈ પણ આશા રાખતો નથી; તે પ્રમાણે, (રાજસૂય યજ્ઞમાં) તમે એઠવાડો વાળ્યો હતો, તે માટે ક્ષમા કરશો![७५] અથવા પોતાનો પ્રિયતમ સ્નેહી મળતાં આપણે જેટલાં સંકટો અનુભવ્યાં હોય, તે બધાં તેને જણાવી દેવામાં જેમ જરા પણ સંકોચ ભાસતો નથી,[७६] અથવા તો જેણે પોતાનાં તન, મન અને આત્મા પણ પતિને મનોભાવથી અર્પણ કરેલો છે, એવી પતિવ્રતા પ્રમદાને પતિનો ભેટો થતાં, તે જેમ તેને પોતાના મનની વાત કહ્યા વિના રહી શકતી નથી,[७७] તે જ પ્રમાણે, હે પ્રભો! મારા અપરાધોની ક્ષમા આપવા માટેની મેં આપને પ્રાર્થના કરી છે; પરંતુ એક બીજો પ્રશ્ન આપને પૂછવાનો મારો મનોભાવ થયો છે.[७८]

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे ।

तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

[હે દેવાધિદેવ! હે જગન્નિવાસ! પૂર્વે કદાપિ ન જોયેલા આ વિશ્વરૂપને જોઇને મને હર્ષ થયો; અને ભયથી મારું મન અતિ વ્યાકુળ થયું. એટલા માટે હે દેવ! પ્રસન્ન થાઓ અને તમારું તે (પ્રથમનું) સ્વરૂપ મને દેખાડો. ૪૫]

હે શ્રીકૃષ્ણ! તમારી જોડે સખ્ય કરીને, વિશ્વરૂપ બતાવવાની મેં જે હઠ પકડી હતી, તે મારી હઠ અત્યંત દયાળુતાથી આપે પૂરી કરી.[७९] આંગણામાં કલ્પતરુ વાવવાની અને કામધેનુનાં

વત્સને રમાડવા દેવાની મારી આંકાક્ષા આપે તૃપ્ત કરી![૮૦] મને પાસાને બદલે નક્ષત્રો અને દડાને બદલે રમવા માટે ચંદ્ર આપવાની આકાંક્ષા તમોએ, માતા જેમ પૂર્ણ કરે, તે પ્રમાણે તમે પૂર્ણ કરી છે.[૮૧] જે અમૃતને થોડા પ્રમાણમાં મેળવતાં પણ મહાપરિશ્રમ પડે છે, તેની આપે ચાર માસ સુધી વૃષ્ટિ વર્ષાવી; અને ભૂમિને ઉત્તમવાથી તૈયાર કરીને તેના પ્રત્યેક ભાગમાં ચિન્તામણિની વાવણી કરી દીધી.[૮૨] એવી રીતે, હે પ્રભો ! સર્વ વસ્તુઓ મને આપીને આપે મારા લાડકોડ પૂરાં કરવાથી હું કૃતકૃત્ય થયો છું અને આપે મને જે વિશ્વરૂપ પ્રત્યક્ષ બતાવ્યું છે, તે વિશ્વરૂપની વાર્ત્તા, શંકર અને બ્રહ્મદેવ કાને સાંભળવાને પણ ભાગ્યશાળી થયા નથી,[૮૩] તો પછી તે રૂપ તેમની દૃષ્ટિએ તો કયાંથી જ પડી શકે ? જુઓ, ઉપનિષદોને પણ જેનો મેળાપ થયો નથી, તે આપના અંતરંગ–બીજાને ન જોવા યોગ્યરૂપને આપે મારા સમક્ષ ખુલ્લું કરીને બતાવ્યું છે.[૮૪] કલ્પના આરંભકાળથી તે આજની ઘડી સુધી મારા જેટલા જન્મો થઈ ગયા છે, [૮૫] તે સર્વ જન્મોમાંના પ્રત્યેક જન્મની સ્થિતિનો હું વિચાર કરી જોઉં છું, પરંતુ આ સ્વરૂપની વાર્ત્તા મેં કદાપિ સાંભળી હોય અથવા તો આ રૂપનું દર્શન કર્યું હોય, એમ મારા સ્મરણમાં આવતું નથી ![૮૬] એ વિશ્વરૂપના આંગણામાં પણ બુદ્ધિની કલ્પના ગયેલી નથી, તો પછી અંતઃકરણમાં એનું સ્મરણ કયાંથી જ હોઈ શકે ?[૮૭] આવી સ્થિતિમાં એ વિશ્વરૂપને, નેત્રોથી સાક્ષાત્ જોવાનો પ્રસંગ મળે, એ તો ન ભૂતો ન ભવિષ્યતિ જ કહેવાય; અર્થાત્ એવું રૂપ આપનું છે, એવું પૂર્વે કદાપિ સાંભળ્યું પણ નથી અને જોવામાં પણ આવ્યું નથી.[૮૮] હે દેવ ! તે આ તમારું વિશ્વરૂપ તમે મને દેખાડવાથી મારું મન આનંદિત થયું છે. [૮૯] પરન્તુ અત્યારે હવે મારા મનમાં એક એવી ઇચ્છા ઉત્પન્ન થઈ છે કે, તમારી સાથે વાર્ત્તાલાપ કરીને તમારા સ્નેહનો ઉપભોગ લેવો અને તમને આલિંગન આપવું ! [૫૯૦] ત્યારે એ કૃતિ આવી સ્થિતિમાં જ કરવાની ધારણા રાખું, તો આપના અનેક મુખમાંના કયા મુખની સાથે વાતચીત કરું ? અને આલિંગન પણ કોને આપું ? કારણ કે, તમારાં રૂપોનો તો પાર જ નથી.[૯૧] અર્થાત્ વાયુ સાથે દોડવાની, ગગનને આલિંગન આપવાની અને સમુદ્રમાં જલક્રીડા કરવાની ક્રિયા થવી અશકય જ છે.[૯૨] એટલા માટે, હે દેવ ! આ વિશ્વરૂપની મને ભીતિ લાગે છે, તેથી એને આટોપી લ્યો અને એટલી મારી ઇચ્છા પૂરી કરો.[૯૩] કૌતુકથી આ ચરાચરનું અવલોકન કરવા છતાં જેમ ઘરમાં રહેવાની જ ઇચ્છા થયા કરે છે, તે પ્રમાણે તમારું ચતુર્ભુજ સ્વરૂપ જ અમારી વિશ્રાંતિનું સ્થાન છે.[૯૪] મેં સર્વ યોગોનો અભ્યાસ કર્યો છે, તો પણ તે યોગ-વડે જે દર્શનીયરૂપ તે એ જ છે અને શાસ્ત્રોનો વિચાર કરતાં પણ એ જ સ્વરૂપનો સિદ્ધાંત નિર્વિવાદ સિદ્ધ થાય છે ![૯૫] અમે સર્વ યજ્ઞ કર્યા, તો પણ તેની ફલપ્રાપ્તિરૂપ એ જ સ્વરૂપનું દર્શન પ્રાપ્ત કરવામાં છે અને એજ રૂપની પ્રાપ્તિ માટે જ સર્વ તીર્થ યાત્રાઓ કરવી પડે છે ![૯૬] બીજાં પણ જે પુણ્ય અથવા દાન અમે કરીએ છીએ, તેની ફળપ્રાપ્તિ કેવળ તમારા ચતુર્ભુજ રૂપની પ્રાપ્તિમાં જ સમાયલી છે.[૯૭] એ પ્રમાણે તે ચતુર્ભુજ રૂપના દર્શનનો જીવમાં સ્નેહ ઉત્પન્ન થવાથી, તેને જોવા માટે હું અત્યંત ઉત્કંઠિત થઈ રહ્યો છું, તો કૃપા કરીને મારી એ ઉત્કંઠાને તૃપ્ત કરો.[૯૮] અહો ! બીજાના મનોગત ભાવને જાણનાર જગન્નિવાસ, પરમપૂજ્ય દેવાધિદેવ, પ્રસન્ન થાઓ ! પ્રસન્ન થાઓ.[૯૯]

किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

[હે સહસ્રબાહો ! હે વિશ્વમૂર્ત્તિ ! તમને મુકુટધારક, તેમ જ હસ્તમાં ગદા અને ચક્ર ધારણ કરેલા જોવા, એવી મારી ઇચ્છા છે. એટલા માટે, તમે તે જ ચતુર્ભુજરૂપયુક્ત થાઓ. ૪૬]

હે દેવ! તમારી અંગકાંતિનું વર્ણન ક્યાં સુધી કરું? જેના યોગે નીલ કમલ અને નીલ નભોમંડળને પણ નીલતા પ્રાપ્ત થાય છે અને ઇંદ્રિનીલમણિના તેજની ઝાંખી પ્રસરે છે;[૬૦૦] જેવી રીતે મરકતમણિમાં સૌગંધ્ય ઉદ્દભવે અથવા આનંદને હાથ આવે, તે જ પ્રમાણે પ્રભુના ગોઠણથી કામદેવને શોભા મળે છે;[૧] મસ્તકે ધારણ કરેલા મુકુટને મસ્તકના સાન્દર્યથી વિશેષ શોભા પ્રાપ્ત થાય છે; અને અંગની કાંતિથી, પહેરેલા શૃંગારમાં શોભાની વૃદ્ધિ થાય છે;[૨] શ્રી હરિએ ગળામાં ધારણ કરેલી વૈજયન્તી માળા ઇન્દ્રધનુષ્ય આકાશસ્થ મધ્ય ભાગમાંના મેઘ હોય તેવી શોભે છે;[૩] રાક્ષસોને પણ મોક્ષપદ દેનારી પ્રભુના હાથમાંની ગદા અને હાથમાંનું ચક્ર, કેટલાં બધાં સૌમ્ય દેખાય છે![૪] એટલા માટે, હે પ્રભો! એવી તમારી સર્વ શોભાને જોવા માટે હું ઉત્સુક થયેલો છું; તો હવે તમે તે રૂપ ધારણ કરો.[૫] વિશ્વરૂપદર્શનના ઉપભોગને ભોગવીને મારાં નેત્રો તૃપ્ત થયાં છે અને હવે તેમને કૃષ્ણની (ચતુર્ભુજ) મૂર્ત્તિને જોવાની, જેમ ભુખાલવા મનુષ્યને ક્ષુધા ઉત્પન્ન થાય, તેમ આતુરતા થઇ છે.[૬] હવે તમારા સુમધુર કૃષ્ણરૂપને જોવાની ઇચ્છા વિના મારી બીજી કોઇ પણ ઇચ્છા નથી. જો તે રૂપ મારા જોવામાં ન આવે, તો વિશ્વરૂપની કીંમત હું ઘણી જ ઓછી માનું છું.[૭] અમને તમારી મૂર્ત્તિ વિના ભુક્તિ અને મુક્તિ આપનાર અન્ય કશું પણ નથી. માટે હવે આ વિશ્વરૂપનો સંકોચ કરીને માધુર્યપૂર્ણ ચતુર્ભુજ સ્વરૂપને ધારણ કરો.[૮]

श्रीभगवानुवाच—मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनंतमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે અર્જુન! જે વિશ્વરૂપને તારા વિના પૂર્વે બીજા કોઇએ જોયું નથી, તે આ મારું સર્વવ્યાપક, અપાર, સર્વના મૂળરૂપ અને ઉત્કૃષ્ટરૂપ મેં પ્રસન્ન થઇને પોતાના યોગ-સામર્થ્યથી તને બતાવ્યું છે. ૪૭]

એ પ્રમાણેનું અર્જુનનું બોલવું સાંભળીને શ્રીકૃષ્ણને મહા આશ્ચર્ય લાગ્યું અને તેઓ કહેવા લાગ્યા કે:-તારા જેવો અવિચારી મનુષ્ય મેં બીજો કોઇ પણ જોયો નથી.[૯] અરે, તને જે આ અદ્વિતીય લાભ થયો છે, તેથી સંતોષ ન માનતાં, ભયથી હઠવાદી-મૂઢ મનુષ્ય પ્રમાણે કેમ બોલે છે વારુ?[૬૧૦] હું કોઇના પર પણ પ્રસન્ન થાઉં છું, તો બહારથી જ પ્રસન્ન થાઉં છું; અર્થાત્ મનઃપૂર્વક કોઇ પર પણ હું પ્રસન્ન થતો નથી.[૧૧] તે મારી મનઃપૂર્વક પ્રસન્નતા કેવળ તારા માટે જ હોવાથી જીવોના સમુદાયને એકત્ર કરીને મેં આટલું મોટું ધ્યાન તૈયાર કર્યું.[૧૨] મારું મન, તારી પ્રેમભક્તિથી આટલું બધું ઉન્મત્ત કેમ બની ગયું, એ હું પોતે પણ જાણી શકતો નથી અને તેથી જ મેં મારા પરમ ગુહ્ય રૂપની જગતમાં ધ્વજા ચઢાવી દીધી![૧૩] આજ મારું અખંડ અને અનાદિ સ્વરૂપ છે! એમાંથી જ રામ કૃષ્ણ આદિ અવતારો ઉત્પન્ન થાય છે.[૧૪] આ સ્વરૂપ કેવળ જ્ઞાન-તેજથી ભરેલું, વિશ્વવ્યાપક, અનન્ત અને દૃઢ છે તથા તે સાથે સર્વથી પૂર્વનું-પુરાતન-આરંભ-કાલીન છે.[૧૫] હે અર્જુન! તારા વિના બીજા કોઇએ આ રૂપવિશે પૂર્વે કાંઇ સાંભળ્યું પણ નથી અને એ રૂપને જોયું પણ નથી. કારણ કે, એ રૂપ સાધનવડે પ્રાપ્ત થનારું નથી![૧૬]

न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

[હે કુરુશ્રેષ્ઠ! આ મૃત્યુલોકમાં તારા વિના બીજા કોઇને પણ આવા પ્રકારનું મારું વિશ્વ-રૂપ, વેદાધ્યયન, યજ્ઞાચરણ અને દાન તથા કર્માચરણવડે, તેમ જ ઉગ્ર તપાચરણથી પણ દૃષ્ટિગોચર થવું અશક્ય છે. ૪૮]

આ સ્વરૂપના સ્થાનપર્યન્ત આવતાં આવતાંજ વેદોએ મૌન ધારણ કર્યું છે; યજ્ઞો સ્વર્ગપર્યન્ત જઇને પાછા ફર્યા છે;[17] સાધકોએ, યોગાભ્યાસમાં વિશેષ પરિશ્રમ થતો જોઇને યોગાભ્યાસનો ત્યાગ કર્યો છે; અને અધ્યયન કરનારને પણ આ સ્વરૂપપર્યન્ત પહોંચવાની સુલભતા મળી શકી નથી.[18] પૂર્ણત્વને પ્રાપ્ત થયેલાં નિત્યનૈમિત્તિક કર્મોએ પોતાની મહત્તાના ભ્રમથી દોટ મૂકી; પરંતુ તેઓ પણ મહા પરિશ્રમથી સત્યલોકપર્યન્ત પહોંચી શક્યાં છે;[19] તપસ્વીઓએ આના ઐશ્વર્યને જોઇને ઉભે ઉભેજ પોતાની ઉગ્રતાનો ત્યાગ કરી દીધો છે અને તપસાધન કરનારા પણ એ જ પ્રમાણે એના દર્શનથી દૂરના દૂર જ રહ્યા છે.[120] તે આ વિશ્વરૂપ જેમ સહજ તારા જોવામાં આવી શક્યું છે, તેમ સહજમાં આ મનુષ્યલોકમાં બીજા કોઇના પણ જોવામાં આવ્યું નથી.[21] આજે આ જગતમાં ધ્યાનસંપત્તિને યોગ્ય (પાત્ર) એકલો તુંજ છે. બ્રહ્મદેવના ભાગ્યમાં પણ આ વિશ્વરૂપના દર્શનનો લાભ લખાયલો નથી.[22]

मा ते व्यथा मा च विमूढभावो दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

[હે અર્જુન! આ મારા આવા ઘોર સ્વરૂપને જોઇને તું બ્હીશ નહિ અને ગોટાળામાં પણ ન પડતો; ભયને ત્યાગીને સંતુષ્ટ મનથી મારા આ જ રૂપને પુનઃ પુનઃ નિરખી નિરખીને જો! ૪૯]

અર્થાત્ વિશ્વરૂપ દર્શનના લાભથી આજે તું ધન્ય થયો છે. ભાઇરે! આ રૂપનો ભય ધરીશ નહિ અને આના કરતાં બીજું કાંઈ પણ વધારે ઉત્તમ છે, એવી કલ્પના માત્ર પણ મનમાં આણીશ નહિ.[23] અમૃતથી ભરેલો સમુદ્ર, જો અચાનક પ્રાપ્ત થાય, તો આપણે તેમાં ડૂબી મરીશું, એવા ભયથી કોઇ પણ તેનો ત્યાગ કરે ખરો![24] અથવા સુવર્ણનો પર્વત દૃષ્ટિગોચર થતાં આ આટલા મોટા પર્વતને કેમ કરીને લઈ જઈ શકાશે, એમ કહીને કોઈ તેને છોડી જાય છે ખરું?[25] દૈવયોગે ચિન્તામણિ પ્રાપ્ત થયો, તો તેને અંગપર ધારણ કરવાનું માંડી વાળીને, ભાર થવાના ભયથી કોઇ તેનો તિરસ્કાર કરે, એ સંભવિત છે? તેમ જ, કામધેનુની પ્રાપ્તિ થતાં આપણે તેનું પોષણ કરી શકવાના નથી, એમ ધારીને તેનો કોઇ અસ્વીકાર કરશે ખરો?[26] ઠંડક આપનારો ચંદ્ર જો આપણા ગૃહમાં આવે, તો તેના યોગે તાપ લાગે છે, એમ કહીને તેને 'તું બહાર ચાલ્યો જા' એમ કોઇ કહેશે ખરો? તું છાયા પ્રસારે છે, માટે દૂર ચાલ્યો જા, એમ સૂર્યને કોઇથી કહી શકાશે? નહિ જ.[27] તેજ પ્રમાણે, આ વિશ્વરૂપનું ઐશ્વર્ય આજે સહજ તારા હાથમાં આવેલું હોવા છતાં તું આમ ગભરાટમાં કેમ પડી જાય છે?[28] પણ અર્જુન! તું સર્વથા મૂઢ હોવાથી તારાથી કાંઇપણ સમજી શકાતું નથી, એટલે તને વધારે શું કહું? અરે! તું અંગને ત્યાગીને પ્રતિચ્છાયા (પડછાયા)નેજ આલિંગન આપે છે કે?[29] તું પોતાના મનને અધીર બનાવીને સાકાર ચતુર્ભુજ સ્વરૂપમાં સ્નેહ રાખે છે, પણ તે મારું ખરું સ્વરૂપ નથી![130] એટલા માટે, હે પાર્થ! હજી પણ ચતુર્ભુજ સ્વરૂપમાંની આસ્થાને છોડી દે અને મારા વિશ્વરૂપમાં અનાસ્થા ન રાખ.[31] આ વિશ્વરૂપ જો કે ભયંકર અને વિશાળ છે, તોપણ તેજ મારું નિત્ય સ્વરૂપ છે, એમ તું તારો પૂર્ણ નિશ્ચય રાખ.[32] જેવી રીતે કૃપણ પોતાનું મન દ્રવ્યના ભંડારમાંજ રાખીને કેવળ શરીરવડે જ જગતમાં વ્યાપાર કરતો હોય છે,[33] અથવા પાંખો ફૂટ્યા વગરના પોતાના બચ્ચાં પાસે માળામાંજ પોતાનો જીવ રાખીને પક્ષિણી સર્વત્ર ભ્રમણ કરે છે;[34] અથવા ગાય જો કે પર્વતમાં ચરતી હોય છે, છતાં તેનું ચિત્ત તો ઘેર બાંધેલા વાછડા કે વાછડીમાં જ હોય છે, તે પ્રમાણે તું તારા પોતાના પ્રેમને મારા વિશ્વરૂપમાં દૃઢ અને અવિચળ રાખ;[35] બાકી, મનના સમાધાન માટે ભલે ઉપરટપકેથી મારી ચતુર્ભુજ મૂર્તિનું ધ્યાન ભર્યા કર.[36]

પરંતુ હે પાંડવ! મારા આ વાકયને વારંવાર વિસરીશ નહિ; અને મારા આ સ્વરૂપમાંથી તારા ભાવને કદાપિ અન્યત્ર જવા દઈશ નહિ.[37] આ રૂપ તેં પૂર્વે કદાપિ જોયું નહોતું, એટલા માટે એ જોતાંજ તારા મનમાં ભય ઉત્પન્ન થયો છે, પણ તેને ત્યાગી દે; અને આ વિશ્વરૂપમાં તારા પ્રેમને કાયમ થઇ રહેવા દે."[38] ત્યાર પછી વિશ્વરૂપને ધારણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાન્ કહેવા લાગ્યા કેઃ–"હે અર્જુન! તારા કહેવા પ્રમાણે હું હવે મારું પૂર્વનું ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરું છું, તે તું આનંદથી નિહાળ."[39]

संजय उवाच—इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा॥५०॥

[સંજયે કહ્યુંઃ-ભગવાન્ વાસુદેવે એ પ્રમાણે ભાષણ કરીને પુનઃ પોતાનું મૂળરૂપ અર્જુનને દેખાડ્યું; અને ભયભીત થયેલા અર્જુનના મનને, એ સૌમ્ય રૂપના દર્શનથી પુનઃ ધૈર્ય આપ્યું. ૫૦]

એટલું વાકય ઉચ્ચારીને દેવે પુનઃ તત્કાળ મનુષ્યરૂપ ધારણ કર્યું. (જ્ઞાનેશ્વર કહે છે કેઃ-) એમાં કશું આશ્ચર્ય નથી. કારણ કે, ભગવાન્ ભક્તની ઈચ્છા અનુસાર ગમે તે રૂપ ધારી શકે છે.[640] શ્રીકૃષ્ણ કેવળ પરબ્રહ્મ હોઇને તેમણે વિશ્વરૂપ સમાન પોતાનું સર્વસ્વ અર્જુનના હાથમાં આપ્યું, પણ તે તેને ગમ્યું નહિ.[41] પોતાને એક વસ્તુ જોઇતી હોય, એટલે તે માગી લઇને તેને નાંખી દેવી, રત્નમાં દૂષણ બતાવવું અથવા કોઇએક કન્યાવિશે સારી રીતે પૂછપરછ કરી તેને જોવા પછી 'આ તો મને ગમતી નથી' એમ કહેવું, તેવો જ આ પ્રકાર પણ થયો.[42] શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના ઉપદેશનો જે ઉત્તમ ભાગ વિશ્વરૂપ તે બતાવ્યું (કે સામે લડવાને ઉભા છે તેને તું માર કે નહિ માર, પણ તે સર્વ તો મરી ગયા જ છે.) એથી વધારે તેઓ તેના પ્રતિ શી પ્રેમભાવના દર્શાવે વારુ?[43] સોનાની લગડીને તોડીને પોતાની ઇચ્છા પ્રમાણેનું ઘરેણું ઘડાયા પછી પણ જો તે આપણને ન ગમે, તો પુનઃ તે ઘરેણાંને ગાળીને જેમ લગડી કરવામાં આવે છે;[44] તેજ પ્રમાણે અર્જુનની પ્રીતિમાટે શ્રીકૃષ્ણે વિશ્વરૂપ ધારણ કર્યું, પણ તે તેને ન ગમવાથી પુનઃ કૃષ્ણરૂપનો સ્વીકાર કર્યો.[45] એવી રીતે શિષ્યના હઠને સહન કરનારા ગુરુ કયાં મળી શકવાના હતા? સંજય કહે છે કે, કૃષ્ણના અર્જુનમાંના પ્રેમનો અહીં અવધિ થયો છે.[46] ભગવાને વિશ્વને વ્યાપીને વિશ્વરૂપનું જે દિવ્ય તેજ પ્રકટ કર્યું હતું, તેનો તેમણે પુનઃ કૃષ્ણ સ્વરૂપમાં સમાવેશ કરી નાંખ્યો.[47] જેવી રીતે ઈશ્વર સ્વરૂપમાં સમસ્ત જીવ સ્વરૂપનો સમાવેશ થઈ જાય છે અથવા બીજમાં વૃક્ષનો આકાર સમાઈ જાય છે,[48] અથવા તો સ્વપ્નના વિસ્તારનો જાગ્રતિ થતાં લોપ થાય છે; તે પ્રમાણે શ્રીકૃષ્ણે ચતુર્ભુજ મૂર્ત્તિ ધારણ કરીને વિશ્વરૂપના યોગનો લોપ કરી નાખ્યો.[49] જેવી રીતે સૂર્યની પ્રભા સૂર્યમાં જ લય પામે છે, અથવા મેઘો આકાશમાં જ લય પામે છે, કિંવા સમુદ્રની ભરતી સમુદ્રમાં જ પાછી સમાઇ જાય છે;[650] આ જુઓ, અર્જુનની ઇચ્છાને તૃપ્ત કરવા માટે કૃષ્ણરૂપ આકૃતિમાં જે વિશ્વરૂપ વસ્ત્રની ઘડી નાખવામાં આવી હતી, તે તેમણે ઉઘાડીને બતાવી,[51] એટલે તે વસ્ત્રની લંબાઈ, પહોળાઈ અને રંગ આદિને સારી રીતે જોઇ લીધા પછી, ગ્રાહક જે અર્જુન તેને તે વસ્ત્રને ખરીદવાની ઇચ્છા ન હોવાથી પુનઃ વ્યાપારી શ્રીકૃષ્ણે તેની ઘડી વાળીને તે વસ્ત્ર મૂકી દીધું;[52] એવી રીતે જે વિશ્વરૂપના અતિ વધવાથી સર્વ જગત્ વ્યાપ્ત થયું હતું, તે જ વિરાટ્ સ્વરૂપ મહામોહિક અને મધુર ચતુર્ભુજરૂપ બની ગયું.[53] કિંબહુના, અનંતેજ પુનઃ લઘુ સ્વરૂપ ધારણ કર્યું, અને બહુ જ ભયભીત થઈ ગયેલો જે અર્જુન, તેને તેમણે એમ કરીને આશ્વાસન આપ્યું.[54] જેમ કોઈ એક મનુષ્ય સ્વપ્નમાં સ્વર્ગમાં ગયો હોય અને ત્યાર પછી એકાએક જાગૃત થતાં આશ્ચર્યમાં પડી જાય, તેવી રીતે અર્જુન

પણ ચકિત થઇ ગયો.[૫૫] અથવા ગુરુની કૃપા થતાંની સાથેજ તત્ક્ષણ સર્વ પ્રપંચજ્ઞાનનો લોપ થતાં બ્રહ્મની સ્ફૂર્તિ થાય છે, તેજ પ્રમાણેની શ્રી મૂર્તિને જોતાં અર્જુનની સ્થિતિ થઈ અર્થાત્ તેને પરબ્રહ્મની સ્ફૂર્તિ થઇ.[૫૬] અર્જુનના મનને એવો ભાસ થયો કે, આ ચતુર્ભુજ મૂર્તિની આગળ જે વિશ્વરૂપનો પડદો હતો, તેનો લોપ થયો, એ ઘણીજ સારી ઘટના થઇ છે–ઠીક થયું છે.[૫૭] જેમ કાળને જિતીએ, ભયંકર વાયુના સપાટામાંથી છટકી જઇએ અથવા સપ્ત સમુદ્રને પોતાના બાહુબળથી તરી જઇએ;[૫૮] તેજ પ્રમાણે વિશ્વરૂપને જોવા પછી શ્રીકૃષ્ણ સ્વરૂપને જોવાથી, અર્જુનના ચિત્તમાં અત્યંત સમાધાન-સંતોષ થયો.[૫૯] જેમ સૂર્ય અસ્તાચલમાં ગયા પછી પુનઃ ચાંદની ચમકવા માંડે છે, તેવી રીતે વિશ્વરૂપનો લોપ થતાં અર્જુનને સર્વ લોકસમુદાય સહિત પુનઃ પૃથ્વી દૃષ્ટિગોચર થવા લાગી;[૬૦] અને તેણે જોયું તો તે તેજ કુરુક્ષેત્ર છે, પોતાના અને શત્રુના સૈન્યમાં સર્વ ગોત્ર–સગાં સંબંધી છે અને એકમેકપર શસ્ત્રોની વૃષ્ટિ વર્ષાવવા ઉભા છે;[૬૧] અને તેમણે વર્ષાવવાના બાણોના મંડપ તળે, તેનો પોતાનો રથ તેજ સ્થળે ઉભેલો છે તથા ભગવાન્ શ્રી લક્ષ્મીપતિ ધુરાપર બેઠેલા છે ને પોતે રથની નીચે ઉભેલો છે. (એવો દેખાવ તેના જોવામાં આવ્યો.)[૬૨]

अर्जुन उवाच—दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

[અર્જુને કહ્યું–હે જનાર્દન! આ તમારા સૌમ્ય માનવરૂપને જોઇને હવે હું સાવધ થયો છું અને મારું મન પૂર્વવત્ સ્વસ્થ થયું છે. ૫૧]

એ પ્રમાણે વીરશ્રેષ્ઠ અર્જુને જેવી યાચના કરી હતી, તેવા પ્રભુના પૂર્વવત્ સ્વરૂપને જોવા પછી તે કહેવા લાગ્યો કે–"મહારાજ! ખરેખર હવે હું બચી ગયો, એમ મને ભાસે છે."[૬૩] તેનું જ્ઞાન બુદ્ધિને ત્યાગીને ભયથી અરણ્યમાં ચાલ્યું ગયું હતું, અહંકાર સહિત મન ભ્રમણ કર્યા કરતું હતું,[૬૪] ઇન્દ્રિયોના વ્યાપાર બંધ પડી ગયા હતા, વાચા બોલવાનું ભૂલી ગઈ હતી અને એ પ્રમાણે શરીરરૂપ ગ્રામમાં સર્વથા અવ્યવસ્થા ઉપસ્થિત થઇ હતી.[૬૫] એ સર્વ અવ્યવસ્થા ટળી જતાં ઇંદ્રિયો પોતપોતાનો વ્યાપાર કરવા લાગી; અને એથી શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન કરવાથી 'હું શ્વાસ ઉગર્યો,' એવો તેને (અર્જુનને) ભાસ થવા લાગ્યો.[૬૬] એવી રીતે અંતર્ધામમાં (અંતઃકરણમાં) સુખ પામીને અર્જુન શ્રી કૃષ્ણને કહેવા લાગ્યો કે:–"હે દેવ! તમે જે આ મનુષ્યરૂપ ધારણ કર્યું, તેને મેં નેત્રો ભરીને જોયું.[૬૭] હે દેવરાજ! આપે મને આ સ્વરૂપના દર્શનનો લાભ આપ્યો, તે તમે, ભૂલેલા બાળકને સમજાવીને જેમ માતાએ જાણે સ્તનપાન કરાવ્યું હોયની એમ જ હું માનું છું.[૬૮] વિશ્વરૂપ સમુદ્રમાં હાથો વડે હું જે લહરીઓના પાણીને કાપવા મથતો હતો, તે હવે તમારી આ ચતુર્ભુજ મૂર્ત્તિરૂપ તીરભૂમિ ઉપર આવી લાગ્યો છું.[૬૯] હે દ્વારિકાવાસી વીરશ્રેષ્ઠ! આપે આ પોતાનું દર્શન નથી દીધું, કિન્તુ સુજ સૂકાઈ જતા વૃક્ષપર મેઘની વૃષ્ટિ જ કરી છે![૭૦] હે મહારાજ! સહજ રીતે તૃષાતુર થયેલા મને આ અમૃતસિંધુની જ પ્રાપ્તિ થઈ છે; હવે હું બચીશ કે નહિ, એવો મારા મનમાં જે અવિશ્વાસ ઉત્પન્ન થયો હતો, તે અવિશ્વાસનો સર્વથા નાશ થયો છે.[૭૧] મારા હૃદયરૂપ આંગણામાં હર્ષરૂપ વલ્લરીનું આરોપણ થતાં, તેથી મને આનંદ અને જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે."[૭૨]

श्रीभगवानुवाच—सुदुर्दर्शमिदं रूपं दृष्टवानासि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः ॥ ५२ ॥

[શ્રી ભગવાને કહ્યું:–હે અર્જુન! આ જોવામાં અત્યંત અશક્ય મારા (વિશ્વ) રૂપને તેં જોયું છે. એ રૂપને જોવા માટેની દેવો પણ નિરન્તર ઇચ્છા કર્યા કરે છે. ૫૨]

અર્જુનનું એ ભાષણ સાંભળીને ત્વરિત જ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે:–અરે આ શું? વિશ્વરૂપમાં સ્નેહ રાખ,[૭૩] અને ત્યારપછી કેવળ શરીરવડેજ આ ચતુર્ભુજ મૂર્ત્તિને ભેટવાને આવ, એ જે મેં તને પૂર્વે કહ્યું છે, તે તું ભૂલી ગયો કે શું?[૭૪] અરે અર્જુન! અંધના હાથમાં જો મેરુ પર્વત આવે, તો પણ તેને તે લઘુજ લાગે છે; પણ એ ભૂલ મનની ભાવનાની છે![૭૫] હે તાત! મેં તને જે વિશ્વરૂપનું દર્શન કરાવ્યું, તે વિશ્વવ્યાપકરૂપ તપ કરવા છતાં શ્રી શંકરને પ્રાપ્ત થઇ શકતું નથી;[૭૬] અને હે કિરીટિ! અષ્ટાંગ સાધનવડે યોગ સાધતો યોગી ભલેને કાયાથી ક્ષીણ થઇ જાય, તોપણ જેમને આ વિશ્વરૂપના દર્શનનો યોગ મળી શકતો નથી,[૭૭] તે વિશ્વરૂપ એકવાર અલ્પ પ્રમાણમાં પણ દેખાય તો સારું, એમ ગોખતાં ગોખતાં દેવોના આયુષ્યની પણ સમાપ્તિ થઇ જાય છે.[૭૮] આશારૂપ અંજલિને હૃદયરૂપ કપાળપર રાખી (અતિશય આશાબદ્ધ થઇ) ચાતક પક્ષી જેમ મેઘની માર્ગપ્રતીક્ષા કરતો આકાશપ્રતિ જોતો હોય છે;[૭૯] તે પ્રમાણે ઉત્સુક થઇને દેવ અને મનુષ્યો જેની પ્રાપ્તિની આઠે પ્રહર ઇચ્છા કરે છે;[૮૦] પણ તેમનામાંથી કોઇએ, સ્વપ્નમાં પણ જેને જોયું નથી, તે વિશ્વરૂપનું તેં પ્રત્યક્ષ મહાઆનંદથી અવલોકન કર્યું છે.[૮૧]

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।

शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥

[હે અર્જુન! તને જેવી રીતે મારું દર્શન થયું છે, તેવું દર્શન વેદાધ્યયન, તપ, દાન અથવા યજ્ઞથી કોઇને થઈ શકવાનું નથી. ૫૩]

હે અર્જુન! આ વિશ્વરૂપનું દર્શન થવાનો એક પણ ઉપાય નથી. એટલા માટે ચારે વેદોએ ષટ્શાસ્ત્રસહિત પરાજય માની લીધો છે.[૮૨] હે ધનુર્ધર! મારા વિશ્વરૂપ સમક્ષ આવવાને અનેક તપો પણ સમર્થ નથી.[૮૩] જેવી રીતે તેં અનાયાસ મારા વિશ્વરૂપનું દર્શન કર્યું છે, તેવી રીતે તે દાન અને યજ્ઞ કરનારને પણ દેખવું કઠિન છે.[૮૪] એવો જે હું, તે કેવળ એક જ ઉપાયથી પ્રાપ્ત થઈ શકું છું, તે ધ્યાનમાં રાખ. તે ઉપાય એ કે, જો મનુષ્યનું અંતઃકરણ ભક્તિયુક્ત થઈ જાય છે, તો જ તેને મારા વિશ્વરૂપનું દર્શન થાય છે.*[૮૫]

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।

ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ५४ ॥

[હે પરંતપ અર્જુન! મારા વિશ્વરૂપને ખરેખર જાણવાનું, જોવાનું અને પછી તેમાં તદ્રૂપ થવાનું એક માત્ર સાધન કેવળ અનન્ય † ભક્તિ જ છે. ૫૪]

---

* આ શ્લોકનું રહસ્ય એવું છે કે, ભગવાન્ પોતે અનુગ્રહથી જેનો અંગીકાર કરે છે, તેનેજ તે ભગવત્ સ્વરૂપ-વિશ્વરૂપ-ના દર્શનનો લાભ મળી શકે છે. કેવળ સાધનોના યોગે જ ભગવાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. હા, સાધનોના ઉપચારથી કદાચિત્ દોષરહિત એટલે કે શુદ્ધ થઇ શકાય છે; પરન્તુ પરમેશ્વરના પૂર્ણ અનુગ્રહ વિના પૂર્ણત્વ પૂર્ણ ગુણત્વ–નો આવિર્ભાવ તો થઇ શકતો જ નથી. સારાંશ એટલો જ કે વિશ્વરૂપના દર્શનનો લાભ થવામાં મુખ્યત્વે જો કોઈ વસ્તુની અપેક્ષા હોય, તો તે કેવળ પરમાત્માના અનુગ્રહની જ છે.

† ભક્તિ સર્વ સમર્થ હોવાથી તે સાધનની આવશ્યકતાને પણ પૂર્ણ કરે છે. અનન્ય–કેવળ પ્રમેયરૂપિણી–ભક્તિ વડે પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે, વિશ્વસ્વરૂપનું દર્શન થાય છે અને પછી હૃદયમાં સહજ તે સ્વ-

"પરંતુ તે ભક્તિ, વર્ષાની ધારાઓની આકાશમાંથી છૂટ્યા પછી પૃથ્વીપર પડ્યાવિના બીજી ગતિ જ નથી હોતી, તે પ્રમાણે, જો એકનિષ્ઠ હોય;[૯૬] અથવા ગંગા પોતામાં આવી મળેલા સર્વ પ્રવાહોને લઇને સમુદ્રને મળવા માટે જાય છે અને તેના પ્રવાહ તથા સમુદ્રમાં મળવાના કાર્યમાં ખંડ નથી પડતો–એટલે કે સમુદ્રમાં મળ્યાવિના તેની જેમ બીજી ગતિ જ નથી હોતી;[૯૭] તે જ પ્રમાણે, અષ્ટ સાત્ત્વિક ભાવથી જે સર્વત્ર સમાન સ્નેહ રાખે છે, તે મને પ્રાપ્ત થઇને મદ્રૂપ થઇ જાય છે;[૯૮] અને જેવી રીતે ક્ષીર સમુદ્ર, તીર પ્રાંતમાં અને મધ્ય ભાગમાં એક સરખો મિષ્ટ–મીઠો હોય છે, તે પ્રમાણે હું સર્વત્ર સરખો–સમાન જ છું.[૯૯] તે જ પ્રમાણે, મારાથી તે કીડી પર્યન્ત, કિંબહુના સ્થાવર જંગમ પ્રાણીમાત્રમાં, જેમને ભજવા માટેનો દ્વૈતભાવ અવશિષ્ટ હોતો જ નથી,[૧૯૦] એવી જે વેળાએ ચિત્તની વૃત્તિ થાય છે, તે વેળાએ જ મારા વિશ્વરૂપનું જ્ઞાન થાય છે અને જ્ઞાન થયું એટલે દર્શનનો લાભ પણ મળે છે.[૯૧] ત્યાર પછી જેમ કાષ્ઠમાંથી અગ્નિ ઉત્પન્ન થઇને કાષ્ઠ સળગ્યા પછી કાષ્ઠ નામનો લોપ થાય છે અને કાષ્ઠ અગ્નિરૂપ જ બની જાય છે,[૯૨] અથવા જ્યાં સુધી સૂર્ય કે ચન્દ્ર ઊગેલા નથી હોતા, ત્યાં સુધી ગગન અંધકારવડે જ ભરેલો હોય છે અને સૂર્ય કે ચંદ્રનો ઉદય થતાં જેમ સર્વત્ર પ્રકાશનો પ્રસાર થાય છે;[૯૩] તે જ પ્રમાણે મારા વિશ્વરૂપનો સાક્ષાત્કાર થતાં દ્વૈતભાવનો પણ લોપ થઇ જાય છે, એમ તારે જાણવું.[૯૪] એમ થતાં હું અને તે આદિ ભાવોનો લોપ થતાં સર્વત્ર હું જ ભરેલો છું, એવો જ હૃદયમાં જ્યારે અવિચલ ભાવ થાય છે, ત્યારે જ તેના અંગમાં પૂર્ણ એકત્વનો આવિર્ભાવ થાય છે.[૯૫]

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ॥ ५५ ॥

[હે પાંડવ! મારા ઉદ્દેશથી કર્મ કરનાર, જેનું સર્વસ્વ હું જ છું તે, ઉપાધિરહિત અને પ્રાણીમાત્રમાં વૈરભાવ ન રાખનાર જે મારો ભક્ત છે, તે મને પ્રાપ્ત થાય છે. ૫૫]

જે પોતે કરેલાં કર્મો મને એકલાને જ અર્પણ કરે છે અને જેને જગતમાં મારા વિના બીજું કાંઈપણ ગમતું નથી;[૯૬] જે આ લોક અને પરલોકનું ફળ મને જ માને છે; જેણે મને જ જીવનના ફળરૂપે માનેલો છે;[૯૭] જે 'પ્રાણીમાત્ર' એ નામને ભૂલીને સર્વત્ર મને જ જોયા કરે છે ને તેથી નિર્વૈર થઇને જગતમાં જે જે વસ્તુ દૃષ્ટિગોચર થાય, તે સર્વને ભજે છે;[૯૮] હે પાંડવ! જે ભક્તની એવી વૃત્તિ બને છે અને જે વેળાએ તેના કફપિત્તવાતાત્મક શરીરનો લોપ થાય છે, તે વેળાએ તે મદ્રૂપ થઈ જાય છે.[૯૯]

સંજય કહે છેઃ–હે ધૃતરાષ્ટ્ર! જેનું ઉદર, ઉદરમાં સમસ્ત જગત્ ભરાયલું હોવાથી મોટું થયેલું છે, તે શ્રીકૃષ્ણ ભગવાને કરુણારસયુક્ત વાણીથી નીચે પ્રમાણે જણાવ્યું.[૭૦૦] આનંદરૂપ સંપત્તિથી શ્રીમાન્ અને આ સમસ્ત જગતમાં શ્રીકૃષ્ણની ભક્તિ કરવામાં ચતુર અર્જુને,[૧] દેવની ઉભય મૂર્તિઓને સારી રીતે નિહાળી નિહાળીને જોઈ; પરંતુ એમાંની વિશ્વમૂર્ત્તિ કરતાં કૃષ્ણમૂર્ત્તિમાં જ વિશેષ લાભ છે, એમ તેણે માન્યું.[૨] પણ અર્જુનના એ અભિપ્રાયને શ્રીકૃષ્ણે માન આપ્યું નહિ, કારણ કે, વ્યાપક રૂપ કરતાં એકદેશીય રૂપ ઉત્તમ (સત્ય)

રૂપનો પ્રવેશ પણ થઈ જાય છે. આવી સ્થિતિની પ્રાપ્તિ માટે તાદાત્મ્ય ભક્તિની જ આવશ્યકતા છે. 'તું પરંતપ હોવાથી તને તે તાદાત્મ્ય ભક્તિનું પણ દાન કરવાનો મેં નિશ્ચય કરેલો છે, એટલે કે, તને પૈષ્ઠિક સાધનથી હું મર્યાદામાર્ગીય ફળનું પણ દાન આપીશ, એવો શ્રીકૃષ્ણના બોલવાનો આશય છે. સારાંશ કે, ઉત્તમાધિકારીને ફળ પણ તેવું જ ઉત્તમ પ્રાપ્ત થાય છે અને મર્યાદિત ફળની પ્રાપ્તિ કરનાર અધિકારી મધ્યમ જ હોય છે.' એવો વિવેક સર્વત્ર જાણી લેવાનો છે.

નથી,[૩] એ જ સિદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણે એક બે બહુ જ સારાં ઉદાહરણો આપ્યાં.[૪] તે સાંભળીને અર્જુન પોતાના મનમાં એમ કહેવા લાગ્યો કે, આ બન્ને રૂપોમાંથી સારું રૂપ કયું છે, એ વિશે હવે આગળ પૂછવું જોઇએ.[૫] એ પ્રમાણે મનમાં વિચાર કરીને હવે પછી તે કેવા પ્રકારે શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછે છે, તે કથા સાંભળો.[૬] જ્ઞાનદેવ કહે છેઃ-જે વાર્ત્તા ઓવી પ્રબંધમાં વિનોદથી કહેવામાં આવશે, તે આનંદયુક્ત અંતઃકરણથી સાંભળો.[૭] સદ્‌ભાવની અંજલિ ભરીને ઓવીરૂપ મુક્ત પુષ્પોને વિશ્વરૂપનાં ઉભય ચરણોમાં મેં અર્પણ કર્યાં છે.[૭૦૮]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા 'મધ્યે વિશ્વરૂપદર્શનયોગ'
નામનો અધ્યાય અગિયારમો સમાપ્ત

જ્ઞાનેશ્વરીનો દ્વાદશ અધ્યાય

ભક્તિયોગ

હે ગુરુકૃપાદૃષ્ટિ! તારો જયજયકાર હો. તું કેવી છે? નિર્મળ, ઉદાર, નિરંતર દુઃખરહિત અને આનંદદાયિની તરીકે સુપ્રસિદ્ધ છે.[૧] હે ગુરુકૃપાદૃષ્ટિ! વિષયરૂપ સર્પના વીંટળાઇ જવાથી મૂર્છિત થયેલા મનુષ્યનું વિષ તારા યોગે ઊતરી જાય છે.[૨] તારી પ્રસાદરૂપ લહરીઓનું પૂર આવતાં સંસારના તાપથી કોને ત્રાસ થાય એમ છે? અને શોકથી કોણ પીડા પામે એમ છે?[૩] હે સ્નેહશીલે! તમારા યોગે સેવકને યોગસુખના ચમત્કારો પ્રાપ્ત થાય છે અને 'હું બ્રહ્મ થાઉં' એવી સેવકની જે ઉત્કંઠા, તેને પણ તું જ પૂર્ણ કરે છે.[૪] (ભક્તને) તું કૌતુકથી પોતાના ખોળામાં બેસાડીને હૃદયાકાશરૂપી પાલણામાં પોતાના ઉપદેશથી સૂવાડીને હીંચકા ખવડાવે છે;[૫] મનને વિષયોથી પરાઙ્‌મુખ કરીને અને આત્મજ્યોતિરૂપી નિરાંજન કરીને મન અને પવનની રમત કરાવે છે અને સેવકોને આત્મસુખનો ઉપભોગ કરાવે છે.[૬] રે! જીવનકળાનું અમૃતપાન કરાવીને 'हंसः सोहं' એ અખંડ ધ્વનિનો ઘૂઘરો હાથમાં આપીને સમાધિ સુખનો બોધ આપી નિદ્રામાં નાંખે છે.[૭] એટલા માટે તું સાધકોની માતા છે અને તારાં ચરણોનું શરણ લેવાથી જ્ઞાનમાત્રની પ્રાપ્તિ થાય છે અને તેથી જ હું તારા આશ્રયનો કદાપિ ત્યાગ કરતો નથી.[૮] હે સદ્‌ગુરુ કૃપાદૃષ્ટિ! તારી જેનાપર દયા થાય છે, તે સર્વ વિદ્યારૂપ સૃષ્ટિનો ઉત્પન્ન કર્ત્તા જ બની જાય છે.[૯] એટલા માટે હે શ્રીમતિ અંબે! તું સેવકોના મનની ઇચ્છાઓને પૂર્ણ કરનારી કલ્પલતા જ છે, અર્થાત્ મને આ ગીતાના અર્થને વિસ્તારવાની આજ્ઞા આપ.[૧૦] માતા! આ મારા ગ્રંથમાં નવરસના સાગરો અલંકારની ખાણો અને ભાવાર્થના પર્વતોને નિર્માણ કર.[૧૧] દેશભાષારૂપ ભૂમિમાં સુવર્ણની ખાણો ઊઘાડીને વિચારરૂપ વેલીઓની ઘનરાજિ (મેઘસમૂહ) બનાવ.[૧૨] તેમાં સંવાદરૂપ ફળોના સમૂહો અને માર્મિક અર્થરૂપી સતત ટકનારાં પુષ્કળ ઉપવનો કરી દે.[૧૩] પાખંડરૂપ ટેકરા અને વિતંડવાદરૂપ આડા માર્ગોને લુપ્ત-નષ્ટ-કરીને, કુતર્કરૂપ દુષ્ટ હિંસક પશુઓનો પણ નાશ કરી નાંખ.[૧૪] મને નિત્ય શ્રીકૃષ્ણના ગુણાનુવાદ ગાવામાં પ્રવૃત્ત-ઉદ્યુક્ત-કર અને શ્રોતાઓને શ્રવણરૂપ રાજ્યના સિંહાસને બેસાડ.[૧૫] મરાઠી ભાષારૂપ નગરમાં બ્રહ્મવિદ્યાને સસ્તી કરી દે અને સર્વ લોકો સુખોને આપવા લેવાનો વ્યાપાર ચલાવતા થાય, એવી વ્યવસ્થા કર.[૧૬] હે સદૈવ ગુરુ કૃપાદૃષ્ટિ માત! તું પોતાના કૃપારૂપ પલ્લવનું મારાપર આચ્છાદન કરીશ, તો આ પ્રમાણે ગ્રન્થ-નિરૂપણ આદિ સર્વ હું ઉત્પન્ન કરીશ.[૧૭] આટલી વિનતિ સાંભળતાંની સાથે જ ગુરુકૃપાદૃષ્ટિએ

જ્ઞાનેશ્વર તરફ જોઇને એવું ભાષણ કર્યું કેઃ-તું હવે વધારે ન બોલતાં ગીતાના અર્થને કહી સંભળાવવાનો આરંભ કર.[૧૮] ત્યારે જ્ઞાનેશ્વર કહે છે કેઃ-આ મારાપર મહાપ્રસાદ જ થયેલો છે; અને એથી આનંદ પામીને હું હવે ગીતાના અર્થને દર્શાવનારી કવિતા બોલું છું, તે સાંભળવામાં ધ્યાન આપો.[૧૯]

अर्जुन उवाच—एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

[અર્જુને કહ્યુંઃ-હે દેવ! એ પ્રમાણે એકનિષ્ઠ થઇને તમારા સગુણ સ્વરૂપની જેઓ ઉપાસના કરે છે તે, તથા અવ્યક્ત અને અવિનાશી નિર્ગુણ ગુણની ઉપાસના કરે છે તે બન્ને પ્રકારના ભક્તોમાંથી ભક્તિનું ખરું તત્ત્વ કોના સમજવામાં આવ્યું છે વારુ? ૧]

સકલવીર શિરોમણિ, સોમવંશનો વિજયધ્વજ અને પાંડુનો પુત્ર અર્જુન કહેવા લાગ્યો કે,[૨૦] "હે શ્રીકૃષ્ણ! સાંભળ્યું કે? તમે મને જે વિશ્વરૂપ બતાવ્યું, તે અદ્ભુત હોવાથી તેને જોઈને મારા મનમાં ભય ઉત્પન્ન થયો હતો;[૨૧] અને મને આ તમારી સગુણ મૂર્તિના દર્શનની ટેવ હોવાથી મારા મનમાં એના દર્શનની જ ઉત્કંઠા ઉત્પન્ન થઈ છે. પરન્તુ હે દેવ! તમે મારો નિષેધ કર્યો;[૨૨] તોપણ વાસ્તવિક રીતે જોતાં સાકાર અને નિરાકાર ઉભય રૂપો નિઃસંશય તમારાં જ છે. ભક્તિવડે સગુણ સ્વરૂપની અને યોગવડે નિર્ગુણ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.[૨૩] હે વૈકુંઠનાથ શ્રીકૃષ્ણ! તમારી પ્રાપ્તિ કરી લેવા માટેના એ બે માર્ગો છે. તેમાં સાકાર અને નિરાકાર એ બે દેહલી (ઉંબરા)ઓ છે.[૨૪] જુઓ, સો ટચના સોનાની લગડીનો જે કસ ઊતરે છે, તે જ લગડીમાંની એક કરચ જેટલું સોનું જૂદું કાઢવામાં આવે તોપણ તેમાંથી પણ તે જ કસ ઉતરે છે-અર્થાત્ વ્યાપક નિર્ગુણ અને એકદેશીય સગુણ રૂપની યોગ્યતા એક સરખી જ છે.[૨૫] અમૃતના સમુદ્રમાં જે સામર્થ્ય રહેલું છે, તે જ સામર્થ્ય એક અંજલિ જેટલા પ્રમાણના અમૃતમાં પણ રહેલું હોય છે;[૨૬] અને મારા મનનો તો ખરેખર જ એ જ અનુભવ છે. પરંતુ એ વિશે જ મારે આપને કાંઇક પૂછવાનું છે.[૨૭] હે દેવ! તમે ક્ષણ માત્ર જે સર્વ વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું હતું, તે જ તમારું ખરું સ્વરૂપ છે કે તે તમારી લીલા માત્ર છે, એ રહસ્યને જાણવાની મારી ઇચ્છા છે.[૨૮] અર્થાત્ જે પોતાનાં સર્વ કર્મો કેવળ તમારે માટે જ કરે છે, જેને માટે આ જગતમાં તમારા કરતાં વધારે શ્રેષ્ઠ બીજું કાંઈ પણ નથી અને જેણે પોતાના સર્વ મનોધર્મ તમારી ભક્તિને વેચાતા આપી દીધા છે;[૨૯] એવી રીતે હે શ્રીહરિ! જે ભક્તો, સ્વહૃદયમાં સર્વથા તમારી મૂર્તિને જ ધારણ કરીને ઉપાસના કરે છે;[૩૦] તેમ જ જેઓ તમારા સ્વરૂપને ૐકારથી પર, વાણીવડે જેનું વર્ણન થવું અશકય છે તેવું અને જેની કોઈપણ વસ્તુ સાથે તુલના કરી શકાતી નથીઃ[૩૧] તેમ જ જે અવિનાશી, નિરાકાર, સ્થળરહિત અને નામરહિત છે એમ જાણીને (જ્ઞાની જનો) સોઽહંભાવથી (તે તે હું છું) જેની ઉપાસના કરે છે,[૩૨] તે જ્ઞાનીઓમાં અને ભક્તોમાં, હે શ્રી અનંત! ખરા યોગને કોણ જાણી શકયા છે તે કહો."[૩૩] અર્જુનના એ બોલવાથી જગદ્બંધુ શ્રીકૃષ્ણ સંતોષ પામીને કહેવા લાગ્યા કે; "વાહવા! પ્રશ્ન કરવાની શૈલીને તો તેં બહુ સારી રીતે સાધ્ય કરી છે!"[૩૪]

श्रीभगवानुवाच—मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥

[શ્રી ભગવાને કહ્યુંઃ-હે અર્જુન! મારામાં ચિત્તને સ્થિર કરીને નિત્યયુક્ત થઈ જેઓ ઉત્કૃષ્ટ શ્રદ્ધાથી મને ભજે છે, તેમણે ભક્તિયોગને ખરી રીતે જાણેલો છે, એમ હું માનું છું. ૨]

આ જો-અસ્તમાનના સમયે સૂર્યબિંબનો લોપ થતાં જેવી રીતે કિરણો પણ તેની પાછળ પ્રયાણ કરી જાય છે;[૩૫] અથવા હે અર્જુન! વર્ષાઋતુમાં જેમ નદી અધિક વધે છે, તે જ પ્રમાણે મારી ભક્તિ કરતી વેળાએ જેનામાં નિત્ય નવીન શ્રદ્ધા દષ્ટિગોચર થાય છે;[૩૬] અથવા સમુદ્રમાં મળી ગયા પછી પણ જેનામાં પછીથી અનિવાર્ય લહરીઓ ઉદ્ભવતી જ હોય છે, તેવી પવિત્ર ગંગા પ્રમાણે જેના હૃદયમાં પૂર્ણ પ્રેમભાવ ઉભરાતો હોય છે;[૩૭] તેમ જ દિવસ અને રાત્રિનો મનમાં વિચાર ન લાવતાં કાયા, વાચા અને મનથી મારામાં જ ચિત્ત રાખીને જેઓ મારી ઉપાસના કરે છે;[૩૮] અને એ પ્રમાણે જે ભકતો પોતાનો મારામાં જ સમાવેશ કરી દે છે, તેમને જ-તે ભકતોને જ હું 'પરમયોગ યુક્ત' થયેલા માનું છું.[૩૯]

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

[પ્રાણીમાત્રનું હિત કરવામાં તત્પર અને સર્વત્ર સમદૃષ્ટિ પુરુષો, સર્વ ઇન્દ્રિયોનું નિયમન કરીને અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વવ્યાપક, અચિન્ત્ય, કૂટસ્થ, અચલ, શાશ્વત અને નાશરહિત બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓ મારામાં જ આવી મળે છે અર્થાત્ મારા સ્વરૂપ જ થઈ જાય છે. ૩-૪]

અને હે અર્જુન! બીજા જે મારા જ્ઞાની ભકતો છે, તેઓ 'આપણે બ્રહ્મ છીએ' એવી વૃત્તિ ધારણ કરીને નિરાકાર જે બ્રહ્મ તેને પ્રાપ્ત કરી લેવાની ખટપટ કરે છે.[૪૦] પણ જે બ્રહ્મ મનવડે અચિન્ત્ય અને બુદ્ધિને પણ અગમ્ય છે, તે ઇન્દ્રિયોના જાણવામાં કેમ કરીને આવી શકે વારુ?[૪૧] ધ્યાનને પણ ગૂઢ હોવાથી જે એક સ્થળે મળી આવતો નથી, અને જેનો કોઇ પણ આકાર નથી;[૪૨] જે સર્વ સ્થાનમાં સર્વરૂપે નિત્ય રહેલો છે અને જેની પ્રાપ્તિ થતાં ચિન્તન પોતાની મેળે જ થંભી જાય છે;[૪૩] જે કદાપિ થયો નથી અને થવાનો પણ નથી; તેમ જ જે છે એમ પણ નથી અને નથી એમ પણ નથી; એટલે કે, જેની પ્રાપ્તિનો કોઈ ઉપાય જ નથી;[૪૪] જે ચાલતો નથી કે હાલતો નથી; જે પૂર્ણ થતો નથી અને દૂષિત પણ થતો નથી; તેને જેમણે પોતાના અંગબળથી સ્વાધીન કરી લીધો છે;[૪૫] વૈરાગ્યરૂપ પ્રચંડ અગ્નિથી વિષય સ્વરૂપ સૈન્યને ભસ્મીભૂત કરીને જેઓ પોતાની નિર્વિષય ઇન્દ્રિયોને મહાકષ્ટ-પૂર્વક ધારણ કરી રહેલા હોય છે;[૪૬] અને પછીથી જેઓ ઇન્દ્રિયના સંયમરૂપી ફાંસ ઘાલી તેને ઊંધી ફેરવી હૃદયરૂપી કમાડને ખુલ્લું કરી નાંખે છે;[૪૭] (યોગ કરતી વખતે) અપાનવાયુના દ્વારને આસનની બળવતી મુદ્રા લગાડીને જેઓ મૂળબંધરૂપી મીનારો ઉભો કરે છે;[૪૮] આશાના સંબંધને તોડીને અને અધીરતાના ટેકરાને હટાવીને નિદ્રારૂપ અંધકારનો જેઓ નાશ કરી નાખે છે;[૪૯] મૂળબંધ આસનના જ્વાલામય અગ્નિવડે શરીરમાંની સપ્ત ધાતુઓની હોળી કરીને જેઓ વ્યાધિનાં શિરો ષટ્ચક્રને અર્પણ કરી દે છે;[૫૦] ત્યારપછી કુંડલિનીની મશાલને આધાર ચક્રપર ઉભી રાખીને તેના પ્રકાશમાં આનંદથી મસ્તકપર્યન્ત ચાલ્યા જાય છે;[૫૧] નવ દ્વારની ચોકીમાં ઇન્દ્રિયનિગ્રહનો ખીલો ઠોકી સુષુમ્ણા નાડીના માર્ગને મુક્ત કરી નાખે છે;[૫૨] પ્રાણ શક્તિરૂપ ચામુંડાદેવી પ્રીત્યર્થે સંકલ્પરૂપી મેંઢાને મારીને મનોરૂપ મહિષાસુરનાં મસ્તકોનું બલિદાન આપે છે;[૫૩] ઇડા અને પિંગળા એ બે નાડીઓનું ઐક્ય કરીને અને અનાહત ધ્વનિની ગર્જના કરીને જીવનકળાના તળાવ સૂધી જઈ પહોંચે છે;[૫૪] ત્યાર પછી સુષુમ્ણા

નાડીના મધ્ય ઓરડામાંના કોરેલા દાદરપરથી ઊપર ચઢીને મસ્તકમાંના બ્રહ્મરંધ્ર પર્યન્તની મજલપર જઇ પહોંચે છે;[૫૫] ત્યાર પછી મકારરૂપ (તુર્યાવસ્થારૂપ) કઠિન નિઃસરણીપર ચઢી માયાને કક્ષામાં દબાવીને બ્રહ્મ સાથે જઇ મળે છે;[૫૬] એ પ્રમાણે સર્વત્ર સમાન બુદ્ધિ રાખીને બ્રહ્મની પ્રાપ્તિ કરી લેવા માટે યોગાદિ કઠિન માર્ગને જેઓ એક ક્ષણ માત્રના વિલંબ વિના જ સ્વાધીન કરી લે છે;[૫૭] અને એવી રીતે જેઓ નિરવયવ સાથે પોતાની અદલાબદલી કરી લે છે, તે લોકો પણ મારામાં જ આવીને મળે છે.[૫૮] બાકી, યોગના બળથી તેમને કાંઈ પણ વધારે પ્રાપ્ત થાય છે એમ તો નથી જ; ઉલટી તેમને વધારે યાતનાઓ જ માત્ર સહન કરવી પડે છે.[૫૯]

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।

अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

[નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનારા દેહધારી પુરુષોને ઉપાસનાઓનાં કષ્ટ થાય છે અને અવ્યક્ત ગતિ બહુ જ પ્રયાસથી પ્રાપ્ત થાય છે. ૫]

પ્રાણી માત્રને પ્રિય, આશ્રયથી રહિત અને અવ્યક્ત (દૃષ્ટિથી અગોચર) જે બ્રહ્મ તેને ભક્તિ વિના જ પ્રાપ્ત કરી લેવાની જેઓ ઇચ્છા ધરાવે છે;[૬૦] તેમને માર્ગમાં લુંટારારૂપ ઇન્દ્ર આદિની પદવીઓ, વરમાળા પહેરાવે છે; અને ઋદ્ધિસિદ્ધિની જોડી બ્રહ્મ પ્રાપ્તિના માર્ગમાં આડી આવીને ઊભી રહે છે;[૬૧] કામક્રોધ આદિ અનેક ઉપદ્રવો ઉત્પન્ન થાય છે અને નિરાકાર બ્રહ્મની પ્રાપ્તિ કરી લેવા માટે તેમને શૂન્ય (આકાશ) સાથે ઝગડો કરવો પડે છે;[૬૨] તૃષા લાગી હોય તો તે તૃષાનું પાન કરીને જ તૃપ્ત થવું પડે છે; ક્ષુધા લાગી હોય તો તે ક્ષુધાનું સેવન કરીને જ સમાધાન માનવું પડે છે અને રાતદિવસ હાથના ઝપાટાથી નિરાકારની પ્રાપ્તિ માટે વાયુની જ ગણત્રી કરવી પડે છે.[૬૩] દિવસે તડકામાં સૂવું, ઇન્દ્રિયોની ઇચ્છા, વિરુદ્ધ વર્તવાના વિલાસ કરવા અને વૃક્ષો સાથે મિત્રતાથી સંભાષણ કરવું;[૬૪] શીતલતારૂપ વસ્ત્ર ધારણ કરવાં, ઉષ્ણતારૂપ વસ્ત્ર ઓઢવું અને જળવૃષ્ટિરૂપ ગૃહમાં નિવાસ કરવો;[૬૫] વધારે તે શું કહું, હે અર્જુન ! સતી સ્રીને જેમ પતિવિના જ રોજ કાષ્ઠ ભક્ષણ કરીને સતી થવું પડે, એવા પ્રકારનો જ એ યોગ છે.[૬૬] અહીં પતિનું કાર્ય નથી, કુલ ધર્મનું નિમિત્ત નથી, પરંતુ મૃત્યુ સાથે રોજ નવું નવું યુદ્ધ માત્ર છે.[૬૭] એવા મૃત્યુ કરતાં પણ તીક્ષ્ણ અને ઊકળતા વિષને કોઈ ગળી શકે કે ? અરે પર્વતને ગળવા જતાં શું મોઢું ફાટી જવાનો સંભવ નથી ?[૬૮] એટલા માટે, હે મહાવીર ! જેઓ એવું યોગ સાધન કરવાને નીકળ્યા છે, તેમના ભાગ્યમાં દુઃખરૂપ શુષ્ક ભાગ જ પ્રાપ્ત થાય છે ![૬૯] લોઢાના ચણા ખાવાનો પ્રસંગ આવતાં તે ખાનારને તેથી પેટ ભરાશે કે પ્રાણ જશે, એનું ભાન રહેતું નથી,[૭૦] અર્થાત્ બાહુના બળથી કોઈ સમુદ્રને તરી શક્યું નથી; અથવા આકાશમાં કોઇ પગથી ચાલી શક્યું નથી;[૭૧] અથવા સમરાંગણમાં જવા પછી શરીરપર સ્હામા ઘા ન થતાં જ સૂર્યલોકની પ્રાપ્તિ થતી નથી;[૭૨] અથવા હે અર્જુન ! પાંગળાથી જેવી રીતે વાયુ સાથે દોડવાની હોડ બકી શકાતી નથી; તે જ પ્રમાણે દેહાભિમાની જીવને નિરાકારની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી ![૭૩] આમ હોવા છતાં પણ મનમાં ઇચ્છા ધારણ કરીને જેઓ અવ્યક્ત (દૃષ્ટિથી અગોચર) બ્રહ્મની પ્રાપ્તિ માટે જ આથડ્યા કરે છે, તેઓ માત્ર કલેશોને જ પ્રાપ્ત થાય છે.[૭૪] એટલા માટે, હે પાર્થ ! જેમણે ભક્તિ માર્ગનો સ્વીકાર કરેલો છે, તેમને એવાં કષ્ટો સહન કરવાં પડતાં નથી.[૭૫]

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।

अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ६ ॥

तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

[જેઓ મારા પરાયણ થઈને સર્વ કર્મો મને જ અર્પી દે છે અને મારું ધ્યાન ધરીને અનન્ય ભાવથી મારી જ ઉપાસના કરે છે; અને હે પાર્થ! જેમણે મારામાં જ ચિત્ત સમર્પણ કર્યું છે એવા મારા ભક્તોનો હું જન્મ મરણ યુક્ત સંસારસાગરમાંથી સત્વર જ ઉદ્ધાર કરી નાખું છું. ૬-૭]

પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે જે જે કર્મો પોતાના ભાગમાં આવેલાં હોય, તે સર્વ કર્મો કર્મેન્દ્રિયો આનંદથી કરે છે;[૭૬] સર્વ કર્મો યથાવિધિ મને અર્પણ કરીને અને નિષિદ્ધ કર્મોને ત્યાગીને, કર્મોના યોગે પ્રાપ્ત થનારાં કર્મોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.[૭૭] એ પ્રમાણે, હે અર્જુન! સર્વ કર્મો મને સમર્પીને જેઓ કર્મોનો નાશ કરે છે;[૭૮] તેમ જ જેમના કાયિક, વાચિક અને માનસિક ભાવોની પણ મારા વિના અન્યત્ર દોડ નથી હોતી;[૭૯] એવા જેઓ નિરંતર મારી સેવા કરીને મત્પરાયણ થાય છે, તેઓ મારા ધ્યાનના નિમિત્તથી મારા નિવાસનાં સ્થાન જ બની રહે છે.[૮૦] એમની લાગણી મારી સાથે વ્યવહાર કરીને બિચારી મુક્તિ અને ભુક્તિને ત્યાગી દે છે.[૮૧] એવી રીતે અનન્ય ભાવથી જેમણે પોતાનાં જીવ, મન અને શરીર મને અર્પણ કરી દીધાં છે, તેમની શી ઇચ્છા હું પૂર્ણ નથી કરતો વારુ? અર્થાત્ તેમની સર્વ ઇચ્છાઓ મારે ગમે તેમ કરીને પણ અવશ્ય પૂર્ણ કરવી જ પડે છે.[૮૨]

કિંબહુના, હે પાર્થ! જે પોતાની માતાના ઉદરથી જન્મ લે છે તે, માતાને કેટલો બધો પ્રિય હોય છે, એ નવેસરથી કહેવાની કશી પણ અગત્ય નથી.[૮૩] તે જ પ્રમાણે, મારા ભક્ત ભલે ગમે તે હોય અને ગમે તેવા હોય, છતાં તેમને હું પ્રિય છું અને મને તેઓ પ્રિય છે તથા તેમને જેઓ ત્રાસ આપનારા હોય છે, તેમનો નાશ કરવાની તો મેં પ્રતિજ્ઞા જ લીધી છે.[૮૪] મારા ભક્તોને સંસારની ચિન્તા શા માટે હોવી જોઇએ? શ્રીમાનની સ્ત્રીને કદાપિ કોરું અન્ન માગવાનો પ્રસંગ આવે છે ખરો કે? કદી પણ આવતો નથી.[૮૫] એ પ્રમાણે, મારા ભક્તો તે મારા કુટુંબીજનો છે એમ જ હું સમજું છું; અર્થાત્ જો તેમના પર કોઇપણ સંકટ આવી પડે, તો તેથી મને જ લજ્જા ઉત્પન્ન થાય છે.[૮૬] મારા ભક્તોને આ સૃષ્ટિમાંની જન્મમરણની લહરીઓમાં ડુબતા જોઇને મારા હૃદયમાં કાંઈ કાંઈ થઇ જાય છે![૮૭] ભવસાગરની લહરીઓને જોઇને કોને ભીતિ ઉત્પન્ન થતી નથી? અર્થાત્ એ ભવસમુદ્રની લહરીઓથી મારા ભકતો પણ ભયભીત થાય છે જ;[૮૮] અને એટલા માટે હે અર્જુન! રામ, કૃષ્ણ આદિ અવતારો ધારણ કરીને, આ મૃત્યુ લોકમાં હું તેમના ઉદ્ધાર માટે જ આવ્યા કરું છું;[૮૯] અને મારી સહસ્રનામરૂપિણી નૌકાઓ તૈયાર કરીને, આ સંસારરૂપ સાગરમાંથી હું તેમનો તારનારો થયો છું, એમ તારે નિશ્ચયપૂર્વક સમજવું.[૯૦] જેઓ ઉપાધિરહિત હોય છે, તેમને હું મારું ધ્યાન ધરવાનો ઉપદેશ આપું છું; અને જેઓ પરિવારસહિત આવે છે, તેમને નૌકામાં બેસવાનું કહું છું અર્થાત્ (તેમને નામસ્મરણ કરવાનો ઉપદેશ આપું છું.)[૯૧] કેટલાક ભકતોના પેટને પ્રેમરૂપી માટલું બાંધીને તેમને મુક્તિરૂપ (સંસારસાગરના) કીનારા ઉપર ખેંચી લાવું છું;[૯૨] પરંતુ જેમણે પોતાને મારા ભક્તના નામથી ઓળખાવ્યા હોય-પછી ભલેને તેઓ ચતુષ્પદાદિ અર્થાત્ પશુઆદિ હોયને-તેમને હું વૈકુંઠના રાજ્યાસને વિરાજવાને પાત્ર બનાવું છું![૯૩] એથી મારા ભકતોના મનમાં કશી પણ ચિન્તા ઉત્પન્ન થતી નથી; કારણ કે, તેમને તારનારો હું સદોદિત તેમની સમક્ષ જ ઉભેલો છું;[૯૪] અને જે વેળાએ ભકતો પોતાની ચિત્તવૃત્તિ મારામાં અર્પણ કરે છે, તે વેળાએ તેઓને વિશે મારો પ્રવેશ થાય છે.[૯૫] એ જ કારણથી, હે ભક્તરાજ ધનંજય! હું તને 'ભક્તિ માર્ગમાં સંચર' એ મંત્રનો ઉપદેશ આપું છું.[૯૬]

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ८ ॥

[હે અર્જુન ! તું મનને મારામાં જ રાખ; અને મારામાં જ બુદ્ધિની સ્થાપના કર. એમ કરવાથી તું મારામાં જ વાસ કરીશ, એમાં સંશય નથી. ૮]

એક મનને અને બીજી બુદ્ધિને નિશ્ચયપૂર્વક મારામાં જ સર્વદા સ્થિર કરીને રાખ.[97] એવી રીતે એ ઉભય (મન અને બુદ્ધિ) પ્રેમથી મારા સ્વરૂપમાં યથાર્થતાથી એકત્ર થઈને મારામાં પ્રવેશને પામ્યા કે પછી તરતજ તું મારામાં આવી મળીશ.[98] કારણ કે, મન અને બુદ્ધિ એ મારામાં નિવાસ કર્યા પછી તારામાં અને મારામાં દ્વૈતભાવ રહેવાનો સંભવ નથી.[99] અર્થાત્ દીપ-નિર્વાણ થતાં જેવી રીતે પ્રકાશનો લોપ થાય છે,[100] અથવા દેહમાંથી નીકળી જવાની અણીપર આવેલા પ્રાણો સાથે ઇન્દ્રિયો પણ બહાર નીકળી જાય છે; તેજ પ્રમાણે, મન અને બુદ્ધિ એકત્ર થઈને જ્યાં નીકળી જાય છે, ત્યાં અહંકાર પણ પોતાની મેળેજ તેમની સાથે ચાલ્યો જાય છે.[1] એટલા માટે, મન તથા બુદ્ધિને મારા સ્વરૂપમાં અવિચલ રાખ, એટલે, સર્વવ્યાપક જે હું, તેજ તું બની જઈશ.[2] હે અર્જુન ! હું મારા ગળાના શપથ સાથે કહું છું કે, આ મારા બોલવામાં એક અક્ષર માત્ર પણ અસત્ય નથી.[3]

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥ ९ ॥

[હે ધનંજય ! જો તું પોતાના ચિત્તને મારા સ્વરૂપમાં સ્થિર કરવાને સમર્થ ન થઈ શકે એમ હોય, તો અભ્યાસના યોગે મને પ્રાપ્ત કરી લેવાની ઇચ્છા ધરાવ. ૯]

અથવા જો તું મન અને બુદ્ધિસહિત પોતાના ચિત્તને મારામાં સ્થિર કરવાને સમર્થ ન હોય,[4] તો એમ કર કે, આઠ પ્રહરના સમયમાંથી માત્ર એક ક્ષણ જ મન અને બુદ્ધિને મારા પ્રતિ પ્રેર.[5] એથી જેટલીવાર સૂધી તારા મનને મારા સમાગમસુખનો અનુભવ થશે, તેટલીવાર તો તને વિષયની અવશ્ય અરુચિ થશે.[6] પછી, જેવી રીતે શરદૃઋતુનો પ્રારંભ થતાં નદીઓનાં પાણી ઓછાં થવા માંડે છે, તેવી જ રીતે, જેમ જેમ તારું ચિત્ત મારામાં વધારે અને વધારે પરોવાતું જશે, તેમ તેમ તું પ્રપંચથી મુક્ત થતો જઈશ.[7] અથવા જે પ્રમાણે, પૂર્ણિમાથી ચંદ્રબિંબ દિવસે દિવસે ન્યૂન થતું થતું અંતે અમાવાસ્યાએ લુપ્ત થઈ જાય છે,[8] એ જ પ્રમાણે, હે અર્જુન ! તે ચિત્ત ધીમે ધીમે વિષયોપભોગોના ખાડામાંથી નીકળીને અંતે મારારૂપ જ બની જશે.[9] અરે, જેને અભ્યાસયોગના નામથી ઓળખવામાં આવે છે, તે એ જ છે, એમ નિશ્ચયપૂર્વક તું જાણ. એ અભ્યાસયોગવડે પ્રાપ્ત ન થાય, એવી એક પણ વસ્તુ નથી.[110] અભ્યાસના બળથી કોઈ અંતરિક્ષમાં ભ્રમણ કરે છે, કોઈ વ્યાઘ્ર અને સર્પ આદિને પણ નિવર બનાવે છે,[11] કોઈ વિષને પણ પચાવી શકે છે, કોઈ સમુદ્રપર પણ પગવડે ચાલવાનો માર્ગ બનાવી શકે છે અને કોઈ કોઈ તો અભ્યાસના યોગે વેદોને પણ હસ્તગત કરી લે છે.[12] એટલા માટે, અભ્યાસ કરવા છતાં પ્રાપ્ત ન થઈ શકે, એવી તો કોઈ પણ વસ્તુ છે જ નહિ. અર્થાત્ અભ્યાસના યોગથી તું મારામાં જ આવી મળશે.[13]

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १० ॥

[જો તારામાં અભ્યાસ કરવાનું પણ સામર્થ્ય ન હોય, તો મારા ઉદ્દેશથી જ કર્મો કરતો રહે. જો મારા ઉદ્દેશથી કર્મો કરીશ, તોપણ તને મોક્ષપ્રાપ્તિ થશે જ. ૧૦]

અથવા જો તારા અંગમાં અભ્યાસ કરવાની શક્તિ પણ ન હોય, તો તારા આચરણનો જે ક્રમ હોય, તેને તું તે જ પ્રમાણે ચલાવ્યા કર.[૧૪] ઇંદ્રિયોનો નિરોધ કરીશ નહિ, ઉપભોગોને ઓછાઃ કરીશ નહિ અને પોતાના જાતીય અભિમાનને ત્યાગીશ નહિ;[૧૫] પોતાના કુળધર્મ અને કુળાચારોનું યથાસ્થિત પાલન કર્યા કરજે; જે કર્મો કરવાને યોગ્ય હોય તે કરતો રહેજે અને તેમાંએ અયોગ્ય હોય તે કરીશ નહિ. એ પ્રમાણે સુખપૂર્વક વર્ત્તવાની તને સ્વતંત્રતા છે.[૧૬] પરંતુ કાયા, વાચા અને મનથી જે વ્યાપારો થાય, તે વ્યાપારો હું કરું છું, એમ હુંપણાનું અભિમાન કરીશ નહિ.[૧૭] જે પરમાત્મા આ વિશ્વનો ચાલક છે, તે કર્મનો કરનાર કોણ અને ન કરનાર કોણ છે, તે સારી રીતે જાણે છે.[૧૮] અમુક કર્મ ઓછાં થયાં અને અમુક કર્મ વધ્યાં છે, એ વિશે પોતાના મનમાં કદાપિ ખેદ માનીશ નહિ અને પોતાના જીવિતને નિજસ્વરૂપ બનાવી લેજે.[૧૯] જેવી રીતે, માળી લઈ જાય ત્યાં પાણી શાંતિથી ચાલ્યું જાય છે, તે પ્રમાણે તારે મનમાંના કર્તૃત્વના અભિમાનને ત્યાગી દેવા જોઇએ.[૧૨૦] એમ કરવાથી પ્રવૃત્તિ અને નિવૃત્તિનો ભાર બુદ્ધિપર પડતો નથી (અમુક સારું અને અમુક નઠારું એવો ભેદ અવશિષ્ટ રહેતો નથી), અને ચિત્તવૃત્તિ મારામાં અખંડ રહે છે.[૨૧] બાકી હે અર્જુન! માર્ગ સરળ છે કે વક્ર છે, એ વિશે રથને કશી પણ ચિન્તા હોય છે ખરી? ના. તે તો જ્યાં તેને લઈ જઇએ ત્યાં ચાલે છે;[૨૨] તે જ પ્રમાણે, જે જે કર્મ તું કરે, તે કર્મો થોડાં અથવા તો વધારે છે, એમ મનમાં ન લાવતાં એક નિષ્ઠાથી મને અર્પી દે.[૨૩] હે અર્જુન! એવી રીતે જે સર્વ કર્મો વિશેની મારામાં જ ભાવના ધરવાથી (સર્વ કર્મો મને જ અર્પણ કરવાથી) શરીરના ત્યાગ પછી તું મારા પદને જ પામીશ.[૨૪]

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

[હવે એટલું કરવામાં પણ જો તું અસમર્થ હોય, તો મનનો સંયમ કર; અને અનન્ય ભાવથી મારે શરણે આવીને સર્વ કર્મોનાં ફળોનો ત્યાગ કરી દે. ૧૧]

અથવા, હે પાંડુકુમાર! જો તારાથી કર્મો પણ મને અર્પણ કરી શકાય તેમ ન હોય, અર્થાત્ હું કરું છું, હું કરું છું, એવું અભિમાન જો છોડી શકાતું ન હોય, તો તું આ માર્ગનો સ્વીકાર કર.[૨૫] કર્મ કરવામાં ઉદ્યુક્ત–પ્રવૃત્ત–કરનારી જે બુદ્ધિ, તેના પ્રારંભમાં અથવા અંતમાં અથવા કર્મના આરંભમાં કે અંતમાં, મારું સ્મરણ કરવાનું રાખ, અર્થાત્ કર્મ કરતાં જે હુંપણાનું અભિમાન છે તે ન જઈ શકતું હોય અને તે જો તને કઠિન ભાસતું હોય;[૨૬] તો મારું વારંવાર સ્મરણ કરવાના વ્યવસાયને પણ એક કોરણે રહેવા દે; પરંતુ ઇન્દ્રિયનિગ્રહ કરવામાં તું પોતાની બુદ્ધિનો વિનિયોગ કર;[૨૭] અને જે જે વેળાએ જે જે કર્મો બને, તે સર્વ કર્મોનાં ફળોની આશાને મનમાં સ્થાન ન આપીશ.[૨૮] જેવી રીતે વૃક્ષ કિંવા લતા પોતાને ફળો આવેલાં હોવા છતાં તેમની આશા ન રાખતાં તેમને નાખી દે છે; તે જ પ્રમાણે, જે જે કર્મો પૂર્ણ થાય, તે સર્વના ફળની આશાનો તું ત્યાગ કરી દે.[૨૯] પરન્તુ મને મનમાં સ્મરીને અથવા તો મને ઉદ્દેશીને કાંઈ પણ કર્મો કરવાની ખટપટમાં ન પડતાં, સર્વ કર્મોને નિષ્ફળ જ થવા દે–કર્મના ફળની આશા જ ન કર, પણ જે કર્મ કરે તે નિષ્કામપણાથી–હું કરું છું એવા અભિમાનનો ત્યાગ કરી કર.[૧૩૦] જેવી રીતે ખડક-પર વૃષ્ટિ થાય છે અથવા અગ્નિમાં બીજ રોપવામાં આવે તો તે નિષ્ફળ જ થાય છે, તે જ પ્રમાણે, પોતાનાં કરેલાં સર્વ કર્મોને તું સ્વપ્નવત્ માની લે.[૩૧] અરે, જેવી રીતે પિતા પોતાની

કર્માની અભિલાષા ધરાવતો નથી, તે જ પ્રમાણે, તું જે જે કર્મો કરે, તેની ફળપ્રાપ્તિની ઇચ્છા કરીશ નહિ.[૩૨] જેવી રીતે, અગ્નિની જ્વાળા આકાશમાં વ્યર્થ થાય છે, તે જ પ્રમાણે, કર્મોથી ઉત્પન્ન થતાં ફળોને વ્યર્થ થવા દે.[૩૩] હે અર્જુન! કર્મો કરીને તેનાં ફળોની ઇચ્છા ન કરવી, એ જો કે સામાન્ય માર્ગ ભાસે છે; છતાં પણ એ યોગ, સર્વ યોગોમાં અતિશય શ્રેષ્ઠ છે.[૩૪] એ પ્રમાણે કર્મો કરીને તેમનાં ફળોને ત્યાગવાથી તે કર્મો પુનર્જન્મમાં કારણભૂત થતાં નથી. જેવી રીતે વાંસ એકવાર ફળદ્રૂપ થવા પછી બીજીવાર ફળદ્રૂપ થતો નથી,[૩૫] તેવી જ રીતે આ દેહની (આ જન્મમાં જ, પુનરપિ) દેહ ધરવાની ક્રિયા સમાપ્ત થઈ જાય છે! કિંબહુના, જન્મમરણના બંધનમાંથી સદાને માટે મુક્તિ મળી જાય છે.[૩૬] પરંતુ, હે અર્જુન! અભ્યાસના યોગે જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનની પ્રાપ્તિ થતાં ધ્યાન ધારી શકાય છે.[૩૭] ત્યારપછી સર્વ મનોવૃત્તિઓ ધર્મ ધ્યાનને આલિંગન આપે છે અને તે વેળાએ કર્મો પોતાની મેળે જ દૂર રહી જાય છે.[૩૮] જ્યારે કર્મ પોતાની મેળે જ દૂર રહે છે, તે વેળાએ પછી ફળની ઇચ્છાનો પણ લોપ થાય છે; અને એમ થતાં સર્વ શાંતિ આપણને આધીન થાય છે.[૩૯] એટલા માટે, હે સુભદ્રાના પતિ! શાંતિની ઉત્પત્તિનો કેવળ આ એક જ માર્ગ છે; એટલે તારે પ્રથમ મારી ભક્તિનો અભ્યાસ તો કરવો જ જોઇએ.[૪૦]

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १२ ॥

[અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે; જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે; અને ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ શ્રેષ્ઠ છે; કારણ કે, કર્મફળના ત્યાગથી શાંતિ પ્રાપ્ત થાય છે. ૧૨]

વળી, હે પાર્થ! અભ્યાસ કરતાં જ્ઞાન કઠિન છે અને જ્ઞાન કરતાં ધ્યાન વળી વધારે કઠિન છે.[૪૧] અને ત્યાર પછી કર્મોનાં ફળોની ઈચ્છાનો ત્યાગ કરવો, એ વળી ધ્યાન કરતાં પણ વિશેષ કઠિન છે-તેમ તે ઉત્તમ છે અને કર્મના ત્યાગ કરતાં પણ બ્રહ્મરૂપ પ્રાપ્તિનું સુખ વિશેષ ઉત્તમ છે; અર્થાત્ બ્રહ્મપ્રાપ્તિ કરવી વધારે કઠિન છે.[૪૨] હે મહાવીર! એ પ્રમાણે બ્રહ્મરૂપ પ્રાપ્તિના માર્ગે કરી જે શાંતિની પ્રાપ્તિ કરી લે છે,[૪૩]

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३ ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १४ ॥

[જે કોઇનો પણ દ્વેષ કરતો નથી, જે સર્વ ભૂતોનો મિત્ર છે, દયાળુ છે, મમત્વશૂન્ય છે, સુખ તથા દુઃખ જેને સમાન છે અને જે ક્ષમાવાન્ છે; જે સર્વદા સંતુષ્ટ છે, સ્થિરચિત્ત છે, જેના મનનો સંયમ થયેલો છે, જેનો નિશ્ચય બલવાન્ છે અને જેણે પોતાનાં મન તથા બુદ્ધિ મને અર્પણ કરી દીધાં છે, એવો જે મારો ભક્ત, તે મને પ્રિય છે. ૧૩-૧૪]

તેના મનમાં ભૂત માત્ર વિશેનો દ્વેષ-નામમાત્રનો પણ હોતો નથી, કેમકે તેની સર્વત્ર સમદૃષ્ટિ હોય છે. ચૈતન્યને-આત્માને-જેવી રીતે સ્વ-મારો અને પર-પારકો, એવા ભાવનો વિકાર હોતો નથી;[૪૪] પૃથ્વી જેવી રીતે ઉત્તમ મનુષ્યનો ભાર સહન કરવો અને અધમનો

ભાર સહન કરવો નહિ, એવો ભેદભાવ ધરાવતી નથી;[૪૫] કૃપાવંત પ્રાણોને રાજાના દેહમાં રહેવું અને રંકના દેહમાં ન રહેવું એમ ભાસતું નથી;[૪૬] પાણી, ગાયની તૃષાને શાંત કરવાનો અને વાઘને વિષરૂપ થઇ મારી નાંખવાનો મનોભાવ કરતું નથી;[૪૭] તે જ પ્રમાણે, પ્રાણીમાત્રમાં જેની સમાન મૈત્રી છે અને જે પોતે જ કૃપાને આધારભૂત થતો હોય છે,[૪૮] તથા હું અને મારું, એવા ભાવો જેના મનમાં ઉદ્ભવતા નથી, તેમ જ સુખ અને દુઃખનો પણ જેના મનને સ્પર્શ થતો નથી;[૪૯] તેમ ક્ષમાશીલતામાં જેની યોગ્યતા પૃથ્વી સમાન છે અને સંતોષને રહેવા માટે જેણે પોતાના ખોળામાં સ્થાન આપેલું છે;[૧૫૦] વર્ષાઋતુ વિના પણ સમુદ્ર નિત્ય જેવી રીતે પાણીથી ભરેલો જ હોય છે, તેવી જ રીતે આનંદના ઉપચારો કર્યાવિના જ જે નિત્ય સહજ આનંદમાં–નિજાનંદમાં–નિમગ્ન હોય છે;[૫૧] જે પોતાના મનને પોતાના શપથ આપીને જ પોતાને અધીન રાખે છે; અને જેના મનના નિશ્ચયને, નિશ્ચયના બળથી સત્યતા પ્રાપ્ત થાય છે;[૫૨] જેનાં હૃદયમંદિરમાં જીવ અને પરમાત્મા એક જ આસને વિરાજમાન થાય છે;[૫૩] એવી રીતે યોગસંપત્તિથી પૂર્ણતાને પ્રાપ્ત થઇને, જે, મન તથા બુદ્ધિ મને અર્પી દે છે;[૫૪] અને અંતરમાં ધ્યાનયોગ તથા બાહ્ય અષ્ટાંગયોગવડે સિદ્ધ થવા છતાં પણ જે પ્રેમપૂર્વક મારામાં પ્રીતિ રાખે છે–મારામાં જ તલ્લીન થાય છે;[૫૫] હે અર્જુન ! તે જ ભક્ત, તે જ યોગી અને તે જ મુક્ત છે ! વિશેષ શું કહું? જાણે તે સ્ત્રી અને હું તેનો પતિ હોઉં? એટલો બધો તે મને પ્રિય છે.[૫૬] પણ છટ્ ! છટ્ ! એમ નહિ; તે તો મારા જીવ કરતાં પણ મને વધારે પ્રિયકર છે. રે! આ દૃષ્ટાંત પણ આ સ્થળે ન્યૂનતાદર્શક જ કહી શકાય.[૫૭] ખરી રીતે જોતાં પ્રિયકરની વાર્ત્તા તે કેવળ ભ્રમમાં નાંખનારી વાર્ત્તા જ છે–એટલે કે એ વાર્ત્તા બોલી બતાવવા જેવી ન હોવા છતાં પ્રિયતા જ આપણા મુખથી એ વાર્ત્તાનો ઉચ્ચાર કરાવે છે;[૫૮] અને એથી જ હું એને સહજ એવી ઉપમા આપી ગયો ! શું પ્રેમનું વર્ણન કદાપિ કરી શકાયું છે ખરું ?[૫૯] પણ હે અર્જુન ! આ સર્વ વાતોને હવે એક બાજૂએ રહેવા દે; કારણ કે, પ્રિય મનુષ્ય વિશેની વાત નીકળતાં તે વિશેની પ્રિયતા બમણી, નારે, ચોગણી વધી જાય છે.[૧૬૦] એવામાં વળી જો તે વાતને સાંભળનારો પણ પ્રેમી જ મળી આવે, તો તો પછી તેના માધુર્યને શાની ઉપમા આપવી, એનો પણ નિર્ણય થવો કઠિન થાય છે.[૬૧] અર્થાત્ હે અર્જુન ! તું જ મારો પ્રિય હોઇને પ્રિયતાની વાર્ત્તાનો શ્રોતા પણ તું જ છે; અને અધૂરામાં પૂરું, વળી મારા પ્રિય ભક્ત વિશેની વાર્ત્તા જ તારી આગળ બોલી બતાવવાનો પ્રસંગ આવ્યો,[૬૨] એટલે હવે જે કાંઇ પણ થવાનું હોય તે થાય, પણ હું તો બોલું જ છું અને આમ બોલવાને પ્રસંગ મને પ્રાપ્ત થવાથી હું મારાં અહોભાગ્ય જ સમજું છું!" એમ બોલીને દેવ હર્ષથી ડોલવા લાગ્યા.[૬૩] પછી તેઓ કહેવા લાગ્યા કેઃ–જેમને હું મારા હૃદયમાં ભરી રાખું છું, તેમનાં લક્ષણો શાં છે તે સાંભળ.[૬૪]

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १५ ॥

[જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી અને લોકોના સમાગમથી જેને સંતાપ થતો નથી; તેમ જ વિષયસંબંધી આનંદ, ક્રોધ, અને ત્રાસ એ સર્વથી જે મુક્ત હોય છે, તે મને પ્રિય છે. ૧૫]

જેવી રીતે સમુદ્ર ક્ષુબ્ધ થાય, તોય જલચરો તેથી ભયભીત થતાં નથી અને જલચરોનો સમુદાય ઘણો જ વધી જવા છતાં સમુદ્ર તેથી કંટાળતો નથી;[૬૫] તેવી જ રીતે, ઉન્મત્ત જગતનો જેને ખેદ ભાસતો નથી અને જેના સમાગમથી લોકોને પણ ત્રાસ થતો નથી.[૬૬] વધારે શું કહું દેહ જે પ્રમાણે અવયવોથી કંટાળતો નથી, તે જ પ્રમાણે હું સર્વનો જીવ છું, એમ માનીને જે

પ્રાણિમાત્રથી કંટાળતો નથી;[૬૭] જગત્ જેનું શરીર બનવાથી જેને પ્રિય અને અપ્રિય વાર્ત્તા, એવો ભેદ રહેતો નથી, અને એવી રીતે દ્વૈતભાવનો લોપ થતાં જેનામાંના આનંદ અને કોપ આદિ વિકારોનો પણ લોપ થાય છે;[૬૮] એ પ્રમાણે, સુખ દુઃખની જેને બાધા થતી નથી; જે ભય અને ઉદ્વેગ ઇત્યાદિથી રહિત હોય છે અને એટલી બધી સ્થિતિ પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ જો તે મારી ભક્તિ કરતો જ હોય;[૬૯] તો તેની મને બહુ જ પ્રિયતા હોય છે. તે પ્રેમનું હું શું વર્ણન કરું વારુ? એટલું જ નહિ પણ, તે મારા પ્રાણોનો પણ પ્રાણ છે.[૧૭૦] જે આત્માનંદવડે તૃપ્ત થયેલો છે અને રૂપાન્તર કરીને જે જન્મને પ્રાપ્ત થયો છે, તે પૂર્ણતારૂપ તરુણ પ્રમદાનો પતિ જ છે![૭૧]

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६ ॥

[મારો જે ભક્ત નિસ્પૃહ, અંતર્બાહ્ય, પવિત્ર, દક્ષ, ઉદાસીન, નિર્ભય અને ફળની ઇચ્છાથી કોઈ પણ કર્મ ન કરનારો હોય છે, તે મને પ્રિય છે. ૧૬]

તેનામાં–મારા તે ભક્તમાં, હે અર્જુન! ઇચ્છાનો સર્વથા અભાવ હોય છે અને તેની વૃત્તિમાં નિરંતર સુખની વૃદ્ધિ જ થયા કરે છે.[૭૨] મોક્ષની પ્રાપ્તિ માટે કાશીક્ષેત્ર પ્રખ્યાત છે; પરંતુ તે ક્ષેત્રમાં શરીરનો ત્યાગ કર્યા વિના મોક્ષ મળતો નથી.*[૭૩] હિમાલય પર્વતમાં જવાથી દોષો ધોવાઇ જાય છે, પરંતુ ત્યાંની ઠંડી હવા માફક ન આવવાથી જીવની હાનિ થાય છે; પરંતુ જેઓ સજ્જન છે, તેમના સમાગમથી જીવની હાનિ ન થતાં પવિત્રતા જ પ્રાપ્ત થાય છે.[૭૪] બીજાને પાવન કરતી હોવાથી ગંગા પવિત્ર છે અને તેના જળમાં સ્નાન કરવાથી પાપ તથા મનના તાપ દૂર થાય છે; પરંતુ તેના જળપ્રવાહમાં ડૂબી જવાની ભીતિ હોય છે;[૭૫] તેજ પ્રમાણે ભક્તિરૂપ નદીની ઊંડાઇ જો કે અપાર છે, તો પણ જે મનુષ્ય તે માર્ગમાં સંચાર કરે છે, તે કદાપિ ન ડૂબતાં અને તેના પ્રાણની હાનિ ન થતાં તેને અવિચ્છિન્ન મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૭૬] જે સંતોના સમાગમથી ગંગાના પાતકોનો પણ નાશ થાય છે, તે સંતોના સમાગમથી પવિત્રતા પ્રાપ્ત થશે કે નહિ, એવો સંશય રાખવો વ્યર્થ અને નિષ્કારણ છે.[૭૭] અર્થાત્ જે સાધુ છે, તે પોતાની પવિત્રતાથી તીર્થને પણ આશ્રયભૂત થઇને મનના સર્વ વિકારોને દશદિશામાં વિખેરી નાખે છે.[૭૮] તે સૂર્ય પ્રમાણે અંતર્બાહ્ય નિર્મળ હોઇને પગીને જેવી રીતે દ્રવ્યને જોવાની દૃષ્ટિ હોય છે, એટલે ભૂમિમાં દ્રવ્ય કયાં છૂપાવ્યું છે, તે પોતાની દૃષ્ટિથી પ્રત્યક્ષ દેખાય છે, તેવી રીતે તેને બ્રહ્મતત્ત્વ પ્રત્યક્ષ દેખાય છે.[૭૯] જેવી રીતે આકાશ સર્વવ્યાપ્ત હોઇને અલિપ્ત છે; તેજ પ્રમાણે, જેનું મન સર્વવ્યાપક છે, તે કશાથી પણ લિપ્ત થતું નથી.[૧૮૦] જેવી રીતે પારધીના હાથમાંથી છૂટી જવા પછી પક્ષી નિર્ભય થાય છે, તેવી જ રીતે જે સંસારની ચિન્તાથી દૂર થઇને નિરિચ્છ બનેલો હોય છે;[૮૧] મરી ગયેલા માણસને પોતાનું શરીર નાગું પડેલું હોવાની લજ્જા હોતી નથી, તે જ પ્રમાણે જે નિત્ય સુખી છે અને જેને સારા કે નઠારાની પરવા હોતી નથી;[૮૨] અને કોઇ પણ કર્મનો આરંભ કરવા પૂર્વે જેના મનમાં કર્તૃત્વનું અભિમાન જરાપણ વસતું નથી;[૮૩] જેવી રીતે અગ્નિ સર્પણના અભાવે પોતાની મેળે જ બુઝાઇ જાય છે; તેવી જ રીતે મોક્ષ પ્રાપ્તિ માટેનાં કહેલાં અંગોમાંનું ઉપશમ (શાંતિ) નામક અંગ, જેના ભાગમાં આવ્યું છે;[૮૪] હે અર્જુન! એવી રીતે આત્મસ્વરૂપવડે ઓતપ્રોત ભરેલો પુરુષ દ્વૈતની પેલી બાજૂના તીરતરફ નીકળી

* તાત્પર્ય કે કાશીક્ષેત્ર પવિત્ર છે, પણ તે પવિત્ર છે, તેથી ત્યાં સ્વાભાવિક મરણ થાય છે, તો મોક્ષ થતો નથી; પણ 'કાશી કરવત મૂકાવી' મરણ પામે, અને મોક્ષ માંગી લે, ત્યારે કેટલેક જન્મે મોક્ષ મળે છે.

જાય છે;[૯૫] અથવા તો ભક્તિથી ઉત્પન્ન થતા સુખ માટે પોતે પોતાની બે સ્થળે વ્હેંચણી કરીને એક ભાગનું નામ 'સેવક' રાખે છે,[૯૬] અને સેવકથી જે ભિન્ન બીજો ભાગ હોય છે તેનું 'દેવ' નામ રાખીને, જે ભક્તિ ન કરનારા લોકોને, ભક્તિમાર્ગનું આચરણ કરી બતાવે છે,[૯૭] તેના જ ઉપર મને પ્રીતિ હોય છે. તેને જ મારા નિજ સ્વરૂપનું ધ્યાન થાય છે. કિંબહુના, જ્યારે તે મને આવી મળે છે ત્યારે જ મારા મનનું સમાધાન-આનંદ થાય છે.[૯૮] તેને જ માટે મારે આ અવતારો ધારણ કરવા પડે છે; તેને માટે જ મારે આ સ્થાનમાં નિવાસ કરવો પડે છે; અને તેનાપરથી હું મારા પંચ પ્રાણ ઓવારી નાખું છું; અર્થાત્ તે એટલો બધો મને પ્રિયતમ હોય છે.[૯૯]

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥ १७ ॥

[જે ઇષ્ટ વસ્તુના લાભથી આનંદ માનતો નથી, તે ન મળવાથી ખેદ માનતો નથી, તેનો વિયોગ થતાં શોક કરતો નથી અને તેની પ્રાપ્તિની ઇચ્છા ધરાવતો નથી, તેમ જ શુભાશુભ કર્મોનો ત્યાગ કરે છે અને મારી ભક્તિ કરે છે, તે મને પ્રિય છે. ૧૭]

જે આ વિશ્વના બીજા કોઇ પણ પદાર્થ અર્થાત્ સુખ પણ, બ્રહ્મપ્રાપ્તિના લાભ સમાન ઉત્તમ માનતો નથી, તેને કોઇપણ વિશેષ ઉપભોગના યોગથી આનંદ થતો નથી.[૧૯૦] જે પોતે જ બ્રહ્મ થવાથી દ્વૈતભાવને સહજ ભૂલી જાય છે, અને તેથી જે પુરુષના મનમાંથી દ્વેષનો લોપ થયેલો હોય છે;[૯૧] પોતાની જ વસ્તુ છે તેનો કલ્પાંતે પણ નાશ થવાનો નથી, એવો મનમાં જેને દૃઢ નિશ્ચય છે અને જે ગત વાર્તાનો શોક કરતો નથી;[૯૨] આ જગતમાં સ્વરૂપ કરતાં બીજી કોઇપણ ઉત્તમ વસ્તુ નથી અને તે ઉત્તમ વસ્તુ જે પોતેજ બની રહેલો છે, તેથી જે બીજી કોઇ પણ વસ્તુની ઇચ્છા કરતો નથી;[૯૩] જેને કાંઇ સારું કે નઠારું ભાસતું જ નથી; સૂર્યને રાત્રિ અને દિવસનો ભેદ હોતો જ નથી,[૯૪] તે પ્રમાણે કેવળ જ્ઞાન સ્વરૂપ હોઇને પણ પોતાનો કાળ* ભજનમાં વ્યતીત કરે છે,[૯૫] તે ભક્ત કરતાં બીજી કોઇપણ વસ્તુ મને વધારે પ્રિય નથી, એ હું તારા ગળાના સમ ખાઇને ખરેખર કહું છું.[૯૬]

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥ १८ ॥

---

* શબ્દ વિષયની સર્વ મહત્તાઓ કરતાં પ્રભુનામ સ્મરણ અથવા હરિકથા શબ્દમય હોવાથી તેને વિશેષ ઉત્તમ માનવામાં આવે છે અને તે સર્વથા યોગ્ય જ છે. નીતિનું શિક્ષણ શબ્દવડે જ આપી શકાય છે અને નીતિનો પસાર પણ શબ્દવડે જ કરી શકાય છે. પૂર્વે આપણામાં પ્રભાતમાં ઉઠીને પ્રભાતિયાં ગાવાનો, તે બાળકો પાસેથી ગવડાવવાનો અને પ્રાતઃસ્મરણ કરવાનો સંપ્રદાય હતો. વૃદ્ધ અને અવકાશવાળા મનુષ્યો દેવાલયોમાં જઇને કથાશ્રવણ કરતા હતા અને ત્યાં તેઓ પોતાના અલ્પ વયના બાળકોને પણ એટલા માટે સાથે લઇ જતા કે બાલ્યકાળથીજ ધાર્મિક સંસ્કારોવડે તેમનાં અંતઃકરણો સંસ્કૃત થાય. રાત્રે પણ બહુધા ઘેર ઘેર એ પ્રભુકથા અને પ્રભુકીર્તનની જ ચર્ચા ચલાવવામાં આવતી હતી. પરંતુ અત્યારે સર્વ પ્રકાર બદલાઇ ગયેલો જ જોવામાં આવે છે. પ્રભાતિયાં અને પ્રાતઃસ્મરણનું સ્થાન વર્તમાનપત્રોના વાચને લઈ લીધું છે અને નીતિભ્રષ્ટતાના પ્રસારનો પોકાર થવા માંડ્યો છે. પૂર્વે નીતિશિક્ષણ, શાળામાં અપાતું નહોતું, કિન્તુ તે શિક્ષણ ઘરમાં જ મળતું હતું અને હવે શાળામાં કદાચિત્ તે અપાય, તોય ગૃહમાંના નીતિશિક્ષણની બરાબરી તો તેથી કરી શકાવાની નથી તે નથી જ. ઉપર્યુક્ત સંપ્રદાયનો જો પુનઃ પ્રારંભ કરવામાં આવે, તો બાળકોની નીતિભ્રષ્ટતા વિશેની ચિન્તા સહજ ટળી જાય એમ છે. બાળકોના અંતઃકરણરૂપ દર્પણમાં વડિલોનું વર્તન પ્રતિબિંબિત થાય છે- બાળકો પોતાના વડિલોનાં વર્તનની મૂર્તિ જ બને છે, એ ભૂલવું જોઇતું નથી. ક્ષત્રિય જાતિ નષ્ટ થઇ છે; બ્રાહ્મણ

[જે શત્રુ અને મિત્ર સાથે સમાનતાથી વર્ત્તે છે; માન અને અપમાનને સમાન માને છે; શીત તથા ઉષ્ણુ અને સુખ તથા દુઃખને એક સરખાં જ સમજે છે; જેની કોઈ પણુ વસ્તુમાં આસક્તિ હોતી નથી; ૧૮]

હે પાર્થ ! જેના મનમાં વક્રતાનો વિચાર માત્ર પણુ નથી હોતો અને જે શત્રુ તથા મિત્રને સમાન માને છે;[૯૭] અથવા હે અર્જુન ! પોતાના ગૃહના લોકોને જ પ્રકાશ આપવો અને બીજાઓને અંધકારમાં અથડાવા દેવા, એ ભેદભાવને દીપક જેમ જાણુતો નથી;[૯૮] વૃક્ષ પોતાના આરોપણુકર્ત્તા અને વધકર્ત્તાને છાયાનો એક સરખો જ પ્રસાદ આપે છે;[૯૯] અથવા શેરડી, તેને જલસિંચનથી વધારનારને મિષ્ટ અને તેને સંચામાં નાખી પીલનારને કટુ સ્વાદ આપતી નથી;[૧૦૦] તે જ પ્રમાણે, હે અર્જુન ! જેના મનમાં આ શત્રુ અને આ મિત્ર એવો ભેદભાવ હોતો નથી અને જે માન તથા અપમાનમાં સમબુદ્ધિ ધરાવે છે;[૧] આકાશ જેમ* ત્રણે ઋતુમાં સમાન હોય છે, તેમ જે શીતકાલ અને ઉષ્ણુ કાલને એક સરખા જ માને છે;[૨] હે અર્જુન ! મેરુપર્વત જેવી રીતે દક્ષિણુ અને ઉત્તર ઉભય દિશાના વાયુને સમાન જ માને છે; તેવી રીતે સુખ કે દુઃખ પ્રાપ્ત થતાં જે પોતાના મનની સમતાને ડગમગવા દેતો નથી;[૩] રાજાથી તે રંકપર્યંત સર્વને ચંદ્રિકા, એક સરખી સુખકર હોય છે, તે પ્રમાણે જે પ્રાણિ માત્રને સમાન માને છે;[૪] સર્વ જગતને જળ, જેમ સમાન સેવ્ય છે, તે પ્રમાણે જેની ત્રણે લોકો ઇચ્છા કરે છે;[૫] જે અંતર્બાહ્ય ઉદ્ભવતા વિષયોના સંબંધને, તેમ જ ભવિષ્યમાં પ્રાપ્ત થનારા સંબંધને ત્યાગી દે છે અને એકાંતમાં રહીને પોતાના મનને પોતાના મનમાં જ સ્થિર કરી સુખ માને છે;[૬]

तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥ १९ ॥

[જેને નિન્દા અને સ્તુતિ સમાન છે; જે મૌન ધારણ કરી રહે છે; યદૃચ્છાથી જે કાંઈ મળે તેમાં જ સંતુષ્ટ હોય છે; જેનું કોઇ પણુ સ્થાન નિશ્ચિત હોતું નથી; જેની બુદ્ધિ સ્થિર હોય છે અને મારી ભક્તિ કરે છે, તે મનુષ્ય મને પ્રિય છે. ૧૯]

બીજા કોઇએ તેની નિન્દા કરી હોય, તો તેથી જે ક્રોધિષ્ટ થતો નથી અને પોતાની સ્તુતિ સાંભળીને પોતાને જે ધન્ય ધન્ય માનતો નથી; જેવી રીતે આકાશ સર્વવ્યાપક હોવા છતાં તેને કશાનો પણુ સંસર્ગ થતો નથી,[૭] તે જ પ્રમાણે, નિન્દા અને સ્તુતિની એક સરખી ગણુના કરીને જે પ્રપંચમાં-સંસારમાં રહ્યો હોય અથવા પરમાર્થમાં-અરણ્યમાં રહ્યો હોય તો પણુ પોતાની વૃત્તિને સમાન રાખીને જ વર્ત્તે છે;[૮] ખરું તેમ જ ખોટું ભાષણુ મુખમાંથી નીકળવા છતાં, સંકલ્પવૃત્તિનો અભાવ હોવાથી, જેના મૌનનો ભંગ થતો નથી અને બ્રહ્મસ્થિતિના ઉપભોગ વિલાસથી જે કદાપિ દૂર જતો નથી;[૯] જેવી રીતે વૃષ્ટિ ન થવા છતાં સમુદ્ર સૂકાતો

વર્ગ પોતાના કર્મકાંડ ભૂલી ગયા છે-વિશ્વદેવ કરવાનું પણુ ઘણા બ્રાહ્મણોને જ્ઞાન નથી; વૈશ્યો શૂદ્રરૂપ છે અને નૂતન નૂતન પંથો ને સંપ્રદાયના નૂતન પ્રકારના પ્રેમઘેલા બન્યા છે; આશ્રમ ધર્મના જ્ઞાન વગર આ રીતની સાંપ્રત આર્યોની સ્થિતિ છે.

* વૈદ્યક શાસ્ત્ર અને સાહિત્ય શાસ્ત્રમાં વર્ષની છ ઋતુઓ કહેલી છે અને તે પ્રત્યેક ઋતુનો અવધિ બબ્બે માસનો કહેલો છે. તે ઋતુઓનાં નામો આ પ્રમાણે છે:-ગ્રીષ્મઋતુ, વર્ષાઋતુ, શરદ્‌ઋતુ, હેમન્તઋતુ, શિશિરઋતુ અને વસંતઋતુ. છતાં સાધારણુ રીતે શરદ્‌ઋતુ (શિયાળો,) ગ્રીષ્મઋતુ (ઉન્હાળો) અને વર્ષાઋતુ (ચોમાસું) એ ત્રણુ ઋતુઓ મુખ્ય મનાતી હોવાથી અને બીજી ત્રણુ ઋતુઓનો આ મુખ્ય ત્રણુ ઋતુઓમાં અંતર્ભાવ થઇ જતો હોવાથી જ્ઞાનેશ્વરે અહીં ફક્ત ત્રણુ ઋતુનો જ ઉલ્લેખ કરેલો છે.

નથી, તે જ પ્રમાણે પોતાની ઇચ્છાનુસાર બનાવ બની આવ્યા છતાં જે સંતોષ માનતો નથી અને ઇચ્છાવિરુદ્ધ ઘટનાથી વિષાદ માનતો નથી;[૨૧૦] અને જે પ્રમાણે, વાયુના નિવાસનું એક જ સ્થાન હોતું નથી, તે જ પ્રમાણે જે કોઈ પણ એક વિશિષ્ટ સ્થાનમાં આશ્રય કરીને રહેતો નથી;[૧૧] જેવી રીતે વાયુ આકાશમાં નિત્ય સર્વત્ર વસે છે, તે પ્રમાણે સમસ્ત જગત્ જેનું વિશ્રાંતિસ્થાન થયેલું છે;[૧૨] આ વિશ્વ જ મારું ઘર છે, એવો જેનો દૃઢ નિશ્ચય થયેલો છે, કિંબહુના, જે પોતે જ સ્થાવરજંગમ વિશ્વરૂપ બની ગયેલો છે;[૧૩] અને, હે અર્જુન ! એવી પૂર્ણતાને પહોંચેલો હોવા છતાં પણ જેની મારા ભજનમાં પૂર્ણ ઇચ્છા રહેલી છે, તેને હું મારા મસ્તકના મુકુટ પ્રમાણે ધારણ કરું છું.[૧૪] જે ઉત્તમ પુરુષ છે, તેની આગળ મસ્તક નમાવવું, એમાં કોઇ આશ્ચર્ય પામવા જેવું નથી ! પરંતુ ત્રણે લોકો જેનાં ચરણોનું તીર્થોદક લઇને પોતાને ધન્ય માને છે, એવો જે હું તે, તેને મારા મસ્તક ઉપર ધારણ કરું છું.[૧૫] અર્થાત્ જેની મારામાં પૂર્ણ શ્રદ્ધા છે, તેનો આદરસત્કાર કેવા પ્રકારે કરવો જોઇએ, એનું રહસ્ય જો શ્રી શંકર ગુરુ થાય તો જ સમજવામાં આવી શકે એમ છે.[૧૬] પરંતુ હવે આ વાતને રહેવા દે. કારણ કે, જો શ્રી શંકરનું વર્ણન કરીશું, તો તે પોતાની સ્તુતિ–આત્મશ્લાઘા–કર્યા સમાન જ થઈ પડશે.[૧૭] એટલા માટે શ્રીકૃષ્ણ કહે છે કેઃ–હે અર્જુન ! એ દૃષ્ટાંત આ સ્થળે યથાયોગ્ય નથી; રહસ્ય સમજ કે, હું મારા ભક્તોને એવી રીતે મારા મસ્તકે ધારણ કરું છું.[૧૮] તે પુરુષ મોક્ષનામના ચતુર્થ પુરુષાર્થ સિદ્ધિને હસ્તમાં ધારણ કરી ભક્તિના માર્ગમાં ચાલીને જગતને ભક્તિનો પાઠ ભણાવતો હોય છે;[૧૯] તે બ્રહ્મપ્રાપ્તિનો પૂર્ણ અધિકારી હોવા છતાં, મોક્ષની બાંધ છોડ કરે છે; પરંતુ તે પાણી પ્રમાણે નમ્ર જ* હોય છે.[૨૨૦] અને એટલા માટે જ તેને હું નમસ્કાર કરું છું અને મારા પોતાના મસ્તક ઉપર ધારણ કરું છું, અને તેના લત્તાપ્રહારને વત્સલાંછન ચિહ્ન તરીકે હું મારા હૃદયપર રાખી રહું છું.[૨૧] તેના ગુણરૂપી અલંકારો હું મારી વાણીને ધારણ કરાવું છું, તેના ગુણાનુવાદ ગાઉં છું અને તેના કીર્તિરૂપ અલંકાર કર્ણોને ધારણ કરાવું છું, એટલે કે જો કોઇ તેનાં યશોનું ગાન કરે તો તેનું હું આનંદથી શ્રવણ કરું છું.[૨૨] એવા જે મારા ભક્તો છે, તેમને જોવાની આકાંક્ષામય ઉત્કંઠા થવાથી હું નેત્રરહિત હોવા છતાં અવતાર ધારણ કરીને પણ તેનાં દર્શનનો લાભ મેળવું છું; અને નિત્ય મારા હસ્તમાંનાં કમળવડે તેનું પૂજન કરું છું.[૨૩] મારા બે હાથની ઉપર બીજા બે હાથ ધારણ કરીને તેમને આલિંગન આપવા માટે જ હું અવતરું છું ને અવતર્યો છું.[૨૪] તેમની સંગતિના સુખાતિશયથી હું પોતે નિરાકાર હોવા છતાં પણ મને દેહ ધારણ કરવો પડ્યો છે. વધારે શું કહું ? તેઓ મારા જીવ કે પ્રાણ જ છે.[૨૫] તેઓ જ એકલા મારા પરમ મિત્રો છે, એમ કહું તો તેમાં અતિશયોક્તિ શી છે ? માત્ર એટલું જ નહિ, પણ જેઓ તેમનાં ચરિત્રોનું શ્રવણ કરે છે,[૨૬] અને જેઓ મારા ભક્તોનાં ચરિત્રોની જ પ્રશંસા કરે છે, તેઓ પણ મને મારા પ્રાણ કરતાં વિશેષ પ્રિયકર લાગે છે.[૨૭] હે અર્જુન ! તને મેં જે આ યોગ, પૂર્ણતાથી કહી સંભળાવ્યો, તે ભગવત્પ્રાપ્તિના ઉપાયથી ભરેલો પૂર્ણ 'ભક્તિયોગ' જ છે.[૨૮] જે યોગની સ્થિતિ આવી અને આટલી બધી મહત્તાવાળી છે, જેનામાં હું પ્રીતિ રાખું છું અને જેને મારા પોતાના મનમાં અને મસ્તક ઉપર ધારણ કરું છું;[૨૯]

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २० ॥

* જળનો પ્રવાહ નીચા પ્રદેશ તરફ વળશે, પણ તેનો પ્રવાહ ઉચ્ચ પ્રદેશ તરફ વળતો નથી.

[પણ મારામાં શ્રદ્ધા રાખીને અને મત્પરાયણ થઇને જે મારા ભક્તો આ, અત્યાર સુધીમાં વર્ણવેલા ધર્મામૃતનું સેવન કરે છે, તેઓ મને અતિશય પ્રિય છે. ૨૦]

અને એ યોગની રમ્ય, અમૃતની વૃષ્ટિ કરનારી અને ધર્મને અનુકૂલ વાર્ત્તાઓ સાંભળીને જેઓ તેમનો અનુભવ લે છે;[૨૩૦] તે જ પ્રમાણે એ યોગમાં પૂર્ણ શ્રદ્ધા રાખવાથી જેના મનમાં એ યોગ ઉત્તમતાથી ઠસી જાય છે અને એ વિશે પોતાના મનમાં પૂર્ણ વિચાર કરીને જેઓ એનું યથાયોગ્ય આચરણ કરે છે;[૩૧] અને જેમના મનની ખરેખર એવી અવસ્થા થાય છે, તેમને ઉત્તમ ક્ષેત્રમાં વાવણી કરવાથી જેમ ઉત્તમ પાકની પ્રાપ્તિ થાય છે, તે જ પ્રમાણે, ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.[૩૨] પરંતુ મને પરમ શ્રેષ્ઠ માનીને અને મારામાં પ્રેમ રાખીને જેઓ મને સર્વવ્યાપક માને છે,[૩૩] તેઓ જ આ જગતમાં મારા ભક્ત અને પરમયોગી છે; અને એટલા માટે જ, હે પાર્થ! તેમના વિશે મારા હૃદયમાં અતિશય પ્રેમ વસતો હોય છે.[૩૪] જેમને ભક્તિની કથા અતિશય ગમે છે, તેઓ જ આ જગતમાં મારાં તીર્થસ્થાન છે, તેઓ જ ક્ષેત્ર છે અને તેઓ જ પવિત્ર પુરુષો છે.[૩૫] હું તેમનું ધ્યાન ધરું છું, કેમકે તેઓ જ મારું પૂર્ણ દૈવત છે, અને તેમના વિના મને બીજી પ્રિય વસ્તુ એક પણ નથી.[૩૬] મને તેમનો જ છન્દ લાગે છે અને તે જ મારા સુખના ભંડાર છે; વધારે શું કહું? તેમનાં દર્શન વિના મારા મનનું કદી પણ સમાધાન થતું નથી–અને કદી પણ આનંદ થતો નથી.[૩૭] હે પાંડુસુત! જેઓ મારા પ્રેમાળ ભક્તોની વાર્ત્તા વર્ણવે છે, તેઓ જ મારા પરમ દેવો છે, એમ હું માનું છું.[૩૮]

સંજય કહે છેઃ–સમસ્ત જગતને આનન્દ આપનાર અને સર્વ જગતને ઉત્પન્ન કરનાર શ્રી મુકુન્દે, એ પ્રમાણે અર્જુનને કહ્યું.[૩૯] હે રાજા ધૃતરાષ્ટ્ર! જે નિર્મળ, નિષ્કલંક, લોકોપર કૃપા કરનાર, શરણાગતને રક્ષણ આપનાર, શરણીય,[૨૪૦] દેવોના સાહ્યકર્ત્તા, લોકોના લાલન પાલનની લીલા ધરાવનાર અને શરણાગતોનું સંરક્ષણ કરવું એ જ છે રમત જેમની એવા,[૪૧] ધર્મ અને કીર્તિવડે શોભનાર, દાન કરવામાં અત્યંત સરળ, નિરુપમ, બળવાન્ હોવા છતાં બલિના પ્રેમ-બંધનથી બદ્ધ થયેલા,[૪૨] ભક્તજનોના પ્રેમી, પ્રેમાળજનો સાથે મુક્ત મનથી વર્ત્તનારા, સત્યતાથી વર્ત્તનારના તારક, ચૌદ વિદ્યા ને ચોસઠ કળાના નિધિ,[૪૩] એવા* ભક્તોના રાજા શ્રીકૃષ્ણ ભગવાને ભાગ્યશાળી અર્જુનને એ પ્રમાણે કહ્યું અને તેમના કથનનું અર્જુને એક ધ્યાનથી શ્રવણ કર્યું.[૪૪] સંજય વળી વિશેષતાથી કહે છે કેઃ-હે રાજા ધૃતરાષ્ટ્ર! હવે પછીનો કથા કથવાનો જે પ્રકાર છે, તે તું સાંભળ.[૪૫] તે જ રસભરિત કથા મરાઠી ભાષામાં અમે કહીશું, તે હે શ્રોતાઓ, તમે સાંભળજો.[૪૬] જ્ઞાનદેવ કહે છે કેઃ–હે શ્રોતૃવૃન્દ! તમારા જેવા સંતોને શરણે અમારે જવાનું છે, એ જ અમને અમારા ગુરુ–શ્રી નિવૃત્તિનાથે શીખવ્યું છે.[૨૪૭]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકામધ્યે 'ભક્તિયોગ' નામનો અધ્યાય બારમો સમાપ્ત

---

* પ્રસ્તુત ગીતાના વાચકોને એનું તો સ્મરણ હશે જ કે, છઠ્ઠા અધ્યાયની સમાપ્તિના સમયે ભગવાને ભક્તિની જ સ્તુતિ કરી હતી. સૂત્રરૂપ ગીતાની ત્યાં પરિસમાપ્તિ થતાં વૃત્તિરૂપ ગીતાનો ઉપક્રમ કર્યો હતો. તે વૃત્તિરૂપ ગીતાની અહીં સંપૂર્ણતા થતાં સૂત્રરૂપગીતાના અંતમાં બતાવ્યા પ્રમાણે અહીં વૃત્તિરૂપગીતાના અંતમાં પણ ભક્તિનો જ ઉત્કર્ષ બતાવ્યો છે અને હવે પછી અઢારમા અધ્યાયના અંતમાં ભાષ્યરૂપ ગીતાની પરિસમાપ્તિ સમયે પણ પુનઃ તેઓ એ જ રહસ્યનું સ્મરણ કરાવશે.

જ્ઞાનેશ્વરીનો ત્રયોદશ અધ્યાય

ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગયોગ

આત્મરૂપ ગણેશનું સ્મરણ કરીને, સર્વ વિદ્યાના આશ્રયસ્થાન જે શ્રી ગુરુનાં ચરણો, તે ચરણોને મારા નમસ્કાર હો![1] તેમનું સ્મરણ કરવાથી સર્વ કવિતાશક્તિ સ્વાધીન થાય છે અને સર્વ વિદ્યા જિહ્વાગ્રે આવીને વિરાજે છે.[2] તેમ જ ભાષણમાં એટલા બધા માધુર્યનો આવિર્ભાવ થાય છે કે, તે અમૃતને પણ અરુચિકર બનાવી દે છે; અને મુખમાંથી નીકળતા પ્રત્યેક શબ્દને-પ્રત્યેક અક્ષરને-રસો અનુકૂળ થાય છે;[3] ગર્ભિત અર્થોની રેલમછેલ થઈને તેવા અર્થો એક પછી એક સૂઝતા આવે છે અને આત્મજ્ઞાનનું રહસ્ય ઝટ સમજવામાં આવી જાય છે.[4] જો મનમાં શ્રી ગુરુનાં ચરણોનું અખંડ સ્મરણ રાખવામાં આવે, તો એવા પ્રકારે જ્ઞાનનો ભાગ્યોદય થાય છે.[5]

अर्जुन उवाच-प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥ १ ॥

[હે કેશવ! પ્રકૃતિ તથા પુરુષ, ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ અને જ્ઞાન તથા જ્ઞેયને જાણવાની હું ઈચ્છા ધરાવું છું. ૧]

ત્યારે અર્જુન કહેવા લાગ્યો કે;-"હે દેવ! પ્રકૃતિ અને પુરુષ તેમ જ ક્ષેત્રજ્ઞ અને ક્ષેત્ર-વિશેષ આદિને તમારી પાસેથી અશેષતાથી જાણી લઉં, એવી મારી ઈચ્છા છે.[6]*

श्रीभगवानुवाच—इदं शरिरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ २ ॥

[શ્રી ભગવાને કહ્યું:-હે કુન્તીપુત્ર! આ શરીરને 'ક્ષેત્ર' કહે છે અને એને જે જાણે છે, તેને (ક્ષેત્ર-ક્ષેત્રનું જ્ઞાન ધરાવનારા) તત્ત્વજ્ઞ જનો 'ક્ષેત્રજ્ઞ'ના નામથી ઓળખે છે. ૨]

હે પાર્થ, સાંભળ. આ દેહને ક્ષેત્ર કહેવામાં આવે છે; ને જે એને જાણે છે, તેને 'ક્ષેત્રજ્ઞ'ના નામથી-ક્ષેત્રને જાણનારાના નામથી ઓળખવામાં આવે છે;[7]

---

* **સાખરે** મહારાજ તથા રા૦ **આઠલ્યેની** પ્રતિઓમાં પ્રસ્તુત તેરમા અધ્યાયના પ્રારંભમાં **જ્ઞાનેશ્વરકૃત** ગુરુવંદન-રૂપ મંગળાચરણની ૭ ઓવી આપેલી છે અને તેમાંની છઠ્ઠી ઓવી આ પ્રમાણે છે;-' **ते नमस्कारूनि म्हणतां । जो पिता-महाचा पिता । लक्ष्मीयेचा भर्त्ता । ऐसें ह्मणे ॥ ६॥** " એનો અર્થ એવો થાય છે કે;-"એવાં એ ગુરુ ચરણોને વંદન કરીને (જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે):-બ્રહ્મદેવના પિતા અને શ્રી લક્ષ્મીના નાથ શ્રીકૃષ્ણ ભગવાન્ એમ બોલ્યા કે:-૬" પરંતુ મંગળાચરણમાંની આ છઠ્ઠી ઓવીને કાયમ રાખવાથી તરત તેમાં દર્શાવેલા શ્રીકૃષ્ણ ઉવાચના સંબંધને લીધે કૃષ્ણ વચનથી જ તેરમા અધ્યાયનો આરંભ કરવો પડ્યો છે અને તેથી અર્જુનના પ્રશ્નથી આરંભાતા પ્રસ્તુત **અધ્યાયના** પ્રથમ શ્લોકનો એ બન્ને પ્રતિઓમાં અભાવ અથવા લોપ થઇ ગયો છે. પરંતુ હાલમાં જ થોડા વખતપર રા૦ **વિશ્વ-નાથ કાશીનાથ** રાજવાડેએ 'જ્ઞાનેશ્વરી'ની જે એક સંશોધિત શુદ્ધ આવૃત્તિ પ્રકટ કરી છે, તેમાં તેરમા અધ્યાયના મંગળાચરણમાં માત્ર પાંચ જ ઓવી આપેલી છે અને પ્રથમ શ્લોકના **અર્થની** ઓવી છઠ્ઠી આવે છે. તે આ પ્રમાણે:-"**तेथ अर्जुनु ह्मणे प्रकृति पुरुष । क्षेत्रज्ञु आणि क्षेत्र विशेष । हें तुज पासाव अशेष । इच्छितु असें जाणों ॥ ६ ॥**" એટલે **હવે સાખરે** અને **આઠલ્યેની** પ્રતિમાંના પાઠનો સ્વીકાર કરવાથી ગીતાનો આદ્ય પ્રથમ શ્લોક ઉડી જતો હોવાથી અહીં રા૦ **રાજ-વાડે**ની આવૃત્તિમાંના પાઠનો જ સ્વીકાર કરેલો છે અને તે જ અધિક યોગ્ય છે. કારણ કે, '**જ્ઞાનેશ્વરી**' માં કેટલીક પ્રક્ષિપ્ત ઓવી પણ પછીથી દાખલ થયેલી છે અને આ પ્રકાર પણ તેવો જ હોય એમ દેખાય છે. એ વિશેના **વિશેષ** વિવેચન માટે પ્રસ્તુત ગ્રંથની ભૂમિકાનું પુનઃ મનનપૂર્વક વાચન કરવાની વાચકોને પ્રાર્થના કરવામાં આવે **છે.**

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ ३ ॥

[હે અર્જુન! સર્વ ક્ષેત્રોમાં જે ક્ષેત્રજ્ઞ, તે હું જ છું એમ જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તે જ ઉત્તમ જ્ઞાન છે, એવો મારો અભિપ્રાય છે. ૩]

અને જેને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે અને જે સર્વ ક્ષેત્રોનું પોષણ કરે છે, તે હું જ છું, એમ તારે દૃઢતાથી જાણવું.[૯] જે જ્ઞાનવડે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને ખરી રીતે જાણી શકાય છે, તે જ સત્ય અને ઉત્તમ જ્ઞાન છે, એમ હું સમજું છું.*

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥ ४ ॥

[તે ક્ષેત્ર શું છે. કયા પ્રકારનું છે, કયા વિકારવાળું છે, તેમાંથી શાં શાં કાર્યો ઉત્પન્ન થાય છે તથા તે ક્ષેત્રજ્ઞ કોણ છે અને તેનું સામર્થ્ય શું છે, એ સર્વ મારી પાસેથી સંક્ષેપમાં સાંભળ. ૪]

હવે આ શરીરને જે અભિપ્રાયથી 'ક્ષેત્ર' નામ આપવામાં આવ્યું છે, તે સર્વ અભિપ્રાય હું કહી સંભળાવું છું.[૧૦] એને ક્ષેત્ર શા માટે કહેવું, એ કેવી રીતે અને ક્યાં ઉત્પન્ન થાય છે, કયા કયા વિકારોથી એ વૃદ્ધિગત થતું હોય છે,[૧૧] એ સ્હાડા ત્રણ હાથનું ન્હાનકડું હોવા છતાં એટલું મોટું અને એટલું બધું કેમ ભારી છે, તેમ જ કુળરૂપ અને અકુળરૂપ શરીર-ક્ષેત્ર-કોનું છે,[૧૨] ઈત્યાદિ જે જે એના ગુણો છે, તે યથાક્રમ હું વર્ણવું છું, તેમાં તું ધ્યાન આપ.[૧૩] એ ક્ષેત્ર માટેનો શ્રુતિઓનો બડબડાટ નિત્ય ચાલુ છે; અને તર્ક પણ એનો નિશ્ચય કરવા માટેજ એક સરખો ઊહાપોહ કર્યા કરે છે;[૧૪] એ જ વાર્ત્તાનું મંથન કરીને ષટ્શાસ્ત્રો અંતે થાકીને સ્વસ્થ થઇ બેસી રહ્યાં છે અને એથી જ અદ્યાપિ તેમનામાં દ્વૈતભાવની એકતા થયેલી નથી.[૧૫] એ ક્ષેત્ર વિશે એક અભિપ્રાયની સ્થાપના કરવા માટેના સમસ્ત વિશ્વમાં શાસ્ત્રસંબંધયુક્ત વાદવિવાદ ચાલુ જ છે;[૧૬] પરંતુ હજી તેમનાં મુખેમુખ મળ્યાં નથી અને તેમનું ઐક્ય પણ થયું નથી અને તે જ પ્રમાણે એ-વિચાર વિશે યુક્તિઓ લઢાવતાં લઢાવતાં અંતે તેમનો પરાજય જ થઇ ગયો છે.[૧૭] એ ક્ષેત્ર કોનું છે, એ કોઇ પણ જાણતું નથી; પરંતુ તેની અહંતાની મહત્તા એટલી બધી છે કે, જેના યોગે ઘરે ઘરમાં એ વિશેની કપાળકૂટ ચાલતી જોવામાં આવ્યા કરે છે.[૧૮] નાસ્તિકોના આક્ષેપને તોડવા માટે અને વેદોનો બળવો જાગેલો જોઇને, પાખંડીઓનો વળી इदं तृतीयम् ધ્વનિ આરંભાયો છે.[૧૯] તેઓ કહે છે કે, 'તમારું વાક્પાંડિત્ય અસત્ય છે અને તેની સત્યતાનો કશો પણ આધાર નથી. જો તમે અમારા એ આક્ષેપને અસત્ય કહેતા હો, તો તમને જિતવા માટેની અમે સોપારીને આગળ રાખી, પ્રતિજ્ઞા કરીએ છીએ.'[૨૦] પાખંડીઓના સમુદાયોના સમુદાય આજકાલ ઉભરાઇ જતા જોવામાં આવે છે-તેમાંના કોઇ દિગંબર બને છે; કોઈ મુંડન કરાવે છે; તો પણ તેમણે નિયત કરેલા સર્વ વિતણ્ડાવાદો પોતાની મેળે જ થાકીને નીચે પડી ગબડી જાય છે.[૨૧] એ ક્ષેત્ર, મૃત્યુના સપાટામાં સપડાઇને નિરર્થક જશે, એવા ભયથી (આત્માને બ્રહ્માંડમાં લઈ જઈ તેનું સંરક્ષણ કરવા માટે) યોગીઓ આગળ વધે છે.[૨૨] જેઓ મૃત્યુથી ભયભીત થાય છે, તેઓ એકાન્તવાસ કરીને યમનિયમોનું સાધન કરે છે;[૨૩] એ જ ક્ષેત્રના વિચારના અભિમાન માટે શ્રી શંકરે રાજ્યનો ત્યાગ કર્યો હતો અને એની ઉપાધિનો પોતાને સ્પર્શ ન થાય, એટલા માટે તેમણે સ્મશાનવાસ સ્વીકાર્યો છે.[૨૪] (એ ક્ષેત્રના જ્ઞાનને હું પ્રાપ્ત કરવાનો જ), એવી પ્રતિજ્ઞા કરીને શ્રીશંકરે વનમાં વાસ કરી દશ દિશાને જ પોતાનું આચ્છાદન માની લીધું અને કામને યોગભ્રષ્ટ કરનાર જાણીને તેને બાળી

નાંખ્યો.[૨૫] એ જ વાર્ત્તાનો નિશ્ચય કરવા માટે બ્રહ્મદેવને ચાર મુખો ઉત્પન્ન થયાં, છતાં તેમનાથી પણ એ ક્ષેત્રનું જ્ઞાન મેળવી શકાયું નહિ.[૨૬]

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥ ५ ॥

[એ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞજ્ઞાન, ઋષિઓએ બહુ પ્રકારે કહેલું છે; ઋગ્વેદ આદિ વેદોએ એનું ભિન્ન ભિન્ન નિરૂપણ કરેલું છે; તથા યુક્તિયુક્ત અને નિશ્ચયરૂપ બ્રહ્મપ્રતિપાદક સૂત્રોએ તથા પદોએ પણ (એ જ્ઞાન) વર્ણવેલું છે. ૫]

જે કર્મવાદી છે, તેઓ એમ કહે છે કે, એ સર્વ ક્ષેત્રો, જીવના અધિકારમાં છે અને એની સર્વ વ્યવસ્થાનો ભાર પ્રાણને સોંપવામાં આવ્યો છે.[૨૭] જે પ્રાણના ગૃહમાં તેના ચાર ભાઈઓ (અપાન, વ્યાન, સમાન અને ઉદાન) શરીરશ્રમથી પ્રયત્ન કરતા રહે છે અને તેમનાપર દેખરેખ રાખનારો ઉપરી મન છે,[૨૮] તે જીવ પાસે પંચ જ્ઞાનેન્દ્રિય અને પંચ કર્મેન્દ્રિયરૂપ બળદોની જોડી હોય છે, અને તેથી તે રાતદિવસ તેમની પાસેથી મહેનત કરાવીને વિષયરૂપ ક્ષેત્રને ખેડ્યા કરે છે.[૨૯] પછી કર્ત્તવ્યના બફારાને ચૂકવીને (વિહિત કર્માચરણના પ્રસંગને ખોઈને) અને અન્યાયરૂપ બીજની વાવણી કરીને તેમાં નઠારાં કર્મોનું ખાતર નાંખે છે;[૩૦] એના યોગે બીજ પ્રમાણેનાં જ અનન્વિત પાપો પાકવાથી જીવ કોટયવધિ જન્મપર્યન્ત દુઃખ ભોગવ્યા કરે છે.[૩૧] અથવા તો વિહિત કર્માચરણરૂપ બાષ્પને સાધીને સત્ ક્રિયાનું બીજ વાવવાથી કોટયવધિ જન્મપર્યન્ત સુખો જ ભોગવતો રહે છે.[૩૨] પરંતુ સાંખ્યમતવાદીઓનો અભિપ્રાય એવો નથી. તેઓ તો એમ કહે છે કેઃ-ક્ષેત્ર જીવના અધિકારમાં નથી અને તે કોના અધિકારમાં છે, એ પૂછવું હોય તો કેવળ અમને જ પૂછો.[૩૩] અરે! જીવ તો એક ભ્રમણ કરતો પ્રવાસી છે અને તે માર્ગમાં ચાલતો ચાલતો ક્ષેત્રમાં સામયિક વસતિ કરીને રહે છે; અને પ્રાણ, વતનદાર હોવાથી જાગતો રહીને ક્ષેત્રનું રક્ષણ કરે છે.[૩૪] સાંખ્યમતવાદીઓ જે અનાદિસિદ્ધ પ્રકૃતિની સ્તુતિ કરે છે, તે પ્રકૃતિની એ ક્ષેત્રમાં વૃત્તિ રહેલી છે, એમ સમજ;[૩૫] અને તે, પ્રકૃતિના ઘરનો જ બધો જમાવ હોવાથી ક્ષેત્રનો બધો વહિવટ તે પ્રકૃતિના ઘરમાં જ થયા કરે છે.[૩૬] એ ક્ષેત્રનું મૂળ, લાગવડ (વાવણી) કરનારા આ સૃષ્ટિમાંના જે મુખ્ય ત્રણ ગુણ, તે તે (પ્રકૃતિ)ના ઉદરમાંથી જ ઉત્પન્ન થયેલા છે.[૩૭] એમાંનો રજોગુણ વાવણી કરે છે, સત્ત્વગુણ રક્ષણ (પોષણ) કરે છે અને તમોગુણ એકલો ત્યારપછી બધાં પાપને એકઠાં કરે છે.[૩૮] ત્યારપછી મહત્તત્ત્વનાં ખળાં કરીને બળવાન કાળ સાંબેલાવતી, ફોતરામાંથી જેમ ધાન્ય કાઢવાની ક્રિયા કરવામાં આવે છે, તેમ સંસારરૂપી ખળામાં જીવને રગડવાની ક્રિયા કરવામાં આવે છે; અને એટલામાં અચાનક અવ્યકતરૂપ સંધ્યાકાળ થાય છે, અર્થાત્ મરણ પામે છે.[૩૯] પરંતુ બુદ્ધિમાન્ સંકલ્પવાદીઓને એ વાદ માન્ય ન થતાં તેઓ કહે છે કે;—આ તમારી કલ્પનાઓ સર્વથા પ્રાકૃત છે![૪૦] અહો! બ્રહ્મસમક્ષ પ્રકૃતિની શી બિસાત વારુ? એ ક્ષેત્રનો વૃત્તાંત અમે કહીએ છીએ, તે જરા સાંભળો તો ખરા.[૪૧] લયરૂપ પલંગપરની શૂન્યરૂપ શય્યામાં બળવાન્ સંકલ્પ સૂતેલો હતો,[૪૨] તે અકસ્માત્ જાગ્રત થયો અને તે પોતાના વ્યાપારમાં નિત્ય તત્પર હોવાથી તેને તેની ઇચ્છારૂપ ઉપહાર (ખાવાનું) મળ્યો;[૪૩] અને તે સંકલ્પ નિર્ગુણ સ્વરૂપનું ત્રિભુવન જેવડું ઉપવન તેની ખટપટથી જ સ્વરૂપને પ્રાપ્ત થયું.[૪૪] ત્યારપછી જૂદાં જૂદાં પંચ મહાભૂતોને એકત્ર કરીને ભૂતગ્રામના જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ, એવા ચાર ઘાટ તેણે રચ્યા.[૪૫] ત્યાર કેડે પ્રથમ પંચ મહાભૂતો, જૂદા જૂદા પેટાભેદો કરીને, બંધનના ઘાટો (પાળો)

તૈયાર કર્યાં;[૪૬] તે ઘાટોની બન્ને બાજૂએ કર્મ અને અકર્મના પાષાણોના ઢગલા ખડકીને કેવળ નિઃસત્ત્વ ભૂમિનાં ખળાં તૈયાર કર્યાં.[૪૭] અને તેમાં આવવા જવા માટે એ સંકલ્પે, જન્મ મૃત્યુ-રૂપ સરળ અને કદાપિ બંધ ન પડનારો માર્ગ તૈયાર કર્યો.[૪૮] અને પછી એ સંકલ્પે અહંકાર સાથે બુદ્ધિનું ઐક્ય કરીને આયુષ્ય હોય ત્યાં સુધીના સ્થાવર અને જંગમરૂપ વૃક્ષનું આરોપણ કર્યું.[૪૯] એ પ્રમાણે, ચિદાકાશમાં સંકલ્પરૂપી ડાળી વૃદ્ધિ થતાં, પ્રપંચનો–સંસાર બંધનો તે મૂળ હેતુ થયો.[૫૦] એ પ્રમાણેનાં સંકલ્પવાદીઓનાં મુક્તા ફળોનું શ્રવણ કરીને તે સ્થાનમાં બીજા જે સ્વભાવવાદીઓ હતા, તેઓ આગળ નિકળી આવીને કહેવા લાગ્યા કેઃ–આપ જો કે મહાવિદ્વાન્ છો, છતાં આપના અભિપ્રાયને આપની પાસે જ રહેવા દો.[૫૧] પરબ્રહ્મના ગામમાં સંકલ્પનું ગૃહ છે, એમ જો માનીએ, તો પછી તેમાંથી ઉત્પન્ન થનારી પ્રકૃતિને શા માટે માન્ય ન રાખીએ વારુ?[૫૨] પરંતુ તમે કહો છો, તેવી વસ્તુસ્થિતિ જ નથી. તમે સંકલ્પના છંદ–વાતને છોડી દો. આમાં શું રહસ્ય સમાયલું છે, તે તો અમે જ કહી શકીશું.[૫૩] સાંભળો, આકાશમાંનાં વાદળાંમાં પાણીનું ભરણું કોણ કરે છે? અને અંતરિક્ષમાંનાં નક્ષત્રો નીચે પડતાં નથી, તેમને કોનો આધાર છે?[૫૪] આકાશરૂપ છત્ર વચ્ચે ઝોલ ન ખાતાં, એક સરખું તટારબંધ તણાયલું રહે છે. તેને કોણે અને ક્યારે તાણ્યું છે? અને વાયુને નિત્ય નિયમિતતાથી વહન કરવાનું કોણે કહેલું છે?[૫૫] શરીરપર જે રૂંવાટી દેખાય છે, તેની પેરણી–વાવણી–કોણ કરે છે? અને વર્ષાની ધારાઓનો ઉત્પાદક કોણ છે?[૫૬] એ સર્વ ઘટનાઓ પ્રમાણે, ક્ષેત્ર પણ સ્વભાવસિદ્ધ છે. તેનો કોઇ પણ વતનદાર–ઉત્પન્ન કર્ત્તા નથી. જે એમાં રહીને પરિશ્રમ કરે, તેને જ એ ફળદાયક થાય છે અને જે પરિશ્રમ નથી કરતો, તેને માટે એ ફળદ્રૂપ પણ નથી થતું.[૫૭] એટલામાં બીજા એક કાળવાદી ક્રોધ દર્શાવીને કહેવા લાગ્યો કેઃ–તમે કહો છો એ જો સત્ય હોય, તો એ ક્ષેત્રપર કાળની સત્તા કેમ ચાલે છે?[૫૮] તથાપિ, તે કાળનો અનિવાર્ય સપાટો–કાળના પંજામાં સપડાવનાર છે, એમ જાણવા છતાં, જેઓ મિથ્યાભિમાની છે, તેઓ તેનો જ અનાદર કરીને પોતાના મતનું જ સમર્થન કરે છે.[૫૯] સિંહની ગુફા પ્રમાણે મૃત્યુ ભયંકર છે, એમ સમજવા છતાં પણ જો તમે આ ક્ષેત્રવિશે વ્યર્થ બકવાદ કરતા રહો, તો તે બકવાદ શું પૂરો (સત્ય) થવાનો છે કે?[૬૦] એ કાળ મહાકલ્પને ગળે બાઝીને બ્રહ્મદેવના સત્યલોક નામક સ્થાનને પણ પોતાના પંજામાં લઇ લે છે;[૬૧] સ્વર્ગના અરણ્યમાં પ્રવેશ કરીને નિત્ય નવીન નવીન આઠ લોક-પાલ ઉત્પન્ન કરે છે અને આઠ દિશાના આઠે ઐરાવતોનો સંહાર કરે છે.[૬૨] અને એના જ અંગ-વાયુના આઘાતથી જીવરૂપ મૃગ જન્મ મૃત્યુના ખાડામાં પડીને નિર્જીવ થઈ ભ્રમણ કરે છે.[૬૩] એ કાળે પોતાના હાથનો કેટલો મોટો પંજો પ્રસારેલો છે, તે એટલાથી જ જણાય છે કે, જગ-દાકારરૂપ હાથીને એણે પોતાની હથેલીમાં જ ધારણ કરેલો છે.[૬૪] એટલા માટે જ, સર્વપર કાળની સત્તા છે, એમ કહેવામાં આવે છે અને એ જ વાર્ત્તા સત્ય છે. એ પ્રમાણે, હે અર્જુન! એ ક્ષેત્ર-વિશે મતભેદ છે.[૬૫] એવી નૈમિષારણ્યમાં ઋષિઓએ પુષ્કળ ભવતિ ન ભવતિ કરી હતી અને તે માટે આપણી પાસે પુરાણોનો આધાર છે.[૬૬] વેદોમાંના અનુષ્ટુપ્ આદિ છન્દોમાં એ વિશે પુષ્કળ ચર્ચા કરેલી છે અને એ ક્ષેત્રવિશેના હજી પણ મહા ગર્વથી ગ્રંથો રચવામાં આવે છે.[૬૭] વેદોમાંના જ્ઞાનદૃષ્ટિથી અતિ પવિત્ર મનાયલા બૃહત્સામ સૂત્રથી પણ ક્ષેત્ર એટલે શું, એ સમજી શકાયું નથી;[૬૮] બીજા પણ અનેક દૂરદર્શી મહા કવિઓ એ ક્ષેત્રવિશે વાદવિવાદ કરી કરીને થાકી ગયા છે,[૬૯] પરંતુ એનું જ્ઞાન પ્રાપ્ત કરવું–એ કોણ છે, કોણ મોકલે છે, ક્યાંથી આવે છે ને ક્યાં જાય છે, એ સમજવું એટલું બધું વિકટ છે કે એ ખરેખરી રીતે કોનું છે, એ કહી શકાતું નથી અને એ કોઇને પણ સ્વાધીન થતું નથી.[૭૦] એટલે હવે ક્ષેત્ર એટલે શું, એ વિશેનો સાદ્યંત વિચાર હું તને કહી સંભળાવું છું.[૭૧]

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥ ६ ॥
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ ७ ॥

[પંચ મહાભૂતો, અહંકાર, બુદ્ધિ, મહત્તત્ત્વ અને દશ ઇન્દ્રિયો, મન અને શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષય, (તથા વાણી આદિ કર્મેન્દ્રિયોના પાંચ વિષય), ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સંઘાત(સમુદાય), ચેતના અને ધૈર્ય એ વિકારોથી યુક્ત આ શરીર છે, તે સંક્ષેપથી મેં કહ્યું છે. ૬-૭]

તો હવે પંચ મહાભૂતો અહંકાર, બુદ્ધિ, પ્રકૃતિ, પંચ જ્ઞાનેન્દ્રિયો અને પંચ કર્મેન્દ્રિયો મળીને દશ ઇન્દ્રિયો;[72] એક મન; જ્ઞાનેન્દ્રિયોના પાંચ અને કર્મેન્દ્રિયોના પાંચ મળીને દશ વિષય; સુખ, દુઃખ, દ્વેષ, સંઘાત, ઇચ્છા,[73] ચેતના (આત્મસત્તા) અને ધૃતિ એ પ્રમાણે એ ક્ષેત્રનાં છત્રીસ તત્ત્વો છે, તે તને મેં સર્વ કહી સંભળાવ્યાં છે.[74] હવે મહાભૂતો કયાં, વિષય કયાં, ઇન્દ્રિયો કઈ, ઇત્યાદિ પ્રત્યેકનું હું તને ભિન્ન ભિન્ન વર્ણન કરીને સંભળાવું છું.[75] પૃથ્વી, અપ્ એટલે પાણી, તેજ, વાયુ અને આકાશ, એ પંચ મહાભૂતો છે, એમ સમજજે.[76] અને જાગ્રદવસ્થામાં જેવી રીતે સ્વપ્ન ગુપ્ત હોય છે, કિંવા અમાવાસ્યાને દિવસે ચન્દ્ર જેમ ગુપ્ત હોય છે,[77] અથવા તો ન્હાના બાળકમાં જેમ તારુણ્ય ગુપ્ત હોય છે. કિંવા પુષ્પકલિકા વિકસિત થવા પહેલાં તેમાં સૌગંધ્ય ગુપ્ત હોય છે;[78] કિંબહુના, હે અર્જુન! કાષ્ઠમાં જેવી રીતે અગ્નિ ગુપ્ત રહેલો હોય છે, તે જ પ્રમાણે, માયાના ઉદરમાં તે ગુપ્ત હોય છે;[79] જેવી રીતે અસ્થિજ્વર કુપથ્યના નિમિત્તની માર્ગપ્રતીક્ષા જ કરતો હોય છે અને તે નિમિત્તની પ્રાપ્તિ થતાં શરીરના અંતર્બાહ્ય ભાગને વ્યાપી નાંખે છે;[80] તે જ પ્રમાણે, પંચ મહાભૂતોનો સંયોગ થતાં જે વેળાએ શરીરનો આકાર બંધાય છે, અને તે વેળાથી જ જે તે દેહને ચારે તરફ નાચ નચાવે છે, તેને જ અહંકાર કહેવામાં આવે છે.[81] એ અહંકારનો એવો મહિમા છે કે, તે અજ્ઞાનની પૂઠે ન પડતાં સજ્ઞાનની પૂઠે પડીને તેને નાના પ્રકારનાં સંકટોમાં નાંખી દે છે.[82] યદુરાજ શ્રીકૃષ્ણ કહે છે કેઃ-"હે અર્જુન! સાંભળ. હવે જેને બુદ્ધિના નામથી ઓળખવામાં આવે છે, તેને આ ચિહ્નોવડે ઓળખવાની છે;[83] કામનું બળ ઉત્પન્ન થતાં જે ઇન્દ્રિયોની સહાયતાવડે વિષયોના સમુદાયને જિતી લાવે છે;[84] અને તે સુખ અને દુઃખની લૂટનો જ્યારે જીવને અનુભવ લેવો પડે છે ત્યારે સુખ અને દુઃખ એ બેમાંથી વિશેષ યોગ્યતા કોની છે, એ જેના યોગે જાણવામાં આવી શકે છે;[85] કે આ સુખ અને આ દુઃખ; આ પુણ્ય અને આ પાપ; આ સારું અને આ નઠારું; એવો જેના યોગે વિવેક કરી શકાય છે;[86] જેના યોગે ઉચ્ચ નીચની ઓળખ કરી શકાય છે; નાહાનું મ્હોટું જાણી શકાય છે; અને જેની દૃષ્ટિથી જીવો વિષયોને ઓળખી શકે છે;[87] જે જ્ઞાનતત્ત્વોનું મૂળ છે; જે સત્ત્વગુણની વધતી દશા છે; અને જે આત્મા તથા જીવ એ ઉભયના સંધિમાં રહેલી છે;[88] હે અર્જુન! તે જ બુદ્ધિ છે, એમ સમજવું. હવે હું તને અવ્યકતનાં સર્વ લક્ષણો કહી સંભળાવું છું તે સાંભળ.[89] હે મહાબુદ્ધિશાળિ! સાંખ્યના મત પ્રમાણે જેનું નામ પ્રકૃતિ છે, તેને જ તું અત્યારે અવ્યક્ત છે એમ જાણી લે.[90] અને પૂર્વે (સાતમા અધ્યાયમાં) જ્યાં સાંખ્ય અને યોગ એ બે મતોમાંથી પ્રકૃતિના બે પ્રકારોનું સારી રીત વિસ્તારથી વર્ણન કરેલું છે,[91] તેમાંની બીજી જે જીવ દશા તેને જ, હે વીરશ્રેષ્ઠ અર્જુન! પર્યાયથી અવ્યક્ત કહેવામાં આવે છે.[92] પ્રભાત થતાં જેવી રીતે આકાશમાંનાં નક્ષત્રોનો-તારાઓનો લોપ થાય છે, અથવા સૂર્ય

અસ્ત થતાં જેમ પ્રાણિમાત્રના વ્યાપાર બંધ થાય છે;[૯૩] અથવા, હે અર્જુન! દેહનો લોપ થવા પછી, દેહથી તે દેહની વાસના પર્યંતના સર્વ વિકારો, કરેલાં કર્મોમાં શુભ હોય છે;[૯૪] કિંવા બીજના આકારમાં જેમ વૃક્ષ અંતર્ગત હોય છે; અથવા તંતુની દશામાં જેવી રીતે વસ્ત્ર અંતર્ગત હોય છે,[૯૫] તે જ પ્રમાણે, મહાભૂતો અને ભૂતોનો સમુદાય પોતાના સ્થૂલ ધર્મને ત્યાગીને જે સ્થાનમાં સૂક્ષ્મ બનીને અંતર્ધાન પામે છે.[૯૬] તેને જ, હે અર્જુન! તું અવ્યક્ત જાણ. હવે હું તને સર્વ ઇન્દ્રિયોના ભેદો કહું છું, તે એકાગ્રતાથી સાંભળ.[૯૭] કર્ણ, નેત્રો, ત્વચા, નાસિકા અને જિહ્વા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે.[૯૮] એ પાંચ તત્ત્વોનું ઐક્ય થતાં, એમના દ્વારા બુદ્ધિ, સુખ દુઃખનો વિચાર કરે છે.[૯૯] વાચા–વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન એ પાંચ કર્મેન્દ્રિયો છે. એના વળી પાછા પાંચ પ્રકાર છે.[૧૦૦] શ્રી કૃષ્ણ કહે છે;–"હે અર્જુન! જેમને કર્મેન્દ્રિયો કહેવામાં આવે છે, તે એ છે.[૧] પ્રાણની જે ક્રિયાશક્તિ કે જે આ શરીરમાં નિવાસ કરે છે, તે એ પાંચ કર્મેન્દ્રિયોદ્વારા અંદર અને બહાર જવા આવવાનો વ્યાપાર કરે છે."[૨] શ્રી કૃષ્ણ કહે છેઃ-એ પ્રમાણે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો મળીને દશ ઇન્દ્રિયો છે. હવે મન એટલે શું, એ હું તને સ્પષ્ટતાથી કહું છું તે સાંભળ.[૩] જે, ઇન્દ્રિયો અને બુદ્ધિ એ ઉભયના સંધિમાં રજો-ગુણના સ્કંધ–અગ્રભાગમાં ચમકતું હોય છે;[૪] જેવી રીતે, આકાશનો નીલવર્ણ અથવા મૃગજળની લહરીઓનો ભાસ વ્યર્થ થાય છે, તે જ પ્રમાણે વાયુનું જે નિરર્થક ચમકવું, તે જ મન છે.[૫] અને શુક્ર તથા શોણિતનું ઐક્ય થતાં જ્યારે પંચતત્ત્વોનો આકાર બને છે ત્યારે એક વાયુતત્ત્વના સ્થાન ભેદથી પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ એવા દશ પ્રકાર થાય છે.[૬] પછી તે દશ ભાગો પોતપોતાના ધર્મના બળથી, દેહમાંના એક એક ભાગમાં વસતિ કરે છે.[૭] તેમનામાં નિખાલસ ચંચળતા રહેલી હોવાથી તેના અંગમાં રજોગુણનું જે બળ ઉત્પન્ન થાય છે તે,[૮] બુદ્ધિની બહાર અને અહંકારના ઉપર એટલે કે મધ્ય ભાગમાં બલાઢ્ય થઈ બેસે છે.[૯] તેને મન એ નામ તો વ્યર્થ આપવામાં આવ્યું છે; કારણ કે, તે મૂર્તિમતી કલ્પના જ છે. જેના યોગે બ્રહ્મને જીવદશાનો સ્વી-કાર કરવો પડ્યો છે,[૧૧૦] જે કોઈ પણ કાર્યનું મૂળ કારણ છે, જેના યોગે વાસના ઉત્પન્ન થાય છે અને જે નિત્ય અહંકારની સ્પર્ધા કર્યાં કરે છે;[૧૧] જેના યોગે ઇચ્છાની વૃદ્ધિ થાય છે, આશા પ્રબળ થાય છે અને જેના સહવાસથી ભય ઉદ્ભવે છે;[૧૨] જેના યોગે દ્વૈતભાવ ઉત્પન્ન થાય છે અને અજ્ઞાન બળવાન્ બને છે અને જે ઇન્દ્રિયોને વિષયોમાં વાળે છે;[૧૩] જે એક ક્ષણ માત્રમાં જ નવનવી સૃષ્ટિને ઉત્પન્ન કરે છે અને પુનઃ ક્ષણ માત્રમાં તેને તત્કાળ તોડી પણ નાંખે છે; તેમ જ મનોરથોની ઉતરડો ખડકે છે અને પાછી ઉતારીયે નાંખે છે;[૧૪] જે ભ્રમનો ભંડાર અને વાયુતત્ત્વનો અર્ક છે; અને જે બુદ્ધિનું કાંઈ પણ ચાલવા દેતું નથી એટલે કે, તેને ગોંધી રાખે છે;[૧૫] તેને જ, અર્જુન! મન કહેવામાં આવે છે, એ નિઃસંશય છે. હવે વિષયોનાં નામોના જે જે ભેદો છે, તે સાંભળ.[૧૬] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષયો છે.[૧૭] જેવી રીતે પશુ લીલા ઘાસ તરફ દોડી જાય છે, તે જ પ્રમાણે એ પાંચ જ્ઞાનેન્દ્રિયોદ્વારા જ્ઞાન (સદસદ્ વિચારનું) જ્ઞાન બહાર દોડે છે.[૧૮] ત્યાર પછી સ્વર અને વર્ણનો ઉચ્ચાર, વસ્તુ લેવી અને ત્યાગવી, ચાલવું અને મલમૂત્રનું વિસર્જન કરવું,[૧૯] એ પાંચ કર્મેન્દ્રિયોના પાંચ વિષયો છે. એના યોગે ક્રિયા બહાર દોડી જાય છે.[૧૨૦] એવા એ જ્ઞાનેન્દ્રિયોના અને કર્મેન્દ્રિયોના દશ વિષયો આ દેહમાં રહેલા છે. હવે ઇચ્છા એટલે શું, તે કહું છું.[૨૧] પૂર્વે જે પદાર્થોનો ઉપભોગ લેવામાં આવ્યો હોય તેમનું સ્મરણ થવું; અને કર્ણોમાં શબ્દનો આઘાત થતાંની સાથે જ પ્રકાશિત થનારી જે વૃત્તિ,[૨૨] ઇન્દ્રિયો અને વિષયોનો મેળાપ થતાંની સાથે જ ઉત્પન્ન થાય છે અને તે જ વિષયોનો વારંવાર ઉપભોગ મળે તો સારું, એમ જેને ભાસતું હોય છે;[૨૩] જે વૃત્તિના ઉદ્-ભવવાથી મન આમ તેમ દોડવા માંડે છે અને જ્યાં ન જવું જોઇએ એવા સ્થાનમાં ઇન્દ્રિયો

પોતાના સુખનો પ્રવેશ કરાવે છે;[૨૪] જે વૃત્તિની સંગતિથી બુદ્ધિ ઉન્મત્ત થાય છે અને જેની વિષયોમાં પ્રીતિ હોય છે તે વૃત્તિને, ઇચ્છાના નામથી ઓળખવામાં આવે છે.[૨૫] હવે ઇચ્છા ઉત્પન્ન થતાંની સાથે જ ઇન્દ્રિયોને ઉપભોગ માટે જો વિષયો ન મળે, તો તે વેળાએ જે વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેને દ્વેષના નામથી ઓળખાવામાં આવે છે.[૨૬] હવે સુખને એ લક્ષણોથી જાણવું કે, જેની પ્રાપ્તિ થવાથી બીજી બધી વસ્તુઓનું જીવને વિસ્મરણ થાય છે.[૨૭] જે કાયા, વાચા, મનને પોતાના શપથ આપીને દેહની સ્મૃતિનો નાશ કરે છે;[૨૮] જેની પ્રાપ્તિ થતાં પ્રાણ લંગડુ બનીને સાત્ત્વિક વૃત્તિનો આગળ કરતાં બમણો વધારો થાય છે;[૨૯] સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓને હૃદયરૂપ એકાંતવાસમાં પસવારીને જે નિદ્રામાં નાંખી દે છે;[૧૩૦] વધારે શું કહેવું? જીવને જે સ્થાનમાં આત્માનો લાભ થાય છે, તે સ્થાનને જ સુખના નામથી ઓળખવામાં આવે છે.[૩૧] અને હે પાર્થ! એનાથી જે સ્થિતિ સર્વથા વિપરીત હોય, તે જ ખરેખર દુઃખ છે, એમ તારે સમજવાનું છે.[૩૨] જ્યાં કલ્પના ઉત્પન્ન થાય છે, ત્યાં સુખ થતું નથી. અન્યથા કલ્પનાની અદૃશ્યતા થતાં સુખનો સહજ ઉદ્ભવ થાય છે. એટલા માટે કલ્પનાની ઉત્પત્તિ થવી અને તેનો લોપ થવો, એ જ સુખ દુઃખનું મૂળ કારણ છે.[૩૩] હવે, હે અર્જુન! અલિપ્ત અને સર્વસાક્ષીભૂત બ્રહ્મની (ચૈતન્યની) દેહપર જે સત્તા છે, તેને ચેતના કહેવામાં આવે છે.[૩૪] આ શરીરમાં જે નખથી શિખાપર્યન્ત નિત્ય જાગ્રત હોય છે; અને જાગ્રતિ, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં જે સમાન–અપરિવર્ત્તનશીલ–કંઈ પણ ફેરફાર રહિત છે;[૩૫] જેના યોગે મન અને બુદ્ધિ ઇત્યાદિને ઉત્તેજન મળે છે અને માયા-રૂપ અરણ્યને, જે નિત્ય વસંતઋતુ સમાન પ્રફુલ્લ રાખે છે;[૩૬] તેમ જ જડ અને ચેતન વસ્તુમાં જેનો અંશરૂપથી એક સરખો સંચાર હોય છે, તેને ચેતનાના નામથી જ ઓળખવામાં આવે છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી જ.[૩૭] રાજા પોતાના સૈનિકોને ન ઓળખતો હોવા છતાં પણ કેવળ તેની આજ્ઞાથી જ તેની પ્રજા પરચક્રપર, વિજય મેળવે છે; અથવા ચન્દ્રના યોગે જેમ સમુદ્રમાં ભરતી આવે છે;[૩૮] અથવા, લોહચુંબકના સાન્નિધ્યથી જેમ લોહમાં ચંચળતાનો આવિર્ભાવ થાય છે; અથવા સૂર્યનો પ્રકાશ જેમ સર્વને કાર્યમાં–વ્યાપારમાં પ્રવૃત્તિ કરે છે;[૩૯] અથવા સ્તનને મુખ લગાડવા દીધાવિના જ કાચબી જેવી રીતે કેવળ દૃષ્ટિથી જ પોતાના બાળકનું પોષણ કરે છે;[૧૪૦] તે જ પ્રમાણે, હે અર્જુન! આ શરીરમાં આત્માની સંમતિથી જે જડ વસ્તુમાં પણ સજીવતા લાવે છે,[૪૧] તેને જ, હે ભાઇ! 'ચેતના' એવું સાર્થક નામ આપવામાં આવ્યું છે. હવે ધૈર્યના કયા કયા ભેદો છે, તે સાંભળ.[૪૨] પંચ તત્ત્વોનું એકમેક સાથે જાતિ સ્વભાવના કારણથી પ્રકટ વૈર હોય છે. જેમકે, પાણી પૃથ્વીનો નાશ કરે છે;[૪૩] તે જ પાણીનું શોષણ કરે છે; તેજનો વળી વાયુ સાથે ઝગડો ચાલતો હોય છે અને આકાશ વાયુનું સહજમાં ભક્ષણ કરી જાય છે;[૪૪] તે જ પ્રમાણે કદાપિ પણ કોઇની જોડે ન જોડાતાં, સર્વત્ર આરપાર ભરેલું હોવા છતાં, આકાશ સર્વથા ભિન્ન જ છે.[૪૫] એવી રીતે પંચ મહાભૂતો એક બીજાથી વિરુદ્ધ હોવા છતાં, તેમને પણ જે એકત્ર કરે છે;[૪૬] અને ત્યાર પછી ભિન્નભાવના વાદવિવાદને ત્યાગી એકત્ર રહી, જેઓ પોતાના ગુણોવડે એક બીજાનું પોષણ કરે છે;–[૪૭] એ પ્રમાણે કદાપિ પણ ન થનારી મૈત્રી જેના યોગે બની આવે છે અને ધૈર્ય અવિચળ રહે છે, તે વૃત્તિને હું ધૃતિના નામથી વ્યક્ત કરું છું.[૪૮] અને હે પાંડવ! જીવ સાથે જે એ છત્રીસ તત્ત્વોનું ઐક્ય થાય છે, તેને જ સંઘાત નામથી ઓળખવામાં આવે છે.[૪૯] એ પ્રમાણે આ છત્રીસ ભેદો તને સ્પષ્ટતાથી કહી સંભળાવ્યા અને એ સર્વની એકત્રતાથી જે છે, તેને 'ક્ષેત્ર' નામ પ્રાપ્ત થયેલું છે.[૧૫૦] હે ભાઈ અર્જુન! રથના સર્વ ભાગોની એકત્રતાથી જેમ રથ નામ આપવામાં આવે છે, અથવા તો પગથી તે માથા સૂધીના સર્વ અવયવોને એક સાથે દેહના નામથી ઓળખવામાં આવે છે;[૫૧] અથવા હાથી, ઘોડા, રથ અને પાયદળ–એ સર્વને સેનાના સમૂહવાચક એક નામથી જાણવામાં આવે છે; અથવા અક્ષરોના સમુ-

દાયને વાક્ય કહેવામાં આવે છે;[૫૨] અથવા મેઘોના સમુદાયને જેમ અભ્ર કહેવામાં આવે છે, અથવા સર્વ લોકના સમૂહને જગત્ કહેવામાં આવે છે.[૫૩] અથવા તેલ, વાટ અને અગ્નિ એ ત્રણના સંયોગને લોક જેમ દીપકના નામથી ઓળખે છે;[૫૪] તે જ પ્રમાણે, હે અર્જુન! આ છત્રીસ તત્ત્વો જ્યારે એક સ્થળમાં એકત્ર થાય છે, ત્યારે તે સર્વ સાથે મળેલાને 'ક્ષેત્ર' નામ આપવામાં આવે છે;[૫૫] અને સર્વ પ્રાણીઓ જગતમાં રહીને, અહીં-આ લોકમાં જે પાપ અથવા પુણ્યોની કમાણી કરે છે (તેને જ પાક સમજીને) તેને મેં કૌતુકથી ક્ષેત્ર-ખેતર કહેલું છે.[૫૬] તેમ જ કોઈ એ ક્ષેત્રને જ દેહ પણ કહે છે. અર્થાત્ એનાં અનેક નામો છે.[૫૭] બ્રહ્મથી આ બાજૂ, બ્રહ્મદેવથી તે સ્થાવર જંગમપર્યન્ત જે કાંઈ પણ નિર્માણ થાય છે અને લય પામે છે, તે સર્વ ક્ષેત્ર જ છે.[૫૮] પરંતુ દેવ, મનુષ્ય અને સર્પ આદિ ભિન્ન ભિન્ન યોનિયોમાં જેઓ નિર્માણ થાય છે, તેઓ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોની સંગતિ થવાથી જ ઉત્પન્ન થાય છે.[૫૯] હે અર્જુન! એ ગુણોનો વિચાર આગળ જતાં (ચૌદમા અધ્યાયમાં) કરવામાં આવશે. અત્યારે તો જ્ઞાનનું સ્વરૂપ શું છે, એ જ હું તને કહી સંભળાવું છું.[૧૬૦] ક્ષેત્રનાં એકંદર સર્વ લક્ષણો વિકારો સહિત તને કહી સંભળાવ્યાં; એટલે હવે પછી, જેના યોગે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તે ઉદાર જ્ઞાનવિશે તને હું જે કાંઈ કહું તે સાંભળ.[૬૧] જે જ્ઞાન માટે યોગીજનો સ્વર્ગના વક્ર માર્ગને ઉલ્લંઘીને બ્રહ્મરંધ્રરૂપ આકાશને ગળી જાય છે;[૬૨] ઋદ્ધિની પરવા રાખતા નથી, સિદ્ધિની દરકાર ધરાવતા નથી અને કઠિન યોગ સાધનનું આચરણ કરે છે;[૬૩] તપરૂપી દુર્ગને ઉલ્લંઘીને, કોટયવધિ યજ્ઞોને ઓવારી નાંખી, કર્મકાંડરૂપ વલ્લરી-વેલીને ઉખેડી નાંખે છે;[૬૪] પુષ્કળ પ્રકારના ઉપાસના માર્ગને સ્વીકારી કોઈ નગ્ન અંગથી જ વિચરે છે અને કેટલાક સુષુમ્ણાના ગુપ્ત માર્ગમાં સંચાર કરે છે,[૬૫] એવું જે જ્ઞાન, તે જ્ઞાનની પ્રાપ્તિમાટે સર્વ ઋષિઓ મનમાં ઉત્કટ ઇચ્છા ધારણ કરીને વેદરૂપી વૃક્ષનાં પર્ણો-પાંદડાપર ચાલે છે અર્થાત્ વેદોમાં કહેલા સર્વ માર્ગોનું શોધન કરે છે.[૬૬] હે પાંડવ! ગુરુની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થશે, એવી બુદ્ધિથી ભવિષ્યમાં થનારા અનેક જન્મોને ગુરુની સેવાપરથી ઓવારી નાંખે છે;[૬૭] જે જ્ઞાનની પ્રાપ્તિ થવાથી અજ્ઞાનનો લોપ થાય છે; તથા જીવ અને આત્માની એકતા થાય છે;[૬૮] જે જ્ઞાન ઇન્દ્રિયોને વિષયોની ઇચ્છાથી અલિપ્ત રાખે છે, કર્મોની ઉત્કંઠાને તોડી નાંખે છે અને મનની ચિન્તાને દૂર કરે છે;[૬૯] જે જ્ઞાનનો લાભ થવાથી દ્વૈતનો અભાવ થાય છે અને અદ્વૈતનો સુકાળ થઇ જાય છે;[૧૭૦] જેના યોગે ગર્વનાં નામ નિશાનનો સર્વથા નાશ થાય છે; જે માયાને આશ્રય આપતું નથી અને જેનામાં 'મારું અને તારું' એવો ભાવ અવશિષ્ટ રહેતો નથી;[૭૧] જે સંસારનું નિર્મૂલન કરી નાંખે છે; સંકલ્પરૂપ કાદવને ધોઇ નાંખે છે; અને સર્વવ્યાપક પરબ્રહ્મનો મેળાપ કરાવી આપે છે;[૭૨] જેની પ્રાપ્તિ થતાં પ્રાણ-જીવાત્મા ગાંડો ઘેલો બની જાય છે અર્થાત્ ઇન્દ્રિયો પાસેથી વિષયોપભોગ મેળવવા માટેની તેની ઉત્કંઠા મટી જાય છે; અને જેની સત્તાથી સર્વ જગતમાંના વ્યાપારો ચાલતા હોય છે,[૭૩] તેમ જ જેના પ્રકાશવડે બુદ્ધિ પ્રૌઢ થઇને જીવ આનંદમય થાય છે;[૭૪] એવું જે જ્ઞાન, જે પવિત્રતાનો ભંડાર છે અને જેની પ્રાપ્તિ થવાથી વિષયોવડે ભ્રષ્ટ થયેલું મન નિર્મળ બની જાય છે;[૭૫] 'હું જીવ છું!' એવો આત્માને જે ક્ષય રોગ લાગેલો હોય છે, તે રોગનો જેની પ્રાપ્તિથી લય થઇ જાય છે,[૭૬] તે જ્ઞાનનું નિરૂપણ અશક્ય હોવા છતાં પણ હું તને તે સમજાવીને કહું છું-માટે તે સાંભળીને, તું સારી રીતે સમજી લે. બાકી, તે નેત્રોથી જોઇ શકાય તેવી વસ્તુ તો નથી જ.[૭૭] એ જ્ઞાન, જે વેળાએ આ શરીરમાં ઉત્પન્ન થાય છે, તે વેળાએ તે ઇન્દ્રિયોના આચરણથી દૃષ્ટિગોચર થઇ શકે છે.[૭૮] જેવી રીતે વૃક્ષોની પ્રફુલ્લતાથી વસંતઋતુના પ્રારંભનું સૂચન થાય છે, તે જ પ્રમાણે ઇન્દ્રિયોના વ્યાપારથી જ્ઞાનપ્રાપ્તિની ઓળખાણ થઇ શકે છે.[૭૯] અરે! વૃક્ષને ભૂમિમાંના મૂળમાં પાણી મળવાથી તેની શાખાઓના વિસ્તારમાં પણ જેમ

તેનો રંગ-ચમકાટ-દેખાઈ આવે છે;[૯૦] અથવા જમીનની મૃદુતા અંકુરની કોમળતા ઉપરથી પણ જણાઈ આવે છે, અથવા તો સારા કુળપરથી પુરુષનું આચરણ માલમ પડી આવે છે.[૯૧] અથવા આદરાતિથ્યપરથી જેમ સ્નેહભાવ ઓળખાઈ આવે છે; અથવા કોઈ અમુક મનુષ્યનું દર્શન થતાં જ મનને ઉલ્લાસપણું પ્રાપ્ત થવાથી તે કોઈ મહાપુરુષ છે, એમ તરત જણાઈ આવે છે;[૯૨] અથવા કેળમાં ઉત્પન્ન થયેલું કપૂર જેમ સૌગંધ્યથી ઓળખાઈ આવે છે અથવા તાવદાનમાં રાખેલા દીપકનો પ્રકાશ જેવી રીતે બહાર પડે છે;[૯૩] તે જ પ્રમાણે, હૃદયમાં જ્ઞાનની પ્રાપ્તિ થવાથી શરીરમાં તેનાં જે લક્ષણો દૃષ્ટિગોચર થાય છે, તે હવે હું તને કહું છું, તો તેમનું ધ્યાનથી ઉત્તમ રીતે શ્રવણ કર.[૯૪]

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥ ८ ॥

[માનની ઇચ્છા ન હોવી, દાંભિકતાનો અભાવ, અહિંસા, ક્ષાંતિ (શાંતિ), સરળતા, આચાર્યોપાસન-આચાર્યની ઉપાસના, આંતર્બાહ્ય શુચિર્ભૂતતા, સ્થિરતા અને આત્મસંયમ; ૮]

કોઈ પણ વિષય પોતાને પ્રાપ્ત થાય એવી જેની ઇચ્છા હોતી નથી અને લોકોએ સંભાવિત કહેવાથી જેને અસહ્ય ભારનો જ ભાસ થાય છે;[૯૫] પોતામાંના ગુણોનું કોઈ વર્ણન કરે; કોઈ તેના પોતાનું સન્માન કરે અથવા તો પોતાના અંગમાં રહેલી યોગ્યતાની કોઈ પ્રશંસા કરે;[૯૬] અથવા તો જેવી રીતે વાઘે સપડાવેલો હરિણ, અથવા નદીને તરીને પેલે પાર જતાં વચ્ચે પૂરમાં સપડાયલા મનુષ્યના મનમાં જેવો ગભરાટ થાય છે, તે જ પ્રમાણે તે પણ ગભરાઈ જાય છે![૯૭] એવા પ્રકારે હે પાર્થ! લોકોએ સન્માન કરવા છતાં જે દુઃખી થાય છે અને મહત્તાને કે ગુરુતાને પોતા તરફ આવવા દેતો નથી;[૯૮] પોતાને લોકોએ પૂજ્ય માનેલો છે એમ ન જોવું, પોતાની કીર્તિ પોતાનાં કાને ન સાંભળવી અને આપણે અમુક છીએ, એની લોકોને સ્મૃતિ જ ન થાય તો સારું, એવી જ જે પુરુષની પરમ ઇચ્છા હોય છે,[૯૯] તે સત્પુરુષમાં સત્કારની વાત જ શા માટે કરવી જોઇએ? અને તે આદરને પણ આવકાર કેમ કરીને આપે? અર્થાત્ કોઇ તેને નમસ્કાર કરે, તો તે તેને (આત્મજ્ઞાનીને) મરણ સમાન ભયંકર જ ભાસે છે.[૧૦૦] પોતાના અંગમાં બૃહસ્પતિ સમાન સર્વજ્ઞતા હોય, તોય લોકોમાં કદાચિત્ માહાત્મ્ય વધશે, એવી ભીતિથી જે ઉન્મત્ત પ્રમાણે જ વર્ત્તે છે;[૧] પોતાની વિદ્વત્તાને જે બતાવતો નથી, પોતાની મહત્તાનો ત્યાગ કરે છે અને મહાપ્રેમથી ભ્રમિષ્ટતા-ઉન્માદ-નો સ્વીકાર કરે છે;[૨] જેને કીર્તિનો કંટાળો હોય છે અને પ્રવૃત્તિશાસ્ત્ર વિષયક વાદવિવાદને ત્યાગી, સ્વસ્થતાથી બેસી રહેવાની જ જેને ઇચ્છા હોય છે;[૩] લોકો ભલે અપમાન કરે અને આપ્તવર્ગ પોતાવિશેની ચિન્તા ન કરે, એવી જ જેના મનમાં અતિશય ઉત્કંઠા હોય છે;[૪] જેના અંગમાં નમ્રતાનો ભંડાર ભરેલો હોય છે ને હીનતાને જ જે પોતાનું ભૂષણ બનાવવાના યત્નો કરે છે;[૫] 'હું જીવતો છું કે નહિ' એવા ભાસને, લોકોના મનમાં જન્મ આપનારું પોતાનું વર્ત્તન હોવું જોઇએ, એવી જ જે વાંચ્છના રાખે છે;[૬] 'આ પોતાના પગથી ચાલે છે કે વાયુના આઘાતથી ધકેલાતો જાય છે' એમ લોકોને ભાસ કરાવનારું પોતાનું વર્ત્તન રાખવા જે ઇચ્છે છે;[૭] 'મારા અસ્તિત્વનો લોપ થાઓ, મારા નામરૂપનો નાશ થાઓ અને પ્રાણિમાત્રને મારી ભીતિ ન ભાસો,'[૮] એવી જ જેની ઈશ્વરનાં ચરણોમાં નિરન્તર પ્રાર્થના હોય છે; જે નિત્ય એકાન્ત વાસમાં જ વસે છે; અને અમુક સ્થાન નિર્જન છે, એમ સાંભળતાંની સાથે જ આનંદ પામે છે;[૯] જે વાયુના અનુરોધથી વર્ત્તે છે, આકાશ સાથે વાર્ત્તાલાપ કરવામાં જેની પ્રિયતા છે અને વૃક્ષો જ જેના જીવ કે પ્રાણ છે;[૧૦૦] એ લક્ષણોનો જેના અંગમાં સમાવેશ થયેલો જોવામાં આવે, તેને

જ્ઞાન હસ્તગત-પ્રાપ્ત થયેલું છે, એમ તારે નિશ્ચયપૂર્વક માનવું.[૧] એટલા માટે, જે મનુષ્ય અમાનિત્વવાળો-અભિમાનરહિત હોય, તેને ઉપરના લક્ષણોવડે ઓળખવો. હવે અદાંભિકત્વને ઓળખવાના પ્રકાર કહું છું.[૨] અદાંભિકત્વ કૃપણના ધન સમાન હોય છે. કૃપણનો જીવ જાય, તોય તે પોતાના દાટી રાખેલા ધનનું કોઇને દર્શન કરાવતો નથી;[૩] તે જ પ્રમાણે, હે અર્જુન! પોતાના પ્રાણપર પણ સંકટ આવી પડે, તોપણ અનભિમાની પોતાના સુકૃત્યોને પોતાના મુખથી બોલી બતાવતો નથી.[૪] જેવી રીતે દૂધનાં પાનો ચઢાવી જનારી ગાય દૂધ ચઢાવી લે છે; અથવા વેશ્યા પોતાની પ્રૌઢ વયને-મોટી ઉમરને છૂપાવે છે;[૫] કોઈ ધનવાન્ મનુષ્ય જંગલમાં ચોરોના હાથમાં સપડાઈ જતાં જેમ પોતાની ધનાઢ્યતાનો ડોળ બતાવતો નથી; અથવા કુલીન કુલવધૂ જેમ પોતાના સુંદર અંગને વસ્ત્રોવડે આચ્છાદિત કરી રાખે છે;[૬] અથવા ધાન્યની વાવણી કર્યા પછી પાવડાથી તેપર માટી વાળીને ખેડુત જેમ તેને ઢાંકી દે છે; તેજ પ્રમાણે અનઅભિમાની, પોતે કરેલાં દાન અને પુણ્ય કોઇના જાણવામાં આવવા દેતો નથી;[૭] તે પોતાના દેહને સુશોભિત કરતો નથી; લોકોની આર્જવતા કરતો નથી અને પોતાના દાન ધર્મ વિશેની પોતે જાહેરખબર આપતો નથી;[૮]* તેમજ લોકોપર પોતે કરેલા ઉપકારો બોલી બતાવતો નથી. તે, પોતાને આવડતી વિદ્યાનું અભિમાન ધરાવતો નથી; અને પ્રતિષ્ઠા માટે પોતાની વિદ્યાનો વિક્રય કરતો નથી;[૯]† પોતાના શરીરના ઉપભોગ માટે કૃપણ પ્રમાણે કાંઈ પણ ખર્ચ કરતો નથી; પણ જ્યાં ધર્મનું કાર્ય કરવાનું હોય છે, ત્યાં આગળ પાછળનો જરાય વિચાર ન કરતાં ઉડાઉપણાથી ધન વાવરે છે;[૧૦] ઘરમાં અઢારે પ્રકારની અડચણ હોવા છતાં અને પોતાનું શરીર ક્ષુધાપીડિત હોવા છતાં, દાન કરવાનો સમય આવ્યો કે, તે કલ્પવૃક્ષને પાછળ હટાવી દે છે.[૧૧] વધારે શું કહીએ? સ્વધર્મનું આચરણ કરવામાં તે ગંભીર છે અને પ્રસંગ આવતાં અતિશય ઉદારતા બતાવે છે અને આત્મા તથા અનાત્માની ચર્ચા ચાલતી વેળાએ તે વિશેના વાદવિવાદમાં તે મહાચતુર હોય છે (તથાપિ હઠવાદ કરતો નથી) અને અન્ય વિષયોમાં ચોખ્ખો ગાંડા જેવો જ દેખાય છે![૧૨] કેળનાં થડ હમેશ હલકાં ને પોકળ દેખાય છે, પણ તેમને ફળો આવતાં રસાળ ને ભારી જણાય છે;[૧૩] અથવા મેઘ જેવી રીતે જોવામાં હલકો છે ને સહજ વાયુના આઘાતથી ચાલ્યો જતો હોય એવો દેખાય છે, પરંતુ તેજ વર્ષવા માંડ્યો, એટલે સર્વત્ર જળજળ કરી મૂકે છે,[૧૪] તેજ પ્રમાણે, જેને પૂર્ણતાથી જોતાં બુદ્ધિને સમાધાન ભાસે છે, તેજ પુરુષ વર્ણનીય છે-પ્રશંસા કરવાને યોગ્ય છે.[૧૫] અસ્તુ. એવાં એ ચિહ્નો જેનામાં દૃષ્ટિગોચર થાય, તેનામાં જ્ઞાનનો આવિર્ભાવ થયેલો છે, એમ તારે સમજવું.[૧૬] જેને અદાંભિકત્વ કહેવામાં આવે છે, તે એ જ છે.

હવે હું અહિંસાનાં લક્ષણો કહું છું, તે સાંભળ.[૧૭] અનેક પ્રકારના મતવાદીઓએ અહિંસાનું પોતપોતાના અભિપ્રાય અનુસાર વર્ણન કરેલું છે, તે સાંભળ.[૧૮] તે પ્રકાર કેવો છે, એમ જો તું પૂછે, તો જેવી રીતે વૃક્ષની શાખાઓને તોડીને તે વૃક્ષના થડની આસપાસ તેની જ વાડ કરવામાં આવે;[૧૯] અથવા પોતાના હાથોને વાઢી તેમને રાંધીને તેમના આહારથી જ ક્ષુધાને શમાવવામાં આવે; અથવા દેવાલયને ભાંગીને તેજ સામાનથી દેવના અંતર્મન્દિરનું ચણતર કરવામાં આવે;[૨૦] તેજ પ્રમાણે, હિંસા કરીને અહિંસા કરી છે, એમ બતાવવું, એ બાબતનો કર્મકાંડમાં નિર્ણય કરેલો છે.[૨૧] કારણ કે, વૃષ્ટિના અવર્ષણથી સમસ્ત જગત્ ત્રસ્ત થાય, એટલે પર્જન્યેષ્ટિ આદિ અનેક યજ્ઞો કરવામાં આવે છે;[૨૨] પરંતુ તે ઇષ્ટિના મૂળમાં દૃષ્ટિપાત કરતાં પશુઓની હિંસા સ્પષ્ટ દેખાઈ આવે છે; એટલે પછી અહિંસાનો પેલી તરફનો તીરપ્રાંત, ક્યાંથી

* સાંપ્રતનો પ્રથા છે કે, ત્રણ પૈસાનું ધર્મ-દાન કીધું હોય તો છાપામાં છપાવવું અને છાપામાં છપાયું કે પોતે કૃતકૃત્ય!

† અર્થાત્ દ્રવ્યની પ્રાપ્તિ અર્થે જ્ઞાનના ગ્રન્થો છપાવી વેચવા અથવા દ્રવ્ય લઇને વિદ્યા ભણાવવી, એ પ્રથા પ્રાચીન કાળની નહિ, પરંતુ આધુનિક છે.

અને કેમ કરીને દેખાય?[२३] જ્યાં કેવળ હિંસાના બીજનું જ આરોપણ કરવામાં આવે, ત્યાં અહિંસાવૃક્ષ ઉગે ખરું કે? ના. પરંતુ હે અર્જુન! એ યાજ્ઞિકોની ઉત્કંઠાનો તો અવધિ જ થયો છે![२४] હે પાંડવ! સર્વ વૈદક ગ્રંથોમાં એ જ માર્ગ કહેલો છે કે, એક જીવના રક્ષણમાટે બીજા જીવનો ઘાત કરવો![२५] નાના પ્રકારના રોગોવડે ગ્રસ્ત થઇને અનેક જીવો સબડ્યા કરે છે, એમ જોઇને એ થતી હિંસાના નિવારણમાટે, રોગની પરીક્ષા કરી, ઔષધોની યોજના કરવામાં આવે છે.[२६] તે ઔષધોની યોજનામાટે પ્રથમ એક વૃક્ષનું મૂળ ખોદી લાવે છે અને બીજા રોપાને મૂળ સહિત ઉખેડી લાવે છે;[२७] એક વૃક્ષને વચ્ચેથી જ તોડી નાંખે છે અને બીજા એક મોટા ઝાડની છાલ ઊતારી લાવે છે; અને ગર્ભવાળા જીવને નીચે ઉપર આચ્છાદન નાંખીને ઉખેડી કાઢે છે.[२८] જેનામાં શત્રુભાવનો સર્વથા અભાવ રહેલો છે, એવા વૃક્ષના સર્વ અવયવો-પર શસ્ત્રાઘાત કરીને તેમાંથી નીકળતું દૂધ કાઢી લેવામાં આવે છે, એવી રીતે હે ધનુર્ધર! સર્વ વનસ્પતિઓના સત્વનો નાશ કરીને તે વૃક્ષોને શુષ્ક કરી નાંખવામાં આવે છે;[२९] અને સજીવના શરીરમાં હાથ ઘાલીને તેના ઉદરમાંના પિત્તને કાઢી લેવામાં આવે છે, અને તે વડે પીડિત થયેલા અનેક જીવોનું રક્ષણ કરવામાં આવે છે![३०] સુખપૂર્વક રહેવા માટેનાં ઘરોને તોડીને તેમનાં દેવાલય બાંધવામાં આવે; વ્યાપારમાં બીજા લોકોને ડૂબાવીને અન્નછત્રો ચાલુ કરવામાં આવે;[३१] અથવા મસ્તકને આચ્છાદવા જતાં અધોભાગ નાગો થઈ જાય; અથવા આગળનું આંગણું ઉઘાડું હોવાથી ઘર તોડીને તેનાપર મંડપ ચણાવાય;[३२] જેવી રીતે પુષ્કળ પ્રકારનાં ઓઢવાનાં વસ્ત્રોને બાળીને તાપણું કરવામાં આવે; અથવા હાથીને સ્નાન કરાવી ધોઇને સ્વચ્છ કરવા પછી પાણીમાંથી ઊપર જમીનપર આવતાં જ તે જેમ સુંઢમાં કાદવ-ધૂળ લઇને પોતાના અંગને તરત જ બગાડી નાંખે છે;[३३] અથવા તો બળદને વેચી નાંખીને તે પૈસાથી ગોઠો (ઢોરને રહેવાની જગા) બાંધવામાં આવે, કિંવા પોપટને હાંકી કાઢ્યા પછી તેના માટે પાંજરું તૈયાર કરાય; એ સર્વનું નામ, ઠામ કે કામની ચેષ્ટા? અને એવી બુદ્ધિને જોઈ શું કર્ત્તવ્ય છે વારુ-હસવું કે રોવું?[३४]

કેટલાકો ધર્મસંપ્રદાય પ્રમાણે પાણી ગાળીને પીએ છે, પરંતુ ગળણામાંથી પાણી નીચોવી લેતી વેળાએ જીવો મરે છે, એનું તેમને ભાન જ હોતું નથી.[३५] કેટલાકો હિંસા થવાના ભયથી ધાન્યને રાંધી ખાવાને બદલે ઉપવાસનું જ સેવન કરે છે; પરંતુ એથી તેમના પ્રાણ વ્યાકુળ થાય છે, એ પણ હિંસા જ થાય છે;[३६] એ જ પ્રમાણે, હે પ્રસન્નમન અર્જુન! હિંસાને જ કર્મકાંડમાં અહિંસા માનીને જે સિદ્ધાંત કરવામાં આવ્યો છે, તે સારી રીતે તું સમજી લે.[३७]

પ્રથમતઃ અહિંસાનાં લક્ષણોને કહી બતાવવાના વિચારે મારા મનમાં સંચાર કર્યો, ત્યારે મારી બુદ્ધિને એમ લાગ્યું કે, પ્રારંભમાં ખરી અહિંસાનાં લક્ષણો કહી સંભળાવવાં.[३८] ત્યારે અહિં-સાનું વર્ણન કરવાની મારી બુદ્ધિની ઇચ્છાને પૂર્ણ કર્યા વિના મારાથી કેમ કરીને રહી શકાય? અર્થાત્ એથી મને બોલવાની ફરજ પડી. તેમ જ આ વાત સારી રીતે તારા જાણવામાં પણ આવી જાય, એ પણ મારો મનોભાવ હતો.[३९] હે અર્જુન! મુખ્ય કરીને એ જ હેતુનો મનમાં આવિર્ભાવ થતાં, મેં તને અહિંસાનાં લક્ષણો કહ્યાં. બાકી કોઈ વિનાકારણ આડા રસ્તામાં ચાલે ખરો?[४०] હે અર્જુન! પોતાના મતની સ્થાપના કરવા માટે પ્રથમ બીજાનો મત કેવો છે, તે વિશેનો વિચાર કરવો પડે છે.[४१] એ પ્રમાણે, પોતાના મતને સ્પષ્ટ કરીને કહેવાની આ રીતિ છે: હવે મારું જે મુખ્ય મત છે, તે તું સાંભળ.[४२]

મારા તે મતનો નિર્દેશ કરીને પછી હું અહિંસાનાં લક્ષણો કહીશ. તે લક્ષણો કોઇના પણ અંગમાં સ્પષ્ટ દેખાવા માંડે, એટલે તેને સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થયેલી છે, એમ તરત અનુભવવામાં આવી જાય છે.[४३] પરંતુ તે અહિંસાનો જેના મનમાં પૂર્ણ વિસ્તાર થયેલો હોય છે, તે તો અહિંસાનું

સ્વરૂપ, તેની શરીરરચના અને તેનાં આચરણુથી જ ઓળખાઇ આવે છે. જેવી રીતે સુવર્ણને કસોટી પર ચઢાવતાં તેનો ભાવ (કીંમત) જાણુવામાં આવી જાય છે,[૪૪] તેવી જ રીતે જ્ઞાન અને મનનો મેળાપ થતાં, મનમાં અહિંસાની છાપ પડી જાય છે; અને હે અર્જુન! તે છાપ કેમ અને કેવી પડે છે, તે હવે સાંભળ.[૪૫] બગલો જેવી રીતે પાણીની લહરીઓને ન ઓળંગતાં અને પગવડે તેમને ન તોડતાં, તેને હીલવા દેતો નથી,[૪૬] પરંતુ પોતાના ખાદ્ય પદાર્થ મત્સ્યપર ધીમેથી નજર રાખીને વેગથી પાણીપર ચાલે છે;[૪૭] અથવા તો અંદરના કેસરનો ભંગ થવાના ભયથી ભૃંગ જેવી રીતે કમળપર ધીમેસથી જ પગ મૂકે છે;[૪૮] તેવી જ રીતે, પરમાણુમાં પણુ અતિ સૂક્ષ્મ જીવો ભરેલા છે, એમ જાણીને તે જીવો ન મરે તો સારું, એવી કરુણાનો મનમાં ઉદ્ભવ થતાં, તે જમીનપર ઘણી જ સંભાળથી પગલાં મૂકીને ચાલે છે.[૪૯] તે જે માર્ગમાં સંચાર કરે છે, ત્યાં સર્વત્ર કૃપાદૃષ્ટિથી જોતો જ ચાલે છે અને જે દિશામાં જાય છે, ત્યાં મનમાં સ્નેહભાવ રાખીને, કોઈ પણુ પ્રાણીને ઉપદ્રવ ન થાય એટલા માટે, જીવ કરતાં પણુ તે પ્રાણીઓની વધારે સંભાળ રાખે છે.[૨૫૦] હે અર્જુન! એવી રીતે જેઓ સંભાળ રાખીને ચાલે છે, તેમની અહિંસાનું માપ શબ્દોવડે કરી શકાય તેમ નથી જ.[૫૧] માયાના યોગે બિલાડી પોતાના પીલા (બાળક)ને પોતાના મુખમાં ઝાલી રાખે છે, તે વેળાએ તેના દાંત જેમ તે બાળકને લાગતા નથી;[૫૨] અથવા તો જેવી રીતે મમતાળુ માતાની દૃષ્ટિ, જે વેળાએ પોતાના બાળકના માર્ગમાં લાગેલી હોય છે, તે વેળાએ તેની દૃષ્ટિમાં સર્વથા પ્રેમ અને પ્રેમ જ ભરેલો હોય છે;[૫૩] અથવા તો કમળના પાંદડાંથી વાયુનું સેવન કરતી વેળાએ જેમ નેત્રોની કીકીઓનું સમાધાન થાય છે;[૫૪] તે જ પ્રમાણે તે મનુષ્ય ધીમેસથી પૃથ્વીપર પગ મૂકીને ચાલે છે અને જે જીવોને તેના પગોનો સ્પર્શ થાય છે, તેમને તેથી ત્રાસ ન થતાં સ્હામો આનંદ અથવા સુખનો જ ભાસ થવા માંડે છે.[૫૫]

હે અર્જુન! એવી રીતે તે ધીમેસથી ચાલતો હોય, તે વેળાએ જો જમીનપર કીડી કે મકોડી પણુ તેના જોવામાં આવે, તો તરત ધીમેથી તે ત્યાંથી પાછો ફરે છે.[૫૬] જો સેવકરૂપ એવા આપણે પગ પછાડતાં ચાલીશું તો સ્વામીની નિદ્રાનો ભંગ થશે અને તેની પ્રકૃતિની સ્વસ્થતાને આઘાત થશે,[૫૭] એ રીતે મનમાં દયા ઉત્પન્ન થવાથી કોઇ પણુ પ્રાણીનું ઉલ્લંઘન ન કરતાં તે પાછો ફરે છે.[૫૮] જીવનો નાશ થશે, એવી શંકાથી તે ઘાસપર પગ મૂકીને ચાલતો નથી. એટલે પછી કોઈ પ્રાણીને જોવા છતાં પણુ તેની પરવા ન કરીને (તેની પ્રાણુહાનિના વિચારને મનમાં સ્થાન ન આપીને) તે માર્ગમાં આગળ વધે, એ કેમ કરીને બની શકે?[૫૯] જેવી રીતે કીડી મેરુ પર્વતને ઉલ્લંઘી શકતી નથી, તેવી જ રીતે પ્રાણી–કોઈ પણુ જીવજંતુ–નો મેળાપ થતાં જેનાથી તેનું ઉલ્લંઘન કરી શકાતું નથી,[૨૬૦] એવું જેનું વર્તન, કૃપારૂપ ફળોવડે ફળદ્રૂપ થઇને, જેની વાણીમાં પણુ મૂર્ત્તિમતી દયા દૃષ્ટિગોચર થાય છે,[૬૧] જે શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણુ પાસેના માણસને ત્રાસ ન થાય તેવી રીતે કરે છે અને જેનું મુખ, પ્રેમના કેવળ ભંડાર સમાનજ દેખાય છે–તેમજ તેના દાંતો માધુર્ય વૃક્ષને અંકુર ફૂટ્યા સમાન દેખાય છે;[૬૨] તેના મુખમાંથી અક્ષરો બહાર નીકળવા પહેલાં મુખ-મંડળમાં સ્નેહભાવની છાયા નજરે પડે છે; અને ઉદરમાં પ્રથમ દયાની ઉત્પત્તિ થઇને ત્યાર પછી કૃપાથી ભરેલા શબ્દો મુખદ્વારમાંથી બહાર નીકળવા માંડે છે.[૬૩] તે પોતાથી બને ત્યાં સૂધી તો કોઇની જોડે બોલતો જ નથી; કદાચિત્ તેની ઇચ્છા થાય છે, તો આપણા બોલવાથી કોઇને સંતાપ તો નહિ થાય, એવી તેના મનમાં ભીતિ થયા કરે છે;[૬૪] બોલતાં બોલતાં જો પોતાના મુખમાંથી વધારે ઓછા શબ્દો નીકળે, તો તે શબ્દો કોઇના મનમાં ન ખૂંચે, અને તે શબ્દોથી કોઇના મનમાં કાંઈ પણુ શંકા ઉત્પન્ન ન થાય,[૬૫] (તેથી) કોઇનો કરેલો નિશ્ચય ન ભાંગે, કોઇને ભય ન થાય, કોઇ હબકીને ન જાગી ઊઠે, (એનો તેને બહુ જ વિચાર રહ્યા કરે છે). તેમ જ જો કોઇ તેના બોલ-

વાનો તિરસ્કાર કરે,[૬૬] તો પણ કોઇને પીડા ન થાય અને કોઇ આંખો કાઢીને મારા તરફ ન જુએ, એમ મનમાં ધારીને જે બોલતો નથી;[૬૭] અને પછી કોઇની પ્રાર્થના સાંભળીને પ્રેમ ભાવથી કદાચિત્ તે બોલવા માંડે, તો સાંભળનારને તેનું બોલવું માતાપિતાના ભાષણ સમાન ઉપદેશમય ભાસે છે;[૬૮] અથવા તો જાણે મધુરનાદ આવીને મૂર્તિમાન્ થઇ ઊભો હોયની અથવા સ્વચ્છ ગંગોદકનું પૂર આવી લાગ્યું હોયની, કિંવા પતિવ્રતા સ્ત્રીને વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ થઇ હોયની,[૬૯] તેવી રીતે તેના મુખમાંથી સત્ય અને મૃદુ તથા પરિમિત અને પ્રેમાળ અમૃતની લહરી સમાન શબ્દો જ નીકળતા સંભળાય છે.[૨૭૦] પણ જે શબ્દો વ્યાજસ્તુતિથી ભરેલા હોય, જેમનાથી વાદ ઉપસ્થિત થવા સંભવ હોય અને બીજાઓને ત્રાસ થતો હોય, તેમ જ જે શબ્દોમાંથી નિન્દા અને છળને જન્મ મળતો હોય અને તેથી જે શબ્દો બીજાના હૃદયમાં બાણ સમાન વાગતા હોય;[૭૧] જેમનામાં ખોટો ડોળ, હિંમત, કપટ, આશા, શંકા અને ઠગબાજી ભરેલી હોય, એવા શબ્દોને જે પોતાની વાણીથી કદાપિ ઉચ્ચારતો નથી;[૭૨] તે જ પ્રમાણે, હે અર્જુન! જેની દૃષ્ટિ સ્થિર હોઇને ભ્રૂભાગયુક્ત હોય છે, એટલે કે, જેના કપાળમાં ક્રોધ વ્યાપવાથી કરચોળિયો નજરે પડતી નથી;[૭૩] કારણ કે, પ્રત્યેક પ્રાણીના ઘટઘટમાં બ્રહ્મ પસરી રહ્યો છે અને તેથી કદાચિત્ તેને ત્રાસ થશે, એવા ભયથી જે બહુધા કોઇની તરફ પણ જોતો નથી;[૭૪] એમ હોવા છતાં પણ કોઈ વેળાએ આંતરિક કૃપાના બળથી જો તે આંખો ઊઘાડીને કોઇની તરફ જુવે,[૭૫] તો ચંદ્રબિંબમાંથી નીકળતી અમૃતધારાઓ, જો કે કોઇની દૃષ્ટિએ પડતી નથી, તોપણ ચકોરપક્ષી એકી ટસે ચંદ્રને જોતો હોવાથી તેનું પેટ તે અમૃતથી ભરાય છે;[૭૬] તે જ પ્રમાણે, જે પ્રાણી તરફ તે પોતાની દૃષ્ટિથી જુએ છે, તેના મનનું સમાધાન થાય છે અને (કાચબી જો કે પોતાનાં બચ્ચાંને કેવળ દૃષ્ટિથી જોઇને જ ઊછેરે છે, તો પણ તે) કાચબીને પણ એ દૃષ્ટિના પ્રેમની ઓળખ થઈ શકતી નથી;[૭૭] કિંબહુના, જે ભૂત માત્રને એવી જ પ્રેમાળ દૃષ્ટિથી જોયા કરે છે; તેના હાથના ગુણોને જોતાં તે પણ દૃષ્ટિ પ્રમાણે જ અલૌકિક હોય છે.[૭૮] જેવી રીતે, બ્રહ્મનિષ્ઠના મનોરથો પૂર્ણ થયેલા હોય છે, તે જ પ્રમાણે, જેના હાથો, કાંઇપણ કરવાની ઇચ્છા ન હોવાથી નિર્વ્યાપાર હોય છે;[૭૯] અને જન્માંધ જેવી રીતે જોવાની ક્રિયાને છોડી દે છે, અથવા અગ્નિને બાળનાર પદાર્થ ન હોવાથી જેમ તે બુઝાઇ જાય છે અથવા મુંગો મનુષ્ય જેમ મૌન્યવ્રત ધારણ કરે છે;[૨૮૦] તેમ જ જેના હાથોને માટે કરવાનું કાંઇપણ બાકી રહેલું હોતું નથી અને જેઓ કાંઈ પણ વ્યાપાર ન કરતાં સ્વસ્થ થઇને બેસી રહે છે;[૮૧] વાયુને આઘાત થશે અથવા આકાશને નખ લાગી જશે, એમ ધારીને જેઓ પોતાના હાથોને પણ હીલવતા નથી;[૮૨] ત્યાં પછી શરીરપર બેઠેલી મક્ષિકાને ઉડાડવાની, આંખમાં ગયેલી રજને કાઢવાની અથવા પશુ પક્ષીઓને આંખોવડે ભય બતાવવાની[૮૩] વાત તો ક્યાંથી જ બની શકે? હે કિરીટી! તેને જ્યાં હાથમાં દંડ અથવા લાકડી લેવાનું પણ ગમતું નથી, તો પછી તે શસ્ત્રો તો ક્યાંથી જ ઉપાડે?[૮૪] હાથમાં રમતવડે સહજ કમળ ઉપાડીને ફેરવ્યાથી અથવા ફૂલોના હારને ઝીલવાથી, તેવી સુકોમળ વસ્તુ પણ, ગોફણ પ્રમાણે કદાચિત્ કોઇ જીવને લાગશે અને તેને ઇજા થશે, એમ ધારીને એ વ્યાપાર પણ જે પોતાના હાથવતી કરતો નથી;[૮૫] અંગપરનાં રોમાંચોને, ઇજા થવાના ભયથી જે શરીરપર હાથ પણ ફેરવતો નથી; અને નખો ઉતરાવ્યાથી હિંસા થશે, એમ માનીને જે નખોને વધાર્યા જ કરે છે;[૮૬] પ્રથમ તો કોઇપણ કાર્ય હાથવતી કરવું જ નહિ એવો જેનો નિશ્ચય હોય છે અને એવો જ પ્રસંગ આવે તો હાથ જોડ્યા વિના બીજા કશાનો જેને અભ્યાસ હોતો જ નથી;[૮૭] અથવા તો હાથનો વ્યાપાર કરવો જ હોય, તો હાથ ઉપાડીને અભય વચન આપવું, કોઈ પડતો હોય તો તેને હાથનો આધાર આપવો અથવા પીડિત મનુષ્યના શરીરપર ધીમેસથી–હલકો હાથ ફેરવવો[૮૮]

ઇત્યાદિ કાર્યો પણ જે મહાસંકટથી કરે છે; તથાપિ જે પીડિત પ્રાણીની ચિન્તાને દૂર કરે છે અને તેની એ કૃતિથી કૃપાનો જે ઝરો છૂટે છે, તેવો ઝરો ચન્દ્રનાં કિરણોમાંથી છૂટવો પણ કઠિન છે;[૮૯] તેના હાથનો સ્પર્શ થતાંજ મલયપર્વતનો વાયુ પણ પીડિત પુરુષને કઠિન લાગે છે; અને એવા જ મૃદુ હાથવડે જે પશુને પણ પસવારે છે;[૨૯૦] જે હાથો નિત્ય મોકળા હોય છે અને ચંદનના વૃક્ષનો કોઇપણ ભાગ શીતલ જ હોય છે અને તેને ફળો ન આવવા છતાં તે કોઇને નિષ્ફળ ભાસતું નથી (એ અહિંસકનું લક્ષણ છે.)[૯૧]

(જ્ઞાનેશ્વર મહારાજના શ્રોતા કહે છે કે) પણ હવે આ વાક્પાંડિત્યને રહેવા દો–કારણ કે, સજ્જનોનાં શીલ અને સ્વભાવ જેવાં હોય છે, તેવાં જ તેના હાથે આચરણો પણ થાય છે, એટલે એમાં વધારે આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી.[૯૨]

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે,–હવે તેનું મન કેવું હોય છે, એ વિશે કાંઇ કહેવાનો વિચાર કરીએ તો એ પ્રશ્ન આવીને ઊભો રહે છે કે, જે આ સર્વ વાર્ત્તાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સર્વ કૃતિ કોની છે વારુ?[૯૩] વૃક્ષજ શાખાઓ એટલે તે વૃક્ષ નહિ કે શું? પાણી વિના સમુદ્ર હોઈ શકે? તેજ અને સૂર્ય ભિન્ન છે ખરાં?[૯૪] અવયવ અને શરીર નિરાળાં છે ખરાં? અથવા તો જળ અને જળનું માધુર્ય ભિન્ન છે ખરું?[૯૫] અર્થાત્ આ સર્વ ઇન્દ્રિયોના જે બાહ્ય વ્યાપારો કહેવામાં આવ્યા છે, તે સર્વ મનના જ વ્યાપારો છે, એમ તારે સમજવાનું છે.[૯૬] જે બીજ ભૂમિમાં પેરેલું (વાવેલું) હોય છે, તે જ પૃથ્વીની ઉપર વૃક્ષરૂપે દૃષ્ટિગોચર થાય છે; તે જ પ્રમાણે ઇન્દ્રિયોદ્વારા જે વ્યાપારો થતા હોય છે, તે કેવળ મનની પ્રેરણાથી જ થાય છે.[૯૭] પરંતુ મનમાં જો અહિંસાનો ઉદય થયેલો ન હોય, તો તે હિંસા ઇન્દ્રિયોદ્વારા કેમ બહાર પડી શકે?[૯૮] હે અર્જુન! કોઈ પણ વૃત્તિ પ્રથમ મનમાં જ ઉત્પન્ન થાય છે અને તે જ પછીથી વાચા, દૃષ્ટિ અને હાથે બનતી (પ્રત્યક્ષ થતી) દેખાય છે.[૯૯] નહિ તો જે વાર્ત્તા મનમાં આવતી–ઉદ્ભવતી નથી, તે મુખથી પણ બોલાતી નથી. બીજ વિના પૃથ્વીમાં અંકુર ઉદ્ભવી શકે કે? કદાપિ નહિ.[૩૦૦] અર્થાત્ સૂત્રધાર વિના જેવી રીતે કળસૂત્રી–સાંચાવાળી પૂતળી ક્રિયા કરી શકતી નથી, તે જ પ્રમાણે મન જ્યારે કોઈ પણ વ્યાપાર કરવામાં પ્રવૃત્ત હોતું નથી, ત્યારે ઇન્દ્રિયો પ્રથમથી જ નિર્બળ થઇ જાય છે.[૧] જે પાણી પોતાના નીકળવાના મુખ પાસે જ સૂકાઇ જાય છે, તેનો નદીના ગર્ભમાં પ્રવાહ ક્યાંથી વહી શકે વારુ? પ્રાણ નીકળી જવા પછી દેહ કાંઇ વ્યાપાર કરી શકે છે? નહિ જ.[૨] તે જ પ્રમાણે, હે પાર્થ! આ ઇન્દ્રિયોના વ્યાપારનું મૂળ કારણ મન છે અને સર્વ ઇન્દ્રિયોને વ્યાપારમાં પ્રવૃત્ત કરનાર પણ એ જ છે,[૩] પરંતુ જે વેળાએ મનમાં જેવી વાસના ઉદ્ભવે છે, તે પ્રમાણેના વ્યાપારો જ બહાર ઇંદ્રિયો દ્વારા થવા જાય છે;[૪]

એટલા માટે, જેવી રીતે પાકેલાં ફળોનો સુવાસ પોતાની મેળે જ ચારે તરફ પ્રસરી જાય છે; તેવી જ રીતે જો મનમાં ખરેખરી અહિંસા અવિચલ અને બળવતી હોય, તો ઇંદ્રિયોના વ્યાપારમાં અહિંસા જ દૃષ્ટિગોચર થાય છે;[૫] અર્થાત્ ઇંદ્રિયો સર્વ રીતે કેવળ અહિંસાને જ પોતાની સંપત્તિ માનીને તેની લેવડદેવડનો વ્યાપાર કરતી હોય છે.[૬] જેવી રીતે સમુદ્રમાં ભરતી આવતાં સમુદ્રના પાણીવડે ખાડાઓ ભરાઇ જાય છે તેવી જ રીતે મનમાં આવેલી અહિંસાની ભરતી, ઇંદ્રિયોના વ્યાપારમાં પણ દૃષ્ટિગોચર થાય છે.[૭] વધારે શું કહું? મહેતાજી જેવી રીતે ન્હાના બાળક (વિદ્યાર્થી)નો હાથ ઝાલીને તેના હાથે સુંદર અક્ષરો લખાવે છે,[૮] તેવી જ રીતે પોતામાંની પૂર્ણત્વને પામેલી દયાને હસ્ત પાદ આદિ ઇંદ્રિયોમાં લાવીને, મન તેમનામાં અહિંસાને ઉત્પન્ન કરે છે; (તે ઇન્દ્રિયોને અહિંસાનાં આચરણોમાં પ્રેરે છે.)[૯] અને તેથી જ હે અર્જુન! ઇન્દ્રિયોની ચેષ્ટાઓ મનના વ્યાપાર પ્રમાણેની જ જોવામાં આવે છે.[૧૦] એવી રીતે જેણે મનસા,

વાચા અને કર્મણાથી હિંસાનો ત્યાગ કરેલો છે એમ તારા જોવામાં આવે,[11] તો તે પુરુષ જ્ઞાનનો વિલાસી અને જ્ઞાનનું વસતિસ્થાન છે, એમ તારે સમજવું. વધારે તો શું, પણ તે મૂર્તિમંત જ્ઞાન જ છે, એમ જ જાણ![12] અહિંસાનું જે વર્ણન આપણે શ્રવણોવડે સાંભળીએ છીએ, અથવા ગ્રંથોના આધારે જેનું નિરૂપણ કરીએ છીએ, તે અહિંસાનું પ્રત્યક્ષ દર્શન કરવાની આકાંક્ષા થાય, તો તે પુરુષના દર્શનનો લાભ લેવો.[13]

(જ્ઞાનદેવ કહે છે કેઃ-) એમ શ્રીકૃષ્ણે અર્જુનને જે જે કહ્યું, તે મારે તમોને કેવળ એક શબ્દમાંજ કહેવું જોઇતું હતું; પરંતુ મારા મુખે તેનો બહુ વિસ્તાર થયો, એની મને ક્ષમા કરશો.[14] તમે કહેશો કે, પશુઓ લીલું ઘાસ ખાવા માંડ્યાં, એટલે ખાતાં ખાતાં આગળ ચાલ્યાં જાય છે અને ત્યાંથી પાછા ફરવાનું ભૂલી જાય છે; કિંવા પક્ષી આકાશમાં ઉડવા માંડ્યું, એટલે વાયુના વેગથી આગળ અને આગળ (ઊંચું અને ઊંચું)જ ઉડ્યું જાય છે,[15] એ જ પ્રમાણે પ્રેમના ઉભરામાં રસવૃત્તિ પ્રવૃત્ત થતાં મારી બુદ્ધિને અટકાવવાની મારામાં જ શક્તિ રહી નથી.[16] ખરી રીતે જોતાં અહીં એવો કાંઇપણ પ્રકાર નથી, કિન્તુ એ વિસ્તારનું એક કારણ છે. બાકી અહિંસા શબ્દ કેવળ ત્રણ જ અક્ષરોનો બનેલો છે,[17] અને તેથી તેનું વર્ણન થોડાકમાં જ કરી શકાય એમ છે; પરંતુ (જે વેળાએ હિંસાને જ અહિંસા કહેનારા) બહુ મતોનું ખંડન કરવામાં આવે, ત્યારે જ તેની સ્પષ્ટતા થઈ શકે છે.[18] નહિ તો, અહિંસા વિશેના. જે અભિપ્રાયો ઉપલબ્ધ છે, તેમનો જ જો યથાસ્થિત ઉલ્લેખ કરવામાં આવે, તો મારું કથન આપને માન્ય થશે નહિ.[19] રત્નપરીક્ષકોના ગ્રામમાં શાલિગ્રામ શિલાઓ જો વેચાય એમ હોય તો જ તેમની ગાંસડી છોડવી; સરસ્વતી સમક્ષ જેમ કોઇની પણ સ્તુતિ કરવાની શક્તિ નથી;[20] અથવા જ્યાં લોટનું વેચાણ જ ઓછું થતું હોય, ત્યાં કપૂરના વાસને કોણ પૂછે?[21] એટલા માટે હે શ્રોતાજનો! તમારી સભામાં હું મોટો વકતા છું, એવા અભિમાનને જો હું ધારણ કરું, તો મારું બોલવું તમને કદાપિ રોચક ન થાય, એ સ્વાભાવિકજ છે.[22] સામાન્ય અને વિશેષ વાર્ત્તાઓ જો એક સરખીરીતેજ કહેવામાં આવે, તો તેમને તમે પોતાના કર્ણના દ્વાર સૂધી પણ લઇ જશો કે નહિ, તેની શંકા જ છે. (અર્થાત્ તે તમે સાંભળવાના નહિ જ)[23] જો કોઇ પણ વસ્તુના સત્ય સ્વરૂપને વર્ણવતાં શંકાનું સ્થાન રહે, તો તમારું મારા કથનમાં જે ધ્યાન છે, તે પાછલા પગે જ પ્રયાણ કરી જશે.[24] જે પાણીની સપાટીપર લીલનો પ્રસાર થયેલો હોય છે, તે પાણી પાસે કદાપિ હંસ પક્ષી જાય છે ખરા?[25] અથવા અભ્રની પેલી તરફ કદાચિત સુંદર ચંદ્રિકાનો વિસ્તાર થયેલો હોય, તોય તેના ભક્ષણ માટે ચકોર પક્ષી પોતાની ચાંચ ઊઘાડે છે ખરો? નહિ જ.[26] તે જ પ્રમાણે, જો નિરૂપણ નિર્દોષ ન હોય, તો તમે મારી આગળ ન આવતાં ગ્રંથને અમાન્ય કરીને ઉલટા મારાપર કોપાયમાન થાઓ, એ નૈસર્ગિક છે.[27] (અહિંસા વિશેનાં) જૂદાં જૂદાં મતોને સમજાવીને કહેતાં જો આક્ષેપોનું નિરસન ન થાય, તો તે વ્યાખ્યાન મને, તમારા સમાગમનો લાભ મળવા દે તેમ નથી જ. (અર્થાત્ તમે મારા તે શુષ્ક વ્યાખ્યાનને સાંભળતા બેસો તેમ નથી.)[28] મારું આ સર્વ પ્રતિપાદન, તમો સંતજનો નિત્ય પ્રસન્ન રહો અને પ્રસન્ન થાઓ, એટલા માટે જ છે.[29] બાકી ખરેખર જોવા જતાં તમે ગીતાના અર્થના ભોક્તા છો, એમ જાણીને જ મેં ગીતાના એક સરખા ધ્યાસને પકડી રાખ્યો છે.[30] તમે પોતાનું ધ્યાન આમાં આપશો અને આ ભગવદ્ ગીતાનું રહસ્ય પૂર્ણતાથી તમારા જાણવામાં આવી જશે, એટલા હેતુ માટે આ બધો ગ્રંથવિસ્તાર નથી, પરંતુ તમારા સર્વસ્વનું આ તારણ જ છે.[31] અથવા તો પોતાના સર્વસ્વનો લોભ રાખીને જો તમે આ તારણની આશાને છોડશો, તો ગીતાની અને મારી એક જ ગતિ થશે, એમ તમારે સમજવું.[32] કિંબહુના, તમારા કૃપાપ્રસાદની મને આવશ્યકતા હોવાથી

જ મેં ગીતાના અર્થને કહેવાનું નિમિત્ત શોધી કાઢયું છે.[33] એટલે તમારા જેવા રસિક શ્રોતાઓને રુચિકર થઈ પડે, એવું વ્યાખ્યાન કરવાના હેતુથી અહિંસા વિશેના ભિન્ન ભિન્ન અભિપ્રાયો મેં તમને કહી સંભળાવ્યા છે.[34] એથી કથાનો વિસ્તાર થતાં શ્લોકનો અર્થ એક બાજૂએ રહી ગયો છે, એ માટે આ બાળકને આશા છે કે, તમો ક્ષમા જ કરશો.[35] ભોજન લેતી વેળાએ ગ્રાસમાં કાંકરો જવાથી તેને કાઢતાં ગયેલો સમય વ્યર્થ ગયેલો કહેવાતો નથી, કારણ કે, તે કાંકરાને કાઢી નાંખવો જ જોઇએ;[36] અથવા પોતાનો પુત્ર કોઈ ગામથી આવતો હોય અને માર્ગમાં ચોરોને ભૂલથાપ આપી આવવામાં વિલંબ થાય, તો માતાએ તેનાપર કોપાયમાન થવું જોઇએ કે? તે જીવતો ક્ષેમ કુશળ પાછો ઘેર આવ્યો, એટલે તેની અલાબલા કાઢવી જોઇએ, એનો વિચાર આપ પોતે જ કરવાને સમર્થ છો.[37] પરંતુ આ ઉદાહરણો આપવાનું એ કાંઈ કારણ નથી. મારા લંબાયલા વ્યાખ્યાનને આપ શાંતિથી સાંભળ્યા કરો છો, એ આપની મહત્તા અને ઉદારતા જ છે. હવે શ્રીકૃષ્ણે અર્જુનને શું કહ્યું, તે સાંભળો.[38]

ભગવાને કહ્યું કેઃ-"હે જ્ઞાનોત્તમ નયન અર્જુન! સાવધ થા. હવે હું જ્ઞાન સાથે તારો સારો પરિચય કરાવી આપું છું.[39] જે જ્ઞાન છે, તે જે સ્થાનમાં દંભરહિત ક્ષમા નિવાસ કરતી હોય છે, તે સ્થાનમાં જ ખરેખર રહેલું હોય છે, એમ સમજવું.[40] જેવી રીતે ઊંડા તળાવમાં કમળના સમુદાય હોય છે અથવા તો દૈવવાન્‌ના ગૃહમાં લક્ષ્મીનો નિવાસ હોય છે;[41] તેજ પ્રમાણે, હે પાર્થ! જેના યોગે ક્ષમા વૃદ્ધિગત થાય છે, તેવા જ્ઞાનનાં અને જ્ઞાનીનાં લક્ષણો હું તને કહું છું, એટલે તે પૂર્ણતાથી તારા ધ્યાનમાં આવશે.[42] મનને ગમતા અલંકારો જેવી ભાવનાથી શરીરપર ધારણ કરાય છે, તેવી જ ભાવનાથી આવી પડતા સારા અને નઠારા પ્રસંગોને જે સહન કરે છે;[43] જે ત્રિવિધ તાપોથી અનેક ઉપદ્રવો થાય છે, તે તાપોને સહન કરવાનો વારો આવતાં તેમાં જે કદાપિ દુઃખ માનતો નથી,[44] અપેક્ષિત વસ્તુની પ્રાપ્તિ થવાથી જેવો સંતોષ થાય છે, તેવો જ સંતોષ અનિષ્ટની પ્રાપ્તિમાં પણ જે માને છે;[45] જે માનાપમાનને સહન કરે છે, સુખદુઃખને સ્થાન આપે છે અને નિન્દા અથવા સ્તુતિથી જે પોતાના મનની સમતાનો ભંગ થવા દેતો નથી;[46] જે તડકાના તાપથી તપ્ત થતો નથી અને શીતલતાના સંયોગથી કંપતો નથી, તેમ જ કોઈ પણ પ્રકારનો પ્રસંગ આવે તોય ડરતો નથી;[47] મેરુ પર્વતને જેમ પોતાનાં શિખરોનો ભાર લાગતો નથી, કિંવા યજ્ઞવરાહ દંતાગ્રે ધારણ કરેલી પૃથ્વીને ભારી છે એમ કહેતો નથી;[48] અથવા સ્થાવરજંગમ ભૂતોની જેમ પૃથ્વીપર ભીડ થતી નથી; તે જ પ્રમાણે અનેક પ્રકારનાં સુખ દુઃખો આવીને પ્રાપ્ત થયાં હોય, તોપણ જે કષ્ટ પામતો નથી;[49] પરંતુ નદી અને નદ, અગાધ જલરાશિ લઇને આવે તોય સમુદ્ર જેમ તેને પોતાના ઉદરમાં સ્થાન આપે છે,[50] એ પ્રમાણે જેને કોઈ પણ વસ્તુ અસહ્ય હોતી નથી અને પોતે સર્વ વસ્તુઓને સહન કરે છે એવું જેને સ્મરણ પણ હોતું નથી;[51] દેહને જે જે ઘટનાઓ પ્રાપ્ત થાય છે, તે સર્વ આપણે જ છીએ એમ ધારી, આપણે જ બધું સહન કરીએ છીએ એવું અભિમાન જેનામાં ઉત્પન્ન થતું નથી;[52] એવી અભિમાનરહિત ક્ષમા જે પુરુષમાં નિવાસ કરતી હોય છે, તે પુરુષના યોગે, હે અર્જુન! જ્ઞાનને પોતાને પણ સ્હામી ગુરુતા (મહત્તા) પ્રાપ્ત થાય છે.[53] હે અર્જુન! એવો જે પુરુષ છે, તે ખરેખર જ્ઞાનનો પ્રિયતમ સુહૃદ્ છે.

હવે આર્જવ (સરળતા)નું વર્ણન કરું છું, તે સાંભળ.[54] ગમે તે ઉદ્દેશથી મનુષ્ય ભલે ગમે તે આચરણ કરે, તો પણ જે પ્રમાણે તેને પ્રાણ અનુકૂળ હોય છે, તે પ્રમાણે સર્વ વસ્તુઓને અનુકૂળ રહેવું, એનું જ નામ આર્જવ.[55] સૂર્ય જેમ મનુષ્યના મુખને જોઇને પ્રકાશ પાડતો નથી, અથવા જેમ આકાશનો સમસ્ત જગતમાં એકસરખો જ વિસ્તાર થયેલો છે,[56] તે જ

પ્રમાણે જેનું મન, પ્રાણી પ્રાણીમાં ભેદભાવયુત નહિ, પરંતુ સમાન હોય છે અને જેનું એવું વર્ત્તન હોય છે;[૫૭] સર્વ જગત્ જેને પરિચિત હોય છે અને જેને આ મારો અને આ પરાયો, એવો ભાવ હોતો નથી;[૫૮] જેને ગમે તેની સાથે મૈત્રી થાય છે; પાણીને જેવી રીતે ઢાળ હોય છે તેવો જ જેનો સ્વભાવ હોય છે અને કોઈપણ કાર્ય કરવામાં જેનું મન આડે આવતું નથી;[૫૯] વાયુના વેગ પ્રમાણે જ જેના મનની સરળતા છે અને જેનામાં શંકા તથા ઇચ્છાનો નિવાસ જ નથી;[૬૦] જેવી રીતે માતાના ખોળામાં બેસતાં બાળકને શંકા થતી નથી, તે જ પ્રમાણે જે બીજાઓને સંમતિ આપવા માટે વિચાર કરતો બેસી રહેતો નથી;[૬૧] (અમુક સારું અને અમુક નઠારું છે એમ જાણ્યા છતાં, જે મને પૂછ્યું તે કહ્યું, પૂછ્યા વગર કહેવું એવી ઇચ્છા કે શંકા થતી જ નથી, પણ જે જન હિતકારી હોય છે તે તુરત જ-વગર પૂછે ને વગર શંકાએ ઝટપટ કહી દે છે;) હે ધનુર્ધર! પ્રફુલ્લ કમલથી જેવી રીતે પોતાનો સુવાસ દાબી રાખી શકાતો નથી, તે જ પ્રમાણે બહાર એક અને અંદર બીજું એવા વિચારો જેના મનમાં કદાપિ હોતા નથી;[૬૨] જેવી રીતે રત્નની સુંદરતા દૃષ્ટિગોચર થવા પહેલાં જ તેના તેજનો વિસ્તાર થાય છે, તેવી જ રીતે કોઈ પણ કાર્યનો પ્રારંભ કરવા પૂર્વે જ જેના મનની દોડ આગળ પડતી હોય છે;[૬૩] જેને વિચાર કરવાની ખબર જ નથી હોતી અને સદોદિત તૃપ્ત રહેવું એ જ જેનો અનુભવ છે; અમુક કાર્ય કરવું અને અમુક ન કરવું, એવો જેના અંતઃકરણમાં વિચાર માત્ર પણ હોતો નથી;[૬૪] જેની દૃષ્ટિ કપટમયી નથી અને જેનું ભાષણ સંદિગ્ધ નથી; તેમ જ જે કોઇની જોડે પણ નઠારી બુદ્ધિથી વર્તતો નથી;[૬૫] જેની દશ ઇંદ્રિયો અને જેના પંચ પ્રાણ સદા સર્વદા નિષ્કપટ બુદ્ધિથી જ વર્ત્તન કરતાં હોય છે;[૬૬] અમૃતની ધારા પ્રમાણે જેનું મન સરળ છે, કિંબહુના, જે એ ચિહ્નોનું જન્મસ્થાન જ છે;[૬૭] હે વીર! તે પુરુષ મૂર્તિમાન્ આર્જવ જ છે અને તેનામાં જ જ્ઞાને પોતાની છાવણી નાંખેલી છે, એ તારા ધ્યાનમાં રહેવા દેજે.[૬૮]

હે ચતુરશ્રેષ્ઠ! હવે હું તને આ પછી ગુરુભક્તિના પર્યાય કહી સંભળાવું છું, તે સાંભળ.[૬૯] એ ગુરુસેવા તે સર્વ ભાગ્યોની જન્મભૂમિ જ છે હંકે! કારણ કે, શોકવડે ગ્રસાયલા જીવને એ બ્રહ્મસ્વરૂપ બનાવે છે.[૩૭૦] એવી જે એ ગુરુસેવા, તે હું તને સમજાવીને કહું છું. એટલે હવે એમાં તું બરાબર ધ્યાન આપ![૭૧] જેવી રીતે પોતાના સમગ્ર જળરાશિને લઇને ગંગા સમુદ્રમાં જઈ મળે છે, કિંવા (સર્વ અભિપ્રાયસહિત) શ્રુતિ બ્રહ્મપદમાં પ્રવિષ્ટ થાય છે;[૭૨] અથવા પતિવ્રતા સ્ત્રી પોતાનું જીવિત અને પોતાના ગુણાવગુણ સર્વ પોતાના પ્રિયતમ પતિને સમર્પી દે છે,[૭૩] તે જ પ્રમાણે પોતાનું અંતઃકરણ આંતર્બાહ્ય, ગુરુકુળમાં અર્પણ કરી દીધું છે અને પોતાના શરીરને ગુરુકુળના અંગારરૂપ બનાવ્યું છે;[૭૪] જેવી રીતે વિરહિણી પતિવ્રતા નિત્ય પતિનું જ ચિન્તન કર્યા કરે છે, તે જ પ્રમાણે, જે દેશમાં પોતાના ગુરુનું ગૃહ હોય, તે જ દેશ નિત્ય નિરંતર જેના મનમાં ઘોળાતો હોય છે;[૭૫] તે દિશામાંથી આવતા વાયુને પણ સ્હામો જઇને જે સાષ્ટાંગ નમસ્કાર કરે છે અને મારા 'ગૃહમાં પધારો' એવી પ્રાર્થના કરે છે;[૭૬] સત્ય પ્રીતિથી ઉન્મત્ત બની જે દિશામાં ગુરુનો નિવાસ હોય, તે દિશા સાથે જ વાતચીત કરવામાં જેનો પ્રેમ હોય છે અને જે પોતાના જીવને ગુરુના ઘરમાં વતનદાર-જન્મસ્થાનરૂપ કરી રાખે છે;[૭૭] પરંતુ જેવી રીતે વાછડાના પગમાં દામણું નાંખેલું હોવાથી તેનું બધું ધ્યાન ગાયમાં જ લાગેલું હોવા છતાં તેનું શરીર તો ગોઠામાં જ હોય છે, તે જ પ્રમાણે, કેવળ ગુરુની આજ્ઞાથી જ જેનો દેહ પોતાના ગામમાં વસે છે;[૭૮] છતાં તેને એમ ભાસતું હોય છે કે, આપણા ગળામાંથી આ ગુરુઆજ્ઞારૂપ તોક ક્યારે નીકળશે અને આપણને ગુરુનો ભેટો ક્યારે થશે; તેમ જ ગુરુથી દૂર રહેવામાં તેને એક એક ક્ષણ પણ એક એક યુગ સમાન ભાસ્યા કરે છે;[૭૯] અને એટલામાં જો પોતાના ગુરુના

ગામમાંથી કોઈ માણુસ આવે, અથવા ગુરુએ પોતે જ કોઇ એક માણુસને મોકલ્યો હોય, તો ગતાયુ મનુષ્યને જેમ આયુષ્યની પ્રાપ્તિ થાય છે,[૩૮૦] અથવા સૂકાયલા અંકુરપર અચાનક અમૃત-ધારા વર્ષે તેથી સુંદર દીસે છે; અથવા ખાબોચિયામાંનું માછલું સમુદ્રમાં તણાઈ આવવાથી મૃત્યુમાંથી બચે છે;[૮૧] અથવા કોઇ દરિદ્રીને દ્રવ્યનો ભંડાર મળવાથી આનંદ થાય છે; અથવા ભીખારીને ઇન્દ્રપદ આવે અને તેથી જે આનંદ–સુખ, તેને થાય છે;[૮૨] તે પ્રમાણે જ, ગુરુના કુળનું નામ સાંભળતાં જ તે મહાસુખથી અતિશય પ્રફુલ્લ થાય છે–તે એટલી સીમા સૂધી કે કૌતુકથી આકાશને જાણે તે પોતાના વેગમાં પકડતો હોયની શું, એવો જ તેને આનંદી જોતાં ભાસ થાય છે.[૮૩] ગુરુકુળમાં જેની એવી અનન્ય પ્રીતિ રહેલી તારા જોવામાં આવે, તેની આગળ જ્ઞાન તેની સેવા કરતું ઊભેલું હોય છે, એમ તારે નિઃસંશય સમજવું.[૮૪] અને અંતઃકરણમાં અત્યંત પ્રેમયુક્ત થઇને જે શ્રી ગુરુની મૂર્ત્તિની ધ્યાનોપાસના કરે છે;[૮૫] જે પોતાના શુદ્ધ હૃદયરૂપ મંદિરમાં પોતાના આરાધ્ય દૈવત શ્રીગુરુની સ્થાપના કરીને પછી પોતાની ભાવ-નાવડે પોતે જ પૂજા સાહિત્ય બની માનસિક પૂજા કરે છે;[૮૬] અથવા જ્ઞાનરૂપ કિલ્લાની દીવાલમાં આનંદરૂપ દેવાલય બનાવીને અને તેમાં શ્રીગુરુરૂપ શિવલિંગની સ્થાપના કરીને તેનાપર ધ્યાનરૂપ અમૃતવડે અભિષેક કરે છે;[૮૭] અથવા બોધરૂપ સૂર્યનો ઉદય થતાં સાત્ત્વિક બુદ્ધિરૂપ મસૂરની દાળનો ખોબો ભરીને, જે શિવરૂપ ગુરુને સમર્પણ કરે છે;[૮૮] અથવા ઉત્તમ સમયને જ શિવની પૂજાના ત્રણે કાળ માનીને તે સમયે, દેહાભિમાનરૂપ ધૂપ બાળતો હોય તેવો દેખાય છે અને જ્ઞાન-રૂપ દીપકવડે જે નિત્ય નિયમિતતાથી, ગુરુરૂપ શંકરની આરતિ ઉતારતો હોય છે;[૮૯] ગુરુ સાથેના ઐક્યરૂપ નૈવેદ્યને નિત્ય ગુરુચરણોમાં અર્પણ કરી પોતે પૂજારી બની, ગુરુને શંકરના સ્થાનમાં માનીને તેનું જે સ્તવન કરે છે;[૩૯૦] અથવા તો પોતાના જીવની શય્યા કરીને ગુરુને પોતાના પતિ સમજી, જે તેમનો ઉપભોગ લે છે અને એવી રીતે પ્રેમના યોગે પોતાની બુદ્ધિમાં એવાં એવાં કૌતુકો ધારણ કરે છે;[૯૧] કોઇએક વેળાએ મનમાં ગુરુની પ્રીતિનો ઉમળકો આવતાં તે ઉમળકાને જ જે ક્ષીરાબ્ધિ માને છે;[૯૨] અને ગુરુધ્યાનથી થનારી બહુ સુખરૂપ શેષશય્યામાં ગુરુ જ ભગવાન્ વિષ્ણુ પોઢેલા છે, એમ માની દર્શનમાં લીન થાય છે;[૯૩] પછી પગ દાબનારી લક્ષ્મી પોતે જ બને છે અને ગરુડ પણ પોતે જ થઇને (તેની આગળ હાથ જોડીને) ઊભો રહે છે;[૯૪] નાભિમાંથી ઉત્પન્ન થયેલો જે બ્રહ્મદેવ તે પણ પોતેજ થઇને ગુરુમૂર્ત્તિના પ્રેમથી, જે પોતાના મનમાં ધ્યાનસુખનો અનુભવ લે છે;[૯૫] અને કોઈ વિશિષ્ટ સમયે ભક્તિના પ્રેમથી ગુરુને માતા કલ્પીને સ્તનપાનથી થતા સુખનો પરિચય કરતો જ તેના ખોળામાં આળોટે છે;[૯૬] અથવા હે અર્જુન! જ્ઞાનરૂપ વૃક્ષ તળે ગુરુને જ ગૌ માનીને પોતે તેની પૂઠે પડેલો વાછડો બની જાય છે;[૯૭] અથવા ગુરુ કૃપાના સ્નેહરૂપ ઉદકમાં જાણે પોતે મત્સ્ય જ બન્યો હોય, એવી પણ જે કોઈ વાર કલ્પના કરી તણાયો જાય છે;[૯૮] ગુરુ કૃપા જ અમૃતની વૃષ્ટિ છે અને આપણે ગુરુસેવા વૃત્તિરૂપ રોપા છીએ, એવા ભિન્નભિન્ન સંકલ્પો જેના મનમાં ઉત્પન્ન થાય છે;[૯૯] ગુરુની પ્રિયતા (પસંદગી)ની અપારતા કેવી હોય છે તેને માટે, તે આંખો અને પાંખો વિના તે પોતે પિલું–બચ્ચું બની જાય છે;[૪૦૦] ત્યાર પછી ગુરુને પક્ષિણી કરીને તે પક્ષિણીની ચાંચપરના ચારાને પોતે ખાઇ જાય છે અને ગુરુને તારક ધારીને પોતે તેના કપડાનો છેડો પકડે છે; એવા જ ભાવો ઘટઘટમાં ધરે છે;[૧] અને એવા પ્રકારે, જેવી રીતે સમુદ્રમાં ભરતી આવતાં લહરીઓમાંથી લહરીઓ ઉત્પન્ન થાય છે, તેવી રીતે પ્રેમના બળથી જે જીવને ગુરુધ્યાનમાંથી અનેક ધ્યાનો ઉત્પન્ન થાય છે.[૨] રે! એવા અનેક પ્રકારોનું હું કયાં સૂધી વર્ણન કરું વારુ? સારાંશ કે, એવી રીતે અંતરમાં ગુરુ મૂર્ત્તિને ધારણ કરીને તે ધ્યાન-સુખનો અનુભવ જે ગુરુભક્ત છે, તે લે છે.

એવો જીવ હવે તે ગુરુની બાહ્ય સેવા કેવા પ્રકારથી કરે છે, તે સાંભળ.[૩] તે મનમાં એવો નિશ્ચય કરે છે કે, 'હું ગુરુની એવી તો ઉત્તમ સેવા કરીશ કે, ગુરુ તેથી સંતોષ પામીને મને કાંઇપણ માગી લેવાનું કહેવાના જ;[૪] એવા પ્રકારની મારી કરેલી ઉત્તમ સેવાથી ગુરુ પ્રસન્ન થશે, ત્યારે હું તેમની પ્રાર્થના કરીને[૫] એમ કહીશ કે, "હે પ્રભો ! આપનો જેટલો પરિવાર છે, તે સર્વ પરિવારનાં રૂપો હું એકલો જ ધારણ કરું;[૬] અને આપના ઉપભોગનાં જેટલાં સાધનો હોય, તે સર્વ સાધનોનાં સ્વરૂપો પણ હું જ ધારણ કરું, એવી કૃપા કરો!"[૭] એ પ્રમાણેનો વર માગતાં શ્રી ગુરુદેવ કહેશે કે, "ભલે" એટલે તેમનો સર્વ પરિવાર હું જ થઇશ. (હું જ તેમની સર્વ પ્રકારે સેવા કરીશ.)[૮] તેમના ઉપયોગમાં આવનારી જેટલી વસ્તુઓ છે, તેમાંની પ્રત્યેક વસ્તુ હું જ બનીશ અને મારી સેવાનો ખરેખરો ચમત્કાર તે વેળાએ જ દૃષ્ટિગોચર થશે, (એમ માની મનમાં મગ્નમસ્ત રહે છે.)[૯] ગુરુ જો કે અનેક ભકતોની માતા છે, પરંતુ તે ગુરુની કૃપાને હું શપથ આપીને મારી એકલાની માતા જ બનાવી લઇશ;[૪૧૦] ગુરુના પ્રેમને મારો ઉન્માદ લગાડીને તેની પાસે એકપત્નીવ્રતનું આચરણ કરાવીશ; અને ગુરુના મોહને (મારામાં જ નિવાસ કરવાનો) ક્ષેત્ર સંન્યાસ લેવડાવીશ;[૧૧] વાયુ (ગમે તેટલો વાતો હોય તોપણ તે) ચાર દિશાઓની અંદર જ વાતો હોય છે; એટલે તેની પેઠે ગુરુની કૃપાનું સર્વ તરફથી હું જ પાંજરું બનીશ;[૧૨] મારી સ્વામિની જે ગુરુ સેવા, તેને હું મારા ગુણોની શિલ્પકળા વિભૂષિત ગુહા બનાવીશ. વધારે તો શું, પણ ગુરુ ભક્તિની દાસી હું જ બનીશ; (એટલે કે મારા વિના હું બીજા કોઇને પણ ગુરુની સેવા કરવા દઇશ નહિ.[૧૩] અને ગુરુસ્નેહરૂપ વૃષ્ટિતળે હું પૃથ્વી થઇશ; એવી રીતે મનમાં જે નાના પ્રકારની કલ્પનાઓ કરે છે;[૧૪] અને કહે છે કે, હું શ્રી ગુરુનું રહેવાનું ઘર થઇશ; અને ત્યાં દાસ થઇને તેમની નિરન્તર સેવા કરતો રહીશ;[૧૫] આવતાં જતાં ગુરુ જે ઊંબરાને ઓળંગે છે, તે ઊંબરો પણ હું જ થઇશ અને દ્વારો પણ હું જ થઇશ; દ્વારપાળ પણ હું જ બનીશ;[૧૬] હું ગુરુની પાદુકા થઇને તે પાદુકા ગુરુનાં ચરણોમાં હું જ પહેરાવીશ અને છત્ર પણ હું જ બનીને શ્રી ગુરુના શિરપર તે છત્રને ધરી પણ હું જ રાખીશ;[૧૭] આ સ્થળે ઊંડો ખાડો છે અને અહીં ટેકરો છે, એ પ્રમાણેની ઇસારતો આપનાર ગુરુનો ચોપદાર પણ હું જ થઇશ; અને ગુરુને ચામર ઢાળનાર, ગુરુને હાથનો આધાર આપનાર અને ગુરુની આગળ દોડનાર હુજૂરીઓ પણ હું જ બનીશ;[૧૮] ગુરુની ઝારીને હાથમાં ઊપાડનાર નોકર હું થઇશ અને ગુરુને અંજલિ ભરવા માટે પાણી પણ હું જ આપીશ; તેમ જ કોગળાને કાઢી નાખવા માટેનો તસ્ત (થૂંકદાની) પણ હું જ બનીશ;[૧૯] ગુરુનું પાનદાન પણ હું જ બની રહીશ, તેમની ચાવેલી પાનબીડી પણ હું જ લઇશ અને ગુરુને સ્નાન કરાવવાનું કામ પણ હું જ કરીશ;[૪૨૦] ગુરુના આસન, અલંકાર અને વસ્ત્રચંદન આદિ સર્વ ઉપચારોનું રૂપ હું જ ધારણ કરીશ;[૨૧] હું જ રસોઇયો થઇને ગુરુને ખાવાના સર્વ પદાર્થો પીરસીશ અને આત્મત્વથી ગુરુને ઓવારીશ (શ્રી ગુરુનાં દુખડાં લઇશ);[૨૨] જે વેળાએ ગુરુ મહારાજ ભોજન કરશે, તે વેળાએ તેમની પંક્તિનો લાભ પણ હું લઇશ; અને હું જ આગળ વધીને તેમને તાંબૂલ આપીશ;[૨૩] ગુરુનો એઠવાડો પણ હું જ કાઢીશ, ગુરુનું બિછાનું પણ હું જ ઝાટકીશ અને ગુરુની પાદસેવા પણ હું જ કરીશ;[૨૪] ગુરુનું સિંહાસન પણ હું જ બનીશ અને પછી ગુરુ તેપર આરોહણ કરશે. એવી રીતે હું સર્વ પ્રકારે ગુરુની સેવા કરીશ.[૨૫] જે ચમત્કારમાં શ્રી ગુરુનું ધ્યાન પરોવાશે, તે ચમત્કાર પણ હું જ થઇશ;[૨૬] ગુરુના શ્રવણરૂપ આંગણામાં શબ્દોનો અસંખ્ય સમુદાય પણ હું જ બનીશ અને જ્યાં ગુરુના અંગનો સ્પર્શ થશે, તે સ્થાન પણ હું જ બનીશ.[૨૭] જે રૂપોનું ગુરુનાં પ્રેમાળ નેત્રો પ્રીતિથી અવલોકન કરશે, તે સર્વ રૂપો પણ હું જ બનીશ;[૨૮] તેમની જિહ્વાને જે જે પદાર્થ રુચશે, તે પદાર્થ પણ હું જ થઇશ તથા હું જ સુવાસરૂપ

બનીને તેમની ઘ્રાણેન્દ્રિયની સેવા કરીશ;[૨૯] એવી રીતે સર્વ પ્રકારે ગુરુની બાહ્ય સેવા કરીને ગુરુને જોઇતી સર્વ વસ્તુરૂપ બની હું તેમને સર્વત્ર વ્યાપી લઇશ."[૩૦]

(જ્ઞાનેશ્વર કહે છે કે):–જ્યાં સૂધી આ દેહ છે, ત્યાં સૂધી હું આવી જ રીતે ગુરુની સેવા કરતો રહીશ, એમ તે કહે છે ને પછી દેહનો પાત થતાં પણ તેની બુદ્ધિ ગુરુ સેવા વિશે જે આસ્થા રાખે છે, તે આશ્ચર્યનું હવે શ્રવણ કરો.[૩૧]

(તેવો જીવ કહે છે કે):–જે સ્થાનમાં શ્રી ગુરુનાં ચરણો પડ્યાં હશે, તે જ સ્થાનમાં–પૃથ્વીના તે જ ભાગમાં હું મારા આ શરીરની રક્ષાને મેળવીશ;[૩૨] જે ઉદકને મારા સ્વામીના હસ્તસ્પર્શનો સંભવ હશે, તે જ ઉદકમાં હું મારા શરીરમાંના ઉદકનો ભાગ મેળવી દઇશ;[૩૩] જે દીપકો મારા ગુરુના મંદિરમાં પ્રકાશનો વિસ્તાર કરતા હશે, તેમના તેજમાં જ હું મારા દેહમાંના તેજોભાગને મેળવી દઈશ;[૩૪] હું મારા દેહમાંના પ્રાણવાયુનો લય તે સ્થાનમાં જ કરીશ, કે જે સ્થાનમાં શ્રી ગુરુને વીજન અને ચામરવતીવાયુ ઢોળવામાં આવતો હશે![૩૫] હું મારા શરીરમાંના આકાશના ભાગને તે સ્થાનમાં જ ત્યાગીશ કે જે અવકાશમાં શ્રી ગુરુ પોતાના પરિવારસહિત વસતા હશે![૩૬] પરંતુ જીવનકાળમાં અને મરવા પછી પણ શ્રી ગુરુની સેવા કર્યા વિના તો હું રહેવાનો નથી જ; તેમ જ એક પળ માત્ર પણ બીજા કોઇને ગુરુની સેવા કરવા દેનાર નથી. એ પ્રમાણે કલ્પના કલ્પ-પર્યન્ત હું ગુરુની સેવા કરતો રહીશ![૩૭] એવા પ્રકારની પૂર્ણ ઇચ્છા જેના મનમાં વસે છે અને પોતાની તે ઇચ્છા પ્રમાણે જ અપાર ગુરુ સેવા કરવા છતાં પણ જે,[૩૮] ગુરુ સેવાને થોડી કે વધારે કહેતો નથી અને ગુરુ સેવામાં રાત કે દિવસનો વિચાર કરતો નથી તથા ગુરુએ કોઇ કાર્ય કરવાની આજ્ઞા કરતાં જેનામાં વધારે સ્ફુરણ આવે છે;[૩૯] એવી રીતે ગુરુની સેવા કરવામાં જે ગગન જેવડો થઇ જાય છે અને તે કામને પોતે એકલો જ તત્કાળ કરી નાખે છે;[૪૦] મનની દોડ કરતાં એના શરીરની દોડ આગળ હોય છે અને એની કામ કરવાની ઇચ્છા, મન સાથે હોડ બકે છે.[૪૧] તે કોઈ વેળાએ પોતાના ગુરુની લીલાપરથી પોતાના જીવનને પણ ઓવારી નાખે છે.[૪૨] જે ગુરુની સેવા કરવાથી કૃશ થયેલો છે; ગુરુના પ્રેમથી જે પુષ્ટ થાય છે અને જે પોતે ગુરુની આજ્ઞાનું નિવાસસ્થાન જ બની જાય છે;[૪૩] જે ગુરુ કુળના યોગથી પોતાને કુલીન માને છે; જે ગુરુબુદ્ધિનો સ્નેહ કરવામાં કુશળ છે અને જે ગુરુવ્યસનરૂપ વ્યસનથી નિરંતર વ્યસની હોય છે;[૪૪] ગુરુના પરંપરાથી ચાલતા આવેલા ધર્મ જ જેના વર્ણાશ્રમધર્મ હોય છે અને ગુરુની સેવા કરવી, એ જ જેનું નિત્ય નૈમિત્તિક કર્મ હોય છે;[૪૫] જેનાં ક્ષેત્ર, દૈવત, માતા અને પિતા એ સર્વ ગુરુ જ છે અને જે ગુરુ વિના બીજા કશાને પણ જાણતો નથી;[૪૬] ગુરુનાં જે દ્વાર, તે જ જેનો સર્વ ધર્મોનો સાર છે અને ગુરુસેવકમાં જે પોતાના સહોદર બંધુસમાન પ્રીતિ ધરાવે છે;[૪૭] જેની વાણીમાં રાત્રિદિવસ ગુરુ નામનો ઉચ્ચાર ચાલતો હોય છે અને જે ગુરુ વાક્યવિના બીજા કોઈપણ શાસ્ત્રને હાથમાં ધરતો નથી;[૪૮] જે પાણીમાં ગુરુનાં ચરણો પડ્યાં હોય તે પાણી ગમે તેવું હોય, તોપણ તેમાં જે ત્રૈલોક્યમાંના સર્વ તીર્થોનો નિવાસ માને છે;[૪૯] અકસ્માત્ શ્રીગુરુનો ઉચ્છિષ્ટ પ્રસાદ મળતાં તે લાભસમક્ષ સમાધિસુખને પણ જે તુચ્છ માને છે;[૫૦] ગુરુ ચાલતા હોય તે વેળાએ પાછળ તેમના જે પદની રજકણ ઉડે, તેમને જે પોતાના મસ્તકપર ધારણ કરે છે અને એ લાભસમક્ષ મોક્ષ સુખને પણ તુચ્છ માને છે;[૫૧] એવા એ ગુરુભક્તિના મહિમાનો કેટલોક વિસ્તાર કરી શકાય એમ નથી; કારણ કે, એના મહિમાનો પાર જ નથી. પરંતુ મારી બુદ્ધિમાં ગુરુભક્તિનો ઊમળકો આવવાથી આટલું કહેવું પડયું.[૫૨] જેને ગુરુભક્તિની ઇચ્છા છે અને જેને ગુરુભક્તિની પ્રિયતા છે અને જેને ગુરુભક્તિ વિના બીજું કાંઈપણ મધુર લાગતું નથી;[૫૩] તે બ્રહ્મજ્ઞાનનું જન્મસ્થાન હોઇને જ્ઞાનને તેના સમાગમથી જ શોભા પ્રાપ્ત થાય

છે; વધારે તો શું, પણ દેવ અને જ્ઞાન ઉભય તેવા જીવના ઉપાસકો બની રહે છે;[૫૪] જેને ખરેખર ગુરુભક્તિની પ્રિયતા હોય છે, તેના ગૃહમાં આખા જગતને પૂરો પડે એટલો બધો જ્ઞાનભંડાર ભરેલો હોય છે.[૫૫]

જ્ઞાનદેવ કહે છે:–ગુરુસેવા વિશેની મારા મનમાં ખરેખરી ઉત્કંઠા છે અને તેથી જ મેં ગુરુભક્તિનું આવી રીતે અમર્યાદિત રીતે વર્ણન કરેલું છે;[૫૬] નહિ તો હું હાથ હોવા છતાં ઠૂંઠો, નેત્રો હોવા છતાં પણ ભજનમાં આંધળો, પગ હોવા છતાં ગુરુસેવા કરવામાં પાંગળા કરતાં પણ પાંગળો,[૫૭] અને ગુરુનું વર્ણન કરવામાં મુંગો તથા આળસુ છું. એટલા બધા અવગુણો હોવા છતાં પણ ગુરુએ મને ફોકટ પોષેલો છે. પરંતુ મારા મનમાં માત્ર હું ગુરુવિશે સપ્રેમ છું.[૫૮]

જ્ઞાનદેવ કહે છે;–એટલા કારણથી જ મને શરીરનું પોષણ કરવાની ફરજ પડી છે.[૫૯] પરંતુ ગુરુસેવાવિશે મેં આટલું અમર્યાદ વર્ણન કર્યું, તે સહન કરીને મને તમારી સેવા કરવાનો પ્રસંગ આપો, એટલે હું ઉત્તમતાથી ગ્રંથાર્થ કહી સંભળાવીશ.[૪૬૦] (હે સાધુજનો!) સાંભળો, સાંભળો. ભૂતોના ભારને સહન કરનાર વિષ્ણુનો અવતાર જે શ્રીકૃષ્ણ ભગવાન્ તે કહેનાર છે અને પાર્થ શ્રોતાજન છે.[૬૧] કર્પૂર આંતર્બાહ્ય શુદ્ધ હોય છે, તેવું જ જેનું શુચિત્વ શુદ્ધ દેખાય છે, તે જ ખરું શુચિત્વ છે;[૬૨] અથવા તો રત્નના રાશિ આંતર્બાહ્ય ચકમકતા હોય છે અથવા સૂર્ય જે પ્રમાણે આંતર્બાહ્ય ઝગમગતો દેખાય છે;[૬૩] કર્મોના યોગે જેની બાહ્ય શુદ્ધિ થયેલી હોઇને જ્ઞાનના યોગે જેની અંતઃશુદ્ધિ થયેલી છે અને એવી રીતે જે ઉભય પ્રકારે શુદ્ધ થયેલો છે;[૬૪] વેદોમાં કહ્યા પ્રમાણે મંત્રોચ્ચાર કરીને મૃત્તિકા અને જળનો બહાર લેપ કરવાથી જેમ બાહ્યશુદ્ધિ થાય છે;[૬૫] જે પ્રમાણે, મનમાં આવે ત્યારે બુદ્ધિના યોગે, દર્પણને ધૂળવડે સ્વચ્છ કરી શકાય છે અથવા અરીઠાંના પાણીમાં ધોવાથી વસ્ત્રપરનો ડાઘ જેમ નીકળી જાય છે;[૬૬] વધારે શું કહેવું, એવી રીતે જ બાહ્યતઃ નિર્મળ થયેલો છે અને અંતરમાં જ્ઞાનના પ્રકાશનો વિસ્તાર થવાથી ખરેખર બાહ્યાભ્યંતર તેવો જીવ શુદ્ધ થયેલો છે;[૬૭] બાકી, હે અર્જુન! અંતરમાં શુદ્ધ ન થતાં જે બાહ્યતઃ કર્મો કરે છે, તેની સર્વત્ર વિડંબના જ જાણવી![૬૮] જેવી રીતે પ્રેતને દાગીના પહેરાવીને શૃંગારવામાં આવે અથવા ગધેડાને તીર્થક્ષેત્રમાં સ્નાન કરાવવામાં આવે અથવા તો કડવી દૂધીને ગોળનો લેપ કરવામાં આવે;[૬૯] કિંવા ઉજ્જડ ઘરને તોરણ બાંધવામાં આવે કે અપવાસી માણસના પેટપર અન્ન લિંપવામાં આવે અથવા ગતભર્તૃકા (વિધવા) પોતાના કપાળમાં કંકુ અને સિંદૂર લગાડે;[૪૭૦] અથવા ઢોળ ચઢાવેલા કળશનું પોકળ દેરું ગમે તેટલા ચકચકાટવાળું હોય તોય જેમ વ્યર્થ છે, તેમ જ ચિત્રમાં બનાવેલાં ફળો અથવા માટીનાં ફળો ગમે તેવાં ઉત્તમ હોય તોય તેમનામાં છાણ જ ભરેલું હોય છે;[૭૧] તે જ પ્રમાણે, બાહ્ય કર્મો કરનારની અવસ્થા હોય છે. હલકા પદાર્થની વધારે કીંમત આવતી નથી; અથવા મદિરાથી ભરેલા પાત્રને ગંગાના ગર્ભમાં લઈ જઇને રાખવાથી તે પવિત્ર થતું નથી;[૭૨] અર્થાત્ અંતરમાં જ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોવા છતાં બાહ્ય કર્મોનું જે આચરણ કરતો હોય, એવો મનુષ્ય ક્યાંથી મળી શકે?[૭૩] એટલા માટે, બાહ્ય કર્મોનું આચરણ કરીને જે શુદ્ધ થયેલો છે અને જ્ઞાનની પ્રાપ્તિથી જેનું અંતઃકરણ નિર્મળ થયેલું છે,[૭૪] તેનામાં અંતર અને બાહ્યનો ભેદ અવશિષ્ટ ન રહેતાં, સર્વત્ર શુદ્ધિનો પ્રચાર થઇને તેનામાં કેવળ શુચિત્વ જ નિવાસ કરે છે.[૭૫] સારાંશ કે, અંતરમાં શુદ્ધ વાસનાનો ઉદ્ભવ થતાં તે બાહ્ય ઇન્દ્રિયોમાં પણ તેવી ને તેવી જ દેખાઈ આવે છે. જેવી રીતે સ્ફટિકના ગૃહમાં રાખેલા દીપકનો પ્રકાશ અંદર પ્રમાણે બહાર પણ ચમકતો દેખાય છે;[૭૬] જેના યોગે સંશય ઉત્પન્ન થાય છે; ન ધારેલી વિકૃતિયો આવી વળગે છે અને કુકર્મમાં પ્રવૃત્તિ થાય છે,[૭૭] એવા વિષયોનો પ્રત્યક્ષ મેળાપ થાય અથવા તે કાનોવડે સાંભળવામાં આવે,

તોપણ જેના મનમાં તેનું કશુંય પરિણામ થતું નથી; અથવા જેવી રીતે આકાશને મેઘોના રંગના યોગે કોઈ પણ પ્રકારનું કાળાપણું આવી શકતું નથી;[૭૮] જેની ઇન્દ્રિયો વિષયોપભોગ ભોગવતી હોય, છતાં તે વિષયોના વિકારોનો જેના મનમાં જરાપણ પ્રભાવ પડી શક્તો નથી;[૭૯] અથવા માર્ગમાં ચાલતાં કોઇને, પવિત્ર અથવા અપવિત્ર સ્ત્રીનો મેળાપ થતાં તે સ્ત્રીવિશે તેના મનમાં જેમ વિકાર ઉત્પન્ન થતો નથી; એવી રીતે સંસારમાં વર્ત્તતો હોવા છતાં પણ, પોતાના મનપર ઇન્દ્રિયોના વિકારનું પ્રાબલ્ય થવા દેતો નથી.[૪૮૦] એક તરુણ સ્ત્રી પોતાના પતિને આલિંગન આપે છે અને પુત્રને પણ આલિંગન આપે છે, પરંતુ પુત્રને આલિંગન આપતી વેળાએ તેના મનમાં કામવાસના ઉત્પન્ન થતી નથી.[૮૧] તેજ પ્રમાણે, જેનું મન નિર્મળ છે, તેને સારા અને નઠારા વિકારોની ઓળખ હોય છે અને યોગ્યાયોગ્ય કર્મને જાણવાનું તેને જ્ઞાન હોય છે.[૮૨] જેવી રીતે પાણીમાં નાખવાથી હીરો પલળતો નથી અને આંધ્રણમાં રેતી સીજતી નથી, તે જ પ્રમાણે જેની મનોવૃત્તિને વિકારોની બાધા થતી નથી;[૮૩] હે પાર્થ! તેજ આચરણનું નામ શુચિત્વ છે; અને જેનામાં એ (શુચિત્વ) દૃષ્ટિગોચર થાય છે, ત્યાં (તેનામાં) જ્ઞાનનો અવશ્ય નિવાસ છે, એમ તારે જાણવું.[૮૪]

અને જેના મનને સ્થિરતાની પૂર્ણ પ્રાપ્તિ થયેલી છે, તે પુરુષ જ્ઞાનનું જીવન જ છે.[૮૫] જો કે તે ઉપર ટપકે દેહવડે ગમે ત્યાં ભ્રમણ કરતો હોય છે એટલે કે, સંસારમાંના સર્વ વ્યાપારો કરતો હોય છે, તોપણ તેના મનનું આસન તો અવિચળ જ હોય છે.[૮૬] જેવી રીતે ગાય જંગલમાં ચરવાને ગઇ હોય, તોય તેનું ધ્યાન તેની સાથે જંગલમાં ન જતાં ઘેર બાંધેલા વત્સમાં જ રહેલું હોય છે; અથવા પતિના પ્રેત સાથે બળીને સતી થવા નીકળેલી પતિવ્રતા સ્ત્રીને સહગમન સમયના ભોગો પ્રેમદાયક હોતા નથી;[૮૭] અથવા તો કૃપણ પોતાના ગૃહને છોડીને દૂર જાય, તોપણ તેનું ચિત્ત તો દાટી રાખેલા દ્રવ્યમાં જ હોય છે; તેજ પ્રમાણે, દેહના વ્યાપારો ચાલતા હોવા છતાં પણ જેનું ચિત્ત સ્થિર જ હોય છે;[૮૮] દોડતાં વાદળાં સાથે જેમ આકાશ દોડતું નથી અથવા ભ્રમણ કરતાં નક્ષત્રો સાથે જેમ ધ્રુવતારક ફરતો નથી;[૮૯] હે અર્જુન! પ્રવાસ કરનારા મનુષ્ય સાથે જેમ માર્ગ પોતે પ્રવાસ કરતો નથી અથવા નૌકામાં બેઠેલાને વૃક્ષો જતાં ને આવતાં દેખાય છે, પણ વૃક્ષો જતાં નથી કે આવતાં નથી;[૪૯૦] તેવી જ રીતે પંચમહાભૂતાત્મક શરીરની જો કે ઇન્દ્રિયોના સંબંધથી હાલચાલ થતી હોય, તોપણ જેનું મન કોઈપણ વિકારની લહરીવડે ઢળતું નથી;[૯૧] ઝંઝાવાતના આઘાતથી જેમ પૃથ્વી કંપતી નથી, તેજ પ્રમાણે વિકારના યોગે જેનું મન ચલાયમાન થતું નથી;[૯૨] દારિદ્ર્ય અને દુઃખથી જે પીડિત થતો નથી; ભીતિ અને શોકથી જે વ્યાકુળ થતો નથી અને દેહને મૃત્યુ પ્રાપ્ત થવા છતાં જે બ્હીતો નથી;[૯૩] કોઇ વસ્તુની આશા, કોઇ પીડા, તેમજ વૃદ્ધાપકાળ અને વ્યાધિની પ્રાપ્તિ થવાથી જેનું ચિત્ત જરા પણ ગભરાતું નથી;[૯૪] નિન્દા, અપમાન, દંડ, કામ અને લાભ ઇત્યાદિનું પ્રાબલ્ય થવા છતાં જેના મનની વૃત્તિ પાછી હટતી નથી;[૯૫] આકાશ નાશ પામો અથવા પૃથ્વી દ્રવરૂપ થઈ જાઓ, તોપણ જેની ચિત્તવૃત્તિ પાછી હટતી જ નથી;[૯૬] હાથીને ફૂલોવડે મારવામાં આવે તો તે મારનું તેને ભાન પણ હોતું નથી, તેવી જ રીતે દુર્વાક્યરૂપ બાણોવડે મારવા છતાં જે પાછું વળીને જોતો નથી;[૯૭] ક્ષીરાબ્ધિના તરંગોથી જેવી રીતે મંદરાચલ ચલાયમાન થતો નથી, અથવા દાવાનળથી જેમ આકાશ બળતું નથી;[૯૮] તેવી જ રીતે, ઇન્દ્રિયોપર વિષયવિકારોની ગમે તેટલી લહરીઓ આવીને અથડાય અને જાય, તોય જેનું મન ડગમગતું નથી; અથવા કલ્પાંતે પણ જે ધૈર્યને ત્યાગતો નથી;[૯૯] હે તીવ્રદૃષ્ટિ અર્જુન! જેને સ્થૈર્ય કહેવામાં આવે છે અને જે એ નામથી પ્રસિદ્ધ છે, તે સ્થિરતાનાં આવાં લક્ષણો છે.[૫૦૦]

એ અવિનાશી સ્થૈર્ય જેના અંગમાં આંતર્બાહ્ય વ્યાપેલું હોય, તો તે જ જ્ઞાનનો પ્રકટ

ભંડાર છે.[1] સર્પ જેવી રીતે પોતાના પીડકના ગૃહને, યોધો પોતાના શસ્ત્રને અને કૃપણ પોતાના ધનને જેમ ભૂલતો નથી;[2] અથવા જેવી રીતે એકના એક દીકરાને તેની માતા જીવ કે પ્રાણ સમાન માને છે, કિંવા મધુમક્ષિકા મધુમાં જ આસક્ત રહે છે,[3] તે જ પ્રમાણે, હે અર્જુન ! જે પોતાના મનને તાબામાં રાખીને ઇન્દ્રિયોના દ્વારમાં પણ તેને ઉભું રહેવા દેતો નથી;[4] અને તે, આપણે મનને સ્વાધીન રાખવાની વાતને કામરૂપ પિશાચ સાંભળશે અને આશારૂપ ડાકિની (મનની આવી અવસ્થા જોઇને) તેને પોતાના પાશમાં ફસાવશે, એમ ધારીને બહુ જ બ્હીતો રહે છે;[5] જેવી રીતે વ્યભિચારિણી વનિતાને તેનો બળવાન્ પતિ બહાર ફરકવા ન દેતાં ઘરમાં ને ઘરમાં જ પૂરી રાખે છે, તે જ પ્રમાણે પોતાની મનોવૃત્તિને જે ઇન્દ્રિયો તરફ જવા ન દેતાં અંતરમાં જ પૂરી રાખે છે;[6] જીવનકાળમાં દેહની દરકાર ન રાખતાં દેહને ગાળીને ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે;[7] મનના દ્વારમાં અને પ્રત્યાહારના સ્થાનમાં જે યમ અને દમરૂપ દ્વારપાળોને અનુક્રમે ઊભા રાખે છે;[8] *મૂળબંધ, †વજ્ર (ઓઢિયાણા)બંધ અને જાલંધરબંધ એ ત્રણેને સ્થિર કરીને ઇડા અને પિંગળાના સંગમ સ્થાનમાં જે પોતાના ચિત્તને ચોંટાડે છે;[9] સમાધિની શય્યાપાસે જે ધ્યાનને બાંધી રાખે છે, એટલે કે ધ્યાનનો પરિપાક જે સમાધિ તે થઈ જાય ત્યાં સૂધી ધ્યાનસ્થ રહીને જે આત્માનું ઐક્ય થતાં સૂધી ચિત્તને સ્થિર કરે છે;[10] એને અંતઃકરણનો નિગ્રહ કહેવામાં આવે છે. એ નિગ્રહને આ ગુણોથી ઓળખવો. જ્યાં એવો નિગ્રહ હોય છે, ત્યાં અવશ્ય જ્ઞાનનો વિજય થાય છે.[11] જે સાધકની આજ્ઞાનું તેનું મન શિરસાવંદ્ય માનીને પાલન કરે છે, તે કદાચિત્ મનુષ્યના આકારથી જગતમાં વિચરતો હોય, છતાં પણ તે મૂર્ત્તિમાન્ જ્ઞાન જ છે, એમ જ તારે જાણવું.[12]

इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ९ ॥

[વિષયોમાં વિરક્તિ, અહંતાનો અભાવ અને જન્મ, મૃત્યુ, વૃદ્ધતા અને શરીરવ્યથામાં દોષદૃષ્ટિથી જોવું; ૯]

અને વિષયોવિરુદ્ધ જેના મનમાં વૈરાગ્યની જીવતી મદદ છે.[13] ઓકેલા અન્નને પાછું ખાઇ જવાની જિહ્વાની ઇચ્છા થતી નથી; અને પ્રેતને આલિંગન આપવાની વાંચ્છના થતી નથી;[14] વિષ ખાવું ગમતું નથી; બળતા ગૃહમાં પ્રવેશ કરી શકાતો નથી અને વ્યાઘ્રની ગુહામાં વસવાને જઇ શકાતું નથી;[15] ઊકળતા લોઢાના રસમાં ભૂસકો મારી શકાતો નથી અને અજગરનું ઓશીકું કરી શકાતું નથી;[16] તેજ પ્રમાણે, હે અર્જુન ! જેને વિષયોનું નામ સાંભળવું પણ ગમતું નથી, તે ઇન્દ્રિયો અને વિષયોનો પરસ્પર મેળાપ કદાપિ થવા દેતો નથી.[17] જેના મનમાં વિષય સેવનવિશેનું આળસ ભરેલું છે અને જે વિષયસેવન કરવાથી કંટાળી ગયેલો છે; પરન્તુ જેના મનનું ઐક્ય ઇન્દ્રિયનિગ્રહ સાથે થયેલું છે;[18] હે પાંડવ ! જે નિત્ય તપો અને વ્રતોનું એક સરખી રીતે આચરણ કરે છે, અને જેને મનુષ્યવસતિમાં આવતાં પ્રલયકાળ સમાન દુઃખ થાય છે;[19] જેની યોગાભ્યાસમાં ઘણી જ ઇચ્છા છે, અરણ્યનો નિવાસ જેને ઘણો જ ગમે છે અને મંડળમાં મળવાનું કેવળ નામ પણ જેનાથી સહન કરી શકાતું નથી;[20] બાણોની શય્યામાં

* એને જ 'મૂલાધાર ચક્ર'ના નામથી પણ ઓળખવામાં આવે છે. એ ચક્ર નાભિની નીચે પૃષ્ઠ (પીઠ)ની કરોડના છેલ્લા-નીચેના છેડાપર રહે છે. એ ચક્ર સ્નાયુમય છે તથા એનો આકાર ત્રિકોણ છે. કુંડલિની એમાં જ વીંટળા વાળીને બેઠેલી હોય છે. † આ ચક્ર નાભિની સ્હામે બરડાની કરોડમાં હોય છે અને એને જ 'સ્વાધિષ્ઠાન ચક્ર' ના બીજા નામથી પણ ઓળખવામાં આવે છે.

શયન કરવું, અથવા પરુના કીચડમાં લોટવું–એ પ્રમાણે જ જે ઐહિક ભોગોની યોગ્યતા સમજે છે;[૨૧] અને સ્વર્ગપ્રાપ્તિને તો જે કૂતરાના સડી ગયેલા માંસ પ્રમાણે માને છે;[૨૨] જેને વિષયવૈરાગ્ય કહેવામાં આવે છે, તે એ જ છે અને એ જ આત્મપ્રાપ્તિનું ભાગ્ય હોઇને તેના જ યોગે જીવો બ્રહ્માનંદનું સુખ ભોગવવાને યોગ્ય થાય છે.[૨૩] એ પ્રમાણે, આલોક અને પરલોકના સુખોપભોગોનો જેને પૂર્ણ કંટાળો છે, તેનામાં જ જ્ઞાનનો નિવાસ છે, એમ નિશ્ચયથી તારે સમજવું.[૨૪] અને જે આસ્થાપૂર્વક યજ્ઞ તથા તળાવ અને બાગ વગેરે બાંધવાનાં કર્મો કરે છે; પરંતુ કર્તૃત્વના અભિમાનને લેશ માત્ર પણ પોતાના અંગમાં આવવા દેતો નથી;[૨૫] વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે નિત્યનૈમિત્તિક કર્મોનું યથાવિધિ આચરણ કરે છે અને તેમાં કાંઈ ન્યૂનતા થવા દેતો નથી;[૨૬] અને આ કર્મ મેં કર્યું અથવા મારા કરવાથી જ સિદ્ધ થયું, એવી કદાપિ મનમાં ભાવના રાખતો નથી;[૨૭] જેમ વાયુ સહજ સ્વભાવે સર્વત્ર ફરતો ફરે છે અથવા સૂર્ય અભિમાન વિના જ સર્વત્ર પ્રકાશનો વિસ્તાર કર્યા કરે છે;[૨૮] અથવા શ્રુતિ સ્વભાવતઃ (સર્વને ઇષ્ટ વાર્ત્તાનું જ) વર્ણન કરી સંભળાવે છે; અથવા ગંગા (અમુક સ્થાને જવાનું મનમાં ન લાવતાં) સહજ પ્રવાહથી વહન કરી જાય છે; તે જ પ્રમાણે તેનું વર્ત્તન નિત્ય અભિમાનશૂન્યતાવાળું જ હોય છે.[૨૯] જેમ વૃક્ષને યથાકાળ ફળો આવે છે, પરંતુ એનું તેને સ્મરણ માત્ર પણ હોતું નથી. તે વૃક્ષ પ્રમાણે જ, કર્મો કરતી વેળાએ કર્મફળપ્રાપ્તિમાં તેની વૃત્તિ નથી હોતી.[૩૦] જેવી રીતે હારમાંની દોરી કાઢી લેવાથી તેના ઐક્યનો લોપ થાય છે, તેવી જ રીતે મનમાં, આચરણમાં અને બોલવામાં તેનો અહંકારનો નાશ કરેલો છે.[૩૧] અભ્રોનો આકાશ સાથે સંબંધ ન હોવા છતાં પણ જેવી રીતે તે અભ્રો આપણને આકાશમાં જ દેખાય છે; તે જ પ્રમાણે તે દેહવડે કર્મોનું આચરણ કરવા છતાં પણ તે કર્મોથી અલિપ્ત રહે છે.[૩૨] મદિરાપાનીને જેમ પોતાનાં વસ્ત્રોનું પણ ભાન હોતું નથી અથવા પૂતળાના હાથમાં આપેલા શસ્ત્રનો તેને કાંઈ પણ ઉપયોગ હોતો નથી અથવા બળદની પીઠપર લાદેલાં શાસ્ત્રો તે બળદને ઉપયોગી હોતાં નથી;[૩૩] તે જ પ્રમાણે, તે પોતાના દેહવિષયક અભિમાનથી રહિત હોય છે, તેને જ 'નિરહંકાર'ના નામથી ઓળખવામાં આવે છે.[૩૪] એ ચિન્હો જેનામાં પૂર્ણતાથી દૃષ્ટિગોચર થાય છે, તેનામાં જ જ્ઞાનનો નિવાસ હોય છે, એમાં લેશ માત્ર પણ શંકા નથી જ.[૩૫]

જે જન્મ, મૃત્યુ, જરા, દુઃખ, વ્યાધિ, વાર્ધક્ય અને પાતકોની પ્રાપ્તિ થવા પૂર્વે જ તેમના વિશે સાવધ હોય છે;[૩૬] જેમ પોતાને પિશાચબાધા ન થાય, એટલા માટે પ્રથમથી જ મંત્રેલા દોરા ચિઠ્ઠી બાંધવાની વ્યવસ્થા કરી રાખે છે અથવા પોતાને બીજાની પીડા ન થવા દેવા માટે યોગી પ્રથમથી જ વ્યવસ્થા કરતો હોય છે; અથવા કડિયો ભીંત ચણતી વેળાએ તેને આધાર આપીને આગળ પાછળ ખસવા દેતો નથી;[૩૭] જેમ સર્પના મનમાંથી જન્મ જન્માંતરના વૈરનો પણ લોપ થતો નથી, તે જ પ્રમાણે પૂર્વજન્મનાં દુઃખોનું સ્મરણ કરીને જે પુનર્જન્મ ન થવા દેવા માટેનો ઉદ્યોગ કરે છે;[૩૮] જેવી રીતે આંખમાં રજકણ પડતાં તેની વેદના સહન કરી શકાતી નથી, અથવા શસ્ત્રના જખમમાં ભાલાનો ઘા સહેવાતો નથી; તે જ પ્રમાણે આ જન્મમાં નિત્ય થનારાં દુઃખોને જે ભૂલતો નથી,[૩૯] અને કહે છે કે, "અરેરે! હું મૂત્રદ્વારમાંથી પરુના ખાડામાં ગયેલા ગંદા પાણીના ટીપામાંથી ઉત્પન્ન થયો છું અને માતાનું સ્તનપાન કરતી વેળાએ સ્તનપરનો સ્વેદ પણ મારા મુખમાં ગયેલો છે!"[૪૦] એવી રીતે જે જન્મથી કંટાળી જાય છે અને એમ કહે છે કેઃ–"જેમના યોગે મને આ જન્મ પુનઃ પ્રાપ્ત થવાનો સંભવ છે, તે કર્મો હું કદાપિ કરવાનો નહિ!"[૪૧] જેમ જુગારી પોતાનો દાવ હારી જતાં તેનો બદલો મેળવવા માટે બીજી વાર સાવધ રહીને રમે છે અથવા પુત્ર પોતાના પિતાનું વૈર વાળે છે;[૪૨] અથવા કોઇએ કોઇએકને મારતાં તેનો બદલો, જેમ

તેનો કોઇ મદદગાર–મિત્ર–સગો વાળી લે છે; તે જ પ્રમાણે આ જન્મની પુનઃ પ્રાપ્તિનિ થાય, એવી ચિન્તાથી તેની પૂઠે પડીને જે દક્ષ રહે છે;[૪૩] જેવી રીતે સંભાવિત પુરુષથી અપકીર્તિ સહન કરી શકાતી નથી; તે જ પ્રમાણે, જેના મનમાંથી એવા એ અમંગલ જન્મ વિશેની લજ્જાનો લોપ થતો નથી;[૪૪] ભવિષ્યમાં પ્રાપ્ત થનાર મરણ જો કે દૂર હોય છે, તો પણ તે વિશે તે આજથી જ સાવધ રહ્યા કરે છે;[૪૫] હે અર્જુન ! જે ખરેખરો તરનારો (તારો) હોય છે, તે કદાચિત્ નદીના મધ્ય ભાગમાં ઊંડાં પાણી હોય, તોય કાંઠાપર જ કમરે તૂમડાં બાંધીને પછી જ નદીમાં ભૂસ્કો મારે છે;[૪૬] અથવા તો રણમાં જવા પૂર્વે જ જે પોતાના અવસાનને સંભાળીને, શસ્ત્રાઘાત થવા અગાઉ જ પોતાની ઢાલને આગળ ધરે છે;[૪૭] આવતી કાલના મુકામે કાંઇ દગો થશે તો, એમ ધારીને જે આજથી જ સાવધ રહે છે અથવા તો જે પ્રાણ જવા પહેલાં જ ઔષધની યોજના કરે છે;[૪૮] જગતમાં તો સાધારણ એમ જ જોવામાં આવે છે કે, જ્યારે ઘર બળવા માંડે ત્યારે જ કૂવો ખોડવા માંડે છે, પરંતુ તે પ્રયત્ન કાંઇ સિદ્ધિને પ્રાપ્ત થતો નથી ![૪૯] નદીના ઊંડાણવાળા ભાગના તલ પ્રદેશમાં જનાર પાષાણ પ્રમાણે જે આ સંસારસાગરમાં ડુબે છે, તેનો પોકાર પણ જ્યાં કોઇના સાંભળવામાં આવી શકતો નથી, ત્યાં તે પોતાના ડુબવાની વાત કોને કહી શકે વારુ ?[૫૦] એટલા માટે, બળવાન્ સાથે જેનું હાડવૈર બંધાયલું હોય છે, તે જેમ રાતદિવસ શસ્ત્રોને સજ્જ કરીને જ ફરતો હોય છે;[૫૧] અથવા તો ધણી પાસે જવા યોગ્ય થયેલી નવવધૂને (તરત જ અન્યના ગૃહમાં જવાની હોવાથી) તેનો પિતા ઘરમાં હોવા છતાં ન હોવા પ્રમાણે જ માને છે; અથવા સંન્યાસ લીધા પછી મનુષ્ય જેમ મરવાને તૈયાર હોય છે, એ પ્રમાણે જે જીવતો છતાં મૃત્યુનો વિચાર કરે છે;[૫૨] અર્થાત્ જે એવી રીતે પોતાના જીવનકાળમાં જ પુનર્જન્મનું નિવારણ કરે છે અને આ જન્મની સમાપ્તિ થવા પછી પુનઃ પુનઃ પ્રાપ્ત થનારા મૃત્યુને ટાળે છે અને આત્મસ્વરૂપમાં લીન થાય છે, એટલે કે જન્મમૃત્યુને મિથ્યા સમજીને આત્મસ્વરૂપમાં નિમગ્ન રહે છે;[૫૩] (અને એવા પ્રકારે) જેને જન્મમૃત્યુનું દુઃખ રહ્યું નથી, તેને જ્ઞાનની કદાપિ ન્યૂનતા હોતી જ નથી.[૫૪]

તેમજ હજી શરીરને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત ન થઈ હોય, તે પૂર્વે તારુણ્યમાં જ જે એ વિશેની વ્યવસ્થા કરે છે,[૫૫] અને તે કહે છે કેઃ–"આજે મારા શરીરમાં જે શક્તિ છે, તે જ શરીર જરા (વૃદ્ધાવસ્થા) પ્રાપ્ત થતાં સૂકાયલી કાચલી જેવું થઈ જવાનું;[૫૬] અને દૈવહીનની ખટપટો વ્યર્થ થાય છે અથવા પ્રધાન વિનાના રાજાની જેવી દશા થાય છે, તેવી જ હાથપગ ચાલતા અટકયા, એટલે મારી શક્તિની સ્થિતિ પણ થઈ જશે;[૫૭] અને પુષ્પોના સુવાસસુખને ભોગવનારી નાસિકા, ઊંટના ગોઠણ પ્રમાણે ગંઠાઈ જશે–સુગંધ લેવામાં અશક્ત થઈ જશે;[૫૮] અને આષાઢ માસમાં વર્ષાદની ઝડીમાં જેવી રીતે ભટકતા અને ચોરીથી ચરતા ઢોરના પગ ગારાથી સડી જાય છે, તેવી રીતે મારું આ શરીર પણ સડી જશે;[૫૯] અત્યારે મારાં જે નેત્રો કમળપત્રની સ્પર્ધા કરે છે, તે જ પછીથી પાકેલાં પંડોળાં સમાન નિસ્તેજ થઈને આંખના ખાડામાં ઉંડાં ઉતરી જશે;[૬૦] ભમ્મરો સૂકાયલી છાલ પ્રમાણે આંખોપર લટકશે અને આંખોમાંથી વહેતા પાણીના પ્રતાપે છાતી સડી જશે;[૬૧] જેવી રીતે બાવળના થડપર સરડા (કાકીડા) ના ઉપર નીચે ચઢવા ઉતરવાથી તે ગુંદરવડે નરમ થઈ જાય છે, તેવી રીતે મુખ થૂંકોથી ભરાઈ જશે;[૬૨] ચૂલા પાસે ખણેલા ખાડામાં પાણી ભરાઇને જેમ તેમાં પરપોટા પેદા થાય છે, તેવી જ રીતે નાક લીંટવડે ખદબદી જશે;[૬૩] આ મુખના જે હોઠોને હું તાંબૂલવડે રંગું છું, હાસ્ય કરતી વેળાએ દાંત દેખાડું છું અને જેના યોગે મારાથી ઉત્તમ ભાષણ કરી શકાય છે,[૬૪] તેજ આ વદનમાં લાળની લહરીઓ છૂટશે અને દાંતો ખવાઇ જશે;[૬૫] કર્જ થતાં જેમ જમીનદારી (ખેતીવાડી) ડૂબી જાય છે; અથવા બહુ વર્ષાદ પડવાથી જેમ ઢોરો અથવા જાનવરો જમીન સાથે જકડાઇ જાય છે, તેવી જ રીતે જીભ પણ

ગમે તેમ કરવા છતાં ઊપડશે નહિ;[૬૬] જેવી રીતે સૂકાયલા ઘાસનાં તણખલાં હવાથી ઊડી જાય છે, તેવી જ દશા દાઢીના વાળોને પ્રાપ્ત થતાં ન્હાના બાળકો તેને ચુંટવા માંડશે;[૬૭] આષાઢ માસમાં વૃષ્ટિની ધારાથી જેવી રીતે પર્વતનાં શિખરો પણ ખંડિત થાય છે, તેવી જ રીતે શરીરનાં રંધ્રોમાંથી પાણી ઝરવા માંડશે;[૬૮] મુખમાંથી શબ્દનો ઉચ્ચાર થશે નહિ, શ્રવણોથી સ્પષ્ટ સાંભળી શકાશે નહિ અને આ શરીરની અવસ્થા બુઢ્ઢા વાંદરા જેવી થઇ જશે.[૬૯] ખેતરમાં પક્ષીઓને બ્હીવડાવવા માટે ઊભું કરેલું ઘાસનું મનુષ્યાકારે પૂતળું, હવાથી જેમ સહજ ડોલે છે; તેવી રીતે (મારાં) સર્વાંગ સહજમાં ડોલવા માંડશે;[૫૭૦] પગ લથડિયાં ખાશે અને હાથમાં કંપ થશે; શરીરની સર્વ ચેષ્ટાઓનો એ પ્રમાણે વેશ થશે;[૭૧] મળમૂત્રનાં દ્વારો પણ ફૂટેલાં (કાણાં) વાસણ જેવાં થઇને પોતાની શક્તિથી બહાર જશે અને મારો સત્વર અંત થવામાટે આપ્તગોપ્તો, દેવીદેવતાની માનતા માનશે![૭૨] મારી આવી અવસ્થાને જોઇને જગત્ મારો ધિક્કાર કરશે; અને મૃત્યુ સત્વર આવશે નહિ ત્યારે સગાં વ્હાલાંને મારો કંટાળો થઇ પડશે;[૭૩] સ્ત્રીઓ મને પિશાચ કહીને બોલાવશે અને (તે સાંભળીને) બાળકો મારાથી ભયભીત થઈ નાશી જશે. વધારે શું કહેવું? હું સર્વ પ્રકારે લોકોના અણગમાને જ પાત્ર થઇશ.[૭૪] આખી રાત મારી ઉધરસના અવાજને સાંભળીને આડોશીપાડોશી અને સગાં વ્હાલાં એમ જ બોલવા માંડશે કે, 'કોણ જાણે આ બુઢિયો આમ કેટલાકોને કેટલાક દિવસ ત્રાસ આપવાનો છે, તે સમજી શકાતું નથી!'[૭૫] વૃદ્ધાવસ્થામાં આપણી એવી દુરવસ્થા થવાની છે એમ મનમાં ધારીને જે જીવ તારુણ્યમાં જ એ સ્થિતિ વિશેની ખન્ત રાખે છે,[૭૬] અને એમ કહે છે કે, ભવિષ્યમાં આપણને વૃદ્ધાવસ્થા તો આવવાની છે જ, એટલે અત્યારની તરુણાવસ્થા જો વિષયોપભોગમાં જ વીતી જશે, તો એમાંની કઇ વાત આપણને અંતે હિતાવહ થશે વારુ?[૭૭] અર્થાત્ જ્યાં સુધી કાન બ્હેરા નથી થયા, ત્યાં સુધીમાં જ જે (આત્મા અને અનાત્મા વિશેના વિચારની) સર્વ વાતો સાંભળી લે છે અને જ્યાં સુધી શરીર સ્વાધીન હોય ત્યાં સુધીમાં તીર્થયાત્રાનો લાભ મેળવી લે છે;[૭૮] દૃષ્ટિ કાયમ હોય ત્યાં સુધીમાં જેટલાં જોઈ શકાય તેટલાં દેવમૂર્તિઓનાં દર્શન કરી લે છે અને જ્યાં લગી વાણી અખંડ છે, ત્યાં લગીમાં ઈશ્વરના ગુણાનુવાદ ગાઇ લે છે;[૭૯] આગળ જતાં આપણા હાંથ ટુંઠા થશે એ તત્ત્વને જાણીને તે બળવાન હોય ત્યાં સુધીમાં જ જે દાનધર્મ કરી લે છે;[૫૮૦] આગળ ઉપર એ પ્રમાણેની દશા આવતાં મન શુદ્ધિમાં રહેવાનું નથી એમ જાણીને જે શુદ્ધ આત્મજ્ઞાનનો પૂર્ણ વિચાર કરી રાખે છે;[૮૧] આવતી કાલે આપણને ચોર લૂટી લેશે એમ માનીને આજે જ જે પોતાની સંપત્તિની સર્વ વ્યવસ્થા કરી રાખે છે અને તેથી અલિપ્ત રહે છે; અથવા તો દીવો ઓલવાઇ જવા પહેલાં જ જે સર્વ વસ્તુઓને વ્યવસ્થિત કરી રાખે છે;[૮૨] તે જ પ્રમાણે, વૃદ્ધાવસ્થા આવતાં (તારુણ્યમાં જ્ઞાનની પ્રાપ્તિ ન કરી લેવાથી જન્મમૃત્યુના ચક્રમાં પડીને) આ જન્મ વ્યર્થ જાય તેના કરતાં (જન્મ અને મૃત્યુને આપનારી) સર્વ વાતોને પોતાની પાસેથી દૂર કરી નાખવી જોઇએ.[૮૩] જે માર્ગમાં અનેક પર્વત અને કિલ્લા ઇત્યાદિ હોય એમ ધારીને અથવા પક્ષીઓને પાછાં પોતપોતાના માળાઓમાં જઇ ભરાતાં જોઇને સંધ્યાકાળ થવાનું જાણી, જે વટેમાર્ગુ, પોતા સાથે કાંઈ પણ જોખમ જેવું ન રાખતાં છડેછાંટ જ ચાલ્યો જાય છે, તેને ચોરો કેવી રીતે લૂટી શકે?[૮૪] તે જ પ્રમાણે એવો જ્ઞાની, બીજા અજ્ઞાનીઓ પ્રમાણે આયુષ્યને સો વર્ષનું ધારતો ન હોવાથી, તેની પાસે વૃદ્ધાવસ્થા આવીને તરત પાછી ચાલી જાય છે;[૮૫] અને તિલનાં વૃક્ષનાં ખંખેરેલાં ડોડાંમાંથી પુનઃ ખંખેરતાં તિલ નીકળતા નથી; તેમ જ રક્ષારૂપ થવા પછી અગ્નિ બાળવાની ક્રિયા કરી શકતો નથી;[૮૬] તે જ રીતે ભવિષ્યમાં આપણો વૃદ્ધાપકાળ આવવાનો છે એમ જાણીને જે તેના સપાટામાં સપડાતો નથી, તેનામાં જ જ્ઞાનનો નિવાસ છે એમ સમજવાનું છે.[૮૭] તે જ

પ્રમાણે, જ્યાં સૂધી શરીરને નાના પ્રકારના રોગોનો સ્પર્શ થએલો નથી હોતો, ત્યાં સૂધી જ જે શરીરના આરોગ્યને જાળવી રાખવાના ઉપાયો કરે છે;૮૮ જેવી રીતે સર્પના મુખમાંથી પડેલા ગ્રાસને ડાહ્યા માણસ ત્યાગી દે છે,૮૯ તેજ પ્રમાણે, જે સુખના વિયોગે (અભાવે) દુઃખ, વિપત્તિ અને શોક પ્રાપ્ત થાય છે, તે દેહના સ્નેહને ત્યાગીને જે ઉદાસીન વૃત્તિમાં જ રહે છે;૫૯૦ અને જેના જેના યોગથી પોતાને દોષ લાગવાનો સંભવ હોય, તેવાં તેવાં કર્મો જે કરતો નથી અને કર્મેન્દ્રિયોના માર્ગથી દોષોને અંદર ન જવા દેવા માટે નિયમરૂપ અશ્વને બહાર બેસાડીને તે માર્ગોને બંધ કરી રાખે છે;૯૧ એ પ્રમાણે, જે વર્ત્તે છે, તેજ જ્ઞાનસંપન્ન પુરુષ છે, એમ તારે જાણવું.૯૨ હવે હે અર્જુન! તને (તે જ્ઞાનવાનનું) હું બીજું એક અલૌકિક લક્ષણ કહું છું તે સાંભળ.૯૩

असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ १० ॥

[સર્વત્ર ઉદાસીનતા; પુત્ર, સ્ત્રી, ગૃહ ઇત્યાદિમાં સંપૂર્ણ અનાસક્તિ અને ઇષ્ટ અથવા અનિષ્ટ કાંઇ પણ પ્રાપ્ત થાય તોય પોતાના ચિત્તના સમાધાનને નિરન્તર અવિચલ રાખવું; ૧૦]

જે પોતાના શરીરવિશે ઉદાસીન હોય છે; અને જેવી રીતે એક પ્રવાસી બીજા પ્રવાસીએ થોડા વખતને માટે પોતાને સ્વાધીન કરેલી ગાંસડીને, તેમાં અભિલાષા–મમત્વ ન રાખતાં તે પ્રવાસીના આવતાં સૂધી યત્નથી જાળવી રાખે છે;૯૪ અથવા માર્ગમાં ચાલતાં તડકાના ત્રાસને ટાળવા માટે જેમ કોઇ એક પ્રવાસી, વૃક્ષની શીતલ છાયામાં બેસે છે તેટલી પણ જેને ગૃહવિશે આસ્થા હોતી નથી;૯૫ જેવી રીતે મનુષ્યનો પડછાયો તેની સાથેનો સાથેજ હોવા છતાં તેના હોવા ન હોવાનું મનુષ્યને ભાન સુદ્ધાં પણ હોતું નથી; તેજ પ્રમાણે, (નિત્ય સન્નિધ રહેનારી) નારી વિશેનો જેના મનમાં પ્રેમ હોતો નથી;૯૬ વળી પોતાની સંતતિને પણ જે, જેમ પ્રવાસી ધર્મશાળામાં રહે છે અથવા ઢોરો બપોરે ઝાડતળે બેસે છે, પણ પ્રવાસીએ ધર્મશાળા છોડી કે તેમાં આસક્તિ રાખતો નથી અને ઢોરો વૃક્ષની છાયામાં બેસે છે, પણ તે વૃક્ષ મારું છે એવું મમત્વ રાખતાં નથી, તેમ જ જે સંતતિ આદિને માનતો હોય છે;૯૭ હે અર્જુન! જે શ્રીમંત હોવા છતાં પણ, જેમ કોઇ માણસ માર્ગમાં ચાલતાં રસ્તામાંની કોઈ વિશિષ્ટ ઘટનાનો કેવળ સાક્ષીભૂત જ હોય છે, તદ્વત્ પોતાની સંપત્તિ વિશે ઉદાસીનજ હોય છે, અર્થાત્ એ સંપત્તિનો હું માત્ર સાચવનારો અથવા પરમાત્માના હુકમ મુજબ આપનારો લેનારો છું, પણ એમાં મારું કંઈજ નથી એમ માને છે;૯૮ અથવા તો પાંજરામાંનો પોપટ જેમ પોતાના પાળનારની આજ્ઞામાં વર્ત્તે છે, તે પ્રમાણે, જે વેદોનું ઉલ્લંઘન કરતો નથી, પરંતુ વેદાજ્ઞાએ વર્તે છે;૯૯ અને સ્ત્રી, પુત્ર અને ગૃહ વિશેની જે પ્રીતિ ધરાવતો નથી, તે પુરુષ જ્ઞાનનો અધિષ્ઠાનરૂપ છે.૬૦૦ સમુદ્ર જેવી રીતે ગ્રીષ્મ કાળમાં ન્યૂન થતો નથી અને વર્ષાકાળમાં વધતો નથી, તેજ પ્રમાણે જેને લાભ કિંવા હાનિની બાધા થતી નથી;૧ અથવા તો ત્રણ કાળમાં સૂર્યના જેવી રીતે ત્રણ પ્રકાર થતા નથી, તેજ પ્રમાણે, જેના મનને સુખદુઃખ આદિથી ભેદનો સ્પર્શ થતો નથી;૨ અને જેની સમતામાં આકાશ પ્રમાણે ન્યૂનતા થતી નથી, તેનામાં જ્ઞાનનો પ્રત્યક્ષ નિવાસ છે, એમ તારે જાણવું.૩

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ ११ ॥

[અને મારામાં અનન્ય ભાવયુક્ત નિર્દોષ ભક્તિ હોવી, એકાંતમાં વસવાની રુચિ હોવી અને લોકસમુદાયમાં વસવાની અરુચિ હોવી; ૧૧]

અને જેણે કાયા વાચા અને મનથી એવો જ નિશ્ચય કરેલો છે કે, મારે માટે ઈશ્વરવિના આ જગતમાં બીજી કોઈપણ સારી વસ્તુ નથી,[૪] એમ જેના શરીર, વાચા અને મને કૃતનિશ્ચયની પ્રતિજ્ઞા કરેલી છે કે, આ જગતમાં મારા વિના (કૃષ્ણ–પરમાત્મા વિના) બીજું કાંઈપણ નથી;[૫] વધારે શું કહેવું ? જેણે પોતાના મનને મારા સ્વરૂપમાં લીન કર્યું છે, તેણે જ મારું અને પોતાનું ઐક્ય સાધ્યું છે.[૬] જેવી રીતે પોતાના પતિ સાથે સમાગમ કરવા જતી વેળાએ સ્ત્રીના મનમાં લેશ માત્ર પણ શંકાનો સંચાર થતો નથી, તેવી રીતે મારી જોડે ઐક્ય કરવામાં જેને સંશયનો સ્પર્શ થતો નથી;[૭] જેવી રીતે ગંગા એકવાર સમુદ્રમાં મળવા છતાં તેમાં જ મળીને રહે છે, પણ ભિન્ન થતી નથી; તે જ પ્રમાણે મારા ઐક્યને પામવા છતાં પણ જેઓ સર્વભાવથી મને જ ભજતા રહે છે અને મારાથી ભિન્ન થતા નથી;[૮] અને જેમ સૂર્યની પ્રભાનો સૂર્યની સાથે જ ઉદય થાય છે અને તેના અસ્ત સાથે જ લય થાય છે, એ ઐક્ય જેવી રીતે પ્રભાને જ શોભે છે;[૯] તેમ જ વાયુના આઘાતથી પાણીપર પાણી ઊડીને ઉપર આવે છે, તેને લોકો લહરીના નામથી ઓળખે છે, પરન્તુ ખરી રીતે જોતાં તો તે પાણી જ હોય છે;[૧૦] એ પ્રમાણે એકનિષ્ઠ થઈને જે મારી સેવા કરે છે, તે જ મૂર્ત્તિમાન્ જ્ઞાન છે, એમ તારે સમજવું.[૧૧] એવા મનુષ્યને પવિત્ર તીર્થો, ઉત્તમ તપોવનો અને ગુહામાં નિવાસ કરવાની રુચિ કિંવા પ્રિયતા હોય છે.[૧૨] પર્વતની ગુહાઓ અને સરોવરોના તીરપ્રાંતોમાં વસવાની જેને વિશેષ રુચિ હોય છે અને જેને નગરમાંનો નિવાસ ગમતો નથી;[૧૩] જેને એકાંતવાસની અત્યંત રુચિ હોય છે અને મનુષ્યવસતિમાં વસવાનો કંટાળો હોય છે, તે જ્ઞાનની મનુષ્યરૂપી મૂર્ત્તિ જ છે.[૧૪] હે સુબુદ્ધિમાન્! તને જ્ઞાનના સ્પષ્ટીકરણ માટે બીજાં પણ કેટલાંક લક્ષણો કહી સંભળાવું છું.[૧૫]

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ १२ ॥

[અધ્યાત્મ જ્ઞાનમાં નિમગ્ન હોવું અને પારમાર્થિક જ્ઞાનનો સાક્ષાત્કાર થવો, એ લક્ષણો જ્ઞાનની પ્રાપ્તિ કરાવી આપનારાં છે. એટલા માટે, એમને 'જ્ઞાન' નામ આપવામાં આવ્યું છે અને એથી જે વિપરીત (વિરુદ્ધ) તે અજ્ઞાન છે. ૧૨]

પરમાત્મા નામધારી જે એક વસ્તુ છે તે જે જ્ઞાનના યોગે દેખાય છે,[૧૬] તે એક જ્ઞાનવિના, જે જ્ઞાનના યોગે સંસાર અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તે અજ્ઞાન છે એમ જેના મનનો દૃઢનિશ્ચય થએલો હોય છે,[૧૭] તે સ્વર્ગમાં ગમન કરવાની ઇચ્છાને ત્યાગી દે છે, સંસારવિશે કંટાળો ધરાવે છે અને અધ્યાત્મ જ્ઞાનમાં ભાવ ધરીને મનને પરોવે છે.[૧૮] જેવી રીતે કોઇ એક પ્રવાસી, જ્યાંથી અનેક માર્ગો ફૂટતા હોય તે સ્થાનમાં સારી રીતે શોધ ચલાવી આડા રસ્તાને છોડીને, સરળ રાજમાર્ગમાં જ સંચાર કરે છે,[૧૯] તેવી જ રીતે, જ્ઞાન માત્રનો વિચાર કરીને બીજાં જ્ઞાનોને ત્યાગી દઈ જે પોતાના જ્ઞાન અને બુદ્ધિપ્રભાવને અધ્યાત્મ જ્ઞાનમાં જ સંલગ્ન કરે છે;[૨૦] અને તે જ પ્રમાણે, ઈતર જ્ઞાન ભ્રાંતિમૂલક હોવાથી જે પોતાના મનને મેરુપર્વત પ્રમાણે સ્થિર કરીને અધ્યાત્મ જ્ઞાનમાં જ પ્રેરે છે;[૨૧] જેવી રીતે આકાશમાં ધ્રુવ નક્ષત્ર અવિચલ છે, તેવી જ રીતે નિશ્ચયપૂર્વક પોતાની બુદ્ધિને જે અધ્યાત્મ જ્ઞાનમાં જ અવિચલ રાખે છે;[૨૨] તેનામાં જ જ્ઞાન નિવાસ કરે છે, એમાં લેશ માત્ર પણ શંકા નથી. એવી રીતે હૃદયમાં જ્ઞાનનો પૂર્ણ વિકાસ થતાંની સાથે જ તે મદ્રૂપ થઇ જાય છે.[૨૩] જેવી રીતે, કોઇ મનુષ્ય જમવા માટે પીરસેલી પત્રાવળીપર બેઠેલો હોવા છતાં, જ્યાં સૂધી તે ભક્ષણનો આરંભ ન કરે ત્યાં સૂધી જમવા બેઠેલો કહી શકાતો નથી; તે જ પ્રમાણે, જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા થવા છતાં જ્ઞાન મેળવ્યા વિનાના પુરુષને 'જ્ઞાની' નામ પ્રાપ્ત થતું નથી.[૨૪]

અને તત્ત્વ જ્ઞાનથી જે એક ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળ જ્ઞેય છે. એ જ્ઞેયમાં જે પોતાની પૂર્ણ દૃષ્ટિ રાખે છે;[૨૫] અન્યથા જ્ઞાનનો લાભ થવા છતાં જો જ્ઞેય હસ્તગત ન થાય, તો તે જ્ઞાનનો લાભ થયો તે પણ ન થવા સમાન જ છે.[૨૬] આંધળો હાથમાં દીવો ઉપાડીને ચાલે, તો તેને તેનો શો ઉપયોગ છે? તે જ પ્રમાણે, જ્ઞાનનો કેવળ નિશ્ચય કરવામાં આવે અને આત્મદર્શન ન થાય, તો તે જ્ઞાન વ્યર્થ જ કહી શકાય.[૨૭] જો જ્ઞાનના પ્રકાશથી પરમાત્માની પ્રાપ્તિ ન થતી હોય, તો તે બુદ્ધિ અંધ મનુષ્ય પ્રમાણે નિરર્થક જ છે.[૨૮] અર્થાત્ જે જ્ઞાનવડે, જ્યાં જોવામાં આવે ત્યાં પરમાત્મા જ દૃષ્ટિગોચર થાય છે, તે જ્ઞાનને પ્રાપ્ત કરવા માટેની જેને સારી બુદ્ધિ થએલી હોય છે,[૨૯] અને તેથી તે નિર્દોષ જ્ઞાનવડે જાણવાની વસ્તુ દૃષ્ટિગોચર થાય, તેજ જ્ઞાનવડે જે સંપન્ન થએલો છે તેણે જ્ઞેય પ્રાપ્ત કર્યું છે;[૩૦] એ પ્રમાણે, જેના જ્ઞાનને ચારે તરફ કેવળ જ્ઞેયવિના બીજું કાંઇ પણ દેખાતું નથી, તે જ્ઞાની છે, એમ શબ્દોથી વર્ણવવાનું કાંઇ પણ કારણ નથી.[૩૧] જેની બુદ્ધિ જ્ઞાનના પ્રકાશ સાથે જ્ઞેયને આલિંગે છે, તે હાથોહાથ પરતત્ત્વની પ્રાપ્તિ કરી લે છે,[૩૨] ત્યારે હે અર્જુન! તેજ જ્ઞાનરૂપ છે એમ કહેવામાં આશ્ચર્ય તે શું હોઇ શકે! સૂર્યને સૂર્ય કહીને નવીનતાથી ઓળખાવવો પડતો નથી.[૩૩]

એટલે શ્રોતાઓ કહેવા લાગ્યા કે;–"હવે જ્ઞાનવિશે અધિક સ્પષ્ટીકરણ કરવાનું કશું પણ કારણ નથી. ગીતાના અર્થ કથનમાં વિલંબ શા માટે કરે છે?[૩૪] તેં અમને જ્ઞાન વિશે પૂર્ણ માહિતી આપી, એ તારા વકતૃત્વનો અમને મોટામાં મોટો લાભ થયો છે![૩૫] બીજા કવિયો જ્યારે કોઇ પણ વસ્તુનું વર્ણન કરવા માંડે છે, ત્યારે તે મુખ્ય વસ્તુનું વર્ણન ન કરતાં તેનાં ઉપાંગોનું જ, મહા કૌતુકથી–મહલાવી મહલાવી–વ્યર્થ વર્ણન કરતા જાય છે એટલે કવિના એ મંત્રને તું પોતાના વર્તનમાં આગંતુક પ્રમાણે શાને ઘુસાડે છે?[૩૬] જો કોઈ એક મનુષ્ય અન્ય મિત્રોને ભોજન માટે પોતાને ત્યાં બોલાવી થાળીઓની પંક્તિનો ઠાઠ જમાવી, મિત્રો જમવા બેસે એટલે પકવ અન્નને ત્યાંથી લઇ જાય; એટલે પછી નિમંત્રિત મિત્રોનું બીજું તે ગમે તેટલું અને ગમે તેવું આદરાતિથ્ય કરે, તોય તેમને તેનો શો ઉપયોગ?[૩૭] સર્વ ગુણોથી પરિપૂર્ણ હોવા છતાં જે ગાય દોહોતી વેળાએ આંચળને હાથ ન અડકાવવા દેતાં લાતો મારે તેને વિનાકારણ પાળવાનો અને પોષવાનો પરિશ્રમ કોણ વેઠે?[૩૮] તેવી જ રીતે, જ્ઞાનવિશે ન બોલતાં બીજા કવિયો ભળભળતાં જોઇએ તેટલાં વર્ણનો કરે છે, તે માર્ગને તેં ન સ્વીકારતાં અમને સત્ય જ્ઞાનનો પૂર્ણ પરિચય કરાવ્યો છે.[૩૯] જે જ્ઞાનની અલ્પ સ્વલ્પ પ્રાપ્તિ માટે પણ લોકો મહાકષ્ટથી યોગ આદિ સાધનો સાધે છે, તે જ્ઞાન તેં ઉત્તમતાથી સમજાવેલું હોવાથી અમારા મનની તૃપ્તિ થઇ છે.[૪૦] અમૃતની વૃષ્ટિ મૂષળધાર વર્ષવા માંડે તોય તેથી કોઈ કંટાળે ખરો કે? અને સુખના કોટ્યવધિ દિવસો વીતી જાય, તોય તેને ગણવા બેસીને કોઈ તે કાળથી કંટાળો ખાય ખરો કે?[૪૧] પૌર્ણિમાના ચંદ્ર સમાન ચંદ્રિકાવાળી એક યુગ જેટલી રાત્રિયો જાય, તોય ચકોર પક્ષી ચન્દ્રને જોતાં કંટાળશે કે?[૪૨] તે જ પ્રમાણે, જ્ઞાનવિષયક વર્ણન કરનારો તારા જેવો રસિક વક્તા મળતાં, તેના વકતૃત્વને સાંભળતાં કોણ કંટાળો ખાય એમ છે વારુ?[૪૩] શ્રીમાન્ અતિથિને ચતુર પીરસનારી મળતાં તેને ભોજનથી તૃપ્તિ થવાની નહિ અને પીરસનારીને પણ પોતે રાંધેલા પદાર્થો પૂરા ન થઇ જાય તો સારું એમ જ ભાસવાનું![૪૪] એ જ પ્રમાણેનો આજનો આ પ્રસંગ પણ છે. કારણ કે, અમને જ્ઞાનપ્રાપ્તિની રુચિ છે અને તેને વર્ણવવાની તને પણ ઉત્સુકતા છે.[૪૫] એ કારણથી, તારા વ્યાખ્યાનને ચોગણું બળ પ્રાપ્ત થએલું છે, એટલે અમારાથી તને 'તું જ્ઞાનમાં પરિપૂર્ણ છે' એમ કહ્યા વિના કેમ કરીને રહી શકાય?[૪૬] એટલા માટે, હવે બુદ્ધિના અંતર્ગૃહમાં જ્ઞાનની (અષ્ટાદશ લક્ષણયુક્ત જ્ઞાનની) વિરુદ્ધ જે અજ્ઞાન છે, તેનું વર્ણન કર.[૪૭]

સંતોનું એ ભાષણ સાંભળીને નિવૃત્તિ મહારાજના દાસ શ્રીજ્ઞાનદેવ કહેવા લાગ્યા કે;-"મારી પણ અજ્ઞાનનું વર્ણન કરવાની જ મનોભાવના હતી.[૪૮] એટલામાં હે ગુરો! આપે મને આજ્ઞા કરી, એટલે હવે હું વ્યર્થ બડબડાટ કરતો નથી.[૪૯] આ જુઓ." એ પ્રમાણે શ્રી કૃષ્ણે અર્જુનને જ્ઞાનનાં અઢાર લક્ષણો કહી સંભળાવ્યાં.[૬૫૦] પછી તેઓ કહેવા લાગ્યા કે;-એ લક્ષણો જેનામાં દૃષ્ટિગોચર થાય, તેનામાં જ્ઞાનનો નિવાસ છે એવો મારો અભિપ્રાય છે અને બીજા જ્ઞાનીઓ પણ એમ જ કહે છે.[૫૧] મેં તને જ્ઞાનનું હસ્તામલકવત્ સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.[૫૨] હે મહાબુદ્ધિમાન્ અર્જુન! હવે જેને અજ્ઞાન કહેવામાં આવે છે, તે પણ તેનાં લક્ષણોસહિત હું તને સ્પષ્ટ કરીને સંભળાવું છું.[૫૩] હે ધનંજય! જ્ઞાન સમજવામાં આવી જતાં અજ્ઞાનને સહજ ઓળખી શકાય છે; કારણ કે, જે જ્ઞાન નહિ તે અજ્ઞાન, એવી અજ્ઞાનની સરળ વ્યાખ્યા છે.[૫૪] દિવસની સમાપ્તિ થતાં રાત્રિની પાળી જ બાકી રહે છે; કારણ કે, રાત્રિ અને દિવસ એ બે પ્રકારો ઉપરાંત ત્રીજો કોઈ પ્રકાર જ નથી,[૫૫] તેજ પ્રમાણે, જ્યાં જ્ઞાનનો અભાવ છે ત્યાં જે રહ્યું તે અજ્ઞાન જ છે, એમ સમજવું. છતાં પણ એ અજ્ઞાનનાં કેટલાંક લક્ષણો હું તને કહી સંભળાવું છું.[૫૬] લોકો મારી પ્રતિષ્ઠાને માન આપીને ક્યારે વધારશે, એની જે માર્ગપ્રતીક્ષા કરતો બેઠો હોય છે અને લોકોએ સત્કાર કરવાથી જે સંતોષ પામે છે;[૫૭] તેમ જ ગર્વથી પર્વતના શિખર ઉપર ચઢી જઇને કદાપિ નીચે ઊતરતો નથી (નમ્ર થતો નથી), તે પુરુષમાં પરિપૂર્ણ અજ્ઞાનનો નિવાસ છે.[૫૮] અથવા પોતાના ધર્માચરણવિશે,-પીપળાને યજ્ઞોપવીત સંસ્કાર કર્યા પછી તેને જેમ દોરી બાંધવામાં આવે છે તેમ; અથવા તો દેવાલયમાંનો મયૂર પિચ્છ ચામર જેમ સર્વના ઉપયોગમાં આવી શકે છે તે પ્રમાણે-લોકોમાં તે પોતાનાં કૃતકર્મોની પ્રસિદ્ધિ કરે છે;[૫૯] પોતાને આવડતી વિદ્યાની પોતાના મુખથી પ્રસિદ્ધિ કરે છે; અને પોતાના હાથે થએલાં સત્કર્મોવિશેનો લોકોમાં ઢંઢેરો પીટાવે છે; એવી રીતે જે કૃત્યથી પોતાની પ્રતિષ્ઠા વધવાનો સંભવ હોય, તે કૃત્યો જે નિત્ય કરતો હોય છે; એ અજ્ઞાનનું લક્ષણ છે.[૬૬૦] અને દિવસમાં ત્રણવાર સ્નાન કરીને અંગને અત્તર વગેરે લગાડી શરીરને શૃંગારે છે, પરંતુ પ્રાણીઓની પૂજા કરતાં કંટાળો ખાય છે, તે અજ્ઞાનનો ભંડાર છે.[૬૧] જેવી રીતે અરણ્યમાં દાવાનળ સળગતાં તે સ્થાવરજંગમનો વિચાર ન કરીને સર્વ પદાર્થોને એક સરખી રીતે જ બાળીને ખાક કરી નાખે છે, તે જ પ્રમાણે, જેના આચરણથી સમસ્ત જગતને દુઃખ થાય છે;[૬૨] તે સહજ સ્વભાવે જે ભાષણ કરે છે, તે પણ મનુષ્યના હૃદયને તીક્ષ્ણ ભાલાંની અણી પ્રમાણે ભેદી નાખે છે અને જેની સર્વ મનીષાઓ બીજા લોકોને વિષ કરતાં પણ વિશેષ વિઘાતક થઈ પડે છે,[૬૩] એવા પુરુષમાં અજ્ઞાન ઓતપ્રોત ભરેલું છે. વધારે શું કહેવું? તે અજ્ઞાનનું ઉત્પત્તિસ્થાન જ છે અને તેનું જીવન હિંસાનું આશ્રયસ્થાન જ છે.[૬૪] જેવી રીતે ધમણને ફૂંકતાં તે વાયુથી ભરાઇ જાય છે-ફૂલાય છે-અને વાયુ નીકળી જતાં પુનઃ દબાઈ જાય છે, તેવી રીતે લાભથી જે ચઢી જાય છે ને હાનિ થતાં દુઃખમગ્ન થઇ જાય છે;[૬૫] ઝંઝાવાતમાં સપડાયલી ધૂળ જેમ આકાશ સૂધી ઊંચી ઊડે છે, તે પ્રમાણે લોકોએ સ્તુતિ કરતાં જે હર્ષથી ફૂલાઇને ફાળકો બની જાય છે;[૬૬] થોડા પાણીથી જેમ ગારો લીલો થાય છે અને વાયુના ઝપાટાથી સૂકાઇ જાય છે, તે પ્રમાણે કોઇએ થોડીક નિન્દા કરી હોય તોય માઠું લગાડી જે કપાળે હાથ દઇને બેસે છે;[૬૭] તેમ જ જે માન તથા અપમાન ઉભયને સહન કરી શકતો નથી, તે પુરુષમાં અજ્ઞાનનો પૂર્ણ નિવાસ છે, એમ જ સમજવું.[૬૮] જે મનમાં એક ભાવ હોવા છતાં મુખથી બીજો જ ભાવ બોલી બતાવે છે; એકને વચન આપી બીજાને તેની વિરુદ્ધ સાહેતા આપે છે;[૬૯] પારધી મૃગને ચારો આપે છે, (તે કેવળ ઉપકારબુદ્ધિથી નહિ, પણ તેમાં તેના ઘાતનો તેનો હેતુ સમાયલો હોય છે,) તે પ્રમાણે જે કોઈનું પાલન કરે છે ખરો, પરંતુ અંત-

રમાં તેના ઘાતનો જ ગુપ્ત ઉદ્દેશ રાખતો હોય છે;[૬૭૦] શેવાળથી લીંપાયલી શિલા, ઉપરથી જોતાં તો લીલીછમ દેખાય છે અથવા લીંબોળીઓ સોના જેવી પીળી જણાય છે, તે પ્રમાણે જેનાં કૃત્યો કેવળ બહારથી ઉત્તમ જોવામાં આવે છે,[૭૧] તે મનુષ્યમાં નિશ્ચિત અજ્ઞાનનો જ આવાસ છે, એ તું નિશ્ચયપૂર્વક જાણ.[૭૨] તેમ જ ગુરુકુળના નામનો ઉચ્ચાર કરતાં જેને લજ્જા ઉત્પન્ન થાય છે; ગુરુસેવાનો જે તિરસ્કાર કરે છે અને જે ગુરુ પાસેથી પોતાને વિદ્યા પ્રાપ્ત થએલી હોય છે તે ગુરુને પણ જે માનતો નથી તે અજ્ઞાનનો આગાર છે.[૭૩] એવા મનુષ્યના નામનો ઉચ્ચાર માત્ર કરવો, તે શુદ્રના ગૃહમાં અન્નભક્ષણ કર્યા સમાન જ છે! પણ શું કરીએ? અજ્ઞાનનાં લક્ષણોનું નિરૂપણ કરતાં તેનો પણ ઉચ્ચાર કરવો પડ્યો છે.[૭૪]

ત્યારે હવે જે ગુરુભક્તિનું નામ, સૂર્યના તેજ પ્રમાણે સર્વ અજ્ઞાનાંધકારને નષ્ટ કરનારું છે, તે નામનો ઉચ્ચાર કરીને વાચાથી થએલા પાપનું હું પ્રાયશ્ચિત્ત કરું છું![૭૫] ગુરુની નિન્દા કરનારના નામના ઉચ્ચારનું જે પાતક થયું છે, તે એથી જ દૂર થશે![૭૬] આટલી વાર સૂધી એ નામોચ્ચારની જે ભીતિ હતી, તે દૂર થઇ, માટે હવે અજ્ઞાનનાં બીજાં લક્ષણો સાંભળ.[૭૭] જે પોતે કર્મો કરતો નથી, અને મનમાં સંશયને ધારણ કરે છે, તે જંગલમાંના અમંગલ કૂપ સમાન જ છે.[૭૮] તે કૂવો કેવો હોય છે, તે સાંભળ. તે કુવાના મોઢાપર કાંટાવાળાં ઝાડો ઊગેલાં હોય છે અને તેમાં અજ્ઞાનતાથી પડીને અનેક પ્રાણીઓ મરી ગએલાં હોવાથી તેમાં હાડકાંના ઢગલે ઢગલા પડેલા હોય છે. એ પ્રમાણે જે મનુષ્ય આંતર્બાહ્ય અશુદ્ધ હોય છે;[૭૯] જેવી રીતે અન્ન ઊઘાડું છે કે ઢાંકેલું છે એ ન જોતાં કૂતરું લપલપ કરીને તેને ખાઇ જાય છે, તે પ્રમાણે પોતાનું છે કે પારકું છે એનો વિચાર ન કરતાં જે દ્રવ્યની અનિવાર્ય અભિલાષા રાખે છે;[૬૮૦] ગ્રામ-સિંહ (શ્વાન)ને સ્ત્રીસંગ કરવા માટે એકાંતવાસ કે પ્રસિદ્ધ સ્થાનનો વિધિનિષેધ જેમ હોતો નથી; તે જ પ્રમાણે, જે સ્ત્રીસંગ કરવામાં નિર્લજ્જ હોય છે;[૮૧] સ્વધર્મ અનુસાર કર્મ કર-વાનો સમય વીતી જાય અથવા નિત્યનૈમિત્તિક કર્મો કરવાનાં રહી જાય, તો તે વિશે જેના મનમાં લેશ માત્ર પણ શંકા આવતી નથી;[૮૨] પાપાચરણવિશે જે નિઃસંગ અને પુણ્ય કર્મના આચરણ-વિશે જે નિર્લજ હોય છે અને જેના મનમાં સદા સર્વદા સંશય જ રહ્યા કરે છે;[૮૩] તેમ જ જે દ્રવ્ય-પ્રાપ્તિ કરવામાં પાપપુણ્યનો વિચાર કરતો નથી, તે કેવળ અજ્ઞાનની જ પ્રતિમા છે.[૮૪] જેવી રીતે ઘાસનું તણખલું–સળી–તેનાપર કીડીના ચઢવાથી પણ નમી જાય છે; તેવી રીતે જે અલ્પ લાભ માટે પણ બુદ્ધિની સ્થિરતાને ચળાવી નાખે છે;[૮૫] ખાબોચિયામાંનું પાણી, તેમાં પગ મુકતાં જ કંપાય-માન થાય છે, તે જ પ્રમાણે ભયનું નામ સાંભળતાં જ તેની કાયામાં કંપનો આવિર્ભાવ થાય છે;[૮૬] પાણીના પૂરમાં પડેલું તૂમડું જેમ ગમે ત્યાં વહેતું જાય છે, તેવી રીતે જે મનોરથોના પૂરમાં ઘસડાતો જાય છે;[૮૭] વાયુની સાહ્યથી જેવી રીતે ધૂમાડો ગગન સૂધી ઊંચે જાય છે, તેવી જ રીતે દુઃખની વાત સાંભળતાં જ જે શોકના આકાશમાં ચઢી જાય છે;[૮૮] વાવંટોળિયો જેમ ક્યાંય પણ સ્થિર થતો નથી, તે જ પ્રમાણે જે તીર્થ, ક્ષેત્ર અથવા નગર આદિ કોઈ પણ સ્થાનમાં સ્થિરતા કરી બેસતો કે રહેતો નથી,[૮૯] અથવા જેમ ઉન્મત્ત થએલા કાકીંડાને ઊપરથી નીચે અને નીચેથી ઉપર ચઢવાઊતરવાનો વ્યર્થ છન્દ લાગે છે;[૬૯૦] અને જેવી રીતે પાણીનું માટલું નીચે અડકણ મૂક્યાવિના સ્થિર રહી શકતું નથી, તેવી જ રીતે માત્ર નિદ્રા વિના અન્યકાળમાં એક સ્થળે ન રહેતાં ચારે તરફ ભટક્યા કરે છે;[૯૧] અને જેની ચંચળતા વાનર જેવી જ હોય છે, તેનામાં અજ્ઞાન પૂર્ણતાથી નિવાસ કરી રહેલું છે, એમ સમજી લેવું.[૯૨] અને, હે અર્જુન! જેના અંતઃ-કરણમાં આત્મસંયમનનો સ્પર્શ પણ હોતો નથી;[૯૩] જેવી રીતે વહેળામાં વૃષ્ટિનું પૂર આવતાં તે રેતીના બંધની પરવા રાખતું નથી, પણ તે કીનારાના બંધને તોડી નાંખે છે, તેવી રીતે

જે શાસ્ત્રનિષિદ્ધ વાતોની ભીતિ રાખતો નથી, પણ યથેચ્છ વર્તે છે;[૯૪] જે વ્રતોનું પાલન કરતો નથી, સ્વધર્મને લાત મારીને હટાવી દે છે અને જેની ક્રિયા શાસ્ત્રોએ બાંધી આપેલા નિયમોથી વિરુદ્ધ હોય છે;[૯૫] જેને પાપાચરણનો કંટાળો હોતો નથી, પુણ્યાચરણનું જરાય જ્ઞાન હોતું નથી અને જે લજ્જાની મર્યાદાને ખોદી નાખે છે;[૯૬] જે કુળધર્મને ઓળખતો નથી, વેદોની આજ્ઞાને માનતો નથી અને જેને સારી નઠારી વાતનો વિવેક હોતો નથી;[૯૭] જેવી રીતે આંકેલો આખલો છૂટો મૂકાયલો હોવાથી ગમે ત્યાં યથેચ્છ સંચાર કરે છે અને જેમ વાયુ નિરંકુશતાથી વહન કરે છે અથવા જંગલમાં ફાટેલા વહેળાનું પાણી ગમે ત્યાં વહે છે;[૯૮] આંધળો હાથી મદોન્મત્ત થાય, કે પર્વતને દાવાનળ લાગે એટલે પછી તે કોનો ઘાણ કાઢશે કે કોને બાળી મુકશે એનો જેમ કોઈ નિયમ હોતો જ નથી, તે જ પ્રમાણે, વિષયોમાં જેનું મન બ્હેકેલું હોય છે;[૯૯] ઊકરડાપર શું નથી નાખવામાં આવતું વારુ ? મસ્તાન આખલાને કોણ રોકી શકે છે ? અને દરવાજાના ઊંબરાપરથી કોણ જતું આવતું નથી ?[૭૦૦] જેવી રીતે અન્નછત્રમાં ગમે તે જમી શકે છે અથવા સાધારણ મનુષ્યને અધિકાર પ્રાપ્ત થતાં તે તેનો અમલ ગમે તે પ્રકારે બજાવે છે; અથવા વાણીયાની દુકાનમાં ગમે તે ગ્રાહક જઈ શકે છે;[૧] તે પ્રમાણે જેનું અંતઃકરણ ચંચળ હોય છે, તેનામાં સંપૂર્ણ અજ્ઞાનની વૃદ્ધિ થાય છે એમ જાણજે.[૨] અને જે, જીવતાં તેમ જ મરવા પછી પણ વિષયોની ઈચ્છાને ત્યાગતો નથી અને જેના યોગે સ્વર્ગમાં પણ વિષયોપભોગની પ્રાપ્તિ થવાનો સંભવ હોય એવા માર્ગનું જ આ લોકમાં અવલંબન કરે છે;[૩] જેના સર્વ પરિશ્રમો કેવળ વિષયોપભોગોની પ્રાપ્તિ માટે જ હોય છે અને જેને સકામ કર્મોવિના બીજાં કર્મો કરવાં ગમતાં જ નથી; તેમ જ વિરક્તનું દર્શન થતાં પણ જે સચૈલ સ્નાન કરે છે;[૪] જેવી રીતે, કોઢિયા માણસને પોતાના ગળેલા હાથવડે અન્ન ખાવામાં સંકોચ થતો નથી, તેવી જ રીતે વિષયોને જેનો કંટાળો આવવા છતાં વિષયોનો જેને કંટાળો આવતો નથી અને કર્મફળવિશે નિરિચ્છ થતો નથી;[૫] ગધેડો ગધેડીના પાછળ લાગતાં તે ગધેડી લાતો ઊછાળીને તેનું નાક ફોડી નાખે છે, તોય તે તો તેની પાછળ નકટો થઈને ચાલ્યો જ જાય છે;[૬] તે પ્રમાણે, જે વિષયો માટે બળતા અગ્નિની જ્વાળામાં કૂદતાં પણ આગળ પાછળ જોતો નથી અને પોતાના વ્યસનને (દૂષણ નહિ પણ) ભૂષણ માને છે;[૭] જેમ મૃગજળની લાલસાથી દોડતાં દોડતાં મૃગની છાતી ટૂટી જાય, તોપણ તેની ઉત્કંઠા ઓછી ન થતાં સ્હામી વધતી જ જાય છે, પરંતુ એ મૃગજળને તે મિથ્યા માનતો નથી;[૮] તે જ પ્રમાણે, જન્મથી તે મરણપર્યન્ત વિષયપ્રાપ્તિ માટે જે અખંડ પરિશ્રમ કરે છે, છતાં તે વિશે તિરસ્કાર ન થતાં સ્હામો જેનો અધિક અનુરાગ થતો જાય છે;[૯] બાલ્યાવસ્થામાં (પુત્રને) માતાપિતાનો ઉન્માદ હોય છે, અને તે બાલ્યાવસ્થાની સમાપ્તિ થતાં (તારુણ્ય દશામાં) સ્ત્રીનો ઉન્માદ લાગે છે;[૭૧૦] ત્યારકેડે સ્ત્રીનો ઉપભોગ સમાપ્ત થતાં વૃદ્ધાવસ્થા આવે છે એટલે પછી તે તેવો જ પ્રેમ બાળગોપાળ પ્રતિ દર્શાવવા માંડે છે;[૧૧] અને જન્માંધ જેમ ગૃહને ત્યાગીને ક્યાંય જતો નથી, તેવી જ રીતે જે બાળગોપાળ વચ્ચે રહીને જ કાળક્રમણ કરે છે, પરંતુ જેને મરણપર્યન્ત વિષયોનો તિરસ્કાર આવતો નથી,[૧૨] એવા મનુષ્યમાં જે અજ્ઞાન છે તે અજ્ઞાનનો પાર જ નથી, એમ તારે સમજવું. અજ્ઞાનનાં હજી બીજાં કેટલાંક વધારે લક્ષણો હું તને કહી સંભળાવું છું, તે સાંભળ.[૧૩]

જે પોતાના દેહને આત્મા ધારીને કર્મો કરે છે,[૧૪] અને જો કોઈએક કર્મનું આચરણ વધારે અથવા ઓછું થાય તો અભિમાનથી ફૂલાઈને, શોકમાં પણ ડુબી જાય છે;[૧૫] દેવના પ્રસાદને મસ્તકપર રાખતાં જ જેવી રીતે દેવનો ભક્ત આનંદ-પ્રેમથી ઘૂમવા માંડે છે, તેવી જ રીતે જે વિદ્યાના જોરપર અને વયના અભિમાનપર આધાર રાખી છાતી કાઢી, ધમધમ પગલાં મૂકતો, નાચતો કૂદતો ચાલે છે;[૧૬] તેમ જ આખી દુનિયામાં મારા જેવો કોઈ શાણો નથી, મારા જેવો શ્રીમંત

પણ કોઈ નથી, હું એકલો જ શ્રીમંત છું અને મારા જેવી નીતિ રીતિ પણ બીજા કોઇની નથી જ;[૧૭] રે! મારી બરાબરીનો બીજો કોઇએ નથી, હું સર્વજ્ઞ છું અને આ જગતમાં હું એકલો જ જ્ઞાતા છું, એવી રીતે જે સર્વ વસ્તુઓનો અનિવાર્ય ગર્વ ધરાવે છે;[૧૮] વ્યાધિગ્રસ્ત મનુષ્ય જેવી રીતે કોઈ પણ ભોગને સહન કરી શકતો નથી, તે જ પ્રમાણે, બીજાનું સારું થએલું જેનાથી સહન કરી શકાતું નથી;[૧૯] દીપક કેવળ ગુણ (દીવેટ) ને ખાઇ જઇને સ્નેહ (તેલ)ને બાળી નાખે છે અને તેને જ્યાં રાખવામાં આવે તે સ્થાનને કાળું મેષ બનાવી દે છે;[૭૨૦] અને તેમાં પાણીનું ટીપું પડતાં ચણુણુ કરે છે, વાયુના આઘાતથી ઓલવાઇ જાય છે અને ઘરને સલગાવી દે છે તો એક વસ્તુ પણ બાકી રહેવા દેતો નથી;[૨૧] અને ક્યાંક થોડો પ્રકાશ આપે છે, તો ત્યાં પણ કેટલીક ગરમી કર્યા વિના રહેતો નથી—એ દીપકના ગુણ પ્રમાણેના ગુણો જેના અંગમાં ભરેલા હોય છે;[૨૨] નવજ્વર થએલા રોગીને ઔષધ તરીકે પણ જો દૂધ આપવામાં આવે, તોય તે જેમ રોગીના તાપ (જ્વર)નો વિકોપ કરનાર થઈ પડે છે અથવા સર્પ તેને પાયેલા દૂધને પાછું વિષ કરી ઓકે છે;[૨૩] તે જ પ્રમાણે, ગુણવાન્ મનુષ્યનો જે મત્સર કરે છે, વિદ્યાવિશેની અહન્તા ધરાવે છે અને તપના આચરણથી જેના અંગમાં ઉષ્ણતા વ્યાપી રહે છે;[૨૪] અંત્યજને રાજ્યાસને આરૂઢ કરતાં જેમ તે અભિમાનથી ફૂલી જાય છે, અથવા અજગર સ્તંભને ગળી જવા પછી જેમ પછાડછીંક કર્યા કરે છે, તેવો જ જેના અંગમાં ગર્વનો ભંડાર ભરેલો હોય છે;[૨૫] જે વૃક્ષના ઠુંઠા પ્રમાણે નમતો નથી, પાષાણ પ્રમાણે કઠિન હોવાથી જે દ્રવતો નથી અને વ્રણની વેદના જેમ ગારુડીના મંત્રથી ઓછી થતી નથી,[૨૬] એવો જેનો સ્વભાવ હોય, તેનામાં અજ્ઞાનનો દિનપ્રતિદિન વધારો જ થતો જાય છે, એ હું તને નિશ્ચયપૂર્વક કહું છું.[૨૭]

વળી હે ધનંજય! જે પોતાના ઘરબાર, સંપત્તિ, દેહ અને વિદ્યમાન જન્મ વિશે કશો પણ વિચાર કરતો નથી;[૨૮] કૃતઘ્નપર ઉપકાર કર્યો હોય અથવા નિર્લજ્જ મનુષ્યની સ્તુતિ કરવામાં આવે, તોપણ તેઓ જેમ તેમનાપર કરેલા ઉપકારોને અને આપેલા માનને ભૂલી જાય છે;[૨૯] અથવા નઠારા કૂતરાને કાન અને પૂછડી કાપીને ઘરમાંથી બહાર કાઢી મૂકવા છતાં જેમ તે શરીરમાંથી ગળતા રક્ત સાથે જ પાછો તે ઘરમાં જ આવી ભરાય છે;[૭૩૦] અથવા સર્પના મુખમાં સપડાઈને પોતે ગળાતો હોવા છતાં દેડકો જેમ કૌતુકથી માખોને ગળવાનું ભૂલી જઈ શકતો નથી;[૩૧] તે જ પ્રમાણે, અંગમાં ખજવાળ આવીને નવ દ્વારો વહેતા હોવા છતાં પણ, પોતાની એવી સ્થિતિ થવાના કારણનો લેશમાત્ર પણ જેને વિચાર આવતો નથી;[૩૨] માતાના ગર્ભાશયમાં નવ માસ પર્યન્ત વિષ્ટાના સ્તરમાં રહેલો હોવા છતાં,[૩૩] ગર્ભમાંનાં દુઃખો, તેમ જ ઉદરમાંથી બહાર નીકળતી વેળાની વેદનાનું જે કશું પણ સ્મરણ રાખતો નથી;[૩૪] ખોળામાં લીધેલાં (બેસાડેલાં) બાળકને મલમૂત્રના ગારામાં લોટતો જોવા છતાં, જેને ઘૃણા પણ ઉત્પન્ન થતી નથી અને ત્રાસ પણ આવતો નથી;[૩૫] અત્યારે આપણે જે જન્મમાં છીએ તે અને હવે પછી આવનારા જન્મ વિશે જેના મનમાં કશો પણ વિચાર ઉત્પન્ન થતો નથી;[૩૬] અને તેજ પ્રમાણે, પોતાના તારુણ્યના મદમાં છકેલો હોવાથી અવશ્ય આવનારા મરણ વિશેની પણ જે કાંઈ ચિન્તા ધરાવતો નથી;[૩૭] પોતાના જીવનમાં પૂર્ણ વિશ્વાસ રાખીને, આપણને ગમે ત્યારે પણ મરણ તો પ્રાપ્ત થવાનું જ છે, એ વિશેનો જેના મનમાં બિલકુલ વિચાર હોતો નથી;[૩૮] ખાબોચિયું કદાપિ સૂકાવાનું નથી એવી ધારણાથી જેમ તેમાંનાં માછલાં મોટા પ્રવાહમાં જતાં નથી;[૩૯] અથવા પારધીના ગાનથી ભોળવાઈ જવાથી મૃગ જેમ પારધીને જોઈ શકતો નથી, તેથી વિંધાઈ મરે છે; અથવા માછલું ગલમાં લગાડેલા માંસની અંદરનો આંકડો છે તે જીવલેણ છે, તેની કલ્પના કરતું નથી અને ગલ ખાઇને મરી જાય છે;[૭૪૦] અથવા દીપકની જ્યોતિથી હું બળી જઈશ એ રહસ્યને ન જાણીને, પતંગ જેમ

તેની ઉપર ઝડપ મારે છે;[૪૧] ઘર બળતું હોવા છતાં જેમ કોઇએક મૂર્ખ નિદ્રાના ઘેનમાં તે તરફ ધ્યાન ન આપીને ઘરનો ત્યાગ કરતો નથી અથવા અન્નમાં વિષ છે એ ન જાણીને જે વિષવાળા અન્નનું ભક્ષણ સુખરૂપ કરી જાય છે;[૪૨] તેવી જ રીતે જીવનના રૂપમાં આ મરણ જ આવેલું છે એમ જે વિષયસુખોના ઉન્માદમાં પડીને જાણી શકતો નથી;[૪૩] પોતાના શરીરની પુષ્ટતા, રાત્રિ અને દિવસ એનો ઉપયોગ અને વિષયોથી થનારા સુખની પ્રૌઢતા, એ વિનાની આ જગતમાંની બીજી સર્વ વસ્તુઓને જે મિથ્યા માને છે;[૪૪] પરંતુ તે બિચારો એમ સમજતો નથી કે, વેશ્યા આપણને તનમન અર્પે છે, તે તેનો પ્રેમ ઊપરટપકેનો છે અને એ તો ઉલટો આપણને ડુબાવવાનો અને ધન લૂટી લેવાનો જ માર્ગ છે, એ રહસ્ય સમજતો નથી![૪૫] અથવા માર્ગમાં જતાં ચોરો સાથે મેળાપ થાય અને તેઓ જે ઊપર ઊપરની મૈત્રી બતાવે તે ખરેખર મૈત્રી નથી, પણ વનમાં જવા પછી આપણા પ્રાણ લેવાની જ વ્યવસ્થા છે; તેમ જ માટીના પૂતળાને સ્નાન આદિ કરાવીને તેની પૂજા કરવી એ તેનો નાશ કર્યા બરાબર જ છે;[૪૬] અથવા પાંડુ રોગથી મનુષ્ય પુષ્ટ થયો હોય તો તે ખરી પુષ્ટતા નહિ, પણ તેના આયુષ્યની સમાપ્તિનું જ ચિહ્ન હોય છે, તેવી જ રીતે જે આહાર અને નિદ્રામાં તલ્લીન થઇને, તેથી આપણો નાશ છે એમ જે સમજતો નથી,[૪૭] પણ સૂળીએ ચઢાવવા માટે લઇ જવામાં આવતો મનુષ્ય જો સૂળીને જોઇ તે તરફ વેગથી દોડવા માંડે, તો તેના દરેક પગલે તે મરણને પાસે અને પાસે કરતો જાય છે;[૪૮] તે પ્રમાણે, જેમ જેમ દેહ વધતો જાય છે; આયુષ્યની વૃદ્ધિ થતી જાય છે અને જેમ જેમ મનુષ્ય વિષયસુખમાં નિમગ્ન થતો જાય છે;[૪૯] તેમ તેમ મૃત્યુ, આયુષ્યપર વિજય મેળવતું જાય છે અને પાણીમાં મીઠું નાંખવાથી જેમ પીગળી જાય છે,[૭૫૦] એ જ પ્રમાણે, જેમ જેમ કાળ વધતો જાય છે, તેમ તેમ તે પોતાના કાળ (મરણ)ને પાસે પાસે લાવતો જાય છે અને પછી તે મરણ પોતાને હાથોહાથ લઇ જશે એ રહસ્યને જે સમજતો નથી.[૫૧] હે અર્જુન ! આયુષ્યની વૃદ્ધિ સાથે પોતાનું મરણ વધારે અને વધારે નિકટમાં આવતું જાય છે, એ વાર્ત્તાને વિષયોમાં લીન રહેવાથી જે સમજી શકતો નથી તે;[૫૨] હે મહાબાહુ અર્જુન ! અજ્ઞાનરૂપ દેશનો રાજા છે, એમ કહેવામાં કોઇપણ પ્રકારની શંકા જ નથી.[૫૩]

જેવી રીતે તેવો પુરુષ, આયુષ્યના ઉન્માદમાં ભવિષ્યમાં પ્રાપ્ત થનારા મૃત્યુવિશે વિચાર કરતો નથી; તેવી જ રીતે તારુણ્યના મદમાં ભવિષ્યમાં આવનારી વૃદ્ધાવસ્થાવિશે પણ તે ચિંતા ધરાવતો નથી.[૫૪] પર્વતના ઢાળપરથી ગાડીને ગબડાવતાં અથવા પર્વતના શિખરપરથી પત્થર પડવા પછી તેને પોતાનું શું થશે એનું ભાન હોતું નથી, તેવી જ રીતે જે પોતાની વૃદ્ધાવસ્થા આવતાં શી અવસ્થા થશે એમાં ધ્યાન રાખતો નથી;[૫૫] અથવા તો વક્ર અરણ્યમાંના વ્હેળામાં વૃષ્ટિનું પૂર આવતાં તેને ઉલ્લંઘીને પેલે પાર જઈ શકાતું નથી એટલા બધા બળથી તે વ્હેળો વહન કરે છે; અથવા તો પાડાઓની ટક્કર ચાલતી હોય તે વેળાએ તેઓ ઉન્મત્ત થવાથી બીજા કોઇને પોતાની પાસે આવવા દેતા નથી; તે જ પ્રમાણે જેના અંગમાં તારુણ્યના મદનો સંચાર થએલો હોય છે,[૫૬] તેની શરીરસંપત્તિ ઓછી થાય, તેના શરીરમાંના તેજનો લોપ થાય અને ગર્દન સાથે માથું પણ હીલવા (કંપવા) લાગી જાય છે;[૫૭] દાઢીપર નાસિકાની છાયા પડવા માંડે અને ડોકનો કાંટો (હાડકું) ઢીલો પડી જાય છે; અર્થાત્ શરીરની એવી સ્થિતિ થાય છે, તોપણ તેનો તારુણ્યમદ ઓછો થતો નથી.[૫૮] જેમ આંધળો જ્યાં સૂધી સ્હામેનો થાંભલો છાતીપર આવી અથડાય ત્યાં સૂધી તેના અસ્તિત્વને જાણતો નથી; અથવા પાસેનું ઘર શરીરપર ટૂટી પડે ત્યાં સૂધી આળસુ માણસ શય્યામાંથી ઉઠવાની તકલીફ લેતો નથી;[૫૯] તે જ પ્રમાણે તારુણ્યના ઉપભોગમાં રત-મસ્ત રહીને જે ભવિષ્યમાં આવનારી વૃદ્ધાવસ્થાવિશેનો જરાપણ વિચાર કરતો નથી, તે કેવળ અજ્ઞાનની સજીવ મૂર્ત્તિ છે, એમ જ જાણવું.[૭૬૦] તારુણ્યના મદમાં કોઈ આંધળો અથવા કૂબડો-વાંકી કમ્મરવાળો-

મનુષ્ય મળે, તો તેને આંગળી ચીંધી બતાવી, તેને હસે છે, મશ્કરી કરે છે, દુ:ખ દે છે, પણ આગળ જતાં પોતાની પણ એ જ દશા થવાની છે એનો જે વિવેકથી વિચાર કરતો નથી;[૬૧] અને મરણના ચિહ્નરૂપ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થવા છતાં જે તારુણ્યના ઘમંડને ત્યાગતો નથી,[૬૨] તે પુરુષ અજ્ઞાનનું ગૃહ છે, એમ તારે નિશ્ચયપૂર્વક માનવું.

એ જ પ્રમાણે અજ્ઞાનનાં હું બીજાં પણ કેટલાંક ખાસ લક્ષણો કહું છું તે તું સાંભળ.[૬૩] વ્યાઘ્રોના અરણ્યમાંથી એકવાર ચરીને દૈવબળથી બળદ સુખરૂપ ઘેર પાછો આવ્યો હોય, તો વ્યાઘ્ર આપણને કાંઇ પણ હાનિ કરતા નથી એવા વિશ્વાસથી જેવી રીતે પાછો તે તે જ વ્યાઘ્રવનમાં ચરવાને જાય છે અને કાલનો ભોગ થાય છે;[૬૪] અથવા જે ગૃહમાંની સંપત્તિપર સર્પ બેઠેલો હોય તે ધન-ભંડારને એકાદવાર સર્પનો દંશ ન થતાં કોઇ ઉઠાવી લાવે, એટલે પછી તે જેમ 'સંપત્તિપર સર્પ બેસે છે' એ વાતને તેવો પુરુષ સાચી માનતો નથી;[૬૫] તેમ જ આવા બનાવો વારંવાર બનતા નથી અને તેથી એમ કરવામાં જીવનું જોખમ સમાયલું છે, એમ પણ જે માનતો નથી;[૬૬] અને પોતાના વૈરીને નિદ્રાવશ થએલો જોઇને જે વૈરની સમાપ્તિ થએલી માને છે (અને તેમ માનીને સ્વસ્થ થઇ બેસી રહે છે) તો તે વૈરીના જાગ્રત થવા પછી, જેમ તે પોતાના પરિવાર સાથે પોતાના જીવને પણ ખોઈ બેસે છે;[૬૭] તે જ પ્રમાણે, જ્યાં સૂધી ક્ષુધા અને નિદ્રા સારી રીતે પ્રાપ્ત થાય છે અને રોગ આદિનો સ્પર્શ થએલો હોતો નથી, ત્યાં સૂધી આપણને વૃદ્ધાવસ્થામાં રોગ આદિની પીડા નડશે, એની તે ચિન્તા રાખતો નથી;[૬૮] સ્ત્રી, પુત્ર તથા સંપત્તિ આદિની જેમ વધારે અને વધારે પ્રાપ્તિ થતી જાય છે, તેમ તેમ જેની આંખોમાં વધારે ધુંધળાઇ આવતાં આંખો એકદમ ધુંધળી થઇ જાય છે;[૬૯] અને કેવળ એક ક્ષણમાં જ સ્ત્રી પુત્ર આદિનો વિયોગ થઇ જશે અને એક પળ માત્રમાં સંપત્તિનો સંહાર થઇને વિપત્તિનો વિહાર થશે, એ ભવિષ્યના દુ:ખને તે જોઇ શકતો નથી,[૭૭૦] તેવો પુરુષ પરિપૂર્ણ અજ્ઞાની છે. અને હે અર્જુન! જે મનુષ્ય આ મૃત્યુ લોકમાં ઇંદ્રિયોને સ્વસ્થતાથી ચરવા દે છે (સ્વચ્છંદપણાથી વર્ત્તન કરવા દે છે), તેને પણ તારે કેવળ અજ્ઞાનરૂપ જ જાણવો.[૭૧] જે તારુણ્યના મદમાં સંપત્તિના ઉન્માદથી સેવ્ય અને અસેવ્ય વસ્તુનો વિચાર ન કરતાં અખંડતાથી તેમનો ઉપભોગ લેતો જ રહે છે,[૭૨] જે કાર્ય ન કરવું જોઇએ તે કરે છે, અસંભવનીય વસ્તુની આકાંક્ષા રાખે છે, અને જે વસ્તુવિશે વિચાર ન કરવો જોઇએ તેને નિરંતર વિચારમાં સ્થાન આપે છે,[૭૩] જ્યાં પદસંચાર કરવો ન જોઇએ ત્યાં પ્રવેશ કરે છે, જે વસ્તુનો તિરસ્કાર કરવો જોઇએ તેનો સ્વીકાર કરે છે અને જે વાર્ત્તાને મનમાં પણ ન આવવા દેવી જોઇએ અથવા જેનો સ્પર્શ પણ વર્જ્ય હોય તેવી વાર્તામાં પ્રીતિ ધરાવે છે;[૭૪] જ્યાં જવું ન જોઇએ ત્યાં જાય છે, જેનું અવલોકન ન કરવું જોઇએ તેનું અવલોકન કરે છે અને એ પ્રમાણે સર્વ નિષિદ્ધ કાર્ય કરવાથી જ જેને સંતોષ થાય છે;[૭૫] જેનો સંગ ન કરવો જોઇએ તેનો સંગ કરે છે, જ્યાં સંબંધ રાખવો જ ન જોઇએ ત્યાં ગાઢ સંબંધ રાખે છે અને અનાચરણીય માર્ગનું આચરણ કરે છે;[૭૬] જેનું શ્રવણ ન કરવું જોઇએ તે સાંભળે છે, બોલવું ન જોઇએ તે બોલે છે; પરંતુ એમ કરવાથી આપણાથી દોષ થાય છે, એ શંકાને મનમાં સ્થાન જ આપતો નથી;[૭૭] પોતાના મનમાં આવે અને પોતાને સુખાવહ થાય તે જ કાર્ય કરવાતરફ ધ્યાન હોવાથી જે સારું કે નઠારું કાર્ય કરતાં જરાય સારાસારનો વિચાર કરતો નથી અને તેથી ઉલટાં જ કાર્યનું આચરણ કરે છે;[૭૮] પરંતુ એથી હું પાપ કરું છું કે એથી મને નરકની યાતનાઓ ભોગવવી પડશે, એ ભવિષ્યના પરિણામની જે લેશમાત્ર પણ ચિન્તા રાખતો નથી;[૭૯] તેવા ધર્મભ્રષ્ટની સંગતિથી સમસ્ત જગતમાં અતિશય અજ્ઞાનનો પ્રસાર થાય છે અને તેની એટલી બધી વૃદ્ધિ થાય છે કે, જ્ઞાનને પણ તે પોતાના બળવડે પાછળ હટાવી શકે છે.[૭૮૦]

પણ આ વિષયને હવે આટલેથી જ રહેવા દે; અને જેના યોગે અજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટતાથી તારા સમજવામાં આવે એવાં તેનાં બીજાં કેટલાંક લક્ષણો હું તને કહી સંભળાવું છું તે સાંભળ.[૮૧] જેવી રીતે ભ્રમરનું ચિત્ત નવીન પ્રફુલ્લ કમળના કેસરમાં આસક્ત હોય છે, તે પ્રમાણે જ જેની ગૃહમાં પ્રીતિ બંધાયલી હોય છે;[૮૨] જેવી રીતે શર્કરાના ઢગલાપરથી માખીઓ ઊડતી નથી, પણ તેમાંને તેમાંજ આસક્ત રહે છે, તે જ પ્રમાણે જેનું મન સ્ત્રીમાં આસક્ત થએલું હોય છે;[૮૩] જેવી રીતે, દેડકો જળકુંડમાં ફસાયાથી બહાર નીકળતો નથી, માખ જેમ નાકની લીંટમાં ફસાઇ ગયા પછી બહાર નીકળી શકતી નથી અથવા જાનવર (પશુ) ગારામાં ફસાઇને બહાર નિકળી શકતું નથી;[૮૪] તેવી જ રીતે જેનું મન ગૃહમાંથી દૂર થતું નથી અને જે મરણ પછી પણ પોતાના ઘરરૂપી દરમાં જે સર્પ થઇને બેસે છે;[૮૫] કોઇ સ્ત્રી જેમ પોતાના પ્રિયકરના ગળામાં હાથ નાખીને બેસે, તે પ્રમાણે, જે પોતાની પર્ણકુટીને જીવ સાથે જકડી રાખે છે;[૮૬] મધુના સંરક્ષણ માટે જેમ મધુમક્ષિકા યાતનાઓ સહન કરે છે, તે પ્રમાણે જે ગમે તેવાં સંકટોને સહીને પણ પોતાના ગૃહનું સંરક્ષણ કરે છે;[૮૭] વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થએલા અને તે પણ એકના એક પુત્રમાં, જેવો માતાપિતાનો પ્રેમ હોય છે,[૮૮] તેટલો જ, કિંબહુના તેથી પણ વિશેષ જેનો પ્રેમ ગૃહમાં હોય છે; અને હે અર્જુન! જેને સ્ત્રી વિના આ જગતમાંની બીજી કોઇ પણ વસ્તુ પ્રિય હોતી નથી;[૮૯] તે જ પ્રમાણે, જે જીવભાવથી સ્ત્રીમાં પ્રેમ રાખે છે અને હું કોણ છું તથા મારા જન્મની સાર્થકતા શાથી થશે ઇત્યાદિ કશાને પણ ઓળખતો નથી;[૭૯૦] જેવી રીતે સિદ્ધ પુરુષનું ચિત્ત બ્રહ્મ સ્વરૂપમાં લીન થવા પછી તેના સર્વ વ્યવહારો થંભી જાય છે,[૯૧] તે પ્રમાણે જેણે પોતાનું સર્વસ્વ સ્ત્રીને વેચી નાખેલું હોય છે; તે પોતાની હાનિ, લોકલજ્જા અથવા લોકનિન્દા આદિમાં લેશમાત્ર પણ ધ્યાન આપતો નથી.[૯૨] જેવી રીતે વાંદરું ગારોડીના તાબામાં રહે છે, તે જ પ્રમાણે મનમાં જે સ્ત્રીપર પ્રીતિ હોય છે તેનું જ ધ્યાન ધરીને તેના છંદમાં જ વર્ત્તે છે;[૯૩] સ્ત્રી માટે પોતે ગમે તે, ન કરવા જેવો પરિશ્રમ કરે છે, ઇષ્ટમિત્ર સાથે ભૂંડાઈ કરી બેસે છે અને સ્ત્રીના લાભ માટે જેટલું એકઠું કરી શકાય તેટલું ધન, લોભી માણસ પ્રમાણે, એકઠું કરે છે;[૯૪] તેમજ સ્ત્રીની પ્રીતિ માટે દાન અને પુણ્યકર્મો કરે છે, ગોત્રજ અને કુટુંબીય જનો સાથે ધનના સંબંધમાં કપટ કરે છે, અને સ્ત્રીની થેલી ભરવામાં ન્યૂનતા કરતો નથી.[૯૫] તે પોતાના આરાધ્ય દેવની સાધારણ સેવા કરે છે, ગુરુને થાપ આપે છે અને માતાપિતા પૈસા માગે તો તેમને એવો જવાબ આપે છે કે, 'હાલ પૈસા શિલકમાં નથી,'[૯૬] પણ સ્ત્રીનો સંબંધ આવ્યો કે જે કાંઈ પણ ઉત્તમ વસ્તુ જોવામાં આવે, તે તેના ઉપભોગ માટે ખરીદી લાવે છે;[૯૭] જેવી રીતે પ્રેમીભક્ત પોતાના ઇષ્ટ દેવને ભજે છે, તે પ્રમાણે તે પોતાની સ્ત્રીની એકાગ્રચિત્તથી સેવા કરે છે;[૯૮] જેટલી ઉત્તમ અને મોંઘી વસ્તુઓ હોય તે સર્વ સ્ત્રીને (લાવી) આપે છે અને કુટુમ્બનાં બીજાં માણસોને નિર્વાહ જેટલી વસ્તુ પણ નથી આપતો;[૯૯] પોતાની સ્ત્રીને જો કોઈ આડી નજરથી જુએ, અથવા જો કોઈ તેનાથી વિરુદ્ધ વર્તે, તો તરત તેને યુગનો અન્ત થવા સમાન વેદના થાય છે;[૮૦૦] નાસૂર થવાના ભયથી જેમ નાગના શપથનો ભંગ કરવામાં નથી આવતો, તે પ્રમાણે જે સ્ત્રીની થૂકને હાથમાં ઝીલી લે છે;[૧] હે અર્જુન! વધારે શું કહું? જેને સ્ત્રી જ કેવળ પરમ દૈવત દેખાય છે અને જે તેનાથી થએલા પુત્ર આદિમાં અતોનાત પ્રેમ રાખે છે;[૨] અને તે (સ્ત્રી)ના જેટલા આપ્ત સંબંધી હોય, તે સર્વને પોતાના જીવ કરતાં પણ વધારે વહાલા સમજે છે,[૩] તે અજ્ઞાનનું મૂળ છે અને તેના યોગે અજ્ઞાનની વૃદ્ધિ થાય છે. વિશેષ કહેવાની કાંઈ પણ અગત્ય નથી, કિન્તુ એટલું કહેવું જ પૂર્ણ છે કે તે કેવળ અજ્ઞાનનું જ સ્વરૂપ છે![૪]

જેવી રીતે ખળભળેલા સમુદ્રમાં ઝોકાવેલી નૌકા, લહરીઓના આઘાતથી ડાલં ડાલાં જ થાય છે,[૫] તેજ પ્રમાણે, જે પુરુષ પ્રિયવસ્તુની પ્રાપ્તિથી સુખના શિખરપર ચઢી જાય છે અને તે ન મળવાથી દુઃખના પાતાળમાં પેશી જાય છે;[૬] એ પ્રમાણે, હે મહાબુદ્ધિમાન્ અર્જુન! જેના ચિત્તમાં વસ્તુના લાભાલાભથી ચિન્તા ઉત્પન્ન થાય છે, તે સર્વથા અજ્ઞાની જ છે.[૭] તેમ જ જે મારી ભક્તિ કરે છે, પરંતુ મનમાં ફળની ઇચ્છા રાખે છે; અને બાહ્યતઃ વિરક્તતા બતાવનારો મનુષ્ય જેમ અંતરમાં ધનની ઇચ્છા રાખનારો હોય છે;[૮] અથવા વ્યભિચારિણી સ્ત્રી પોતાના જારકર્મને ચલાવવા માટે જેમ પતિની ઇચ્છા પ્રમાણે વર્ત્તે છે અને તેની કૃપા સંપાદન કરે છે;[૯] તેજ પ્રમાણે, હે કિરીટી! મારામાં પોતાની ભક્તિ છે એમ બતાવીને જે વિષયોમાં દૃષ્ટિ રાખે છે,[૧૦] અને વિષયપ્રાપ્તિ માટે મારી ભક્તિ કરીને વિષય પ્રાપ્તિ ન થાય તો મારી ભક્તિને ત્યાગીને જે, 'ઇશ્વર અસત્ય છે' એમ બોલી, મારા અસ્તિત્વના અસ્વીકારરૂપ ચેષ્ટા કરે છે.[૧૧] કણબી (ખેડૂ) જેવી રીતે પોતાની ખેતીને વધારતો જાય છે, તેવી રીતે જ્ઞાની, અનેક દેવોની સેવા કરે છે; અને પ્રથમ દેવ પ્રમાણે બીજા દેવોની પણ અવહેલના કરે છે; (અર્થાત્ નવા નવા દેવની સેવા કરે છે અને જૂના દેવનો તિરસ્કાર કરતો જાય છે;)[૧૨] જેનામાં વિશેષ આડંબર (ઠાઠમાઠ) હોય એવો ગુરુ કરીને તેનામાં ભક્તિ રાખી તેની પાસેથી ગુરુમંત્ર લે છે અને બીજાને કશા હિસાબમાં ગણતો નથી;[૧૩] પ્રાણિમાત્ર સાથે કઠિન શબ્દો બોલીને તેમનો તિરસ્કાર કરે છે અને પાષાણની પ્રતિમામાં પરમ પ્રેમ ધરાવે છે; તેમ જ તેનાથી એકનિષ્ઠ ભક્તિ કરીને સ્વસ્થ રહી શકાતું નથી;[૧૪] તે, મારી મૂર્ત્તિ બનાવીને તેની ઘરના એક ખૂણામાં સ્થાપના કરે છે અને ત્યાર પછી પોતે બીજા દેવોની યાત્રા કરતો ફરે છે;[૧૫] રોજ મારી પૂજા કરે છે; કાર્યપ્રાપ્તિ માટે કુળદેવતાની પૂજા કરે છે અને કોઈ પર્વણી આવતાં ત્રીજા જ દેવની પૂજા આરંભે છે;[૧૬] ગૃહમાં મારી સ્થાપના કરીને બીજા દેવના નિમિત્તથી નૈવેદ્ય કરે છે અને શ્રાદ્ધકાળમાં પિતરોની પૂજા કરે છે;[૧૭] એકાદશીને દિવસે જેમ મારી ભક્તિ કરે છે, તેમ નાગપંચમીને દિવસે નાગોને ભજે છે;[૧૮] ગણેશચતુર્થીને દિવસે ગણપતિની પૂર્ણ ભક્તિ કરે છે, અને ચતુર્દશીને દિવસે દેવીનું પૂજન કરીને, 'હે અંબે! હું તારો જ છું' એવી તેની પ્રાર્થના કરે છે;[૧૯] નિત્યનૈમિત્તિક કર્મોને ત્યાગી દઇને નવરાત્રિના સમયમાં એક સ્થળે બેસી નવચંડીનો પાઠ કરે છે અને રવિવાર આવ્યો કે, ભૈરવ ને માતા મેલડીના નામનો ખીચડો વ્હેંચે છે;[૨૦] પછી સોમવાર થતાં હાથમાં બિલપત્ર લઈને શંકરને ચઢાવવા જાય છે; અર્થાત્ એવી રીતે જે એકલો જ સર્વ દેવોની સેવા કરે છે;[૨૧] જેવી રીતે નગરમાંની વેશ્યા પોતાની પ્રીતિ દેખાડીને સર્વનાં મન આકર્ષિત કરી લે છે, તેવી જ રીતે જે એક ક્ષણ માત્ર પણ સ્વસ્થ ન બેસતાં વિષયોની પ્રાપ્તિમાટે સર્વ દેવોનું પૂજન કરે છે;[૨૨] એ પ્રમાણે જે દેવોની ભક્તિ કરતો ચારે તરફ દોડતો ફરે છે, તે અજ્ઞાનનો જ અવતાર છે.[૨૩] ઉત્તમ એકાંત સ્થળો, તપોવનો, તીર્થક્ષેત્રો અને તટોને જોઇને જેનું મન કંટાળી જાય છે, તે કેવળ અજ્ઞાનનું જ સ્વરૂપ છે.[૨૪] જેને નગરમાં વસવાથી સુખ થાય છે, ઘણા માણસોના મંડળમાં બેસવાનું ગમે છે અને લૌકિકનાં સ્તુતિનાં સ્તોત્રો ભણવામાં આનંદ ભાસે છે, તે પણ કેવળ અજ્ઞાનની જ મૂર્ત્તિ છે![૨૫] જે એવા પ્રકારનો વિદ્વાન્ હોય છે કે, જે વિદ્યાના યોગે આત્માની પ્રાપ્તિ થવાનો સંભવ હોય, તે વિદ્યા સાંભળવામાં આવે તો ઘંટા વગાડી તેને શ્રવણોમાં અથડાવા પણ દેતો નથી (તેનો ઉપહાસ કરે છે);[૨૬] ઉપનિષદો તરફ જે નજર પણ નાખતો નથી, યોગશાસ્ત્ર જેને ગમતું નથી અને અધ્યાત્મ શાસ્ત્રમાં જેનું ધ્યાન પરોવાતું નથી;[૨૭] જે બુદ્ધિના યોગે આત્મા અનાત્માનું નિરૂપણ થાય છે, તે બુદ્ધિને ત્યાગીને જેનું મન બીજાં સર્વ શાસ્ત્રોમાં આકર્ષાય છે;[૨૮] જે કર્મકાંડને સારી રીતે જાણે છે, જેને પુરાણો મુખોદ્ગત છે, અને જ્યોતિઃ-

શાસ્ત્રમાં તો એટલો બધો નિપુણ છે કે, તે જે કહે તે પ્રમાણે જ થાય છે;[૨૯] જે શિલ્પશાસ્ત્રમાં અતિ નિષ્ણાત છે, પાકશાસ્ત્રમાં પ્રવીણ છે અને જારણ, મારણ, ઉચ્ચાટન તથા વશીકરણ તો જેના હાથના મેલ સમાન છે;[૮૩૦] જે કામશાસ્ત્રનો પાકો દર્દી છે, અને કોઇ વાત સાંભળવામાં આવતાં તે વિશે મહાભારત સમાન વ્યાખ્યાન આપે છે અને શાસ્ત્રો જેના સમક્ષ મૂર્તિમંત થઇને ખડાં રહે છે;[૩૧] જે નીતિશાસ્ત્રને ઉત્તમતાથી જાણે છે, વૈદ્યકશાસ્ત્રમાં જે વિશારદ છે, અને કાવ્ય તથા નાટકમાં જેની બરાબરી બીજા કોઈથી કરી શકાતી નથી;[૩૨] જે સ્મૃતિની સતત ચર્ચા ચલાવે છે, ગારોડીની મંત્રવિદ્યાને જાણે છે, વેદોમાંના શબ્દોનો કોષ જેને મુખોદ્‌ગત છે;[૩૩] જે વ્યાકરણમાં નિપુણ છે, અને ન્યાયશાસ્ત્રમાં જેની મતિ ગહન છે; પરંતુ કેવળ એક આત્મજ્ઞાનના વિષયમાં જ જે જન્માંધ જેવો છે તે-[૩૪] અને એક આત્મજ્ઞાન વિના ઇતર સર્વ સિદ્ધાંતોના આધારભૂત હોય, તોય બળો તે તેનું જ્ઞાન! તે (સર્વ લક્ષણસંપન્ન હોવા છતાં પણ) મૂલ નક્ષત્રમાં જન્મેલા પુત્ર સમાન હોવાથી, તારે તેનામાં લેશ માત્ર પણ મોહ રાખવો નહિ.[૩૫] જેવી રીતે મોરનાં શરીરપરનાં બધાં પીછાંપર આંખો હોય છે, પરંતુ તેમનામાં માત્ર દૃષ્ટિ જ હોતી નથી; તે પ્રમાણેની જ તેની સર્વ વિદ્યાસંપન્નતા માની લેવી.[૩૬] મૃત મનુષ્યને જીવાડનાર મૂળિયું જો પરમાણુ જેટલું પણ મળી આવે, તો પછી બીજાં ગાડું ભરીને મૂળિયાંની શી અગત્ય છે?[૩૭] ઉત્તમ લક્ષણો હોવા છતાં આયુષ્ય અલ્પ હોય, અથવા મસ્તક વિના અલંકાર ધારણ કરવામાં આવે, કિંવા વધૂ અને વર વિનાનો વરઘોડો કાઢવામાં આવે, તો તે વિડંબના જ છેની![૩૮] તે જ પ્રમાણે, હે પાર્થ! એક અધ્યાત્મ જ્ઞાન વિના અન્ય સર્વ શાસ્ત્રો અપ્રમાણ છે.[૩૯] એટલા માટે, હે અર્જુન! તું એ તત્ત્વને ધ્યાનમાં રાખ કે, જે પઠતમૂર્ખને આત્મજ્ઞાનનો નિત્ય બોધ નથી,[૮૪૦] તે મનુષ્યનું શરીર અજ્ઞાનનું વધતું બીજ છે અને તેની વ્યુત્પન્નતા અજ્ઞાનની વલ્લરી સમાન છે;[૪૧] તે જે બોલે છે તે અજ્ઞાનનું પુષ્પ છે અને તે જે પુણ્યમાર્ગનું આચરણ કરે છે તે અજ્ઞાનનું ફળ છે.[૪૨] જેની અધ્યાત્મ જ્ઞાનમાં શ્રદ્ધા નથી, તેને જ્ઞાનાર્થ (તત્ત્વના અર્થ)ની પ્રાપ્તિ પણ થતી નથી, એ નવેસરથી કહી બતાવવાની કશી પણ અગત્ય નથી.[૪૩] નદીના આણીમગના કાંઠા સૂધી પણ ન પહોંચતાં જે પાછો ફરે છે, તે પેલીતરફના કાંઠાની વાતને કેમ કરીને જાણી શકે?[૪૪] અથવા ગૃહમાં પ્રવેશ કરતાં ઊંબરામાં જ જેનું મસ્તક કપાઇને ખાંચામાં અટકી જાય, તે ઘરમાંના પદાર્થોને શી રીતે જોઇ શકે?[૪૫] તે જ પ્રમાણે, હે અર્જુન! અધ્યાત્મ જ્ઞાન સાથે જેનો પરિચય જ નથી, તેના જોવામાં જ્ઞાનાર્થ કેમ કરીને આવી શકે?[૪૬] અર્થાત્ એવો મનુષ્ય જ્ઞાનના તત્ત્વને કળી શકતો નથી, એ તને વિશેષતાથી આંકડા માંડીને કહી સંભળાવવાનું કશું પણ કારણ નથી.[૪૭] ગર્ભિણી સ્ત્રીને ભોજન આપ્યું એટલે જેમ તેના ઉદરમાંના બાળકની પણ તૃપ્તિ થઇ જાય છે; તે જ પ્રમાણે, પૂર્વે જે જ્ઞાનનાં લક્ષણો મેં કહ્યાં છે, તેથી વિરુદ્ધ જે જે વસ્તુ છે તે સર્વ અજ્ઞાન જ છે, એમ જ તારે સમજવું.[૪૮]

આંધળાને ભોજન માટેનું આમંત્રણ આપતાં તેની સાથે જેમ એક બીજો દેખતો માણસ પણ આવે છે; તે જ પ્રમાણે, જ્ઞાનનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એટલે પછી અજ્ઞાનનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાની કશી આવશ્યક્તા રહેતી નથી.[૪૯]

એ પ્રમાણે વિરુદ્ધ રીતિથી જ્ઞાનનાં અમાનિત્વ આદિ ચિહ્નો પુનઃ કહ્યાં.[૮૫૦] જ્ઞાનનાં તે અઢાર લક્ષણોને ઊલટાવતાં સહજ અજ્ઞાનનાં લક્ષણો સિદ્ધ થાય છે.[૫૧] પૂર્વે અગિયારમા શ્લોકના ઉત્તરાર્ધમાંના દ્વિતીય અર્થમાં શ્રી મુકુન્દે કહ્યું છે કેઃ-"આ જ્ઞાનનાં લક્ષણો છે અને એથી વિરુદ્ધ જે લક્ષણો તે અજ્ઞાનનાં છે."[૫૨] એટલા માટે આવા પ્રકારે અજ્ઞાનનાં લક્ષણોનો મેં વિસ્તાર કર્યો છે; નહિ તો દૂધમાં પાણી મેળવી દૂધને વધારીને શું કરવું હતું?[૫૩] અર્થાત્ એક અક્ષરને

પણ ન છોડતાં અને મિથ્યા પ્રલાપ ન કરતાં, મૂળમાં જે અર્થ રહેલો છે, તે જ અર્થ મેં વિસ્તારથી કહી સંભળાવ્યો છે.[૫૪] એટલે શ્રોતાઓ કહે છે કે:–"હે કવિ પોષક! તારી નિરાશાનું સ્થાન છે જ ક્યાં? તું વ્યર્થ ભયભીત શા માટે થાય છે?[૫૫] તને તો શ્રી મુરારિએ જ કહેલું છે કે:–"મેં જે અભિપ્રાયને ગુપ્ત સ્થાનમાં ઢાંકી રાખેલો છે,[૫૬] તેને તું પ્રકટ કર. તે દેવના મનો-ગતને તેં અમારા સમક્ષ સ્પષ્ટ કરીને સંભળાવ્યું છે એમ જો અમે તને કહીએ, તો તે પણ તારાથી સહન થઇ શકે તેમ નથી જ.[૫૭] એટલે અમે હવે એ સર્વ વાતોને છોડી દઇએ છીએ. પણ અત્યારે અમને તેં જે શ્રવણસુખની નૌકા પ્રાપ્ત કરાવી આપી છે, તેના યોગે અમારા હૃદયમાં અતિશય સંતોષ થયો છે (અને અમને પાર પહોંચાડ).[૫૮] હવે આની પછી શ્રી હરી શું બોલ્યા તે અમને સત્વર કહી સંભળાવ."[૫૯] સંતોનું એ વાક્ય સાંભળતાં જ નિવૃત્તિદાસ જ્ઞાનદેવ બોલ્યા કે:–'તો સાંભળો. દેવ એમ બોલ્યા કે:–[૯૬૦] "હે અર્જુન! તેં જે આ સર્વ લક્ષણો સાંભળ્યાં તે લક્ષણો અજ્ઞાનનાં છે.[૬૧] એ અજ્ઞાન ભાગ પ્રતિ દુર્લક્ષ કરીને તું જ્ઞાનપ્રાપ્તિ માટેના નિશ્ચયને દૃઢ કર.[૬૨] પછી તે શુદ્ધ જ્ઞાનના યોગે, તને જ્ઞેયની પ્રાપ્તિ થશે." એ સાંભળતાં જ અર્જુને તે (જ્ઞેય) ને જાણવા માટેની મનઃપૂર્વક ઇચ્છા કરી.[૬૩] ત્યારે સર્વજ્ઞોના રાજા શ્રી કૃષ્ણે, અર્જુનના મનોગત ભાવને જાણીને તેને ઉદ્દેશી કહ્યું કે;–હવે તને જ્ઞેયવિશે હું કહું છું તે સાંભળ.[૬૪]

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १३ ॥

[જ્ઞેય એટલે જાણવાને યોગ્ય, જેને જાણવાથી જીવને મોક્ષ મળે છે, તેવિશે તને હવે હું કહી સંભળાવું છું. જેને આદિ નથી, તે સર્વોત્કૃષ્ટ બ્રહ્મને સત્ પણ કહી શકાય તેમ નથી અને અસત્ પણ કહી શકાય તેમ નથી. ૧૩]

વસ્તુને એટલે કે બ્રહ્મને જ્ઞેય કહેવાનું કારણ એટલું જ કે, તે જ્ઞાનપ્રાપ્તિ વિના બીજા કોઇપણ ઉપાયથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી;[૬૫] અને તે જાણવામાં આવી જતાં કાંઇપણ કર્ત્તવ્ય અવશિષ્ટ રહેતું નથી. કારણ કે, તેનું જ્ઞાન જ મુમુક્ષુને તદ્રૂપતાને પ્રાપ્ત કરાવી આપે છે. (તેને જાણવાની સાથે જ તે તદ્રૂપ થઇ જાય છે.)[૬૬] જેને જાણવાથી મુમુક્ષુ જન સંસારનો ત્યાગ કરીને નિત્યાનંદમાં નિમગ્ન થાય છે,[૬૭] તે જ્ઞેય એવું છે કે, જેને આદિ નથી અને જેનું સહજ સ્વભાવે જ પરબ્રહ્મ નામ છે.[૬૮] તેને જો નથી એમ કહીએ તો તે વિશ્વરૂપે દૃષ્ટિગોચર થયા કરે છે, અને જો વિશ્વ જ પરબ્રહ્મ છે એમ કહીએ, તો એ તો છે માયા![૬૯] તેમાં રૂપ, વર્ણ અને આકારનો અભાવ છે, તેમ જ તે અદૃશ્ય છે અને તે કોઈને દેખતું પણ નથી એટલે પછી 'તે છે' એમ પણ કોનાથી કહી શકાય તેમ છે?[૯૭૦] વારુ ત્યારે જો 'તે નથી' એમ જ માનીને ચાલીએ, તો પ્રશ્ન એ આવીને ઉભો રહે છે કે, આ મહત્ તત્ત્વો આદિનો ઉદ્‌ભવ કયાંથી અને શામાંથી થયો વારુ? અને એના વિના જે બીજું કાંઈ હોવું જોઈએ તે શું છે?[૭૧] અર્થાત્ એના વિશે 'છે' કિંવા 'નથી' એ પ્રમાણે કાંઇ પણ નિશ્ચયપૂર્વક બોલી શકાતું નથી અને એ કારણથી જ વેદોની વાણી મૂક થએલી છે અને તેમનામાં વિચારો સહિત એ વિષયમાં આગળ વધવાનો માર્ગ દૃષ્ટે પડતો નથી![૭૨] જેવી રીતે માટીમાંથી તૈયાર કરેલા ઘડા, ગાગર અને અન્ય પદાર્થોના આકાર પ્રમાણે જ પૃથ્વી દેખાય છે, (પરંતુ તે તેમનાથી ભિન્ન હોય છે,) તે પ્રમાણે બ્રહ્મનો સમસ્ત જગતમાં સર્વરૂપે વિસ્તાર થએલો છે (તથાપિ તે સર્વથી ભિન્ન છે).[૭૩]

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १४ ॥

[આ જગતમાં તેને સર્વ બાજૂએ હાથ અને પગ છે; સર્વ દિશામાં નેત્રો છે; મસ્તકો અને મુખો છે; સર્વત્ર શ્રવણો છે અને તે સર્વવ્યાપક છે. ૧૪]

સર્વ દેશમાં સર્વકાળ વ્યાપ્ત હોવાથી સૂક્ષ્મ અને સ્થૂલ વસ્તુદ્વારા ક્રિયા તેજ (પરબ્રહ્મ) કરાવે છે એટલે વસ્તુઓ જ તેના હાથ છે.[૭૪] તે બ્રહ્મને એ કારણથી જ 'વિશ્વબાહુ' નામ આપવામાં આવ્યું છે; કારણ કે, તે સર્વત્ર સર્વ પ્રકારે સર્વદા ક્રિયા કરાવતો હોય છે;[૭૫] અને હે અર્જુન! તે એકસમયાવચ્છેદે કરીને સર્વ સ્થાનમાં હોવાથીજ તેને 'વિશ્વાંઘ્રિ' એ નામ પ્રાપ્ત થએલું છે.[૭૬] જેવી રીતે સૂર્યના અંગ અને નેત્ર આદિ અવયવો ભિન્ન ભિન્ન નથી, તે પ્રમાણે, જે સર્વ સ્વરૂપે કરીને જુએ છે,[૭૭] એટલે તેને નેત્રો નથી, છતાં વેદોએ તેને મહા દક્ષતાથી 'વિશ્વતશ્ચક્ષુ' કહેલો છે;[૭૮] જે સર્વ કરતાં ઉચ્ચ અને સર્વ પ્રકારે નિત્ય છે અને તેથી જ તેને 'વિશ્વમૂર્ધા' કહેવામાં આવે છે.[૭૯] અગ્નિની જે મૂર્તિ તેજ તેનું મુખ છે, તે જ પ્રમાણે જે બ્રહ્મ સર્વ વસ્તુનો ઉપભોગ લે છે;[૮૦] હે પાર્થ! એ જ કારણથી, શ્રુતિયોએ એ બ્રહ્મને 'વિશ્વતોમુખ' નું નામ આપેલું છે.[૮૧] આકાશ જેવી રીતે સર્વ વસ્તુઓમાં આરપાર ભરેલું છે, તેવી જ રીતે શબ્દ માત્રની સાથે તેનાં શ્રવણો છે,[૮૨] અને તેથી જ તે બ્રહ્મને આપણે 'સર્વત્ર સાંભળનાર' ના નામથી ઓળખીએ છીએ; કારણ કે, તે આ જગતમાં સર્વવ્યાપક છે.[૮૩] હે મહામતિ અર્જુન! બ્રહ્મની એ પ્રમાણે વ્યાપ્તિ હોવાથી શ્રુતિયોએ તેને 'વિશ્વતશ્ચક્ષુ' કહ્યો છે.[૮૪] બાકી હાથ, નેત્ર અને પગ ઈત્યાદિનો તેમાં સંભવ કયાંથી હોઈ શકે? કારણ કે, તે સર્વ શૂન્યનો નિષ્કર્ષ (પરિણામ) છે.[૮૫] (સમુદ્રના તીરે ઉભા રહેતાં લહરીઓ ઉદ્‌ભવવા માંડે એટલે) એક મોટી લહરી ન્હાની લહરીનો નાશ કરતી દેખાય છે, પરંતુ (ખરેખર વિચારપૂર્વક અવલોકન કરતાં) તે મોટી લહરી (જે લહરીનો નાશ કરે છે) તે ન્હાની લહરીથી ભિન્ન હોય છે ખરી કે? નહિ જ. કારણ કે, સર્વત્ર જળનો જ વિસ્તાર હોય છે.[૮૬] તે જ પ્રમાણે, જે બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે, તેનામાં વ્યાપ્યવ્યાપકભાવનો સંભવ કયાંથી હોય? પરંતુ (તે સ્પષ્ટ કરી બતાવવા માટે) થોડીવાર એમ બોલવું પડે છે.[૮૭] જેવી રીતે હિસાબ કરતી વેળાએ શૂન્ય-કાંઈ નહિ-બતાવવા માટે એક ગોળ આકૃતિ-બિન્દુ લખવામાં આવે છે, તેજ પ્રમાણે અદ્વૈતને સ્પષ્ટ કરી બતાવવા માટે દ્વૈતનો સ્વીકાર કરીને જ તેનું સ્પષ્ટીકરણ કરવું પડે છે.[૮૮] જો એમ કરવામાં ન આવે, તો હે અર્જુન! ગુરુશિષ્ય સર્વનો લોપજ થવાનો અને અદ્વૈત વિષયક સર્વ ભાષણ પણ બંધ પડી જવાનું.[૮૯] એટલા માટે, શ્રુતિએ દ્વૈતવિષયક સ્પષ્ટીકરણ કરીને જ અદ્વૈતને સમજાવવાનો માર્ગ પ્રચલિત કરેલો છે.[૯૦] એટલે હવે આપણાં નેત્રોને જે આકાર દેખાય છે, તેમાં તે બ્રહ્મ કેવી રીતે વ્યાપક છે, તે સાંભળ.[૯૧]

सर्वेंद्रियगुणाभासं सर्वेंद्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १५ ॥

[તે સર્વ ઇન્દ્રિયોને તેમના વિષયોનું જ્ઞાન કરાવી આપનાર હોઇને સર્વેન્દ્રિય રહિત છે; તે કયાંય પણ આસકત ન હોવા છતાં સર્વને ધારણ કરનાર છે; અને ગુણરહિત હોવા છતાં ઉપભોગ લેનાર છે. ૧૫]

હે અર્જુન! તે બ્રહ્મ, જેવી રીતે પોલાણમાં સર્વ આકાશ ભરેલું હોય છે કિંવા તંતુઓ વસ્ત્રમાં વસ્ત્રરૂપ થઇને રહેલાં હોય છે;[૯૨] રસ જેવી રીતે ઉદકમાં ઉદકરૂપે રહેલો હોય છે અને તેજ, દીપકમાં જેમ દીપકત્વથી રહેલું હોય છે;[૯૩] કર્પૂરમાં, સૌગંધ્ય જેવી રીતે કર્પૂરરૂપે રહેલી છે અને ક્રિયા, શરીરનારૂપે શરીરમાં દષ્ટિગોચર થાય છે;[૯૪] કિંબહુના, હે અર્જુન! સુવર્ણ જે પ્રમાણે

સોનાના રવાના રૂપથી દૃષ્ટિગોચર થાય છે; તે જ પ્રમાણે તે આ સમસ્ત જગતનું આદિકારણ હોઇને સર્વમાં દેખાય છે.[૯૫] જેમ સોનું જે વેળાએ રવાના રૂપથી દેખાય છે, તે વેળાએ આપણને તે રવો છે એમ જ ભાસે છે, પણ સોનાની દૃષ્ટિથી જોતાં તે રવો સોનું જ છે;[૯૬] હે અર્જુન! પાણીનો પ્રવાહ વક્ર હોય એટલે પાણી વક્ર દેખાય છે, પરંતુ તે ખરેખરી રીતે વક્ર હોતું નથી; લોઢું તપાવ્યા પછી તેનો જે લાલ રંગ દેખાય છે, તે રંગ અગ્નિનો નહિ, કિન્તુ લોઢાનો જ છે;[૯૭] ઘટના આકારથી આકાશ ગોળ દેખાય છે અને તેને જ ઘરના ચોકમાં જોઇએ એટલે તે ચતુષ્કોણ દેખાય છે,[૯૮] પરંતુ તે મઠ અને ઘટનો નાશ થતાં આકાશનો નાશ થતો નથી; તે પ્રમાણે જે બ્રહ્મ માયાના ઉપાધિથી વિશ્વમય થાય છે, પરંતુ માયામાં તેનું અસ્તિત્વ હોતું નથી;[૯૯] હે અર્જુન! તે બ્રહ્મ એટલે મન, ઇત્યાદિ ઇન્દ્રિયો પ્રમાણે અને સત્ત્વ આદિ ગુણો પ્રમાણે આકારને પ્રાપ્ત થયો હોય એવો જ ભાસ થાય છે.[૯૦૦] પરંતુ જેવી રીતે ગોળનું ગળપણ, ગોળના આકારમાં હોતું નથી, તેવી રીતે ઇન્દ્રિયો અને ગુણમાં બ્રહ્મ બંધાતું નથી.[૧] હે કપિધ્વજ! જેવી રીતે દુગ્ધની અવસ્થામાં રહેલું ધૃત, દુગ્ધના આકારે જ રહેલું હોય છે, છતાં દુગ્ધ તે જ ધૃત નથી;[૨] તે જ પ્રમાણે, જે બ્રહ્મનું વિશ્વમાં વ્યાપ્તપણું હોવાછતાં, તે જ વિશ્વ નથી. કારણ કે, સુવર્ણના અલંકાર બનાવ્યા પછી તેને આપણે ફૂલ, વાંક, ચંદનહાર, બંગડી ઇત્યાદિ નામો આપીએ છીએ; નહિ તો સુવર્ણની દૃષ્ટિથી તો સુવર્ણ તે સુવર્ણ જ છે![૩] એ પ્રમાણે હું પ્રકટતાથી મરાઠી ભાષામાં કહું છું, પણ છે તો દેવવાણીમાં જ. હે અર્જુન, બ્રહ્મ ગુણ અને ઇન્દ્રિયોથી ભિન્ન છે.[૪] નામ, રૂપ, સંબંધ, જાતિ, ક્રિયા અને ભેદ એ સર્વ પ્રકારો આકારને જ લાગૂ પડે છે—બ્રહ્મને લાગૂ પડતા નથી.[૫] તે બ્રહ્મ ગુણ નથી, અને તેનો તથા ગુણનો સંબંધ નથી, પરંતુ તેનામાં જ તે ભાસમાન થાય છે.[૬] એ કારણથી, હે અર્જુન! અજ્ઞાનીના મનમાં જ એમ આવે છે કે, એ ગુણો બ્રહ્મના જ છે અને એ જ વાતને તે સત્ય માને છે.[૭] પરંતુ બ્રહ્મમાં ગુણોનું અસ્તિત્વ માનવું, તે જેમ વાદળાં આકાશમાં દેખાય છે એટલે આકાશ તેમને ધારણ કરે છે એમ ભાસે છે, અથવા દર્પણમાં જોતાં જે પ્રતિબિંબ દેખાય છે તે દર્પણનો જ ગુણ છે એમ માન્યા સરખું જ કહી શકાય;[૮] અથવા પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડયું હોય તો તેમાં સૂર્ય છે એમ કહેવું, અથવા સૂર્યનાં કિરણોમાં મૃગજળનું અસ્તિત્વ માનવું એ જેમ શોભતું નથી;[૯] તે જ પ્રમાણે, બ્રહ્મ સર્વ જગતને સંબંધ વિના ધારણ કરે છે, પરંતુ એ કહેવું ભ્રમમૂલક હોવાથી વ્યર્થ છે.[૯૧૦] જેવી રીતે ભિક્ષુક મનુષ્ય સ્વપ્નમાં રાજ્યનો ઉપભોગ ભોગવે છે તે મિથ્યા જ હોય છે, તે જ પ્રમાણે, બ્રહ્મ ગુણોનો ભોક્તા છે એમ કહેવું અથવા માનવું પણ મિથ્યા જ છે.[૧૧] અર્થાત્ એટલા માટે, બ્રહ્મ ગુણોનો સંગ કરે છે અથવા ગુણોનો ઉપભોગ લે છે, એમ કદાપિ કહી શકાય જ નહિ.[૧૨]

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चांतिके च तत् ॥ १६ ॥

[તે સર્વ ભૂતોની બહાર હોઇને અંદર પણ છે; સ્થિર હોવા છતાં ચળ છે; તે અત્યંત સૂક્ષ્મ હોવાથી અજ્ઞેય છે અને તે દૂર હોવા છતાં પાસે પણ છે. ૧૬]

હે પાંડુસુત! અગ્નિના અંગારા જો કે ભિન્ન ભિન્ન અને અનેક આકારના હોય, તોપણ તેમનામાંની ઉષ્ણતા તો જેવી રીતે એક જ હોય છે; તેવી જ રીતે બ્રહ્મ ચરાચર ભૂતોમાં દૃષ્ટિગોચર થાય–ભિન્ન ભિન્ન દેખાય–તોય તે મૂળ તો એક જ છે.[૧૩] એ પ્રમાણે, જે અવિનાશી છે અને સૂક્ષ્મતાથી સર્વ જગતમાં વ્યાપ્ત છે, તે જ્ઞેય છે, એમ જાણવું.[૧૪] જે શરીરની અંદર હોય છે અને બહાર પણ હોય છે; તેમ જ જે પાસે પણ છે અને દૂર પણ છે; અને જે એક જ અદ્વૈત

હોઈને જેનામાં દ્વૈત નથી;[૧૫] ક્ષીરસાગરમાંનું જળ જેમ તીર પાસે તેમ જ મધ્ય ભાગમાં સરખું જ હોય છે, તે જ પ્રમાણે જે સર્વત્ર વ્યાપક છે ને પૂર્ણ છે.[૧૬] પ્રાણિજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એ સર્વ ભિન્ન ભિન્ન ભૂતોમાં જેની અખંડ વ્યાપ્તિ છે;[૧૭] હે શ્રોતૃશિરોમણે! સહસ્રાવધિ ઘટોના ભિન્ન ભિન્ન આકારોમાં ચંદ્રબિંબ ભિન્ન ભિન્ન દેખાય છે, પરંતુ તેનામાં જેમ વાસ્તવિક ભેદ હોતો નથી;[૧૮] લવણના અનેક ઢગલાઓ હોય, છતાં ખારાશ તો સર્વમાં એક સરખી જ હોય છે અથવા શેરડીના સાંઠા ગમે તેટલા હોય છતાં તેમનામાં મિષ્ટતા તો સર્વથા સમાન જ હોય છે;[૧૯]

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १७ ॥

[જે બ્રહ્મ મૂળમાં વિભક્ત ન હોવા છતાં પ્રાણિ માત્રમાં વિભક્ત સમાન દેખાય છે; અને તે સર્વ ભૂતોને ધારણ કરનાર, સર્વનો સંહાર કરનાર અને સર્વની ઉત્પત્તિ કરનાર છે. ૧૭]

"તેવી જ રીતે અનેક ભૂતમાત્રમાં જેની એકત્વથી વ્યાપ્તિ છે, અને હે અર્જુન! વિશ્વની રચનાનું જે આદિકારણ છે;"[૨૦] લહરીઓ જેવી રીતે સમુદ્રમાંથી ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે પ્રાણિમાત્રનો જે આધારભૂત છે;[૨૧] બાલ્યાવસ્થા, તારુણ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ સર્વ અવસ્થાનો આધારભૂત જેમ એક દેહજ હોય છે; તે જ પ્રમાણે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે અવસ્થાનો જે એક માત્ર આધારભુત છે;[૨૨] પ્રાતઃકાળ, મધ્યાન્હ કાળ અને સાયંકાળ એ દિવસના ત્રણે કાળ ચાલ્યા જાય, તોય આકાશમાં કાંઈ પરિવર્તન થતું નથી;[૨૩] હે પ્રિયોત્તમ! સૃષ્ટિના ઉત્પત્તિકાળમાં જેને આપણે બ્રહ્મદેવ કહીએ છીએ અને વ્યાપ્તિના કાળમાં એટલે કે સ્થિતિના કાળમાં જેને આપણે વિષ્ણુ નામ આપીએ છીએ;[૨૪] અને ત્યાર પછી લયના સમયમાં જેને આપણે રુદ્ર નામથી ઓળખીએ છીએ અને એ ત્રણે કાર્યોનો જે વેળાએ લોપ થાય છે, તે વેળાએ આપણ જેને પ્રકૃતિશૂન્ય કહીએ છીએ;[૨૫] આકાશના શૂન્યત્વને ગળી જઈને ગુણત્રયને લુપ્ત કરનાર જે પ્રકૃતિશૂન્ય તેનો પણ જે લોપ કરી નાખે છે તેજ શ્રુતિવર્ણિત મહાશૂન્ય છે.[૨૬]

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥ १८ ॥

[તે બ્રહ્મ ચંદ્ર સૂર્ય આદિને પણ પ્રકાશ આપનારા છે. તે અજ્ઞાનરૂપ અંધકારથી પર છે, એમ કહેવામાં આવે છે. તે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞેય સ્વરૂપ છે, જ્ઞાનવડે પ્રાપ્ય છે અને તે જ સર્વના હૃદયમાં વિદ્યમાન છે. ૧૮]

જે બ્રહ્મ અગ્નિને દીપન કરવાની શક્તિ આપે છે; જે ચંદ્ર પાસેથી જગતમાં અમૃતની પ્રાપ્તિ થાય છે તે ચંદ્રને પણ જે અમૃત આપે છે; જે સૂર્યના પ્રકાશના યોગે સમસ્ત જગત્ વ્યવહાર કરે છે તે સૂર્યને જેના યોગે દૃષ્ટિ પ્રાપ્ત થાય છે;[૨૭] જેના તેજવડે તારાગણને તેજ મળે છે, તેમ જ મહાતેજ પણ જેના તેજવડે તેજસ્વી થાય છે;[૨૮] જગતમાં જે જે મૂળ પદાર્થો છે તેમનું પણ જે મૂળ છે; જે વૃદ્ધિની વૃદ્ધિ છે, તેમ જ બુદ્ધિ અને જીવનું જે આદિ કારણ જ છે;[૨૯] જે મન, નેત્ર, કર્ણ અને વાચાનું આદિ કારણ છે;"[૩૦] જે પ્રાણોનું જીવન છે; ગતિનું કારણ છે અને જેના યોગે ક્રિયામાં કર્તૃત્વનો આવિર્ભાવ થાય છે;[૩૧] હે પાંડુકુમાર! જેના યોગે આકાર, વિસ્તાર અને સંહારને પોતપોતાનાં રૂપો પ્રાપ્ત થાય છે;[૩૨] જે પૃથ્વીને ધારણ કરનાર છે, પાણીનું જીવન છે

તથા જેના યોગે તેજ પ્રકાશમાન થાય છે;[૩૩] જે વાયુને વહન કરવાની શક્તિ આપે છે અને જેનામાં આકાશ પણ સમાઇ જાય છે; વધારે શું કહેવું? સર્વ ભાસમાન–દશ્ય–વસ્તુઓ જેના તેજથી જાણવામાં આવે છે;[૩૪] હે પાંડવ! આ સર્વ જગતમાં જે આદિ કારણ છે અને જેનામાં દ્વૈતનો ભાસ થતો નથી;[૩૫] જેના દર્શનનો લાભ થતાંની સાથે જ દૃષ્ટા, દૃશ્ય અને દર્શન એ ત્રિપુટીનો લોપ થઈ જાય છે;[૩૬] પછી તે જ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટી બનીને જેના યોગે બ્રહ્મ જાણવામાં આવે છે તે પણ એ જ છે.[૩૭] જેવી રીતે હિસાબનો સરવાળો મળી રહેતાં હિસાબના કાચા કાગળનું કામ પૂરું થાય છે; તે જ પ્રમાણે બ્રહ્મની પ્રાપ્તિ થતાં સાધ્ય અને સાધક ભાવની આવશ્યકતાનો લોપ થાય છે.[૩૮] એ સ્થિતિ પ્રાપ્ત થતાં, હે અર્જુન! બ્રહ્મમાં દ્વૈતનો સંબંધ માત્ર પણ રહેતો નથી. હવે એને રહેવા દે. તે સર્વના હૃદયમાં નિવાસ કરે છે.[૩૯]

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १९ ॥

[એ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેય તને સંક્ષેપથી કહી સંભળાવ્યાં. એમને જાણવાથી મારો ભક્ત મારા સ્વરૂપમાં મળી જાય છે. ૧૯]

એ પ્રમાણે, હે પ્રિય મિત્ર! ક્ષેત્ર એટલે શું એ તને સ્પષ્ટ કરીને મેં કહી સંભળાવ્યું.[૪૦] તે જ પ્રમાણે, હે અર્જુન! તે ક્ષેત્ર પછી તારાથી પ્રકટ દૃષ્ટિવડે જોઇ શકાય એવી રીતે જ્ઞાન પણ તને સમજાવીને કહી બતાવ્યું.[૪૧] તેમ જ, તારી બુદ્ધિની તૃપ્તિ થઇને તું તારા મુખથી જ 'બસ' બોલ્યો, ત્યાં સૂધી તને અજ્ઞાનનાં લક્ષણો પણ કૌતુકથી કહી સંભળાવ્યાં.[૪૨] અને હમણાં જ દૃષ્ટાંત આપીને તને જ્ઞેય એટલે શું એ પણ સ્પષ્ટ કરી બતાવ્યું.[૪૩] હે અર્જુન! આ સર્વ વિષયોનો વિચાર કરીને મારી પ્રાપ્તિની ઇચ્છા કરી મારા ભકતો મદ્રૂપ થાય છે.[૪૪] દેહાદિક પરિવારનો ત્યાગ કરી જેઓ મારામાં પોતાના ચિત્તને પરોવે છે;[૪૫] હે કિરીટી! તે મારા ભકતો પોતાનું ચિત્ત મને અર્પીને અને મારા ચિત્તને પોતાનામાં આકર્ષીને મદ્રૂપ થાય છે.[૪૬] એવી રીતે મદ્રૂપ થવાનો સર્વથી સુલભ માર્ગ મેં મુમુક્ષુઓ માટે તૈયાર કરી રાખ્યો છે.[૪૭] ઊંચાણપર ચઢવા માટે જેવી રીતે પગથિયાં કરવાં પડે છે અથવા આકાશ–વાતાવરણમાં–ગમન કરવું હોય તો પર્વત બાંધવો પડે છે; અથવા ઉંડા પાણીમાંથી તરી જવા માટે જેમ નૌકામાં બેસીને જવું પડે છે;[૪૮] આમ ન કરતાં, હે વીરોત્તમ! સર્વત્ર આત્મા છે એમ જ જો તને વર્ણવીને કહું, તો તે સ્વરૂપ તારા જાણવામાં નહિ આવે,[૪૯] અર્થાત્ તારી બુદ્ધિ જડ છે એમ જોઇને તે એક જ બ્રહ્મનું મેં ચાર વિભાગથી વર્ણન કર્યું છે.[૫૦] જેવી રીતે બાળકને અન્ન ખવડાવતાં પોતે જેટલું અન્ન એક જ ગ્રાસમાં ખાઈ શકે તેટલું જ અન્ન બાળકને ખવરાવવામાં આવે છે; તેવીજ રીતે મેં તને બ્રહ્મનું ચાર પ્રકારથી સ્પષ્ટ નિરૂપણ કરી સંભળાવ્યું છે.[૫૧] તારી અવધાન શક્તિને જોઇને એક ક્ષેત્ર, એક જ્ઞાન, એક જ્ઞેય અને એક અજ્ઞાન એવા તે બ્રહ્મના મેં ચાર વિભાગ કર્યા છે;[૫૨] અને હે પાર્થ! આટઆટલું કરવા છતાં પણ જો સ્પષ્ટતાથી બ્રહ્મ તારા જાણવામાં ન આવી શકે, તો બીજી રીતિથી વળી પણ એકવાર સ્પષ્ટ કરીને હું તને તે વિશે સંભળાવું છું.[૫૩] હવે તેના ચાર ભાગ ન કરતાં, તેમ જ તેને એક પણ ન માનતાં, આત્મા અને અનાત્મા (પુરુષ અને પ્રકૃતિ) એવા બે ભાગ કરીને જ તેને (મોક્ષનું સાધન શું છે તે તને) સંભળાવું છું.[૫૪] પરંતુ તું એક કામ કર અને તે એ કે, હું જે માગું તે મને આપ. તે વસ્તુ શી છે એમ જો તું પૂછે તો મારે એટલું જ જણાવવાનું છે કે, હું જે કાંઈ કહું તે તું ધ્યાનપૂર્વક સાંભળી લે, એ જ તે વસ્તુ છે.[૫૫] એવાં શ્રીકૃષ્ણનાં વચન

સાંભળીને પાર્થના અંગમાં રોમાંચ ખડાં થયાં. એટલે શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કેઃ–એના મનમાં આ વાત પૂર્ણ ઠસી ગઈ છે.[૫૬] એ પ્રમાણે શ્રીકૃષ્ણને પણ આવેશ આવ્યો. પરન્તુ તે આવેશને રોકીને તેઓ બોલ્યા કે; "હે અર્જુન! બ્રહ્મના પ્રકૃતિ અને પુરુષ એ બે ભાગો હું તને સ્પષ્ટ કરીને કહું છું, તે સાંભળ.[૫૭] જેમાં પ્રકૃતિ અને પુરુષનું વિવેચન કરેલું છે, તે માર્ગને યોગિજનો 'સાંખ્યમાર્ગ'ના નામથી ઓળખે છે અને જેનું પરિપૂર્ણ વર્ણન કરવા માટે મેં કપિલ મુનિનો અવતાર લીધો હતો.[૫૮] તે પ્રકૃતિ અને પુરુષ વિશેના નિર્દોષ વિચારને સાંભળ." એમ શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહ્યું.[૫૯]

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥ २० ॥

[પ્રકૃતિ અને પુરુષ એ ઉભય અનાદિ જ છે, એમ તું સમજ; અને વિકાર તથા ગુણ એ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલા છે, એમ જાણ. ૨૦]

પુરુષ અનાદિ છે અને પ્રકૃતિનું અસ્તિત્વ પણ અનાદિ કાળથી જ છે. જેવી રીતે દિવસ અને રાત્રિની જોડી છે;[૬૦] છાયા પોતે રૂપ ન હોવા છતાં રૂપની સાથે જ રહ્યા કરે છે; તેમ જ હે ધનંજય! બીજની રોપણી કરવાથી કણ અને ફોતરાં બન્ને ઉત્પન્ન થાય છે;[૬૧] તે જ પ્રમાણે, પ્રકૃતિ અને પુરુષનું અનાદિ સિદ્ધ જોડલું પ્રસિદ્ધ છે.[૬૨] તને ક્ષેત્ર નામથી જેનો પરિચય કરાવ્યો છે, તેને જ અહીં તારે પ્રકૃતિ જાણવી;[૬૩] અને જેને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે, તે જ પુરુષ એમ હું નિઃસંશય કહું છું, એમ તારે જાણવું.[૬૪] એમનાં જો કે એ જૂદાં જૂદાં નામો છે, તો પણ તેમના વિશેનું નિરૂપણ નિરાળું નથી, એ વાતને તું સર્વદા સારી રીતે ધ્યાનમાં રાખતો રહેજે.[૬૫] હે પાંડુસુત! જે સત્તાનો કદાપિ નાશ છે જ નહિ, તેને પુરુષ તરીકે ઓળખ અને જે ક્રિયાઓ સત્તાના યોગે થાય છે, તેમને તારે પ્રકૃતિ તરીકે ઓળખવી.[૬૬] બુદ્ધિ, ઇન્દ્રિયો અને અંતઃકરણ ઇત્યાદિ ઇન્દ્રિયો–જેમનામાંથી વિકારો ઉત્પન્ન થાય છે–અને સત્ત્વ, રજ તથા તમ એ ત્રણે ગુણ,[૬૭] એ સર્વની પ્રકૃતિમાંથી જ ઉત્પત્તિ થાય છે અને એમના યોગે જ સર્વ કર્મો થયાં જાય છે.[૬૮]

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ २१ ॥

[પ્રકૃતિ, કાર્ય એટલે શરીર અને કારણ એટલે તેર ઇન્દ્રિયો, એ સર્વની ઉત્પત્તિનું કારણ છે; અને પુરુષ, સુખદુઃખના ભોક્તૃત્વનું કારણ છે. ૨૧]

ત્યાં ઇચ્છા અને બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે; અને તેના યોગે કારણનો છંદ લાગે છે.[૬૯] તે જ વસ્તુને પ્રાપ્ત કરવા માટે જે ઉપાયની યોજના કરવી પડે છે, તેને, હે ધનંજય! કાર્ય કહેવામાં આવે છે.[૭૦] તે જ ઇચ્છા પ્રબળ થઈને મનને જાગ્રત કરે છે અને તદ્દ્વારા સર્વ વ્યવહાર કરાવે છે.[૭૧] એટલા માટે કાર્ય, કર્ત્તત્વ અને કારણની ત્રિપુટીનું મૂળ પ્રકૃતિ છે. એમ સિદ્ધાંતોના મહારાજા શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું.[૭૨] એ પ્રમાણે, ત્રણેની એકત્રતા થતાં પ્રકૃતિ ક્રિયારૂપ થાય છે; પણ જે ગુણનું વિશેષ પરિબળ થાય, તે ગુણ અનુસાર તે આચરણ કરે છે.[૭૩] જે કર્મ સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થાય છે, તે સત્કર્મ હોય છે; જે કર્મ રજોગુણમાંથી ઉદ્ભવે છે, તે મધ્યમ એટલે કે કામ્ય કર્મ હોય છે;[૭૪] અને જે કર્મો કેવળ તમો ગુણમાંથી જ ઉત્પન્ન થાય છે, તે નિષિદ્ધ એટલે કે ધર્મવિરુદ્ધ કર્મો હોય છે.[૭૫] એ પ્રમાણે પ્રકૃતિમાંથી સારાં અને નઠારાં

કર્મો ઉદ્ભવે છે અને તે કર્મોના યોગે સુખ તથા દુઃખ પ્રાપ્ત થાય છે;[૭૬] નઠારાં કર્મોથી દુઃખ ઉત્પન્ન થાય છે, સત્કર્મોથી સુખ ઉત્પન્ન થાય છે અને તે બન્નેનો ઉપભોગ પુરુષને ભોગવવો પડે છે.[૭૭] જ્યાં સૂધી સુખ અને દુઃખ ઉત્પન્ન થાય છે, ત્યાં સૂધી પ્રકૃતિ ઉદ્યોગ કરતી હોય છે અને તે સુખદુઃખ પુરુષને ભોગવવાં પડે છે.[૭૮] પુરુષ અને પ્રકૃતિનો એવો અઘટિત વ્યાપાર છે કે, સ્ત્રી ઉપાર્જન કરે અને પતિ સ્વસ્થ બેસીને ખાય.[૭૯] આ ચમત્કાર કેવો છે તે તો નિહાળ કે, સ્ત્રીપુરુષનો કદાપિ શરીરસંગ ન થવા છતાં પણ, સ્ત્રીમાંથી જગતની ઉત્પત્તિ થાય છે.[૮૦]

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥ २२ ॥

[પુરુષ પ્રકૃતિ સાથે સંબંધ રાખીને પ્રકૃતિના ગુણોનો ઉપભોગ લે છે; ગુણનો સંબંધ જ પુરુષના સારા કે નઠારા જન્મનો હેતુ થાય છે. ૨૨]

જે બ્રહ્મ નિરાકાર હોઇને ઉદાસીન છે, તેમ જ નિર્ધન હોઇને કેવળ એકલો જ છે; અને જીર્ણ હોઇને આ જગતમાં જે અતિ વૃદ્ધ વસ્તુ હોય તેના કરતાં પણ અતિ વૃદ્ધ છે,[૮૧] અને તેનું પુરુષ એ ઉપનામ છે. નહિ તો તે સ્ત્રી છે, કિંવા નપુંસક છે (કે પુરુષ છે) એ નિશ્ચયપૂર્વક કાંઇ પણ કહી શકાતું નથી.[૮૨] તેને આંખો, કાન, હાથ, પગ, રૂપ અને વર્ણ તથા નામ આદિ કાંઇ પણ નથી.[૮૩] હે અર્જુન! જેને કોઈ પણ અવયવ નથી એવો એ પ્રકૃતિનો પતિ છે અને તેને પણ સુખ દુઃખ ભોગવવાં પડે છે.[૮૪] તે કર્મ કરનાર ઉદાસીન અને ઉપભોગ ન લેનારો છે; તોપણ એ પતિવ્રતા પ્રકૃતિ તેને ઉપભોગ લેવામાં પ્રવૃત્ત કરે છે.[૮૫] જે પ્રકૃતિ પોતાના ગુણ અને રૂપના અનુરોધથી વિલક્ષણ ખેલો કરી બતાવે છે;[૮૬] તેથી એ પ્રકૃતિને 'ગુણમયી' એવું પણ એક નામ આપવામાં આવ્યું છે. વધારે તો શું, પણ એ મૂર્તિમાન ગુણ જ છે.[૮૭] એ ક્ષણે ક્ષણે નિત્ય નવીન હોઇને રૂપ તથા ગુણવડે યુક્ત છે; અને એ જડ વસ્તુ પાસે પણ પોતાની દક્ષતાથી કર્મ કરાવે છે.[૮૮] નામ, પ્રીતિ અને ઇન્દ્રિયો આદિ સર્વના વ્યાપારનું કારણ એ જ છે.[૮૯] ખરી રીતે જોતાં મન નપુંસક છે, છતાં એ તેને ત્રણે લોકમાં ભમાવે છે એવી એની અલૌકિક કરણી છે.[૯૦] એ ભ્રમનો કેવળ મહાદ્વીપ છે, સ્વયમેવ વ્યાપ્તિ કરનારી છે અને અમર્યાદ વિકારને ઉત્પન્ન કરનારી છે,[૯૧] એ કામરૂપ લતાનો મંડપ છે અને મોહરૂપ વનનો ઋતુરાજ (વસંતઋતુ) છે; અને એ 'દૈવી માયા'ના નામથી પ્રસિદ્ધ છે.[૯૨] એ શબ્દમય પ્રકૃતિ શાસ્ત્રનો વિસ્તાર છે, નિરાકારને આકાર આપનારી છે અને પ્રપંચની નિરંતર ધાડ પાડનારી છે.[૯૩] સર્વ કળાઓ એમાંથી જ ઉત્પન્ન થએલી છે અને સર્વ વિદ્યાઓ પણ એણે જ સજાવી છે તથા ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાને પણ એણે જ જન્મ આપેલો છે.[૯૪] એ છંદની ટંકશાળ છે, ચમત્કારનો ભંડાર છે. વધારે શું કહેવું? સૂત્રધારની માફક સર્વ ખેલો એ જ ખેલે છે.[૯૫] જગતની ઉત્પત્તિ અને પ્રલય થાય છે તે જ એના સાયંકાળ અને પ્રાતઃકાળ છે. અસ્તુ. એ પ્રકૃતિ જગતને અદ્ભુત મોહ પમાડનારી છે.[૯૬] એ અદ્વયની બીજી મૂર્તિ છે, એ સંગરહિતની સાથી છે અને એનો નિવાસ શૂન્યમાં છે અને ત્યાં જ એ વિહાર કરતી ફરતી ફરે છે.[૯૭] એવી રીતે એના સૌભાગ્યનો મહિમા છે; અને તેથી જ અનવરુદ્ધ બ્રહ્મનો પણ એ અવરોધ કરી નાંખે છે.[૯૮] વસ્તુતઃ બ્રહ્મમાં કોઈપણ વિકારનું અસ્તિત્વ નથી; છતાં તેનામાં એ પોતે જ વિકાર બની જાય છે.[૯૯] તે સ્વયંભૂની ઉત્પત્તિ, નિરાકારનો આકાર અને સ્થિતિ તથા સ્થાન પોતે જ બને છે.[૧૦૦૦] તે ઇચ્છારહિતની ઇચ્છા, પૂર્ણની તૃપ્તિ અને તે કુળરહિતની જાતિ અને ગોત્ર પણ પોતે જ થાય છે.[૧] તે અવર્ણનીયનું લક્ષણ, અપારનું પ્રમાણ અને અમનસ્કનું મન તથા બુદ્ધિએ પોતેજ

બને છે.[૨] તે નિરાકારનો આકાર, નિર્વ્યાપારનો વ્યાપાર અને નિરહંકારનો અહંકાર પણ પોતે જ બની રહે છે.[૩] તે નામરહિતનું નામ, જન્મરહિતનો જન્મ અને અક્રિયની ક્રિયા થાય છે તથા કર્મ પણ પોતે જ થાય છે.[૪] તે નિર્ગુણના ગુણ, અચરણનાં ચરણ, અશ્રવણનાં શ્રવણ (કાન) અને અચક્ષુનાં નેત્ર પણ પોતે જ થતી જોવામાં આવે છે.[૫] તે ભાવાતીતનો ભાવ, નિરવયવના અવયવો, કિંબહુના, એ માયા પોતે જ પુરુષના સર્વ વિકારોનું સ્વરૂપ ધારે છે.[૬] એ પ્રમાણે, પ્રકૃતિ પોતાના સામર્થ્યથી તે અવિકારી બ્રહ્મને વિકારવશ કરે છે.[૭] જેવી રીતે, અમાવાસ્યાને દિવસે (રાત્રિના સમયે) ચંદ્રના તેજનો લોપ થાય છે; તે જ પ્રમાણે એ પ્રકૃતિસમક્ષ બ્રહ્મનું તેજ પડી શકતું નથી.[૮] ઉત્તમ પ્રકારના સુવર્ણમાં એક વાલ માત્ર અન્ય ધાતુ ભેળવવામાં આવે, તો તેથી જેમ તે સઘળા સુવર્ણનો કસ ઓછો થઈ જાય છે.[૯] અથવા તો સદાચારી મનુષ્ય પણ સંધ્યાકાળે અપવિત્ર સ્થાનમાં ગયો હોય તો તેટલાથી જ તેને પિશાચબાધા થઈને તે ગાંડો બની જાય છે, અથવા વાદળાં જેમ મધ્યાહ્ન સમયે પણ સ્વચ્છ આકાશમાં અંધકાર પ્રસારીને સુદિનને દુર્દિન કરી મૂકે છે;[૧૦,૧૦] જેવી રીતે ગાયના ઉદરમાં દૂધ અથવા કાષ્ઠમાં અગ્નિ રહેલો હોય છે અથવા વસ્ત્રમાં લપેટવા પછી ઉત્તમ રત્નોનું તેજ બહાર પડી શકતું નથી;[૧૧] અથવા રાજા પરાધીન થતાં અથવા સિંહ રોગગ્રસ્ત થતાં તેનું તેજ–સામર્થ્ય લુપ્ત થાય છે; તે જ પ્રમાણે, પુરુષ પ્રકૃતિને આધીન થયો એટલે તેનું તેજ હણાઈ જાય છે.[૧૨] નિદ્રા જેવી રીતે જાગ્રતાવસ્થામાં સ્થિત પુરુષને તે સૂતા પછી સહજ સ્વપ્નમાંના સુખ દુઃખોના ભોગમાં પ્રવૃત્ત કરે છે,[૧૩] તે જ પ્રમાણે, પ્રકૃતિને આધીન થવાથી પુરુષ પણ ગુણોનો ભોક્તા થાય છે. જેવી રીતે કોઈ પુરુષ ઉદાસીન હોવા છતાં સ્ત્રીને આધીન થવાથી તેના છંદમાં સર્વથા ઉન્મત્ત બની જાય છે;[૧૪] તે જ પ્રમાણે, તે બ્રહ્મ અજ અને નિત્ય હોવા છતાં (પ્રકૃતિને આધીન થઇને) તેને ગુણોનો સંગ થયો કે જન્મ અને મૃત્યુના આઘાતો સહન કરવા પડે છે.[૧૫] પરન્તુ, હે અર્જુન! તપેલા લોઢાપર આઘાત કરતી વેળાએ તે આઘાતો અગ્નિપર થવાનું લોકો કહે છે;[૧૬] અથવા પાણી હાલે છે એટલે તેમાં ચંદ્રનાં અનેક બિંબો દૃષ્ટિગોચર થવાથી લોકો ચંદ્રમાં અનેકત્વની કલ્પના કરે છે;[૧૭] અથવા દર્પણમાં મુખદર્શન કરતાં જેવી રીતે બે મુખ દેખાય છે; અથવા કંકૂની ઉપર સ્ફટિક મણિ રાખીએ એટલે તે રાતો દેખાય છે;[૧૮] તે જ પ્રમાણે, ગુણોના સંગથી જન્મ રહિત જે પુરુષ તે જન્મ ધારણ કરતો ભાસે છે! પરંતુ ખરી રીતે જોતાં વાસ્તવિક એમ નથી.[૧૯] પુરુષ ઉત્તમ અને અધમ યોનિમાં જન્મ ધારણ કરે છે એમ ભાસે છે; પણ જેવી રીતે સંન્યાસી સ્વપ્નમાં પોતાને અત્યંજ જાતિમાં પ્રવિષ્ટ થએલો નિહાળે છે (પણ તે સત્ય હોતું નથી, તે જ પ્રમાણે એમ ભાસવું તે કેવળ ભાસ જ છે.)[૧૦૨૦] અર્થાત્ જે પુરુષને જન્મ મૃત્યુ આદિ ભોગવવાં પડતાં નથી છતાં તેવો ભાસ થાય છે, એનો મૂળ હેતુ પ્રકૃતિના ગુણોનો સંગ જ છે.[૨૧]

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ २३ ॥

[સાક્ષિભૂત, પ્રકૃતિને અનુકૂળ રહેનાર, ધારણ કરનાર, ઉપભોગ લેનાર, પરમેશ્વર અને જેને પરમાત્મા કહેલો છે, એવો શ્રેષ્ઠ જે પુરુષ તે આ દેહમાં વિદ્યમાન છે. ૨૩]

એ પુરુષ પ્રકૃતિમાં છે; પરંતુ જૂઈના ઝાડને ટેકો આપવા માટે ઊભો કરેલો થાંભલો જેવી રીતે તે વૃક્ષના સર્વ વિકારોથી અલિપ્ત હોય છે, તે પ્રમાણે અલિપ્ત છે; અને પ્રકૃતિમાં અને એનામાં અવની અને આકાશનો અંતર રહેલો છે.[૨૨] હે અર્જુન! એ પ્રકૃતિરૂપ નદીના તીરપ્રાન્તમાં મેરુ પર્વત પ્રમાણે અચળ ઉભેલો હોય છે અને એના બિંબનો જો કે નદીના ગર્ભમાં પાત

થએલો હોય છે, તો પણ તેના પ્રવાહમાં એ વહી જતો નથી.[૨૩] પ્રકૃતિ ઉત્પન્ન થાય છે અને લય પણ પામે છે (એમ દેખાય છે); તથાપિ એ તો (અનાદિ સિદ્ધ બ્રહ્મ) કાયમનો કાયમજ હોય છે અને એટલા માટે જ એ સમસ્ત જગતનો શાસ્તા છે.[૨૪] પ્રકૃતિ એના યોગે જ બચે છે અને એના યોગે જ જગત્ નિર્માણ થાય છે એટલે એ પ્રકૃતિનો વલ્લભ (પતિ) છે.[૨૫] હે કિરીટી! અનંતકાળથી ચાલતી આવેલી સૃષ્ટિ કલ્પાંત સમયે એમાંજ લય પામે છે.[૨૬] એ પ્રકૃતિનો સ્વામી છે; અને આ બ્રહ્માંડનો સૂત્રધાર હોઇને પ્રપંચને અજમાવનારો છે;[૨૭] તેમ જ આ દેહમાં જેને પરમાત્મા કહેવામાં આવે છે, તે એ જ છે, એમ જાણ.[૨૮] હે પાંડુસુત! પ્રકૃતિથી પર એક પુરુષ છે એમ જે કહેવામાં આવે છે, તે પુરુષ ખરેખર એ જ છે.[૨૯]

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥ २४ ॥

[જે એ પ્રમાણે પરમાત્માને અને ગુણો સહિત પ્રકૃતિને જાણે છે, તે સર્વ પ્રકારે કર્મો કરતો હોવા છતાં પણ પુનઃ જન્મ પામતો નથી. ૨૪]

જે એ પુરુષને એ પ્રમાણે પૂર્ણતાથી જાણે છે અને તેવી જ રીતે સર્વ ગુણ અને કર્મો પ્રકૃતિનાં છે એ પણ જાણે છે;[૧૦૩૦] તેમ જ હે ધનંજય! પુરુષ રૂપ હોઇને પ્રકૃતિ તેની છાયા છે તેમ જ પુરુષ જળ હોઇને પ્રકૃતિ મૃગજળ છે, એવો નિશ્ચય કરવો.[૩૧] હે અર્જુન! એ પ્રમાણે જેણે પોતાના મનમાં પુરુષ અને પ્રકૃતિ વિશે વિચાર કરીને નિશ્ચય કીધો છે,[૩૨] તે શરીરવડે જો કે સર્વ કર્મો કરે છે, તોપણ આકાશ જેમ ધૂળ ઉચે ઉડવાથી મલિન થતું નથી, તેમ તે પ્રકૃતિનાં કર્મોથી અલિપ્ત જ હોય છે.[૩૩] જીવનકાળમાં જે દેહના મોહમાં પડીને પ્રકૃતિને આધીન થતો નથી, તે દેહના જવા પછી પાછો જન્મ પામતો નથી.[૩૪] પ્રકૃતિ અને પુરુષ વિશેનું પૂર્ણ જ્ઞાન જેને થાય છે, તે જ્ઞાન એ રીતે મનુષ્યપર અલૌકિક ઉપકાર કર્તા થાય છે.[૩૫] પરંતુ એ સૂર્ય સમાન નિર્મળ જ્ઞાનનો તારા હૃદયમાં ઉદય થાય, એ માટેના અનેક ઉપાયો છે તે હું કહું છું તે તું સાંભળ.[૩૬]

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥ २५ ॥

[કોઇ ધ્યાનના યોગે શુદ્ધ થએલા મનવડે જ પોતામાં આત્માને નિહાળે છે; કોઇ વિચારથી ને કોઇ કર્મયોગથી પોતામાં આત્માનો સાક્ષાત્કાર કરે છે. ૨૫]

હે સુભટ! કોઇ વિચારરૂપ સગડીમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસરૂપ પુટો આપીને આત્માપરના અનાત્મરૂપ કાટને કાઢી નાખી, આત્મરૂપ સુવર્ણને શુદ્ધ કરે છે;[૩૭] છત્રીસ ભેદરૂપ હીણા કસને બાળી નાખીને પોતાના શુદ્ધ તત્ત્વને શોધી લે છે;[૩૮] ત્યાર પછી, હે અર્જુન! તે આત્મસ્વરૂપના ઉદરમાં આત્મજ્ઞાનની દૃષ્ટિથી આત્મસ્વરૂપને નિહાળે છે;[૩૯] અને કેટલાકો દૈવયોગથી, કેટલાકો સાંખ્યયોગથી અને કોઈ કર્મયોગના આધારે આત્મસ્વરૂપનો પરિચય કરી લે છે.[૧૦૪૦]

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥ २६ ॥

[એ પ્રમાણે જેમને આત્માનું જ્ઞાન નથી હોતું તેવા બીજા લોકો ગુરુમુખથી આત્મજ્ઞાનનું શ્રવણ કરીને આત્માની ઉપાસના કરે છે; તે સાંભળીને ઉપાસના કરનારાઓ પણ જન્મમૃત્યુને તરી જાય છે. ૨૬]

એવા ભિન્ન ભિન્ન પ્રકારોવડે ખરેખર સર્વ જન આ સંસારરૂપ સાગરને તરી જાય છે.[૪૧] પણ તેઓ એમ કરે છે કે, કોઇ પણ પ્રકારના અભિમાનને ત્યાગીને શ્રદ્ધાથી એકના વચનમાં વિશ્વાસ રાખે છે.[૪૨] જે મનુષ્યના વચનમાં વિશ્વાસ રાખવામાં આવે, તે હિત અને અહિતને જોનારો, આપણાં દુઃખોનું મમતાથી નિવારણ કરનારો, આપણી પૃચ્છા કરીને ક્ષીણતાને હરનારો અને અંતે સુખ દેનારો છે, એ જાણી લઇને,[૪૩] પછી તે પુરુષના મુખમાંથી જે જે શબ્દ નીકળે તે સર્વનો ઉત્તમતાથી આદર કરી તેમનું શ્રવણ કરી પોતાનાં તનમન તેને અર્પણ કરી દે છે;[૪૪] તેના શબ્દોનું શ્રવણ કરવામાટે પોતાના સર્વ વ્યવહારોને છોડી દે છે અને તેના મુખમાંથી પડતા શબ્દોપરથી પોતાનું જીવન ઓવારી નાખે છે.[૪૫] હે કપિધ્વજ! (એવી રીતે જેઓ વર્તે છે,) તેઓ અંતે આ મૃત્યુરૂપ સમુદ્રમાંથી ઉત્તમ પ્રકારે (તરીને) પાર ઉતરી જાય છે.[૪૬] એવી રીતે આ મૃત્યુલોકમાં બ્રહ્મ વસ્તુને જાણવાના અનેક માર્ગો છે.[૪૭] પણ હવે એ બહુ ઉપાયોને રહેવા દે. એ સર્વનું મંથન કરીને હું તને સિદ્ધાંતરૂપ નવનીત (માખણ) જ આપું છું.[૪૮] તેના યોગે, હે અર્જુન! તને સહજ અનુભવ થતાં બ્રહ્મરૂપ થવાના કાર્યમાં શ્રમ નહિ થાય,[૪૯] એટલા માટે મતવાદીઓનું ખંડન કરી એક સિદ્ધાંત નિશ્ચિત કરીને હું તને કેવળ શુદ્ધ તત્ત્વ જ કહું છું.[૧૦૫૦]

यावत्संजायते किंचित्सत्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २७ ॥

[હે ભરતશ્રેષ્ઠ! સ્થાવર અથવા જંગમ કોઇપણ પ્રાણી ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ (ઉત્પન્ન) થએલો છે, એમ તારે સમજવું. ૨૭]

ક્ષેત્ર શબ્દવડે મેં તને જે કાંઇ પણ બતાવ્યું છે અને ક્ષેત્રતરિકે જે સર્વ કહ્યું છે,[૫૧] તે પરસ્પરના ઐક્યમાંથી જ આ સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. વાયુના સંયોગથી જેવી રીતે જળમાં લહરીઓ ઉત્પન્ન થાય છે;[૫૨] અથવા, હે વીર! મરુભૂમિમાં સૂર્ય કિરણો પડતાં જેમ મૃગજળની લહરીઓપર લહરીઓ નિર્માણ થાય છે;[૫૩] અથવા વર્ષાની ધારાઓ પૃથ્વીપર પડતાં જેવી રીતે કોટયવધિ અંકુરો પૃથ્વીપર નિર્માણ (ઉત્પન્ન) થાય છે;[૫૪] તે જ પ્રમાણે સર્વ ચરાચર–જેને પણ 'જીવ' નામ આપવામાં આવતું હોય તે–એ ઉભયના સંયોગથી જ ઉત્પન્ન થાય છે, એમ તારે જાણવું.[૫૫] એટલા માટે, હે અર્જુન! એ પુરુષ અને પ્રકૃતિથી ભૂતવ્યક્તિ ભિન્ન નથી.[૫૬]

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ २८ ॥

[જે નાશવંત સર્વ ભૂતોમાં સમાનતાથી રહેનારો અને નાશ ન પામનારો એ પ્રમાણે પરમેશ્વરને જે જાણે છે, તે જ ખરો જ્ઞાની છે. ૨૮]

વસ્ત્ર પોતે જો કે તંતુ નથી, છતાં તે તંતુઓવડે જ વણાયલું હોય છે, એ પ્રમાણે તે પૂર્ણ દૃષ્ટિ રાખીને ઇશ્વર અને પ્રકૃતિમાંના ઐકયને નિહાળે છે.[૫૭] આ સર્વ ભૂતો એકમાંથી એક નિર્માણ થએલાં છે; પણ તું એમનો અનુભવ આવી રીતે લે.[૫૮] એ જ પ્રમાણે, તેમનાં નામો

નિરનિરાળાં હોઇને વર્તન પણ ભિન્ન હોય છે; અને સર્વના વેષ પણ નાના પ્રકારના હોય છે.[૫૯] એવી અવસ્થા જોઇને તું મનમાં જો એવી જ ગાંઠ બાંધી લે કે, આત્મા અને ભૂતો વચ્ચે ભેદ જ રહેલો છે, તો હે અર્જુન! તું કોટયવધિ જન્મપર્યન્ત આ સંસારમાંથી પાર પડવાનો નથી.[૧૦૬૦] જેવી રીતે એક દૂધીની વલ્લરીને જેવો જેવો આધાર હોય તેમ તેમ-તે પ્રમાણમાં-તુમડાં લાંબાં, ગોળ કે વાંકાં થાય છે;[૬૧] બોરડીના ઝાડની ડાળ્યો સરળ હોય કે વાંકી હોય તોય તેને બોરડીની ડાળ જ કહેવામાં આવે છે; તેવી રીતે જ જીવ માત્ર જો કે ગાંડા હોય કે વક્ર હોય તોપણ તેમાંની આત્મા નામક જે કંઈ વસ્તુ છે, તે તો સરળ જ છે.[૬૨] અંગારા અનેક હોય, તોય તેમનામાંની ઉષ્ણતા તો એક સરખી જ હોય છે; તેજ પ્રમાણે જીવના અનેક રાશિ હોય, તોપણ તેમાંનો આત્મા તો એક જ છે.[૬૩] હે વીર અર્જુન! સમસ્ત ગગનમાંથી જો કે વર્ષા-જળની ધારાઓ પડતી હોય છે; તો પણ તેમનામાંનું પાણી તો એક જ હોય છે, તે પ્રમાણે, આ ભૂતોના આકાર કદાચિત્ જૂદા જૂદા હોય, તોપણ સર્વમાં જે આત્મા રહેલો છે તે તો એકનો એક જ છે.[૬૪] ઘટ અથવા મઠમાંનું આકાશ જો કે જૂદા આકારનું હોય; તોપણ તે આકાશરૂપે તો એક જ હોય છે; તે જ પ્રમાણે, ભૂતો જો કે નિરાળાં હોય, તોપણ તેમનામાંની આત્મા નામક વસ્તુ તો એક જ છે.[૬૫] સુવર્ણના બાહુભૂષણ આદિ અલંકારો અનેક હોવા છતાં તે સર્વમાંના સુવર્ણનો કસ તો એક જ હોય છે; એ પ્રમાણે, ભૂતોનો ભાસ નાશવંત છે, પણ તે સર્વમાંનો આત્મા તો અવિનાશી જ છે.[૬૬] એ પ્રમાણે આત્મા જો કે જીવથી અભિન્ન છે, તોપણ તે જીવના ધર્મોથી ભિન્ન છે, એમ જે જાણે છે, તે સર્વ જ્ઞાનીઓમાં ઉત્તમ જ્ઞાની છે;[૬૭] અને એ પ્રમાણે જે સર્વ જ્ઞાનીઓમાં સનેત્ર દેખતો છે તે સ્તુતિને પાત્ર છે. એટલું જ નહિ પણ, હે અર્જુન! તે જ કેવળ ભાગ્યશાળી છે.[૬૮]

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ २९ ॥

[સર્વ ભૂતોમાં પરમાત્મા સમદૃષ્ટિથી રહેલો છે એમ જાણીને જે પોતાના આત્મસ્વરૂપનો નાશ કરતો નથી, તે ઉત્તમ ગતિને પામે છે. ૨૯]

આ શરીર એટલે ગુણ અને ઇન્દ્રિયો એમની હજામની કોથળી છે. વાત, પિત્ત અને કફ એ (ત્રણ) ધાતુઓથી એ ભરેલું છે. એ શરીર અધમ છે અને તે પાંચ તત્ત્વોનું બનેલું હોઇને બળવાન્ છે;[૬૯] એ પ્રકટ પાંચ કાંટાવાળો વીંછી જ છે; એને પાંચ પ્રકારના અગ્નિયો લાગેલા છે અને આ જીવરૂપ પંચાનન (આત્મા) એ સાંડસીમાં એટલે કે શરીરમાં સપડાયલો છે;[૧૦૭૦] આ શરીરનો જો કે એવો પ્રકાર છે, તો પણ અશાશ્વતરૂપ ભાવના ઉદરમાં આત્મા નશ્વર નથી એવી બુદ્ધિની છુરી કોઇ પણ ઘાલતું નથી;[૭૧] તથાપિ, હે અર્જુન! જે જ્ઞાની છે તે આ દેહમાં રહીને પણ પોતાનો ઘાત ન કરતાં અંતે બ્રહ્મપદને જ જઈ મળે છે.[૭૨] યોગ જ્ઞાનની પ્રૌઢતાથી કોટ્યવધિ જન્મોને ઉલ્લંઘી 'અમે પાછા જન્મ ધારણ કરવાના નથી' એમ કહી યોગીજનો જે પદમાં ડુબકી મારે છે;[૭૩] જે પરબ્રહ્મ, આકારની પેલે પાર અને નાદની પેલી તરફના ટેકરાપર તૂર્યાવસ્થાના અંતર્ગૃહમાં હોય છે;[૭૪] અને જેવી રીતે સર્વ નદીઓ સમુદ્રમાં મળવા માટે ધસી આવે છે, તેવી જ રીતે, તેનામાં મોક્ષ સુદ્ધાં સર્વ ગતિયો વિશ્રાંતિ લેવાને પધારે છે,[૭૫] અને જે ભૂતોના ભેદથી પોતાની બુદ્ધિમાં ભેદ થવા દેતો નથી, તેને એવા એ બ્રહ્મનું સુખ આ દેહમાં જ ઉપભોગ માટે આવી મળે છે.[૭૬] દીપક અનેક હોય, તોપણ તે સર્વનું તેજ જેમ એક જ હોય છે; તે જ પ્રમાણે, પૂર્વથી અનાદિ આત્મા સર્વત્ર ભરેલો છે.[૭૭] હે પાંડુસુત! જેનું, જીવ અને આત્માવિશે એ પ્રમાણે

સમભાવિત્વ છે, તે જન્મમરણના સપાટામાં સપડાતો નથી.૭૮ જે સામ્યરૂપ શય્યામાં સ્વસ્થતાથી નિદ્રાધીન થએલો હોય છે, તેને હું દૈવશાળી-અહોભાગી-પૂર્ણ મુમુક્ષુ-કહું છું અને વારંવાર તેનું વર્ણન કરું છું.૭૯

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ ३० ॥

[પ્રકૃતિના યોગે જ સર્વ પ્રકારનાં કર્મો કરાય છે, એમ જે જાણે છે; અને આત્મા કર્ત્તા નથી એમ જે નિહાળે છે, તે જ ખરો જ્ઞાની છે. ૩૦]

અને મન, બુદ્ધિ ઇત્યાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોથી થનારાં કર્મો તે પ્રકૃતિનાં જ કર્મો છે એમ જે પૂર્ણતાથી જાણે છે;૧૦૮૦ ઘરમાંનાં માણસો સર્વ (પ્રકારનો વ્યવહાર-સંસારનાં કામકાજો) કરતાં હોય છે, પરંતુ ઘર (સંસાર આ જીવ-આત્માનો સાથી નથી એમ માની;) જેમ કાંઇપણ કરતું નથી; તેમ જ આકાશમાં વાદળાં દોડતાં દેખાય તોય આકાશ તો સ્થિર જ હોય છે,૮૧ તે પ્રમાણે, પ્રકૃતિ આત્માના પ્રકાશથી ગુણયુક્ત બની અનેક રમતો રમે છે; તથાપિ આત્મા તો સ્તંભ પ્રમાણે, અચલ હોઈને તેણે (પ્રકૃતિએ) કરેલાં કર્મોને જાણતો પણ નથી.૮૨ એ પ્રમાણેનો અનુભવ લઇ જેણે પોતાના હૃદયમાં પ્રકાશ પાડેલો હોય છે, તેણે આત્માને સંપૂર્ણતાથી જાણ્યો છે, એમ તારે સમજવું.૮૩

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ३१ ॥

[જ્યારે સર્વ ભૂતોની ભિન્નતાને એક પરમેશ્વરમાં જ જુએ છે અને પરમેશ્વરમાંથી જ આ જગતનો વિસ્તાર થએલો છે એમ જાણે છે, ત્યારે જ તે બ્રહ્મસંપન્ન થાય છે. ૩૧]

હે અર્જુન! એવો પુરુષ ભિન્ન ભિન્ન ભૂતોને એક રૂપે જ જુએ છે, તે વેળાએ તે પુરુષને બ્રહ્મસંપન્ન થએલો જાણવો.૮૪ જેવી રીતે પાણીમાંની લહરીઓ અથવા ભૂમિમાંના પરમાણુના કણ કિંવા સૂર્યમાંનાં સૂર્યકિરણો,૮૫ અથવા દેહમાંના સર્વ અવયવો, મનમાંના સર્વ ભાવો અને અગ્નિમાંથી ઊડનારી ચિંગારીઓ-એ સર્વ વસ્તુઓ પોતાના ઉત્પત્તિ સ્થાનથી કદાચિત ભિન્ન દેખાય, તોપણ જે ભૂમિકામાંથી તે ઉત્પન્ન થએલી છે, તેની જોડે તે સર્વ સામ્ય ધારીને જ રહેલી હોય છે;૮૬ એવી રીતે, પ્રાણિમાત્ર એક જ આત્મામાંથી ઉત્પન્ન થએલાં છે, એવો જેના મનનો ખરેખરો નિશ્ચય થઇ ગએલો હોય છે, તેને જ બ્રહ્મરૂપ સંપત્તિની નૌકા હસ્તગત થએલી છે એમ કહેવાય છે.૮૭ એ નિશ્ચય થયા પછી તે જ્યાં પણ દૃષ્ટિ દોડાવે છે, ત્યાં સર્વ તેને બ્રહ્મમય જ દેખાય છે. વધારે શું કહેવું? તેને અપાર સુખની પ્રાપ્તિ થાય છે.૮૮ પણ હે પાર્થ! જેવી રીતે તને પ્રકૃતિ અને પુરુષની વ્યવસ્થા અનુભવસિદ્ધ દૃષ્ટાંતો સહિત કહી સંભળાવી, તેવી જ રીતે તે તે તારા સમજવામાં આવી કે?૮૯ જેમ અમૃત હાથમાં આવે અથવા ભૂમિગત ભંડાર દૃષ્ટિગોચર થાય, તેવી જ યોગ્યતાનો આ લાભ છે, એમ તારે માનવું.૧૦૯૦ હે સુભદ્રાપતે! આ પ્રાપ્ત થએલા અનુભવના આધારે તું પોતાના મનમાં જે એક વિચારને દૃઢ કરવાનો હોય, તે અત્યારે જ કરીશ નહિ, કારણ કે, એ વિશે૯૧ બીજા પણ બેક ગહન વિચારો હું તને કહેવાનો છું અને તે, તારું મન મને જામીન તરીકે આપી દીધા પછી હું તને કહીશ.૯૨ એ પ્રમાણે બોલવાનો શ્રી ભગવાને આરંભ કર્યો અને પોતાના સર્વાંગને અવધાનમય કરીને અર્જુન તે સાંભળવાને તૈયાર થયો.૯૩

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥ ३२ ॥

[હે કૌન્તેય! આ આત્મા અનાદિ અને નિર્ગુણ હોવાથી અવિનાશી છે; અને એટલા માટે તે શરીરમાં હોવા છતાં કાંઇ પણ કરતો નથી અને કશાથી પણ લિપ્ત થતો નથી. ૩૨]

ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા; જેવી રીતે સૂર્યનો પ્રતિબિંબ પાણીમાં પડવા છતાં પાણીથી અલિપ્ત હોય છે, તે પ્રમાણે જ, જેને પરમાત્મા કહેવામાં આવે છે તે શરીરમાં હોવા છતાં શુદ્ધ સ્વરૂપ જ હોય છે એમ જાણ.[૯૪] હે કિરીટી! સૂર્ય પાણી ઉત્પન્ન થવા પૂર્વે અને પશ્ચાત્ આગળ હતો તે પ્રમાણે જ કાયમ હોય છે; પરંતુ અજ્ઞાની જનોની દૃષ્ટિથી પાણીમાં દેખાતું તે પ્રતિબિંબ તેમને સૂર્ય જ ભાસે છે.[૯૫] તે જ પ્રમાણે, આત્મા દેહમાં છે, એમ કહેવું સત્ય નથી; કારણ કે, તે તો દેહ ઉત્પન્ન થવા પહેલાં જ્યાં હતો, ત્યાં ત્યાર પછી પણ હોય છે.[૯૬] જેવી રીતે દર્પણમાં પોતાનું સ્વરૂપ હોવાનો ભાસ થાય છે, તે જ પ્રમાણે આત્મા દેહમાં નિવાસ કરે છે એમ કહેવું સર્વથા મિથ્યા છે.[૯૭] તે દેહનો અને આત્માનો પરસ્પર સંબંધ છે, એમ કહેવું સર્વથૈવ વ્યર્થ છે. વાયુ અને વાલુકાની કદાપિ ગાંઠ બાંધી શકાય છે કે? (કારણ કે, એક અદૃશ્ય અને બીજી જડ વસ્તુ છે.)[૯૮] તેમ જ, અગ્નિ અને રૂ એ ઉભયને એક દોરીમાં કેમ કરીને પરોવી શકાય? અને આકાશ તથા પાષાણનું જોડું પણ કેવી રીતે મેળવી શકાય?[૯૯] (એક જ સ્થાનમાંથી નીકળીને) એક મનુષ્ય પૂર્વ દિશામાં પ્રયાણ કરે અને બીજો પશ્ચિમમાં પગ લંબાવે અને પછી તેમનો મેળાપ થાય તેવો જ આ સંબંધ છે, એમ માની લેવું.[૧૧૦૦] પ્રકાશ અને અંધકાર, મૃત અને સજીવન મનુષ્ય આદિનો જેમ એક બીજા સાથે સંબંધ નથી; તે જ પ્રમાણે, આત્મા અને શરીરનો પણ પરસ્પર સંબંધ હોતો નથી, એમ જાણ.[૧] રાત્રિ અને દિવસ, સુવર્ણ અને રૂ આદિનો જેમ પરસ્પર સંબંધ નથી; તે જ પ્રમાણે, આત્મા અને દેહનો પણ એક બીજા સાથે સંબંધ નથી.[૨] તપાસ કરી જોતાં આ શરીર પંચતત્ત્વનું બનેલું છે અને તે કર્મોની દોરીમાં પરોવાયલું છે, તેમ જ જન્મમૃત્યુના ભવચક્રમાં ભ્રમણ કર્યા કરે છે.[૩] કાળરૂપ અગ્નિના મુખમાંના માખણની ઉંડાઈ પ્રમાણે (શરીર) નાખેલું હોઇને માખની પાંખને હીલતાં જેટલો સમય લાગે તેટલા અલ્પ સમયમાં જ આ શરીર નષ્ટ થઈ જાય છે.[૪] આ દેહ જો અગ્નિમાં પડે, તો તેની રક્ષા થઇને ઊડી જાય છે અને કૂતરાના સપાટામાં સપડાય તો તેની વિષ્ઠા બને છે.[૫] હે કપિધ્વજ! એ બે અપઘાતોમાંથી જો તે બચી જાય, તો જે સ્થાનમાં એનો નાશ (પાત) થાય, તે સ્થાને એનામાં કીડાઓના ખદબદતા સમુદાયો મળી આવે છે. એવી રીતે એનું અધમ પરિણામ થાય છે.[૬] આ દેહની એવી નિકૃષ્ટ દશા થાય છે, પરંતુ આત્મા તો સિદ્ધ, નિત્ય, સહજ અને અનાદિ જ છે.[૭] તે નિર્ગુણ હોવાથી પૂર્ણ પણ નથી અને અપૂર્ણ પણ નથી; ક્રિયા કરનાર પણ નથી અને નિષ્ક્રિય પણ નથી; તેમ જ ગળી ગએલો પણ નથી અને પુષ્ટ પણ નથી.[૮] તે નિરાકાર હોવાથી દૃશ્ય પણ નથી અને અદૃશ્ય પણ નથી; તેજસ્વી પણ નથી અને નિસ્તેજ પણ નથી; તેમ જ અલ્પ પણ નથી અને વિશેષ પણ નથી.[૯] તે શૂન્ય હોવાથી ખાલી પણ નથી અને ભરેલો પણ નથી; કશાથી રહિત પણ નથી અને કશાથી સહિત પણ નથી; તેમ જ તે સાકાર પણ નથી અને નિરાકાર પણ નથી.[૧૧૧૦] તે આત્મસ્વરૂપ હોવાથી તેને આનંદ પણ નથી અને શોક પણ નથી; તેને એકરૂપ પણ નથી અને અનેકરૂપો પણ નથી; તેમ જ તે કશાથી મુક્ત પણ નથી અને કશાથી બદ્ધ પણ નથી.[૧૧] તે લક્ષણ રહિત હોવાથી આટલો કિંવા તેટલો; સ્વતઃસિદ્ધ અથવા બનેલો તેમ જ બોલકો કે મૂંગો, એમાંનો કોઈ નથી.[૧૨] સૃષ્ટિના થવા સાથે એ થતો નથી અને સૃષ્ટિનો સંહાર

થતાં લય પામતો નથી; તેમ જ એ હોવું અને ન હોવું એ ઉભય સ્થિતિયોનું લયસ્થાન છે.[૧૩] તે અવ્યય હોવાથી તેની ગણના કે વર્ણન કરી શકાતાં નથી; તે વધતો કે ઓછો થતો નથી અને તે કંટાળતો કે ખર્ચાતો પણ નથી.[૧૪] હે પ્રિયોત્તમ! એવું જે આત્માનું સ્વરૂપ છે, તે દેહમાં છે એમ જેઓ કહે છે; તેમનું તે કહેવું મઠમાંના આકાશને સાકાર કહેવા જેવું જ વ્યર્થ છે.[૧૫] તેમ જ આત્માની અખંડતા વિશેનો વિચાર ન કરતાં તે શરીરને ધારણ કરે છે અથવા ત્યાગે છે, એમ બોલવું પણ વ્યર્થ છે; કારણ કે, હે અર્જુન! તે શરીરને ધારણ કરતો નથી અને ત્યાગી જતો પણ નથી; તે તો પરાપૂર્વથી જેવો છે તેવો ને તેવો જ હોય છે.[૧૬] જેવી રીતે આકાશમાં દિવસ તથા રાત્રિ આવે છે અને જાય છે; તે પ્રમાણે આ આત્મામાં દેહ આવે છે અને જાય છે, પરંતુ તેથી તે લિપ્ત થતો નથી.[૧૭] એટલા માટે, આ શરીરમાં તે કાંઈ પણ કરતો નથી અને કરાવતો પણ નથી; તેમ જ શરીરના કોઈ પણ વ્યાપારમાં આસક્ત થતો નથી.[૧૮] અર્થાત્ તેના સ્વરૂપમાં કશી પણ ન્યૂનતા કે અધિકતા થતી નથી; એટલું જ નહિ, પણ તે દેહમાં હોવા છતાં પણ સર્વ વ્યાપારોથી અલિપ્ત જ હોય છે.[૧૯]

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ ३३ ॥

[જેવી રીતે સર્વવ્યાપક આકાશ સૂક્ષ્મતાને લીધે કશાથી પણ લિપ્ત થતું નથી; તેવી જ રીતે સર્વ દેહમાં રહેલો આત્મા દેહાદિકનાં કર્મોવડે લિપ્ત થતો નથી. ૩૩]

હે અર્જુન! જેને આકાશ કહેવામાં આવે છે, તે કયાં નથી? અને તેનો કયાં પ્રવેશ નથી થતો? એટલે કે, તે સર્વત્ર છે. પરન્તુ જેવી રીતે તેને કશાથી પણ પીડા થતી નથી,[૧૧૨૦] તેવી જ રીતે જો કે આત્મા સર્વત્ર સર્વ દેહોમાં રહેલો છે, તોપણ દેહના ઉપાધિથી તે લિપ્ત થતો નથી.[૨૧] એટલા માટે, તું વારંવાર એ શુદ્ધ તત્ત્વને ધ્યાનમાં રાખ કે, આત્મા દેહથી ભિન્ન છે.[૨૨]

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ ३४ ॥

[હે ભારત! જેમ એકલો સૂર્ય સર્વ જગતને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે ક્ષેત્રજ્ઞ સર્વ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે. ૩૪]

લોહચુંબકના સંસર્ગથી લોહ ચલાયમાન થાય છે, પરંતુ લોહ પોતે લોહચુંબક નથી. એ જ અવસ્થા આત્મા અને દેહને લાગૂ પડે છે.[૨૩] દીપજ્યોતિના પ્રકાશથી ગૃહમાંના સર્વ વ્યવહારો કરી શકાય છે, પણ દીપક અને ગૃહ વચ્ચે તો કોટિશઃ અંતરો રહેલા છે.[૨૪] હે કિરીટી! કાષ્ઠના ઉદરમાં અગ્નિ રહેલો છે, છતાં અગ્નિ કાષ્ઠ નથી; એ જ દૃષ્ટિથી આત્માને નિહાળવો.[૨૫] આકાશ અને વાદળાં કિંવા સૂર્ય અને મૃગજળમાં જેટલો અંતર છે, તેટલો જ દેહ અને આત્મા વચ્ચે પણ અંતર રહેલો છે, એમ જાણ.[૨૬] હુવે આ સર્વ વાતોને એક બાજૂએ મૂક! પરંતુ ગગનમાં સૂર્ય એકલો હોવા છતાં જેમ જૂદા જૂદા સર્વ લોકોને પ્રકાશ આપે છે,[૨૭] તેવી જ રીતે, આત્મા સર્વ દેહોમાં પ્રકાશને વિસ્તારનારો છે. હવે પછી આત્મા અને દેહ વિશે પુનઃ શંકા કરીને કાંઈ પણ પૂછીશ નહિ.[૨૮]

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यांति ते परम् ॥ ३५ ॥

[જે આ પ્રમાણે, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ મધ્યેના અંતરને અને સર્વ ભૂતોની પ્રકૃતિના બંધનથી કેવી રીતે મુક્તિ થાય છે એ તત્ત્વને જાણે છે, તેઓ બ્રહ્મને પામે છે. ૩૫]

હે શબ્દતત્ત્વસારજ્ઞ! જેના યોગે શરીર અને આત્મા એ ઉભય મધ્યે રહેલો અંતર જાણવામાં આવે છે, તે બુદ્ધિ જ ખરી બુદ્ધિ છે.[૨૯] આ દેહમાંના અંતરને જાણવા માટે ચતુર (મુમુક્ષુ)જનો જ્ઞાની જનોના ઘરના ઊંબરાનાં છોડિયાં ઊખેડી નાખે છે;[૧૧૩૦] અને હે અર્જુન! એને જ જાણવા માટે શાંતિરૂપ સંપત્તિને સ્વાધીન કરી લઈ શાસ્ત્રરૂપી દૂઝતી ગાયને ઘરમાં પાળે છે (નિત્ય શાસ્ત્રાધ્યયન કરે છે).[૩૧] એ જાણવા માટે જ પુરુષ યોગરૂપ આકાશમાં ઉડ્ડાણ કરી જવાની મનમાં આકાંક્ષા ધરાવે છે;[૩૨] શરીર આદિ સર્વને તૃણ સમાન માને છે અને સંત જનોની પાદુકાને પોતાના મસ્તકે ધારણ કરે છે.[૩૩] એ પ્રમાણે જ્ઞાનનાં સાધનો સાધીને અંતઃકરણનો નિશ્ચય કરી લે છે.[૩૪] એ પછી શરીર અને આત્મા મધ્યેનો ખરો અંતર તેમને દેખાય છે. વચ્ચે ભગવાન્ કહે છે કેઃ—તેના જ્ઞાનપરથી હું મારા જ્ઞાનને ઓવારી નાખું છું.[૩૫] અને આ પૃથ્વીપર પ્રાણીઓના ભિન્નભિન્નરૂપે જે આ અસત્ય માયા પ્રસરેલી છે;[૩૬] જે શુકનલિકા ન્યાયથી જીવોની પાછળ ન લાગવા છતાં લાગેલી છે એમ દેખાય છે; એવી આ વસ્તુસ્થિતિ પૂર્ણતાથી જેના જાણવામાં આવેલી હોય છે;[૩૭] જેવી રીતે રજ્જુમાંની અસત્ય સર્પબુદ્ધિનો લોપ થતાં રજ્જુ તે રજ્જુ જ દેખાય છે;[૩૮] અથવા છીપના ચમકાટથી તેમાંના રૂપાના ભાસનો લોપ થતાં તે છીપ છે એમ જાણવામાં આવી જાય છે;[૩૯] તે જ પ્રમાણે, આત્માથી પ્રકૃતિ ભિન્ન છે એવો જે પોતાના અંતઃકરણમાં સાક્ષાત્કાર કરે છે, તેઓ બ્રહ્મરૂપ થાય છે, એમ હું કહું છું.[૧૧૪૦] જે બ્રહ્મ આકાશ કરતાં પણ અધિક વ્યાપક છે, જે પ્રકૃતિનો પર તીર પ્રદેશ છે; અને જે પ્રાપ્ત થતાં પોતા પાસેથી કોઇને દૂર કરતો નથી;[૪૧] જે બ્રહ્મમાં પ્રકૃતિના અનુરોધથી પ્રાપ્ત થએલા આકારનો લોપ થાય છે, જીવભાવ ગળી જાય છે અને દ્વૈતભાવ અદૃશ્ય થાય છે, એવો જે અદ્વય છે;[૪૨] હે પાર્થ! એવું જે એ પરમતત્ત્વ તે પુરુષ પોતે જ બને છે, કે જેઓ (દૂધ અને પાણીને ભિન્ન કરનારા) રાજહંસ પ્રમાણે આત્મા અને પ્રકૃતિને ભિન્ન કરી નાખે છે!”[૪૩]

(જ્ઞાનેશ્વર કહે છે કેઃ—) એ પ્રમાણે શ્રીકૃષ્ણે અર્જુનને પ્રકૃતિ અને આત્મા વિશેનો અનુભવ કરાવી આપ્યો.[૪૪] જેવી રીતે એક પાત્રમાંના પાણીને બીજા વાસણમાં રેડીએ, તે પ્રમાણે શ્રીહરિએ પોતાના હૃદયમાંના જ્ઞાનને અર્જુનના હૃદયમાં રેડી દીધું.[૪૫] અને (એમાં વિશેષતા તે શી થઈ? કારણ કે,) જે નર તે જ નારાયણ હોવાથી કોણે કોને આપ્યું? શ્રીકૃષ્ણે (અર્જુન પ્રતિ અંગુલીનિર્દેશ કરીને) ‘આ તે જ હું છું’ એમ કહ્યું.[૪૬] પરંતુ આ વાત મને પૂછયા વિના મારે કહેવાનું કાંઈ પણ પ્રયોજન નથી. (અસ્તુ.) વધારે શું કહેવું? હવે અર્જુનને પોતાનું સર્વસ્વ આપી દીધું.[૪૭] પરંતુ ભગવાને જો કે એટલું બધું વિવેચન કર્યું, તો પણ તેથી તૃપ્ત ન થતાં અર્જુન, જો દેવ હજી પણ વધારે બોલે તો સારું એવી મનમાં આકાંક્ષા કરવા લાગ્યો.[૪૮] દીવામાં જેમ જેમ વધારે તેલ પૂરવામાં આવે, તેમ તેમ તે વધારે પ્રકાશ આપે છે, તેવી જ રીતે શ્રીકૃષ્ણ જેમ જેમ વધારે બોલવા લાગ્યા, તેમ તેમ અર્જુનની તેમનાં વચનોને સાંભળવા માટેની ઇચ્છા વધવા લાગી.[૪૯] જેવી રીતે કોઈ એક સ્ત્રી સુઘડ હોય અને પીરસવામાં જેનો હાથ ઉદાર હોય તેમ જ જમનાર પણ ચતુર અને ભોકતા હોય તો બન્નેને પીરસવાની અને જમવાની પરસ્પર હોંસ પેદા થાય છે;[૧૧૫૦] તે જ પ્રમાણેની અર્જુનની સાંભળવા માટેની હીલચાલ જોઈને દેવની પણ વિશેષ કહેવાની ઇચ્છા થઈ અને તેમનું વ્યાખ્યાન ચારગણું વધી ગયું.[૫૧] જે પ્રમાણે અનુકૂલ વાયુના મેઘ એકત્ર થતાં વૃષ્ટિ થાય છે; કિવા ચન્દ્રોદય થતાં જ સમુદ્રમાં ભરતી આવે છે; તે જ પ્રમાણે સાંભળનારની આદર બુદ્ધિથી વકતાને બોલવાનું સ્ફુરણ ચઢે છે.[૫૨]

સંજય કહે છે કેઃ—હે ધૃતરાષ્ટ્ર રાજા! એ પ્રમાણે, અર્જુનની સાંભળવાની ઇચ્છાને જોઇને દેવ પોતાના જે વકતૃત્વથી જગતને આનંદભરિત કરવાના છે, તે વકતૃત્વનું તું શ્રવણ કર.[૫૩]

એ પ્રમાણે, મહાભારતમાં ભીષ્મપર્વની સંગતિમાં શ્રી વ્યાસ મુનિએ પોતાની અમર્યાદ બુદ્ધિથી જે કથા કહેલી છે,[૫૪] તે શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ ઉત્તમ મરાઠી ભાષામાં ઓંવી નામના છંદમાં હું કહું છું.[૫૫] હું હવે કેવળ શાંતિરસની કથા જ કથીશ. પણ તે શૃંગાર આદિ રસો કરતાં પણ વિશેષ ઉત્તમ થશે.[૫૬] એ દેશભાષા સાહિત્યને શીખવનારી હોઇને પોતાના માધુર્યથી અમૃતને પણ ફીકું પાડશે.[૫૭] જે ચંદ્રના ઉદયથી ચંદ્રકાંત મણિ સવવા માંડે છે, તે ચંદ્રને પણ મારા કથનથી દ્રવ પ્રાપ્ત થશે. તેમ જ, મારા વાકયના રસથી નાદબ્રહ્મ પણ લુપ્તપ્રાય થઈ જશે;[૫૮] અજ્ઞાનીના મનમાં પણ સાત્વિકતાનું પાનું ફૂટશે; અને જે અધિકારી છે, તેને તો સાંભળતાંની સાથે સમાધિ જ લાગી જશે.[૫૯] ગીતાનો અર્થ એવો તો કહી સંભળાવીશ કે, તેનો સર્વ જગતમાં પ્રસાર થતાં તે સર્વ જગતને આનંદદાયક થઈ પડશે.[૧૧૬૦] એથી વિચારની દીનતા મટી જશે અને મન તથા શ્રવણ એકરૂપ થશે અને જ્યાં નજર નાખવામાં આવે ત્યાં બ્રહ્મવિદ્યાની ખાણ જોવામાં આવશે.[૬૧] બ્રહ્મને નેત્રોથી જોતાં સુખનો લાભ થશે અને સમસ્ત જગતમાં આત્મજ્ઞાનનો સુકાળ થશે.[૬૨] મારાપર શ્રી નિવૃત્તિ મહારાજનો અનુગ્રહ હોવાથી હું હમણાં એવું ભાષણ કરીશ કે, આ સર્વ વાતો પોતાની મેળે જ આપના અનુભવમાં આવી જશે;[૬૩] અર્થાત્ પ્રત્યેક અક્ષરમાં કવિત્વ અને ઉપમાની રેલછેલ કરી મૂકીશ; પરંતુ ગ્રંથના પ્રત્યેક પદના અર્થની જડતી આપીશ; (એક પણ પદને છોડી દેવાનો નથી.)[૬૪] એટલે સુધી મને મારા શ્રીમંત ગુરુએ સર્વ શાસ્ત્રમાં નિપુણ કરેલો છે;[૬૫] અને હું જે આ ભાષણ કરું છું તે આપ માન્ય કરો છો અને આપ જેવા સંત-મંડળની સભામાં ગીતાનો અર્થ કહી સંભળાવવાની મારામાં યોગ્યતા આવેલી છે, તે પણ તેમની કૃપાના યોગે જ![૬૬] એવામાં વળી આપના જેવા સંતોનાં ચરણ મારી દૃષ્ટિએ પડ્યાં છે એટલે મને કશી પણ અડચણ પડતી નથી.[૬૭] હે પ્રભો! સરસ્વતી, કે જે સર્વને બોલવાની શક્તિ આપનારી છે, તેને મુંગો બાળક ન અવતરે, એમાં નવાઇ જેવું શું હોય વારુ? લક્ષ્મીના હસ્તમાં સામુદ્રિક ચિહ્નોની ન્યૂનતા ન હોય એ સ્વાભાવિક જ છે.[૬૮] તે જ પ્રમાણે, તમો સંતોસમક્ષ કોઇ પણ આવે અને તે અજ્ઞાની જ રહી જાય એ બની જ કેમ શકે? એટલે હવે હું મારા બોલવામાં નવરસોની રેલછેલ જ કરી નાખીશ.[૬૯] તો, હે પ્રભો! હવે મને થોડોક સમય આપો એટલે હું ઉત્તમતાથી કથાનું કથન કરું. એમ જ્ઞાનદેવે કહ્યું.[૧૧૭૦]

ઇતિશ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકામધ્યે 'ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગયોગ' નામનો અધ્યાય તેરમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો ચતુર્દશ અધ્યાય.

ગુણત્રય વિભાગયોગ.

जयजय आचार्या । समस्तसुरवर्या । प्रज्ञाप्रभातसूर्या । सुखोदया ॥ १ ॥
जयजय सर्वविसांवया । सोऽहंभावसुहावया । नानालोकहेलावया । समुद्रा तूं ॥ २ ॥
आइकें गा आर्तबंधू । निरंतरकारुण्यसिंधू । विशदविद्यावधू । वल्लभा जी ॥ ३ ॥
तूं जयाप्रति लपसी । तया विश्व हें दाविसी । प्रकट तैं करिसी । आवघेंची तूं ॥ ४ ॥

હે ગુરો! તમે સકળ દેવોમાં શ્રેષ્ઠ હોઇને બુદ્ધિરૂપ પ્રકાશના સૂર્ય છો–તમારો જયજયકાર હો.[૧] તમો સર્વના વિશ્રાંતિસ્થાન હોઇને સર્વના હૃદયમાં 'અહમ્' તત્ત્વનો પ્રવેશ કરાવનારા છો, કિંવા તમો સમુદ્રરૂપ હોઇને તમારામાં ચૌદ લોક લહરીઓ પ્રમાણે આન્દોલિત થયા કરે છે; તમારો જયજયકાર હો.[૨] તમો દીનદયાળુ હોઇને નિરન્તર કરુણાના સાગર છો અને બ્રહ્મવિદ્યાવધૂના વલ્લભ (પતિ) છો.[૩] જે કોઈ તમને જાણતો નથી, તેને આ વિશ્વ સત્ય ભાસે છે અને જેઓ તમને જાણે છે, તેમને સમસ્ત વિશ્વમાં તમારા વિના બીજું કાંઇપણ દૃષ્ટિગોચર થતું નથી.[૪]

નજરબંદીના ખેલોમાં ગારોડી જેવી રીતે બીજાની દૃષ્ટિની ચોરી કરે છે; પરંતુ પોતે પોતાને સારી રીતે જાણતો હોય છે; પણ તમારી માયાનો તો એવો પ્રભાવ છે કે, જે તેના સપાટામાં સપડાય છે, તે પોતે પોતાને ઓળખતો જ નથી.[૫] આ જગતમાં તમે જ કોઇને જ્ઞાનનો બોધ આપો છો અને કોઇને માયાના સપાટામાં સપડાવો છો, એવો તમારો સહજ ખેલ નિરંતર ચાલૂ જ છે; તમને નમસ્કાર હો.[૬] જગતમાં જેને પાણી કહેવામાં આવે છે અને તેમાં જે માધુર્ય છે, તે તમારા પ્રતાપથી જ આવેલું છે; અને પૃથ્વીમાં જે સહનશક્તિ રહેલી છે, તેનું કારણ પણ તમારી શક્તિ જ છે.[૭] સૂર્ય અને ચન્દ્ર તો મોટી છીપો પ્રમાણે નિસ્તેજ છે; પરંતુ તેમનો જે પ્રકાશ ત્રણે લોકમાં પડે છે, તે તમારી તેજની શક્તિનો જ પ્રભાવ છે.[૮] ચારે દિશામાં વિચરનારો વાયુ પણ તમારી શક્તિથી જ વિચરતો હોય છે; અને આકાશ જો કે મોટું દેખાય છે, તોય તેનો તમારામાં સમાવેશ થાય છે અને તે તમારા એક ખૂણામાં જ સંતાકૂકડીની રમત રમનાર પ્રમાણે ભરાઈ જાય છે.[૯] વધારે શું કહેવું? સમસ્ત માયા તમારા યોગે જ ઉત્પન્ન થએલી છે અને જ્ઞાન પણ તમારી શક્તિવડે જ ચારે તરફ નિહાળી શકે છે. એટલું જ નહિ, પણ તમારા સ્વરૂપનો પાર ન લાગવાથી શ્રુતિયોથી પણ તેનું વર્ણન કરી શકાયું નથી,[૧૦]

જ્યાં સૂધી તમારાં દર્શન થએલાં નથી હોતાં ત્યાં સૂધી વેદો તમારું વર્ણન કરી શકે છે; પરંતુ આપનાં દર્શન થવા પછી તેમની અને અમારી એક જ દશા થાય છે અને બન્નેને મૌન્ય ધારી સ્વસ્થ થઇ બેસી રહેવું પડે છે.[૧૧] સર્વ જલમય થઇ જતાં એક બિન્દુની જેવી રીતે કશી પણ ગણના હોતી નથી, એટલું જ નહિ પણ તે વેળા મહાનદીઓ પણ ઓળખવામાં આવી શકતી નથી;[૧૨] કિંવા સૂર્યનો ઉદય થતાં તેની સમક્ષ ચન્દ્રનો પ્રકાશ જેમ ફીકોફચ–નિસ્તેજ પડી જાય છે; તે જ પ્રમાણે તમારા સમક્ષ અમો અજ્ઞાની જન અને વેદોની એક સરખી જ યોગ્યતા હોય છે;[૧૩] અને જ્યાં દ્વૈતભાવનો લોપ થતાં પરાસહિત વૈખરી વાણી સ્તબ્ધ રહે છે, તે તમારું હું કયા મુખથી વર્ણન કરી શકું?[૧૪] એટલા માટે હવે તમારી સ્તુતિ કરવાના છન્દને ત્યાગીને ગુપચુપ તમારાં ચરણોમાં મસ્તક રાખી દેવું એ જ ઉત્તમ માર્ગ છે.[૧૫] તો, હે ગુરુરાજ! તમે જેવા છો તેવા તમને હું નમસ્કાર કરું છું. તમે મારા ગીતાર્થકથનરૂપ વ્યાપારમાં મને નફો કરાવી આપનારા શાહુકાર થાઓ.[૧૬]

તમારી પોતાની કૃપારૂપ નાણાંની કોથળીની ગાંઠને છોડીને મારી મતિરૂપ થેલીને ભરો અને તમે મહાન્ હોવાથી મને જ્ઞાનપદ (જ્ઞાનરૂપ નફો)ની પ્રાપ્તિ કરાવી આપો.[૧૭] પછી હું એ વ્યાપારના નફાને એકઠો કરી સુંદર વિચારરૂપ કર્ણભૂષણો તૈયાર કરી સંતોના કાનમાં પહેરાવીશ.[૧૮] હે મહારાજ! ગીતાર્થરૂપ ગુપ્ત ભૂભંડારને બહાર કાઢવાની મારા મનમાં જે ઇચ્છા ઉત્પન્ન થએલી છે, તેને સફળ કરવા માટે તમે પોતાનું સ્નેહરૂપ અંજન મારાં નેત્રમાં આંજો.[૧૯] મારાં બુદ્ધિરૂપ નેત્રો એકવાર શબ્દમય સૃષ્ટિનું નિરીક્ષણ કરી શકે એવા પ્રકારના આપના કરુણારૂપ સૂર્યબિંબના નિર્મળ પ્રકાશનો વિસ્તાર કરો.[૨૦] મારી બુદ્ધિરૂપ વલ્લરી વધે અને તેને

કાવ્યરૂપ આવે, એટલા માટે વહારીને પ્રફુલ્લ કરવાની કૃપા કરનારાઓમાં શ્રેષ્ઠ જે વસંત-ઋતુ, તે તમે થાઓ.[૨૧] તમારી પોતાની કૃપાદૃષ્ટિની વૃષ્ટિ એટલી બધી ઉદારતાથી વર્ષાવો કે,મારી બુદ્ધિરૂપ ગંગામાં અર્થરૂપ મહાપૂરનો આવિર્ભાવ થાય.[૨૨] હે વિશ્વૈકધામ! આપનો પ્રસાદ-ચન્દ્રમા મને સ્ફૂર્ત્તિની પૌર્ણિમા બનાવો; (પૂર્ણ ચન્દ્રવડે જેમ પૂર્ણિમા શોભે છે, તે પ્રમાણે, આપની કૃપાથી મને પણ સ્ફુર્ત્તિ આવો-મને શોભાવો).[૨૩] તે પૌર્ણિમાનું હું અવલોકન કરું, (આપનો કૃપાપ્રસાદ થાય), એટલે મારા જ્ઞાનસમુદ્રમાં ભરતી આવશે; અને નવરસ સ્ફૂર્ત્તિથી ટપકવા માંડશે.[૨૪]

જ્ઞાનદેવનું એવું ભાષણ સાંભળીને શ્રી ગુરુ નિવૃત્તિનાથ મહારાજ સંતુષ્ટ થઈને બોલ્યા કે;-'તું સ્તુતિના મિષથી દ્વૈતાર્થની વૃદ્ધિ કરે છે;[૨૫] માટે હવે એ વ્યર્થ સ્તુતિને રહેવા દે અને જે જાણવા યોગ્ય વિષય છે, તેને સારી રીતે તૈયાર કરીને ગ્રંથનું કથન કર; ઉત્કંઠાનો ભંગ થવા ન દઈશ."[૨૬]

ત્યારે જ્ઞાન દેવ કહેવા લાગ્યા કે:-"હે પ્રભો! 'ગ્રંથનું કથન કર' એ આજ્ઞાને આપના મુખમાંથી નીકળેલી જોવાની જ હું માર્ગપ્રતીક્ષા કરતો હતો.[૨૭] તૃણાંકુર એક તો પ્રથમથી જ અમર હોય છે; અને તેમાં પાછી અમૃતવૃષ્ટિ થાય! (એટલે પછી તેની અમરતાનું પૂછવું જ શું?)[૨૮] હવે ગુરુનો પ્રસાદ થવાથી ગીતામાંના મૂળ શાસ્ત્રના પ્રત્યેક પદનું હું એવું તો સ્પષ્ટ અને સવિસ્તર વર્ણન કરીશ,[૨૯] કે, જેના શ્રવણથી સર્વ પામર જનોના મનમાંના સર્વ સંશયોનો લોપ થતાં શ્રવણની ઇચ્છા બમણી વધશે.[૩૦] મારી મધુર વાણીમાંથી એવા ઉત્તમ શબ્દો નીકળે, એટલી જ ગુરુચરણો પાસે મારી યાચના છે.[૩૧] ત્યારે હવે સાંભળો. આગળ તેરમા અધ્યાયમાં શ્રી કૃષ્ણે અર્જુનને એવી કથા કહી હતી કે,[૩૨] આત્મા અને પ્રકૃતિના સંયોગથી આ જગત્ નિર્માણ થાય છે; અને ગુણોના અનુરોધે આત્મા સંસારમાં નિમગ્ન થાય છે;[૩૩] માયાના ઉપાધિથી એને જ સુખદુઃખ ભોગવવાં પડે છે અને તેજ ગુણસંગ રહિત થયો એટલે મુક્ત થાય છે.[૩૪] ત્યારે સંગરહિત આત્માને પ્રકૃતિનો સંગ કેવી રીતે થાય છે, આત્મા અને પ્રકૃતિનો જે સંયોગ થાય છે તે કયો, તેને કેવાં સુખદુઃખો ભોગવવાં પડે છે;[૩૫] તે ગુણોની બાધા તેને કેવી રીતે થાય છે, તે ગુણો કેવા અને કેટલા છે અને તે જ આત્મા ગુણાતીત થતાં તેનાં શાં લક્ષણો થાય છે,[૩૬] એ પ્રમાણે એ સર્વ વિષયોનું વર્ણન કરવું એ જ વિષય આ ચૌદમા અધ્યાયમાં છે.[૩૭] હવે તમે સર્વ શ્રોતાઓ, શ્રીવૈકુંઠનિવાસી વિશ્વેશ્વરનો અભિપ્રાય શો છે, તે સાંભળો.[૩૮] તેમણે કહ્યું કે:-હે અર્જુન! શ્રવણ કરવાની સર્વ સામગ્રી એકત્ર કરીને તું એ જ્ઞાનને પ્રાપ્ત કરી લે.[૩૯] પૂર્વે પણ એ જ જ્ઞાન મેં તને અનેક પ્રકારે સ્પષ્ટ કરીને કહેલું છે, પરંતુ અદ્યાપિ તારા અજ્ઞાનનો પૂર્ણ નાશ થએલો જોવામાં નથી આવતો.[૪૦]

श्रीभगवानुवाच—परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥ १ ॥

[શ્રી ભગવાને કહ્યું:-જે જ્ઞાનને જાણીને સર્વ મુનિ આ જન્મથી મોક્ષસિદ્ધિને પામ્યા છે, તે સર્વ જ્ઞાનમાં ઉત્તમ અને શ્રેષ્ઠ જ્ઞાન હું તને પુનઃ કહું છું. ૧]

એટલા માટે, હે તાત! 'પર' શબ્દનો જે મહિમા શ્રુતિયે વર્ણવ્યો છે, તે તને હું પુનઃ કહી સંભળાવું છું.[૪૧] આપણા જ્ઞાન કરતાં આત્મજ્ઞાનને 'પર' કહેવાનું કારણ એટલું જ કે, આપણા જ્ઞાનની પ્રિયતા સંસાર અને સ્વર્ગની પ્રાપ્તિવિના અન્ય કશામાં પણ હોતી નથી.[૪૨] અને એ જ કારણને લીધે એને (આત્મ જ્ઞાનને) હું ઉત્તમ કહું છું; કારણ કે, એ અગ્નિરૂપ હોઇને બીજાં જ્ઞાનો તૃણરૂપ છે.[૪૩]

જે જ્ઞાનનો પ્રવાસ સંસાર અને સ્વર્ગનાં સુખોથી આગળ વધતો નથી, જેને યજ્ઞ યાગાદિ કર્મો જ ઉત્તમ ભાસે છે અને જેને દ્વૈત વિના બીજા કશાનોય પરિચય હોતો નથી,[૪૪] તેવાં સર્વ-જ્ઞાનો આત્મજ્ઞાન સમક્ષ સ્વપ્નવત્ ભાસે છે. જેવી રીતે ગગનમાં ઉત્પન્ન થએલો વાયુ ગમે તેટલો મહાન્ હોય તોય તેનો તેમાં જ લોપ થાય છે (લય થઇ જાય છે);[૪૫] કિંવા સૂર્યનો ઉદય થતાં જેમ ચંદ્રાદિ નક્ષત્રોનું તેજ લુપ્ત થાય છે અથવા પ્રલયકાળ આવતાં જેવી રીતે નદી અને નદ આદિનો કશો ભેદ રહેતો નથી,[૪૬] તે જ પ્રમાણે, આત્મજ્ઞાનનો ઉદય થતાં બીજાં સર્વ જ્ઞાનો લય પામે છે. એથી, હે અર્જુન! એને હું ઉત્તમ કહું છું.[૪૭] હે પાંડુસુત! અનાદિ કાળથી આપણી પાસે રહેલો મોક્ષ એ જ્ઞાનની પ્રાપ્તિથી જ આપણા હાથમાં આવે છે.[૪૮] જેનો પરિચય થતાં સર્વ જ્ઞાતાઓ સંસારને માથું ઊચકવા દેતા નથી;[૪૯] પોતાના મનની વિષયો તરફ થતી દોડને પાછી હટાવીને તેને પોતાની જગ્યાએ બેસાડી રાખ્યા પછી સહજ વિશ્રાંતિ લે છે. એમ થવા પછી તે દેહી હોવા છતાં પણ ઇન્દ્રિયોને પ્રિય વિષયોનું આચરણ કરતા નથી.[૫૦] ત્યાર પછી એ દેહરૂપ બંધને એકદમ ઉલ્લંઘીને તેઓ મારી યોગ્યતાને જ પામે છે.[૫૧]

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायंते प्रलये न व्यथंति च ॥ २ ॥

[તે જ્ઞાનનો આશ્રય કરીને જેઓ મારા સાયુજ્યને પ્રાપ્ત થએલા છે, તે સૃષ્ટિના ઉત્પત્તિ કાળમાં જન્મતા નથી અને પ્રલયકાળમાં નષ્ટ પણ થતા નથી. ૨]

કારણ કે; હે અર્જુન! તેઓ મારી પેઠે નિત્ય હોઇને મારી પેઠે જ પૂર્ણત્વને પામેલા હોય છે.[૫૨] હું જેવી રીતે નિત્ય અનંત હોઇને મહા આનંદમાં રહું છું, તેમ જ સત્ય સિદ્ધ હોઉં છું; તે જ પ્રમાણે તેઓ પણ થતાં તેમનામાં અને મારામાં પરસ્પર કશો પણ ભેદ રહેતો નથી.[૫૩] જે પ્રમાણે, હું અનંત છું, તે જ પ્રમાણે તેઓ પણ (અનંત) થાય છે. જેવી રીતે ઘટનો નાશ થતાં ઘટાકાશ મહાકાશમાં મળી જાય છે,[૫૪] અથવા એક દીવામાંથી સળગાવેલી અનેક દીવેટોને એકત્ર કરીએ એટલે તેમનું તેજ તે મૂળ દીવામાં જ મળે છે;[૫૫] તે જ પ્રમાણે, હે અર્જુન! દ્વૈતભાવનો લોપ થયો કે, હું અને તું આદિ ભેદો મટી જાય છે અને હું તું-સર્વ એક જ પંક્તિમાં બેસીને એકત્ર વિહાર કરવા માંડે છે.[૫૬] એ જ કારણથી, જે વેળાએ સમૂળ સૃષ્ટિ નિર્માણ થાય છે, તે વેળાએ એવા આત્મજ્ઞાનીઓને જન્મ ધારણ કરવો પડતો નથી.[૫૭] અર્થાત્ જેને સૃષ્ટિની ઉત્પત્તિ સાથે દેહની બાધા નથી, તેમનો પ્રલયકાળમાં નાશ કયાંથી સંભવી શકે?[૫૮] એટલા માટે, હે ધનંજય! જેઓ આત્મજ્ઞાનને અનુસરીને મદ્રૂપ થએલા છે, તેઓ જન્મમરણના સપાટામાં સપડાતા નથી.[૫૯] પાર્થના મનમાં પણ આત્મજ્ઞાનની રુચિ ઉત્પન્ન થાય એટલા માટે શ્રીકૃષ્ણે આત્મજ્ઞાનની પ્રૌઢતાનું વર્ણન કર્યું.[૬૦] એટલે એથી અર્જુનની એવી અવસ્થા થઇ કે, તેના સર્વ અવયવોમાં શ્રવણ માટેની ઇચ્છાનો ઉદ્ભવ થયો અને તે કેવળ અવધાનની મૂર્તિ જ બની ગયો.[૬૧] આકાશથી પણ ધારણ ન કરી શકાય એવું પોતાનું વચન અર્જુન ધારણ કરે છે એમ જોઇને દેવના મનમાં પણ પ્રેમનો ઉમળકો આવ્યો; (તેમની કથન માટેની હોંસ ગગનમાં પણ સમાઈ ન શકી);[૬૨] એટલે ભગવાને કહ્યું કેઃ-હે અર્જુન! મારી વકતૃતા રૂપિણી કન્યાને તારા જેવા બુદ્ધિરૂપ વરની પ્રાપ્તિ થવાથી તે આજે જ સૌભાગ્યવતી થઇ શકી છે! કારણ કે, મારી બોલવાની હોંસ જેવો જ તું ઉત્કૃષ્ટ શ્રોતા મને મળ્યો છે;[૬૩] તો હવે, હું એક હોવા છતાં ત્રિગુણરૂપ પારધી દેહરૂપ પાશને પ્રસારી કેવી રીતે મારો અનેકરૂપે સ્વીકાર કરાવે છે,[૬૪] અને માયાની ઉપાધિથી મારામાંથી આ જગત્ કેવી રીતે ઉત્પન્ન થાય છે, તે હું કહું છું તે સાંભળ.[૬૫] આ નિહાળ. મારા

સંગરૂપ બીજમાંથી પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે અને તેથી જ પ્રકૃતિને ક્ષેત્ર નામ આપવામાં આવ્યું છે.[૬૬]

मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥ ३ ॥

[હે ભારત! મહદ્બ્રહ્મ (પ્રકૃતિ) મારા ગર્ભને મૂકવાનું સ્થાન છે, તેમાં હું ગર્ભ રાખું છું અને તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. ૩]

એ માયા મહત્તત્ત્વાદિકનું મૂળ સ્થાન હોવાથી એને 'મહદ્બ્રહ્મ' નામ આપવામાં આવ્યું છે.[૬૭] હે અર્જુન! એના યોગે વિકાર અને ગુણો વૃદ્ધિ પામે છે અને તેથી જ એને 'મહદ્બ્રહ્મ' નામ આપેલું છે.[૬૮] અવ્યક્ત મતવાદીઓના અભિપ્રાય પ્રમાણે એનું નામ 'અવ્યક્ત' છે; અને સાંખ્ય મતવાદીઓ એને 'પ્રકૃતિ' કહે છે;[૬૯] અને હે પ્રાજ્ઞશિરોમણિ! વેદાંતવાદી એને 'માયા' કહે છે. અસ્તુ! વ્યર્થ વિશેષ શું બોલવું? જેને અજ્ઞાનના નામથી ઓળખવામાં આવે છે, તે એ જ છે.[૭૦] હે ધનંજય! આપણા આત્મસ્વરૂપનું આપણને જે વિસ્મરણ થઇ જાય છે, તે એ અજ્ઞાનનું રૂપ છે.[૭૧]

બીજું વળી એમ છે કે, જેવી રીતે હાથમાં દીવો લઈને અંધકારને શોધવાનો યત્ન કરતાં તે મળી શકતો નથી; તે જ પ્રમાણે આત્મસ્વરૂપનો વિચાર કર્યો કે, તે અજ્ઞાન દેખાતું જ નથી.[૭૨] દૂધને ઘૂંટવાથી જેમ તેનાપર મલાઇ આવતી નથી અને ન ઘૂંટીએ તો મલાઇ આવે છે;[૭૩] અથવા મનુષ્ય જે વેળાએ જાગ્રતાવસ્થામાં અથવા સ્વપ્નાવસ્થામાં નથી હોતો; અથવા સમાધિમાં પણ નથી હોતો તે વેળાએ જેવી ગાઢ નિદ્રા આવે છે;[૭૪] અથવા વાયુની હિલચાલના અભાવે જેમ આકાશ નિઃસત્ત્વ હોય છે; તે જ પ્રમાણે, બીજી અવસ્થાઓ વિનાની જે શાંત નિદ્રાવસ્થા છે, તે જ અજ્ઞાન છે.[૭૫] જેવી રીતે આપણા સમક્ષ ઝાડનું એક ઠુંઠું હોય તો તે સ્તંભ છે કે પુરુષ છે, એ જેમ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી, પરંતુ તે કાંઇ પણ વિપરીત તો છે જ, એવો ભાસ થાય છે;[૭૬] તે જ પ્રમાણે, આત્માનું કેવળ સ્વરૂપ જે વેળાએ દેખાતું નથી અને તે બીજી કશી વસ્તુ છે એવો પણ નિશ્ચય થતો નથી;[૭૭] વળી દિવસ અને રાત્રિનો મધ્યવર્ત્તી જે સાયંકાળ છે, તે જ પ્રમાણે આત્મા અને જગતનું મધ્યવર્ત્તી જ્ઞાન,[૭૮] એવી જે બે વચ્ચેની દશા હોય છે તેને જ અજ્ઞાન કહેવામાં આવે છે; અને તે અજ્ઞાનથી બદ્ધ થયેલું જે ચૈતન્ય, તેને જ 'ક્ષેત્રજ્ઞ' ના નામથી ઓળખવામાં આવે છે.[૭૯] પોતાના શુદ્ધ સ્વરૂપને ન જાણતાં જે અજ્ઞાન વૃદ્ધિગત થાય છે, તે જ ક્ષેત્રજ્ઞ (જીવાત્મા) નું સ્વરૂપ છે.[૮૦] એ માયા અને ચૈતન્યના યોગને સારી રીતે ધ્યાનમાં લ્યે; કારણ કે, મૂળસ્વરૂપપર માયાનો સ્વભાવ એવો જ છે.[૮૧] એ જ પ્રમાણે, માયાના અનુરોધથી ચૈતન્ય આત્મસ્વરૂપને વિસરી જઇને અનેક રૂપો ધારણ કરે છે.[૮૨] જેવી રીતે દરિદ્રી મનુષ્યને ભ્રમ થતાં તે માર્ગમાં ચાલ્યો જતો હોય, એટલે બીજા લોકોને 'આ જુઓ-અમો મહારાજાની સવારી પધારી!' એમ કહે છે; અથવા મૂર્છિત થયેલો મનુષ્ય જેમ સ્વર્ગ જોઇ આવ્યાનું જણાવે છે,[૮૩] તે જ પ્રમાણે, એકવાર દૃષ્ટિ આત્મસ્વરૂપથી ચળી, એટલે પછી જે જે કલ્પનાઓ થાય છે, તે સર્વને સૃષ્ટિ કહેવામાં આવે છે અને તે (સૃષ્ટિ) મારામાંથી જ ઉત્પન્ન થાય છે.[૮૪] મનુષ્ય એકલો હોવા છતાં સ્વપ્નની ભ્રાંતિથી અનેક વસ્તુઓ જુવે છે અને ચૈતન્યને આત્મસ્વરૂપનું વિસ્મરણ થયું તોપણ એ જ પ્રકાર થાય છે.[૮૫] એ જ ભ્રાંતિને પુનઃ શુદ્ધ સ્વરૂપમાં આવેલી અન્ય પ્રકારે હું તને કહું છું; પરંતુ મૂળ સ્વરૂપપર એ માયાનું રૂપ છે, એ વાત તારે ભૂલવી નહિ.[૮૬] હવે માયા મારી સ્ત્રી છે અને તે આદ્યંત રહિત, તરુણ, અલૌકિક અને

ગુણવતી છે.[૮૭] ખરી રીતે જોતાં એના રૂપની કોઇના રૂપ સાથે સરખામણી કરી શકાય તેમ છે જ નહિ. એની આકૃતિ અતિશય વ્યાપક છે. એ અજ્ઞાનીને સંનિધ હોય છે અને જ્ઞાની જનથી દૂરની દૂર જ રહે છે.[૮૮] પરન્તુ એ માયા મારા આત્મસ્વરૂપપર સૂતેલી હોવાથી આત્મસત્તાના સંભોગથી ગર્ભ ધારણ કરે છે;[૮૯] અને ત્યાર કેડે જીવભૂતા પ્રકૃતિના ઉદરમાં પ્રાકૃત અષ્ટ વિકારરૂપ ગર્ભની એ વૃદ્ધિ કરે છે.[૯૦] આત્મા અને પ્રકૃતિના સંયોગથી પ્રથમ બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થાય છે અને તે જ બુદ્ધિ બળવતી થતાં મનની ઉત્પત્તિ થાય છે.[૯૧] મનની સ્ત્રી મમતામાંથી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકારના યોગે પંચ મહાભૂતોની ઉત્પત્તિ થાય છે;[૯૨] અને વિષય તથા ઇન્દ્રિયોનો એ ભૂતો સાથે સંબંધ હોવાથી તેમની પણ ભૂતો સાથે જ ઉત્પત્તિ થાય છે.[૯૩] ઇન્દ્રિયો અને વિષયોનો ક્ષોભ થયો કે, તેમની પાછળ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો હોવાના જ; અને એમના યોગે વાસનાનો જન્મ થતાં વેત જ, જીવ સ્થળે સ્થળે જન્મ ધારણ કરે છે.[૯૪] જેવી રીતે બીજ અને પાણીનો સંબંધ થતાં બીજને અંકુર ફૂટી વૃક્ષનું રૂપ આવે છે,[૯૫] તે જ પ્રમાણે, મારા સંગથી માયાને અનેક પ્રકારના વિશ્વાંકુર ફૂટવા માંડે છે.[૯૬] હે સુજનશ્રેષ્ઠ! પછી તે ગર્ભને કેવી રીતે રૂપ મળે છે, તે સાંભળ.[૯૭] અંડજ, સ્વદેજ, ઉદ્‌ભિજ્જ અને પ્રાણિજ અથવા જરાયુજ એવા અંકુરો તેને સહજ ફૂટે છે.[૯૮] આકાશ અને વાયુનો જેમાં વિશેષ અંશ હોય છે, એવા ગર્ભવાસને અંડજ નામ અપાયલું છે; અને એ તેનો એક અવયવ છે.[૯૯] તમોગુણ અને રજોગુણથી યુક્ત હોઇને જેમાં જળ તથા તેજનો વિશેષ અંશ હોય છે, તેને સ્વેદજ કહેવામાં આવે છે.[૧૦૦] જેમાં જળ અને પૃથ્વીનો અંશ વિશેષ હોઇને કેવળ તમોગુણ જ દૃષ્ટિગોચર થાય છે, તે ઉદ્‌ભિજ્જ છે[૧] અને જેનામાં પંચજ્ઞાનેંદ્રિયો તથા પંચ કર્મેન્દ્રિયો સમાન હોય છે, તેમ જ મન અને બુદ્ધિની જોડ હોય છે, તે પ્રાણિજ છે.[૨] એવી રીતે જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એવા—ચાર દેહ એટલે કે બે હાથ અને બે ચરણતલ હોઇને અષ્ટધા પ્રકૃતિ જેનું શિર છે;[૩] પ્રપંચ જેનું પેટ છે અને નિવૃત્તિ જેની પીઠ છે અને નાભિની ઊપરના ભાગમાં આઠ દેવ સર્ગ* છે;[૪] કંઠ સ્વર્ગલોક, મધ્ય ભાગ મૃત્યુ લોક અને કમરની નીચેનો ભાગ પાતાળ લોક છે;[૫] એવું એક બાળક એ માયાને અવતર્યું. ત્રણ લોકનો જે વિસ્તાર તે જ એ (બાળક)નું પાલણું છે.[૬] ચોર્યાસી લાખ યોનિઓ તેની આંગળીઓનાં ટેરવાં અને સાંધા છે. એ પ્રમાણે જન્મેલું એ બાળક દિન પ્રતિદિન વૃદ્ધિગત થતું જાય છે.[૭] નાના પ્રકારના દેહ,અવયવ અને નામ આદિ અલંકારો ધારીને માયા તે બાળકને મોહરૂપ સ્તનપાન કરાવીને ઉછેરે છે.[૮] ભિન્નભિન્ન સૃષ્ટિઓ તેના હાથપગનાં આંગળાં છે અને જૂદા જૂદા પ્રકારના દેહો તેમાંની વીંટીઓ છે.[૯] એવું એકનું એક વિશ્વરૂપ બાળક, અજ્ઞાનરૂપ પ્રકૃતિના ઉદરમાંથી જન્મ પામતાં હું ઘણી જ ભાગ્યશાલિની છું, એમ તે માયાને ભાસે છે.[૧૧૦] બ્રહ્મા એ બાળકનો પ્રાતઃકાળ છે, વિષ્ણુ મધ્યાહ્નકાળ છે અને સદાશિવ સાયંકાળ છે—એટલે કે, એ બાળકની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એવા ત્રણ કાળ છે;[૧૧] અને મહાપ્રલય જ એની શય્યા છે અને તેમાં ખેલ ખેલીને એ શાંતિથી સૂઇ જાય છે અને પુનઃ કલ્પનો ઉદય થતાં વિપરીત જ્ઞાનથી જાગ્રત થાય છે.[૧૨] હે અર્જુન! એ પ્રમાણે, મિથ્યાદૃષ્ટિના ગૃહમાં કાળગતિના યોગે એ બાળક પગલાં ભરવા માંડે છે.[૧૩] જેનો સંકલ્પ મનોગમતો મિત્ર છે અને જેની શોભા અહંકાર છે, એવા એ બાળકને આત્મજ્ઞાન થતાં મરણ જ આવી લાગે છે.[૧૪] અસ્તુ; હવે વિશેષ વર્ણન ન કરતાં માત્ર એટલું જ કહું છું કે, એ પ્રમાણે, માયામાંથી આ વિશ્વ મારી સત્તાના સાહ્યવડે જ ઉત્પન્ન થયેલું છે.[૧૫]

---

* આઠ પ્રકારના દેવ સર્ગઃ– (देवसर्गश्चाष्टविधो विबुधाप्सरसो सुराः १ गंधर्वाप्सरसः २ सिद्धाः ३ यक्षरक्षांसि ४ चारणाः ५ भूतप्रेतपिशाचाश्च ६ विद्याधराः ७ किन्नरादय ८॥ श्रीमद्भागवत, स्कंध ३ अध्याय १०)

सर्वयोनिषु कौंतेय मूर्त्तयः संभवंति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ ४ ॥

[હે કૌન્તેય! ચોર્યાસી લક્ષ યોનિમાં જે વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે, તે સર્વનું કારણ મહદ્ બ્રહ્મ (પ્રકૃતિ) છે; અને તે પ્રકૃતિમાં બીજારોપણ કરનારો પિતા હું છું. ૪]

એટલા માટે, હે અર્જુન! હું પિતા છું, માયા માતા છે અને આ જગત્ અમારું બાળક (સંતાન) છે.[૧૬] આ જગતમાં અનેક શરીરો દૃષ્ટિગોચર થવાથી જગત્ મારું અપત્ય હોઇને મારું અને તેનું ઐક્ય નથી, એવી શંકાને તારા મનમાં આવવા દઇશ નહિ. કારણ કે, મન અને બુદ્ધિ આદિ પંચેન્દ્રિયોમાંથી જ સર્વ ભૂતોની ઉત્પત્તિ થયેલી છે.[૧૭] શું એક જ શરીરમાં ભિન્ન-ભિન્ન અવયવો નથી? તેજ પ્રમાણે આ જગતમાં ક્હાચિત્ અનેક શરીરો દૃષ્ટિગોચર થાય, તો પણ તે સર્વ એકમાંથી જ ઉત્પન્ન થયેલાં છે.[૧૮] એક જ બીજમાંથી ઉત્પન્ન થયેલા વૃક્ષની લાંબી, આડી, જાડી અને ઝીણી શાખાઓ હોય છે;[૧૯] એટલે કે, જગતનો અને મારો પરસ્પર સંબંધ એવો છેઃ જેવી રીતે માટીમાંથી ઉત્પન્ન થયેલો ઘટ માટીનો પુત્ર છે, કિંવા વસ્રો રુનાં પૌત્ર છે; (કારણકે, રુનું સૂતર થવા પછી જ વસ્રો વણાય છે;)[૧૨૦] અથવા સમુદ્રમાં ઉત્પન્ન થતી અનેક લહરીઓ જેવી રીતે સમુદ્રની સંતતિ છે, તે જ પ્રમાણેનો ચરાચરનો અને મારો પરસ્પર સંબંધ છે.[૨૧] અર્થાત્ અગ્નિ અને જ્વાળા એ બન્ને જેવી રીતે અગ્નિનાં જ સ્વરૂપ છે, તેજ પ્રમાણે, હું અને જગત્ એક જ સ્વરૂપો હોઇને મારામાંથી જગતની ઉત્પત્તિ થયેલી છે, એવો સંબંધ માનવો વ્યર્થ છે.[૨૨] જગતની ઉત્પત્તિથી મારા સ્વરૂપનો લોપ થતો માનવામાં આવે, તો આ જગત્ કોના તેજથી પ્રકટ થાય છે તે સાંભળઃ-માણિકયના તેજથી માણિક્ય પોતે આચ્છાદિત થાય છે કે? ના.[૨૩] તેમ જ સુવર્ણના અલંકારો બનાવવાથી સુવર્ણના સુવર્ણત્વનો નાશ થાય છે ખરો કે? ના. અથવા કમળનો વિસ્તાર થતાં કમલત્વ લોપાય છે કે? ના.[૨૪] હે અર્જુન! અવયવોને ધારણ કરનાર પોતે અવયવોથી ઢંકાઈ જાય છે કે? અથવા અવયવોને લીધે તેને શોભા પ્રાપ્ત થાય છે? એનું ઉત્તર આપ જોઇએ![૨૫] જારનું બી વાવવા પછી તેને કણસલાં આવે એટલે તે ન્યૂન કહેવાય કે વૃદ્ધિગત કહેવાય? શું કહેવાય?[૨૬] અર્થાત્ તું જો જગતને એક બાજૂએ મૂકીને મને એકલાને જ જોવાની આકાંક્ષા કરીશ, તો હું તને ભિન્ન દેખાવાનો નથી જ; કારણકે, હું જગતરૂપ છું.[૨૭] હે વીર! આ સિદ્ધાંતની તું તારા મનમાં ખરેખરી મજબૂત ગાંઠ બાંધી મૂક.[૨૮] જો હું અનેક શરીરોને લીધે ભિન્નભિન્ન દેખાતો હોઉં, તોપણ તે સર્વ શરીરો એક જ ગુણવડે બદ્ધ છે, એમ જાણજે.[૨૯] હે કપિધ્વજ! જેવી રીતે મનુષ્ય સ્વપ્નમાં પોતાના મરી જવાની કલ્પના કરે છે;[૧૩૦] અથવા પાંડુરોગથી પીડાતા મનુષ્યનાં નેત્રો પીળાં થવાથી તે સર્વ વસ્તુને પીળા રંગની જ જુવે છે;[૩૧] અથવા સૂર્યના પ્રકાશથી જેવું અભ્ર દેખાય છે; અથવા તો તે અભ્રાચ્છાદિત પણ તેના પોતાના તેજથી જ દેખાય છે;[૩૨] અથવા જે મનુષ્ય પોતાના કારણથી જ પડેલી પ્રતિચ્છાયાને જોઇને બ્હી જાય છે, તે કોઇ બીજો મનુષ્ય હોય છે કે?[૩૩] તે જ પ્રમાણે, જગતમાં જો કે અનેક દેહ દૃષ્ટિગોચર થતા હોય, તોય તેઓ મારા સ્વરૂપમાંથી જ થયેલા છે-એવો તેમનો અને મારો સંબંધ છે, એ સારી રીતે ધ્યાનમાં રાખજે.[૩૪] મારા સ્વરૂપને જાણ્યા પછી જગતનો અને મારો જે સંબંધ છે, તે જાણવામાં આવી જાય છે; પરંતુ મારા સ્વરૂપનું વિસ્મરણ થવાથી હું અને જગત્ ભિન્ન છીએ, એવો જ ભાસ થાય છે.[૩૫] હે અર્જુન! જગતનો અને મારો ક્યા ગુણથી અને કેવો સંબંધ થાય છે, તે સાંભળ.[૩૬] ગુણ કેટલા છે, તેમના ધર્મ શા છે, તેનું સ્વરૂપ શું છે અને નામ શું છે, તેમ જ તેઓ શામાંથી ઉત્પન્ન થાય છે, એ રહસ્ય તને કહું છું તે સાંભળ.[૩૭]

सत्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नंति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ५ ॥
तत्र सत्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ६ ॥

[હે મહાબાહો! સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા છે; (અને) તેઓ આ દેહમાં અવિનાશી આત્માને બાંધી નાખે છે. હે નિષ્પાપ અર્જુન! એમાંનો નિર્દોષ અને પ્રકાશક સત્ત્વ ગુણ નિર્મળ હોવાથી આત્માને સુખના અને જ્ઞાનના સંબંધથી આ દેહમાં બાંધી નાખે છે. ૫–૬]

ગુણોનાં સત્ત્વ, રજ અને તમ એવાં ત્રણ નામો છે અને એ ગુણો માયામાંથી ઉત્પન્ન થયેલા છે.[૩૮] એમાંનો સત્ત્વ ગુણ ઉત્તમ છે, રજોગુણ મધ્યમ છે અને તમોગુણ કનિષ્ઠ છે.[૩૯] એ ત્રણે ગુણો એક જ વૃત્તિમાં ઉત્પન્ન થાય છે. જેવી રીતે એક જ દેહને બાલ્ય, તારુણ્ય અને વાર્ધક્ય એટલે ઘડપણ એ ત્રણે અવસ્થાઓ પ્રાપ્ત થાય છે;[૧૪૦] અથવા ઉત્તમ સુવર્ણમાં હલકું સોનું મેળવવાથી જેમ તેનું વજન વધતું જાય છે, તેમ તેમ તે સુવર્ણ નિસ્તેજ દેખાઇને કસમાં ઓછું ઊતરે છે.[૪૧] જેવી રીતે આળસનો આવિર્ભાવ થતાં જાગ્રતિનો લોપ થાય છે અને નિદ્રાની વૃદ્ધિ થાય છે;[૪૨] તે જ પ્રમાણે, અજ્ઞાનનો સ્વીકાર કરવા પછી જે વૃત્તિ થયેલી ભાસે છે, તેને સત્ત્વ,–રજ–તમ કહેવામાં આવે છે.[૪૩] હે અર્જુન! એ જ વૃત્તિને ગુણ પણ કહે છે. ત્યારે હવે એ ગુણો મનુષ્યને કેવી રીતે આકર્ષે છે, તે લક્ષણો હું તને કહું છું.[૪૪] જીવાત્મા જે વેળાએ દેહના અભિમાનને ધારણ કરે છે, તે વેળાએ જ તેને અધમ શકુન થાય છે, એમ તારે સમજવાનું છે.[૪૫] જન્મથી માંડીને મરણ પર્યંત જ્યાં સૂધી દેહમાં મમતા રાખવામાં નથી આવતી, ત્યાં સૂધી એ ગુણોની બાધા નથી થતી.[૪૬] જેવી રીતે ગળમાં અટકાવેલું માંસ માછલાંએ મોઢામાં પકડેલું હોતું નથી, ત્યાં સૂધી જ મચ્છીમાર ગળને હીલવે છે અને માછલું જેવું તેને મુખ અડકાડે કે તરત તેને ખેંચી લે છે;[૪૭]

તે પ્રમાણે સત્ત્વગુણરૂપ પારધી, સુખ અને જ્ઞાનના પાશથી જીવને ખેંચે છે; અને જેવી રીતે મૃગ પારધીના જાળમાં સપડાયા પછી તરફડે છે;[૪૮] તેવી જ રીતે જીવ સત્ત્વ ગુણના સપાટામાં સપડાતાં 'હું જ્ઞાની છું' એવો મિથ્યા પ્રલાપ કરે છે અને 'મારા જેવો આ જગતમાં બીજો કોઇ પણ નથી' એવો દંભ આચરે છે. એ કારણને લીધે આત્મજ્ઞાનથી થનારા સુખને તે પોતાના હાથમાંથી જવા દે છે.[૪૯] કોઇ વિદ્વાન્ તરીકે પોતાને અપાયલા બહુ માનથી આનંદ પામે છે અને લાભ થવાથી હર્ષ માને છે. મારા જેવો આ જગતમાં કોઇ પણ સુખી નથી એમ માને છે,[૧૫૦] અને મારા જેવો આ વિશ્વમાં અન્ય કોઇ પણ સુખી નથી, એ મારું કેટલું બધું મહાભાગ્ય છે, એમ માનીને તે અષ્ટ સાત્ત્વિક ભાવોવડે ઉભરાઇ જાય છે.[૫૧] અને એટલાથી જ આટોપાતું નથી; કિન્તુ જગતમાં કેવળ હું એકલો જ વિદ્વાન્ છું એવા અહંકારના એક નવીન પિશાચની પણ તેને બાધા થાય છે.[૫૨] હું પોતે જ્ઞાનસ્વરૂપ છું, એ જ્ઞાનનો લોપ થવા માટે તેને કશો પણ ખેદ થતો નથી; કિન્તુ સ્હામો વિષયજ્ઞાનના ઉભરાથી તે ગગન સમાન ફૂલીને ફાળકા જેવો થઇ જાય છે.[૫૩] જેવી રીતે કોઇ એક રાજા સ્વપ્નમાં ભીખારી થઈને ભિક્ષાવૃત્તિ કરવા નીકળે અને બીજા કરતાં પોતાને જરાક વધારે ભિક્ષા મળવાથી પોતાને ઇન્દ્ર માની બેસે,[૫૪] તે જ પ્રમાણે, હે અર્જુન! જીવાત્માએ દેહના અભિમાનને ધારણ કરતાં બાહ્યજ્ઞાનના યોગે તેની

અવસ્થા થાય છે.[૫૫] પ્રવૃત્તિ શાસ્ત્રમાં તે નિપુણ થાય છે, યજ્ઞવિદ્યામાં તે નિષ્ણાત બને છે, કિંબહુના, તે સ્વર્ગમાંના સમાચારને પણ જાણે છે;[૫૬] અને મારા વિના આ જગતમાં બીજો કોઈ જ્ઞાનવાન્ નથી અને ચાતુર્યરૂપ ચન્દ્રને પ્રકાશિત કરવા માટે મારું ચિત્ત ગગનરૂપ છે, એમ માને છે.[૫૭] એવી રીતે સત્ત્વગુણ જીવાત્માને સુખ અને જ્ઞાનનાં બંધન લગાડીને, જેમ બળદને ખેંચવામાં આવે છે, તેમ પોતાના અધિકારમાં લઇ લે છે.[૫૮] હવે રજોગુણ પણ એ જીવને કેવો બંધનકારક થઇ પડે છે, તે લક્ષણો સાંભળ.[૫૯]

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥ ७ ॥

[હે કૌન્તેય! પ્રીતિ સ્વરૂપ રજોગુણ આશા અને આસક્તિના બંધનથી ઉત્પન્ન થયેલો છે અને તે આત્માને કર્મની આસક્તિથી આ દેહમાં બાંધી નાખે છે. ૭]

એ ગુણથી જીવનું નિત્ય રંજન થાય છે અને કામવાસના સદૈવ જાગ્રત રહે છે અને એટલા માટે જ એને રજોગુણ કહેવામાં આવે છે.[૧૬૦] જીવમાં એનો અલ્પ પ્રવેશ થતાંની સાથે જ એ તેને કામદેવના છંદે ચઢાવે છે અને ત્યાર પછી મનની ઇચ્છાઓ વાયુ પ્રમાણે વહન કરવા માંડે છે.[૬૧] પછી, અગ્નિ કુંડમાંના અગ્નિપર જેમ ઘૃત નાંખવાથી વજ્રાગ્નિ ભડકે છે અને તેને નાની મોટી વસ્તુનું ભાન ન રહેતાં તે સર્વનો નાશ કરે છે,[૬૨] તે પ્રમાણે જ, એની ઇચ્છા પ્રબળ થવાથી દુઃખદાયક વિષયો પણ એને સુખદાયક ભાસે છે અને ઇન્દ્રલોકની પ્રાપ્તિ થવા છતાં પણ એની તૃપ્તિ થતી નથી.[૬૩] એવી રીતે વિષય વાસનાની વૃદ્ધિ થવાથી કદાચિત્ મેરુપર્વત પણ હસ્તગત થાય, તોય એના કરતાં કોઇ વધારે મોટી વસ્તુ પ્રાપ્ત થાય તો સારું, એમ તે કહેવા માંડે છે.[૬૪] એક કોડીપરથી પણ પોતાના જીવનને ઓવારી નાખતાં તે આગળ પાછળનો વિચાર કરતો નથી. તેને તૃણ જેટલી અલ્પ વસ્તુ પણ જો પ્રાપ્ત થાય, તો પણ તેથી તે પોતાને ધન્ય માને છે.[૬૫] પોતા પાસેના ધનને જો આજે જ પૂરું કરી નાખીશ તો આવતી કાલે મારી શી અવસ્થા થશે, એમ ધારીને તૃષ્ણાના બળથી મોટા મોટા ઉદ્યોગોનો આરંભ કરે છે;[૬૬] અને કહે છે કે, જો મને સ્વર્ગની પ્રાપ્તિ થાય, તો ત્યાં મને ખાવાનું શું મળશે વારુ? એવી શંકાથી યજ્ઞયાગાદિ ક્રિયાઓ કરે છે,[૬૭] વ્રતોપર વ્રતો કરે છે, ઇષ્ટાપૂર્ત (કૂવા અને તળાવ આદિ બંધાવવાં તથા યજ્ઞયાગાદિ કર્મ કરવાં) કર્મો કરે છે; કામ્યવ્રતવિના ઇતર વ્રતોનું આચરણ કરતો નથી.[૬૮] જેવી રીતે ગ્રીષ્મઋતુમાંનો અંતિમ (આષાઢ માસનો) વાયુ રાતદિવસ એક સરખો વાતો હોય છે; તે પ્રમાણે, હે અર્જુન ! એવા પ્રકારના વ્યાપારમાં રાતદિવસ તે પરિશ્રમ કરતો રહે છે.[૬૯] મત્સ્ય કિંવા કામિની સ્ત્રીનાં નેત્રકટાક્ષ ચંચળ છે અને સૌદામિની (વીજળી) ને તો વળી અતિ ચંચળ કહેવામાં આવે છે; પરંતુ તેઓ પણ રજોગુણની ચંચળતા સાથે તુલના કરવાથી ઓછી જ ઠરે એમ છે.[૧૭૦] એવી રીતે વેગથી સ્વર્ગ અને સંસારની પ્રાપ્તિ માટે એ અગ્નિમાં કૂદતાં પણ પાછું વાળીને જોતો નથી.[૭૧] એવી રીતે દેહમાં હોવા છતાં દેહથી ભિન્ન જે જીવ, તે તૃષ્ણાના સપાટામાં સપડાતાં પોતાના ગળામાં વ્યાપારની શૃંખલાને બાંધી લે છે.[૭૨] એવી રીતે દેહમાં રહેનાર જીવને રજોગુણનું બળવાન્ બંધન હોય છે. હવે તમોગુણનાં લક્ષણ સાંભળ.[૭૩]

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ ८ ॥

[હે ભારત! પ્રાણી માત્રને તોડી નાખનારો તમોગુણ તો અજ્ઞાનમાંથી જ ઉત્પન્ન થયેલો છે, એમ તું સમજ. તે આ દેહમાં આત્માને કર્ત્તવ્યવિમુખતા, આલસ્ય અને નિદ્રાના બંધનથી બાંધી રાખે છે. ૮]

જેના પડદાથી મનુષ્યની વ્યવહાર વિષયક દૃષ્ટિ મંદ થાય છે; જે મોહરૂપ રાત્રિનું કાળું ઠીકર અંધારું જ છે;[૭૪] જે તમોગુણ અજ્ઞાનવડે વધે છે, તે તમોગુણ સર્વ વિશ્વને અજ્ઞાનમાં મગ્ન જોઈને નાચ નચાવે છે.[૭૫] એ તમોગુણ અવિચારનો મહામંત્ર છે અને અજ્ઞાનરૂપ મદિરાનું પાત્ર છે. વધારે શું કહેવું? જીવને મોહમાં નાખનાર જો કોઇ અસ્ત્ર હોય તો તે કેવળ એ જ અસ્ત્ર છે.[૭૬] હે પાર્થ! એ લક્ષણોને જ તમોગુણ કહેવામાં આવે છે અને જેઓ દેહને જ આત્મા માને છે, તેમને એ ગ્રાસી જાય છે.[૭૭] એ તમોગુણ એકલો જ ચરાચરના અંગમાં વધવા માંડ્યો કે, તે સ્થાનમાં પછી બીજા કોઇનો પણ પ્રવેશ તે થવા દેતો નથી.[૭૮] એ સર્વ ઇન્દ્રિયોમાં જડત્વ લાવે છે, મનને મૂઢ બનાવે છે અને એના યોગે આળસનો પણ આવિર્ભાવ થાય છે.[૭૯] એના યોગે મનુષ્ય આખો વખત આળસ મરડ્યા કરે છે, તેનામાં કાર્ય કરવાનો ઉત્સાહ રહેતો નથી અને બગાસાંઓની રેલંછેલ થઇ જાય છે.[૧૮૦] હે અર્જુન! તમો ગુણ વ્યાપ્ત મનુષ્યનાં નેત્રો ખુલ્લાં હોવા છતાં પણ પોતાની સ્હામે પડેલી વસ્તુ તેને દેખાતી નથી, તેને હાક મારીને બોલાવ્યા વિના જ તે વચ્ચે 'ઓઓ' કહીને બિછાનામાંથી ઉઠીને બેઠો થાય છે.[૮૧] કોઇ મોટો પત્થર નીચે પડતાં એક બાજૂએથી બીજી બાજૂએ જેમ ફરતો નથી, તે જ પ્રમાણે એવો મનુષ્ય એકવાર ઉંઘી ગયો, એટલે પાસું બદલતો જ નથી.[૮૨] પૃથ્વી પાતાળમાં જાય અથવા આકાશ તૂટી પડે, પરંતુ તેના મનમાં ઉઠવાની કદાપિ ઈચ્છા થતી નથી.[૮૩] એ સ્વસ્થ થઇને સૂઇ ગયો કે, પછી પોતાનાં અહ્નિક કર્મોનું સુદ્ધાં તેને સ્મરણ રહેતું નથી અને બિછાનામાં ને બિછાનામાં આળોટયા કરવાની તેની બુદ્ધિ બળવતી થયા કરે છે.[૮૪] હાથ ઉંચા કરીને, આંગળીઓમાં આંગળીઓ અટકાવી તે હાથોને માથાપર રાખી ગોઠણ વચ્ચે માથું ઘાલીને તે બેસી રહે છે;[૮૫] અને મનમાં નિદ્રા વિશેની પૂર્ણ ઇચ્છા રાખીને નિદ્રા આવતાં તે નિદ્રા આગળ તે સ્વર્ગસુખને પણ તુચ્છ માને છે.[૮૬] મને બ્રહ્મદેવનું આયુષ્ય મળે અને હું આવી જ રીતે નિદ્રાધીન રહું, એ વિના તેને બીજું કાંઇ પણ વ્યસન હોતું નથી.[૮૭] માર્ગમાં ચાલતાં જો પગ લપસી પડે, તો ત્યાં પણ તે નિદ્રાધીન થાય છે અને જો આંખોમાં ઉંઘ આવી હોય તો કોઈ અમૃત આપવા આવે તો તેનો પણ તે અનાદર કરે છે.[૮૮] તે જ પ્રમાણે, કોઇ મારી કૂટીને તેને કામ કરવામાં પ્રવૃત્ત કરે, તો તે કોપથી આંધળો થઇ જાય છે.[૮૯] કઇ વેળાએ કેમ વર્ત્તવું, કોની જોડે કેવી રીતે બોલવું અને જેની સાથે લેવડદેવડ કરવાની હોય તે પૂંજીવાળો છે કે કોચીનનો શાહુકાર છે, એનો પણ તે વિચાર કરતો નથી.[૧૯૦] જેવી રીતે દાવાનળ સળગ્યો હોય તો તેને મારી પાંખોવતી હું બુઝાવી નાખીશ, એવી પતંગના મનમાં ઈચ્છા હોય છે.[૯૧] તે પ્રમાણે સાહસ કર્મમાં પ્રવૃત્ત થઇને વેદ-બાહ્ય કર્મો કરવાનો જ તેને ઉત્સાહ હોય છે. કિંબહુના, એવા પ્રમાદો જ તેને મધુર લાગે છે.[૯૨] એવી રીતે તમોગુણ નિદ્રા, આલસ્ય અને પ્રમાદ એ ત્રણ પાશવડે ઉપાધિ રહિત જીવને બંધન-કારક થઇ પડે છે.[૯૩] જેવી રીતે અગ્નિ કાષ્ઠને લાગતાં કાષ્ઠના આકાર પ્રમાણે દેખાય છે અથવા ઘટમાંનું આકાશ ઘટના આકાર સમાન દૃષ્ટિગોચર થાય છે,[૯૪] અથવા જેમ સરોવરમાં ચન્દ્રબિંબ દેખાય છે તે પ્રમાણે, ગુણપાશથી બદ્ધ થતાં જીવ ગુણના લક્ષણ જેવો જ જોવામાં આવે છે.[૯૫]

सत्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥ ९ ॥

रजस्तमश्चाभिभूय सत्वं भवति भारत ।
रजः सत्वं तमश्चैव तमः सत्वं रजस्तथा ॥ १० ॥

[હે ભારત! સત્ત્વગુણ આત્માને સુખનો સંબંધ કરાવી આપે છે; રજોગુણ આત્માને કર્મનો સંબંધ કરાવી આપે છે; અને તમોગુણ તો જ્ઞાનને આચ્છાદિત કરીને આત્માને કર્ત્તવ્યવિમુખતાનો સંબંધ કરાવી આપે છે. ૯ હે ભારત! સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણને જિતીને પોતે વધે છે; રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણને જિતીને પોતે વધે છે; અને તમોગુણ, સત્ત્વગુણ તથા રજોગુણને પરાજિત કરીને પોતે વૃદ્ધિગત થાય છે. ૧૦]

કફ અને વાતને પાછળ હટાવીને શરીરમાં બળવાન્ થઇને પિત્ત જેવી રીતે શરીરને તપ્ત કરે છે,[૯૬] અથવા ઉનાળાનો અને વર્ષાનો સમય ચાલ્યો જવા પછી ટાઢ પડવા માંડતાં જેમ સર્વત્ર શીતલતાનો જ પ્રસાર થઇ જાય છે,[૯૭] અથવા જાગ્રતિ અને સ્વપ્નાવસ્થાનો લોપ થતાં ગાઢનિદ્રાના સમયમાં જેવી ક્ષણિક ચિત્તવૃત્તિ થાય છે,[૯૮] તેવી જ રીતે રજોગુણ અને તમોગુણ કરતાં જ્યારે સત્ત્વગુણની વિશેષતા થાય છે, ત્યારે 'હું સુખી છું' એમ તે સત્ત્વગુણ જીવના મુખે બોલાવે છે.[૯૯] તે જ પ્રમાણે, સત્ત્વ અને રજોગુણનો લોપ થઈને જ્યારે તમોગુણનું પ્રાબલ્ય થાય છે, ત્યારે સહજ સ્વભાવે પ્રમાદો થતા જોવામાં આવે છે.[૨૦૦] એ જ રીતે, સત્ત્વ અને તમોગુણને દાબીને જે વેળાએ રજોગુણ પ્રબળ થઇ જાય છે;[૧] તે વેળાએ દેહમાં વસનાર દેહનો રાજા જે જીવાત્મા, તેને કર્મ વિના બીજું કાંઇ પણ સારું દેખાતું નથી.[૨] એ પ્રમાણે, ત્રણ શ્લોકવડે ત્રણ ગુણનું નિરૂપણ કર્યું. હવે એ સત્ત્વાદિ ગુણોનાં લક્ષણો લક્ષપૂર્વક સાંભળ.[૩]

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्वमित्युत ॥ ११ ॥
लोभःप्रवृत्तिरारंभः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायंते विवृद्धे भरतर्षभ ॥ १२ ॥
अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते विवृद्धे कुरुनंदन ॥ १३ ॥
यदा सत्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥
रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥ १५ ॥

[આ દેહ મધ્યે સર્વ ઇન્દ્રિયોમાં જ્યારે જ્ઞાનનો પ્રકાશ પડે, ત્યારે સત્ત્વની વૃદ્ધિ થયેલી છે, એમ સમજવું.૧૧ હે ભરત શ્રેષ્ઠ! લોભ, પ્રવૃત્તિ, કર્મારંભ, ઉચ્છૃંખલતા અને ઇચ્છા એ ચિન્હો (રજોગુણની વિશેષ વૃદ્ધિ થવાથી) ઉત્પન્ન થાય છે.૧૨ વિવેકનો નાશ, ઉદ્યોગનો કંટાળો, દુર્લક્ષ અને મોહ એ ચિહ્નો (તમોગુણની વિશેષ વૃદ્ધિ થવાથી) ઉત્પન્ન થાય છે.૧૩ સત્ત્વની વૃદ્ધિ થઇ હોય અને જો પ્રાણી મૃત્યુ પામે, તો તે મહત્તત્ત્વને જાણનારા લોકોને જે ઉત્તમ

લોક પ્રાપ્ત થાય છે, તે ઉત્તમ લોક (બ્રહ્મલોક) માં જાય છે.૧૪ રજોગુણની વૃદ્ધિ થઈ હોય અને જો પ્રાણી મરણુશરણ થાય તો તે કર્માસક્ત જનોમાં જન્મ પામે છે અને તમોગુણની વૃદ્ધિના સમયમાં નિધન આવે, તો તે પશુ ઈત્યાદિ મૂઢ યોનિમાં જન્મ પામે છે.૧૫]

રજોગુણ અને તમોગુણને જિતીને જ્યારે સત્ત્વગુણ આ દેહમાં વધે છે, તે વેળાએ જે લક્ષણો જોવામાં આવે છે તે આ પ્રમાણે છે:–[૪] વસંત ઋતુમાં કમળો પ્રફુલ્લ થતાં તેમનો સુવાસ જેમ ચારે દિશામાં પ્રસરે છે, તેજ પ્રમાણે અંતરમાં જ્ઞાન છલાછલ ભરાઇને બહાર નીકળવા માંડે છે,[૫] સર્વ ઇન્દ્રિયોમાં વિચાર સર્વથા સંચાર કરતો હોય છે અને ખરેખર હાથપગને પણ આંખો મળે છે. (સત્કર્મ કર્યું અને દુષ્કર્મ કર્યું એ ઇન્દ્રિયો જ જાણી જાય છે, એટલે પછી વિચાર કરવાની પણ આવશ્યકતા હોતી નથી.)[૬] રાજહંસ સમક્ષ દૂધ અને પાણી સાથે મેળવીને રાખતાં જેમ તેની ચાંચની અણીવડે બન્નેનું વર્ગીકરણ થઇ જાય છે,[૭] તે જ પ્રમાણે હે તાત અર્જુન ! ઇન્દ્રિયો જ સારાં અને નઠારાં કર્મોની પરીક્ષા કરે છે અને નિયમ તેમની સેવા કરતો હોય છે;[૮] ન સાંભળવા યોગ્ય વાતો તેના કાન જ સાંભળતા નથી; ન જોવા યોગ્ય વસ્તુને તેનાં નેત્રો જોતાં નથી; ન બોલવા યોગ્ય ભાષણ તેની જિહ્વા જ બોલતી નથી;[૯] અંધકાર જેવી રીતે દીપક સમક્ષ ન આવતાં અદૃશ્ય થઈ જાય છે, તેજ પ્રમાણે તેની ઇન્દ્રિયો નિષિદ્ધ કર્મોને તેની સમક્ષ આવવા દેતી નથી.[૧૦] નદી જેમ પર્જન્ય કાળમાં પાણીથી ઉભરાઈ જાય છે, તે પ્રમાણે તેની બુદ્ધિમાં સર્વ શાસ્ત્રોનું પૂર આવે છે.[૧૧] જે પ્રમાણે પૌર્ણિમાને દિવસે સમસ્ત આકાશમાં ચંદ્રનો પ્રકાશ પ્રસરી જાય છે, તે પ્રમાણે તેની વૃત્તિમાં જ્ઞાનનો પ્રકાશ વિસ્તરે છે.[૧૨] તેની સર્વ વાસનાઓનો લોપ થતાં તેનું મન પ્રવૃત્તિમાર્ગ પ્રતિ જતું નથી. તેમ જ તેના મનને વિષયોનો કંટાળો આવે છે.[૧૩] એવી રીતે સત્ત્વગુણની વૃદ્ધિ થઇને તેનાં લક્ષણો દેખાતાં હોય, એવામાં તેનો કાળ થઈ જાય;[૧૪] કિંવા દુષ્કાળના દિવસો વીતી જવા પછી ઉત્તમ વૃષ્ટિ થઈને સર્વત્ર સુકાળ થયો હોય ને તેવામાં કોઇ પર્વ આવી લાગે ને તે જ દિવસે આપણા સ્વર્ગસ્થ પૂર્વજો અતિથિ થઈને આવ્યા હોય–અર્થાત્ એવી અઘટિત ઘટના ઘટવાથી જેવો આનંદ થવાનો સંભવ હોય છે;[૧૫] તે જ પ્રમાણે, ગૃહમાં પુષ્કળ સંપત્તિ હોય અને તેનો દાનધર્મમાં વિનિયોગ કરવામાં આવે, તો તેથી આ લોકમાં કીર્તિ અને પછી સ્વર્ગ લોકની પ્રાપ્તિ કેમ ન થાય?[૧૬] હે અર્જુન! એ પ્રમાણેનું આચરણ હોય, એટલે તેનો પછી બીજો તોડ ક્યાંથી હોઇ શકે ? તે જ પ્રમાણે, સત્ત્વગુણની વૃદ્ધિ થઈ હોય, તો મરણ પછી તે અન્યત્ર ક્યાં જાય?[૧૭] કારણ કે, ઉત્તમ આચરણ કરનાર ભોગ ભોગવવાના સ્થાન શરીરને ત્યાગીને શુદ્ધ સત્ત્વગુણને જ પોતાની સાથે લઇ જાય છે.[૧૮] એવી રીતે જે દેહને ત્યાગે છે, તે કેવળ સત્ત્વની મૂર્ત્તિ બનીને પુનઃ જ્ઞાનીઓમાં જન્મ ધારણ કરે છે.[૧૯] હે ધનુર્ધર! રાજા પોતાની ગાદીપર હોય, તે સમયમાં પર્વતપર જઇને ઉભો રહે તો ત્યાં પણ તેને કાંઇ ન્યૂનતા થાય છે ખરી? નહિ જ![૨૦] અથવા, ભાઈ રે! એક ગામથી બીજા ગામમાં લઈ જવાયલા દીવાનો પ્રકાશ જેમ બન્ને સ્થાનોમાં એક સરખો જ પડે છે,[૨૧] તે જ પ્રમાણે, સત્ત્વગુણની વૃદ્ધિ થતાં જ્ઞાનની પણ અધિક વૃદ્ધિ થાય છે અને બુદ્ધિ જ્ઞાનસમુદ્રમાં વિહરવા માંડે છે;[૨૨] ત્યાર પછી મહત્તત્ત્વાદિકનો વિચાર કરીને તે એ વિચાર સહિત આત્મસ્વરૂપમાં નિમગ્ન થાય છે.[૨૩] (તેરમા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે) છત્રીસ તત્ત્વોથી ભિન્ન સાડત્રીસમું, સાંખ્યમત અનુસાર ચોવીસ તત્ત્વોથી ભિન્ન પચીસમું અને ત્રણે ગુણથી ભિન્ન એવો જે બ્રહ્મ,[૨૪] એવી રીતે સર્વથી ઉત્તમ અને જેનું ઐક્ય પ્રાપ્ત થયેલું છે એવા દેહને તે ધારણ કરે છે.[૨૫] એ જ પ્રમાણે, તમોગુણ અને સત્ત્વગુણને દાબીને જે વેળાએ રજોગુણ વૃદ્ધિગત થાય છે;[૨૬] અને જે વેળાએ તે શરીરરૂપ ગ્રામમાં પોતાની કૃતિને ચારે તરફ પ્રકટ કરે છે, તે

વેળાએ તેનાં લક્ષણો આવાં હોય છે:-[૨૭] ઝંઝાવાત છૂટતાં જે પ્રમાણે તે સર્વ વસ્તુઓને એકત્ર કરીને ઉંચે ઉડાવે છે, તે વેળાએ ઇન્દ્રિયો મુક્તતાથી વિષયો પ્રતિ દોડતી છૂટે છે.[૨૮] પરસ્ત્રી દૃષ્ટિગોચર થતાં તે કોની સ્ત્રી છે, એનો વિચાર થતો નથી અને જેમ બકરી ગમે ત્યાં અને ગમે તે ચરવા માંડે છે, તેજ પ્રમાણે તે ગમે ત્યાં ચરવા માંડે છે.[૨૯] લોભ એટલો બધો વધી જાય છે કે, જે વસ્તુ તેના સપાટામાં નથી આવતી, તેટલી જ વસ્તુ બાકી રહી જાય છે. બાકી પ્રાપ્ત કરી શકાય કે અપ્રાપ્ય, એમ સર્વ પદાર્થ લેવા દોડે છે;[૩૦] હે અર્જુન! ગમે તે ઉદ્યોગ તેની આગળ આવ્યો હોય, તો તે ઉદ્યોગ કરવામાં તે પાછી પેની કરતો નથી.[૩૧] તે જ પ્રમાણે, વિશાળ મંદિર બાંધવું અથવા અશ્વમેધ યજ્ઞ કરવો એવા અગાધ છન્દની પાછળ તે આદુ ખાઈને મંડી જાય છે.[૩૨] કોઇ એક નગર વસાવવું અથવા કોઈ એક મોટું તળાવ બાંધવું કિંવા વિસ્તીર્ણ અરણ્યમાં બગીચા બનાવવા,[૩૩] એ પ્રમાણેનાં વિશાળ કૃત્યોને તે પોતાના હાથમાં લે છે અને આ લોક તથા પરલોકપ્રાપ્તિની ઇચ્છા કદાપિ ઓછી થતી નથી.[૩૪] સમુદ્ર પણ જેનાથી હાર માની જાય અને અગ્નિની ત્રણ કોડી જેટલી કિંમત પણ ન અંકાય, એટલી બધી તેની અભિલાષા પ્રબળ થઇ જાય છે.[૩૫] એની ઇચ્છાની દોડ મનથી પણ આગળ હોય છે અને એના ભ્રમણ માટે સમસ્ત વિશ્વ પણ પૂરું પડી શકતું નથી.[૩૬] રજોગુણના વધવાથી એ પ્રમાણેનાં લક્ષણો જોવામાં આવે છે અને એવી અવસ્થામાં જો દેહાંત થઈ જાય,[૩૭] તો બીજા દેહમાં પણ એજ ગુણોથી વિભૂષિત થઇને તે મનુષ્યયોનિમાં જન્મ ધારણ કરે છે.[૩૮] કોઈ એક ભીખારી જો સર્વ સુખો-સહિત રાજમહાલયમાં બેસે, તોપણ જેમ તે રાજા થઈ શકતો નથી,[૩૯] બળદ જો કે શ્રીમાન્ ગૃહસ્થની જાન સાથે જાય છે, તોય તેને ખાવા માટે તો કડબ જ મળે છે;[૪૦] એ પ્રમાણે, જે વ્યાપારમાં રાત્રિ અને દિવસ વિશ્રાંતિનું નામ નથી હોતું, એવા વ્યાપારની પંક્તિમાં જ એ જીવડો જઇને બેસે છે.[૪૧] જે રજોવૃત્તિની નદીમાં ડુબી મરે છે, તે કામ્ય કર્મ કરનારાઓના વંશમાં જ જન્મ ધારણ કરે છે.[૪૨] એ જ પ્રમાણે, પછીથી રજોગુણ અને સત્ત્વગુણનો લોપ કરીને તમોગુણ વૃત્તિ વિશેષ પ્રબળ થાય છે.[૪૩] તે વેળાએ દેહમાં, અંતરમાં અને બહાર જે લક્ષણો જોવામાં આવે છે, તે સારી રીતે ધ્યાન આપીને સાંભળ.[૪૪] તમોગુણના વધવાથી મન અજ્ઞાનવડે એટલું બધું ભરાઈ જાય છે કે, જાણે તે ચંદ્ર અને સૂર્યવિહીન અમાવાસ્યાની રાત્રિનું આકાશ જ હોયની શું, એવો જ ભાસ થાય છે.[૪૫] એ જ પ્રમાણે, અંતઃકરણપૂર્વક અજ્ઞાનભરિત થઇને તેના મુખથી વિચારની વાત સુદ્ધાં પણ નીકળતી નથી.[૪૬] તેની બુદ્ધિ કાઠિન્યમાં પાષાણને પણ પાછળ હટાવી દે છે અને સ્મૃતિ દેશનિકાલ થયેલી દેખાય છે.[૪૭] તેના શરીરમાં આંતર્બાહ્ય અવિચાર જ દષ્ટિગોચર થાય છે અને તેના સર્વ વ્યાપારો મૂર્ખતા ભરેલા જ હોય છે.[૪૮] તેની ઇન્દ્રિયો સમક્ષ અનાચાર ઉભેલો હોય છે અને મરવા છતાં પણ તે અનાચારની જ ક્રિયા કરે છે.[૪૯] જેવી રીતે ઘુવડ અંધારી રાતે પણ સ્વચ્છ જોઇ શકે છે, તે પ્રમાણે બીજા લોકો કરતાં વધારે નઠારાં કર્મો કરવાનો તેના મનને ઘણો જ ઉત્સાહ હોય છે.[૫૦] એ જ પ્રમાણે, નિષિદ્ધ કર્મો કરવામાં તેની અતિશય આકાંક્ષા હોઇને તેની ઇન્દ્રિયોનું આકર્ષણ પણ તે તરફ જ હોય છે.[૫૧] એ મદ્ય ન પીવા છતાં જ ઉન્મત્ત બની જાય છે, સન્નિપાતનો ભોગ ન થવા છતાં બૂમો મારે છે અને પ્રેમ વિના જ ગાંડા માણસ પ્રમાણે રોવા માંડે છે.[૫૨] તેનું ચિત્ત તો જાણે ઠેકાણે હોતું જ નથી. પરંતુ એ કાંઈ સમાધિ નથી હોતી. એ પ્રમાણે તે મોહથી ઉન્મત્ત થયેલો હોય છે.[૫૩] કિંબહુના, પોતાની સર્વ સામગ્રી સહિત તમોગુણની વૃદ્ધિ થઈ, એટલે પછી એવાં ચિહ્નો દેખાવા માંડે છે[૫૪] અને પ્રસંગાનુસાર મરણ આવે છે, તો બીજા જન્મમાં પણ તે તમોગુણના મધ્યમાં જ જન્મ ધારણ કરે છે.[૫૫] રાઇની વાવણી કર્યા પછી તેનું રૂપ બદલાઇને જે વેળાએ તેમાંથી વૃક્ષ થાય

છે, તે વેળાએ તેને જે ફળો આવે છે, તે રાઇવિના બીજાં ફળો ક્યાંથી હોઇ શકે?[૫૬] એ જ પ્રમાણે, દીવો સળગે અથવા તો બુઝાઇ જાય, તોય તે જે સ્થળે એક કિંચિત્ જ્યોતિરૂપે પણ અવશિષ્ટ હોય ત્યાં સર્વત્ર અગ્નિ છે, એમ જ સમજવાનું છે;[૫૭] અર્થાત્ પોતાના સંકલ્પમાં તમોગુણની ગાંસડી બાંધીને જે દેહનો ત્યાગ કરે છે, તે પુનઃ તમોગુણમાં જ પુનર્જન્મ ધારણ કરે છે.[૫૮] વધારે શું કહેવું? તમોગુણની વૃદ્ધિમાં જ જે મરણ પામે છે, તે પુનઃ પશુ કિવા પક્ષી; અથવા વૃક્ષ કિંવા કીટના જન્મને જ પામે છે.[૫૯]

कर्मणः सुकृतस्याहुः सात्विकं निर्मलं फलम् ॥
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥ १६ ॥

[પુણ્ય કર્મનું ફળ સાત્વિક અને નિર્મળ હોય છે; રજોગુણનું ફળ દુઃખ છે અને તમોગુણનું ફળ અજ્ઞાન છે, એમ કહેવાય છે. ૧૬]

એ જ કારણ માટે, જે સત્ત્વ ગુણમાંથી ઉત્પન્ન થાય છે, તેને શ્રુતિમાં 'સુકૃત' કહેલું છે.[૨૬૦] અર્થાત્ સત્ત્વગુણમાંથી સહજ સુખ અને જ્ઞાન અપૂર્વ ફળરૂપે દૃષ્ટિગોચર થાય છે અને તેથી તેને સાત્વિક (સત્કર્મ) ફળ કહેવામાં આવે છે.[૬૧] હવે, રજોગુણમાંથી જે ક્રિયાઓ ઉત્પન્ન થાય છે, તે કટુ *વૃન્દાવન પ્રમાણે દેખાવમાં મનોહર હોવા છતાં અંદરથી દુઃખકારક જ હોય છે.[૬૨] અથવા, લીંબોળીઓ જેવી રીતે બહારથી પીળી ધમક હોવા છતાં અંદર વિષ સમાન કડવી હોય છે, તે જ પ્રમાણે, રજોગુણમાંથી થનારાં ફળો છે.[૬૩] જેવી રીતે વિષના કાંદાને રોપવાથી તેમાંથી વિષનાં અંકુરો જ ફૂટે છે, તે જ પ્રમાણે, તમોગુણમાંથી થનારી ક્રિયાઓ અજ્ઞાનમય જ હોય છે.[૬૪]

सत्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥

[સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે. ૧૭]

એટલા માટે, હે તાત અર્જુન! દિવસનું કારણ જેવી રીતે સૂર્ય છે, તેવી જ રીતે જ્ઞાનનું કારણ સત્ત્વગુણ છે[૬૫] અને જેવી રીતે અદ્વૈત થવા માટે આપણા પોતાનું પણ વિસ્મરણ થવું જોઇએ છે; તેવી જ રીતે લોભની ઉત્પત્તિમાં રજોગુણ જ મૂળ કારણ થાય છે.[૬૬] હે જ્ઞાનવાન્! મોહ, અજ્ઞાન અને પ્રમાદ એ ત્રિદોષ સમુદાયનું મૂળ કારણ તમોગુણ જ છે.[૬૭] જેવી રીતે, હાથની હથેલીમાં આંબળું લઇને કોઇને પ્રત્યક્ષ બતાવવામાં આવે, તે જ પ્રમાણે વિચારવાન્ મનુષ્યને વિચાર કરવા માટે મેં એ ત્રણે ગુણોને ભિન્ન ભિન્ન સ્પષ્ટતાથી બતાવ્યા છે.[૬૮] અર્થાત્ રજોગુણ અને તમોગુણ એ બંને ગુણોને નરકનાં મોટામાં મોટાં સાધનો માનવામાં આવ્યાં છે અને જ્ઞાનની પ્રાપ્તિ તો સત્ત્વગુણ વિના થવાની નથી;[૬૯] એટલા માટે, જેવી રીતે બીજી ભક્તિઓનો ત્યાગ કરી જ્ઞાની જનો ચોથી ભક્તિનો સ્વીકાર કરે છે, તે જ પ્રમાણે કેટલાકો આજન્મ સાત્ત્વિક વૃત્તિને ધારણ કરી રાખે છે.[૨૭૦]

ऊर्ध्वं गच्छंति सत्वस्था मध्ये तिष्ठंति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छंति तामसाः ॥ १८ ॥

* કડવી તુલસીના છોડનાં વનો દેખાવમાં ઘણાં સુંદર હોય છે, પણ તે ખાધી હોય તો શરીરપર ફોલ્લા થાય છે ને સ્વાદમાં બહુ કડવી હોય છે.

[જેઓ સત્ત્વગુણી છે, તેઓ દેવયોનિને પામે છે; જેઓ રજોગુણી છે, તેઓ મનુષ્યયોનિને પામે છે અને કનિષ્ઠ ગુણોમાં નિમગ્ન જે તામસીજનો છે તેઓ, પશુ આદિની યોનિને પામે છે. ૧૮]

એ પ્રમાણે જેઓ નિત્ય સાત્ત્વિક વૃત્તિનું આચરણ કરે છે, તેઓ દેહને ત્યાગવા પછી સ્વર્ગમાં નિવાસ કરે છે.[૭૧] તે જ પ્રમાણે, જેઓ રાજસીનું આચરણ કરતાં દેહત્યાગ કરે છે, તેઓ મૃત્યુલોકમાં મનુષ્યયોનિમાં જ જન્મ ધારણ કરે છે.[૭૨] એ મૃત્યુલોકમાં સુખ અને દુઃખની ખીચડી એક જ થાળીમાં ખાવી પડે છે; (એક જ દેહને સુખ અને દુઃખ બન્ને ભોગવવાં પડે છે;) અને ત્યાં કોઈ પણ ઉપાયે મૃત્યુને ટાળી શકાતું નથી.[૭૩] તેમ જ જેઓ તમોગુણનું આચરણ કરે છે, તેઓ દેહનો અંત થવા પછી નરકભૂમિમાં જવા માટેની સનદ મેળવી રાખે છે.[૭૪] હે અર્જુન! એ પ્રમાણે, વસ્તુની સત્તાથી વધનારા ત્રણે ગુણો તેમનાં લક્ષણો સહિત તને સ્પષ્ટ કરીને કહી સંભળાવ્યા.[૭૫] પરંતુ વસ્તુના સ્વરૂપમાં પરિવર્તન ન થતાં તે વસ્તુ ગુણોના ઉપાધિથી પોતે જ ગુણ લક્ષણ પ્રમાણે કાર્ય કરે છે.[૭૬] આપણે રાજા થયા છીએ અને આપણા-પર પરચક્ર આવેલું છે, એમ સ્વપ્નમાં જોનાર મનુષ્ય જેવી રીતે પોતે જ પોતાનો જય અને પરાજય થતો જોય છે,[૭૭] તે જ પ્રમાણે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ગુણોની વૃત્તિના ભેદ છે અને જો ગુણદૃષ્ટિને ત્યાગીને જોવામાં આવે તો તે શુદ્ધ વસ્તુ જ છે.[૭૮]

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टाऽनुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १९ ॥

[જ્યારે જીવ, એ ગુણોથી કર્ત્તા ભિન્ન નથી એમ જુવે છે અને પોતાને ગુણોથી પર સમજે છે, ત્યારે તે મારા સ્વરૂપને પામે છે. ૧૯]

પણ હવે એ બોલવાનું મુલતવી રાખીએ. માત્ર તું એટલું જ ધ્યાનમાં રાખ કે, વસ્તુ-વિના બીજું કાંઈ પણ નથી. હવે તને પાછળની વાત કહું છું તે સાંભળ.[૭૯] તારે નિશ્ચયપૂર્વક એમ સમજવું કે, વસ્તુના સામર્થ્યથી એ ત્રણે ગુણ સહજ દેહના નિમિત્તથી ઉત્પન્ન થાય છે.[૮૦] કાષ્ઠ સળગ્યા પછી જેમ અગ્નિ તે કાષ્ઠના આકાર જેવો દેખાય છે; અથવા ભૂમિ અને જળનો આકાર જેમ વૃક્ષમાં દૃષ્ટિગોચર થાય છે; (કારણ કે, વૃક્ષમાં જળ અને ભૂમિ એ બે તત્ત્વો જ રહેલાં છે.)[૮૧] અથવા દૂધ જામી જતાં દહિના આકારમાં દેખાય છે અને મધુરતા શેરડીના આકારથી વ્યક્ત થાય છે;[૮૨] તે જ પ્રમાણે, અંતઃકરણ સહિત સૂક્ષ્મ દેહ જ એ ત્રણે ગુણ બને છે અને તેથી જ તે તેમના સપાટામાં સપડાય છે.[૮૩] પરંતુ હે અર્જુન! એ કેટલું બધું આશ્ચર્ય છે કે, સૂક્ષ્મ દેહ અને ગુણોની એક બીજા સાથે આટલી બધી ગુંથણી થયેલી હોવા છતાં પણ જ્ઞાનીઓના) મોક્ષનો વ્યવહાર ઓછો થતો નથી.[૮૪] ત્રણે ગુણો પોતપોતાના ધર્મ પ્રમાણે દેહને જન્મ અને મૃત્યુના સપાટામાં નાંખી દે છે, તથાપિ ગુણાતીતતાની ન્યૂનતા હોતી નથી.[૮૫] તું જ્ઞાનકમળપરનો ભ્રમર છે, એટલે સહજ મુક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે હું તને કહી સંભળાવું છું;[૮૬] અને ચૈતન્ય, ગુણો પ્રમાણે ન થતાં તેમનાથી અલિપ્ત જ હોય છે, એવું જે તત્ત્વ તને આગળ (તેરમા અધ્યાયમાં) પણ કહેલું છે, તે જ એ છે.[૮૭] તો હે પાર્થ! જ્ઞાનનો બોધ થવા પછી ગુણોથી ચૈતન્ય ભિન્ન છે, એમ દેખાઈ આવે છે. જાગ્રત થવા પછી જેમ સ્વપ્ન,[૮૮] અથવા નદીના તીરે ઊભો રહેલો મનુષ્ય પોતાના પ્રતિબિંબને પાણીમાં જુવે છે અને પાણીને હીલવતાં તેજ પ્રતિબિંબ જેમ અનેક સ્થળે દૃષ્ટિગોચર થાય છે;[૮૯] અથવા નટે સ્ત્રીવેષ ધારણ કરવા છતાં જેમ તે સ્ત્રીના ગુણોમાં ફસાતો નથી; (એટલે કે પોતાના પુરુષત્વને ભૂલતો નથી;) તે જ પ્રમાણે, પોતાના સ્વરૂપમાં સત્ય બુદ્ધિને કાયમ રાખીને જ ગુણોને નિહા-

ળવા.[૨૯૦] જેવી રીતે આકાશમાં ત્રણે ઋતુઓ આવે છે અને જાય છે, પરંતુ તેમનાથી આકાશ તો અલિપ્ત જ હોય છે;[૯૧] તેજ પ્રમાણે, ગુણોમાં વર્ત્તતો હોવા છતાં ગુણાતીત રહીને જે આત્મસ્વરૂપમાં રત હોય છે, તેનો મૂળ સ્વરૂપ વિષયક અહંકાર કાયમ જ હોય છે.[૯૨] પછી તે સ્થળેથી અવલોકન કરતાં કહે છે કે, હું કર્મકર્ત્તા નથી, કિન્તુ કેવળ સાક્ષીભૂત છું અને સર્વ ક્રિયાઓ ગુણોથી જ થાય છે.[૯૩] સત્ત્વ, રજ અને તમોગુણથી જે જૂદી જૂદી ક્રિયાઓ (કર્મો) થાય છે, તે હું કરતો નથી, કિન્તુ તેમનું કારણ ગુણો જ છે.[૯૪] વનશોભાનું કારણ જેવી રીતે વસંતઋતુ હોય છે, પરંતુ તે શોભાથી અલિપ્ત હોય છે; તેવી જ રીતે હું સર્વ ક્રિયાઓ કરતો હોવા છતાં પણ અલિપ્ત જ છું.[૯૫] અથવા, નક્ષત્રનો લોપ થાય છે, સૂર્યકાંતમણિ અગ્નિને ઉત્પન્ન કરે છે અને કમળ વિકસિત થાય છે;[૯૬] (એ સર્વ એક સૂર્યોદયના યોગે જ થાય છે), પરંતુ સૂર્ય તેમના તરફ જોતો પણ નથી; તે જ પ્રમાણે મારી સત્તાથી જ કર્મો થતાં હોવા છતાં હું આ દેહમાં અકર્ત્તા જ છું.[૯૭] મારા બતાવવાથી ગુણો દૃષ્ટિગોચર થાય છે, મારી જ સત્તાથી ગુણો વધે છે અને તેમનો નાશ થવા પછી જે અવશિષ્ટ રહે છે, તે પણ હું જ છું."[૯૮] હે ધનંજય! એ પ્રમાણે, જેના હૃદયમાં જ્ઞાનનો ઉદય થયેલો છે, તે ઉત્તમ માર્ગને પામે છે અર્થાત્ ગુણાતીત છે.[૯૯]

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

[જીવ, દેહમાંથી ઉત્પન્ન થએલા ત્રણે ગુણોનો અતિક્રમ કરીને જન્મ, મૃત્યુ અને વાર્ધક્ય આદિ દુઃખોથી મુક્ત થઈ મોક્ષને પ્રાપ્ત થાય છે. ૨૦]

ત્યાર પછી તે નિર્ગુણ બ્રહ્મને પ્રમાદવિના જાણી શકે છે, કારણ કે, ગુણાતીતતાએ તેના ભાલમાં તિલક કરેલો હોય છે.[૩૦૦] કિંબહુના, હે અર્જુન! નદી જેવી રીતે સમુદ્રત્વને પામે છે, તે પ્રમાણે, તે મારી જ સત્તાને પામે છે.[૧] જેવી રીતે નાલિકાપરથી ઉડીને ઝાડની બીજી ડાળીઓ-પર બેસવા પછી પોપટ ભ્રાંતિરહિત થાય છે, તેજ પ્રમાણે, જે ગુણાતીત થએલો હોય છે, તે ગુણોના સપાટામાં ન સપડાતાં 'અહંબ્રહ્મ' એમ જાણે છે.[૨] હે જ્ઞાનવાન્! જે અજ્ઞાનરૂપ નિદ્રામાં જ ઘોરતો પડેલો હોય છે, તે સ્વસ્વરૂપમાં મળી જતાં જાગ્રત થાય છે.[૩] હે અર્જુન! તેના હાથમાંથી બુદ્ધિભેદરૂપ દર્પણ નીચે પડી જવાથી તેમાં દેખાતાં સુખ દુઃખરૂપ પ્રતિબિંબથી તે મુક્ત થાય છે.[૪] પછી, હે વીર! દેહાભિમાનરૂપ વાયુનું વહન બંધ થતાં તેનાપરની જીવ અને ઈશસ્વરૂપિણી લહરીઓ આત્મસ્વરૂપરૂપ મહાસાગરમાં જઈને મળી જાય છે.[૫] અર્થાત્ એમ થતાંની સાથે જ તેઓ મદ્રૂપ થાય છે. જેવી રીતે વર્ષાકાળના અંતમાં આકાશમાં ઉત્પન્ન થતાં વાદળાં આકાશમાં જ લય પામે છે, (પર્જન્ય વૃષ્ટિ કરતાં નથી),[૬] તે જ પ્રમાણે, મદ્રૂપ થવા પછી તે જો કે દેહમાં હોય છે, તો પણ ગુણોવડે લિપ્ત થતો નથી.[૭] દર્પણમહાલયમાંના દીપકનો પ્રકાશ જેવી રીતે રોકાતો નથી અથવા વડવાનલ સમુદ્રના પાણીથી પણ ઓલવાતો નથી,[૮] તેજ પ્રમાણે, ગુણોના આવવા જવાથી તેનું શુદ્ધ જ્ઞાન મલિન થતું નથી અને આકાશસ્થ ચંદ્રનું બિંબ પાણીમાં પડવા છતાં ચંદ્ર પોતે તો જેમ પાણીથી દૂર (ભિન્ન) જ હોય છે, તેજ પ્રમાણે, તે દેહમાં હોવા છતાં પણ ગુણોથી બંધાતો નથી.[૯] ત્રણે ગુણો જો કે તેના દેહમાં નિવાસ કરતા હોય, તોય તેમના તરફ તે કદાપિ નમીને જોતો પણ નથી.[૩૧૦] એવી રીતે તે અંતરમાં નિર્મળ હોય છે—નિશ્ચળ હોય છે—અને શરીરના ધર્મોને જાણતો જ નથી. સર્પ પોતાની કાંચળી ઉતારીને જે વેળાએ પાતાળ લોકમાં જવાને નીકળે છે, તે વેળાએ જેમ

પોતાની કાંચળીનું શું થશે, એ વિષયમાં કાંઇપણ ધ્યાન આપતો નથી; તેજ પ્રમાણે, જ્ઞાનીજનો પોતાના શરીર વિશે નિરન્તર નિશ્ચિન્ત હોય છે.[12] અથવા, કમળ વિકસિત થઇને તેનો સુવાસ આકાશમાં ઊડી જવા પછી જેમ પાછો કમળકોષમાં આવતો નથી;[13] તેજ પ્રમાણે, આત્મસ્વરૂપ સાથે ઐક્ય થવા પછી તે પુરુષ આ સ્થાનમાંનાં ધર્માચરણ આદિને આચરતો નથી;[14] અર્થાત્, જન્મ, જરા અને મરણ આદિ છ ગુણોનો સંબંધ કેવળ દેહમાં જ હોય છે, પણ જ્ઞાનીમાં તેવો કશો પણ સંબંધ હોતો નથી.[15] જેમ ઘટ ફૂટી જઇને તેની ઠીકરીઓ થઈ જાય, એટલે તેમાંનું આકાશ (ઘટાકાશ) જેમ સહજ મહદાકાશમાં મળી જાય છે;[16] તેવી જ રીતે, દેહબુદ્ધિનો લોપ થતાં જ્યારે આત્મસ્વરૂપનો પરિચય થાય છે, ત્યારે એવી અવસ્થામાં આત્મસ્વરૂપ વિના બીજી શી વસ્તુની સ્મૃતિ થાય વારુ![17] એ પ્રમાણે, જેના અંતઃકરણમાં બોધ થયેલો છે, તે જો કે દેહધારી હોય, તો પણ તે ગુણાતીત છે, એમ હું કહું છું.[18] મેઘની ગર્જના સાંભળીને જેમ મયૂરને સંતોષ થાય છે, તેજ પ્રમાણે, શ્રી કૃષ્ણના સંભાષણથી પાર્થને બહુ જ સંતોષ થયો.[19]

अर्जुन उवाच—कैर्लिंगैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥ २१ ॥

[અર્જુને કહ્યું:—હે પ્રભો, એ ત્રણે ગુણોને ત્યાગીને આગળ વધેલા જીવને ક્યાં ચિહ્નોથી ઓળખવો? તેના આચારો કેવા હોય છે? અને તે એ ત્રણ ગુણોને કેવી રીતે ઉલ્લંઘી જાય છે?૨૧]

એવા હર્ષયુક્ત અંતઃકરણથી તે વીર અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે:—"જેના અંતઃકરણમાં એવો બોધ થયેલો હોય, તેનાં લક્ષણો શાં હોય છે?[20] તે ગુણાતીત કેવી રીતે વર્તે છે? અને ગુણોનું કેવા પ્રકારે નિરાકરણ કરે છે? હે દેવ! આપ કૃપાના ભંડાર છો, એટલે એ સર્વ મને સ્પષ્ટ કરીને કહો."[21] એ અર્જુનના પ્રશ્નનું ષડ્ગુણૈશ્વર્યસંપન્ન શ્રીકૃષ્ણ પરમાત્મા શું ઉત્તર આપે છે, તે સાંભળો[22] તેઓ કહે છે:—"હે પાર્થ! તારો આ જ પ્રશ્ન છે કે? કારણ કે, 'ગુણાતીત' એ નામને ઉચ્ચાર્યા પછી 'તેનાં આચરણ શાં છે? એ પ્રશ્ન જ સંભવતો નથી.[23] જેને ગુણાતીત કહેવામાં આવે છે, તે કદાપિ ગુણાધીન તો નથી જ હોતો; અથવા ગુણોના મધ્યમાં વસતો હોય, તો પણ ગુણોના સકંજામાં સપડાતો નથી.[24] પણ તેનો ગુણો સાથે સંબંધ હોવાથી તે ગુણોને આધીન છે કિંવા નથી, એ કેવી રીતે જાણી શકાય,[25] એવી જો તારા મનમાં શંકા હોય, તો ભલે પ્રશ્ન કર; હું તેનાં લક્ષણો કહું છું, તે સાંભળ.[26]

श्रीभगवानुवाच—प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पांडव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥ २२ ॥

[શ્રી ભગવાને કહ્યું:—હે અર્જુન! જે જ્ઞાન, કર્મપ્રવૃત્તિ અને અજ્ઞાન પ્રાપ્ત થવા છતાં પણ દ્વેષ કરતો નથી અને તેમનો નાશ થતાં તેમની ઈચ્છા કરતો નથી; ૨૨]

હે પાંડવ! જો રજોગુણનું પ્રાબલ્ય થતાં દેહમાં કર્મના અંકુર ફૂટવાથી તે પ્રવૃત્તિ માર્ગમાં નિમગ્ન થયો હોય,[27] તોપણ, 'હું જ કર્મ કરનાર છું' એવું અભિમાન જેનામાં ઉત્પન્ન થતું નથી; અથવા કર્મોનો લોપ થતાં તેની બુદ્ધિને ખેદ પણ થતો નથી;[28] અથવા સત્ત્વ ગુણની વૃદ્ધિ થતાં જે વેળાએ સર્વ ઇન્દ્રિયોમાં જ્ઞાન પ્રકાશિત થાય છે, તે વેળાએ 'મારા જેવો બીજો કોઈ પણ વિદ્વાન્ નથી' એવા સંતોષમાં જે લીન થતો નથી;[29] અથવા તમોગુણના વધવાથી જે મોહભ્રમમાં ડૂબતો નથી અને અજ્ઞાનના સંયોગથી મનમાં ખેદ રાખતો નથી;[30] અથવા મોહ ઉત્પન્ન થતાં

જ્ઞાનની ઈચ્છા કરતો નથી; તેજ પ્રમાણે, જ્ઞાનવાન્ થવા છતાં કર્મોને ત્યાગતો નથી અને તેમના યોગે દુઃખ પણ માનતો નથી;[31] પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળના સૂર્યની જેમ ગણના હોતી નથી, તેમજ જે દેહમાં ઉદ્ભવતા ગુણોમાં ધ્યાન રાખતો નથી,[32] એવો જે જ્ઞાની છે, તેને બીજાના જ્ઞાનની અપેક્ષા હોઇ શકે ખરી? સમુદ્રને પર્જન્યની આવશ્યકતા હોય છે? નહિ જ.[33] અથવા કર્મ કરતો હોવા છતાં હું કરનાર છું એવું અભિમાન થઈ શકે ખરું? હિમાલય પર્વત મને શીતલતાનો વિકાર થશે, એવી ભીતિ શું રાખે છે?[34] અથવા મોહનો ઉદ્ભવ થતાં તેના જ્ઞાનનો નાશ સંભવે છે ખરો? ઉન્હાળો મોટી આગને બાળી શકે છે ખરો? નહિ જ.[35]

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तत इत्येव योऽवतिष्ठति नेंगते ॥ २३ ॥

[જે ઉદાસીન રહીને ગુણોવડે વિકાર પામતો નથી; 'ગુણો જ કર્ત્તા છે' એમ માનીને પોતે સ્થિર રહે છે; પણ કાંઇ કરતો નથી; ૨૩]

તેજ પ્રમાણે, ગુણ અને શરીર એ ઉભય આપણે પોતેજ હોવાથી તે આવે કે જાય, તોપણ તેથી સુખ કે દુઃખ થતું નથી,[36] એવો જેનો દૃઢ નિશ્ચય હોય છે તે, જેમ પ્રવાસ કરતો પ્રવાસી માર્ગમાં કેવળ વિશ્રાંતિ પૂરતો જ અટકે છે, તે પ્રમાણે, ઉદાસીનવૃત્તિથી જ દેહમાં નિવાસ કરે છે.[37] જેવી રીતે રણભૂમિમાંનું નિશાન ગમે તેનો જય કે પરાજય થાય, તોય (તેનાથી થતા હર્ષ કે શોકથી) અલિપ્ત જ હોય છે, તેજ પ્રમાણે તે ગુણોને આધીન થઈને કાંઈ પણ કર્મ કરતો નથી.[38] કિંવા દેહમાંનો પ્રાણ રક્ષણ પૂરતું મીઠું (ગળ્યું) અથવા ગમે તેવું અન્ન આપવામાં આવે તોય તેના સ્વાદને તપાસતો નથી; અથવા અતિથિ ગમેતેવું આપેલું અન્ન ખાઇ જાય છે; અથવા ચૌટામાંના ઓટલાપર કોઇ પણ જઇને બેસે, તોય ઓટલો તો જેમ ઉદાસીન ન હોય તેવો જ છે.[39] હે અર્જુન! મૃગજળની લહરીઓથી જેમ મેરુ પર્વત ઢળતો નથી, તે પ્રમાણે, જે ગુણોના આવવા જવાથી ઢળતો નથી.[340] વધારે શું કહેવું? આકાશમાં યદ્યપિ નિત્ય વિચરતો હોય છે, તો પણ વાયુના આઘાતથી આકાશ કદાપિ ડોલાયમાન થતું નથી; અથવા અંધકારે કદાપિ સૂર્યને ગળ્યો છે ખરો કે?[41] જેવી રીતે જાગ્રદાવસ્થામાં મનુષ્યને સ્વપ્ન કદાપિ ભમાવી શકતું નથી, તેવી જ રીતે જ્ઞાનવાન્ પુરુષ ગુણવિકારથી કદાપિ ભ્રમિષ્ટ થતો નથી.[42] ગુણોવડે નિશ્ચયપૂર્વક તે આકર્ષાતો નથી, પરન્તુ દૂરથી તેમના ખેલોને જોયા કરે છે. તે વેળાએ તે ગુણો ચિત્ર પ્રમાણે હોઇને જ્ઞાની પોતે પ્રેક્ષક પ્રમાણે ઉદાસીન હોય છે.[43] સાત્ત્વિક ગુણ ભલે સત્કર્મોનું આચરણ કરે, રજોગુણ વિષયોની આશા ધરે અથવા તમો ગુણ મોહ આદિ અજ્ઞાનમાં ડુબી મરે, છતાં એથી તેને કશી પણ બાધા થતી નથી.[44] આપણી જ સત્તાથી આ સર્વ ગુણોની ચેષ્ટાઓ થાય છે, એમ જે સમજે છે, તે, જેમ સૂર્ય લોકવ્યવહારનો સાક્ષીભૂત હોઇને અલિપ્ત હોય છે,[45] સમુદ્રમાં ભરતી આવે છે, સોમકાંત મણિને દ્રવ થાય છે અને ચન્દ્રવિકાસી કમળો વિકસે છે-એ સર્વ ક્રિયાઓ જો કે ચન્દ્રના યોગે જ થાય છે, છતાં ચન્દ્ર જેમ અલિપ્ત હોય છે;[46] અથવા તો ગગનમાં પુષ્કળ વાયુ વાય છે અથવા ટાઢ પડે છે; છતાં ગગન જેવી રીતે નિશ્ચલ જ રહે છે, તે પ્રમાણે, ગુણો ગમે તેટલો ખળભળાટ મચાવે, તોય તે તેમના સપાટામાં આવતો નથી.[47] હે અર્જુન! એ પ્રમાણે ગુણાતીતનાં ચિહ્નો તને કહ્યાં. હવે તેમનાં આચરણો કેવાં હોય છે, તે કહું છું તે સાંભળ.[48]

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥ २४ ॥

[જે સુખ દુઃખને સમાન માનનાર; આત્મસ્વરૂપમાં સ્થિર; માટી, પાષાણ અને સુવર્ણને સરખાં જાણનાર; પ્રિય અને અપ્રિયને એક સરખાં લેખનાર, ધૈર્યવાન્ તથા પોતાની નિન્દા અને સ્તુતિને સરખી માનનાર છે; ૨૪]

હે અર્જુન! જેવી રીતે વસ્ત્રના આંતર્બાહ્ય ભાગમાં સૂત્ર વિના બીજું કાંઇ પણ નથી, તે પ્રમાણે, જે મદ્રૂપ થયેલો છે, તેને સમસ્ત ચરાચરમાં મારા વિના બીજું કાંઇ જ દેખાતું નથી.[૪૯] અર્થાત્ ઈશ્વર જેવી રીતે પોતાના શત્રુને અને ભક્તોને એક સરખી જ મુક્તિ આપે છે, તે પ્રમાણે સુખ અને દુઃખ પ્રાપ્ત થતાં ગુણાતીતનું મન ત્રાજવાં પ્રમાણે સમતોલ રહે છે.[૩૫૦] નહિ તો દેહરૂપ ઉદકમાં મનરૂપ માછલું ખેલતું હોય. એટલે સુખદુઃખની સહજ બાધા થાય છે.[૫૧] હવે દેહાભિમાનને ત્યાગીને આત્મરૂપ થવાથી, બીજ પેરીને ધાન્ય આવ્યા પછી તેમાં જેમ બીજનો પરિપાક થાય છે,[૫૨] અથવા ગંગા સમુદ્રમાં મળી જતાં જેમ તેનો કલકલ ધ્વનિ પોતાની મેળે જ બંધ થઈ જાય છે,[૫૩] તે જ પ્રમાણે, હે અર્જુન! જેણે આત્મરૂપમાં લીનતા કરેલી છે, તે દેહમાં હોવા છતાં પણ સુખદુઃખની બાધાને પામતો નથી.[૫૪] જેમ ગૃહના સ્તંભને રાત્રિ અને દિવસ ઉભય સમાનજ હોય છે, તેમ દેહમાંના આત્માને સુખ અને દુઃખ ઉભય એક સરખાંજ છે; કારણ કે, તે (આત્મા) ગુણોથી અલિપ્ત હોય છે.[૫૫] જેવી રીતે નિદ્રાધીન મનુષ્યને એક બાજૂએ સર્પ અને બીજી બાજૂએ ઊર્વશી હોય, તોય બન્ને સમાન હોય છે; તેજ પ્રમાણે જે આત્મસ્વરૂપમાં લીન થયેલો હોય છે, તેને સુખ અને દુઃખની યોગ્યતા સમાનજ હોય છે.[૫૬] અર્થાત્ તે છાણ અને સોનાની કીંમત સરખીજ આંકે છે અને રત્ન તથા અશ્મ વચ્ચે પણ કશોય ભેદ જોતો નથી;[૫૭] સ્વર્ગસુખ પોતે ચાલી ચલાવીને ઘેર આવે અને તેનો પોતાનો ભક્ષ કરવાને વ્યાઘ્ર તેના શરીરપર ધસી આવે, તો પણ તેની આત્મસ્વરૂપસ્થ બુદ્ધિનો ભંગ થતો નથી.[૫૮] મૃત જેમ સજીવન થતું નથી અને વળી ગયેલું બીજ જેમ વાવવાથી ઊગતું નથી; તેજ પ્રમાણે, તેની આત્મસ્વરૂપ વિશે જે સમબુદ્ધિ થયેલી હોય છે, તેનો કશાથી પણ ભંગ થતો નથી.[૫૯] 'આ બ્રહ્મદેવ છે' એમ કહીને કોઇ સ્તુતિ કરે અથવા 'આ નીચ છે, આ પાપી છે' એમ કહીને કોઈ નિન્દા કરે; પરંતુ રક્ષા થવા પછી તેને જેમ બાળવા કે બુઝાવાની ભીતિ રહેતી નથી,[૩૬૦] તેજ પ્રમાણે નિન્દા કિંવા સ્તુતિ કરવાથી તેને કોપ અથવા હર્ષ ઉત્પન્ન થતો નથી; કેમકે સૂર્યના ગૃહમાં અંધકાર કે દીપકની કલ્પના કરવી જ અશક્ય છે (કારણ કે, તે સદોદિત સ્વયં પ્રકાશ જ છે.)[૬૧]

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी गुणातीतः स उच्यते ॥ २५ ॥

[જેને માન અને અપમાન સમાન છે; મિત્ર અને શત્રુ પણ સમાન છે અને જે કોઇ પણ કર્મનો આરંભ કરતો નથી, તેને ગુણાતીત કહેવામાં આવે છે. ૨૫]

ઈશ્વર ધારીને પૂજા કરવામાં આવે અથવા ચોર સમજીને મારવામાં આવે, અથવા હાથી, ઘોડા અને રથ આદિથી ઘેરીને તેને રાજા બનાવવામાં આવે;[૬૨] અથવા આપ્તજનો તેની પાસે આવી બેસે અથવા વેરી પાસે આવીને વિરાજે, તથાપિ તેને સર્વ એક સરખા જ હોય છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ રાત્રિ અને દિવસને જાણતો નથી;[૬૩] આકાશમાં ષડ્ઋતુ આવે છે ને જાય છે, છતાં તે તો જેમ અલિપ્ત જ હોય છે, તે પ્રમાણે તેની બુદ્ધિને વિષમતાનો સ્વપ્નમાં પણ પરિચય થયેલો હોતો નથી.[૬૪] તેનામાં બીજો એક ચમત્કાર દેખાઈ આવે છે કે, તે કોઇ પણ વ્યાપાર કરતો નથી,[૬૫] તે કોઇ પણ ક્રિયાનો આરંભ કરતો નથી, પ્રવૃત્તિ માર્ગથી દૂરનો દૂર જ રહે છે અને તે પોતે જ્ઞાનવાન્ હોવાથી તેનાં કર્મોનાં ફળો બાળીને ભસ્મીભૂત થઇ જાય છે.[૬૬]

આ લોક અથવા પરલોકનો જેના મનમાં વિચાર માત્ર પણ આવતો નથી; પરન્તુ સહજ સ્વભાવે જે કાંઇપણ પ્રાપ્ત થાય તેનું જ તે સેવન કરે છે.[૬૭] પાષાણ પ્રમાણે તેનું મન કઠિન છે. તે સુખ થવાથી આનંદ માનતો નથી અને દુઃખ થવાથી શોક માનતો નથી; તે જ પ્રમાણે, તે મનવડે કાંઇ પણ વ્યાપાર કરતો નથી.[૬૮] હજી તને કેટલુંક સ્પષ્ટ કરીને કહું વારુ? અર્થાત જેનું એવું આચરણ હોય, તે જ ગુણાતીત છે, એમ તારે જાણી લેવું.[૬૯] શ્રી કૃષ્ણ કહે છે કેઃ– ગુણાતીત થવા માટેનો માર્ગ એટલે કે, કયા ઉપાયથી ગુણની બાધા નથી થતી, તે માર્ગ હું તને હવે કહું છું તે સાંભળ. ૩૭૦

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ २६ ॥

[વળી જે એકનિષ્ઠ ભક્તિથી મારી સેવા કરે છે, તે એ ત્રણ ગુણોને ઉત્તમ પ્રકારે જિતીને બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે. ૨૬]

જે એકનિષ્ઠ મનથી મારી ભક્તિ કરે છે, તે એ ગુણોનો વિનાશ કરી શકે છે![૭૧] ત્યારે હું કોણ, મારી ભક્તિ કેવી રીતે કરવી, એકનિષ્ઠતાનું લક્ષણ શું છે, એ સર્વ વાતો મારે તને સ્પષ્ટ કરીને કહેવી જોઇએ.[૭૨] હે અર્જુન! સાંભળ. હું આ જગતમાં એવો છું કે, રત્નનું તેજ અને રત્ન એ ઉભય જેમ એક જ છે,[૭૩] અથવા પાતળાપણું અને પાણી; અવકાશ અને આકાશ; માધુર્ય અને શર્કરા; એ સર્વ જેમ ભિન્ન નહિ, પણ એક જ છે,[૭૪] અગ્નિ અને જ્વાળા એક જ છે; કમળની પાંખડીઓ જ કમળ છે; વૃક્ષ તે જ શાખાઓ, ફળ અને પાંદડાં છે; [૭૫] જેવી રીતે શીતલતા અને તે શીતલતા જ્યાં નિવાસ કરે છે તે હિમાલય પર્વત એ બન્ને એક જ છે; અને દૂધ જામી જાય, એટલે જેમ તેને જ દહિના નામથી ઓળખવામાં આવે છે;[૭૬] એ જ પ્રમાણે વિશ્વ કહ્યું એટલે તે સર્વ મદ્રૂપ જ છે. ચંદ્રની કળાને જોવાની ઇચ્છા થતાં તેને ચંદ્રપરથી છોલી કાઢવી પડતી નથી, (કારણ કે, બન્ને એક જ છે;)[૭૭] ઘી જામી જાય તોપણ તે સ્થિતિમાં પણ તે ઘી જ હોય છે; અથવા કંકણને ગાળીને તેની લગડી ન કરીએ તોય તે જેમ સોનું જ છે;[૭૮] વસ્ત્રને ફાડીને તેમાંના તંતુઓને જૂદા ન પાડીએ તોય તે વસ્ત્ર જેમ તંતુમય જ છે; અને માટલાને ફોડીને ગાળીએ નહિ, તોય તે જેમ માટી જ છે;[૭૯] તેવી રીતે વિશ્વથી હું જૂદો છું, એમ માની મને પ્રાપ્ત કરવાનો કાંઇ ખરો પ્રકાર નથી; કિન્તુ વિશ્વરૂપ જ હું છું, એમ જાણી મને જાણવો જોઇએ.[૩૮૦] એવી ઐકય બુદ્ધિથી મને જાણવાને જ મારી એકનિષ્ઠ ભક્તિ કહેવામાં આવે છે; અને મારામાં તથા આ વિશ્વમાં ભેદ છે, એવી કલ્પના કરવામાં આવે, તો તે વ્યભિચારિણી ભક્તિ થાય છે.[૮૧] એટલા માટે, એ ભેદને ન માનતાં એકનિષ્ઠ ચિત્તથી તું તારા પોતા સાથે હું આ વિશ્વમાં ભરેલો છું એમ જાણ.[૮૨] હે પાર્થ! સોનાની ટીલી કરીને જો તેને સોનાના દાગીનાપર જડીએ, તોય તે (દાગીના અને ટીલી) બન્નેમાં જેમ ભેદ હોતો નથી, તે જ પ્રમાણે તારા પોતાથી વિશ્વ ભિન્ન છે, એમ સમજીશ નહિ.[૮૩] સૂર્યમાંથી નીકળેલાં કિરણો તેજોમય હોઇને સૂર્યથી ભિન્ન થયેલાં હોતાં નથી, [૮૪] તે જ પ્રમાણેનો મારા વિશે અને વિશ્વવિશેનો ઐકય બોધ થવો જોઇએ. ભૂમિપરનાં રજકણ અને હિમાલયપરનાં હિમકણ જેવી રીતે ભૂમિ અને હિમાલયથી ભિન્ન હોતાં નથી; તે જ પ્રમાણે મારામાં સમસ્ત વિશ્વ સમાયલું છે એમ જાણજે.[૮૫] લહરી ગમે તેટલી ન્હાની હોય, તોય તે જેમ સમુદ્રથી નિરાળી હોતી નથી, તે જ પ્રમાણે ઈશ્વરથી હું પૃથક્ નથી,[૮૬] એવી રીતે સર્વત્ર એકતા છે, એવી જે દૃષ્ટિ પ્રકાશે છે, તેને જ હું ભક્તિ કહું છું;[૮૭] અને એ જ દૃષ્ટિથી જ્ઞાનને પણ હું સર્વથી ઉત્તમ માનું છું. તેમ જ યોગનો સાર પણ એ જ છે.[૮૮] સમુદ્ર

અને મેઘના મધ્યમાં વૃષ્ટિ વર્ષવા માંડે, એટલે જેમ અખંડ ધારાઓ પડતી હોય છે, તે જ પ્રમાણે, હે અર્જુન! ભક્તિ, ભક્ત અને ભજન એ ત્રિપુટીમાં પરમાત્મા ભરેલો છે.[૮૯] કૂવાના મુખમાંના આકાશ અને સર્વ આકાશમાં જેમ ભેદ નથી, તેમ જે પોતામાં અને આત્મસ્વરૂપમાં ભેદ ન માનતાં ઐક્ય હોવાનું જ જાણે છે તેને,[૩૯૦] જેમ સૂર્યની પ્રભા પ્રતિબિંબથી તે સૂર્ય પર્યન્ત એકસરખી વિસ્તરેલી હોય છે, તેવી રીતે અહંબ્રહ્મમયવૃત્તિ થતાં બ્રહ્મ અને વિશ્વમાં અંતરાય દેખાતો નથી.[૯૧] એવી રીતે મનની વૃત્તિ અહંબ્રહ્મરૂપ થતાં તે વૃત્તિ પણ પછીથી પોતાની મેળે જ લય પામે છે.[૯૨] હે પાંડવ! જેવી રીતે મીઠાના ગાંગડાને સમુદ્રમાં નાખ્યા કેડે તેના પીગળી જવા પછી પીગળવાની ક્રિયા પોતાની મેળે જ અટકી જાય છે,[૯૩] અથવા તો ઘાસના બળી જવા પછી જેમ અગ્નિ પણ પોતાની મેળે જ ઓલવાઈ જાય છે, તે જ પ્રમાણે જે જ્ઞાનના યોગે બ્રહ્મ સાથે ઐક્ય થાય છે, તે જ્ઞાન પણ પછીથી પોતાની મેળે જ લુપ્ત થઈ જાય છે;[૯૪] અને હું પેલી તરફ છું અને ભક્ત આણી તરફ છે, એ ભાસનો લોપ થતાં બન્ને વચ્ચેનું કેવળ અનાદિ ઐક્ય જ અવશિષ્ટ રહે છે.[૯૫] હે કિરીટી! એવી સ્થિતિ પ્રાપ્ત થવા પછી તેણે ગુણોને જિતવા જોઇએ, એમ બોલવું સુદ્ધાં પણ બાકી રહેતું નથી; કારણ કે, ઐક્ય થવા પછી તે ગુણોનો પણ પોતાની મેળે જ લોપ થઇ જાય છે.[૯૬] વિશેષ શું? હે મર્મજ્ઞ! એ જ દશાને બ્રહ્મત્વ કહેવામાં આવે છે; અને જે મારી ભક્તિ કરે છે, તેને જ એ (બ્રહ્મત્વ) પ્રાપ્ત થાય છે.[૯૭] એવા લક્ષણોવડે આ જગતમાં જે મારો ભક્ત થાય છે, તેના ગળામાં જ બ્રહ્મતા વરમાળા આરોપે છે.[૯૮] જેવી રીતે ગંગાનું પાણી વહન કરતું ચાલ્યું, એટલે પછી સમુદ્રમાં મળ્યા વિના તેની બીજી ગતિ જ હોતી નથી;[૯૯] તે જ પ્રમાણે, હે અર્જુન! જ્ઞાનદૃષ્ટિથી જે મારી સેવા કરે છે, તે બ્રહ્મત્વના મુકુટમાંનો મણિ થાય છે.[૪૦૦] હે પાર્થ! એ બ્રહ્મપ્રાપ્તિને જ સાયુજ્ય મુક્તિ કહેવામાં આવે છે.[૧] પરન્તુ બ્રહ્મત્વને પામવા માટેની મારી આરાધના, એ એક સોપાનપરંપરા (નિઃસરણી) છે; એટલે એની પ્રાપ્તિ થતાં હું અને મારી પ્રાપ્તિ માટે કરવાનાં સાધનો એ બન્ને ભિન્ન છે, એમ તું સમજતો નહિ;[૨] અર્થાત્ મારાથી બ્રહ્મ ભિન્ન છે, એવી કેવળ કલ્પનાને પણ તારા મનમાં કદાપિ પ્રવેશ કરવા ન દેતો.[૩]

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकांतिकस्य च ॥ २७ ॥

[કારણ કે, અવિનાશી અને નિર્વિકાર બ્રહ્મ, સનાતન ધર્મ અને અખંડ સુખનું સ્થાન હું જ છું. ૨૭]

હે પાંડવ! જેને બ્રહ્મ કહેવામાં આવે છે, તે હું જ છું; અને એ બધાં નામો મારાં જ છે.[૪] ચન્દ્ર અને તેનું મંડળ એ જેમ બે નથી; તે પ્રમાણે, હે મર્મજ્ઞ અર્જુન! મારામાં અને બ્રહ્મમાં કશો પણ ભેદ નથી.[૫] તે બ્રહ્મ નિત્ય, નિષ્કંપ, અનિવાર્ય, ધર્મરૂપ અને અપાર સુખદાયક અદ્વિતીય છે.[૬] અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાન જે સ્વરૂપમાં લય પામે છે, તે સિદ્ધાન્તવડે સિદ્ધ થયેલું અંતિમ સ્વરૂપ હું જ છું.[૭]

એકનિષ્ઠ ભક્તોનો જે પ્રિય પરમાત્મા, તેણે શૂરવીર પાર્થને એ પ્રમાણે કહ્યું;[૮] એટલે ધૃતરાષ્ટ્રે સંજયને કહ્યું કે;—"આ બધી વાતો તને કોણે પૂછીતી વારુ? અને આ વાતો તું વિનાકારણ મને શાને સંભળાવે છે?[૯] મારા પુત્રોના વિજયની વાર્તા કહીને મારી શંકાનું નિરસન કર." એ વેળાએ સંજય પોતાના મનમાં કહેવા લાગ્યો કે;—"અરે મન! હવે આ વાતોને છોડી દે!"[૪૧૦] સંજય મનમાં મહા વિસ્મય પામીને પોતાને બહુ જ ઉત્તમ વાર્તા સાંભળવાનો

પ્રસંગ મળ્યો માનીને કહેવા લાગ્યો કેઃ-"દૈવની ગતિ કેવી અને કેટલી બધી વિચિત્ર છે કે આને અદ્યાપિ યુદ્ધની જ પ્રિયતા છે.[૧૧] છતાં પણ (હું એમ ઇચ્છું છું કે,) કૃપાળુ ભગવાન્ (એનાપર) સંતુષ્ટ થઇ, એના મનમાં વિવેકરૂપ ઔષધનું સિંચન કરી, એના મોહરૂપ મહા રોગનો નાશ કરો!"[૧૨] સંજય એવી રીતે મનમાં વિચાર કરતો હતો એવામાં અચાનક કૃષ્ણ અને અર્જુનના સંવાદમાં ધ્યાન દોરાતાં તેના ચિત્તમાં આનંદનું મોટું પ્રચંડ પૂર આવ્યું.[૧૩] એથી મનમાં હર્ષયુક્ત થઇને શ્રીકૃષ્ણે જે કહ્યું હતું, તે, એ હવે કહી સંભળાવશે.[૧૪] નિવૃત્તિદાસ જ્ઞાનદેવે કહ્યું કે, તેના બોલવાના ભાવને હું તમારા હૃદયમાં ઠસાવીશઃ તે કથન સાંભળો.[૪૧૫]

ઇતિ શ્રીનિવૃત્તિદાસ જ્ઞાનદેવ કૃત ભાવાર્થદીપિકા મધ્યે ગુણત્રયવિભાગયોગ નામનો અધ્યાય ચૌદમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો પંચદશ અધ્યાય.

પુરુષોત્તમયોગ.

(ગયા અધ્યાયમાં કહ્યા પ્રમાણે ગુણાતીત થતાં ચિત્તશુદ્ધિ થવા પછી શ્રી જ્ઞાનેશ્વર કહે છે કેઃ—) હવે આપણા હૃદયને સ્વચ્છ કરીને તેમાં શ્રી ગુરુની પાદુકાઓની સ્થાપના કરીએ;[૧] ત્યાર કેડે એકનિષ્ઠતાના ખોબામાં સર્વેન્દ્રિયરૂપ પુષ્પની કલિકાઓ લઈને, શ્રી ગુરુને અર્ઘ્ય આપીએ;[૨] અનન્ય ભાવરૂપ સ્વચ્છ સલિલ (જળ)થી સ્નાન કરાવીને શ્રી ગુરુને, વાસનારૂપ ચંદન, અનામિકાવડે લગાડીએ;[૩] પ્રેમરૂપ સુવર્ણનાં નૂપુર બનાવીને, ગુરુના સુકુમાર પગોમાં પહેરાવીએ;[૪] ગુરુમાંની આપણી એકનિષ્ઠ અને દૃઢ ભક્તિના કરડા બનાવીને ગુરુના અંગૂઠા (પગના અંગૂઠા)માં પહેરાવીએ;[૫] અષ્ટભાવરૂપ પાંખડીઓ વિકસેલી છે એવા સાત્ત્વિક ભાવરૂપ કમળને આનંદરૂપ સુવાસ સહિત તેમનાં ચરણોમાં ચઢાવીએ;[૬] ત્યાં અહંકારનો ધૂપ કરીને નિરભિમાનની આરતી ઊતારીએ અને ગુરુને આલિંગન આપીએ;[૭] પોતાના શરીર અને પ્રાણની બે પાદુકાઓ કરીને શ્રી ગુરુનાં ચરણોમાં પહેરાવીએ અને ગુરુનાં ચરણોપરથી ભોગ અને મોક્ષને ઓવારી નાખીએ.[૮] મોક્ષ પ્રાપ્ત કરાવી આપનારી એવા પ્રકારની જે ગુરુચરણસેવા, તે કરવાને હું પાત્ર થાઉં;[૯] (પછી તે જ્ઞાનની યોગ્યતા એટલી બધી વધી જાય છે કે,) તે બ્રહ્મસ્વરૂપમાં વિશ્રાંતિ લે છે અને તે જ જ્ઞાનના યોગે તેના મુખમાંથી જે શબ્દો નીકળે છે, તે અમૃત તુલ્ય હોય છે.[૧૦]

ગુરુના વકતૃત્વપરથી પૌર્ણિમાના ચંદ્ર જેવા કોટિ ચંદ્ર ઓવારી નાખીએ, એવું તેના મુખમાંથી નીકળતા શબ્દોમાં (અલૌકિક) માધુર્ય રહેલું હોય છે.[૧૧] પૂર્વ દિશામાં સૂર્યનો ઉદય થવાની સાથે જ જેમ સમસ્ત જગતમાં પ્રકાશની રેલછેલ થઈ જાય છે; તે જ પ્રમાણે તેના મુખમાંથી નીકળતા ભાષણથી શ્રોતાઓને જ્ઞાનની દીવાળી થાય છે.[૧૨] ગુરુના બોલવાના માધુર્ય સમક્ષ નાદબ્રહ્મ નીરસ થઈ જાય છે, તેમ જ મોક્ષસુખ પણ તેની યોગ્યતાને પામી શકતું નથી. એ પ્રમાણેનું જે અત્યુત્તમ ભાષણ, તે ગુરુસેવારૂપ દૈવયોગથી જ પ્રાપ્ત થાય છે.[૧૩] શ્રવણ સુખરૂપી મંડપમાં, વસંતઋતુમાં જેવી રીતે સર્વત્ર વૃક્ષો સુશોભિત અને નવપલ્લવિત દેખાય છે, તદ્વત્ વાચારૂપ વલ્લરીનો ચારે તરફ પ્રસાર થાય છે.[૧૪] એ શો ચમત્કાર છે કે, જે બ્રહ્મનો અંત ન મળવાથી વેદો હારીને પાછા હઠ્યા છે, તે બ્રહ્મ તેની વેદાણીમાં સહજ આવી જાય છે.[૧૫]

જ્ઞાન પણ જેને જાણી શકતું નથી અને ધ્યાનને પણ જે મળી શકતું નથી, એવું જે અગોચર બ્રહ્મત્વ, તે તેના બોલવાના પ્રવાહમાં સહજ સ્વભાવે આવી જાય છે.[૧૬] વાચામાં બ્રહ્મના સહજ આવી જવાનું સૌભાગ્ય કેવળ એક શ્રી ગુરુપદ કમળપરાગની પ્રાપ્તિથી જ પ્રાપ્ત થાય છે.[૧૭]

શ્રી જ્ઞાનેશ્વર કહે છે કે, વધારે બોલવાથી શો લાભ છે? એ યોગ્યતા આજે મારા વિના બીજા કોઈમાં પણ નથી.[૧૮] એનું કારણ એ છે કે, હું મારા ગુરુનો એકનો એક અલ્પવયસ્ક બાળક હોવાથી, તેમની કૃપાને હું એકલો જ પાત્ર થયેલો છું.[૧૯] મેઘ, કેવળ એક ચાતક પક્ષીને પાણી મળે, એટલા માટે સમુદ્રના સલિલને સૂકવીને ઉપર ખેંચવાની તથા પુનઃ વૃષ્ટિ વર્ષાવવાની ખટપટ કરે છે; તે જ પ્રમાણે, મારા હાથે આવા સત્ય કૃત્યને કરાવવા માટેની શ્રી ગુરુએ મારાપર કૃપા કરેલી છે.[૨૦] એટલા માટે, મારા ખાલી મુખમાંથી કેવળ પ્રલાપરૂપે જે શબ્દો બહાર પડ્યા છે, તેમાં પણ હું સહજ ગીતાના અર્થનો વિસ્તાર કરી ગયો છું.[૨૧] જો પ્રારબ્ધની અનુકૂળતા હોય તો રેતીને હાથમાં લેતાં તે પણ રત્નરૂપે થઈ જાય છે અને આયુષ્યની દોરી જોરાવર હોય તો મારનારના મનમાં પણ દયા કે પ્રેમ ઉત્પન્ન થાય છે![૨૨] જો ઈશ્વરના મનમાં અન્ન આપીને જીવાડવાનો ભાવ હોય, તો આંધણમાં કાંકરા ઓર્યા હોય, તોય તેમનો અમૃતતુલ્ય ભાત બની જાય છે![૨૩] તે જ પ્રમાણે, જેનો શ્રી ગુરુ અંગીકાર કરે છે, તે સંસારમાં હોવા છતાં તે સંસાર જ તેને મોક્ષદાયક થઈ પડે છે.[૨૪] પાંડવોમાં સર્વ પ્રકારની ન્યૂનતા હોવા છતાં શ્રી કૃષ્ણે તેમની કથામાં પુરાણની યોગ્યતા આણીને, તે કથાને વિશ્વવંદ્ય નથી કરી?[૨૫] તે જ પ્રમાણે શ્રી નિવૃત્તિદાસે મારામાંના અજ્ઞાનને જ્ઞાનની યોગ્યતામાં લાવી મૂક્યું છે.[૨૬] પરંતુ આ કથનને હવે આટલેથી જ રહેવા દઈએ; કારણ કે, આવા ભાષણથી કેવળ પ્રેમની જ વિશેષ વૃદ્ધિ થાય છે. શ્રી ગુરુ માહાત્મ્યનું વર્ણન કરી શકાય, એટલું જ્ઞાન આપણામાં છે જ ક્યાં![૨૭] ત્યારે હવે તે ગુરુના પ્રસાદથી અને તમો સંતોનાં ચરણ દર્શનના પ્રતાપથી, હું ગીતાનો અભિપ્રાય કહી સંભળાવું છું (તે સાંભળો).[૨૮]

ત્યારે હવે કથાભાગ એટલે સૂધી આવી લાગ્યો છે કે, ચૌદમા અધ્યાયના અંતમાં મોક્ષદાતા ભગવાન્ શ્રી કૃષ્ણે એવો નિર્ણય કર્યો છે કે,[૨૯] જેને જ્ઞાનપ્રાપ્તિ થયેલી છે, તેને જ મોક્ષ પ્રાપ્ત થાય છે. જેવી રીતે સો યજ્ઞ કરનારને સ્વર્ગમાંની સંપત્તિ (ઇન્દ્રપદવી) પ્રાપ્ત થાય છે;[૩૦] કિંવા જે બ્રહ્મકર્મમાં પોતાના શત (સો) જન્મ વીતાડે છે, તે જ નિઃસંશય બ્રહ્મદેવના પદને મેળવે છે.[૩૧] અથવા જેમ સૂર્યના પ્રકાશનો કેવળ દેખતા માણસને જ ઉપયોગ થઈ શકે છે; તે જ પ્રમાણે, જે જ્ઞાની હોય છે, તેને જ મોક્ષપ્રાપ્તિનું સુખ મળે છે.[૩૨] ત્યારે હવે એ જ્ઞાન મેળવવાની યોગ્યતા કોનામાં રહેલી છે, એનો શોધ કરવામાં આવે, તો તેવો જગતમાં કેવળ એક જ પુરુષ દૃષ્ટિગોચર થાય છે.[૩૩] જેવી રીતે અંજન (નેત્રોમાં) આંજવાથી ભૂમિગત દ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તે અંજન આંજનાર મનુષ્ય પોતે પગી હોવો જોઈએ, એવો એક બીજો નિયમ છે;[૩૪] તે જ પ્રમાણે, જ્ઞાનના યોગે મોક્ષપ્રાપ્ત થાય છે, એમાં તો શંકા જ નથી; પરંતુ તે જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે મનની શુદ્ધિ કરવી પડે છે.[૩૫] તથાપિ ઈશ્વરે વિચાર કરીને એવો સિદ્ધાંત કરી રાખ્યો છે કે, વૈરાગ્ય વિના જ્ઞાનનો જરા પણ ટકાવ થઈ શકતો જ નથી.[૩૬] હવે એ વૈરાગ્ય પણ પોતાની મેળે જ આવીને મનને કેવી રીતે વરે છે, એ વિશેનો પણ સર્વજ્ઞ શ્રીહરિએ સિદ્ધાન્ત કરેલો છે.[૩૭] જેવી રીતે કોઈ મનુષ્ય ભોજન માટે બેઠો હોય અને અન્નમાં વિષ ભેળેલું છે એમ તેના જાણવામાં આવે, એટલે તરત થાળને છોડીને ઉઠી જાય છે;[૩૮] તે જ પ્રમાણે સર્વ સંસાર અશાશ્વત છે, એમ જે વેળાએ જાણવામાં આવી જાય છે, તે વેળાએ ધક્કા મારીને દૂર હટાવવા છતાં પણ વૈરાગ્ય આપણી પૂઠે પડે છે.[૩૯] હવે આ સંસાર કેવી રીતે અશાશ્વત છે, તેનું આ પંદરમા

અધ્યાયમાં વૃક્ષની ઉપમા આપીને વર્ણન કરેલું છે.[૪૦] બીજાં વૃક્ષો જેમ ઊખેડી નાખ્યા પછી તરત સૂકાય છે, તેમ આ સંસારરૂપ વૃક્ષ સૂકાતું નથી;[૪૧] એવી રીતે કુશળતાથી વૃક્ષનું સંસાર વિષયક રૂપક કરીને શ્રીકૃષ્ણ પરમાત્મા મુમુક્ષુજનોને (સંસારમાંના) જન્મ મરણના ચક્રમાં પડવાથી મુક્ત કરે છે.[૪૨] સંસાર મિથ્યા છે, એમ જાણવામાં આવે અને આત્મસ્વરૂપમાં અહંતાનો અંતર્ભાવ થાય, એટલા માટે જ શ્રીકૃષ્ણે ગીતાનો આ પંદરમો અધ્યાય કહેલો છે.[૪૩] અર્થાત્ આ અધ્યાયમાં એ સિદ્ધાન્ત ઉત્તમ રીતિથી સ્પષ્ટ કરવામાં આવશે, એટલે મનઃપૂર્વક હવે એના શ્રવણમાં ધ્યાન આપો.[૪૪]

મહાનંદના મહાસાગર, ઇચ્છારહિતોના પૂર્ણચંદ્રરૂપ અને દ્વારિકાના રાજા શ્રીકૃષ્ણે કહ્યું કે–;[૪૫] હે અર્જુન! આત્મસ્વરૂપના આગાર (ગૃહ) પ્રતિ આવતાં વચ્ચે જે વિશ્વાભાસ પ્રતિબંધ કરે છે,[૪૬] તે આ જગત્ નથી અને સંસાર પણ નથી; કિન્તુ એ એક મોટું વૃક્ષ વધેલું છે, એમ જ તારે સમજવું.[૪૭] પરંતુ બીજાં વૃક્ષોનાં મૂળ પૃથ્વીમાં હોઇને શાખાઓ ઉપર હોય છે, તેવું આ વૃક્ષ નથી અને તેથી એનું વર્ણન કોઇથી પણ કરી શકાતું નથી.[૪૮] એના મૂળમાં કે થડમાં કુહાડાના ઘા કરવામાં આવે અથવા એને અગ્નિ લગાડવામાં આવે, તો તેથી એ નષ્ટ ન થતાં સ્હામુ વધારે જ વધે છે.[૪૯] બીજાં ઝાડોને મૂળમાંથી ખોદતાં શાખાઓ સહિત તે વૃક્ષો ધરણીપર ઢળી પડે છે, પરંતુ આની તેવી અવસ્થા થતી નથી અને એટલા માટે જ એ વૃક્ષ સાધારણ નથી.[૫૦] હે અર્જુન! એ વૃક્ષ અલૌકિક હોવા સાથે એમાં એક વિશેષ ચમત્કાર એ રહેલો છે કે, એની વૃદ્ધિ નીચેની બાજૂએ જ થાય છે.[૫૧] જેવી રીતે સૂર્યની ઊંચાઇ કેટલી છે, એ જાણી શકાતું નથી; પરંતુ તેનાં કિરણો નીચે પ્રસરે છે; તેવી જ રીતે સંસારરૂપ વૃક્ષ વિલક્ષણ (ચમત્કારિક) છે.[૫૨] વળી, આ જગતમાં જેટલી વસ્તુઓ છે, તે સર્વને એ વૃક્ષે વ્યાપી નાખી છે. કલ્પાંત સમયના ઉદકથી સર્વ આકાશ જેમ વ્યાપ્ત થાય છે,[૫૩] અથવા સૂર્યના અસ્તાચલગામી થવા પછી જેમ રાત્રિ અંધકારવ્યાપ્ત હોય છે, તેવી જ રીતે એ વૃક્ષ સમસ્ત ગગનમાં વ્યાપ્ત છે.[૫૪] એના સ્વાદની ઇચ્છા રાખીએ, તો એને ફળ નથી; એને સૂંઘવાની આકાંક્ષા ધરાવીએ, તો એમાં પુષ્પનો–સુગંધનો અભાવ છે; જે કાંઈ છે તે સર્વ એ વૃક્ષ પોતે જ છે![૫૫] એનાં મૂળ ઉપર છે, તથાપિ એ વૃક્ષ ઊખેડી નાંખેલું નથી. હે અર્જુન, એ જ કારણ માટે, એ નિરંતર લીલુંછમ હોય છે.[૫૬] અને એનાં મૂળ ઉપર છે, એમ જો કે કહેલું છે, છતાં નીચે પણ એનાં અનેક મૂળ છે.[૫૭] એ ચારે તરફ પીપળા અથવા તો વટવૃક્ષ પ્રમાણે પ્રસરેલું છે. વટવૃક્ષની સૂંઢો જેમ જમીનમાં લાગતાં તેમને પાછી ડાળો ફૂટે છે,[૫૮] તે પ્રમાણે, હે અર્જુન! સંસારરૂપ વૃક્ષને નીચે જ ડાળો છે, એવો પ્રકાર પણ નથી.[૫૯] પરન્તુ ઊપરના ભાગમાં પણ એની અનેક શાખાઓ હોઇને તેઓ વિસ્તાર પામેલી છે.[૬૦] એ વૃક્ષના વિસ્તારમાં સમસ્ત આકાશ આશ્રયભુત છે અને સર્વ વાયુ એ વૃક્ષના સામર્થ્યથી જ વહન કરે છે. તેમ જ એના યોગે જ ત્રણે (ઉત્પત્તિ, સ્થિતિ અને લય) અવસ્થાઓ પ્રાપ્ત થાય છે.[૬૧] એ પ્રમાણે આ વિશ્વાકારરૂપ ઊપર મૂળવાળું નિબિડ વૃક્ષ ઉત્પન્ન થયેલું છે.[૬૨]

હવે એ ઝાડની ઊપર શું છે, એનું મૂળ કયું, તેનાં લક્ષણો શું અને એનો નીચે વિસ્તાર હોઇને એની શાખાઓ કઇ,[૬૩] અથવા એ વૃક્ષને જે નીચે મૂળ છે, તેમાંથી ઊપર વધતી ડાળીઓ કઇ અને તે કેવી રીતે ઉત્પન્ન થાય છે,[૬૪] અને એ વૃક્ષને 'અશ્વત્થ' નામ શા કારણથી પ્રાપ્ત થયેલું છે, તેમજ આત્મજ્ઞાનીઓએ એનો શો નિર્ણય કરેલો છે,[૬૫] એ સર્વ વાર્તાઓ ઉત્તમતાથી તારા અનુભવવામાં આવી જાય, એવી સ્પષ્ટતાથી હું નિરૂપણ કરીને કહું છું,[૬૬] તો હે મહાભાગ્યવાન્, સર્વ ઇન્દ્રિયોને શ્રવણમાં આકર્ષીને તે અંતઃકરણપૂર્વક સાંભળ."[૬૭]



યાદવવીર શ્રીકૃષ્ણે એ પ્રમાણેનું પ્રેમરસથી ભરેલું ભાષણ કર્યાં પછી અર્જુનમાં મૂર્તિમાન્ અવધાન પ્રત્યક્ષ થવા લાગ્યું.[૬૮] જે પ્રમાણે, આકાશ વિશાળ હોવા છતાં તેને દશ દિશાઓએ આલિંગન આપેલું છે, તે પ્રમાણે શ્રી ભગવાનનું નિરૂપણ એટલું બધું લઘુ થયું કે, તેને અર્જુનના શ્રોતૃત્વે દૃઢ આલિંગન આપ્યું![૬૯] શ્રીકૃષ્ણના ભાષણરૂપ સમુદ્રને પોતાના એક આચમનમાં શમાવી દેનાર અર્જુનનું શ્રોતૃત્વ જાણે અગસ્ત્ય ઋષિ જ હોયની! એવો ભાસ થવા લાગ્યો—એટલે હવે શ્રીકૃષ્ણ જે કાંઈપણ બોલે તેનો એક ઘૂટડો કરી જવાને અર્જુન પ્રવૃત્ત થયો![૭૦] અર્જુનના મનમાં શ્રવણ માટેની એવી અમર્યાદ ઈચ્છા ઉત્પન્ન થયેલી જોઇને શ્રીકૃષ્ણે પોતાના ચિત્તને થયેલું સમાધાન તેનાપરથી ઓવારી નાખ્યું.[૭૧]

श्रीभगवानुवाच—उर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

[શ્રી ભગવાને કહ્યું:—આ સંસારરૂપ અશ્વત્થ વૃક્ષનાં મૂળ ઊપર છે અને શાખાઓ નીચે છે, એમ કહેવામાં આવે છે. છંદોબદ્ધ વેદ એ વૃક્ષનાં પર્ણ છે અને જે એ રહસ્યને જાણે છે, તે વેદવિત્ એટલે કે વેદવેત્તા (જ્ઞાતા) છે. ૧]

શ્રી કૃષ્ણ ભગવાન્ અર્જુનને કહે છે કે;—હે ધનજય! એ વૃક્ષની ઊપર જે (બ્રહ્મ) છે, તેને એ વૃક્ષને લીધે જ ઉર્ધ્વતા પ્રાપ્ત થયેલી છે.[૭૨] નહિ તો જે બ્રહ્મમાં મધ્ય, ઊર્ધ્વ અને અધ એવો કોઈ પણ પ્રકાર ન હોઇને જે અદ્વૈતને ઐકયપ્રતિ ખેંચી લાવે છે;[૭૩] અને જે તંતુવાદ્યમાંથી ઉત્પન્ન થઇને સંભળાતા નાદથી પણ પૂર્વનો મૂળનાદ છે, તેમ જ મકરન્દમાંથી ઉત્પન્ન થતા સૌગંધ્યનું પણ મૂળ સૌગંધ્ય છે અને જે વિષયસેવન વિના જ ઉત્પન્ન થનારો સ્વરૂપાનંદ છે;[૭૪] જેને આણી તરફ અને પેલી તરફ, તેમ જ આગળ કે પાછળ, એવી કાંઈ મર્યાદા નથી અને જે દૃષ્ટિ ન હોવા છતાં દ્રષ્ટા અને અદૃશ્ય છે;[૭૫] ઉપાધિનો ઓપ ચઢાવવાથી જે નામરૂપના વિસ્તારને પામે છે;[૭૬] જે જ્ઞાતા અને જ્ઞેય વિના જ કેવળ જ્ઞાન હોઇને સમસ્ત જગતમાં સૂક્ષ્મ રીતિથી પ્રસૃત છે;[૭૭] જે કાર્ય પણ નથી અને કારણ પણ નથી; જેને દ્વૈત કે અદ્વૈતની ભાવના નથી; અને જે સ્વત્વ જાણનાર છે;[૭૮] એ પ્રમાણે જે શુદ્ધ બ્રહ્મ તે આ સંસારરૂપ વૃક્ષનું ઊર્ધ્વ મૂળ છે; અને તેને જે અંકુરો ફૂટે છે, તે આવા છે.[૭૯] આ વિશ્વને માયા કહેવામાં આવે છે. જે (માયા) જ્ઞાનના યોગે ભાસતી નથી, પણ અજ્ઞાનના યોગે જ ભાસે છે; અથવા વાંઝણી સ્ત્રીની સંતતિના વર્ણન પ્રમાણે એ માયા મિથ્યા છે;[૮૦] એટલે કે, જેને છે એમ પણ કહી શકાતી નથી અને નથી એમ પણ બોલી શકાતું નથી અને જે માયા જ્ઞાનસમક્ષ ટકી શકતી નથી, એ પ્રમાણે એનો પ્રકાર હોઇને એને (માયાને) અનાદિ કહેવામાં આવે છે.[૮૧] જે પંચતત્ત્વની પેટી છે, જે જગદ્રૂપ અભ્રને આધારરૂપ છે અને વિશ્વાકારરૂપ વસ્ત્રની ઘડી છે;[૮૨] જે સંસારરૂપ વૃક્ષનું બીજ છે; જે પ્રપંચના ચિત્રને આળેખવાની ભૂમિકા છે અને જેનામાં બ્રહ્મજ્ઞાન વિના અન્ય જ્ઞાનનું તેજ ભરેલું છે.[૮૩] એવી એ માયા બ્રહ્મમાં આશ્રય કરીને રહેલી હોય છે અને એ યોગથી બ્રહ્મના તેજવડે તે પ્રકટ થાય છે.[૮૪] જાગૃત મનુષ્યને નિદ્રા આવતાં તે જેમ ત્યાંનો ત્યાં જ સ્તબ્ધ થઈ જાય છે અથવા તો જેમ કાજળના યોગે દીપકનું તેજ મન્દ થાય છે;[૮૫] અથવા તો, સ્વપ્નમાં કોઈએક મનુષ્ય પાસે તરુણ સ્ત્રી આવી તેને જાગૃત કરે અને તેના આલિંગન આપ્યા વિના જ તે સ્ત્રીને આલિંગન આપીને કામાતુર તે થાય છે;[૮૬] તે જ પ્રમાણે હે ધનંજય! સ્વરૂપના આધારે માયા ઉત્પન્ન થતાં તેના યોગે—તેના સ્વરૂપથી—પોતાપણાને ભૂલી જવું, એ જ આ વિશ્વરૂપ વૃક્ષનું પ્રથમ મૂળ છે.[૮૭]

બ્રહ્મને આત્મસ્વરૂપનું વિસ્મરણ થયું, એટલે બ્રહ્મમાં માયા ઉત્પન્ન થાય છે અને એને જ વેદાંતવાદીઓ 'બીજભાવ'ના નામથી ઓળખે છે.[૮૮] જ્યારે અજ્ઞાનના યોગે ગાઢ નિદ્રા આવી જાય છે, ત્યારે તેને જ માયાનો અંકુર ફૂટેલો કહેવામાં આવે છે અને એ અંકુરમાંથી જ સ્વપ્ન અને જાગૃતિ એ બે ફળો ઉત્પન્ન થાય છે.[૮૯] એ પ્રમાણેની વેદાંતવાદીઓની નિરૂપણ કરવાની પદ્ધતિ છે; પરંતુ અત્યારે એને રહેવા દે. એટલું જ જાણ કે, એ સર્વનું મૂળ અજ્ઞાન જ છે.[૯૦] નિર્મળ આત્મામાં રહેલી જે માયા, તેની નીચે અને ઉપર મૂળ નીકળે છે, અને તેમને માયારૂપ ક્યારામાં પાણી મળતાં તે મૂળિયાં બળવાન્ થાય છે.[૯૧] પછી તે મૂળને સર્વથી પ્રથમ દેહ ઉત્પન્ન થઈને નીચેની બાજૂએ ચાર પ્રકારના અંકુર ફૂટે છે.[૯૨] એવી રીતે સંસારરૂપ વૃક્ષનું મૂળ, સ્વરૂપમાં બળવાન્ થવા પછી તેને નીચેના ભાગમાં અંકુરોના ગુચ્છ નીકળે છે.[૯૩] તે અંકુરમાંથી અંતઃકરણમાં જ્ઞાનરૂપ વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેજ પ્રથમનું એક કોમળ પાંદડું ઉગે છે એમ જાણવું.[૯૪] ત્યાર પછી સત્ત્વ રજોગુણાત્મક જે અહંકાર, તે એક ત્રણ પાંદડાંનો અંકુર નીચેની બાજૂએ ફૂટી નીકળે છે.[૯૫] પછી બુદ્ધિરૂપ બીજી ડાળ ફૂટીને ભેદની વૃદ્ધિ કરે છે અને તેના યોગે મનોરૂપ શાખાને ભીનાશ મળતાં તે લીલી થાય છે.[૯૬] એ પ્રમાણે મૂળ બળવાન્ થતાં વિકલ્પરૂપ રસના યોગે તેને ચિત્તચતુષ્ટયરૂપ ચાર કોમળ શાખાઓ ફૂટે છે.[૯૭] ત્યાર પછી આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી એ પંચ મહાભૂતોના સાંઠા સરળતાથી વધે છે.[૯૮] તેમ જ તે સાંઠાઓને શ્રોત્રાદિ પંચ જ્ઞાનેન્દ્રિયો અને તેમના વિષયોને કોમળ અને વિચિત્ર પલ્લવો આવે છે.[૯૯] ત્યાર પછી કાનોની વ્યાપ્તિ જેટલો શબ્દરૂપ અંકુર ફૂટીને તે સાંભળવાની ઇચ્છાને પૂર્ણ કરે છે.[૧૦૦] ત્યાર પછી અંગ અને ત્વચારૂપ વેલ અને પાન ફૂટે છે અને તેને સ્પર્શરૂપ અંકુર આવે છે; અને તેથી પછી નાના પ્રકારના વિકારોની અધિકતા થાય છે.[૧] પછી રૂપ નામક પાંદડું ફૂટીને નેત્રભ્રમથી તેના માધુર્યને ચાખવા હામ કરે છે;[૨] અને રસરૂપ શાખાવેગથી ઉત્પન્ન થતાં જિહ્વાને અપાર ઇચ્છા ઉત્પન્ન થાય છે.[૩] તેજ પ્રમાણે, ગંધરૂપ ફણગાં ફૂટતાં નાસિકાની ઇચ્છા પ્રબળ થાય છે અને લોભ ઉત્પન્ન થાય છે.[૪] એ પ્રમાણે, મન, બુદ્ધિ, અહંકાર અને પંચ મહાભૂતો એ જે અષ્ટધા પ્રકૃતિ, તે આ માયામાંથી જ તૈયાર થાય છે.[૫] વધારે શું કહેવું? પરંતુ એ વૃક્ષ એ આઠ પ્રકારથી વિશેષ વૃદ્ધિગત થાય છે; પણ છીપમાં ભાસેલું રૂપ જેમ છીપના આકાર જેટલું જ દેખાય છે,[૬] અથવા સમુદ્રમાં ઉત્પન્ન થયેલી લહરીઓ જેમ સમુદ્ર જેટલી જ હોય છે, તે પ્રમાણે અજ્ઞાનમૂલક આ વિશ્વરૂપી વૃક્ષ, તે બ્રહ્મ જ બની જાય છે![૭]

એટલા માટે આ સર્વ જગત્ અજ્ઞાનનો વિસ્તાર હોઇને તેમાં તેનો પસારો ભાસે છે. જેવી રીતે સ્વપ્નમાં મનુષ્ય એકલો હોઇને જે કાંઇ જુવે છે, તે સર્વ પોતે જ થાય છે તેમ.[૮] પરંતુ હવે આ બધી વાતોને એક બાજૂએ રાખીએ. એ પ્રમાણે, એ આશ્ચર્યકારક વૃક્ષ વધે છે અને એના નીચેના ભાગમાં મહત્તત્ત્વાદિક અંકુરો ફૂટે છે;[૯] અને એ વૃક્ષને જ્ઞાતાજનો અશ્વત્થ નામથી ઓળખે છે. એ વિશેનો વધારે ખુલાસો હું તને કહી સંભળાવું છું તે સાંભળ.[૧૧૦] શ્વનો અર્થ 'આવતી કાલે' એવો થાય છે. અર્થાત્ આવતી કાલ સુધી પણ એ પ્રપંચરૂપ વૃક્ષની એક અવસ્થા રહેતી નથી, એટલા માટે જ એને 'અશ્વત્થ' કહેવામાં આવે છે. (સંસ્કૃતમાં, જે ક્ષણ માત્ર પણ એક સમાન નથી, તે 'અશ્વત્થ' એવો એનો અર્થ થાય છે).[૧૧] જેવી રીતે મેઘના એક ક્ષણ માત્રમાં નાના પ્રકારના રંગો બદલાય છે અથવા બીજ નિમિષ માત્ર પણ પૂર્ણતાથી ટકતું નથી;[૧૨] જેમ કમળના કંપાયમાન પત્રોપર જલબિન્દુ ઠરતો નથી અથવા વ્યાકુળ થયેલા મનુષ્યનું મન જેમ સ્થિર હોતું નથી,[૧૩] તે જ પ્રમાણેની આ સંસા-

રૂપ વૃક્ષની સ્થિતિ છે અને પ્રત્યેક ક્ષણે તેનો નાશ થાય છે અને તેથી જ એને 'અશ્વત્થ' નામથી ઓળખવામાં આવે છે.[૧૪] વ્યવહારમાં 'અશ્વત્થ' નો અર્થ પીપળો કરવામાં આવે છે; પરંતુ શ્રીહરિનો આ સ્થળે એવો અભિપ્રાય નથી.[૧૫] બાકી એ ઝાડને પીપળો કહેવાથી પણ હું તો મારા મનમાં એના ખરા અર્થને સમજી ગયો હતો, પરંતુ એ વ્યાવહારિક વાત વિશે બોલવાનું આપણને કાંઇપણ કારણ નથી.[૧૬] માટે, અત્યારે આ અલૌકિક ગ્રંથ સાંભળો તો સંસારરૂપ વૃક્ષ ક્ષણિક હોવાથી જ તેને 'અશ્વત્થ' કહેવામાં આવે છે.[૧૭] વળી એ અવ્યય એટલે કે, 'નિત્ય' નામથી પણ પ્રસિદ્ધ છે. પરન્તુ એનો ગર્ભિત અર્થ એવો છે કે,[૧૮] સમુદ્રના પાણીનું બાષ્પના રૂપથી મેઘો શોષણ કરી લે છે અને તે જ મેઘ વૃષ્ટિ કરીને નદીમાં પડતાં તે નદીઓ પાછી સમુદ્રમાં જઇ મળે છે.[૧૯] મહાસાગર સૂકાતો પણ નથી અને વધતો પણ નથી અને તેથી જ નિરંતર પરિપૂર્ણ દેખાય છે; પરંતુ જ્યાં સૂધી મેઘની શોષણક્રિયા અને નદીઓનું સંમેલન એ એમાંથી એકને ફાંટો નથી મળતો, ત્યાં સૂધી જ તે પૂર્ણ છે.[૧૨૦] તે જ પ્રમાણે, આ સંસારરૂપ વૃક્ષની ઉત્પત્તિ અને લય પણ અતિ ત્વરાથી થાય છે અને તેથી જ તેનો તર્ક (કલ્પના) કરી શકાતો નથી અને એથી જ લોકો એને 'અવ્યય' કહે છે.[૨૧] નહિ તો દાનશીલ પુરુષ જો કે ધર્મદાન કરીને બધા પૈસા ખર્ચી નાખે છે, તો પણ તે આવતા જન્મ માટે (પુણ્યરૂપી) ભંડાર એકઠો કરતો હોય છે; તે જ પ્રમાણે એ વૃક્ષ અતિ ત્વરાથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામતું હોવાથી લોકોને તે 'નિત્ય' છે એવો ભાસ થાય છે.[૨૨] રથનાં ચક્રો ભૂમિપર ન લાગતાં જ્યારે અતિ વેગથી ચાલતાં હોય છે ત્યારે તેની ગતિ લોકોને દૃષ્ટિગોચર ન થવાથી તે જેમ સ્થિર ભાસે છે,[૨૩] તે જ પ્રમાણે, કાળાતિક્રમથી એ વૃક્ષની જે પ્રાણીરૂપ શાખા, તે ગળી પડે છે અને પુનઃ તેને કોટયવધિ અંકુરો ફૂટે છે.[૨૪] પરંતુ એક શાખાનો ક્યારે પાત થયો અથવા કોટયવધિ શાખાઓ કયારે ફૂટી નીકળી એ, જેવી રીતે આષાઢ માસમાં વાદળાંપર વાદળાં ચઢી આવતાં કયાં આવ્યાં અને કયાં ગયાં, એ જાણી શકાતું નથી, તે જ પ્રમાણે, એ પણ જાણવામાં આવી શકતું નથી.[૨૫] પ્રલય કાળના અંતમાં આ સંસારરૂપ વૃક્ષની દેહરૂપ શાખાઓ ગળી પડે છે અને પુનઃ જગત્–ઉત્પત્તિની વેળાએ નવીન ફૂટે છે.[૨૬] સંહાર કાળના પ્રચણ્ડ વાયુથી પ્રલયના અંતે શરીરોનો પાત થાય છે અને તેમના જ, પુનઃ કલ્પના પ્રારંભમાં, ગુચ્છના ગુચ્છ ઊગી નીકળે છે અને પછી;[૨૭] એક મન્વંતર, તેના પછી દ્વિતીય મન્વંતર, તેમ જ સૂર્યવંશ, પછી ચન્દ્રવંશ આદિ વિસ્તાર થાય છે; અને શેરડી જેવી રીતે ગાંઠે ગાંઠે વધતી જાય છે, તે પ્રમાણે આ સર્વ વિશ્વ (વૃદ્ધિંગત થાય છે.[૨૮] કલિયુગના અંતમાં ચારે યુગમાંનાં શરીરોનો અધઃપાત થાય છે–(વૃક્ષની છાલ ઊતરી જાય છે,) અને એટલામાં કૃતયુગનો આરંભ થયો કે, તેમની પુનઃ ઉત્પત્તિ થતાં તે વધારે વધે છે.[૨૯] ચાલતા વર્ષની સમાપ્તિ જેમ આવતા વર્ષને આમંત્રણ આપે છે, અથવા દિવસ આવે છે અને જાય છે, તે તેના નિત્ય આવવા જવાથી કળાતું નથી;[૧૩૦] જેવી રીતે, વાયુની લહરીઓપર લહરીઓ આવવા માંડતાં કઈ લહરી સમાપ્ત થઇ અને કઇનો આરંભ થયો, એ જાણી શકાતું નથી. તે જ પ્રમાણે કેટલાં શરીરો ઉત્પન્ન થાય છે અને લય પામે છે, એ પણ જાણવામાં આવી શકતું નથી;[૩૧] અને જેમ એક દીટું હજી તો તૂટે ન તૂટે, એટલામાં તો બીજાં સેંકડો દીટાં ફૂટી, નીકળતાં હોવાથી, કીયું ફૂટયું ને કીયું તૂટયું એ જણાતું નથી અને એવા યોગથી આ ભવરૂપ વૃક્ષ નિત્ય છે, એમ ભાસ્યા કરે છે.[૩૨] નદીમાંનું વહેતું પાણી વેગથી ચાલ્યું જતું હોય એટલે તેમાં પાછળથી આવતું પાણી મળીને વહે છે, તે જ પ્રમાણે આ જગત્ નાશવંત હોવા છતાં તેને સ્થિર સમજવામાં આવે છે.[૩૩] અથવા, આંખના પલકારા જેટલા અવકાશમાં તો કોટ્યવધિ પ્રાણીઓના જન્મ મરણનો વ્યાપાર થઈ જાય છે; પરંતુ સમુદ્રમાં જે એક પછી એક

લહરીઓ આવે છે, તે નિત્ય ભાસે છે; તેજ પ્રમાણે, અજ્ઞાનીને સંસાર નિત્ય ભાસ્યા કરે છે.[૩૪] કાગડો પોતાની એક કીકીને એક ક્ષણ માત્રમાં બન્ને નેત્રોમાં ફેરવે છે અને તેથી તેની એક આંખ હોવા છતાં લોકોને બે આંખ્યો દેખાય છે; તેજ પ્રમાણે જગત્ અનિત્ય હોવા છતાં તેમાં નિત્યત્વનો ભ્રમ થઈ જાય છે.[૩૫] અથવા તો વંટોળિયો બહુ વેગથી ચાલતાં તે જેમ સ્થિર જણાય છે, તેવો જ આ જગતનો પ્રકાર છે.[૩૬] આ અનેક દૃષ્ટાંતોને હવે રહેવા દે; પરંતુ કોઇ એક મનુષ્ય હાથમાં મોટી કુહાડી લઈને પોતાની આસપાસ જોરથી ફેરવવા માંડે, એટલે તે કુહાડી જેમ મોટા ચક્રના આકારની દેખાય છે,[૩૭] તેજ પ્રમાણે, આ સંસારરૂપ વૃક્ષ નિત્ય નાશ પામે છે અને ઉત્પન્ન થાય છે. એ રહસ્યને ન જાણવાથી લોકો પ્રમાદથી એને નિત્ય માને છે.[૩૮] પરંતુ આ સંસારરૂપી વૃક્ષના વેગને જાણીને એ ક્ષણિક છે અને એક નિમિષ માત્રમાં કોટ્યવધિવાર ઉત્પન્ન થાય છે અને લય પામે છે, એમ જે સમજે છે;[૩૯] અને એ જે દેખાય છે એ અજ્ઞાનવિના બીજું કોઇપણ કારણ નથી પરન્તુ એનું અસ્તિત્વ ખોટું છે, એવી રીતે જે આ સંસારરૂપ વૃક્ષને પૂર્ણતાથી જાણે છે,[૧૪૦] તેજ મનુષ્ય, હે અર્જુન! સર્વજ્ઞ છે અને વેદોમાંના સિદ્ધાન્તને જાણનારો પણ તેજ છે. તેમ જ કેવળ તે જ મને વંદ્ય છે![૪૧] યોગથી પ્રાપ્ત થનારું ફળ પણ તેને જ મળે છે. વધારે શું કહેવું? તેના યોગે જ જ્ઞાનને પણ જીવન પ્રાપ્ત થાય છે.[૪૨] આ વિશેષ ભાષણને હવે રહેવા દઇએ. એવા પ્રકારે જેણે આ સંસારરૂપ વૃક્ષને અનિત્ય જાણેલું છે, તેનું કોઈનાથી પણ વર્ણન કરી શકાય તેમ નથી જ.[૪૩]

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥

[તે વૃક્ષની શાખાઓ સત્ત્વાદિ ગુણોવડે વધેલી અને વિષયોના પલ્લવોથી યુક્ત હોઇને (સત્યલોકપર્યન્ત) ઊપર અને (પાતાલ લોક પર્યન્ત) નીચે પ્રસરેલી છે; તેમ જ નીચે મનુષ્ય લોકોમાં એ વૃક્ષનાં કર્મ સંબંધી મૂળ એકમાં (એક બીજામાં) ગુંથાઈ રહેલાં છે. ૨]

એ પ્રપંચરૂપ વૃક્ષને નીચે શાખાઓ ઊગીને તેમનો પૃથ્વીમાં પ્રવેશ થાય છે અને પુનઃ તેમને શાખાઓ ઉદ્ભવીને ઊપર પણ સરળ શાખાઓ ઉત્પન્ન થાય છે;[૪૪] અને જે ડાળીઓ નીચે આવે છે, તેમને પણ મૂળ ફૂટીને નીચેની બાજૂએ વેલ વધી તેમાં પાંદડાં પણ આવે છે.[૪૫] એ પ્રમાણે, જે મેં આરંભમાં કહેલું છે, તે જ અધિક સ્પષ્ટ કરીને કહું છું, તે સાંભળ.[૪૬] અર્થાત્ મૂળ અજ્ઞાન હોઇને તેમાંથી અષ્ટધા પ્રકૃતિ ઉત્પન્ન થતાં જ્ઞાનરૂપ મોટાં અરણ્યો નિર્માણ થાય છે.[૪૭] પણ પ્રથમ એ ઝાડના થડમાંથી સ્વેદજ, પ્રાણિજ, ઉદ્ભિજ્જ અને અંડજ એવી ચાર મોટી શાખાઓ ફૂટે છે,[૪૮] અને તે શાખાઓને વળી જીવરૂપી ફાંટા ફૂટે છે.[૪૯] એ સરળ શાખાઓમાંથી જે આડી શાખાઓ ફૂટે છે, તે જૂદી જૂદી જાતિઓ છે.[૧૫૦] પછી, સ્ત્રી, પુરુષ અને નપુંસક એવા વ્યક્તિના ભેદો ઉદ્ભવીને તેઓ વિષયોના ભારથી એકમેકપર અફળાય છે.[૫૧] જેવી રીતે વર્ષાકાળમાં આકાશમાં મેઘ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે અજ્ઞાનના યોગે અનેક જાતિનાં શરીરો ઉત્પન્ન થાય છે.[૫૨] પછી ગુણરૂપ વાયુ વહેવા માંડતાં શાખાઓ પોતાના ભારથી નમીને એક બીજા સાથે ગુંથાય છે.[૫૩] તે ગુણની અંતરમાં વૃદ્ધિ થવાથી એ ઊર્ધ્વ મૂળવૃક્ષના (અધ, મધ્ય અને ઉર્ધ્વ) ત્રણ ભેદ થઈ ફાંટા ફૂટે છે.[૫૪] એ પ્રમાણે રજોગુણનો ઝપાટો બળવાન્ થઈને વહેવા લાગતાં મનુષ્યજાતિરૂપ શાખા પુષ્ટ થાય છે.[૫૫] તે શાખાને ઉપર કે નીચે શાખા ન ફૂટતાં મધ્યમાં જ (મૃત્યુલોકમાં) ચાર વર્ણોની ચાર ડાળીઓ ઘણી જ ખીચોખીચ ફૂટે છે.[૫૬] તે ડાળીઓને વિધિનિષેધરૂપ પાંદડાં અને વેદવાક્યરૂપ કોમળ પલ્લવો આવે છે;[૫૭] અને અર્થ તથા કામનો વિસ્તાર

થઈને આલોક તથા પરલોકના સુખરૂપ કોમળ અંકુર ઉગે છે.[૫૮] ત્યાર પછી, પ્રવૃત્તિ માર્ગની વૃદ્ધિના હેતુથી શુભાશુભ કર્મના કેટલા ફાંટા ફૂટે છે, એ જાણવામાં આવી પણ શકતું નથી.[૫૯] પણ એ જ પ્રમાણે, ભોગોનો ક્ષય થયો, એટલે આગળના દેહો શુષ્ક થઈને નીચે પડે છે અને બીજી તરફ નવીન દેહોનાં ફાંટા ફૂટે છે;[૬૦] તેમ જ પંચ વિષયના સાહ્યવડે ઈચ્છા ઉત્પન્ન થઈને વિષયરૂપ નવાં નવાં પર્ણ–પાંદડાં નિત્ય ઉગતાં જ હોય છે.[૬૧] એ પ્રમાણે રજોગુણનો ઝંઝાવાત છૂટતાં મનુષ્યરૂપ શાખાના સમુદાયો જે સ્થાને વૃદ્ધિગત થાય છે, તે સ્થાનને મૃત્યુલોકના નામથી ઓળખવામાં આવે છે.[૬૨] તે જ પ્રમાણે, એ રજોગુણરૂપ વાયુ ક્ષણ માત્ર થોભી જાય છે, એટલે તમોગુણરૂપ વાયુ અતિશય વેગથી વાવા માંડે છે;[૬૩] એટલે તે જ મનુષ્યરૂપ શાખાઓમાં નઠારી વાસના ઉત્પન્ન થતાં કુકર્મની ડાળીઓ નીચેના ભાગમાં ફૂટવા માંડે છે;[૬૪] અને અપ્રવૃત્તિ (નઠારા માર્ગ)નો બળવાન્ સરળ સાંઠો નીકળે છે અને તેને પ્રમાદરૂપી પાંદડાં તથા ઉપશાખાઓ ફૂટે છે.[૬૫] ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદની ઋચાઓમાં જે નિયમ (વિધિ) અને નિષેધ કહેલા છે, તે (વિધિનિષેધ)ના અગ્ર ભાગે પલ્લવ ફૂટે છે;[૬૬] અથર્વવેદમાં જે જારણ મારણ કહેલાં છે, અને જેમાં પરપીડાને મુખ્ય માનવામાં આવી છે, એવી ત્રણ પાંદડાંની વાસનારૂપ વલ્લરી પ્રસરે છે;[૬૭] અને ત્યાર પછી નઠારાં કર્મોનાં મૂળિયાં મોટાં થઈને તેમને જન્મરૂપ પુષ્કળ શાખાઓ ફૂટે છે.[૬૮] તે નઠારાં કર્મોના મોહમાં પડવાથી ચાંડાલ આદિ નીચ યોનિનો મોટો ફાંટો ફૂટીને કર્મભ્રષ્ટની જાતિમાં જન્મ ધારણ કરવો પડે છે.[૬૯] પશુ, પક્ષી, ડુક્કર, વાઘ, વીંછી અને સર્પ એ પ્રમાણેની અનેક આડી ડાળીઓ આવે છે.[૭૦] હે અર્જુન! એ પ્રમાણે, એ વૃક્ષના સર્વાંગમાં નિત્ય નવી નવી શાખાઓ ફૂટીને તેમને નરક ભોગની પ્રાપ્તિ થાય છે;[૭૧] અને હિંસા વગેરે નઠારાં કર્મ કરીને અને નઠારી સંગતિના યોગે અનેક જન્મો ધારણ કરવા પડે છે.[૭૨] એ પ્રમાણે, વૃક્ષ, તૃણ, લોઢું, માટી અને પાષાણ આદિ શાખાઓને પણ એવાં જ ફળો આવે છે![૭૩] અને હે અર્જુન! મનુષ્યથી તે સ્થાવરપર્યન્ત સર્વ શાખાઓની વૃદ્ધિ અધોમુખી જ હોય છે.[૭૪] એટલા માટે, જાણ કે, મનુષ્યરૂપ શાખા જ અધોગામિની શાખાઓનું મૂળ છે અને એમાંથી જ આ સંસાર વૃક્ષની વૃદ્ધિ થાય છે.[૭૫] અન્યથા, હે પાર્થ! ઊપર વધતી શાખાઓના મૂળને જોવા જતાં ઊપર અને નીચેના મધ્યમાં જે શાખા છે, તે (મનુષ્ય જન્મ) જ છે;[૭૬] પરન્તુ તમોગુણ અને સત્ત્વગુણની દુષ્કર્મ અને સત્કર્મથી ભરેલી શાખાઓ એ મધ્ય શાખામાંથી જ નીચે અને ઊપર જાય છે.[૭૭] હે અર્જુન! વેદત્રયરૂપપર્ણ–પાંદડાં બીજા કોઈને લાગુ હોતાં નથી, પરંતુ કેવળ મનુષ્ય યોનિને જ લાગુ છે.[૭૮] અને એટલા માટે, મનુષ્યરૂપ શાખા જો કે ઊપરના મૂળમાંથી નીચેની તરફ વધેલી છે, છતાં કર્મ વૃદ્ધિરૂપ શાખા એમાંથી જ ઉત્પન્ન થાય છે;[૭૯] અને જેમ બીજાં વૃક્ષોનો પણ એ જ પ્રકાર હોય છે કે, શાખાઓ વધે એટલે મૂળ દૃઢ થાય છે અને મૂળ બળવાન્ થયું કે, શાખાઓનો વિસ્તાર થાય છે;[૮૦] એ જ પ્રમાણે, આ શરીરની પણ સ્થિતિ છે; એટલે કે, શરીર હોય ત્યાં સૂધી કર્મ કરવું જ જોઈએ અને જ્યાં સૂધી કર્મ ચાલતું હોય ત્યાં સૂધી શરીર નથી, એમ કહી શકાય જ નહિ.[૮૧] અર્થાત્ મનુષ્ય દેહ અન્ય કર્મરૂપ શાખાઓનું મૂળ છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી.

એ પ્રમાણે, તે જગજ્જનક શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું.[૮૨] અને (પુનઃ શ્રીકૃષ્ણ કહે છે કેઃ–) ત્યાર પછી તમોગુણનું વાદળ સ્થિર થતાં સત્ત્વગુણનું વાદળ વેગપૂર્વક છૂટે છે,[૮૩] અને તે વેળાએ કેવળ મનુષ્યકારરૂપ મૂળમાંથી સદ્વાસનારૂપ અંકુરો ઉદ્‌ભવીને તેને સુકૃતરૂપ ફણગાં ફૂટે છે;[૮૪] ત્યાર પછી જ્ઞાનના યોગે એક ક્ષણ માત્રમાં બુદ્ધિને બળપૂર્વક જ્ઞાતૃત્વનાં દીટાં ફૂટે છે;[૮૫] ત્યાર પછી બુદ્ધિરૂપ પાંખનો વિસ્તાર થતાં સ્ફૂર્તિના ફાંટા ફૂટે છે અને તેના યોગે બુદ્ધિને

વિચાર સૂઝે છે;[૯૬] ત્યાર પછી બુદ્ધિરૂપી રસથી ભરેલાં નિષ્ઠારૂપ પર્ણ સુશોભિત દેખાય છે અને સત્ત્વ વૃત્તિનાં અંકુર સરળ નીકળીને વધે છે;[૯૭] સદાચારરૂપ પુષ્કળ અંકુરો સહજ ફૂટીને તેમના યોગે ચારે તરફ વેદઘોષ ચાલે છે;[૯૮] અને શિષ્ટાચાર, વેદોક્ત આચરણ અને નાના પ્રકારનાં યજ્ઞ યાગાદિ કર્મો એવાં પાર્ણપર પર્ણ ફૂટી નીકળે છે.[૯૯] એવી રીતે યમદમરૂપ કણસલાં અને તપોરૂપ શાખાઓ ફૂટે છે અને વૈરાગ્યરૂપ કોમળ શાખાઓ આગળ વધી આવે છે,[૧૯૦] વિશિષ્ટ વ્રતરૂપ પાંખ અને ધૈર્યરૂપ તીક્ષ્ણ મૂળિયાં ફૂટીને વેગથી ઊંચાં વધે છે;[૯૧] વચ્ચે વચ્ચે વેદરૂપ ઘાટાં પાંદડાં આવીને તેમના યોગે, જ્યાં સૂધી સત્ત્વગુણરૂપ પ્રચંડ વાયુ વાતો હોય ત્યાં સૂધી સુવિદ્યાનો ચતુર્દિશામાં પ્રસાર થાય છે;[૯૨] પછી ધર્મરૂપ એક સરળ શાખા નીકળે છે અને તેને સ્વર્ગ આદિ ફળોની એક ઉપશાખા આવે છે.[૯૩] બીજી ઉપરતિરૂપ લાલ શાખા ફૂટીને તેને મોક્ષરૂપ નિત્ય નવીન પલ્લવ ફૂટતો જ હોય છે;[૯૪] પછી, રવિ, ચન્દ્ર ઇત્યાદિ ગ્રહ, અને પિતર, ઋષિ, વિદ્યાધરરૂપી આડી ડાલીઓ ફૂટી નીકળે છે.[૯૫] એ શાખાઓ કરતાં પણ બીજી ઊંચી શાખાઓ ઉદ્ભવીને તેમને ઇન્દ્રાદિ લોકરૂપી પુષ્કળ ફળો આવે છે.[૯૬] પછી તે શાખાઓપર તપ અને જ્ઞાનમાં શ્રેષ્ઠ મરીચિ અને કશ્યપાદિરૂપ બીજી ઊંચી શાખો ફૂટી નીકળે છે.[૯૭] એવા પ્રકારે થરપરથર બાઝતાં શાખાઓનો વિસ્તાર થઈને, એ વૃક્ષ થડના સ્થળે ન્હાનું હોવા છતાં પણ ઉપરનાં ભાગમાં એને મોટાં મોટાં ફળો આવે છે![૯૮] એની ઉપર પણ બીજી જે મોટી શાખાઓ આવે છે, તેમને તો વળી, હે અર્જુન! બ્રહ્મદેવ અને શિવપર્યન્ત ઉપર શાખાઓ ફૂટે છે.[૯૯] ફળોના ભારથી ઉપરની ડાળીઓ નીચે નમીને મૂળ પાસે આવીને વિરમે છે.[૨૦૦] બીજાં વૃક્ષોની પણ એવી જ સ્થિતિ છે કે, શાખાઓમાં પુષ્કળ ફળો આવે, એટલે તેઓ નમીને થડને અથડાય છે;[૧] તેજ પ્રમાણે, હે અર્જુન! આ સંસારરૂપ વૃક્ષ જે સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે, તે જ મૂળસ્થાન પાસે જ્ઞાનની વૃદ્ધિથી નમી જાય છે.[૨] એટલા માટે બ્રહ્મા અને શિવથી પેલી તરફ જીવોની વૃદ્ધિ નથી હોતી. ત્યાંથી આગળ પછી બ્રહ્મનો પ્રદેશ જ આરંભાય છે.[૩] પરંતુ આ વાત હવણા રહેવા દે. એ બ્રહ્માદિક શાખાઓ સંસારરૂપ વૃક્ષની યોગ્યતાને પામતી નથી.[૪] વળી, નિવૃત્તિ માર્ગની જે સનકાદિક ઉપરની શાખાઓ છે, તેમને મૂળ અને ફળો ન હોઇને તેઓ કેવળ બ્રહ્મરૂપ જ છે.[૫] એ પ્રમાણે, મનુષ્યરૂપ શાખામાંથી વધેલી જે ઉપરની બ્રહ્માદિરૂપ શાખાઓ છે, તે બહુ જ ઊંચી જાય છે.[૬] હે પાર્થ! જે બ્રહ્માદિરૂપ ઉપરની ઉચ્ચ ડાળીઓ છે, તે મનુષ્યરૂપ શાખાઓમાંથી જ ઉત્પન્ન થયેલી છે અને તેથી એ નીચેની શાખાઓ તેમનાં મૂળ છે.[૭] એ પ્રમાણે, સંસારરૂપ વૃક્ષ ઊર્ધ્વમૂલ હોઇને જેને નીચે અને ઉપર શાખાઓ ફૂટેલી છે અને જે અલૌકિક છે, તેનું વર્ણન કરીને તને સંભળાવ્યું.[૮] એ પ્રમાણે એ વૃક્ષને નીચેનાં અને ઉપરનાં મૂળ હોઈને તે વિશેનું સર્વ વિવેચન તને કહી સંભળાવ્યું. ત્યારે એવું જે એ બલવાન્ વૃક્ષ છે, તેને કયા ઉપાયથી ઊખેડી નાખી શકાય છે, તે સાંભળ.[૯]

न रूपमस्येह तथोपलभ्यते नांतो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूलमसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥

[એ અશ્વત્થ વૃક્ષનું જે આ વર્ણન કરેલું છે, તેવું તેનું શુદ્ધ સ્વરૂપ અનુભવમાં આવતું નથી; અને એનો અંત, આદિ અને સ્થિતિ આદિ પણ નથી. એવા એ બળવાન્ મૂળવાળા વૃક્ષનું દઢ વૈરાગ્યરૂપ શસ્ત્રથી છેદન કરીને, ૩]

હે અર્જુન! તારા મનમાં કદાચિત્ એવી શંકા આવશે કે, આ પ્રમાણે આવું પ્રચંડતાથી વધેલું જે સંસારરૂપી વૃક્ષ છે, તેને ઊખેડી શકે એવું શું (કોઈ સાધન) હોઈ શકે વારુ?[૨૧૦] કારણ

કે, જેની ઉપરની શાખાઓની વૃદ્ધિ પામીને, બ્રહ્મલોકપર્યન્ત પહોંચી ગઈ છે, અને જેનું મૂળ ઉપર નિરાકારરૂપ બ્રહ્મમાં રહેલું છે;[૧૧] એ વૃક્ષની નીચે આવતી શાખાઓ સ્થાવર જંગમના તલભાગમાં પ્રવિષ્ટ થયેલી છે ને એના મધ્યભાગમાં મૃત્યુલોક ભરેલો છે.[૧૨] એવી રીતે એ વૃક્ષ અતિ બળવાન્ અને અગાધ હોવાથી એનો નાશ કોનાથી કરી શકાય એમ છે? એવી હલકી ભાવનાને કદાચિત્ તું પોતાના મનમાં સ્થાન આપીશ.[૧૩] પણ સાંભળ–એ વૃક્ષને નિર્મૂળ કરવામાં તે શો શ્રમ છે? નાના બાળકને જે બાવો આવ્યો કરીને બીવડાવવામાં આવે છે, તે બાવાને હાંકી કાઢતાં તેને કાંઇ બીજા ગામમાં મોકલવો પડે છે?[૧૪] આકાશમાં દેખાતા કિલ્લાઓને તોડવાની મહેનત કરવી પડે છે? ના. તેમ જ શશશૃંગને તોડવાં પડે છે? ના. જો આકાશમાં પુષ્પ ઉદ્‌ભવે, તો જ તેને તોડી શકાય.[૧૫] તે જ પ્રમાણે, હે અર્જુન! આ તને કહેલું સંસારરૂપ વૃક્ષ સત્ય નથી; એટલે પછી એને ઊખેડી કાઢવામાં શી ભીતિ હોઇ શકે ?[૧૬] મેં એ વૃક્ષમાં મૂળ અને શાખાઓ વિશેનો જે પ્રકાર કહ્યો, તે વાંઝીયાના ઘરમાં છોકરાં રખડી મરે છે, એમ કહેવા સમાન જ સમજવો ![૧૭] સ્વપ્નમાં આપણે જે ભાષણો કરીએ છીએ, તેમનો જાગૃત થયા પછી આપણને કશો ઉપયોગ થઇ શકે છે ખરો ? નહિ જ. તે જ પ્રમાણે જે જ્ઞાની છે, તેને તો આ સંસારરૂપ વૃક્ષની વાર્તા વ્યર્થ જ જણાય છે.[૧૮] પરન્તુ જે પ્રમાણે મેં એ વૃક્ષનું વર્ણન કરેલું છે, તે જ પ્રમાણે જો એનાં મૂળ દૃઢ હોઇને એ ખરેખર જ વિસ્તૃત હોય,[૧૯] તો પછી કોની માતાએ સવ્વાશેર સૂઠ ખાધી'તી કે, એ ઝાડનું નિર્મૂલન કરી શકે? શું ફુંક મારવાથી આકાશ દૂર થાય છે કે?[૨૦] એટલા માટે, હે ધનંજય! જેવી રીતે કાચબીના ઘીની રાજાને મેજબાની આપવી અશક્ય છે, તે પ્રમાણે, મેં જે આ સંસારરૂપ વૃક્ષના સ્વરૂપનું વર્ણન કર્યું છે, તે સર્વ માયા જ છે.[૨૧] ભાઇરે! મૃગજળનાં તળાવો દૂરથી કેવળ દૃષ્ટિવડે જોવા યોગ્ય જ હોય છે; એ તળાવના પાણીથી ડાંગર કે કેળની વૃદ્ધિ કરી શકાતી નથી.[૨૨] પ્રથમ તો અજ્ઞાન જ મિથ્યા છે, એટલે પછી તેનામાંથી થતું કાર્ય કેટલી કિંમતનું હોઈ શકે? સારાંશકે, સંસારરૂપ વૃક્ષ સર્વથા અસત્ય છે;[૨૩] અને એ વૃક્ષનો અંત નથી, એમ કહેવું પણ એક રીતે સત્ય છે.[૨૪] જ્યાં સૂધી મનુષ્ય જાગૃત થયેલો હોતો નથી, ત્યાં સૂધી નિદ્રાનો કદાપિ અંત હોય છે ખરો? અથવા તો જ્યાં સૂધી નિશાનો અંત ન થાય, ત્યાં સૂધી પ્રભાત થાય છે ખરું? નહિ જ.[૨૫] તે જ પ્રમાણે, હે પાર્થ, જ્યાં સૂધી જ્ઞાન ઉત્પન્ન થયેલું નથી, ત્યાં સૂધી આ સંસારરૂપ અશ્વત્થ વૃક્ષનો અન્ત નથી.[૨૬] જ્યાં સૂધી વાયુનું વહન અટકતું નથી, ત્યાં સૂધી સમુદ્રની લહરીઓનો અંત થતો નથી, એમ જ કહેવું પડે છે.[૨૭] અર્થાત્, જ્યારે સૂર્યનો અસ્ત થાય છે, ત્યારે મૃગજળના ભાસનો પણ લય થાય છે. અથવા જેમ દીવાના ઓલવાઈ જવા સાથે દીવાના પ્રકાશનો પણ લોપ થાય છે;[૨૮] તેવી જ રીતે, આ સંસારરૂપ વૃક્ષનું મૂળ જે અજ્ઞાન, તે જ્ઞાનનો ઉદય થયા વિના લુપ્ત થતું નથી.[૨૯] તેમ જ, લોકો એને જે 'અનાદિ'ના નામથી ઓળખે છે, તે પણ એની પરનો ખોટો આળ નથી. પરન્તુ એક રીતે જોતાં એ નામ પણ એનાં લક્ષણોને અનુસરીને જ અપાયલું છે.[૩૦] કારણ કે સંસાર વૃક્ષમાં સત્યતાનો અંશ જ નથી; એટલે જેનું અસ્તિત્વ જ નથી, તેનો આરંભ કયાંથી હોઈ શકે અને તેનો આરંભ કરે પણ કોણ?[૩૧] જે ખરેખર અમુક એક સ્થાનમાંથી ઉત્પન્ન થાય છે, તેને આદિ છે એમ કહેવું શોભી શકે છે; પરંતુ જે વસ્તુતા નથી જ, તેને આદિ કયાંથી હોઈ શકે?[૩૨] એટલે કે, જેનો જન્મ નથી, તેની માતા કોને કહેવી. એટલા માટે, એ વૃક્ષ અસ્તિત્વહીન છે અને તેથી જ એને અનાદિ કહેલું છે, એટલું જ તાત્પર્ય છે.[૩૩] વાંઝણીના પુત્રની જન્મ પત્રિકા કયાંથી હોઇ શકે? તે જ પ્રમાણે, આકાશનો રંગ લીલો છે, એવી કલ્પના કેમ કરીને કરી શકાય?[૩૪] હે અર્જુન! આકાશના પુષ્પની કલિકા કોઇનાથી તોડી શકાશે કે? અર્થાત્ જે સંસારરૂપ વૃક્ષનું અસ્તિત્વ જ નથી, તેનો મૂલારંભ કયાંથી જ હોઈ શકે?[૩૫]

જેવી રીતે માટીનો ઘડો તૈયાર નહિ કર્યો હોય, છતાં તેનું અસ્તિત્વ જતું નથી, તે જ પ્રમાણે આ સંસારરૂપ વૃક્ષ મૂળસહિત અનાદિ છે, એમ જાણ.[૩૬] હે અર્જુન, એવી રીતે એ વૃક્ષને આદિ અને અંત નથી અને તેથી એની જે એ ઉભયના મધ્યમાંની (સ્થિર) સ્થિતિ ભાસે છે, તે પણ વ્યર્થ છે.[૩૭] ગોદાવરી (નદી) જેવી રીતે બ્રહ્મગિરિ પર્વતમાંથી નીકળીને પૂર્વસમુદ્રમાં જઇ મળે છે, તે પ્રમાણે, મૃગજળની નદીની ઉત્પત્તિ પણ ખરી નથી અને તેનો અંત પણ ખરો નથી; તથાપિ તે મૃગજળ જેમ મધ્યાન્તરે સત્ય ભાસે છે,[૩૮] તેવી જ રીતે એનાં આદિ અને અંતનો કયાંય પત્તો પણ ન હોવા છતાં-અર્થાત્ એ ન હોવા છતાં આશ્ચર્ય તો એ છે કે, એનો ભાસ થયા કરે છે![૩૯] ઇન્દ્રધનુષ્ય જેવી રીતે નાના પ્રકારના રંગોથી ભરેલું દેખાય છે, તે જ પ્રમાણે, આ સંસારરૂપી વૃક્ષ અજ્ઞાની જનને મહા સુન્દર દેખાય છે.[૨૪૦]

એવી રીતે એનો સત્ય તરીકે સ્વીકાર કરતાં અજ્ઞાનીનાં નેત્રોમાં એ ભ્રમ ઉપજાવે છે. જેવી રીતે બહુરૂપી નાના પ્રકારના વેશ ધારણ કરીને લોકોના મનનું હરણ કરે છે; (મનને રંજન કરે છે;)[૪૧] અને આકાશનો કોઇ પણ રંગ ન હોવા છતાં તેનો નીલરંગ ભાસે છે; તથાપિ તે જ રંગ એક ક્ષણમાં જ દેખાય છે અને અદૃશ્ય થાય છે;[૪૨] સ્વપ્નમાં કદાચિત્ ખોટી વસ્તુઓને સત્ય માનીએ, તોય તેથી એક સરખો નિર્વાહ થઇ શકતો નથી. તેજ પ્રમાણે, આ ક્ષણિક જગદાભાસ છે![૪૩] પાણીમાં પડેલા પોતાના પ્રતિબિંબને જોઇને વાંદરાને તેમાં બીજા વાંદરાનો જ ભાસ થાય છે અને તેથી તેને પકડવાનો તે પ્રયત્ન કરે છે, છતાં તે હાથમાં આવતો નથી;[૪૪] તેમ જ જળની લહરીઓની એક પછી એક કરીને આવવાની શીઘ્રતા; અથવા વીજળીનો ઝબકારો થાય છે અને અદૃશ્ય થઇ જાય છે, એના કરતાં પણ વિશ્વરૂપ વૃક્ષનું થવું (દેખાવું) અને નષ્ટ થઇ જવું વધારે ઉતાવળું હોય છે.[૪૫] ગ્રીષ્મઋતુનો અંતિમ વાયુ જેમ આગળથી આવે છે કે પાછળથી આવે છે એ સમજી શકાતું નથી, તેવી જ આ અસ્તિત્વહીન સંસારરૂપ વૃક્ષની સ્થિતિ છે.[૪૬] એ પ્રમાણે, એ વૃક્ષને આદિ, અંત, સ્થિતિ અને રૂપ છે જ નહિ, એટલે પછી એને ઉખેડી નાખવાનો ખટાટોપ પણ શાને માટે કરવો જોઇએ?[૪૭]

હે અર્જુન! આત્મસ્વરૂપ વિષયક અજ્ઞાનને લીધે આ વૃક્ષ બળવાન્ થયેલું દેખાતું હતું ને? ત્યારે હવે આત્મજ્ઞાનરૂપ શસ્ત્રવડે એને તોડી નાખ, જોઇએ.[૪૮] અર્થાત્ એક જ્ઞાન વિના એને છેદવા માટેના તું જેટલા વધારે ઉપાયો કરીશ, તેટલો જ એ વૃક્ષમાં તું વધારે અને વધારે ગુંથાતો જઇશ.[૪૯] એમ થતાં તું બહુ શાખાઓપર વિચરીશ અને ઉપર તેમ જ નીચે ગમન કરીશ. (કારણ કે, એને અગણિત શાખાઓ છે.) એટલા માટે, એનું મૂળ જે અજ્ઞાન છે, તેને તું યથાર્થ જ્ઞાનવડે છેદી નાખ.[૨૫૦] નહિ તો, દોરડીમાં ભાસેલા સર્પને મારવા માટે અનેક લાકડીઓ એકઠી કરવામાં આવે તો તે વ્યર્થ પરિશ્રમ કર્યા જેવું જ હોય છે;[૫૧] અથવા મૃગજળની મોટી નદીમાંથી તરી જવા માટે નૌકાને શોધવા માટીની દોડાદોડ કરતાં જેમ તે શોધનાર અરણ્યમાંના કોઇ ખરેખરા ઝરામાં ડૂબી મરે છે;[૫૨] તે જ પ્રમાણે, હે વીર અર્જુન! મનુષ્ય આ અસત્ સંસારની નિવૃત્તિનો ઉપાય કરવા જતાં સ્હામો ભ્રમમાં પડે છે અને પોતાના સત્ય જ્ઞાનનો લોપ થવાથી તેના મનમાં ‘સંસાર સત્ય છે’ એવો જે ભાવ ભરાયલો હોય છે, તે ભાવ વધારે થાય છે.[૫૩] હે ધનંજય! સ્વપ્નમાં લાગેલા તલવારના વાર માટે જેમ જાગૃતિ જ ઔષધ છે, તે પ્રમાણે જેના સંસારની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થયેલી છે, તેનો છેદ કરવા માટે જ્ઞાનખડ્ગની જ આવશ્યકતા છે.[૫૪] પરંતુ તે જ્ઞાનખડ્ગ સહજ લીલાથી ધારણ કરી શકાય, એ પ્રમાણેનું બુદ્ધિને વૈરાગ્યનું સબળ સાહ્ય મળવું જોઇએ.[૫૫] તે વૈરાગ્ય એટલો બધો દૃઢ અને તીવ્ર થવો જોઇએ કે, તેના યોગે ત્રૈલોકયમાંના ભોગોનો એટલો બધો તિરસ્કાર આવી જાય કે, તે ભોગો શ્વાનના કરેલા

ભોજન સમાન જ દેખાવા માંડે![૫૬] હે અર્જુન! પદાર્થ માત્ર વિશે જ્યારે એટલો બધો તિરસ્કાર આવે છે, ત્યારે જ વૈરાગ્ય પ્રાપ્ત થયો છે એમ જાણી શકાય છે.[૫૭] એમ થતાં દેવરૂપ મ્યાનને વૈરાગ્ય રૂપ ખડ્‌ગપરથી ઉતારી નાખીને તે વૈરાગ્ય–ખડ્‌ગ વિચારશીલ બુદ્ધિરૂપ હસ્તમાં ધારણ કરવું,[૫૮] અને તે ખડ્‌ગને વિવેકરૂપ સરાણ ઉપર ઘસવું અને અહં બ્રહ્મ, બોધની તીક્ષ્ણ ધારા કાઢવી, તેમ જ તેને અદ્વૈતરૂપ પાણી ચઢાવવું.[૫૯] એટલું થવા પછી નિશ્ચયરૂપ મૂઠને હાથમાં લઇને અને મનન કરીને તે ખડ્‌ગને એક બે વાર અજમાવી જોવું.[૨૬૦] ત્યાર પછી જ્ઞાનરૂપ ખડ્‌ગવડે તેમ જ નિદિધ્યાસનની સહાયતાથી એકાકાર થતાં કોઈ અન્ય વસ્તુનું આપણને છેદન કરવાનું રહ્યું જ નથી. નિદિધ્યાસનવડે ઐક્ય થતાં તે વૃક્ષ આપણા આઘાતને સહન કરવા માટે સ્હામું ટકવાનું જ નથી.[૬૧] તે આત્મજ્ઞાનરૂપ શસ્ત્ર પોતાની અદ્વૈત પ્રભાના તેજથી ભવરૂપ વૃક્ષને ક્યાંય પણ અવશિષ્ટ રહેવા દેનાર નથી.[૬૨] શરદતુનો આરંભકાલીન વાયુ જેવી રીતે આકાશમાંનો બધો કચરો વાળીને સાફ કરી નાખે છે, અથવા સૂર્યના ઉદયથી જેમ સમસ્ત અંધકારનો લોપ થાય છે;[૬૩] અથવા તો જાગૃત થવાની સાથે જ સ્વપ્નાંતર્ગત ઘટનાઓનો નાશ થાય છે; તે જ પ્રમાણે, આત્મજ્ઞાનરૂપી ધારાની તીક્ષ્ણતાથી સંસારરૂપ તરુવરનો નાશ થાય છે.[૬૪] અને તે વેળાએ, જેમ ચંદ્રિકાનો વિસ્તાર થતાં મૃગજળ દેખાતું નથી, તે જ રીતે, સંસારરૂપ વૃક્ષનાં ઉપરનાં અને અધોગામી મૂળ અ થવા નીચે વધેલો વિસ્તાર એ સર્વનો લોપ થઈ જાય છે![૬૫] એ પ્રમાણે, હે વીરોત્તમ અર્જુન! આત્મજ્ઞાનરૂપ ખડ્‌ગવડે આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને નીચેના અને ઉપરના મૂળ સહિત છેદી નાખ.[૬૬]

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तंति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

[ત્યાર પછી, જે પદને પ્રાપ્ત થયેલા લોકો પુનઃ પાછા આવતા નથી, તે પદને શોધી કાઢવું. (તે કેવી રીતે?) જેમાંથી અનાદિ પ્રવૃત્તિ ચાલતી આવેલી છે, તે અનાદિ પુરુષને જ હું શરણે છું, એવી ભાવનાથી (તે પદનો શોધ કરવો.) ૪]

પછી, આ અમુક વસ્તુ છે, એવો ભાસ જ્યાં રહેતો નથી ને અહંતાનો લોપ થાય છે, એવા આત્મ સ્વરૂપને જોવું.[૬૭] પરંતુ મૂર્ખ જનો દર્પણના આધારે પોતાના એક જ રૂપને બીજા તરીકે નિહાળે છે, તે પ્રમાણે તું કરીશ નહિ.[૬૮] હે અર્જુન, પોતાના સ્વરૂપને નિહાળવાની રીતિ એવી છે કે, જેમ એક ઝરાને ખોલતાં તેમાં પાણી હોવાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, પરંતુ તેને પૂરી નાંખવામાં આવે, તોય તેમાં મૂળ પાણી તો રહેલું જ હોય છે;[૬૯] અથવા પાણી સૂકાઇ જતાં તેમાંનો પ્રતિબિંબ મુખ્ય પ્રતિબિંબ સાથે ઐક્યતાને પામે છે; અથવા ઘડો ફૂટી જતાં ઘડામાંના આકાશ (ઘટાકાશ)નો મહાકાશમાં સમાવેશ થઇ જાય છે;[૭૦] અથવા કાષ્ઠનો લોપ થતાં તેમાંનો અગ્નિ પણ જેમ પોતાના સ્વરૂપમાં લય પામે છે; તે જ પ્રમાણે, હે અર્જુન! પોતાના સ્વરૂપનું પોતાના સ્વરૂપમાં જ અવલોકન કરવું પડે છે.[૭૧] જેમ જિહ્વા પોતાના સ્વાદને જ ચાખે, અથવા નેત્રો જેમ પોતાની કીકીઓને જુએ, તેવી રીતે પોતાના સ્વરૂપને પોતે જ જોવું, એ તાત્પર્યાર્થ છે.[૭૨] અથવા તો પ્રભા જેમ પ્રભા સાથે મળી જાય છે, આકાશ આકાશમાં જ હોય છે અથવા પાણી જેમ પાણીમાં જ હોય છે;[૭૩] તે પ્રમાણે, અદ્વૈત દૃષ્ટિથી પોતે જ પોતાના સ્વરૂપને જોવાની રીતિ છે, એ તને હું નિશ્ચયપૂર્વક કહું છું.[૭૪] જોયા વિના જોવું, અને જાણ્યા વિના જાણવું, એવું જે આદ્યસ્થાન–જેને બ્રહ્મ કહેવામાં આવે છે,[૭૫] તે બ્રહ્મને પણ ઉપાધિના યોગે અસ્તિત્વ ધારી બનાવીને તેવા રૂપમાં શ્રુતિઓ તેનું વર્ણન કરે છે અને એથી તે નામ રૂપ ધારી છે, એવો મિથ્યા પ્રલાપ

મચાવી મૂકે છે![૭૬] પરંતુ સ્વર્ગ અને સંસાર ઉભયથી કંટાળેલા મુમુક્ષુજનો યોગજ્ઞાનનો આશ્રય કરે છે અને 'પુનઃ ત્યાંથી પાછા આવીશું જ નહિ' એવી પ્રતિજ્ઞાથી તેઓ જ્યાં જવા માટે નીકળે છે,[૭૭] ત્યાં સંસારથી આગળ પગ મૂકી વૈરાગ્યની હોડ બકીને દોડે છે અને કર્મ માર્ગના આચરણથી પ્રાપ્ત થનાર બ્રહ્મલોકને પણ ઉલ્લંઘીને આગળ વધી જાય છે.[૭૮] પછી પોતાના અહંતા આદિ સર્વ ભાવોને જીતીને તે જ્ઞાની નિજપદને પહોંચવા માટે અજેયપત્ર મેળવે છે![૭૯] તે નિજપદમાંથી આ વિશ્વની પરંપરા જે આટલી બધી વધેલી છે, તે કેવળ દૈવહીનની આશા પ્રમાણે વ્યર્થ (મિથ્યા) છે.[૨૮૦] આત્મસ્વરૂપને ન જાણવાથી જે આ સંસાર ભાસે છે, તેનો જે મુમુક્ષુએ અહંતાને ત્યાગીને લોપ કરેલો છે, (તે જ પાર પહોંચી જાય છે.)[૮૧] હે પાર્થ! એવી જે વસ્તુ, તેને જેમ ટાઢ ટાઢને થથરાવે છે; તેમ, પોતામાં પોતે જ જોવી જોઇએ.[૮૨] હે ધનંજય! તે નિજપદ (આત્મસ્વરૂપ)ને ઓળખવાની એક બીજી પણ નિશાની છે અને તે એ કે, તે સ્વરૂપનો ભેટો થતાં ત્યાંથી પાછા આવવાનો વ્યવહાર થતો નથી.[૮૩] મહા પ્રલય સમયે જેમ સર્વ જળમય થઇ જાય છે, તેવી જ રીતે જે જ્ઞાનથી પરિપૂર્ણ થઇને તે સ્વરૂપને જઇ મળે છે, તેઓ સ્વસ્વરૂપમાં જ નિમગ્ન થાય છે.[૮૪]

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

[જેમના અભિમાન અને મોહનો લોપ થયો છે, જેમણે વિષયાસક્તિરૂપ દોષોને જિતી લીધા છે, જેઓ નિત્ય આત્મજ્ઞાનને પામે છે, જેમની સર્વ વાસનાઓનો ક્ષય થયો છે અને જેઓ સુખદુઃખરૂપ દ્વંદ્વથી મુક્ત થયેલા છે–એવા જે જ્ઞાતાજનો છે, તેઓ તે શાશ્વત પદમાં જઇ મળે છે. ૫]

વર્ષાઋતુના અંતમાં જેમ મેઘો આકાશને ત્યાગી જાય છે, તે પ્રમાણે જે પુરુષના મનને મોહ અને અભિમાન ત્યાગી જાય છે;[૮૫] નિર્ધન અને નિષ્ઠુર મનુષ્યને જેમ તેના આપ્તજનો ત્યાગી જાય છે, તે પ્રમાણે, જે વિકારોના જાળમાં સપડાતા નથી;[૮૬] કેળીને કેળાં આવ્યાં પછી તેનું જેમ ઉન્મૂલન થાય છે, તેવી જ રીતે જેમની આત્મસ્વરૂપ લાભની પ્રબળતાથી, ક્રિયાઓ એક પછી એક અનુક્રમે બંધ પડતી જાય છે;[૮૭] અથવા વૃક્ષને આગ લાગતાં તેની ઊપર બેસનારાં પક્ષી જેમ તેને ત્યાગી દે છે, તે પ્રમાણે જેમનો સર્વ પાપો ત્યાગ કરી જાય છે;[૮૮] જે ભેદ બુદ્ધિરૂપ પૃથ્વીમાં સર્વ દોષરૂપ તૃણના અંકુરો ફૂટે છે, તે ભેદ બુદ્ધિની દોષોને ઓળખ પણ રહેતી નથી;[૮૯] સૂર્યોદય થતાં રાત્રિનો જેમ પોતાની મેળે જ લોપ થાય છે, તે જ પ્રમાણે, આત્મસ્વરૂપનો લાભ થતાં જેમના દેહવિષયક અભિમાનનો અજ્ઞાનસહિત લોપ થાય છે;[૨૯૦] આયુષ્યહીન જીવને જેવી રીતે શરીર અચાનક છોડી જાય છે, તેવી જ રીતે મોહમાં નાખનાર દ્વૈત જેને ત્યાગી જાય છે;[૯૧] પારસમણિને જેમ લોહ અલભ્ય છે અથવા સૂર્ય અને અંધકારનો જેમ કદાપિ સંયોગ (ભેટો) થતો નથી, તે જ પ્રમાણે દ્વૈતબુદ્ધિની જેની પાસે સદા સર્વદા ખોટ જ હોય છે;[૯૨] અરે! આ દેહના અભિમાનને ધારણ કરવાથી સુખ દુઃખરૂપ જે દ્વૈત (દ્વંદ્વ) દૃષ્ટિગોચર થાય છે, તે દ્વૈત જેના સમક્ષ આવતું નથી;[૯૩] જેવી રીતે જાગૃત થવા પછી સ્વપ્નમાં મળેલું રાજ્ય અથવા પ્રાપ્ત થયેલું મરણ હર્ષ કે શોકકારક હોતું નથી;[૯૪] જેવી રીતે ગરુડ સમક્ષ સર્પ આવતો નથી, તેજ પ્રમાણે સુખ દુઃખરૂપ પુણ્ય અને પાપને ઉત્પન્ન કરનાર જે દ્વૈત, તેનો તેમનાપર વિજય થતો નથી.[૯૫] વળી અસદ્ વસ્તુરૂપ જળને ત્યાગીને વિચારશીલ રાજહંસો જેવી રીતે સદ્વસ્તુ રૂપ ક્ષીરનું જ સેવન કરે છે;[૯૬] જેવી રીતે સૂર્ય પૃથ્વીપર વૃષ્ટિ વર્ષાવીને તે જ પાણીનું પુનઃ

પોતાનાં કિરણોદ્વારા પોતામાં જ શોષણ કરી લે છે;[૯૭] તે પ્રમાણે, આત્મસ્વરૂપની ભ્રાંતિ પડવાથી જે બ્રહ્મનો ચારે તરફ પ્રસાર થયેલો હોય છે, તેજ જ્ઞાનદૃષ્ટિ આવતાં પોતાના સ્વરૂપમાં જ નિત્ય ઐક્ય પામે છે.[૯૮] રે! એટલું જ નહિ, પણ જેવી રીતે ગંગાનો પ્રવાહ સમુદ્રમાં મળી ગયા પછી પાછો વળતો નથી, તે જ પ્રમાણે આત્મસ્વરૂપ વિશેના તેના વિચારો ડગમગતા નથી; ઉપરાંત, સર્વત્ર આત્મસ્વરૂપનો જ વિસ્તાર થવાથી જ્ઞાનને બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા જ હોતી નથી.[૯૯] જેવી રીતે આકાશની સર્વત્ર વ્યાપ્તિ હોવાથી તેનું એક ગામથી બીજે ગામ જવું શક્ય નથી;[૩૦૦] જેવી રીતે અગ્નિના પર્વતપર ગમે તેવું બીજ પેરવા છતાં ઉગતું નથી; તે જ પ્રમાણે, જેના મનમાં જ્ઞાનનો ઉદય થયેલો છે, તેના મનમાં કોઇપણ વિકાર ઉદ્ભવતો નથી.[૧] (સમુદ્ર મંથન સમયે) ક્ષીર સાગરમાં નાખેલા મંદરાચલને તેમાંથી કાઢી લીધા પછી, સમુદ્ર સ્થિર થયો હતો; તે જ પ્રમાણે, આત્મ પ્રાપ્તિ થવાથી જેના મનમાં કામવાસના ઉત્પન્ન થતી નથી;[૨] જેવીરીતે ચંદ્રષોડશકલાપરિપૂર્ણ થતાં કોઇપણ તરફથી ન્યૂન દેખાતો નથી; તેજ પ્રમાણે, આત્મપ્રાપ્તિ થવાથી તેના મનમાં કોયપણ ઇચ્છા ઉત્પન્ન થતી નથી.[૩] પણ એવી નિરુપમ તને કેટલીક વાતો કહું વારુ? જેવી રીતે વાયુ આગળ પરમાણુ ટકતા નથી;[૪] એવા પ્રકારે, હુતભક્ષક જ્ઞાનાગ્નિમાં આહુતિ આપીને જેમણે સર્વ વિષયોને બાળી નાખ્યા છે, તે પુરુષો સુવર્ણમાં સુવર્ણ મળ્યા પ્રમાણે નિજસ્વરૂપ સાથે ઐક્ય પામે છે.[૫] તે સ્થાન ક્યું છે, એમ જો તું પૂછે, તો મારે જણાવવું જોઇએ કે, જે કદાપિ નષ્ટ નથી થતું એવું તે સ્થાન છે.[૬] જેને જોવા જતાં જે દેખાય, જાણવા જતાં જાણવામાં આવે અથવા તે અમુક વસ્તુ સમાન છે, એમ કહી શકાય, એવુ તે સ્થાન નથી–અર્થાત્ એ સર્વથી તે ભિન્ન છે.[૭]

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम ॥ ६ ॥

[તે પદને પ્રકાશિત કરવામાં સૂર્ય, ચન્દ્ર અથવા અગ્નિ સમર્થ નથી. જે પદને પ્રાપ્ત થયેલા લોકો પુનઃ પાછા આવતા નથી, તે મારું પરમ ધામ (ઉત્તમ પદ) છે. ૬]

પરંતુ દીવાના અજવાળાથી અથવા ચન્દ્રના પ્રકાશથી–વધારે તો શું? પરંતુ જે સૂર્યના યોગે સમસ્ત વિશ્વ પ્રકાશિત થાય છે, તેના પ્રકાશથી–[૮] જે કાંઇ દેખાય છે, તેજ જેની આડે આવે છે, (જ્યાં સૂધી જગત્ દેખાય છે, ત્યાં સૂધી જેનો લોપ હોય છે) અને જેના લોપથી જ વિશ્વનો ભાસ થાય છે;[૯] જેમ જેમ સૂક્તિ (છીપ) નો ભાસ ઓછો થાય છે, તેમ તેમ રજત (રૂપા) નો ભાસ વધતો જાય છે; કિંવા રજ્જુ (દોરી) ના ભાસનો લોપ થતાં સર્પની સત્યતા પ્રકટ થાય છે;[૧૦] તે જ પ્રમાણે ચન્દ્ર સૂર્ય આદિનું જે પ્રખર તેજ, તે જે સ્વરૂપના અંધકારમાં પ્રકાશિત થાય છે,[૧૧] એવી જે વસ્તુ, તે અતિ તેજસ્વિની હોઇને સર્વ ભૂતોને વ્યાપવા સાથે ચંદ્ર અને સૂર્યને પણ પ્રકાશ આપે છે.[૧૨] એટલા માટે, એ વસ્તુના પ્રકાશ સમક્ષ ચન્દ્ર અને સૂર્યના તેજમાં અંધકાર પ્રસરી જાય છે; અર્થાત્ એ વસ્તુ (બ્રહ્મ)નું સ્વરૂપ સર્વ તેજસ્વિની વસ્તુઓને તેજ આપનારું છે;[૧૩] અને એ વસ્તુનો પ્રકાશ થતાં ચંદ્ર અને સૂર્ય સહિત જગતનો લોપ થાય છે. જેવી રીતે સૂર્યનો ઉદય થતાં નક્ષત્રો સહિત ચંદ્ર નિસ્તેજ થઇ જાય છે,[૧૪] અથવા જાગૃત થવા પછી સ્વપ્નમાં ભાસેલા સર્વ જગજાળનો લોપ થાય છે, કિંવા સંધ્યાકાળ થતાં મૃગજળનો પોતાની મેળે જ લોપ થાય છે;[૧૫] તે જ પ્રમાણે, જે વસ્તુમાં કોઈ પણ પ્રકારનો ભાસ રહેતો નથી, તે મારું મુખ્ય સ્થાન છે.[૧૬] તે સ્થાનમાં જે ગયા છે, તેઓ જેવી રીતે જલપ્રવાહો સમુદ્રમાં મળ્યા પછી પાછા વળતા નથી, તે પ્રમાણે, જગતમાં પાછા આવતા નથી.[૧૭] અથવા તો લવણ

(નિમક)ની બનાવેલી હસ્તિનીને સમુદ્રમાં ડુબાવ્યા કેડે તે જેમ પાછી આવતી–દેખાતી નથી;[૧૮] અથવા આકાશમાં ગયેલી અગ્નિની જ્વાળાઓ જેમ પાછી નીચે ઊતરતી નથી, અથવા તપાવેલા લોઢાપર નામેલું પાણી જેમ અદૃશ્ય થાય છે (પાછું આવતું નથી),[૧૯] તેવી રીતે શુદ્ધ જ્ઞાન થવાથી જેઓ મારા ઐક્યને પામે છે, તેઓ પુનર્જન્મથી સર્વથા મુક્ત થાય છે."[૩૨૦] બુદ્ધિરૂપ પૃથ્વીનો રાજા અર્જુન કહેવા લાગ્યો કેઃ–"હે પ્રભો, આજે આપનો મારાપર (કૃપા) પ્રસાદ થયેલો છે; પરંતુ મારી એક પ્રાર્થના છે, તે (સાંભળવા)માં ધ્યાન આપો.[૨૧] જેઓ દેવના સ્વરૂપમાં જઈ મળ્યા પછી પાછા આવતા નથી, તે પૂર્વે દેવના સ્વરૂપથી ભિન્ન હતા, કે એકરૂપ જ હતા?[૨૨] જો તેઓ અનાદિ સિદ્ધ ભિન્ન જ હોય, તો તેઓ પાછા આવતા નથી, એમ કહેવું અસંભવનીય છે. કેમકે ભ્રમર, પુષ્પમાંના મકરન્દનું સેવન કરવાને ગયા હોય, એટલે તે કદાપિ પુષ્પ થઇ જાય છે ખરો? નહિ જ.[૨૩] બીજું ઉદાહરણ એ કે, લક્ષ્યથી ભિન્ન જે બાણ, તે બાણોને છોડયા પછી તેઓ જેમ લક્ષ્યને ભેદીને નીચે જ પડી જાય છે, પણ (ઐક્યને પામતા નથી) તે જ પ્રમાણે, તેઓ પાછા આવતા હોવા જ જોઇએ. અર્થાત્ તમારા સ્વરૂપમાં મળી ગયા પછી પણ પાછા નથી આવતા, એમ કહેવું સયુક્તિક નથી.[૨૪] પણ જો તમો તે જ તેઓ–એવી જો વસ્તુસ્થિતિ હોય, તો પછી કોણે કોનામાં મળવાનું છે વારુ? શસ્ત્રથી શસ્ત્રનો (આપણો પોતાનો) છેદ થઇ શકે છે ખરો? ના.[૨૫] અર્થાત્ હે દેવ, તમારા સ્વરૂપ સાથે જેમનું ઐક્ય થયેલું છે, તેમને તમારો સંયોગ કિંવા વિયોગ થાય છે, એમ કેમ કહી શકાય? અવયવ અને શરીર કદાપિ એક બીજાથી ભિન્ન પડે છે, એમ કહી શકાતું નથી.[૨૬] એ તો ઠીક, પણ જેઓ નિત્ય તમારા સ્વરૂપથી ભિન્ન છે, તેઓ તો કદાપિ તમારા સ્વરૂપમાં ઐક્ય પામવાના જ નથી; એટલે પછી તેઓ પાછા ફરે છે કે પાછા નથી આવતા, એ વ્યર્થ કથનની આવશ્યક્તા જ શી છે?[૨૭] તો હે શ્રીકૃષ્ણ! જે તમોને સર્વત્ર મુખો છે, તે તમારા સ્વરૂપમાં મળ્યા પછી, કોઇ પણ પાછું આવતું નથી, એ તત્ત્વ મને સારી રીતે સમજાવીને કહો."[૨૮]

અર્જુનની એ શંકા સાંભળીને પોતાનું કથન એના મનમાં સારી રીતે ઠસ્યું છે, એમ ધારી સર્વજ્ઞ શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણને સંતોષ થયો.[૨૯] પછી ભગવાન્ કહેવા લાગ્યા કેઃ– હે મહામતે! મદ્રૂપ થવા પછી જેઓ પાછા આવતા નથી, તેમનામાં ભિન્ન અને અભિન્ન એવા બન્ને પ્રકારના લોકો છે.[૩૩૦] જો વિચારદૃષ્ટિથી પૂર્ણ ધ્યાન આપીને જોવામાં આવે, તો મારા અને તેમના સ્વરૂપમાં સ્વાભાવિક જ ઐક્ય હોય છે; અને જો ઊપરટપકેથી જ વિચાર કરીને જોવામાં આવે, તો તેઓ મારાથી ભિન્ન છે, એમ પણ ભાસે છે.[૩૧] જેવી રીતે પાણીમાં કંપ થતાં ઉદ્ભવતી લહરીઓ પાણીથી ભિન્ન દેખાય છે; પરંતુ વસ્તુતઃ તે પાણી જ હોય છે;[૩૨] અથવા સુવર્ણના અલંકારો જેમ સુવર્ણથી ભિન્ન દેખાય છે, પણ વિચારપૂર્વક જોતાં તે સર્વ સુવર્ણ જ હોય છે;[૩૩] તેજ પ્રમાણે, હે કિરીટિ! જ્ઞાનદૃષ્ટિથી જોતાં તેઓ મદ્રૂપ જ છે. તેમનામાં અને મારામાં જે પરસ્પર ભિન્નતા ભાસે છે, તે અજ્ઞાનને લીધે જ;[૩૪] અને ખરેખર વસ્તુની દૃષ્ટિથી જોતાં માયોપાધિના યોગે ઉદ્ભવતું ભિન્નત્વ મારા એકનામાં હોઇ જ કયાંથી શકે?[૩૫] સૂર્યબિંબ સમસ્ત આકાશને વ્યાપીને ઉદરમાં ઊતારી દે, એટલે પછી તેનો પ્રતિબિંબ કયાં દૃષ્ટિગોચર થાય? અને કિરણોનો પાત પણ શાનીપર થાય?[૩૬] અરે, હે અર્જુન! કલ્પાંતના જળને ઓટ અને ભરતી હોય છે કે? અર્થાત્ વિકાર રહિત જે હું તે મારામાં ભેદ અને અભેદનો વાસ કયાંથી હોય?[૩૭] પરંતુ પ્રવાહના અનુરોધથી પાણી સરળ હોવા છતાં વક્ર થાય છે, કિંવા પાણીના ઉપાધિથી સૂર્યના બિંબને તેમાંના પ્રતિબિંબવડે દ્વૈતતા પ્રાપ્ત થાય છે;[૩૮] આકાશને ચતુષ્કોણ કે ગોળ કેમ કરીને કહી શકાય? પરંતુ તે જ ઘટ અને

મઠના ઉપાધિથી ચતુષ્કોણ અને ગોળ પણ દેખાય છે;[૩૯] નિદ્રાની ઉપાધિથી સ્વપ્નમાં જે વેળાએ મનુષ્ય રાજ્યપદપર આરૂઢ થાય છે, તે વેળાએ રાજા, પ્રજા, ઈત્યાદિ સર્વ જગત્ તે એકલાવડે જ વ્યાપ્ત થતું નથી કે શું?[૩૪૦] જેમ સો ટચના સોનામાં બીજા હલકા સોનાનું મિશ્રણ કરવાથી તે ઓછા કસનું અંકાય છે, તે પ્રમાણે જ, શુદ્ધ સ્વરૂપ જે હું, તે માયાવડે જ્યારે પરિવેષ્ટિત થાઉં છું, ત્યારે મારામાં માયાના ઉપાધિથી જીવ અને ઈશ્વર એ ભાવો ઉત્પન્ન થાય છે.[૪૧] તે વેળાએ કેવળ એક અજ્ઞાન જ ચતુર્દિશામાં રૂઢ થાય છે અને તેના યોગે 'હું કોણ?' એવો વિકલ્પ ઉદ્ભવે છે. પછી બહુ બહુ વિચાર કરીને એવો નિશ્ચય કરવામાં આવે છે કે, 'હું દેહ જ છું.'[૪૨]

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

[મનુષ્ય લોકમાં મારો જ સનાતન જીવરૂપ અંશ છે. તે, પ્રકૃતિમાંની પંચજ્ઞાનેન્દ્રિયો અને મનને આકર્ષિત કરે છે, ૭]

એવી રીતે આત્મજ્ઞાનને દેહ જેટલું જ ન સમજતાં કેવળ શરીરને જ 'હું' કહેવું, એનું જ નામ મારા અંશને જાણવો, એ છે.[૪૩] વાયુના યોગે સમુદ્રમાં લહરીઓ ઉત્પન્ન થાય છે, તે જેમ સમુદ્રના એક લઘુ અંશ સમાન દેખાય છે;[૪૪] તે જ પ્રમાણે, હે પાંડુસુત! દેહનો અહંકાર ઉત્પન્ન થતાં તે જડદેહનો જે ચાલક હોય છે, તે આ મૃત્યુલોકમાં જીવરૂપી હું પોતે જ છું-[૪૫] તે જ જીવની દૃષ્ટિથી જે આ અખંડ વ્યાપાર ચાલે છે, તેને 'જીવલોક' (સૃષ્ટિ) કહેવામાં આવે છે.[૪૬] જ્યાં જન્મ અને મૃત્યુ ખરાં મનાય છે, તે સ્થાનને હું 'જીવલોક' એટલે કે, 'સંસાર' નામથી ઓળખું છું.[૪૭] એવા પ્રકારના આ જીવલોકમાં જેવી રીતે ચન્દ્ર, પાણીથી ભિન્ન હોવા છતાં પણ પાણીમાં તેનો પ્રતિબિંબ પડતાં તે પાણીમાં રહેલો ભાસે છે, તે જ પ્રમાણે હું છું, એમ તારે સમજવું.[૪૮] હે અર્જુન, સ્ફટિક મણિને કુંકુમપર રાખતાં તે જેમ રક્ત વર્ણ દેખાય છે, તથાપિ ખરેખર તે રાતો હોતો નથી;[૪૯] તે જ પ્રમાણે, મારા અનાદિત્વનો નાશ થતો નથી અને અક્રિયત્વનો પણ ભંગ થતો નથી; તથાપિ મને કર્ત્તા, ભોક્તા ઈત્યાદિ નામો આપવામાં આવે છે, તે કેવળ અજ્ઞાન છે, એમ જ તારે સમજવું.[૩૫૦] કિંબહુના, આ શુદ્ધ આત્મા પ્રકૃતિમાં ઐક્ય પામીને પ્રકૃતિની ઉપાધિથી તેના ધર્મના અધિકારને સ્વીકારે છે.[૫૧] પછી શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો અને મન આદિ મારાં છે, એમ કહીને તેના વ્યાપારો હું કરું છું, એમ કહે છે.[૫૨] જેવી રીતે, સ્વપ્નમાં સંન્યાસી પોતે જ પોતાનું કુટુંબ (સ્ત્રી પુત્રાદિ) બનીને સંસાર માંડે અને તેના મોહથી આમ તેમ દોડે (સંસારનાં સુખ દુઃખ ભોગવે);[૫૩] તે પ્રમાણે, પોતાનું વિસ્મરણ થવાથી આત્મા પોતાના સ્વરૂપને પણ તે (પ્રકૃતિ)ના સ્વરૂપ સમાન માનીને, તેના અનુરોધથી તેનાં જ કાર્યો કરે છે;[૫૪] મનરૂપી રથમાં બેસીને શ્રવણોના દ્વારથી બહાર નીકળી શબ્દરૂપી વનમાં સંચાર કરે છે;[૫૫] તે જ પ્રકૃતિની લગામને હાથમાં પકડી ત્વચાના દ્વારથી સ્પર્શરૂપ ઘોરતમ અરણ્યમાં જાય છે;[૫૬] કોઇવાર નેત્રદ્વારમાંથી બહાર નીકળીને રૂપ વિષયના પર્વતપર સ્વચ્છંદતાથી ભ્રમણ કરે છે;[૫૭] કિંવા, હે સુભટ! જિહ્વાદ્વારથી બહાર નીકળીને રસની ગુહામાં ભટક્યા કરે છે;[૫૮] કિંવા, મારો અંશ જે આ જીવ, તે નાસિકાના દ્વારમાંથી બહાર નીકળીને સૌગંધ્યના કાંતાર (વન)માં રખડે છે.[૫૯] એ પ્રમાણે, દેહ અને ઇન્દ્રિયોના નાયક મનને વળગીને પંચેન્દ્રિયોના શબ્દાદિક વિષયોનો ઉપભોગ લીધા કરે છે.[૩૬૦]

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ ८ ॥

[(પણ તે ક્યારે?) વાયુ જેવી રીતે પુષ્પાદિમાંથી સૌગંધ્ય લઇ જાય છે, તેવી રીતે આ જીવ જ્યારે પૂર્વના શરીરને ત્યાગીને બીજું શરીર ધારણ કરે છે, ત્યારે મન અને ઇન્દ્રિયોને પોતાની સાથે લઈ જાય છે. ૮]

પરંતુ જ્યારે તે કોઇ એક શરીરમાં પ્રવેશ કરે છે, ત્યારે જ જીવનું કર્તૃત્વ કિંવા ભોકતૃત્વ દૃષ્ટિગોચર થાય છે.[૬૧] કોઇ એક સંપત્તિસંપન્ન અને વિલાસી પુરુષ જ્યારે કોઇ મોટા નગરમાં રહેવાને આવે છે, તે વેળાએ જ તેનું ઐશ્વર્ય બીજાઓના જોવામાં આવી શકે છે.[૬૨] તે જ પ્રમાણે, જે સમયે જીવ દેહ ધારણ કરે છે, તે સમયે જ જીવના અહંકારની વૃદ્ધિ અથવા તો વિષયેન્દ્રિયની ધામધૂમ જોવામાં આવે છે.[૬૩] અથવા, શરીરને ત્યાગવામાં આવે, તોય જીવ પોતાના સદાના સાથી મન અને ઇન્દ્રિયરૂપ સંપત્તિને પોતાની સાથે લઇ જાય છે.[૬૪] જેવી રીતે અતિથિ ભોજન માટે આવ્યો હોય, તેવામાં તેનું અપમાન કરીને તેને કાઢી મૂકતાં તે પોતાનાં પુણ્યને સાથે લઈ જાય છે, અથવા દોરીઓ કાઢી લેવાથી કળસૂત્રી પૂતળીની ગતિનો લોપ થાય છે;[૬૫] અથવા સૂર્યનો અસ્ત થતાં તે લોકોની દૃષ્ટિને પોતાની સાથે લેતો જાય છે; વધારે શું કહેવું? જેવી રીતે વાયુ પુષ્પના સુવાસને પોતાની સાથે લેતો જાય છે,[૬૬] તે જ પ્રમાણે, હે ધનંજય! જીવ દેહને ત્યાગી જાય છે, તોય પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠા મનને પોતાની સાથે જ લઈ જાય છે.[૬૭]

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

[તે જીવ કર્ણ, નેત્ર, ત્વચા જિંહ્વા, ઘ્રાણ અને મનપર સત્તા રાખીને વિષયોનો ઉપભોગ લે છે. ૯]

પછી અહીં અથવા સ્વર્ગ લોકમાં જે જે સ્થળે જીવ દેહનો સ્વીકાર કરે છે, તે તે સ્થળે મન આદિ છ ઇન્દ્રિયોનો પુનઃ પ્રસાર કરે છે.[૬૮] હે અર્જુન! દીવો ઓલવાઇ જતાં જેમ પોતાના તેજ સહિત તેનો લોપ થાય છે, તેમ જ તેને પાછો સળગાવતાં તે પોતાના તેજ સહિત પુનઃ પ્રકાશવા માંડે છે;[૬૯] તો હે અર્જુન! અજ્ઞાનીની દૃષ્ટિને જ, એવા પ્રકારે, જીવનું સર્વ કર્તૃત્વ છે એમ ભાસે છે;[૭૦] કારણ કે, આત્મા જ આ દેહમાં આવે છે, તે જ વિષયોનો ઉપભોગ લે છે અને તે જ આ દેહને ત્યાગી જાય છે, એ જ સત્ય છે એમ તે લોકો માને છે.[૭૧] નહિ તો જન્મવું અથવા મરવું, કિંવા ક્રિયા કરવી કે વિષયોનો ઉપભોગ લેવો, એ સર્વ પ્રકૃતિના ધર્મ છે; છતાં તેમણે તો, એ સર્વ ધર્મ આત્માના છે, એમ જ માની લીધેલું હોય છે.[૭૨]

उत्क्रामंतं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति पश्यंति ज्ञानचक्षुषः ॥ १० ॥
यतंतो योगिनश्चैनं पश्यंत्यात्मन्यवस्थितम् ।
यतंतोऽप्यकृतात्मानो नैनं पश्यंत्यचेतसः ॥ ११ ॥

[દેહથી વિયુક્ત અથવા દેહવાસી, શબ્દાદિ વિષયોનો ઉપભોક્તા અથવા સુખ દુઃખ આદિથી યુકત જે જીવ તેનું સત્સ્વરૂપ મૂઢ જનોને દેખાતું નથી; (પણ) જેમને જ્ઞાનચક્ષુ છે, તેમને એ દેખાય

છે. ૧૦ યત્ન કરનારા યોગી પોતામાંના સ્થિત જીવ (આત્મા)ને દેખે છે; અને જેઓ શાસ્ત્રના સંસ્કાર રહિત અને અવિચારી છે, તેમને યત્ન કરવા છતાં પણ જીવનું સ્વરૂપ દેખાતું નથી. ૧૧]

પરંતુ ન્હાનકડા દેહને સમક્ષ જોતાં, તેમાં ચેતના આવતાં જે હીલચાલ નજરે પડે છે, તે હીલચાલના યોગે તે જન્મ્યો છે, એમ કહેવામાં આવે છે.[૭૩] તે જ પ્રમાણે, હે સુભદ્રાપતે! તેની (દેહની) સંગતિથી ઇન્દ્રિયો પોતપોતાના વિષયને સેવે છે તેને, તેઓ, જીવ ઉપભોગ લે છે એમ કહે છે.[૭૪] અરે! શરીર ક્ષીણ થતાં જ્યારે ભોગ ભોગવવાનો વ્યવસાય અટકી જાય છે અને દેહનો પાત થઇને લોપ થાય છે, એટલે તેઓ 'જીવ ચાલ્યો ગયો' એવો પોકાર કરવા મંડી જાય છે.[૭૫] હે પાંડવ! વૃક્ષ ડોલતું હોય તો જ વાયુ વાય છે એમ સમજવું અને વૃક્ષ સ્થિર હોય એટલે વાયુ છે જ નહિ, એમ જ જાણવું શું?[૭૬] અથવા તો દર્પણને સમક્ષ રાખી પોતાના રૂપને તેમાં જોઇએ, એટલે 'આપણે છીએ' એમ માનવું અને નહિ તો આપણા અસ્તિત્વનો અસ્વીકાર કરવો શું? અર્થાત્ દર્પણમાં જોવા અગાઉ આપણું રૂપ નહોતું શું?[૭૭] અથવા તો દર્પણને એક બાજૂએ ખસેડતાં આપણા રૂપનો લોપ થયો જાણીને આપણે આ જગતમાંથી નષ્ટ થયા, એવો નિશ્ચય કરી લેવો કે શું? (નહિ જ. વાયુ વાતો હતો ને વૃક્ષ હાલતું હતું ત્યારે પણ વૃક્ષ છે અને વાયુ બંધ પડચો ને વૃક્ષ હાલતું ન હોય ત્યારે પણ વૃક્ષ છે જ! દર્પણમાં જોઇએ ત્યારે પણ દેહ છે ને દર્પણમાં જોયા વગર પણ દેહ તો છે જ!)[૭૮]

આકાશમાં થનારી ગર્જના જો કે ખરેખર આકાશમાંથી જ ઉદ્ભવે છે, છતાં તે ગર્જના મેઘની થાય છે, એવો લોકો તેનાપર આરોપ મૂકે છે; અથવા તો વાદળાં આમથી તેમ પસાર થવા માંડે, એટલે તેમાં દેખાતો ચન્દ્ર સ્થિર હોવા છતાં તેનાપર લોકો વેગથી દોડતો હોવાનો આરોપ કરે છે;[૭૯] તે જ પ્રમાણે, મોહથી અંધ બનેલા તે લોકો દેહના ઉત્પન્ન થવાને અને નષ્ટ થવાને, અવિક્રિય આત્મા જ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે, એમ માની બેસે છે.[૩૮૦] આ શરીરમાં આત્મા પોતામાં જ રહેલો હોઇને દેહના ધર્મોનો કેવળ સાક્ષીભૂત છે, એ દૃષ્ટિથી આત્માને જોનારા લોકો જૂદા જ છે.[૮૧] દેહ એ જીવને રહેવા માટેની કોથળી છે, એમ જ્ઞાનના પ્રકાશથી જોઇને જેમનાં નેત્રો તેમાં ગુંથાતાં નથી; જેમ ગ્રીષ્મઋતુમાં ગમે તેટલાં વાદળાં ચઢી આવે, તોય તેમને ભેદીને સૂર્યનાં કિરણો બહાર નીકળી આવ્યા વિના રહેતાં નથી,[૮૨] તેમ જ્ઞાનની પ્રભાથી જેમની સ્ફૂર્તિ સ્વરૂપના સ્થાન પર્યન્ત પહોંચી ગઈ છે, તે જ્ઞાની, આત્માને અકર્ત્તાજ માને છે.[૮૩] જેવી રીતે, નક્ષત્રોથી ભરેલું આકાશ પ્રતિબિંબ પડવાથી સમુદ્રમાં દૃષ્ટિગોચર થાય, તો તેથી કાંઇ તે ઊપરથી નીચે પડેલું હોતું નથી, એ નિઃસંશય છે;[૮૪] પરંતુ આકાશ તો આકાશના સ્થાનમાં જ હોય છે અને જે સમુદ્રમાં દેખાય છે, તે પ્રતિબિંબ તો અસત્ય છે; તે જ પ્રમાણે, દેહમાંનો જે જીવ, તે આત્મા જ છે.[૮૫] લહરીઓના સપાટામાં ચન્દ્રના કકડે કકડા થયેલા દેખાય છે, પરંતુ તે જ ચન્દ્ર ખરી રીતે જોતાં પોતાના સ્થાનમાં અવિચલ હોય છે;[૮૬] અથવા ખાબોચિયામાં પાણી ભરાતાં તેમાં સૂર્યબિંબ દેખાય છે અને તે જ પાણી સૂકાઇ જતાં તે દેખાતો બંધ થાય છે; છતાં ખરી રીતે જોતાં સૂર્ય તો પોતાના સ્થળમાં જ કાયમ રહેલો હોય છે. એ જ પ્રમાણે, દેહ ઉત્પન્ન થવા પછી અને લુપ્ત થવા પછી હું ઉત્પન્ન પણ થતો નથી અને મરતો પણ નથી, એવી દૃષ્ટિથી જેઓ મને જુવે છે;[૮૭] માટીનો ઘટ અથવા મઠ બનાવીને પુનઃ તેમને તોડી નાખવામાં આવે, તોપણ તે ઘટ અને મઠમાં દેખાતું આકાશ તો જેમનું તેમ જ કાયમ હોય છે;[૮૮] તે જ પ્રમાણે, અખંડ જે આત્મસત્તા, તે સત્તાના આધારે અજ્ઞાન દૃષ્ટિથી, દેહ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એમ જેના જોવામાં આવે છે.[૮૯] રે! આત્માની ભરતી પણ થતી નથી અને ઓટ પણ થતી નથી–તે ચેષ્ટા કરાવતો પણ નથી અને કરતો પણ

નથી, એ રીતના તત્ત્વને, જેમને યથાર્થ આત્મજ્ઞાન થયેલું હોય છે, તેઓ જ કેવળ જાણે છે.[૩૯૦] જ્ઞાન પ્રાપ્ત થયું હોય, બુદ્ધિ પરમાણુઓની પણ ખબર લેતી હોય અને સકલશાસ્ત્રમાં નિપુણતા થયેલી હોય;[૯૧] પરંતુ એટલી શાસ્ત્ર સંપન્નતા થવા છતાં પણ મનુષ્યના મનમાં જો *વૈરાગ્યનો અંશ ન હોય, તો સર્વવ્યાપક જે હું, તે મારો મેળાપ થવો તેને અશક્ય જ છે.[૯૨] તે જ પ્રમાણે, જો કે સર્વ શાસ્ત્રો મુખોદ્‌ગત હોય અને અંતઃકરણમાં જો વિષયોનું ચિન્તન ચાલતું હોય, તો હે અર્જુન! તેને ખચિત મારી પ્રાપ્તિ કદાપિ થવાની જ નથી![૯૩] સ્વપ્નમાં કદાચિત્ સર્વ ગ્રંથો મુખોદ્‌ગત થઇ જાય, તો તેના યોગે સંસાર બંધનથી મુક્ત થવાની શક્યતા છે ખરી કે? અથવા ગૃહમાંના વડિલોપાર્જિત ગ્રંથોને બહુ જ યત્નપૂર્વક સંભાળી રાખવાથી તે વાંચ્યા છે એમ કહી શકાય ખરું કે?[૯૪] અથવા આંખો ઉપર પાટા બાંધીને જો મોતી નાકે લગાડવામાં આવે તો એથી તેના પાણી અને મૂલ્યની ખબર પડી શકે ખરી કે?[૯૫] તે જ પ્રમાણે ચિત્તમાં અભિમાન રાખીને મુખથી જો સર્વ શાસ્ત્રોનો પાઠ ભણી જવામાં આવે અને એવા પ્રકારે કોટ્યવધિ જન્મો વીતી જાય, તોપણ તેવા મનુષ્યને મારી પ્રાપ્તિ થવાનો સંભવ નથી.[૯૬] જે હું એક જ હોઇને પ્રાણિમાત્રમાં વ્યાપી રહ્યો છું, તે મારી વ્યાપ્તિ કેવી છે, એ તને સ્પષ્ટ કરીને કહું છું, તે સાંભળ.[૯૭]

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ १२ ॥

[સૂર્યમાં રહેલું જે તેજ સર્વ જગતને પ્રકાશિત કરે છે, અને જે અગ્નિ અને ચન્દ્રમાં પણ રહેલું છે, તે તેજ મારું છે, એમ જાણ. ૧૨]

જે સૂર્યના તેજથી સર્વ વિશ્વરચના દૃષ્ટિગોચર થાય છે, તે તેજ સૂર્ય સહિત મારું છે, એમ જાણ.[૯૮] હે પાંડુસુત! સૂર્યના તેજે પાણીનું શોષણ કરી લીધા પછી પુનઃ પૃથ્વીમાં જે ભીનાશ આવે છે, તે ભીનાશને લાવનારી જે ચન્દ્રમાં રહેલી પ્રભા, તે પ્રભા પણ મારી જ છે;[૯૯] તેમ જ દહન કરવું કિંવા પાચન કરવું, એ જે અગ્નિમાં રહેલી અમર્યાદ તેજોવૃદ્ધિ, તે તેજોવૃદ્ધિ પણ મારી જ છે.[૪૦૦]

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥ १३ ॥

[અને હું આ પૃથ્વીમાં પ્રવેશ કરીને પોતાના સામર્થ્યથી સર્વભૂતોને ધારણ કરું છું; અને રસાત્મક ચન્દ્ર થઇને સર્વ ઔષધિઓનું પોષણ કરું છું. ૧૩]

હું પૃથ્વીમાં પ્રવિષ્ટ થઇને તેનો આધારભૂત થયેલો છું અને તેથી પૃથ્વી જો કે રજકણોનો બનેલો એક પિંડ છે, છતાં સમુદ્રના અપાર પાણીમાં તે પિંડ હોવા છતાં તે રજકરણરૂપે થઈ જતો નથી;[૧]

---

* યોગીશ્વર ભર્તૃહરિએ પણ એને અનુસરતા જ વિચારો દર્શાવ્યા છે ને તે આ પ્રમાણેઃ-

" भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयम् , मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ।
शास्त्रे वादभयं गुणे खलभय काये कृतान्ताद्भयम् , सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम्. " ॥

ભોગવિલાસમાં રોગ આદિ ઉત્પન્ન થવાનો, સત્કુળમાં વંશપરંપરાના તૂટવાનો, દ્રવ્યમાં રાજાનો, મૌન ધારણમાં દીનતાનો, પરાક્રમમાં શત્રુનો, સુંદરતામાં વૃદ્ધાવસ્થાનો, શાસ્ત્રમાં વિવાદનો, ગુણમાં દુર્જનનો અને કાયામાં મૃત્યુનો ભય સદા અવિચલ હોય છે. અર્થાત્ આ પૃથ્વીમાં અન્ય સર્વ વસ્તુઓ ભયયુક્ત છે; પરંતુ એક વૈરાગ્ય એવી વસ્તુ છે, કે જે સર્વ પ્રકારના ભયોથી સર્વથા નિર્ભય છે."

આ પિંડ પોતાના પૃષ્ઠ ભાગમાં અપરિમિત ચરાચર ભૂતોને ધારણ કરે છે; પણ તે ભૂતોને પણ, તેમાં પ્રવેશ કરીને, હું જ ધારણ કરું છું.[૨] હે પાંડુસુત! હું આકાશમાં ચન્દ્રના રૂપે અમૃતનું ચાલતું સરોવર જ બનેલો છું,[૩] અને ત્યાંથી ચંદ્રના કિરણરૂપ પ્રવાહવડે સર્વ વનસ્પતિઓનું પોષણ પણ હું જ કરું છું.[૪] એવી રીતે સર્વ ધાન્ય આદિનું પોષણ કરીને અને નાના પ્રકારના ધાન્યોની સમૃદ્ધિ કરીને અન્નદ્વારા પ્રાણિમાત્રનું રક્ષણ પણ હું જ કરું છું.[૫] પણ હવે અન્ન ઉત્પન્ન કરવા છતાં જેના યોગે જીવને સામાધાન થાય, એ પ્રમાણે પ્રાણિમાત્રને તે અન્ન કેમ પચે? (એ એક અહીં મોટો પ્રશ્ન આવીને ઉપસ્થિત થાય છે.)[૬]

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥

[હું પ્રાણીઓના દેહમાં પ્રવેશ કરીને અને પ્રાણ, અપાન ઇત્યાદિ વાયુમાં મળીને જઠરાગ્નિ બની (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એવા) ચતુર્વિધ અન્નનું પચન કરું છું. ૧૪]

એટલા માટે, હે અર્જુન! પ્રાણિમાત્રના શરીરમાં નાભિ કંદપર સગડી સળગાવીને જઠરમાં હું જ પ્રદીપ્ત થયેલો છું![૭] પ્રાણ અને અપાન એ વાયુની બેવડી ધમણવડે રાતદિવસ (તે જઠરાગ્નિને સળગાવીને) એ ઉદરમાં કેટલા બધા અન્નનો ક્ષય કરી નાખું છું, એનો પત્તો જ નથી![૮] કોરું, સ્નિગ્ધ, સીજવેલું અને કાચું એ પ્રમાણે કોઇ પણ પ્રકારનું અન્ન હોય, તોય હું તેનું પચન કરું છું.[૯] એવી રીતે સર્વ જગત્ હું છું, સર્વ જગતનો જેનાથી નિર્વાહ થાય છે તે ધાન્ય હું છું અને જીવનનું મુખ્ય સાધન જે જઠરાગ્નિ તે જઠરાગ્નિ પણ હું જ છું.[૪૧૦] હવે એના કરતાં મારી વ્યાપકતાનો વધારે ચમત્કાર તે હું તને શું કહું? તારે એ નિશ્ચયપૂર્વક ધ્યાનમાં રાખવું કે, આ જગતમાં બીજું કાંઈ પણ નથી, કિન્તુ સર્વત્ર હું અને કેવળ હું જ ભરેલો છું.[૧૧] તો હવે, આ જગતમાં કેટલાંક પ્રાણી સર્વદા સુખી દેખાય છે અને કેટલાંક સર્વથા દુઃખ અને દુઃખવડે જ વ્યાપેલાં દેખાય છે એ શા કારણથી?[૧૨] જેમ કોઇ એક નગરમાં એક જ દીવાવડે બધા દીવા સળગાવવામાં આવે, તો તેમાંના કેટલાક દીપક પ્રકાશ કરે અને કેટલાક બિલકુલ અજવાળું ન દેખાડે એમ કેમ કરીને બની શકે વારુ?[૧૩] એવા પ્રકારના તર્કવિતર્ક જો તું તારા મન સાથે કરતો બેઠો હોય, તો તેમનું પણ હું સારી રીતે નિવારણ કરું છું તે સાંભળ.[૧૪] સર્વત્ર હું જ ભરેલો છું, એ સિદ્ધાંત તો સર્વથા નિર્વિવાદ જ છે; પરંતુ હું પ્રાણીઓને તેમની બુદ્ધિની કલ્પના પ્રમાણે જ ભાસું છું.[૧૫] જેવી રીતે એક જ આકાશધ્વનિના ભિન્ન ભિન્ન વાદ્યોના અનુરોધથી ભિન્ન ભિન્ન નાદ સાંભળવામાં આવે છે;[૧૬] કિંવા સૂર્ય એક જ છે, પણ તે ઉદિત થતાં લોકોના વ્યાપારોમાં જૂદાં જૂદાં પ્રકારે ઉપયોગી થઈ પડે છે;[૧૭] અથવા પાણી એક જ હોવા છતાં બીજના જૂદા જૂદા ધર્મ પ્રમાણે વૃક્ષમાં ઉત્પન્ન થાય છે, (જૂદાં જૂદાં વૃક્ષ ઉદ્ભવે છે,) તે જ પ્રમાણે, (હું એક જ હોવા છતાં) ભિન્ન ભિન્ન પ્રાણીઓમાં મારું સ્વરૂપ પરિણામ પામેલું છે.[૧૮] એક અજ્ઞાની અને એક ચતુર એવા બે પ્રવાસીઓ માર્ગમાં ચાલ્યા જતા હતા. તેવામાં બે સેરોનો એક નીલમણિઓનો હાર તેમની નજરે પડ્યો. એટલે જે અજ્ઞાની હતો, તેને તે સર્પ લાગવાથી મનમાં ભીતિ ઉત્પન્ન થઈ અને બીજા ચતુર પ્રવાસીને તે હાર છે, એમ જણાયાથી સંતોષ થયો.[૧૯] અસ્તુ; સ્વાતિ નક્ષત્રનું પાણી પણ બીજા પાણી જેવું જ હોવા છતાં તે છીપમાં પડવાથી તેમાંથી મોતી બંધાય છે અને સર્પના મુખમાં પડવાથી વિષ ઉત્પન્ન થાય છે; તે પ્રમાણે જે જ્ઞાનીજનો છે, તેમને મારાથી સુખ ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનીઓને મારાથી દુઃખ ઉત્પન્ન થાય છે.[૪૨૦]

सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदांतकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

[હું સર્વના હૃદયમાં પ્રવેશ કરીને રહું છું; મારાથી જ સર્વમાં સ્મૃતિ, જ્ઞાન અને એ ઉભયનો અભાવ (વિસ્મરણ તથા અજ્ઞાન) ઉત્પન્ન થાય છે. સર્વ વેદોવડે હું જ જાણવા યોગ્ય છું; વેદાન્તનો સિદ્ધાન્ત કરનાર અને તેનો જ્ઞાતા પણ હું જ છું. ૧૫]

નહિ તો, સર્વ પ્રાણીઓના હૃદયમાં 'હું અમુક છું' એવી જે બુદ્ધિ (અહંકાર) રાત્રિ-દિવસ વસતિ કરી રહ્યો હોય છે, તે પણ હું જ છું.[૨૧] પરંતુ સાધુ જનોના સમાગમથી, યોગ અને જ્ઞાનના અભ્યાસથી તેમ જ વૈરાગ્ય સહવર્તમાન ગુરુચરણોનાં સેવનથી,[૨૨] એવા સદાચરણવડે સર્વ અજ્ઞાનનો લોપ થતાં તેનો અહંકાર (હુંપણું) આત્મસ્વરૂપમાં લય પામે છે.[૨૩] પછી, આત્મસ્વરૂપ પ્રતિ દૃષ્ટિ જતાં મુજ આત્માના યોગે તે નિત્ય સુખમાં જ રહે છે. એવી સ્થિતિ થવા માટે મારા વિના બીજો કોઇ પણ કારણીભૂત નથી.[૨૪] હે ધનંજય! સૂર્યનો ઉદય થતાં સૂર્યના તેજના સાહ્યથી જ સૂર્યને જોવો પડે છે; તે જ પ્રમાણે, મને જાણવા માટેનું કારણ પણ હું જ છું.[૨૫] અથવા, આત્માથી ભિન્ન જે શરીર તે શરીરની સેવા કરવામાં અને સંસારની બડાઈ સાંભળવામાં જેમનો દેહ વિષયક અહંકાર દૃઢ થયેલો છે,[૨૬] તેઓ સ્વર્ગ અને સંસાર એ સુખોની પ્રાપ્તિ માટે કર્મમાર્ગનું આચરણ કરે છે અને તેથી તેમને દુઃખોનો જ મોટો ભાગ પ્રાપ્ત થાય છે.[૨૭] પરંતુ, હે અર્જુન! તે અજ્ઞાની લોકોને એ અવસ્થા (સ્થિતિ) પણ મારી પાસેથી જ પ્રાપ્ત થાય છે. જેવી રીતે જાગૃત મનુષ્ય જ સ્વપ્ન અને નિદ્રા એ બે અવસ્થાઓનો ઉપભોગ લે છે;[૨૮] પરન્તુ દિવસે વાદળાંવડે આકાશ ઘેરાતાં પ્રકાશ ઓછો થાય છે, એ પણ જેવી રીતે પ્રકાશવડે જ જાણવામાં આવી શકે છે; તે જ પ્રમાણે, મારા વિશેનું અજ્ઞાન ઉત્પન્ન થતાં પ્રાણી જે વિષયોનું સેવન કરે છે, તે પણ મારી સત્તાથી જ થાય છે.[૨૯] એ પ્રમાણે, હે ધનંજય! નિદ્રા અથવા જાગૃતિનું જેમ મૂળ કારણ જ્ઞાન જ છે, તેમ જ એ જ્ઞાની અને અજ્ઞાની જીવોનું મૂળ (કારણ) હું જ છું.[૪૩૦] હે ધનુર્ધર! જેવી રીતે, સર્પના અથવા રજ્જુના ભાસનું કારણ રજ્જુ જ છે; તે જ પ્રમાણે, જ્ઞાન અને અજ્ઞાનની વૃદ્ધિનું કારણ હું સિદ્ધ જ છું.[૩૧] અર્થાત્, હે ધનંજય! મારું સત્ય સ્વરૂપ જાણવામાં ન આવવાથી વેદ મને જાણવા માટેની ખટપટ કરવા લાગ્યા, એટલે તેની શાખાઓ થઇ.[૩૨] તથાપિ તે વેદની ત્રણે શાખાઓએ (ઋક્, યજુ અને સામવેદે) મારું જ વર્ણન કરેલું છે. જેવી રીતે, પૂર્વ પશ્ચિમવાહિની નદીઓનું આશ્રયસ્થાન તો કેવળ સમુદ્ર જ છે;[૩૩] અને જેવી રીતે, મહાસિદ્ધાંત (બ્રહ્મ) સમક્ષ શ્રુતિઓની મતિ કુંઠિત થઇ જાય છે અથવા ગંધ-ગુણયુત આકાશમાં વાયુનું વહન બંધ પડી જાય છે,[૩૪] તે જ પ્રમાણે, સર્વ શ્રુતિઓ જ્યાં લજ્જા પામીને સ્તબ્ધ થાય છે, તે બ્રહ્મસ્વરૂપને હું જ પ્રગટ કરું છું.[૩૫] ત્યાર કેડે શ્રુતિસહિત સર્વ જગત્ જે સ્થાનમાં લય પામે છે, તે શુદ્ધ આત્મજ્ઞાનનો જ્ઞાતા પણ હું જ છું.[૩૬] જે પ્રમાણે સૂતેલા મનુષ્યને જાગૃત કરતાં સ્વપ્નમાં ભાસેલા પદાર્થ હું પોતે જ થયો હતો, એમ તે સમજે છે; તે જ પ્રમાણે, જાગૃદવસ્થામાં પણ 'હું એકલો જ છું' એ પણ તે જ સમજે છે.[૩૭] તે જ પ્રમાણે, જગતના ઉપાધિથી રહિત જે મારું આત્મસ્વરૂપ તેનો બોધ થવા માટેનું કારણ હું જ છું અને તે આત્મસ્વરૂપ પણ હું જ છું.[૩૮] હે વીર અર્જુન! જેવી રીતે કર્પૂર બળી જવા પછી તેનું કાજળ પાછળ બાકી રહેતું નથી અને અગ્નિ પણ રહેતો નથી;[૩૯] તે જ પ્રમાણે અજ્ઞાનને સમૂળ નષ્ટ કરનારું જે જ્ઞાન, તે પણ જે વેળાએ લય પામે છે, તે વેળાએ તે નથી એમ પણ કહી શકાતું નથી અને તે છે, એમ પણ કહેવું શોભતું નથી.[૪૪૦] લેશ માત્ર પણ ચિહ્ન

ન રહેવા દઇને વિશ્વને ચોરી જનારા ચોરને કોઇ ક્યાં શોધી શકે? આ રીતનું જે કળવામાં ન આવનારું શુદ્ધ સ્વરૂપ તે હું છું.[૪૧]

એ પ્રમાણે મોક્ષદાતા શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના ઉપાધિરહિત શુદ્ધ સ્વરૂપ પર્યન્ત પોતે જ સર્વ દૃશ્ય અને અદૃશ્ય પદાર્થમાં કેવી રીતે વ્યાપી રહ્યા છે, તે વર્ણવ્યું.[૪૨] જેવી રીતે, આકાશમાં ચંદ્રનો ઉદય થતાં ક્ષીર સમુદ્રમાં તેનું પૂર્ણ પ્રતિબિંબ દેખાય છે, તે પ્રમાણે શ્રીકૃષ્ણે કરેલો આ સર્વ બોધ અર્જુનના મનમાં બરાબર ઠસી ગયો.[૪૩] ચિત્ર આળેખેલી ભીંતની સ્હામેની ભીંતને ઘૂંટીને ચળકતી બનાવતાં તેમાં જેવી રીતે તે ચિત્રોનો પ્રતિબિંબ દૃષ્ટિગોચર થાય છે, તે પ્રમાણે, વૈકુંઠનાયક શ્રીકૃષ્ણ પરમાત્માના મનમાંનો બોધ અર્જુનના શુદ્ધ અંતઃકરણમાં પ્રતિબિંબિત થયો.[૪૪] પછી અનુભવ લેનારાઓમાં શ્રેષ્ઠ જે અર્જુન તે કહેવા લાગ્યો કે;-"ધન્ય તે બ્રહ્મ કે જેનું સ્વરૂપ જેમ જેમ વધારે સમજાતું જાય છે, તેમ તેમ તેનું માધુર્ય વધતું જાય છે.[૪૫] હે દેવ! પોતાની વ્યાપકતાનું વિવેચન કરતાં આપે પ્રસંગાનુસાર જે નૈરુપાધિક સ્વરૂપનું વર્ણન કર્યું,[૪૬] તે નૈરુપાધિક સ્વરૂપને એકવાર મારા સમક્ષ સ્પષ્ટ કરો. એટલે દ્વારિકાનાથે કહ્યું કે:-"ભલે ભલે-ધન્ય![૪૭] હે અર્જુન! મને તો નિત્ય કથવાની જ પ્રિયતા છે, પરંતુ શું કરું? મને આવો કોઈ પ્રશ્ન કરનાર જ મળતો નથી.[૪૮] તેં આજે આવા પ્રકારનું પ્રશ્ન પૂછ્યું, તેથી મારો મનોદય સફળ થયો છે.[૪૯] અદ્વૈત પ્રાપ્તિ પછી થનારા સુખાનુભવનું આજે તું નિર્મળ સ્થાન જ થયો છે અને આ પ્રશ્ન પૂછીને મને તેં મારા સુખની જ પ્રાપ્તિ કરાવી આપી છે.[૫૦] જેવી રીતે દર્પણમાં જોવાથી આપણું સ્વરૂપ આપણાં નેત્રોવડે દેખાય છે, તે જ પ્રમાણે, (તારી જોડે સંવાદ કરવાથી મને આત્મસુખ થયેલું છે, તેથી) તું સંવાદ કરનારાઓનો શિરોમણિ છે.[૫૧] હે મિત્ર અર્જુન! તું સમજતો નથી એટલે મને પૂછે છે અને હું તારું સમાધાન કરું છું, એવી તારી યોગ્યતા નથી હો કે!"[૫૨] એમ કહીને દેવે અર્જુનને આલિંગન આપીને કૃપાદૃષ્ટિથી તેનું અવલોકન કર્યું. શ્રીકૃષ્ણ પછી અર્જુનને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે;-[૫૩] જેવી રીતે બે હોઠોમાંથી બોલવું તો એક જ નીકળે છે અથવા બે પગથી એક જ ચલનક્રિયા થાય છે; તેવી જ રીતે તારું પૂછવું અને મારું કહેવું એ બન્ને એક જ છે.[૫૪] એ પ્રમાણે, તારું અને મારું સ્વરૂપ એક જ છે, એમ તારે સમજવું અને હું કહેનારો તથા તું સાંભળનારો એ આપણ બન્ને એક જ છીએ."[૫૫] (એમ શ્રીકૃષ્ણે કહ્યું, અને) એ પ્રમાણે બોલતાં બોલતાં મોહમુગ્ધ બની અર્જુનને આલિંગન આપીને સ્તબ્ધ ઊભા રહ્યા.

થોડીવાર પછી ચકિત થઇને તે કહેવા લાગ્યા કે:-"આટલો બધો પ્રેમ સારો નહિ![૫૬] શેરડીના રસના ગોળનો લોંદો કરતી વખતે તેમાં જેમ હીન ક્ષાર નાખવો પડે છે, તે જ પ્રમાણે, આપણા સંવાદરૂપી સુખમાં દ્વૈત ઉત્પન્ન કરવામાં ન આવે, તો આજે ઉભરાયલા પ્રેમનો લોપ જ થઈ જાય![૫૭] અર્જુન નર અને હું નારાયણ હોવાથી પ્રથમથી જ આપણ બન્નેમાં ભેદ તો નથી જ. પણ મારા હૃદયમાં આવેલા આ પ્રેમના ઊભરાને હવે મારામાં જ શમાઈ જવા દે."[૫૮] એ પ્રમાણે બુદ્ધિને સ્થિર કરીને પુનઃ શ્રી કૃષ્ણ ભગવાન્ કહેવા લાગ્યા કે;-"હે વીરશ્રેષ્ઠ! તેં મને શો પ્રશ્ન પૂછ્યો હતો વારુ?"[૫૯] બીજી તરફ અર્જુન જે શ્રી કૃષ્ણના ધ્યાનમાં નિમગ્ન થયેલો હતો, તે દેહભાનમાં આવીને પોતાના પ્રશ્નનું ઉત્તર સાંભળવાને તૈયાર થયો.[૬૦] ગદ્ગદિત વાણીવડે અર્જુન કહેવા લાગ્યો કે;-"હે દેવ, આપનું નૈરુપાધિક રૂપ ક્યું છે, તે કહો."[૬૧] અર્જુનનું એ ભાષણ સાંભળીને તે જ કહેવા માટે શ્રી કૃષ્ણ ભગવાન્ પ્રથમ બે પ્રકારની ઉપાધિઓનું વર્ણન કરે છે.[૬૨] પોતાના નિર્ગુણરૂપ વિશેનો અર્જુને પ્રશ્ન કરવા છતાં ભગવાન્ પ્રથમ ઉપાધિ વિશેનું વર્ણન શાને

કરતા હશે, એવી જો કોઇના મનમાં શંકા આવે તો,[63] (તેનું સમાધાન એ છે કે,) જો કોઇ માખણ માગવા આવે, તો દહિની છાશ કરીને તેમાંથી તે માખણ તેને કાઢી આપવું પડે છે; અથવા શુદ્ધ સુવર્ણ જોયતું હોય, તો જેમ સોનાને તાવીને તેમાંથી અશુદ્ધ ધાતુને કાઢી નાખવી પડે છે;[64] પાણીપરની શેવાળને કાઢી નાખીએ, એટલે પછી પાણી શુદ્ધ જ હોય છે; અથવા વાદળાં વીખેરાઇ જવા પછી આકાશ સ્વચ્છ જ હોય છે;[65] ડાંગરને ખાંડી ફોતરાં કાઢી નાખ્યા પછી શુદ્ધ ચોખાને હાથમાં લેવામાં કાંઇ હરકત પડતી નથી.[66] તેજ પ્રમાણે, સ્વરૂપપરના ઉપાધિને કાઢી નાખવા પછી, વિચાર કરી જોતાં, જે કાંઇ અવશિષ્ટ રહે છે, તેજ શુદ્ધ સ્વરૂપ છે, એ વિશે કોઇને પૂછવાની કશી પણ અગત્ય નથી જ.[67] જેવી રીતે કુલસ્ત્રીને તેના પતિનું નામ પૂછતાં જે નામનો ઉચ્ચાર કરેલો સાંભળીને તે મૌન્ય ધારણ કરે, તેજ તેના પતિનું નામ હોય છે; તેજ પ્રમાણે, જ્યાં શબ્દની ગતિ કુંઠિત થાય છે, તેજ અવર્ણનીય શુદ્ધ સ્વરૂપ છે એમ સમજવું.[68] બીજું એમ નિહાળ કે, આ નૈરુપાધિક સ્વરૂપનું વર્ણન કરવું છે, એટલે જેનું વર્ણન કરી શકાતું જ નથી, એવા સ્વરૂપનું વર્ણન કરવું છે. એટલા માટે લક્ષ્મીપતિ ઉપાધિના સ્વરૂપને પ્રથમ વર્ણવે છે.[69] શુદ્ધ પ્રતિપદાના ચંદ્રની કોર બતાવતી વેળાએ જેવી રીતે કોઇ એક વૃક્ષની શાખાના આધારે તે બતાવવી પડે છે; તેજ પ્રમાણે, નૈરુપાધિક સ્વરૂપનું લક્ષણ વર્ણવતી વેળાએ ઉપાધિના સ્વરૂપનું પ્રથમ નિરૂપણ કરવું પડે છે.[70]

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥

[આ લોકમાં ક્ષર અને અક્ષર એ બે જ પુરુષ (પદાર્થ) છે. સર્વ ભૂતોને ક્ષર કહેવામાં આવે છે અને કૂટસ્થને (માયોપાધિ યુક્ત જીવને) અક્ષર કહેવામાં આવે છે. ૧૬]

પછી શ્રી કૃષ્ણ કહે છે કેઃ—હે સવ્યસાચિ! આ સંસારરૂપ નગરની વસતિ બહુ જ અલ્પ–લઘુ–એટલે કે, કેવળ બે જ પુરુષોની છે.[71] જેવી રીતે સમસ્ત આકાશમાં કેવળ દિવસ-પ્રકાશ અને રાત્રિ (અંધકાર) એ બે જ વિહરે છે; તેવી રીતે સંસારસ્વરૂપિણી રાજધાનીમાં એ બે જ રહે છે.[72] અન્ય એક તૃતીય પુરુષ પણ છે; પણ તે તો એ બન્નેના નામ માત્રને પણ સહન કરી શકતો નથી; અને તેથી તે જ્યારે પણ (અહીં) આવે છે, ત્યારે નગર સહિત એ ઉભયનો વિનાશ કરી નાખે છે.[73] પરંતુ એ તૃતીય પુરુષની વાર્ત્તાને અત્યારે રહેવા દે. પ્રથમ, જે આ સંસારરૂપ નગરમાં વસતી કરવા માટે આવેલા છે, તે ઉભય વિશે જ હું જે કાંઇ કહું છું તે સાંભળ.[74] એમાંનો એક અંધ, ઉન્મત્ત અને પંગુ છે; અને બીજો સર્વ અવયવોથી પરિપૂર્ણ છે. પરંતુ ઉભય એક ગામમાં વસવાથી તેમનો પરસ્પર સ્નેહ બંધાયો છે.[75] તેમાંના એકનું નામ 'ક્ષર' છે અને બીજાનું નામ 'અક્ષર' છે. એ બન્નેએ જ આ સંસારરૂપ નગરને વ્યાપી નાખ્યું છે.[76] હવે જે ક્ષર છે તે કોણ છે અને જેને અક્ષર કહે છે તેનાં લક્ષણો શાં છે, એ હું તને વિભાગ કરીને સમજાવું છું.[77] હે અર્જુન! મહત્ તત્ત્વથી લઇને તે ઘાસના તણખલા સૂધી સર્વ[78] જે કાંઇ લઘુ કે મહત, સ્થાવર કે જંગમ, કિંવા મન અને બુદ્ધિને સમજનાર,[79] પંચમહાભૂતોવડે બનેલું, નામરૂપને પામનારું અને સત્ત્વ, રજ તથા તમ એ ત્રણ ગુણની ટંકશાળમાંથી છપાઇને બહાર પડનારું,[80] જે સુવર્ણમાંથી ભૂત–આકૃતિરૂપ નિષ્ક (નાણું) તૈયાર થાય છે અને જે દ્રવ્યવડે કાળથી દ્યુત (જુગાર) રમી શકાય છે,[81] વિપરીત જ્ઞાનથી જેને જાણી શકાય છે અને પ્રતિક્ષણ ઉત્પન્ન થઇને લય પામે છે;[82] અને ભ્રાંતિરૂપ અરણ્ય (માયા)માં પ્રવેશ કરીને જે સૃષ્ટિરૂપ અવયવને ઉત્પન્ન કરે છે; વધારે શું કહેવું? જેને 'જગત્' કહેવામાં આવે છે;[83] જે

(સાતમા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે) આઠ પ્રકૃતિઓ છે; અને (તેરમા અધ્યાયમાં કહ્યા પ્રમાણે) છત્રીસ પ્રકારથી ક્ષેત્ર સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.[૯૪] પણ પાછળની વાતોનો શા માટે હમણા વિચાર થવો જોઈએ? અરે! અત્યારે (આ અધ્યાયમાં)જ જેનું તારી આગળ વૃક્ષાકાર રૂપાકૃતિથી નિરૂપણ કર્યું છે,[૯૫] તે ચૈતન્ય પોતાને નગર નિવાસી પુરુષ માનીને સર્વરૂપે પોતે જ આ જગતમાં વિસ્તરેલું છે.[૯૬] કૂપમાં પડેલા પોતાના પ્રતિબિંબને જોઇ તેને દ્વિતીય સિંહ માની કોપથી તેનો નાશ કરવા માટે જેમ મૃગરાજ (સિંહ) કૂવામાં ભૂસ્કો મારે છે;[૯૭] અથવા તો આકાશમાંથી ઉત્પન્ન થતાં પાણીમાં જેમ આકાશનું પ્રતિબિંબ દેખાય છે; તે જ પ્રમાણે, માયાની ઉપાધિથી ચૈતન્ય જગદાકાર બને છે.[૯૮] હે અર્જુન! એ પ્રમાણે, સૃષ્ટિરૂપ નગરમાં આત્મા પોતાના સ્વસ્વરૂપની વિસ્મૃતિથી સ્વસ્થતાથી નિદ્રિત થાય છે.[૯૯] પછી, સ્વપ્નમાં જેમ કોઈ એક મનુષ્ય શય્યા જોઇને તેમાં નિદ્રાધીન થાય, તે પ્રમાણે સ્વસ્થતાથી એ આત્મા એ જગતમાં નિદ્રાનો આસ્વાદ લે છે.[૪૯૦] પછી, નિદ્રાના સામ્રાજ્યમાં 'હું સુખી છું' અને 'હું દુઃખી છું' એ પ્રમાણે ઘોરે છે; અહંકાર તથા મમતાના સપાટામાં સપડાઇને પોકાર કરવા માંડે છે;[૯૧] 'આ મારો પિતા, આ મારી માતા, હું ગોરો, હું કાળો, હું પરિપૂર્ણ, પુત્ર, સંપત્તિ અને સ્ત્રી સર્વ મારાં જ છે;'[૯૨] એ પ્રમાણે, સ્વપ્નના આધારે જે ચૈતન્ય સ્વર્ગ અને સંસારના (વિચાર)માં નિમગ્ન થયેલું છે, તેને હે અર્જુન! 'ક્ષર પુરુષ'ના નામથી ઓળખવામાં આવે છે.[૯૩] હવે, જેને 'ક્ષેત્રજ્ઞ' કહેવામાં આવે છે અને જે દશાને સર્વ જગત્ 'જીવ'ના નામથી ઓળખે છે;[૯૪] અને જે આત્મસ્વરૂપની વિસ્મૃતિથી સર્વ ભૂતોમાં સંચાર કરે છે, તે જીવાત્માને 'ક્ષર પુરુષ' જ કહેવામાં આવે છે;[૯૫] કારણ કે, તે સર્વ વસ્તુમાં વ્યાપક હોવાથી તેને 'પુરુષ' નામની પ્રાપ્તિ થયેલી છે. ઉપરાંત તે દેહમાં વાસ કરતો હોવાથી પણ તેને 'પુરુષ' કહેવામાં આવે છે;[૯૬] અને તેનાપર ક્ષરતાનો અસત્ય આરોપ ચઢાવવામાં આવ્યો છે; કારણ કે, તેણે ઉપાધિનો કેવળ સ્પર્શ જ કરેલો છે.[૯૭] જેવી રીતે, કંપિત જળમાં ચંદ્રનું પ્રતિબિંબ કંપતું દેખાય છે, તે જ પ્રમાણે, વિકારની ઉપાધિથી આત્મા ઉપાધિયુક્ત ભાસે છે.[૯૮] પણ જળના કંપનો નાશ થતાં તેમાં દેખાતું ચંદ્રનું પ્રતિબિંબ કંપિત દેખાતું નથી, તે જ પ્રમાણે, ઉપાધિનો નાશ થતાં ચૈતન્ય પણ ઉપાધિ રહિત દેખાય છે.[૯૯] એ પ્રમાણે, ઉપાધિના યોગે ચૈતન્યને ક્ષણિકત્વ પ્રાપ્ત થાય છે અને એવી ન્યૂનતાનો આવિર્ભાવ થવાથી તેને 'ક્ષર' કહેવામાં આવે છે.[૫૦૦] એવી રીતે સર્વ જીવચૈતન્યને 'ક્ષર' નામથી જ ઓળખ.

હવે અક્ષરનાં લક્ષણો કયાં છે, તે હું તને ઉત્તમતાથી કહી સંભળાવું છું.[૧] હે અર્જુન! દ્વિતીય જે 'અક્ષર' પુરુષ છે, તે, જેમ સર્વ પર્વતોમાં મેરુપર્વત મધ્યસ્થ છે, તે જ પ્રમાણે મધ્યસ્થ (આધારભૂત) છે.[૨] કારણ કે, જેમ મેરુપર્વતમાં પૃથ્વી, પાતાલ અને સ્વર્ગથી જરા પણ ભિન્નતા જણાતી નથી, તે જ પ્રમાણે તે (અક્ષર પુરુષ) પણ જ્ઞાન તેમ જ અજ્ઞાન બેઉમાં પડતો નથી.[૩] યથાર્થ જ્ઞાનથી ઐક્ય થવું અથવા વિપરીત જ્ઞાનથી દ્વૈતત્વ પામવું, એ ઉભય સ્થિતિઓની મધ્યવર્ત્તિની જે કેવળ અજ્ઞાનાવસ્થા (ઉદાસીનતા), તે જ તેનું સ્વરૂપ છે;[૪] માટીને ભીંજવીને તેનો લોંદો કરવામાં આવે, એટલે તેમાંથી ઘટ આદિ બનાવવા પૂર્વે જ તેના માટીપણાનો તો લોપ થયેલો જ હોય છે અને તેનો માટલાનો આકાર પણ હોતો નથી; અર્થાત્ માટીના ભીંજવેલા લોંદા પ્રમાણેની જ એ અક્ષર પુરુષની મધ્યસ્થિતિ છે.[૫] સમુદ્ર સૂકાઇ જવા પછી તેમાં લહરીઓ પણ હોતી નથી, તેમ જ પાણી પણ હોતું નથી; તે જ પ્રમાણેની જે આકારરહિત અવસ્થા–[૬] હે પાર્થ! જાગ્રદવસ્થા જાય છે અને સ્વપ્નાવસ્થા આવે છે, તેના મધ્યમાં વર્ત્તતી જે નિદ્રાવસ્થા છે, તે પ્રમાણે જ, જેનું સ્વરૂપ છે,[૭] અને જગતના ભાસનો લોપ થવો અને આત્મ-

જ્ઞાનનો બોધ ન થવો, એ બે દશાની વચ્ચેની જે કેવળ અજ્ઞાનદશા છે, તેને જ 'અક્ષર' કહેવામાં આવે છે.[૮]

અમાવાસ્યાને દિવસે સર્વ કળાઓનો લોપ થતાં ચંદ્રનું જેવું સ્વરૂપ હોય છે, તે પ્રમાણે જ, જ્ઞાન અને અજ્ઞાનવિરહિત અક્ષરનું સ્વરૂપ છે.[૯] જેમ સર્વ ઉપાધિનો નાશ થતાં જે સ્થાનમાં જીવાત્મા વિશ્રાંતિ લે છે, તેજ પ્રમાણે, ફળ આવતાં વૃક્ષ તેમાં બીજરૂપે રહેલું હોય છે.[૫૧૦] તે જ પ્રમાણે, ઉપાધિનો સ્વીકાર કરનાર ઉપાધિસહિત જ્યાં વિશ્રાંતિ લે છે, તે સ્થાનને 'અવ્યક્ત'ના નામથી ઓળખવામાં આવે છે.[૧૧] જે નિદ્રાવસ્થામાં પૂર્ણ અજ્ઞાન હોય છે, તેને 'બીજભાવ' કહેવામાં આવે છે; અને બીજી સ્વપ્ન તથા જાગૃતિની જે સ્થિતિ, તેને 'ફલભાવ' કહેવામાં આવે છે.[૧૨] વેદાંતવાદીઓ જે સ્થિતિને 'બીજભાવ'ના નામથી ઓળખે છે, તે સ્થિતિને જ 'અક્ષરપુરુષ' કહેવામાં આવે છે.[૧૩] ત્યાંથી વિપરીત જ્ઞાન ઉત્પન્ન થઇને તે જાગૃતિ અને સ્વપ્નના રૂપે પ્રકાશે છે અને અનેક બુદ્ધિ તરંગરૂપ અરણ્યમાં સંચાર કરે છે.[૧૪] હે અર્જુન! જીવાત્મા જ્યાંથી વિશ્વની રચના કરતો ઊઠે છે, તે બન્નેમાંની જે ભેદસ્થિતિ, તેજ 'અક્ષરપુરુષ' છે.[૧૫]

દ્વિતીય ક્ષરપુરુષ એટલે કે જીવ, આ વિશ્વમાં દેહ ધારણ કરીને જાગૃતિ અને સ્વપ્નાવસ્થાનો ઉપભોગ લે છે. એ બન્ને અવસ્થાઓ જેમાંથી ઉત્પન્ન થાય છે;[૧૬] અથવા જે અવસ્થાને પૂર્ણ અજ્ઞાનથી ભરેલી નિદ્રાવસ્થા કહેવામાં આવે છે અને જેનામાં બ્રહ્મપ્રાપ્તિની ન્યૂનતા હોય છે;[૧૭] હે વીર અર્જુન! ખરેખર તે નિદ્રાવસ્થામાંથી જો સ્વપ્ન કિંવા જાગ્રદવસ્થા પ્રાપ્ત ન થાય, તો એ અવસ્થામાં બ્રહ્મપ્રાપ્તિ થાય છે, એમ ખાસ કહી શકાય તેમ છે;[૧૮] પણ એ નિદ્રારૂપ આકાશમાં પ્રકૃતિ પુરુષરૂપ અભ્ર ઘેરાઇ આવતાં સ્વપ્નરૂપ જીવ અને શરીરની વૃષ્ટિ થાય છે.[૧૯] અસ્તુ! આ નીચેની બાજૂએ વિસ્તાર પામનારા સંસારરૂપ વૃક્ષનું મૂળ એ 'અક્ષરપુરુષ'જ છે.[૫૨૦] એને પુરુષ શામાટે કહેવો? એ પૂર્ણતાથી નિદ્રા લે છે એટલા માટે જ અને માયારૂપ નગરમાં શયન કરે છે એટલા માટે જ[૨૧] અને જે ગાઢ નિદ્રામાં વિકાર અથવા વિપરીત જ્ઞાનનો ભાસ નથી હોતો, તે જ એનું રૂપ છે.[૨૨] એ કારણથી, એનો સહજ નાશ થતો નથી અને તે પણ વળી જ્ઞાનવિના બીજા કશાથી તો નહિ જ![૨૩] એ કારણથી, વેદાંતમાં 'એ અક્ષર છે' એવો સિદ્ધાંત કરવામાં આવ્યો છે.[૨૪] એવી રીતે, માયાની ઉપાધિથી ચૈતન્ય, જે જીવાત્માનું રૂપ ધારણ કરે છે, તેને 'અક્ષરપુરુષ' કહેવામાં આવે છે.[૨૫]

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

[એ બન્નેથી ઉત્તમ પુરુષ તો ભિન્ન જ છે અને તેને પરમાત્મા કહેવામાં આવે છે. તે અવિનાશી ઇશ્વરરૂપ થઇને આ જગત્ત્રયમાં પ્રવેશ કરી તેનું ધારણ અને પોષણ કરે છે. ૧૭]

હવે, વિપરીત જ્ઞાનથી આ વિશ્વમાં ઉત્પન્ન થનારી જે જાગૃતિ અને સ્વપ્ન અવસ્થાઓ, જે ગાઢ અજ્ઞાનમાં લય પામે છે,[૨૬] તે અજ્ઞાન જ્ઞાનમાં ડૂબીને, જ્ઞાનથી પણ આગળ નીકળી જતાં, જેવી રીતે અગ્નિ કાષ્ઠને બાળીને પછી પોતે પણ અદૃશ્ય થાય છે,[૨૭] તે પ્રમાણે અજ્ઞાનનો નાશ કરવા પછી અને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપવા પછી જ્ઞાન પોતે પણ નાશ પામે છે. પછી જે જ્ઞાતૃત્વવિનાનું જ્ઞાન અવશિષ્ટ રહે છે,[૨૮] તે જ, હે અર્જુન! ઉત્તમ પુરુષ છે. એને જ અંતિમ તૃતીય પુરુષ તરીકે કહેલો છે અને તે આગળ કહેલા બે પુરુષોથી ભિન્ન છે.[૨૯] હે અર્જુન! નિદ્રા અને સ્વપ્ન કરતાં જાગ્રદવસ્થા જેમ જૂદા જ પ્રકારની—જૂદા જ બોધની—હોય છે;[૫૩૦] અથવા સૂર્યકિરણ અને મૃગજળથી જેમ સૂર્યમંડળ સર્વથા ભિન્ન જ

હોય છે; તેજ પ્રમાણે, આ ઉત્તમ પુરુષ તે બન્નેથી સર્વથા ભિન્ન જ છે.[૩૧] કેવળ એટલું જ નહિ, પણ કાષ્ઠમાં રહેલો અગ્નિ જેમ કાષ્ઠથી ભિન્ન છે, તેમ તે ક્ષર અને અક્ષર ઉભયથી (પણ) ભિન્ન છે.[૩૨] કલ્પાંત સમયે જેમ સમુદ્રની મર્યાદાનો લોપ થતાં સર્વત્ર જળમય થઈ જાય છે એટલે નદી અને નદ સર્વ એકત્ર થાય છે;[૩૩] તેજ પ્રમાણે, સ્વપ્ન, ગાઢ નિદ્રા અથવા જાગૃતિ આદિનો ભાસ જ્યાં અવશિષ્ટ રહેતો નથી; (કેવી રીતે અવશિષ્ટ રહેતો નથી? તો) પ્રલયકાળનું તેજ રાત્રિ અને દિવસને ગળી જાય છે, તે પ્રમાણે.[૩૪] પછી અદ્વૈત કિંવા દ્વૈત એ ભાવ રહેતો નથી–હોવું અને નહોવું પણ જાણવામાં આવતું નથી; અને ત્યાં અનુભવ ગભરાઈને નષ્ટ થાય છે;[૩૫] એવું જે કાંઇ તત્ત્વ, તે જ તે ઉત્તમ પુરુષ છે, એમ તારે સમજવું. એને આ લોકમાં પરમાત્મા કહેવામાં આવે છે.[૩૬] પણ હે અર્જુન, એમ બોલવું પણ એનામાં સંભવતું નથી, કિન્તુ જીવ દશાનો સ્વીકાર કરીને જ એ બોલવું બોલાય છે. જેવી રીતે તીર પ્રાંતમાં ઊભેલો મનુષ્ય ડૂબવાની વાર્તા કરે છે, (પણ તે ડૂબનાર સાથે જ જે ડૂબી જાય, તે શી વાર્તા કરવાનો હતો વારુ?)[૩૭] તેજ પ્રમાણે, હે અર્જુન, વેદો જ્યાં સૂધી વિચારરૂપ તીર પ્રાન્તમાં ઊભેલા છે, ત્યાં સૂધી જ આ તરફની કે પેલી તરફની વાતો કહેવાની તેમનામાં શક્તિ હોય છે.[૩૮] અર્થાત્ ક્ષર અને અક્ષર પુરુષ એ બન્ને અહીંના જ છે, એમ જોઇને તે આત્મસ્વરૂપને જ 'પર' કહેવામાં આવે છે.[૩૯] એવા પ્રકારે, હે અર્જુન! 'પરમાત્મા' શબ્દથી પુરુષોત્તમને ઓળખવાનો છે, એમ તારે સમજવું.[૫૪૦] નહિ તો, જે સ્થાનમાં શબ્દનો અસ્ત થાય છે, જ્ઞાનનો લોપ થાય છે અને સર્વ વ્યાપારો બંધ પડી જાય છે, એવી જે વસ્તુ છે;[૪૧] 'અહં બ્રહ્મ' ભાવનો પણ જ્યાં લોપ થાય છે, ત્યાં કથન કરનાર પોતે જ કથનીય કથા થઈ જાય છે અને દ્રષ્ટાસહિત દૃશ્યનો લોપ થાય છે.[૪૨] બિંબ અને તેના પાણીમાં પડેલા પ્રતિબિંબના મધ્યમાંની પ્રભા જો કે આપણા જોવામાં આવતી નથી, તો પણ તે નથી જ, એમ કેમ કરીને કહી શકાય વારુ?[૪૩] અથવા નાસિકા અને પુષ્પ એ બેના મધ્યમાં રહેલો પુષ્પનો સુવાસ કદાચિત્ આપણા જોવામાં ન આવે, તોપણ તેના અસ્તિત્વનો અસ્વીકાર તો કરી શકાય તેમ નથી જ.[૪૪] તેજ પ્રમાણે, દ્રષ્ટા અને દૃશ્યનો લોપ થતાં અમુક વસ્તુ છે, એમ કોણ કહી શકે વારુ? પણ તેનું જ અનુભવથી નિરીક્ષણ કરવું, તેજ તેનું સ્વરૂપ છે.[૪૫] જે પ્રકાશિત થનારી વસ્તુ વિના જ પ્રકાશક છે અને પ્રભુત્વ વિના જ (સ્વામી નિયમન કરનારો) છે, એવો જે ઈશ્વર તે પોતે પોતાના સ્વરૂપમાં જ હોય છે.[૪૬] જે નાદ બ્રહ્મને સાંભળવાની શક્તિ આપનારો નાદ છે, જે સ્વાદને સ્વાદની શક્તિ આપનારો મૂળ સ્વાદ છે અને જે બ્રહ્માનંદને આનંદની શક્તિ આપનારો છે,[૪૭] જે પૂર્ણતાનો અંત છે, સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ પુરુષ છે અને જે વિશ્રાંતિની વિશ્રાંતિનું સ્થાન છે;[૪૮] જે સુખમાં સુખ જોડાયા સમાન, તેજને તેજ પ્રાપ્ત થવા સમાન અને શૂન્ય મહાશૂન્યમાં લય પામવા સમાન છે;[૪૯] જે ઉદિત થવા પછી પણ તેનાથી દૂર હોય છે અને લય પામવા છતાં તેનાથી પર હોય છે. વધારે શું કહેવું? જે સર્વથી દૂર છે;[૫૫૦] જેવી રીતે સૂક્તિ (છીપ) પોતે રૂપું ન હોવા છતાં અજ્ઞાનીને રૂપાનો ભાસ કરાવે છે,[૫૧] કિંવા અલંકારના રૂપમાં સોનું ન લોપાયલું હોવા છતાં લોપાયલું ભાસે છે, તેજ પ્રમાણે પોતે વિશ્વ ન થતાં તે વિશ્વને ધારણ કરે છે.[૫૨] અસ્તુ, પાણી અને તેના તરંગોમાં કાંઇ ભિન્નતા છે ખરી કે? તેજ પ્રમાણે વિશ્વ (જગત્) અને પરમાત્મા સ્વરૂપ પણ અભિન્ન જ છે.[૫૩] હે વીરેશ! જગતના સંકોચ અને વિસ્તારનું જે કારણ છે, જે પ્રમાણે, પાણીમાં પડતા પ્રતિબિંબના હેતુ સમસ્ત ચન્દ્ર હોય છે,[૫૪] તેજ પ્રમાણે, જગતની ઉત્પત્તિ થવાથી તેનામાં પરિવર્તન થતું નથી અને જગતનો લય થતાં તે અન્યત્ર ક્યાંય જતો નથી. જેવી રીતે રાત્રિ અને દિવસના આવવા જવાથી સૂર્યમાં કશોય ભેદ થતો નથી;[૫૫] તેજ પ્રમાણે, તે કોઇમાં પણ હોતો નથી, કોઇથી પણ નષ્ટ થતો નથી અને પોતાની તુલના કરવા માટે તે પોતેજ યોગ્ય છે.[૫૬]

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥

[હું ક્ષરથી પર અને અક્ષરથી પણ ઉત્તમ હોવાથી લોકોમાં અને વેદોમાં 'પુરુષોત્તમ'ના નામથી પ્રસિદ્ધ છું. ૧૮]

હે ધનંજય! જે પોતે જ પોતાને પ્રકાશિત કરે છે, વધારે શું કહેવું? જેનામાં દ્વૈતનો અભાવ છે,[૫૭] તે મારું નૈરુપાધિક રૂપ હોઇને હું ક્ષર તથા અક્ષરથી પર છું અને એટલા માટે જ વેદો તથા લોકો મને 'પુરુષોત્તમ' કહે છે.*[૫૮]

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

[હે અર્જુન! જે જ્ઞાની એવી રીતે મને પુરુષોત્તમ સમજે છે, તે સર્વજ્ઞ થઇને સર્વ ભાવે કરી મને ભજે છે. ૧૯]

હે અર્જુન! જેના (હૃદય)માં જ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ પડેલો હોય છે, તેજ પુરુષ મને પુરુષોત્તમને જાણે છે.[૫૯] જેવી રીતે જાગૃત થવા પછી આપણને સ્વપ્ન ભાસતું નથી, તેજ પ્રમાણે જ્ઞાનનો ઉદય થતાં સર્વ જગત્ વ્યર્થ ભાસે છે.[૫૬૦] અથવા તો માળાને હાથમાં ઊપાડી લેવાથી જેમ તેમાં થયેલા સર્પના ભાસનો નાશ થાય છે, તેજ પ્રમાણે, મારા સ્વરૂપનું જ્ઞાન થવાથી જગતના મિથ્યા આભાસનો નાશ થાય છે.[૬૧] જેમ કોઈ પુરુષ સુવર્ણના અલંકારને સુવર્ણની દૃષ્ટિથી જુએ છે, અને તેથી તે તેના (સુવર્ણના) અલંકારત્વને વ્યર્થ માને છે; તેજ પ્રમાણે, જેને મારું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેની દૃષ્ટિમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટીનો સર્વથા લોપ થાય છે.[૬૨] પછી તે કહે છે કેઃ- 'હું જ એક સ્વતઃ સિદ્ધ સચ્ચિદાનંદ સર્વત્ર છું.' એવી અદ્વૈત દૃષ્ટિથી મને જે જાણે છે,[૬૩] તે સર્વ જાણી ચૂકયો છે, એમ બોલવું પણ પછી શોભતું નથી; કારણ કે, તેનામાં દ્વૈતનો ભાવ ક્યાંય પણ અવશિષ્ટ રહેલો હોતો નથી.[૬૪] એટલા માટે, હે અર્જુન! તેજ મારા ભજનનો અધિકારી છે. જેવી રીતે આકાશને આલિંગન આપવાને આકાશ જ યોગ્ય છે;[૬૫] ક્ષીરસાગરનું આદરાતિથ્ય કરવાની યોગ્યતા જેમ ક્ષીરસાગરમાં જ રહેલી છે અથવા તો જેમ અમૃતમાં અમૃતરૂપ થઈને જ મળવું પડે છે;[૬૬] ઉત્તમ સુવર્ણમાં ઉત્તમ સુવર્ણ મેળવવાથી તેનું જેમ એક જ મૂલ્ય અંકાય છે; તેજ પ્રમાણે મદ્રૂપ થતાં પુરુષ મારી ભક્તિ કરવાને યોગ્ય થાય છે.[૬૭] વિચાર કરી જો કે, સમુદ્રથી જો ગંગા ભિન્ન હોત, તો સમુદ્રમાં કેમ કરીને મળી જાય? અર્થાત્ મદ્રૂપ થયાવિના મારી ભક્તિ પ્રાપ્ત થતી નથી.[૬૮] એજ પ્રમાણે, સમુદ્રની લહરીઓ જેમ સર્વ પ્રકારે સમુદ્રથી ભિન્ન નથી, તે પ્રમાણે જે મારું ભજન કરે છે, તેનામાં અને મારામાં કદાપિ પરસ્પર દ્વૈતભાવ હોતો નથી.[૬૯] સૂર્ય અને પ્રભામધ્યે જેમ ઐક્ય છે, તેજ રીતે, મારું ભજન કરવાથી મારા અને ભક્તના મધ્યમાં લેશ માત્ર પણ અંતરાય રહેતો નથી.†[૫૭૦]

* આ શ્લોકમાં શ્રીકૃષ્ણ પરમાત્માના કથનનો ભાવાર્થ એવો છે કેઃ-હું ક્ષર કરતાં વિલક્ષણ અને અક્ષર કરતાં પણ ઉત્તમ હોવાથી લોક અને વેદોમાં મારી 'પુરુષોત્તમ' સંજ્ઞાથી ખ્યાતિ છે. હું આવી રીતે ક્ષર તથા અક્ષર ઉભયથી ભિન્ન હોવાથી સર્વથા શુદ્ધ અને નિર્ગુણ પરબ્રહ્મ છું. કિંબહુના, મારું નામ, મારું રૂપ, મારું ચરિત્ર અને મારું ધામ એ સર્વ શુદ્ધ અને ગુણરહિત છે.

† પ્રસ્તુત શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાનના કથનનું મનન કરવા યોગ્ય રહસ્ય એવું છે કેઃ-શરણાગતની મૂઢતાનો લોપ થાય છે અને તે એવા શાસ્ત્રાર્થને સમજી જાય છે કે, કેવળ પુરુષોત્તમ જ સર્વધર્મના આશ્રય છે. એ પ્રમાણે સમજીને તે સમસ્ત જ્ઞાન અને સર્વભાવ સહિત મારું ભજન કરે છે. તું પણ તારા શાસ્ત્રાર્થનો (ક્ષત્રીયના વર્ણના ધર્મનો વિચાર) ત્યાગ કરીને મારો શરણાગત થઇ મારા ભજનમાં નિમગ્ન રહે અને મારી આજ્ઞાનું એક નિષ્ઠાથી પાલન કર.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात्कृतकृत्यश्च भारत ॥ २० ॥

[હે નિષ્પાપ! એ પ્રમાણે આ અત્યન્ત ગુહ્ય શાસ્ત્ર મેં તને કહ્યું. હે અર્જુન! એને જાણવાથી મનુષ્ય બુદ્ધિમાન્ અને કૃતકૃત્ય થાય છે. ૨૦]

એ પ્રમાણે (આ પંદરમા અધ્યાયના) કથનનો આરંભ કર્યો ત્યારથી સર્વ શાસ્ત્રવડે જ પ્રાપ્ત થનારા ઉપનિષદ્‌રૂપી કમળમાંથી ગીતારૂપ સુવાસ નીકળીને સમસ્ત જગતમાં પ્રસરી ગયો છે.[૭૧] જે ગીતા વેદોનું મંથન કરીને શ્રી વ્યાસ મુનિના જ્ઞાનરૂપ હસ્તવડે કઢાયલા નવનીત (માખણ) સમાન છે;[૭૨] જે ગીતા જ્ઞાનામૃતથી ઉભરાઈ જતી બીજી ભાગીરથી નદી જ છે; અને આનંદરૂપ ચન્દ્રની સત્તરમી કળા તથા વિચારરૂપ ક્ષીરસાગરનું મંથન કરીને કાઢેલી લક્ષ્મી સમાન જ છે;[૭૩] એટલા માટે તે ગીતાની, પદરૂપ વર્ણવડે અને અર્થરૂપ જીવ પ્રાણવડે મારાવિના કોઈ ગતિ જ નથી.[૭૪] ક્ષર અને અક્ષર એના સમક્ષ આવતાં તેમના પુરુષત્વનો એ લોપ કરે છે અને ત્યારપછી પોતાના તનમન પુરુષોત્તમને અર્પણ કરી દે છે.[૭૫] અર્થાત્ અત્યારે તેં જે ગીતાનું શ્રવણ કર્યું છે, તે મને વરેલી હોવાથી પતિવ્રતા નામ મેળવવાને ભાગ્યશાલિની થયેલી છે.[૭૬] ખરેખર, આ ગીતા બોલીને વર્ણન કરવા યોગ્ય શાસ્ત્ર નથી; કિન્તુ સંસારને જિતવા માટેનું એક શસ્ત્ર જ છે. ગીતાના અક્ષરો, તે આત્મભાવને ઉત્પન્ન કરનારા મંત્રો જ છે (અર્થાત્ ગીતાના અક્ષરોમાં આત્મપ્રાપ્તિ કરાવી આપવાની શક્તિ રહેલી છે.)[૭૭] હે અર્જુન! તને જે આ ગીતા કહી, તે પ્રકાર એવો જ બન્યો છે કે, મારી પાસેના ગુપ્ત ભંડારને તેં આજે બહાર કાઢ્યો છે.[૭૮] જેવી રીતે, ગૌતમ મુનિએ તપશ્ચર્યા કરીને શંકરની જટામાંથી ગંગા કાઢી હતી, જે હું ચૈતન્યરૂપ શંકર તેની જટામાંથી ગંગાને કાઢનારો તું ગૌતમ જ થયો છે.[૭૯] પોતાની સુંદરતાનો અનુભવ લેવા માટે જેમ દર્પણને નેત્રો સમક્ષ રાખવાની આવશ્યકતા પડે છે, તેવી રીતે, હે ધનંજય! આત્મસ્વરૂપને જોવા માટે ગીતારૂપ દર્પણનો સ્વીકાર કરવો જ પડે છે.[૮૦] જેવી રીતે, આકાશસ્થ ચન્દ્ર અને નક્ષત્રો સર્વ સમુદ્રમાં પ્રતિબિંબિત થાય છે, તેવી જ રીતે, ગીતા સહિત તેં મને પોતાના અંતઃકરણમાં પ્રતિબિંબિત કર્યો છે.[૮૧] હે અર્જુન! તારામાં રહેલા ત્રિવિધ તાપરૂપ મળનો લોપ થવાથી તું મારા નિવાસનું સ્થાન થયો છે.[૮૨] વધારે શું કહેવું? ગીતા કેવળ મારી જ્ઞાનવલ્લરી છે અને તેને જે જાણે છે, તે આ સર્વ મોહથી મુક્ત થાય છે.[૮૩] હે પાંડુસુત! જેવી રીતે અમૃતરૂપ નદીનું નીર પીવાથી રોગના લોપ સાથે અમરતા પ્રાપ્ત થાય છે અને તે પીનાર દોષમુક્ત થાય છે;[૮૪] તે જ પ્રમાણે, ગીતાને સંપૂર્ણ સમજવાથી મોહનો નાશ થાય, તો તેમાં આશ્ચર્ય જેવું શું હોઈ શકે? પરંતુ એથી પણ વિશેષ આત્મજ્ઞાનની પ્રાપ્તિથી આત્મસ્વરૂપસાથે ઐક્ય થાય છે.[૮૫] જે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં કર્મ પોતાની મેળે જ નિષ્કર્મ થઇ જાય છે અને તે જ્ઞાનના આભારી થઈને લય પામે છે.[૮૬] હે વીરવિલાસ અર્જુન! જેવી રીતે ખોવાયલી વસ્તુ હાથમાં આવતાં તેને શોધવાનું કામ પોતાની મેળે જ બંધ પડી જાય છે, તેવી જ રીતે જ્ઞાનની પ્રાપ્તિ થવાથી કર્મરૂપ દેવાલયની ઉચ્ચતાનો અવધિ થાય છે.[૮૭] એટલે કે, જ્ઞાની પુરુષનાં કર્મો પોતાની મેળે જ અટકી જાય છે."*

* પ્રસ્તુત શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાનનો એવો આશય છે કે;-"આ અતિશય ગૂઢતમ શાસ્ત્ર છે અને તું દોષહીન હોવાથી એ શાસ્ત્રનો અધિકારી છે; એટલા માટે પ્રસ્તુત અધ્યાયમાં નિરૂપિત શાસ્ત્રના ભાવાર્થને જાણીને તું કૃતાર્થ થા. અર્થાત્ આના તાત્પર્યને જાણવાથી સાધારણ જીવ પણ કૃતકૃત્ય થાય છે, તો પછી તારા જેવો અસાધારણ જીવ તો અવશ્ય કૃતાર્થ થવો જ જોઇએ.

અનાથોના સખા (મિત્ર) શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું. એવું જે શ્રીકૃષ્ણના વદનમાંથી નીકળેલું અમૃતરૂપ ભાષણ, પાર્થના મનમાં ઠસાઈને બહાર ઊભરી આવ્યું અને તે જ વ્યાસની કૃપાથી સંજયને પ્રાપ્ત થયું.[૮૯] તે અમૃત ધૃતરાષ્ટ્રને પીવા માટે (સંજયે) આપ્યું, છતાં તે મહાન્ યોગ્યતાવાળું છે, એમ તે (ધૃતરાષ્ટ્ર)ને ભાસ્યું નહિ.[૫૯૦] નહિ તો, અનધિકારી મનુષ્યને પણ સહજ ગીતાના શ્રવણનો પ્રસંગ મળે, તો તેનું પણ મિષ્ટ પરિણામ થાય છે.[૯૧] દ્રાક્ષની લતાને પાણીને બદલે દૂધ પાતી વેળાએ જો કે તે દૂધ વ્યર્થ ગયેલું દેખાય છે, પણ જે વેળાએ દ્રાક્ષના ગુચ્છ ઝુમખાં આવે છે, તે વેળાએ પરિણામ મિષ્ટ થયેલું દેખાય છે.[૯૨] તે જ પ્રમાણે, શ્રી હરિના મુખમાંથી નીકળેલા શબ્દો સંજયે અતિ આનંદથી કહી સંભળાવ્યાથી કેટલાક કાળ પછી તે પણ સુખી થયો.[૯૩] તે જ અક્ષરો જેમ મારા સમજવામાં આવ્યા, તેમ મેં ઓબડધોબડ મરાઠી ભાષામાં કહી સંભળાવ્યા છે.[૯૪] અરસિક મનુષ્ય સેવતીના વૃક્ષને સ્પર્શ કરે, તો તેના હાથમાં કાંટા ખૂંચે છે; પણ જે રસિક-જ્ઞાતા-જન હોય છે, તે તો ભ્રમર પ્રમાણે સેવતીના પુષ્પના સૌગંધ્યનો ઉપભોગ લે છે.[૯૫] તે જ પ્રમાણે, મારા કથનમાં જે યોગ્ય સિદ્ધાંત હોય, તેટલાનો જ તમારે સ્વીકાર કરવો અને જે ન્યૂનતા જણાય તેનો ત્યાગ કરી દેવો; કારણકે, કાંઈ પણ ન સમજવું એ જ અલ્પવયસ્ક બાળકનું જ્ઞાન હોય છે.[૯૬] પરંતુ, બાળક કદાચિત્ અજ્ઞાન હોય છે, તોપણ જેમ તેનાં માતાપિતાના મનમાં તેના તે અજ્ઞાનને જોઈને અતિ હર્ષ થવાથી તેઓ તેને એક કૌતુક જ માને છે;[૯૭] તે જ પ્રમાણે, તમો સંતજનો મારાં માતાપિતા છો અને તમારાં દર્શનથી જ મારા હૃદયમાં પ્રેમનો ઉદ્‌ભવ થયો છે; તો હવે આ ગ્રંથના નિમિત્તથી ગ્રંથને મિષ્ટ માનીને મારાં લાડકોડ પૂરાં કરો.[૯૮] જ્ઞાન દેવ કહે છે કેઃ-હવે, વિશ્વ વ્યાપક જે મારા ગુરુ શ્રી નિવૃત્તિનાથ, તે આ મારી વાકયરૂપી પૂજાનો સ્વીકાર કરો.[૫૯૯]

ઇતિ શ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા મધ્યે 'પુરુષોત્તમ યોગ' નામનો અધ્યાય પંદરમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો ષોડશ અધ્યાય.

દૈવાસુરસંપદ્ વિભાગયોગ.

मावळनीत विश्वाभास । नवल उदयला चंडांश । अद्वयाब्जिनीविकाश । वंदूं आतां ॥ १ ॥

(શ્રીસદ્‌ગુરુને સૂર્યની ઉપમા આપીને જ્ઞાનદેવ મહારાજ કહે છે કેઃ-) જગતના ભાસને અદૃશ્ય કરનાર અને અદ્વૈતરૂપ કમળના વિકાસક ચમત્કારિક સૂર્યનો ઉદય થયો છે, તેને મારા નમસ્કાર હો.[૧] જે સૂર્ય પોતાના ઉદયથી અજ્ઞાનરૂપ રાત્રિનો નાશ કરીને અને જ્ઞાનાજ્ઞાનરૂપ નક્ષત્રોને અદૃશ્ય કરીને જ્ઞાની જનોને આત્મબોધરૂપ સુદિનનું દર્શન કરાવે છે;[૨] જે સૂર્યના ઉદયના યોગે આત્મજ્ઞાનનો પ્રકાશ થાય છે અને જીવરૂપ પક્ષી દેહાભિમાનરૂપ માળાને ત્યાગી જાય છે;[૩] (વાસનાત્મક) સૂક્ષ્મ દેહરૂપ કમળમાં જે જીવચૈતન્યરૂપ ભ્રમર અટકેલો હોય છે, તે જે સૂર્યના ઉદયથી (બંધનમુક્ત થઈને) બહાર નીકળે છે;[૪] શાસ્ત્રાદિકોના શબ્દરૂપ પ્રપંચમાં સપડાઈને અજ્ઞાનરૂપ સાયંકાળ થવાથી જે બુદ્ધિ અને જ્ઞાનરૂપ ચકવાક પક્ષીના જોડાનો વિયોગ થાય છે અને તે ઉભય જીવેશ્વરભેદરૂપ નદીના ઉભય તીર પ્રાંતોમાં વિયોગ દુઃખથી પોકાર કરતાં હોય છે;[૫] તે બુદ્ધિ બોધરૂપ ચકવાક પક્ષીનું જોડું બ્રહ્મરૂપ આકાશમાં એ સૂર્યોદયના

પ્રકાશના યોગે એકત્ર થઇને સમાધાન પામે છે.[૬] જે સૂર્યનો ઉદય થવાથી ભેદરૂપી ચોરની ભીતિનો લોપ થતાં યોગીરૂપ પ્રવાસીઓ આત્માનુભવરૂપ માર્ગમાં ચાલવા માંડે છે;[૭] જે સૂર્યનાં વિવેકરૂપી કિરણોવડે જ્ઞાનરૂપ સૂર્યકાંત પ્રદીપ્ત થઇને સંસારરૂપ અરણ્યોને બાળી નાંખે છે;[૮] જે સૂર્યનાં પ્રખર કિરણોવડે આત્મસ્વરૂપ મેદાનમાં મૃગજળ સમાન મહાસિદ્ધિનું પૂર આવેલું દેખાય છે;[૯] જે સૂર્ય સોહંરૂપ મધ્યાહ્ન સમયે આત્મબોધના શિરપર આવવાથી દેહાત્મભાવરૂપ એટલે કે 'હું દેહ છું' એવી ભ્રાંતિમૂલક છાયા પગતળે જ પડી જાય છે;[૧૦] તે સમયે માયારૂપ રાત્રિનો અંત થયેલો હોવાથી વિશ્વરૂપ સ્વપ્ન સહિત વિપરીત જ્ઞાનરૂપ નિદ્રાનું સ્મરણ ક્યાંથી અને કેમ કરીને રહી શકે વારુ?[૧૧] અર્થાત્ (એ સૂર્યના ઉદયથી) અદ્વૈતરૂપ નગરમાં મહા આનંદની વિપુલતા થતાં આનંદાનુભવરૂપ લેવડદેવડનો વ્યાપાર સ્વસ્થતાથી ચાલ્યા કરે છે.[૧૨] કિંબહુના, એ પ્રમાણે, જે સૂર્યના તેજથી નિત્ય સમાધિ સુખરૂપ સુદિન પ્રકાશિત થાય છે;[૧૩] જે સૂર્ય આત્મરૂપ આકાશનો રાજા હોઇને નિત્ય બોધનો ઉદય કરનાર છે, તે પૂર્વ આદિ દિશા સહિત ઉદય અને અસ્તના અસ્તિત્વનો લોપ કરે છે;[૧૪] જ્ઞાનસહિત અજ્ઞાનનો લોપ કરીને અને અંતે કેવળ જ્ઞાનને પણ લુપ્ત કરીને આત્મજ્ઞાનના પ્રકાશને વિસ્તારે છે; વધારે શું કહેવું? તે સર્વત્ર પ્રાતઃકાળ સમાન સુખ આપે છે;[૧૫] જે સૂર્યના તેજ સમક્ષ દિવસ અને રાતનો ભાસ થતો નથી અને જે અન્ય પ્રકાશના સાહ્યવિનાનો સ્વયંપ્રકાશી છે;[૧૬] એવા ચૈતન્યરૂપી સૂર્ય જે નિવૃત્તિ મહારાજ, તેમને વારંવાર મારા નમસ્કાર હો!

(શ્રીજ્ઞાનેશ્વર મહારાજ વળી વિશેષતાથી કહે છે કેઃ-) તેમની સ્તુતિ વાણીવડે કરવી એ શોભતું નથી.[૧૭] જે વેળાએ સ્તુતિ કરનાર, સ્તોત્ર અને સ્તુત્ય એ ત્રિપુટીનો લોપ થાય છે, તે જ વેળાએ દેવની યોગ્યતાના પ્રમાણમાં ખરી સ્તુતિ થાય છે.[૧૮] સર્વ વસ્તુના જ્ઞાનનો લોપ થવો, એ જ જેનું જ્ઞાન છે, અને મૌન્ય ધારીને કાંઇ પણ વર્ણન ન કરવું એ જ જેનું વર્ણન કરવું છે અને જ્યારે અહંતા-પોતાપણા-ની સ્મૃતિનો લોપ થાય છે, તે વેળાએ જ જેની પ્રાપ્તિ થાય છે;[૧૯] તે તમારી સ્તુતિ કરવા માટે પશ્યંતી અને મધ્યમા પરા સહિત વૈખરીને પાછળ હટાવીને લય પામે છે.[૨૦] હે અદ્વયાનંદરૂપ ગુરુરાજ! તેવા તમોને હું સેવકના સંબંધથી સ્તુતિરૂપ અલંકાર પહેરાવું છું. આ અલંકારારોપણ જોકે આપની યોગ્યતાના પ્રમાણમાં તો બહુ ન્યૂન જ છે, છતાં આપ એનો સ્વીકાર કરશો જ.[૨૧]

કોઇ એક દરિદ્રી મનુષ્ય અમૃતના સિન્ધુને જોતાં તેનું શું આદરાતિથ્ય કરવું, એનું ભાન ન રહેવાથી, જેમ તેને ભાજીપાલાની જ મેહમાની આપે છે;[૨૨] અને ત્યાં ભાજીપાલાને જ પકવાન્ન ધારીને તેની આદરાતિથ્ય કરવા માટેની પૂર્ણ ઇચ્છાને જ વિશેષ માનવાની છે; અથવા તો સૂર્યની તેના દિવ્ય તેજ સમક્ષ કોઈ જ્યોતિ સળગાવીને આરતી ઊતારતો હોય, તો ત્યાં તે કૃત્રિમ જ્યોતિના પ્રકાશની ન્યૂનતાનો વિચાર ન કરતાં, કેવળ તેની ભક્તિને જ વિશેષ માનવામાં આવે છે.[૨૩] ન્હાના બાળકને જોકે યોગ્ય અને અયોગ્યની સમજણ હોય, તો પછી તેની બાળકતા શાની વારુ? અર્થાત્ એટલામાટે, માતા કેવળ તેના કૃત્યથી જ કૌતુક માનીને સંતુષ્ટ થાય છે.[૨૪] નાળાના પાણીનો પ્રવાહ ગંગાના પાણીપર પગ મૂકીને તેમાં પ્રવેશ કરે, તોપણ તેને તે ગંગા પાછા જવાનું કહેતી નથી.[૨૫] ભૃગુઋષિએ શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળપર લાત મારી, એ ખરી રીતે જોતાં તેણે કેટલો બધો અન્યાય કર્યો હતો વારુ? પરંતુ તે લતા પ્રહારને જ અલંકાર માનીને શ્રીકૃષ્ણે પ્રેમથી ગુરુપ્રસાદરૂપે તેના શ્રીવત્સલાંછન ચિહ્નને પોતાના વક્ષઃસ્થળપર સદાને માટે ધારી રાખ્યું છે![૨૬] અથવા અંધકાર વ્યાપ્ત જગત્ સૂર્યનો ઉદય થતાંની સાથે જ પ્રકાશવડે ઉભરાઈ જાય છે, તે વેળાએ સૂર્ય અંધકારને ચાલ્યા જવાનું કહે છે ખરો કે? નહિ જ[૨૭] તે જ પ્રમાણે, તમારામાં ભેદ બુદ્ધિનો કાંટો

લગાડીને સૂર્ય સાથેના ત્રાજવામાં નાખીને તમારીતુલના કરી છે, એ મારા હાથે થયેલા અપરાધની, હે ગુરો! આપ ક્ષમા કરો.[૨૮]

યોગીઓએ ધ્યાન ધરીને આપની પ્રાપ્તિ કરી લીધી છે અને વેદોએ પોતાની વાણીથી આપનું વર્ણન કર્યું છે. એ સર્વ ઘટનાઓને આપ જેમ સહન કરી ગયા છો, તે પ્રમાણે, મેં પણ આપની જે તુલના કરી છે, તેની મને ક્ષમા કરશો.[૨૯] હું આપના ગુણાનુવાદને વર્ણવવામાં પ્રવૃત્ત થયો છું, એને મારો અપરાધ ન સમજતાં, જે કરવાનું હોય તે ભલે કરો, પણ હું અર્ધ ક્ષુધાતુર તો ઉઠવાનો નથી જ.[૩૦] હું ગીતારૂપ પ્રસાદામૃતનું પ્રિયતાથી વર્ણન કરવા લાગ્યો ત્યાં તમારી કૃપાથી મારા અંગમાં બમણા બળનો આવિર્ભાવ થયો છે.[૩૧] હે પ્રભો! મારી વાચાએ અનંત જન્મમાં સત્ય ભાષણરૂપ તપ કર્યું હશે, તેના ફળરૂપે આ ગીતા નામક મહાદ્વીપની મને પ્રાપ્તિ થયેલી છે.[૩૨] મેં આજ સૂધીમાં જે બહુ પુણ્ય સંપાદન કર્યું છે, તેથી તમારા ગુણાનુવાદ કરવારૂપ ફળ આપીને તે પુણ્યો મારા ઋણથી મુક્ત થયાં છે.[૩૩] હું દેહ સંબંધના અરણ્યમાં-જ્યાં જન્મ મરણ આદિ લેવાં પડે છે ત્યાં-સપડાયો હતો, તે મારી સર્વ પીડાનો આજે લોપ થયો છે.[૩૪] જે 'ગીતા' નામથી પ્રસિદ્ધ છે અને અવિદ્યાનો નાશ કરીને બળવતી થયેલી છે, તે તમારી કીર્ત્તિ અમારાવડે વર્ણનીય છે.[૩૫] દરિદ્રીના ગૃહમાં અચાનક મહાલક્ષ્મીનું આગમન થાય, તો પછી તેને દરિદ્રી કહી શકાય કે?[૩૬] અથવા તો અંધકારને ત્યાં અચાનક સૂર્ય અતિથિ તરીકે આવી ઉભો રહે તો તેજ અંધકાર જગતને પ્રકાશમય થઈ પડતો નથી કે શું?[૩૭] જે ઈશ્વરની યોગ્યતા સમક્ષ જગત્ પરમાણુ જેટલું પણ દેખાતું નથી, તે ઈશ્વર ભક્તિના યોગે ગમે તે રૂપ ધારણ નથી કરતો કે?[૩૮] તેજ પ્રમાણે ગીતા વિષયક મારું વ્યાખ્યાન તે આકાશના પુષ્પનો સુવાસ (અઘટિત કૃત્ય) છે; પરંતુ આપ સમર્થ હોવાથી આપે મારી આકાંક્ષા (ઉત્કંઠા)ને પૂર્ણ કરી છે.[૩૯]

એટલા માટે, જ્ઞાનદેવ કહે છે કે;-આપના પ્રસાદથી હું ગીતામાંના સર્વ શ્લોકોનો અર્થ સ્પષ્ટ કરીને કહીશ.[૪૦] પંદરમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુનને સર્વ શાસ્ત્ર સિદ્ધાન્ત સ્પષ્ટ કરીને કહ્યો છે.[૪૧] જેવી રીતે, ઉત્તમ વૈદ્ય અંગમાં વ્યાપેલા રોગની ચિકિત્સા કરીને તેનું નિદાન નિશ્ચિત કરે છે, તે પ્રમાણે, બ્રહ્મ માયાની ઉપાધિથી જગતનું સ્વરૂપ ધારણ કરે છે. એની વૃક્ષ સાથે તુલના કરેલી છે;[૪૨] અને દેહમાંના અવિનાશી જીવાત્માને 'પુરુષ' શબ્દથી સ્પષ્ટ કરી બતાવ્યો છે. તેણે ચૈતન્યને માયાના ઉપાધિથી આકારમાં આણેલું છે.[૪૩] ત્યાર પછી, કેવળ શુદ્ધ જે આત્મતત્ત્વ (બ્રહ્મ), તેને 'ઉત્તમ પુરુષ' શબ્દથી સ્પષ્ટ કરેલું છે.[૪૪] આત્મપ્રાપ્તિ માટેનું બળવાન્ સાધન જે જ્ઞાન, તે પણ સ્પષ્ટ કરીને કહેલું છે.[૪૫] એટલા માટે, આ અધ્યાયમાં વર્ણન કરવા જેવું કાંઇ પણ અવશિષ્ટ રહ્યું નથી. પરંતુ ગુરુ અને શિષ્યના પરસ્પર સ્નેહાતિશયને લીધે એકવાર કથાયલી કથા પાછી પણ કથવામાં આવે છે.[૪૬] એવી રીતે, પંદરમા અધ્યાયમાં કહેલી સર્વ વાર્તા જ્ઞાની જનોના તો બરાબર સમજવામાં આવી ગઇ, પરંતુ જે બીજા મુમુક્ષુઓ હતા, તેમની શંકાનું (એટલાથી) નિવારણ ન થયું.[૪૭] 'આવો જે હું પુરુષોત્તમ, તેને જે મર્મજ્ઞ જ્ઞાનની પ્રાપ્તિ કરી લઇને ભેટે છે, તેજ સર્વજ્ઞ છે અને તેજ મારો ખરો ભક્ત છે;[૪૮] એ પ્રમાણે, ત્રૈલોક્ય નાયક ભગવાન્ શ્રીકૃષ્ણે પંદરમા અધ્યાયના અંતિમ શ્લોકમાં પરમ સંતોષથી જ્ઞાનનું વિશેષ વર્ણન કરેલું છે.[૪૯] સંસારનો ઘૂંટડો ગળીને બ્રહ્મનું દર્શન થવા સાથે જ દર્શન કરનાર બ્રહ્મરૂપ થઇને જીવને આનંદરૂપી રાજ્યનો પટ્ટાભિષેક થાય છે.[૫૦] બ્રહ્મપ્રાપ્તિનો એવો બીજો એક પણ બળવાન્ ઉપાય નથી અને સર્વ ઉપાયોમાં યથાર્થ જ્ઞાનરૂપ ઉપાય રાજા છે, એમ શ્રીકૃષ્ણે કહ્યું છે.[૫૧] એ પ્રમાણે, જેઓ આત્મજ્ઞાનની પ્રાપ્તિની ઇચ્છા

રાખનારા હતા, તેમને સંતોષ થતાં તેમણે પોતાના પ્રાણોને જ્ઞાનપરથી ઓવારી નાંખ્યા।[૫૨] હવે, (એક એવો સર્વ સાધારણ નિયમ છે કે,) જે (વસ્તુ) વિશે પ્રિયતા ઉત્પન્ન થાય છે, તે વસ્તુ ઉપર અધિક અને અધિક વિચારો ઉત્પન્ન થાય છે. એવું પ્રેમનું એક લક્ષણ જ છે.[૫૩] એટલા માટે, જિજ્ઞાસુઓમાંના જેમને કેવળ જ્ઞાનનો અનુભવ નહોતો, તેમના મનમાં જ્ઞાનની પ્રાપ્તિ કરી લઇને તેનું રક્ષણ કેવી રીતે કરવું એવી ચિન્તાનો ઉદ્‌ભવ થયો.[૫૪] એથી, તે જ અપરોક્ષ જ્ઞાન આપણને કેવી રીતે પ્રાપ્ત થાય અને પછીથી કેવી રીતે તે વૃદ્ધિંગત્ થાય;[૫૫] કિંવા જે જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને કદાચિત્ પ્રાપ્ત થવા છતાં આડા માર્ગમાં ચઢી જાય છે, એવાં જ્ઞાનને વિઘ્ન કરનારાં કારણો શા છે, તે સમજી શકાય.[૫૬] પછી જે વાત જ્ઞાન પ્રાપ્તિથી વિરુદ્ધ હોય તેને ત્યાગીને જ્ઞાન પ્રાપ્તિ માટે શી ઘટના હિતકારિણી છે તેની મનોભાવથી પૃચ્છા કરવી;[૫૭] એ પ્રમાણેની જે શંકા છે તેને, જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા રાખનારા એવા જે તમો, તેઓએ પોતાના મનમાં સ્થાન આપ્યું છે, તે શંકાના નિવારણ માટેનો ઉપાય શ્રીકૃષ્ણ બતાવશે.[૫૮] જ્ઞાનની ઉત્તમ સમયે પ્રાપ્તિ થાય અને તેના યોગે સ્વરૂપની પ્રાપ્તિ થાય એવી જે દૈવી સંપત્તિ તેનું (તેઓ) વર્ણન કરશે;[૫૯] અને જે આસુરી સંપત્તિના યોગે રાગદ્વેષને સ્થાન મળતાં જ્ઞાનનો નાશ થાય છે, તેનું પણ વર્ણન કરશે.[૧૬૦] એવી જે દૈવી અને આસુરી સંપત્તિ, કે જેમના યોગે ઈષ્ટ અને અનિષ્ટ કૃત્યો થાય છે, તેમના વિવેચનનો નવમા અધ્યાયમાં આરંભ કર્યો હતો.[૬૧] તે વેળાએ જ એ વિશેનો સર્વ પૂર્ણ વિચાર કરવાનો હતો, પરંતુ વચ્ચે અન્ય પ્રસંગનો ઉદ્‌ભવ થવાથી એ વિષય એમનો એમ જ રહી ગયો હતો; એટલા માટે દેવ–શ્રીકૃષ્ણ હવે એ પ્રસંગનું નિરૂપણ કરશે.[૬૨] તે (અન્ય પ્રસંગના) નિરૂપણના સંબંધના ગત પંદર અધ્યાય થયા એટલે તેમની પછીનો આ સોળમો અધ્યાય છે,[૬૩] અસ્તુ. એ બે સંપત્તિયો (દૈવી અને આસુરી) જ્ઞાનની પ્રાપ્તિ અને હાનિ કરાવવાને સમર્થ છે.[૬૪] જે દૈવી સંપત્તિ મુમુક્ષુને (મોક્ષના) માર્ગમાં સાથીરૂપ થઇ પડનારી અને મોહરૂપ રાત્રિના સમયમાં માર્ગમાં આગળ વધવા માટે મશાલરૂપ થનારી છે, તેનું હું પ્રથમ વર્ણન કરું છું, તે સાંભળો.[૬૫] જે કુટુંબમાં એક મનુષ્ય બીજાનું સંરક્ષણ કરે છે, એવાં અનેક કુટુંબોનું જ્યાં એક જ સ્થાનમાં રક્ષણ કરવામાં આવે છે તેને જ લોકો સંપત્તિના નામથી ઓળખે છે.[૬૬] એવી રીતે દૈવયોગે એક જ સ્થાનમાં એકત્ર થએલા સર્વને સુખ આપનારી જે સંપત્તિ, તેને જ દૈવી સંપત્તિ કહેવામાં આવે છે.[૬૭]

श्रीभगवानुवाच—अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥

[શ્રી ભગવાને કહ્યું:–અભય, ચિત્તશુદ્ધિ, જ્ઞાન અને યોગમાં એકનિષ્ઠતા, દાતૃત્વ, બાહ્ય ઇન્દ્રિયોનો સંયમ, યજ્ઞ, વેદોનું અર્થસહિત પઠન, તપ, સરળતા. ૧]

હવે તે દૈવી ગુણો મધ્યે જેને પ્રમુખત્વ પ્રાપ્ત થાય છે, તેને અભય કહેવામાં આવે છે.[૬૮] જે મહાપૂરમાં ભૂસકો મારતો નથી, તેને ડુબવાનો ભય હોતો જ નથી; અથવા જે પથ્યથી વર્ત્તે–વૈદ્યે કહેલી કરી કરે–છે તેના શરીરમાં રોગનો ઉદ્‌ભવ થતો નથી.[૬૯] તે જ પ્રમાણે, જે કોઇ પણ કર્મ કરતી વેળાએ અહંકારને ઉત્પન્ન થવા દેતો નથી, (હું કરું છું, મેં કર્યું, એવું અભિમાન આણતો નથી;) તેને સંસારનો ભય કયાંથી હોય ?[૧૭૦] અથવા અદ્વૈતભાવના વિસ્તારથી જે સર્વ જગતને આત્મસ્વરૂપ જ સમજે છે, તે ભયની વાર્ત્તા માત્ર પણ સાંભળતો નથી (અર્થાત્ ભયની વાત તેના સાંભળવામાં આવી શકતી જ નથી).[૭૧] પાણી મીઠા (લવણ)ને ડુબાવવા માંડે એટલે જેમ મીઠાનું જ પાણી થઇ જાય છે; તે જ

પ્રમાણે, પોતાની અદ્વૈતભાવના થવાથી ભયનો નાશ થાય છે.[૭૨] જેને અભય જવાળા કહેવામાં આવે છે, તેનાં એ લક્ષણો છે. એ (લક્ષણો) અભય સમ્યક્ જ્ઞાનની ઇચ્છા ધરાવનારાઓનાં પૃષ્ઠ રક્ષક છે.[૭૩] હવે, જેને શુદ્ધ બુદ્ધિ કહેવામાં આવે છે તેને આ ચિહ્નોથી ઓળખવી:–જેવી રીતે રક્ષા (રાખોડી) બળતી પણ નથી અને બુઝાતી પણ નથી; તે જ પ્રમાણે, જે બુદ્ધિમાં સંકલ્પ અને વિકલ્પ ઉભયનો અભાવ હોય છે;[૭૪] અથવા પ્રતિપદાનો આરંભ થવા પૂર્વે અને અમાવાસ્યાની સમાપ્તિ થવા પછીના મધ્યવર્ત્તી કાળમાં જેવું ચન્દ્રનું નિજરૂપ હોય છે;[૭૫] અથવા ગ્રીષ્મ ઋતુના અંતમાં અને વર્ષાઋતુના આરંભ પૂર્વે ગંગાના જળનું સ્વરૂપ જેવું નિર્મળ–સ્વચ્છ-હોય છે;[૭૬] તે જ પ્રમાણે, સંકલ્પ અને વિકલ્પ ઉભય જ્યાં અવશિષ્ટ નથી અને રજોગુણ તથા તમોગુણનો પણ જ્યાંથી લોપ થએલો છે; તેમ જ જે બુદ્ધિને સ્વરૂપનું ધ્યાન ધરવાની પ્રિયતા (રુચિ) ઉત્પન્ન થએલી છે;[૭૭] ઇન્દ્રિયોયે પ્રિય કિંવા અપ્રિય વિષયો બતાવવા છતાં જે બુદ્ધિને તેમની ઇચ્છા થતી નથી;[૭૮] પ્રતિવ્રતા સ્ત્રીનો પતિ બીજે ગામ ગયેલો હોવાથી વિરહવડે વિહ્વળ થવા છતાં તેને ગમે તેટલા લાભ કે ગમે તેટલી હાનિની વાર્ત્તા સંભળાવવામાં આવે, તોપણ તેનું ચિત્ત જેમ બીજા પુરુષ પ્રતિ જતું નથી;[૭૯] તે જ પ્રમાણે, પોતાના સ્વરૂપ વિશેની રુચિ ઉત્પન્ન થતાં બુદ્ધિનું જે એક નિષ્ઠ થવું, તેને જ સત્ત્વ શુદ્ધિ કહેવામાં આવે છે.

એમ કેશી દૈત્યને મારનાર શ્રી કૃષ્ણે કહ્યું.[૮૦] પછી કહે છે કે; હવે આત્મ લાભ માટે, જ્ઞાન અથવા યોગ એ ઉભયમાંથી જેનામાં પોતાની બુદ્ધિ સ્થિર થાય,[૮૧] તેમાં પોતાની ચિત્તવૃત્તિને સ્થિર કરવી. જેવી રીતે જ્યારે કોઇ પણ આહુતિ આપવાનું કાર્ય બાકી રહેતું નથી, ત્યારે પૂર્ણાહુતિ આપી દેવામાં આવે છે;[૮૨] અથવા પોતાની કન્યાને ઉત્તમ કુળમાં અર્પણ કરી દીધા પછી કુલીન મનુષ્યના મનમાં તેના વિશે કશી પણ ઇચ્છા બાકી રહેતી નથી; અથવા સમુદ્ર મંથન કરતાં લક્ષ્મીનો ઉદ્ભવ થયો એટલે તે સર્વ દેવોને ત્યાગીને એક વિષ્ણુનેજ વરી હતી;[૮૩] તે જ પ્રમાણે, વિકલ્પ રહિત થઇને યોગ અથવા જ્ઞાનના વતનદાર થવું, એ તૃતીય જ્ઞાનયોગ છે, એમ શ્રી કૃષ્ણે કહ્યું.[૮૪]

હવે કાયા, વાચા અને મનથી શક્તિ અનુસાર આપણે જે દાન કરવાનું હોય, તો એ દાન તે કેવું; તો પોતાનો શત્રુ પણ જો ખરેખરી અડચણમાં આવી પડ્યો હોય તો તેને પણ નિરાશ કરીને પાછો ન ઠેલવો, એનું નામ જ ખરું દાન છે![૮૫] હે ધનંજય ! વૃક્ષ જેવી રીતે પોતાનાં પુષ્પો, ફળો, છાયા, મૂળ અને પર્ણ ઈત્યાદિ કાંઇ પણ માર્ગમાં જતા પ્રવાસીથી છુપાવી રાખતું નથી, (ગમે તેને પોતાના સર્વસ્વનો ઉપભોગ કરવા દે છે અને કદાપિ ના પાડતું નથી);[૮૬] તે જ પ્રમાણે, મનથી આરંભીને સંપત્તિ પર્યન્ત પ્રસંગાનુસાર સર્વસ્વ આપીને થાકેલાનું તેના મનોરથ પ્રમાણે સમાધાન કરવું[૮૭] એને જ દાન કહેવામાં આવે છે! એ, મોક્ષરૂપ ભૂમ્યંતર્ગત ભંડારને જોવા માટેનું અંજન છે. હવે દમનાં લક્ષણો કહું છું તે સાંભળ.[૮૮] જે પ્રમાણે શસ્ત્રને ધારણ કરનાર શત્રુનો નાશ કરે છે, તે જ પ્રમાણે વિષય અને ઇન્દ્રિયોના થએલા ઐક્યનો જે વિયોગ કરે છે;[૮૯] તેમ જ ઇન્દ્રિયના દ્વારમાંથી આવનારા વિષયરૂપ વાયુનો સંચાર થવા દેતો નથી અને સર્વ ઇન્દ્રિયોને પ્રત્યાહારના અધિકારમાં સોંપીને બાંધી દે છે;[૯૦] ચિત્તમાં ઉંડી ઉતરી ગએલી જે પ્રવૃત્તિ તેને દશ ઇન્દ્રિયોનાં દ્વારોમાંથી વૈરાગ્યરૂપ અગ્નિ અંદરથી શોધીને બહાર કાઢે છે;[૯૧] શ્વાસોચ્છવાસને બંધ કરવા કરતાં પણ યોગિજનોનાં જે અતિ કઠિન વ્રતો છે, તેમનું જે ઉત્તમ રીતિથી આચરણ કરે છે;[૯૨] તેને જ દમ નામથી ઓળખવામાં આવે છે. યજ્ઞ એટલે શું, તે હું સંક્ષેપથી કહું છું તે સાંભળ.[૯૩] બ્રાહ્મણ અને સ્ત્રીઓ આદિ સર્વજને પોતપોતાના અધિકાર અનુરૂપ,[૯૪] જેને જે જે દૈવતનું પૂજન અને જે ધર્મયુક્ત હોય તેનું યથાશાસ્ત્ર વિધિથી

આચરણ કરવું.[૯૫] જેવી રીતે, બ્રાહ્મણે ષટ્કર્મોનું આચરણ કરવું અને શૂદ્રે તેમને વંદન કરવું એ જ તેમનો યજ્ઞ છે અને તે ઉભયને તેમના પોતપોતાના યજ્ઞનું એકસરખું જ ફળ મળે છે.[૯૬] તેજ પ્રમાણે, અધિકાર પરત્વે વિચાર કરીને સર્વેએ પોતપોતાના યજ્ઞ કરવા; પરન્તુ તેમાં ફળાશાના વિષનું મિશ્રણ થવા દેવું નહિ.[૯૭] એ યજ્ઞનોકર્ત્તા હું છું એવો દેહના દ્વારથી મનમાં ભાવ ઉત્પન્ન થવા ન દેવો, કિન્તુ વેદોની સર્વ આજ્ઞાઓનું પોતે પાલન કરવું.[૯૮] હે અર્જુન! એનેજ સશાસ્ત્ર યજ્ઞ કહેવામાં આવે છે અને એ (યજ્ઞ) મોક્ષમાર્ગનો ભોમીઓ છે.[૯૯] હવે દડે રમનાર દડાને જમીનપર પટકે છે, તે વ્યર્થ નહિ પણ તે ઉછળીને પાછો હાથમાં આવે એવા હેતુથી જ પટકે છે; અથવા ખેતરમાં જે કોઈ ઉત્તમ ધાન્ય વાવે છે, તે ભવિષ્યમાં આવનારા પાકનો વિચાર કરીનેજ બીજને પૃથ્વીમાં નાખે છે;[૧૦૦] અથવા મૂકેલી વસ્તુ નજરે પડવા માટે જેમ કોઇ હાથમાં દીવો લે છે અથવા વૃક્ષના મૂળમાં તેને શાખાઓ અને ફળો આવે એવા ઉદ્દેશથી જેમ કોઈ જળ સિંચન કરે છે;[૧] વધારે શું કહેવું? તેમજ પોતાના સ્વરૂપને દર્પણમાં જોવાના હેતુથી જેમ કોઈ મનુષ્ય પ્રેમથી વારંવાર તે દર્પણને લૂછીને સ્વચ્છ કર્યા કરે છે;[૨] તેજ પ્રમાણે, વેદોએ જે ઇશ્વરનું વર્ણન કરેલું છે, તે ઇશ્વરની પોતાને પ્રાપ્તિ થાય એટલા માટે સર્વ જને વેદોનો સતત અભ્યાસ કરવો.[૩] બ્રહ્મની પ્રાપ્તિ કરી લેવા માટે બ્રાહ્મણોએ વેદોમાનાં બ્રહ્મસૂત્ર અને બીજાઓએ સ્તોત્ર અથવા ઇશ્વરના નામનો વારંવાર ઘોષ કરવો.[૪] દેવ કહે છે કે, હે પાર્થ! જેને અધ્યયન કહેવામાં આવે છે, તે એ જ છે. અસ્તુ. હવે હું તને તપ શબ્દનો અભિપ્રાય કહું છું તે સાંભળ.[૫] પોતાનું સર્વસ્વ દાન તરીકે આપી દેવું એને દાન કહેવામાં આવે છે; પરંતુ ધન ઊડાવવું તે દાન નહિ પરંતુ વ્યર્થ વ્યય છે. જેવી રીતે કટુ વૃન્દાવનનાં ફળો વૃક્ષમાં લાગેલાં હોવા છતાં કોઇના ઉપયોગમાં ન આવતાં વ્યર્થ સૂકાઈ જાય છે; (પરંતુ ઔષધના રૂપે સમસ્ત જગતને ઉપયોગી થઇ પડે છે.)[૬] અથવા તો લોબાન અગ્નિમાં પડીને પોતાનો નાશ કરી લે છે, (છતાં સર્વને સૌગંધ્યનો ઉપભોગ આપે છે). અથવા સુવર્ણને જેમ જેમ શુદ્ધ કરીએ, તેમ તેમ તે વજનમાં ઓછું થતું જાય છે, પરંતુ કસોટીમાં વધારે ઊતરે છે; અથવા કૃષ્ણ પક્ષમાં ચંદ્ર એક એક કળાથી નિત્ય ઓછો થતો જાય છે, પરંતુ કૃષ્ણ પક્ષનું પોષણ કરે છે (સર્વ ઔષધિયોનું પોષણ કરે છે);[૭] તેજ પ્રમાણે, હે વીર! બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થવા માટે પ્રાણ, ઇન્દ્રિયો અને શરીરને ક્ષીણ કરવાનો જે પ્રકાર છે, તેનેજ તપ નામથી ઓળખવામાં આવે છે.[૮] બીજાં તપો છે, તેઓ એ તપ સમાન શુદ્ધ નથી. એટલા માટે, હંસ પક્ષી જેમ દૂધમાં પોતાની ચાંચ નાંખીને દૂધ અને પાણીને જૂદાં પાડી નાખે છે;[૯] તેજ પ્રમાણે, દેહ અને જીવના ઐક્યને તોડી નાખવા માટે જન્મથીજ હાથ નાખીને વિવેકથી તેમને ભિન્ન કરવાના વિચારને નિત્ય તે અંતઃકરણમાં ચાલૂજ રાખે છે,[૧૧૦] અને આત્મવિચારની દૃઢતા થતાં બુદ્ધિના વિષય પ્રતિના માર્ગો કુંઠિત થાય છે. જેવી રીતે મનુષ્ય જાગૃત થતાં નિદ્રા અને સ્વપ્ન ઉભયનો જેમ પોતાની મેળે જ નાશ થઈ જાય છે, (તેવોજ એનો પણ પ્રકાર છે.)[૧૧] એવી રીતે, હે ધનુર્ધર! આત્મ પ્રાપ્તિ કરી લેવા માટે અંતઃકરણમાં જે વિવેક ઉત્પન્ન થાય છે, તેને જ તપ કહેવામાં આવે છે.[૧૨] દૂધ બાળકોને હિતકારક છે અને પ્રાણ જેમ સર્વ ભૂતોમાં એક સમાન છે, તે પ્રમાણેજ જેનું પ્રાણિમાત્ર સાથે સૌજન્ય હોય છે, તો તે સૌજન્યનેજ 'આર્જવ'ના નામથી ઓળખવામાં આવે છે.[૧૩]

अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥

[અહિંસા, સત્ય ભાષણ, અકોપ, સંન્યાસ, અંતઃકરણનો ઉપશમ, ચાડી ન ખાવી, પ્રાણિમાત્રમાં દયા રાખવી, વિષય લંપટ ન થવું, નમ્રતા, જનલજ્જા અને સ્થિરતા; ૨]

અને જગતને સુખ થાય એવા હેતુથી કાયા, વાચા તથા મનથી જે પ્રયત્ન (વર્ત્તન) કરવો, તે અહિંસાનું સત્ય લક્ષણ છે એમ જાણ.[૧૪] હવે તીક્ષ્ણ અને સાથે વળી મૃદુ કહીએ તો, જેમ કમળ પાણીને ભેદીને ઊપર નીકળી આવે છે, છતાં તે મૃદુ હોય છે; અથવા ચંદ્રનો પ્રકાશ તો પડે છે, પણ તે શીતળ હોય છે;[૧૫] રોગીને આપવાથી રોગનો નાશ કરે અને સાથે જિહ્વાને કટુ પણ ન લાગે, એવું ઔષધ મળવું અશકય છે; એટલે એની ઉપમા આ સ્થળે લાગૂ પડતી નથી.[૧૬] તો જેને મૃદુતા કહીએ તે એવી હોય છે કે, આંખ્યોની કીકીપર ઘસીએ તોય જેમ પાણી ખૂંચતું નથી તેમ ખૂંચે નહિ, અને પાછી તેની જ કઠોરતા એટલી બધી છે કે, તે જ પાણી પર્વતોને ભેદીને પણ બહાર પડે છે![૧૭] તે જ પ્રમાણે, સંશયની નિવૃત્તિ કરવામાં જે લોઢા કરતાં પણ વધારે તીક્ષ્ણ હોય છે અને શ્રવણમાં અથડાતાં જે માધુર્યને પણ લજાવે છે;[૧૮] જેનું શ્રવણ કરવાથી કર્ણોને તેના સેવનની ઇચ્છા થાય છે અને જે સત્યના બળથી બ્રહ્મપર્યન્ત જઈ પહોંચે છે;[૧૯] વધારે તો શું, પરંતુ તેની મિષ્ટતા એટલી બધી હોય છે કે, તેથી કોઈ પણ ઠગાતું નથી; અને તેમાંના અર્થને જોતાં તેથી કોઈને કશો પણ આઘાત થતો નથી;[૨૦] નહિ તો પારધીનું સંગીત કર્ણોને તો પ્રિય લાગે છે, પરન્તુ સત્યતાની દૃષ્ટિથી જોતાં તે મૃગને વિઘાતક જ હોય છે; અથવા અગ્નિ પ્રકટતાથી જ પોતાનું કૃત્ય કરે છે; પરંતુ તેની એ સત્યતામાં આગ લાગો![૨૧] કર્ણોને મધુર લાગવા છતાં અર્થથી જે કાળજાંને ભેદી નાંખે છે, તે ભાષણ નહિ પરંતુ સુંદર ડાકિની જ છે એમ જાણવું.[૨૨] જેમ, ક્રોધિષ્ટ થઈને માતા જે અહિતકારક શાપ દે છે (તું મરી જા આદિ) તે વ્યર્થ હોય છે; તેવી જ રીતે અહિતકારક વ્યર્થ બોલાતા શબ્દો છે. તે લાડના શબ્દો પુષ્પ સમાન છે, મૃદુતાયુક્ત છે; અને માતાનું સ્વરૂપ પ્રકટ કરે છે;[૨૩] તે જ પ્રમાણે, જેના શ્રવણથી સુખની પ્રાપ્તિ થાય છે, અને પરિણામે મિષ્ટ (હિતાવહ) હોઈને જે ભાષણ કોઇના મર્મને ભેદનારું નથી હોતું, તે ભાષણને જ સત્ય ભાષણના નામથી ઓળખવામાં આવે છે.[૨૪] પાષાણપર પાણીનું સિંચન કરવા છતાં પણ તેને અંકુર ફૂટતા નથી. અથવા છાશપર તરી આવતા પાણીને વલોડવાથી તેમાંથી જેમ માખણ નીકળતું નથી.[૨૫] સર્પની કાંચળીના માથાપર પગ મૂકવા છતાં તે ફણાને ઉચકતી નથી; અને વસંતઋતુ આવ્યા છતાં પણ આકાશને જેમ પુષ્પો આવતાં નથી;[૨૬] અથવા રંભાના રૂપને નિહાળીને જેમ શુકને વિષય વાસના થઈ નહોતી અથવા ભસ્મમાં ઘૃતની ધારા કરવાથી જેમ અગ્નિ પ્રદીપ્ત થતો નથી;[૨૭] તે જ પ્રમાણે, જે અક્ષરોવડે કામ અને ક્રોધ ઉત્પન્ન થાય છે, તેમનો ઉચ્ચાર કરવાથી;[૨૮] અથવા, હે પાંડુસુત! જેના આયુષ્યની સમાપ્તિ થઇ હોય તેના જીવન માટે, જો બ્રહ્મદેવનાં ચરણોમાં પડીએ તોય જેમ તે જીવતો રહી શકતો નથી; તે જ પ્રમાણે, જેનામાં ક્રોધને ઉત્પન્ન કરવા માટેની ખટપટ કરવા છતાં ક્રોધનું આગમન થતું નથી,[૨૯] તે જ સ્થિતિને 'અક્રોધત્વ' કહેવામાં આવે છે." એમ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું.[૩૦]

(પછી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કેઃ-) મૃત્તિકાનો ત્યાગ કરવાથી જેમ ઘટનો પોતાની મેળે જ ત્યાગ થઇ જાય છે અને તંતુને ત્યાગવાથી વસ્ત્રનો પણ ત્યાગ થાય છે; તેમ જ બીજના ત્યાગથી જેમ વૃક્ષનો ત્યાગ પણ સહજ થઈ જાય છે;[૩૧] અથવા ભીંતને ત્યાગવાથી તેપરનાં સર્વ ચિત્રોનો પણ પોતાની મેળે જ ત્યાગ થાય છે અથવા નિદ્રાને ત્યાગવાથી જેમ નાના પ્રકારના સ્વપ્નોનો પણ પોતાની મેળે જ લોપ થાય છે;[૩૨] અથવા, જળનો ત્યાગ કરવાથી લહરીઓનો ત્યાગ થાય છે; વર્ષાકાળનો ત્યાગ કરવાથી મેઘોનો ત્યાગ થાય છે, અને ધનનો ત્યાગ કરવાથી જેમ વિષયો-

પલોગોનો પોતાની મેળે જ ત્યાગ થઇ જાય છે;[૩૩] તે જ પ્રમાણે, જે જ્ઞાનિજનો છે, તેઓ 'હું જ દેહ છું' એવી અહંતાનો ત્યાગ કરીને સર્વ સંસારનો ત્યાગ કરી દે છે;[૩૪] અને એને જ ખરો ત્યાગ કહેવામાં આવે છે.

એ પ્રમાણે, યજ્ઞભોક્તા શ્રીકૃષ્ણ પરમાત્માએ કરેલા બોધને મનમાં સમજીને ભાગ્યવાન પાર્થે પ્રશ્ન કર્યો કેઃ–[૩૫] "હે પ્રભો! શાંતિનાં શા લક્ષણો છે, એ મને સ્પષ્ટ કરીને કહો." ત્યારે દેવોના દેવ શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કેઃ–તેં બહુ જ ઉત્તમ વાર્તા પૂછી. હવે હું જે કહું છું તેમાં તું ધ્યાન આપ.[૩૬] જ્ઞાતાએ જે વસ્તુ જાણવાની હોય તેને પૂર્ણતાથી જાણી લીધા પછી જ્ઞાતા અને જ્ઞાનનો જે સ્થાનમાં લય થાય છે, તે સ્થાન (બ્રહ્મ)ને જ શાંતિ નામથી ઓળખવામાં આવે છે.[૩૭] જેવી રીતે પ્રલયકાળના જળનું પૂર વધતાં તેમાં સર્વ વિશ્વ ડૂબીને પોતે પોતાના સ્વરૂપમાં જ લય પામે છે;[૩૮] ત્યાર પછી ઉદ્‌ગમ, પ્રવાહ અને સમુદ્રમાં મળવું એ અવસ્થાઓ હોતી નથી અને સર્વ જળમય થઈ ગયું છે, એનો પણ કોઈને બોધ થતો નથી.[૩૯] તે જ પ્રમાણે, જ્ઞેયનું ઐક્ય થતાં જ્ઞાતૃત્વનો પણ પોતાની મેળે જ લોપ થાય છે. પછી હે અર્જુન! જે જ્ઞાન અવશિષ્ટ રહે છે, તે જ શાંતિનું સ્વરૂપ છે![૧૪૦] હવે, પીડાકારક વ્યાધિવડે અથવા તો કોઇ અશુભ સમાચાર સાંભળવાથી ઉત્પન્ન થએલી ચિન્તાવડે જે ગ્રસ્ત થએલો હોય છે, તે પીડાગ્રસ્તને પોતાનો કે પારકો ન માનતાં જેમ સારો વૈદ્ય તેના દુઃખનું નિવારણ કરે છે;[૪૧] અથવા કોઈ ગાયને ગારામ ગુંથાઈ ગએલી જોઇ તેના દુઃખને દેખી જેના મનમાં તલપાપડ થાય છે, અને તે ગાય દૂઝતી છે કે વસૂકી ગએલી છે એનો લેશ માત્ર પણ વિચાર ન કરતાં તેને ઉપર ખેંચી કાઢે છે;[૪૨] અથવા ડૂબતા મનુષ્ય તરફ જોઇને જેના મનમાં કરુણા ઉત્પન્ન થાય છે, અને તે મનુષ્ય ડૂબનારો બ્રાહ્મણ છે કે અંત્યજ છે એની ચોકસી ન કરતાં તેને પાણીમાંથી બહાર કાઢીને તેના પ્રાણનું રક્ષણ કરે છે;[૪૩] અથવા મહાવનમાં દુષ્ટોએ કોઇ એક પતિવ્રતા સ્ત્રીને લૂટી વસ્ત્રહીના કરીને મૂકી દીધી હોય અને તે સ્ત્રી તેવી નગ્નાવસ્થામાં અચાનક કોઇ સંભાવિત ગૃહસ્થની નજરે પડતાં પ્રથમ તે ગૃહસ્થ તેને જેમ પહેરવાને વસ્ત્ર આપીને ત્યાર પછી જ બીજી પૂછપડછ કરે છે;[૪૪] તેમ જ જેઓ અજ્ઞાન અને પ્રમાદથી વ્યાપ્ત છે અથવા પૂર્વકર્માનુરૂપ જેમને કાંઇ વ્યાધિ લાગેલો છે અને જેઓ સર્વની નિન્દાને પાત્ર થએલા છે;[૪૫] તેમને સાહ્ય આપીને તેમની દુઃખદાયક રોગિષ્ટતાનું જેઓ વિસ્મરણ કરાવે છે;[૪૬] અરે! પોતા સમક્ષ આવનારા મનુષ્યોના દોષોનો પોતાની દૃષ્ટિથી લોપ કર્યાં પછી જ જેઓ તેમના તરફ દૃષ્ટિપાત કરે છે;[૪૭] જેવી રીતે શાલીગ્રામ મૂર્ત્તિને વસ્ત્રાલંકાર પહેરાવીને અને તેનાપર ઉત્તમ પુષ્પો ચઢાવીને પછી જ તેનામાં ચિત્ત લગાડવામાં આવે છે; અથવા ક્ષેત્રમાં ધાન્યની વાવણી કરી હોય તો ઉત્તમ પાક આવેલો જોયા પછી જ સમાધાન માનવામાં આવે છે અથવા પોતાને ત્યાં આવેલા અતિથિને પ્રથમ અન્નદાન આપી સંતુષ્ટ કર્યા પછી જ તેનો આશીર્વાદ લેવામાં આવે છે;[૪૮] તે જ પ્રમાણે, તેઓ પોતા સમક્ષ આવનારા મનુષ્યની ન્યૂનતાને પોતાના ગુણ સામર્થ્યવડે દૂર કરીને પછી તેના પ્રતિ દયાદ્ર દૃષ્ટિથી જુએ છે (એનું નામ અપૈશુન્ય!)[૪૯] આમ ન કરીને (ક્રૂર કે નિંદક વચન બોલીને) તેના દુઃખપર ડામ ન દેવો અથવા તેનાં પાપ કર્મોનો ઉચ્ચાર કરીને તેને દુઃખ ન આપવું અને તેનામાં વ્યાપેલા વ્યાધિના નામનો નિર્દેશ કરીને 'તું વ્યાધિગ્રસ્ત છે' એમ પણ કદાપિ કહેવું નહિ.[૧૫૦] પરંતુ, જે ઉપાયવડે કોઈપણ મનુષ્ય અધમ અવસ્થામાંથી ઉત્તમ અવસ્થામાં આવી શકે, એવા ઉપાયની જ જે યોજના કરે છે અને દુઃખીના દુઃખપર ડામ દેતો નથી;[૫૧] વળી હે અર્જુન! ઉત્તમ મનુષ્ય સાથે તુલના કરીને બીજાને જે કનિષ્ટ માનતો નથી અને તેના દોષોને મનમાં લાવતો નથી,[૫૨] તે જ 'અપૈશુન્ય'નું ખરું લક્ષણ છે. હે અર્જુન! મોક્ષમાર્ગનું સુખાવહ મુખ્ય સાધન પણ એ જ છે.[૫૩]

હવે દયા એવી હોવી જોઇએ કે, જેવી રીતે પૂર્ણિમાનો ચન્દ્ર શાંતિ આપવામાં લઘુ અથવા મહાનનો ભેદભાવ ન રાખતાં સર્વને એક સરખી શાંતિ જ આપ્યા કરે છે.૫૪ તે જ પ્રમાણે, દયાર્દ્ર અંતઃકરણથી દુઃખિત મનુષ્યના દુઃખનું હરણ કરતી વેળાએ તે ઉત્તમ છે કે અધમ છે, એ ભેદને મનમાં ન લાવતાં જે સર્વના દુઃખનું (એક સરખી રીતે જ) નિવારણ કરે છે (તે જ ઉત્તમ છે).૫૫ જગત્‌માં પાણી જેવી બીજી કઇ વસ્તુ છે કે જે ઘાસ સૂકવા માંડતાં પોતાનો નાશ કરી પોતાની ભીનાશથી તેનું રક્ષણ કરે છે?૫૬ તેજ પ્રમાણે, પોતા સમક્ષ પીડિત મનુષ્ય આવ્યો હોય તો તેની કરુણાથી પોતાનું સર્વસ્વ તેને આપી દેવા છતાં મેં કાંઈ પણ આપ્યું નથી એમજ જે માને છે;૫૭ અને પાણી વહેતું હોય અને માર્ગમાં ખાડો આવે તો તેને ભરી દીધાવિના તે જેમ આગળ વધતું નથી; તેવી જ રીતે પોતાની સ્હામે ઊભેલા શ્રમિત મનુષ્યને સંતુષ્ટ કર્યા વિના જે આગળ ચાલતો નથી;૫૮ અને જેવી રીતે પગમાં કાંટો ખૂચી જતાં, જીવમાં સળવળાટ થાય છે, તે પ્રમાણે, અન્યના દુઃખને જોઇને જેનું મન હળ હળી જાય છે;૫૯ અથવા તો પગના તળિયામાં શીતલ પદાર્થ ચોળવાથી જેમ નેત્રોમાં શીતલતા આવે છે, તેમ બીજાના સુખને જોઇને જેને સુખ થાય છે;૬૦ કિંબહુના, તૃષાતુર મનુષ્યની તૃષાને છુપાવવા માટે જેમ જગત્‌માં જળ નિર્માણ કરાયલું છે; તેવી રીતે દુઃખી મનુષ્યના દુઃખનું દહન કરવા માટે જ જેનો આ જગત્‌માં નિવાસ છે;૬૧ એવા ગુણોથી અલંકૃત જે પુરુષ હોય, તે દયાની કેવળમૂત્તિ જ છે! હે વીરોત્તમ! તેનો જન્મથી જ હું ઋણી છું.૬૨ સૂર્યોદય થતાં કમળ પુષ્પ વિકસે છે, પરંતુ સૂર્ય જેમ તેના સૌગંધ્યનો ઉપભોગ લેતો નથી;૬૩ કિંવા વસંત ઋતુમાં વનમાં અનેક વૃક્ષો હરિત (નવ જીવિત) થાય છે, તથાપિ તેમાંના એક પણ વૃક્ષનો ઉપભોગ ન લેતાં જેમ વસંતકાળ આવ્યો, તેવો જ ચાલ્યો જાય છે;૬૪ વધારે તો શું? લક્ષ્મી યદિ મહાસિદ્ધિ સહિત શ્રી વિષ્ણુ સમક્ષ પ્રાપ્ત થાય તોય તે (શ્રીવિષ્ણુ)નું ધ્યાન જેમ તેના પ્રતિ આકર્ષાતું નથી;૬૫ તેવી જ રીતે પોતાને પ્રિય, આ લોકના અથવા પરલોકના ભોગો આવીને તેના દાસ તરીકે ઉભા રહે, તોપણ તેના મનમાં, તેમના ઉપભોગનો વિચાર જરા પણ આવતો નથી.૬૬ વધારે શું કહેવું? તે કૌતુક માત્રથી પણ વિષયની ઈચ્છા રાખતો નથી. એવી જે દશા તેને 'અલોલુપત્વ' કહેવામાં આવે છે.૬૭ મધુમક્ષિકાને જેમ તેનો માળો (મધપૂડો) જ પ્રિય હોય છે, જળચરોને જેમ જળ જ પ્રિય હોય છે અથવા પક્ષીઓને જેમ ઉડવા માટે આકાશ નિર્બંધ છે;૬૮ અથવા બાળકને સુખ થાય એવા ઉદ્દેશથી જ માતાનો તેમાં પ્રેમ હોય છે અથવા વસંતઋતુનો આરંભ થતાં મલય પર્વતમાંનો વાયુ મંદ અને સૌગંધ્યયુક્ત વહે છે;૬૯ પ્રિય વસ્તુને જોતાં જેમ નેત્રોને સંતોષ થાય છે; અથવા કાચબી જેવી રીતે પોતાનાં બચ્ચાંનું પોતાની દૃષ્ટિવડે જ પોષણ કરે છે; તેજ પ્રમાણે, જેની દૃષ્ટિ ભૂતમાત્રમાં પ્રેમ યુક્ત હોય છે;૧૭૦ હસ્તસ્પર્શ કરવાથી જે મૃદુ લાગે છે, મુખમાં નાખતાં રુચિકર જણાય છે, નાસિકાને જેનો સુવાસ ગમે છે અને સ્વરૂપે જે શ્વેત તથા સ્વચ્છ છે;૭૧ એવું જે કર્પૂર, તે જો ગમે તેટલું ખાઇ જવા છતાં બાધ થવાનો ભય નહોત, તો અવશ્ય તે ઉપમાને પાત્ર થઇ શકત;૭૨ પરંતુ જેના પેટમાં પંચમહાભૂતોનો સમાવેશ થાય છે, તેજ પ્રમાણે, જે પરમાણુમાં પણ સમાય છે અને ગગન જેવી રીતે વિશ્વના આકાર પ્રમાણેના આકારને પ્રાપ્ત થાય છે;૭૩ 'માર્દવ'–વધારે શું કહેવું? જેઓ જગત્‌ના જીવન માટે જ જીવે છે, એવી જે સ્થિતિ, તે સ્થિતિને હું કોમળતા કહું છું.૭૪ પરાજિત થએલો રાજા જેવી રીતે લજ્જાથી દુઃખી થાય છે અથવા કનિષ્ટ અવસ્થામા આવી પડતાં માની પુરુષ જેમ નિસ્તેજ થઇ જાય છે;૭૫ અથવા કોઇ એક ઉત્તમ સંન્યાસી અચાનક કોઈ ચાંડાલના ગૃહમાં જઇ પહોચતાં તેના મનમાં જેમ લજ્જા ઉત્પન્ન થાય છે;૭૬ તે જ પ્રમાણે, ક્ષત્રિયને રણભૂમિમાંથી પલાયન કરવાનો પ્રસંગ આવી પહોચતાં એ દુઃખને સહન કરવામાં તેને જેમ લજ્જા થાય છે; અથવા પતિવ્રતા સ્રીને ગંગા કે ભાગીરથીના નામથી

બોલાવતાં જેમ તેના હૃદયમાં વ્યથા થાય છે;[૭૭] સુંદર મનુષ્યના શરીરમાં કોઢ થતાં અથવા સંભાવિત મનુષ્યપર કોઈ નીચ આળ આવતાં તેને જેમ લજ્જાવડે પ્રાણુ સંકટ ઉત્પન્ન થાય છે;[૭૮] તેમ જ સાડા ત્રણુ હાથનું શરીર ધારણુ કરીને જૂદી જૂદી યોનિમાં ઉત્પન્ન થવાની અને મરવાની,[૭૯] અને ગર્ભ ભેદરૂપ મૂસમાં રક્ત અને મૂત્રના રસનું ઓતેલું શરીર ધારણુ કરવાની જેને લજ્જા લાગે છે;[૮૦] વધારે શું કહેવું? જેને દેહ ધારણુ કરીને નામરૂપમાં આવવા કરતાં બીજી કોઇ પણુ વસ્તુ વધારે લજ્જાસ્પદ જણુાતી નથી;[૮૧] આવાં દુશ્ચિહ્નોથી ભરેલું જે શરીર, તેને ધારણુ કરવાનો સાધુઓને કંટાળો હોય છે અને એથી તેમને લજ્જા જ થયા કરે છે. પણુ બીજા જે નિર્લજ્જ જનો હોય છે, તેમને તો એજ શરીરને ધારણુ કરવામાં શોભા લાગે છે![૮૨] જેવી રીતે દોરી સંચારવાળી પૂતળીની દોરીઓ ટૂટી જતાં તેની ચેષ્ટાઓ બંધ થાય છે, તે જ પ્રમાણે, પ્રાણુનો જય કરવાથી કર્મેન્દ્રિયોની ગતિ બંધ થાય છે.[૮૩] અથવા સૂર્યનો અસ્ત થતાં તેનાં કિરણોની પ્રભા બંધ થઈ જાય છે, તે જ પ્રમાણે મનોજય કરવાથી જ્ઞાનેન્દ્રિયોની મતિ કુંઠિત થાય છે.[૮૪] એવી રીતે મન અને પ્રાણુનો જય કરવાથી દશ ઇન્દ્રિયો પંગુ થાય છે અને એ વ્યવસાયને જ 'અચાપલ્ય'ના નામથી ઓળખવામાં આવે છે.[૮૫]

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

[હે અર્જુન! પ્રગલ્ભતા, ક્ષમા, ધૈર્ય, શુચિર્ભૂતત્વ, અદ્રોહ અને માનીપણુાનો અભાવ, એ લક્ષણો, દૈવી સંપત્તિમાં ઉત્પન્ન થએલા પુરુષમાં હોય છે. ૩]

હવે ઈશ્વર પ્રાપ્તિ માટે મનઃપુર્વક જ્ઞાનમાર્ગનું અવલંબન કરવાથી તેને કશી પણુ ન્યૂનતા રહેતી નથી.[૮૬] પતિવ્રતા સ્ત્રી પતિના મરણુ પછી અગ્નિ પ્રવેશ કરીને મરણુ જેવા અધમ પ્રસંગને હર્ષથી વધાવીને સહગમન કરવામાં આગળનો કે પાછળનો વિચાર કરતી નથી;[૮૭] તે જ પ્રમાણે જે આત્માની ચિન્તા લાગ્યાથી વિષયોને વિષવત્ માનીને આત્મ પ્રાપ્તિ માટે સુષુમ્ણા નાડીમાંથી પ્રાણુ વાયુને લઇ જવા જેવા કઠિન માર્ગનું પણુ અવલંબન કરે છે;[૮૮] તેને શાસ્ત્રમાં કહેલા વિધિનિષેધની અડચણુ કે બંધતા હોતી નથી અને કદાચિત્ મહાસિદ્ધિ આવીને પ્રાપ્ત થાય, તો તેથી પણુ તેને આશ્ચર્ય લાગતું નથી;[૮૯] એ પ્રમાણે, જેની ચિત્તવૃત્તિ પોતાની મેળે જ ઈશ્વર તરફ દોડી જાય છે, તેને 'શારીરિક તેજ' કહેવામાં આવે છે.[૯૦] હવે, 'સર્વ સહનશીલોમાં હું શ્રેષ્ઠ છું' એવું અભિમાન જેનામાં ઉત્પન્ન થતું નથી, તેને જ ક્ષમા કહેવામાં આવે છે. જેવી રીતે દેહ સર્વ રોમને ધારણુ કરતો હોવા છતાં તે વિશેનો ગર્વ ધારતો નથી;[૯૧] અને વિષય સેવનમાં ઇન્દ્રિયોની અતિ પ્રવૃત્તિ, પૂર્વ કર્મના યોગે રોગની પ્રાપ્તિ અથવા પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો યોગ,[૯૨] એ સર્વ પ્રસંગો એક સમયાવચ્છેદે પ્રાપ્ત થવા છતાં પણુ જે અગસ્ત્ય ઋષિ પ્રમાણે ધૈર્ય ધરીને તેમને સહન કરે છે;[૯૩] આકાશમાં ધૂમાડાના ગોટેગોટ જાય, તોય જેમ વાયુની એક જ લહરી તેમને તત્કાળ વિખેરી નાખે છે;[૯૪] તે જ પ્રમાણે, હે અર્જુન! આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક ઉપદ્રવો, કદાચિત્ એક સાથે જ ઉત્પન્ન થઇ આવે, તોય તે સર્વને જે ગળી જાય છે;[૯૫] અને એ પ્રમાણે ચિત્તમાં ક્રોધ ઉત્પન્ન થવાના સમયમાં ધૈર્યને અચળ રાખે છે, તેને જ 'ધૃતિ' કહેવામાં આવે છે.[૯૬]

સુવર્ણુ કલશને સ્વચ્છ કરીને તેમાં ગંગારૂપી અમૃત ભરવામાં આવે, તો તે જેમ સર્વ જ શુદ્ધ હોય છે, તેવો જ 'શૌચ' નો પણુ પ્રકાર છે.[૯૭] જે મનુષ્યનું આચરણુ નિષ્કામ હોય છે, તે જેમ અંદર અને બાહર શુદ્ધ હોય છે, તે પ્રમાણે જ શૌચ પણુ છે એમ સમજવું.[૯૮] ગંગાનું

જળ જેમ સમુદ્રપ્રતિ પ્રયાણ કરતી વેળાએ સહજ સ્વભાવે તીરપ્રાંતસ્થ વૃક્ષોનું પોષણ કરે છે અને તેમાં સ્નાન કરનારના પાપનો પણ નાશ કરીને તેને સંસારના તાપથી મુક્ત કરે છે;[૯૯] અથવા જેવી રીતે સૂર્ય પોતાની નિત્યની પ્રદક્ષિણા કરવાને નીકળ્યો એટલે નૈસર્ગિક રીતેજ અંધકારનો નાશ કરી નાખે છે અને જગતમાંનાં સંપત્તિ સદનોનાં દ્વાર ઉઘડીને વ્યાપાર વ્યવહારનો આરંભ થાય છે,[૨૦૦] તેજ પ્રમાણે, જેઓ બદ્ધ હોય તેમને મુક્ત કરીને અને જેઓ સંસાર સાગરમાં ડૂબેલા હોય તેમને તારીને, પીડિતોનાં દુઃખોનું નિવારણ કરે છે;[૧] કિંબહુના રાત્રિ દિવસ સ્વાર્થને સાધતો હોવા છતાં પણ જે બીજાના સુખને વધારે છે અને[૨] સ્વાર્થ સાધવા માટે જેના અંતઃકરણમાં બીજાના નાશનો સંકલ્પ માત્ર પણ ઉત્પન્ન થતો નથી,[૩] તેને જ, હે અર્જુન! 'અદ્રોહ' કહેવામાં આવે છે. એ મેં ખુલ્લી રીતે અને તારા જોવા જાણવામાં આવી શકે એવી રીતે તને કહી સંભળાવ્યો છે.[૪] અને, હે પાર્થ! રાજા ભગીરથે ગંગાની પ્રાર્થના કરીને તેને મૃત્યુ લોકમાં લાવતી વેળાએ, શંકરે પોતાની જટામાં ધારણ કરવાથી, ગંગા પોતાના વેગના અભિમાનનું અચાનક હરણ થવાથી લજ્જિત થઈ હતી; તે જ પ્રમાણે, લોકો એ ગૌરવ કરવાથી (માન આપવાથી) જે લજ્જિત થાય છે. (સંકોચ વૃત્તિ ધારણ કરે છે;)[૫] તેને હે અર્જુન! 'અમાનિત્વ' કહેવામાં આવે છે. આ વિશે તને આગળ પણ અનેકવાર કહેલું છે; એટલે એની એ જ વાત પુનઃ પુનઃ કેટલીવાર કહું ?[૬] એ પ્રમાણે, છવ્વીસ પ્રકારવડે મોક્ષના ચક્રવર્તી રાજાના ઉપહાર પ્રમાણે એ દૈવી સંપત્તિ રહેતી હોય છે.[૭] એ દૈવી સંપત્તિ એ છવ્વીસ ગુણોરૂપી તીર્થોવડે નિત્ય નવીન હોઇને વૈરાગ્યરૂપ *સગરરાજાનો ઉદ્ધાર કરવા માટે, જાણે ભગવતી ગંગાજ પ્રાપ્ત થઇ હોયની શું! એવોજ તે વિશે ભાસ થયા કરે છે.[૮] કિંવા એ ગુણરૂપ પુષ્પોની માળાને હસ્તમાં ગ્રહીને મુક્તિસ્વરૂપા વધૂ નિરપેક્ષ વૈરાગ્યરૂપ વરની ગ્રીવાને શોધતી હોયની (તેને વરવાનો યત્ન કરતી હોયની!) એવો જ ભાસ થાય છે.[૯] અથવા એ ગુણરૂપ વાટોને સળગાવીને ગીતા પોતાના આત્મરૂપ વલ્લભપરથી ઊતારવા માટે આરતી લઇને આવી હોયની![૧૦] કિંવા ગીતારૂપ સમુદ્રમાંનાં એ ગુણરૂપી મુક્તાફળો (મોતી) દૈવીસંપત્તિરૂપ છીપમાંથી ઉત્પન્ન થયાં હોયની! એવો ભાસ પણ થઈ શકે છે.[૧૧] દૈવીસંપત્તિનાં જે આ લક્ષણો કહ્યાં, તેમનાથી વધારે બીજાં કેટલાંક લક્ષણો કહું વારુ?[૧૨] હવે આસુરી સંપત્તિ એક દુઃખરૂપ વેલી હોઈને દોષરૂપ કાંટાથી જો કે ભરેલી છે, છતાં પણ તેને તું તારા મનમાં તો જાણી જ લે.[૧૩] કારણ કે, જે વસ્તુ ત્યાજ્ય હોય, તે આપણા ઉપયોગની નથી હોતી એ જો કે સત્ય છે; પરંતુ તેનો ત્યાગ કરવા માટે જ તેનું અતિશય સાવધાનતાથી શ્રવણ કરી લે.[૧૪] (જીવોને) ભયંકર નરકની પ્રાપ્તિ કરાવી આપવાના હેતુની ઘોરતમ દોષોએ જે પોતાનું એક એકસંપી મંડળ બનાવ્યું છે, તે જ એ આસુરી સંપત્તિ છે.[૧૫] અથવા તો સર્વ વિષો એકત્ર થાય એટલે પછી તેમને જેમ 'કાળકૂટ'† એવું એકત્ર નામ આપવામાં આવે છે, તે પ્રમાણે આસુરી સંપત્તિ એટલે દોષોનો એક ગોળો જ છે.[૧૬]

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥ ४ ॥

---

*સગર વંશમાના, દિલીપ રાજાના પુત્ર ભગીરથે કઠિન તપશ્ચર્યા કરીને પોતાના વંશજોના ઉદ્ધારના હેતુથી સ્વર્ગ નિવાસિની ગંગા નદીને મૃત્યુ લોકમાં લાવવાનો યત્ન કર્યો હતો અને અંતે તેનો તે પ્રયત્ન સફળ થયો હતો; અર્થાત્ ભગીરથ રાજાના પ્રયત્નથી ગંગા મૃત્યુલોકમાં આવેલી હોવાથી એને 'ભાગીરથી' નામ પણ આપવામાં આવ્યું છે. તેમજ ભગીરથનો એ પ્રયત્ન અલૌકિક હોવાથી આજે પણ જે કાર્ય માટે બહુ જ પરિશ્રમ કરવો પડે છે તેને 'ભગીરથ પ્રયત્ન' કહેવાનો રિવાજ પડી ગયો છે. † કાળકૂટ એક પ્રકારના વિષનું નામ છે; પરંતુ ખાસ કરીને સમુદ્ર મંથન સમયે જે વિષ નીકળ્યું હતું તેને જ 'કાળકૂટ' નામથી ઓળખવાનો પરિપાટ છે.

[હે અર્જુન! દંભ (ઢોંગીપણું), ગર્વ, માનીપણું, ક્રોધ, મર્મભેદક ભાષણ અને અજ્ઞાન એ સર્વ લક્ષણો આસુરી સંપત્તિમાં ઉત્પન્ન થએલા પુરુષમાં રહેલાં હોય છે. ૪.]

હે વીર! એ આસુર દોષોમાં જે પ્રમુખતરીકે પ્રસિદ્ધિ પામેલો છે, તે દંભ એવો છે કે;–[૧૭] જેવી રીતે પોતાની માતાની નિન્દા કરીને લોકો સમક્ષ તેના દોષો ઉઘાડા કરવાથી તે તીર્થ સમાન આપણને પાવન કરનારી હોવા છતાં આપણા પતનનું કારણ પણ તેજ થઈ પડે છે;[૧૮] અથવા ગુરુ પાસેથી સંપાદન કરેલી બ્રહ્મવિદ્યાને જો બજારમાં ઉઘાડી કરીને મેલીએ તો તે આપણી હિતકારિણી હોવા છતાં પણ અહિતકારિણી થઇ પડે છે;[૧૯] જે નૌકા પોતે મોટા પૂરમાં ઝંપલાવીને બીજાને મહાવેગપૂર્વક અન્ય તીરે લઈ જાય છે, તેજ નૌકાને જો પોતાના માથાપર ઉપાડી લેવામાં આવે તો જેમ તે આપણને ડુબાવનારીજ થઈ પડે છે;[૨૦] હે પાંડુસુત! અન્ન જીવનું રક્ષણ કરનાર છે, છતાં જો તેનું ઉત્તમ માનીને વિશેષ સેવન કરવામાં આવે, તો અન્ન હોવા છતાં વિષ સમાન વિઘાતક થઇ પડે છે;[૨૧] તેજ પ્રમાણે, આલોક અને પરલોકનો સખા (મિત્ર) જે ધર્મ, તેને જો ચૌટા વચ્ચે ખુલ્લો રાખવામાં આવે, તો તે આપણો તારક હોવા છતાં દોષકારક (મારક)જ થઇ પડવાનો વધારે સંભવ હોય છે.[૨૨] એટલા માટે, હે વીર! જો પોતે કરેલા ધર્મની ચારે તરફ પોતાની વાણીથી પ્રસિદ્ધિ કરતા ફરીએ, તો તે ધર્મજ અધર્મ થાય છે અને ત્યાર પછી તેને જ 'દંભ' ના નામથી ઓળખવામાં આવે છે.[૨૩]

હવે, મૂર્ખ મનુષ્યને ચાર અક્ષરનો બોધ થતાંજ તે જેવી રીતે બ્રહ્મદેવની સભામાં પણ પ્રલાપ કરતાં ડરતો નથી;[૨૪] કિંવા મદ્યપાનથી ઉન્મત્ત થએલા મનુષ્યનો અશ્વ જેવી રીતે રાજાની સ્વારીને પણ તુચ્છ માને છે અથવા કાંટાના ઝાડપરનો સરડો તે ઝાડના એકદમ ઉંચા શિખરપર જઇને બેઠો એટલે પોતાને જેમ સ્વર્ગ કરતાં પણ ઉચ્ચ સ્થાને પહોંચી ગએલો માને છે;[૨૫] તૃણરૂપ ઇંધન મળતાં પણ અગ્નિની જ્વાળાઓ જેવી રીતે આકાશમાં જઈ પહોંચે છે; અથવા ખાબોચિયામાંનું માછલું જેમ સમુદ્રને પણ ખાબોચિયા આગળ તુચ્છ માને છે;[૨૬] અથવા એક દિવસ પારકું અન્ન મળ્યું એટલે તેટલાથીજ જેમ દરિદ્રી મનુષ્ય ઉન્મત્ત બની જાય છે; તેજ પ્રમાણે, જે સ્ત્રી, ધન, વિદ્યા, સ્તુતિ અને બહુ માન આદિથી ઉન્મત્ત થાય છે;[૨૭] કોઇક દિવસ અભ્રચ્છાયા પડેલી જોઇને, (હવે આપણને બેસવા માટે છાયાની શી આવશ્યકતા છે, એવા વિચારથી) દૈવહીન મનુષ્ય જેવી રીતે પોતાના ઘરને તોડી પાડે છે અથવા મૃગજળને જોઇને જેમ કોઇ મૂર્ખ મનુષ્ય પોતાના ઘરમાંના કૂવાને પૂરી નાખે છે;[૨૮] કિંબહુના, એ પ્રમાણે સંપત્તિના યોગે ઉન્મત્ત થવાનો જે વ્યાપાર, તેનેજ 'દર્પ' કહેવામાં આવે છે, એમ હું તને નિઃસંશય કહું છું.[૨૯]

સમસ્ત જગતનો વેદોમાં વિશ્વાસ છે અને ઈશ્વર સર્વને પૂજ્ય છે, તેમજ સકલ વિશ્વમાં સૂર્ય સમાન તેજસ્વી અન્ય કોઇ પણ નથી;[૩૦] સમસ્ત જગતને સાર્વભૌમપદની ઇચ્છા હોય છે અને પોતાને મરણ પ્રાપ્ત ન થાય તો સારું એ સર્વની એક સરખી આકાંક્ષા હોય છે, એ તો જાણે નિર્વિવાદ જ છે;[૩૧] એટલા માટે, લોકો મહાઉત્સાહથી વેદોનું અને ઈશ્વરનું વર્ણન કરે છે; પણ તે સાંભળતાંજ જેના મનમાં મત્સર ઉત્પન્ન થવાથી જે તત્કાળ કોપાયમાન થાય છે;[૩૨] અને કહે છે કે, 'હું ઈશ્વરને ખાઇ જઇશ, વેદોને વિષ ખવડાવીને ઠાર કરીશ અને જે સર્વનો સંરક્ષક છે, તેની સત્તાનું હરણ કરીશ!'[૩૩] એમ, જેમ પતંગથી દીપકનો પ્રકાશ સહેવાતો નથી, આગિયાને સૂર્યનો તિરસ્કાર હોય છે અને ટીટોડી સમુદ્ર સાથે વૈર રાખે છે;[૩૪] તેજ પ્રમાણે, જો કોઇ ઈશ્વરની સ્તુતિ કરે, તો અભિમાનના મદથી તે સ્તુતિ તેનાથી સહન કરી શકાતી નથી અને પિતા કદાચિત્ પોતાની સંપત્તિમાંથી ભાગ માગશે તો! એવી શંકાથી

તે એમ જ કહેવા માંડે છે કે, 'આ તો મને પોતાની મેળે જ પ્રાપ્ત થએલી છે!'[૩૫] એ પ્રમાણે જેના મનમાં માન (અભિમાન) નો અતિશય સંચય થએલો હોય, તેજ અભિમાની–માનીપણું–છે અને તે ઉન્મત્ત પુરુષને રૌરવ નરકમાં જવા માટેનો એ રાજમાર્ગ છે.[૩૬] અને બીજાના સુખને જોવાનું નિમિત્ત થવા સાથે જ જેની મનોવૃત્તિમાં ક્રોધરૂપ અગ્નિનું વિષ ચઢે છે;[૩૭] જેવી રીતે ઉકળેલા તેલમાં ટાઢું પાણી નાખવાથી તે વધારે ઉભરાય છે અથવા ચન્દ્રને જોતાં જ શિયાળવું જેમ પોતાના મનમાં ફફડવા માંડે છે;[૩૮] જેના યોગે સમસ્ત જગતના વ્યાપારોનો આરંભ થાય છે, તેજ સૂર્યને પ્રભાતમાં ઉદિત થએલો જોઇને માત્ર પાપી દિવાભીત (ઘૂવડ) નાં નેત્રો ફૂટી જાય છે;[૩૯] જે પ્રભાતના આગમનથી સર્વજનોને સુખ થાય છે, તે જ પ્રભાતને જોતાં ચોરને મરણ કરતાં પણ જેમ વધારે દુઃખ થાય છે; અને સર્પને દૂધ પાવામાં આવે તોય તેનું અંતે તો જેમ ભયંકર વિષ જ બને છે;[૨૪૦] અગાધ સમુદ્રજળનું પ્રાશન કરવા છતાં પણ જેમ વડવાનળ સ્હામો વિશેષ પ્રદીપ્ત થાય છે; અને તેને સ્વપ્નમાં પણ શાંતિનો સ્પર્શ હોતો નથી તે નથી જ;[૪૧] તેજ પ્રમાણે, અન્યના વિદ્યા વૈભવ, વિનોદ અને સદ્‌ભાગિતાને જોઇને જેના અંગમાં જ્વાળા લાગી જાય છે, તેને 'ક્રોધ' કહેવામાં આવે છે.[૪૨]

જેનું મન સર્પના દર સમાન અને દૃષ્ટિ બાણના અગ્ર ભાગ સમાન તીક્ષ્ણ હોય છે અને જેનું ભાષણ અગ્નિની વૃષ્ટિ સમાન પ્રખર હોય છે;[૪૩] તેમ જ જેની બીજી ક્રિયાઓ પોલાદી કર્વત પ્રમાણે બીજાને ત્રાસદાયક થઇ પડનારી હોય છે–એવી રીતે જે બીજાના મનને ભેદનારી ક્રિયાઓથી આંતર્બાહ્ય ભરેલો હોય છે;[૪૪] તે સર્વ મનુષ્યોમાં અધમ મનુષ્ય છે, એમ તારે સમજવું. પારુષ્યનું લક્ષણ એવું છે.

હવે હું અજ્ઞાનનાં લક્ષણો કહું છું તે સાંભળ.[૪૫] જેવી રીતે પાષાણને શૈત્ય અને ઉષ્ણતાના સ્પર્શનું જ્ઞાન હોતું નથી કિંવા જન્માંધ મનુષ્ય રાત્રિ અને દિવસને જાણી શકતો નથી;[૪૬] અગ્નિ સળગ્યા પછી કઇ વસ્તુનો નાશ કરવો અને કઇ વસ્તુનો નાશ ન કરવો એ ભેદને જેમ અગ્નિ જાણતો નથી અથવા પારસમણિ જેમ સુવર્ણ અથવા લોહના ભેદને ઓળખતો નથી;[૪૭] અથવા પળી અથવા કડછીને નાના પ્રકારના રસોમાં ઝબોળવામાં આવે, તોય તેનાથી જેમ રસ અથવા સ્વાદનો લેશમાત્ર પણ ઉપભોગ લઇ શકાતો નથી;[૪૮] અથવા વાયુ વહન કરવા માંડે એટલે આ રસ્તો ન્હાનો છે અને આ માર્ગ મોટો છે એવો કાંઇપણ વિચાર ન કરતાં સર્વત્ર સમાનતાથી જ સંચાર કરે છે; તેજ પ્રમાણે, સારા અને નઠારા કૃત્યનો વિચાર કરવામાં જે આંધળો હોય છે;[૪૯] આ વસ્તુ સારી છે કે આ નઠારી છે એ ન જાણતાં ન્હાનું બાળક જેવી રીતે જે વસ્તુ જોવામાં આવે તેને ઉપાડીને મોઢામાં મૂકે છે;[૨૫૦] તે પ્રમાણે પાપપુણ્યનો ખીચડો કરીને તે ખાતી વેળાએ (કોઇ પણ કાર્ય કરતી વેળાએ) બુદ્ધિરૂપ વ્યાપારીને આ કટુ છે કે મધુર છે (આ કૃત્ય સારું છે કે નઠારું છે), એનું જ્ઞાન ન થવું એવી જે દશા,[૫૧] તેને જ 'અજ્ઞાન' નામથી ઓળખવામાં આવે છે, એમાં તિલમાત્ર પણ સંશય નથી જ. એવી રીતે છએ દોષોનાં લક્ષણો તને કહી સંભળાવ્યાં.[૫૨]

એ ષટ્ દોષોનો અંગમાં નિવાસ હોવાથી જ એ આસુરીસંપત્તિ મહા બલાઢ્ય થએલી છે. જેવી રીતે સર્પનું શરીર ન્હાનું હોય, તોય તેનું વિષ તો ભયંકર જ હોય છે;[૫૩] અથવા પ્રલયાગ્નિ, વિદ્યુદગ્નિ અને વડવાગ્નિ એ ત્રણ અગ્નિયોની સંખ્યા તો જોવા જતાં બહુ જ થોડી દેખાય છે, પણ એ અગ્નિયો એકવાર ભડકયા એટલે તેમનાં ભક્ષણમાટે આ વિશ્વ પણ પૂરું થાય તેમ નથી.[૫૪] તેમ જ બ્રહ્મદેવને શરણે જવા છતાં પણ જે ત્રિદોષગ્રસ્ત મનુષ્યનું મરણ ટળતું નથી, તે ત્રણ દોષોથી બમણી સંખ્યાના એ છ દોષ છે એમજ તારે સમજવાનું છે.[૫૫] એ સંપૂર્ણ છ દોષોવડે આ આસુરી સંપત્તિની ઈમારત બંધાયલી હોવાથી, એ કોઇ પણ પ્રકારે ન્યૂન છે એમ તો નથી જ.[૫૬] પરંતુ ક્રૂર ગ્રહોનો સમુદાય કોઈ વેળાએ જેમ એક જ

રાશિમાં આવી જાય છે અથવા નિન્દા કરનારને જેમ સર્વ પાપો આવી વળગે છે;[૫૭] મરણ સમીપ આવી પહોંચેલા મનુષ્યને જેવી રીતે સર્વ રોગો ઘેરી લે છે અથવા તો કુમુહૂર્ત્તના સમયમાં જેમ સર્વ નઠારા યોગો આવીને એકઠા થાય છે;[૫૮] બીજાપર વિશ્વાસ રાખનાર મનુષ્ય જેમ ચોરોના જાળમાં સપડાઇ જાય છે અથવા થાકેલો પાકેલો મનુષ્ય જેમ મહાપૂરમાં પડી જાય છે; (એટલે કે, તેમનાં નઠારાં પરિણામો જ થાય છે;) તેજ પ્રમાણે એ દોષોવડે મનુષ્યનું અતિશય અનિષ્ટ (પરિણામ) થાય છે.[૫૯] અથવા બકરીને મરણ સમયે સાત આંકડાવાળો વીંછી આવીને ડંખે છે, તે પ્રમાણે, એ છ દોષો તેજ મનુષ્યને પ્રાપ્ત થાય છે,[૨૬૦] કે, જેના મોક્ષ-માર્ગમાં જવા માટેના સર્વ ઉપાયો બંધ હોય છે અને તેથી જે સંસારસાગરમાં જ ડૂબી જાય છે;[૬૧] અને હે અર્જુન! અધમ યોનિનાં પગથિયાંપરથી ઉતરતો ઉતરતો તે સ્થાવર યોનિના તલપર્યન્ત આવી લાગે છે.[૬૨] અસ્તુ. તેનામાં એ છએ દોષો એકત્ર થઇને આસુરી સંપત્તિને વૃદ્ધિગત કરે છે.[૬૩] એ પ્રમાણે, જગતમાં જે એ બે સંપત્તિયો પ્રસિદ્ધ છે, તેમનાં ભિન્ન લક્ષણો (મેં) તને કહી સંભળાવ્યાં.[૬૪]

दैवी संपद्विमोक्षाय निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ॥ ५ ॥

[દૈવી સંપત્તિવડે સંસારમાંથી છૂટકો થાય છે અને આસુરી સંપત્તિના યોગે સંસારનું બંધન પ્રાપ્ત થાય છે. હે અર્જુન! તું દૈવી સંપત્તિમાં જન્મ્યો છે, એટલે તું શોક ન કર. ૫.]

એ બે સંપત્તિયોમાંની પ્રથમ જે દૈવી સંપત્તિ તને કહી, તે મોક્ષરૂપી સૂર્યના ઉદયથી થએલો પ્રભાત જ છે એમ સમજ. (સૂર્યોદય પૂર્વે જેમ પ્રભાત થાય છે, તેમ આ દૈવી સંપત્તિની પ્રાપ્તિ એટલે મોક્ષથી કિંચિત્ પૂર્વની સ્થિતિ જ છે.)[૬૫] બીજી જે આસુરી સંપત્તિ છે, તે જીવ માટે મોહરૂપ લોહની શૃંખલા (બેડી) જ છે.[૬૬] પણ આ સાંભળીને કદાચિત્ તું મનમાં ભયભીત થઇશ, તો સાંભળ કે, સૂર્યને રાત્રિની ભીતિ રાખવાની શી અગત્ય છે?[૬૭]

હે ધનંજય! એ આસુરી સંપત્તિના પંજામાં તેજ સપડાય છે કે જે ઉપર્યુક્ત છ ગુણોને આશ્રય આપે છે.[૬૮] હે અર્જુન! તું એવા જન્મને પામેલો છે કે, જે જન્મ હમણાં જ કહેલા દૈવીગુણોના ઉત્તમ સમુદ્રરૂપ જ છે.[૬૯] એટલા માટે, હે પાર્થ! તું એ દૈવી સંપત્તિનો સ્વામી થઇને મોક્ષ સુખ લેવા માટે આવ.[૨૭૦]

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥ ६ ॥

[હે અર્જુન! આ લોકમાં દૈવ અને આસુર એવા બે પ્રકારના જ મનુષ્યોના વર્ગ છે, તેમાંનો દૈવવર્ગ તો પૂર્વે તને વિસ્તારથી કહેલો જ છે; એટલે હવે આસુર વર્ગનાં લક્ષણો કહું છું તે સાંભળ. ૬]

અને એ દૈવી તથા આસુરી સંપત્તિયુક્ત લોકવર્ત્તનના અનાદિ સિદ્ધ માર્ગો ચાલતા આવેલા છે.[૭૧] જેવી રીતે રાત્રિના સમયે નિશાચરોના વ્યાપાર ચાલૂ હોય છે અને દિવસે મનુષ્ય આદિકના ઉત્તમ વ્યાપારો ચાલતા હોય છે,[૭૨] તેજ પ્રમાણે હે અર્જુન! એ દૈવી અને આસુરી સૃષ્ટિ પોતપોતાના માર્ગે ચાલતી હોય છે.[૭૩] તેજ પ્રમાણે, જ્ઞાનનું કથન કરતી વેળાએ ગયા અધ્યાયમાં દૈવી સંપત્તિનું વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે.[૭૪] હવે, જેઓ આસુરી સંપત્તિમાં વર્ત્તનારા લોકો છે, તેમના વિશે તને કહું છું તે તરફ તારું પૂર્ણ ધ્યાન આપ.[૭૫] જેવી રીતે વાદ્ય વિના નાદ કોઇના સાંભળવામાં આવી શકતો નથી અથવા પુષ્પ વિના મકરન્દની પ્રાપ્તિ

થતી નથી;[76] તેજ પ્રમાણે, એ આસુરી સંપત્તિ જ્યાં સુધી કોઇ એક શરીરનો આશ્રય ન કરે, ત્યાં સૂધી દૃષ્ટિગોચર થતી નથી.[77] કાષ્ઠપર કાષ્ઠ ઘસવાથી જેમ તેમાં અગ્નિ જોવામાં આવે છે, તેવી રીતે મનુષ્યના દેહમાં ઓતપ્રોત ભરેલી એ (આસુરી સંપત્તિ) જોવામાં આવે છે.[78] તે વેળાએ, શેરડી જેમ જેમ વધતી જાય તેમ તેમ તેમાંનો રસ પણ તેવી જ રીતે વધતો જાય છે; તેજ પ્રમાણે, જેમ જેમ પ્રાણીનો દેહ વધતો જાય છે, તેમ તેમ તે (આસુરી સંપત્તિ) પણ વધતી જાય છે.[79] હવે, હે અર્જુન! જે આસુરી સંપત્તિના દોષોથી યુક્ત પ્રાણીઓ જન્મેલા છે, તેમનાં લક્ષણો તને હું કહું છું.[180]

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥ ७ ॥

[આસુરી સંપત્તિના લોકો કયું કાર્ય કરવું અને કયું ન કરવું એ જાણતા નથી; તેમજ તેમનામાં આંતર્બાહ્ય શુચિર્ભૂતત્વ અને આચાર તથા સત્યનો પણ અભાવ જ હોય છે. ૭]

તો, પુણ્યાચરણ વિષયક પ્રવૃત્તિ અને પાપાચરણનો નિષેધ એ જ્ઞાનનો જેમના અંતઃકરણમાં અંધકાર વિસ્તરેલો હોય છે;[81] કોષકીડો આવેશથી પોતાનું ઘર બાંધવા માંડે એટલે જેમ પોતાને બહાર નીકળવા માટેનો કે અંદર પ્રવેશ કરવા માટેનો માર્ગ છે કિંવા નથી એ તરફ ધ્યાન ન આપવાથી (પોતાના બનાવેલા ઘરમાં પોતે જ) પૂરાઈ જાય છે;[82] અથવા આપણે ધીરેલી મૂડી (પૂંજી) પાછી વસૂલ થશે કે નહિ એ પ્રમાણે ભવિષ્યનો વિચાર ન કરતાં જેવી રીતે મૂર્ખ મનુષ્ય ચોરને પૈસા કર્જે આપે છે;[83] તેજ પ્રમાણે, જે લોકો આસુરી સંપત્તિનો આશ્રય કરનારા છે, તેઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બન્ને માર્ગોને જાણતા નથી; અને શુચિત્વ કેવું હોય છે, એની તેમને સ્વપ્નમાં પણ કલ્પના હોતી નથી.[84] કોયલો કદાચિત્ પોતાની કાળાશને ત્યાગે અને રાક્ષસ પણ માંસ ખાવાથી કંટાળે (એ સંભવિત છે);[85] પરંતુ, હે અર્જુન! જેવી રીતે, મદ્યના પાત્રને પવિત્રતા પ્રાપ્ત થતી નથી, તેજ પ્રમાણે, એ આસુરી પ્રાણીઓમાં શુદ્ધતા આવવાનો કદાપિ સંભવ છે જ નહિ.[86] જેમને શાસ્ત્રોક્ત કર્મની ઇચ્છા હોતી નથી, જેઓ વડિલની આજ્ઞાની વાટ જોતા નથી અને આચારોનો જેમને પરિચય માત્ર પણ હોતો નથી;[87] જેવી રીતે, બકરી ગમે તે પાલો ખાઇ જાય છે અથવા વાયુ ગમે ત્યાં વહન કરે છે અથવા અગ્નિ એકવાર સળગ્યો એટલે પછી ગમે તે પદાર્થને બાળી નાખે છે;[88] તેજ પ્રમાણે પોતાની ઇચ્છાને આગળ કરીને આસુરી સંપત્તિવાળા લોકો, પોતાનું આચરણ કરે છે અને સત્ય સાથે તો તેમનું નિત્યનું હાડ વૈર જ બંધાયલું હોય છે.[89] જો વીંછી પોતાના આંકડાનો ડંખ મારીને લોકોને તેના યોગે ગદગદિયાં કરી શકે, તો જ તેમના બોલવામાં સત્ય મળી શકવાનો સંભવ છે.[190] ગુદદ્વારમાંથી નીકળતો વાયુ (અધોવાયુ) જો સૌગંધ્યયુક્ત નીકળે, તો જ આસુરી સંપત્તિવાળા લોકોમાં સત્ય મળી શકે![91] એવી રીતે કાંઇ ન કરવા છતાં પણ તે લોકો સ્વભાવતઃ જ અધમ હોય છે. સમજ્યો કે? હવે, તેમના બોલવાની નવીનતા (વિલક્ષણતા) હું તને કહું છું.[92] ઊંટને તપાસી જોતાં તેના કયા અવયવને સરળ અને ઘાટદાર કહી શકાય એમ છે? આસુરી સંપત્તિવાળા લોકોની પણ એવી જ સ્થિતિ છે. પરન્તુ પ્રસંગાનુસાર હું જે કહું છું, તે સાંભળ.[93] હવે, હું તેમનાં જે ભાષણો બોલી બતાવવાનો છું, તે જેમ વાયુદ્વાર-ધુમાડિયાના મોઢામાંથી ધુમાડાના ગોટેગોટ બહાર નીકળે છે, તે પ્રમાણેનાં જ હોય છે, એમ તારે સમજવું.[94]

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

[આ જગત્ અસત્ય, જેમાં ધર્મ અને અધર્મની સ્થિતિ નથી એવું, ઈશ્વર રહિત, સંયોગ-જન્ય અને જેનું મૂળ કારણ કામ છે, એવું છે, બીજું શું? એમ તેઓ કહે છે. ૮]

"આ વિશ્વ અનાદિ કાળથી ચાલતું આવ્યું છે અને તેમાં ઈશ્વર સર્વથી શ્રેષ્ઠ હોઈને જગન્નિયંતા છે અને વિશ્વના ન્યાય મંદિરમાં બેસીને વેદો ન્યાય તથા અન્યાયનો નિર્ણય કરે છે;[૯૫] વેદો જેને અન્યાયી ઠરાવે છે, તેને નરકભોગની શિક્ષા આપવામાં આવે છે અને જેને ન્યાયી ઠરાવે છે, તે સુખપૂર્વક સ્વર્ગવાસ કરે છે;"[૯૬] હે પાર્થ! અનાદિકાળથી ચાલતી આવેલી વિશ્વની એ સર્વ વ્યવસ્થાને આસુરી સંપત્તિવાળાઓ ખોટીજ કહે છે.[૯૭] જેમને યજ્ઞનો ઉન્માદ લાગેલો હોય છે, તેઓ યજ્ઞ કરીને મોહાય છે; જેમને દેવોની પૂજા કરવાનો પ્રમાદ વળગેલો હોય છે, તેઓ મૂર્તિપૂજા કરે છે; અને જેઓ સમાધિયોગથી ભ્રષ્ટ થએલા હોય છે, તેઓ આ સંસારને ત્યાગી ભગવાં વસ્ત્ર પહેરીને યોગી બની જાય છે.[૯૮] આ જગતમાં પોતાના સામર્થ્યથી જેનો ઉપભોગ કરી ન શકાય, તેના વિના બીજું કોઈ પુણ્ય છે ખરું?[૯૯] સર્વ વિષયોપભોગોને એકત્ર કરીને અંગમાં શક્તિ ન હોવાથી તેમનો ઉપભોગ જેનાથી લઈ શકાતો નથી, તેજ એક મહાપાપ છે.[૩૦૦] શ્રીમાન્ લોકોના પ્રાણોનું હરણ કરવું એ જો કે ખરેખર એક પાપ છે, છતાં તેમનું સર્વ ધન આપણા હાથમાં આવે છે, એ ખરેખર પુણ્યફળ છે.[૧] જે બલવાન્ હોય છે, તે અશક્તનો નાશ કરે છે એને જો પાપ કહેવામાં આવે, તો મોટાં માછલાં ન્હાનાં માછલાંને ખાઇ જાય છે, તો એથી તેમનું નિઃસંતાનત્વ કેમ થતું નથી?[૨] ઉભયપક્ષીય કુળોનું શોધન કરીને પ્રજા ઉત્પન્ન કરવાના હેતુથી સુમુહૂર્ત્ત સાધીને પુત્ર અને પુત્રીનો વિવાહ સંબંધ કરવામાં આવે છે;[૩] તો પશુ અને પક્ષી આદિની જે અપાર સંતતિ થાય છે, તો તેમને સુમુહૂર્ત્ત સાધીને ડગલે ને પગલે કોણ પરણાવે છે?[૪] ચોરી લાવેલા ધનનો ઉપયોગ કરવાથી તે ધન કોઇને વિષ પ્રમાણે બાધક થયું છે ખરું? અથવા પ્રિયતાથી વ્યભિચાર કરતાં કોઇને કોઢનો રોગ થયો છે ખરો?[૫] એટલા માટે, જે ઈશ્વર જગતનો સ્વામી છે, તે ધર્માધર્મથી વર્તનારને શાસન કરે છે અને આ લોકમાં કરેલાં કૃત્યોનું ફળ મનુષ્યને પરલોકમાં ભોગવવું પડે છે (એમ કહે છે);[૬] પરંતુ પરલોક અને ઈશ્વર દેખાતા નથી એટલે એમના વિશે બોલવું વ્યર્થ છે અને જ્યાં પુણ્ય તેમજ પાપ કરનાર મરણજ પામે છે ત્યાં પછી પુણ્યપાપના ફળો ચાખવાને બાકી જ કોણ રહે છે જે?[૭] સ્વર્ગ લોકમાં જેવી રીતે ઉર્વશીના ઉપભોગવડે ઇન્દ્ર સુખી હોય છે; તેજ પ્રમાણે નરકના કીડા પણ નરકમાંજ સંતોષ માને છે,[૮] એટલે એથી એમજ સિદ્ધ થાય છે કે, નરક અને સ્વર્ગ એ પાપકર્મ અને પુણ્યકર્મોનું ફળ નથી, કારણ કે, ઉભય સ્થળોમાં કામનોજ સુખોપભોગ પ્રાપ્ત થાય છે;[૯] અર્થાત્ કામની ઇચ્છાથી સ્ત્રી અને પુરુષ એકત્ર થતાં જગતની ઉત્પત્તિ થાય છે;[૧૦] અને પોતાના હિત માટેની જે જે ઇચ્છા કરીને આપણે જે કાંઇ મેળવીએ છીએ, તેનો આપણને કંટાળો આવતાં તે વિષે દ્વેષ ઉત્પન્ન થાય છે અને આપણી પોતાની ઈચ્છાજ તેનો નાશ કરે છે?"[૧૧] એવી રીતે, જગતની ઉત્પત્તિનું કામ-વિના બીજું કાંઇ પણ કારણ નથી, એમ આસુર જનો કહે છે.[૧૨] હવે એ નિંદ્ય બોલવાના વિશેષ વિચાર (અને વિસ્તાર) ની આવશ્યકતા નથી, કારણ કે, એ વિશે વિશેષ ચર્ચા ચલાવવી વ્યર્થ છે.[૧૩]

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

[એ પૂર્વોક્ત દૃષ્ટિનો આશ્રય કરવાથી જેમના સ્વભાવ દુષ્ટ થએલા છે, જેઓ વિષય-

લંપટ થએલા છે, જેઓ ભયંકર કર્મ કરનારા અને સર્વ સાથે વૈર કરનારા છે; તે આસુરી સંપત્તિવાળા લોકો જગતનો નાશ કરવા માટે જ ઉત્પન્ન થએલા હોય છે. ૯]

પણ ઈશ્વરનો તિરસ્કાર કરીને તેઓ કેવળ મિથ્યા પ્રલાપ કર્યા કરે છે; એટલું જ નહિ, પણ તેમના ચિત્તમાં એક નિશ્ચય પણ હોતો નથી.[૧૪] કિંબહુના, અમે પાખંડી છીએ એમ કહીને તેઓ પોતાના જીવમાં નાસ્તિક્તાના મૂળનું આરોપણ કરી લે છે.[૧૫] પછી, સ્વર્ગવિષયક શ્રદ્ધા અથવા નરકવિષયક ભય એમાંનું તેમના મનમાં કાંઈ પણ હોતું નથી.[૧૬] પછીથી, હે વીર અર્જુન! એ આસુરજનો દેહરૂપી હેડમાં સપડાઈને અપવિત્ર જળના નાશવંત પરપોટા પ્રમાણે વિષયરૂપી ગારામાં ડૂબી જાય છે.[૧૭] જે વેળાએ જળચરોનો અંતકાળ આવી લાગે છે, તે વેળાએ જળાશયના તીરે માછી લોકો એકઠા થઈને પાણીમાં જાળ નાખે છે અથવા તો શરીરપતનનો સમય આવી લાગતાં રોગોનો ઉદ્ભવ થાય છે;[૧૮] અથવા પ્રજાને પીડા થવાની હોય એટલે આકાશમાં જેમ ધૂમકેતુનો ઉદય થાય છે; તે જ પ્રમાણે જ્યારે લોકોના નાશનો સમય આવી લાગે છે એટલે એવા આસુર જનો ઉત્પન્ન થાય છે.[૧૯] જેવી રીતે અશુભની વાવણી કરવાથી તેને અશુભ જ ફણગાં ફૂટે છે; તે પ્રમાણેના એ પાપોના બોલતા ચાલતા કીર્ત્તિસ્તંભો જ છે![૩૨૦] તેમ જ જેવી રીતે, અગ્નિનું પોતાની આગળ અને પાછળ આવેલી વસ્તુને બાળી નાખવા વિના બીજું કર્ત્તવ્ય હોતું જ નથી; તે જ પ્રમાણે, તેમની પાસે આવનાર મનુષ્ય સારો હોય કે નઠારો હોય તોય તેનો તેઓ નાશ જ કરી નાખે છે.[૨૧] પરંતુ જે સમારંભથી તેઓ પોતાનાં કૃત્યો કરે છે, તેનું વર્ણન હું કરું છું તે સાંભળ. એમ શ્રીનિવાસે પાર્થને કહ્યું.[૨૨]

कामामाश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान् प्रवर्ततेऽशुचिव्रताः ॥ १० ॥

[કદાપિ પૂરાય નહિ એવા કામને સ્વીકારીને અને મોહથી અસત્ આગ્રહને અંગીકારીને, તે દુરાચારી અને દંભ, માન તથા મદયુક્ત લોકો, કર્મો કરવામાં ઉદ્યુક્ત થાય છે. ૧૦]

જાળમાં કદાપિ પાણી ભરી રાખી શકાતું નથી અને અગ્નિને કાષ્ઠો કદાપિ પૂરાં થતાં નથી. એવી કદાપિ ન ભરાય–ન તૃપ્ત થાય તેવી વસ્તુઓ પ્રમાણે જે નિત્ય બુભુક્ષિત હોય છે;[૨૩] તેવા કામને પોતાના મનમાં આશ્રય આપીને, હે પાંડવ! તેઓ તેમાં દંભ અને માનની ભરણી કરે છે.[૨૪] મદોન્મત્ત હાથીને જેમ મદિરા પીવાડવાથી તે અધિક ઉન્મત્ત થાય છે, તે પ્રમાણેના અંગમાંના મદથી ઉભરાતા તે આસુરી સંપત્તિયુક્ત લોકો જેમ જેમ વૃદ્ધ થતા જાય છે, તેમ તેમ પોતાને મોટા દોઢ ચતુર વિદ્વાન્ માનતા જાય છે;[૨૫] અને તેઓ કોઈપણ કાર્યને દુરાગ્રહથી સમાપ્ત કર્યા વિના છોડતા નથી. અધૂરામાં પૂરું મૂર્ખતાની ભરણી થાય એટલે પછી નિશ્ચયને દાદ ક્યાં લાગી શકે?[૨૬] જેના યોગે બીજાને પીડા થવાનો અથવા બીજાના પ્રાણની હાનિ થવાનો સંભવ હોય એવાં કર્મો કરવામાં જ તેઓ નિત્ય પ્રવૃત્ત હોય છે.[૨૭] વળી પોતે કરેલાં (કુ)કૃત્યોને સર્વત્ર પ્રસિદ્ધ કરે છે અને જગતને તુચ્છ માને છે; તેમ જ તેમની ઇચ્છાના વેગપૂર્વક દોડવા માટે દશ દિશાઓ પણ પૂરી પડતી નથી![૨૮] જેવી રીતે ગાયને ખેતરમાં છૂટી મુકી દેવામાં આવે એટલે પછી તે ગમે ત્યાં ચરતી ફરે છે, તે પ્રમાણે તેઓ અભિમાનથી પાપાચરણની વૃદ્ધિ કર્યા કરે છે;[૨૯]

चिंतामपरिमेयां च प्रलयांतामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

[જેની માપણી કરી શકાતી નથી અને મરણ પર્યન્ત જેનો અંત થતો નથી એવી ચિન્તાના આશ્રયે રહેલા અને કામોપભોગમાં જ નિમગ્ન થએલા પુરુષોનો, (કેવળ કામશાંતિ) એ જ પુરુષાર્થ છે, એવો નિશ્ચય થએલો હોય છે. ૧૧]

એ જ એક સાધનથી તેઓ પોતાનાં કર્મો કરે છે અને મરણ પછી પણ પોતાને સુખ મળવા માટેની ચિંતા ધરે છે.[૩૦] જે ચિન્તા પાતાળ કરતાં પણ ઉંડી અને આકાશ કરતાં પણ ઉંચી છે; તેમ જ જેની સાથે તુલના કરવાથી ત્રિભુવન પણ અણુ જેટલું દેખાતું નથી;[૩૧] સંન્યાસીને કરી આપેલા નિયમો પ્રમાણે એઓ પોતાના મનમાં અનિયમિત ચિંતા ધારણ કરે છે અને જેવી રીતે પતિવ્રતા સ્ત્રી સંકટ સમયમાં પણ પોતાના પતિને છોડતી નથી, તે પ્રમાણે તે (ચિંતા) એમને છોડતી નથી![૩૨] તેમ જ, અસાર વિષયોની નિત્ય મનમાં લાલસા રાખીને તેમની પ્રાપ્તિ માટે તેઓ અપાર ચિંતા કર્યા કરે છે;[૩૩] નિત્ય સ્ત્રીઓનું સંગીત સાંભળવું, સદોદિત સ્ત્રીઓના સ્વરૂપ સૌન્દર્યનું નેત્રોવડે નિરીક્ષણ કરવું, સર્વ ઈન્દ્રિયોને સ્ત્રીઓના આલિંગનનો જ લાભ મેળવી આપવો;[૩૪] અને સ્ત્રીઓના સમાગમથી થતા સુખપરથી સાક્ષાત્ સુધાને પણ ઓળી ઘોળીને ફેંકી દેવી, (એ તેમનો નિત્યનો કાર્યક્રમ હોય છે;) અર્થાત્ એવી રીતે આ અવનીમાં સ્ત્રી કરતાં બીજું અધિક સુખ કોઈ છે જ નહિ, એવો તેમની મનોદેવતાએ દૃઢ નિશ્ચય કરેલો હોય છે.[૩૫] એટલે એ સ્ત્રીના ભોગ માટે સ્વર્ગમાં, પાતાળમાં કિંવા દિશાઓની સીમાથી પેલી બાજૂના પ્રદેશમાં પણ દોડી જવાને તેઓ પ્રતિપળ તૈયાર જ હોય છે.[૩૬]

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥ १२ ॥

[શતશ આશાપાશવડે બદ્ધ થએલા અને કામ ક્રોધમાં તત્પર તે લોકો પોતાની ઇચ્છા પ્રમાણેના ભોગોને ભોગવવા માટે અન્યાયથી વિપુલ દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરે છે. ૧૨]

લોઢાની આંકડમાં લગાડેલા માંસની આશાથી મત્સ્ય જેવી રીતે તેને ખાવા જતાં મરણ પામે છે, તેવી રીતે એઓ વિષયોની આશાથી મરણશરણ થાય છે.[૩૭] ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થતાં નિત્ય વિષયોની કોરી આશા કરી કરીને અંતે એઓ કોષકીડા પ્રમાણે પોતા માટેના બંધનને પોતે જ નિર્માણ કરી લે છે;[૩૮] અને જે વસ્તુની ઇચ્છા કરવામાં આવે અને તે ઇચ્છા જો પૂર્ણ ન થાય, તો મનમાં તત્કાળ દ્વેષ ઉત્પન્ન થાય છે. (એ પ્રમાણે નિત્ય વસ્તુના લાભથી તૃપ્તિ માનીને તે જ વસ્તુ ન મળવાથી ક્રોધયુક્ત થાય છે.) એટલે કે, કામ તથા ક્રોધને વધારવાના કરતાં વિશેષ જેમનું કોઈ કર્તવ્ય જ હોતું નથી.[૩૯] હે અર્જુન! જેવી રીતે થાણામાંના ઘોડેસ્વારને દિવસે પોતાના કામ (ફરજ) માટે ફરવું પડે છે અને રાત્રે ગસ્ત–રોન માટે નીકળવું પડે છે એટલે કે, તેને દિવસ કે રાત વિશ્રાંતિ મળતી જ નથી,[૪૦] કામ મનુષ્યને ક્રોધની ટેકરી ઉપર ફેંકી દે છે અર્થાત્ પોતાની ઇષ્ટ વસ્તુ મળતી નથી તો મનુષ્યને ક્રોધ ચઢે છે, છતાં પણ મનુષ્યનો કામ અને ક્રોધ આદિ વિશેનો પ્રેમ ઓછો થતો નથી, પરંતુ તે કામ ને ક્રોધના પ્રેમથી એટલો બધો ફુલી જાય છે કે તેનો ક્યાંઈ પણ સમાવેશ થઈ શકતો નથી.[૪૧] તે જ પ્રમાણે, મનમાં ઉત્પન્ન થએલી વિષયેચ્છા ધન વિના ક્યાંથી અને કેમ કરીને પૂરી થઇ શકે?[૪૨] એટલા માટે, વિષયવાંચ્છનાને પૂર્ણ કરવા જેટલું દ્રવ્ય મેળવવા માટે તેઓ જગતમાંના લોકોને ત્રાસ આપે છે.[૪૩] કોઇને આડા જંગલમાં ઘેરીને મારે છે, કોઇના સર્વસ્વનું હરણ કરી લે છે અને કોઇના નાશ માટેની યુક્તિઓ લઢાવ્યા જાય છે.[૪૪] પારધી લોકો પર્વતપ્રદેશમાં શિકારે જતી વેળાએ જેવી રીતે પોતાની પાસે પાશબાણોનું ભાથું, જાળ, શિકારી કૂતરાં, ગોફણ અને ભાલા ઈત્યાદિ સાધનો

પોતાની પાસે તૈયાર રાખે છે;[૪૫] અને પોતાના (પાપી) પેટને ભરવા માટે અનેક પ્રાણીઓને મારી લાવે છે; તે જ પ્રમાણે એઓ પણ એવાં જ નઠારાં કર્મો કરે છે;[૪૬] બીજાના પ્રાણનો ઘાત કરીને દ્રવ્ય મેળવે છે અને તે મળવાથી તેમના ચિત્તમાં કેવો સંતોષ થાય છે, તે સાંભળ.[૪૭]

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥

[આ મેં આજે મેળવ્યું, આ મનોરથને હું આવતી કાલે સાધ્ય કરીશ, હવે આ આટલું ધન મારી કને છે અને એમાં પણ પાછો વધારો થશે, (એવાં તેઓ મનોરાજ્ય કરે છે). ૧૩]

તેઓ કહે છે કે:–'આજે ઘણાકોની સંપત્તિ મેં સ્વાધીન કરી લીધી છે, એટલે હવે હું ધન્ય થયો નથી કે?'[૪૮] એ પ્રમાણે, હજી તો તે પોતાની પોતે જ એમ સ્તુતિ કરતો હોય એટલામાં અચાનક વળી તેના મનમાં એવી ઇચ્છા ઉત્પન્ન થાય છે કે, 'હજી પણ ઘણાકોનું ધન હરણ કરી લાવું તો વધારે સારું!'[૪૯] જે કાંઇ આજે મેં મેળવ્યું છે, તેટલી પુંજીના જોરથી સચરાચરમાં હજી પણ જે કાંઈ બાકી હશે તે બધું હું મેળવીશ. (લૂટવાને લાયકના શ્રીમંતોને ત્યાં જે કાંઈ સ્થાવર જંગમ સંપત્તિ બાકી હશે, તેનું પણ હું હરણ કરી લાવીશ.)[૫૦] એ પ્રમાણે આ વિશ્વમાંની સર્વ સંપત્તિનો સ્વામી હું જ થઇશ; અને પછી જેના પ્રતિ દૃષ્ટિપાત કરીશ, તેનો ત્યાં અને તે ક્ષણે જ નાશ કરી નાખીશ![૫૧]

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ १४ ॥

[આ શત્રુને મેં માર્યો અને બીજા (શત્રુ)ને પણ મારીશ. હું મહા સમર્થ છું. હું વિષયોનો ઉપભોગ લેનારો છું, હું સંપન્ન છું, હું બળવાન્ છું અને હું જ સુખી છું. (એમ તેઓ માને છે.) ૧૪]

આ આજ સૂધીમાં નષ્ટ કરેલા શત્રુઓની સંખ્યા અલ્પ છે, એટલે બીજા જે બલાઢ્ય છે તેમને પણ પરાજિત કરીશ અને પછી હું એકલો જ મહા વૈભવપૂર્વક વર્ત્તીશ.[૫૨] પછી જેઓ મારા સેવક થશે, તેમના વિના અન્ય સર્વનો હું નાશ કરીશ. કિંબહુના, આ સર્વ ચરાચરનો હું ઈશ્વર થઇશ.[૫૩] હું આ મૃત્યુ લોકનો રાજા થઇને સર્વ સુખોનો ઉપભોગ લઇશ અને મારા તે ઐશ્વર્યને જોઇને ઇન્દ્ર પણ શરમાઇ જશે.[૫૪] હું કાયા વાચા મનથી જે કરું, તે સિદ્ધ કેમ નથી થતું તે જોઉં તો ખરો! અને મારા વિના બીજો આજ્ઞાકારક કોણ થઇ શકે એમ છે, તે પણ જોઇશ.[૫૫] મહા બલવાન્ જે હું, તેવા મને જ્યાં સૂધી નથી જોયો ત્યાં સૂધી જ કાળની પ્રતિષ્ઠા છે અને હું તો કેવળ સુખનો ભંડાર જ છું.[૫૬]

आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्ये इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥

[ધનાઢ્ય હું છું અને કુલીન પણ હું જ છું; મારા જેવો આ જગતમાં બીજો કોણ છે? હું યજ્ઞ કરવાના કાર્યમાં સર્વપર વર્ચસ્વ સ્થાપીશ અને નટ ઇત્યાદિ જનોને વિશેષ પારિતોષિક આપીશ તથા આનન્દ પામીશ. (એ પ્રમાણે અતિશય મૂઢ થઇને તેઓ બડબડાટ કર્યા કરે છે.) ૧૫]

કુબેર સુસંપન્ન છે ખરો, પરંતુ તેનાથી મારી બરાબરી કરી શકાવાની નથી; અને મારી સંપત્તિ જેટલી શ્રી વિષ્ણુની સંપત્તિ પણ નથી.[૫૭] મારા કુળની કીર્તિ અને નામના અથવા આપ્તવર્ગોનો સમુદાય ઇત્યાદિના પ્રમાણથી જોતાં (સૃષ્ટિકર્ત્તા) બ્રહ્મદેવ પણ કાંઇક યોગ્યતામાં

ઓછો જ ઉતરવાનો;[૫૮] એટલા માટે, લોકો ઈશ્વર આદિના જે ગુણાનુવાદ ગાય છે તે વ્યર્થ છે; કારણકે, મારી બરાબરી કરનારો કોઇ પણ મળી આવે તેમ નથી જ;[૫૯] જારણમારણ આદિનો જે લોપ થએલો છે, તેમનો હું જીર્ણોદ્ધાર કરીશ અને લોકોને પીડા કરનારા યજ્ઞયાગાદિનો આરંભ કરીશ;[૩૬૦] જેઓ મારા ઐશ્વર્યનું વર્ણન કરશે, અથવા મારી સ્તુતિનાં સ્તોત્રો ગાશે, તેમ જ નાચ તમાશા (ને ભાંડ ભવાઈ) કરીને જેઓ મને સંતોષ આપશે તેમને, તેઓ માગશે તે વસ્તુ હું આપીશ;[૬૧] માદક અન્નનું ભક્ષણ કરીને અને મદ્ય આદિનું પાન કરીને સ્ત્રીઓને આલિંગન આપવામાં હું આ ત્રિભુવનમધ્યે તલ્લીન થઇશ.' (એવા વિચારમાં આસુરી જીવ મગ્ન રહે છે.)[૬૨] એથી વધારે કેટલાક પ્રકારો કહી સંભળાવું? જેમને આસુરી પ્રકૃતિનો ઉન્માદ લાગેલો હોય છે, તેઓ એ પ્રમાણે અપરિમિત ઈચ્છાથી આકાશપુષ્પનો વાસ લેતા હોય છે.[૬૩]

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ १६ ॥

[એવા પ્રકારે, અનેક મનોરથોવડે જેમનું ચિત્ત વિક્ષિપ્ત થએલું છે, જેઓ મોહ જાળમાં ઘેરાઇ ગએલા છે અને કામ ભોગમાં અત્યંત આસક્ત થએલા છે, તે પુરુષો અમંગળ નરકમાં જ પડે છે. ૧૬]

વળી જેવી રીતે સન્નિપાતથી પીડાતો રોગી ગમે તે બકવાદ કર્યા કરે છે, તેવી રીતે આસુરી સંપત્તિથી ગાંડા થએલા લોકો ગમે તેવી પોતાની કલ્પનાઓનો મોઢેથી ઉચ્ચાર કર્યા કરે છે, એમ સમજ.[૬૪] અજ્ઞાનરૂપ ધૂળ, આશારૂપી વંટોળિયામાં સપડાતાં આશારૂપ–મનોરથરૂપ–આકાશમાં ગોળ ચક્રાકાર ફર્યા કરે છે;[૬૫] અથવા જે પ્રમાણે, આષાઢ માસમાં એક પછી એક અનેક વાદળાં આવ્યાં કરે છે, અથવા તો જેમ સમુદ્રમાં એક ઉપર એક લહરીઓ આવે છે, તે જ પ્રમાણે તેઓ અખંડ કામની ઈચ્છા કરયા કરે છે.[૬૬] પછી મનોરથરૂપ વલ્લરીનો મનમાં પ્રસાર થતાં જેવી રીતે કમળોને કાંટાપર ખરડવાથી કમળો ફાટી જાય છે,[૬૭] અથવા તો હે પાર્થ! હાંલ્લાને પથરાપર પછાડવાથી તે જેમ ફૂટી જાય છે, તે જ પ્રમાણે તેમના સર્વ મનોરથોના કકડેકકડા થઇ જાય છે,[૬૮] એટલે કે, જેમ જેમ રાત વધતી જાય છે, તેમ તેમ અંધકાર પણ વધતો જાય છે, તે જ પ્રમાણે (જેમ જેમ અજ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ) તેમના અંતઃકરણમાં મોહનો વધારો ને વધારો થતો જાય છે;[૬૯] અને જેમ જેમ મોહનો વધારો થતો જાય છે, તેમ તેમ વિષયવાસનાની વૃદ્ધિ થાય છે; અને વિષયો તો પાતકના હેતુ જ છે.[૩૭૦] જેમ જેમ પાપો બળવાન્ બનીને વધતાં જાય છે, તેમ તેમ જીવનકાળમાં જ નરકયાતના ભોગવવાનો પ્રસંગ આવી લાગે છે![૭૧] અર્થાત્, હે સુબુદ્ધિમાન્! જેઓ નઠારી વાસનાને મનમાં લાવે છે, તે આસુર, તે સ્થાને વસતિ કરવાને આવે છે,[૭૨] કે જે સ્થાને તલવારની ધાર જેવાં તીક્ષ્ણ પાંદડાંવાળાં વૃક્ષો હોઇને ખેરના અંગારાના પર્વતો છે અને તપ્ત તેલના સમુદ્રો ઉભરાઈ જતા જોવામાં આવે છે;[૭૩] તેમ જ જ્યાં યાતનાઓની ઓળની ઓળ બેઠેલી હોય છે અને યમરાજની નિત્ય તપાસ ચાલૂ જ હોય છે; અર્થાત્ એવા ઘોર નરક લોકમાં તેઓ જઇ પડે છે.[૭૪] એવા નરકના મુખ્ય ભાગમાં જેઓ જન્મ ધારણ કરે છે, તેઓ પણ જોઇએ તો યજ્ઞયાગ આદિ કર્મો કરવામાં નિમગ્ન થએલા હોય છે;[૭૫] અને હે અર્જુન! યજ્ઞ આદિક ક્રિયાઓ જો કે કલ્યાણકારક જ છે, તોપણ નાટકી લોકો પ્રમાણે તેમનું આચરણ કરીને તે મોહનો વ્યર્થ દંભ બતાવે છે.[૭૬] વેશ્યા જેવી રીતે પોતાના શેઠના આશ્રયથી પોતાને સૌભાગ્યવતી ધારીને સંતોષ માને છે;[૭૭]

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥ १७ ॥

[પોતે જ પોતાની પ્રશંસા કરનારા, અકડાઈથી વર્ત્તનારા અને ધન તથા મોટાઈના ગર્વથી ઉન્મત્ત થએલા તે લોકો શાસ્ત્રવિધિને ત્યાગીને દાંભિકતાથી કેવળ નામના જ યજ્ઞો કરે છે. ૧૭]

તે જ પ્રમાણે, હું સર્વમાં શ્રેષ્ઠ છું, એમ પોતે જ પોતાને માને છે અને જેમના અંગમાં ગર્વનો ભંડાર ભરાઈ જાય છે;[૭૮] એટલે પછી બીડનો થાંભલો નમતો નથી, તે પ્રમાણે તેઓ નમતા નથી અથવા તો આકાશમાં ઉંચા ગએલા પર્વત જેમ નમતા નથી,[૭૯] તે જ પ્રમાણે, પોતે જ પોતાના ઐશ્વર્યથી મનમાં સંતોષ માનીને નમતા નથી ને બીજાઓને તૃણ કરતાં પણ તુચ્છ સમજે છે.[૩૮૦] હે અર્જુન! સંપત્તિના મદથી ઉન્મત્ત થઈને એવાઓ યોગ્યાયોગ્ય વિચારને દેશનિકાલ કરી દે છે. અરે જેમના અંગમાં એવી અકડાઈ ભરેલી હોય છે,[૮૧] તેમને યજ્ઞની શી મહત્તા હોઈ શકે? પરંતુ મૂર્ખ લોકો શું નથી કરતા?[૮૨] અર્થાત્ એકવાર તેઓ મૂર્ખતારૂપી મદિરાના બળથી યજ્ઞની મશ્કરી કરવાને પણ તૈયાર થઈ જાય છે.[૮૩] તેમને કુંડ, મંડપ, વેદી અથવા તેની બીજી સામગ્રીની આવશ્યકતા હોતી નથી; અને વિધિ (કોઈપણ કર્મને યથાવિધિ કરવા)નું તો તેમની જોડે સદાનું વૈર જ હોય છે.[૮૪] વાયુની લહરી સાથે પણ જો દેવબ્રાહ્મણનું નામ તેમને કાને પડે, તોપણ તે તેમનાથી સહન કરી શકાતું નથી, એવી જ્યાં સ્થિતિ હોય, ત્યાં દેવબ્રાહ્મણની શી આવશ્યકતા હોય?[૮૫] પરંતુ જેવી રીતે દક્ષ જનો મરી ગએલા વાછડાના પેટમાં ઘાસ ભરીને તેને ગાયની સ્હામો ઉભો રાખી ગાયનું દૂધ દોહી લે છે,[૮૬] તે જ પ્રમાણે, યજ્ઞના મિષથી સર્વ લોકોને આમંત્રણ કરીને (પોતાને કાંઇ મળશે એવી આશાથી તેઓ આવી પહોંચે એટલે) સ્હામો તેમની પાસેથી જ ચાંલ્લો મૂકાવીને તેમને લૂટે છે![૮૭] એ પ્રમાણે, યજ્ઞની દાંભિકતાનું પ્રદર્શન કરી તેઓ પ્રાણીઓના નાશની ઇચ્છા ધરાવે છે.[૮૮]

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १८ ॥

[અહન્તા, બલ, ગર્વ, કામ અને ક્રોધનો આશ્રય કરી રહેલા, પોતાના અને બીજાના શરીરમાં રહેલો જે હું પરમેશ્વર, તે મારો દ્વેષ કરનારા અને બીજા (સાધુજનો)ના ઉત્કર્ષને સહન ન કરનારા, (એવા એ લોકો હોય છે.) ૧૮]

પછી પોતાના આગળના ભાગમાં ડંકાનિશાન ચલાવીને 'અમે દીક્ષિત છીએ' એવી જગતમાં પોતાની વ્યર્થ પ્રસિદ્ધિ કરે છે.[૮૯] પણ તે વેળાએ તે અધમોને એવા દીક્ષિતપણાના મહત્ત્વથી વધારે જ ગર્વ ચઢે છે. જેવી રીતે અંધકારને કાજળનો લેપ કરવામાં આવે એટલે તે વધારે જ કાળો થાય છે;[૩૯૦] તે જ પ્રમાણે, તેની મૂર્ખતાની વૃદ્ધિ થાય છે અને ઉદ્ધતતા વધી જાય છે તથા અહંકારવડે અજ્ઞાનનો પણ વધારો થઈ જાય છે.[૯૧] એમ થતાં મારા જેવો આ જગતમાં બીજો કોઈપણ બળવાન્ નથી, એમ તેને ભાસે છે.[૯૨] એ પ્રમાણે એકવાર અહંકારની પ્રબળતા થઈ એટલે પછી દર્પરૂપી મહાસાગર પોતાની મર્યાદાના સ્થાનનું ઉલ્લંઘન કરીને વહેવા માંડે છે.[૯૩] એમ દર્પની વૃદ્ધિ થતાં કામનો પિત્તો પણ ખળભળે છે અને તેના યોગે ક્રોધાગ્નિ પણ વધારે ભડકે છે.[૯૪] એ સર્વ યોગો એકત્ર થતાં ઉન્હાળાના સમયમાં તેલ અને ઘીના કોઠારમાં આગ લાગે અને તેવામાં હવાનો સપાટો ચાલવા માંડે,[૯૫] તે પ્રમાણે અહંકાર પ્રબળ થવાથી અને દર્પ, કામ તથા ક્રોધ સાથે ગુંથાઇ જવાથી જેનામાં એ ઉભયનું ઐક્ય થાય છે[૯૬] તે મનુષ્ય

હે અર્જુન! પોતાની ઇચ્છા પ્રમાણેની સર્વ હિંસાઓ કરીને પ્રાણીઓના સંહારના વ્યાપારને આદરી બેસે છે.[૯૭] હે ધનુર્ધર! પ્રથમ એ દીક્ષિતો જારણમારણના નાદે ચઢીને પોતાના રક્ત અને માંસનો વ્યય કરે છે;[૯૮] તેઓ પોતાના દેહને જે પીડા કરી લે છે, તેના આઘાત તે દેહમાં નિવાસ કરનારો જે હું, તે મને-આત્માને સહન કરવા પડે છે;[૯૯] અને તેઓ જારણ-મારણની ક્રિયાથી જેમને પીડા આપે છે, એટલે તેમનામાં વાસ કરનારા જીવ ચૈતન્યને તેથી ત્રાસ થાય છે;[૧૦૦] અને કદાચિત્ તેમની જારણમારણ ક્રિયાના સપાટામાંથી કોઇ બચી જાય, તો તેમના વર્મો કાઢીને તેઓ તેમના મનને ત્રાસ આપે છે.[૧] સતી, સત્પુરુષ, દાનશીલ, યજ્ઞકર્ત્તા, અલૌકિક તપ કરનારા અને સંન્યાસી,[૨] અથવા ભક્ત, મહાત્મા પુરુષ અથવા જેમનાં ગૃહો શ્રૌત આદિક હોમધર્મવડે પવિત્ર થએલાં છે, એવાં મારા નિવાસ માટેનાં જે પવિત્ર અને પ્રિય સ્થળો છે,[૩] તેમને દ્વેષરૂપી કાળકૂટ વિષ પાઇને તીક્ષ્ણ કરેલા દુઃશબ્દરૂપી બળવાન્ બાણો તેઓ મારે છે.[૪]

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥

[તે સાધુઓના દ્વેષ્ટા અને ક્રૂર પાપી નરાધમોને સંસારમાંની (અતિશય દુઃખદાયક) આસુરી યોનિમધ્યે જ હું નિરન્તર જન્મ આપ્યા કરું છું. ૧૯]

એ પ્રમાણે જેઓ મારી જોડે સર્વ પ્રકારે વૈર કરવામાં પ્રવૃત્ત થાય છે, તે પાપીઓને હું શી શિક્ષા આપું છું, તે સાંભળ.[૫] મનુષ્ય દેહ ધારણ કરીને જેઓ આ જગતમાં આવી, પોતાના કર્ત્તવ્યને ભૂલી જાય છે; તેમની મનુષ્ય દેહરૂપ પદવીને હરણ કરીને હું તેમને એવી અવસ્થામાં રાખું છું,[૬] કે જે કલેશરૂપ ગામનો ઉકરડો અને સંસારપુરીનો જળાશય ઘાટ હોય છે! અર્થાત્ એવી જે તમો યોનિ, તેના તે મૂર્ખોને વતનદાર બનાવું છું.[૭] એટલે કે, ભૂખ લાગી હોય, છતાં જેમને ઘાસ ખાવાની પણ સગવડ નથી હોતી એવા વ્યાઘ્ર અને વૃશ્ચિક આદિ વનના નિવાસીઓની યોનિમાં હું તેમને નાખી દઉં છું.[૮] એ યોનિયોમાં તેઓ ક્ષુધાથી વિશેષ પીડિત થતાં પોતાના શરીરમાંથી જ માંસના લોચા તોડી તોડીને ખાય છે, મરી જાય છે અને પુનઃ તે જ યોનિમાં કેટલીકવાર ઉપરાઉપરી જન્મ ધારણ કરે છે;[૯] અથવા તો જે પોતે જ ખાઈને ઝેર ઓકે છે અને તેની ઉષ્ણતાથી જેની પોતાની ત્વચા બળી જાય છે, તેવા સર્પની યોનિમાં તેમને નાખી દઇને હું નિત્ય તેમને દરમાં જ પૂરી-ગોંધી-રાખું છું.[૧૦] પરંતુ અંદર લીધેલો શ્વાસ બહાર કાઢી શકાય એટલા અલ્પ સમયની પણ હું તે દુષ્ટોને વિશ્રાંતિ લેવા દેતો નથી.[૧૧] એવી રીતે જે કાળની ગણના કે માપણી કરી શકાતી નથી એવા કલ્પોના કલ્પ પર્યન્ત હું તેમને એવી કલેશદાયક યોનિયોમાં રાખું છું.[૧૨] પરંતુ તેમને જે સ્થળપ્રતિ અંતે જવાનું હોય છે, તેના માર્ગમાંનો આ તો હજી પહેલો જ મુકામ છે; એટલે પછી મૂળ સ્થાનમાં જતાં તેમને એના કરતાં પણ વધારે ભયંકર દુઃખો સહન કરવાં પડે એમાં આશ્ચર્ય શું હોઇ શકે?[૧૩]

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥ २० ॥

[હે અર્જુન! આસુરી યોનિને પામેલા તે પુરુષો જન્મોજન્મમાં (અધિકાધિક) મૂઢ થઇ, મને ન પામતાં ઉત્તરોત્તર અધમ ગતિને પ્રાપ્ત થાય છે. ૨૦]

એ પ્રમાણે એ આસુરી સંપત્તિનો મહિમા એવો છે કે, જેના યોગે અધોગતિ જ પ્રાપ્ત થાય છે.[૧૪] પછી વ્યાઘ્રાદિ તામસ યોનિયોમાં દેહના આધારથી જે થોડી ઘણી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે,[૧૫] તે સ્વસ્થતાને પણ હરી લઈને જ્યાં (જેમાં) પ્રવેશ કરવાથી અંધકારને પણ ગભરાટ થાય છે તે તમની યોનિમાં હું તેમને નાખી દઉં છું.[૧૬] જે તમનો પાપને પણ ભય લાગે છે, નરક પણ જેનાથી ડરે છે અને જ્યાંના શ્રમથી શ્રમ પણ મૂર્ચ્છિત થઇ જાય છે;[૧૭] જેના યોગે મલ પણ મલિન થાય છે, તાવને પણ તાવ આવે છે અને જેના નામમાત્રના શ્રવણથી મહાભય પણ ભયભીત થઇ જાય છે;[૧૮] જે તમનો પાપને પણ કંટાળો આવે છે; અમંગળ વસ્તુને પણ જેના સ્પર્શથી અમંગળતા લાગે છે અને અસ્પર્શ્યતા પણ જેની અસ્પર્શ્યતાથી ડરી જાય છે;[૧૯] હે ધનંજય! એવી જે આ સમસ્ત જગતમાંની નિકૃષ્ટ અવસ્થા, તે અવસ્થાને ભોગવીને એ અધમ જનો તામસ યોનિમાં જન્મ ધારણ કરે છે.[૪૨૦] અરે! તે યોનિનું વર્ણન કરતાં વાચાને અશ્રુ આવે છે અને તે યોનિનું સ્મરણ થતાંની સાથે મન પાછું હટી જાય છે. હાય! હાય! તે મૂર્ખોએ આ નરકવાસનો સ્વીકાર કેમ કરીને કર્યો હશે![૨૧] જે આસુરી સંપત્તિના યોગે એવું ઘોર પતન પ્રાપ્ત થાય છે, તે (આસુરી સંપત્તિ) ને તેઓ વિના કારણ શા માટે વધારતા હશે વારુ?[૨૨] હે અર્જુન! જે આસુરી સંપત્તિવાળાઓને આવો ભયંકર નરકવાસ ભોગવવો પડે છે, તે નરકવાસના માર્ગમાં તું સંચાર કરીશ નહિ.[૨૩] અને જે આસુરી સંપત્તિના અંગમાં દંભ આદિ છએ દોષો સદોદિત ભરેલા હોય છે, તે આસુરી સંપત્તિનો સર્વથા ત્યાગ કરી દે. આ ઉપદેશ તને વારંવાર આપવાની કશી પણ આવશ્યકતા નથી.[૨૪]

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ २१ ॥

[કામ, ક્રોધ અને લોભ જીવને કોઇપણ પુરુષાર્થની પ્રાપ્તિ ન કરવા દેનારાં નરકનાં ત્રણ દ્વારો છે; એટલા માટે એ ત્રણેનો પણ ત્યાગ કરવો. ૨૧]

પરંતુ કામ, ક્રોધ અને લોભ એ ત્રણનું મૂળ બળવાન્ થએલું હોય, ત્યાં તારે અશુભ ફળ પાકેલું જ સમજી લેવું.[૨૫] હે ધનંજય! એઓ સર્વને દુઃખનો અનુભવ કરાવી આપનારા દુઃખ માર્ગના ભોમિયા જ થએલા છે;[૨૬] અથવા તો પાપી જનોને નરક ભોગની પ્રાપ્તિ કરાવી આપનારી એ પાતકોની ખાસી મોટી સભા જ છે.[૨૭] રૌરવ નરકના નામથી આપણે પુરાણોમાં જેની ખ્યાતિ સાંભળીએ છીએ, તે રૌરવ નરકની પ્રતિષ્ઠા ત્યાં સુધી જ છે કે, જ્યાં સુધી એ ત્રણે દોષો અંતરમાં જાગ્રત થએલા નથી હોતા.[૨૮] એમના યોગે બહુ જ સત્વર અપાયની પ્રાપ્તિ થાય છે, યાતનાઓ દૃઢ થાય છે અને જેને હાનિ કહેવામાં આવે છે તે હાનિ ન હોઇને એ ત્રણ દોષો જ ખરેખર હાનિરૂપ છે.[૨૯] હે અર્જુન! એની જે અતિ નિકૃષ્ટ અવસ્થા કહી, તે કરતાં અધિક વર્ણન તે શું કરું? રે વધારે શું કહેવું? એ ત્રિદોષસમુદાય તે નરકના દ્વારનો ઊંબરો જ છે.[૪૩૦] કામ, ક્રોધ અને લોભને જે મનઃપૂર્વક અનુકૂળ થાય છે, તે નરકપુરીની સભામાં સન્માનને પાત્ર થાય છે.[૩૧] એટલા માટે, હે કિરીટી! તને હું વારંવાર કહું છું કે, સર્વ વિષયોમાં અત્યન્ત નઠારી કામ, ક્રોધ અને લોભની એ ત્રિપુટીનો ત્યાગ જ કરી દેવો.[૩૨]

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ २२ ॥

[હે કૌન્તેય! નરકનાં એ ત્રણે દ્વારોથી જે મનુષ્ય મુક્ત થાય છે, તે પોતાનું કલ્યાણ કરી લેવાના માર્ગમાં મળે છે; અને ત્યાર પછી ઉત્તમ ગતિને પામે છે. ૨૨]

"ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની વાર્ત્તા ત્યારે જ ઉચ્ચારી શકાય છે કે જ્યારે કામ, ક્રોધ અને લોભ એ ત્રણે પ્રયાણ કરી જાય છે.[૩૩] કામ, ક્રોધ અને લોભ એ ત્રણે જ્યાં સુધી અંતરમાં વાસ કરી રહેલા હોય છે, ત્યાં સુધી તેના કલ્યાણની વાર્ત્તા મારાં શ્રવણો સાંભળતાં નથી. એમ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે.[૩૪] જેને પોતાના કલ્યાણની ઇચ્છા હોય અને જે પોતાના નાશથી બ્હીતો હોય, તેણે સાવધ રહીને એ ત્રણેનો સહવાસ કરવો નહિ.[૩૫] પેટપર પાષાણ બાંધી સમુદ્રમાં પડીને તરી જવું;-અથવા જીવનને ધારણ કરી રાખવા માટે હલાહલ વિષનું સેવન કરવું;[૩૬] તેવી જ રીતે એ કામ, ક્રોધ અને લોભના સમાગમથી કાર્યસિદ્ધિની આશા રાખવાની છે, એમ જાણવું. એટલા માટે, મનમાંથી એના બીજનો વિનાશ કરી નાખ.[૩૭] જે વેળાએ સહજ રીતિથી એ ત્રણ કડીઓની સાંકળ પગમાંથી તૂટી પડશે, તે વેળાએ પોતાના હિતના માર્ગમાં આનંદપૂર્વક ચાલી શકાશે.[૩૮] કફ, વાત અને પિત્ત એ ત્રણ દોષો જ્યાં સુધી શરીરમાં ઉત્પન્ન થએલા નથી હોતા, અથવા તો ચાડી, ચોરી અને છીનાળાંથી જ્યાં સુધી એક નગર અલિપ્ત હોય છે અને જ્યાં સુધી આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રિવિધ તાપથી અંતઃકરણ મુક્ત છે; ત્યાં સુધી જ જેમ સુખ પ્રાપ્ત થાય છે;[૩૯] તેવી જ રીતે, કામ, ક્રોધ અને લોભનો જેણે ત્યાગ કરેલો હોય છે, તેને જ આ જગતમાં સુખ પ્રાપ્ત થાય છે અને સજ્જનોના સમાગમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૪૦] પછી તે સત્સંગતિના બળથી અને સચ્છાસ્ત્રોના યોગે જન્મમૃત્યુના ઉજ્જડ-ભયંકર-વનને ઉલ્લંઘી જાય છે.[૪૧] તે વેળાએ, જે સ્થાનમાં આત્માનંદ નિત્ય નિવાસ કરે છે એવું જે ગુરુકૃપાનું સ્થાન તે તેને પ્રાપ્ત થાય છે.[૪૨] પ્રીતિથી પણ પરમ સ્થાનરૂપ આત્મરૂપ માતાનો ત્યાં ભેટો થાય છે અને તેને આલિંગન આપવાથી સંસારના તાપનો પોતાની મેળે જ લોપ થઈ જાય છે.[૪૩] એ પ્રમાણે, જે કામ, ક્રોધ અને લોભને ત્યાગીને મુક્ત થાય છે, તે જ આત્માની પ્રાપ્તિ કરી લેવામાં સમર્થ થઇ શકે છે.[૪૪]

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ २३ ॥

[જે શાસ્ત્રોક્ત વિધિને છોડીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્તે છે, તેને સિદ્ધિ, સુખ અને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થતી નથી. ૨૩]

અથવા આત્મપ્રાપ્તિના લાભને પ્રિય ન ગણીને જે કામ આદિમાં જ માથું મારીને બેસી રહે છે, તે ખરેખર આત્મઘાત કરનારો જ છે.[૪૫] આ જગતમાં સર્વને સમાન અને સર્વપર એક સરખી કૃપા કરનાર તેમ જ પોતાના હિત તેમ જ અહિતને દર્શાવનાર કેવળ દીપ સ્વરૂપ સર્વના ગુરુ જે વેદ, તે વેદોની આજ્ઞાને જે પાળતો નથી;[૪૬] જે શાસ્ત્રોમાં કહેલા વિધિનિષેધની પરવા રાખતો નથી અને પોતાના હિતનો વિચાર ન કરતાં ઇન્દ્રિયોના કોડ પૂરે છે;[૪૭] કામ, ક્રોધ અને લોભના ફાંસાને છોડતો નથી અને તેમણે આપેલા શપથનો ભંગ કરતો નથી, તેમ જ પોતાની ઇચ્છામાં આવે તે પ્રમાણે (નિરંકુશતાથી) વર્ત્યા કરે છે;[૪૮] તેનો તેમના બંધનથી એક ક્ષણ માત્ર પણ છૂટકો થતો નથી અને સુખની વાર્ત્તા તો સ્વપ્નમાં પણ તેનાથી સો યોજન દૂરની દૂર જ હોય છે;[૪૯] અને પરલોકથી પણ તેનો વિયોગ થાય છે, એમાં લેશ માત્ર પણ શંકા નથી. એટલું જ નહિ, પણ તેને આલોકમાંના

ભોગો ભોગવવાનો પ્રસંગ પણ મળી શકતો નથી.[૪૫૦] કોઇ બ્રાહ્મણ નદી તીરે સ્નાન સંધ્યા કરતો હોય એવામાં માછલામાં તેનું મન જતાં તે માછલાને તે પકડવા જાય અને લોકો તેના એ કૃત્યને જુએ એટલે પછી તેઓ તેને જેમ નાસ્તિક કહીને જ બોલાવે છે; એટલે કે, માછલું પકડવાની તેની ઇચ્છા પણ પૂરી થતી નથી અને તે બ્રાહ્મણત્વને પણ ખોઇ બેસે છે;[૫૧] તે જ પ્રમાણે, વિષયોના છન્દે ચઢીને જે પરલોકનાં દ્વારોને પોતાના માટે બંધ કરી દે છે અને આ લોકમાં પણ મૃત્યુના સપાટામાં સપડાય છે;[૫૨] એટલે કે, તેને આલોક કે પરલોક બેમાંના એકે લોકનો આનંદ પ્રાપ્ત થતો નથી–અર્થાત્ તેને માટે પરલોક પણ નથી અને સ્વર્ગ (સુખ) પણ નથી. જેને આલોકમાં પણ વિષયોના ભોગોને ભોગવવાનો પ્રસંગ મળી શકતો નથી, ત્યાં મોક્ષ-પ્રાપ્તિની વાર્ત્તા કરવી જ શા માટે જોઇએ વારુ?[૫૩] એટલા માટે, કામની વૃદ્ધિથી જે વિષયોનું સેવન કરવા મથે છે, તેને વિષય–ભોગ પણ મળતો નથી, સ્વર્ગની પ્રાપ્તિ પણ થતી નથી અને તેનો ઉદ્ધાર પણ થઇ શકતો નથી.[૫૪]

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ २४ ॥

[એટલા માટે, કાર્ય અને અકાર્યના નિર્ણયના કાર્યમાં તારે માટે શાસ્ત્ર જ પ્રમાણ છે. શાસ્ત્રના કહેલા કર્મને જાણી લઇને તે કર્મ આ લોકમાં કરવું એ જ તને યોગ્ય છે. ૨૪]

એટલા માટે, હે તાત અર્જુન! જેને પોતાના કલ્યાણની ઇચ્છા હોય, તેણે વેદોમાં કહેલા વિધાનની કદાપિ અવજ્ઞા કરવી ન જોઇએ.[૫૫] પતિવ્રતા પ્રમદા પતિની ઇચ્છા પ્રમાણે વર્તીને જેમ અનાયાસ પોતાનું હિત સાધી લે છે;[૫૬] અથવા શ્રી ગુરુની આજ્ઞામાં ધ્યાન પરોવીને જે વર્તે છે તે શિષ્ય આત્મપ્રાપ્તિ સહજમાં કરી લે છે;[૫૭] વધારે તો શું? પોતે જ મૂકેલી વસ્તુને હસ્તગત કરવા માટે જેમ દીપકના પ્રકાશને અવશ્ય આગળ કરવો પડે છે;[૫૮] તે જ પ્રમાણે, હે પાર્થ! જેના મનમાં સર્વ પુરુષાર્થના સ્વામી થવાની ઇચ્છા હોય, તે પુરુષે શ્રુતિ અને સ્મૃતિને શિરસાવંદ્ય માનવી જ જોઇએ.[૫૯] જે કાર્ય કરવા માટેની શાસ્ત્રોએ ના પાડેલી હોય તે જો રાજ્ય હોય તોપણ તેને તૃણ સમાન માનવું અને જે કાર્ય કરવાની આજ્ઞા કરેલી હોય, તે વસ્તુ જો પ્રાણહારક વિષ હોય તોપણ તેનું શ્રદ્ધાથી સેવન કરવું.[૪૬૦] હે સુભટ! એ પ્રમાણે, જે એકનિષ્ઠતાથી વેદોની આજ્ઞાનું પાલન કરે છે, તેનો અને અનિષ્ટતાનો કદાપિ સંયોગ (મેળાપ) થતો જ નથી.[૬૧] અહિતના બંધનમાંથી છોડવનારી અને હિત કરીને ઉછેરનારી શ્રુતિ જેવી આ જગતમાં બીજી કોઇ માતા છે જ નહિ.[૬૨] એટલા માટે, જેના યોગે બ્રહ્મપ્રાપ્તિ થાય છે, તે એ શ્રુતિની કોઇએ અવજ્ઞા કરવી નહિ; અને તું પણ વિશેષતાથી શ્રુતિની આજ્ઞાનું જ પાલન કર.[૬૩] હે અર્જુન! પૂર્વ જન્મમાં ધર્માચરણ કરવાથી આ જન્મમાં સચ્છાસ્ત્રોને યથાર્થ કરવા માટે જ તું ઉત્પન્ન થયો છે;[૬૪] અને (તું ધર્મ રાજાનો સહોદર હોવાથી) તને 'ધર્માનુજ' નામ સહજ પ્રાપ્ત થએલું છે; એટલે તારે કદાપિ વેદબાહ્ય વર્ત્તન કરવું જ નહિ.[૬૫] કાર્યાકાર્યનો વિચાર કરવા માટે શાસ્ત્રોને સારી રીતે સમજવાં અને જે નઠારાં કૃત્યો હોય તેનો ત્યાગ કરવો;[૬૬] અને ત્યાર પછી જે ખરેખર ઉત્તમ કર્ત્તવ્ય છે, તેનું પોતે સારી રીતે–આચરપૂર્વક આચરણ કરવું.[૬૭] હે સુભદ્રાપતિ–હે સુબુદ્ધિમાન! આજે તારા હાથમાં જગતે પ્રમાણ માનવા યોગ્ય સિક્કો હોવાથી ખરેખર સર્વ લોકો તારા આચરણનું અનુકરણ કરે, એવી તારી યોગ્યતા થશે.[૬૮]

એ પ્રમાણે આસુર વર્ગનાં સર્વ લક્ષણો કહીને હવે તેનો નિર્ણય પણ અર્જુનને સંભળાવી દીધો;[૬૯] એટલે હવે એ વિષે મનમાં સદ્‌ભાવ ધારીને અર્જુન જે કાંઇ પૃચ્છા કરશે, તે સાવધાન ચિત્તથી

તમે સાંભળો.[૪૭૦] શ્રી વ્યાસની આજ્ઞા પ્રમાણે સંજયે ધૃતરાષ્ટ્ર રાજાનો સમય વીતાડ્યો, તે પ્રમાણે, નિવૃત્તિ મહારાજની કૃપાથી હું પણ તમને (ગીતાનો અર્થ) કહીશ.[૭૧] તમો સંતો જો મારાપર કૃપાદૃષ્ટિ કરશો, તો તમને માન્ય થઇ પડે એવું જ હું બોલીશ.[૭૨] શ્રીજ્ઞાનદેવ કહે છે કેઃ-પોતાનું અવધાન આપીને શિષ્યપર પ્રસાદ કરો, એટલે હું કૃતકૃત્ય થાઉં.[૪૭૩]

ઇતિ શ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા મધ્યે "દૈવાસુરસંપદ્ વિભાગયોગ" નામનો અધ્યાય સોળમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો સપ્તદશ અધ્યાય.

શ્રદ્ધાત્રય વિભાગયોગ.

विश्वविकासित मुद्रा । जया सोडवी तुमी योगनिद्रा । तया नमोजी गणेंद्रा । श्रीगुरुराया ॥ १ ॥

અહો શ્રીગુરુરાજ! તમારી જે યોગરૂપી માયા જગદ્રૂપ પ્રફુલ્લિત મુદ્રાને વિકસિત કરે છે, તેવા તમો ગણપતિને મારા નમસ્કાર હો.[૧] સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણરૂપ ત્રણ નગરો-વડે ઘેરાયલા જીવરૂપ કિલ્લામાં અવરુદ્ધ થએલો જે આત્મા તેને તમારા સ્મરણથી શ્રી શંકરે મુક્ત કર્યો છે.[૨] એટલા માટે શ્રી શંકર જોડે તમારી તુલના કરવા છતાં તમારી યોગ્યતા વિશેષ છે. (તમારું ત્રાજવું વધારે ભારવડે નીચું નમી જાય છે.) તથાપિ માયારૂપ સમુદ્રમાંથી (ભવસાગરમાંથી) મુમુક્ષુજનોને તારી લઇ જવાના કાર્યમાં તો તમે નૌકા પ્રમાણે હલકા જ છો.[૩] જેઓ તમારાથી અજ્ઞાત છે, તેમને તમે વક્રતુંડ (વાંકી સૂંઢવાળા) દેખાઓ છો અને જેઓ તમારા સ્વરૂપને જાણે છે, તેમને તમે નિત્ય હોવા સાથે સરળતુંડ જ દેખાઓ છો.[૪] દેવનાં નેત્રો આમ બહારથી જોતાં ન્હાનાં દેખાય છે, પરંતુ તેમની ઉઘાડઢાંકથી આપ લીલાવડે જગતની ઉત્પત્તિ અને જગતનો નાશ કર્યા કરો છો.[૫] પ્રવૃત્તિરૂપ કાન ફફડાવ્યાથી (સંસારરૂપ વૃત્તિ ઉત્પન્ન થઇને) મદનો સૌગંધિત વાયુ છૂટે છે અને તેમાં લુબ્ધ થએલા જીવરૂપ ભ્રમર ગંડસ્થળમાં આવી બેસવાથી નીલ કમળવડે તમારી પૂજા કર્યા પ્રમાણે તમારું ગંડસ્થળ શોભાયમાન દૃષ્ટિગોચર થાય છે.[૬] ત્યાર પછી દ્વિતીય નિવૃત્તિરૂપ શ્રવણને ફફડાવવાથી (અંતર્મુખ વૃત્તિ ઉત્પન્ન થતાં) તમારી બાંધેલી પૂજાનું વિસર્જન થાય છે અને તે વેળાએ આપનું શુદ્ધ સ્વરૂપ બહુ જ મિષ્ટ (અવલોકનીય) દેખાય છે.[૭] તમારા ડાબા જાનુપર બેઠેલી સરસ્વતી (શક્તિ) ની નૃત્યક્રીડા જ જગતને ઉત્પન્ન કરે છે; અને તે નૃત્યના મિષથી આપ સમસ્ત જગતનો વ્યવહાર ચલાવ્યા કરો છો.[૮]

અસ્તુ; હે ગુરુરાજ! આપ જેના સંબંધી થાઓ છો, તે સગપણના વ્યવહારથી મુક્ત થાય છે, (અર્થાત્ તેના દ્વૈત ભાવનો લોપ થવાથી તે તમારા સ્વરૂપમાં મળી જાય છે,) એ કેટલી બધી આશ્ચર્યકારિણી ઘટના?[૯] તમો જગતના બંધનનું નામ નિશાન પણ બાકી રહેવા દેતા નથી અને તેથી આપ જગદ્બંધુ છો એવો ભાવ રાખીને જેઓ મહા આનન્દથી આપને (આત્મસ્વરૂપ ભાવથી) શરણે આવે છે,[૧૦] તેમનો દેહ પણ દ્વૈતભાવે કરીને અવશિષ્ટ રહેતો નથી; કારણ કે, હે દેવરાજ! તે અન્યોને આપ સ્વસ્વરૂપ જ કરી દ્યો છો. (તેમનામાંના દ્વૈતભાવનો લોપ થાય એટલે પછી સર્વત્ર અદ્વૈત થતાં ભેદભાવ કયાંથી ટકી શકે?)[૧૧] જેઓ તમને ભિન્ન માનીને

તમારી પ્રાપ્તિ કરવા માટે દોડતા ફરે છે, તેમને તમારી પ્રાપ્તિ ન થતાં તમો સર્વ રીતે તેમની પાછળ જ રહી જાઓ છો.[૧૨] જેઓ ધ્યાન ધરવાના નિમિત્તથી તમારી મૂર્ત્તિને મનમાં ધારણ કરે છે, તેમને તમે મળતા નથી, એટલું જ નહિ પણ તેમના દેશમાં પણ તમે નિવાસ કરતા નથી; પરંતુ જેઓ ધ્યાન સહિત તમારા વિશેના પોતાના દ્વૈતભાવને ત્યાગી દે છે, તેઓ તમને અત્યંત પ્રિયતમ થઇ પડે છે.[૧૩] તમે જે સિદ્ધ તે તમને જે જાણતો નથી, તેને જ સર્વજ્ઞ કહેવામાં આવે છે. વેદોએ તમારું જે આટલું બધું વર્ણન કરેલું છે, તેને તમો સાંભળતા સુદ્ધાં પણ નથી.[૧૪] તમારી જન્મરાશિથી 'મૌન' નામ નીકળે છે, એટલે પછી તમારી સ્તુતિ કરવાની ઇચ્છા મારે શા માટે કરવી જોઇએ? આ સમસ્ત ભાસમાન્ જગત્ તે સર્વ આપની જ માયા છે, એટલે પછી આપનું ભજન કેમ કરીને કરી શકાય?[૧૫] જો તમારો સેવક થવાની આકાંક્ષા કરું, તો તેમ કરતાં દ્વૈતરૂપ દ્રોહ મારા ભાગમાં આવે છે એટલા માટે તમારી જોડે કશો પણ સંબંધ ન રાખવો; અર્થાત્ તમારા અને મારા મધ્યે દ્વૈતભાવ ન રાખવો એ જ વધારે ઉત્તમ છે-એ જ તમારું પૂજન છે![૧૬] જ્યારે હું સર્વ પ્રકારે એમ જ કહું કે, 'હું તમારો કોઇ પણ નથી' ત્યારે જ તમારા અને મારામાં અદ્વૈત હોવાનું સિદ્ધ થાય છે; તો હે આરાધ્ય દૈવત ગુરુરાજ! તમારો એ ભેદ (રહસ્ય) હવે મારા જાણવામાં આવ્યો છે.[૧૭] લવણ જેવી રીતે પાણીથી ભિન્ન ન હોવાથી પાણીમાં મેળવીએ એટલે તત્કાળ ઐક્યને પ્રાપ્ત થાય છે; તે જ પ્રમાણે, તમારામાં અને મારામાં દ્વૈતભાવ ન હોવાથી હું તમને નમસ્કાર કરું છું. એના કરતાં વધારે શું બોલું?[૧૮] ખાલી ગાગરને સમુદ્રમાં બોળતાં તે જેમ પાણીથી છલાછલ ભરાઇને જ બહાર નીકળે છે અથવા દીપકના સંસર્ગથી વાટ દીપસ્વરૂપ જ થાય છે;[૧૯] તે પ્રમાણે, હે ગુરુરાજ શ્રી નિવૃત્તિનાથ! તમોને નમસ્કાર કરવાથી હું કૃતકૃત્ય થયો છું. હવે હું ગીતાના અર્થને સ્પષ્ટ કરીશ.[૨૦]

સોળમા અધ્યાયના અંતિમ શ્લોકમાં દેવે જે એવો નિશ્ચયપૂર્વક સિદ્ધાન્ત કહી સંભળાવ્યો કે,[૨૧] "હે પાર્થ! સારા અથવા નઠારા કર્મોનું આચરણ કરવામાં તારે શાસ્ત્રને જ સર્વથા પ્રમાણ માનવું જોઇએ."[૨૨] એ સાંભળીને અર્જુન મનમાં કહેવા લાગ્યા કે, આમ કેમ? કોઇ પણ કર્મ કરવામાં શાસ્ત્ર વિના છૂટકો જ નથી એટલે શું?[૨૩] સર્પની પાસે જઇ તેના ફણિપરના મણિને કેમ કાઢી શકાય? અને સિંહના નાકમાંનો વાળ કેવી રીતે મેળવી શકાય?[૨૪] હવે તે (સિંહના નાકના) વાળમાં મણિ પરોવી શકાય તો જ તે ભૂષણ ગળામાં ધારણ કરવું અને નહિ તો ગળાને અડવું જ રાખવું કે શું?[૨૫] એ પ્રમાણે, જૂદાં જૂદાં શાસ્ત્રોને એકત્ર કોણ કરશે? અને તેમની એકવાક્યતા કરીને તેમનો ઉપયોગ કોણ કરશે?[૨૬] ધારો કે, કદાચિત્ તેમની કોઇ એકવાક્યતા પણ કરે, તોય તે પ્રમાણે આચરણ કરવા જેટલો સમય ક્યાંથી અને કેમ કરીને મળી શકે? અને એટલું બધું આયુષ્ય કોનું હોઇ શકે?[૨૭] તેમ જ, શાસ્ત્ર, અર્થ, દેશ અને કાળ એ ચારેની કદાચિત્ પ્રાપ્તિ થાય, તો પણ એમની સર્વને એકસરખી રીતે પ્રાપ્તિ કેમ થઇ શકે વારુ?[૨૮] અર્થાત્ પુષ્કળ પ્રકારે આ મૃત્યુ લોકમાં શાસ્ત્રનું સાધન સર્વને સમાનતાથી પ્રાપ્ત થવાનું નથી; ત્યારે પછી મૂર્ખ મુમુક્ષુ જનોના તરણનો ઉપાય શો?[૨૯] એ અભિપ્રાયની પૃચ્છા કરવા માટે અર્જુને જે પ્રસ્તાવના કરી, તે જ આ સત્તરમા અધ્યાયનો મૂળ વિષય છે.[૩૦] એટલે સર્વ વિષયો વિશે નિરિચ્છ, સકલકળાપ્રવીણ અને અર્જુનના રૂપે શ્રી કૃષ્ણને પણ આનંદ આપનાર જે કૃષ્ણ (અર્જુન);[૩૧] જે શૌર્યનો આધાર, સોમવંશનો અલંકાર અને જેની લીલાથી દેવને પણ બહુ સુખ થાય છે;[૩૨] જે બુદ્ધિનો પ્રિયકર, બ્રહ્મવિદ્યાનું વિશ્રાંતિસ્થાન અને સદૈવ શ્રીકૃષ્ણના અંતઃકરણમાં નિવાસ કરનાર,[૩૩]

अर्जुन उवाच—ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयाऽन्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहोरजस्तमः ॥ १ ॥

[અર્જુને કહ્યું:–હે શ્રી કૃષ્ણ! જે કોઇ શાસ્ત્રવિધિને ત્યાગીને સત્ય શ્રદ્ધાથી યુક્ત થઈ તમને ભજે છે, તેમની તે ભક્તિ કયા પ્રકારની–સાત્ત્વિક, રાજસ કે તામસ? ૧]

અર્જુને પૂછ્યું:–હે તમાલશ્યામ! હે સર્વ ઇંદ્રિયોવડે પ્રત્યક્ષ ભોગ્ય પરબ્રહ્મ! તમારું ભાષણ મને સંશયયુક્ત જણાય છે.[૩૪] પ્રાણીમાત્રને શાસ્ત્રના જ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી, એમ આપે જે એકપક્ષીય ભાષણ કર્યું, તેનો હેતુ શો?[૩૫] જે દેશમાં શાસ્ત્રાભ્યાસ કરવાની સગવડ હોય, તે દેશ જ જેને પ્રાપ્ત થતો નથી, તેમ જ અભ્યાસમાં જોઈતા આયુષ્યની પણ જેને અનુકૂળતા નથી અને જે ગુરુ પાસેથી શાસ્ત્રનું જ્ઞાન મેળવી શકાય, તેવા ગુરુ પણ દૂર વસે છે;[૩૬] તેમ જ અભ્યાસમાં સહાયભૂત થનારી સામગ્રીઓ પણ તે જ વેળાએ જેની પાસે નથી;[૩૭] વળી પૂર્વ કર્મ અનુકૂળ ન હોવાથી જેને બુદ્ધિની પણ સહાયતા નથી, અર્થાત્ જેનામાં બુદ્ધિ ઓછી છે; એવા પ્રકારે જેના શાસ્ત્રસંપાદન માટેના ઉપાયો ઓછા છે;[૩૮] કિંબહુના, શાસ્ત્રોની એકવાક્યતા કરવાનું સામર્થ્ય ન હોવાથી, જેણે વાદવિવાદના વ્યવસાયનો ત્યાગ કરેલો છે;[૩૯] પરંતુ શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેમાં કહ્યા પ્રમાણેનાં યથાવિધિ અનુષ્ઠાનો કરી પરલોકમાં જેઓ આનંદથી વિહાર કરે છે,[૪૦] તે જ પ્રમાણે, 'આપણે પણ એવા જ થઈએ' એવી ઈચ્છાને મનમાં ધારણ કરીને જેઓ તેમના માર્ગનું આચરણ કરે છે;[૪૧] હે પ્રભો! જેવી રીતે ઉપર લખી આપેલા પાઠના અક્ષરો પ્રમાણે ન્હાનું બાળક નીચે અક્ષરો લખે છે અથવા તો દેખતા માણસને આગળ ચલાવીને જેમ તેના આશ્રયથી આંધળો માણસ માર્ગમાં ગમન કરે છે,[૪૨] તે જ પ્રમાણે, જેઓ સર્વ શાસ્ત્રોમાં નિપુણ છે તેમના આચરણને પ્રમાણ માનીને તેમાં જેઓ શ્રદ્ધા રાખે છે;[૪૩] અને શંકર આદિ દેવોનું પૂજન કરવું, ભૂમિ આદિ મહાદાનો આપવાં અને અગ્નિહોત્ર આદિ યજ્ઞ કરવા, એ સર્વ કર્મો જેઓ શ્રદ્ધાથી કરે છે,[૪૪] તેમને હે પુરુષોત્તમ! સત્ત્વ, રજ અને તમ એમાંની કેઈ ગતિ પ્રાપ્ત થાય છે, તે મને કહો.[૪૫] (તે વચન સાંભળી) વૈકુંઠપીઠના અધિદૈવત, વેદરૂપ કમળના પરાગ, જેમની સત્તાથી આ સર્વ જગત્ જીવે છે;[૪૬] જે લોકોત્તર છે, પ્રૌઢ છે અને સ્વાભાવિક જ મહાન કાળ છે; જે અદ્વિતીય, ગૂઢ અને આનંદઘન છે,[૪૭] તેમ જ સર્વ ગુણો જે શક્તિના આધારે વર્ણનીય થાય છે તે શક્તિ જેમના અંગમાં રહેલી છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન્ પોતાના મુખથી બોલવા લાગ્યા કે;–[૪૮]

श्रीभगवानुवाच—त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥ २ ॥

[શ્રી ભગવાને કહ્યું:–મનુષ્યોની જે સ્વાભાવિક શ્રદ્ધા તે સાત્ત્વિક, રાજસ અને તામસ એવી ત્રણ પ્રકારની હોય છે, તે સાંભળ. ૨]

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું:–હે પાર્થ! શાસ્ત્રાભ્યાસમાં મોટો અવરોધ રહેલો છે, એવો તારા મનનો ભાવ (સંશય) થયેલો છે, એ મારા જાણવામાં છે.[૪૯] તું કેવળ શ્રદ્ધાથી જ મોક્ષપ્રાપ્તિ કરી લેવાનો વિચાર રાખે છે, પણ હે પ્રબુદ્ધ! તું ધારે છે તેવું અને તેટલું એ કાર્ય સુલભ નથી.[૫૦] હે અર્જુન! કેવળ શ્રદ્ધાપર જ કેવળ વિશ્વાસ રાખી બેસવું નહિ. જો અને વિચાર કર કે, અંત્યજના સમાગમથી બ્રાહ્મણ પણ અંત્યજ નથી થતો કે શું?[૫૧] ગંગાના પાણીને પણ જો મદિરાના પાત્રમાં

નાખવામાં આવે તો પછી તે ગંગાજળનો પણ સ્વીકાર કરી શકાતો નથી, એનો જરાક વિચાર કર.[૫૨] ચંદન શીતલ છે, પરંતુ જો તેને તે સળગ્યા પછી હાથમાં લેવામાં આવે, તો તેથી હાથ દાઝ્યા વિના રહે ખરો?[૫૩] અથવા હે અર્જુન! ઓછા કસના સોનાને તાવતાં તેમાં સારું સોનું પડી જાય અને પછી તેને ઉત્તમ સુવર્ણના ભાવે ખરીદવામાં આવે તો તે ખરીદનાર લૂટાય કે નહિ?[૫૪] તેજ પ્રમાણે, શ્રદ્ધાનું સ્વરૂપ મૂળમાં જો કે શુદ્ધ છે, તોપણ જ્યારે તે પ્રાણીઓની વ્હેંચણીમાં આવે છે,[૫૫] ત્યારે, પ્રાણીઓ તો સ્વભાવતઃ જ અનાદિ માયાની શક્તિથી ત્રણ ગુણયુક્ત જ બનેલાં છે;[૫૬] તેમાં પણ બે ગુણો ક્ષીણ થઈને તૃતીય ગુણ જે વેળાએ વધી જાય છે, તે વેળાએ તે ગુણના અનુરોધથી જીવોની વૃત્તિઓ બંધાય છે;[૫૭] વૃત્તિઓના અનુરોધે જ તેઓ મન (વાસના) ને ધારણ કરે છે; મનને અનુસરીને કર્મો કરે છે; અને મરી જવા પછી પુનઃ પોતાનાં કર્મો પ્રમાણે જ દેહ ધારણ કરે છે;[૫૮] બીજનો ક્ષય થાય છે અને વૃક્ષની વૃદ્ધિ થાય છે, અને વૃક્ષનો લોપ થાય છે ને તે પાછું બીજમાં સમાઈ જાય છે. એ પ્રમાણે કલ્પોના કલ્પ વીતી જાય તોય મૂળ વૃક્ષની જાતિનો કાંઇ નાશ થતો નથી.[૫૯] તેજ પ્રમાણે, જીવના અનેક જન્માંતરો થઇ જવા છતાં તેમાંના ત્રણ ગુણોનું પરિવર્તન થતું નથી.[૬૦] એટલા માટે, પ્રાણીઓના ભાગમાં જે શ્રદ્ધા આવેલી હોય છે, તે ગુણોના અનુરોધથી જ આવેલી હોય છે એમ સમજવું.[૬૧] કદાચિત્ શુદ્ધ સત્ત્વગુણની વૃદ્ધિ થાય, તો જ્ઞાનની પ્રાપ્તિ થવા માંડે છે; પરંતુ તેને રજ અને તમ એ બે ગુણો વિરુદ્ધ હોય છે.[૬૨] સત્ત્વગુણના અનુરોધથી જે શ્રદ્ધા વર્ત્તતી હોય છે, તે મોક્ષ કાળ પર્યન્ત પ્રયાણ કરે છે; પરન્તુ રજ અને તમ એ બે ગુણો સ્વસ્થ કેમ બેસી શકે વારુ?[૬૩] સત્ત્વગુણના આશ્રયને લુપ્ત કરીને જે વેળાએ રજોગુણ આકાશ પર્યંત વધી જાય છે અર્થાત્ વૃદ્ધિ પામે છે તે વેળાએ તેજ શ્રદ્ધા કર્મ કરવા માંડે છે.[૬૪] અને પછીથી જ્યારે તમોગુણનું બળ વધે છે, ત્યારે તે શ્રદ્ધાનો ભંગ થઈને તેજ શ્રદ્ધા ગમે તે ભોગોને ભોગવવામાં ઉદ્યુક્ત થાય છે.[૬૫]

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

[હે ભારત! સર્વમાં પોતાના પૂર્વ સંસ્કાર અનુસાર શ્રદ્ધા ઉત્પન્ન થાય છે; કારણ કે, આ જીવ શ્રદ્ધામય છે. જે, જે પ્રકારની શ્રદ્ધાથી યુક્ત હોય છે, તે, તેવી રીતનો થાય છે. ૩]

એ પ્રમાણે, હે સુજ્ઞ! આ જીવસમુદાયમાં સત્ત્વ, રજ અને તમ એમનાથી ભિન્ન કોઇ શ્રદ્ધા નથી.[૬૬] અર્થાત્ સત્ત્વ, રજ અને તમ એ ભેદોવડે એ શ્રદ્ધા સ્વભાવતઃ જ ત્રિગુણાત્મક છે.[૬૭] પાણી પ્રાણી માત્રનું જીવન છે, પણ તેજ વછનાગ (ના વૃક્ષ) ને પાવાથી જેમ મારક થઇ પડે છે, મરચાંને તે જળ પાવાથી તીખું થાય છે અને શેરડીને પાવાથી મીઠું (ગળ્યું) થઇ જાય છે;[૬૮] તેજ પ્રમાણે તમોગુણના વધવાથી જે નિત્ય જન્મ પામે છે અને મરે છે, તે પ્રાણીમાં શ્રદ્ધા પણ તમોગુણના અનુરોધથી જ પરિણામ પામે છે.[૬૯] કાજળ અને મેશમાં જેમ તફાવત દેખાતો નથી, તેજ પ્રમાણે એ તામસી શ્રદ્ધા તે મનુષ્યથી ભિન્ન હોતી નથી.[૭૦] તેમજ, રાજસ પ્રાણીમાં આવનારી શ્રદ્ધા રજોગુણમયી અને સાત્ત્વિકોમાં રહેલી શ્રદ્ધા સર્વથા સત્ત્વગુણમયી જ હોય છે.[૭૧] એ પ્રમાણે, આ સમસ્ત જગત્ ખરેખર શ્રદ્ધાનું જ ઓતેલું છે.[૭૨] પરંતુ ત્રિગુણને આધીન હોવાથી, શ્રદ્ધામાં જે ત્રણ પ્રકારનાં ચિહ્નો છે, તેમને તું ઓળખી લે.[૭૩] જેવી રીતે, પુષ્પના પ્રમાણથી વૃક્ષને આવનારાં ફળોનું અનુમાન કરી શકાય છે, અથવા મનુષ્યના બોલવાપરથી જેમ તેના સ્વભાવનું સ્વરૂપ જણાઇ આવે છે તથા મનુષ્યની વર્ત્તમાન સ્થિતિને

જોતાં, જેમ તેનાં પૂર્વજન્મનાં કર્મો પરખાય છે;[૭૪] તે જ પ્રમાણે, જે ચિહ્નોવડે શ્રદ્ધાનાં ત્રણે સ્વરૂપો ઓળખી શકાય છે, તે ચિહ્નો (લક્ષણો)ની નિશાની હું તને કહું છું તે સાંભળ.[૭૫]

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥ ४ ॥

[જેઓ સાત્ત્વિક હોય છે, તેઓ દેવોનું પૂજન કરે છે; જેઓ રાજસ હોય છે, તેઓ યક્ષ રાક્ષસોનું પૂજન કરે છે અને બાકીના તામસ જનો, પ્રેત તથા ભૂતગણનું પૂજન કરે છે. ૪]

જેમનાં શરીર સાત્ત્વિક શ્રદ્ધાનાં બનેલાં-ઘડાયમાં હોય છે, તેમની બુદ્ધિ બહુધા સ્વર્ગપ્રાપ્તિમાં જ પ્રેરાયલી હોય છે.[૭૬] તેઓ સર્વ વિદ્યા શીખે છે, કયો યજ્ઞ કરવો યોગ્ય છે (અને કયો અયોગ્ય છે) એનો ઉહાપોહ કરે છે; વધારે તો શું? તેઓ દેવલોકને પામે છે.[૭૭] અને હે વીર શિરોમણે! જેમનાં શરીરો રજોગુણાત્મક શ્રદ્ધાનાં બનેલાં હોય છે, તેઓ રાક્ષસો અને પિશાચોને ભજે છે.[૭૮] જેમનાં શરીરો તમોગુણાત્મક શ્રદ્ધાનાં બનેલાં હોય છે, તેમના વિશે હું તને કહું છું કે, તેઓ કેવળ પાપરાશિ હોઇને અતિ કઠોર તથા દયાહીન હોય છે.[૭૯] તેઓ જીવોનો વધ કરીને બલિદાન આપે છે અને ભૂત, પ્રેત આદિ દૈવતોની સ્મશાનમાં જઇને સંધ્યાકાળે પૂજા કરે છે.[૮૦] તે તમોગુણનો સાર કાઢીને નિર્માણ કરેલા પુરુષો, તામસ શ્રદ્ધાના ભંડારજ સમજી લેવા.[૮૧] એ પ્રમાણે, સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારની શ્રદ્ધા જગતમાં વિસ્તરેલી છે. આ હું એટલા માટે કહું છું કે,[૮૨] એ ત્રણમાંની જે સાત્ત્વિક શ્રદ્ધા છે તેનો સ્વીકાર કરવો અને હે બુદ્ધિમાન્! બીજી બે જે રાજસ અને તામસ શ્રદ્ધાઓ છે તેનો ત્યાગ કરવો.[૮૩] હે ધનંજય! જેઓ એ સાત્ત્વિક બુદ્ધિને આચરે છે, તેમને મોક્ષપ્રાપ્તિ વિશે કાંઈ ભય હોતો નથી.[૮૪] તે મનુષ્ય ભલે વેદોનું પઠન કરતો ન હોય, શાસ્ત્રાધ્યયન કરતો ન હોય અથવા તો શાસ્ત્રોની એકવાકયતા કરીને કોઈ પણ સિદ્ધાન્ત ન ઠરાવતો હોય;[૮૫] પરંતુ જેઓ શ્રુતિ સ્મૃતિનું અધ્યયન કરીને મૂર્તિમંત વેદ બને છે; (વિદ્વાન્ થયેલા હોય છે,) અને પોતાના આચરણના યોગે સર્વ જગતને પૂજ્ય થયેલા હોય છે,[૮૬] તેમના આચરણનું અનુકરણ કરીને જે સાત્ત્વિક શ્રદ્ધાથી ચાલે છે, તેને તેમને મળનારું ફળ જ પ્રાપ્ત થાય છે.[૮૭] કોઈ એક મનુષ્ય મહા પ્રયાસ કરીને દીવો સળગાવે ને તે દીવામાંથી જો બીજો કોઈ પોતાનો દીવો સળગાવે, તો તે દીવો તેને ફસાવશે ખરો? (તેના ઘરમાં તે દીવો પ્રકાશ નહિ આપે, એમ બનશે ખરું?)[૮૮] અથવા કોઇ અપાર દ્રવ્ય ખર્ચીને ઘર બાંધે, તો તે ઘરમાં રહેનાર બીજા મનુષ્યથી તે ગૃહના નિવાસનું સુખ નથી ભોગવી શકાતું?[૮૯] અસ્તુ. જે તળાવ બંધાવે છે, તે જ મનુષ્યની તે તળાવના પાણીથી તૃષા તૃપ્ત થાય છે અથવા ગૃહમાં સ્વયંપાક કરનારની જ તે અન્નથી તૃપ્તિ થાય છે અને બીજાની થતી નથી કે?[૯૦] વિના કારણ વધારે બોલવાથી શો લાભ? અરે ગૌતમ ઋષિની મહા પ્રયત્નથી આણેલી ગંગા એક તેને જ શું પવિત્ર કરે છે અને જગતમાંના બીજા સર્વ મનુષ્યો માટે તે સાધારણ નહી બની જાય છે? ના.[૯૧] તાત્પર્ય કે આપણા પોતાના કરતાં જેઓ વધારે દક્ષતાથી શાસ્ત્રોનું અનુષ્ઠાન કરતા હોય, તેમની પેઠે જ જે શ્રદ્ધાળુ પુરુષ પોતાનું આચરણ રાખે છે, તો તે મૂર્ખ હોવા છતાં પણ તરી જાય છે.[૯૨]

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥ ५ ॥

[દંભ અને અહંકારથી યુક્ત, તેમ જ કામ અને પ્રીતિના બળથી મંડિત જે જનો શાસ્ત્ર-વિરુદ્ધ ઘોર તપનું આચરણ કરે છે; ૫]

જેમનામાં ખરેખર શાસ્ત્રનું અધ્યયન હોતું નથી જ અને શાસ્ત્રો શીખવાની જેમણે કેવળ ઇચ્છા પણ કરેલી હોતી નથી; એટલું જ નહિ, પણ જેઓ શાસ્ત્રજ્ઞોને પોતાના ઉંબરાપર પણ ઉભા રહેવા દેતા નથી;[૯૩] વડિલોનાં સ્નાન સંધ્યા આદિ આચરણોને જોઇને જેઓ તેમની ચેષ્ટા કરે છે, ચાળા પાડે છે અને પંડિતોનો સંવાદ સાંભળીને જેઓ તાળીઓ પાડે છે (અને તેમના શબ્દોને પોતાના કાનમાં અથડાવા પણ દેતા નથી;)[૯૪] પોતાની દક્ષતાથી અને પોતાના દ્રવ્યના મદથી જેઓ પોતાના તોરમાંજ હોય છે, તેઓ ખરેખર પાખંડીઓના તપનું જ આચરણ કરે છે.[૯૫] પોતા સમક્ષ આવેલા મનુષ્યના શરીરમાં શસ્ત્રોના પ્રહાર કરીને તેમનાં રક્તમાંસવડે યજ્ઞપાત્રોને છલાછલ ભરીને,[૯૬] પ્રદીપ્ત અગ્નિ કુંડમાં ચેટકીઓને (ક્ષુદ્ર દેવીઓને) તેમની આહુતિ આપે છે અને તેમને માનતા માનીને બાળકોનાં બળિદાન આપે છે;[૯૭] ક્ષુદ્ર દૈવતો પાસેથી વરપ્રાપ્તિ કરી લેવા માટે આગ્રહના ઉત્કર્ષથી સાત સાત દિવસ સૂધી અન્ન ભક્ષણ ન કરતાં અપવાસી રહીને અનુષ્ઠાનો કરે છે;[૯૮] હે સુજ્ઞ! (એવા પ્રકારે) તેઓ તમો ગુણરૂપ ભૂમિમાં પોતાને અને બીજાને પીડાકારક બીજનું આરોપણ કરે છે અને તેમાં પછી તામસ શ્રદ્ધાનો જ પાક આવે છે.[૯૯] હે અર્જુન! જે મનુષ્યને પોતાને તરવાનું આવડતું નથી તે નૌકાનો આશ્રય ન લેતાં સમુદ્રમાં પડે અને તેની જેવી દશા થાય છે;[૧૦૦] અથવા તો વૈદ્યનો દ્વેષ કરી જે કાઢાને લાતથી ઢોળી નાંખે છે, તે(વો નદીમાં પડનાર અને) રોગી કદાપિ રોગમુક્ત થતો નથી;[૧] અથવા તો જે દેખતા માણસનો કંટાળો ખાય છે અને એમ કરીને પોતાની આંખોને જ કાઢી નાંખે છે, તે આંધળા માણસની તેના પોતાના મધ્ય ગૃહમાં જેવી અવસ્થા થાય છે,[૨] તેવી જ તે અસુરોની સ્થિતિ થાય છે! કારણ કે, શાસ્ત્રમાં કહેલા માર્ગની તેઓ નિન્દા કરે છે અને તેથી મોહરૂપ અરણ્યમાં તેઓ ગભરાયલા અકળાયલા આમ તેમ ભટક્યા કરે છે;[૩] કામાધીન થઇને તેના અનુરોધથી આચરણ કરે છે, ક્રોધને આધીન થવાથી તે (ક્રોધ) જેના વધની પ્રેરણા કરે તેનો વધ કરી નાખે છે; કિંબહુના, મને દુઃખના પાષાણ તળે દાટી દે છે![૪]

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मां चैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥ ६ ॥

[અને જે અવિવેકી જનો શરીરમાંના ઇન્દ્રિયસમુદાયને અને શરીરના અંતર્ભાગમાં રહેલા મને પણ ત્રાસ આપે છે, તે આસુરી નિષ્ઠાના લોકો છે, એમ તારે સમજવું. ૬]

તેઓ પોતાનાં અને બીજાઓનાં શરીરોને જે જે દુઃખો આપે છે, તેથી (સર્વના અંતરમાં રહેલા) મને એટલે આત્માને ત્રાસ થાય છે.[૫] એવા પાપીઓની વાચાને, પાલવવડે પણ સ્પર્શ કરવો નહિ, (તેના નામનો પણ સ્વીકાર ન કરવો,) પણ તેમનો ત્યાગ કરવા માટે તેમનાં લક્ષણો નિરુપાયે કહેવાં પડ્યાં છે.[૬] પ્રેતને ઘરમાંથી બહાર કાઢવું પડે છે અથવા અંત્યજ સાથે (સંભાષણ ન કરવું જોઇએ છતાં) બે શબ્દો બોલીને તેને ટાળવો પડે છે; વધારે તો શું, પણ વિષ્ઠા પણ હાથે ધોઇને જ કાઢવી પડે છે.[૭] આ સર્વ સ્થળે કેવળ શુદ્ધિના હેતુથી જ તેમને સ્પર્શ કરાયલો હોવાથી એ સ્પર્શનો જેમ દોષ માનવામાં આવતો નથી; તે જ પ્રમાણે એ પાપી જનોનો ત્યાગ કરવા માટે તેમનાં લક્ષણો કહેલાં છે.[૮] હે અર્જુન! તેમને જોતાં જ તું મારું સ્મરણ કરજે. કારણ કે, તે પાપના ક્ષાલન માટે એ વિના બીજા પ્રાયશ્ચિત્તનો કશો પણ ઉપયોગ થવાનો નથી,[૯] અર્થાત્ સાત્ત્વિક શ્રદ્ધાનું બહુ જ સંભાળથી જતન કરવું.[૧૧૦] બીજું, જેના યોગે સાત્ત્વિક શ્રદ્ધાની વૃદ્ધિ થવાનો સંભવ હોય, તેનો જ સંગ કરવો અને જે અન્નના સેવનથી સાત્ત્વિક

બુદ્ધિ વધે છે, તે જ અન્નનો આહાર કરવો.[૧૧] કારણ કે, સ્વભાવની વૃદ્ધિ થવા માટેનું અન્ન-વિના–આહાર વિના–બીજું એક પણ પ્રબળ સાધન નથી.[૧૨] હે વીર અર્જુન! તું પ્રત્યક્ષ એમ જો કે, જે બરાબર સાવધ હોવા છતાં મદ્યનું સેવન કરવાથી તત્કાળ ઉન્મત્ત બની જાય છે;[૧૩] અથવા તો જે મનુષ્ય નિત્ય અન્ન ખાય છે, તેના શરીરમાં સ્વાભાવિક રીતે જ વાત અને કફનો વિકાર હોય છે. તાવ આવ્યો હોય, તો તે દૂધ આદિ પીવાથી ઓછો થશે કે?[૧૪] જેવી રીતે, અમૃતનું સેવન કરવાથી મરણ ટળી જાય છે અથવા વિષનું સેવન કરવાથી મૃત્યુ પ્રાપ્ત થાય છે,[૧૫] તે પ્રમાણે, જેવા અન્નનું ભક્ષણ કરવામાં આવે, તેવી ધાતુ ઉત્પન્ન થાય છે અને ધાતુ પ્રમાણેના જ અંતર્ભાવનો ઉદ્ભવ થાય છે.[૧૬] જેમ વાસણના તપવાથી તેમાંનું પાણી પણ તપે છે, તે જ પ્રમાણે ધાતુના તપવાથી ચિત્તવૃત્તિ તપે છે.[૧૭] એટલા માટે, સાત્ત્વિક અન્નનું સેવન કરવાથી સાત્ત્વિક ભાવ જ ઉત્પન્ન થાય છે, અને રાજસ તથા તામસ ભાવોની ઉત્પત્તિ તેવા જ રસોમાંથી થાય છે.[૧૮] ત્યારે હવે સાત્ત્વિક આહાર કયો અને રાજસ તથા તામસ આહાર શા છે, એ હું તને કહું છું, તો તેનું આદરથી શ્રવણ કર.[૧૯]

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।

यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७ ॥

[પ્રત્યેકને પ્રિય જે આહાર છે, તે પણ ત્રણ પ્રકારનો હોય છે; તે જ પ્રમાણે, યજ્ઞ, તપ અને દાન એ પણ ત્રણ ત્રણ પ્રકારનાં છે. તેમના ભેદ તને કહું છું, તે સાંભળ. ૭]

હે અર્જુન! સર્વ પ્રકારે અન્નના ત્રણ પ્રકાર કેવી રીતે થયા છે, તે હું સ્પષ્ટ કરીને કહું છું.[૧૨૦] જમનારાની રુચિ પ્રમાણે અન્ન તૈયાર કરવું પડે છે અને જમનાર તો ગુણોનો ગુલામ જ હોય છે![૨૧] જે જીવ કર્ત્તા અને ભોક્તા છે, તે સ્વાભાવિક રીતે જ ગુણોના અનુરોધથી ત્રણ પ્રકારની ચિત્તવૃત્તિઓને ધારણ કરીને વર્ત્તે છે.[૨૨] એટલા માટે આહાર ત્રણ પ્રકારનો છે; યજ્ઞ, તપ અને જ્ઞાન એ પણ ત્રણ પ્રકારનાં છે અને વ્યાપાર પણ ત્રણ પ્રકારના છે.[૨૩] પરંતુ પ્રથમતઃ તને આહારનું લક્ષણ કહેવાનું કહેલું છે, તે જ હું સ્પષ્ટ કરીને કહું છું તે સાંભળ.[૨૪]

आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥ ८ ॥

[આયુષ્ય, ઉત્સાહ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિને વધારનાર તથા રસભરિત, સ્નિગ્ધ, પૌષ્ટિક અને મનને આનંદ આપનાર આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે. ૮]

જ્યારે દૈવ યોગથી જીવ સત્ત્વ ગુણનો બનેલો હોય છે, ત્યારે મધુર અન્નના સેવનની તેને વિશેષ પ્રિયતા હોય છે.[૨૫] જે પદાર્થ પોતે જ ઉત્તમ રસયુક્ત, મિષ્ટ, અતિ સ્નિગ્ધ અને પક્વ હોય છે;[૨૬] જે આકારમાં મોટા હોતા નથી, હસ્તને મૃદુ લાગે છે, જિહ્વાપર મૂકવાથી તત્કાળ પીગળી જાય છે અને સ્વાદિષ્ઠ હોય છે;[૨૭] જે પદાર્થો રસથી ભરેલા છે ને ઉપરથી મૃદુ હોય છે અને પાણીદાર હોવા સાથે અગ્નિના તાપથી સ્થળે સ્થળે કાળા થયેલા હોય છે;[૨૮] જેમ શ્રી ગુરુના મુખમાંથી નીકળેલા અક્ષરો થોડા હોય, તોય તેમનું પરિણામ બહુ જ મોટું હોય છે; તે પ્રમાણે જે પદાર્થોના અલ્પ સેવનથી અગાધ તૃપ્તિ થાય છે;[૨૯] અને જે પદાર્થોને ખાતી વેળાએ મુખને માધુર્યનો અનુભવ થાય છે અને જેનું પરિણામ પણ મધુર હોય છે; તેવા પદાર્થો (અન્ન)માં સાત્ત્વિક મનુષ્યની વિશેષ પ્રીતિ હોય છે.[૧૩૦] એ પ્રમાણે, સાત્ત્વિક મનુષ્યને પ્રિય

થનારા પદાર્થોનાં ગુણલક્ષણ છે. એવા પદાર્થોના સેવનથી આયુષ્યનું બળ નિત્ય વધે છે.[31] એવા સાત્ત્વિક રસરૂપ મેઘોની દેહપર જેમ જેમ વધારે વૃષ્ટિ થાય છે, તેમ તેમ આયુષ્યરૂપ નદીમાં દિવસે દિવસે વધારે અને વધારે પૂર આવતું જાય છે.[32] હે સુબુદ્ધિમાન્! જેવી રીતે દિવસની ઉન્નતિનો મૂળ હેતુ સૂર્ય છે, તેજ પ્રમાણે, સત્ત્વની રક્ષાનો હેતુ એ આહાર જ છે.[33] શરીર અને મનના બળની વૃદ્ધિ એ આહારથી જ થાય છે. પછી ત્યાં રોગનો પ્રવેશ ક્યાંથી અને કેમ કરીને થઈ શકે?[34] જો એ સાત્ત્વિક અન્નનું સેવન કરવામાં આવે, તો જ શરીરને આરોગ્ય ભોગવવાનું ભાગ્ય પ્રાપ્ત થઇ શકે છે, એમ સમજવું.[35] અને ત્યાર પછી તેના સર્વ વ્યાપારોનો વિસ્તાર સુખમય થાય છે. વધારે તો શું, પણ તેની સાક્ષાત્ આનન્દ સાથે જ મૈત્રી થઇ જાય છે.[36] એ પ્રમાણે, એ સાત્ત્વિક આહારનું પરિણામ મહાન્ છે અને તે શરીરને આંતર્બાહ્ય સુખકર થઇ પડે છે.[37] હવે, રાજસ ગુણવાળા મનુષ્યની રુચિ કેવા પ્રકારના અન્નમાં રહેલી હોય છે, તે તને પ્રસંગાનુસાર સ્પષ્ટ કરીને સંભળાવું છું.[38]

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ९ ॥

[અતિશય કડવા, ખાટા, ખારા, ઉષ્ણ, તીખા, રુક્ષ અને તમતમતા; તેમ જ દુઃખ, શોક અને રોગને ઉત્પન્ન કરનારા આહારો રાજસ (જનો)ને પ્રિય હોય છે. ૯]

માત્ર મારકપણામાં જ માત્ર ઓછા, નહિ તો હલાહલ વિષ જેવા જ કડવા, અથવા તો ચૂના કરતાં પણ વધારે દાહક હોવા સાથે જે ખાટા હોય છે;[39] ઘઉંના લોટને પલાળવામાં જેટલું પાણી જોઇએ તેટલું જ મીઠું અને બીજી ખારી વસ્તુઓ તેમાં મેળવેલી હોય,[140] એ પ્રમાણેના જે બહુ જ ખારા પદાર્થો, તે રાજસી ગુણવાળા મનુષ્યને ભાવે છે. રાજસી મનુષ્ય એટલું બધું ઉનું ઉનું ખાય છે કે, જાણે મોઢામાં આગને જ ગળી જતો હોય, એવો જ ભાસ થયા કરે છે.[41] જે પદાર્થમાંથી નીકળતી વરાળમાંથી દીવાની વાટ પણ સળગાવી શકાય, તેવા ઉના પદાર્થોની રાજસ ગુણવાળો મનુષ્ય ખાવા માટે માગણી કરે છે.[42] વંટોળિયાને પાછળ હટાવીને લોહની ધારા પ્રમાણે પ્રહાર કરનારા તીખા પદાર્થો તે ખાય છે, કે જેના યોગે જખ્મ ન પડતાં, શસ્ત્ર પ્રમાણેની વેદના જ તેને થાય છે;[43] અને રાખ (રક્ષા) કરતાં પણ રુક્ષ અને આંતર્બાહ્ય કોરા પદાર્થને મોઢામાં સ્થાન આપવાનું તેને બહુ જ ગમે છે.[44] જે પદાર્થ ખાતી વેળાએ દાંત કચકચાવવા પડે છે, એવા કઠિન પદાર્થોના સેવનથી તેને અતિશય આનંદ થાય છે.[45] પ્રથમથી જ પદાર્થ તીખો હોય અને તેમાં વળી રાઈ મેળવવામાં આવે, (એટલે પછી તીખાશમાં પૂછવું જ શું?) એટલે તે પદાર્થના સેવનથી નાક અને મોઢામાં ઝણઝણાટી છૂટે છે![46] વધારે શું કહેવું? રાઈતું કે જે અગ્નિને પાછળ હડસેલે છે, તે રાજસગુણવાળા મનુષ્યને પ્રાણ કરતાં પણ વિશેષ પ્રિય હોય છે.[47] એવા પ્રકારે, કાંઇ પણ (ગમે તે) ખાવાથી જેની તૃપ્તિ થતી નથી, આ રીતે જેનું મુખ પૂરાતું નથી તથા જે જિહ્વાના રસને માટે ઉન્મત્ત થયો છે, તે મનુષ્ય અન્નના નિમિત્તથી પ્રજ્વલિત અગ્નિને જ પોતાના ઉદરમાં ઊતારે છે.[48] તેજ પ્રમાણે, પછી જ્યારે તેને દાહ થાય છે ત્યારે તે જમીનપર અથવા બીછાનાપર આળોટે છે અને જેના મોઢાની સમીપમાંથી જળનું પાત્ર જરા પણ આઘું ખસતું નથી.[49] એટલે એ અન્ન નહિ, પણ વ્યાધિરૂપ સૂતેલા સર્પને જગાડવા માટે પેટમાં ઉત્તેજક પદાર્થ નખાય છે.[150] એવા અન્નનું સેવન થતાંની સાથે જ એકમેકની સ્પર્ધાથી રોગો એકદમ ઉઠીને ઉભા થાય છે. એ પ્રમાણે રાજસ અન્નના સેવનથી કેવળ દુઃખ જ ફળરૂપે પ્રાપ્ત થાય છે.[51] હે ધનુર્ધર! એ પ્રમાણે રાજસ

અન્નનું વર્ણન કરવામાં આવ્યું અને તેના પરિણામનો વિચાર પણ તને કહી સંભળાવ્યો.[૫૨] હવે તમોગુણવાળા મનુષ્યને જે આહાર ગમે છે, તે તને કહું છું; પણ તને તેથી ગ્લાનિ આવશે, હો કે ![૫૩]

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ १० ॥

[જે અડધું રંધાયલું, ઊતરી ગયેલું, અંબાયલું, ટાઢું (વાસી) તથા એઠું અને અપવિત્ર અન્ન હોય છે, તે તામસોને પ્રિય હોય છે. ૧૦]

સડેલા અને એઠા અન્નનું સેવન કરતાં એથી અહિત થશે, એવી શંકા તેના મનમાં કદાપિ આવતી નથી! જેવી રીતે ભેંસ આંબોણ (બચેલું ખાદ્ય બીજીવાર) ખાય છે,[૫૪] તે પ્રમાણે, સવારમાં રાંધેલું અન્ન બપોરે અથવા તો વળતે દિવસે ખાવાની તામસ ગુણવાળા મનુષ્યને અત્યંત પ્રીતિ હોય છે;[૫૫] અથવા તો અડધું કાચું કે પછી કેવળ રાખ થયેલું, કઠણ અને સૂકાયલું અન્ન તે (ખુશીથી) ખાય છે.[૫૬] જે અન્ન બરાબર રંધાયલું અને રસભરિત હોય છે, તેને તામસ મનુષ્ય અન્ન માનતો જ નથી.[૫૭] કદાચિત્ એવું ઉત્તમ અન્ન ખાવાનો પ્રસંગ આવી પહોંચ્યો, તો વાઘ પ્રમાણે તે અન્નને રાખી મૂકીને જ્યાંસૂધી તેમાંથી (ખરાબ) વાસ આવવા ન માંડે ત્યાં સૂધી તે અન્નને તે ખાતો નથી;[૫૮] અથવા તો જે અન્નને બહુ દિવસ થઇ ગયા હોય એવા રુચિહીન, કોરા, સડેલા, કીડા પડેલા,[૫૯] અને બાળકોએ હાથોવતી ગારા પ્રમાણે ચૂંથી નાંખેલા અન્નનું, સ્ત્રી અને પુત્રોસહિત બેસીને તે આનંદથી સેવન કરે છે.[૧૬૦] એવી રીતે જ્યારે તે ગંદું અન્ન ખાય છે, ત્યારે જ તેને સુખદાયક ભોજન કરવાનો ભાસ થાય છે. છતાં આટલાથી પણ તે પ્રાણીની તૃપ્તિ થતી નથી.[૬૧] ચમત્કાર એવો થાય છે કે, જે પદાર્થપર શાસ્ત્રનિષેધનો આઘાત થવાથી જે પદાર્થો ત્યાજ્ય ઠરી ચૂક્યા છે;[૬૨] તેવા અપેયનું પાન કરવાની અને અભક્ષ્યનું ભક્ષણ કરવાની તે મનુષ્યને અતિશય ઇચ્છા થાય છે.[૬૩] હે વીર અર્જુન! એવી રીતે તે તામસ મનુષ્યની એવા પદાર્થોને ખાવા માટેની જે પ્રિયતા હોય છે, તે પ્રિયતાનું ફળ તેને તત્ક્ષણે જ મળે છે![૬૪] કારણ કે, જે વેળાએ તે અપવિત્ર પદાર્થોનું સેવન કરે છે, તે વેળાએ જ તે પાપને પાત્ર થાય છે;[૬૫] એટલે પછી એવી રીતનું જે જમવું તે જમવું જ નહિ, પણ પેટમાં યાતનાઓનો ઉકરડો ભરવા સમાન જ છે, એમ સમજવું.[૬૬] શિરચ્છેદ કરવાથી શું થાય છે અથવા અગ્નિમાં ભૂસ્કો મારવાથી શું પરિણામ નિપજે છે, એ કાર્યોના પ્રત્યક્ષ અનુભવની આવશ્યકતા હોય છે ખરી કે? પરંતુ એવાં પરિણામોને પણ તે સહન કરે છે![૬૭] એટલા માટે શ્રી કૃષ્ણ કહે છે કેઃ—હે અર્જુન! તામસ અન્નના પરિણામનું ભિન્નતાથી વિવેચન કરવાની કશી પણ અગત્ય નથી. હવે આહાર અનુસાર યજ્ઞ પણ ત્રણ પ્રકારના છે.[૬૮-૬૯] હે અર્જુન! તે ત્રણમાંના સાત્ત્વિક યજ્ઞનું લક્ષણ હું પ્રથમ કહું છું, તે સાંભળ.[૧૭૦]

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥ ११ ॥

[ફળની ઇચ્છા ન કરનારા પુરુષોના હસ્તે આ આપણું કર્ત્તવ્ય છે ને તે કરવું જ જોઇએ, એવા મનોનિર્ધારથી જે શાસ્ત્રોક્ત યજ્ઞ કરવામાં આવે છે, તેને સાત્ત્વિક યજ્ઞ કહે છે. ૧૧]

જેવી રીતે પતિવ્રતા સ્ત્રીનો મનોધર્મ તેના મનમાં પોતાના પ્રિય પતિ વિના અન્ય પુરુષ વિશેના કામને ઉત્પન્ન થવા દેતો નથી;[૭૧] અથવા ગંગા નદી સમુદ્ર સાથે મળ્યા પછી આગળ વધવાનો પ્રયત્ન કરતી નથી; અથવા તો આત્મસ્વરૂપનું દર્શન થતાં વેદ સ્તબ્ધ રહી જાય છે;[૭૨]

તેવી જ રીતે, પોતાના હિત માટે ચિત્તની વૃત્તિ અર્પણ કરીને જે ફળની આશાથી અહંકાર ધરતા નથી;[૭૩] જેમ પાણી ઝાડના મૂળ પાસે જઇને (આ વૃક્ષ સારું છે કે નઠારું છે એવા ભેદને મનમાં ન રાખતાં, સર્વને એકસરખું જળ સિંચન કરે છે, પણ) ત્યાંથી પાછું ફરતું નથી, કિન્તુ તેમાં મળીને તેનું પોષણ કરે છે;[૭૪] તે જ પ્રમાણે, જેઓ મન અને શરીરથી નિશ્ચય કરીને યજ્ઞ કરવામાં નિમગ્ન થાય છે, પરંતુ તેમાંથી કોઇ પણ પ્રકારના ફળની આશા (ઇચ્છા) રાખતા નથી.[૭૫] ફળની ઇચ્છાને ત્યાગીને સ્વધર્મ વિના અન્ય વિષયથી વિરક્ત થઇ જેઓ સર્વાંગ પરિપૂર્ણ યજ્ઞ કરે છે;[૭૬] પરંતુ પોતાના હાથમાં દર્પણ લેતાં જેમ પોતાનાં નેત્રોવડે પોતાનું સ્વરૂપ જોઇ શકાય છે અથવા તો હથેલીમાંનું રત્ન, દીપકના પ્રકાશથી જેમ સ્વચ્છ દેખાય છે;[૭૭] અથવા તો દિવસ ઉગતાં માર્ગ જેમ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે; તે જ પ્રમાણે, વેદમાં કહેલા માર્ગમાં વિશ્વાસ રાખીને જેઓ પોતાનું આચરણ રાખે છે;[૭૮] તેઓ કુંડ, મંડપ અને વેદી આદિ યજ્ઞની સર્વ સામગ્રીઓ એવી રીતે તૈયાર કરે છે કે, જાણે વેદોએ પોતે આવીને જ બધી તૈયારી કરી હોય! (એમ જણાય છે.)[૭૯] સર્વ અવયવોમાં ચાતુર્યથી અલંકારો ધાર્યા હોય તે જેવા શોભે છે, તેવી જ રીતે યજ્ઞના સર્વ પદાર્થોને તેઓ યથાસ્થાને વ્યવસ્થાથી ગોઠવી રાખે છે.[૧૮૦] તેમનું હું શબ્દોવડે કેટલું વર્ણન કરું? તે યજ્ઞમંડપને જોતાં એવો જ ભાસ થાય છે કે, મૂર્તિમતી યજ્ઞવિદ્યા યજ્ઞના મિષથી એ સ્થાનમાં આવેલી હોય![૮૧] એવી રીતે જે યજ્ઞ સાંગોપાંગ થાય છે અને તેમાં કશા પણ ફળની ઇચ્છા રહેલી હોતી નથી (તે શ્રેષ્ઠ યજ્ઞ છે).[૮૨] તુલસી વૃક્ષમાંથી ફળ, પુષ્પ અને છાયાની પ્રાપ્તિ થતી નથી, છતાં લોકો ક્યારામાં પાણી નાખીને તેનું પ્રતિપાલન કરે છે;[૮૩] વધારે કહીને શું કરવાનું છે? સારાંશ કે ફળની આશા વિના એવી યુક્તિથી જે યજ્ઞ એવી રીતે સાંગોપાંગ થાય છે, તેને જ સાત્ત્વિક યજ્ઞના નામથી ઓળખવામાં આવે છે.[૮૪]

अभिसंधाय तु फलं दम्भार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥

[હે ભરતશ્રેષ્ઠ! ફળની ઇચ્છા રાખી દંભ માટે કરેલો જે યજ્ઞ, તેને રાજસ યજ્ઞ કહેવામાં આવે છે, એમ તું સમજ. ૧૨]

હવે હે વીરશ્રેષ્ઠ! (બીજા પ્રકારનો જે રાજસ યજ્ઞ) તે પણ તેની પેઠે જ કરવામાં આવે છે. શ્રાદ્ધતિથિને દિવસે સહજ રાજાને પણ જમવાને બોલાવવામાં આવે, તે પ્રમાણે![૮૫] (કારણ કે,) જો રાજા આપણે ઘેર ભોજન માટે પધારે, તો તેથી આપણને ઘણો લાભ થવા સાથે આપણી નામના થશે અને શ્રાદ્ધ પણ અટકશે નહિ, (એટલે કે, તે તો પાર પડશે જ અને કામમાં કામ પણ થઈ જશે.)[૮૬] એ પ્રમાણેની ફલાશાને મનમાં ધારણ કરીને જે યજ્ઞ કરે છે અને માને છે કે એથી આપણને સ્વર્ગપ્રાપ્તિ થશે, લોકો દીક્ષિત જાણીને આપણને બહુ માન આપશે અને આપણા હાથે યજ્ઞ જેવું એક મોટું કાર્ય પણ સાથે લાગ્યું પાર પડી જશે![૮૭] એવી રીતે કેવળ ફળની આશાને હૃદયમાં ધારીને અને વિશ્વમાં પોતાની કીર્તિ કરાવવાના હેતુથી જે યજ્ઞો કરાય છે; તે સર્વ, હે અર્જુન! રાજસ યજ્ઞ છે.[૮૮]

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥

[અશાસ્ત્ર, અન્નદાન રહિત, મંત્ર રહિત, દક્ષિણા રહિત અને શ્રદ્ધા રહિત જે યજ્ઞ, તે યજ્ઞને વિદ્વાન લોકો તામસ યજ્ઞ કહે છે. ૧૩]

"અને પશુ પક્ષીઓના વિવાહમાં જેમ એક કામદેવ વિના બીજા કોઇ જોશીની આવશ્યકતા પડતી નથી, તેવી રીતે તામસ યજ્ઞનું મૂળ કારણ આગ્રહ (દુરાગ્રહ)જ હોય છે.[૮૯] વાયુને વહન કરવા માટે માર્ગની અગત્ય હોતી નથી, કિંવા મરણુને મુહૂર્ત્તની આવશ્યકતા હોતી નથી અને અગ્નિ જેમ નિષિદ્ધ પદાર્થોને બાળતાં બ્હીતો નથી;[૯૦] તેજ પ્રમાણે, તામસ યજ્ઞના વિધિની મર્યાદા હોતી નથી. એટલા માટે, હે ધનુર્ધર! તે અમર્યાદ છે.[૯૧] તેને વિધિની ચિન્તા નથી હોતી, મંત્રોની આવશ્યકતા પડતી નથી અને તે યજ્ઞમાંથી પસાર થતાં મક્ષિકાને પણ અન્નની પ્રાપ્તિ થતી નથી.[૯૨] તે સ્થાનમાં બ્રાહ્મણોવિશે પૂર્ણ વૈરભાવ પ્રવર્ત્તેલો હોય છે, એટલે પછી દક્ષિણાનો વિચાર તો કયાંથી જ હોય વારુ? અને અગ્નિ જેવી રીતે વાયુના યોગે દાવાગ્નિ સમાન ભડકે છે,[૯૩] અથવા પુત્રહીનના ઘરમાં તેના મરણ પશ્ચાત્ કોઇ ગમે તેમ આવીને લૂટ ચલાવે, (તોય તેને પ્રતિબંધ કરનાર કોઇ હોતું નથી,) તેવી રીતે તેના સર્વ દ્રવ્યનો વ્યર્થ ખર્ચ થાય છે અને તેમાં શ્રદ્ધાનો લવલેશ પણ હોતો નથી."[૯૪] શ્રી નિવાસ કહે છે કેઃ— "એ પ્રમાણે યજ્ઞવિશે કરેલો જે ઊપર ઊપરનો દંભ, તેને તામસ યજ્ઞ કરી કહેવામાં આવે છે. એ તું સમજ્યો કે?[૯૫] હવે, ગંગાના પાણીને જૂદા જૂદા પ્રકારે ઉપયોગમાં લેવાથી તે જેમ પવિત્રતા અને અપવિત્રતા ઉભયને ખેંચી લાવે છે,[૯૬] તેવીજ રીતે, સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના યોગે જે તપ ત્રિવિધ થયેલું છે, તેમાંના એકના સમાગમથી મોક્ષ અને અન્યના સહવાસથી અધોગતિ પ્રાપ્ત થાય છે.[૯૭] હે અર્જુન! એ તપના ત્રણ ભેદ કેવી રીતે થાય છે, એ જાણવાની જો તારી ઇચ્છા હોય તો પ્રથમ તપ એટલે શું, એ તું સારી રીતે સમજી લે.[૯૮] હું તને તપનું સ્વરૂપ કહી સંભળાવું છું અને ત્યાર પછી ગુણોના યોગે તેમના ભેદ કેવી રીતે થાય છે, તે પણ કહીશ.[૯૯] હે અર્જુન! જેને ઉત્તમ તપ કહેવામાં આવે છે, તેના પણ ત્રણ પ્રકાર છે અને કાયિક, વાચિક તથા માનસિક એ તેમનાં નામો છે.[૧૦૦] હવે ત્રણમાંનું કાયિક તપ કયું છે, તે તું સાંભળ. જેના મનમાં શંકર અથવા વિષ્ણુ એ ઉભયમાંથી કોઇ પણ એકપર ભક્તિ હોય,[૧]

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥

[દેવ, બ્રાહ્મણ, ગુરુ અને વિદ્વાનનું પૂજન; પવિત્રતા; સરળતા; બ્રહ્મચર્ય અને અહિંસાને કાયિક તપ કહેવામાં આવે છે. ૧૪]

"તેઓ પોતાના પ્રિય દેવતાઓનાં મંદિરોમાં જઇને તેમનાં દર્શન કરવામાં અથવા યાત્રા આદિ કરવામાં ગુંથાયલા હોવાથી, આઠે પહોર જેમના પગોને વિશ્રાંતિ મળતી નથી;[૨] દેવના આંગણાને સુશોભિત કરવાથી, પૂજાસાહિત્ય પૂરાં પાડવાથી અને દેવની સેવા કરવાથી જેમના હાથો શોભતા હોય છે;[૩] શંકરના લિંગ કિંવા વિષ્ણુની મૂર્ત્તિને જોતાંની સાથેજ જે દંડ પ્રમાણે ભૂમિપર શરીર પાથરીને સાષ્ટાંગ નમસ્કાર કરે છે;[૪] અને વિધિ તથા વિનય આદિ ગુણોવડે પૂજ્ય જે બ્રાહ્મણો, તેમની સેવા કરે છે;[૫] અથવા તો પ્રવાસના પરિશ્રમથી થાકેલા કિંવા જે સંકટમાં સપડાયલા જીવો હોય, તેમને સુખાવસ્થાનો પરિચય કરાવે છે; (તેમની સેવા વગેરે કરીને તેમના શ્રમનો પરિહાર કરે છે અથવા તેમના સંકટનું નિવારણ કરીને તેમને દુઃખમુક્ત કરે છે;)[૬] સર્વ તીર્થો કરતાં શ્રેષ્ઠ મનાયલાં માતપિતાની સેવા કરવામાં જે પોતાના શરીરને ઓવારી નાંખે છે;[૭] અને સંસાર જેવા દુઃસહ વ્યાધિથી પોતાના દર્શન માત્રવડે મુક્ત કરનાર અને જ્ઞાનામૃત પીવાડવામાં તત્પર ગુરુદેવની સેવા કરે છે;[૮] અને હે અર્જુન! દેહાભિમાનરૂપ કીટને નષ્ટ કરવામાટે તેને સ્વધર્મરૂપ અગ્નિમાં જે વેદાધ્યયનરૂપ પુટ ચઢાવે છે;[૯] પ્રાણીમાત્રમાં એક જ

આત્મા રહેલો છે એમ જાણીને સર્વને નમસ્કાર કરે છે, પરોપકાર કરવામાં જે તત્પર હોય છે અને સ્ત્રીવિશે તો જેનો એવો જ નિયમ થયેલો હોય છે કે, તે (સ્ત્રી)ના નામનો ઉચ્ચાર માત્ર પણ કરવો નહિ![૧૦] જન્મની વેળાએ સ્ત્રી (માતા)નો સ્પર્શ થયેલો હોવાથી તેવો સ્પર્શ પુનઃ ન થવા દેવા માટે જે પોતાના શરીરને સ્ત્રીનો સંબંધ કદાપિ ન થવા દેતાં આજન્મ પવિત્ર રાખે છે;[૧૧] તૃણમાં પણ જીવ રહેલો છે, એમ ધારીને જે તેને ચગદી નાંખતો નથી; વધારે તો શું? પણ જે કોઇને પણ માઠું લાગે એવું અથવા હૃદયને વીંધનારું વચન કદાપિ બોલતો નથી;[૧૨] એ પ્રમાણેની શરીરવડે વ્યાપાર કરવાની જે વેળાએ ટેવ પડે છે, તે વેળાએ, તેના અંગમાં શારીરિક તપ પૂર્ણતાથી ઠસાયલું છે, એમ તારે જાણવું.[૧૩] હે પાર્થ! એ સર્વ બાબતો દેહના અનુરોધથી બની શકે છે, એટલા માટે હું એને શારીર (કાયિક) તપ કહું છું.[૧૪] એ પ્રમાણે, જેને શારીરિક તપ કહેવામાં આવે છે, તેનાં લક્ષણો તને કહ્યાં. હવે નિષ્પાપ વાચિક તપનાં લક્ષણો કહું છું તે સાંભળ.[૧૫]

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ १५ ॥

[કોઇના પણ મનને ઉદ્વેગ ન કરનારું તેમજ સત્ય અને મધુર હોવા સાથે પરિણામે હિતકારક ભાષણ કરવું અને વેદોનું અધ્યયન કરવું, એને વાચિક તપ કહેવામાં આવે છે. ૧૫]

“પારસમણિ લોઢાના આકાર અને વજનને ન્યૂન ન કરતાં જેવી રીતે તેને સોનું બનાવી નાંખે છે,[૧૬] તે પ્રમાણે, જેની સાથે બોલવાનું હોય તેની પાસેના બીજા માણસને દુઃખ ન થતાં સહજ સુખ થાય, એવી જે બોલવાની શક્તિ છે;[૧૭] વસ્તુતઃ પાણી ઝાડને પાવામાં આવે છે, પણ તેના યોગે ઝાડની પાસેનું ઘાસ પણ અનાયાસ વૃદ્ધિગત થાય છે; તેજ પ્રમાણે, એકની સાથે વાતચિત કરતાં જે બોલવાથી સર્વનું હિત સધાય છે;[૧૮] અમૃતની ગંગા પ્રાપ્ત થતાં તે પ્રાણીને પ્રાશનથી જેમ અમર કરે છે, સ્નાન કરવાથી પાપનો નાશ કરી સંસારના તાપથી મુક્ત કરે છે અને માધુર્યનો સ્વાદ પણ આપે છે,[૧૯] તેજ પ્રમાણે, અજ્ઞાનનો લોપ થતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને ઘણીકવાર સાંભળવાથી અમૃત પ્રમાણે જેની પ્રીતિ ઓછી થતી નથી;[૨૦] જો કોઈ પ્રશ્ન કરે તો એ પ્રમાણે જ ભાષણ કરે છે અને નહિ તો વેદોનું અધ્યયન કે હરિસ્મરણ કરતા રહે છે;[૨૧] ઋગ્વેદ આદિ ત્રણે વેદોની વાચારૂપ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરીને જેઓ પોતાના વદનની વેદશાળા જ બનાવી દે છે;[૨૨] અથવા શિવ કિંવા વિષ્ણુ એ બેમાંથી એકનું જે નામ સ્મરણ કર્યા કરવું, તેજ વાચામાંથી ઉત્પન્ન થયેલું વાચિક તપ છે, એમ જાણવું.[૨૩] હવે માનસિક તપનાં લક્ષણો કહું છું તે સાંભળ,” એમ લોકનાથોના નાયક શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું.[૨૪]

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

[મનની પ્રસન્નતા, સૌજન્ય, મૌન, આત્મસંયમ અને અંતઃકરણશુદ્ધિને માનસિક તપ કહે છે. ૧૬]

“ તરંગહીન સરોવર, અભ્રો વિનાનું સ્વચ્છ આકાશ અથવા સર્પો જેમાંથી ચાલ્યા ગયા છે એવું ચંદનોદ્યાન[૨૫] અથવા પૂર્ણચન્દ્ર, ચિંતારહિત રાજા કિંવા મંદરાચલ વિનાનો ક્ષીર સાગર હોય;[૨૬] તે પ્રમાણે અનેક કલ્પના તરંગોનો અંત થતાં જે મન શુદ્ધ સ્વરૂપમાં નિમગ્ન થઈ રહે

છે;[૨૭] અથવા ઉષ્ણતા વિનાનો પ્રકાશ, હલકું અન્ન, અને પોલાણ વિનાની વસ્તુ (બ્રહ્મ) છે,[૨૮] તેવી જ રીતે પોતાના સ્વરૂપને જાણીને જે પોતાના સ્વભાવનો ત્યાગ કરે છે, ટાઢથી શરીર સીકડાઇ ગયા પછી જેમ શીતળતાની બાધા થતી નથી;[૨૯] વળી અચળ અને કલંકરહિત ચંદ્રનો બિંબ જેમ નિત્ય પૂર્ણ જ હોય છે; તેજ પ્રમાણે, જે મન આત્મસ્વરૂપમાં સ્થિર થયેલું હોય છે;[૩૦] વૈરાગ્યની ઇચ્છાનો જેમાંથી લોપ થયેલો છે અને મનની દોડ તથા ભીતિ જ્યાં ઓછી થયેલી છે, ત્યાં મન બોધસ્વરૂપી થઇ જાય છે.[૩૧] એટલા માટે, શાસ્ત્રોનો વિચાર કરવામાં જે મુખને થકાવી નાખવામાં આવે છે, (જે મુખવડે શાસ્ત્રાધ્યયન કરવાનું હોય છે,) તે મુખ વાચાના સૂત્રને પણ હસ્તસ્પર્શ કરતું નથી. (ભાષણ વિરહિત–મૌનસંપન્ન–હોય છે.)[૩૨] તે મનને આત્મસ્વરૂપનો લાભ થવાથી જેવી રીતે લવણને પોતાના મૂળ સ્વરૂપ પાણીમાં નાખવાથી તે તદ્રૂપ થઈ જાય છે, તે પ્રમાણે તે સંકલ્પ વિકલ્પને ત્યાગી દે છે.[૩૩] એવા પ્રસંગે તે મનમાં ઇચ્છા ક્યાંથી ઉત્પન્ન થાય વારુ? કે જેના યોગે ઇન્દ્રિયોપ્રતિ આકર્ષાઇને વિષયોના ગ્રામમાં જઈ લાગવાનો સંભવ માની શકાય?[૩૪] અર્થાત્ હથેલીમાં જેવી રીતે કેશોનો અભાવ હોય છે, તેજ પ્રમાણે એવી રીતે કેળવાયલા મનમાં પણ સહજ ભાવશુદ્ધિ (મલનો અભાવ) રહેલી હોય છે (અર્થાત્ સંકલ્પ વિકલ્પ થતા નથી.)[૩૫] હે અર્જુન! વધારે શું કહેવું? જ્યારે મનને એ યોગ્યતા પ્રાપ્ત થાય છે, ત્યારે જ તે માનસ તપના નામને પાત્ર થાય છે.[૩૬] દેવ કહે છે કે:–"એ પ્રમાણે માનસ તપનાં જે લક્ષણો છે, તે મેં તને કહ્યાં.[૩૭] એવી રીતે દેહ, વાચા અને ચિત્તના યોગે જે ત્રિવિધતાને પ્રાપ્ત થયેલું છે, તે સામાન્ય તપ તને કહી સંભળાવ્યું.[૩૮] હવે ત્રણ ગુણોના સંગથી એ જ તપ ત્રણ પ્રકારનું થાય છે, તે બુદ્ધિના બળથી ધ્યાન આપી સાંભળ.[૩૯]

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

[ફળની આશા ન રાખનારું અને સમાધાની પુરુષોવડે ઉત્તમ શ્રદ્ધાથી આચરાયલું એવું જે ત્રણ પ્રકારનું (કાયિક, વાચિક અને માનસિક) તપ, તેને સાત્ત્વિક તપ કહેવામાં આવે છે. ૧૭]

"તો, હે પ્રબુદ્ધ! તને મેં જે આ ત્રણ પ્રકારનું તપ કહ્યું, તેનું જ પૂર્ણ શ્રદ્ધાપૂર્વક આચરણ કર, પણ ફળની આશા ધારતો નહિ.[૪૦] અરે! જે વેળાએ મનને સંપૂર્ણ શુદ્ધ રાખીને શ્રદ્ધાથી એ તપનું આચરણ કરવામાં આવે છે, તે વેળાએ એ જ તપને જ્ઞાતા જનો સાત્ત્વિક તપના નામથી ઓળખે છે.[૪૧]

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

[અહીં આપણી સ્તુતિ, બહુ માન અથવા પૂજા થાય એવા હેતુથી અથવા દાંભિકતાથી જે તપ કરવામાં આવે છે, તેને રાજસ, ચંચલ અને અસ્થિર (તપ) કહે છે. ૧૮]

"અથવા તપ કરવાના હેતુથી જગતમાં દ્વૈતની સ્થાપના કરીને મહત્તા (ગુરુતા)ના શિખરપર ચઢીને બેસવાની જેઓ ઇચ્છા ધરાવે છે;[૪૨] ત્રિભુવનમાંના સર્વ સન્માનો બીજા કોઇને પણ ન મળે અને સભામાં તથા ભોજન સમયે અગ્ર માન કેવળ પોતાને જ આપવામાં આવે;[૪૩] સર્વ જગતના લોકોની સ્તુતિને આપણે પાત્ર થઇએ અને લોકો આપણા દર્શને આવે;[૪૪] લોકો આપણી જ વધારે પૂજા કરે તો સારું અને સર્વ મોટા મોટા ભોગોનો ઉપભોગ આપણને જ

મળવો જોઇએ;[૪૫] એવા પ્રકારે, જેમ કોઈ એક વૃદ્ધ *વેશ્યા પોતાના વયને છૂપાવવા માટે ઊપરનો શૃંગાર સજીને ઠાઠમાઠથી બેસે છે, તેવી રીતે તપનો ઢોંગ આદરીને જેઓ પોતાના સ્વરૂપનું લોકો આગળ વેચાણ કરી નાખે છે;[૪૬] વધારે શું કહેવું? પણ દ્રવ્ય અને માનની પ્રાપ્તિની ઇચ્છા ધરીને સાયાસ (પ્રયત્ન સહિત) જે તપ કરવામાં આવે છે, તેને જ રાજસ તપ કહે છે.[૪૭] પહુરણુ નામનો એક જાતનો ઝેરી કીડો, ગાયના આંચળમાંનું દૂધ પી ગયેલો હોય છે, ત્યાર પછી તે ગાય જો વીયાય છે તોય જેમ દૂધ દેતી નથી અથવા ઊભું ખેતર પશુઓને ચરાવી દેવામાં આવે, તો પછી તેમાંથી જેમ પાકની પ્રાપ્તિ થતી નથી,[૪૮] તેજ પ્રમાણે, પોતાની પ્રસિદ્ધિ થવાના હેતુથી કરાયલું તપ તેના ફળનો વિચાર કરતાં અંતે વ્યર્થ જ થાય છે.[૪૯] એ પ્રમાણે, હે અર્જુન! એ તપથી ફળની પ્રાપ્તિ થવાની નથી, એ વાત જાણવામાં આવતાં તે તપને તે વચ્ચે જ છોડી દે છે અને એથી એ તપને સ્થિરતા હોતી નથી.[૫૦] નહિ તો એમ વિચાર કર કે, આકાશમાં અકાળે અભ્રો એકઠાં થઈને તેઓ બ્રહ્માંડમાં ગર્જના કરે છે; પણ તેઓ ક્ષણમાત્ર પણ ટકે છે કે? અર્થાત્ ટકતાં નથી.[૫૧] તેજ પ્રમાણે રાજસ તપ ફળ ખરેખર વંધ્યા સ્ત્રી સમાન વ્યર્થ જ છે. પરંતુ તેનું આચરણ કરવામાં આવે તો તે આચરણ સુદ્ધાં પણ ટકતું નથી.[૫૨] હવે એની પછીનું જે તામસ તપ છે, તે પણ એવા જ પ્રકારનું છે; પણ (રાજસ તપમાં કીર્તિ મળવાનો જો કે સંભવ છે.) પણ આમાં તો કીર્તિ અને સ્વર્ગ એ ઉભયની પ્રાપ્તિ થતી જ નથી.[૫૩]

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सा-नार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

[ઉન્મત્તતાથી દુરાગ્રહ રાખીને, પોતાના શરીરને સંકટ આપીને અથવા બીજાના નાશની ઇચ્છા ધારીને જે તપ કરવામાં આવે છે, તેને તામસ તપ કહેલું છે. ૧૯]

"હે ધનુર્ધર! મૂર્ખતાના અભિમાનને મનમાં ધારણ કરીને જેઓ પોતાના શરીરને શત્રુ સમજે છે;[૫૪] પોતાના શરીરને કાષ્ઠ માનીને શરીરમાંના પંચાગ્નિથી જ તેને સળગાવે છે;[૫૫] પોતાના માથાપર સગડી ઉપાડીને તેમાં ગૂગળ બાળે છે, પીઠને બાણશય્યાપર સૂવાડે છે અને પોતાની આસપાસ અગ્નિ પ્રજ્વલિત કરીને પોતાના શરીરને બાળે છે,[૫૬] શ્વાસોચ્છ્વાસને બંધ કરીને વ્યર્થ અપવાસ કરે છે અથવા પોતાને ઊંધા લટકાવીને ધૂમ્રપાન કરે છે;[૫૭] શિયાળાના દિવસોમાં નદીના ગળા સૂધીના પાણીમાં ઉભા રહે છે અને ખડકપર કે નદીના તીરે બેસે છે તેમજ પોતાના શરીરમાંથી જીવતાં જ માંસને ખેંચી કાઢે છે![૫૮] હે ધનંજય! એમ નાના પ્રકારે પોતાના દેહને દુઃખ દઇને બીજાનો નાશ કરવા માટે તપનું આચરણ કરે છે;[૫૯] પર્વતમાંનો પાષાણ પોતાની જડતાથી છૂટીને નીચે પડ્યો, એટલે તેના જેમ ટુકડે ટુકડા થઈ જાય છે; પણ નીચે પડતાં પહેલાં જો કોઈ વસ્તુ તેના સપાટામાં સપડાઈ જાય, તો તેનો જેમ તે

* આપણી ગુજરાતી ભાષામાં પણ એક કહેવત છે કે, "વેશ્યા (વરસ) ઘટાડે ને જોગી વધારે" તેમ જ હિન્દુસ્તાની ભાષામાં પણ એ જ આશયને બતાવનારી એક આ પ્રમાણેની કહેવત છે:-" વેશ્યા ઉમર ઘટાવહી, સાધુ ઉમર બઢાય" આમાં રહસ્ય એ છે કે, વેશ્યાનું વય જેમ ઓછું હોય છે તેમ કામવિલાસી જનો તેમાં વિશેષ આસક્તિ (પ્રીતિ) રાખે છે અને તેથી પોતાના વ્યાપારને લાંબા વખત સુધી ચલાવવા માટે વેશ્યા વયને છુપાવવાનો પ્રયત્ન કર્યા કરે છે; પરંતુ સાધુ કિંવા યોગીનું વય જેમ વિશેષ હોય છે, તેમ તેની લોકોમાં વધારે પ્રતિષ્ઠા થવાનો સંભવ હોવાથી સાધુજનો અથવા યોગી પુરુષો પચાસનું વય હોય તો સોનું બતાવવામાં જ પોતાનું ગૌરવ માને છે અને ખરેખર 'આ યોગી તો સો વર્ષનો છે' એમ કહીને લોકો કૌતુક પણ કરે છે. ઉભયના અસત્ય વય બતાવવાનો પ્રયત્ન તો એક સરખો છે, પરંતુ એકનો હેતુ ક્ષણિક સ્વાર્થ સાધવાનો છે, ત્યારે અન્યનો હેતુ પરમાર્થ સાધવાનો છે, એટલો જ માત્ર ભેદ છે.

ચૂરો કરી નાંખે છે,[૬૦] તેજ પ્રમાણે, પોતાના શરીરને દુઃખ આપીને જે સુખી પ્રાણી હોય અથવા જેઓ પ્રમુખ હોય તેમને જિતવા માટે તપનું આચરણ કરે છે;[૬૧] હે અર્જુન! વધારે શું કહેવું? એવી નઠારી અને ક્લેશમયી યુક્તિથી જેઓ તપ કરે છે, તેમના તે તપને તામસ તપ કહેવામાં આવે છે.[૬૨] એ પ્રમાણે, સત્ત્વ, રજ અને તમના અનુરોધથી તપના જે ત્રણ ભાગ થયા છે, તે તને સારી રીતે સ્પષ્ટ કરીને બતાવ્યા.[૬૩] હવે બોલવાનો પ્રવાહ ચાલુ છે, એટલે દાનના ત્રણ પ્રકાર કેવા હોય છે, તેમનાં લક્ષણો હું તને કહું છું.[૬૪] ગુણોના અનુરોધથી દાનના પણ ત્રણ પ્રકાર થયેલા છે. તેમાંનું પ્રથમ જે સાત્ત્વિક દાન છે, તે વિશે સાંભળ.[૬૫]

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥ २० ॥

[દાન કરવું એ આપણું કર્ત્તવ્ય છે એવા હેતુથી જે દાન પુણ્યક્ષેત્રમાં, પર્વકાળે, સત્પાત્રને અને દાનની અદલાબદલી ન કરનારને આપવામાં આવે છે, તે સાત્ત્વિક દાન છે. ૨૦]

"તો, પોતે પોતાના પરિશ્રમ અને સન્માર્ગથી મેળવેલું જે ધન, તે ધન જે આદરાતિથ્યથી બીજાને અર્પણ કરે છે;[૬૬] કદાચિત્ ઉત્તમ બીજ મળે, તો ઉત્તમ ભૂમિ અને બાફની ન્યૂનતા આવી પડે છે; તેજ પ્રમાણે, દાન આપવાની ઇચ્છા હોય, તોય ઘણીકવાર દાન દેવાને પાત્ર મનુષ્ય, દેશ તથા કાળની ન્યૂનતા આવીને ઉપસ્થિત થાય છે;[૬૭] અમૂલ્ય રત્ન મળવા છતાં તેને જડાવવા માટેના સુવર્ણની ખોટ જણાય છે; કદાચિત્ સુવર્ણ પણ મળી જાય, તો અલંકારોને ધારણ કરવા માટેની ઈન્દ્રિયોની ન્યૂનતા દેખાય છે;[૬૮] પરંતુ (દીવાળી જેવો) પર્વ, પોતાના આપ્તજનો અને સંપત્તિ એ ત્રણેનો યોગ એકત્ર થવો, એ ખરેખર ભાગ્યપરજ અવલંબેલો હોય છે;[૬૯] તેજ પ્રમાણે; જો આપણા હાથે દાન આપવાનું હોય છે, તો સત્ત્વ ગુણનું સાહ્ય મળતાં દેશ, કાળ, સત્પાત્ર બ્રાહ્મણ અને દ્રવ્ય આદિ સર્વ યોગો અનુકૂળ થઇ પડે છે.[૨૭૦] પ્રથમ તો યત્નથી બની શકે તેટલું દાન કરવા માટે કુરુક્ષેત્ર અથવા કાશી એ દેશો હોવા જોઇએ; નહિ તો એમની બરાબરીના બીજા પ્રદેશો હોવા જોઇએ;[૭૧] તે પુણ્યક્ષેત્રમાં સૂર્યગ્રહણ કિંવા ચન્દ્રગ્રહણ જેવો પુણ્યકાળ હોવો જોઇએ અથવા તો તેવીજ યોગ્યતાવાળો બીજો કાળ હોય તો ચાલે;[૭૨] તેવા તે દેશમાં અને તે પર્વકાળમાં એવો સત્પાત્ર બ્રાહ્મણ હોવો જોઈએ કે, તે મૂર્ત્તિમતી શુચિતાજ હોય![૭૩] તે બ્રાહ્મણ કેવળ આચારોનું મુખ્ય સ્થાન અને વેદોનું વસતિસ્થાનજ હોયની! એવી યોગ્યતા ધરાવતો હોવો જોઇએ.[૭૪] તે બ્રાહ્મણને જે દાન આપવાનું હોય, તે તેમાંથી પોતાની સત્તાને કાઢી લઇને તેને અર્પણ કરવું; પણ જેમ સ્ત્રી પોતાના પતિ પાસે પોતાના સંતોષથીજ જાય છે,[૭૫] અથવા કોઈની આપણે ત્યાં મૂકેલી અનામત જેમ તેને સંતોષપૂર્વક પાછી આપીને આપણે તેના ભારથી મુક્ત થઈએ છીએ; અથવા તો ખિદમતગાર જેમ પોતા પાસેનું બીડું રાજાને અર્પણ કરે છે,[૭૬] તેવી નિષ્કામ બુદ્ધિથી ભૂમિ આદિનું દાન બ્રાહ્મણને અર્પણ કરવું; પરંતુ તે દાનવિશે મનમાં કોઈપણ પ્રકારની ફળેચ્છાનો ઉદ્ભવ થવા દેવો નહિ;[૭૭] અને દાન જેને આપવાનું હોય, તે દાનગ્રાહક એવા પ્રકારનો હોવો જોઇએ કે, તેની પાસેથી કોઇવાર આપણને કશો લાભ થવાની આશાજ ન હોય![૭૮] આકાશમાં ગમે તેટલી બૂમો મારવામાં આવે, તોય આકાશ પાસે જેમ તેમનો જવાબ મળતો નથી; અથવા તો દર્પણના પૃષ્ઠ ભાગમાં દૃષ્ટિપાત કરવાથી જેમ પ્રતિબિંબ દેખાતો નથી;[૭૯] અથવા પાણીની સપાટીપર દડો નાખતાં તે જેમ ઉછળીને પાછો હાથમાં આવતો નથી;[૨૮૦] અથવા વસુ (આખલા-ગોધા)ને ચારો નાંખવાથી તે તેને માટે તે ઉપકાર માનતો નથી અથવા

તો જેમ કૃતઘ્ન મનુષ્ય પોતાપર થયેલા બીજાના ઉપકારને વાળી આપતો નથી;[૯૧] તેજ પ્રમાણે, દાન દેનારપર પાછો કોઇપણ પ્રકારનો ઉપકાર થવાનો જેનાથી સંભવ ન હોય, તેવા મનુષ્યને જ દાન આપવું અને પોતે દાન આપવા માટે અભિમાન ધરાવવું નહિ.[૯૨] હે વીરોત્તમ અર્જુન! એવા પ્રકારનું જે દાન, તે સર્વ દાનોમાં ઉત્તમ જે સાત્ત્વિક દાન કહેવાય છે તેજ છે.[૯૩] અને એ પ્રમાણે જ, દેશ, કાળ, સત્પાત્ર બ્રાહ્મણ અને યથાન્યાય મેળવેલું દ્રવ્ય એ જ છે.[૯૪]

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम् ॥ २१ ॥

[પ્રત્યુપકાર માટે, ફળની ઇચ્છાથી અથવા મહાકષ્ટથી આપેલું જે દાન, તે રાજસ દાન છે. ૨૧]

"પરંતુ મનમાં દૂધની ઇચ્છા રાખીને જેવી રીતે ગાયને ઉત્તમ રીતિથી ચારવામાં આવે છે, અથવા કોઠી તૈયાર કરી તેમાં દાણા ભરવાની આશાથી ખેતરની મહેનત આદિ કરીને તેમાં જેમ ધાન્ય રોપવામાં આવે છે;[૯૫] અથવા તો ભેટ સોગાદ તરફ (ચાંલ્લા તરફ) ધ્યાન આપીને સગાં વ્હાલાંને લગ્ન પ્રસંગે આમંત્રણ કરવામાં આવે છે અથવા તો જ્યાંથી બદલો મળવાની આશા હોય ત્યાં જ જેમ ભેટ (થાળ) મોકલવામાં આવે છે;[૯૬] અથવા પ્રથમ લાંચને ખીસામાં પધરાવીને પછી જ બીજાનું કામ કરવામાં આવે છે અથવા તો જેમ પૈસા લઇને જ રોગીને ઔષધ આપવામાં આવે છે,[૯૭] તેવી જ રીતે, આપણે જેને દાન આપીએ છીએ, તેનું તે દાનથી સંરક્ષણ થાય અને તે લોકોમાં આપણી પ્રશંસા કરે, એવા હેતુથી જેઓ દાન કરે છે;[૯૮] અથવા હે અર્જુન! માર્ગમાં ચાલતાં કોઈ બ્રાહ્મણ–ઉત્તમ વિપ્ર–મળી જાય, પણ જો તેની પાસેથી પ્રત્યુપકારની આશા ન હોય,[૯૯] તો, હે કિરીટી! તેને એક કોડી દાન આપીને પોતાના સમસ્ત આપ્તવર્ગનાં પ્રાયશ્ચિત્તોનો સંકલ્પ કરી તેના હાથમાં પાણી મૂકે છે;[૨૯૦] તેજ પ્રમાણે તે દાનથી પરલોકનાં સર્વ ફળોની આશા રાખીને તેને દાન આપે છે, અને તે પણ કેટલું? કે જે તે બ્રાહ્મણની એક સમયની ક્ષુધાને પણ શમાવી શકતું નથી તેટલું.[૯૧] ભલે એટલું જ દાન હોય, (પરંતુ તે સંતોષથી તો આપવું જોઇએ કે નહિ? પણ અહીં તેમ પણ હોતું નથી.) તે બ્રાહ્મણ તે દાન લઇને ચાલવા લાગે, એટલે પોતાની હાનિ થયેલી જાણીને તેઓ મનમાં ને મનમાં ઝૂર્યા કરે છે અને જાણે ચોરો જ તેમનું સર્વસ્વ હરી ગયા હોયની, એવો ધ્રાસ્કો તેમના હૃદયમાં પડી જાય છે.[૯૨] હે સુમતિ અર્જુન! અન્ય શું કહું? એવી મનોવૃત્તિથી જે દાન આપવામાં આવે છે, તે ત્રણે જગતમાં રાજસ દાન કહેવાય છે, એમ જાણ.[૯૩]

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

[જે દાન સત્કાર રહિત, અપમાનપૂર્વક અને પુણ્યદેશ, પુણ્યકાળ તથા પાત્રના વિવેક વિના (અપાત્રને) આપવામાં આવે છે, તે તામસ દાન છે. ૨૨]

"પછી જ્યાં મ્લેચ્છોની વસતિ હોય એવાં સ્થાનો, અરણ્યો, અપવિત્ર ભૂમિ, તંબૂ અથવા નગરના ચોકો;[૯૪] એવા સ્થળે એકત્ર થઇને સંધ્યાકાળે અથવા રાત્રિના સમયે ચોરી કરીને લાવેલા ધનનું (તેઓ) ઉદારતાથી દાન આપે છે;[૯૫] એ દાન આપવાને પાત્ર કોણ હોય છે? ભાટ લોકો, ભાંડ, તમાશગીરો, વેશ્યાઓ, જુગારીઓ અથવા મૂર્તિમતી ચેટકીઓપર જ તેઓ પ્રસન્ન થાય છે–નવાજે છે.[૯૬] એવાં માણસો તેમની આગળ નૃત્ય ગાયન કરે અથવા ભાટોએ કરેલી

સ્તુતિ તેમના સાંભળવામાં આવે, એટલે પછી તેઓ જ તેમના કાનોમાં નિત્ય ગણગણ્યા કરે છે.૯૭ ત્યાર પછી જ્યારે તેઓ પુષ્પ અથવા અન્ય સુગંધી દ્રવ્યોનો સુવાસ લે છે, તે વેળાએ તેમાં તલ્લીન થઇને કેવળ ભ્રમના મૂર્ત્તિમંત વેતાળ જ બની જાય છે!૯૮ અને પછી બીજાને લૂટીને આણેલા અનેક પદાર્થોનું ચમાર વગેરે લોકોને દાન આપી દે છે.૯૯ એવા પ્રકારે જે દાન કરવું, તે તામસ દાન છે, એમ હું કહું છું; અને દૈવવશાત્ બીજો પણ એક પ્રકાર બની આવે છે, તે સાંભળ.૩૦૦ કદાચિત્ ભમરાએ કાષ્ઠને કોતર્યા પછી અચાનક તેને અક્ષરનો આકાર પ્રાપ્ત થઈ જાય છે, અથવા તો સહજ તાળી વગાડવા જતાં કોઇવાર બે હાથની વચ્ચે કાગડો આવીને સપડાઈ જાય, તે જ પ્રમાણે કદાચિત્ તામસ મનુષ્યને પુણ્યક્ષેત્રના સ્થાનમાં પર્વનો લાભ થાય;૧ ત્યાં તેના ઐશ્વર્યને જોઇને યોગ્ય અતિથિ આવી લાગે અને તેને જોતાં જ કોપથી ખળભળી જઇને જો તેનો તેને કાંઈ આપવાનો વિચાર થઈ જાય;૨ તો તે (અતિથિ)ના વિશે પૂજ્ય બુદ્ધિ ન રાખતાં અને તેને નમસ્કાર ન કરતાં તેમ જ બીજા કોઈ દ્વારા પણ તેને અર્ઘ્ય આદિ સમર્પણ ન કરાવતાં;૩ તેને બેસવા માટે આસન પણ આપતો નથી એટલે પછી ગંધાક્ષતવડે તેનું પૂજન કરવાની વાત તો શા માટે જ કરવી જોઇએ વારુ? એ પ્રમાણે, તામસ પુરુષો અતિથિની અપ્રતિષ્ઠા કરે છે,૪ અને જેમ કોઈ કરજ કાઢવા આવેલાની નિર્ભર્ત્સના કરવામાં આવે છે, તેમ તેની હથેળીમાં થોડુંક દ્રવ્ય રાખીને 'અરે તૂંરે' કરી તેનું બને તેટલું અપમાન કરે છે;૫ અને હે અર્જુન! તેને જેટલું દાન પોતે આપવું હોય તેટલું જ તેનું મૂલ્ય છે એ પ્રમાણે તેની અવહેલના કરે છે; અને પછી તે બ્રાહ્મણને * અપશબ્દો સંભળાવી ધક્કા મારીને તેની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે.૬ હવે આ વિશેષ બોલવાને રહેવા દઇએ; એ પ્રમાણે દ્રવ્યનું જે દાન દેવું, તેને આ જગતમાં તામસ દાનના નામથી ઓળખવામાં આવે છે.૭ એવી રીતે પોતપોતાનાં ચિહ્નોથી યુક્ત સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનાં દાનો તને સ્પષ્ટ કહી સંભળાવ્યાં.૮ તેમના વિશે, હે અર્જુન! મને એમ ભાસે છે કે, કદાચિત્ તું તારા મનમાં એવી શંકાને સ્થાન આપીશ કે,૯ સંસારના બંધનથી મુક્ત કરનારું જો એક સાત્વિક કર્મ જ હોય, તો પછી તેનાથી ભિન્ન બીજાં જે દોષયુક્ત કર્મો છે, તેમનું વર્ણન શામાટે કરવું જોઇએ?૩૧૦ પરંતુ દ્રવ્યના ભંડારપર ભમતા ભૂતનું નિવારણ કર્યા વિના જેમ તે દ્રવ્યભંડાર હસ્તગત થતો નથી અથવા તો ધૂમાડો ખમ્યા વિના જેમ અગ્નિ સળગતો નથી,૧૧ તેવો જ શુદ્ધ સત્ત્વગુણનો પણ પ્રકાર છે. એટલે કે, શુદ્ધ સત્ત્વગુણની આડું રજસ્તમો ગુણનું જે દ્વાર આવેલું છે, તેને ફોડવાનો પ્રયત્ન કરાય તો તેને ખરાબ શાને કહેવો જોઇએ વારુ?૧૨ મેં શ્રદ્ધાથી તે દાનપર્યન્ત જેટલી ક્રિયાઓ કહેલી છે, તે સર્વ એ ત્રણ ગુણોથી યુક્ત છે.૧૩ ખરેખર હું એ ત્રણે ગુણોનો ઉલ્લેખ કરવાનો નહોતો; પરંતુ સત્ત્વગુણને સ્પષ્ટ કરી બતાવવા માટે બીજા બે ગુણોનું પણ વર્ણન કરવું પડ્યું.૧૪ જે બેમાં તૃતીય હોય છે, તે બેનો ત્યાગ કર્યા પછી જ દેખાય છે. જેવી રીતે, દિવસ અને રાત્રિનો ત્યાગ કરવાથી સંધ્યાકાળ દેખાય છે,૧૫ તેવી જ રીતે, રજોગુણ અને તમોગુણનો નાશ થતાં તૃતીય ઉત્તમ જે સત્ત્વગુણ તે પોતાની મેળે જ આવીને પ્રાપ્ત થાય છે.૧૬ એવી રીતે સત્ત્વગુણને વ્યક્ત કરી બતાવવા માટે તને રજોગુણ અને તમોગુણનાં લક્ષણો પણ

* મુંબઇમાં એક શ્રીમાન્ ધર્મપરાયણ ગૃહસ્થ હતા, પણ તેમને એક એવી ટેવ પડી ગઈ હતી કે, કોઈ પણ ભિક્ષુક અથવા બ્રાહ્મણ કાંઈ યાચના કરવા આવે, તો પ્રથમ તો તેને સેંકડો ગાળો સંભળાવતા અને જો તે ગાળો તથા ધક્કા ખાવાથી ન જ કંટાળે, તો પછી કેટલાક દિવસ રખડાવીને તેને બહુધા તેની ઇચ્છા પ્રમાણેની રકમ આપતા. એ ગૃહસ્થે હજારો રૂપિયાનું દાન કરેલું છે, પરંતુ તેની ગાળો ભાંડવાની ટેવથી કેટલાક ભિક્ષુકો પણ પાછળથી તેમને ગાળો ભાંડતા હતા અને એમ થવાથી દાન આપવા છતાં તેનાપર પાણી ફરી જતું હતું. કહેવાનો સારાંશ એટલો જ કે, જો દાન આપવાની પોતાની ઇચ્છા ન હોય, તોપણ યાચકને ઉદ્દેશીને અપશબ્દોનો ઉચ્ચાર તો ન જ કરવો.

કહી સંભળાવ્યાં. માટે હવે તેમનો ત્યાગ કરીને કેવળ સત્ત્વગુણના યોગે પોતાની કાર્યસિદ્ધિ કરી લે.[૧૭] એ શુદ્ધ સત્ત્વગુણવડે જ યજ્ઞ આદિ સર્વ કર્મોનું આચરણ કર, એટલે તું સ્વરૂપને સહજમાં જ પ્રાપ્ત થઇ જઇશ.[૧૮] જો સૂર્ય પોતે જ આવીને કોઈ પણ વસ્તુ બતાવવા માંડે તો એવી શી વસ્તુ છે, કે ન દેખાય વારુ? તેમ જ સત્ત્વગુણનું આચરણ કરવાથી તે શું ફળ આપશે નહિ? (અર્થાત્ સર્વ ફળ આપશે.)[૧૯] એવી સત્ત્વગુણના અંગમાં સર્વોપરિ શક્તિ જો કે રહેલી છે ખરી, તોપણ જેવડે મોક્ષની પ્રાપ્તિ થાય છે,[૨૦] તે વળી એક જૂદી જ વસ્તુ છે અને જ્યારે સત્ત્વગુણને તેનું સાહાય્ય થાય છે, ત્યારે જ મોક્ષપ્રાપ્તિની યોગ્યતા આવે છે.[૨૧] સોનું ભલે ને સો ટચનું હોય, તોય જ્યારે તેનાપર રાજાના નામનો સિક્કો પડે છે, ત્યારે જ તે (રાજ્યમાં) સર્વત્ર ચાલવા માંડે છે.[૨૨] અનેક સ્થળોનું જળ સ્વચ્છ, શીતલ, સુગંધયુક્ત અને સુખકારક તો હોય છે જ, પરંતુ તીર્થમાં આવી મળ્યા વિના તેનામાં પવિત્રતા આવતી નથી;[૨૩] બીજા સ્થાનના જળમાં ભલે ને ગમે તેટલી અને ગમે તેવી યોગ્યતા રહેલી હોય, તોય જ્યારે ગંગા તેનો સ્વીકાર કરે છે, ત્યારે જ તેનો સમુદ્રમાં પ્રવેશ થઇ શકે છે*;[૨૪] તે જ પ્રમાણે હે અર્જુન! સાત્ત્વિક કર્મના આચરણવડે મોક્ષને મળવા માટે નીકળતાં જેના યોગે વચ્ચે કાંઈ અડચણ નથી આવતી, તે (તત્ત્વ) નિરાળું જ છે."[૨૫] એ ભાષણ સાંભળતાંની સાથે જ અર્જુનના મનમાં અનિવાર્ય ચિન્તાનો ઉદ્‌ભવ થવાથી તે કહેવા લાગ્યો કે,–"પ્રભુએ કૃપા કરીને તે કહેવું જોઈએ."[૨૬] એટલે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે:–"જેના યોગે સાત્ત્વિક ગુણને મોક્ષરૂપી રત્નનો લાભ થાય છે, તે વસ્તુનાં લક્ષણો સાંભળ.[૨૭]

ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताःपुरा ॥ २३ ॥

[ॐ, તત્ અને સત્ એવાં ત્રણ પ્રકારનાં બ્રહ્મનાં નામો છે. તેમના યોગે બ્રાહ્મણ, વેદ અને યજ્ઞ એ પૂર્વે ઉત્પન્ન કરવામાં આવ્યા છે. ૨૩]

"તો અનાદિ જે પરબ્રહ્મ, અને જે જગત્ આદિ સર્વનું વિશ્રાંતિસ્થાન છે, તેનું એક જ નામ ત્રણ પ્રકારનું છે.[૨૮] તે બ્રહ્મ ખરેખર નામ અને જાતિ આદિથી રહિત છે; પરંતુ અજ્ઞાની જનો તેને અંધકારમાં ઓળખી શકે, એટલા માટે વેદોએ તેને નામ આપ્યું છે.[૨૯] બાળક જ્યારે જન્મે છે, ત્યારે તેનું કાંઇ નામ હોતું નથી, પરંતુ તેનું જ નામ નિયત કરીને તે નામથી તેને બોલાવીએ તો તે હોકારો આપ્યા કરે છે;[૩૦] તે જ પ્રમાણે, સંસારના કષ્ટથી પીડાયલા જીવો વેદો પાસે પોતાના દુઃખની કથા સંભળાવવા આવ્યા કરે છે, તે વેળાએ તેમના પોકારો સાંભળીને વેદો તેમને જે હોકારો આપે છે, તે જ એ નામ છે.[૩૧] બ્રહ્મની અનિર્વાચ્યતા મટી જાય અને એકયરૂપ થઇને તેનો ભેટો થાય, એવો મંત્ર વેદોએ કૃપાવંત થઇને શોધી કાઢયો છે.[૩૨] જે મંત્રવડે બ્રહ્મનું આવ્હાન કરવાથી તે સહજ પાછળ હોવા છતાં આગળ આવીને ઉભો રહે છે;[૩૩] પરંતુ વેદરૂપ પર્વતના શિખરપર ઉપનિષદ્‌રૂપી નગરમાં જે બ્રહ્મની પંક્તિમાં વિરાજતા હોય છે, તેઓ જ એ રહસ્યને જાણી શકે છે.[૩૪] વધારે તો શું, પરંતુ આ સૃષ્ટિને ઉત્પન્ન કરવાની બ્રહ્મદેવમાં જે શક્તિ આવી છે, તે પણ તે એક નામના અનુષ્ઠાનથી જ પ્રાપ્ત થયેલી છે.[૩૫] પરંતુ, હે વીરોત્તમ! સૃષ્ટિ ઉત્પન્ન કરવા પૂર્વે બ્રહ્મદેવ એકલો જ ઉત્પન્ન થયેલો હોવાથી તે ગાંડો થઈ ગયો હતો.[૩૬]

* અહીં બીજા સ્થાનનું જળ એટલે બીજી નદીઓ નહિ, કિન્તુ ગંગાના પ્રવાહના માર્ગમાં જે બીજી ન્હાની નદીઓ અથવા વહેળા આવી મળતા હોય તે, એવો જ અર્થ લેવાનો છે. કારણ કે, બીજી નદીઓ તો ભિન્ન ભિન્ન સ્થળે સ્વતંત્રતાથી સમુદ્રમાં જઇ મળતી હોવાથી જો તેવો અર્થ લઇએ તો તે અસંભવિત અર્થ થાય.

જે મારામાંથી તેની ઉત્પત્તિ થયેલી છે, તે ઈશ્વરને પણ તે ઓળખી શકતો નહોતો અને સૃષ્ટિને પણ ઉત્પન્ન કરી શકતો નહોતો. એ યોગ્યતા જે એક જ નામના ઉચ્ચારથી તેને પ્રાપ્ત થઈ,[37] જેના અર્થને મનમાં લાવવાથી અને જે ત્રણ અક્ષરોનો જપ કરવાથી તેનામાં જ્યારે સૃષ્ટિને ઉપજાવવાની યોગ્યતા આવી,[38] ત્યારે બ્રાહ્મણ નિર્માણ કરીને તેમને વેદોની આજ્ઞા માન્ય કરવાનું કહી તેમના નિર્વાહ માટે તેમને તેણે યજ્ઞ વગેરેના આચરણનો બોધ આપ્યો.[39] ત્યાર પછી તેણે અપાર લોકો ઉત્પન્ન કર્યા, કે જેમની ગણના થવી અશકય છે અને ત્રણે ભુવનો બ્રહ્મદેવે તેમના અગ્રહારરૂપે (ઈનામરૂપે) કરી દીધાં."[340] શ્રી લક્ષ્મીપતિ કહે છે કે:–" એવી રીતે જે નામમંત્રના યોગે બ્રહ્મદેવ શ્રેષ્ઠતાને પામ્યો, તેનું લક્ષણ સાંભળ.[41] સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ જે ॐકાર, તે મૂળ અક્ષર છે એમ ધાર અને તત્કાર દ્વિતીય તથા સત્કાર તૃતીય અક્ષર છે.[42] એ પ્રમાણે, ॐ तत्सत् એવું ત્રણ પ્રકારનું બ્રહ્મનું નામ છે અને ઉપનિષદોનું જે આ નામરૂપ સુંદર સુમન (પુષ્પ) છે, તેનો તું સુવાસ લે.[43] એનું ઐકય થયા પછી જો સાત્ત્વિક કર્મોનું આચરણ કરવામાં આવે, તો મોક્ષ આપણા ગૃહનો અનુચર થઈ રહે.[44] પરન્તુ ભાઈ રે! દૈવયોગે જો કર્પૂરના અલંકારો આવીને પ્રાપ્ત થાય, તો તેમને કેવી રીતે વાપરવા, એ જાણવાની જ પ્રથમ અડચણ હોય છે.[45] તેવા સત્કર્મનું આચરણ કરીને જો કે બ્રહ્મના નામનો ઉચ્ચાર કરવામાં આવે, પણ જો વ્યવસ્થાપૂર્વક તેના રહસ્યનું જ્ઞાન ન હોય,[46] તો સાધુજનો ઘેર આવ્યા હોય, છતાં તેમનું સન્માન કરવાને બદલે અપમાન કરવાથી જેમ પુણ્યનો ક્ષય થાય છે;[47] અથવા સુંદર માળા ઇત્યાદિ સુવર્ણના અલંકારોને એક જ દોરીમાં બાંધીને ગળામાં ધારણ કરવામાં આવે (તો તે જેમ શોભાને બદલે કુરૂપતા જ દેખાય) છે;[48] તેવી જ રીતે મુખથી બ્રહ્મના નામનો ઉચ્ચાર કરતા હોઇએ અને હાથવતી સાત્વિક કર્મોનું આચરણ કરતા હોઇએ, તોય જો તેની વ્યવસ્થાને જાણતા ન હોઇએ, તો તે સર્વ કર્મ વ્યર્થ છે.[49] અરે, અન્ન પાસે હોય અને ભૂખ પણ લાગેલી હોય, પરંતુ અલ્પવયસ્ક બાળકને તે અન્ન હાથવતી ઉપાડીને મોઢામાં મૂકવાની વ્યવસ્થાની ખબર ન હોવાથી તેને તો લંઘન (લાંઘણ) જ કરવું પડે છે.[350] અથવા, હે અર્જુન! તેલ, વાટ અને અગ્નિ એ ત્રણે એક જ સ્થાનમાં હોવા છતાં પણ દીવો કેવી રીતે સળગાવવો, એની ખબર ન હોવાથી પ્રકાશ કરી શકાતો નથી.[51] તે જ પ્રમાણે પર્વકાળ (પુણ્ય દિવસ) પ્રાપ્ત થાય, કર્મ કરવાની ઇચ્છા ઉદ્‌ભવે અને તે સમયના મંત્રનું પણ સ્મરણ થઈ આવે, તોય તેની વ્યવસ્થાનું અજ્ઞાન હોવાથી તે સર્વ યોગો વ્યર્થ જ થઈ પડે છે.[52] એટલા માટે ત્રણ અક્ષરાત્મક બ્રહ્મનું જે નામ છે, તેની વ્યવસ્થા કેવી રીતે કરવી જોઇએ, તે હું કહું છું તે તું સાંભળ.[53]

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपक्रियाः ।
प्रवर्तते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥

[એટલા માટે, વેદવેત્તાઓની યથાવિધિ યજ્ઞ, દાન અને તપ આદિ ક્રિયાઓ બ્રહ્મના ॐ નામના ઉચ્ચાર સહિત નિરંતર ચાલતી હોય છે. ૨૪]

" ત્યારે હવે પરબ્રહ્મ નામના જે ત્રણ અક્ષરો છે, તે ત્રણેની યોજના કર્મના આરંભમાં, મધ્યમાં અને અંતમાં કરવી.[54] હે કિરીટી! એ જ ઉપાયથી બ્રહ્મજ્ઞાનીઓના બ્રહ્મનો ભેટો થાય છે.[55] જેમણે શાસ્ત્રોનું જ્ઞાન સંપાદન કરી લીધું હોય છે, તેઓ બ્રહ્મ સાથે ઐકય થવા માટે યજ્ઞ આદિ ક્રિયાનો ત્યાગ કરતા નથી.[56] તેઓ પ્રથમ ધ્યાનવડે ॐકારને સિદ્ધ કરીને પછી વાચાવડે તેનો ઉચ્ચાર કરે છે.[57] એવી રીતે ધ્યાન કર્યા પછી પ્રણવના ઉચ્ચારને સ્પષ્ટ કરીને તદનન્તર ક્રિયા કરવાનો આરંભ કરે છે.[58] પછી અંધારામાં ન બૂઝાતા દીવા પ્રમાણે ક્રિયા

અરણ્યમાં સાથે રહેનાર સોબતી પ્રમાણે કર્મારંભ કાળનો પ્રણવોચ્ચાર (કર્મ કરતી વેળાએ સાથેનો સાથે જ રહેનાર) હોય, એમ સમજ.[૫૯] ધર્મથી મેળવેલું વિપુલ દ્રવ્ય વેદોમાં કહેલા દેવતાઓને અર્પણ કરવાના હેતુથી બ્રાહ્મણદ્વારા અથવા અગ્નિના મુખદ્વારા યજ્ઞ કરે છે.[૩૬૦] આહવનીય, ગાર્હપત્ય અને દક્ષિણ એ ત્રણ અગ્નિમાં તેઓ યથાવિધિ હવન કરે છે.[૬૧] વધારે તો શું, પરંતુ નાના પ્રકારના યજ્ઞોને ઉત્પન્ન કરીને અપ્રિય અહંકારનો ત્યાગ કરે છે;[૬૨] કિંવા ન્યાયથી મેળવેલું પવિત્ર દ્રવ્ય અને ભૂમિ આદિ જે મુખ્ય દાનો છે, તે દાન દેશકાળને અવલોકીને પવિત્ર બ્રાહ્મણને આપે છે.[૬૩] અથવા તો એક દિવસને અન્તરે કિંવા એક માસને અંતરે ચાન્દ્રાયણ વ્રતનું આચરણ કરીને પોતાના શરીરને શુદ્ધ કરી તપનું આચરણ કરે છે;[૬૪] એવા પ્રકારે, યજ્ઞ, દાન અને તપરૂપ જે કર્મો બંધનરૂપે હોવાનું પ્રસિદ્ધ છે, તેમના (પ્રથમારંભે પ્રણવનો ઉચ્ચાર કરવાથી તેના) યોગે મોક્ષ સરળ થઈ જાય છે.[૬૫] નદીના તીરને અથડાઇને ઉભેલી નૌકા પાણીમાં ધકેલતી વેળાએ ભારી લાગે છે, પરંતુ તેનાવડે જ પાણીમાં તરી જવાય છે; તે જ પ્રમાણે સંસારમાં નાખનારાં જે કર્મો, તે કર્મોનું બંધન હોવા છતાં ૐકારના ઉચ્ચારવડે મનુષ્ય મુક્ત થાય છે.[૬૬] પરંતુ આ વાતોને હવે એમની એમ જ રહેવા દે. એ યજ્ઞ અને દાન આદિ જે ક્રિયાઓ છે, તે ૐકારના સાહ્યથી યોગ્યતાવાળી થાય છે.[૬૭] એ કર્મો જે વેળાએ એમને ફળયુક્ત થયેલાં દેખાય છે, તે વેળાએ તેઓ તત્કાળ 'તત્' શબ્દનો ઉપયોગ કરે છે.[૬૮]

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियंते मोक्षकांक्षिभिः ॥ २५ ॥

[મુમુક્ષુ જનો બ્રહ્મના 'તત્' નામનો ઉચ્ચાર કરીને ફળની આશા ન ધારતાં યજ્ઞ, તપ અને દાનની અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે. ૨૫]

"જે સમસ્ત જગતથી પર છે અને જે એકલો જ સર્વને નિહાળી શકે છે એવો જે પરબ્રહ્મ, તેનો 'તત્' શબ્દથી (મુમુક્ષુ જનો) ઉચ્ચાર કરે છે.[૬૯] હે અર્જુન! તે સર્વથી આદિ છે, એમ ધ્યાનમાં લાવીને તેના રૂપનું ધ્યાન ધરી, પછી તેનો 'તત્' નામથી (તેઓ) ઉચ્ચાર કરે છે;[૩૭૦] અને એમ કહે છે કે, 'તદ્રૂપ બ્રહ્મને સર્વ ક્રિયાઓ તેમનાં ફળો સહિત સમર્પણ હો! અને અમોને ભોગવવા માટે કાંઈ પણ અવશિષ્ટ ન રહો.'"[૭૧] એ પ્રમાણે, તત્સ્વરૂપી બ્રહ્મને સર્વ કર્મો અર્પણ કરીને 'તે કર્મો અમારાં નથી' એમ કહી શરીર ઝાટકીને મોકળા (મુક્ત) થઈ જાય છે.[૭૨] હવે ૐકારના ઉચ્ચારથી જેનો આરંભ કરાયલો હોય છે અને 'તત્'ના ઉચ્ચારથી જેનું ફળ અર્પણ કરાયલું હોય છે અને એવી રીતે જે કર્મને બ્રહ્મત્વ પ્રાપ્ત થયેલું હોય છે;[૭૩] તે કર્મ જો કે ખરેખર બ્રહ્મરૂપ થયેલું હોય છે, છતાં માત્ર તેટલાથી જ કાંઈ કાર્યભાગની સમાપ્તિ થતી નથી. કારણ કે, જે કર્મનો કર્ત્તા હોય છે, તેનો દ્વૈતભાવ તો અવશિષ્ટ જ રહે છે.[૭૪] લવણ પાણીમાં નાંખવાથી પીગળી જાય છે, પરંતુ તેની ખારાશ તો પાણી કરતાં *ભિન્ન જ હોય છે; એટલે એવા કર્મને બ્રહ્માકાર થએલું સમજવું એ જ દ્વૈત છે;[૭૫] અને જ્યાં સૂધી દ્વૈત કાયમ છે, ત્યાં સૂધી સંસારનો ભય જતો નથી, એમ દેવ પોતાના મુખથી કહે છે અને વેદોનો પણ એ જ અભિપ્રાય છે.[૭૬] એટલા માટે, બ્રહ્મમાં રહેલા દ્વૈતનું 'તત્' શબ્દના જ્ઞાનવડે નિરસન કરવાના ઉદ્દેશથી જ દેવોએ 'તત્' શબ્દની યોજના કરેલી છે.[૭૭] એટલે 'ૐકારના' અને 'તત્કારના'

* અહીં લવણની ખારાશને પાણીથી ભિન્ન કહેલી હોવાથી મીઠા પાણીમાં લવણ (મીઠું) નાખવાની ક્રિયા સમજવાની છે. સમુદ્રજળનો અર્થ લેવાનો નથી. મીઠા પાણીમાં નાખવાથી લવણ પીગળી જાય છે, પરંતુ પાણીમાં તેની ખારાશ તો તરત જૂદી જણાઈ જ આવે છે, એ પ્રસિદ્ધ હોવાથી વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

ઉચ્ચારવડે કરેલું કર્મ બ્રહ્મસ્વરૂપી થાય છે અને તેને પ્રશસ્ત (શ્રેષ્ઠ) કર્મ કહેવામાં આવે છે.[૭૮] પ્રશસ્ત કર્મમાં 'સત્' શબ્દનો પ્રયોગ કરાય છે અને તે સાંભળવા યોગ્ય છે તે હવે કહું છું.[૭૯]

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥ २६ ॥

[જ્ઞાની જનો અસ્તિત્વ અને સુંદરતા બતાવવા માટે બ્રહ્મના 'સત્' નામની યોજના કરે છે. તેમ જ, હે પાર્થ! શુભ કર્મને વ્યક્ત કરવા માટે પણ તેઓ 'સત્' શબ્દને યોજતા હોય છે. ૨૬]

"એ 'સત્' શબ્દવડે અસદ્રૂપ ખોટું નાણું ગળઈ જતાં સત્તાનું વ્યંગરહિત સ્વરૂપ દષ્ટિગોચર થાય છે.[૩૮૦] જે 'સત્' કોઇ પણ કાળમાં અને કોઇ પણ દેશમાં વસ્તુ વિના અન્યવત્ થતું નથી, તે નિત્ય આત્મસ્વરૂપી હોય છે.[૮૧] આ સર્વ દૃશ્યમાન જગતનો મિથ્યા ભાસ જે 'સત્' શબ્દના લાભથી લુપ્ત થતાં જે આત્મસ્વરૂપમાં મળી જાય છે;[૮૨] તે એ 'સત્' શબ્દના યોગે સર્વાત્મક બ્રહ્મરૂપ થયેલું જે પ્રશસ્ત કર્મ, તે કર્મકર્ત્તાના દ્વૈતનો છેદ કરીને, તેને ઐક્યના પ્રદેશમાં લઇ જાય છે.[૮૩] અર્થાત્ ૐકાર અને તત્કારના યોગે કર્મ બ્રહ્માકાર થાય છે, એમ કહેવું પણ 'સત્' શબ્દના પ્રકાશથી નાશને પામે છે.[૮૪] એ પ્રમાણે એ 'સત્' શબ્દની અંતર્ગત વ્યવસ્થા સમજ," એમ શ્રીરંગે કહ્યું. (જ્ઞાનેશ્વર કહે છે કે:–) 'હું પોતે આ કહું છું, એમ સમજવાનું નથી.[૮૫] આ હું કહું છું એમ જો કહેવામાં આવે, તો તેથી શ્રીરંગમાં દ્વૈતનો ભાવ ઉત્પન્ન થતાં ન્યૂનતાનો આવિર્ભાવ થાય, એટલે એ કથન દેવનું જ સમજવાનું છે.[૮૬] "હવે 'સત્' શબ્દ અન્ય પ્રકારે સાત્ત્વિક કર્મપર ઉપકાર કરે છે, તે સાંભળ.[૮૭] સર્વે સત્કર્મો યથાવિધિ ઉત્તમ પ્રકારથી ચાલ્યા કરતાં હોય, છતાં તેમાં જ્યારે કોઇ એકાદ બાજૂએથી ન્યૂનતા આવી જાય છે,[૮૮] ત્યારે શરીરનો એકાદ અવયવ ઓછો હોવાથી જેમ શરીરના વ્યાપારો બંધ થાય છે અથવા તો રથના એકાદ ભાગના ખંડનથી જેમ રથની ગતિ ઓછી થાય છે;[૮૯] તેવી જ રીતે કર્મ સત્ (ઉત્તમ) હોવા છતાં જે વેળાએ કોઈએક ગુણના અભાવે તે (કર્મ) અસત્ થાય છે,[૯૦] ત્યારે ૐકાર અને તત્કારના સાહાય્યથી 'સત્' શબ્દ તે વ્યંગ કર્મનો ઉત્તમ રીતિથી જીર્ણોદ્ધાર કરે છે,[૯૧] અને પોતાના તેજના બળથી કર્મના વ્યંગને લુપ્ત કરીને તેને સદ્ભાવની યોગ્યતા પ્રાપ્ત કરાવી આપે છે.[૯૨] દિવ્ય ઔષધ રોગીને જેમ રોગમુક્ત કરે છે અથવા પરાજિત મનુષ્યને કોઇની કુમક મળવાથી જેમ બમણી શક્તિ આવે છે, તે જ પ્રમાણે 'સત્' શબ્દ વ્યંગ કર્મની ન્યૂનતાનો નાશ કરે છે એમ તું જાણ.[૯૩] અથવા તો કોઇ પ્રમાદવડે કર્મ પોતાની મર્યાદાને છોડીને જો નિષિદ્ધ માર્ગમાં ચાલ્યું જાય;[૯૪] જે ચાલનાર હોય છે તે જ માર્ગ ભૂલે છે અને પરીક્ષકને જ કોઈવાર ભ્રમ થઈ જાય છે; અર્થાત્ વ્યવહારમાં શું શું નથી થતું વારુ?[૯૫] એવી રીતે, અવિચારના યોગે કર્મની મર્યાદાનો લોપ થાય અને તેને જો નિષિદ્ધ કર્મનું નઠારું નામ પ્રાપ્ત થાય;[૯૬] તો તે ઉભય કરતાં વિશેષ જ્ઞાતા, એ 'સત્' શબ્દની યોજના કરવાવડે 'સત્' એવા અનુત્તમ કર્મને પણ ઉત્તમ કર્મ બનાવી દે છે.[૯૭] લોહને જેમ પારસમણિનું ઘર્ષણ, સાધારણ વહેળાને જેમ ગંગા નદીનો મેળાપ અને મૃત મનુષ્યને જેમ અમૃતની વૃષ્ટિ (લાભકારક થઈ પડે છે,)[૯૮] તેવી જ રીતે હે વીરેશ! અસત્ કર્મને 'સત્' શબ્દનો પ્રયોગ અતિશય લાભકારક થાય છે. વધારે કહેવાની કશી અગત્ય જ નથી; કારણ કે, 'સત્' નામનો મહિમા એવો જ (અલૌકિક) છે.[૯૯] એવી રીતે, 'સત્' શબ્દના રહસ્યને જાણી લઇને જ્યારે તું તે નામનો ઉચ્ચાર કરીશ, ત્યારે એ જ કેવળ બ્રહ્મ છે, એમ તારા જાણવામાં આવી જશે.[૪૦૦] એ 'ૐ તત્સત્' અક્ષરો જે બ્રહ્મમાંથી દૃષ્ટિગોચર સર્વ પદાર્થ પ્રક-

શમાન થાય છે, તે સ્થાનમાં (બ્રહ્મમાં) મુમુક્ષુને લઇ જાય છે.[1] તે પરબ્રહ્મ સ્વચ્છ અને અપરિચ્છિન્ન છે અને ૐ તત્સત્ તેનું અંતર્ગત દર્શક નામ છે.[2] પરંતુ આકાશને જેવી રીતે આકાશનો જ આશ્રય હોય છે, તેવી રીતે ૐ તત્સત્ અક્ષરોને બ્રહ્મનો જ આશ્રય છે.[3] આકાશમાં ઉદય પામ્યા પછી સૂર્ય જ સૂર્યને પ્રકાશિત કરે છે, તેજ પ્રમાણે, એ નામનો ઉચ્ચાર કરતાંની સાથેજ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.[4] એટલા માટે, એ ત્ર્યક્ષરી નામ નહિ, પણ કેવળ બ્રહ્મ જ છે, એમ જાણ; અને એથી તું જે જે કર્મો કરે,[5]

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

[યજ્ઞ, દાન અને તપમાં તત્પર થવાને 'સત્' કરી કહેવામાં આવે છે અને તેમના ઉદ્દેશથી કરેલા કર્મને પણ 'સત્'* કહેવામાં આવે છે. ૨૭]

"તે કર્મ મધ્યે આરંભમાં જ ભલે કાંઇ વ્યંગ ઉત્પન્ન થાય, અથવા તેમનો આરંભ કરવા છતાં તેઓ અપૂર્ણ રહી જાય; યજ્ઞ, દાન કિંવા ગહન તપો હોય,[6] પરંતુ પારસમણિના સ્પર્શથી થયેલા સુવર્ણની કસોટીમાં જેમ ઉત્તમ કે અધમ કસનો ભાસ માત્ર પણ હોતો નથી, તેજ પ્રમાણે કરેલા કર્મોને બ્રહ્માર્પણ કરવાથી તે બ્રહ્મરૂપ જ થઈ જાય છે.[7] જેવી રીતે સમુદ્રમાં મળેલી નદીઓનું વર્ગીકરણ કરી શકાતું નથી, તેજ પ્રમાણે, તે કર્મોમાં પૂર્ણતા અને અપૂર્ણતા (ઉત્તમ અને નિષિદ્ધ)નો ભેદ અવશિષ્ટ રહેતો નથી, એ સમજ્યો કે?[8] એ પ્રમાણે, હે જ્ઞાનવાન્ અર્જુન! બ્રહ્મ નામની શક્તિ તને દૃષ્ટાંતપૂર્વક સ્પષ્ટ કરીને કહી સંભળાવી;[9] અને, હે વીર! બ્રહ્મ નામના એક એક અક્ષરની પણ ભિન્ન ભિન્ન વ્યવસ્થા તારી આગળ સારી રીતે વર્ણવી બતાવી.[10] એ રીતે, હે અર્જુન! બ્રહ્મ નામની આવી ગુરુતા (મહત્તા) છે, એ રહસ્ય તારા સમજવામાં આવ્યું ને?[11] અર્થાત્ હવે નિરંતર જો એ નામમાંજ શ્રદ્ધા રાખીશ, તો જન્મબંધનથી તું મુક્ત થઈશ.[12] જે કર્મ કરતી વેળાએ એ શબ્દનો ઉત્તમ રીતિથી ઉપયોગ કરવામાં આવશે, તે કર્મ પૂર્ણ થવા સાથે વેદરૂપી જ થશે.[13]

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥ २८ ॥

[હે પાર્થ! શ્રદ્ધાવિના† કરેલાં યજ્ઞ, દાન, તપ અને અન્ય કોઇ પણ કર્મને 'અસત્' કહેવામાં આવે છે. તે પરલોકમાં ફળપ્રદ થતાં નથી અને આ લોકમાં પણ ફળદાયક હોતાં નથી. ૨૮]

"પરન્તુ એ માર્ગનો ત્યાગ કરી શ્રદ્ધાને ચલાવી દુરાગ્રહના બળને વધારીને,[14] કોટ્યવધિ અશ્વમેધ યજ્ઞો કરવામાં આવે, સમસ્ત પૃથ્વી રત્નોવડે ભરીને દાન તરીકે આપવામાં

* યજ્ઞમાં સ્થિતિ, તપમાં સ્થિતિ અને દાનમાં સ્થિતિ એવો પણ 'સત્' શબ્દનો અર્થ કરવામાં આવે છે અને એ કારણથી કર્મને પણ સહજ 'સત્' (સત્કર્મ)ના નામથી ઓળખી શકાય છે.

† આ શ્લોકમાં શ્રીકૃષ્ણ પરમાત્માના ઉપદેશનો મથિતાર્થ એવો છે કે:-"હે અર્જુન! શ્રદ્ધાવડે ૐ તત્સત્ એવા નિર્દેશપૂર્વક જે કર્મ કરવામાં આવે છે, તેજ કર્મ 'સત્' કહેવાય છે. એટલા માટે, તું પણ અવિચલ શ્રદ્ધા રાખીને યુદ્ધ કરવાને આગળ વધ અને તે યુદ્ધ કરતી વેળાએ ૐ તત્સત્ અક્ષરોનો ઉચ્ચાર કર, એટલે તને એ યુદ્ધના કર્મથી બંધનની પ્રાપ્તિ થવાનો સંભવ કે ભય રહેશે નહિ. યુદ્ધ કર, પણ અશ્રદ્ધાથી નહિ એટલે કે, મારા મનનું સમાધાન કરવા માટે કે મને સારું લગાડવાને તેમ ન કરતાં પરમ શ્રદ્ધા સહિત જ તારું યુદ્ધરૂપ કર્મ આચર. કારણ કે, શ્રદ્ધા વિનાનાં સર્વ કર્મો સર્વથા નિષ્ફળ જ થાય છે.

આવે, એક અંગુષ્ઠપર ઉભા રહીને સહસ્ત્રાવધિ વર્ષ પર્યન્ત તપશ્ચર્યા આચરવામાં આવે[૧૫] અને જલાશય પ્રમાણે મધુર જળનો મહાસાગર બાંધવામાં આવે, તો પણ તે સર્વ વ્યર્થ છે.[૧૬] ખડકપર વૃષ્ટિ થાય, અથવા ભસ્મમાં આહુતિ અપાય, કિંવા પ્રતિચ્છાયા (છાયા)ને આલિંગન આપવામાં આવે,[૧૭] કિંવા, હે અર્જુન! આકાશને ચાબૂક મારવામાં આવે, (એ સર્વ જેમ વ્યર્થ છે,) તેજ પ્રમાણે, તે સર્વ સમારંભો પણ નિષ્ફળ અને વ્યર્થ જ થઈ જાય છે.[૧૮] પાષાણને ઘાણીમાં નાખીને પીલવામાં આવે, તો તેથી તેલ કે ખોળ કશાની પ્રાપ્તિ થતી નથી; તે પ્રમાણે, એ વ્યર્થ આડંબરો (શ્રદ્ધા રહિત યજ્ઞ આદિ)થી કેવળ દરિદ્રતા વિના બીજું કશું પણ પ્રાપ્ત થતું નથી.[૧૯] છેડે ખપ્પર બાંધીને આ દેશમાં અથવા બીજા દેશમાં જઇએ, તોય તે પાસેથી દૂર ન થતાં અપવાસે જ મારી નાખે છે,[૪૨૦] તેવી જ રીતે તે સર્વ કર્મોના આચરણથી આ લોકમાં પણ સુખ મળતું નથી, એટલે પછી પરલોકના સુખની ઇચ્છા તો કરવી જ શા માટે જોઇએ વારુ?[૨૧] અર્થાત્ બ્રહ્મમાં શ્રદ્ધા ન રાખીને (બ્રહ્માર્પણ ન કરતાં) જે કર્મો કરવામાં આવે, તેમનું કશું પણ તાત્પર્ય હોતું નથી;–તે આલોક અને પરલોકમાં કેવળ ગ્લાનિરૂપજ થઇ પડે છે."[૨૨] એ પ્રમાણે પાતકરૂપ હસ્તીને સિંહરૂપ, ત્રિવિધ તાપરૂપ તમને સૂર્યરૂપ, લક્ષ્મીના પતિ અને સર્વ વીરોના શિરોમણિ એવા શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું.[૨૩] એટલે આત્માનંદમાં નિમગ્ન થયેલો અર્જુન પૂર્ણિમાની ચંદ્રિકાથી ચંદ્ર જેવી રીતે છવાઈ જાય છે, તેવી રીતે છવાઇ ગયો (પાછો પડ્યો.)[૨૪] સંગ્રામ કેવળ વાણી હોય ને બાણોના અગ્રભાગે (અણીઓ) જ જેના માપક યંત્ર હતા અને તેમનાવડે જાણે જીવિતની તે માપણી કરતો હોયની, એવો જ (યુદ્ધપ્રસંગે) તે ભાસતો હતો;[૨૫] અર્થાત્ એવા કઠિન પ્રસંગે અર્જુન આત્માનંદમાં કેવી રીતે નિમગ્ન થયો હશે વારુ? એનું ઉત્તર એ જ છે કે, આજે એની પેઠે બીજા કોઇના પણ ભાગ્યનો ઉદય થયેલો દેખાતો નથી.[૨૬] સંજય કહે છે કેઃ–"હે કૌરવેશ્વર ધૃતરાષ્ટ્ર! શત્રુ (અર્જુન) ના ગુણોને જોઇને પ્રીતિ ઉત્પન્ન થાય છે અને આપણા સુખનો એ જ અહીં ગુરુ કારણ થયેલો છે.[૨૭] જો તેણે (અર્જુને) આ વાત પૂછી ન હોત, તો દેવે પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હોત ખરા કે? અને તેમ ન થાત તો આપણને પરમાર્થનો પરિચય કેવી રીતે થઇ શકત વારુ?[૨૮] આપણે અજ્ઞાનરૂપ અંધકારમાં જન્મમરણનો વ્યર્થ પ્રવાસ કરતા પડ્યા હતા, એટલામાં તેણે મને આત્મપ્રકાશરૂપ મંદિરમાં લાવી મૂકયો.[૨૯] એટલો બધો મારાપર અને તમારાપર ઉપકાર કર્યો છે, એટલા માટે એ વ્યાસ પ્રમાણેજ આપણો ગુરુ થયો છે."[૪૩૦] એવામાં વળી સંજય પોતાના મનમાં કહેવા લાગ્યો કેઃ–"મેં અર્જુનની જે આ આટલી બધી સ્તુતિ કરી, તે ધૃતરાષ્ટ્રથી સહન થવાની નથી; એટલે હવે વધારે ન બોલવું જોઇએ."[૩૧] એવો વિચાર કરી સંજયે એ વાર્ત્તાને છોડી દઇ, અર્જુને શ્રી કૃષ્ણને જે બીજો પ્રશ્ન પૂછયો, તે કહી સંભળાવવાનો આરંભ કર્યો.[૩૨] નિવૃત્તિદાસ જ્ઞાનદેવ કહે છે કેઃ–'તેણે જેમ પોતાની વાતને ફેરવી નાંખી, તેવી જ ફેરવેલી વાત હું પણ કહું છું, તે સાંભળો.[૪૩૩]

ઇતિ શ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થ દીપિકા મધ્યે "શ્રદ્ધાત્રય વિભાગયોગ" નામનો અધ્યાય સત્તરમો સમાપ્ત.

જ્ઞાનેશ્વરીનો અષ્ટાદશ અધ્યાય.

મોક્ષ સંન્યાસ યોગ.

जयजय देव निर्मळ । निजजनाखिलमंगळ । जन्मजराजलदजाळ । प्रभंजन ॥ १ ॥
जयजय देव प्रबळ । विदळितामंगळकुळ । निगमागमद्रुमफळ । फलप्रद ॥ २ ॥
जयजय देव सकल । विगतविषयवत्सल । [illegible]ल । कलातीत ॥ ३ ॥
जयजय देव निश्चळ । चलचित्तपानतुंदिल । जगदुन्मीलनाविरल । केलिप्रिय ॥ ४ ॥
जयजय देव निष्कळ । स्फुरदमंदानंदबहळ । नित्यनिरस्ताखिलमळ । मूळभूत ॥ ५ ॥

હે દેવ! તમો નિર્મળ હોઇને પોતાના ભકતોનું સર્વથા મંગળ કરનાર છો; તેમ જ જન્મ તથા વાર્ધક્યરૂપ મેઘોને નષ્ટ કરનાર વાયુરૂપ છો. તમારો જયજયકાર હો![1] હે દેવ! તમો સર્વ કરતાં બળવાન્ હોઈને દુઃખનો સમૂળ વિનાશ કરનાર છો, તેમ જ તમો વેદ અને શાસ્ત્ર-રૂપ વૃક્ષોના ફળ હોવાથી લાભદાયક છો. તમારો જયજયકાર હો.[2] હે દેવ! તમો સંપૂર્ણ હોઈને જેમણે વિષયોનો ત્યાગ કરેલો છે, તેમનાપર કૃપા કરનાર છો અને લીલાવડે તમો કાળની ક્રીડાના હેતુ હોઈને કાલાતીત પરિપૂર્ણ છો. તમારો જયજયકાર હો.[3] હે દેવ! તમો અચલ હોવા છતાં ચંચળ ચિત્તના પ્રાશનથી તમારું પેટ વધેલું છે અને ઉપરા ઉપરી જગતને ઉત્પન્ન કરીને તમોને ક્રિયા કરવાની પ્રિયતા થયા કરે છે. તમારો જયજયકાર હો.[4] હે દેવ! તમારું રૂપ કેવળ શુદ્ધ હોઈને તમે આનંદને સ્ફૂર્ત્તિ દેનારા અને સર્વ પાપોનું નિત્ય નિરસન (નિવારણ) કરનારા છો અને સમસ્ત જગતના કારણીભૂત છો. તમારો જયજયકાર હો.[5] હે દેવ! તમો સ્વયંપ્રકાશ છો અને જગતરૂપ મેઘને ધારણ કરનાર આકાશરૂપ છો; તેમ જ જગદ્રૂપ ઉત્પત્તિના મૂળ સ્તંભ હોઈને સંસારના વિનાશક છો. તમારો જયજયકાર હો.[6] હે દેવ! તમો ઉપાધિરહિત છો અને વિદ્યારૂપ ઉપવનના વિનાશક ગજરાજ છો. તેમ જ શમદમવડે કામ અને મદના વિનાશક તથા દયાના સમુદ્ર છો. તમારો જયજયકાર હો.[7] હે દેવ! તમારું એક જ રૂપ હોઈને તમો કામરૂપ સર્પના ગર્વનો તિરસ્કાર કરનારા છો; ભાવિક ભક્તોના ચિત્તરૂપ મંદિરમાંના દીપક છો અને સંસાર તાપના વિનાશક છો. તમારો જયજયકાર હો.[8] હે દેવ! તમારું રૂપ અદ્વિતીય હોઈને તમો પૂર્ણ નમ્ર થયેલા મનુષ્યપર પ્રેમ કરનારા છો અને ભકતાધીન હોઇને ભજન કરવા યોગ્ય તથા માયાને અગમ્ય છો. તમારો જયજયકાર હો.[9] હે દેવ ગુરુરાજ! તમો કલ્પનાતીત વસ્તુઓના કલ્પવૃક્ષ જ છો અને પોતાના જ્ઞાનવૃક્ષના બીજના ઉત્પત્તિ સ્થાન છો. તમારો જયજયકાર હો.[10] એવા અનેક પ્રકારના પ્રત્યયોવડે વિશેષણો આપવાને યોગ્ય નહિ એવા જે તમો, તે તમારી કેટલી પ્રશંસા (સ્તુતિ) કરું વારુ?[11] જે વિશેષણોવડે તમારી સ્તુતિ કરવામાં આવે છે, તે તમારું સ્પષ્ટ સ્વરૂપ નથી, એ હું સારી રીતે જાણું છું અને તેથી જ તમારું વર્ણન કરતાં મને શરમ આવે છે.[12] પરંતુ સમુદ્રને મર્યાદા હોવાનું જે કહેવામાં આવે છે, તે જ્યાં સૂધી ચન્દ્રનો ઉદય થયેલો નથી હોતો ત્યાં સૂધી જ![13] સોમકાંત મણિ પોતાના નિજ ઉદકવડે ચન્દ્રને અર્ઘ્ય આપતો નથી; કિન્તુ ચન્દ્ર પોતે જ તેના હાથે એ કાર્ય કરાવે છે.[14] વસંત ઋતુનો આરંભ થતાંની સાથે જ વૃક્ષને એકાએક નવ પલ્લવ કેવી રીતે પ્રાપ્ત થાય છે, એ સમજી શકાતું નથી; તે જ પ્રમાણેની મારી સ્થિતિ પણ થયેલી છે, એમ શા માટે ન સમજવું વારુ?[15] સૂર્યવિકાસી કમળપર સૂર્યકિરણનો પાત થતાંની સાથે જ તે લજ્જા ત્યાગીને પ્રફુલ્લ થાય છે અથવા તો લવણ પાણીમાં નાંખતાં જ તત્કાળ તદ્રૂપ બની જાય છે,[16] તે પ્રમાણે, હું

જ્યારે તમારું સ્મરણ કરું છું, ત્યારે પોતાના સ્વરૂપને વિસરી જાઉં છું. પછી ભોજનથી તૃપ્ત થયેલો મનુષ્ય જેમ જેમ એક પછી એક ઓડકાર દીધા કરે છે,[૧૭] તે જ પ્રમાણે, હે પ્રભો! મારા હુંપણાને ભૂલી જઇને મારી વાચાને તમારી સ્તુતિ કરવાનો ઉન્માદ લાગી ગયો છે. તમારે લીધે મારી એવી અવસ્થા થઈ ગઈ છે.[૧૮] અથવા જો હું મારી પોતાની સ્મૃતિવડે (તમારી) સ્તુતિ કરું, તો તો પછી તમારા ગુણો અને અવગુણોની ચૂંટણી કરવી જોઇએ.[૧૯] પણ હે પ્રભો! તમે એક સરખા બનેલા લિંગ હોવાથી તમારા ગુણ અને અવગુણોની ચૂંટણી કેમ કરીને કરી શકાય વારુ? મોતીને તોડીને તેને સાંધવાની પંચાતમાં પડવા કરતાં તેને મૂળ તોડીએ જ નહિ તો તે વધારે સારું નથી કે શું?[૨૦] વળી તમો જ માતપિતા છો, એમ કહીએ તો એમ કહેવાથી (તમારી) સ્તુતિ તો થવાની નથી જ, પણ મારા સંતાનત્વના ઉપાધિથી તમારામાં ન્યૂનતા આવવાનો સંભવ પ્રત્યક્ષ દેખાય છે.[૨૧] હું તમારો ચાકર થઇશ એમ કહું, તોપછી તમને માલિક કહીને બોલાવવા જ પડે; પણ તેમ કેમ કરી શકાય વારુ? એવી રીતે ઉપાધિના યોગે ઉચ્છિષ્ટ થયેલા રૂપનું શું વર્ણન કરું?[૨૨] હે પ્રભો, જો તમને જગદાત્મા કહું તો મારા અંતરમાં નિવાસ કરનારા તમોને બહાર કાઢી મૂકવા જેવું જ થાય છે.[૨૩] અર્થાત્ વાસ્તવિકતાથી વિચાર કરતાં એમ જ જણાય છે કે, આ જગતમાં તમારી સ્તુતિ થવી અશક્ય છે અને તમારા શરીરમાં કેવળ મૌન્ય વિના બીજા અલંકારો પહેરાવી શકાય તેમ નથી જ.[૨૪] એટલા માટે કાંઇ પણ ન બોલવું, એ જ તમારી સ્તુતિ છે; કાંઈ પણ ન કરવું, એ જ તમારી પૂજા છે અને ભિન્નતાથી અવશિષ્ટ ન રહેવું, એ જ ઘટનાઓ તમારામાં સંભવે છે.[૨૫] એટલા માટે જેમ કોઇ એક મનુષ્ય ભ્રાંતિયુક્ત (ભ્રમિષ્ટ) થઇને બડબડાટ કરે છે, તે જ પ્રકારનું મારું વર્ણન છે. તો હે ગુરુરૂપ જનની! તમો તેને સહન કરી જાઓ.[૨૬] હવે તમે મારી વાગ્બુદ્ધિમાં ગીતાર્થને સ્પષ્ટ કરવાની એવી મુદ્રા (સિક્કો) લગાડો, કે જેના યોગે મારો કહેલો અર્થ આ સજ્જનોની સભામાં માન્ય થાય.[૨૭] એટલે શ્રી નિવૃત્તિ મહારાજે કહ્યું કે;–"તું આવી રીતે વારંવાર મારી પ્રાર્થના ન કર. અરે લોઢાનું સોનું બનાવવા માટે તે લોઢાને વારંવાર પારસમણિપર ઘસવું પડે છે કે શું?"[૨૮] ગુરુનું એ વચન સાંભળીને જ્ઞાનેશ્વરે પ્રાર્થના કરી કે, મહારાજ! આપનો એ જ પ્રસાદ થવો જોઇએ કે, હું જે અત્યારે ગીતાનો અર્થ કહેવાનો છું, તેમાં આપ હવે ધ્યાન આપવું.[૨૯] ગીતા ગ્રંથ રત્ન ખચિત દેવાલય છે અને તેનો કળશ (શિખર) અર્થરૂપ ચિન્તામણિનો બનેલો છે અને તે એ છે કે, જેનાં દર્શનથી ગીતાના દર્શનનું ફળ મળે છે.[૩૦] જગતમાં રૂઢિ પણ એવી જ છે કે, કળશનું દૂરથી દર્શન કર્યું, એટલે દેવાલયમાંના દેવના મેળાપનું જ ફળ પ્રાપ્ત થાય છે.[૩૧] તેવો જ પ્રકાર અહીં પણ છે અને તે એવી રીતે કે, જે એક જ અધ્યાયના વાચનથી સમસ્ત ગીતાશાસ્ત્રના વાચનનું શ્રેય પ્રાપ્ત થાય છે.[૩૨] તે અઢારમા અધ્યાયને એ જ કારણથી મેં કળશની ઉપમા આપેલી છે કે, જે કળશ શ્રી વેદ વ્યાસે ગીતારૂપ દેવાલયની ઉપર ચઢાવેલો છે.[૩૩] દેવાલયપર કળશ ચઢાવ્યા પછી જેમ તેમાંનું કાંઈ પણ કામ કરવાનું બાકી રહેતું નથી, તે જ પ્રમાણે આ અઢારમો અધ્યાય ગીતાની પરિસમાપ્તિને દર્શાવે છે.[૩૪] વ્યાસ મુનિએ બહુ જ કુશળતાથી સૂત્રો રચ્યાં, તેમણે જ વેદરૂપી રત્નના પર્વતપર ઉપનિષદ્ અર્થરૂપ ભૂમિમાં એક ખાણ કરી.[૩૫] તે ભૂમિપર ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ભિન્ન ભિન્ન આકારના અનેક ગોળ પાષાણ નીકળ્યા અને તે પાષાણની મહાભારતરૂપ દેવાલયની આસપાસ દીવાલ (ભીંત) ચણી લેવામાં આવી.[૩૬] ત્યાર પછી આત્મજ્ઞાનરૂપ એક સરખા કોરેલા પાષાણો કૃષ્ણાર્જુન સંવાદરૂપ ચાતુર્યથી ઘડીને તૈયાર કર્યા.[૩૭] ત્યારપછી નિવૃત્તિરૂપ દોરીથી આંકણી કરીને અને સર્વ શાસ્ત્રોનું પૂરણ નાંખીને મોક્ષમર્યાદાના અવધિ (આકાર)ને સિદ્ધ કર્યો.[૩૮] એ પ્રમાણે, દેવાલયની રચના કરતાં કરતાં પંદર અધ્યાય સૂધી પંદર સ્તર (થર) થયા અને વચ્ચોવચના દેવગૃહની ભીંતો પૂરી ઉંચાઇએ પહોંચી

ગઈ.[૩૯] ત્યાર પછીનો સોળમો અધ્યાય તે ગળમણિનો (ગ્રીવાનો) આકાર હોઈને સત્તરમો અધ્યાય કળશની બેઠકની જગ્યારૂપ છે.[૪૦] તે બેઠકની જગ્યામાં અઢારમા અધ્યાયરૂપ કળશને ઉત્તમતાથી બેસાડીને, તેની ઉપર વ્યાસકૃત ગીતારૂપ ધ્વજા ચઢાવવામાં આવી.[૪૧] એટલા માટે પ્રથમથી એક બીજા પછીના અધ્યાયો તે એકપર એક ચઢતા થર હોઈને તેમની મારા યોગે પૂર્ણતા થઈ છે, એમ આ અઢારમો અધ્યાય બતાવે છે.[૪૨] કોઇ પણ પૂરું થયેલું કામ છૂપાઈ ન રહેતાં કળશના યોગે સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે, તે જ પ્રમાણે આ અઢારમા અધ્યાયમાં ગીતાનું સાદ્યન્ત વર્ણન આવેલું છે.[૪૩] એ પ્રમાણે વ્યાસે કુશલતાથી ગીતારૂપ દેવાલય તૈયાર કરીને પ્રાણીમાત્રનો નાનાવિધતાથી ઉદ્ધાર કર્યો છે.[૪૪] કોઇ બહારથી પ્રદક્ષિણા કરીને જપ કરે છે, (ગીતાનો કેવળ પાઠ કરે છે;) કેટલાકો શ્રવણરૂપ છાયામાં દેવાલયની ભીંતને ટેકો આપીને બેસે છે;[૪૫] કેટલાકો અવધાનરૂપ બીડું અને પૈસા લઈને દેવાલયના અર્થજ્ઞાનરૂપ અંતર્ભાગમાં પ્રવેશ કરે છે.[૪૬] તેઓ આત્મબોધના યોગે જગદાત્મા શ્રીહરિનો સત્વર સાક્ષાત્કાર કરે છે. પરંતુ મોક્ષરૂપ દેવાલયમાં એ સર્વની યોગ્યતા એક સરખી જ છે.[૪૭] જેવી રીતે કોઇ સમર્થના ગૃહમાં ભોજન માટે જતાં પંક્તિમાં ઉપર અને નીચેની પત્રાવાલિમાં એક સરખાં જ પકવાન્ન હોય છે (પંક્તિભેદ હોતો નથી,) તેવી જ રીતે ગીતાનું કેવળ શ્રવણ કરનારને, ગીતાના અર્થના જ્ઞાતાને અને ગીતાનું પઠન કરનારને એક સરખી રીતે જ મોક્ષ પ્રાપ્ત થાય છે.[૪૮] અર્થાત્ ગીતાગ્રંથ વિષ્ણુનું દેવાલય હોઈને આ અઢારમો અધ્યાય તેનાપરનો પ્રકટ કળશ છે, એવો ભેદ મેં જાણી જોઈને જ કરેલો છે.[૪૯] હવે સત્તરમા અધ્યાય સુધીના સર્વ અધ્યાયોનું ચઢાણ (રચના) કેવી રીતે થયેલું છે, તે તમારા તરત જાણવામાં (જોવામાં) આવે, એવી રીતે હું સ્પષ્ટતાથી સમજાવીને કહું છું,[૫૦] પ્રયાગમાં ગંગા અને યમુનાના સંગમસ્થાનમાંનું જળ કદાચિત્ પ્રવાહના બળથી ભિન્ન દેખાતું હોય, તોય કેવળ જળની ભાવનાથી તો તે એક જ છે.[૫૧] અર્ધનારી નટેશ્વરના સ્વરૂપમાં જેમ સ્ત્રી અને પુરુષના આકાર કાયમ હોવા છતાં એક જ શરીર દેખાય છે;[૫૨] શુદ્ધ (શુકલ) પક્ષમાં જેમ ચન્દ્રની કળા નિત્ય વધેલી જ દેખાય છે, પરંતુ ચંદ્રની દૃષ્ટિથી જોતાં તો તે પૂર્ણ જ છે, (તેનાપર જૂદા જૂદા થર નથી,)[૫૩] તેમ જ શ્લોકો ચાર ચરણોવડે જૂદા જૂદા દેખાય છે અને અધ્યાયો અધ્યાયવડે જૂદા જૂદા ભાસે છે ખરા;[૫૪] પરન્તુ અર્થની દૃષ્ટિથી જોતાં તેમનામાં ભેદ નથી. જેમ પુષ્કળ રત્નોને ધારણ કરનારી દોરી એક જ હોય છે;[૫૫] અનેક મોતીઓના મળવાથી મોતીની એક માળા તૈયાર થાય છે, પરંતુ તે સર્વની કાંતિ તો એક જ હોય છે;[૫૬] માળામાં ફૂલો પરોવવા લાગીએ એટલે ફૂલોની સંખ્યા વધે છે, પરંતુ તેના સૌગંધ્યનો આસ્વાદ લેતાં સંખ્યા માટે કાંઈ ખાસ વધારો કરવાની અગત્ય હોતી નથી એટલે કે, સૌગંધ્ય તો સરખું જ હોય છે; એ જ પ્રમાણે શ્લોક અને અધ્યાય પુષ્કળ હોવા છતાં તેમનામાંનો અર્થ તો એક જ છે.[૫૭] ગીતાના શ્લોકોની સંખ્યા સાતસોની હોઈને અધ્યાય અઢાર છે. પરંતુ દેવે (શ્રી કૃષ્ણે) એ સર્વમાં એક જ તત્ત્વનું વિવેચન કરેલું છે;[૫૮] અને મેં પણ દેવના એ માર્ગને ન ત્યાગતાં એ ગ્રંથનું એ જ રીતિથી સ્પષ્ટીકરણ કરેલું છે. અત્યારે એ જ વિચારથી હું અઢારમો અધ્યાય કહી બતાવું છું તે સાંભળો.[૫૯] સત્તરમા અધ્યાયના અંતિમ શ્લોકમાં દેવે એમ કહ્યું હતું કે;–[૬૦] "હે અર્જુન! બ્રહ્મ નામમાંની શ્રદ્ધાને ત્યાગીને તું જેટલાં કર્મ કરીશ, તે સર્વ વ્યર્થ જ છે."[૬૧] દેવનું એવું બોલવું સાંભળીને અર્જુનના મનમાં મહા આનંદ થયો અને તે કહેવા લાગ્યો કે;–"કર્મમાં શ્રદ્ધા રાખનારાને દોષિત ગણેલો હોય એમ જણાય છે.[૬૨] તે બિચારો અજ્ઞાનવડે અંધ થયેલો હોવાથી સર્વ જગતમાં ઈશ્વર ભરેલો છે, એ પણ સમજતો નથી; એટલે પછી પ્રત્યક્ષ તેની સમક્ષ હોવા છતાં બ્રહ્મનામ શ્રદ્ધાનું રહસ્ય તેના જાણવામાં કેમ કરીને આવી શકે વારુ![૬૩] રજ અને તમ એ બન્ને

ગુણોનો નાશ થવા વિના શ્રદ્ધા દુર્બળ હોય છે. માટે તે શું બ્રહ્મની પ્રાપ્તિ કરાવી શકશે?[૬૪] શત્રુને આલિંગન આપવું, સમાચાર સાંભળતાં જ એકદમ દોડી જવું અને નાગેણુને હાથમાં ઝાલી ખેલ કરવો, એ સર્વ જેમ મરણનાં કારણો જ થઇ પડે છે;[૬૫] તેવી જ રીતે કર્મો કઠિન હોઇને તે જન્મ અને મરણ આપવામાં કારણીભૂત થાય છે. એવા કર્મોના દુષ્ટ ધર્મો છે.[૬૬] કદાચિત્ કર્મો યથાસ્થિત–સાંગોપાંગ–થાય, તો તેમનામાં જ્ઞાનની યોગ્યતા આવે છે અને તે જ કર્મો જો યથાવિધિ ન થાય તો નરકપ્રાપ્તિનાં કારણરૂપ થઈ પડે છે.[૬૭] કર્મ કરનારને એવા પ્રકારની અનેક અડચણો આવે છે, એટલા માટે તેમનો પક્ષ લઇને તેમને મોક્ષપ્રાપ્તિ કેવી રીતે થાય, એવો પ્રશ્ન અર્જુને પૂછયો.[૬૮] એનું ઉત્તર એ છે કે, કર્મોના વિઘ્નને નષ્ટ કરીને તેમ જ સર્વ કર્મનો ત્યાગ કરીને અવ્યંગ કર્મસંન્યાસનો આદર કરવો.[૬૯] જેના યોગે કર્મની બાધાનો ભય નથી હોતો અને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે,[૭૦] તેમ જ જે કર્મસંન્યાસ અને કર્મત્યાગ જ્ઞાનને આમંત્રણ કરવા માટેના મંત્ર અથવા જ્ઞાન પરિપાકનાં ક્ષેત્રરૂપ છે કિંવા જ્ઞાનને આકર્ષવા માટેના સૂત્રના તંતુરૂપે છે,[૭૧] તે ઉભય–સંન્યાસ અને ત્યાગ–નું અનુષ્ઠાન કરીને જગત્ ભલે મુક્ત થાઓ–પણ હવે મને એ જ સ્પષ્ટતાથી કહી સંભળાવો, એવી દેવને પ્રાર્થના કરવી.[૭૨] એવા વિચારને–નિશ્ચયને પોતાના મનમાં સ્થાન આપીને પાર્થે ત્યાગ અને સંન્યાસના સ્પષ્ટીકરણ માટેનો પ્રશ્ન કર્યો.[૭૩] એટલે પછી શ્રી કૃષ્ણે અર્જુનના એ પ્રશ્નનું જે ઉત્તર આપ્યું, તે જ આ અઢારમો અધ્યાય છે.[૭૪] એવી રીતે કાર્યકારણભાવથી એક અધ્યાય બીજા અધ્યાયનો હેતુભૂત થાય છે. ત્યારે હવે અર્જુને શો પ્રશ્ન કર્યો, તે સાંભળો.[૭૫] સત્તરમા અધ્યાયમાં દેવે જે છેવટનો શ્લોક કહ્યો હતો, તેનું અંતઃકરણમાં મનન કરીને અર્જુને આ રીતની શંકા ઊઠાવી.[૭૬] દેવે તેને કહેલા તત્ત્વને તે સારી રીતે સમજી ગયો હતો; પરંતુ દેવ કાંઈ પણ ન બોલતાં સ્વસ્થ થઇ બેસી રહ્યા, એ તેને ગમ્યું નહિ.[૭૭] વત્સ (વાછડો કે વાછડી) નું પેટ ભરાઇ ગયા છતાં પણ ગાય તેનાથી દૂર થતી નથી, એવું એ એકનિષ્ઠ પ્રેમનું એક લક્ષણ છે.[૭૮] પોતાને જે મનુષ્ય પરમ પ્રિય હોય છે, તે મનુષ્ય કાંઇ પણ કારણ ન હોવા છતાં આપણી સાથે જ બોલતો રહે અને નિરંતર આપણી તરફ જોતો રહે તો સારું, એવી જ આપણી ઇચ્છા થયા કરે છે. કારણ કે, પ્રીતિનું એ જ લક્ષણ છે.[૭૯] પ્રેમની જાતિ એવી છે અને તેમાં પણ પાર્થ તો શ્રી કૃષ્ણના પ્રેમની (સજીવ) પ્રતિમા જ છે. એટલા માટે ભગવાનને સ્વસ્થ બેઠેલા જોઇને પાર્થનું મન અકળાવા લાગ્યું;[૮૦] અને સંવાદના યોગવડે પારમાર્થિક વસ્તુ જે 'બ્રહ્મ' તેના સ્વરૂપને, દર્પણમાં દૃષ્ટિપાત કરવાથી જેમ આપણું સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે તેમ, સ્પષ્ટ રીતે ભોગવી શકાય છે;[૮૧] એટલે સંવાદ બંધ પડી જતાં બ્રહ્મની પ્રાપ્તિનો પણ અવરોધ થઇ જાય છે; એ બનાવ સુખપ્રાપ્તિથી ઉભરાઇ જતા મનુષ્યવડે કેમ કરીને સહન કરી શકાય વારુ?[૮૨] એટલા માટે 'ત્યાગ અને સંન્યાસ' એટલે શું, એ પૂછવાના નિમિત્તથી અર્જુને ગીતારૂપ વત્સની ઘડીને પાછી ઊખેડી નાંખી.[૮૩] એટલા માટે આ અઢારમો અધ્યાય નહિ, પણ બીજી એકાધ્યાયી ગીતા જ છે. જ્યારે વત્સ જઇને ગાયને પાનું લાવે છે, ત્યારે ગાયને (દુધ દેવા માટે) સમય કે અસમયનો શું બાધ થાય છે ખરો કે?[૮૪] તે જ પ્રમાણે, ગીતાની સમાપ્તિના સમયમાં પુનઃ અર્જુન આવીને પૂર્વપદપર ઊભો રહ્યો, એટલે જ્યારે સેવકે પ્રશ્ન કર્યો, તો પછી સ્વામી ઉત્તર ન આપે એમ કેમ બને વારુ?[૮૫] પરંતુ હવે એ વાતને રહેવા દઇએ. અર્જુને શ્રી કૃષ્ણની પ્રાર્થના કરીને કહ્યું કે;–"ભગવાને હવે મારી વિનતિમાં ધ્યાન આપવું."[૮૬]

अर्जुन उवाच–संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

[હે મહાબાહો હૃષીકેશ! કેશિદૈત્યાંતક! હું 'સંન્યાસ' શબ્દના સત્ય અર્થ અને 'ત્યાગ' શબ્દના પણ સત્ય અર્થને પૃથક્ જાણવા ઇચ્છું છું. ૧]

"હે પ્રભો! સંન્યાસ અને ત્યાગ એ ઉભયનો એક જ અર્થ સાથે સંબંધ છે. જેમ 'સંઘાત' અને 'સંઘ' એ બન્ને શબ્દોનો નિર્દેશ એક 'સંઘાત' શબ્દથી જ કરવામાં આવે છે,[૮૭] તેવી જ રીતે ત્યાગ અને સંન્યાસ એ બન્ને શબ્દોવડે ત્યાગનો જ બોધ થાય છે, એમ મારા મનને તો ભાસે છે.[૮૮] હવે જો એમના અર્થમાં કાંઇ ભેદ રહેલો હોય, તો હે દેવ! તે આપ મને સ્પષ્ટ કરીને સંભળાવો." એટલે શ્રી મુકુન્દ કહેવા લાગ્યા કે;–"અરે–એ બન્ને શબ્દો એક બીજાથી ભિન્ન જ છે.[૮૯] તથાપિ, હે અર્જુન! ત્યાગ અને સંન્યાસ એ ઉભય શબ્દો એક જ અર્થને દર્શાવનારા છે, એમ જે તારા મનને ભાસ્યું છે, તે યથાર્થ છે એમ હું પણ કહું છું.[૯૦] ખરેખર એ બન્ને શબ્દોથી એક ત્યાગનો જ નિર્દેશ થાય છે, એ ખરું છે; પરંતુ તેના અર્થમાં ભેદ હોવાનું કારણ એટલુંજ છે કે,[૯૧] સર્વથા કર્મોને છોડી જ દેવાં, એને સંન્યાસ કહેવામાં આવે છે અને હે અર્જુન! કર્મ કર્તૃત્વના અભિમાન અને ફળના ત્યાગને 'ત્યાગ'ના નામથી ઓળખવામાં આવે છે.[૯૨] ત્યારે હવે કયાં કર્મોના ફળનો ત્યાગ કરવો અને કયાં કર્મોનો સમૂળ ત્યાગ કરવો, એ પણ તને હું સ્પષ્ટ કરીને કહું છું, તે તું ચિત્ત આપીને સાંભળ.[૯૩] જેવી રીતે અરણ્યમાં અને પર્વતોમાં અનેક વૃક્ષો પોતાની મેળે જ ઉગી નીકળે છે, તે પ્રમાણે, ડુંગર અને બગીચામાંનાં ઝાડો પોતાની મેળે ઊગતાં નથી;[૯૪] વાવ્યા વિના ઘાસ જોઇએ તેટલું ઊગે છે; પણ ખેતરમાં ખાતર નાંખ્યા વિના ભાતનો પાક થતો નથી;[૯૫] અથવા તો શરીર જો કે સહજ બનેલું છે, તોય દાગીના તો ઉદ્યોગ કરીને જ બનાવવા પડે છે; અથવા તો નદીનું પાણી સહજ પ્રાપ્ત થાય છે, પણ કૂવાનું પાણી મેળવવા માટે કૂવો તો ખોદવો જ પડે છે;[૯૬] તે જ પ્રમાણે, નિત્યનૈમિત્તિક કર્મો સ્વાભાવિક છે; પરંતુ કામ્ય કર્મ ઇચ્છા કર્યા વિના ઉત્પન્ન થતું નથી.[૯૭]

श्रीभगवानुवाच—काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

[કામ્ય કર્મના ત્યાગને પંડિતો સંન્યાસ કહે છે અને સર્વ કર્મો કરીને તેમનાં ફળોનો જે ત્યાગ કરવો, તેને વિદ્વાન્ લોકો 'ત્યાગ'ના નામથી ઓળખે છે. ૨]

"કિંવા કામનાના બળથી ઉત્પન્ન થનારા જે યથાસાંગ અશ્વમેધ આદિ યાગ;[૯૮] પુષ્કરિણી* અને કૂપ ઇત્યાદિ બંધાવવાં, ઉદ્યાન કરવાં, અગ્રહાર દાન અને અમુક સ્થાનમાં નગર વસાવવું, તેમ જ બીજાં પુષ્કળ પ્રકારનાં વ્રતો આચરવાં,[૯૯] એવાં જે સર્વ †ઇષ્ટાપૂર્ત કર્મ, કે જેમનું મૂળ કારણ કામના છે અને જેમનું આચરણ કરવાથી તે આચરનારને બદ્ધ કરીને ફળ ભોગવવાની ફરજ પાડે છે;[૧૦૦] હે અર્જુન! જેમ દેહરૂપ ગ્રામમાં આવ્યા પછી જન્મમૃત્યુના આગમનને ના પાડી શકાતી નથી,[૧] અથવા તો ભાગ્યના લેખ ટાળી શકાતા નથી, તેમ જ શ્યામતા અને ગૌરવર્ણતાનો ગમે તેમ ધોવા છતાં લોપ થતો નથી;[૨] તેવી જ રીતે કામ્ય કર્મ કરવાથી ઋણ વાળી આપ્યા વિના જેમ ઋણમુક્તતા થતી નથી, તે જ પ્રમાણે ફળ ભોગવ્યા વિના

* પુષ્કરિણી શબ્દનો અર્થ 'પાષાણબદ્ધ ચતુષ્કોણ ન્હાનું તળાવ' એવો થાય છે. ઇંગ્લિશમાં જેટલો Lake (લેક) અને Pond (પૉન્ડ) એ બે શબ્દોના અર્થમાં ભેદ રહેલો છે, તેટલો જ સંસ્કૃતમાં 'તડાગ' અને 'પુષ્કરિણી' શબ્દના અર્થમાં પણ ભેદ રહેલો છે.

† પૂર્ત અથવા ઇષ્ટાપૂર્ત શબ્દનો, કૂવા, તળાવ અને દેવાલય ઇત્યાદિ બંધાવીને પ્રાપ્ત કરાતા પુણ્યના અર્થમાં પ્રયોગ કરવામાં આવે છે. અહીં પણ એનો એ જ અર્થ છે.

છૂટકો થતો નથી.[૩] અથવા તો હે અર્જુન! ઇચ્છા ન કરવા છતાં અકસ્માત્ કામ્ય કર્મ બની જાય છે; તોપણ જેમ કેવળ મનોરંજન માટે જ બાણુ યુદ્ધ કરતાં અચાનક જો તે બાણુ મર્મ-સ્થાનમાં લાગી જતાં અવશ્ય પ્રાણુ લઇ જાય છે;[૪] ગોળને અજાણુતાં મોઢામાં નાંખીએ તોય ગળ્યો જ લાગે છે અથવા રાખોડી ધારીને પગ મૂકીએ તોય બળતો અગ્નિ બાળી મૂકે છે;[૫] તે જ પ્રમાણે, કામ્ય કર્મમાં ફળ ભોગ કરાવવાનું સ્વાભાવિક સામર્થ્ય રહેલું છે. એટલા માટે મુમુક્ષુ જને કૌતુકથી પણુ એનું આચરણુ ન કરવું.[૬] કિંબહુના, હે પાર્થ! જેવી રીતે વિષ પેટમાં જતાં તેને ઓકી કાઢવામાં આવે છે, તેવી રીતે એવા કામ્ય કર્મનો તત્કાળ ત્યાગ કરી દેવો.[૭] એવા ત્યાગને જગતમાં સંન્યાસના નામથી ઓળખવામાં આવે છે." એમ સર્વસાક્ષી શ્રીકૃષ્ણુ ભગવાને કહ્યું.[૮] (પાછા તેઓ કહે છે કેઃ–) "જેવી રીતે પોતા પાસેના દ્રવ્યનો ત્યાગ કરી દેવાથી તેના યોગે ઉત્પન્ન થનારા ભયનો લોપ થાય છે, તે પ્રમાણે એ કામ્ય કર્મનો ત્યાગ કરવો, એટલે મનમાંની વાસનાને સમૂળ કાઢી નાંખવી, એમ જ સમજવાનું છે.[૯] અથવા તો સૂર્યગ્રહણુ કિંવા ચન્દ્રગ્રહણુ આદિ પર્વણીને દિવસે કિંવા માતાપિતાની શ્રાદ્ધતિથિના સમયમાં,[૧૦] અથવા તો કાકબલિ આપવાના સમયે જો કોઈ અતિથિ આવીને પ્રાપ્ત થયો હોય, તો તે વેળાએ જે કર્મો કરવાં પડે છે, તે નૈમિત્તિક કર્મો છે.[૧૧] વર્ષાકાળમાં જેમ આકાશ ઘેરાઈ આવતાં મેઘની ગર્જના થાય છે, વસંતઋતુના યોગે વનને પલ્લવ ફૂટીને બમણી શોભા પ્રાપ્ત થાય છે અથવા તો યૌવન-દશા શરીરમાં શોભાનો આવિર્ભાવ કરે છે,[૧૨] અથવા સોમકાંત મણિ ચંદ્રના કિરણુથી દ્રવે છે અને સૂર્યનાં કિરણુવડે સૂર્યવિકસિત કમળો પ્રફૂલ્લ થાય છે; અહીં સર્વત્ર જે મૂળનું હોય છે તે જ વધે છે; કોઈ પણુ વસ્તુ ભિન્ન ઉત્પન્ન થતી નથી;[૧૩] તે જ પ્રમાણે, જે નિત્ય કર્મો છે, તેને જ નિમિત્તના નિયમો લાગૂ થયા, એટલે નૈમિત્તિક કર્મોનું મોટું નામ પ્રાપ્ત થાય છે.[૧૪] અને દરરોજ સવારમાં, બપોરે અને સાંઝે જે કર્મો કરવાં પડે છે; પરંતુ જેવી રીતે નેત્રોમાંની દૃષ્ટિ અધિક થતી નથી,[૧૫] અથવા ગતિનો સ્વીકાર ન કરવા છતાં પગોમાં તે જેમ સ્વાભાવિક જ રહેલી હોય છે, કિંવા દીપકમાં જેમ તેનું તેજ સહજ રહેલું હોય છે;[૧૬] ચંદનને ઉપરથી સુગંધનો લેપ કર્યા વિના જ તેમાં જેમ પોતાના અંગના સુગંધનો સ્વાભાવિક નિવાસ છે, તેવું જ અધિકારનું લક્ષણુ છે.[૧૭] તે કર્મને, હે પાર્થ! જગતમાં નિત્યકર્મ કહેવામાં આવે છે એમ સમજ. એ પ્રમાણે તને નિત્ય અને નૈમિત્તિક એ બન્ને કર્મો બતાવ્યાં.[૧૮] એ નિત્યનૈમિત્તિક કર્મ નિત્ય કરવાં જ જોઇએ છે. એટલા માટે કેટલાક લોકો એમને નિષ્ફળ કર્મો કહેવાનો પ્રયત્ન કરે છે.[૧૯] પરંતુ ભોજનથી જેમ તૃપ્તિ થતાં ક્ષુધાનો નાશ થાય છે, તેજ પ્રમાણુની એ નિત્યનૈમિત્તિક કર્મોથી પણુ સર્વ પ્રકારે ફળપ્રાપ્તિ થાય છે.[૨૦] જેવી રીતે હલકા કસના સોનાને અગ્નિમાં નાખવાથી તેની હીનતાનો નાશ થતાં તેનો કસ વધે છે, તેવી જ રીતે નિત્યનૈમિત્તિક કર્મોથી ફળપ્રાપ્તિ થાય છે (ચિત્તશુદ્ધિ થાય છે.)[૨૧] કારણુ કે, (એ કર્મોના આચરણુથી) દોષોનો લોપ થતાં આપણુા અધિકારની વૃદ્ધિ થાય છે અને એમ થતાં હાથોહાથ સદ્ગતિ પ્રાપ્ત થાય છે.[૨૨] નિત્યનૈમિત્તિક કર્મોવડે જો કે એટલી મોટી ફળપ્રાપ્તિ થાય છે, તોપણુ મૂળ નક્ષત્રમાં જન્મેલા બાળક પ્રમાણે તે કર્માના ફળોનો ત્યાગ કરવો જોઇએ.[૨૩] વસંતઋતુના યોગે જો કે સર્વ લતાઓ વધે છે અને આમ્રવૃક્ષને પલ્લવ ફૂટે છે, છતાં તે (વસંતઋતુ) તેમને હસ્તસ્પર્શ ન કરતાં એમને એમ ત્યાગીને ચાલ્યો જાય છે;[૨૪] તેવી રીતે નિત્યનૈમિત્તિક કર્મોનું ચિત્ત ચોંટાડીને યથાવિધિ આચરણુ કરવું, પરંતુ તેમનાથી ઉત્પન્ન થનારાં સર્વ ફળોનો વાંતિ (ઉલટી) પ્રમાણે ત્યાગ કરી દેવો.[૨૫] એ પ્રમાણે નિત્ય-નૈમિત્તિક કર્મોનાં ફળનો જે ત્યાગ કરવો, તેને જ જ્ઞાતા પુરુષો 'ત્યાગ' કહે છે. એ પ્રમાણે

ત્યાગ અને સંન્યાસના ભેદોનું તને સ્પષ્ટીકરણ કહી સંભળાવ્યું.૨૬ એવા પ્રકારે જ્યારે સંન્યાસ સિદ્ધ થાય છે, ત્યાર પછી કામ્ય કર્મની બાધા થઈ શકતી નથી; અને નિષિદ્ધ કર્મોનો તો નિષેધના યોગે સ્વાભાવિક જ લોપ થઈ જાય છે.૨૭ અને જેવી રીતે માથું વાઢી નાંખ્યા પછી ધડ પોતાની મેળે જ નિર્જીવ થઇને નીચે પડી જાય છે, તેવી જ રીતે નિત્યનૈમિત્તિક કર્મોનાં ફળોનો હમણાં કહ્યા પ્રમાણે ત્યાગ કરી દેવાથી, તે કર્મોથી આપણને કશી પણ બાધા થતી નથી.૨૮ પછી, ધાન્ય પાકી રહ્યા પછી જેમ પાકની વૃદ્ધિ અટકી જાય છે, તેવી રીતે સર્વ કર્મોનો ક્ષય થવાથી આત્મજ્ઞાન પોતે જ આપણને શોધતું આપણી પાસે આવી લાગે છે.૨૯ એવી યુક્તિથી (નિત્યનૈમિત્તિક કર્મોનાં ફળોનો) ત્યાગ અને (કામ્ય કર્મોનો) સંન્યાસ જેઓ કરે છે, તેઓ આત્મજ્ઞાનની પ્રાપ્તિને યોગ્ય થાય છે.૧૩૦ હવે જો એ યુક્તિને છોડીને જેઓ કેવળ અટકળથી જ ત્યાગ કરવાને મથે છે, તો તેથી તેમનાં કર્મોનો ત્યાગ ન થતાં સ્હામા તેઓ વધારે ઘોટાળામાં પડી જાય છે.૩૧ રોગની ચિકિત્સા કર્યા વિના જ લીધેલું (ત્રીજું જ) ઔષધ જેમ વિષતુલ્ય થઇ પડે છે અથવા અન્નનું સેવન કર્યા વિના મનુષ્ય જેમ ક્ષુધાથી પીડાઈને મરી જાય છે;૩૨ (એ પ્રમાણેની જ અટકળથી ત્યાગ કરવા ઇચ્છનારાઓની અવસ્થા થાય છે.) એટલા માટે જે વિષયનો ત્યાગ ન કહેલો હોય, તેનો ત્યાગ ન કરવો અને જેના ત્યાગનો ઉપદેશ અપાયલો છે, તે કર્મ કરવાના લોભમાં ન પડવું.૩૩ ત્યાગ કરવાની યુક્તિ જતી રહી કે કર્મ ત્યાગ કરવા છતાં પણ મનુષ્ય કર્મના બન્ધનમાં સપડાય છે; એટલા માટે જેઓ વૈરાગ્યસંપન્ન છે, તેઓ કદાપિ ત્યાજ્ય કર્મોનું આચરણ કરતા જ નથી.૩૪

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपः कर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

[કેટલાક પંડિતો એમ કહે છે કે, કર્મ દોષયુક્ત હોવાથી તેનો ત્યાગ કરવો; વળી બીજા પંડિતો એમ કહે છે કે, યજ્ઞ, દાન અને તપ એ કર્મોનો ત્યાગ કરવો નહિ. ૩]

“ કેટલાકો ફળની અભિલાષાને ત્યાગી શકતા નથી અને તેથી તેઓ કર્મને બન્ધનકારક કહે છે. જેવી રીતે કોઈ નગ્ન મનુષ્યને નગ્ન (નાગો) કહેવાથી તે આખા જગતને કજીયાખોર કહે છે;૩૫ અથવા, હે ધનંજય ! જિહ્વાને આધીન થયેલો રોગી ગમે તે વસ્તુ ખાઈ જાય છે અને તે ન પચે એટલે પછી અન્નને દોષ આપે છે; કિંવા કુષ્ટ રોગી પોતાના શરીરપર ન કોપતાં તેનાપર બેસનારી માખ્યોપર જ ગુસ્સો કરે છે;૩૬ તે પ્રમાણે, જેઓ ફળેચ્છુ છે, તેમનામાં કર્મના ફળને ત્યાગવાની શક્તિ ન હોવાથી તેઓ કર્મને જ અશુભ કહે છે અને ત્યાર પછી કર્મને ત્યાગવાના સિદ્ધાંતને નિશ્ચિત કરે છે.૩૭ કેટલાકો એમ કહે છે કે, યજ્ઞ અને યાગ આદિ કર્મો તો અવશ્ય કરવાંજ જોઇએ; કારણ કે, એ વિના ચિત્તની શુદ્ધિ થવાનો બીજો ઉપાય જ નથી.૩૮ જો સત્વર ચિત્તશુદ્ધિ કરવાની ઇચ્છા હોય, તો કર્મોના આચરણમાં આલસ્ય કરવું જ નહિ.૩૯ સુવર્ણને શુદ્ધ કરવું હોય, તો તેને અગ્નિમાં નાખતાં જેમ કંટાળો ખાવામાં નથી આવતો અથવા તો દર્પણમાં મુખનું અવલોકન કરવું હોય તો તેનાપર ચઢેલા મેલને કાઢી નાંખવા માટે તેપર ચાકનો લપેડો કરીને તેને સ્વચ્છ કરવું પડે છે;૧૪૦ અથવા જો વસ્ત્રો સ્વચ્છ કરવાનાં હોય, તો તેમને ધોબીના ગલીચ વાસણમાં નાંખવા વિરુદ્ધ વિચાર કરવામાં નથી આવતો;૪૧ અથવા ઉત્તમ અન્ન ખાવાની ઇચ્છા હોય તો તેને રાંધવાનો શ્રમ વેઠવો જ પડે છે, તે જ પ્રમાણે, કર્મો કલેશદાયક છે. એટલા વિચારથી જ કર્મોની અવહેલના કરવી નહિ.૪૨ એવા પ્રકારનો સિદ્ધાન્ત કરીને કેટલાકો કર્મ કરવાને તૈયાર થાય છે અને કેટલાકો કર્મને ત્યાગ-

વાનો અભિપ્રાય દર્શાવે છે. એ પ્રમાણે કર્મના ત્યાગવિશે એક મહાન્ વાદ ઉપસ્થિત થયેલો છે.[૪૩] ત્યારે હવે એ વાદનો નિર્ણય કરીને કર્મનો ત્યાગ કેવી રીતે કરવો, તે તને ઉત્તમતાથી કહી સંભળાવું છું, તેમાં ધ્યાન આપ.[૪૪]

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ॥ ४ ॥

[હે ભરતસત્તમ! તે ત્યાગવિશે (ત્યાગ અને સંન્યાસ વિશે) મારો નિશ્ચિત અભિપ્રાય શો છે, તે હું તને કહું છું, તે સાંભળ. હે પુરુષશ્રેષ્ઠ! ત્યાગ ત્રણ પ્રકારનો કહેલો છે. ૪]

"હે અર્જુન! એ ત્યાગ ત્રણ પ્રકારનો છે, એ તારા સમજવામાં આવ્યું કે? હવે તે ત્રણે પ્રકાર હું ઉત્તમતાથી વર્ણવીને કહું છું.[૪૫] ત્યાગના જો કે, ત્રણ પ્રકાર કહેલા છે, તો પણ તેમનું તાત્પર્ય એટલું જ (ઉપર કહ્યા જેટલું જ) છે એમ તું સમજ.[૪૬] મારી સર્વજ્ઞની બુદ્ધિને પણ જે સત્ય ભાસે છે અને જેનાવિશે મારા મનનો નિશ્ચય થઇ ગયો છે, તે નિશ્ચય કયો છે તે સાંભળ.[૪૭] સંસારમાંથી પોતાની મુક્તિ કરવાવિશે જે મુમુક્ષુ દક્ષ હોય છે, તેણે સર્વ પ્રકારે આ એક જ કાર્ય કરવાનું છે અને તે એ કે, ત્યાગના સત્ય સ્વરૂપને ઓળખીને પછી જ તેનો (ત્યાગ) કરવો.[૪૮]

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥

[યજ્ઞ, દાન અને તપ કર્મોનો ત્યાગ કરવો નહિ; તે (કર્મો) તો કરવાં જ જોઈએ. કારણ કે, યજ્ઞ, દાન અને તપ એ કર્મો નિષ્કામ કર્મ કરનારના ચિત્તને શુદ્ધ કરનારાં છે. ૫]

"પ્રવાસીએ જેમ માર્ગમાં ચાલવાના (આગળ વધવાના) ક્રમને છોડવો યોગ્ય નથી, તે જ પ્રમાણે, યજ્ઞ, દાન અને તપ એ આવશ્યક કર્મો ત્યાગવાં નહિ.[૪૯] ખોવાયલી વસ્તુ પાછી મળતાં સૂધી જેમ તેને શોધવાનો વ્યવસાય છોડાતો નથી અથવા પેટ ભરાયાવિના જેમ થાળને દૂર કરી શકાતો નથી;[૧૫૦] અથવા તો નૌકા નદીને તીરે પહોંચ્યા વિના તેનો વચ્ચે જ ત્યાગ કરી શકાતો નથી અથવા તો કેળાં આવ્યાવિના જેમ કેળને વાઢી શકાતી નથી અથવા તો મૂકેલી વસ્તુ મળ્યાવિના દીવાને ઓલવી નાંખવામાં નથી આવતો;[૫૧] તે જ પ્રમાણે, જ્યાં સૂધી આત્મજ્ઞાનવિશેનો દૃઢ નિશ્ચય ન થાય, ત્યાં સૂધી યજ્ઞ યાગ આદિ કર્મોના આચરણમાં ઉદાસીન ન થવું.[૫૨] કિન્તુ પોતાના અધિકાર પ્રમાણે યજ્ઞ, દાન અને તપનું યથાવિધિ વારંવાર આચરણ કરવું જ જોઇએ.[૫૩] જે ચાલવામાં ત્વરા કરે છે, તેને તે જ ત્વરા વિશ્રાંતિ લેવામાં ઉપયોગી થઇ પડે છે; તે જ પ્રમાણે કર્મનું અધિક આચરણ કર્મત્યાગમાં ઉપયોગી થઈ પડે છે.[૫૪] કોઇ એક રોગી ઔષધ લેવા માટે જેમ વધારે અને વધારે તત્પર થાય છે, તેમ તેમ તે સત્વર રોગથી મુક્ત થતો જાય છે;[૫૫] તે જ પ્રમાણે, જેમ જેમ કર્મો વિધિપૂર્વક સત્વર કરવામાં આવે છે, તેમ તેમ રજોગુણ અને તમોગુણનો સમૂળ લોપ થતો જાય છે.[૫૬] અથવા તો સુવર્ણને જેમ જેમ એક પછી એક ખાર (ક્ષાર) ના પુટ આપવામાં (ચઢાવવામાં) આવે છે, તેમ તેમ તેની હીનતાનો લોપ થઇને તે શુદ્ધ થતું જાય છે,[૫૭] તેવી રીતે નિષ્ઠાપૂર્વક કર્મનું આચરણ કરવાથી તે કર્મ, રજ અને તમનો નાશ કરીને, સત્ત્વશુદ્ધિનું દર્શન કરાવે છે.[૫૮] એટલા માટે, હે અર્જુન! સત્ત્વશુદ્ધિ પ્રાપ્ત થવામાં સત્કર્મો જ તીર્થોની યોગ્યતાને પામે છે.[૫૯] તીર્થોના યોગે બાહ્ય મલનું ક્ષાલન થાય છે અને કર્મોના યોગે આંતરિક મળનો નાશ થાય છે; માટે જ, સત્કર્મો

ચિત્તશુદ્ધિનાં તીર્થસ્થાન છે.[160] તૃષાતુર મનુષ્યને મરુભૂમિ (મારવાડ દેશ) માં જેમ અચાનક અમૃતનો ઝરો મળી આવે અથવા આંધળાની આંખ્યોમાં સૂર્યના તેજનો પ્રકાશ પડે;[61] ડૂબનારાને તારવા માટે નદી પોતેજ દોડી આવે, પડનારને જેમ પૃથ્વી પોતેજ ઝીલી લે અથવા મરનારને જેમ મૃત્યુ પોતેજ આયુષ્યવૃદ્ધિ આપે;[62] કર્મોથી મુમુક્ષુને થનારી પીડાને કર્મો જ દૂર કરી નાખે; અથવા હે અર્જુન! જે રસાયન કરવાની યુક્તિને જાણે છે, તે વૈદ્ય જેવી રીતે વિષને શુદ્ધ કરીને તેનું અમૃત બનાવી મરનારનું રક્ષણ કરે છે;[63] તે જ પ્રમાણે, હે ધનંજય! કર્મો જો યુક્તિથી કરવામાં આવે તો તે બાધક હોવા છતાં પણ મુક્તિનાં પ્રબળ સાધનરૂપે થઈ પડે છે.[64] અર્થાત્ હે અર્જુન! જેના યોગે કર્મથી જ કર્મનો નાશ થાય છે, તે યુક્તિ કઇ છે, એ હવે તને ઉત્તમતાથી હું કહું છું.[65]

एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥

[પરન્તુ, પાર્થ! એ કર્મો કર્તૃત્વના અભિમાન અને ફળની ઇચ્છાને ત્યાગીને કરવાં, એવો મારો ઉત્તમ નિશ્ચિત અભિપ્રાય છે. ૬]

"પોતાના હસ્તે પંચ મહાયજ્ઞ આદિ પ્રમુખ કર્મો યથાવિધિ થતાં હોવા છતાં જે કર્તૃત્વના અભિમાનને ધારણ કરતો નથી;[66] જે બીજા પાસેથી પૈસા લઈને તીર્થયાત્રા કરે છે, તેને 'હું યાત્રા કરું છું' એવી મોટાઈનો હર્ષ થતો નથી;[67] અથવા તો રાજમુદ્રાના બળથી જે એકલા મળેલા રાજાને પણ પકડી લાવે છે, તેને 'મેં રાજાને પરાજિત કર્યો' એવો ગર્વ થતો નથી;[68] જે બીજા તરનારના આધારથી નદી ઊતરીને પેલે પાર જાય છે, તેના મનમાં 'હું તરનાર છું' એ પ્રમાણેનો મદ હોતો નથી અથવા તો જેવી રીતે રાજાના ઉપાધ્યાયને રાજામાટે બીજાને પોતાના હાથે આપેલા દાન વિશેનું અભિમાન હોતું નથી;[69] તે જ પ્રમાણે, કર્તૃત્વના અભિમાનને ધારણ ન કરતાં જે જે વેળાએ જે જે કર્મો કરવાનાં હોય, તે તે કર્મોને જે યથાવિધિ કરે છે;[170] હે પાંડવ! કરેલાં કર્મોની જે ફળપ્રાપ્તિ થવાની હોય, તેના વિશેની ઇચ્છાને જે પોતાના મનમાં ઉત્પન્ન થવા દેતો નથી, (તેને જ આત્મસાક્ષાત્કારનો લાભ થાય છે).[71] હે ધનંજય! પ્રથમ ફળની આશાને ત્યાગીને નિષ્કામ કર્મનો આરંભ કરવો; જેવી રીતે બીજાના બાળકને જોઇને (તેમાં પ્રીતિ ન રાખતાં કેવળ) સંતોષ માનવામાં આવે છે (તે પ્રમાણે),[72] અથવા તો પીપળાને જેમ કોઇ તેના ફળની આશાથી પાણી પાતું નથી તે પ્રમાણે, ફળની આશાને ત્યાગીને જ કર્મો કરવાં.[73] ગોવાળિયો જેમ દૂધની આશાને ત્યાગીને જ ગામમાંની ગાયોને ચારે છે અને તેમની બરદાસ્ત રાખે છે, તેજ પ્રમાણે, કર્મના ફળવિશે નિરિચ્છ રહેવું જોઇએ.[74] એ યુક્તિથી જે કર્મનું આચરણ કરે છે, તેને પોતામાં જ રહેલા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.[75] અર્થાત્ ફળવિશેની આશાને ત્યાગીને અને કર્તૃત્વના અભિમાનને દેશવટો આપીને જ કર્મો કરવાં, એવી ઉત્તમ પ્રકારની મારી આજ્ઞા છે.[76] જે જન્મમૃત્યુના ચક્રમાં ફરતાં ફરતાં ત્રાસી ગયો છે અને આપણો આમાંથી કેમ કરીને છૂટકો થાય, એની ચિન્તામાં જે પડેલો છે, તેને મારું વારંવાર એ જ કહેવું છે કે, તેણે (મારી) આ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ.[77]

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ ७ ॥

[નિત્યનૈમિત્તિક કર્મોનો ત્યાગ કરવો યોગ્ય નથી. છતાં અજ્ઞાનવડે જો તેમનો ત્યાગ કરવામાં આવે, તો તેને તામસ ત્યાગ કહે છે. ૭]

"કોઇ એક મનુષ્ય અંધારામાં ચાલ્યો જતો હોય અને તેના શરીરને ક્યાંક ધક્કો લાગે તો તેનો ગુસ્સો આંખ્યોપર કાઢીને જેમ આંખ્યોમાં નખ ખોસે છે; તે જ પ્રમાણે કર્મો જન્મ-બંધનનાં કારણ હોવાથી તેમનાપર કોપ કરીને જે તેમને ત્યાગી દે છે,[૭૮] તો તેના એ કર્મ-ત્યાગને હું તામસ ત્યાગ કહું છું. જેવી રીતે અર્ધશીર્ષી (આધાશીશી)ની વેદના જાગવાથી કોઈ (અવિચારી) પોતાના શિરને જ કાપી નાખે છે;[૭૯] અરે, માર્ગ કદાચિત્ ખડબચડો હોય તોય તેને પગે ચાલીને જ પૂરો કરવો જોઇએ, પણ તે માર્ગના નઠારાપણાને લીધે પગને જ વાઢી નાખવા કે શું?[૧૮૦] ક્ષુધાતુર મનુષ્ય સમક્ષ બહુ જ ઉષ્ણ અન્ન લાવીને મૂકવામાં આવે અને તે ઉષ્ણતા સહન ન થવાથી તે અન્નને લાત મારીને ઊડાવી દે, લંઘનની વેદના તેને જ સહન કરી પડે છે.[૮૧] એ જ પ્રમાણે કર્મોનું જો યુક્તિથી આચરણ કરવામાં આવે, તો કર્મોના દોષનો લોપ થાય છે; પણ તે તામસ મનુષ્ય ભ્રમિષ્ટ થયેલો હોવાથી એ રહસ્યને જાણી શકતો નથી.[૮૨] તે, પોતાના ધર્મ અનુસાર કર્મો કરવાં જોઇએ તેનો ત્યાગ કરી દે છે, પણ તું તે તામસ મનુષ્ય પ્રમાણે કર્મત્યાગને આધીન થઈશ નહિ.[૮૩]

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥ ८ ॥

[જે કોઈ કર્મને દુઃખકારક માનીને તેથી શરીરને કલેશ થવાની ભીતિથી તેનો ત્યાગ કરે છે, તે રાજસ ત્યાગ હોવાથી સત્ય ત્યાગનું ફળ તેને (કદાપિ) પ્રાપ્ત થતું નથી જ. ૮]

" અથવા તો જે પોતાના અધિકારને જાણે છે અને પોતાનાં વિહિત કર્મોને ઓળખે છે; છતાં તે કર્મો કરવાના કલેશથી ડરે છે અને તેથી કર્મોથી જે કંટાળી જાય છે;[૮૪] કર્મોનો પ્રારંભ પ્રથમ ક્ષણ માત્ર કઠિન દેખાય છે; જેમ કે, ભાતાની પોટલી ખેતરમાં કે જંગલમાં લઈ જતી વેળાએ કંટાળા ભરેલી લાગે છે;[૮૫] જેમ લીંબડો ખાતી વેળાએ જીભને કડવો ઝેર જેવો લાગે છે અને હરડે તૂરી લાગે છે; તે જ પ્રમાણે, કર્મનો આરંભ કઠિન લાગે છે;[૮૬] અથવા તો ગાય જેમ મારકણી હોય છે, સેવતીના ઝાડને કાંટા હોય છે અને રાંધતી વખતે ભોજનના સુખનો અભાવ હોય છે;[૮૭] તે જ પ્રમાણે, આરંભકાળમાં કર્મ અતિ કઠોર હોય છે અને તેથી એ કર્મ કરવામાં તે અતિશય શ્રમ થયેલો માને છે.[૮૮] નહિ તો, તે યથાવિધિ કર્મનો આરંભ કરે છે, પણ ગરમ દઝાડતી વસ્તુને હાથમાં લઈને તેથી હાથ દાઝતાંજ તેને નાંખી દેવામાં આવે, તે પ્રમાણે, તે કર્મના આચરણથી શ્રમ થવા માંડતાં જ તે વચ્ચે જ કર્મને ત્યાગી દે છે;[૮૯] અને કહે છે કે, " મારા મહદ્ભાગ્યના યોગે દેહ સમાન અલભ્ય વસ્તુ મને મળેલી હોવા છતાં પાપી પ્રમાણે કર્મનું આચરણ કરીને મારે પોતાને વિના કારણ ત્રાસ શા માટે આપવો જોઇએ વારુ?[૧૯૦] કર્મોના આચરણથી પ્રાપ્ત થનારા ભોગોની મને આવશ્યકતા નથી. અત્યારે આપણને જે ઐશ્વર્ય પ્રાપ્ત થયેલું છે, તેનો જ ઉપભોગ શા માટે ન લેવો?"[૯૧] એવા પ્રકારે, હે અર્જુન! શરીરને કલેશ થવાના ભયથી જો મનુષ્ય કર્મનો ત્યાગ કરે છે, તો તેના ત્યાગને 'રાજસ ત્યાગ' ના નામથી ઓળખવામાં આવે છે.[૯૨] ત્યાં કર્મત્યાગ તો થાય છે, પરન્તુ તેને કર્મત્યાગનું ફળ મળતું નથી. જેવી રીતે ઉભરાયલું ઘી અચાનક અગ્નિમાં જઈ પડે છે, છતાં તેને હોમની યોગ્યતા પ્રાપ્ત થતી નથી;[૯૩] અથવા તો કોઈનું પાણીમાં ડૂબી જવાથી મરણ નિપજે, એટલે તેણે જલ-સમાધિ લીધી એમ કહેવાતું નથી, કિંતુ તેના તે મરણને અકસ્માત્ થયેલા મરણના નામથી જ ઓળખવામાં આવે છે;[૯૪] તે જ પ્રમાણે, દેહમાં પ્રીતિ રાખીને જેણે કર્મના નામપર પાણી

મૂકેલું હોય છે, તેને કર્મત્યાગનું ફળ કદાપિ મળતું નથી.[૯૫] કિંબહુના, જેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોય છે, તેને, જેવી રીતે સૂર્યનો ઉદય થતાં જ નક્ષત્રોના તેજનો લોપ થાય છે;[૯૬] તે પ્રમાણે, હે અર્જુન! જે કર્મત્યાગવડે અજ્ઞાન સહિત ક્રિયાઓનો લોપ થાય છે, તે કર્મત્યાગના યોગે મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૯૭] હે અર્જુન! અજ્ઞાનથી કર્મનો ત્યાગ કરવાથી એ મોક્ષપ્રાપ્તિ થતી નથી અને તેથી જ તે સત્ય કર્મત્યાગ નહિ, પણ રાજસત્યાગ છે.[૯૮] ત્યારે હવે કયા ત્યાગના યોગે મોક્ષપ્રાપ્તિ આપણે ત્યાં પોતાની મેળે જ ચાલી આવે છે, તે પણ પ્રસંગાનુરોધથી તને કહું છું, તે સાંભળ.[૯૯]

कार्यमित्यव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।
संगं त्यक्त्वा फलं चैव स त्यागः सात्विको मतः ॥ ९ ॥

[હે અર્જુન, જે નિત્યનૈમિત્તિક કર્મ પોતાનું કર્ત્તવ્ય સમજીને જ કર્મફળની આશા અને કર્તૃત્વના અભિમાનને ત્યાગીને કરવામાં આવે છે, તો તે (કર્મના) ત્યાગને સાત્ત્વિક ત્યાગ કહેવામાં આવે છે. ૯]

"પોતાના અધિકાર અનુસાર સહજ પોતાના ભાગમાં આવેલું જે કર્મ, તેનું જે સાહિત્ય સહિત ગૌરવથી યથાવિધિ આચરણ કરે છે;[૧૦૦] પરંતુ એ કર્મ હું કરું છું, એવું પોતાના મનમાં સ્મરણ માત્ર પણ થવા દેતો નથી; તેમ જ ફળની આશાપર પણ પાણી મૂકી દે છે;[૧] હે અર્જુન! જો માતાની અવજ્ઞા કરવામાં આવે અને તેનામાં કામવાસના રાખવામાં આવે, તો એ બન્ને વાતો નરકપ્રાપ્તિનાં કારણરૂપ થઇ પડે છે;[૨] એટલા માટે એ બન્ને વાતોને વર્જ્ય કરીને માતાની સેવા કરવી જોઈએ; ગાયનું મુખ અપવિત્ર છે, એટલા માટે કાંઈ તેનાં સર્વાંગોનો ત્યાગ કરાતો નથી;[૩] આપણને અતિશય પ્રિય આમ્રફળની છાલ અને ગોટલીમાં રસ નથી અર્થાત્ એ બે દુર્ગુણો તેનામાં રહેલા છે એટલે આખા આમ્રફળને આપણે નાંખી દઇશું કે શું?[૪] એ જ પ્રમાણે, કર્મ કરવાના અભિમાન અને કર્મફળની ઇચ્છા–ઉભય ને 'બંધ' એવું નામ આપવામાં આવેલું છે.[૫] એટલા માટે, પિતા જેવી રીતે પોતાની કન્યાવિશે કાંઇ પણ ઇચ્છા રાખતો નથી, તે જ પ્રમાણે, વિહિત કર્મનું આચરણ કરીને જે એ બે કર્ત્તૃત્વાભિમાન અને કર્મફળની આશા વિશેની ઇચ્છા કરતો નથી, તેને દુઃખની બાધા કદી પણ થઇ શકતી નથી.[૬] એ ત્યાગરૂપ વૃક્ષ સર્વ વૃક્ષોમાં શ્રેષ્ઠ હોઇને એને જ મોક્ષરૂપ મોટાં મોટાં ફળો આવે છે અને તેથી એની સાત્ત્વિક ત્યાગના નામથી સમસ્ત વિશ્વમાં ખ્યાતિ છે.[૭] હવે, જેવી રીતે વૃક્ષનાં બીજને બાળીને વૃક્ષને નિર્વંશ કરવામાં આવે છે, તેવી રીતે ફળનો ત્યાગ કરીને જે કર્મનો ત્યાગ કરે છે;[૮] જે પ્રમાણે, પારસમણિનો સ્પર્શ થવાની સાથે જ લોહના કલંક અને રંગ ઉભયનું પરિવર્ત્તન થઈ જાય છે; તે જ પ્રમાણે, (કર્મો કર્તૃત્વના અભિમાન અને કર્મ ફળની ઇચ્છા) એ બે વાતોનો ત્યાગ કરવાથી રાજસ ત્યાગ અને તામસ ત્યાગ એ ઉભય ત્યાગોનો લોપ થઇ જાય છે.[૯] પછી શુદ્ધ સત્ત્વવડે આત્મબોધનો પ્રકાશ વિસ્તરતાં જેમ સંધ્યા સમયે મૃગજળનો પોતાની મેળે જ લોપ થાય છે,[૧૧૦] કિંવા આકાશ (પોલાણ) જેમ કોઈ પણ દિશામાં દેખાતું નથી, તેવી રીતે જ્ઞાન સમક્ષ જગતનો મહાન્ અને મિથ્યાભાસ દૃષ્ટિગોચર થતો નથી.[૧૧]

न द्वेष्टयकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागी सत्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥ १० ॥

[જે કામ્ય કર્મનો દ્વેષ કરતો નથી અને પુણ્ય કર્મમાં આસક્ત થતો નથી, તે શુદ્ધ ચિત્તવાળો બુદ્ધિમાન્ ત્યાગી સંશય રહિત થઈને મુક્ત થાય છે. ૧૦]

"એટલા માટે પૂર્વ કર્મોના અનુરોધથી જે સારાં કે નઠારાં કર્મો આવીને પ્રાપ્ત થાય, તે સર્વ કર્મો, આકાશમાં જેવી રીતે અભ્ર ઉત્પન્ન થઇને પુનઃ લુપ્ત થઇ જાય છે.[१२] તે પ્રમાણે, હે અર્જુન! તેમની દૃષ્ટિમાં નિર્દોષ હોય છે અને તેથી જ તેઓ તેમના યોગે ઉત્પન્ન થનારાં સુખદુઃખોની ખટપટમાં પડતા નથી.[१३] અમુક કર્મને શુભ ધારીને તે હર્ષપૂર્વક કરતો નથી, અથવા અમુક કર્મને અશુભ ધારીને તેનો દ્વેષ કરતો નથી.[१४] જેવી રીતે જાગ્રત થવા પછી સ્વપ્નમાં જોયેલા બનાવોના સુખદુઃખને કોઈ માનતું નથી, તે પ્રમાણે શુભ કે અશુભ વિશેની શંકા તેના મનમાં આવતી જ નથી.[१५] એટલા માટે, હે અર્જુન! (જે ત્યાગના યોગે) એ કર્મ અને એનો કર્ત્તા હું છું, એવી દ્વૈતભાવીય વાર્ત્તા જ અવશિષ્ટ રહેતી નથી, તે ત્યાગને સાત્ત્વિક ત્યાગ કહેવામાં આવે છે.[१६] હે પાર્થ! એવા પ્રકારે કર્મોનો ત્યાગ કરવાથી કર્મો પૂર્ણતાથી આપણને છોડી જાય છે; પણ એથી વિરુદ્ધ જો અન્ય પ્રકારે કર્મનો ત્યાગ કરવામાં આવે, તો કર્મો રહામાં વધારે બન્ધનકારક જ થઈ પડે છે.[१७]

नहि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥ ११ ॥

[જે દેહધારી છે તેનાથી કર્મનો સર્વથા ત્યાગ થવો તો અશક્ય જ છે; એટલા માટે જે કેવળ કર્મફળનો ત્યાગ કરે છે, તેને જ ખરેખરો ત્યાગી કહેવામાં આવે છે. ૧૧.]

"અને, હે અર્જુન, જેઓ પોતાને દેહ પ્રાપ્ત થવા છતાં કર્મોનો કંટાળો માને છે તેઓ મૂર્ખ છે.[१८] માટીનો કંટાળો આવવાથી ઘટ કેવી રીતે થશે વારુ? અને વસ્ત્રોથી તંતુના સંબંધનો કેમ કરીને ત્યાગ કરી શકાય?[१९] તેમ જ જેના અંગમાં અગ્નિત્વ રહેલું છે, તે અગ્નિ ઉષ્ણતાનો કદાપિ તિરસ્કાર કરી શકે ખરો કે? કિંવા દીપક પોતાની પ્રભાનો દ્વેષ કરશે ખરો કે?[२०] હિંગને કદાપિ પોતાના તીવ્ર ગંધનો કંટાળો આવે, તો પણ તે બીજો સારો સુવાસ ક્યાંથી લાવી શકે? અથવા તો પોતાના પાતળાપણાને ત્યાગીને પાણી ક્યાં રહી શકે એમ છે?[२१] એ જ પ્રમાણે, જ્યાં સુધી મનુષ્ય શરીરની અવસ્થામાં વિહરે છે, ત્યાં સુધી કર્મત્યાગનો ઉન્માદ લેશ માત્ર પણ ઉપયોગી થઈ શકતો નથી.[२२] આપણા ભાલમાં કરેલા તિલકનો આકાર વક્ર હોય તો તેને ઊપરાસાપરી લૂછી શકાય છે; પરંતુ ભાલપ્રદેશ પોતે જ વક્રાકાર હોય તો તેને સરળ કેમ કરીને કરી શકાય વારુ?[२३] એવી રીતે, જે વિહિત કર્મનો આપણે પોતે જ આદર કરેલો છે, તે કર્મનો ત્યાગ કરવા ઇચ્છીએ, તો તે ત્યાગ કેમ કરી શકાય? પણ (શરીરના યોગે કાંઈ કર્મત્યાગ થવાનો નથી; કારણ કે,) શરીર પોતે કર્મરૂપ જ હોવાથી કર્મને ત્યાગવાની વાત બની જ કેમ શકે?[२४] કારણ કે, મનુષ્ય નિદ્રાધીન હોય છે, તોય શ્વાસોચ્છ્વાસરૂપથી કર્મ તો થાય છે જ; અર્થાત્ આપણે કાંઈ પણ ન કરીએ, તોય તેનો ઉદ્‌ભવ તો થયા જ કરે છે.[२५] આ શરીરના નિમિત્તથી કર્મ તો પૂઠે પડેલું જ છે; અને જીવન કાળમાં તથા મરણ પશ્ચાત્ પણ એ પ્રમાણેનો એ કર્મનો વ્યાપાર કદાપિ અટકતો નથી જ.[२६] એ કર્મને ત્યાગવાનો કેવળ એક જ પ્રકાર છે અને તે એ કે, કર્મ કરવા છતાં ફળની ઇચ્છાને આધીન થવું નહિ.[२७] કર્મનું ફળ ઈશ્વરને આર્પણ કરી દેવાથી તેના (ઈશ્વરના) પ્રસાદવડે જ્ઞાન ઉત્પન્ન થાય છે; અને પછી રજ્જુ (દોરી)ના યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થતાં જેમ સર્પવિષયક શંકાનો લોપ થાય છે,[२८] તે જ પ્રમાણે, આત્મબોધવડે અજ્ઞાન સહિત કર્મનો નાશ થાય છે. હે પાર્થ! જ્યારે કર્મનો આવી રીતથી ત્યાગ કરવામાં આવે, ત્યારે જ તે ખરો ત્યાગ કહેવાય.[२९] માટે જે આ જગતમાં કર્મનો ત્યાગ કરે છે તે જ 'મહાત્યાગી' (ત્યાગ કરવાવાળા)ના નામથી ઓળખાય છે. નહિ તો જેમ

રોગીને મૂર્છા આવતાં લોકો તેને વિશ્રાંતિ મળવાનું ધારી લે છે;[૨૩૦] લાકડાને બદલે જેમ શરીર પર ઠોંસાનો માર સહન કરવામાં આવે, તેમ જે કર્મથી કંટાળે છે, તે વિશ્રાંતિ લેવાના નિમિત્તથી અન્ય કર્મનો આરંભ કરે છે.[૩૧] અર્થાત્ જેણે કર્મ કરીને ફળત્યાગના યોગે તેને અકર્મની યોગ્યતા આણેલી હોય છે, તેને જ–તે મનુષ્યને જ–ત્રણ લોકમાં 'ત્યાગી' કહીને ઓળખવામાં આવે છે.[૩૨]

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥ १२ ॥

[અનિષ્ટ, ઇષ્ટ અને ઇષ્ટાનિષ્ટ એવા ત્રણ પ્રકારના કર્મનું ફળ, કર્મફળનો ત્યાગ ન કરનારને મરણ પછી પ્રાપ્ત થાય છે; કર્મફળનો ત્યાગ કરનારા સંન્યાસીઓને એ ત્રણે ફળોની કદાપિ પ્રાપ્તિ થતીજ નથી. ૧૨]

"નહિ તોપણ, અકર્મની યોગ્યતા નહિ આણેલી હોય, છતાં હે અર્જુન! એ કર્મફળ ત્રણ પ્રકારનાં છે; અને જેઓ કર્મફળની આશાને છોડતા નથી, તેમને તે ભોગવવાં જ પડે છે.[૩૩] પોતે કન્યાને જન્મ આપેલો હોવા છતાં પણ 'તે મારી નથી' એમ કહીને પિતા જ્યારે કન્યાદાનનું જળ મૂકે છે, ત્યારે તે પિતાની તેનામાંની માયા છૂટી જાય છે અને તે કન્યાનું પાણિગ્રહણ કરનાર જામાતા (જમાઈ) તેના માયાપાશમાં સપડાય છે.[૩૪] જે વિષના બગીચા વાવે છે, તેઓ તેમનો (વછનાગ વગેરેનો વિક્રય કરવા છતાં તેમના સેવનથી અલિપ્ત હોવાથી) મરણના ભયથી છૂટીને જીવતા જ હોય છે; પણ જેઓ તે વિષોનું સેવન કરે છે, તેઓ પોતે દ્રવ્ય ખર્ચવા છતાં મરણનેજ પામે છે![૩૫] તેજ પ્રમાણે, કર્તૃત્વના અભિમાનને ધારણ કરીને કર્મ કરવામાં આવે અથવા તો હું કર્ત્તા નથી એમ ધારીને ફળની આશાનો ત્યાગ કરવામાં આવે, તો એ ઉભયને કર્મ પોતે બંધનકારક થતું નથી, એટલે કે, કર્મ તો ઉદાસીન છે.[૩૬] માર્ગમાંના વૃક્ષના પકવ ફળની જે ઇચ્છા કરે છે, તેનેજ તે ઇચ્છા બાધક થઈ પડે છે. તેમજ કર્મો કર્મફળની ઈચ્છા કરનારનેજ બાધક થાય છે.[૩૭] પરંતુ કર્મ કરવા છતાં જે ફળની આશા રાખતો નથી, તે જન્મમૃત્યુના સપાટામાં કદી સપડાતો નથી; કારણ કે, આ ત્રણ પ્રકારનું જગત્ કર્મનું જ ફળ છે.[૩૮] દેવ, મનુષ્ય અને સ્થાવરને જ જગત્ નામથી ઓળખવામાં આવે છે અને એ ત્રણે પ્રકાર વાસ્તવિકતાથી જોતાં કેવળ કર્મફળનાંજ છે.[૩૯] તેજ કર્મ એક અનિષ્ટ (પ્રતિકૂલ), એક કેવળ ઇષ્ટ (અનુકૂળ) અને એક ઇષ્ટાનિષ્ટ (મિશ્ર) એવી રીતે ત્રણ પ્રકારનું છે.[૨૪૦] પરંતુ જેઓ વિષયાસક્ત છે, તેઓ અવિધિનો અંગીકાર કરીને, નિષિદ્ધ અને અશુભ કર્મો કરવામાં જ પ્રવૃત્ત થાય છે;[૪૧] અને તેના યોગે કૃમિ, કીટક અથવા માટી જેવા ક્ષુદ્ર દેહોને જ પામે છે. એને અનિષ્ટ કર્મફળ કહેવામાં આવે છે.[૪૨] કિંવા સ્વધર્મને માન આપીને પોતાના અધિકાર અનુરૂપ વેદોમાં કહ્યા પ્રમાણે જ્યારે સુકૃત કરે છે,[૪૩] ત્યારે, હે અર્જુન! તેમને ઇન્દ્ર આદિ દેવોના દેહો પ્રાપ્ત થાય છે અને એ કર્મફળને પુણ્યકર્મના નામથી ઓળખવામાં આવે છે;[૪૪] અને મિઠાશ તથા ખટાશને એકત્ર કરવાથી જેવી રીતે તે ઉભય કરતાં વર્ચસ્વવાળો (ઉત્તમ) એક જુદીજ રુચિનો મધુર રસ ઉત્પન્ન થાય છે;[૪૫] અથવા તો પ્રાણવાયુ યોગાભ્યાસવડે કુંભક થાય છે, તેજ પ્રમાણે સત્ય અને અસત્યનું ઐક્ય થતાં તે, તે ઉભયને જિતનાર કારણરૂપે થઈ પડે છે.[૪૬] એટલા માટે, શુભ અને અશુભ કર્મના સમભાગથી જે કર્મ થાય છે, તેનું, મનુષ્ય દેહનો લાભ એજ, મિશ્રફળ છે.[૪૭] એવું આ જગતમાં ત્રણ પ્રકારનું કર્મફળ છે; અને જેઓ એ કર્મફળની આશાને ત્યાગતા નથી, તેઓ જન્મમરણના ફેરામાં સપડાય છે.[૪૮] જે જમનારને જિહ્વાથી સહન ન કરી શકાય તેવા તીખા પદાર્થો ખાઈને સમાધાન થાય છે, તેને

તેના યોગે પરિણામે અવશ્ય મરણ જ પ્રાપ્ત થાય છે;[૪૯] જ્યાં સુધી અરણ્ય પ્રદેશ ન આવ્યો હોય, ત્યાં સુધી જ ચોરનો સમાગમ ઠીક હોય છે, અથવા તો વેશ્યા સાથે જ્યાં સુધી શરીર-સંગ થયેલો હોતો નથી, ત્યાં સુધી જ તેની સાથેની મિત્રતા સારી હોય છે;[૫૦] તે પ્રમાણે, જ્યાં સુધી દેહમાં (જીવ) હોય છે, ત્યાં સુધી કર્મો કરતાં કર્તૃત્વનો ગર્વ રાખતા હોય છે; પણ અંતે-મરણ પછી તેમનું ફળ (તેમને) ભોગવવું પડે છે.[૫૧] જેવી રીતે કોઇ સમર્થ જન પાસેથી એકવાર કર્જ (ઋણ) કાઢયું હોય, તો પછી તે જો ઋણ કર્ત્તાની ઓની માગણી કરે તોય જેમ ના પાડી શકાતી નથી; તે જ પ્રમાણે, પ્રાણી માત્રને કર્મોનું ફળ ભોગવવું પડે છે (કર્મફળ ટળતું નથી.)[૫૨] પછી, કણસલામાંથી દાણો નીચે પડીને ઉગ્યો, એટલે તેમાં જેમ પુનઃ કણસલાં આવે છે અને દાણા જમીનપર પડ્યા એટલે દાણાના કણસલાં અને કણસલાંના દાણા થવાનો ક્રમ આરંભાય છે.[૫૩] તે જ પ્રમાણે, ઉપભોગનું ફળ જે શરીર, તે ફળના અન્તમાં જન્મ ધારણ કરે છે. જેવી રીતે માર્ગમાં ચાલનાર માણસ એક એક ડગલું ભરીને માર્ગને જિતે (સમાપ્ત કરે) છે;[૫૪] હોડી એક કિનારેથી બીજે કિનારે જાય એટલે તેને દરેક કિનારો આણીગમનો જ હોય છે, કારણ કે, દરેક કિનારે આવતાં તેના માટે બીજો (પેલીગમનો) કિનારો તો કાયમ જ હોય છે; તે જ પ્રમાણે ફળના ઉપભોગનો પણ અન્ત નથી જ.[૫૫] સાધ્ય અને સાધનના ક્રમથી ફળ અને ફળનો ભોગ વધે છે; અને ફળની ઇચ્છાનો ત્યાગ ન કરનારા સંસારમાં વીંટળાતા જાય છે.[૫૬] નહિ તો, જાઇનું પુષ્પ પ્રફુલ્લ થતાંની સાથે જ તત્કાળ જેમ સૂકાઈ જાય છે, તે પ્રમાણે, કર્મનો આરંભ કરવા છતાં કેવળ અભિમાનને ત્યાગીને તે ન કરવા પ્રમાણે જેઓ તેના ફળથી અલિપ્ત હોય છે;[૫૭] તથા બીજ માટે રાખેલા ધાન્યને જો નિત્યના આહારમાં ખાઈ નાખવામાં આવે, તો પછી જેમ તેની વાવણીનો પ્રકાર બંધ થઇ જાય છે; તેમ જ ફળના ત્યાગથી કર્મના યોગે પ્રાપ્ત થનારાં જન્મ અને મૃત્યુનો ભય ટળી જાય છે.[૫૮] શુદ્ધ સત્ત્વના સાહાય્યથી ગુરુકૃપારૂપ અમૃતના તુષારવડે શુદ્ધ થયેલો જે આત્મબોધ, તે આત્મબોધવડે દ્વૈતરૂપ દીનતા ટળી જાય છે.[૫૯] પછી, જે ત્રણ પ્રકારના ફળથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે, તે પોતાની મેળે જ નષ્ટ થઇને ભોક્તા અને ભોગ્ય વસ્તુનો પણ પોતાની મેળે જ લય થઈ જાય છે.[૨૬૦] હે વીરેશ! જેમના હાથે એવા પ્રકારે કર્મનો જ્ઞાનપ્રમુખ સંન્યાસ થાય છે, તેમને જ ફળના ભોગથી થનારું દુઃખ વેઠવું પડતું નથી[૬૧] અને સંન્યાસના યોગે દૃષ્ટિ ખરેખર આત્મસ્વરૂપમાં પહોંચી જાય છે, ત્યારે કર્મ તેને ભિન્ન દેખાતું જ નથી.[૬૨] ચિત્રિત ભીંત પડી જતાં ચિત્રો જેમ માટીમાં મળી જાય છે અને પ્રકાશનો વિસ્તાર થતાં અંધકાર દેખાતો જ નથી,[૬૩] જો આકૃતિ જ ન હોય, તો છાયા પડે જ શાની વારુ? જો દર્પણનો જ અભાવ હોય, તો પછી આપણા મુખનો પ્રતિબિંબ શામાં દેખાય?[૬૪] નિદ્રા પૂરી થતાં સ્વપ્ન કેમ કરીને લાધે? અને પછી તેને સત્ય કે અસત્ય પણ કોણ કહે?[૬૫] એ જ પ્રમાણે, કર્મફળનો સંન્યાસ કરવાથી અવિદ્યાને આશ્રય મળતો નથી, એટલે પછી તેના યોગે ઉત્પન્ન થનારા ફળનો ઉપભોગ લે પણ કોણ વારુ?[૬૬] અર્થાત્ સંન્યાસ કર્યા પછી કર્મની વાત જ બોલી શકાતી નથી. પરંતુ જો આપણા પોતાના દેહમાં અજ્ઞાનનો નિવાસ હોય;[૬૭] જ્યારે કર્તૃત્વાભિમાનના બળથી આત્મા શુભ અને અશુભ કર્મો કરવામાં પ્રવૃત્ત થાય છે અને જ્યારે દૃષ્ટિ પણ ભેદના ઐશ્વર્યથી યુક્ત હોય છે;[૬૮] ત્યારે, હે અર્જુન! આત્મા અને કર્મમાં પૂર્વ અને પશ્ચિમ સમાન દ્વૈત વિશેષ હોય છે.[૬૯] આકાશ તથા અભ્ર; સૂર્ય અને મૃગજળ તથા પૃથ્વી અને વાયુ આદિમાં કદાચિત્ પરસ્પર સંબંધ દેખાય છે, તોપણ તેઓ બહુ જ દૂર છે;[૨૭૦] નદીમાંનો ખડક જો કે નદીના પાણીથી ઘેરાયલો રહે છે, છતાં પણ તેમનામાં જેમ મોટો અન્તર રહેલો હોય છે;[૭૧] પાણીની સપાટીપર તરતી શેવાલ (લીલ) પાણીથી જૂદી જ હોય છે; કાજળનો દીવા સાથે સંબંધ હોવા છતાં કાજળને દીવો કહી શકાય તેમ

નથી જ;[૭૨] જો કે ચંદ્રને કલંક લાગેલો છે, તોપણ તે કલંકની ચન્દ્ર સાથે એકતા થઈ શકતી નથી તેમજ દૃષ્ટિ અને નેત્રોમાં જેટલો ભેદ રહેલો છે;[૭૩] અથવા માર્ગ અને માર્ગમાં ચાલનાર પ્રવાસી; પ્રવાહમાં અને પ્રવાહ વહેતું જળ તેમજ દર્પણ અને દર્પણમાં મુખાવલોકન કરનાર મનુષ્ય વચ્ચે જેટલો અંતરાય (ભેદ) રહેલો છે;[૭૪] તેટલા જ પ્રમાણમાં–આત્માથી કર્મ ભિન્ન છે; પરન્તુ, હે અર્જુન! અજ્ઞાનના યોગ તે ઉભય એક જ છે, એવો ભાસ થાય છે.[૭૫] જેવી રીતે સરોવરમાંનાં કમળો પોતાની પ્રફુલ્લતાથી સૂર્યના ઉદયની સૂચના આપે છે અને પોતામાં રહેલા મકરંદનો ભ્રમરોને ઉપભોગ લેવડાવે છે;[૭૬] તેવી જ રીતે આત્મામાંનાં કર્મો અન્ય કારણથી વારંવાર ઉત્પન્ન થાય છે. એ કારણો પાંચ છે અને તેમનાં લક્ષણો હું તને કહું છું.[૭૭]

पंचैतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥ १३ ॥

[હે મહાબાહુ અર્જુન! સર્વ કર્મોની સિદ્ધિમાટે વેદાંત શાસ્ત્રના સિદ્ધાંતમાં આ પાંચ કારણો કહેલાં હું કહું છું, તે તું સમજી લે. ૧૩]

"તે પાંચ કારણોને તું પણ કદાચિત્ જાણતો હોઇશ. કારણ કે, જે પાંચ કર્મોનું શાસ્ત્રોએ ઉચ્ચ હસ્ત કરીને વર્ણન કરેલું છે;[૭૮] તે, વેદરૂપી રાજાની રાજધાનીમાંના સાંખ્ય વેદાંતરૂપ મંદિરમાં નિરૂપણરૂપ નૌબતથી પ્રસિદ્ધ છે.[૭૯] કારણ કે, સર્વ કર્મોની સિદ્ધિ થવા માટે આ જગતમાં એ કારણો જ મુખ્ય અને આવશ્યકીય છે. છતાં તેમનામાં આત્માને કારણીભૂત માનીશ નહિ.[૮૦] હે અર્જુન! આવી દાંડી પીટાયાથી તેમની ચારે તરફ ખ્યાતિ થયેલી છે અને એટલા માટે તું પણ એમને જાણી લે–વખતે કોઇવાર એમનો તને પણ ઉપયોગ થઈ પડશે;[૮૧] અને મારા જેવું જ્ઞાનરૂપ રત્ન તારા હાથમાં હોવા છતાં આ વાત તું બીજાના મુખથી સાંભળે, એટલી ખટપટ તારે શા માટે ભોગવવી જોઇએ વારુ?[૮૨] દર્પણ પોતાની સમક્ષ હોવા છતાં પોતાના રૂપને જાણવા લોકોને, મારું રૂપ કેવુંક દેખાય છે તે મને કહેશો કે, એવી વ્યર્થ પ્રાર્થના શાને કરવી જોઇએ?[૮૩] ભક્ત જે સ્થિતિમાં જ્યાં જે વસ્તુ દૃષ્ટિપાત કરીને જુવે છે, ત્યાં તે વસ્તુ હું જ તેની દૃષ્ટિએ પાડું છું. તે જ હું આજે તારું એક રમકડું બની ગયો છું." (તને હસ્તગત થયો છું.)[૮૪] એવી રીતે પ્રેમના પ્રવાહમાં પોતે શું બોલી ગયા, એનું દેવને સ્મરણ રહ્યું નહિ અને બીજી તરફ પાર્થ આનંદમાં નિમગ્ન થઈ ગયો.[૮૫] પૌર્ણિમાની ચંદ્રિકામાં સોમકાંત મણિઓનો જો પર્વત હોય, તોપણ તે પીગળીને તેનું જેમ સરોવર બની જાય છે;[૮૬] તે જ પ્રમાણે સુખ અને અનુભવરૂપ પડદાનો લોપ થવાથી કેવળ સુખ જ અર્જુનની આકૃતિમાં દેખાવા લાગ્યું.[૮૭] એટલે પછી દેવ સમર્થ હોવાથી તેમને સ્મરણ થતાં તેમણે સુખના સમુદ્રમાં ડૂબનારા અર્જુનને ઉપર ખેંચી કાઢયો.[૮૮] અર્જુન જેવો મહાન્ પુરુષ પણ બુદ્ધિના પ્રસાર સહિત ડૂબવા લાગ્યો, એટલી બધી પ્રેમની ભરતી આવેલી હોવા છતાં તેને એક બાજૂએ ખસેડીને,[૮૯] દેવ કહેવા લાગ્યા કે;–"હે પાર્થ! તું પોતાના સ્વરૂપને જોઇને શુદ્ધિમાં આવ." એટલે નિઃશ્વાસ નાખીને અર્જુને ડોકું ધૂણાવ્યું;[૯૦] અને તે કહેવા લાગ્યો કે;–"હે પ્રભો! જે હું તમારા સાન્નિધ્ય (દ્વૈતભાવ)થી ત્રાસીને આજે તમારા ઐક્યને મેળવવા ઇચ્છું છું,[૯૧] તે મારું જો તમે પ્રેમથી કૌતુક કરતા હો, તો પછી મને જીવ દશામાં શાને લાવો છો?"[૯૨] એટલે શ્રીકૃષ્ણે કહ્યું કે;– "અરે ઉન્મત્ત! તને હજી એટલું પણ ભાન નથી કે, ચન્દ્ર અને તેની પ્રભાનો કદાપિ વિયોગ થતો જ નથી?[૯૩] અને આમ બોલીને તને હું જે ભીતિ બતાવું છું અને તેથી તું રીસાય છે, એટલે મારા મનમાં પ્રેમનો વધારે ઉમળકો આવે છે–આનું કારણ પ્રીતિ છે.[૯૪] અહીં એક

બીજાના સંકેતથી જે પરસ્પર બોલવું થાય છે, તે જ આપણા બચાવનું કારણ છે. એટલા માટે આ વિશેના વાદવિવાદને હવે પૂરો કરો.[૯૫] ત્યારે, હે અર્જુન! હું એમ કહેતો'તો કે, સર્વ કર્મો આત્માથી ભિન્ન છે."[૯૬] ત્યારે અર્જુને કહ્યું;–"હે દેવ! હવે અત્યારે આપે મારા મનમાંના તાત્પર્યને કહી સંભળાવવાનો પોતે પોતાની મેળે જ આરંભ કર્યો છે.[૯૭] સર્વ કર્મોનાં કારણીભૂત પાંચ કારણો મને કહી સંભળાવવાની આપે જે પ્રતિજ્ઞા કરી હતી[૯૮] અને આત્માનો કર્મો સાથે કશો પણ સંબંધ નથી એમ જે આપ બોલ્યા હતા, તે મારું માગણું મને હવે આપો."[૯૯] અર્જુનનું એવું બોલવું સાંભળીને ભગવાન્ અતિ સંતોષથી કહેવા લાગ્યા કે;–"આ વિશે તું જે આમ હઠ પકડીને બેઠો છે, તે જોઇને મને સંતોષ થાય છે; કારણ કે, આવો પૂછનારો મને ક્યાંથી મળી શકે વારુ?[૩૦૦] તો હે અર્જુન! હું તને ખરેખરો સિદ્ધાન્ત જ કહું છું; કારણ કે, હું તારો ઋણી હોવાથી તારી આગળ સદા નમીને જ ચાલ્યા કરું છું."[૧] એ સાંભળીને અર્જુન કહેવા લાગ્યો;–"હે દેવ! તમે આગળની વાતના અભિપ્રાયને ભૂલી ગયા કે શું? અર્થાત્ હું અને તું એવા દ્વૈતને પોતાના ભાષણમાં શામાટે ખેંચી લાવો છો?[૨] એ પછી પુનઃ શ્રી કૃષ્ણે કહ્યું કેઃ–"વારુ–ત્યારે જે વાર્ત્તા તને કહી સંભળાવવાનો મેં આરંભ કર્યો હતો, તે તને હવે હું કહી સંભળાવું છું, તો તે સાવધાન ચિત્તથી તું સાંભળ.[૩] હે ધનુર્ધર! ખરી રીતે એ સર્વ કર્મોનો વિસ્તાર આ પાંચ કારણથી બારોબાર જ થયા કરે છે.[૪] અને એ પાંચ કારણોના યોગે કર્મનો જે પ્રસાર થાય છે, તે જ પાંચ કારણો તે કર્મના હેતુરૂપે હોય છે.[૫] બીજો જે આત્મા તે આત્મા ઉદાસીન હોઇને કર્મના નિમિત્ત કારણ કિંવા ઉપાદાન કારણરૂપ હોતો નથી, અથવા તો તે પોતે કર્મને સાહાય્ય આપતો નથી.[૬] તેનામાં શુભ કિંવા અશુભ કર્મો એવી રીતે થાય છે, કે જેમ રાત અને દિવસ આકાશમાં ઉત્પન્ન થાય છે, છતાં આકાશ તો તેમનાથી ભિન્ન જ હોય છે;[૭] પાણી અને તેજમાંથી ઉત્પન્ન થનારા બાષ્પનો વાયુ સાથે સંબંધ થતાં તે બાષ્પ આકાશમાં જાય છે અને ત્યાં તેનાં વાદળાં બને છે; પરંતુ આકાશને જેમ એ વાતની જરા પણ ખબર હોતી નથી;[૮] અનેક કાષ્ઠોને એકત્ર જોડીને તૈયાર કરેલી નૌકાને વાયુના બળથી ખલાસી પાણીની સપાટીપર ચલાવે છે; પરંતુ ત્યાં ઉદક પોતે કશો પણ કાર્યભાગ ન કરતાં કેવળ સાક્ષીભૂત જ હોય છે;[૯] કિંવા માટીના ગોળાને લઇ ચક્રપર મૂકી દંડવડે ચાકને ચલાવતાં તેના માટીપણાનો લોપ થઇને તેનું વાસણ તૈયાર થાય છે;[૩૧૦] ત્યારે હવે એ સ્થળે કુંભકારની કળાવિના વાસણને કેવળ આધાર ઉપરાંત પૃથ્વીનું બીજું શું સાહ્ય મળે છે, એનો તું વિચાર કર.[૧૧] જગતમાં લોકોના સર્વ વ્યવહારો સૂર્યના પ્રકાશવડે ચાલતા હોવા છતાં સૂર્ય તો જેમ તેમનાથી અલિપ્ત જ હોય છે;[૧૨] તેજ પ્રમાણે, પાંચ કારણોના મળવાથી સર્વ કર્મરૂપ લતાની રચના થાય છે અને આત્મા તો ભિન્ન જ હોય છે.[૧૩] હવે એ જ પાંચ કારણોનું ભિન્ન ભિન્ન ઉત્તમતાથી વર્ણન કરી સંભળાવું છું. મોતી જેવી રીતે વજન કરી (તોળીને) લેવાં પડે છે,[૧૪]

अधिष्ठानं तथा कर्त्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टा दैवं चैवात्र पंचमम् ॥ १४ ॥

[અધિષ્ઠાન એટલે આધારભૂત શરીર તેમ જ કર્ત્તા એટલે જીવ, ભિન્ન ભિન્ન ઇન્દ્રિયો, પ્રાણાપાન વાયુના નાના પ્રકારના વ્યાપાર અને દૈવ એટલે ઇન્દ્રિયોના દેવતાઓ, એ પાંચ કારણો છે. ૧૪]

"તે પ્રમાણે જ કર્મનાં કારણોનાં સર્વ યથાર્થ લક્ષણો હું તને કહું છું, તે સાંભળ. દેહ પ્રથમ કારણ છે, એમ હું કહું છું.[૧૫] એ દેહને અધિષ્ઠાન કહેવાનું પ્રયોજન એટલું જ કે, જે ભોગ્ય વિષયો છે, તે વિષય સહવર્તમાન એમાં ભોક્તા રહે છે.[૧૬] ઇન્દ્રિયોના દશ હાથોવડે રાત અને

દિવસ કષ્ટ સહીને પ્રકૃતિના યોગે જે સુખો અને દુઃખો ઉત્પન્ન થાય છે,[17] તે ભોગવવા-માટે મનુષ્યનું બીજું સ્થાન જ ન હોવાથી દેહને અધિષ્ઠાન કહેવામાં આવે છે.[18] એ ચોવીસ તત્ત્વોનું વસતિસ્થાન હોઇને બંધ અને મોક્ષનો નિર્ણય પણ એમાં જ થાય છે.[19] વધારે તો શું? પરંતુ જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિનું એ જ મુખ્ય સ્થાન છે અને એથી હે ધનંજય! આ દેહને અધિષ્ઠાન નામ જ યોગ્ય છે.[320] હવે કર્મનું બીજું કારણ 'કર્ત્તા' છે અને એને જ ચૈતન્યના પ્રતિબિંબ એટલે કે, જીવના નામથી ઓળખવામાં આવે છે.[21] આકાશમાંથી વૃષ્ટિ થતાં તે પાણીના ખાબોચિયાં ભરાય છે અને પછી તેમાં જ આકાશનો પ્રતિબિંબ પડતાં જેવી રીતે તે પ્રતિબિંબ આકાશના આકારનો જ થાય છે;[22] અથવા નિદ્રાના રાજ્યમાં રાજા પોતાના ઐશ્વર્યને વિસરી જઈને પોતાને ભીખારી થઇ ગયેલો સમજે છે,[23] તેવી જ રીતે ચૈતન્ય પોતાના સત્ય સ્વરૂપને ભૂલી જઇ પોતાને દેહ માની, દેહરૂપે પ્રકટ થાય છે.[24] જે દેહમાં આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે, તે દેહમાં ચૈતન્ય 'જીવ' નામથી પ્રસિદ્ધ હોય છેઃ અને દેહને સર્વ પ્રકારે જેણે વચન આપેલું છે;[25] દેહદ્વારા જે જે કર્મો થાય છે, તે સર્વ મેં જ કર્યાં છે, એમ તે ભ્રમથી કહ્યા કરે છે અને તેટલા માટે જ જીવને કર્મનો કર્ત્તા કહેવામાં આવે છે.[26] દૃષ્ટિ એક જ હોવા છતાં પાંપણોના વાળોને લીધે ચામરના વાળો પ્રમાણે ચીરાયલી જેવી (ભિન્ન) દેખાય છે;[27] અથવા તો ઘરમાંનો એક જ દીવો ઝરુખામાંથી જોતાં અનેક દીપક સમાન દૃષ્ટિ ગોચર થાય છે;[28] અથવા તો એક જ પુરુષ શૃંગાર, વીર અને કરુણા ઈત્યાદિ નવ રસના આવિર્ભાવ બતાવવા લાગ્યો, એટલે તે જેમ નવ પ્રકારનો ભાસવા માંડે છે;[29] તેવી જ રીતે બુદ્ધિનું એક જ જ્ઞાન હોઈને તે નેત્ર આદિ ઇન્દ્રિયોની ભિન્નતાથી બહાર આવવા માંડે છે. (એટલે કે, તે જ્ઞાન એક હોવા છતાં અનેક રૂપે દેખાય છે.)[330] હે નૃપનન્દન! તે ભિન્ન ભિન્ન ઇંદ્રિયો કર્મનું તૃતીય કારણ છે, એમ સમજ.[31] પૂર્વ પૂર્વ પશ્ચિમ વાહિની નદીઓ વહન કરતી કરતી સમુદ્રમાં આવી મળ્યા પછી જેમ જળના રૂપથી એકત્ર થાય છે,[32] તે જ પ્રમાણે, રજોગુણની કર્તૃત્વ શક્તિ–કે જે સંપાદન કર્યા વિના પ્રાણ વાયુમાં મૂળથી જ રહેલી છે, તે-ભિન્ન ભિન્ન અવયવોમાં ભિન્ન ભિન્ન ભાસે છે.[33] જ્યારે તે (શક્તિ) વાચાદ્વારા બહાર પડે છે, ત્યારે તેને આપણે બોલવું કહીએ છીએ, હસ્તદ્વારા બહાર નીકળે છે ત્યારે તેને લેવડ દેવડના વ્યાપારના નામથી ઓળખીએ છીએ;[34] તે ચરણદ્વારા વ્યક્ત થાય છે, ત્યારે તેને ગતિ કહેવામાં આવે છે અને મલમૂત્રદ્વારા બહાર નીકળતાં ક્ષાલનના નામથી ઓળખાય છે.[35] નાભિથી તે હૃદય પર્યંત તે શરીરમાં ૐકારની વૃદ્ધિ કરે છે, ત્યારે તેને પ્રાણ કહેવામાં આવે છે.[36] ત્યાર પછી જે શ્વાસોચ્છ્વાસ ઉપર જાય છે, તે જ શક્તિને ઉદાન (કંઠસ્થ વાયુ) નામ પ્રાપ્ત થાય છે;[37] અને તે જ શક્તિ ગુદાદ્વારા બહાર આવતાં અપાન (ગુદસ્થ વાયુ) નામને પ્રાપ્ત થાય છે; અને સમસ્ત શરીરમાં વ્યાપક થતાં વ્યાન (શરીરસ્થ વાયુ) નામને ધારણ કરે છે.[38] ખાધેલા અન્નના રસને જે સમસ્ત શરીરમાં પ્રસારીને જે સર્વ સાંધામાં ભરેલી હોય છે;[39] હે અર્જુન! એ પ્રમાણેની સર્વ ક્રિયાઓ થતાં, પછીથી એ શક્તિને સમાન એટલે કે, નાભિસ્થ વાયુના નામથી ઓળખવામાં આવે છે.[340] અને બગાસું, છીંક, ઓડકાર વગેરે જે વાયુના વ્યાપાર થાય છે, તે નાગ, કૂર્મ અને કૃકલ ઇત્યાદિ ઉપપ્રાણોના જ છે.[41] હે સુભટ! એ પ્રમાણે એ સર્વ વાયુના ખેલ હોઈને તેમનામાં તેમના ભિન્ન ભિન્ન વર્ત્તન પ્રમાણે નામોનું પરિવર્તન થાય છે.[42] એ પ્રમાણે પોતપોતાના વ્યાપારથી વાયુની જે શક્તિ ભિન્ન ભિન્ન થાય છે, તે કર્મનું ચોથું કારણ છે, એમ તારે સમજવું.[43] અને શરદતુ સમાન ઉત્તમ ઋતુ હોઇને તેમાં વળી ચંદ્રોદય થાય, અને તેમાં વળી પૂર્ણિમાનો યોગ આવી પડે;[44] અથવા વસન્તઋતુ હોય અને ઉત્તમ ઉદ્યાન હોય અને તે ઉદ્યાનમાં સુંદરી સમીપ હોય, તેમ જ એ યોગમાં વળી અન્ય સર્વ અનુકૂળ

સાધનોનો અચાનક ઊમેરો થાય;[૪૫] અથવા હે અર્જુન, કમળ હોય, તે ખુલી જાય અને તેમાં વળી પુષ્પરેણુનો ઉદ્ભવ થાય;[૪૬] કોઇ એકની વાણીમાં કવિત્વ રહેલું હોય, તે કવિતામાં રસિકતા હોય અને તે રસિકતામાં આત્મતત્ત્વનો સમાવેશ થયેલો હોય;[૪૭] તે જ પ્રમાણે, સર્વ પ્રકારના ઐશ્વર્યથી યુક્ત જે બુદ્ધિ, તે ઉત્તમ પ્રકારની હોય અને અધૂરામાં પૂરું સર્વ ઇન્દ્રિયો પણ તેને અનુકૂલ હોય;[૪૮] અને સર્વ ઇન્દ્રિયોને ભૂષણ આપનારો દેવોનો જે સમુદાય, તે પણ તેમને અનુકૂળ હોય;[૪૯] અર્થાત્ ચક્ષુ આદિ દશ ઇન્દ્રિયોમાં સૂર્ય આદિ દેવોના સમુદાયની જે અનુકૂલતા,[૩૫૦] તે દેવોનો સમુદાય એ આ કર્મનું પાંચમું કારણ છે." દેવ કહે છે;–હે અર્જુન! તું સમજ્યો કે?[૫૧] એ પ્રમાણે, તારી બુદ્ધિના જાણવામાં આવે, તેવી રીતે કર્મનાં પાંચ પ્રકારનાં કારણો તને કહ્યાં, તે સાંભળ્યાંને?[૫૨] હવે, જે હેતુના યોગે એ કર્મો બને છે, તે પાંચ હેતુઓ તને સ્પષ્ટ કરીને કહું છું.[૫૩]

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः ॥ १५ ॥

[મનુષ્ય શરીર, વાણી અને મનથી સશાસ્ત્ર કિંવા અશાસ્ત્ર જે કર્મ કરે છે, તેના એ અધિષ્ઠાન આદિ પાંચ હેતુઓ છે. ૧૫]

"અકસ્માત્ વસંતઋતુ પ્રાપ્ત થતાં તેના યોગે વૃક્ષને નવ પલ્લવ આવે છે, પલ્લવ આવ્યા પછી પુષ્પ આવે છે અને પુષ્પમાંથી ફળ નિર્માણ થાય છે;[૫૪] અથવા તો વર્ષાઋતુમાં મેઘ ઉત્પન્ન થાય છે; મેઘમાંથી પર્જન્યવૃષ્ટિ થાય છે અને પર્જન્યવૃષ્ટિના યોગે ધાન્ય ઉદ્ભવે છે;[૫૫] કિંવા પૂર્વ દિશામાં અરુણોદય થાય છે, અરુણોદય થયા પછી સૂર્યનો ઊદય થાય છે અને સૂર્યનો પૂર્ણ પ્રકાશ વિસ્તર્યો એટલે દિવસ થાય છે;[૫૬] તેજ પ્રમાણે, હે અર્જુન! મન કર્મના સંકલ્પનું કારણ છે; અને તે જ સંકલ્પરૂપ થતાં વાચાવડે બહાર પડે છે.[૫૭] પછી વાણીના પ્રકાશથી કર્મનો માર્ગ સ્પષ્ટ દેખાવા માંડે છે એટલે કર્ત્તા કર્મ કરવા માંડે છે.[૫૮] એ વેળાએ શરીર આદિ સર્વ ઇન્દ્રિયો કર્મનું કારણ થાય છે. લોઢાની એકાદ વસ્તુ તૈયાર કરવાની હોય, તો જેવી રીતે તે લોઢાનાં હથિયારની મદદથી જ તૈયાર કરવી પડે છે;[૫૯] અથવા તો તંતુના પટમાં તંતુને આડા નાંખવાથી જેમ તે તંતુઓનું વસ્ત્ર તૈયાર થાય છે;[૩૬૦] હીરાને વિષે જેમ હીરાથી જ ખૂણા પાડી શકાય છે; તેવી જ રીતે, મન, વાચા અને દેહના કર્મનું કારણ મન જ છે.[૬૧] અહીં; કર્મના શરીર આદિ કારણો જ તેમના હેતુ કેવી રીતે થઇ શકે, એવી જો કોઇ શંકા કરે, તો તેનું ઉત્તર આપું છું તે સાંભળ.[૬૨] જો સૂર્યના પ્રકાશનું કારણ અને તેનો હેતુ જેમ સૂર્ય પોતે જ છે અથવા શેરડીનો રોપો જ જેવી રીતે શેરડીની વૃદ્ધિનો હેતુ છે;[૬૩] અથવા તો સરસ્વતીની સ્તુતિ કરતી વેળાએ જેમ સરસ્વતી (વાણી)ને જ શ્રમ આપવો પડે છે; કિંવા વેદોની મહત્તાનું વર્ણન કરવું હોય તો તે જેમ વેદોવડે જ કરાય છે;[૬૪] તેવી જ રીતે કર્મનાં શરીર આદિ જ કારણો છે, એ સર્વને વિદિત છે; પરંતુ અહીં શરીર આદિક જ કર્મના હેતુ પણ છે, એમાં પણ શંકા નથી જ.[૬૫] અને દેહાદિક અધિષ્ઠાનના હેતુ દેહાદિક જ છે, અને જેના યોગે કર્મનું મંડાણ મંડાય છે,[૬૬] તે કર્મ જો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવામાં આવે, તો હે ધનંજય! તે પુણ્ય કર્મ છે અને એને જ ન્યાય કર્મ કહેવામાં આવે છે, તેમ જ એનો હેતુ પણ ન્યાય જ છે.[૬૭] જેવી રીતે પર્જન્યનું જળ જંગલી ડાંગરને લાગતાં જમીનમાં સોસાઇ જાય છે, છતાં તેથી કેટલોક લાભ તો થાય છે જ;[૬૮] અથવા તો કોઇ મનુષ્ય ક્રોધ કરીને ઘરમાંથી નીકળ્યો હોય અને સહજ દ્વારિકાના માર્ગમાં ચઢી જાય, તો તેને ચાલવાનો શ્રમ તો થાય છે, પરંતુ જેમ તેનું એક પણ ડગલું

વ્યર્થ જતું નથી;[૬૯] તેવી જ રીતે હેતુ અને કારણુના યોગે જે અંધ કર્મ થાય છે, તે જ જો સશાસ્ત્ર થાય તો તેને જ પુણ્ય કર્મ કહેવામાં આવે છે.[૭૦] અથવા તો એક વાસણમાંનું દૂધ બ્રાહ્મણને આપવાથી ખલાસ થાય અને બીજા વાસણમાંનું દૂધ ઉભરાઈને ખલાસ થઈ જાય, તો બન્ને વાસણમાંનું દૂધ ખલાસ તો એક સરખી રીતે જ થાય છે; છતાં ઉભરાઇ ગયેલા દૂધને (ઠેકાણે પડેલું) વપરાયલું કહી શકાતું નથી;[૭૧] તેવી જ રીતે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જો કર્મ કરવામાં ન આવે, તો તે કર્મ વ્યર્થ થતું નથી એમ કેમ કહેવાય? કારણ કે, જો એમ કહીએ, તો પછી જે ધન લૂટાઇ ગએલું હોય તેને દાન શા માટે ન કહી શકાય વારુ?[૭૨] હે અર્જુન! કયો મંત્ર બાવન અક્ષર રહિત છે વારુ? અથવા બાવન વર્ણમાંના એકનો પણ ઉચ્ચાર ન કરતો હોય એવો કોઈ મનુષ્ય પ્રાણી મળી શકે એમ છે ખરું કે?[૭૩] પરંતુ હે અર્જુન! જ્યાં સૂધી મંત્રની યુક્તિ સમજવામાં આવતી નથી, ત્યાં સૂધી તે બાવન વર્ણના ઉચ્ચારને મંત્રોચ્ચારની ફળપ્રાપ્તિ થઈ શકતી નથી;[૭૪] તે જ પ્રમાણે, કારણ અને હેતુના યોગે જે સામાન્ય કર્મ બને છે, તે જ્યારે યથાશાસ્ત્ર થતું કિંવા હોતું નથી,[૭૫] ત્યારે પણ કર્મ તો થતું જ હોય છે; પણ ભાઇરે! તે કર્મનું થવું નથી; કિન્તુ તે પાપકર્મ હોઇને પાપનો જ હેતુ છે![૭૬]

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥ १६ ॥

[એ પ્રમાણે સર્વ કર્મોના એ પાંચ હેતુ હોય છે. જે મનુષ્ય કેવળ આત્માને જ કર્ત્તા તરીકે નિહાળે છે, તે અજ્ઞાની વેદાંત સંસ્કારશૂન્ય હોવાથી કાંઈ પણ જાણતો નથી. ૧૬]

"એવા પ્રકારે, હે સુમહિમા! કર્મોનાં પાંચ કારણોના પાંચ હેતુ છે. ત્યારે હવે અહીં એ કર્મનું કારણ આત્મા છે, ખરો કે, એ કહે જોઇએ?[૭૭] જેવી રીતે, સૂર્ય પોતે વિષય ન થતાં નેત્ર આદિ પાંચ ઇન્દ્રિયોના વિષયોને પ્રકટ કરે છે, તે જ પ્રમાણે, આત્મા પોતે કર્મરૂપે ન છતાં કર્ત્તાદ્વારા તે કર્મો કરાવે છે.[૭૮] હે અર્જુન! જેવી રીતે દર્પણ કિંવા પ્રતિબિંબ એ ઉભય પોતે ન થતાં અવલોકયિતા ઉભયને પ્રકાશિત કરે છે;[૭૯] કિંવા, હે પાંડુસુત! સૂર્ય દિવસ અને રાત્રિને કારણીભૂત હોવા છતાં જેમ તેમનાથી અલિપ્ત હોય છે, તેજ પ્રમાણે, જો કે કર્મ આત્માના અધિષ્ઠાનથી જ થાય છે, છતાં તે પોતે કર્મકર્ત્તા નથી, એમ બતાવે છે.[૮૦] પરંતુ અહંતાના ભ્રમથી જેની બુદ્ધિ 'હું જ દેહ છું' એમ નિશ્ચયથી માની બેઠેલી હોય છે, તેના માટે આત્મસ્વરૂપની મધ્યરાત્રિ જ પ્રવર્ત્તે છે.[૮૧] જેણે દેહને જ ચૈતન્ય, ઈશ્વર અને બ્રહ્મ માનેલો હોય છે, તેની 'આત્મા જ કર્ત્તા છે' એવી પૂર્ણ બુદ્ધિ હોય છે.[૮૨] 'આત્મા જ કર્મકર્ત્તા છે' એવો દૃઢનિશ્ચય પણ જે કરતો નથી, તે ખરેખર દેહને જ કર્મકર્ત્તા માને છે.[૮૩] કારણ કે, હું આત્મા કર્માતીત હોઇને સર્વ કર્મોનો સાક્ષીભૂત છું, એવી સ્વસ્વરૂપની વાર્ત્તાને તે કાનોવડે પણ કદાપિ સાંભળતો નથી,[૮૪] અર્થાત્ સર્વવ્યાપક જે આત્મા તે દેહ જ છે, એમ જ તે માને છે. એ પણ ચમત્કાર જુઓ કે ઘૂવડ પોતાની આંખ્યો મીંચી દઇને દિવસને જ રાત્રિ નથી માનતો કે?[૮૫] જેણે આકાશમાંના સત્યસૂર્યને કદાપિ જોયો નથી, તે ખાબોચિયામાંના પાણીમાં પડેલા પ્રતિબિંબને જ સૂર્ય નથી સમજતો કે?[૮૬] ખાબોચિયામાં પાણીનો સંચય થાય, એટલે તે સૂર્યને જન્મેલો કહે છે, પાણી વાયુના આઘાતથી કંપે એટલે તે સૂર્યને કંપ થવાનું જણાવે છે અને ખાબોચિયામાંનું પાણી સૂકાઇ જાય એટલે સૂર્યનો નાશ થયો એમ બોલે છે;[૮૭] અને સૂતેલો મનુષ્ય જ્યાં સૂધી જાગૃત થતો નથી, ત્યાં સૂધી તેને સ્વપ્ન સત્ય ભાસે છે; જેને આ દોરી છે, એવું જ્ઞાન હોતું નથી, તે તેને સર્પ સમજીને બીએ છે અને તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી.[૮૮] જ્યાં સૂધી કમળો

થયેલો હોય છે, ત્યાં સૂધી ચન્દ્રનો રંગ પીળો દેખાય છે. અરે જો મૃગ મૃગજળને જોઇને ન ભમે, (તો પછી કોણ ભમે વારુ?)[89] તેજ પ્રમાણે, શાસ્ત્ર અને ગુરુનાં નામનો ઉચ્ચાર કર્યો કે, તે ઉચ્ચાર તે (શાસ્ત્ર અને ગુરુ) ના વાયુનો પણ આપણા હૃદયને સ્પર્શ કરાવતો નથી. કારણ કે, તે નામનો મૂર્ખતાથી જ ઉચ્ચાર થયેલો હોય છે;[390] અભ્રો ચાલતાં હોય એટલે જેવી રીતે કોલાં તેમનાપર ચંદ્રના ચાલવાનો આરોપ કરે છે; તેજ પ્રમાણે, તેણે દેહ જ આત્મા છે, એવી દૃષ્ટિથી આત્માને દેહરૂપ જાળું નાખેલું હોય છે.[91] પછી, હે અર્જુન! તેની એ ધારણાથી દેહરૂપી બંદિશાળામાં કર્મના મજબૂત ગ્રંથિથી તે બંધીવાન્ થાય છે.[92] બિચારું પોપટ નલિકાપર બેઠેલું હોય છે, તે હું બદ્ધ છું એવી દૃઢ કલ્પનાથી પોતાનો પંજો છૂટો હોવા છતાં પણ નલિકાને ત્યાગતું નથી;[93] અર્થાત્ એવી રીતે, જે નિર્મળ આત્મસ્વરૂપપર જે દેહે કરેલાં કર્મોનો આરોપ કરે છે, તે કોટિકલ્પ પર્યન્ત કર્મોમાં જ ગુંથાયલો રહે છે.[94] હવે કર્મ કરવા છતાં પણ જેને કર્મનો સ્પર્શ થતો નથી; જેવી રીતે વડવાનલ સમુદ્રમાં હોવા છતાં પણ તેને સમુદ્ર સ્પર્શ કરતો નથી;[95] તેવી રીતે જે અલિપ્તતાથી કર્મ કરતો હોય છે, તેને ખરેખર કેમ ઓળખવો, તે હું કહું છું.[96] એવો મુક્ત મનુષ્ય કોણ છે, એનો શોધ કરવા જતાં આપણને જ મુક્તિ મળી જાય છે. જેવી રીતે દીપના પ્રકાશમાં જોવા લાગતાં આપણી ખોવાયલી વસ્તુ મળી આવે છે;[97] અથવા તો દર્પણને સ્વચ્છ કરવા માંડીએ, એટલે અચાનક તેમાં આપણને આપણું પોતાનું સ્વરૂપ દેખાય છે; અથવા તો પાણીમાં મીઠું (ક્ષાર) નાખતાં તેનું જેમ પાણી થઇ જાય છે;[98] વધારે તો શું, દર્પણમાંના પ્રતિબિંબ પ્રતિ ન જોતાં પાછા ફરીને જોવાથી પણ આપણું સ્વરૂપ પોતાની મેળે જ દેખાય છે;[99] તેવી રીતે સંતોની સ્થિતિનો કેવળ વિચાર કરવાથી પણ આપણું ખોવાયલું સ્વરૂપ આપણને પાછું મળે છે. એટલા માટે નિત્ય સંતોનું જ વર્ણન કરવું અને તેમના ગુણોનું જ શ્રવણ કરવું.[400] પરંતુ કર્મ કરવા છતાં જે કર્મના સારા અથવા નઠારા પરિણામથી લિપ્ત થતો નથી; જેવી રીતે ચર્મચક્ષુના ચર્મથી ખરી દૃષ્ટિ લેપાતી નથી,[1] તેવી રીતે જે કર્માતીત થયેલો હોય છે, તેનાં લક્ષણો તને યુક્તિથી બાહુ પ્રસારીને હું કહું છું.[2]

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबद्ध्यते ॥ १७ ॥

[હું આ અમુક કર્મ કરું છું એવું જેને અભિમાન નથી અને જેની બુદ્ધિને કર્મનો વિકાર થતો નથી, તે જો આ સર્વ પ્રાણીઓનો વધ કરી નાંખે, તોપણ તે વધ કરતો નથી, અને તે વધના દોષથી બદ્ધ થતો નથી. ૧૭]

“હે પ્રબુદ્ધ અર્જુન! જે અજ્ઞાનની નિદ્રામાં અનેક વર્ષો પર્યન્ત વિશ્વરૂપ સ્વપ્નનો અનુભવ લેતો હતો,[3] તે, ‘तत्त्वमसि’ મહાવાકયના કાનમાં પડવાથી ગુરુકૃપાના બળે મસ્તકપર કેવળ હાથ રાખવાથી જ નહિ, કિન્તુ પીઠ થાપીને જ જાગ્રત કરાયલો હોય;[4] તેવી રીતે હે અર્જુન! જગદ્રૂપી સ્વપ્ન અને અજ્ઞાનરૂપી નિદ્રાને ત્યાગીને સહજ નિજસ્વરૂપના દર્શનથી જાગ્રત થયો છે;[5] ચંદ્રનો ઉદય થતાં મૃગજળથી દેખાતાં પૂરોનો જેમ પોતાની મેળે જ લોપ થઇ જાય છે;[6] અથવા તો બાલ્ય દશાની સમાપ્તિ થતાં ખોટી બ્હીક (બાઉ)થી જેમ કોઈ બ્હીતું નથી; અથવા તો લાકડું બળી ગયા પછી તેમાં જેમ લાકડાપણું રહેતું નથી;[7] અથવા તો જાગૃત થવા પછી જેમ સ્વપ્ન દૃષ્ટિગોચર થતું નથી; તેવી જ રીતે હે અર્જુન! તેને ‘હું’ અને ‘મારું’ એવું (અહંતાનું અને મમતાનું) અભિમાન રહેતું નથી.[8] પછી, અંધકારને જોવા માટે સૂર્ય ગમે તે ભોંયરામાં પ્રવેશ કરે, તોય ત્યાં જેમ અંધકાર રહેતો નથી;[9] તેવી જ રીતે, ‘હું આત્મા છું,’ એવો જેનો

પૂર્ણ નિશ્ચય થયેલો હોય છે, તે જે વસ્તુ પ્રતિ નિહાળે છે, તે વસ્તુ અને તેની દૃષ્ટિ તેને આત્મરૂપ જ દેખાય છે.[૪૧૦] અગ્નિ જે પદાર્થનો સ્પર્શ કરે છે, તે પદાર્થ જેમ અગ્નિરૂપ જ થાય છે; અને પછી જેમ દાહ્ય અને દાહકનો ભેદ અવશિષ્ટ રહેતો નથી,[૧૧] તે જ પ્રમાણે, કર્મમાં દ્વૈત માનવાથી આત્માપર તે કર્મ કરવાના આવેલા આરોપનું નિવારણ થતાં જે કાંઈ (શરીર) અવશિષ્ટ રહે છે,[૧૨] તે શરીરને જ, જે એવી રીતે આત્મરૂપમાં નિમગ્ન થયેલો હોય, તે આત્મા કેમ માની શકે વારુ? પ્રલયકાળના જળમાં ન્હાના અને મોટા પ્રવાહો હોય છે ખરા કે?[૧૩] તે જ પ્રમાણે, હે અર્જુન! જેનામાં 'અહં બ્રહ્મ'ની પૂર્ણ સ્થિતિ થયેલી છે, તેને 'હું દેહ છું' એવો ભાસ કયાંથી અને કેમ કરીને થઈ શકે વારુ? સૂર્યના પડેલા પ્રતિબિંબને હાથમાં પકડવાથી સૂર્ય પકડાય છે ખરો કે?[૧૪] છાશને વલોવીને માખણ કાઢ્યા પછી તેને પાછું છાશમાં નાખીએ, તો તે તેથી અલિપ્ત હોવાથી તે તેમાં પાછું મળી શકે છે કે?[૧૫] અથવા હે વીરેશ! લાકડામાંથી અગ્નિ તૈયાર કરીને તેને જૂદો કાઢયા પછી તે લાકડાની પેટીમાં બદ્ધ થઈને રહી શકે ખરો કે?[૧૬] અથવા તો રાત્રિના ઉદરમાંથી જે સૂર્ય બહાર નીકળેલો છે, તે 'રાત્રિ' નું નામ પણ કાને સાંભળશે ખરો કે?[૧૭] તે જ પ્રમાણે, જાણવા યોગ્ય વસ્તુ અને જાણનાર એ બન્ને જેનામાં ઐક્યને પામેલાં છે, તેને 'હું દેહ છું' (અથવા 'દેહ જ આત્મા છે') એવો ગર્વ કયાંથી હોઈ શકે વારુ?[૧૮] અને આકાશ કોઇ ગમે ત્યાં જાય તોય સર્વત્ર જેમ ભરેલું જ છે અને તેથી આપણા સ્વરૂપમાં–પોતાના સ્વરૂપમાં જ–ભરેલું છે;[૧૯] તેમ તે જે જે કરે છે, તે આત્મસ્વરૂપ જ છે; એટલે પછી તે કયા કર્મથી કર્ત્તૃત્વને પોતાના શિરપર વ્હોરી લે વારુ?[૪૨૦] ગગન વિનાનું કોઇ પણ સ્થાન નથી, સમુદ્રને પ્રવાહ નથી અને ધ્રુવ નક્ષત્રથી ક્યાંય ગમન કરી શકાતું નથી; તેવી જ તે મનુષ્યની સ્થિતિ થયેલી હોય છે.[૨૧] એવા પ્રકારે જેને આત્મજ્ઞાનના યોગે કર્મના કર્ત્તૃત્વનું અભિમાન વ્યર્થ ભાસે છે, તેનો દેહ છે ત્યાં સૂધી તો તેના હાથે કર્મો થાય છે જ.[૨૨] વાયુ જો કે વહેતો બંધ થઈ જાય, તોય વૃક્ષોનું હીલવું બંધ થતું નથી અથવા જો કે કર્પૂરની સમાપ્તિ થઈ જાય છે, તોય કરંડીઆમાં તેનો સુવાસ તો અવશિષ્ટ હોય છે;[૨૩] અથવા ગાયન સમારંભની સમાપ્તિ થાય, તોપણ ગાયન સાંભળીને મનને થયેલા આનંદની જેમ ન્યૂનતા થતી નથી; અથવા તો પાણીવડે જમીન ભીની થવા પછી પાણી ઘટી જવા છતાં જેમ તેની ભીનાશ તો પાછળ બાકી રહે છે જ;[૨૪] અરે, સૂર્યનો અસ્ત થવા પછી સંધ્યાકાળે પશ્ચિમ દિશાગત આકાશમાં સૂર્યની જ્યોતિનું તેજ (સંધિપ્રકાશ) જેમ દેખાયા કરે છે;[૨૫] નિશાન માર્યા પછી પણ બાણ, પોતામાંની શક્તિ જ્યાંસૂધી ન્યૂન ન થાય ત્યાંસૂધી આગળ જ જયા કરે છે;[૨૬] અથવા તો કુંભારના ચાકપર તૈયાર થયેલું (માટીનું) વાસણ કુંભારે કાઢી લીધા પછી પણ પૂર્વે આપેલી ગતિના યોગે ચાક તો ફરતો જ હોય છે;[૨૭]

તેવી જ રીતે, હે ધનંજય! દેહના અભિમાનનો લોપ થવા પછી પણ જે ગુણોવડે દેહ ઉત્પન્ન થયેલો છે, તે ગુણોની ચેષ્ટાઓ તેમાં દૃષ્ટિગોચર થવાની જ.[૨૮] સંકલ્પવિના સ્વપ્ન દેખાય છે, રોપ્યા વિના જ જેમ અરણ્યમાં વૃક્ષો ઉત્પન્ન થાય છે અને રચના કર્યા વિના જ જેમ આકાશમાં ગંધર્વનગરો દૃષ્ટિગોચર થાય છે;[૨૯] તે જ પ્રમાણે, આત્માના સંકલ્પવિના જ દેહ આદિ પાંચ કારણો ક્રિયા કરવામાં કારણીભૂત થાય છે.[૪૩૦] પરંતુ પૂર્વજન્મના સંસ્કારથી પાંચે કારણો અને હેતુઓ અનેક ક્રિયાઓ કરાવે છે.[૩૧] તે કર્મમાં પછી ભલે જગતનો સંહાર થઈ જાઓ અથવા તો નવીન જગતની ઉત્પત્તિ થાઓ;[૩૨] પરંતુ કુમુદ કેવી રીતે સૂકાઇ જાય છે અને કમળની પ્રભા કેમ વિસ્તૃત થાય છે, એ (પોતાથી થતાં બન્ને પરિણામો)નું સૂર્યને જેમ જ્ઞાન હોતું નથી;[૩૩] અથવા તો આકાશમાંથી વીજળીનો પાત થતાં

જમીનના કકડે કકડા થઇ જાય, કિંવા વૃષ્ટિ વર્ષીને જમીનને લીલીછમ બનાવી મૂકે,[૩૪] તોય એ ઉભય પરિણામોની જેમ આકાશને ખબર હોતી નથી; તેજ પ્રમાણે જે દેહાભિમાન રહિત થઇને દેહમાં જ નિવાસ કરે છે,[૩૫] તે, જેમ સ્વપ્નમાંથી જાગ્રત થયેલો મનુષ્ય સ્વપ્ન નિરખતો નથી, તેમ દેહાદિથી સૃષ્ટિનો ઉદ્ભવ થાય છે કિંવા લય થાય છે, તોય તેને જાણતો નથી.[૩૬] નહિ તો, 'આ દેહી છે' એમ તેને જેઓ ચર્મચક્ષુવડે જુએ છે, તેઓ તો તેને જ કર્મ કરનારો માને છે.[૩૭] અથવા તો ઘાસનું પૂતળું બનાવીને ખેતરમાં ઉભું કરવામાં આવતાં કોલાં તેને જ ખેતરનો રખેવાલ સમજતા નથી કે શું?[૩૮] ગાંડો માણસ વસ્ત્રાચ્છાદિત છે કે નગ્ન છે, એ જાણવાનો પરિશ્રમ જેમ લોકોને જ લેવો પડે છે અથવા તો રણભૂમિમાં પડેલા મનુષ્યના અંગપરના જખમોને જોઇને બીજાએ જ તેના શૌર્યની કલ્પના કરવી પડે છે;[૩૯] અથવા તો મહા સતી જે વેળાએ સતી થાય છે, તે વેળાએ લોકોને તે જો કે સ્નાન, અભ્યંગમર્દન, અને પીયળ ઇત્યાદિનો ઉપભોગ ભોગવતી દેખાય છે; તોપણ તે સતીને અગ્નિ દેખાતો નથી, પોતાના શરીરની તેને સ્મૃતિ હોતી નથી, તેમ જ લોકો પ્રતિ પણ તેનું ધ્યાન હોતું નથી; (એટલે કે, તે પતિસ્વરૂપમાં જ તલ્લીન થયેલી હોય છે;)[૪૦] તેજ પ્રમાણે, આત્મસ્વરૂપ પ્રાપ્તિના યોગે જે દ્રષ્ટા દૃશ્ય સહિત નષ્ટ થયેલો છે, (જોનાર અને જોવાની વસ્તુ એ ભાવનો લોપ થયેલો છે,) તે, ઇંદ્રિયસમુદાયે શું કર્મ કર્યું અને શું નહિ, તે જાણતો નથી.[૪૧] અરે, સમુદ્રના તીર પ્રાન્તમાં ઊભા રહેલા લોકોને કદાચિત્ એમ ભાસે કે, મોટી લહરીઓ ન્હાની લહરીઓને ગળી ગયેલી છે,[૪૨] તોપણ જળની દૃષ્ટિથી જોતાં કોઈ પણ એક લહરી બીજી કોઇ પણ લહરીને ગળી જતી જ નથી. તે જ પ્રમાણે જે આત્મસ્વરૂપમાં મળી ગયેલો હોય છે, તેને પછી કર્મોનો ત્યાગ કરવો જોઇએ, એ પ્રમાણેનો કર્મવિષયક દ્વૈત રહેતો જ નથી.[૪૩] સુવર્ણની દેવીએ, સુવર્ણના ત્રિશૂલવડે સુવર્ણના જ મહિષાસુરનો નાશ કર્યો,[૪૪] આ સર્વ પ્રકાર ભક્તની દૃષ્ટિમાં સત્ય ભાસે છે; પરંતુ સુવર્ણની દૃષ્ટિથી જોતાં દેવી, ત્રિશૂલ અને મહિષાસુર સર્વ સુવર્ણ જ છે;[૪૫] તેમ જ ભીંતપર આળેખેલાં ચિત્રોમાં એક તળાવ અને એક અગ્નિકુંડ એ કેવળ દૃષ્ટિનો જ ભેદ છે; પરંતુ જો તે ઉભયને વસ્ત્રનો સ્પર્શ કરાવીએ તો તે ભીંજતું પણ નથી અને બળતું પણ નથી;[૪૬] તે પ્રમાણે, જે જ્ઞાની છે, તેના દેહનો વ્યવહાર પૂર્વ કર્માનુસાર થતો હોય છે; પરંતુ એ રહસ્યને ન જાણતાં ઉન્મત્ત જનો તેને જ કર્મકર્ત્તા માને છે.[૪૭] અર્થાત્ તે કર્મ કરતો હોય અને તેથી જો ત્રિલોકનો ઘાત પણ થઇ જાય, તો પણ તે ઘાત તેણે કર્યો, એમ કદાપિ કહેવું કે માનવું જ નહિ.[૪૮]

અરે, સૂર્ય અંધકારને નિહાળે અને પછી તેને દૂર કરવાનું કહે, (એમ થવું અશક્ય છે;) તે જ પ્રમાણે, જ્ઞાની માટે એવી બીજી કોઇ વસ્તુ જ નથી, કે જેનો તે નાશ કરે. (કારણ કે, તેનામાંના દ્વૈતભાવનો લોપ થતાં સર્વ જગત્ તેનામાં સ્વસ્વરૂપ જ થયેલું હોય છે.)[૪૯] એટલા માટે તેની બુદ્ધિને પાપ અને પુણ્યનો સ્પર્શ પણ હોતો નથી. જેમ કોઈ એક નદી ગંગામાં આવી મળતાં તેની અપવિત્રતાનો લોપ થાય છે;[૫૦] હે અર્જુન! અગ્નિમાં જો અગ્નિ પડે તો તે દાઝે છે ખરો કે? અથવા શસ્ત્ર પોતાને જ કદાપિ ખૂંચે છે કે?[૫૧] તે જ પ્રમાણે, આપણા પોતાના સ્વરૂપથી કોઇ પણ કર્મ ભિન્ન નથી, એમ જે સમજે છે, ત્યાં પછી ક્યા પદાર્થવડે તેની બુદ્ધિ લિપ્ત થાય વારુ?[૫૨] અર્થાત્ જે કાર્ય, કર્ત્તા અને ક્રિયાની ત્રિપુટી પોતે જ બનેલો છે, તે શરીર આદિવડે થનારાં કર્મોથી બદ્ધ થતો નથી.[૫૩] કારણ કે, જીવાત્મા મોટાપણાથી પોતાને કર્ત્તા માનીને દશ ઇંદ્રિયોના સાધનથી પાંચ હેતુઓને ધારણ કરે છે;[૫૪] અને તે ઠેકાણે ન્યાય્ય અથવા અન્યાય્ય એવાં પ્રકારનાં કર્મ કરીને, એક ક્ષણ માત્રમાં કર્મોનાં ભુવનો તૈયાર કરે

છે.[55] પણ આત્મા એ મહા કૃત્યનો સહાય કર્ત્તા નથી અને તે આરંભ કર્ત્તા છે, એમ કહેવું પણ અયોગ્ય જ છે.[56] તે સાક્ષીભૂત અને જ્ઞાનસ્વરૂપ છે; એટલે કર્મ પ્રવૃત્તિનો જે સંકલ્પ ઉત્પન્ન થાય છે, તેને તે પોતે કેવી રીતે અને શામાટે આજ્ઞા આપે વારુ?[57] અર્થાત્ જે જે કર્મો કરવા માટે સર્વ લોકો અગાધ શ્રમ કરે છે, તે સર્વ કર્મ કરવામાં તેના શરીરને લેશમાત્ર પણ આયાસ થતો નથી.[58] એટલે કે, જે કેવળ શુદ્ધ આત્મસ્વરૂપ થયેલો છે, તેને માટે આ કર્મોનું કારાગૃહ છેજ નહિ.[59] પરંતુ અજ્ઞાનના પટપર જે દ્વૈતજ્ઞાનનું ચિત્ર આળેખે છે, ત્યાં ચિત્ર, ચિત્રકાર અને ચિત્રપટની જે ત્રિપુટી હોય છે, તે હું તને સ્પષ્ટ કરીને કહું છું.[460]

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥ १८ ॥

[જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા એ ત્રિપુટી કર્મને પ્રેરનારી છે; અને કરણ, કર્મ તથા કર્ત્તાની ત્રિપુટી કર્મસંગ્રહનું કારણ છે. ૧૮]

"કારણ કે, જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય એ ત્રિપુટી જગતને કારણીભૂત હોઇને એમાંથી જ નિઃસંશય કર્મની પ્રવૃત્તિ થાય છે[61] હે ધનંજય! હવે એજ ત્રિપુટીનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને પ્રકટ કરીને કહું છું, તે સાંભળ.[62] જીવરૂપ સૂર્યબિંબના જ્ઞાનેન્દ્રિયાદિ પંચેન્દ્રિયરૂપ કિરણો વિષયરૂપ કમળની કલિકાપર પડીને તે (કલિકા)ને પ્રફુલ્લ કરે છે;[63] અથવા જીવરૂપ રાજા શરીરરૂપ જીન વિનાના અશ્વપર આરૂઢ થઇને હાથમાંનાં ઇન્દ્રિયરૂપ હથિયારોને વિષયરૂપ દેશમાંથી લૂટી લાવે છે;[64] વધારે તો શું? જે જ્ઞાન આ ઇન્દ્રિયોમાં વર્ત્તતું હોઇને જીવને ભોગવવા માટે સુખ અને દુઃખ આપે છે અને જે જ્ઞાનનો ગાઢ નિદ્રામાં લોપ થાય છે;[65] તે જીવને હે અર્જુન! 'જ્ઞાતા' કહેવામાં આવે છે અને જેનું હાલમાં નિરૂપણ કર્યું, તેને જ 'જ્ઞાન' કહેવામાં આવે છે.[66] હે અર્જુન! જે અજ્ઞાનના ઉદરમાંથી ઉત્પન્ન થતાંની સાથેજ પોતાને ત્રણ ભાગમાં વિભક્ત કરી નાંખે છે;[67] પોતાની વૃતિ સમક્ષ જ્ઞેય વિષયરૂપ પાષાણ નાખીને પાછળની બાજૂએ જ્ઞાતાને ઊભો રાખે છે,[68] પછી જ્ઞાતા અને જ્ઞેય ઉભયની વચ્ચેનો વ્યવહાર ચાલતો હોય, તે વેળાએ જે જ્ઞાન મધ્યમાં રહે છે.[69] જ્ઞેય પાસે જઈ લાગ્યા પછી જેનો વેગ ખૂટી જાય છે અને જે સર્વ પદાર્થોની ચેષ્ટા કરે છે,[470] તેને 'સામાન્ય જ્ઞાન' કરી કહેવામાં આવે છે, એમાં સંશય નથી. હવે જ્ઞેયનાં લક્ષણો કહું છું તે સાંભળ.[71] શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જ્ઞેયના પાંચ પ્રકારના ધર્મ છે.[72] જેવી રીતે એકજ આંબો દૃષ્ટિગોચર થતાં પાંચ ઇન્દ્રિયોને તે જૂદા જૂદા પ્રકારે દેખાય છે. એટલે કે, 'આમ્ર' શબ્દવડે તે કર્ણના જાણવામાં આવે છે, રસવડે જિહ્વાના જાણવામાં આવે છે, રંગવડે નેત્રોના જાણવામાં આવે છે, ગંધવડે નાસિકાના જાણવામાં આવે છે અને સ્પર્શવડે ત્વચાના જાણવામાં આવે છે;[73] અર્થાત્ એવી રીતે જ્ઞેય તો એકજ છે, પરંતુ આપણી ઇંદ્રિયોદ્વારા તેમના વિશેનું ભિન્ન ભિન્ન જ્ઞાન ઉત્પન્ન થાય છે અને તેથી તે (જ્ઞેય) પાંચ પ્રકારનું થયેલું છે.[74] સમુદ્રમાં મળ્યા પછી નદીનો પ્રવાહ આગળ વધતો અટકી જાય છે, મુકામે પહોંચી ગયા પછી ચાલવાનો વ્યાપાર સ્વાભાવિકજ બંધ પડે છે અથવા તો ફળ આવ્યા પછી જેમ ધાન્યનું વધવું અટકી જાય છે;[75] તેજ પ્રમાણે હે અર્જુન! ઇન્દ્રિયોના માર્ગમાં દોડતા જ્ઞાનની ગતિનો જ્યાં પરિણામ થાય છે, તે સ્થાનનેજ જ્ઞેય (વિષય) કહેવામાં આવે છે.[76] એ પ્રમાણે, હે ધનંજય! જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનાં લક્ષણો તને કહ્યાં. એ ત્રિપુટી ત્રણ પ્રકારનાં સર્વ કર્મોની કારણીભૂત છે.[77] કારણ કે, શબ્દ આદિ પાંચ વિષયોજ જ્ઞેય છે; અને તેથી તેજ પ્રિય કિંવા અપ્રિય એમાંથી કોઇપણ એક હોય છેજ.[78]

હે ધનંજય! જ્ઞાન જ્ઞાતાને હજી તો જ્ઞેય પદાર્થ કિંચિત્ બતાવે છે, એટલામાં તો તેનો સ્વીકાર કિંવા ત્યાગ કરવાને જ્ઞાતા તત્કાળ ઉદ્યુક્ત થાય છે.[૭૯] પરંતુ મત્સ્યને જોતાં જ તેને પકડવા માટે બગલો જેમ દોડી જાય છે અથવા તો દ્રવ્યના ભંડારને જોતાંની સાથે જ દરિદ્રી જેમ તેને લેવા દોટ મૂકે છે અથવા તો સ્ત્રીને જોતાં જ જેમ કામુક પુરુષ તેની પ્રાપ્તિ કરી લેવાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે;[૪૮૦] જેમ પાણી ઢળતી જમીન તરફ જ દોડે છે, ભ્રમર પુષ્પોનો વાસ લેવાને જાય છે અથવા તો દુગ્ધની ધારા કાઢતી વેળાએ વાછરડાને છોડતાં તે ગાય તરફ જ દોડી જાય છે;[૮૧] અરે, સ્વર્ગમાંની ઉર્વશી નામક અપ્સરાનું વર્ણન સાંભળીને તેનો ઉપભોગ મળે તો સારું, એવી ધારણાથી લોકો જેમ આકાશમાં યજ્ઞરૂપ નિઃસરણી લગાડે છે;[૮૨] અથવા તો હે અર્જુન! પારેવો આકાશમાં ફરતો હોય તોય પારેવીને જોતાંની સાથે જ જેમ એકદમ બધા અંગને નાખી દઈને તેની પાસે આવી લાગે છે;[૮૩] એટલું જ નહિ, પણ મેઘની ગર્જના થતાં જ મયૂર જેમ પોતાને આકાશપરથી ઓવારી નાખે છે, તેવી જ રીતે જ્ઞાતા જ્ઞેય (વિષય)ને જોતાંની સાથે જ તેના તરફ દોટ મૂકે છે.[૮૪] એટલા માટે, હે પાંડુસુત! જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા એ ત્રિપુટી સર્વ કર્મો કરવામાં કારણીભૂત થાય છે.[૮૫] અને કદાચિત્ તે જ વિષય જ્ઞાતાનો પ્રિય વિષય હોય, તો તો પછી તેના ઉપભોગમાં એક ક્ષણ માત્રના થયેલા વિલંબને પણ તે સહન કરી શકતો નથી.[૮૬] અથવા ભાગ્યયોગે જો તે જ વિષય અપ્રિય હોય, તો તેના ત્યાગમાં વિલંબરૂપે વીતતી એક એક પળ તેને યુગસમાન ભાસે છે.[૮૭] સર્પને નીલમણિનો હાર ધારવાથી જેમ પ્રથમ હર્ષ થાય છે, અને તેને હસ્ત સ્પર્શ કરતાં જ તે સર્પ છે એવું ભાન થતાં તત્કાળ હર્ષના સ્થાનમાં પછીથી જેમ ભીતિનો આવિર્ભાવ થાય છે;[૮૮] તે જ પ્રમાણે, પ્રિય કિંવા અપ્રિય વિષયને જોવાથી જ્ઞાતાની અવસ્થા થાય છે; અને પછી તેનો સ્વીકાર કે ત્યાગ કરવાના કર્મની ઉત્પત્તિ થાય છે.[૮૯] જે કુસ્તીનો શોખીન હોય છે, તે બીજા મલ્લને પોતાની સ્હામે આવેલો જોઇને પોતે સર્વ સૈન્યનો અધિપતિ હોય, તોય રથને ત્યાગીને જેમ પાદચારી થઈ જાય છે,[૪૯૦] તે જ પ્રમાણે, જે જ્ઞાતા હોય છે તે જ વિષયાસક્ત થતાં પોતાને કર્ત્તાના નામથી ઓળખાવે છે. જેવી રીતે તૈયાર થાળપર બેસીને જમનારો મનુષ્ય તે સુખને ત્યાગીને રાંધવાનું કષ્ટ વ્હોરવાને તૈયાર થાય,[૯૧] કિંવા પુષ્પરેણુને ખાવાની ઇચ્છાથી ભ્રમર જેમ બગીચો લગાડવાના પ્રયત્નને આદરે, અથવા કસોટી પોતાના ઐશ્વર્યને તુચ્છ માનીને ધાતુ બની જાય; કિંવા દેવો દેવાલયમાં સ્વસ્થતાથી બેસવાનું છોડીને દેવાલય બાંધવાના કાર્યમાં પ્રવૃત્ત થાય;[૯૨] તે જ પ્રમાણે, વિષયની ઇચ્છાથી જ્ઞાતા જ્યાં ઈન્દ્રિયોનાં કોડ પૂરે છે, ત્યાં હે અર્જુન! તેને 'કર્તા' નામની પ્રાપ્તિ થાય છે.[૯૩] અને જે પોતે જ્ઞાતા તે કર્ત્તા થઇને જ્ઞાનને કારણ (સાધન) કરે છે. એટલે પછી ત્યાં જે જ્ઞેય છે, તે સહજ કાર્યરૂપ બની જાય છે.[૯૪]

હે સુમતે! જ્ઞાનની ત્રિપુટીમાં એવી રીતે પરિવર્ત્તન થઇ જાય છે. જેવી રીતે નેત્રોનું તેજ રાત્રે ઉપયોગી થતું નથી;[૯૫] અથવા દૈવ પ્રતિકૂલ થતાં શ્રીમંતોના વિલાસ બદલાઈ જાય છે; અથવા તો પૌર્ણિમા થવા પછી ચંદ્ર જેમ નિત્ય એક એક કળાથી ઉતરતો જાય છે;[૯૬] તે જ પ્રમાણે, ઇન્દ્રિયોના લાડકોડને પૂરવા જતાં જ્ઞાતા કર્તૃત્વના અભિમાનમાં ગુંથાય છે, એટલે હવે તે વેળાનાં તેનાં લક્ષણો હું તને કહી સંભળાવું છું, તે સાંભળ.[૯૭] બુદ્ધિ, મન, ચિત્ત અને અહંકાર એ આ અંતઃકરણનાં ચતુર્વિધ ચિન્હો છે; (અંતઃકરણની એ ચાર વૃત્તિઓ છે;)[૯૮] અને ત્વચા, કર્ણ, નેત્ર, જિભ્હા અને નાસિકા એ પ્રમાણે પાંચ પ્રકારની ઇન્દ્રિયો છે.[૯૯] ત્યાં અંતઃકરણની વૃત્તિઓના યોગે જીવને કર્મ કરવાનું સ્ફુરણ થાય છે અને પછી એ કર્મથી સુખપ્રાપ્તિ થશે, એમ તેને ભાસવા માંડે,[૫૦૦] એટલે પછી નેત્ર આદિ દશે બાહ્ય ઈન્દ્રિયોને જગાડીને તેમને તે

વ્યાપારમાં પ્રવૃત્ત કરે છે.[1] અને ત્યાર પછી જ્યાં લગી કર્મનું ફળ પોતાના હાથમાં આવતું નથી, ત્યાં લગી તે, તે ઇન્દ્રિયસમુદાયને એવી સ્થિતિમાં જ ચલાવ્યા કરે છે![2] અથવા તો જો તે કર્મથી દુઃખ થવાનો રંગ દેખાવા માંડે, તો તે કર્મનો ત્યાગ કરવા માટે દશે ઇન્દ્રિયોની યોજના કરી દે છે.[3] પછી, જેમ કોઈ રાજા પોતાનો કર વસૂલ કરવા માટે પોતાના સેવકોને રાતદિવસ રખડાવ્યા કરે છે, તેવી રીતે તે, તે દુઃખનો લોપ થાય ત્યાં સૂધી રાતદિવસ ખટપટ કરતો હોય છે.[4] એવા પ્રકારે, કર્મનો સ્વીકાર અથવા ત્યાગ કરવા માટે એકવાર જ્ઞાતાએ ઇંદ્રિયોનું અગ્રેસરત્વ લીધું કે પછી તેને જ 'કર્ત્તા' કહેવામાં આવે છે;[5] અને કર્ત્તા કર્મ કરવા માટે હાળની માફક બધી ઇન્દ્રિયોને ખપાવે છે અને તેથી જ હું તેમને (ઇન્દ્રિયોને) ક્રિયાનાં સાધનોના નામથી ઓળખું છું;[6] અને એ કરવા માટે કર્ત્તા જે જે ક્રિયાઓ ઉત્પન્ન કરે છે, તે ક્રિયાઓવડે જે વ્યાપ્ત થાય છે, તેને જ હું 'કર્મ' કહું છું.[7] સુવર્ણકાર (સોની) બુદ્ધિથી અલંકારવડે જેમ સુવર્ણ વ્યાપ્ત થાય છે, ચંદ્રનાં કિરણોવડે જેમ ચાંદરણું વ્યાપ્ત થાય છે અથવા વિસ્તારથી જેમ વલ્લરી વ્યાપ્ત થાય છે,[8] કિંવા સૂર્યની પ્રભાથી જેમ સૂર્યપ્રકાશ વ્યાપ્ત થાય છે અને માધુર્યથી જેમ શેરડીનો રસ વ્યાપ્ત હોય છે—અસ્તુ, અવકાશવડે જેમ આકાશ વ્યાપ્ત થાય છે,[9] તેવી જ રીતે, હે અર્જુન! કર્ત્તાની ક્રિયાઓવડે જે વ્યાપ્ત થાય છે, તે કર્મ જ છે, એમાં લેશ માત્ર પણ શંકા નથી જ.[510] એ પ્રમાણે, હે અર્જુન! તને કર્મ, કર્ત્તા અને કારણ એ ત્રણેનાં લક્ષણો કહ્યાં.[11] તો જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટી કર્મ પ્રવૃત્તિકારિણી છે. તેમ જ કર્ત્તા, કરણ અને કાર્ય એ ત્રિપુટી કર્મસંચયરૂપ છે.[12] અગ્નિમાં જેમ ધૂમાડો રહેલો જ હોય છે, બીજમાં જેમ વૃક્ષ રહેલું જ હોય છે અથવા તો મનમાં જેમ નિત્ય ઇચ્છા રહેલી જ હોય છે,[13] અને સુવર્ણ જેમ સુવર્ણની ખાણમાંથી જ મળી આવે છે, તેવી જ રીતે કર્ત્તા, ક્રિયા અને કરણો (ઇન્દ્રિયો) એ ત્રિપુટી કર્મોનું ઉત્પત્તિસ્થાન જ છે.[14] એટલા માટે, હે પાંડુસુત! અમુક કાર્યનો હું કર્ત્તા છું, એવા કર્ત્તૃત્વાભિમાનને જીવે ધારણ કર્યું કે, સર્વ ક્રિયાઓ નિકટમાં આવે છે અને આત્મા દૂર જાય છે.[15] અર્થાત્, હે સુમતે! કર્મથી આત્મા ભિન્ન જ છે, એ તને વારંવાર શું કહેવું? કારણ કે, એ તો તું જાણે જ છે.[16]

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥

[જ્ઞાન, કર્મ અને કર્ત્તા એ ગુણભેદથી ત્રણ પ્રકારનાં છે, એમ સાંખ્યશાસ્ત્રમાં યથાર્થ કહેલું છે, તે પણ તું સાંભળ. ૧૯]

"પણ તને જે જ્ઞાન, કર્મ અને કર્ત્તાવિશે કહ્યું, તે ત્રણે ત્રણ ગુણોવડે ભિન્ન ભિન્ન છે.[17] એટલા માટે, હે અર્જુન! જ્ઞાન, કર્મ અને કર્ત્તામાં વિશ્વાસ રાખીશ નહિ; કારણ કે, એમનામાં રહેલા રજ અને તમ એ બે ગુણોવડે જ મનુષ્ય બદ્ધ થાય છે; અને કેવળ સત્ત્વગુણ જ છૂટકો કરવા સમર્થ છે.[18] તે સાત્ત્વિક ગુણનો ભેદ-કે જેને વિશે સાંખ્યશાસ્ત્રમાં વિવેચન કરેલું છે, તે તારા સમજવામાં આવે તેવી રીતે કહી સંભળાવું છું.[19] જે સાંખ્યશાસ્ત્ર વિચારરૂપ ક્ષીરસાગર જ છે, આત્મબોધરૂપ કમળને પ્રફુલ્લિત કરનાર ચંદ્ર જ છે અને જ્ઞાનોત્પાદક શાસ્ત્રોમાં સર્વથી શ્રેષ્ઠ છે;[520] કિંવા પ્રકૃતિ અને પુરુષ એ બન્ને જે દિવસ અને રાત પ્રમાણે એકમેક સાથે મળેલાં છે, તેમને ભિન્ન કરી બતાવનાર એ ત્રિભુવનમાંનો સૂર્ય જ છે.[21] જે અપાર મોહના ચોવીસ તત્ત્વોનો અંત લઈને પરતત્ત્વની પ્રાપ્તિ કરાવી આપી સુખ ભોગવવામાં પ્રવૃત્ત કરે છે;[22] હે અર્જુન! એવું જે સાંખ્યશાસ્ત્ર, તે જે ગુણોનું સ્તવન કરે છે, તે ત્રણ ગુણોનું વર્ણન આમ છે.[23]

જે ગુણના બળવડે ત્રણ પ્રકારના સિક્કા આપીને પોતાના બળથી સર્વ દૃશ્ય પદાર્થોને સ્વાધીન કરી રાખ્યા છે,[૨૪] એ પ્રમાણે, સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનું એટલું બધું સામર્થ્ય છે કે, તેમણે બ્રહ્મદેવથી તે કીટક પર્યન્ત સર્વના ત્રણ ભેદ કરી નાખ્યા છે.[૨૫] પરંતુ આ સર્વ વિશ્વ જેના યોગે એ ત્રણ ગુણોના સપાટામાં સપડાયલું છે, તે જ્ઞાન તને હું પ્રથમ કહી સંભળાવું છું.[૨૬] કારણ કે, દૃષ્ટિ શુદ્ધ થતાં ગમે તે પદાર્થનું રૂપ દેખાય છે, તેવી જ રીતે શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થવાથી સર્વ પદાર્થોનું શુદ્ધ સ્વરૂપ જાણવામાં આવે છે.[૨૭] એટલા માટે, હવે હું તને સાત્વિક જ્ઞાન કહું છું, તેમાં ધ્યાન આપ." એમ કૈવલ્યગુણ નિધાન ભગવાન્ શ્રી કૃષ્ણે કહ્યું.[૨૮]

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकम् ॥ २० ॥

[જે જ્ઞાનના યોગે જીવ ભિન્ન ભિન્ન સર્વ ભૂતોમાં અવિભક્ત એક જ અવિનાશી ભાવને નિહાળે છે, તે જ્ઞાન સાત્વિક છે, એમ સમજ. ૨૦]

"તો, હે અર્જુન! જેનો ઉદય થવાની સાથે જ જ્ઞેય જેનામાં જ્ઞાતાસહિત લીન થાય છે, તે જ જ્ઞાન ખરેખર શુદ્ધ અને સાત્વિક છે.[૨૯] જેવી રીતે, સૂર્ય અંધકારને જોઇ શકતો નથી, સમુદ્રને નદીની ઓળખ પણ હોતી નથી અથવા પોતાની પ્રતિચ્છાયાને પકડવા મથતાં તે હાથમાં આવતી નથી,[૫૩૦] તેવી જ રીતે, જે જ્ઞાન શિવથી તે તૃણપર્યન્ત સર્વ વ્યક્તિમાં ભિન્નતાને જોતું જ નથી;[૩૧] ભીંતપરના ચિત્રને ખસેડીને જોતાં, લવણને ધોતાં અથવા જાગૃતિ થતાં સ્વપ્નની જેવી અવસ્થા થાય છે;[૩૨] તે પ્રમાણે, જે જ્ઞાનના પ્રકાશથી જ્ઞેયને જોવા જતાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટીનો લોપ થાય છે;[૩૩] પરન્તુ (જ્ઞાતાને જેમ સુવર્ણની પરીક્ષા કરવા માટે) પોતાની બુદ્ધિથી ઘરેણાં લાવીને તેમાંના સુવર્ણને જુદું કાઢવું પડતું નથી અથવા પાણીને, તેમાંની લહરીઓને કાઢી નાખ્યા પછી, સ્વીકારવામાં આવતું નથી,[૩૪] તેવી જ રીતે સર્વ દૃશ્ય વસ્તુઓમાં જે જ્ઞાનને ભેદ દેખાતો નથી, તે જ જ્ઞાનને સાત્વિક જ્ઞાનના નામથી ઓળખવામાં આવે છે.[૩૫] દર્પણને જોતાં તેમાં જેમ જોનારનો પ્રતિબિંબ દૃષ્ટિગોચર થાય છે, તેવી જ રીતે જ્ઞેયને ત્યાગીને (જ્ઞેયનો લોપ થતાં) જ્ઞાતા પ્રત્યેક વસ્તુમાં પોતાના સ્વરૂપને જ નિહાળે છે.[૩૬] એ જ સાત્વિક જ્ઞાન મોક્ષ લક્ષ્મીનું મંદિર છે. અસ્તુ, હવે તને 'રાજસ જ્ઞાન'નાં લક્ષણો કહું છું, તે સાંભળ.[૩૭]

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥ २१ ॥

[જે જ્ઞાનભિન્નતાથી સર્વ ભુતોમાં નાના પ્રકારના ભિન્ન ભિન્ન ભાવોને જાણે છે, તે રાજસ (જ્ઞાન) છે, એમ સમજ. ૨૧]

"હે પાર્થ! જે ભૂતમાત્રમાં ભેદભાવ માનીને ચાલે છે, તે રાજસ જ્ઞાન જ છે. સમજ્યો કે?[૩૮] જે જ્ઞાનવડે ભૂતમાત્રમાં અનેકત્વ માનીને પોતાની ભિન્નતા કરાયલી છે અને જેણે જ્ઞાતાને ચકિત કરી મૂકયો છે;[૩૯] જેવી રીતે નિદ્રાસ્વરૂપને આડે અજ્ઞાનનો પડદો નાંખીને પછી સ્વપ્નમાંની કષ્ટમય અવસ્થાને લઇ આવે છે,[૫૪૦] તે જ પ્રમાણે, આત્મજ્ઞાનના મંદિરની આસપાસ માયાનો વિસ્તાર કરીને જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓની થાપ મારીને, જે જીવને ફસાવે છે;[૪૧] ન્હાના બાળકને ઘરેણાનારૂપે સોનું બતાવીએ તો તેને જેમ તેની પિછાન હોતી નથી; તે જ પ્રમાણે, નામરૂપના ભેદવડે જે જ્ઞાનથી અદ્વૈત દૂર રહે છે;[૪૨] અજ્ઞાન મનુષ્યને માટીમાંથી બનાવેલી ગોળી અને ગાગર બતાવતાં તેને જેમ મૂળ માટીની પિછાન હોતી

નથી;[૪૩] અથવા તો દીપક જોવા છતાં અગ્નિની ઓળખ રહેતી નથી, અથવા મૂર્ખ મનુષ્યને વસ્ત્ર બતાવતાં તે તંતુને ઓળખી શકતો નથી; અથવા તો તેને પડદાપરનાં ચિત્રો બતાવતાં તે પડદાને ઓળખી શકતો નથી;[૪૪] તેજ પ્રમાણે, સર્વ ભૂતો ભિન્ન ભિન્ન છે, એવા ભાવથી જે જ્ઞાનની ઐકયબોધક ભાવનાનો નાશ થયેલો છે;[૪૫] જેવી રીતે લાકડાં સળગ્યા પછી તેના આકાર અનુસાર અગ્નિ ભિન્ન હોય છે, અથવા ફૂલોમાં સુવાસ જૂદા છે અથવા તો ચંદ્રનો પ્રકાશ પાણીમાં પડવાથી તેના કંપનવડે ચંદ્રના કકડા થયેલા છે;[૪૬] તેવીજ રીતે નાના પ્રકારના પદાર્થોમાં પુષ્કળ ભિન્નતા રહેલી છે અથવા વેષ પ્રમાણે આ લઘુ અને ગુરુ છે, એવા ભાવોથી ભરેલું જે જ્ઞાન, તે રાજસ જ્ઞાન છે.[૪૭] હવે, ગામ બહાર વસતા ઢેડ આદિનાં ઘરોનો તે ઘરો વટેમાર્ગુઓના નિવાસ માટે અયોગ્ય છે, એમ તેઓને કહેવું પડે છે, તેજ પ્રમાણે તામસ જ્ઞાનનાં લક્ષણો તને કહું છું, તે તું સારી રીતે ધ્યાનમાં રાખ.[૪૮]

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

[જે જ્ઞાન, એક શરીર અથવા ઉપાસ્ય દેવતાની મૂર્ત્તિની પેલી તરફ કાંઇ પણ નથી એમ જ જુએ છે; જે અસયુક્તિક હોવા સાથે જેનામાં કશું પણ તાત્પર્ય હોતું નથી અને જે અલ્પ હોય છે, તેને 'તામસ જ્ઞાન' કરી કહેવામાં આવે છે. ૨૨]

"તો, હે અર્જુન ! જે જ્ઞાન વિધિરૂપ વસ્ત્ર ધારણ કર્યા વિનાજ સંચાર કરે છે અને તેટલા માટે જ તે નગ્ન હોવાથી સર્વ શાસ્ત્રોની માતા 'શ્રુતિ' તેની તરફ પીઠ ફેરવીને ઉભેલી હોય છે;[૪૯] બીજાં શાસ્ત્રોએ પણ તે જ્ઞાનને બટ્ટા લગાડીને તેની નિન્દા કરવાથી આપણને જ કલંક (અશૌચ્ય) લાગશે, એવા ભયથી જેને મ્લેચ્છધર્મરૂપ પર્વત તરફ ધકેલી દીધું છે;[૫૦] જે જ્ઞાન પોતામાં તમોગુણરૂપ બ્રહ્મરાક્ષસનો સંચાર થવાથી ગાંડા પ્રમાણે ફર્યા કરે છે;[૫૧] જે શરીર વિશે કાંઇપણ અડચણ રાખતો નથી અને કોઇપણ પદાર્થમાંના નિષેધને ઓળખતો નથી; જેવી રીતે ઉજ્જડ ગામમાં છોડી મૂકેલું કૂતરું સ્વેચ્છાથી સર્વત્ર ભટકયા કરે છે;[૫૨] અને તેના મુખમાં જે આવી શકતી નથી અથવા જેના ભક્ષણથી તેનું મોઢું દાઝે છે, તેજ વસ્તુને તે ત્યાગી દે છે; નહિ તો બાકીની બીજી બધી વસ્તુઓ તેને ખપે છે;[૫૩] ઉંદર સોનું ચોરી જાય છે છતાં તે સારું છે કે નઠારું છે, એ વાતથી અજ્ઞાત હોય છે અથવા માંસભક્ષક માંસમાં કાળા અને ગોરા (પશુ)ના ભેદને જાણતો નથી;[૫૪] અથવા અરણ્યમાં દાવાનળ લાગતાં પછી તેના મનમાં કોઇપણ પ્રકારનો વિચાર રહેતો નથી, અથવા અમુક પ્રાણી જીવતું છે કે મરી ગયેલું છે, એનો લેશ માત્ર પણ વિચાર ન કરતાં મક્ષિકા તેની ઉપર જઇને બેસે છે;[૫૫] અરે, કાગડાને જેમ આ અન્ન ઓકેલું છે કે પીરસેલું છે, તાજું છે કે સડેલું છે, એનો લેશ માત્ર પણ વિચાર હોતો નથી;[૫૬] તેજ પ્રમાણે, અપવિત્ર વસ્તુનો ત્યાગ કરવો અને શાસ્ત્રમાં કહેલી વસ્તુઓનો સ્વીકાર કરવો જોઇએ, એ તત્ત્વને જે વિષયના રંગમાં ચઢવાથી જાણતું નથી;[૫૭] જે જે વસ્તુ દૃષ્ટિગોચર થાય, તે સર્વનો ઉપભોગ લીધા કરે છે; અને સ્ત્રી હોય તો તેની શિશ્નને અને દ્રવ્ય હોય તો તેની ઉદરને વહેંચણી કરી આપે છે;[૫૮] ઉદકમાં આ તીર્થ છે કિંવા આ અપવિત્ર જળ છે, એની જેને ઓળખ હોતી નથી, પરંતુ તેથી તૃષાની શાંતિ થવાના સુખનેજ જે મુખ્ય માને છે;[૫૯] તેજ પ્રમાણે, જે ભક્ષ્યાભક્ષ્ય અને નિંદ્ય તથા અનિંદ્યના વિચારને મનમાં સ્થાન આપતું નથી; કિંતુ પોતાને જે પસંદ હોય તેજ પવિત્ર, એવો જેનો નિશ્ચય થયેલો હોય છે;[૬૦] અને જેટલી સ્ત્રીઓ હોય

તે સર્વમાં કામ વિષય તરીકેની જ જેની ઓળખાણ હોય છે અને તેમની સાથે આસપાણું કરવાને સદા તૈયાર હોય છે;[૬૧] જેઓ પોતાના ઉપયોગમાં આવે તે જ આપણાં સગાં છે અને જેમની સાથે શરીરસંબંધ છે, તેઓ આપણા આપ્તત્વને યોગ્ય નથી, એવી જ જે જ્ઞાનની માનીનતા હોય છે;[૬૨] આ દૃશ્ય પદાર્થ માત્ર મૃત્યુના તો ભક્ષણરૂપ જ છે અને અગ્નિને સર્વ દૃશ્યમાન વસ્તુઓ કાષ્ઠ પ્રમાણે જ છે; તે જ પ્રમાણે તામસ જ્ઞાનને જગતમાંનું સમગ્ર ધન આપણું છે, એમ જ ભાસ્યા કરે છે.[૬૩] એ પ્રમાણે, આ સર્વ જગત્ કેવળ ઉપભોગ માટે જ નિર્માણ કરવામાં આવ્યું છે, એવો જ જે જ્ઞાનનો નિશ્ચય થયેલો હોય છે, તેના માટે કેવળ દેહભરણ વિના બીજો કોઇ પુરુષાર્થ હોતો જ નથી;[૬૪] આકાશમાંથી પડેલા પાણીને જેમ સમુદ્રમાં જ શમાઇ જવું પડે છે, તેમ જો કોઈપણ પ્રયત્ન કરવો હોય તો તે જ્ઞાન કેવળ ઉદર માટે જ કરે છે;[૬૫] સ્વર્ગ અથવા નરકની પ્રાપ્તિ માટેનાં યથાશાસ્ત્ર અને નિષિદ્ધ આચરણ જ કારણો છે, એ વિશેના જ્ઞાનનું પૂર્ણ અજ્ઞાન હોય છે;[૬૬] દેહના કટકાનું નામ જ આત્મા છે અને પાષાણની મૂર્તિ જ ઈશ્વર છે, એવી કલ્પનાની આગળ જેની બુદ્ધિ જતી નથી;[૬૭] અને વળી તે એમ કહેતું હોય છે કે;–"આ શરીરનો પાત થવા પછી આત્મા પોતાનાં કરેલાં કર્મોસહિત નષ્ટ થાય છે, એટલે પછી આત્મા આ કર્મોનાં ફળો ભોગવવાને આ મૃત્યુ લોકમાં કયારૂપે રહે છે વારુ?[૬૮] અથવા તો આપણાં કરેલાં કર્મોનો ઈશ્વર સાક્ષી હોઇને તે જ તે કર્મોનાં ફળો ભોગવાવે છે, એમ જો માનીએ, તો દેવની સોનારૂપાની બનાવેલી મૂર્તિઓને બજારમાં લઇ જઈને વેચવાથી દેવ તે માટે આપણને શાસન કરશે, એવી ભીતિ હોતી નથી;[૬૯] ગામમાંના પ્રમુખ દેવો જ કર્મ માટે શાસન કરશે, એમ ઘડીભર માનીએ, તો તે મૂર્તિઓ જે પર્વતમાંના પાષાણમાંથી ઘડીને તૈયાર કરેલી હોય છે, તે પર્વતો સ્વસ્થ થઇને કેમ બેસી રહે છે વારુ?"[૫૭૦] એ પ્રમાણે કદાચિત્ તે દેવના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, તો પણ તે પાષાણની મૂર્તિને જ દેવ માને છે અને આત્માને દેહ જ સમજે છે;[૭૧] એ વિના પાપ અને પુણ્ય સર્વ અસત્ય છે અને અગ્નિ સળગ્યો, એટલે તેની સ્હામે આવનારી સર્વ વસ્તુઓનું ભક્ષણ કરી જાય છે; તે પ્રમાણે જે જે વસ્તુઓ ભોગવવા માટે મળે, તે સર્વનો ઉપભોગ લેવામાં જ જે હિત સમાયલું સમજે છે;[૭૨] ચર્મચક્ષુવડે જે જે પદાર્થ દૃષ્ટિગોચર થાય અને ઈન્દ્રિયો જે વિષયોનો ચસકો લગાડે, તે જ પદાર્થ સત્ય છે એવો જેનો દૃઢ અનુભવ થયેલો હોય છે;[૭૩] કિંબહુના, હે પાર્થ! આકાશમાં ધૂમાડાના ગોટ વ્યર્થ જાય છે, તે જ પ્રમાણે, જેની બુદ્ધિ એવા પ્રકારે આગળ વધતી જાય છે;[૭૪] બરુમાંનો ગર્ભ જેમ સૂકો હોય કે લીલો હોય, તોપણ તે બરુ વૃદ્ધિગત થવા પછી પણ તેનો કશો ઉપયોગ થઈ શકતો નથી;[૭૫] અથવા શેરડીને આવેલાં કણસલાં, નપુંસક મનુષ્ય અથવા થુવેરીઆનું જંગલ એ સર્વ જેમ નિરુપયોગી છે;[૭૬] અથવા તો બાળકનું મન જેમ ચંચળ હોય છે અથવા ચોરે ચોરી લાવેલું ધન જેમ તે ચોરથી નિર્ભય રહીને વાપરી શકાતું નથી; અથવા તો બકરીના ગળામાંનાં સ્તન જેમ સર્વથા ઉપયોગ વિનાનાં જ હોય છે;[૭૭] તે જ પ્રમાણે, જે નિરર્થક અને ઓશિયાળું જ્ઞાન હોય છે, તેને હું 'તામસ જ્ઞાન'ના નામથી ઓળખું છું.[૭૮] એ તામસ જ્ઞાનને પણ જ્ઞાન કહેવાનું કારણ એટલું જ કે, મનુષ્ય જન્માંધ હોય, તોપણ તેની આંખોનું વર્ણન કરવાની વેળાએ તેની આંખ્યો મોટી છે, એમ જ આપણે કહીએ છીએ;*[૭૯] અથવા બધિર

* એવા વિરુદ્ધ અર્થને દર્શાવનારાં અનેક રૂઢિવાક્યો પ્રત્યેક ભાષામાં પ્રચલિત થયેલાં જોવામાં આવે છે. જેમકે મંદબુદ્ધિ મૂર્ખને માટે 'આ તો ભાઈ મોટા વિદ્વાન્ અથવા રાજા માણસ છે' એમ કહેવામાં આવે છે; તેવી જ રીતે આંધળાને સૂરદાસ, પ્રજ્ઞાચક્ષુ ઇત્યાદિ નામોથી ઓળખવામાં આવે છે. હવે સૂરદાસ એટલે સૂર્યનો દાસ. સૂર્યનો દાસ અંધ સંભવે જ નહિ; તેમ જ પ્રજ્ઞાચક્ષુ એટલે બુદ્ધિ છે ચક્ષુ જેનાં એવો–પરંતુ બધાય અંધો કાંઇ બુદ્ધિમાન્ હોતા નથી, છતાં સર્વે અંધજનોને આ નામોથી ઓળખવામાં આવે છે.

(બ્હેરો) કાંઇપણ સાંભળી શકતો ન હોવા છતાં આપણે તેના કાનોને મોટા કહીએ છીએ અથવા પીવાની અપવિત્ર વસ્તુને પાનીય (પીવા યોગ્ય વસ્તુ) કહેવામાં આવે છે; તેવીજ રીતે જ્ઞાન તે તામસ જ્ઞાનનું એક વિશિષ્ટતાથી ઓળખાવનારું નામ છે![580] અસ્તુ, હજી કેટલું વર્ણન કરું? ત્યારે એવું જે જ્ઞાન, તેને જ્ઞાન ન સમજતાં પ્રત્યક્ષ તમોગુણ જ સમજવો.[81] એ પ્રમાણે, હે શ્રોતૃશ્રેષ્ઠ! ત્રણ ગુણોવડે ભેદને પામેલા જ્ઞાનનાં યથાર્થ લક્ષણો તને કહી સંભળાવ્યાં.[82] હે ધનુર્ધર! હવે એ ત્રણ પ્રકારના જ્ઞાનના પ્રકાશથી કર્ત્તાની ક્રિયાઓ સ્પષ્ટ દેખાય છે.[83] અર્થાત્ પાણીને જ્યાં માર્ગ કરી આપીએ ત્યાં તે જાય છે, તેજ પ્રમાણે કર્મ જ્ઞાનના ત્રણ વિભાગોવડે ભિન્ન ભિન્ન થાય છે (બને છે.)[84] તેજ જ્ઞાનના અનુરોધથી જે ત્રણ પ્રકારનું કર્મ થાય છે, તેમાંના સાત્ત્વિક કર્મનાં લક્ષણો પ્રથમ સાંભળ.[85]

नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥ २३ ॥

[ફળની ઇચ્છા ન રાખતાં જે નિત્ય નૈમિત્તિક કર્મ કર્તૃત્વના અભિમાનને ત્યાગીને રાગદ્વેષ રહિત કરવામાં આવે છે, તેને સાત્ત્વિક કર્મ કહે છે. ૨૩]

"પતિવ્રતા પ્રમદા જેમ પોતાના પ્રિય પતિને પરિરંભણ (આલિંગન) આપે છે, તેવી રીતે પોતાના અધિકાર અનુરૂપ પોતાને ઉક્ત હોય, તે કર્મનું જે આચરણ કરે છે;[86] શ્યામરંગના શરીરને જેમ ચંદન વિશેષ શોભા આપે છે અને નારીનાં નેત્રોને જેમ નેત્રાંજન દીપાવે છે; તેજ પ્રમાણે, અધિકાર પ્રમાણે નિત્ય આચરણ કરવાથી તે ભૂષણરૂપ થઈ પડે છે,[87] તે નિત્ય કર્મ કરાતાં હોય અને તેમાં વળી નૈમિત્તિક કર્મોનો ઉમેરો થયો હોય, એટલે સુવર્ણના અલંકારમાં સૌગંધ્યની શોભા થવા સમાન જ થઇ પડે છે.[88] જેવી રીતે શરીર, જીવ અને સંપત્તિવડે માતા પોતાના બાળકનું સંરક્ષણ કરે છે, છતાં તેને બાળકનો કદાપિ કંટાળો આવેલો દેખાતો નથી;[89] તેવી જ રીતે, જે ફળની ઇચ્છા રાખ્યા વિના જ સર્વ કર્મોનું અનુષ્ઠાન કરે છે અને તે સર્વ કર્મોને બ્રહ્માર્પણ કરી દે છે,[590] અને પોતાના પ્રિય પતિનું ગૃહમાં આગમન થવા પછી તેના ભોજન સમયે મારા માટે કાંઈ પદાર્થ બચશે કે બધી ચીજો પૂરી થઈ જશે, એ વાર્ત્તા જેમ પતિવ્રતા નારીના ધ્યાનમાં સુદ્ધાં આવતી નથી; તેવી જ રીતે કર્મ કરાતાં હોય અને એટલામાં સાધુજન ઘેર આવી લાગવાથી તેમના આદરાતિથ્યમાં કેટલોક વખત વીતતાં કર્મ જો અપૂર્ણ રહી જાય;[91] તોપણ જે કર્મ અપૂર્ણ રહી જવા માટેનો મનમાં ખેદ થવા દેતો નથી અને કોપાયમાન થતો નથી અને તેમ જ કર્મની પરિપૂર્ણતા થવાથી જે આનંદને લીધે ગર્વ માનતો નથી;[92] અર્થાત્ એ યુક્તિથી જે કર્મ થાય છે, તેને હે અર્જુન! સાત્ત્વિક કર્મ કહેવામાં આવે છે, એમ સમજવું.[93] હવે હું રાજસ કર્મનું ખરું સ્વરૂપ તને કહું છું, તે સાંભળવામાં તું અપેક્ષા (બેદરકારી) કરતો નહિ.[94]

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

[પરન્તુ જે કર્મ ફળની ઇચ્છા ધારીને અહંકારપૂર્વક અને અત્યંત આયાસવડે કરવામાં આવે છે, તેને રાજસ કર્મ કહેવામાં આવે છે. ૨૪]

"ગૃહમાં માતા અને પિતા હોવા છતાં પણ સંસારમાં તેમની સાથે જે કદાપિ મધુર ભાષણ પણ કરતો નથી અને મૂર્ખજન પ્રમાણે જગતમાંના સર્વ લોકોનું આદરાતિથ્ય કરતો ફરે

છે;[૯૫] અથવા તો તુલસીના વૃક્ષને પાણીનો છાંટો પણ આપતો નથી, કારણ કે, તેમાંથી ફળ અથવા પુષ્પની આશા હોતી નથી; પરંતુ દ્રાક્ષની લતાને દુગ્ધપાન કરાવે છે;[૯૬] તે જ પ્રમાણે, આવશ્યક નિત્ય નૈમિત્તિક કર્મોનું આચરણ કરવા માટે જે પોતાની જગ્યાએથી ઉઠવાની સુદ્ધાં તકલીફ લેતો નથી;[૯૭] અને જો કામ્ય કર્મ કરવામાં જો તેનો આખો દેહ ગળી જાય તો પણ તેનો જેને કંટાળો આવતો નથી; (અર્થાત્ તે કર્મ જેને થોડું કરેલું જ ભાસે છે;)[૯૮] અરે, હોઢા બમણાના વ્યાપારમાં પૈસા નાખતાં જેની તૃપ્તિ થતી નથી અને પૃથ્વીમાં ધાન્ય વાવતાં ગમે તેટલું ધાન્ય વવાય, તો પણ તે જેને સંપૂર્ણ લાગતું નથી;[૯૯] અથવા પારસમણિ હાથમાં આવ્યા પછી જે લોઢામાંથી સોનું બનાવવા માટે તૈયાર કરેલા સોનાને વેચીને લોઢું ખરીદે છે;[૧૦૦] તે જ પ્રમાણે, ફળમાં આશા રાખીને જે અનેક કઠિન કઠિન કામ્ય કર્મો કરે છે, છતાં તે થોડાં જ કર્યાં છે, એમ જ જે સમજે છે;[૧] એ પ્રમાણે ફળની ઇચ્છાને ધારણ કરીને જેટલાં કામ્ય કર્મો હોય, તેટલાં સર્વ યથાવિધિ કરી નાંખે છે;[૨] અને પોતે કરેલા કર્મની પોતાના જ મુખથી પ્રશંસા કરે છે અને તે કરેલાં કર્મોનો પ્રસાદ ચારે તરફ વ્હેંચતો ફરે છે;[૩] એવી રીતે મનમાં અભિમાન ઉત્પન્ન થતાં પિતા અથવા ગુરુને માનતો નથી; કાળજ્વરથી વ્યાપ્ત થયેલા મનુષ્યને જેમ ઔષધ લાગૂ પડતું નથી,[૪] તેવી રીતે અહંકારયુક્ત થઇને અને ફળમાં દૃષ્ટિ રાખીને તે આગ્રહથી જે જે કર્મ કરે છે;[૫] પરંતુ જેમ નટના શ્રમો કેવળ ઉદરભરણમાં જ ઉપયોગી થાય છે; તેવી જ રીતે અતિ કષ્ટપૂર્વક કર્મો કરવા છતાં તેને બીજું કાંઇપણ પ્રાપ્ત થતું નથી;[૬] એક કણ માટે ઉંદર જેવી રીતે આખા પર્વતને કોતરી નાંખે છે અથવા શેવાળની પ્રાપ્તિ માટે દેડકું સમુદ્ર શોધી વળે છે;[૭] ભિક્ષા છતાં બીજી કશી પ્રાપ્તિ ન થતી હોવા છતાં પણ ગારોડી જેમ સર્પનો ભાર વહ્યા કરે છે; અર્થાત્ કરવું શું? એ લોકોને એવી વિનાકારણ ખટપટ જ વધારે પ્રિય હોય છે![૮] એક કણની આશા માટે સફેદ કીડી પાતાળ સુધી જમીનને કોતરી નાંખે છે, તેમ જ જેઓ સ્વર્ગ સુખની પ્રાપ્તિ માટે પરિશ્રમો કરે છે;[૯] તેમના તે પરિશ્રમને–કામ્ય કર્મને–રાજસ કર્મ કહેવામાં આવે છે. હવે હું તામસ કર્મનાં લક્ષણો કહું છું, તે સાંભળ.[૧૦]

अनुबंधं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्तामसमुच्यते ॥ २५ ॥

[પરિણામ, હાનિ, હિંસા અને પોતાના સામર્થ્યમાં ધ્યાન ન આપતાં અજ્ઞાનથી જે કર્મ કરવામાં આવે છે, તે 'તામસ કર્મ' કહેવાય છે. ૨૫]

"જે નિન્દાનું કાળું (પાપમય) ગૃહ જ છે અને જેના યોગે નિષેધોના જન્મનું સાર્થક્ય થયેલું છે, તે તામસ કર્મ છે![૧૧] જે કર્મના થવાથી કશી જ ફળપ્રાપ્તિ દૃષ્ટિગોચર થતી નથી; જેવી રીતે પાણીપર રેષા કરેલી નિષ્ફળ થાય છે;[૧૨] અથવા છાશપર તરી આવેલા પાણીને વલોવ્યાથી જેમ માખણ નીકળતું નથી અથવા તો સોનીના ઘરની રક્ષા વિના બીજા ઘરોની રક્ષા (રાખોડી)ને ફૂંકતા બેસીએ, તો તેમાંથી જેમ સોનાના કણ વગેરે કાંઈ પણ મળી આવતું નથી; અથવા રેતીને ઘાણીમાં નાંખતાં તેમાંથી તેલ અથવા ખળ કાંઇ પણ ઉત્પન્ન થતું નથી;[૧૩] અથવા ભૂસા કે વેર (લાકડાના વેર) ને ઝાટકતા બેસીએ, આકાશમાં બાણ ચલાવ્યા કરીએ અને વાયુને પકડવા માટે ફાંસો ફેલાવીએ,[૧૪] એ સર્વ પ્રયત્નો જેવી રીતે નિષ્ફળ જ છે; તે જ પ્રમાણે જે કર્મનું આચરણ કરવા છતાં પણ જે વ્યર્થ થાય છે;[૧૫] નરદેહ જેવી અમૂલ્ય વસ્તુ પ્રાપ્ત થવા છતાં અને અતિ સંપત્તિ ખર્ચીને કર્મ કરવા છતાં જે કર્મ જગતને સ્હામું દુઃખકારક જ થઈ પડે છે;[૧૬] જેવી રીતે કમળોને કાઢવા માટે તેમનાપર કાંટાનો ફન્દો નાંખીને

ખેંચીએ તો તેથી જેમ આપણને પોતાને પણ શ્રમ થાય છે અને કમળોનો પણ નાશ થાય છે;[૧૭] અથવા પતંગ જેવી રીતે દીપકની પ્રતિ સ્પર્ધા કરીને તેનાપર ઝડપ નાંખે છે અને પોતે નષ્ટ થઇને બીજાને પણ અંધારામાં બેસાડે છે;[૧૮] તે જ પ્રમાણે, પોતાનું સર્વસ્વ વ્યર્થ જઇને દેહને શ્રમ થવા છતાં બીજાને જે કર્મથી અપાય થાય છે;[૧૯] મક્ષિકા પોતે બીજાના પેટમાં જઇને મરી જાય છે, પણ તે બીજાને ઉલટી કરાવીને ગ્લાનિમાં નાંખી દે છે; એટલે કે, જે પોતે નઠારી વાતનું સ્મરણ કરાવે છે;[૬૨૦] વારુ, તે કર્મ કરવાનું પણ આપણામાં સામર્થ્ય છે કિંવા નહિ, એ પછીનો વિચાર (કરવો તો જોઇએ; પણ તેવું કાંઈ) ન કરતાં કર્મ કરવા માંડે છે;[૨૧] મારો કેટલો બધો પ્રયત્ન અને એ પ્રયત્નનો મેં કેટલો બધો પસારો કરી દીધો છે અને એમ કરવાથી મને પ્રાપ્તિ શી થવાની છે,[૨૨] એ સદ્‌વિચારને અવિવેકના પગ તળે ચગદી નાંખે છે અને તે કર્મવિશે અભિમાન ધરાવે છે;[૨૩] અગ્નિ (જે વાંસના વનમાંથી ઉત્પન્ન થાય છે, તે) પોતાના નિવાસસ્થાન (વાંસના વન)ને બાળીને પ્રસરે છે અથવા પોતાની મર્યાદાને ત્યાગીને સમુદ્ર વધવા માંડે છે,[૨૪] એટલે પછી તે ન્હાની કે મોટી વસ્તુનો વિચાર ન કરતાં પવિત્ર અને અપવિત્ર વસ્તુને એકત્ર કરીને જ ચાલે છે;[૨૫] એવી રીતે યોગ્ય તથા અયોગ્યને એક જ સ્થાનમાં રગડીને આ આપણું અને આ બીજાનું, એવા ભેદને જે રહેવા દેતું નથી, તે તામસ કર્મ છે, એમ તારે સમજવું.[૨૬] એ પ્રમાણે, હે અર્જુન! ગુણોની ભિન્નતાથી કર્મ ત્રણ પ્રકારનું કેવી રીતે થયું, એ તને દૃષ્ટાંત સહિત સ્પષ્ટ કરીને કહ્યું.[૨૭] હવે એ કર્મનું અભિમાન ધારણ કરીને તેનું આચરણ કરનારો જે જીવ, તે એના યોગે ત્રણ પ્રકારનો થયેલો છે.[૨૮] જેવી રીતે, એક જ પુરુષના જીવનમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમોના યોગે ચાર અવસ્થાઓ દેખાય છે; તે જ પ્રમાણે, કર્મના ભેદથી કર્ત્તાને ત્રણ અવસ્થાઓ પ્રાપ્ત થાય છે.[૨૯] તો હવે તે ત્રણમાંની સાત્ત્વિક અવસ્થાનું હું પ્રથમ વર્ણન કરું છું, તે પૂર્ણ લક્ષ રાખીને સાંભળ.[૬૩૦]

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्विक उच्यते ॥ २६ ॥

[સર્વ સંગપરિત્યાગી, નિરહંકાર, ધૈર્ય તથા ઉત્સાહયુક્ત અને કાર્યની સિદ્ધિ કિંવા અસિદ્ધિથી વિકાર ન પામનારા (જીવ)ને સાત્ત્વિક કર્ત્તા કહે છે. ૨૬]

"જેવી રીતે મલય પર્વતમાંનાં ચંદન વૃક્ષની શાખાઓ ફળની આશા ન રાખતાં સરળ વધે છે, (તથાપિ તે વૃક્ષના સર્વ ભાગોમાં ઉત્તમ સુવાસ જ રહેલો હોય છે;)[૩૧] અથવા નાગરવેલ ફળતી ન હોવા છતાં પણ સાર્થક થાય છે; (એટલે કે, નાગરવેલને જો કે ફળો આવતાં નથી, છતાં તેનાં પાન જ ખાવાના કામમાં આવે છે;) તે જ પ્રમાણે, (જે સર્વથા ઉત્તમ છે) તે નિત્ય નૈમિત્તિક કર્મોનાં ફળની ઇચ્છા ન રાખતાં જે તેમનું આચરણ કરે છે;[૩૨] પણ તેમને ફળશૂન્ય તો ન જ કહેવાં જોઇએ; કારણ કે, તે કર્મોમાં વિફળતા તો નથી જ. એટલા માટે, હે અર્જુન! ફળોમાંથી ફળો કેમ ઉદ્‌ભવી શકે વારુ?[૩૩] અને તે કર્મો આદરથી કરે છે, પરંતુ કર્તૃત્વના અભિમાનને ધારણ કરતો નથી; જેવી રીતે વર્ષાકાળના મેઘસમુદાયો લેશ માત્ર પણ ગર્જના ન કરતાં જલ વર્ષાવે છે,[૩૪] તે જ પ્રમાણે, પરમાત્માને અર્પવા યોગ્ય થાય એવાં કર્મો કરવા માટે,[૩૫] કાળની મર્યાદાને ન ત્યાગીને દેશ શુદ્ધિ સાધીને કર્મની યોગ્યાયોગ્યતાના નિર્ણયને જે શાસ્ત્રરૂપ દીપકના સહાય્યથી જુવે છે, (શાસ્ત્રના અનુરોધે કર્મની યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય કરે છે;)[૩૬] ઇન્દ્રિયો અને વૃત્તિઓનું ઐક્ય કરીને ફળમાં

ચિત્તને જવા ન દેતાં જે પગમાં નિયમની બેડી નાંખી રહે છે;[૩૭] એ નિયમને સહન કરવા માટે પોતાના અંગમાં ઉત્તમ પ્રકારનું ધૈર્ય હોવું જોઇએ; એ વિશે જે પોતાના મનમાં જીવતી ચિન્તા રાખતો રહે છે, (દિવસ અને રાત એ વિશેનો જ વિચાર કર્યા કરે છે,)[૩૮] અને આત્માની પ્રાપ્તિ માટે કર્મ કરવા છતાં દેહના સુખની દરકાર રાખતો નથી;[૩૯] આલસ્ય અને નિદ્રાનો ત્યાગ કરે છે; તેમ જ તેને ક્ષુધાનું સ્મરણ પણ થતું નથી અને એના યોગે જેમ જેમ સુખાવસ્થા દૂર પલાયન કરતી જાય છે,[૪૦] તેમ તેમ સુવર્ણ જેવી રીતે વધારે વાર અગ્નિમાં નાંખવાથી વજનમાં ઓછું થવા છતાં કીંમતમાં વધારે જ થાય છે; તે જ પ્રમાણે કર્મ કરવામાં નાના પ્રકારે અધિક અને અધિક ઉત્સાહને ધારણ કરે છે.[૪૧] જ્યાં ખરેખરી પ્રીતિનો નિવાસ હોય છે, ત્યાં જીવિત તુચ્છ હોય છે. સહગમન કરતી વેળાએ અગ્નિમાં ઝંપલાવતાં પતિ પ્રેમને લીધે પતિવ્રતા સ્ત્રીનાં શરીરમાં રોમાંચ ખડાં થાય છે![૪૨] તો પછી, હે અર્જુન! આત્મપ્રાપ્તિ જેવી પ્રિયતમ વસ્તુને પ્રાપ્ત કરવા માટેની જેની ઇચ્છા થયેલી છે, તેના શરીરને ગમે તેટલું કષ્ટ થાય, તોય તેને તે વિશેનો ખેદ થવાનો સંભવ હોઈ શકે ખરો કે?[૪૩] અર્થાત્ વિષય સુખની ઇચ્છાનો લોપ થતાં જેમ જેમ દેહવિષયક અભિમાન ઓછું થતું જાય છે, તેમ તેમ કર્મ કરવામાં તેને બમણો અને બમણો આનંદ થાય છે.[૪૪] એ પ્રમાણે, કર્મ કરતાં કરતાં કોઇ વેળાએ જો કર્મ બંધ પડી જાય, તો પણ[૪૫] ગાડું ડુંગરપરથી પોતાની મેળે નીચે પડી જઇને તેના કકડે કકડા થઈ જાય, તોય ગાડાને જેમ કષ્ટ થતું નથી; તે જ પ્રમાણે કર્મ બંધ પડી જાય–અટકી જાય તો તેનો તે કંઈપણ ખેદ માનતો નથી;[૪૬] અથવા આરંભેલું કર્મ પૂર્ણ સિદ્ધિને પ્રાપ્ત થાય, તો તેવિશે પ્રતિષ્ઠા કેમ બતાવવી, એ પણ તે જાણતો નથી.[૪૭] હે અર્જુન! કર્મનું આચરણ કરતી વેળાએ આ લક્ષણો જેનામાં મળી આવે છે, તેને નિશ્ચયપૂર્વક સાત્ત્વિક કર્ત્તા કહેવો, એમાં અતિશયોક્તિ જેવું કાંઇ પણ નથી.[૪૮] હે ધનંજય! હવે રાજસ કર્ત્તાનાં ચિન્હો તને કહી સંભળાવું છું; કારણ કે, જગતમાંના સર્વ અભિમાન (ગર્વ અને અહંકાર આદિ)નું એ જ જન્મસ્થાન છે.[૪૯]

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ २७ ॥

[વિષયાસક્ત, કર્મફળની ઇચ્છા કરનાર, લોભી, ઘાતકી, અપવિત્ર અને હર્ષ તથા શોકયુક્ત જે (જીવ) હોય છે, તે 'રાજસ કર્ત્તા'ના નામથી પ્રસિદ્ધ છે. ૨૭]

"જેવી રીતે ગામમાંની બધી નકામી અને ગંદી વસ્તુઓને નાંખવાની જગ્યા ઉકરડો હોય છે અથવા તો જેમ સર્વ અમંગળ પદાર્થો સ્મશાનમાં નાંખવામાં આવે છે;[૫૦] તે જ પ્રમાણે, વાસ્તવિકતાથી જોતાં આ જગતમાંનું સર્વ, કામોનું પગ ધોવા માટેનું જ સ્થાન છે;[૫૧] અર્થાત્ જે કર્મથી ઇચ્છિત ફળ પ્રાપ્ત થવાનો સંભવ હોય, તે કર્મ કરવામાં જ તે પોતાનું ધ્યાન રાખે છે;[૫૨] અને પોતે પ્રાપ્ત કરેલા પદાર્થોમાંથી એક કોડીનો પણ ખર્ચ કરતો નથી અને ક્ષણે ક્ષણે તે પદાર્થોપરથી પોતાના જીવને ઓવારી નાંખે છે.[૫૩] કૃપણ મનુષ્ય પોતાના ધનભંડારપર જેમ નિત્ય દૃષ્ટિ રાખે છે, તેજ પ્રમાણે આ બીજાના પદાર્થોને મેળવીને પોતાના કરી લેવાના કાર્યમાં દક્ષ હોય છે; જેવી રીતે બગલો માછલાં પકડવાની કળામાં મહા નિપુણ હોય છે,[૫૪] અને બોરડીનું ઝાડ જેમ તેની પાસે જવાથી કપડાને કાંટામાં પકડીને ગુંચવી નાખે છે, જો તેને જોરથી કાઢવાની કોશીશ કરીએ તો શરીરને ઉઝરડે છે અને વળી તેનાં ફળોને જોઇએ તો તે આંબલી કરતાં પણ વધારે ખાટાં હોય છે;[૫૫] એ પ્રમાણે, કાયા, વાચા અને મનવડે જે બીજાને દુઃખ આપે છે અને પોતાના હિતને સાધવા માટે બીજાના હિતનો વિચાર કરતો નથી;[૫૬]

તેમ જ પોતે જે કર્મ આરંભ્યું હોય તે નિરંતર ચાલતું રહેવાનો નિયમ હોતો નથી અને તે કર્મ વિષે જેના મનને કંટાળો આવતો નથી;[૫૭] ધંતૂરાના ફળમાં જેમ અંદર માદક બીજ અને બહાર કાંટા હોય છે, તેવી રીતે શુચિત્વના વિષયમાં જે આંતર્બાહ્ય દરિદ્રી હોય છે;[૫૮] અને હે અર્જુન! કરેલા કર્મની ફળપ્રાપ્તિ થતાં તેનો આનંદ બધાને નાચી કૂદીને બતાવે છે,[૫૯] અથવા આરંભિત કર્મ ફળરૂપ ન થાય તો શોકથી તે કર્મનો ધિક્કાર કરે છે;[૬૦] એવા પ્રકારનું જેનું કર્મવિષયક વર્તન દૃષ્ટિગોચર થાય, તો તે રાજસ કર્ત્તા છે, એમ નિઃસંશય સમજવું.[૬૧] હવે એ પછી અધમ કર્મોની ખાણ જ એવો જે તામસ કર્ત્તા, તેનાં લક્ષણો તારા સમજવામાં આવી શકે, તેવી રીતે કહું છું.[૬૨]

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ २८ ॥

[અજિતેન્દ્રિય, મૂર્ખ, ઉન્મત્ત, કપટી, પરોત્કર્ષને સહન ન કરનાર, આળસુ, દુર્મુખ અને દીર્ઘસૂત્રી કર્ત્તાને તામસ કર્ત્તા કહેવામાં આવે છે. ૨૮]

"પોતાના સ્પર્શ સમક્ષ આવનારી વસ્તુઓ કેવી રીતે બળે છે, એની જેમ અગ્નિને કલ્પના હોતી નથી;[૬૩] અથવા પોતાની ધારથી બીજાનો જીવ કેવી રીતે જાય છે, એ તત્ત્વને જેમ શસ્ત્ર જાણતું નથી; અથવા પોતાના યોગે બીજાનો નાશ કેવી રીતે થાય છે, એની કાલકૂટ વિષને જેમ માહિતી હોતી નથી.[૬૪] તે જ પ્રમાણે, હે ધનંજય! જે ક્રિયાથી પોતાનો અને બીજાનો નાશ થવાનો સંભવ હોય, એવી નઠારી ક્રિયા કરવામાં જે પ્રવૃત્ત થાય છે;[૬૫] જેવી રીતે, ઝંઝાવાત થતાં વાયુ ગમે તેમ સ્વચ્છંદતાથી સર્વત્ર સંચાર કરે છે, તે પ્રમાણે તે કર્મો કરતી વેળાએ એથી શો લાભ થયો અને શો નહિ, એની જે જરાય ચિન્તા રાખતો નથી;[૬૬] હે અર્જુન! જેની કૃતિ અને ઇચ્છાનો પરસ્પર કશો પણ મેળ નથી હોતો, તેવા તામસ કર્ત્તાને જોઈને એમ જ થયા કરે છે કે, એની આગળ તરછટ ગાંડાની પણ કશી બિસાત નથી જ![૬૭] અને બળદની કક્ષામાં જેમ બગાઇઓ વળગી રહે છે, તેવી જ રીતે ઇન્દ્રિયોએ આપેલા ભોગોને ભોગવીને જે પોતાના જીવિતનું રક્ષણ કરે છે;[૬૮] જેવી રીતે ન્હાના બાળકને હસવામાં કે રડવામાં વિલંબ થતો નથી, તે જ પ્રમાણે જેની કૃતિમાં કશો પણ મેળ હોતો નથી;[૬૯] પ્રકૃતિને આધીન હોવાથી શું કરવું અને શું ન કરવું, એ વિશેના જ્ઞાનનો જેનામાં અભાવ હોય છે અને કચરાથી જેમ ઊકરડો ફૂલે છે તેમ જે કુકર્મવડે ફૂલેલો હોય છે,[૭૦] અને એથી ગર્વને લીધે જે ઈશ્વરને પણ નમતો નથી અને અકડાઈમાં જે પર્વતને પણ તુચ્છ માને છે,[૭૧] તેમ જ જેનું મન કેવળ વિષયોની લહરીરૂપ અને જેનું આચરણ ચોરટું (ઉપરથી જોવામાં સારું પણ અંદરખાનેથી બીજાને વિઘાતક થઈ પડનારું) તેમ જ દૃષ્ટિ કેવળ વેશ્યાની માલિકા–સમાન (જોવામાં મધુર પણ બીજાના સર્વસ્વને હરણ કરનારી) છે.[૭૨] કિંબહુના, જેનો સર્વ દેહ કેવળ કપટનો જ બનેલો છે અને જેનું આયુષ્ય જુગાર (નઠારા કૃત્ય) નું જન્મસ્થાન જ છે,[૭૩] તેની પ્રસન્નતા કેવળ અભિલાષરૂપ ભિલ્લોનું ગામ જ હોવાથી તે માર્ગમાં કોઇએ પણ સંચાર કરવો નહિ.[૭૪] અને બીજાનું સારું થયેલું જોઈને જેના મનમાં વૈર ઉત્પન્ન થાય છે; જેવી રીતે દૂધમાં મીઠું મળ્યાથી તે દૂધ પીવા યોગ્ય રહેતું નથી;[૭૫] અથવા ગમે તેવો ઠંડો પદાર્થ પણ અગ્નિમાં નાખવામાં આવે, તોય તત્કાળ જેમ અગ્નિ વિશેષ ભડકી ઊઠે છે;[૭૬] અથવા તો હે અર્જુન! ખાદ્ય પદાર્થો ગમે તેવા અને ગમે તેટલા ઉત્તમોત્તમ હોય, તો પણ પેટમાં જવા પછી તો તેમનો જેમ મળ જ થાય છે;[૭૭] તે જ પ્રમાણે, બીજાનું સારું થયેલું જો

એના જોવા કે સાંભળવામાં આવ્યું, તો તે એનાથી સહન ન થતાં તે સ્હામી તેની નિંદા કરવા માંડે છે; (કારણ કે, બીજાનું સારું જોઇને એને બહુ જ માઠું લાગે છે;)[૭૮] સર્પને દૂધ પાવામાં આવે, તો પણ તેનું જે પ્રમાણે વિષ જ થાય છે; તે પ્રમાણે બીજાના ગુણો સાંભળતાં જ જે તેમને દુર્ગુણ જ માને છે;[૭૯] અને આ લોકમાં કીર્ત્તિ થઇને જેના યોગે પરલોકપ્રાપ્તિનો પણ સંભવ હોય છે, એવું કૃત્ય જે વેળાએ આવીને પ્રાપ્ત થાય,[૮૦] તે વેળાએ તરત જેને નિદ્રા આવી જાય છે અને નઠારા કર્મના સમયમાં જેનાથી તે જ નિદ્રા ઋતુમતી સ્ત્રી પ્રમાણે દૂર જઇને ઊભી રહે છે;[૮૧] દ્રાક્ષ અથવા આંબાની મોસમમાં જેવી રીતે કાગડાને મુખરોગ થાય છે અને દિવસના સમયમાં જેમ ઘૂવડની આંખ્યો ફૂટી જાય છે;[૮૨] તે જ પ્રમાણે, પવિત્ર કાળ (પર્વણી) આવ્યો હોય, તે વેળાએ જેનાપર આલસ્ય આક્રમણ કરે છે અને અન્યાય યુક્ત કર્મ કરવા વખતે તે જ આલસ્ય તેની આજ્ઞાને આધીન થઇને વર્ત્તે છે;[૮૩] જેવી રીતે સમુદ્રના ઉદરમાં અગ્નિ (વડવાનળ) અખંડ બળ્યા કરે છે, તેવી રીતે જેના અંતઃકરણમાં બીજાનો ઉત્કર્ષ સહન ન થઈ શકે એવો જેને પ્રબળ વિષાદ થાય છે;[૮૪] લીંડીઓના અંગારામાં જેમ કેવળ ધૂમાડો જ હોય છે અથવા અધોદ્વારમાંથી નીકળતો વાયુ જેમ દુર્ગંધયુક્ત જ હોય છે, તેવી જ રીતે જેના જીવ સાથે વિષાદની જન્મ પર્યન્તની ગાંઠ બંધાયલી હોય છે, (જે મનમાં વિષાદને ધારણ કરે છે;)[૮૫] અને હે અર્જુન ! જે કલ્પાંત પછીનો પણ લાભ થશે એવી આશાથી અથવા કલ્પનાથી વ્યાપારનો આરંભ કરે છે;[૮૬] અરે, જગતમાંના લોકો જે વ્યાપાર કરતા નથી, તે વ્યાપાર કરવા માટે મનમાં ઇચ્છા કરીને કર્મ કરે છે; પરંતુ જેનાથી તેને એક તૃણમાત્રનો પણ લાભ થતો નથી;[૮૭] એવો જે જીવ લોકોમાં મૂર્ત્તિમાન્ પાપરાશિ જ છે, તે નિઃસંશય તામસ કર્ત્તા છે, એમ જ તારે જાણવું.[૮૮] એ પ્રમાણે, હે અર્જુન ! તને કર્મ, કર્ત્તા અને જ્ઞાન એ ત્રણેનાં ત્રિવિધ લક્ષણો કહી સંભળાવ્યાં[૮૯]

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥ २९ ॥

[હે ધનંજય ! ગુણોના યોગે થયેલા બુદ્ધિના અને ધૈર્યના ત્રણ પ્રકારના ભેદ તને ભિન્ન ભિન્ન કહું છું, તે સાંભળ. ૨૯]

"હવે અજ્ઞાનરૂપ ગામમાં મોહરૂપ વસ્ત્ર ધારણ કરીને સંશયરૂપ સર્વ અલંકારો ધારણ કરી,[૯૦] આત્મનિશ્ચયની ઉત્તમતા જે બુદ્ધિરૂપ દર્પણમાં સ્પષ્ટ દેખાય છે, તે બુદ્ધિના પણ ત્રણ પ્રકાર છે.[૯૧] હે અર્જુન ! અરે, આ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોએ જગતમાંની કઈ વસ્તુના ત્રણ પ્રકાર નથી કર્યા વારુ ?[૯૨] જેના ગર્ભમાં અગ્નિ ન હોય, એવું આ જગતમાં કયું કાષ્ઠ છે વારુ ? તે જ પ્રમાણે, જેના ત્રણ પ્રકાર ન હોય, એવી વસ્તુ આ દૃશ્ય વસ્તુઓમાં કઇ છે વારુ ?[૯૩] અર્થાત્ એ ત્રણ ગુણોએ બુદ્ધિના ત્રણ પ્રકાર કરેલા છે. તેમ જ ધૃતિના પણ ત્રણ ગુણોવડે ત્રણ પ્રકાર થયેલા છે.[૯૪] તે જ જૂદા જૂદા ભેદો તેમનાં ચિન્હો સહિત વિસ્તારપૂર્વક હું તને કહું છું.[૯૫] પરંતુ, હે ધનંજય ! બુદ્ધિ અને ધૃતિ એ ઉભયમાંથી પ્રથમ બુદ્ધિના ભેદોનાં લક્ષણ હું તને કહું છું.[૯૬] હે સુભટ ! મનુષ્યને આ સંસારમાં આવવા માટેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ માર્ગો છે.[૯૭] તે ત્રણ માર્ગો અકરણ, કામ્ય કર્મ અને નિષિદ્ધ કર્મના નામથી પ્રસિદ્ધ છે; અને એમનાથી પ્રાણીમાત્રને સંસારનો ભય પ્રાપ્ત થયા કરે છે.[૯૮]

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बंधं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥ ३० ॥

[હે પાર્થ! પ્રવૃત્તિ (કર્મમાર્ગ) અને નિવૃત્તિ (સંન્યાસમાર્ગ), શું કરવું અને શું ન કરવું, ભય શાથી છે અને નિર્ભયતા શાથી છે, તેમ જ બંધ કેમ થાય છે અને મોક્ષ કેમ થાય છે, એમ જે બુદ્ધિ જાણે છે, તેને સાત્ત્વિક બુદ્ધિ કહે છે. ૩૦]

"એટલા માટે, આ લોકમાં, અધિકાર સંમત અને વિધિના ઓઘથી પ્રાપ્ત થયેલું જે કર્મ, તે એક નિત્યકર્મ જ ઉત્તમ છે.[૯૯] તે નિત્ય કર્મ આત્મપ્રાપ્તિરૂપ ફળમાં દૃષ્ટિ રાખીને તૃષાક્રાંત મનુષ્ય જેવી રીતે અત્યંત આદરથી જલપાન કરે છે, તેવા આદરથી આચરવું.[૭૦૦] એવી યુક્તિવડે કરાયલું નિત્યકર્મ દુસ્તર એવા જન્મના ભયથી મુક્ત કરે છે અને મોક્ષપ્રાપ્તિને સુલભ કરી આપે છે.[૧] જે સુજ્ઞ પુરુષ એવી રીતે કર્મ કરે છે, તે સંસારના ભયથી મુક્ત થાય છે અને એ કર્મના આચરણથી મુમુક્ષુત્વના સોપાન પાસે આવી લાગે છે (મોક્ષના માર્ગમાં પ્રવેશ કરે છે).[૨] એ નિત્યકર્મમાં વિશ્વાસ રાખીને જે બુદ્ધિ તેના આચરણ વિશે નિશ્ચય કરે છે, ત્યાં મોક્ષપ્રાપ્તિ તૈયાર જ હોય છે.[૩] અર્થાત્ જે કર્મની પ્રવૃત્તિની ઇમારત નિવૃત્તિના પાયાપર જ ચણાયલી છે, એવા તે કર્મમાં ડુબકી શા માટે ન મારવી વારુ?[૪] તૃષાતુર મનુષ્ય પાસે પાણી હોય, પૂરમાં ડૂબનાર પાસે તૂમડું હોય, અંધકારમાં સૂર્યના પ્રકાશનું સાહાય્ય હોય[૫] અથવા પથ્ય સહિત ઔષધ લેવાથી જેમ રોગગ્રસ્ત મનુષ્ય જીવે છે અથવા મત્સ્યને જો પાણીનો આશ્રય હોય,[૬] તો તેના જીવને જેમ ભય હોતો નથી, તેવી જ રીતે આ નિત્યકર્મનું આચરણ કરવાથી અવશ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે અને થાય છે જ.[૭] જે જ્ઞાનની એ નિત્યકર્મ કરવામાં પ્રવૃત્તિ હોય છે અને ખરેખર આચરવાને અયોગ્ય[૯] જે કામ્ય આદિક કર્મો–કે જેઓ સંસારભયને ઉત્પન્ન કરે છે અને જેમનાપર નિષિદ્ધતાનો આળ મૂકાયલો છે,[૯] તે અનાચરણીય અને જન્મમરણદાયક અયોગ્ય કર્મોના માર્ગમાંથી જે પોતાની પ્રવૃત્તિને પાછલા પગે જ નસાડી દે છે;[૭૧૦] અગ્નિમાં જેમ પ્રવેશ કરી શકાતો નથી, ઉંડા પાણીમાં જેમ ભૂસકો મારી શકાતો નથી અને તપીને લાલ થયેલા શૂળને જેમ હાથમાં પકડી શકાતો નથી;[૧૧] અથવા કાળો નાગ ફૂત્કાર કરતો હોય, તો તેનાપર જેમ હાથ નાંખી શકાતો નથી અને જેમ વાઘના જાળામાં કોઇથી જઇ શકાતું નથી,[૧૨] તે જ પ્રમાણે નિષિદ્ધ કર્મનું આચરણ કરવાથી મહાભય ઉત્પન્ન થવાનો સંભવ છે, એવો જે બુદ્ધિનો નિશ્ચય થયેલો હોય છે;[૧૩] વિષમિશ્રિત અન્નનું સેવન કરવાથી મરણ આવવાનું જ; તેવી જ રીતે નિષિદ્ધ કર્મના આચરણથી જન્મમૃત્યુ છૂટતાં જ નથી.[૧૪] પછી નિષિદ્ધ કર્મનું આચરણ કરવાથી જન્મ મૃત્યુનું ભય પ્રાપ્ત થાય છે, એમ સમજીને જે બુદ્ધિ તેનો ત્યાગ કરે છે;[૧૫] ઝવેરી ખરા કે ખોટા ઝવેરાતનો નિર્ણય કરી નાંખે છે, તે જ પ્રમાણે, કાર્ય અને અકાર્યનો જે પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ માપથી નિર્ણય કરી નાંખે છે;[૧૬] તેમ જ જે બુદ્ધિ ઉત્તમ અને કનિષ્ઠને સારી રીતે સમજી શકે છે, તે સાત્ત્વિક બુદ્ધિ છે, એમ સમજવું.[૧૭]

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥ ३१ ॥

[જે બુદ્ધિના યોગે જીવ, ધર્મ અને અધર્મ તથા કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યને યથાર્થ રીતિથી જાણતો નથી, તેને રાજસ બુદ્ધિ કહે છે. ૩૧]

"અને બગલાના ગામમાં જેમ દૂધ અને પાણી એકત્ર લેવામાં આવે છે; (અર્થાત્ દૂધ અને પાણી ભેગાં ચાલી જાય છે;) અથવા અંધ મનુષ્ય જેવી રીતે રાત્રિ અને દિવસના ભેદને જાણતો નથી;[૧૮] જે ભ્રમર અતિશય કોમળ પુષ્પના મકરંદનું સેવન કરી શકે છે, તે જ ભ્રમર કાષ્ઠને કોતરવામાં પણ પ્રવૃત્ત થઈ જાય છે; પણ તેથી કાંઈ તેના ભ્રમરત્વનો નાશ થતો નથી;[૧૯]

તે જ પ્રમાણે, ધર્માધર્મરૂપ કાર્યાકાર્યનો વિવેક કર્યા વિના જ જે બુદ્ધિ તેનું આચરણ કરે છે;૭૨૦ અરે, પરીક્ષા કર્યા વિના લીધેલાં મોતી ક્વચિત્ સારાં નીકળી પડે છે, પણ નિત્ય તેવો પ્રકાર હોતો નથી એ તો નક્કી જ છે;૨૧ તેવી જ રીતે, નિષિદ્ધ કર્મ સહજ પ્રાપ્ત ન થાય, તો બીજી વાત છે; નહિ તો અહીં સારાં અને નઠારાં કર્મો એક બીજાનાં સરખાં જ માનવામાં આવે છે.૨૨ જેવી રીતે સમસ્ત સમાજને યોગ્ય અને અયોગ્યનો વિચાર કર્યા વિના જ આમંત્રણ આપવામાં આવે છે, તે જ પ્રમાણે સારાં અને નઠારાં કર્મોવિશે જે બુદ્ધિ અંધ હોય, તે રાજસ બુદ્ધિ છે.૨૩

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥ ३२ ॥

[હે પાર્થ ! તમોગુણથી વ્યાપ્ત જે બુદ્ધિ અધર્મને ધર્મ માનનારી અને અર્થનો અનર્થ કરનારી હોય છે, તેને તામસ બુદ્ધિ કહેલી છે. ૩૨]

" અને રાજા જે માર્ગમાં થઈને જાય છે, તે જેમ ચોરો માટે આડો માર્ગ–રોકાણવાળો માર્ગ થઈ પડે છે; (કારણ કે, રાજમાર્ગ ચોરોને ઉપયોગી હોતો નથી;) કિંવા રાક્ષસને રાત્રી દિવસ સમાન ભાસે છે;૨૪ અથવા ધનનો ભંડાર હોવા છતાં ભાગ્યહીનનને તે જેમ કોયલાનો ઢગલો જ દેખાય છે અને તેથી ધન પાસે હોવા છતાં તેને તેનો કશોય લાભ મળી શકતો નથી;૨૫ તેવી જ રીતે શાસ્ત્રમાં કહેલા સર્વ માર્ગોનું આચરણ જે બુદ્ધિને વિઘાતક ભાસે છે અને ખરી વસ્તુઓ ખોટી જણાય છે;૨૬ જે બુદ્ધિ શાસ્ત્રના સત્ય અર્થને ત્યાગીને તેનો વિપરીત અર્થ કરે છે અને સર્વ ગુણોને દોષરૂપ માને છે;૨૭ કિંબહુના, શ્રુતિવડે માન્ય કરાયલી વાતો પણ જે બુદ્ધિને સર્વથા વિપરીત જ ભાસ્યા કરે છે;૨૮ તે બુદ્ધિને, હે અર્જુન! કોઇનો પણ અભિપ્રાય લીધા વિના નિઃશંકતાથી તામસી કહેવી. આ બે-દાન અને ધર્મ માટે રાત્રિનો સમય ઉચિત છે કે ?૨૯ એ પ્રમાણે, હે અર્જુન! બુદ્ધિના ત્રણ ભેદો તને સ્પષ્ટ કરીને સંભળાવ્યા.૭૩૦ હવે, એ જ બુદ્ધિનો જ્યારે કર્મ કરવા માટેનો નિશ્ચય થાય છે, ત્યારે તેને 'ધૃતિ' સંજ્ઞા પ્રાપ્ત થાય છે; (અર્થાત્ બુદ્ધિ ધૃતિના નામથી ઓળખાય છે;) અને તે (ધૃતિ)ના પણ ત્રણ પ્રકાર છે.૩૧ આ ધૃતિનાં પણ ત્રણ પ્રકારનાં લક્ષણો હું તને સ્પષ્ટતાથી કહું છું, તેમાં ધ્યાન આપ.૩૨

धृत्या यया धारयते मनः प्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥ ३३ ॥

[હે પાર્થ, જે એકનિષ્ઠ ધૈર્યવડે મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને મનુષ્ય, સમાધિને કાયમ રાખીને કરે છે, તે સાત્ત્વિક ધૈર્ય કહેવાય છે. ૩૩]

"તેમ જ સૂર્યનો ઉદય થતાં જેમ ચૌર્ય કર્મ સાથે અંધકારનો લોપ થાય છે, કિંવા રાજાની આજ્ઞા થતાં નઠારો વ્યવહાર બંધ પડી જાય છે;૩૩ અથવા વાયરો જોરથી ફૂંકાવા માંડતાં મેઘોનો ગર્જના સહિત લોપ થઇ જાય છે;૩૪ અથવા અગસ્તિ ઋષિના દર્શનથી જેમ સમુદ્રની ગર્જનાઓ બંધ પડે છે, કિંવા ચંદ્રનો ઉદય થતાં જેમ સૂર્યવિકાસી કમળો પોતાની મેળે જ બીડાઇ જાય છે; ૩૫ વધારે શું કહેવું ? જો ગર્જના કરીને સિંહ પોતાસમક્ષ આવી લાગે, તો મદોન્મત્ત હાથી પણ પોતાના ઊપાડેલા પગને જમીનપર રાખવાનું ભાન ભૂલી જાય છે;૩૬ તેવી જ રીતે, સાત્ત્વિક ધૈર્ય ઉત્પન્ન થતાં મન, પ્રાણ અને ઇન્દ્રિયોના વ્યાપાર ત્યાંના ત્યાં જ અટકી પડે છે.૩૭

હે અર્જુન! ઇન્દ્રિયો અને વિષયોનો પરસ્પર સ્નેહ પોતાની મેળે જ તૂટી જાય છે અને તેઓ ગભરાઇને પોતાની મનરૂપ માતાના ઉદરમાં પેશી જાય છે.[૩૮] પ્રાણના જે નવ પ્રકારના ભેદો છે, તે સર્વને તોડીને અને તેમને એકત્ર કરીને સુષુમ્ણા નાડીની કોટડીમાં બંધ કરી નાંખે છે;[૩૯] મનનાં સંકલ્પવિકલ્પરૂપ વસ્ત્રોને ફાડી નાંખીને મનને ખુલ્લું કરે છે અને પછી બુદ્ધિ મનની પાછળ સ્વસ્થ થઇને બેસે છે;[૭૪૦] એ પ્રમાણે, જે ધૈર્યરાજ મન, તે પ્રાણ અને ઇન્દ્રિયોનાં સ્વકીય ચેષ્ટાવાળાં ભાષણોને બંધ પાડી નાંખે છે;[૪૧] અને પછી સર્વની જડતી લઇને તેમને ધ્યાનની અંદરની કોટડીમાં યુક્તિથી પૂરી દે છે;[૪૨] પરંતુ ચક્રવર્તી જે પરમાત્મા, તે પરમાત્માના તાબામાં તેમને આપતાં સૂધી તેમની પાસેથી લાંચ ન લઇને તેમને જે ધૈર્યરાજ છોડતો નથી;"[૪૩] લક્ષ્મીપતિ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે;–"એવું જે ધૈર્ય, તે કેવળ સાત્ત્વિક ધૈર્ય છે, એમ તારે સમજવું.[૪૪]

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ॥ ३४ ॥

[હે અર્જુન! જે ધૈર્યવડે મનુષ્ય ધર્મ, કામ અને અર્થ એ ત્રણ પુરુષાર્થ જ કરે છે અને તે તે પુરુષાર્થના આચરણ સમયે ફળોની ઇચ્છા રાખે છે, તે (ધૈર્ય) રાજસ ધૈર્ય છે. ૩૪]

"અને આ શરીર જ મારું (ખરું) સ્વરૂપ છે, એમ માનીને ધર્મ, અર્થ અને કામ એ ત્રણ ઉપાયોવડે કેવળ સ્વર્ગ અને સંસાર એ બેમાં જ આનંદથી નિવાસ કરે છે;[૪૫] તે મનોરથ-સાગરમાં ધર્માર્થકામરૂપી નૌકાપર જે ધૈર્યથી વ્યાપાર કરે છે;[૪૬] આ કર્મરૂપ મૂડી નાંખવાથી તેથી ચારગણો લાભ થશે, એમ માનીને જે ધૈર્યથી સાહસ કર્મ કરે છે;[૪૭] તે ધૈર્યને, હે અર્જુન! રાજસધૈર્ય કહેવામાં આવે છે. હવે તૃતીય તામસ ધૈર્યનાં લક્ષણો કહું છું, તે સાંભળ.[૪૮]

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥ ३५ ॥

[હે પાર્થ! જે ધૈર્યના યોગે દુષ્ટબુદ્ધિવાળો મનુષ્ય નિદ્રા, ત્રાસ, શોક, ખેદ, વિષય અને મદને ત્યાગતો નથી, તે તામસ ધૈર્ય છે. ૩૫]

"સર્વ નીચ ગુણોવડે યુક્ત હોઇને જે ઉત્પન્ન થાય છે, જેમ કોયલો કાળાશથી જ બનેલો હોય છે;[૪૯] અરે પ્રાકૃત (જડ) અને હીન હોવા છતાં તેને (તામસને) ગુણનું મોટું નામ આપવાનું શું પ્રયોજન વારુ? એવી કદાચિત્ શંકા ઉદ્ભવવાનો સંભવ છે. તો એનું ઉત્તર એ છે કે, રાક્ષસોને પણ પુણ્યજનના નામથી નથી બોલાવવામાં આવતા કે શું?[૭૫૦] સર્વ ગ્રહોમાં જે ભૌમગ્રહ અંગારા પ્રમાણે સંતાપ દેનારો છે, તેને પણ લોકો મંગળ (શુભ) ગ્રહના નામથી નથી ઓળખતા કે શું? એ જ પ્રમાણે તમની પણ ગુણ એ એક સાધારણ સંજ્ઞા છે.[૫૧] હે સુભટ અર્જુન! સર્વ દોષોના નિવાસ સ્થાન-રૂપ તમો ગુણના યોગે જ જે નરની મૂર્તિ બનેલી છે;[૫૨] જેવી રીતે પાપોનું પોષણ કરવાથી દુઃખો કદાપિ મનુષ્યનો પીછો છોડતાં નથી, તેવી જ રીતે તે તમોગુણ આળસને પોતાની કક્ષામાં લઇને જ ફર્યા કરે છે અને તેથી નિદ્રા તેને કદાપિ છોડતી નથી;[૫૩] અને જેવી રીતે પાષાણમાંથી કાઠિન્ય કદાપિ દૂર થતું નથી, તે જ પ્રમાણે દેહરૂપ ધનમાં તેની અતિશય પ્રીતિ હોવાથી ભીતિ તેને કદાપિ છોડતી નથી;[૫૪] અને કૃતઘ્ન મનુષ્યના પાપને નષ્ટ કરવા માટે ગમે તેવી અને ગમે તેટલી ખટપટ કરવા છતાં જેમ તેનાં પાપોનો નાશ થતો નથી, તેવી જ રીતે પદાર્થ માત્રમાં પ્રીતિ રાખવાથી તે શોકનું નિવાસસ્થાન બની જાય છે;[૫૫] અને રાત દિવસ અસંતોષને પોતાના

જીવ સાથે બાંધી રાખેલો હોવાથી વિષાદે જેની જોડે મિત્રતા કરેલી છે;[૫૬] લસણનો દુર્ગન્ધ જેમ લસણમાંથી દૂર થતો નથી અથવા કુપથ્ય કરનાર રોગીનો વ્યાધિ જેમ જતો નથી, તેવી જ રીતે વિષાદે એની સાથે આજન્મ મૈત્રી કરેલી હોય છે;[૫૭] વળી તે તારુણ્ય, ધન અને કામના ગર્વને ધારણ કરતો હોવાથી તેનામાં મદનો પણ નિવાસ હોય છે;[૫૮] અગ્નિને જેમ તમતા છોડતી નથી; જાતવંત સર્પનો સળસળાટ જેમ જતો નથી અથવા ભય જેમ સર્વ જગતનો વૈરી હોવાથી જગતને છોડતો નથી;[૫૯] અથવા તો કાળ જેમ આ શરીરને કદાપિ ભૂલતો નથી, તેજ પ્રમાણે તમોગુણમાં મદ અખંડ હોય છે;[૭૬૦] એ પ્રમાણે, નિદ્રા, ભય, શોક, વિષાદ અને મદ એ તમના પાંચ દોષોને જે ધૈર્યે ધારણ કરેલા હોય,[૬૧] તે ધૈર્યને તામસ ધૈર્ય કહેવામાં આવે છે." એમ જગન્નાયક ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા.[૬૨] "એવી રીતે ત્રણ પ્રકારની બુદ્ધિથી કર્મનો જે નિશ્ચય કર્યો, તેને ધૈર્ય પાર પાડે છે.[૬૩] સૂર્યોદય થતાં માર્ગ દૃષ્ટિગોચર થવા માંડે છે અને તે માર્ગમાં મનુષ્ય પગે ચાલે છે; પરંતુ ચાલનારે ધૈર્ય ધારણ કર્યા વિના ચાલવાનું કાર્ય થતું નથી;[૬૪] તેજ પ્રમાણે, બુદ્ધિ કર્મનો નિશ્ચય કરે છે અને તેનાં સાધનો પણ ઉત્પન્ન કરે છે; પરંતુ તે કર્મની પૂર્ણતા થવામાં ધૈર્યની અનુકૂલતાની આવશ્યકતા હોય છે.[૬૫] એ ધૈર્ય તને ત્રણ પ્રકારથી કહ્યું અને તે જ ધૈર્યના યોગે ત્રણ પ્રકારનાં કર્મ ઉત્પન્ન થાય એટલે[૬૬] તેને જે ફળ આવે છે અને જેની સંજ્ઞા સુખ છે, તે સુખ પણ કર્મ પ્રમાણે જ ત્રણ પ્રકારનું છે.[૬૭] હવે એ ફળરૂપ સુખને ત્રણ ગુણોવડે વિભક્ત કરેલું છે. એટલે એનો હવે સ્પષ્ટ ભાષણવડે આપણે વિચાર કરીએ.[૬૮] હવે એ સ્પષ્ટતાથી કેમ કરીને કહેવાશે, એમ કદાચિત્ તું પૂછીશ, તો મારે જણાવવું જોઈએ કે, જો એનું શબ્દથી વર્ણન કરીશું તો એને શબ્દનો મળ લાગવાનો સંભવ છે અને તેનું કર્ણદ્વારા શ્રવણ કરવાથી કર્ણરૂપ હસ્તનો મળ તેને લાગી જવાનો ભય છે;[૬૯] એટલા માટે તું શબ્દ અને અવધાનને ત્યાગીને અંતઃકરણથી એનું શ્રવણ કર."[૭૭૦] એમ કહીને હવે જે ત્રિવિધ સુખના વર્ણનની પ્રસ્તાવના કરી, તે જ વ્યવસ્થા હું કહું છું.[૭૧]

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखांतं च निगच्छति ॥ ३६ ॥

[હવે, હે ભરતશ્રેષ્ઠ! જે સુખમાં અભ્યાસવડે જીવ રમે છે અને તેના દુઃખનો નાશ થાય છે, તે સુખ પણ ત્રણ પ્રકારનું છે અને તે હું કહું છું તે સાંભળ. ૩૬]

શ્રી ભગવાન્ કહે છે;–"હે બુદ્ધિમાન્ અર્જુન! ગુણોના યોગે સુખનાં ત્રણ સ્વરૂપો હોવાનું મેં તને જે કહ્યું હતું, તે કહું છું તે સાંભળ.[૭૨] હે કિરીટી! જીવને આત્માનો મેળાપ થતી વેળાએ જે આનંદ થાય છે, તે સુખ છે અને તે સુખનું તારા સમજવામાં આવે તેવું વર્ણન હું તને કરી સંભળાવું છું.[૭૩] જેવી રીતે ઉત્તમ ઔષધનું માત્રાના પ્રમાણથી સેવન કરવાનું હોય છે અથવા તો રસના પુટો ચઢાવીને જેમ કલઈનું રૂપું કરાય છે;[૭૪] કિંવા લવણનું પાણી કરવું હોય તો જેમ તેનાપર બે ચાર વાર પાણી ઓતવું પડે છે,[૭૫] તે જ પ્રમાણે, સુખનો યત્કિંચિત્ પણ લાભ થયો હોય, તો તે જ અભ્યાસને આગળ વધારીને જીવદશાના દુઃખનો જ્યાં લોપ થઈ જાય છે,[૭૬] તે આત્મસુખ પણ ગુણોના યોગે ત્રણ પ્રકારનું થયેલું છે અને તે એક એકનાં લક્ષણો તને હું કહું છું તે તું સાંભળ.[૭૭]

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ ३७ ॥

[જે આરંભે વિષ સમાન કટુ, પરિણામે અમૃત સમાન મધુર અને આત્મવિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલું હોય છે, તે સાત્ત્વિક સુખ છે. ૩૭]

" હવે ચંદનવૃક્ષના મૂળથી તે શિખરપર્યન્ત જેમ સર્પોનાં વેષ્ટનો હોય છે અથવા તો ભૂમિગત દ્રવ્ય ભંડારપર જેમ બ્રહ્મ રાક્ષસ આદિકોનો પ્રતિબંધ હોય છે;૭૮ અરે, સ્વર્ગના ઉત્તમ ભોગને મેળવવા માટે જેમ પ્રથમ યજ્ઞનું મહત્સંકટ વેઠવું પડે છે અથવા બાલદશામાં જેમ બાળકોનો સર્વ પ્રકારનો ત્રાસ સહન કરવો પડે છે;૭૯ એ પણ ઠીક; પરંતુ દીવો કરવાનો હોય, તો પ્રથમ અગ્નિને પ્રદીપ્ત કરતાં ધૂમાડાનો ત્રાસ ભોગવવો પડે છે;૭૮૦ તેજ પ્રમાણે, હે અર્જુન! આત્મસુખની પ્રાપ્તિ કરી લેવા માટે યમ અને દમ આદિ સાધનોના દુઃખને ભોગવવું પડે છે.૮૧ દેહાદિકમાંની પ્રીતિનો ગ્રાસ કરી જનાર અગ્નિસમાન તીવ્ર વૈરાગ્ય જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે જ તે, સ્વર્ગ અને સંસારના બંધનને ઉખેડી નાંખે છે.૮૨ તીવ્ર જ્ઞાનનું શ્રવણ અને કઠોર વ્રતનું આચરણ કરતાં જ્યાં બુદ્ધિ ઇત્યાદિને અસહ્ય પરિશ્રમ થાય છે;૮૩ સુષુમ્ણા નાડીના મુખથી પ્રાણ અને અપાન એ વાયુનો અવરોધ કરવો પડે છે, એ પ્રમાણે આરંભમાં જ જ્યાં મહાકષ્ટ રહેલાં છે;૮૪ ચક્રવાક પક્ષીના જોડલાનો વિયોગ કરવાથી અથવા તો ગાયને પાનો ફૂટતાં (દૂધ આવવા લાગતાં) તેના વત્સને તેની પાસેથી પાછું ખેંચી લેતાં અથવા ક્ષુધાતુરને પીરસેલી પત્રાવળિપરથી ઉઠાડી મૂકતાં;૮૫ અથવા માતા પાસેથી તેના એકના એક સંતાનને કાળ લઇ જાય છે અથવા મત્સ્યને પાણીમાંથી કાઢીએ, એટલે તેમને જેવું દુઃખ થાય છે;૮૬ તેવી જ રીતે વિષયોના ગૃહને છોડતી વેળાએ ઇન્દ્રિયોને યુગાન્ત થવા સમાન દુઃખ થાય છે; પરંતુ વૈરાગ્ય સંપન્ન શૂરજન તે દુઃખને પણ સહન કરી લે છે.૮૭ જે સુખનો આરંભ એવો કષ્ટમય છે, તે કષ્ટમય આરંભને જે સહન કરે છે, તેને, જેવી રીતે ક્ષીરાબ્ધિનું મંથન કરતી વેળાએ જેમણે કષ્ટ સહન કર્યું હતું, તેમને અમૃતનો લાભ મળ્યો હતો, તેવા પરમ સુખનો લાભ થાય છે.૮૮ પ્રથમ જેમાંથી વૈરાગ્યરૂપ ગરલ (વિષ) નીકળે છે, તે વસ્તુને પ્રાશન કરવા માટે સાત્ત્વિક ધૈર્યરૂપ શંભુ જ્યારે મુખ વિકાસે છે, ત્યારે જ પરિણામે જ્ઞાનરૂપ અમૃતનાં વૈભવને ભોગવવાનો પ્રસંગ તેને પ્રાપ્ત થાય છે.૮૯ જ્યારે દ્રાક્ષા કાચી હોય છે, તે સમયે અગ્નિને પણ ખાટું લાગે એવી તેમાં ખટાશ હોય છે, પણ તેજ દ્રાક્ષા પરિપક્વ થતાં મધુર લાગે છે.૭૯૦ તેવી જ રીતે વૈરાગ્ય આત્મ પ્રકાશથી પૂર્ણતાને પ્રાપ્ત થતાં વૈરાગ્ય આદિ સર્વ દુઃખોનો વિનાશ થઇ જાય છે.૯૧ ગંગા, સમુદ્રમાં આવી મળતાં જેમ સુખરૂપ થાય છે, તેવી જ રીતે બુદ્ધિ આત્મામાં આવી મળતાં તેના માટે અદ્વૈતાનંદરૂપ સુખની ખાણના દરવાજા ઉઘડી જાય છે.૯૨ એ પ્રમાણે જે સુખનો આરંભ વૈરાગ્ય છે અને આત્માનંદ પ્રાપ્તિ જેનું પરિણામ છે, તે સુખને સાત્ત્વિક સુખના નામથી ઓળખવામાં આવે છે.૯૩

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ ३८ ॥

[જે વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી આરંભમાં અમૃત સમાન મધુર અને પરિણામે વિષ સમાન કટુ હોય છે, તે રાજસ સુખ છે. ૩૮]

" હે અર્જુન! વિષય અને ઇન્દ્રિયોનો સંબંધ થયો, એટલે બન્ને કાંઠે છલાછલ ઉભરાતું જે સુખનું પૂર આવે છે;૯૪ અધિકારી પોતાના અધિકારમાંના ગામમાં જતાં ત્યાં જેમ ઉત્સવ થાય છે અથવા કરજ કરીને જેવી રીતે લગ્નનો સમારંભ કરવામાં આવે છે;૯૫ અથવા રોગીને શર્કરા અને કેળાં કુપથ્ય હોવા છતાં જેમ મિષ્ટ લાગે છે અથવા વછનાગ ખાતી વખતે જેમ મધુર લાગે છે;૯૬ સાથે ચાલતા ચોરની મૈત્રી પ્રથમ જેમ મીઠી હોય છે અથવા બજા-

રમાંની સ્ત્રી (વેશ્યા) નું આચરણ જેમ પ્રથમ સુખકારક દેખાય છે; અથવા નટના હાવભાવો જેવી રીતે આહ્લાદકારક ભાસે છે;[97] તેવી જ રીતે, વિષય અને ઇન્દ્રિયોના સંબંધથી જીવને જે સુખ થાય છે, તે પરિણામે મહા દુઃખદાયક હોય છે. ખડકપર સંઠાયલા પાણીમાં શુક્રઆદિ નક્ષત્રોનો પ્રતિબિંબ પડેલો જોઇને તે રત્નો હશે એવા ભ્રમથી હંસ તેપર તરાપ મારે, તો તેથી રત્નપ્રાપ્તિ થવાને બદલે તેના પ્રાણ જ જેમ ચાલ્યા જાય છે,[98] તેવી જ રીતે જેના યોગે સુકૃતથી મેળવેલા સુખનો લાભ લોપાય છે અને જીવનો પણ નાશ થાય છે; તેમ જ વિષયસુખ મેળવવા માટે સંઘરેલા સર્વ પુણ્યરૂપ ધનનો પણ વિનાશ થઇ જાય છે;[99] વળી ભોગવેલા વિષયો પણ સ્વપ્નવત્ લુપ્ત થાય છે અને એમ થતાં દુઃખના કાદવમાં આળોટવાનું જ જેના માટે અવશિષ્ટ રહે છે;[100] આ લોકમાં પ્રાપ્ત થયેલા સુખનું આવા પ્રકારનું પરિણામ થાય છે અને પરલોકમાં પણ ખરેખર વિષના રૂપે જ ફળપ્રદ થાય છે.[1] જેઓ ઇન્દ્રિયોનાં લાડકોડને પૂરાં કરવા માટે ધર્મરૂપ ખળું ઇન્દ્રિયોને હવાલે કરી દે છે, તેઓ ધર્મને બાળીને ઇન્દ્રિયોના વિલાસને ભોગવે છે.[2] એથી પાતકોને આશ્રય મળતાં તેઓ બળવાન્ થાય છે અને સત્વર નરકપ્રાપ્તિ કરાવી આપે છે, જે ઇહ લોકના સુખથી પરલોકમાં આવો ઘાત થાય છે.[3] જેમ વિષ કેવળ શબ્દથી મધુર, પરંતુ કૃતિથી પ્રાણનાશક હોય છે, તેજ પ્રમાણે આ લોકનું સુખ આરંભમાં મધુર પણ પરિણામે કડવું થઇ પડે છે.[4] હે પાર્થ ! એ સુખ કેવળ રજોગુણનું જ બનેલું (રાજસ) હોવાથી એને તું કદાપિ સ્પર્શ કરીશ નહિ.[5]

यदग्रे चानुबंधे च सुखं मो ़नमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामससमुदाहृतम् ॥ ३९ ॥

[જે આરંભમાં તેમ જ અંતમાં પણ ચિત્તવિષે મોહ ઉત્પન્ન કરનાર અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદમાંથી ઉત્પન્ન થયેલું સુખ હોય, તે તામસ સુખ કહેવાય છે. ૩૯]

“અપેયપાન, અભક્ષ્ય ભક્ષણ તથા સ્વૈરિણી સ્ત્રીના સંયોગથી ઉત્પન્ન થનારું સુખ,;[6] અથવા તો બીજાનો ઘાત કરીને, બીજાનું સર્વસ્વ હરણ કરીને કે પછી ભાટોના સ્તુતિપાઠથી જે સુખ પ્રાપ્ત થાય છે;[7] જે સુખ આલસ્ય કિંવા નિદ્રાથી વધે છે અને જે સુખના આરંભ તથા અંતને પોતાના કલ્યાણની શુદ્ધિ નથી હોતી,[8] તે સુખ, હે અર્જુન, તામસ છે, એમ જ તારે જાણવું. એ કથાને હું વિસ્તારથી વર્ણન કરતો નથી; કારણ કે, તે અસંભાવ્ય છે.[9] એવા પ્રકારે મૂળ કર્મના ભેદથી ફળરૂપ સુખ ત્રણ પ્રકારનું થયેલું છે, તે તને યથાશાસ્ત્ર કહ્યું.[10] સમસ્ત જગતમાં જે ન્હાની અને મોટી વસ્તુઓ છે, તેમાંની એકપણ વસ્તુ કર્ત્તા, કર્મ અને ફળ એ ત્રિપુટી વિનાની મળી શકે તેમ નથી[11] અને હે અર્જુન ! પટ (વસ્ત્ર) જેવી રીતે તંતુવડે તૈયાર કરાયલું હોય છે, તેવી જ રીતે એ ત્રિપુટી પણ ખરી રીતે જોતાં ત્રણ ગુણોવડે જ ભરેલી છે.[12]

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ ४० ॥

[કોઈ પણ સ્થાવર જંગમ વસ્તુ એ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોથી અલિપ્ત હોય, એમ પૃથ્વીપરના મનુષ્યાદિમાં અને સ્વર્ગના દેવાદિકમાં પણ દૃષ્ટિગોચર થતું નથી. ૪૦]

“એટલા માટે તારે એ ધ્યાનમાં રાખવું કે, પ્રકૃતિના ગુણોથી બદ્ધ ન થયેલી હોય, એવી એક પણ વસ્તુ આ લોકમાં કે સ્વર્ગ લોકમાં નથી;[13] ઉન વિના કામળી અને માટી

વિના ગોળો કેમ બની શકે વારુ? અથવા તો જળવિના લહરીઓનો ઉદ્ભવ કેમ કરીને થાય વારુ?[14] એ જ પ્રમાણે, સર્વ જીવો આ સૃષ્ટિમાં ગુણોની રચનાથી મુક્ત નથી.[15] અર્થાત્ આ સમસ્ત જગતમાંના સર્વ પદાર્થો કેવળ એ ત્રણ ગુણોવડે જ રચાયલા છે, એમ તારે સમજવું.[16] એ ત્રણ ગુણોની શક્તિ એટલી બધી અગાધ છે કે, તેણે એક દેવના ત્રણ દેવ બનાવી નાંખ્યા છે અને એક લોકના ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ) કેવળ ગુણોના પ્રભાવથી જ કરી નાંખ્યા છે; તેમ જ ચાર વર્ણ અને તેમનાં કર્મો ભિન્ન ભિન્ન કર્યાં છે.[17]

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥

[હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કર્મો પ્રકૃતિજન્ય ગુણોવડે ભિન્ન ભિન્ન કરેલાં છે. ૪૧.]

"તે ચાર વર્ણ કયા છે, એમ કદાચિત્ તું પૂછે, તો મારે પ્રથમથી જ જણાવવું જોઇએ કે, જેના અગ્રભાગમાં બ્રાહ્મણ રહેલા છે.[18] અને બીજા ક્ષત્રિય તથા વૈશ્ય એ બે વર્ણ વૈદિક કર્મોના અધિકારી હોવાથી એમને પણ બ્રાહ્મણોની સાથે જ ગણેલા* છે.[19] હે ધનંજય! ચતુર્થ જે શૂદ્રોનો વર્ણ છે, તેને વેદનો અધિકાર નથી, કિન્તુ તેની સેવાવૃત્તિ ત્રણે વર્ણોને આધીન છે.[20] તે બ્રાહ્મણાદિ ત્રણ વર્ણોની સેવાવૃત્તિના સાન્નિધ્યથી શૂદ્રને ચતુર્થ વર્ણમાં ગણવામાં આવ્યા છે.[21] જેવી રીતે પુષ્પની સંગતિથી (માળામાંની) દોરીનો પણ શ્રીમંત લોકો સુવાસ લે છે, તેવી જ રીતે બ્રાહ્મણોની સંગતિના યોગે શ્રુતિએ શૂદ્રોનો પણ વર્ણમાં સમાવેશ કર્યો છે.[22] હે પાર્થ! એવા ચાર પ્રકારથી એ ચાર વર્ણોની વ્યવસ્થા થયેલી છે. એટલે હવે એ ભિન્ન ભિન્ન વર્ણનાં કયાં કયાં કર્મો છે, તેમના ભેદ હું તને કહી સંભળાવું છું.[23] આ ગુણોવડે એ ચારે વર્ણ જન્મ તથા મૃત્યુનાં સંકટોને ટાળીને ઈશ્વરને પ્રાપ્ત થાય છે.[24] આત્માની જે પ્રકૃતિ, તે પ્રકૃતિના સત્ત્વ આદિ ગુણોવડે ચાર વર્ણોને ચાર સ્થળે કર્મો વ્હેંચી આપવામાં આવ્યાં છે.[25] જેવી રીતે પિતાએ મેળવેલી સંપત્તિ પુત્રોને વ્હેંચી આપવામાં આવે છે અથવા તો જેમ સૂર્ય વટેમાર્ગુઓને તેમના માર્ગો બતાવી દે છે અથવા તો જેમ સ્વામી પોતાના સેવકોને ભિન્ન ભિન્ન કાર્ય કરવાની આજ્ઞા આપે છે;[26] તે જ પ્રમાણે, પ્રકૃતિના ગુણોએ કર્મનો વિસ્તાર કરીને તેમની ચાર વર્ણોમાં વહેંચણી કરી નાંખી છે.[27] સત્ત્વગુણે પોતાના સમવિષમ ભાગથી બ્રાહ્મણ ક્ષત્રિય એ બે વર્ણોને ઉત્પન્ન કર્યાં છે;[28] અને રજોગુણ તથા સત્ત્વગુણના મિશ્રણથી વૈશ્ય વર્ણ ઉત્પન્ન થયેલો છે અને રજોગુણ તથા તમોગુણના મિશ્રણથી શૂદ્ર વર્ણની ઉત્પત્તિ થયેલી છે.[29] એવા પ્રકારે, હે પ્રબુદ્ધ! એકરૂપ પ્રાણી માત્રના એ ગુણોવડે ચાર પ્રકારના ભેદ કરેલા છે, એમ તારે સમજવું.[30] હવે પોતાની રાખેલી વસ્તુ દીપકના પ્રકાશથી જેમ સહજ દેખાઈ આવે છે, તેમ ગુણોવડે ભિન્ન થયેલાં કર્મો શાસ્ત્રમાં સ્પષ્ટ કહેલાં છે.[31] હે ભાગ્યવાન્! કયા વર્ણને કયાં કર્મ વિહિત છે, તે જ હવે હું તને કહું છું, તે સાંભળ.[32]

---

* જો કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણ પરસ્પર ગુણપરત્વે ભિન્ન હોવા છતાં તેમને વેદો અને વેદોક્ત યજ્ઞોપવીત ધારણનો સમાન અધિકાર હોવાથી એ ત્રણ વર્ણને 'દ્વિજ' ના એક સામાન્ય નામથી ઓળખવામાં આવે છે અને એટલા માટે જ જ્ઞાનેશ્વરે અહીં ક્ષત્રિય તથા વૈશ્યને બ્રાહ્મણ વર્ણ સાથે ગણાવેલા બતાવ્યા છે. 'દ્વિજ' શબ્દનો પુનર્જાત અથવા દ્વિજન્મા એવો અર્થ થાય છે અર્થાત્ દ્વિજનો એકવાર જનનીના ઉદરથી અને બીજીવાર સંસ્કારથી જન્મ થયેલો માનવામાં આવે છે.

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ ४२ ॥

[શમ એટલે ચિત્તનું નિયમન; દમ એટલે બાહ્ય ઇન્દ્રિયોનું નિયમન; કાયિક, વાચિક તથા માનસિક તપ, શુચિર્ભૂતત્વ (પવિત્રપણું), ક્ષમા, સરળતા, શાસ્ત્રજ્ઞાન, અનુભવજ્ઞાન અને શ્રુતિ સ્મૃતિમાં શ્રદ્ધા, એ સર્વ બ્રાહ્મણનાં સ્વભાવસિદ્ધ કર્મ છે. ૪૨]

"જેવી રીતે પ્રિયા પોતાના પતિ સાથે એકાંતમાં ઐક્યને પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓને પોતાના હાથમાં લઇને જે બુદ્ધિ આત્મસ્વરૂપમાં મળી જાય છે;[૩૩] એવા પ્રકારની બુદ્ધિની જે લીનતા, તેને 'શમ' નામથી ઓળખવામાં આવે છે. એ શમ સર્વ ગુણોમાં પ્રથમ હોઇને એનાથી જ સર્વ કર્મોનો આરંભ થાય છે.[૩૪] અને જે વિધિનો દંડ આપી બાહ્ય ઇન્દ્રિયોને કદાપિ અધર્મના માર્ગમાં જવા દેતો નથી,[૩૫] તે શમને સાહાય્ય કરનારો બીજો 'દમ' નામનો ગુણ છે, જે ઇન્દ્રિયોને સ્વધર્મવડે ચલાવે છે.[૩૬] જેવી રીતે ષષ્ઠીપૂજનની રાત્રિએ દીપકને વિશ્રાંતિ હોતી નથી, તે પ્રમાણે સર્વકાળ ચિત્તમાં ઈશ્વર સ્વરૂપનો વિચાર કરવો,[૩૭] જેને 'તપ' કહેવામાં આવે છે અને એ બ્રાહ્મણ-કર્મનો તૃતીય ગુણ છે. વળી શૌચ એટલે પવિત્રતા, એ નિષ્પાપ હોવાથી બે પ્રકારની છે.[૩૮] મન શુદ્ધ ભાવથી ભરેલું હોય અને સમસ્ત શરીર સત્કર્મથી સુશોભિત હોય—એ પ્રમાણે બાહ્યા-ભ્યંતર શુચિતા—પવિત્રતા ભરેલી હોય,[૩૯] તો તેને હે પાર્થ! 'શૌચ' કહેવામાં આવે છે અને એ બ્રહ્મ કર્મમાંનો ચતુર્થ ગુણ છે. અને પૃથ્વી પ્રમાણે નિત્ય સર્વ દુઃખો સહન કરવાં,[૪૦] એને હે અર્જુન, 'ક્ષમા'ના નામથી ઓળખવામાં આવે છે અને બ્રાહ્મણ કર્મનો એ પાંચમો ગુણ છે. એ ગુણ જેવી રીતે સપ્ત સ્વરોમાં પંચમ સ્વર અતિ મધુર છે, તે પ્રમાણે અતિ ઉત્તમ છે.[૪૧] અને ગંગાનો પ્રવાહ કદાચિત્ વધ્યો હોય તોય તે જેમ સરળ જ હોય છે અથવા તો શેરડીનો સાંઠો કદાચિત્ વાંકો હોય તોય તેમાંની મધુરતા તો સરખી જ હોય છે;[૪૨] તે પ્રમાણે પોતાને ત્રાસ આપનારા જીવપર પણ અત્યંત અનુરાગ રાખવો, એને 'આર્જવ' કહેવામાં આવે છે અને એ બ્રાહ્મણ કર્મમાંનો છઠ્ઠો ગુણ છે.[૪૩] માળી કષ્ટ સહન કરીને વૃક્ષના મૂળમાં જળ સિંચે છે અને ફળો આવતાં જેમ તેના શ્રમની સાર્થકતા થાય છે;[૪૪] તે પ્રમાણે, શાસ્ત્રોક્ત આચરણથી ઈશ્વરપ્રાપ્તિ થવાની જ. એ તત્ત્વ જેના યોગે સમજાય છે, તે 'જ્ઞાન' છે.[૪૫] એ જ્ઞાન બ્રહ્મકર્મનો સાતમો ગુણ છે અને તેવી જ રીતે વિજ્ઞાનનું લક્ષણ નીચે પ્રમાણે છેઃ—[૪૬] શાસ્ત્રના વિચારથી અને ધ્યાનના અભ્યાસથી સત્ત્વશુદ્ધિના સમયે નિશ્ચયથી જે બુદ્ધિ ઈશ્વરના સ્વરૂપમાં મળી જાય છે,[૪૭] તેને 'વિજ્ઞાન' કહેવામાં આવે છે અને તે બ્રહ્મ કર્મમાંનું અષ્ટમ ગુણરત્ન છે. તેમ જ 'આસ્તિક્ય' નવમો ગુણ છે, એમ સમજવું.[૪૮] રાજમુદ્રાંકિત મનુષ્ય ગમે તે હોય, તોપણ સર્વ લોકો તેની સેવા કરે છે; તે જ પ્રમાણે, શાસ્ત્રે જે માર્ગોને સ્વીકારેલા છે,[૪૯] તે માર્ગોને આદરથી સ્વીકારીને તે પ્રમાણે આચરણ કરવું, એને હું 'આસ્તિક્ય'ના નામથી ઓળખું છું. એ બ્રાહ્મણ કર્મમાંનો નવમો ગુણ છે અને એ ગુણના યોગે સર્વ બ્રાહ્મણકર્મ સત્ય સિદ્ધ થાય છે.[૫૦] એ પ્રમાણે જ્યાં એ શમ આદિ નવ ગુણો સર્વથા નિર્દોષ દૃષ્ટિગોચર થાય છે, તો તે બ્રાહ્મણનું સ્વાભાવિક કર્મ છે, એમ તારે સમજવું.[૫૧] બ્રાહ્મણ વર્ણ કેવળ નવ ગુણરૂપ રત્નોનો રત્નાકર (સમુદ્ર) જ છે અથવા તો નવ રત્નોનો હાર જ છે. સૂર્ય જેવી રીતે પ્રકાશને ન ત્યાગતાં પ્રકાશથી યુક્ત હોય છે,[૫૨] અથવા તો ચંપકવૃક્ષ જેવી રીતે પોતાનાં જ પુષ્પોવડે સુશોભિત દેખાય છે, કિંવા ચંદ્ર જેમ પોતાની પ્રભાવડે જ પ્રકાશિત હોય છે, કિંવા ચંદન જેમ પોતાના પરિમળથી ચર્ચિત હોય છે,[૫૩] તે જ

પ્રમાણે નવગુણરૂપ અલંકાર બ્રાહ્મણનું અવ્યંગ ભૂષણ છે અને એ ભૂષણ બ્રાહ્મણના અંગને ત્યાગી અન્યત્ર કદાપિ રહેતું નથી.[૪] હવે, હે ધનંજય ! જે કર્મ ક્ષત્રિયોને ઉચિત છે, તે બુદ્ધિની દક્ષતાથી સાંભળ.[૫૫]

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षत्रकर्म स्वभावजम् ॥ ४३ ॥

[પરાક્રમ, તેજ, ધૈર્ય, દક્ષતા, યુદ્ધથી પરાઙ્‌મુખ ન થવું, દાતૃત્વ અને લોકોપર સત્તા ચલાવવી, એ ક્ષત્રિયોનાં સ્વભાવસિદ્ધ કર્મ છે. ૪૩]

"સૂર્ય પોતાના પ્રકાશ આપવાના કાર્યમાં બીજાના સાહાય્યની અપેક્ષા કરતો નથી, કિંવા સિંહ પોતાના પરાક્રમને ગર્જાવવાના કાર્યમાં બીજા કોઇ સાથીના સાહાય્યની ઇચ્છા ધરાવતો નથી;[૫૬] એ પ્રમાણે, સાહાય્ય વિનાનો જે સ્વયંભૂ બળવાન્ અને શૂર ક્ષાત્ર પ્રકૃતિનો પ્રથમ ગુણ 'શૌર્ય' છે.[૫૭] અને સૂર્યના પ્રકાશથી કોટયવધિ નક્ષત્રોનો લોપ થઇ જાય છે, પરંતુ ચંદ્ર સહિત સર્વ નક્ષત્રો એક સૂર્યને લુપ્ત કરવા સમર્થ થતાં નથી;[૫૮] તે પ્રમાણે, પોતાના યોગ્ય ગુણથી સમસ્ત જગતને આશ્ચર્યમાં નાંખી દે છે અને ગમે તેવો પ્રસંગ આવે, છતાં પોતે ગભરાતા નથી,[૫૯] એવા ક્ષત્રિયોનો પ્રશંસનીય ગુણ જે 'તેજ,' તે ક્ષાત્ર પ્રકૃતિનો બીજો ગુણ છે અને ધૈર્ય, એ તે જ પ્રકૃતિનો ત્રીજો ગુણ છે.[૬૦] આકાશ પણ તૂટી પડે, તોપણ જેના મન અને બુદ્ધિમાં ક્ષોભ થતો નથી, તે ક્ષાત્ર ગુણનું નામ 'ધૈર્ય' છે.[૬૧] પાણી ગમે તેટલું ઊંડું હોય, તોપણ કમળ પાણીને ઉલ્લંઘીને પોતે ઉંચું ચઢી આવે છે, કિંવા આકાશ ઉંચાઇમાં બીજા સર્વ પદાર્થોપર સરસાઇ ભોગવે છે,[૬૨] તે જ પ્રમાણે પ્રસંગ પ્રાપ્ત થતાં, હે પાર્થ ! બુદ્ધિ ફળરૂપ અર્થને જિતે છે.[૬૩] એવી રીતે સાવધતા રાખવાને 'દક્ષતા' કહેવામાં આવે છે અને એ ક્ષાત્ર પ્રકૃતિનો ચોથો ગુણ છે. તેમ જ 'અલૌકિક યુદ્ધ પરાક્રમ' એ તે જ પ્રકૃતિનો પાંચમો ગુણ છે.[૬૪] સૂર્ય વિકાસી કમળો જેવી રીતે નિત્ય સૂર્યને સન્મુખ હોય છે, તેવી જ રીતે નિત્ય શત્રુને સન્મુખ રહેવું;[૬૫] ગર્ભવતી સ્ત્રી જેમ જાણી જોઇને પ્રયત્નથી પતિસમાગમના પ્રસંગને ટાળી દે છે, તે પ્રમાણે, રણાંગણમાં શત્રુને પીઠ બતાવવાના પ્રસંગને તે ટાળે છે;[૬૬] ચાર પુરુષાર્થોમાં 'ભક્તિ' નામક પુરુષાર્થ જેમ શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે ક્ષાત્ર પ્રકૃતિના ગુણોમાં આ પંચમ ગુણ ઇન્દ્ર સમાન શ્રેષ્ઠ છે, એમ સમ જ.[૬૭] અને વૃક્ષ જેવી રીતે પોતાનાં પર્ણ, પુષ્પ અને ફળો જેવી રીતે યાચકને સમર્પણ કરવાને તૈયાર હોય છે, અથવા પરિમળ આપવામાં જેમ કમળ ઉદાર હોય છે;[૬૮] અથવા ચંદ્રિકા જેને જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં પોતાનું સુખ આપે છે, તેવી રીતે યાચકને તેની ઇચ્છા પ્રમાણે આપવું,[૬૯] એને 'અમર્યાદ દાન' કહેવામાં આવે છે અને એ ક્ષાત્ર પ્રકૃતિનું છઠ્ઠું ગુણરત્ન છે અને ક્ષત્રિય આજ્ઞાના નિવાસનું એક સ્થાન છે;[૭૦] પોતાના હસ્ત પાદ આદિ અવયવોનું સારી રીતે પોષણ કરવાથી તેમની પાસેથી ગમે તે કાર્ય કરાવી શકાય છે, તે જ પ્રમાણે પ્રજાનું પ્રેમવડે પાલન કરવાથી સર્વ પ્રજા આનંદથી (રાજાની) આજ્ઞાનું પાલન કરે છે.[૭૧] પ્રજાને ઉત્તમતાથી વર્ત્તાવવી, એને જ 'ઇશ્વરભાવ' કહેવામાં આવે છે અને એમાં સર્વ સામર્થ્યનો નિવાસ હોય છે. એ ક્ષાત્રપ્રકૃતિનો સર્વ ગુણનો રાજા એવો સાતમો ગુણ છે.[૭૨] એવા શૌર્ય આદિક સાત ગુણોવડે જે પુરુષ વિશેષે કરીને અલંકૃત છે, તે સપ્તર્ષિ નામક સપ્ત નક્ષત્રોવડે જેવી રીતે આકાશ શોભે છે, તે પ્રમાણે શોભે છે.[૭૩] એવી રીતે, એ સાત પવિત્ર ગુણોવડે આ જગતમાં જે કર્મ પવિત્ર થયેલું હોય છે, તે ક્ષાત્ર પ્રકૃતિનું સ્વાભાવિક કર્મ છે.[૭૪] અથવા તો એવો જે પુરુષ, તે ક્ષત્રિય નહિ પણ સત્ત્વરૂપ સુવર્ણનો મેરુ જ છે અને તેથી જ તે સપ્ત ગુણરૂપ સ્વર્ગને ધારણ કરે છે.[૭૫] કિંવા સપ્ત

ગુણરૂપ સમુદ્રવડે વેષ્ટિત થયેલી એ ક્ષાત્ર પ્રકૃતિરૂપ પૃથ્વી જ છે.૭૬ અથવા તો સમ ગુણરૂપ પ્રવાહવડે ક્ષાત્રિયક્રિયારૂપિણી ગંગા ક્ષાત્ર પ્રકૃતિને ધારણ કરનાર એ મહોદધિમાં મળીને શોભાને ધારણ કરે છે.૭૭ આ સર્વ વાતોને રહેવા દે. ક્ષાત્ર પ્રકૃતિનાં શૌર્યાદિ ગુણાત્મક કર્મો સ્વાભાવિક છે. ૭૮ હવે, હે મહામતે! જે કર્મ વૈશ્યજાતિને યોગ્ય છે, તે તને હું કહું છું તે તું સાંભળ.૭૯

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ४४ ॥

[કૃષિ એટલે ખેતી, ગૌરક્ષ્ય એટલે ઢોર રાખવાં અને વાણિજ્ય એટલે ક્રયવિક્રય કરવો, એ વૈશ્યનું સ્વભાવસિદ્ધ કર્મ છે અને પરિચર્યા એટલે સેવા કરવી, એ શૂદ્રનું પણ સ્વભાવસિદ્ધ કર્મ છે. ૪૪]

"ક્ષેત્ર (ખેતર), બીજ અને હળ ઇત્યાદિ સાહિત્યો મેળવીને તેમના યોગે ઘણો નફો મેળવવો,૮૦ કિંબહુના, કૃષિકર્મ કરીને અથવા ગાયોનું સંરક્ષણ કરીને કિંવા સસ્તી વસ્તુઓને લઇ મોંઘી કીંમતે વેચીને,૮૧ હે અર્જુન! પોતાનો નિર્વાહ કરવો, એમ પણ વૈશ્ય જાતિનો સ્વાભાવિક ધર્મ છે. ૮૨ અને વૈશ્ય, ક્ષત્રિય તથા બ્રાહ્મણ એ ત્રણ વર્ણનું એક સર્વસાધારણ નામ 'દ્વિજ' છે અને દ્વિજની સેવા કરવી, એ શૂદ્ર વર્ણનો સ્વાભાવિક ધર્મ છે.૮૩ પરંતુ દ્વિજની સેવા વિના શૂદ્રો માટે બીજું કર્મ જ નથી. એવી રીતે, મેં તને ચારે વર્ણનાં કર્મો કહી સંભળાવ્યાં.૮૪

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥ ४५ ॥

[પોતપોતાના કર્મમાં જે તત્પર હોય છે, તેને જ્ઞાનનિષ્ઠાને પાત્ર થવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. હવે પોતાના કર્મમાં તત્પર રહેનારને તે યોગ્યતા કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે સાંભળ. ૪૫]

"હવે એ ચારે વર્ણનાં ભિન્ન ઉચિત કર્મો તને સ્પષ્ટ કરીને કહું છું. જેવી રીતે કર્ણ આદિ ઇંદ્રિયોને શબ્દ આદિ વિષયો જ ઉચિત છે;૮૫ અથવા મેઘમાંથી પડેલા ઉદક માટેનું યોગ્ય સ્થાન નદી જ છે અને હે અર્જુન! નદી માટેનું ઉચિત સ્થાન સમુદ્ર જ છે;૮૬ તે પ્રમાણે વર્ણાશ્રમ ધર્માનુસાર જે આવશ્યક કર્મ છે, તે કર્મ કરવાથી ગૌર અંગને જેમ ગોરાપણું શોભા આપે છે, તેવી રીતે તે વર્ણને અત્યંત શોભા પ્રાપ્ત થાય છે.૮૭ હે વીરોત્તમ! તે સ્વભાવજન્ય કર્મનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આચરણ કરવામાં પોતાની બુદ્ધિને નિશ્ચિત કરવી.૮૮ પરંતુ પોતાની પાસેના રત્નની જેવી રીતે રત્નપરીક્ષકદ્વારા પરીક્ષા કરાવવી પડે છે, તેવી રીતે પોતાના કર્મને શાસ્ત્રના આધારથી સમજી લેવું જોઇએ.૮૯ જેમ આપણી પાસે દૃષ્ટિ હોવા છતાં રાત્રે દીપકવિના તેનો ઉપયોગ થઈ શકતો નથી અને માર્ગ ન મળે તો પગ હોવા છતાં પણ પગનો ઉપયોગ કરી શકાતો નથી;૯૦ એટલા માટે જાતિ અનુસાર જે જે યોગ્ય અધિકાર હોય, તેને પોતે પોતાના શાસ્ત્ર પ્રમાણે સમજી લેવો જોઇએ.૯૧ હે અર્જુન! દીપક જેવી રીતે આપણા ઘરમાંના ભંડારને જ્યારે આપણી દૃષ્ટિએ પાડે છે, ત્યાર પછી તેને લઈ લેવામાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ હોય છે ખરો કે?૯૨ તેજ પ્રમાણે, સ્વભાવતઃ જ પોતાના ભાગમાં આવેલું અને શાસ્ત્રે સત્ય ઠેરવેલું જે વિહિત કર્મ, તે વિહિત કર્મનું જે આચરણ કરે છે,૯૩ પરંતુ આલસ્યને ત્યાગી અને ફલેચ્છાને છોડી ઉત્સાહ અને શરીરવડે જીવ પરોવીને તેમાં જે પોતાનો સર્વ કાળ વીતાડી દે છે;૯૪ પાણી પ્રવાહમાં પડ્યા પછી જેમ અન્યત્ર જતું નથી, તેજ પ્રમાણે જેનું આચરણ

यथाशास्त्र थाय छे,[९५] हे अर्जुन! ए प्रमाणे जे पोते विहित कर्मनुं आचरण करे छे, ते पुरुष मोक्षनी आ बाजूना 'वैराग्य' नामक द्वारमां प्राप्त थाय छे.[९६] जे अकरण अने निषिद्ध कर्मनो संबंध थवा देतो नथी, ते आत्मप्राप्तिना विरोधक संसारना भयथी मुक्त थाय छे.[९७] तेम ज, चंदननी हेडने पगमां नांखवा माटे लाववामां आवे, तो पण तेमां कोई पोताना पगने अडकावतो-नांखतो-नथी; ते प्रमाणे, काम्य कर्मप्रति जे कौतुकथी पण दृष्टिपात करतो नथी;[९८] अने द्वितीय नित्य कर्मनी पण तेना फळनो त्याग करेलो होवाथी जे समाप्ति करी नाखे छे, एवो जे पुरुष, ते मोक्षनी सीमापासे जइ पहोंचे छे.[९९] एवी युक्तिथी कर्मनुं निरसन करीने शुभाशुभ संसारथी ते छूटी जाय छे अने मोक्षना वैराग्य नामक द्वारमां आवीने ऊभो रहे छे.[९००] जे वैराग्य सकळ भाग्यनी सीमा छे, मोक्षलाभनो निश्चय छे अथवा कर्ममार्गना श्रमना परिहार थवानुं स्थान छे;[१] मोक्ष फळ जेना जामीनरूप थयेलुं छे, किंवा जे सत्कर्मरूप वृक्षनुं पुष्प ज छे, ते वैराग्यमां साधक पुरुष, भ्रमर प्रमाणे पग मूके छे.[२] ए केवुं आश्चर्य छे के, आत्मज्ञानरूप दिवस ऊगवानी सूचना करनार अरुणोदयने स्थाने वैराग्य होय छे.[३] किंबहुना, आत्मज्ञानरूप जे निधान, ते जे वैराग्यरूप दिव्य अंजनना योगे हस्तगत थाय छे, ते अंजनने जे जीवथी अने भावथी पोतानां नेत्रोमां आंजे छे;[४] हे अर्जुन! तेने एवी रीते विहित कर्मने अनुसरी, ते प्रमाणे आचरण करवाथी मोक्षप्राप्तिनी योग्यता प्राप्त थाय छे.[५] हे पांडव! विहित कर्म ते पोताना कल्याणनो आत्मा छे अने तेनुं आचरण करवुं, ए ज मम सर्वात्मक ईश्वरनी सेवा छे.[६] संपूर्ण भोगोवडे पतिव्रता स्त्री पोताना पतिसंगे क्रीडा करे छे अने तेना ए आचरणने तप कहेवामां कशो पण बाध नथी.[७] अथवा तो बाळकने माता विना जीववानुं बीजुं कोई साधन होतुं ज नथी अने तेटलामाटे मातानी सेवा करवाथी बाळकनुं कल्याण थाय छे; तेज प्रमाणे, स्वधर्मनुं आचरण करवुं, ए ज (मनुष्यनो) मुख्य धर्म छे.[८] अथवा तो केवळ पाणी समजीने गंगामां वसतां मत्स्योने जेम त्यां वसवाथी अनायास सर्व तीर्थोनो लाभ थाय छे;[९] तेवी रीते पोताना विहित कर्मनुं आचरण कर्या विना बीजो उपाय ज नथी अने एवा निश्चयवडे तेनुं आचरण करवाथी आपणो बधो भार जगन्नाथ ईश्वरपर ज जइ पडे छे.[९१०] अरे! जेनुं जे विहित कर्म निर्मायलुं छे, ते तेणे करवुं ज, ए ज ईश्वरनो मनोगत भाव छे अने एटला माटे ज ते कर्म करवाथी निःसंशय ईश्वरनी प्राप्ति थाय छे.[११] दासी होवा छतां पण जो राजानी कसोटीपर पसार थई जाय, तो ते स्त्री ज सर्वनी स्वामिनी थाय छे अथवा तो स्वामिना कार्य माटे पोतानुं मस्तक आपनार सेवकने जेम स्वामी ईनामपत्र आपे छे अने तेना नामने पोताना दफतरमां दाखल करी राखे छे,[१२] तेज प्रमाणे ईश्वरना मनोभाव अनुसार वर्त्तवुं, ए ज तेनी परम सेवा छे अने एविना बीजुं कृत्य करवुं ते, हे अर्जुन! वाणिज्य कर्म समान छे.[१३]

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ॥ ४६ ॥

[जेनी सत्ताथी सर्व भूतोनी इंद्रियोनी चेष्टाओ चाल्या करे छे अने जेनावडे आ सकल विश्व व्याप्त थएलुं छे, ते ईश्वरने स्वकर्मवडे भजनार मनुष्यने ज्ञाननिष्ठायोग्यतारूप सिद्धि प्राप्त थाय छे. ४६]

"अर्थात् विहित कर्म करवाथी केवळ एटलुं ज थतुं नथी के, ते कर्म आपणे कर्युं, किन्तु जे परमात्मामांथी सर्व भूतो उत्पन्न थयेलां छे, तेना मनोभावनुं आपणे पालन कर्युं, एटली बधी एनी विशाळता छे![१४] जे परमात्मा अज्ञानरूप चीथरांने एकपर वींटाळीने जीवरूप

પૂતળાં તૈયાર કરે છે અને (સત્ત્વ, રજ તથા તમના) ત્રણ અહંકારરૂપ સૂત્રવડે તેમને નચાવે છે.[૧૫] દીપક જેવી રીતે અંતર્બાહ્ય તેજવડે ભરેલો હોય છે, તેવીજ રીતે જે પરમાત્માવડે આ જગત્ અંતર્બાહ્ય સંપૂર્ણ ભરેલું છે;[૧૬] હે વીર અર્જુન! તે સર્વાત્મક ઈશ્વરની સ્વકર્મરૂપ પુષ્પોવડે પૂજા કરવાથી તે પૂજા તેને પરમ સંતોષ આપનારી થઇ પડે છે.[૧૭] અને તે પૂજાના યોગે આત્મરાજ પ્રસન્ન થઇને ભક્તને વૈરાગ્ય સિદ્ધિરૂપ પ્રસાદ આપે છે.[૧૮] જે વૈરાગ્ય દશાની પ્રાપ્તિ થવાથી ઈશ્વરનો છંદ લાગતાં આ સર્વ સંસાર વમન (ઉલટી) સમાન ભાસે છે;[૧૯] જેવી રીતે પોતાના પ્રિય પતિના વિયોગથી વિરહિણી વનિતાને જીવવાનો પણ અભાવ થઇ જાય છે, તેજ પ્રમાણે સંસારમાંનાં સર્વ સુખો તેને ખરેખર દુઃખ સમાનજ ભાસે છે.[૯૨૦] ઈશ્વરનું અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થવા પૂર્વે તેના ધ્યાસથી તન્મયતા પ્રાપ્ત થાય છે, એવી બોધની યોગ્યતા છે.[૨૧] એટલા માટે, જેના મનમાં મોક્ષપ્રાપ્તિની ઇચ્છા હોય, તેણે પરમ શ્રદ્ધાથી સ્વધર્મનું આચરણ કરવું.[૨૨]

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ४७ ॥

[સ્વધર્મ આચરવામાં કઠિન હોય, તોપણ (આચરવામાં સુલભતાવાળા) પરધર્મ કરતાં તે શ્રેષ્ઠ છે. સ્વભાવનિયત કર્મ કરવાથી મનુષ્ય પાપવડે લિપ્ત થતો નથી. ૪૭]

"અરે, આપણો પોતાનો ધર્મ જો આચરવામાં કઠિન હોય, તોપણ તેનાથી પરિણામે જે ફળ પ્રાપ્ત થવાનું છે, તેમાંજ ધ્યાન રાખવું જોઇએ.[૨૩] હે ધનંજય! કટુ લીંબડાનું સેવન કરવાથી જો આપણને સુખ થતું હોય, તો પછી તેની કડવાશથી કંટાળવું ન જોઈએ.[૨૪] કેળ વિયાવા પૂર્વે તેને જોતાં નિરાશા ઉત્પન્ન થાય છે અને તે અવસ્થામાંજ તેને તોડી નાખવામાં આવે, તોપછી તેમાંથી ઉત્તમ ફળો કયાંથી અને કેમ કરીને પ્રાપ્ત થઈ શકે વારુ?[૨૫] એજ પ્રમાણે, સ્વધર્મને આચરવામાં કઠિન જોઇને જો તેનો ત્યાગ કરવામાં આવે, તો મોક્ષ સુખનો લોપ થયેલોજ સમજવો![૨૬] પોતાની માતા જો કુરૂપ હોય, તોપણ તેના જે પ્રેમના યોગે આપણે જીવીએ છીએ, તે તેનો પ્રેમ કાંઈ વાંકો ચૂકો હોતો નથી;[૨૭] બીજી સ્ત્રીઓ રંભા કરતાં પણ વધારે રૂપાળી હોય, તોપણ બિચારા બાળકને તેમનો શો ઉપયોગ વારુ?[૨૮] અરે, જળ કરતાં ઘૃત (ઘી)માં જોકે અનેક વિશેષ ગુણો છે, એ ખરું છે; પણ મત્સ્યને ઘૃતમાં રાખવાથી તે જીવશે ખરું કે?[૨૯] જે વછનાગ સમસ્ત જગતને માટે વિષ છે, તે જ વછનાગ તેમાંના કીડા માટે તો અમૃત જ છે; અને જે ગોળ આખી દુનિયા માટે મધુર અમૃત સમાન છે, તે (વછનાગમાંના) કીડા માટે વિષ, કિંબહુના સાક્ષાત્ મૃત્યુ જ છે.[૯૩૦] અર્થાત્ જેના માટે જે વિહિત કર્મ નિયત થયેલું છે-કે જેના આચરણથી સંસારબંધન ટૂટી જાય છે, તે કર્મ ગમે તેટલું અને ગમે તેવું કષ્ટસાધ્ય હોય, તો પણ મનુષ્યે તે પોતાના નિયત કર્મનું જ આચરણ કરવું જોઇએ.[૩૧] પરંતુ એથી વિરુદ્ધ બીજાના ધર્મને ઉત્તમ માનીને જો તેનું આચરણ કરવામાં આવે, તો ચાલવાનું ચરણોનું કાર્ય મસ્તકે કર્યા પ્રમાણે થઇને સ્હામું તે દુઃખનું કારણ થઈ પડે છે.[૩૨] એટલા માટે, આપણા જાતિ સ્વભાવ અનુસાર જે કર્મ આપણા ભાગમાં આવેલું હોય, તે કર્મનું જ જે આચરણ કરે છે, તેજ કર્મબંધને જિતનારો (તોડનારો) થાય છે. (તેજ કર્મના બંધનથી મુક્ત થાય છે;)[૩૩] અને એથી જ, હે અર્જુન! પરધર્મનો ત્યાગ કરીને સ્વધર્મના આચરણનો નિયમ કરવો, એ શું આવશ્યકીય નથી કે?[૩૪] જ્યાં સૂધી આત્મા દૃષ્ટ થયો નથી, ત્યાંસૂધી કર્મનો વ્યાપાર અટકવાનો છે ખરો કે? (નહિ; તે અવશ્ય થવો જ જોઈએ;) અને કર્મ કરવાનું હોય ત્યાં પ્રથમ કષ્ટ તો આવીને ઉભું રહેવાનું જ.[૩૫]

सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ४८ ॥

[हे कौन्तेय! जे स्वभावसिद्ध कर्म छे, तेमां जो दोष पण होय, तोय तेनो त्याग करवो नहि; कारण के, जेम धूमाडाथी अग्नि व्याप्त होय छे, तेवी ज रीते सर्व कर्मोना आरंभो दोषवडे व्याप्त छे. ४८]

"अर्थात् कोई पण कर्म करती वेळाए ज्यारे प्रारंभमां तो आयास पडे ज छे, त्यारे स्वधर्मनुं आचरण करतां आयास पडे तो तेथी शा माटे कंटाळवुं वारु?[३६] अरे, सरळ मार्गमां चालवानुं थाय, तोय, चरणोने ज परिश्रम आपवो पडे छे अने आडी वाटे चालीए तो पण ए ज स्थिति थाय छे.[३७] हे अर्जुन! मार्गमां चालतां छेडे पथ्थर के भातुं बांधी लेवामां आवे, तो भार तो एक सरखो ज थाय छे; छतां विश्रांतिना स्थानमां जे वस्तु सुखकर थई पडे, ते ज लेवी जोईए, एवो नियम छे.[३८] वळी धान्य अने फोतरां काढवामां श्रम तो एक सरखो ज वेठवो पडे छे अथवा तो खावा माटे किंवा होम करवा माटे मांस पकववानो श्रम तो एक सरखो ज होय छे;[३९] हे विचक्षण! दहीं अथवा पाणीने वलोववामां जे श्रम थाय छे ते समान ज छे; अथवा तो रेती अने तिलने घाणीमां नाखी पीलवामां एटली ने एटली ज महेनत करवी पडे छे;[४०] हे अर्जुन, नित्य होम करवा माटे अथवा तो अन्य कारणथी अग्नि प्रज्वलित करती वेळाए धूमाडो तो बन्नेने सहन करवो पडे छे;[४१] अथवा तो लग्ननी स्त्री अथवा तो कोई एक राखेली स्त्रीना पोषण माटे जो एक सरखो ज खर्च करवो पडतो होय, तो पछी कोई स्त्रीने पासे राखीने विनाकारण अपकीर्त्तिना भागी शा माटे थवुं? (लग्ननी स्त्री शा माटे न लाववी?)[४२] अरे, आपणो शत्रु आपणी पाछळ लाग्यो होय अने तेणे आपणो जबरो पीछो पकडयो होय अने तेथी मरण टळवानी आशा न ज देखाय, तो पछी तेनी स्हामा ऊभा रहीने आपणे पण बे हाथ शा माटे न करवा वारु?[४३] कुलीन स्त्रीने बीजाना घरमां बेसवा पछी पण जो डंडानो मार खावो पडे, तो 'में मारा पतिनो विना कारण त्याग कर्यो' एम तेना मनमां न थाय के शुं?[४४] ए प्रमाणे, गमे ते कर्म करवाथी पण ज्यारे दुःख तो भोगववुं ज पडे छे, त्यारे हे तात! स्वधर्मनुं आचरण कठिन छे, एम कोई कया मुखथी कही शके एम छे वारु?[४५] हे पांडुसुत! जे अमृतना सेवनथी अमरत्व प्राप्त थाय छे, ते अमृतनी अल्प प्राप्ति माटे पण सर्वस्वनो व्यय शाने न करी नांखवो वारु?[४६] अने जे विषनुं सेवन करवाथी सर्व सुखोनो नाश थवा उपरांत आत्महत्यानुं पातक लागे छे, ते विषने वेचातुं लईने शाने पीवुं वारु?[४७] अर्थात् इन्द्रियोने क्षीण करी आयुष्यना दिवसो खोई पापोनो संचय करवाथी दुःख विना बीजुं शुं फळ मळी शके?[४८] अर्थात् स्वधर्मनुं ज आचरण करवुं. आ स्वधर्म आपणा सर्व श्रमोनो परिहार करी उचित परम पुरुषार्थ–सर्वश्रेष्ठ मोक्ष–नी प्राप्ति करावी आपे छे.[४९] एटला माटे स्वधर्मना आचरणनो त्याग करवो नहि. जेवी रीते संकट समयमां पण सिद्ध मंत्रने भूली जवो नहि,[५०] अथवा तो समुद्रमां पडेला माणसे नौकाने कदापि छोडवी नहि अथवा तो महारोगीए दिव्य औषधिनो त्याग करवो नहि; ते ज प्रमाणे स्वधर्मना आचरणनो पण अवश्य त्याग न ज करवो जोईए.[५१] हे कपिध्वज! ए ज स्वकर्मरूप महा पूजाथी संतुष्ट थयेलो ईश्वर तमोगुण अने रजोगुणनो नाश करीने[५२] आपणी उत्कंठाने शुद्ध सत्त्वगुणना मार्गे चढावे छे अने संसार तथा स्वर्ग कालकूट विष समान छे, एवो आपणने प्रत्यक्ष भास करावे छे. त्यार पछी,[५३] पूर्वे वैराग्य शब्दवडे संसिद्धि शब्दनुं

જે વર્ણન કરેલું છે, તે આપણા વૈરાગ્યરૂપ સ્થાનને પ્રાપ્ત કરાવી આપે છે.[૫૪] એ વૈરાગ્ય ભૂમિકાને જિત્યા પછી જે યોગ્યતા આવે છે, અથવા તો પૂર્ણતાને પામેલા તે પુરુષને શાનો લાભ થાય છે, તે હું હવે પછી કહું છું.[૫૫]

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ ४९ ॥

[જેની બુદ્ધિ કશામાં પણ આસક્ત થતી નથી અને જે જિતેન્દ્રિય તથા નિઃસ્પૃહ છે, તે મનુષ્ય સંન્યાસના યોગે ઉત્કૃષ્ટ જ્ઞાનસિદ્ધિને પ્રાપ્ત થાય છે. ૪૯]

"વાયુ જેવી રીતે પારધીના જાળમાંથી આમ તેમ સંચાર કરતાં જરાય અચકાતો નથી, તે જ પ્રમાણે દેહ આદિક જે સંસારના પાશ છે, તે પાશમાં હોવા છતાં પણ તે તેમાં બદ્ધ થતો નથી.[૫૬] પાકેલું ફળ જેવી રીતે ડીંઠાને પકડી રાખતું નથી, કિંવા ડીંટું પણ તેને પકડતું નથી; તે જ પ્રમાણે સંસાર વિશેનો તેનો સર્વ પ્રેમ નિર્જીવ થઈ જાય છે.[૫૭] પુત્ર, દ્રવ્ય અને દારા પોતપોતાના તંત્રથી વર્ત્તતાં હોય, તો પણ 'એ મારાં છે' એમ ન કહેતાં તેમનો તે વિષ પ્રમાણે ત્યાગ કરે છે.[૫૮] વધારે તો શું કહેવું? ઊકળતા પદાર્થોના સ્પર્શથી હાથને ચટકો લાગતાં જ જેમ માણસ પોતાના હાથને પાછો ખેંચી લે છે, તે પ્રમાણે, તેની બુદ્ધિ વિષયોમાંથી પાછી વળીને આત્મવિચારમાં પ્રેરાય છે.[૫૯] એવા પ્રકારે, અંતઃકરણ ઇન્દ્રિયદ્વારા વિષયોમાં ન જવા માટેની તેની પ્રતિજ્ઞાનો ભંગ કરતું નથી. જેવી રીતે સ્વામીના ભયથી દાસી આજ્ઞાનું ઉલ્લંઘન કરતી નથી,[૬૦] તેવી રીતે, હે અર્જુન! ચિત્તને ઐકયની મુષ્ટિમાં દબાવી રાખીને તે તેને આત્માના છંદે ચઢાવે છે.[૬૧] તે વેળાએ, જેમ અગ્નિને રક્ષામાં દાટવાથી ધૂમાડો પોતાની મેળે જ બંધ થઈ જાય છે, તે જ પ્રમાણે તેની ઇહ અને પર વિષયો માટેની ઇચ્છા સહજ નષ્ટ થઈ જાય છે;[૬૨] અર્થાત્ મનનો નિગ્રહ થયો, એટલે ઇચ્છાનો પોતાની મેળે જ સર્વથા લોપ થઇ જાય છે; વધારે બોલીને શું કરવાનું છે? સારાંશ કે, સાધકને એવી ભૂમિકા પ્રાપ્ત થાય છે.[૬૩] હે અર્જુન! સમસ્ત વિપરીત બોધનો અસ્ત થઇને તેને સત્ય બોધની જ પ્રાપ્તિ થાય છે.[૬૪] જેવી રીતે રોજ વપરાયાથી સંઘરેલા પાણીનો ક્ષય થતો જાય છે, તે જ પ્રમાણે ભોગના પરિણામે પ્રારબ્ધ કર્મોનો પણ અંત આવી જાય છે અને અહંકર્તૃત્વ ભાવનાનો અભાવ થતાં નવીન કર્મની ઉત્પત્તિ થતી નથી.[૬૫] હે અર્જુન! એ પ્રકારે સર્વ કર્મોની ક્ષીણદશા થતાં શ્રીગુરુનો પોતાની મેળે જ મેળાપ થઈ જાય છે.[૬૬] રાત્રિના ચાર પ્રહરની સમાપ્તિ થતાં અંધઃકારવિનાશક સૂર્યનારાયણ દૃષ્ટિગોચર થાય છે;[૬૭] અથવા તો ફળોનો ઝુમખો આવીને તે કેળના ઝાડની વૃદ્ધિને અટકાવી દે છે; તે જ પ્રમાણે શ્રી ગુરુ મળીને જિજ્ઞાસુની કર્મકર્તૃત્વની ખટપટને બંધ કરી નાંખે છે.[૬૮] જેવી રીતે પૌર્ણિમા આવતાં ચંદ્રમામાં લેશ માત્ર પણ ન્યૂનતા રહેતી નથી; તેવી જ રીતે ગુરુકૃપા થતાં જિજ્ઞાસુને કોઇ પણ પ્રકારની ન્યૂનતા રહેતી નથી.[૬૯] તે વેળાએ, જેટલું પણ અજ્ઞાન હોય છે, તે સર્વ તે (ગુરુ) ની કૃપાથી જ નષ્ટ થઇ જાય છે; અને રાત્રિ વીતી જતાં જેમ અંધકારનો નાશ થાય છે;[૭૦] તે જ પ્રમાણે, અજ્ઞાનનો નાશ થતાં તેના હૃદયમાં જે કર્મ, કર્ત્તા અને કાર્યની ત્રિપુટી હોય છે, તેનો પણ નાશ થાય છે. જેવી રીતે ગર્ભિણી સ્ત્રીને હણવાથી તેના ગર્ભનો ભિન્ન ઘાત કરવો પડતો નથી;–તે પોતાની મેળે જ મરી જાય છે–[૭૧] તે જ પ્રમાણે, અજ્ઞાનનો નાશ થયો, એટલે સર્વ કર્મોનો સ્વાભાવિક રીતે જ નાશ થઇ જાય છે. એવી રીતે સર્વ પ્રકારે સર્વ કર્મોનો સમૂળ નાશ થવો, એને જ સંન્યાસ કહેવામાં આવે છે અને તે જ તે (જિજ્ઞાસુ)ને પ્રાપ્ત થાય છે.[૭૨] હવે અજ્ઞાનના ત્યાગને લીધે સર્વ દૃશ્ય પદાર્થો નષ્ટવત્ થયા, એટલે પછી જે જાણવાની

વસ્તુ છે, તે તો તે પોતે જ બની જાય છે.[૭૩] જેમ મનુષ્ય નિદ્રામાંથી જાગ્રત થતાં પોતે ખાબોચીઆમાં ડૂબી જવાનો તેને સ્વપ્નમાં જે ભ્રમ થયેલો હોય, તેને સત્ય માનીને પોતાને બચાવવાનો પ્રયત્ન કરશે ખરો કે? નહિ જ.[૭૪] એ જ પ્રમાણે, 'હું કળી શકતો નથી-આ બાબતને હું જાણી લઇશ' એ તેના દુઃસ્વપ્નનો લોપ થાય છે અને જ્ઞેય તથા જ્ઞાતાનો પણ લોપ થઇને તે પોતે કેવળ જ્ઞાનરૂપ બની જાય છે.[૭૫] હે અર્જુન! પ્રતિબિંબ સહિત દર્પણને દૂર ખસેડવાથી જેવી રીતે જોનાર જોવાપણા વિનાનો જ હોય છે,[૭૬] તે પ્રમાણે અજ્ઞાન જે જાય છે, તે એકલું ન જતાં સાથે જ્ઞાનને પણ લેતું જાય છે અને એમ થતાં પાછળ કેવળ નિષ્ક્રિય જ્ઞાન જ અવશિષ્ટ રહે છે.[૭૭] હે અર્જુન, એ નૈષ્કર્મ્ય ભૂમિકામાં સ્વભાવતઃ કોઇ પણ ક્રિયા નથી અને તેથી એ સ્થિતિને નૈષ્કર્મ્ય સિદ્ધિના નામથી ઓળખવામાં આવે છે.[૭૮] તે આપણું સ્વરૂપ હોઇને ન હોવાપણાના ભ્રમથી જે હોવાપણું આવે છે, તેનો પણ લોપ થઇને કેવળ હોવાપણું જ બાકી રહે છે. જેવી રીતે વાયુના ઉપાધિથી ઉત્પન્ન થતી લહરીઓ વાયુનો લોપ થતાં પોતાની મેળે જ પાણીમાં શમાઇ જાય છે-એકરૂપ થઇ જાય છે, તે પ્રમાણે[૭૯] એવું કોઇ પણ કર્મ ન થવાની જે સ્થિતિ, તેને નૈષ્કર્મ્ય સિદ્ધિ કહેવામાં આવે છે અને એ જ સ્થિતિ સહજ સ્વભાવે સર્વ સિદ્ધિઓમાં મુખ્ય છે.[૯૮૦] કલશ ચઢી ગયા પછી જેમ દેવમંદિરના કાર્ય (બાંધ કામ) ની સમાપ્તિ થાય છે, અથવા ગંગા સમુદ્રમાં જઇ મળતાં પછી તેનું ગંગા નામ રહેતું નથી અથવા તો સુવર્ણને શુદ્ધ કરતાં પૂરો કસ આવે કે તરત તેને શુદ્ધ કરવાની ક્રિયા બંધ થાય છે;[૮૧] તે જ પ્રમાણે, જે જ્ઞાને આપણા અજ્ઞાનને નષ્ટ કરેલું હોય, તે જ્ઞાનનો પણ લોપ થઇ જાય એવી જે સ્થિતિ,[૮૨] તે સ્થિતિ કરતાં વિશેષ ઉત્તમ બીજું કાંઇ પણ પ્રાપ્ત થવાનું રહેતું નથી અને તેથી એને પરમ સિદ્ધિ કહેવામાં આવે છે.[૮૩]

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय निष्ठा ज्ञानस्य या परा ॥ ५० ॥

[હે કૌન્તેય! એ જ્ઞાનનિષ્ઠા યોગ્યતા રૂપ સિદ્ધિ જેને પ્રાપ્ત થયેલી છે, તેને બ્રહ્મની પ્રાપ્તિ કેવા પ્રકારે થાય છે, તે હું સંક્ષેપથી કહું છું, તે જાણી લે. એ જે બ્રહ્મપ્રાપ્તિ, તે જ જ્ઞાનની પરમ સીમા છે. ૫૦]

"પરંતુ શ્રી ગુરુકૃપાના યોગે જે કોઇ ભાગ્યવાન્ પુરુષને એ આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે;[૮૪] સૂર્યનો ઉદય થતાં જ જેમ અંધકારનો જ પ્રકાશ થાય છે અને દીપકની જ્યોતિ કર્પૂર અડકતાં તે જેમ દીપક બની જાય છે;[૮૫] અથવા તો મીઠાના ગાંગડાને પાણીમાં મેળવવાથી તે જળરૂપ થઇ રહે છે;[૮૬] અથવા તો નિદ્રાધીન મનુષ્યને જાગ્રત કરતાં મિથ્યા સ્વપ્ન સહિત તેની નિદ્રાનો નાશ થઇને તે જેમ પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત થાય છે;[૮૭] તેવી રીતે દૈવયોગે જે કોઈની વૃત્તિ ગુરુના વાક્યનું શ્રવણ કરતાંની સાથે જ ભેદનો નાશ કરીને સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે,[૮૮] એટલે પછી તેના માટે કાંઈ પણ કરવાનું અવશિષ્ટ રહે છે, એમ કોણ કહી શકે એમ છે વારુ? આકાશ સર્વત્ર ભરેલું હોવાથી તેનામાં અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં આવવા જવાનો ધર્મ સંભવે છે કે?[૮૯] અર્થાત્ જેને આત્મસિદ્ધિ પ્રાપ્ત થયેલી છે, તેના માટે પછી કાંઇ પણ કર્તવ્ય અવશિષ્ટ રહેતું નથી. પરંતુ જે સાધકને એટલો અધિકાર પ્રાપ્ત થયેલો ન હોય; (અસંભાવના અને વિપરીત ભાવના આદિ દોષો હોવાથી બુદ્ધિનો નિશ્ચય થયેલો ન હોય;)[૯૯૦] હે અર્જુન! તોપણ કોઈ એક સાધક-કે જે તીવ્ર અધિકારી છે, તે, શ્રીગુરુના વચન અને તેના કર્ણનો મેળાપ થતાંની સાથે જ બ્રહ્મરૂપ થઈ જાય છે.[૯૧] નહિ તો, જે મંદાધિકારી સાધકે સ્વકર્મરૂપ

અગ્નિમાં કામ્ય કર્મ અને નિષિદ્ધ કર્મરૂપ ઇંધનવડે રજોગુણ અને તમોગુણને પ્રથમથી જ બાળી નાંખ્યા હોય;[૯૨] અને ત્યારપછી પુત્ર, વિત્ત (ધન), અને સ્વર્ગ આદિ લોક એ ત્રણેનો કામ (ઇચ્છા) જેને સ્વાધીન થઇને જેના ઘરનો ગુલામ થયો હોય;[૯૩] ભિન્ન ભિન્ન નિષિદ્ધ કર્મોમાં પ્રવેશ કરવાથી જે ઇંદ્રિયો ભ્રષ્ટ થયેલી હતી, તેમને યોગમાંના, પ્રત્યાહારરૂપ તીર્થમાં સ્નાન કરાવીને જેણે પવિત્ર કરેલી હોય;[૯૪] અને સ્વધર્મના આચરણથી પ્રાપ્ત થનાર ફળને ઈશ્વરાર્પણ કરીને તેના પ્રસાદથી અક્ષય્ય વૈરાગ્ય પદ પ્રાપ્ત કરી લીધું હોય;[૯૫] એવા પ્રકારે આત્મસાક્ષાત્કાર રૂપ જે જ્ઞાન, તે જ્ઞાન થવા માટેનાં જે સાધનો જોઇએ, તે સર્વ સાધનોને મેળવેલાં હોય;[૯૬] તથા તેવામાં જ સદ્‌ગુરુનો મેળાપ થાય અને તેઓ પણ છેતરપિંડી ન કરતાં સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ કરી દે.[૯૭] પરંતુ ઔષધ લેતાંની સાથે જ તત્કાળ રોગની નિવૃત્તિ થઇને પોતાની મૂળ પ્રકૃતિની સ્થિતિ કદાપિ પ્રાપ્ત થાય છે ખરી કે? અથવા તો પ્રાતઃકાળમાં સૂર્યનો ઉદય થતાંની સાથે જ મધ્યાન્હ કાળ થાય છે ખરો કે?[૯૮] ઉત્તમ ભૂમિ હોય, પર્જન્યવૃષ્ટિ થાય અને ઉત્તમ બીજ પણ વાવવામાં આવે, એટલે તે ભૂમિમાં વિપુલ પાક આવે છે ખરો, પણ હે અર્જુન, તેને વિલંબ લાગે છે.[૯૯] ઉત્તમ માર્ગ હોય અને કોઈ સારા માણસનો સાથ પણ મળી ગયો હોય, તોપણ જે સ્થળે આપણે જવાનું હોય, તે સ્થળે પહોંચતાં આવશ્યકીય સમય તો લાગવાનો જ.[૧૦૦૦] એ પ્રમાણે, વૈરાગ્ય પણ પ્રાપ્ત થાય, સદ્‌ગુરુનો ભેટો થાય અને જ્ઞાનને પ્રાપ્ત કરી લેવા માટેની અંતઃકરણમાં ઇચ્છા પણ ઉદ્‌ભવી હોય;[૧] પછી તે (ગુરુ) ના ઉપદેશથી બ્રહ્મ જ એક સત્ય છે અને તે વિના ઇતર સર્વ પ્રપંચ ભ્રાંતિરૂપ છે, એ સાંભળીને સાધકનો પણ એ પ્રમાણેનો દૃઢ નિશ્ચય થઈ જાય;[૨] પરંતુ એવો જે સર્વવ્યાપક અને સર્વોત્તમ પરબ્રહ્મ–કે જ્યાં મોક્ષ શબ્દનો પણ લોપ થાય છે;[૩] હે અર્જુન! સાધ્ય, સાધક અને સાધનની ત્રિપુટીનો જે જ્ઞાનના યોગે લોપ થાય છે, એવું જે જ્ઞાન, તે જ્ઞાન જે બ્રહ્મમાં લય પામે છે;[૪] જ્યાં ઐક્યની એકતા પણ અવશિષ્ટ રહેતી નથી અને જ્યાં આનંદ સુખનો અંશમાત્ર પણ બચતો નથી અને જ્યાં કાંઈ પણ બચીને જે અવશિષ્ટ રહે છે;[૫] એવો જે બ્રહ્મ, તે બ્રહ્મમાં એકતા પામીને રહેવું, એ કેવળ અનુક્રમથી જ પ્રાપ્ત થાય છે.[૬] ક્ષુધાતુર સમક્ષ ષડ્રસ અન્નનો થાળ પીરસીને રાખ્યો હોય, તોપણ તેથી તે એકદમ તૃપ્ત ન થતાં એક એક ગ્રાસ સાથે તેની તૃપ્તિ વધતી જાય છે અને અંતે અંતિમ ગ્રાસ સાથે તે પૂર્ણ તૃપ્ત થાય છે;[૭] એ જ પ્રમાણે, તે સાધક, વૈરાગ્યના આશ્રયથી અને વિવેકરૂપ દીપના પ્રકાશથી આત્મરૂપ ગુપ્ત ધન-ભંડારને પ્રાપ્ત કરે છે;[૮] અર્થાત્ જે સાધકના અંગમાં આત્મરૂપ ઐશ્વર્યને ભોગવવાની ખરેખરી યોગ્યતા આવેલી હોય છે;[૯] તે જે ક્રમથી બ્રહ્મપ્રાપ્તિને સુલભ કરી લે છે, તે ક્રમનો વર્મ (રહસ્ય) હું તને કહું છું તે સાંભળ.[૧૦૧૦]

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥ ५१ ॥

[જે મનુષ્ય અત્યંત શુદ્ધ બુદ્ધિવડે યુક્ત થઇને ધૈર્યથી પોતાના ચિત્તનું નિયમન કરી, શબ્દ આદિ વિષયોને ત્યાગી પ્રીતિ અને અપ્રીતિનો લોપ કરી નાંખે છે; ૫૧]

"શ્રી ગુરુએ બતાવેલા માર્ગને સ્વીકારીને તે વિવેકરૂપ તીર્થના તટપર બેસી બુદ્ધિના મળને ધોઇને નાંખે છે;[૧૧] પછી જેવી રીતે પોતે ગ્રસેલી ચંદ્રની પ્રભાને રાહુ જ્યારે છોડી દે છે ત્યારે તે પ્રભા જેમ ચંદ્રને પુનઃ આલિંગન આપે છે, તે પ્રમાણે નાના પ્રકારની દુર્વાસનાઓવડે ભ્રષ્ટ થયેલી બુદ્ધિની શુદ્ધતા પુનઃ શુદ્ધ થઇને પોતાની મૂળની સ્થિતિને પ્રાપ્ત થાય છે.[૧૨]

કુલીન સ્ત્રી જેવી રીતે ઉભય કુળના અભિમાનને ત્યાગીને કેવળ પોતાના પ્રિય પતિને જ અનુકૂળ થઈ રહે છે, તેવી રીતે બુદ્ધિ દ્વૈતભાવનાને ત્યાગીને આત્મચિંતનમાં રત થાય છે.[૧૩] જીવની પ્રિય વસ્તુ જે જ્ઞાન, તે જ્ઞાનને કાઢીને ઇન્દ્રિયોએ જે શબ્દ આદિક વિષયોને મહત્તા આપેલી—તેમની પ્રૌઢતા વધારેલી,[૧૪] તે પંચ વિષય સૂર્યનાં કિરણોના લોપ સાથે જેમ મૃગજળનો પણ પોતાની મેળે જ લોપ થાય છે, તે જ પ્રમાણે ધૈર્યવડે ઇન્દ્રિયોનો અવરોધ થયો, એટલે પોતાની મેળે જ લુપ્ત થાય છે.[૧૫] અજ્ઞાનતાથી ભ્રષ્ટના ગૃહનું ખાધેલું અન્ન જેમ તેની જાણ થતાં ઓકી કાઢવું પડે છે, તેવી રીતે અંતઃકરણમાંની વિષય વાસનાઓ ઇન્દ્રિયદ્વારા જ ઓકાવી નખાય છે.[૧૬] ત્યાર પછી અંતર્મુખ વૃત્તિરૂપ શુદ્ધ ગંગાને તીરે વૃત્તિને લાવીને સ્નાન કરાવી તેને જે શુદ્ધ કરે છે;[૧૭] ત્યાર કેડે સાત્વિક ધૈર્યવડે સર્વ ઇન્દ્રિયોને શુદ્ધ કરીને મનને યોગાભ્યાસમાં નિમગ્ન કરે છે;[૧૮] એ પ્રમાણે, પૂર્વ કર્મના યોગે સારા કે નઠારા ભોગો પ્રાપ્ત થયા હોય, તોય નઠારા ભોગ વિશે જે ખેદ કરતો નથી;[૧૯] અથવા સહજ સારા ભોગને ભોગવવાનો સમય આવ્યો હોય તો તે વિશેના અભિલાષને ધારણ કરતો નથી;[૧૦૨૦] તથા, હે અર્જુન! ઇષ્ટ કિંવા અનિષ્ટ ભોગ વિશેના હર્ષ તથા ખેદને ત્યાગીને પર્વતની ગુહામાં અથવા નિર્જન વનમાં નિવાસ કરે છે;[૨૧]

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ ५२ ॥

[જે એકાંતવાસ કરનાર, મિતાહારી, કાયા વાચા અને મનને સ્વાધીન રાખનાર, નિરંતર ધ્યાન યોગમાં તત્પર રહેનાર અને વૈરાગ્યનો આશ્રય કરનાર હોય છે; ૫૨]

"જે સ્થાનમાં લોકોનો કોલાહલ નથી એવા અરણ્યને જોઇ તપાસીને તેમાં જે નિવાસ કરે છે અને ત્યાંનો જે જનસમાજ તે કેવળ તેના અવયવસમુદાયનો જ બનેલો હોય છે;[૨૨] ઇન્દ્રિયો અને મનનો જે નિગ્રહ તે જ તેની ક્રીડા હોય છે, મૌન્ય જ તેનું બોલવું હોય છે; ગુરુ-વાક્યના મનનના વ્યવસાયને લીધે બીજા કશાનું પણ ચિંતન કરવાનો અવકાશ તેને મળી શકતો જ નથી;[૨૩] અને પોતાના અંગમાં શક્તિનો આવિર્ભાવ થાય, ક્ષુધાનો લોપ થાય અને જિહ્વાના મનોરથ પૂર્ણ થાય,[૨૪] એ ત્રણે ઇચ્છાઓની ભોજન પ્રસંગે તે લેશ માત્ર પણ પરવા કરતો નથી અને મિતાહાર કરીને પૂર્ણ સંતુષ્ટતા મેળવવાની ઇચ્છા પણ રાખતો નથી;[૨૫] અન્નપાચક જે જઠરાગ્નિ છે, તેને જો કાંઇ પણ આહાર ન આપવામાં આવે, તો તે પ્રાણનાશ કરી નાખે, એટલા માટે જેથી પ્રાણનું રક્ષણ થાય એટલા પૂરતો જ જે આહાર કરે છે;[૨૬] અને પરપુરુષની ઇચ્છા હોવા છતાં કુલસ્ત્રી જેમ તેને વશ થતી નથી, તેવી રીતે જે નિદ્રા કિંવા આલસ્યને વશ ન થઇને પોતાના આસનને ચળવા દેતો નથી;[૨૭] ઈશ્વરને દંડવત્ પ્રણામ કરતી વેળાએ ભૂમિને પોતાના શરીરનો સ્પર્શ થાય, એ ઉપરાંત કદાપિ નિદ્રા માટે અવિચારથી જે ભૂમિપર પોતાના અંગને નાખતો નથી:[૨૮] જે કેવળ શરીરના નિર્વાહ પૂરતો જ હાથ અને પગોનો ઉપયોગ કરે છે, કિંબહુના, જેણે અંતઃકરણ અને બાહ્યેન્દ્રિયોને સ્વાધીન રાખ્યાં છે;[૨૯] અને, હે અર્જુન! જે પોતાની વૃત્તિને મનના ઊંબરા સુધી પણ આવવા દેતો નથી એટલે પછી તેનામાં બોલવા ચાલવા આદિના વ્યાપારને ક્યાંથી અને કેમ કરીને આશ્રય મળી શકે વારુ?[૧૦૩૦] એવી રીતે શરીર, વાણી અને મન એ સર્વને જિતીને જેણે ધ્યાનાકાશને સ્વાધીન કરી લીધું છે;[૩૧] જે પ્રમાણે, દર્પણને હાથમાં લેતાં તેમાં આપણું પોતાનું સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે, તે જ પ્રમાણે, ગુરુવાક્યના બોધથી જેણે પોતાના બોધનો નિશ્ચય કરેલો છે;[૩૨] તે ધ્યાનનો પ્રકાર એવો છે કે, ધ્યાન કરનાર ધ્યાતા, તેની ધ્યાનરૂપી વૃત્તિ અને તે વૃત્તિથી જેનું ધ્યાન ધરવાનું તે ધ્યેય, એ

ત્રિપુટીને પોતાનામાં જ તે નિહાળે છે.[૩૩] હે પાંડુસુત! ત્યાં ધ્યેય, ધ્યાતા અને ધ્યાન એ ત્રિપુટીને વિસારીને કેવળ એક જ રૂપ અવશિષ્ટ રહે, ત્યાંસુધી ધ્યાન ધરવું પડે છે;[૩૪] એથી તે મુમુક્ષુ આત્મજ્ઞાનવિષે દક્ષ થાય છે; પરંતુ યોગાભ્યાસના પક્ષને આગળ કરીને,[૩૫] હે અર્જુન! ગુદા અને શિશ્નના મધ્યસ્થ ભાગને પગની એડીથી દબાવીને મૂળબંધ કરે છે;[૩૬] અધોભાગને સંકુચિત કરી મૂળબંધ, ઓઢિયાણબંધ અને જાલંધરબંધ એ ત્રણ બંધોવડે વાયુના ભેદને તોડીને તમને એકવિધ કરે છે.[૩૭] એવી રીતે પ્રાણોનો રોધ થયો, એટલે કુંડલિની જાગ્રત થાય છે અને તેથી મધ્યમા એટલે સુષુમ્ણા માર્ગ ખુલ્લો થાય છે; અને આધારચક્રથી આજ્ઞાચક્રપર્યન્ત પ્રાણભેદ કરીને ઉર્ધ્વગમન કરે છે.[૩૮] એમ થતાં બ્રહ્મરંધ્રમાંના સહસ્રદલકમલરૂપ મેઘમાંથી અમૃતવૃષ્ટિ થાય છે અને તેનો પ્રવાહ સુષુમ્ણા નાડીદ્વારા મૂળબંધ પર્યન્ત આવે છે.[૩૯] પછી મૂર્ધ્નિ આકાશમાં, ચૈતન્યરૂપ ભૈરવના પાત્રમાં, મન અને વાયુનો ખીચડો પીરસાય છે.[૧૦૪૦] એવી રીતે એ યોગસાધનોના બળવાન્ સમુદાયને રીતિયે, આગળ કરીને, તેની પાછળ ધ્યાનને નિશ્ચિત કરે છે.[૪૧] વળી ધ્યાન તથા યોગ એ ઉભય નિર્વિઘ્નતાથી આત્મતત્ત્વ જ્ઞાનમાં પ્રાપ્ત થવાની પૂર્વે જ,[૪૨] જે વૈરાગ્ય સમાન પરમ મિત્ર પ્રાપ્ત કરી રાખેલો હોય છે, તે, જે જે ભૂમિકામાં સાધક પ્રાપ્ત થાય, ત્યાં ત્યાં નિરંતર તેની સાથેનો સાથે જ રહ્યા કરે છે.[૪૩] આપણે જે જોવાનું છે તે, જ્યાં સૂધી ન દેખાય ત્યાં સૂધી, જો દીપકનો સંગ અખંડ હોય, તો પછી તે વસ્તુને જોવામાં શો વિલંબ લાગવાનો હતો?[૪૪] એજ પ્રમાણે, મોક્ષપ્રાપ્તિ માટેના યત્નમાં પ્રવૃત્ત થયેલા સાધકનો, તેની વૃદ્ધિ બ્રહ્મસ્વરૂપમાં લય પામે ત્યાં સૂધી, જો વૈરાગ્ય સાથે પરિચય હોય, તો પછી તેની મોક્ષપ્રાપ્તિનો ભંગ કેમ કરીને થઇ શકે?[૪૫] અર્થાત્ વૈરાગ્યયુક્ત જ્ઞાનનો અભ્યાસી ભાગ્યવાન્ પુરુષ, આત્મલાભને પાત્ર થાય છે.[૪૬] જે પુરુષ, અંગમાં વૈરાગ્યના એવા વજ્રકવચને ધારણ કરીને રાજયોગરૂપ અશ્વપર આરૂઢ થાય છે;[૪૭] અને ત્યાર પછી ન્હાની મોટી જે વસ્તુ દૃષ્ટિગોચર થાય, તેના નિવારણમાટે વિવેકરૂપ મુષ્ટિમાં બળપૂર્વક ધ્યાનરૂપ ખડ્ગને સ્વીકારે છે;[૪૮] અને એવા પ્રકારે, સૂર્ય જેવી રીતે નિઃશંકતાથી અંધકારમાં પ્રવેશ કરે છે, તેવી રીતે, જે મોક્ષરૂપ વિજયશ્રીને વરવા માટે નિઃશંકતાથી સંસારરૂપ રણક્ષેત્રમાં સંચાર કરે છે;[૪૯]

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतो ब्रह्मभूयाय कल्पते ॥ ५३ ॥

[અને જે મનુષ્ય અહંકાર, સામર્થ્ય, ઉન્મત્તતા, કામ, ક્રોધ અને સંગ્રહ આદિ વિકારોને ત્યાગીને મમતારહિત થઈ શાંત રહે છે, તે મનુષ્ય બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે. ૫૩]

"—ત્યાં તેને અટકાવવા માટે આવેલા જે દોષરૂપ વૈરીઓને તે મારે છે, તે વૈરીઓમાંનો સર્વથી પ્રથમ વૈરી દેહાહંકાર હોય છે.[૧૦૫૦] જે અહંકાર મનુષ્યને મારીને છોડતો નથી અને ઉત્પન્ન કરીને જીવવા દેતો નથી; કિન્તુ દેહના સકંજામાં સપડાવીને સબડાવ્યા કરે છે;[૫૧] અને તે અહંકારના આદિ નિવાસ સ્થાન દેહરૂપ દુર્ગને તે ભેદીને હસ્તગત કરી લે છે; અને તે જ પ્રમાણે, હે અર્જુન! બીજા બળ નામક વૈરીનો પણ તે નાશ કરી નાંખે છે.[૫૨] જે બળરૂપ શત્રુ વિષયોનું નામ સાંભળતાંની સાથે જ ચારગણો વધીને, સર્વ જગતના વિષયો વિના ઇતર વસ્તુ વિશેના ભાનને ભૂલાવી નાંખે છે,[૫૩] તે બળરૂપ શત્રુ વિષયરૂપ વિષનો કેવળ ભંડાર અને સર્વ દોષોનો રાજા છે; તોપણ તે ધ્યાનરૂપ ખડ્ગના આઘાતને કેમ કરીને સહન કરી શકે?[૫૪] નહિ જ સહન કરી શકે. પ્રિય વિષયોની પ્રાપ્તિ થવાથી જેને પરમ આનંદ થાય છે અને જે તેજ આનંદથી જીવને આચ્છાદી નાંખે છે;[૫૫] જે સન્માર્ગને ભૂલાવીને અધર્મના અરણ્યમાં પ્રવેશ કરાવી નરકાદિરૂપ વ્યાઘ્રના

પંજામાં ફસાવી દે છે;[૫૬] એવો જે વિશ્વાસઘાતક 'ગર્વરૂપ શત્રુ' છે, તે ગર્વરૂપ શત્રુને તે મારી નાંખે છે. અને જેનાથી ભયભીત થઇને તાપસી જનો થરથર કંપે છે,[૫૭] ભયંકર ક્રોધ જેનું પરિણામ છે અને જેમ જેમ લાડકોડ પૂરીએ તેમ તેમ જે વધારે અને વધારે વધતો જાય છે,[૫૮] એવો જે 'કામ,' તે કામનો સમૂળગો નાશ કરી નાંખવાથી, ક્રોધની પણ સહજ સ્વભાવે તે જ અવસ્થા થઇ જાય છે.[૫૯] વૃક્ષના મૂળને તોડી નાંખવામાં આવે, એટલે શાખાઓનો જેમ પોતાની મેળે જ નાશ થઇ જાય છે; તેજ પ્રમાણે કામનો નાશ કરવાથી ક્રોધનો પોતાની મેળે જ નાશ થઇ જાય છે.[૧૦૬૦] સારાંશ કે, કામ શત્રુને મારી નાંખવાથી ક્રોધના ગમન આગમનનો સહજ અવરોધ થઇ જાય છે.[૬૧] રાજા જેવી રીતે પ્રતિજ્ઞાથી પોતાની હેડ જેના પગમાં નાંખવાની હોય, તેના માથાપર ચઢાવીને જ તે હેડને ઉપડાવે છે, તે જ પ્રમાણે, 'પરિગ્રહ'રૂપી, શત્રુ (પ્રાપ્ત થયલી સંપત્) મનુષ્યના મનમાં સ્ફુરણ કર્યા કરે છે.[૬૨] જે પરિગ્રહ વૈરાગ્યશીલનું નામ સાંભળતાંની સાથે જ મસ્તક ધુણાવીને તે વૈરાગ્યશીલ પુરુષના અંગમાં સંચાર કરી, તેનામાં અવગુણ ઉત્પન્ન કરે છે અને 'આ મારું છે' એવા અભિમાનની જાળમાં તેને ગૂંચવી નાંખે છે;[૬૩] જે પરિગ્રહે 'આ મઠ મારો છે', 'આ મારા શિષ્યો છે' અને 'આ મારા ગ્રંથો છે' એ ચિહ્નોવડે વૈરાગ્યશીલ પુરુષને પણ પાશમાં પછાડી દીધો છે—[૬૪] જે વૈરાગ્યશીલ પુરુષ, કુટુંબ આદિ સંસારને ત્યાગીને વનમાં જઈ વસે છે, તોપણ જે પરિગ્રહ તેને ત્યાંના પદાર્થોમાં મમતા રાખવાના ભાવમાં પ્રેરે છે; સારાંશ કે, સર્વથા સાવ નગ્ન હોય, તેને પણ જે પોતાના પાશમાં ફસાવે છે;[૬૫] એવા પરિગ્રહ નામક અજેય શત્રુના ઠામ ઠેકાણાનો નાશ કરીને, જે પુરુષ સંસારને જિતવાનો આનંદ ભોગવે છે,[૬૬] તે પુરુષને, મોક્ષરૂપ દેશના અમાનિત્વાદિ સમુદાયરૂપ માંડલિક રાજાઓ ખાસ મળવા માટે આવે છે;[૬૭] અને યથાર્થ જ્ઞાનરૂપ સાર્વભૌમ રાજ્ય તે સાધકને સમર્પિત કરીને પોતે તેના પરિવારરૂપ થઇ રહે છે.[૬૮] પ્રવૃત્તિરૂપ રાજમાર્ગમાં તેની સ્વારી ચાલી જતી હોય, તે વેળાએ ત્રણ અવસ્થારૂપી ત્રણ સ્ત્રીઓ આવીને પદે પદે તેનાપરથી પોતાનાં સુખોને ઓવારી નાંખે છે.[૬૯] તે સાર્વભૌમ રાજાની આગળ વિવેકરૂપ પ્રતિહારી (ચોપદાર) બોધરૂપ સુવર્ણ-દંડને હસ્તમાં ધારણ કરીને દૃશ્ય પદાર્થોની ભીડને ભેદતો ચાલ્યા કરે છે અને યોગ ભૂમિકાઓ જાણે આરતીઓ લઇને તેનાં ઓવારણાં લેવાને આવતી હોયની, એવો જ ભાસ થાય છે.[૧૦૭૦] તે પ્રસંગે ઋદ્ધિ સિદ્ધિના અનેક સમુદાયોએ મળીને કરેલી પુષ્પવૃષ્ટિવડે તે સ્નાન કરે છે.[૭૧] એવી રીતે બ્રહ્મૈક્યરૂપ સ્વરાજ્ય પ્રાપ્ત થવાનો સમય જેમ જેમ પાસે આવતો જાય છે, તેમ તેમ તેને ત્રૈલોકય હર્ષથી ભરેલું દેખાવા માંડે છે.[૭૨] તે વેળાએ, હે અર્જુન! આ મારો વૈરી છે, કિંવા આ મારો મિત્ર છે અને તેથી આ તો મારો જ છે, એમ કહેવાની માનીનતા તેનામાં અવશિષ્ટ રહેતી નથી.[૭૩] રે એટલું જ નહિ, પણ તે જેને મારું કહે, એવું બીજું કાંઇ હોતું જ નથી; કારણ કે, તે અદ્વિતીય થએલો હોય છે. (જ્યાં દ્વૈતનો જ નાશ થઈ જાય, ત્યાં બીજું શું અવશિષ્ટ રહે ?)[૭૪] હે અર્જુન! પોતાની તે એક જ સત્તાથી સમસ્ત વિશ્વને વ્યાપી નાંખ્યા પછી અને 'મારું' કહેવાનો અવકાશ ન હોવાથી મમતાનો સર્વથા લોપ થઇ જાય છે.[૭૫] એ પ્રમાણે સર્વ રિપુવર્ગને જિતીને 'સર્વ જગત્ હું જ છું,' એવું જ્ઞાન થવાથી, યોગરૂપ ઘોડાની દોડ પોતાની મેળે જ બંધ થાય છે;[૭૬] અને પછી અંગમાં વૈરાગ્યનું જે મજબૂત બખ્તર ધારણ કરેલું હોય છે, તેને પણ તે ત્યાં ક્ષણ બે ક્ષણને માટે ઢીલું કરે છે.[૭૭]

વળી ધ્યાનખડ્ગના યોગે જેનો નાશ થાય, એવું કાંઇ પણ ન હોવાથી તેને ધારણ કરનારી વૃત્તિનો હાથ પણ અકળાઇને હેઠો પડી જાય છે.[૭૮] જેમ, જે શુદ્ધ—પરિપક્વ રસાયન હોય છે, તે રોગનો નાશ કરીને પોતે પણ નષ્ટ થઇ જાય છે, તેવી જ એની પણ સ્થિતિ થાય છે.[૭૯] અથવા તો પોતાના થોભવાના સ્થાનને જોતાં જ જેમ દોડવાનું અટકી જાય છે, તેવી રીતે બ્રહ્મપ્રાપ્તિ થતાં, અભ્યાસનો વેગ પોતાની મેળે જ અટકી પડે છે.[૧૦૮૦] ગંગા સમુદ્રમાં મળ્યા પછી જેમ પોતાના વેગને ત્યાગી દે છે અથવા તો

કામિની જેમ પોતાનો પતિ મળે એટલે શાંત થઇ જાય છે;[૯૧] અથવા તો ફળ આપ્યા પછી જેમ કેળની વૃદ્ધિ થતી અટકી જાય છે; અથવા તો ગામ આવતાં જ જેમ માર્ગ પૂરો થઈ જાય છે;[૯૨] તે જ પ્રમાણે, આપણને આત્મસાક્ષાત્કાર થશે એવો રંગ જોતાં જ, તે સાધનરૂપ હથિયારોને હાથમાંથી ધીમેથી નીચે મૂકી દે છે.[૯૩] અર્થાત્ હે અર્જુન! બ્રહ્મ સાથે ઐક્ય થવાના સમયમાં તેના સર્વ ઉપાયો (બ્રહ્મ પ્રાપ્તિમાં સાધનભૂત જે હોય છે તે કર્મો) પાછા વળે છે-બંધ પડે છે.[૯૪]

વૈરાગ્યરૂપ ધામધૂમવાળો લગ્નનો સમય, જ્ઞાનરૂપ અભ્યાસની વૃદ્ધતા અથવા યોગરૂપ ફળની પરિપકવ દશા,[૯૫] એવી જે શાંતિ, તે હે અર્જુન! તેનામાં સંપૂર્ણતાથી આવીને પ્રાપ્ત થાય છે અને ત્યારે જ તે પુરુષ બ્રહ્મ થવાનો અધિકારી થાય છે.[૯૬] પૂર્ણિમા કરતાં ચતુર્દશીને દિવસે ચંદ્રકળામાં જેટલી ન્યૂનતા હોય છે અથવા તો સોળ આનાના કસ કરતાં પંદર આનાના કસમાં જેટલી ન્યૂનતા રહેલી છે;[૯૭] જેવી રીતે સાગરમાં ગંગાએ પ્રવેશ કર્યા પછી તેનો વેગ જેટલી હદ સુધી દૃષ્ટિગોચર થાય તે ગંગા અને જ્યાં તે વેગ-પાણીનો પ્રવાહ-થોભી જાય-દેખાતો બંધ પડે છે. તે સમુદ્ર;[૯૮] એ જ. પ્રમાણેનો બ્રહ્મ અને બ્રહ્મ થનારમાં અંતર રહેલો છે અને તે અંતરનો શાંતિના યોગે તત્કાળ લોપ થઈ જાય છે.[૯૯] પરંતુ તદ્રૂપ ન થતાં બ્રહ્મને જેઓ ભિન્ન માને છે (ભિન્નતાથી જાણે છે), તેઓ જ બ્રહ્મ થવાની યોગ્યતાને પામે છે.[૧૦૯૦]

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ५४ ॥

[અને તે બ્રહ્મરૂપ થએલો (પુરુષ) પ્રસન્નાંતઃકરણ થઈને કશાનોય શોક કરતો નથી, અને કશાની ઈચ્છા કરતો નથી; કિન્તુ સર્વ ભૂતોમાં સમબુદ્ધિ રાખીને મારી પરમભક્તિને પ્રાપ્ત કરી લે છે. ૫૪]

હે અર્જુન! તે બ્રહ્મભાવની યોગ્યતાવાળો પુરુષ, ત્યાર પછી આત્મબોધરૂપી પ્રસન્નતાના સ્થાનપર વિરાજે છે.[૯૧] જે અગ્નિના યોગે પાક (પકવાન્ન)ની નિષ્પત્તિ થાય છે, તે અગ્નિની તે પકવ અન્નમાંની (પદાર્થોમાંની) ઉષ્ણતાનો જ્યારે લોપ થાય છે, ત્યારે જ તે અન્ન જેમ સમાધાનકારક (ખવાય તેવું) થાય છે;[૯૨] અથવા તો જે પ્રમાણે શરદ્ઋતુનો આરંભ થતાં વર્ષાકાળમાં પ્રતિદિવસ આવતી ભરતી અને ઓટની ગંગાની ક્ષુબ્ધતા ટળી જઈને જેમ ગંગા શાંત થાય છે-સ્થિરતાને પ્રાપ્ત થાય છે; અથવા તો ગાવાના સમારંભની સમાપ્તિ થતાં તેનાં ઉપાંગ (મૃદંગ, સિતાર, તંબૂરા આદિ) પણ બંધ પડે છે અને પાછળ કેવળ વાહ! વાહ! જ અવશિષ્ટ રહે છે;[૯૩] તે જ પ્રમાણે, આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિશે જે શ્રમ કરવામાં આવ્યા હોય, તેની પણ તે પ્રસન્ન સ્થિતિમાં એકતા થઇ જાય છે (પરિહાર થાય છે).[૯૪] (જ્યાં શ્રમોનું પણ સ્મરણ રહેતું નથી), તે સ્થિતિને આત્મજ્ઞાનની પ્રસન્નતા કહેવામાં આવે છે. હે અર્જુન! તે યોગ્ય થયેલો પુરુષ એ સ્થિતિને ભોગવે છે.[૯૫] તે વેળાએ ઐક્ય ભાવનું પૂર આવવાથી અમુક એક વસ્તુ મારી છે, એમ માનીને તેને માટે શોક કરવો અથવા તો કોઇ પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા કરવી, એ બન્ને વાતો પોતાની મેળેજ થતી અટકી જાય છે.[૯૬] સૂર્યનો ઉદય થતાં સર્વ નક્ષત્રો પોતાના તેજને ખોઇ બેસે છે;[૯૭] તે જ પ્રમાણે, હે અર્જુન! આત્મપૃથા (આત્માનુભવ) ની પ્રાપ્તિ થતાં, તે ભૂતોમાં જ્યાં જ્યાં દૃષ્ટિપાત કરે, ત્યાં ત્યાં ભેદભાવ ભેદાતો જઈને, અન્તે નષ્ટ થઈ જાય છે.[૯૮] પાટી (સ્લેટ)પર લખેલા અક્ષરો હાથવતી ભૂંસાડી શકાય છે, તે જ પ્રમાણે તેની દૃષ્ટિથી સર્વ ભેદ અને દ્વૈતનો લોપ થઈ જાય છે.[૯૯] એના યોગે જાગ્રતિ અને સ્વપ્ન એ બે અવસ્થાઓમાંનાં જે વિપરીત જ્ઞાનો છે, તે ઉભય જ્ઞાનો અજ્ઞાનમાં લીન થઈ જાય છે.[૧૧૦૦] પછી, અન્યથા જ્ઞાનનું કારણ જે અજ્ઞાન, તે પણ આત્મબોધના વધવાથી જરતું જરતું, પછીથી પૂર્ણ બોધમાં લુપ્ત થઈ જાય છે.[૧] ભોજનનો આરંભ કર્યા પછી જેમ પ્રત્યેક ગ્રાસથી ક્ષુધા ઓછી થતાં થતાં, અંતે છેવટના ગ્રાસ સાથે ક્ષુધાનો અંત થાય છે અને તૃપ્તિ થઈ જાય છે;[૨]

અથવા તો ચાલવાના ક્રમથી માર્ગ ઓછો થતો થતો સ્વસ્થાન આવે, એટલે ચાલવાનો જ અંત આવી જાય છે;[૩] અથવા મનુષ્ય જેમ જેમ ધીમેથી જાગ્રત થતો જાય છે, તેમ તેમ નિદ્રા ઓછી થતી જાય છે અને પૂર્ણ જાગ્રત થતાં નિદ્રાનો સર્વથા લોપ થાય છે;[૪] અથવા પૂર્ણિમાના દિવસે પૂર્ણકળા પ્રાપ્ત થતાં જેમ ચંદ્રની વૃદ્ધિનો અંત આવીને શુકલપક્ષની સમાપ્તિ થાય છે;[૫] તે જ પ્રમાણે, બોધ્યનો લોપ થતાં પૂર્ણ બોધમાં બોધત્વ પણ જ્યારે સમભાવથી ઐક્ય પામે છે, તે વેળાએ સર્વ અજ્ઞાનનો લોપ થઈ જાય છે.[૬] કલ્પાંત સમયે સર્વ જળમય થઇ જાય છે, તે વેળાએ સમુદ્ર અને નદીનો ભેદ જતો રહીને આબ્રહ્મસ્તંભ પર્યન્ત (બ્રહ્માથી માંડી સર્વ જડ પદાર્થ સુધી) જેમ જળ જ સર્વત્ર અને જળ વિસ્તરે છે;[૭] અથવા ઘટમઠ આદિ ઉપાધિઓનો લોપ થતાં જેમ કેવળ એકલું આકાશ જ અવશિષ્ટ રહે છે; અથવા કાષ્ઠ માત્રનો લોપ થતાં કેવળ અગ્નિ જ બાકી રહે છે;[૮] અથવા અનેક પ્રકારના અલંકારોને ભઠ્ઠીમાં નાંખીને ગાળી નાંખતાં અલંકારનાં નામો અને આકારનો લોપ થઈ જવાથી કેવળ સુવર્ણ જ અવશિષ્ટ રહે છે;[૯] અથવા મનુષ્ય જાગ્રતા થાય એટલે સ્વપ્નનો નાશ થાય છે અને પછી કેવળ તે પોતે જ અવશિષ્ટ રહે છે;[૧૧૧૦] તે જ પ્રમાણે એક મારાવિના તેનો સુદ્ધાં પણ તે પુરુષને ભેદ રહેતો નથી.

એ સ્થિતિને જ્ઞાનીજનો ચોથી ભક્તિ કહે છે, કે જે તેને પ્રાપ્ત થાય છે.[૧૧] બીજા આર્ત્ત (દુઃખિત), જિજ્ઞાસુ અને અર્થાર્થી એ ભેદો છે અને એ ભેદોને જોઈને જ એ સ્થિતિને ચતુર્થ ભક્તિનું નામ આપવામાં આવ્યું છે.[૧૨] નહિ તો, ખરી રીતે પ્રથમ, દ્વિતીય, તૃતીય કે ચતુર્થ એવું કોઇ પણ નામ એને આપી શકાય તેમ નથી જ; પરંતુ કેવળ મારી જે સહજ સ્થિતિ, તેને જ ભક્તિના નામથી ઓળખવામાં આવે છે.[૧૩] જે ભક્તિ અજ્ઞાનને પ્રકાશિત કરીને મને જ વિપરીત ભાવ બતાવી સર્વ લોકોદ્વારા મારી ભક્તિ કરાવરાવીને સમજાવ્યા કરે છે;[૧૪] જે ભક્ત જે સ્થાનમાં જેવી કલ્પના કરી જુએ, તેને ત્યાં તેની કલ્પના પ્રમાણે જ દેખાય છે, એ તે અખંડ પ્રકાશના યોગે ભાસે છે.[૧૫] જેવી રીતે પોતાનું અસ્તિત્વ હોવાથી સ્વપ્નનું અસ્તિત્વ અને અનસ્તિત્વ ભાસે છે, તે જ પ્રમાણે, જે પ્રકાશવડે વિશ્વનો ઉદય અને લોપ (અસ્ત) થાય છે;[૧૬] એવો હે કપિધ્વજ! મારો જે સહજ પ્રકાશ છે, તેને જ ઉત્તમ ભક્તિ કહેવામાં આવે છે.[૧૭] અર્થાત્ 'આર્ત્ત' ભક્તમાં પોતે જ આર્ત્તિ (દુઃખ)રૂપ થઇને જે પદાર્થની અપેક્ષા કરવામાં આવે, તે પદાર્થ પણ એ ભક્તિ પોતે જ બને છે;[૧૮] તે જ પ્રમાણે, હે અર્જુન! જિજ્ઞાસુ ભક્તમાં જ્ઞાનની ઇચ્છા અને જ્ઞાન એ બન્ને પણ તે પોતે જ બને છે.[૧૯] હે અર્જુન! એ ભક્તિ પોતે જ અર્થ, અર્થપ્રાપ્તિનું સાધન અને અર્થપ્રાપ્તિની ઇચ્છા કરનાર એ પ્રમાણેની ત્રિપુટી બનીને મને જ અર્થ નામની મર્યાદામાં લાવી મૂકે છે.[૧૧૨૦] એવી રીતે અજ્ઞાનને વશ થઈ જે મારી ભક્તિ રહેલી છે તે ભક્તિ હું જે દ્રષ્ટા (જોનારો), તે મને દ્રષ્ટાને જોવાની વસ્તુ બનાવે છે.[૨૧] દર્પણમાં પોતાના સ્વરૂપને જોવા પછી જ તેનો પ્રતિબિંબ દેખાય છે, એમાં કશી પણ શંકા નથી; પણ મિથ્યા દ્વૈતભાવ (એક મુખનાં બે મુખ દેખાવાં) એને તો દર્પણ જ જન્મ આપે છે.[૨૨] દષ્ટિવડે ચંદ્ર દેખાય છે એ જો કે ખરું છે; પરંતુ એક ચંદ્રના બે ચંદ્ર દેખાવા, એ પરિણામ આંખોમાં 'તિમિર' નામનો રોગ હોવાથી જ થાય છે.[૨૩] એ જ પ્રમાણે, ભક્તિના યોગે કેવળ હું અને હું જ સર્વત્ર પ્રતીત થાઉં છું; પરંતુ જે દૃશ્યત્વ છે, તે મિથ્યા હોઈને માત્ર અજ્ઞાનની ઉપાધિથી જ થાય છે.[૨૪] તે ભેદને દર્શાવનાર અજ્ઞાનનો એ ભક્તિના યોગે લોપ થઇને જેવી રીતે ઉપાધિનો નાશ થતાં પ્રતિબિંબ પોતાના સ્વરૂપમાં ઐક્ય પામે છે, તેવી રીતે મારું દૃષ્ટત્વ મને આવીને મળે છે (મારામાં જ લીન થાય છે).[૨૫] જે વેળાએ સુવર્ણમાં મેલનું મિશ્રણ થયેલું હોય છે, તે વેળાએ પણ તે સુવર્ણ તો અવશ્ય હોય છે જ; પરંતુ તે મેલને કાઢી નાંખવાથી જેમ શુદ્ધ સુવર્ણ જ કેવળ અવશિષ્ટ રહે છે;[૨૬] અરે, પૌર્ણિમાની પૂર્વે પણ ચંદ્ર સંપૂર્ણ નથી હોતો કે શું? છતાં પૌર્ણિમાને દિવસે

ની પૂર્ણતા જેમ તેને આવીને ભેટે છે;[૧૭] તેવી રીતે હું જ વૃત્તિજ્ઞાનદ્વારા દૃષ્ટિગોચર થાઉં છું, પરંતુ તેમાં દૃષ્ટત્વરૂપ ભેદ રહેલો હોય છે અને જ્યારે એ દૃષ્ટત્વનો લોપ થાય છે, ત્યારે હું પોતે જ મને પોતાને પ્રાપ્ત થાઉં છું.[૧૮] એટલા માટે, હે પાર્થ! મારો જે ચતુર્થ ભક્તિયોગ છે, તે દૃશ્ય માર્ગ કરતાં સર્વથા ભિન્ન છે.[૧૯]

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥ ५५ ॥

[અને તે હું જેટલો તથા જેવો છું, તેવા મને તે ભક્તિના યોગે યથાર્થ જાણે છે અને મને યથાર્થ જાણ્યા પછી તે મદ્રૂપ થાય છે. ૫૫]

એ જ્ઞાનભક્તિના યોગે મારામાં જે ઐક્ય પામે છે, તે કેવળ હું જ છું; (અર્થાત્ તેનામાં અને મારામાં અંતર નથી–તે મદ્રૂપ જ છે) એ તો તું જાણે છે જ.[૧૧૩૦] હે અર્જુન! કારણ કે, ‘ જ્ઞાની મારો આત્મા છે ’ એમ (સપ્તમ અધ્યાયમાં) હાથ ઊંચો કરીને મેં પ્રતિજ્ઞાપૂર્વક કહેલું છે.[૩૧] હે અર્જુન! એ ભક્તિ ઉત્તમ હોવાથી જ કલ્પના આરંભમાં ભાગવતના મિષથી એનો મેં બ્રહ્મદેવને ઉપદેશ કર્યો હતો.[૩૨] જ્ઞાની જનો એ જ ભક્તિને સ્વસંવિતી કહે છે; શૈવ લોકો એને શક્તિના નામથી ઓળખે છે અને હું એને મારી પરમભક્તિ કહું છું.[૩૩] એ ભક્તિ તે ક્રમયોગીને મારી જોડે ઐક્ય થતી વેળાએ ફળરૂપ થાય છે; અને ત્યાર પછી આ સર્વ વિસ્તાર કેવળ મારાવડે જ ઓતપ્રોત ભરેલો છે (એવું જ્ઞાન કરાવી આપે છે).[૩૪] એ સમયે વિચાર સહિત વૈરાગ્ય નષ્ટ થાય છે; બંધનો મોક્ષ સહિત લોપ થાય છે અને વૃત્તિ (નિવૃત્તિ) આવૃત્તિ સહિત નામશેષ થઇ જાય છે.[૩૫] જે ભક્તિના યોગે આ તરફ અને પેલી તરફના ભેદનો નાશ થાય છે–જેમ આકાશ (પૃથ્વી, અપ્, તેજ અને વાયુ એ) ચારે ભૂતોને વ્યાપીને શેષ રહે છે–[૩૬] તે પ્રમાણે, આ તીર, મધ્ય ભાગ અને પર તીર એ રીતે સાધ્ય, સાધન અને સાધક એ ત્રિપુટી-થીપર જે મારું શુદ્ધ સ્વરૂપ, તેની જોડે ઐક્ય પામીને મારું ભજન કરે છે.[૩૭] ગંગા સિંધુમાં મળી ગયા પછી તે સમુદ્ર કરતાં પણ વધારે શોભે છે તેવી રીતે મારી સાથે જે ઐક્યને પામેલા છે, તે દ્વૈત વિના મારી ભક્તિનો ઉપભોગ લે છે;[૩૮] અથવા તો બે દર્પણોને સ્વચ્છ કરીને એક બીજાની સ્હામા મૂકતાં, તેઓ જેમ એકમેકને જોવાનું સુખ ભોગવે છે, તે પ્રમાણે મદ્રૂપ–મારારૂપ–થતાં તે જ્ઞાની મારી ભક્તિનો ઉપભોગ લે છે.[૩૯] એટલું જ નહિ, પણ દર્પણને એક બાજૂએ ખસેડી દેવાથી અને તેમાંનું પ્રતિબિંબ અદૃશ્ય થવા છતાં પણ જોનાર પોતામાં જ પોતાના સ્વરૂપનો આનંદ ભોગવે છે.[૧૧૪૦] જાગ્રત થવા પછી સ્વપ્નનો લોપ થતાં, પોતાના સ્વરૂપમાં મળી ગયા કે પછી જેમ પોતાના ઐક્યને દ્વૈત વિના જ ભોગવે છે,[૪૧] અને એ વિશે શંકા કરનાર એવી શંકા કરે છે કે, ઐક્ય પામ્યા પછી તેનો ભોગ કેમ કરીને લઇ શકાય? એનું ઉત્તર એ છે કે, શબ્દથી શબ્દનો ઉચ્ચાર કેમ કરી શકાય છે?[૪૨] આ શંકાથી તો શંકા કરનારના ગ્રામમાં સૂર્યને દીપક લઇને જોવાનો રિવાજ હોય, એવું જ દેખાય છે. અથવા તો તેમને ત્યાં આકાશનો માંડવો નાંખવાનો પ્રઘાત હોય, તોય પરમાત્મા જાણે![૪૩] અરે, જેનામાં રાજત્વનો અભાવ જ હોય, તે રાજા, રાજાપણાનાં કેવાં કેવાં સુખો ભોગવે છે, એની કલ્પના કેમ કરીને કરી શકે? અથવા તો સૂર્યને અંધકાર આલિંગન આપી શકે એમ છે ખરું? નહિ જ.[૪૪] જે પોતે આકાશ થયો નથી, તે આકાશની વ્યાપ્તિને કેવી રીતે જાણી શકે? ગુંજાના અલંકારો રત્નના અલંકારની બરાબરી કેમ કરી શકે?[૪૫] અર્થાત્ જે મદ્રૂપ થએલો નથી, તે, હું ક્યાં છું એ તત્ત્વને ક્યાંથી સમજી શકે? અને એમ હોવાથી તે મારું ભજન કરે છે, એમ કેમ કહી શકાય?[૪૬]

સારાંશ કે, ક્રમથી આવનારો યોગી જ્યારે મત્સ્વરૂપ થાય છે, ત્યારે જ મારા સ્વરૂપનો ઉપભોગ લે છે. જેવી રીતે તરુણ સ્ત્રી પોતાના તારુણ્યનો ઉપભોગ લે છે;[૪૭] જળની લહરીઓ સર્વ તરફથી જેવી રીતે જળનું જ સેવન કરે છે; અથવા જે પ્રકાશ છે, તે સર્વ પ્રકારે કરીને સૂર્યબિંબમાં જ રહેલો હોય છે; અથવા પોલાણ જેમ સર્વથા આકાશને જ વ્યાપી રહે છે;[૪૮] તે જ પ્રમાણે, મારું સ્વરૂપ થઈને (યોગથી મદ્રૂપ થયેલો યોગી) ક્રિયાવિના મારું ભજન કરે છે. જેવી રીતે અલંકાર સુવર્ણને સહજ ભજે છે;[૪૯] ચંદનનું સૌગંધ્ય ચંદનનું સેવન કરે છે; કિંવા ચંદ્રની પ્રભા સહજ ચંદ્ર પાસે જ (રહેલી) હોય છે;[૧૧૫૦] તે જ પ્રમાણે, ક્રિયા કરે જાય છે, તથાપિ તેની અદ્વૈત સ્વરૂપમાં જ ભક્તિ હોય છે. એનું રહસ્ય અનુભવ લીધાથી જ સમજી શકાય છે. એ વાર્તા બોલી બતાવવા જેવી અથવા તો મુખથી વર્ણવી શકાય તેવી નથી.[૫૧] પરન્તુ એવો યોગ્યતાને પામેલો મનુષ્ય, પૂર્વના સંસ્કારના યોગે જે કાંઈ બોલે છે, તે બોલવાથી હું આર્દ્ર થતો હોવાથી તેણે બોલાવતાંની સાથે જ હું તેને સાદ આપું છું.[૫૨] જ્યાં બોલનારને તેનાવિના બોલવા માટે બીજો કોઇ મળતો નથી, ત્યાં તે બોલે છે, એમ કેવી રીતે કહી શકાય? એવા પ્રકારનું જે બોલવું, તે ન બોલવા બરાબર જ હોઇને તે જ મારું ઉત્તમ સ્તવન છે;[૫૩] અર્થાત્ તે બોલતો હોવા છતાં અને તે બોલવાથી હું મળવા છતાં, તે બોલવું જ મૌન્ય થાય છે અને તે મૌન્યવડે જ ખરેખરું મારું સ્તવન કરાય છે.[૫૪] તેમ જ, હે કિરીટિ! તેની બુદ્ધિ કિંવા દૃષ્ટિથી તે જે જે જાણે છે, તે જાણવું અને જોવું, જાણવાની અથવા જોવાની વસ્તુને દૂર કરીને જાણનારને અને જોનારને જ જુવે છે.[૫૫] દર્પણમાં જોવા પૂર્વે જે મુખ હોય છે, તે જ દર્પણને જોતાંની સાથે જ, દર્પણને ન જોતાં મુખને જ જુવે છે; તે પ્રમાણે તેનું જોવું જોનારને જ બતાવે છે.[૫૬] જોવાની વસ્તુનો લોપ થતાં જો જોનાર જોનારને જ જુવે, તો પછી જોવાપણાનો ધર્મ બાકી રહેતો નથી.[૫૭] સ્વપ્નમાં જોયેલી સ્ત્રીને જાગ્રત થઈને મહાપ્રેમથી આલિંગન આપવા જતાં આલિંગન આપનાર અને આલિંગન આપવાની વસ્તુ એ બન્નેનો અભાવ હોય છે, ત્યાં એકલો પુરુષ જ હોય છે (પણ સ્ત્રી હોતી નથી);[૫૮] અથવા તો બે કાષ્ઠના ઘર્ષણથી જે અગ્નિ ઉત્પન્ન થાય છે, તે બન્ને કાષ્ઠોને બાળીને તેમના નામનો લોપ કરી કેવળ પોતે જ અવશિષ્ટ રહે છે;[૫૯] અથવા તો પાણીમાં પડેલા પોતાના પ્રતિબિંબને જો સૂર્ય હાથવતી લેવા જાય, તો જેમ તેના પ્રતિબિંબનો લોપ થવા સાથે તેના બિંબત્વનો પણ અભાવ થઇ જાય છે;[૧૧૬૦] તે જ પ્રમાણે, મદ્રૂપ થઇને જે દૃશ્ય વસ્તુ જોવા જાય છે, તેને તે બીજી દૃશ્ય વસ્તુ ભિન્ન દેખાતી નથી; કિન્તુ તેના દૃષ્ટત્વનો પણ લોપ થઈ જાય છે.[૬૧] સૂર્ય અંધકારને પ્રકાશિત કરવા જતાં પ્રકાશ્ય અંધકાર જ જ્યાં અવશિષ્ટ રહેતો નથી; એટલે પછી સૂર્યના પ્રકાશક ધર્મનો પણ લોપ થાય છે; અર્થાત્ એ પ્રમાણે જ્યારે દૃશ્ય વસ્તુ હું જ થયેલો છું, તો પછી મારાથી દૃશ્ય વસ્તુ ભિન્ન ન હોવાથી જોનાર દ્રષ્ટા પણ અવશિષ્ટ રહેતો નથી;[૬૨] અર્થાત્ જોવું અને ન જોવું, એ વિનાની જે સ્થિતિ, તે જ મારું ખરેખરું દર્શન છે![૬૩] હે કિરીટિ! ગમે તે પદાર્થના મળવા સાથે તેને એ દર્શન થઇ શકે છે અને તેથી તે સદા સર્વકાળ દૃશ્ય અને દ્રષ્ટા એવા દ્વૈતથી જે દૃષ્ટિ પર છે, તેને યથેચ્છ ભોગવે છે.[૬૪] આકાશ સર્વવ્યાપક હોવાથી તેનામાં જેમ ઢળી જવાપણું નથી, તેવી રીતે હું જે આત્મા, તે આત્માવડે સર્વત્ર મારી જ વ્યાપ્તિ થયેલી છે.[૬૫]

કલ્પાંતના સમયમાં સર્વત્ર ઓતપ્રોત ઉદક અને કેવળ ઉદક જ ભરાઈ જવાથી જેમ ઉદકનો વહન વ્યાપાર અટકી જાય છે; તેવી રીતે સમસ્ત વિશ્વ આત્મતત્વથી ઉભરાયલું હોવાથી તેના માટે આત્મા વિના બીજો પદાર્થ જ અવશિષ્ટ રહેતો નથી.[૬૬] પગ પોતાનું જ ઉલ્લંઘન કરી શકશે ખરો? અગ્નિ અગ્નિને બાળશે ખરો? પાણી પાણીમાં જ સ્નાન કરી શકશે ખરું? નહિ જ.[૬૭] અર્થાત્ સર્વત્ર મારી વ્યાપ્તિ થવાથી તેનું આવવું જવું બંધ થાય છે અને અદ્વય જે હું

પરમાત્મા, તેની યાત્રાનો તેને તે કૃતિથી જ લાભ મળે છે.[૬૮] તેમ જ, પાણીપરનો પરપોટો મોટા વેગથી ક્વચિત્ દોડે, તો પણ તે પાણી વીના ભૂમિપર દોડતો નથી; અર્થાત્ તેનું તે દોડવું ન દોડવા જેવું જ સમજવું જોઇએ.[૬૯] અર્થાત્ જે સ્થળને છોડવાનું છે તે અને જે સ્થળે જવાનું છે તે, તેમ જ ચાલનાર અને ચાલવાનો વ્યાપાર કરનાર પગ, એ સર્વ ઉદક જ હોવાથી,[૧૧૭૦] તે તરંગ ગમે તેટલો દોડે તો પણ, હે પાંડુસુત! તે પોતે ઉદક જ હોવાથી તેના ઐક્યનો ભંગ થતો નથી.[૭૧] એ પ્રમાણે જ, મદ્રૂપ થયા પછી અહંતાથી ક્વચિત્ તેને સ્ફુરણ થાય, તોપણ તે સંપૂર્ણ મારામાં જ સમાયેલો છે. એવી જે યાત્રા, તે યાત્રાથી તે મારો જ યાત્રાળુ થાય છે.[૭૨] અને તેના શરીરના સ્વભાવને લીધે તે કાંઈ પણ કૃત્ય આરંભે, તોપણ તે કૃત્યના મિષથી હું જ તેને જઇ મળું છું.[૭૩] હે પાંડુસુત! એવી સ્થિતિમાં આ કર્મ અને આ કર્ત્તા, એ ભેદનો લોપ થઈ જાય છે અને આત્મત્વથી મને જોતાં (તે) મદ્રૂપ થાય છે.[૭૪] જેવી રીતે દર્પણને દર્પણે જોતાં તે જોવું ન જોવું જ થાય છે અથવા તો સુવર્ણને સુવર્ણથી ઢાંકીએ તો તે ઢાંકવું જેમ ઢાંકવું થતું નથી;[૭૫] દીપકને દીપક પ્રકાશિત કરે, તો તે પ્રકાશિત ન કરવા સમાન જ છે; તે પ્રમાણે જ મદ્રૂપ થઇને જે કર્મ કરવામાં આવે, તેને કર્મ કેમ કરીને કહી શકાય?[૭૬] કર્મ કરતી વેળાએ 'હું કર્ત્તા છું' એ અભિમાનનો લોપ થઈ જાય, એટલે પછી તેનું સર્વ કરવું, ન કરવા સમાન જ થાય છે.[૭૭] તેને સર્વ ક્રિયાઓ આત્મ સ્વરૂપ થયલી હોવાથી તેની એ સર્વ ક્રિયાઓને અક્રિયા જ કહેવી જોઇએ. તે જ મારી ચિદ્દપૂજા છે.[૭૮] એટલા માટે, હે કપિધ્વજ! તે જે જે ક્રિયાઓ યથાસાંગ કરે છે, તે ન કરવા પ્રમાણે થયે છતે તે જ મારી મહાપૂજા થાય છે.[૭૯] એ પ્રમાણે તે જે કાંઈ પણ બોલે, તે મારી સ્તુતિ; તે જે કાંઇ પણ નિહાળે, તે મારું દર્શન અને તે ચાલે તે મમ અદ્વયની યાત્રા.[૧૧૮૦] હે કપિધ્વજ! તે જે કાંઈપણ કરે, તે મારી પૂજા; તે જે કલ્પના કરે તે મારો જપ અને તે જે સ્થિતિમાં હોય તે મારી સમાધિ.[૮૧] જેવી રીતે સુવર્ણકંકણ સુવર્ણથી અભેદ છે, તેવી જ રીતે ભક્તિયોગથી મારામાં તે ઐક્યને પામે છે.[૮૨] જળમાં લહરી, કર્પૂરમાં પરિમલ અને રત્નમાં તેજ જેમ ભિન્ન નથી;[૮૩] વધારે કહું તોપણ શું? જેમ તંતુથી પટનું અને મૃત્તિકાથી ઘટનું ઐક્ય હોય છે, તેવી જ રીતે મારો તે ભક્ત મારામાં ઐક્યને પામે છે.[૮૪]

હે અર્જુન! એ એકનિષ્ઠ ભક્તિના યોગે દૃશ્ય માત્રમાં મને દ્રષ્ટાને–આત્માને–તે જાણે છે.[૮૫] જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓના યોગે અને શરીર તથા શરીરના ચાલકના યોગે, વ્યક્ત અને અવ્યક્તરૂપે સર્વ દૃશ્ય પદાર્થોનું સ્ફુરણ થાય છે.[૮૬] હે સુમતિ અર્જુન! તે સર્વ દૃશ્ય હું જ છું, એવા બોધના આનંદથી અનુભવની પતાકા નૃત્ય કરે છે.[૮૭] રજ્જુ (દોરી) દૃષ્ટિ-ગોચર થતાં તેમાં થયેલા સર્પનો ભાસ નષ્ટ થઇને તે રજ્જુ જ છે, એવો જ્યારે નિશ્ચય થાય છે;[૮૮] અલંકાર એક ગુંજા જેટલા પણ સુવર્ણથી ભિન્ન નથી, એવો દૃઢ નિશ્ચય થતાં અલંકારોની લગડી થાય છે;[૮૯] પાણીપર આવતા તરંગો પાણીરહિત નથી એમ બરાબર સમજીને તેના આકારથી જે ભ્રમમાં પડતો નથી;[૧૧૯૦] અથવા સ્વપ્નમાં જોયેલા સર્વ વિકારો જાગ્રત થવા પછી, ચોપાસ જોતાં ત્યાં આપણા વિના અન્ય કાંઈ પણ નથી, એમ જેવી રીતે દેખાઇ આવે છે,[૯૧] તેવી જ રીતે, જે કાંઇ પણ છે અને નથી, તેના યોગે આ જાણવા (જ્ઞાન)ની સ્ફૂર્ત્તિ થાય છે; અને તે સર્વ પદાર્થ હું જ છું, એવા અનુભવનો તે ઉપભોગ લે છે.[૯૨] હું ઉત્પન્ન ન થનારો, જરા રહિત, નાશ રહિત, અવિનાશી, જેની પૂર્વે કાંઇ નથી એવો, જેનો અંત નથી એવો અને નિત્ય આનંદમય છું, એમ તે સમજે છે.[૯૩] ચલન ન પામનાર અને પતિત ન થનાર, અંત રહિત, અદ્વૈત, સર્વનું મૂળ, નિરાકાર અને સાકાર પણ હું જ છું.[૯૪] સર્વનો ઇશ્વર, અનાદિ, અમર, અભય અને આધાર તથા આધારપર રહેનાર આધેય આદિ સર્વ હું જ છું.[૯૫] સર્વનો અધપતિ અને નિત્ય અસ્તિત્વવાન્, સહજ અને સતત સર્વ વ્યાપક, સર્વત્ર ભરેલો, તેમ જ સર્વથી પરહું છું;[૯૬] સર્વથી

નવીન અને પુરાતન; અભાવરૂપ અને સંપૂર્ણ; સર્વથી મહાન્ અને અણુરેણુ કરતાં પણ લઘુ (સૂક્ષ્મ) હું જ છું;[૯૭] ક્રિયારહિત અને એક; સંગરહિત તથા શોકરહિત; સર્વ વસ્તુઓમાં હું હોઇને મારામાં સર્વ વસ્તુઓ છે—એવો સર્વથી ઉત્તમ પુરુષ (પુરુષોત્તમ) હું જ છું;[૯૮] શબ્દાતીત અને કર્ણરહિત; રૂપરહિત અને ગોત્રરહિત; સર્વત્ર સમાન અને સ્વતંત્ર બ્રહ્મ તથા પરબ્રહ્મ હું જ છું.[૯૯] એ પ્રમાણે, આત્મસ્વરૂપમાં ઐક્ય પામીને ખરેખર મારી અદ્વય ભક્તિ કરીને તે (બ્રહ્મેવ પુરુષ) મને જાણે છે; અને એ બોધને પણ જાણનારો જે હું પરમાત્મા, તે પરમાત્મા પણ તે પોતાને જ સમજે છે.[૧૨૦૦] જેવી રીતે જાગ્રત થયા પછી આપણું એકત્વ અવશિષ્ટ રહે છે અને એ પણ જે અનુભવે છે તે જ સમજી શકે છે.[૧] પ્રકાશ કરનાર જે સૂર્ય અને જે પદાર્થને પ્રકાશિત કરવાનો હોય છે તે પદાર્થ પણ તે જ છે; અને પ્રકાશક તથા પ્રકાશ્ય એ ઉભયમાંના અભેદને પણ તે જ જાણે છે.[૨] તેમ જ, જાણવાને યોગ્ય પદાર્થના નાશ પછી કેવળ જાણનાર (જ્ઞાતા) જ અવશિષ્ટ રહે છે, એ પણ સમજી શકે છે એવો જે, તે પણ હું જ છું, એમ જે સમજે છે[૩] તેને, હે અર્જુન! અભેદપણાને જાણનારી જ્ઞાનકલા જે હું ઈશ્વર, તે પણ તે પોતે જ છે, એમ સમજવામાં આવે છે.[૪] પછી દ્વૈત અને અદ્વૈતથી પર જે આત્મા, તે આત્મા પણ હું પોતે જ છું, એમ નિઃસંશય સમજવામાં આવી જવાથી જ્ઞાન પણ જ્યાં શમાઈ જાય છે;[૫] ત્યારે જાગ્રત થવા પછી પોતાને પોતાનું જે સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે, તેનો પણ લોપ થતાં અંતે કઇ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તે પણ જેમ કહી શકાતું નથી;[૬] અથવા તો સુવર્ણની સુવર્ણતાને દૃષ્ટિથી જોતાં જ અલંકારોની લગડી ન કરવા છતાં લગડી કર્યા પ્રમાણે જ થાય છે;[૭] અથવા લવણ (મીઠા)નું પાણી થાય છે, પરંતુ તે પાણીમાં ખારાશ રહેછે અને પછી તેનો પણ લોપ થતાં જેમ લવણતાનો સર્વથા લોપ જ થઈ જાય છે;[૮] તે પ્રમાણે, હું અને તેનો જે ભેદ હોય છે, તે પૂર્ણ આનંદના ઉત્સાહમાં એકત્ર થઇ મારા રૂપમાં લય પામે છે.[૯] અને તે પણ (બીજા) ભાસનો જ્યાં લોપ થાય છે, ત્યાં 'અહમ્' (હું) નો પણ તેની સાથે લોપ થાય છે. કારણ કે, જ્યાં ભાસ ન હોય ત્યાં અહમ્ શબ્દ ક્યાંથી અવશિષ્ટ રહે? એવી રીતે હું નહિ અને તે પણ નહિ, એવું જે મારું સ્વરૂપ, તે સ્વરૂપમાં તે ઐક્યને પામે છે.[૧૨૧૦] જેમ કર્પૂર બળી જતાંની સાથે જ જેમ અગ્નિના નામનો પણ લોપ થાય છે અને ત્યાર પછી કર્પૂર તથા અગ્નિ ઉભયથી સર્વથા ભિન્ન જે આકાશ, તે જ અવશિષ્ટ રહે છે;[૧૧] અથવા એકમાંથી એક બાદ કરતાં બાકી જેમ શૂન્ય જ રહે છે, તેમ જ છે અને તેવો નથી, એ પ્રમાણેની બાદબાકી કરતાં સરવાળામાં બાકી કેવળ હું જ રહું છું.[૧૨] ત્યાં બ્રહ્મ, આત્મા અને ઈશ આદિ શબ્દોના ઉચ્ચાર માટે પણ સ્થાન નથી અને કાંઇ ન બોલવાનો પણ ત્યાં આશ્રય નથી.[૧૩] ન બોલવાનું હોય તે ન બોલીને પછી મુખ ભરીને જેમ બોલવામાં આવે છે, તે પ્રમાણે જ્ઞાન તથા અજ્ઞાનને ત્યાગીને જે જાણવામાં આવે છે,[૧૪] એવી સ્થિતિમાં બોધને બોધવડે જાણીને, આનંદને આનંદવડે ભોગવીને, તે, સુખનો સુખવડે જ અનુભવ લે છે.[૧૫] પછી લાભમાં લાભની વૃદ્ધિ થાય છે, પ્રકાશ પ્રકાશને આલિંગન આપે છે અને આશ્ચર્ય આશ્ચર્યમાં ઊભું ને ઊભું જ ડૂબી જાય છે.[૧૬] શમ વિશ્રાંતિ પામી જાય છે ને વિશ્રાંતિ પણ વિશ્રાંતિ માટે આવે છે અને અનુભવ અનુભવથી જ સંકોચ પામે છે.[૧૭] વધારે શું કહેવું? ક્રમયોગની સુંદર વલ્લરીનું સેવન કરવાથી તેને મદ્રૂપ પ્રાપ્તિનું સુંદર ફળ મળે છે.[૧૮] હે કિરીટિ! ક્રમયોગરૂપી ચક્રવર્તીના મુકુટમાંનું જ્ઞાનરૂપ રત્ન હું થાઉં છું અને મારા મુકુટમાં તે રત્ન શોભે છે.[૧૯] કિંવા ક્રમયોગરૂપ દેવાલયના મોક્ષરૂપ કળશપરના અવકાશનો પ્રસાર તે થાય છે.[૧૨૨૦] અથવા સંસારરૂપ અરણ્યમાંના ક્રમયોગરૂપ રાજમાર્ગદ્વારા મારા ઐક્યરૂપ ગ્રામમાં તે પ્રવિષ્ટ થાય છે.[૨૧] વધારે શું કહેવું? ક્રમયોગના પ્રવાહથી ભક્તિ જ્ઞાનરૂપિણી ગંગા, આનંદરૂપ સમુદ્ર જે હું, તે મારામાં આવી મળે છે.[૨૨] હે

મર્મજ્ઞ અર્જુન! એ ક્રમયોગનો આવી રીતનો મહિમા હોવાથી જ હું વારંવાર તારા સમક્ષ એનું વર્ણન કર્યા કરું છું.[૨૩] પરંતુ દેશ, કાળ અને પદાર્થની અનુકૂળતાથી, મને સાધ્ય કરી લેવાનો આ માર્ગ નથી. પણ કેવળ હું સર્વને પોતાની મેળે જ પ્રાપ્ત થવા માટેનો એ ક્રમયોગરૂપ માર્ગ છે.[૨૪] અર્થાત્ મારી પ્રાપ્તિ માટે પરિશ્રમ ન કરવા છતાં હું આ ક્રમયોગરૂપ ઉપાયથી ખરેખર સહજ પ્રાપ્ત થાઉં છું.[૨૫] મારી પ્રાપ્તિના ઉપાયને જાણવા માટે, ગુરુ અને શિષ્યનો સંપ્રદાય ખરેખર અનાદિસિદ્ધ (પરાપૂર્વનો ચાલ્યો આવતો) છે[૨૬] અરે અર્જુન! પૃથ્વીના ઉદરમાં દ્રવ્ય સિદ્ધ છે, તેમ જ કાષ્ઠમાં અગ્નિ અને આંચળમાં દૂધ એ વાતો પણ સિદ્ધ જ છે.[૨૭] પરંતુ એ વાર્તાઓ સિદ્ધ હોવા છતાં એમના લાભને મેળવવા માટે ઉપાયો તો કરવા પડે છેજ. પરંતુ તું જો મારા વિશે પૂછે, તો મારે કહેવું જોઇએ કે, હું સ્વતઃ સિદ્ધ હોવાથી મારી આડે આવનારા પદાર્થોને દૂર કરવાના ઉપાયો યોજવા જોઇએ.[૨૮]

ફળપ્રાપ્તિ થઇ જવા પછી પુનઃ દેવે શ્રીકૃષ્ણે ઉપાયોની પ્રસ્તાવના શા હેતુપૂર્વ કહી હશે, એવી કદાચિત્ કોઈ શંકા કરશે, તો તેનું સમાધાન આ પ્રમાણે છેઃ–દેવ–શ્રીકૃષ્ણના બોલવાનો અહીં એવો અભિપ્રાય છે કે,[૨૯] ગીતાનું સામર્થ્ય એવું છે કે, અત્ર કહેલા સર્વ ઉપાયોવડે મોક્ષપ્રાપ્તિ થાય છે અને ઇતર શાસ્ત્રોમાં કહેલા ઉપાયોવડે પ્રમાણોની સિદ્ધિ થતી નથી, તેના જેવું આ નથી.[૧૨૩૦] પરંતુ જેમ વાયુના યોગે સૂર્યની આડાં આવેલાં વાદળાં વિખેરાઇ જાય છે, છતાં તે વાયુ સૂર્યને ઉત્પન્ન કરી શકતો નથી; અથવા હાથવતી પાણીપરની શેવાળ દૂર કરી શકાય છે ખરી, પણ પાણી બનાવી શકાતું નથીઃ કારણ કે તે તો સ્વતઃ સિદ્ધ જ છે.[૩૧] આ જ રીતે, આત્મદર્શનની આડે આવેલો અજ્ઞાનરૂપી મલનો નાશ બીજાં શાસ્ત્રોવડે થાય છે, પરંતુ તેઓ મારા નિર્મળ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી શકતાં નથી; કારણ કે, આત્મસ્વરૂપ તો સ્વતઃ સિદ્ધ જ છે.[૩૨] અર્થાત્ સર્વ શાસ્ત્રો અજ્ઞાનનો નાશ કરવા માટે યોગ્ય છે; તેમનાથી સ્વતઃસિદ્ધ આત્માનો બોધ કરી શકાતો નથી.[૩૩] આ અધ્યાત્મ શાસ્ત્રોને ખરા આત્મસ્વરૂપનો નિર્ણય કરવાનો પ્રસંગ આવે, એટલે પછી તે શાસ્ત્રોને જે જે સ્થળે તે વિશે પૂછવાને આવવું પડે, તે આ ગીતા શાસ્ત્ર છે.[૩૪] સૂર્ય પૂર્વ દિશાને અલંકૃત કરે, એટલે સર્વ દિશાઓ જેમ પ્રકાશિત થાય છે; તે જ પ્રમાણે, સર્વ શાસ્ત્રોના આધારભૂત જે સર્વશ્રેષ્ઠ ગીતા, તે ગીતાના યોગે સર્વ શાસ્ત્રો સનાથ થયેલાં છે.[૩૫] વધારે તો શું? પરંતુ આ ગીતાએ આગળના અધ્યાયમાં એવા અનેક ઉપાયો કહેલા છે કે, જેના યોગે આત્મા પોતાને હસ્તગત થઇ શકે છે.[૩૬] પરંતુ પ્રથમ (એક જ વાર) સાંભળવાથી અર્જુનના સમજવામાં આવી શકશે કે નહિ, એ ભાવને શ્રીકૃષ્ણે અનુકંપાથી મનમાં ધારણ કરી,[૩૭] તે જ અર્થની શિષ્યમાં દૃઢતા થવા માટે, મુક્ત મનથી તેઓ પુનઃ એકવાર તેનું જ પ્રતિપાદન કરે છે.[૩૮] વિશેષમાં વળી ગીતાની સમાપ્તિ થવાનો પ્રસંગ આવેલો છે, એટલા માટે આરંભથી તે અંત પર્યન્ત ગીતામાં એક જ અર્થનું પ્રતિપાદન કરવામાં આવલું છે, એમ તેઓ બતાવે છે;[૩૯] અથવા ગ્રંથના મધ્ય ભાગમાં નાના અધિકારના પ્રસંગે અનેક સિદ્ધાંતો કહેલા છે,[૧૨૪૦] તો પણ પૂર્વાપરના સંબંધનો વિચાર ન કરતાં ગીતામાં તો અનેક સિદ્ધાંતોની રેલ છેલ છે, એમ જો કોઈ માની બેસે,[૪૧] તો મહાસિદ્ધાંતનું એકંદર ઐક્ય કરીને તેઓ તેના ઉદરમાં અનેક સિદ્ધાંત કક્ષા (યુક્તિ) મેળવીને, આરંભેલી ગીતા સમાપ્ત કરે છે, એમ સમજવાનું છે.[૪૨] અવિદ્યાનો નાશ, એ આ ગીતાની મુખ્ય ભૂમિ છે અને મોક્ષનો લાભ, એ તેનું ફળ છે. આ બે ઘટનાઓની સિદ્ધિ માટેનું જ્ઞાન કેવળ સાધન છે.[૪૩] આ જ જ્ઞાન નાના પ્રકારે ગ્રંથમાં વર્ણવ્યાથી ગ્રંથનો વિસ્તાર થએલો છે; પણ હવે તે જ જ્ઞાન હું કેવળ એક બે શબ્દોમાં જ કહું છું;[૪૪] અર્થાત્ ઉપાયવડે મળનારી વસ્તુ હાથમાં આવી છતાં તે જ વસ્તુને પ્રાપ્ત કરવાનું સાધન શ્રીકૃષ્ણે પુનઃ એટલા માટે જ કહેલું છે.[૪૫]

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ ५६ ॥

[જે મનુષ્ય મારામાં સર્વભાવ રાખે છે, તે મારા પ્રસાદથી શાશ્વત અને અવિનાશી એવા પદને પ્રાપ્ત થાય છે. ૫૬]

પુનઃ ભગવાન્ કહે છે;–હે સુભટ! ક્રમયોગરૂપ માર્ગને અનુસરનારો યોગી, મારે વિશે થયેલી નિષ્ઠાથી મદ્રૂપ થઈને મારા સ્વરૂપમાં આવી મળે છે,[૪૬] તથા સ્વકર્માનુષ્ઠાનરૂપ સુંદર પુષ્પોવડે મારી સારી રીતે પૂજા કરી મને પ્રસન્ન કરી લઇ જ્ઞાનનિષ્ઠાના પ્રસાદને તે પ્રાપ્ત કરે છે.[૪૭] જ્ઞાનનિષ્ઠા જેના હાથમાં આવેલી છે, તેનામાં મારી પરમ ભક્તિ વિકાસને પામે છે, અને તે ભક્તિના ભજનથી મારી જોડે ઐક્ય પામી તે સુખ ભોગવે છે;[૪૮] અને વિશ્વને પ્રકાશિત કરનાર હું જે આત્મા, તે આત્માને જે સર્વભાવથી અનુસરે છે તે,[૪૯] લવણ જેવી રીતે સ્વત્વના લોભને ત્યાગી જળનો આશ્રય કરે, એટલે તે જળરૂપ જ થાય છે; અથવા તો આકાશમાં ભ્રમણ કરીને અંતે વાયુ જેમ પુનઃ આકાશમાં જ લય પામે છે,[૧૨૫૦] તેમ બુદ્ધિ અને કાયાવાચા મનથી જે મારો જ આશ્રય કરીને રહે છે, તેના હાથે કોઇવાર કદાચિત્ નિષિદ્ધ કર્મ પણ બની જાય છે;[૫૧] છતાં જે મહા નદી, કિંવા માર્ગમાંના ગંદા પાણીને ગંગાનો સંબંધ (સ્પર્શ) થયો, એટલે તેઓ જેમ ગંગારૂપ થાય છે; તેવી જ રીતે મારો આશ્રય કરી રહેલા ભક્તને શુભ કિંવા અશુભ કર્મનો દોષ લાગતો નથી.[૫૨] અથવા, મલયગિરિના ચંદન અને સાધારણ કાષ્ઠનો જ્યાં સુધી તેમને અગ્નિનો સ્પર્શ થએલો નથી હોતો, ત્યાં સૂધી જ ભેદ હોય છે, (પણ અગ્નિનો સ્પર્શ થતાં બને ભસ્મ થાય છે);[૫૩] અથવા, હલકું સોનું અને સો ટચનું સોનું એવો સોનાનો ભેદ જ્યાં સુધી તેને પારસ મણિનો સ્પર્શ થએલો નથી હોતો ત્યાં સૂધી જ હોય છે;[૫૪] તેજ પ્રમાણે, જ્યાં સૂધી સર્વત્ર મારો પ્રકાશ વિસ્તરેલો નથી હોતો, ત્યાં સૂધી જ શુભ અને અશુભના ભેદનું અસ્તિત્વ હોય છે![૫૫] અરે! જ્યાં સૂધી સૂર્યના ગ્રામમાં પ્રવેશ નથી થતો, ત્યાં સૂધી જ દિવસ અને રાત્રિનો ભેદ હોય છે; (અર્થાત્ સૂર્યના ગ્રામમાં અંધકારનો અભાવ હોવાથી સર્વદા પ્રકાશ જ હોય છે, એ સ્વાભાવિક જ છે.)[૫૬] એટલા માટે, હે અર્જુન! મારો મેળાપ થતાંની સાથે જ તેનાં સર્વ કર્મોનો લોપ થઇ જાય છે અને તે સાયુજ્ય પદે વિરાજમાન થઈ શકે છે.[૫૭] જે પદનો દેશ, કાળ અને સ્વભાવથી કદાપિ નાશ થતો નથી, તે અવિનાશી પદ તેને પ્રાપ્ત થાય છે.[૫૮] વધારે શું કહેવું. હે અર્જુન! આત્મારૂપ મારી પ્રસન્નતા જેને પ્રાપ્ત થએલી છે, તેને પ્રાપ્ત ન થઈ શકે એવો કયો લાભ છે? કોઈ પણ નથી.[૫૯]

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ५७ ॥

[વસ્તુસ્થિતિ આવી હોવાથી તું મનઃપૂર્વક સર્વ કર્મો મને સમર્પિત કરી મારામાં તત્પર રહી, મારામાં બુદ્ધિ પરોવીને (મારે વિશે નિષ્ઠાવાળો) થા. ૫૭]

એટલા માટે, હે ધનંજય! તું પોતાનાં સર્વ કર્મો મારામાં સમર્પણ કરી દે, એવો સંન્યાસ કર.[૧૨૬૦] પરંતુ હે વીર! કર્મોનો એ સંન્યાસ ઉપરટપકેનો ન કરતાં વિચારમાં ચિત્તવૃત્તિ રાખીને મનઃપૂર્વક કર.[૬૧] પછી તે વિચારમાં બળથી તું પોતાનાં કર્મોથી ભિન્ન નિર્મળ સ્વરૂપનું મારા સ્વરૂપમાં દર્શન કરીશ;[૬૨] અને સર્વ કર્મોની જન્મભૂમિ જે અજ્ઞાન (માયા), તે અજ્ઞાન મારાથી બહુ જ દૂર છે, એમ તને દૃષ્ટિગોચર થશે.[૬૩] તેમ થયા પછી, હે અર્જુન! જેમ રૂપ વિના

છાયા દૃષ્ટિગોચર થતી નથી, તેજ પ્રમાણે અજ્ઞાન આપણા પોતાથી ભિન્ન નથી, એમ તારા જોવામાં આવશે.[६४] એવા જ્ઞાનના યોગે અજ્ઞાનનો નાશ થતાં સમૂળ કર્મનો અનાયાસ સંન્યાસ થવા જેવું થઈ જશે.[६५] પછી આત્માપર, ભ્રમથી કર્મનો જે ભાસ દેખાય છે, તે ભાસનો વિચારના યોગે લોપ થતાં શુદ્ધ આત્મામાં બુદ્ધિને પતિવ્રતા એટલે અનન્ય કરી સ્થાપ.[६६] એવા અનન્ય યોગવડે બુદ્ધિ જ્યારે મારામાં પ્રવેશ કરે છે, ત્યારે ચિત્ત ચિન્તન કરનાર પદાર્થને ત્યાગી કેવળ મારૂં જ ભજન કરે છે.[६७] એ પ્રમાણે, ચિન્તન કરવાના વિષયને ત્યાગીને ચિત્ત સર્વકાળ મારામાં જ પરોવાઇ રહે, એવી ત્વરિત વ્યવસ્થા કરી નાંખ.[६८]

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ॥ ५८ ॥

[જો તું મારામાં જ ચિત્ત રાખી રહીશ, તો મારા પ્રસાદથી સર્વ સંકટોમાંથી પાર પડીશ. પરંતુ જો તું અભિમાનથી મારા ઉપદેશને નહિ સાંભળે, તો અવશ્ય તું નાશને પ્રાપ્ત થવાનો. ૫૮]

એવી રીતે અભેદરૂપ સેવાવડે જ્યારે તારું ચિત્ત મદ્રૂપ થશે, ત્યારે મારો તારાપર પૂર્ણ પ્રસાદ થવાનો, એમ તારે ધારવું.[६९] પછી જીવ માત્ર જે જન્મ મૃત્યુનાં સર્વ દુઃખોનાં ગૃહોને ભોગવે છે અને જે ગૃહો અત્યંત દુઃખકારક છે, તે જ તને સુખકારક થઇ પડશે.[१२७०] નેત્રોને સૂર્યના પ્રકાશની સહાયતા મળે, એટલે પછી અંધકારની મહત્તા શી?[७१] તેજ પ્રમાણે મારા પ્રસાદથી જેના જીવભાવનો નાશ થયેલો છે, તે સંસારરૂપ મિથ્યા ભૂતના ભણકારાથી ભયભીત થાય એમ છે ખરું?[७२] અર્થાત્, હે ધનંજય! મારા પ્રસાદના યોગે તું સંસારની દુર્ગતિમાંથી તરીને પાર ઊતરી જઇશ,[७३] અને અભિમાનના યોગે જો મારા સર્વ ભાષણનું કાનવડે શ્રવણ નહિ કરે, અથવા એને મનમાં સ્થાન નહિ આપે,[७४] તો તું નિત્યમુક્ત અવ્યય હોવા છતાં, તારું તે અવ્યયપણું વ્યર્થ થઈ જશે ને તારે અવશ્ય દેહવિષયક આઘાતો (દુઃખો) સહન કરવા પડશે![७५] અને જે દેહ સંબંધમાં પદે પદે આઘાત થવાનો સંભવ છે, તે આઘાતોને ભોગવતાં તને વિશ્રાંતિ મળવાની નથી.[७६] જો મારા કથનને નહિ સાંભળશે, તો ન મરવા છતાં પણ તારે એ મહાભયંકર મરણને સહન કરવું પડશે.[७७]

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥ ५९ ॥

[જો અહંકારનો આશ્રય કરી હું યુદ્ધ કરવાનો નથી, એમ તું કહીશ, તો તારો એ આગ્રહ વ્યર્થ છે; કારણ કે, ક્ષત્રિય સ્વભાવ બળાત્કારે પણ તને યુદ્ધમાં પ્રવૃત્ત કરશે. ૫૯]

પથ્યનો દ્વેષ કરવાથી જેમ જ્વરની વૃદ્ધિ થાય છે અથવા તો દીપકનો દ્વેષ કરવાથી જેમ અંધકાર વધી જાય છે; તેવી જ રીતે, વિવેકનો દ્વેષ કરવાથી અહંકારનો વધારો થાય છે.[७८] એમ થતાં પોતાના દેહને, હે અર્જુન! બીજાના દેહને 'મારા આપ્ત' અને એમની સાથે યુદ્ધ કરવું તે પાતક,[७९] એ પ્રમાણે પોતાની બુદ્ધિથી ત્રણેને એવાં ત્રણ નામ આપીને, હે અર્જુન! 'હું યુદ્ધ કરવાનો નથી' એવો,[१२८०] તું પોતાના અંતઃકરણમાં પૂર્ણ નિશ્ચય કરીશ, તો પણ તે વ્યર્થ છે. કારણ કે, યુદ્ધ કરવું એ તારો નૈસર્ગિક સ્વભાવ છે અને તેથી તારા એ નિશ્ચયને ટકવા દેશે જ નહિ.[८१] વાસ્તવિક વિચાર કરી જોતાં હું અર્જુન છું અને આ મારા આપ્ત છે, તેમ જ એમનો વધ કરવો તે મહાપાતક છે, એ સર્વ કલ્પના માયા વિના ખરી છે કે શું?[८२] પ્રથમ

તું યુદ્ધ માટે તૈયાર થયો, લડવા માટે હાથમાં શસ્ત્રો પણ ઉપાડ્યાં, (રણભૂમિમાં આવી ઉભો રહ્યો) અને હવે યુદ્ધ ન કરવા માટેની પ્રતિજ્ઞા કરે છે, એ શું યોગ્ય છે?[૮૩] અર્થાત્ 'હું યુદ્ધ કરવાનો નથી' એ તારું કથન વ્યર્થ જ છે. વળી લોકદૃષ્ટિથી પણ તારાં એ કથનને કોઇ માન્ય કરે તેમ નથી.[૮૪] સારાંશ કે, 'હું યુદ્ધ નહિ જ કરું' એવો તું પોતાના મનમાં જ જે નિશ્ચય કર્યા કરે છે, તે વ્યર્થ થઇને તારી સ્વકીય ક્ષાત્ર પ્રકૃતિ, તારા નિશ્ચયથી વિરુદ્ધ, તારા હાથે યુદ્ધ કરાવશે અને કરાવશે જ![૮૫]

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥ ६० ॥

[હે કૌન્તેય! તારા સ્વભાવસિદ્ધ યુદ્ધકર્મમાં તું બદ્ધ હોવાથી અત્યારે મોહવડે તું જે કરવાની અનિચ્છા રાખે છે, તે કરીશ જ. ૬૦]

પાણીનો પ્રવાહ પૂર્વ દિશામાં જતો હોય અને તે પ્રવાહમાં તરનારો કહે કે, 'હું તો પશ્ચિમ દિશામાં જવાનો,' તો તેનું તે કથન વ્યર્થ થઇને પાણીનો પ્રવાહ તેને પોતાની સાથે જ (પૂર્વ દિશામાં જ) ઘસડી જવાનો.[૮૬] અથવા તો ડાંગરનો કણ એમ કહે કે, હું ડાંગરના રૂપમાં ઊગવાનો જ નથી, તો તેનું તે કથન સર્વથા વ્યર્થ છે. કારણ કે, તે પોતાના સ્વભાવથી વિરુદ્ધ કદાપિ વર્તી શકે તેમ છે જ નહિ.[૮૭] તેજ પ્રમાણે, હે પ્રબુદ્ધ! તારી પ્રકૃતિ ક્ષાત્ર ગુણવડે ઘડાયલી હોવાથી, 'હું યુદ્ધ કરવાને ઊઠવાનો નથી' એમ જો તું કહીશ, તો તે તારું કહેવું વ્યર્થ જ છે. તારો ક્ષાત્રધર્મ જ તને યુદ્ધ કરવાને ઉઠાડશે.[૮૮] હે અર્જુન! તારી ક્ષાત્ર પ્રકૃતિએ શૌર્ય, તેજ અને દક્ષતા આદિ ગુણો તને જન્મથી જ આપેલા છે.[૮૯] માટે હે ધનંજય! પ્રકૃતિના ગુણોના અનુરોધે યુદ્ધ ન કરીને સ્વસ્થ થઇ બેસી રહેવાનું તારાથી બનવાનું નથી.[૧૨૯૦] એટલા માટે, હે કોદંડપાણિ! તે ક્ષાત્ર ગુણોવડે તું બદ્ધ થએલો હોવાથી, તારા સ્વભાવથી વિરુદ્ધ તારાથી ખરેખર કદાપિ જઈ શકાય તેમ નથી જ.[૯૧] અથવા પોતાના જન્મના મૂળનો વિચાર ન કરતાં 'હું તો યુદ્ધ નથી જ કરવાનો' એવા અચળ વ્રતને જ જો તું ધારણ કરી રાખીશ,[૯૨] તો હાથ પગ બાંધીને રથમાં નાંખેલો મનુષ્ય, 'હું તો ચાલવાનો નથી, એમ કહેવા છતાં જેમ રથની સાથે દિગન્તરે પહોંચી જાય છે,'[૯૩] તેવી રીતે તું 'હું તો કાંઈ કરવાનો જ નથી' એમ કરીને જો સ્વસ્થ બેસીશ, છતાં ખાસ તું જ યુદ્ધ કરીશ, એમાં લેશ માત્ર પણ સંશય નથી જ.[૯૪] ઉત્તરની ગાયો પકડીને લઈ જતા સમયે વિરાટ રાજાનો પુત્ર ઉત્તર, યુદ્ધમાંથી પલાયન કરતો હતો. આ વેળાએ તેં બૃહન્નટાનો વેષ લીધેલો હોવા છતાં તેનો સારથિ બનીને તું યુદ્ધમાં શા માટે પ્રવૃત્ત થયો હતો? અર્થાત્ એ જ તારો ક્ષત્રિયસ્વભાવ સ્વસ્થ ન રહીને તારા હાથે યુદ્ધ કરાવશે અને કરાવશે જ.[૯૫] હે અર્જુન! તે યુદ્ધમાં એકાદશ અક્ષૌહિણી સેનાપર તેં એકલાએ જ મોહનાસ્ત્ર ચલાવી તેમનાં વસ્ત્રો હર્યાં હતાં, તે તારો ક્ષાત્ર સ્વભાવ તને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાનો જ.[૯૬] અરે, રોગીને કદાપિ રોગ પ્રિય લાગે છે કે? દરિદ્રીને દારિદ્ર્ય પ્રિય હોય છે કે? પરંતુ બળવાન્ પ્રારબ્ધ તેમને રોગ અને દારિદ્ર્ય ભોગવવાની બળાત્કારે ફરજ પાડે છે જ.[૯૭] ઈશ્વર જો કે તારા હૃદયમાં રહેલો છે, છતાં તે પ્રારબ્ધને અન્ય કરવા શક્તિમાન્ નથી. ૯૮

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥ ६१ ॥

[હે અર્જુન! દેહાદિક યંત્રપર અભિમાનથી ચઢેલા સર્વ ભૂતોને પોતાની માયારૂપ શક્તિવડે નાના યોનિમાં ફેરવનારો પરમેશ્વર સર્વ ભૂતોના હૃદયમાં વાસ કરે છે. ૬૧]

સર્વ ભૂતોનું અંતઃકરણ એ જ મહા આકાશ છે. તેમાંની જ્ઞાનરૂપ વૃત્તિ જ જેનાં સહસ્ર કિરણો છે અને તે કિરણોવડે જે ઉદિત થએલો છે,[૯૯] તે ઈશ્વરરૂપ સૂર્યનારાયણે જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણ લોકને પ્રકાશિત કરીને વિપરીત જ્ઞાનના યોગે પ્રમાદવશ થએલા જીવરૂપ પ્રવાસીઓને જાગ્રત કર્યા છે.[૧૦૦૦] દૃશ્ય વસ્તુરૂપ જળના સરોવરમાં વિષયરૂપ કમળોને પ્રફુલ્લ કરીને, પંચ જ્ઞાનેંદ્રિયો અને છઠ્ઠા મનને, છ પગના જીવરૂપ ભ્રમરદ્વારા, તે કમલોનું સેવન કરાવે છે.[૧] પણ હવે એ સૂર્યના રૂપકને રહેવા દઇએ. સર્વના હૃદયમાં નિવાસ કરનાર ઈશ્વર જ સર્વ ભૂતોના અહંકારરૂપ આચ્છાદનને પોતાના શરીરપર ઓઢી લઇ પ્રકટે છે.[૨] જે પોતાની માયાનો આડો પડદો લગાડીને અંદરથી એકલો જ સૂત્રચાલન કરી બ્હાર છાયારૂપ ચોરાસી લાખ પૂતળાંને નચાવે છે;[૩] બ્રહ્મદેવથી કીટક પર્યન્ત સર્વ ભૂતમાત્રને યોગ્યતાનુસાર જે દેહના આકારમાં લાવે છે;[૪] ભૂત સમક્ષ-યોગ્યતાનુસાર જે દેહ-રજૂ કરવામાં આવ્યો છે, તે દેહ હું જ છું, એવી બુદ્ધિથી તે દેહરૂપ યંત્રપર ચઢે છે;[૫] સૂત્ર સૂત્રથી જ બંધાય છે; ઘાસ ઘાસથી જ બંધાય છે અથવા તો પાણીમાં પોતાના પ્રતિબિંબને જોઈને બાળક જેવી રીતે ભ્રમથી તેને પકડી લેવા દોડે છે;[૬] તે જ પ્રમાણે, દેહરૂપ આકારથી જે અન્ય, તે હું જ છું એવા અભિમાન–ભ્રમ–ને તે ધારણ કરે છે.[૭] એવી રીતે શરીરાકારયંત્રપર ભૂતોને બેસાડી, તે પૂર્વકર્માનુરૂપ સૂત્રો હીલવે છે.[૮] તે વેળાએ, જે ભૂતનું જે સ્વતંત્ર પ્રારબ્ધ સૂત્ર હોય, તે તે ભૂત તે તે પ્રમાણેની ગતિને પ્રાપ્ત થાય છે.[૯] જેવી રીતે વાયુ તૃણને આ કાશમાં ભમાવે છે, તેમ હે ધનુર્ધર! પ્રારબ્ધ સર્વ ભૂતોને સ્વર્ગ અને સંસારમાં ભમાવે છે.[૧૦૧૦] લોહચુંબકની સત્તાથી જેમ લોહ ગતિમાન્ થાય છે, તેજ પ્રમાણે ઈશ્વરસત્તાના યોગે સર્વ ભૂતો વ્યવહાર કરે છે.[૧૧] હે ધનંજય! જેવી રીતે ચંદ્રનું સાન્નિધ્ય થતાં સમુદ્ર આદિની ચેષ્ટાઓનો આરંભ થાય છે,[૧૨] સમુદ્રમાં ભરતી આવે છે, સોમકાંતમણિ દ્રવવા માંડે છે, ચંદ્રવિકાસી કમળો પ્રફુલ્લ થાય છે અને ચકોર પક્ષીને આનંદ થાય છે,[૧૩] તેવીજ રીતે પરાપ્રકૃતિના યોગે જે એક ઈશ્વર, તે અનેક ભૂતોને સચેષ્ટ કરે છે, તેનો તારા હૃદયમાં નિવાસ છે.[૧૪] હે પાંડુસુત! અર્જુનપણાના અભિમાનને ધારણ ન કરતાં, જે અહંત્વનો તારામાં ઉદ્‌ભવ થાય છે, તે જ તે ઇશ્વરનું ખરું સ્વરૂપ છે.[૧૫] અર્થાત્ તે ઈશ્વર, પ્રકૃતિને પ્રવૃત્ત કરીને તું કદાચિત્ યુદ્ધ નહિ કરે, તોપણ તારા હાથે યુદ્ધ કરાવશે જ.[૧૬] એથી, સર્વનો સ્વામી ઈશ્વર છે. તે સર્વ ભૂતોને જેવી પ્રકૃતિ આપે છે, તે પ્રકૃતિને અનુસરીને જ સર્વ ઇન્દ્રિયો પોતપોતાની ક્રિયા કરે છે.[૧૭] એટલા માટે, કર્મના અભિમાનને ધારણ ન કરીને, તે સર્વ ક્રિયાઓ પ્રકૃતિને આધીન છે એમ સમજી, પ્રકૃતિ જે હૃદયસ્થ આત્માને આધીન છે–[૧૮]

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥ ६२ ॥

[હે ભારત! તું સર્વ ભાવે કરીને તેને જ શરણે જા. તેના પ્રસાદથી તું પરમ શાંતિ અને શાશ્વત સ્થાનને પ્રાપ્ત થઇશ. ૬૨]

જેવી રીતે ગંગાનું જળ સમુદ્રને શરણે જઇને તદ્રૂપ થાય છે, તેવી રીતે અહંકાર, વાચા, ચિત્ત અને શરીર આદિ સર્વસ્વ સમર્પિત કરીને, તે ઈશ્વરને શરણે જા.[૧૯] તે ઈશ્વરના પ્રસાદથી તું સર્વત્ર શાંતિરૂપ સુંદરીનો વલ્લભ (પતિ) થઇને આનંદથી આત્મસ્વરૂપમાં રમમાણ થઇશ.[૧૦૨૦] જે પદ ઉત્પત્તિના કારણ, વિશ્રાંતિના વિશ્રાંતિસ્થાન અને અનુભૂતિનો અનુભવ લે છે,[૨૧] તે

પોતાના આત્મપદનો તું રાજા થઇને અક્ષય્ય સુખને ભોગવીશ." એમ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણે પાર્થને ઉદ્દેશી કહ્યું.[૨૨]

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६३ ॥

[એ પ્રમાણે, હે અર્જુન! ગુહ્યથી પણ અતિ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું. હવે એનો પૂર્ણ વિચાર કરીને પછી તારા મનમાં જેમ આવે તેમ કર. ૬૩]

એ જ્ઞાન ગીતાના નામથી પ્રસિદ્ધ છે અને જે સર્વ વેદોનો સાર છે અને જે જ્ઞાનના યોગે આત્મસ્વરૂપ રત્ન સ્વાધીન (પ્રાપ્ત) થાય છે.[૨૩] વેદાંત શાસ્ત્રમાં જે જ્ઞાનના નામથી વિખ્યાત છે અને જેનું વર્ણન કરવાથી જગતમાંનાં સર્વ શાસ્ત્રોને કીર્ત્તિ પ્રાપ્ત થયેલી છે;[૨૪] બુદ્ધિ આદિ જ્ઞાનો જે જ્ઞાન સમક્ષ નિસ્તેજ છે અને જે જ્ઞાનના યોગે મને અર્થાત્ સર્વદ્રષ્ટાને પણ જાણી શકાય છે,[૨૫] તે આત્મજ્ઞાન સર્વથી ગુપ્ત જે હું, તે મારું પણ ગુપ્ત ધન છે અને વાસ્તવિકતાથી એ જ્ઞાનની એટલી બધી યોગ્યતા છે, છતાં તું મારો પરમ ભક્ત હોવાથી તને ન કહેતાં એ જ્ઞાનને હું કેમ કરીને તારાથી ગુપ્ત રાખી શકું?[૨૬] અર્થાત્ હે પાંડવ! તારા પ્રેમથી તૃપ્ત થવાને લીધે જ આ ગુપ્ત ભંડાર મેં તને આપી દીધો છે.[૨૭] જેવી રીતે બાળકના પ્રેમથી માતા મુગ્ધ થાય છે અને તેના ઉદ્દેશથી પ્રેમભરિત ભાષણ કરે છે, તેજ પ્રમાણે તારા પ્રેમથી મારો પણ પ્રકાર થઈ ગયો છે (પ્રેમ ઉભરાઈ ગયો છે).[૨૮] આકાશ સર્વ કરતાં સૂક્ષ્મ હોવા છતાં તેને જેમ ગાળી લેવામાં આવે, અમૃત (ફળ) આંતર્બાહ્ય મધુર હોવા છતાં જેમ તેની છાલ ઉતારવામાં આવે છે, અથવા પ્રતિજ્ઞાવડે જેમ પ્રતિજ્ઞા કરાવવામાં આવે;[૨૯] જે સૂર્યના અંગપ્રકાશથી પાતાળમાંનો પરમાણુ પણ દૃષ્ટિગોચર થાય છે, તે સૂર્યનાં નેત્રોમાં પણ જેમ અંજન આંજવામાં આવે,[૧૩૩૦] તેજ પ્રમાણે હું સર્વજ્ઞ હોવા છતાં સર્વ જ્ઞાનોનો વિચાર કરી મારા નિશ્ચિત અભિપ્રાય પ્રમાણે જે ઉત્તમ જ્ઞાન છે, તે હે ધનંજય! મેં તને કહી સંભળાવ્યું છે.[૩૧] એટલે હવે પછી એ જ્ઞાનનો સારી રીતે વિચાર કરીને તું એક નિશ્ચય કર અને નિશ્ચય થયા પછી ઇચ્છામાં આવે તેમ વર્ત.[૩૨]

ભગવાનના એ ભાષણનું શ્રવણ કરીને અર્જુન સ્તબ્ધ થઈ ગયો. તેની આવી અવસ્થાને જોઇ ભગવાન્ કહેવા લાગ્યા કે;–" તું ખરેખર અવંચક જ છે.[૩૩] પીરસનાર માણસ પદાર્થ પીરસતો છતાં જો ક્ષુધાતુર મનુષ્ય શરમાઈને બસ બસ કર્યા કરે, તો ક્ષુધાની પીડાને સહન કરવા ઉપરાંત તેનાપર વંચકતાનો દોષ આવે છે.[૩૪] તેજ પ્રમાણે, સર્વજ્ઞ શ્રીગુરુ મળવા છતાં, લજ્જા કિંવા સંકોચ કરીને જો મુમુક્ષુ તેની પાસેથી આત્મસ્વરૂપનો ખુલાસો ન મેળવે,[૩૫] તો તે પોતાના લાભને ખોઇ બેસવા ઉપરાંત ગુરુની વંચના કરવાના પાતકને વ્હોરી લે છે અને પોતાના હિતથી પણ હીન ભાગી થાય છે.[૩૬] પરંતુ, હે અર્જુન! તારી સ્વસ્થતાનો તો એવો જ અભિપ્રાય છે કે, તને મારે હજી પણ એક વાર પૂર્ણતાથી જ્ઞાન સંભળાવવું.[૩૭] એ વચન સાંભળી પાર્થ સવિનય કહેવા લાગ્યો;–" હે પ્રભો! આપે મારા મનમાંની વાર્ત્તાને ખરેખર જાણી લીધી છે અને એ પુનઃ કહી બતાવવાની કશી પણ આવશ્યકતા નથી. કારણ કે, તમારા વિના બીજો કોઈ જ્ઞાતા છે ખરો? ના.[૩૮] તમારા વિના સર્વ જગત્ તમારું જ્ઞેય (જાણવાની વસ્તુ) હોઇને, તે સર્વને જાણનારા તમે જ છો; એટલે સૂર્યને સૂર્ય કહીને તેની પ્રશંસા શી કરવાની?"[૩૯] અર્જુનનાં વચનો સાંભળીને ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે;–" આ તારા બોલવામાં થોડું વર્ણન આવી ગયેલું તું સમજે છે કે શું?[૧૩૪૦]

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ ६४ ॥

[સર્વ (વચનો) કરતાં અતિશય ગુહ્ય મારું વચન પુનઃ તું સાંભળ. કારણ કે, તું મારો બહુ જ પ્રિય (ભક્ત) છે, અને તેથી હું તને તારા હિતની વાર્તા કહું છું ૬૪]

ત્યારે પુનઃ એકવાર તારા અવધાનને સારી રીતે વિસ્તીર્ણ કરીને, મારું નિર્મળ વચન સાંભળ.[૪૧] એ વચન વાચ્ય છે એટલે બોલાય છે કિંવા શ્રાવ્ય હોવાથી શ્રવણ કરાય છે, એમ નથી; કિન્તુ એ વચન કેવળ બ્રહ્મસ્વરૂપ જ છે. પરંતુ તું ભાગ્યવાન્ હોવાથી તને એ પ્રાપ્ત થએલું છે.[૪૨] હે ધનંજય! કાચબીની દૃષ્ટિને પોતાનાં બચ્ચાંને જોતાં જ પાનું ફૂટે છે અને તેથી તે બચ્ચાં તૃપ્ત થાય છે; અથવા આકાશ સર્વકાળ ચાતક માટે પાણીને પોતાના ઉદરમાં જાળવી રાખે છે.[૪૩] અર્થાત્ જે વ્યવહાર જ્યાં થતો નથી, તેનું ફળ ત્યાં જ પ્રાપ્ત થાય છે અને એનું કારણ કેવળ અનુકૂળ દૈવ જ છે. દૈવ-ભાગ્ય અનુકૂળ હોય, તો કયો લાભ થવો અશક્ય છે?[૪૪] નહિ તો આ રહસ્ય કેવું અને કેટલું બધું દુર્લભ છે, એ વર્ણવી શકાય તેમ નથી જ. કારણ કે, આ રહસ્ય દ્વૈતના ભાવને ત્યાગી ઐક્યના આગારમાં ભોગવવાને યોગ્ય છે.[૪૫] હે પ્રિયોત્તમ! મારા ઉપચાર રહિત પ્રેમનો જે તું વિષય થયો છે, તે તું બીજો કોઇ નહિ, પણ મારો આત્મા જ છે, એમ જ સમજ.[૪૬] હે અર્જુન! દર્પણને વારંવાર જે સ્વચ્છ કરીને લૂછવામાં આવે છે, તે દર્પણના હિત માટે નહિ; કિંતુ પોતાના સ્વરૂપના સૌખ્યને ભોગવવા માટે જ આપણે તે લૂછવાનું કાર્ય કરીએ છીએ.[૪૭] એ જ પ્રમાણે, હે પાર્થ! વિનાકારણ તારું નિમિત્ત બતાવીને હું જે બોલું છું, તે મારા પોતાને માટે જ બોલું છું; કેમ કે, તારામાં અને મારામાં કશોય દ્વૈતભાવ તો છે જ નહિ.[૪૮] એટલા માટે, જીવ કરતાં પણ વધારે ગુહ્ય એવી વાત હું તને કહું છું; કારણ કે, એકનિષ્ઠ ભક્તનો હું નિરંતર ક્ષુધાતુર (આકાંક્ષી) છું.[૪૯] હે પાંડુસુત! જેવી રીતે લવણ સર્વસ્વતાથી જળને પોતાની સ્વીયતા આપી દે છે અને તત્સ્વરૂપ થવામાં જરાય લજવાતું નથી;[૧૩૫૦] તેવી રીતે તું પણ મારાથી જ્યારે કશો ભેદભાવ રાખતો નથી, ત્યારે મારે તારાથી આ ગુહ્ય વાર્તા શા માટે છૂપાવી રાખવી?[૫૧] એટલા માટે જેટલાં ગુહ્ય રહસ્યો છે, તે સર્વ જે મારાં ગુહ્ય વચન સમક્ષ ઊઘાડાં પડી જાય છે, તે મારું નિર્મળ ગુહ્ય વચન સાંભળ.[૫૨]

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥ ६५ ॥

[મારામાં મન રાખ, મારી ભક્તિ કર, મારું પૂજન કર અને મને નમસ્કાર કર. એમ કરવાથી તું મને જ પ્રાપ્ત થઇશ, એમ હું પ્રતિજ્ઞા કરીને તને સત્ય કહું છું. કારણ કે, તું મારો પ્રિય જન છે. ૬૫]

હે વીર અર્જુન! તારા શારીરિક અને માનસિક જે જે વ્યાપાર થતા હોય, તેમનો મને-સર્વવ્યાપકને જ વિષય બનાવ.[૫૩] વાયુ જેવી રીતે સર્વ દિશાએથી આકાશમાં મળેલો હોય છે, તે જ પ્રમાણે, તું જે બધાં કર્મ કરે, તે કેવળ મારી પ્રીતિ માટે જ કર.[૫૪] વધારે શું કહું? તું તારા મનને મારા નિવાસનું સ્થાન બનાવ અને પોતાનાં શ્રવણોથી તું મારા ગુણોનું શ્રવણ કર.[૫૫] આત્મજ્ઞાનવિભૂષિત સંતો, કે જેઓ મારાં રૂપો જ છે, તે સંતોમાં કોઈની દૃષ્ટિ કામિની સ્ત્રીમાં જેમ લુબ્ધ હોય છે તે પ્રમાણે, તું તારી પોતાની દૃષ્ટિને નિરન્તર લુબ્ધ રાખ.[૫૬] પદાર્થ પ્રાણી માત્રનું વસતિ (રહેવાનું) સ્થાન જે હું, તે મારાં જે નિર્મળ નામો છે, તેમને જીવવા માટે તું પોતાની વાણીના માર્ગમાં ચઢાવ.[૫૭] તું હાથેથી જે કૃત્ય કરે અથવા પગે ચાલીને જ્યાં જાય, તે સર્વ ક્રિયાઓ કેવળ મારે માટે-મારા ઉદ્દેશથી જ કર.[૫૮] પોતાના અથવા બીજાના ઉપયોગમાં આવનારી જે જે ક્રિયાઓ તું કરે, તે હે અર્જુન! મારામાં અર્પણ કરીને મારો યાજ્ઞિક-(પૂજારો) થા.[૫૯]

હવે તને એક એક કરીને કેટલીક વાતો શીખવું? સારાંશ કે, પોતામાં સેવકભાવ માનીને જે સર્વત્ર તને દૃષ્ટિગોચર થાય, તે સર્વને મદ્રૂપ માનીને તેની સેવા કર.[१३६०] પછી પ્રાણી માત્રમાંન દ્વૈતભાવનો લોપ થતાં સર્વત્ર હું જ છું, એમ અનુભવમાં આવતાં સર્વત્ર નમ્ર થઈને વંદન કર આટલાથી તને મારો અત્યંત આશ્રય પ્રાપ્ત થશે.[६१] એમ થતાં સમસ્ત જગતમાંથી તૃતીયતાને લોપ થતાં તું, દેવ પરમબ્રહ્મ જે હું તેનો અને મારા ભક્તનો (અર્થાત્ મારો અને તારો એકાંતવાસ થયેલો જોઈશ.[६२] અને પછી ગમે તે અવસ્થામાં અને ગમે તે વેળાએ હું તને અને તું મને ભોગવીશ. એ પ્રમાણે અત્યંત અને સહજ સુખની વૃદ્ધિ થશે;[६३] અને હે અર્જુન જે તૃતીયતા (જગદ્ભાવ) આડી આવે છે, તેનો લોપ થયો, એટલે પછી તું મારો જ છે અને તેથી મને જ પ્રાપ્ત થવાનો જ (મારા તારા વચ્ચે ભેદભાવ રહેશે જ નહિ.[६४] જળનો નાશ થતાં જળમાંના પ્રતિબિંબને મૂળ બિંબમાં આવી મળતાં કાંઈ અડચણ આવે છે ખરી?[६५] અથવા વાયુને આકાશમાં મળવામાં અથવા લહરીઓને સમુદ્રમાં મળી જવાના કાર્યમાં કાંઈપણ અડચણ હોય છે ખરી?[६६] અર્થાત્ દેહભેદના કારણથી તું અને હું એવો જે ભેદ દેખાય છે, તે ભેદનો લોપ થતાં તું મદ્રૂપ થઈશ.[६७] આ મારું કથન સત્ય હશે કિંવા અસત્ય હશે, એવી માર કથન વિશે શંકા પણ થવા દેતો નહિ; કારણ કે હું તારા શપથ લઈને કહું છું કે, મારા આ કથનમાં લેશ માત્ર પણ અસત્ય નથી.[६८] પરંતુ તું કદાચિત્ એવી કલ્પના કરીશ કે, મેં તાર શપથ ખાધેલા હોવાથી હું તો મુક્ત જ રહીશ અને એનું પરિણામ કેવળ તારાપર જ થશે; તે ખરી રીતે જોતાં તેમ નથી. કારણ કે, તારા સોગન્દ ખાવા અને સર્વથા આત્મલિંગને હસ્ત સ્પર્શ કરવો તે બરાબર જ છે. પરંતુ પ્રીતિની જાતિ જ એવી છે કે, તેને લીધે મનુષ્યને કોઈ પણ પ્રકારની લજ્જા ભાસતી નથી.[६९] જેમના બોલવામાં કોઈનો પણ વિશ્વાસ હોતો નથી તેમને જ આવીને પ્રતિજ્ઞા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે; પરંતુ ભગવાન્ એવો છે કે, જેને સર્વ વેદો જાણે છે; જે નિર્ભેદ છે; જેની સત્તાથી આ સર્વ જગદાભાસ દેખાય છે અને જેની આજ્ઞાની શક્તિ, કાળને પણ જિતનારી છે,[१३७०] એવો જે હું દેવ, તે સત્યસંકલ્પ હોઈને જગતના હિતમાટે, પિતા પ્રમાણે અનુકંપા ધરાવનારો છું; એટલે પછી અનુકંપાવાળો જે હું તે મારે શપથ લેવાની ખટપટ શા માટે કરવી જોઈએ;[७१] પરંતુ, હે અર્જુન! તારો મને જ અતિશય છંદ લાગેલો છે, તેના યોગે હું મારા પ્રભુના ગુણને ત્યાગી, (તારો) ભક્ત થએલો હોવાથી, અર્ધ છું અને તને મારો છંદ લાગીને તું મદ્રૂપ થએલો હોવાથી સમસ્ત છે. (અર્થાત્ હું પ્રભુ હોવા છતાં તું મદ્રૂપ થયલો હોવાથી મારા કરતાં પણ ઉત્કૃષ્ટ છે, એમ કહી ભક્તિને ઉત્કર્ષ દર્શાવ્યો છે)[७२] હે ધનંજય! રાજા પણ પોતાના કાર્ય માટે જેમ પ્રધાન આદિ પોતાન સભાના અધિકારીઓ સાથે મળીને તેમનો પોતામાં વિશ્વાસ બેસાડવા માટે ખાસ પોતે પોતાન શપથ લે છે, તેવો જ આ પ્રકાર છે એમ સમજવું.[७३]

એ વેળાએ અર્જુને કહ્યું કે;-"હે ભગવન્! આ પ્રમાણે અગાધ કથન કરવાની કશી પણ આવશ્યકતા નથી, કેવળ તમારા નામના સ્મરણથી જ અમારાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે;[७४] વસ્તુસ્થિતિ આવી હોવા છતાં આપ આટલું બધું બોલો છો અને વળી સોગન્દ પણ ખાઓ છો, એ આપના વિનોદનો કાંઈ પાર છે ખરો?[७५] કમળના વનને સૂર્યના યત્કિંચિત્ પ્રકાશની પ્રાપ્તિ થતાં જ તે એકાએક પ્રકાશિત થઇ જાય છે, એમ હોવા છતાં સૂર્ય તો પોતાના સામર્થ્યથ જગત્માત્રને એકંદર પૂર્ણ અંશથી પ્રકાશિત કરે છે; અને કેવળ નિમિત્ત કમળનું છે.[७६] ચાત કની તૃષાને તૃપ્ત કરવા માટે મેઘ વૃષ્ટિ વર્ષાવે છે; પરંતુ તેથી સ્વાભાવિક રીતે જ સંપૂર્ણ જળવડે પૃથ્વી પરિપૂર્ણ થઈને જળના રાશિથી મહાસાગર પણ છલાછલ ભરાઇ જાય છે, એટલું બધું

તેના ઔદાર્યનું સામર્થ્ય છે.[૭૭] અર્થાત્ હે કૃપાનિધે! આપના ઔદાર્યની સીમા નથી; છતાં મને નિમિત્ત માત્ર કરીને જગતનો ઉદ્ધાર થવા (કરવા)ના હેતુથી આપે આટલું બધું જ્ઞાન મને કહી સંભળાવ્યું છે.[૭૮]

એના ઉત્તરમાં ભગવાને કહ્યું કે;–હવે તારા આ સ્તુતિના વ્યાપારની સમાપ્તિ કર. પરંતુ તને મેં જે ઉપાય કહેલો છે, તે ઉપાયવડે તું ખરેખર મદ્રૂપ થઇશ.[૭૯] હે ધનંજય! લવણ સમુદ્રમાં પડ્યા પછી જે જે ક્ષણ જાય છે, તે તે ક્ષણમાં તે વધારે અને વધારે પીગળતું જ જાય છે, પણ તેને અવશિષ્ટ રહેવાનું કાંઇ પણ કારણ હોતું નથી;[૧૩૮૦] એ જ પ્રમાણે, સર્વ પ્રકારે સર્વત્ર મારું જ ભજન કરવાથી 'સર્વત્ર હું જ છું' એવી જ્યાં તારી બુદ્ધિ થઈ, એટલે અહંકારનો સમૂળ લોપ થતાં તું મદ્રૂપ થઇ જઇશ.[૮૧] એ પ્રમાણે કર્મથી આરંભ કરીને જ્ઞાનવડે મારી પ્રાપ્તિ થતાં સુધીના ઉપાયના પ્રકાર તને મેં સ્પષ્ટતાથી કહ્યા છે.[૮૨] હે પાંડુસુત! પ્રથમ સર્વ કર્મોને ઈશ્વરાર્પણ કરવાં, એટલે એથી સર્વત્ર ઈશ્વરનો નિવાસ છે, એવી ભાવના થાય છે.[૮૩] પછી મારા પ્રસાદવડે મારું જ્ઞાન તેને (અથવા તને) પ્રાપ્ત થાય છે અને તે જ્ઞાનના યોગે ખરેખર તે (અથવા તું) મારા શુદ્ધ સ્વરૂપમાં અવશ્ય મળી જાય છે.[૮૪] હે પાર્થ! મારા સ્વરૂપમાં મળ્યા પછી સાધ્ય અને અને સાધન લય પામે છે. એમ થયા પછી તારે માટે કાંઈ પણ કાર્ય અવશિષ્ટ રહેવાનું નથી.[૮૫] સર્વ કાળમાં તેં પોતાનાં સર્વ કર્મો મને અર્પણ કરેલાં હોવાથી જ, આજે મારી પ્રસન્નતા તને પ્રાપ્ત થએલી છે.[૮૬] હવે એ (મારી) પ્રસન્નતાના બળથી યુદ્ધના પ્રસંગની અડચણની દરકાર ન કરતાં, હું તને એકદમ આવી મળ્યો છું, (માટે મારી ઇચ્છાનુરૂપ તું વર્ત).[૮૭] ગીતાના નામથી મેં તને દૃષ્ટાંત અને યુક્તિસહિત જે બોધ આપેલો છે, તે બોધ (જ્ઞાન)ના યોગે પ્રપંચ ભેદ સહિત અજ્ઞાનનો સર્વથા લોપ થશે અને હું એકત્વથી તને પ્રાપ્ત થઇશ.[૮૮] તને મેં મારું જે જ્ઞાન, નાના પ્રકારથી–જૂદે જૂદેરૂપે–કહ્યું છે, તે જ્ઞાનના બળથી ધર્માધર્મવડે પ્રસવેલા અજ્ઞાનને ત્યાગી દે.[૮૯]

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ६६ ॥

[તું સર્વ ધર્મોને ત્યાગીને મને એકલાને જ શરણે આવ; હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, તું શોક ન કર. ૬૬]

જેવી રીતે આશાના યોગે સર્વ દુઃખો પ્રાપ્ત થાય છે અને નિંદામાંથી સર્વ પાતકો ઉત્પન્ન થાય છે, તેમ જ દુર્દૈવના યોગે જેમ દારિદ્રય પ્રાપ્ત થાય છે;[૧૩૯૦] તેજ પ્રમાણે સ્વર્ગ અને નર્કની પ્રાપ્તિના સાધનભૂત જે ધર્મ અને અધર્મ, તે ધર્માધર્મ, જે અજ્ઞાનના યોગે ઉત્પન્ન થાય છે તે અજ્ઞાનનો, (મેં આપેલા, આ જ્ઞાનવડે સમૂળ ઉચ્છેદ (નાશ) કરી નાંખ.[૯૧] જે રજ્જુ (દોરી) માં સર્પનો ભાસ થએલો હોય છે, તે રજ્જુને હાથમાં લેતાં જેમ સર્પભ્રમનો લોપ થાય છે અથવા તો નિદ્રાના લોપ સાથે જેમ સ્વપ્નગત ઘરબારસહિત મિથ્યા પ્રપંચનો પણ લોપ થઈ જાય છે;[૯૨] અથવા તો પાંડુરોગ (કમળા)નો લોપ થતાં ચંદ્રમાં ભાસતી પીળાશનો પણ લોપ થાય છે; અથવા વ્યાધિના નાશ સાથે જેમ મુખમાંની કટુતા (નિઃસ્વાદતા)નો પણ નાશ (લોપ) થઇ જાય છે;[૯૩] અરે, દિવસનો અભાવ થાય, એટલે મૃગજળનો જેમ પોતાની મેળે જ અભાવ થઇ જાય છે અથવા તો કાષ્ઠનો ત્યાગ કર્યો કે અગ્નિનો પણ પોતાની મેળે જ ત્યાગ થઈ જાય છે;[૯૪] તેજ પ્રમાણે ધર્મ અને અધર્મના બળવાને જગાડનારા અજ્ઞાનને ત્યાગવાથી, સર્વ ધર્મો પોતાની મેળે જ જતા રહેવાના![૯૫] એ અજ્ઞાનનો લોપ થયો, એટલે સહજ હું એકલો જ

અવશિષ્ટ રહીશ. (અર્થાત્ આત્માને વિશે રહેલ આવરણરૂપ અજ્ઞાનતાનો નાશ થવાથી આ પોતાની મૂળ પ્રકૃતિને પ્રાપ્ત થશે.) જેમ નિદ્રા અને તેના યોગે ભાસેલા સ્વપ્ન સુદ્ધાં નિદ્રાનો લે થયો, એટલે પછી મનુષ્ય પોતે એકલો જ અવશિષ્ટ રહે છે;[૯૬] તે જ પ્રમાણે, જેને મારું જ્ઞાન પ્ર થયું છે તેને, મારા વિના ભિન્ન કે અભિન્ન બીજો કોઈ પણ ભાવ અવશિષ્ટ રહેતો નથી. પછી તે હું છું, એવી બુદ્ધિથી મારા સ્વરૂપમાં ઐક્યતાને પામે છે.[૯૭] અહન્તાનો ભેદ ન રાખીને જે મારા એકત જાણવું, તે કૃતિને જ 'તે મારે શરણે આવ્યો' એમ કહેવી જોઈએ.[૯૮] જેવી રીતે ઘટના ઉપાધિ ઘટાકાશ ભિન્ન દેખાય છે, અને ઘટનો નાશ થતાં ઘટાકાશ મહાકાશમાં ઐક્ય પામે છે; તેવી રીતે મારે શરણે આવવાથી (અર્થાત્ મારા વિચારને અનુસરવાથી, અથવા ભેદાભેદનો વિ દૂર કરી તું, ભીષ્મ, દ્રોણ સર્વ હું જે પરમબ્રહ્મ છું, તેમાંથી ઉત્પન્ન થયા છે, ને પુનઃ હું પરમબ્રહ્મ છું તેમાં જ લય પામવાના છે, અને કર્ત્તારૂપ કોઈ નથી એમ જાણવા તથા માનવા મારા રૂપમાં ઐક્ય પામીશ.[૯૯] સુવર્ણનો મણિ, સુવર્ણથી જેમ એકયરૂપ હોય છે અથવા પાણી લહરી જેમ પાણી સાથે એકરૂપ હોય છે; તેવી રીતે, હે ધનંજય! તું એકતાથી મારે શ આવ.[૧૪૦૦] પરંતુ વડવાનલ જેવી રીતે સમુદ્રને શરણે જવા છતાં પણ નાશકારક થઈ પડે તેવી રીતે મારે શરણે આવી મારી સાથે દ્વૈતભાવથી વર્ત્તવાના વિરુદ્ધ માર્ગને ત્યાગી દે.[૧] મ શરણે આવવા છતાં 'હું જીવ છું' (અર્થાત્ તે જીવભાવથી ભિન્ન રહે છે;) એમ કહેતાં તે બુદ્ધિ કેમ લજાતી નથી? એવા કથનને ધિક્કાર હો![૨] હે ધનંજય! રાજાને ત્યાં જે પ્રેમ પોષાયલી અને રખાયલી જે કોઈ કિંકરી હોય છે, તે પણ રાજા સાથે પોતાનો સંબંધ થવા રાજાની જ યોગ્યતા (બરાબરી)ને પામે છે;[૩] તો પછી હું તો જે વિશ્વનો ઈશ્વર, તે ઈશ્વર મેળાપ થવા છતાં પણ જીવદશાનું બંધન તૂટતું નથી, એવા ધિક્કારપાત્ર ભાષણનું શ્રવણ કદાપિ તું ન કરીશ.[૪] અર્થાત્ મદ્રૂપ થતાં મારી ભક્તિ સહજ થશે; અને એવી ભક્તિ જ્ઞાનના યોગે પ્રાપ્ત કરી લે.[૫]

મંથન કરીને દહિમાંથી માખણને જૂદું કાઢ્યા પછી પાછું તેને દહિમાં નાંખવામાં આ તોય કોઈ ઉપાયે તે પુનઃ તેમાં ભેળાતું નથી જ;[૬] તે જ પ્રમાણે, અદ્વિતીય બોધથી તું મ શરણે આવ્યા પછી તને કદાપિ ધર્માધર્મનો સ્પર્શ થવાનો નથી.[૭] લોઢાને સાફ કરી ખીંટી ટાંગવામાં આવે, તોય તેનાપર કાટ ચઢે છે; પણ તે જ લોખંડ પારસમણિના સ્પર્શથી સુવર્ણ થ તેને જમીનમાં દાટી દેવા છતાં પણ કાટ ચઢતો નથી.[૮] વધારે તો શું? કાષ્ઠનું ઘર્ષણ કરીને ઉપ વેલા અગ્નિને પછી જો કાષ્ઠની પેટીમાં બંધ કરવામાં આવે તો પણ તેમાં તે રહી શકતો નથ હે અર્જુન! સૂર્યને જેમ અંધકાર આલિંગન આપતો નથી અથવા જાગ્રત થવા પછી જેમ સ્વ દૃષ્ટિગોચર થતાં નથી;[૧૪૧૦] તેવી જ રીતે મારી જોડે ઐકય થતાં સર્વરૂપ જે હું તે મારા વિ બીજું કાંઈ પણ અવશિષ્ટ રહેતું નથી.[૧૧] એટલા માટે, તારે પાપ પુણ્ય કિંવા ધર્માધર્મ ચિન્તા કરવી નહિ. તારાં પાપ અને પુણ્ય હું પોતે જ થઈશ, સમજ્યો કે?[૧૨] સર્વ પ્રકાર બંધન કરનારું જે પાપ, તેનું મારાથી ભિન્ન અવશિષ્ટ રહેવું, એ જ મુખ્ય લક્ષણ છે. તે પાપ મારા જ્ઞાનના યોગે નાશ થશે.[૧૩] હે વિચારશીલ અર્જુન! લવણ જળમાં પડ્યું, એટલે પે લુપ્ત થઈને સર્વ જલરૂપ થઈ જાય છે, તેવી જ રીતે તું અનન્ય ભાવે મારે શરણે આવવા કેવળ મદ્રૂપ થઈશ.[૧૪] હે ધનંજય! એના યોગે તું પોતાની મેળે જ સર્વ બંધનોથી છૂટી જઈ એટલા માટે મને જાણીને તું મારી પ્રાપ્તિ કરી લે, એટલે હું તને સર્વ બંધનોથી મુક્ત કરીશ. અર્થાત્ હે સુમતે! ધર્માધર્મની ચિન્તાને મનમાં ન રાખ. એક અદ્વિતીય જે હું, તે મને જાણ મારે શરણે આવ![૧૬]

એ પ્રમાણે, સર્વ રૂપોના રૂપ, સર્વ દૃષ્ટિની દૃષ્ટિ અને સર્વ દેશોના વસતિ સ્થાન જે શ્રી કૃષ્ણ ભગવાન, તે બોલ્યા.[૧૭] પછી શ્યામ સુંદર મૂર્ત્તિ જે શ્રીકૃષ્ણ ભગવાન્ તેમણે પોતાના ભૂષણ યુક્ત દક્ષિણ હસ્તને આગળ કરીને પોતાને શરણે આવેલા અર્જુનને ઊપાડી આલિંગન આપ્યું.[૧૮] જે સ્વરૂપને પ્રાપ્ત ન થતાં શબ્દ અને બુદ્ધિને પાછાં ખેંચીને કથન પાછું વળ્યું છે,[૧૯] એવું જે બુદ્ધિ તથા શબ્દને ગમ્ય ન થનારું સ્વરૂપ, તે સ્વરૂપનું દાન આપવા માટે હવે આલિંગનનું નિમિત્ત કર્યું.[૧૪૨૦] હવે અર્જુનના અને પોતાના હૃદયને મેળવીને પોતાના હૃદય-માંના જ્ઞાનનો તેના હૃદયમાં પ્રવેશ કરાવ્યો અને દેવભક્તના દ્વૈતને ન તોડતાં, અર્જુનને આત્મરૂપ કર્યો.[૨૧] એક દીપકવડે જેમ બીજા દીપકને સળગાવતાં દ્વૈતનો નાશ ન થતાં અદ્વૈત અવિચળ રહે છે, તેવો જ એ આલિંગનનો પ્રકાર થયો; એટલે કે, ભગવાને દ્વૈતને ન તોડતાં પાર્થને સ્વત્વ (અદ્વૈત) આપ્યું![૨૨] તે વેળાએ અર્જુનના હૃદયમાં એ આનંદનો જે ઉમળકો આવ્યો, તે ઉમળકાના પૂરમાં ભગવાન્ પોતે સર્વવ્યાપક હોવા છતાં પણ ડુબી ગયા![૨૩] સમુદ્રમાં સમુદ્ર આવી મળતાં પાણી બમણું થવાથી, પૂરવણી માટે આકાશનો જેમ સ્વીકાર કરવો પડે છે;[૨૪] તેવી રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન બન્ને, એ આલિંગનના પ્રેમને શમાવી શક્યા નહિ! તેના રહસ્યને બીજું કોણ જાણી શકે? વધારે શું કહેવું? સમસ્ત વિશ્વ નારાયણ સ્વરૂપ થઇ ગયું![૨૫]

એ પ્રમાણે, વેદોનાં મૂળ સૂત્ર અને જેમાં શ્રવણ તથા પઠનનો સર્વને સમાન અધિકાર છે એવા આ પવિત્ર ગીતાશાસ્ત્રને શ્રીકૃષ્ણે પ્રાકટ્ય આપ્યું (પ્રકટ કર્યું.)[૨૬] અહીં, 'ગીતાશાસ્ત્ર વેદોનું મૂળ છે, એમ તમારા જાણવામાં કેમ કરીને આવ્યું?' એવી કદાચિત્ તમે શંકા કરશો, તો જે કારણોથી એ રહસ્ય અમારા જાણવામાં આવ્યું છે તે પ્રસિદ્ધ કારણો હું કહી સંભાળવું છું; (એમ જ્ઞાનેશ્વરે કહ્યું.)[૨૭] જે ઇશ્વરના શ્વાસોચ્છ્વાસમાંથી વેદો નીકળેલા છે, તે સત્યપ્રતિજ્ઞ ઇશ્વરે પોતાના મુખથી જ પ્રતિજ્ઞા કરીને ગીતાશાસ્ત્ર કથ્યું છે;[૨૮] અને એ જ કારણથી ગીતાશાસ્ત્ર વેદોનું મૂળ છે, એમ કહેવું સર્વથા યોગ્ય જ છે અને એનું એક બીજું પણ કારણ છે.[૨૯] જે (બીજ) વૃક્ષસ્વરૂપે ન હોવા છતાં જ્યાં તેનો વિસ્તાર અન્તર્ગત હોય છે, ત્યાં તે વૃક્ષનું બીજ છે, એવી જગતમાં માન્યતા છે.[૧૪૩૦] જેવી રીતે વૃક્ષ બીજમાં ગુપ્તરૂપે રહેલું હોય છે, તે જ પ્રમાણે, ત્રિકાંડવેદ (કર્મ, ઉપાસના અને જ્ઞાન) ગીતામાં ગુપ્ત રીતે રહે છે.[૩૧] એટલા માટે વેદનું બીજ ગીતા છે, એમ મને ભાસે છે, તેમ જ સ્પષ્ટતાથી દૃષ્ટિગોચર પણ થાય છે.[૩૨] જેવી રીતે શરીર રત્નોવડે સુશોભિત દેખાય છે, તેવી રીતે વેદોના ત્રણ કાંડો ગીતામાં સ્પષ્ટ કરેલા છે.[૩૩] તે વેદોના કર્મ આદિ ત્રણ કાંડો, ગીતામાં કીયા કીયા સ્થળે વર્ણવેલા છે, તે નેત્રોવડે દેખાય એવી રીતે હું બતાવું છું, તે સાંભળો.[૩૪] પ્રથમ અધ્યાયમાં અર્જુને પ્રવૃત્તિશાસ્ત્રનો વિચાર કરેલો છે, દ્વિતીય અધ્યાયમાં શાસ્ત્રમાં વિશ્વાસ રાખવાના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરેલું છે.[૩૫] આ ગીતાશાસ્ત્ર જ્ઞાનપ્રધાન હોઇને મોક્ષ આપવામાં સ્વતંત્ર છે, એમ દ્વિતીય અધ્યાયમાં (બે નિષ્ઠારૂપે–કર્મનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા એ રૂપથી) કહેલું છે.[૩૬] ત્રીજા અધ્યાયમાં જે અજ્ઞાનથી કર્મ બંધનમાં જકડાયેલો હોય તેને તે બંધનથી મુક્ત કરીને મોક્ષપદે લઇ જનારાં સાધનોના વર્ણનનો આરંભ કરેલો છે.[૩૭] જેઓ દેહાભિમાનથી બદ્ધ થએલા છે, તેમણે નિષિદ્ધ અને કામ્ય કર્મોને ત્યાગીને નિરભિમાન બુદ્ધિથી વિહિત કર્મો કરવાં;[૩૮] અર્થાત્ નિરભિમાની થઇ સદ્‌ભાવથી કર્મોનું આચરણ કરવું, એવો શ્રી ભગવાને તૃતીય અધ્યાયમાં નિર્ણય કરેલો છે, અને એથી એ અધ્યાયને કર્મકાંડના નામથી એળખવો જોઇએ.[૩૯] નિત્ય-નૈમિત્તિક કર્મોનું આચરણ કરવાથી તે કર્મો અજ્ઞાનનો કેવી રીતે નાશ કરે છે:[૧૪૪૦] એવી ઇચ્છા થતાં બદ્ધ મનુષ્ય મુમુક્ષુની અવસ્થામાં આવે, તો તેના માટે, તે જ સર્વ કર્મો બ્રહ્માર્પણ બુદ્ધિથી કરવાં, એવો દેવ શ્રીકૃષ્ણે ઉપદેશ કરેલો છે.[૪૧] જે જે વિહિત કર્મો (કાયિક, વાચિક અને

માનસિક) કરે, તે સર્વ કર્મો કેવળ ઈશ્વરપ્રસન્નતાના ઉદ્દેશથી જ કરીને ઇશ્વરાર્પણ કરી દે, એમ તેમણે કહેલું છે.[૪૨] ઈશ્વરના ઉદ્દેશથી કર્મયોગવડે ભજન અને કથન કરવાનો પ્રકાર ચતુર્થ અધ્યાયના અંતમાં કહેવાનો આરંભ કરેલો છે.[૪૩] તે જ પ્રકારનો, વિશ્વરૂપ (દર્શનના) એકાદશ અધ્યાયની સમાપ્તિ પર્યન્ત, કર્મો ઈશ્વરને અર્પીને, ઈશ્વરનું ભજન કેવી રીતે કરવું, એ કથનપૂર્વક, વિસ્તાર કરેલો છે.[૪૪] તે જ ચતુર્થ અધ્યાયથી એકાદશ અધ્યાય પર્યન્તના આઠ અધ્યાયોમાં ઉપાસના કાંડ (દેવતાકાંડ)નું, સર્વ વિઘ્નોને દૂર કરી વર્ણન કરવામાં આવ્યું છે;[૪૫] અને ઈશ્વરના પ્રસાદવડે અને શ્રી ગુરુના સંપ્રદાયથી જે સત્ય કોમળ જ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે:[૪૬] તે જ્ઞાન દ્વાદશ અધ્યાયમાં 'अद्वेष्टा सर्वभूतानाम्' । એ શ્લોકથી લઈને અથવા તો ત્રયોદશ અધ્યાયમાંના 'अमानित्वम् । ઇત્યાદિ શ્લોકથી વિસ્તારપૂર્વક કહેલું છે. એટલા માટે દ્વાદશ અધ્યાયને જ્ઞાનકાંડમાં જ ગણેલો છે.[૪૭] એ બારમા અધ્યાયના આરંભથી પંચદશ (પંદરમા) અધ્યાયના અંત સૂધીના ચાર અધ્યાયોમાં, જ્ઞાન, ફળ અને તેની સિદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૪૮] એટલે કે, પંદરમા અધ્યાયના અન્તપર્યન્તના ચાર અધ્યાયવડે (ગીતામાં) જ્ઞાનકાંડ કથાયલો છે.[૪૯] એવી રીતે, (કર્મ, ઉપાસના અને જ્ઞાન એ) કાંડત્રયનું નિરૂપણ કરનારી આ ગીતા, તે ગીતા નહિ, પણ એક ન્હાનકડી લાવણ્યમયી શ્રુતિ જ છે; અને તેણે ગીતા પદ્યરૂપ રત્નોના ભંડારનો જન્મ આપેલો છે![૧૪૫૦] એવી જે એ કાંડત્રયાત્મક શ્રુતિ, તે 'થોભો, થોભો અને આ મોક્ષરૂપ ફળને અવશ્ય લ્યો' એવો ઢંઢેરો પીટાવે છે.[૫૧] તે જ્ઞાનનાં સાધનો સાથે સદૈવ વૈર રાખનાર જે અજ્ઞાનવર્ગ, તે વર્ગનું ષોડષ્ (સોળમા) અધ્યાયમાં વર્ણન કરેલું છે.[૫૨] અને તે જ શત્રુને શાસ્ત્રના સાહાય્યથી જિતવો જોઇએ, એવી આજ્ઞા જે અધ્યાયમાં કરેલી છે, તે સપ્તદશ (સત્તરમો) અધ્યાય છે.[૫૩] એવી રીતે, પ્રથમ અધ્યાયથી સપ્તદશ અધ્યાયના અન્ત પર્યન્ત પોતાના શ્વાસોચ્છ્વાસમાંથી ઉત્પન્ન થયેલા વેદોનું જ હવે નિરૂપણ કરેલું છે.[૫૪] એ સર્વ અધ્યાયોનો તાત્પર્યાર્થ જે અઢારમા અધ્યાયમાં સમાયલો છે, તે આ અંતિમ અધ્યાય સર્વ અધ્યાયોનો મુકુટમણિ છે.[૫૫] એ પ્રમાણે, સાતસેં શ્લોકોની સંખ્યાથી સિદ્ધ થયેલો આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાપ્રબંધ મૂર્તિમાન્ વેદ જ હોઇને ઔદાર્યમાં વેદ કરતાં પણ શ્રેષ્ઠ છે.[૫૬] વેદસંપન્ન છે ખરો; પરંતુ તેના જેવો કૃપણ તો બીજો કોઈ પણ નથી; કારણ કે, (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ) ત્રણ વર્ણનાં શ્રવણોમાં જ અથડાયો છે. (અર્થાત્ એ ત્રણ વર્ણને જ પોતાનો મર્મ કાનમાં કહી સંભળાવે છે.)[૫૭] એ ઉપરાંત જે સ્ત્રી અને શૂદ્ર આદિક જીવો, સંસારવ્યથાથી પીડિત થએલા છે, તેમનો પ્રવેશ વેદોમાં થઇ શકે એવી સગવડ નથી, એમ પોકાર કરતો તે નિરાંત કરીને બેસી રહ્યો છે![૫૮] એથી (જ્ઞાનેશ્વર કહે છે કે,) મને તો એમ જ દેખાય છે કે, તે (વેદ) પોતાની આગલી ન્યૂનતા કિંવા સંકોચ બુદ્ધિનો લોપ થાય અને પોતાને નવીન સત્કીર્ત્તિની પ્રાપ્તિ થાય એવા હેતુથી, પોતાનું કોઇ પણ સેવન કરી શકે, એવા ગીતાના સ્વરૂપમાં અત્યારે પ્રકટ થએલો છે.[૫૯]

ગીતાના રૂપમાં વેદ સુલભ થયો છે; કારણ કે, તે અર્થવડે મનમાં પ્રવેશ કરે છે, શ્રવણના મિષથી કર્ણમાં પેસે છે અને જપના નિમિત્તથી મુખમાં નિવાસ કરે છે.[૧૪૬૦] આ ગીતાનો જે કોઈ નિત્ય પાઠ કરે છે, અથવા પાઠ કરનારની સંગતિમાં રહે છે, કિંવા પુસ્તકના મિષે લોકોને ગીતા લખી આપે છે;[૬૧] એવી રીતે પ્રાણી માત્રને ખુલ્લા સંસારરૂપ બજારમાં મોક્ષ સુખનું સદાવ્રત્ત આપે છે;[૬૨] આકાશમાં નિવાસ કરવા માટે, પૃથ્વીપર બેસવા માટે અથવા સૂર્યની દીપ્તિનો વ્યવહાર થવા માટે જેવી રીતે આકાશ સર્વને આધારરૂપ છે;[૬૩] તે જ પ્રમાણે, ગીતાનું સેવન કરનારાઓમાં ઉત્તમ અને અધમના ભેદને ન જાણતાં તે સમાનતાથી સર્વને મોક્ષપદ આપીને સર્વ જગતને સુખી કરે છે.[૬૪] અર્થાત્ પોતાની ગત નિન્દાથી ભયભીત થએલો વેદ ગીતાના ઉદરમાં પ્રવિષ્ટ થવાથી ઉત્તમ કીર્ત્તિને પાત્ર થયો છે.[૬૫]

સારાંશકે, વેદોવડે પણ સુસેવન કરવાને યોગ્ય આ મૂર્ત્તિમતી ગીતા શ્રીકૃષ્ણે પોતે પાંડુસુત અર્જુનને કહી સંભળાવી છે.[૬૬] પરંતુ જેમ વત્સની પ્રીતિના કારણથી આખા ઘરને ગાયના દૂધનો ઉપભોગ મળે છે, તે જ પ્રમાણે, અર્જુનના નિમિત્તથી સમસ્ત જગતનો (આ ગીતા પ્રાપ્તિવડે) ઉદ્ધાર થએલો છે![૬૭] મનમાં ચાતકની ચિન્તા રાખીને, મેઘ જળની વૃષ્ટિ વર્ષાવે છે; પણ તે વૃષ્ટિથી જેમ સહજ ગત્યા સર્વ જગતનું સાંત્વન થાય છે;[૬૮] અથવા, એકનિષ્ઠ જે કમળ, તે કમળને પ્રફુલ્લિત કરવા માટે વારંવાર સૂર્ય ઉદિત થાય છે; પણ તેના ઉદયથી ત્રિભુવનમાંનાં સર્વ પ્રાણીઓને પ્રકાશ મળતાં સુખ થાય છે;[૬૯] એ ન્યાયને અનુસરીને, શ્રી કૃષ્ણે અર્જુનના મિષથી ગીતાનો પ્રકાશ વિસ્તારીને જગતના સંસાર જેવા ભારને હલકો કરી નાંખ્યો છે.[૧૪૭૦] સર્વ શાસ્ત્ર-રૂપ તેજને આ ત્રણ લોકમાં પ્રકટ કરનાર લક્ષ્મીપતિ જે શ્રીકૃષ્ણ, તેનું મુખ તે જ આકાશ અને આકાશમાં ગીતાશાસ્ત્રરૂપ સૂર્યનો ઉદય થયેલો છે.[૭૧] જે કુળમાં અર્જુને જન્મ લીધો અને જે આ ગીતાજ્ઞાનને પાત્ર થઇને જેણે સમસ્ત જગતને ગીતાશાસ્ત્રનો લાભ કરાવી આપ્યો, તે કુળને ધન્ય છે![૭૨] અસ્તુ.

એ પછી, સદ્‌ગુરુ શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપમાં મળી ગયેલા પાર્થને દ્વૈતભાવમાં લાવી મૂક્યો.[૭૩] એ વેળાએ ભગવાન્ અર્જુનને કહે છે કે;–"મેં જે ગીતાશાસ્ત્ર તને કહી સંભળાવ્યું, તે તારા સમજવામાં આવ્યું કે?" એટલે અર્જુને કહ્યું કે;–"હે દેવ! આપની કૃપાથી તે મારા સમજવામાં આવ્યું છે!"[૭૪] પુનઃ ભગવાન્ બોલ્યા;–"હે ધનંજય! ભાગ્યવડે કદાચિત્ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે; પરંતુ પ્રાપ્ત થયેલા ઐશ્વર્યનો ઉપભોગ કેવી રીતે લેવો, એ તો કોઇક જ સમજતું હોય છે!"[૭૫] ઐશ્વર્ય પ્રાપ્ત થઇને પુનઃ કેવી રીતે લુપ્ત થાય છે, એ વિશે શ્રી ભગવાન્ ઉપપત્તિ કહે છે;–"ક્ષીરસાગર જેવા દુગ્ધના નિરુપમ પાત્રનું મંથન કરવાને દેવ અને દૈત્યોને કેટલો બધો શ્રમ પડ્યો હતો?[૭૬] તે શ્રમનું ફળ જે અમૃત, તે પણ પ્રાપ્ત થયું; પણ તેને યત્નથી જાળવવાની કળાને તેઓ ભૂલી ગયા;[૭૭] અને તેથી અમર થવાની આશાથી મેળવેલું અમૃત દૈત્યોના મરણનું કારણ થઈ પડ્યું. એટલે કે, જો ભોગ ભોગવવાની યુક્તિ ન આવડે, તો તેનું આવું વિપરીત પરિણામ જ થાય છે.[૭૮] *નહુષ રાજા યજ્ઞ આદિ કષ્ટમય આચરણ કરીને સ્વર્ગનો અધિપતિ (ઇંદ્ર) થયો હતો, પણ ત્યાંના વર્ત-

---

* નહુષ, આયુરાજાના પુત્રોમાં સર્વથી જ્યેષ્ઠ પુત્ર હતો. એ રાજા પરમ પરાક્રમી અને મહા સદ્‌ગુણી હતો. તેના એ ગુણોને લીધે, વૃત્રાસુરનો વધ કર્યા પછી બ્રહ્મહત્યાના ભયથી ઇન્દ્ર જે વેળાએ માનસ સરોવરમાં જઇને લપાઇ રહ્યો હતો, તે વેળાએ ઋષિયોએ અને દેવોએ મળીને એકમતથી તેને ઇન્દ્રપદનો અધિકારી બનાવ્યો. નહુષ રાજા મહા સામર્થ્યવાન્, વિદ્વાન્, તપસ્વી અને યોગી હોવાથી સ્વર્ગનું રાજ્ય કરવાની યોગ્યતા તેનામાં હતી. પરંતુ સંપત્તિ અને ઐશ્વર્યના મદથી તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ અને તેથી તેણે એક દિવસ ઇન્દ્રાણીને કહ્યું કે;–"અત્યારે ઇન્દ્ર હું છું અને એટલા માટે તું મારી સેવા કરે, એ સર્વથા યોગ્ય છે." ઇન્દ્રાણીએ સર્વ વૃત્તાંત બૃહસ્પતિને કહી સંભળાવ્યો, અને "હવે આનું શું કરવું?" એમ પૂછ્યું. એ વૃત્તાંત સાંભળીને બૃહસ્પતિએ ઇન્દ્રાણીને એવી યુક્તિ બતાવી કે;–"આજ સુધીમાં જે વાહનપર કોઈ પણ બેઠું ન હોય, તેવા વાહનપર આરૂઢ થઇને તું મારી પાસે આવ, એટલે હું તારી ઇચ્છાને આધીન થઇશ, એમ તું તેને કહે." એ પ્રમાણે ઇન્દ્રાણીએ નહુષ રાજાને કહ્યું. એટલે પછી નહુષે એ વિશે ઘણો વિચાર કર્યો, પરંતુ એવું એક પણ અપૂર્વ વાહન તેની કલ્પનામાં આવી શક્યું નહિ. અંતે બ્રાહ્મણોવડે પાલખી ઉપડાવી; કારણ કે, એવી પાલખીમાં અત્યાર સુધી કોઇ પણ બેઠું નથી એમ વિચારી, 'એ જ વાહનમાં બેસીને આપણે ઇન્દ્રાણી પાસે જવું' એવો નહુષ રાજાએ નિશ્ચય કર્યો. તેણે પાલખી ઊપાડવાની મોટા મોટા ઋષિ-ઓને ફરજ પાડી અને નિરૂપાયે ઋષિઓ પોતાના પગતળે કૃમિકીટક આદિ ન ચગદાય એટલા માટે ધીમે ધીમે ચાલવા લાગ્યા. પરંતુ નહુષ ઇન્દ્રાણી પાસે જવાને બહુ જ આતુર થએલો હોવાથી, ઋષિઓને લત્તાપ્રહાર કરીને 'સર્પ,! સર્પ! (જલ્દી! જલ્દી!)' વારંવાર કહેવા લાગ્યો. એથી પાલખીમાં જોડાયલા ઋષિયોમાંના અગસ્ત્ય ઋષિને તેનો લત્તાપ્રહાર થતાં જ મહાદ્વેષ આવી ગયો અને તે કોપના આવેશમાં તેણે નહુષ રાજાને એવો શાપ આપ્યો કે;– "હે મદોન્મત્ત! તું જ સર્પ થઇશ અને તારો અધઃપાત થશે!" એ શાપના પ્રભાવે તે તત્કાળ સર્પ થઇ ગયો અને અજગરના રૂપે હિમાલયના શાકુનગિરિ નામક શિખરપર તેનો વિનિપાત થયો."

નની પદ્ધતિને ન જાણવાથી, ભ્રમીને તે સર્પયોનિમાં ગયો, એ તું નથી જાણતો?[૭૯] એટલા માટે, હે ધનંજય! તેં બહુ પુણ્ય કરેલાં હોવાથી, સર્વ શાસ્ત્રોનો રાજા જે ગીતાશાસ્ત્ર, તેના કથનનો હેતુ થયો છે.[૧૪૮૦] તો હવે આ શાસ્ત્રના વર્ત્તવાવાનો જે સંપ્રદાય છે, તેને સમજી લઈને પછી શાસ્ત્ર પ્રમાણે તેનું અનુષ્ઠાન કર.[૮૧] નહિ તો, હે અર્જુન! જો સંપ્રદાયને છોડીને એનું અનુષ્ઠાન કરવા માંડીશ, તો તેનું પરિણામ અમૃતમંથન પ્રમાણેનું જ થશે.[૮૨] હે કિરીટિ! ગાય ઉત્તમ મળેલી હોય, છતાં જો તેનું દૂધ કાઢવાની કળા અવગત થએલી હોય, તો જ તે દૂધ આપે છે;[૮૩] તેવી જ રીતે, સદ્‌ગુરુ પ્રસન્ન થએલા હોય અને તેથી શિષ્યને વિદ્યા પણ પ્રાપ્ત થએલી હોય; છતાં સંપ્રદાયવડે ગુરુની સેવા કરવામાં આવે, તો જ તે વિદ્યા ફળદાયક થાય છે.[૮૪] એટલા માટે, આ ગીતાશાસ્ત્રને પ્રાપ્ત કરી લેવાનો જે યોગ્ય સંપ્રદાય છે, તે હું કહું છું તે આદરપૂર્વક સાંભળ.[૮૫]

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ ६७ ॥

[મેં તને કહેલું આ જ્ઞાન તું તપોવિહીનને કદાપિ કહીશ નહિ; અભક્તને પણ કહીશ નહિ; જેને સાંભળવાની ઇચ્છા ન હોય તેને પણ કહીશ નહિ; અને જે મારો દ્વેષી હોય તેને પણ કહીશ નહિ. ૬૭]

હે પાર્થ! તને આ ગીતાશાસ્ત્રની આસ્થાપૂર્વક પ્રાપ્તિ થયેલી છે, એટલે તપોવિહીન મનુષ્ય આગળ કદાપિ એનું કથન કરીશ નહિ;[૮૬] અથવા મનુષ્ય તાપસી હોય છતાં ગુરુભક્તિ ન કરતો હોય, તો વેદોએ જેમ અંત્યજને પોતા પાસેથી દૂર કરેલો છે, તેવી રીતે તેને તું દૂર રાખ; જે[૮૭] અથવા તો યજ્ઞનો અવશિષ્ટ ભાગ (પુરોડાશ) કાગડો વૃદ્ધ હોય, તો પણ તેને આપવામાં આવતો નથી, તેવી રીતે ગુરુભક્તિ ન કરનાર તપસ્વીને પણ આ ગીતાશાસ્ત્ર સંભળાવીશ નહિ;[૮૮] અથવા જે શરીરવડે તપ કરવા ઉપરાંત ગુરુ અને દેવની જે ભક્તિ પણ કરતો હોય; છતાં જેને શ્રવણની ઇચ્છા ન હોય;[૮૯] તો તપ અને ગુરુભક્તિ એ ઉભય અંગોવડે યોગ્ય હોવા છતાં પણ શ્રવણની ઈચ્છાનો તેનામાં અભાવ હોવાથી, તે પણ ગીતાશાસ્ત્ર સાંભળવાને યોગ્ય નથી.[૧૪૯૦] મોતી ઉત્તમ હોય છતાં જો તેમાં છિદ્ર પાડવામાં ન આવ્યું હોય, તો તેનામાં સુવર્ણનું સૂત્ર કેમ કરીને નાંખી શકાય વારુ?[૯૧] સમુદ્ર ગંભીર છે, એ વિશે કોણ ના પાડી શકે એમ છે? પરંતુ તેમાં પડેલી વૃષ્ટિ જેમ વ્યર્થ જાય છે;[૯૨] અથવા તૃપ્ત થયેલા મનુષ્યની પત્રાવલિમાં પક્વાન્નો પીરસીને તેમને વ્યર્થ કરવાં, તેના કરતાં તે જ પક્વાન્નો ક્ષુધિત મનુષ્યને આપીને પોતાના ઔદાર્યને શા માટે પ્રકટ ન કરવું?[૯૩] અર્થાત્ મનુષ્ય સર્વ રીતે યોગ્ય હોવા છતાં જો તેનામાં શ્રવણની ઇચ્છા ન હોય, તો તેવાને આ ગીતાશાસ્ત્ર, કૌતુકથી પણ સંભળાવતો નહિ.[૯૪] રૂપનો વિષય નેત્રોવડે જ સમજવા યોગ્ય હોવાથી તે નાસિકાવડે વાસ લીધાથી સમજવામાં આવી શકતો નથી. અર્થાત્ જેની જેવી યોગ્યતા હોય છે, તે પ્રમાણે જ તે કાર્ય કરે છે.[૯૫] એટલા માટે, હે સુભદ્રાપતે! તપસ્વી અને ગુરુ તથા દેવની ભક્તિ કરનાર હોવા છતાં જો તેને શાસ્ત્ર શ્રવણની પ્રિયતા ન હોય, તો તેનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.[૯૬] અથવા તપસ્વી તેમ જ ગુરુ તથા દેવની ભક્તિ કરનાર હોવા સાથે શાસ્ત્રશ્રવણની ઇચ્છાવાળો પણ હોય—એવો સર્વ પ્રકારથી યુક્ત મનુષ્ય જો તને મળી આવે;[૯૭] તો પણ સકળ લોકોનું શાસન કરનાર અને ગીતાશાસ્ત્રને નિર્માણ કરનાર જે હું, તે મને જે સાધારણ મનુષ્ય પ્રમાણે સમજતો હોય;[૯૮] તેમ જ મારાં અને સજ્જનોનાં છિદ્રો શોધીને નિન્દા જ કર્યા કરતો હોય, તો તે પણ આ શાસ્ત્રના શ્રવણને યોગ્ય નથી,

એમજ તારે સમજવું.[૯૯] તેની ઈતર સર્વ સામગ્રી કેવી (વ્યર્થ) હોય છે તે સાંભળ. અર્થાત્ શાસ્ત્ર શ્રવણ આદિ સર્વ સામગ્રી અને (આત્માને) કેવળ મનુષ્યરૂપે જાણવાથી વ્યર્થ છે. રાત્રિના સમયમાં તેલ અને વાટથી ભરેલી દીવી જેમ દીપકની જ્યોતિવિના વ્યર્થ છે;[૧૫૦૦] જેવી રીતે કોઇ એક તરુણ મનુષ્ય ઊજળો દૂધ જેવો હોય અને તેના શરીર ઉપર અલંકાર પણ ચઢાવેલા હોય, છતાં જો તેનામાં એક જીવન જ ન હોય;[૧] અથવા સુવર્ણનું સુંદર અને પ્રકાશિત ગૃહ હોવા છતાં જો તેના દ્વારમાં નાગિની બેઠેલી હોય;[૨] અથવા ઉત્તમ અન્ન તૈયાર કરેલું છતાં જો તેમાં વિષ મેળવેલું હોય; અથવા ગર્ભિણી સ્ત્રી પ્રમાણે બહારનો એક દેખાવ અને અંદરનો બીજો એવો સ્નેહ કપટમય હોય;[૩] તે જ પ્રમાણે, હે બુદ્ધિમાન્ અર્જુન! જે મારી અને મારા ભક્તની નિન્દા કરે છે, તેની તપસ્વિતા, ભક્તિ અને બુદ્ધિ કપટમયી સમજજે![૪] એટલા માટે, હે ધનંજય! કોઇ મનુષ્ય બુદ્ધિમાન્ હોવા સાથે તપસ્વી હોય, પરંતુ જો મારી અને ભક્તોની નિન્દા કરતો હોય, તો હે તાત! તેને આ ગીતાશાસ્ત્રનો સ્પર્શ માત્ર પણ થવા દઇશ નહિ.[૫] નિંદકવિશે બીજું વધારે હું તને શું કહું? તે જો બ્રહ્મદેવ સમાન યોગ્યતાવાળો હોય, તોય તેને કેવળ કૌતુકના ભાવથી પણ ગીતાશાસ્ત્રનું શ્રવણ કરાવીશ નહિ.[૬] અર્થાત્ હે ધનુર્ધર! જે મનુષ્યે નીચે તપરૂપ પાષાણનો પાયો નાંખીને તેની ઊપર ગુરુભક્તિરૂપ દેવાલય બાંધ્યું છે;[૭] અને શ્રવણેચ્છારૂપ સિંહદ્વારને નિરંતર ખુલ્લું રાખીને ઉપર અનિન્દારૂપ રત્નનો ઉત્તમ કળશ ચઢાવેલો છે;[૮]

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥ ६८ ॥

[જે (કોઇ) આ પરમ ગુહ્ય જ્ઞાન મારા ભકતોને સંભળાવશે, તે મારી દૃઢ ભક્તિ કરીને અને સંશયરહિત થઈને મને જ પામશે. ૬૮]

એવા ઉત્તમ ભક્તરૂપ દેવાલયમાં ગીતારૂપ રત્નેશ્વરની સ્થાપના કર્યા પછી, આ જગતમાં તને મારી યોગ્યતા પ્રાપ્ત થશે.[૯] કારણકે, એક અક્ષરપણાથી અકાર, ઉકાર અને મકાર એ ત્રણ માત્રાની કક્ષામાં જે ૐકાર ગર્ભવાસમાં અટકેલો હતો,[૧૫૧૦] તે વેદોનું બીજ જે ૐકાર, તે ગીતારૂપ વૃક્ષના વિસ્તારને પામીને, તેમાંના શ્લોકો ગાયત્રીરૂપ પુષ્પો અને ફળો થયાં છે.[૧૧] એવી આ મંત્રરૂપ ગીતા જે કોઇ મારા ભકતોને સંભળાવે છે અને માતાના સ્તનવિના જેના જીવનનું અન્ય કોઇ સાધન નથી એવા બાળકને જેમ માતા સાથે મેળવી આપવામાં આવે છે,[૧૨] તે પ્રમાણે મારા ભકતોનો જે આદરપૂર્વક ગીતા સાથે મેળાપ કરાવી આપે છે, તે મરણ પછી મદ્રૂપ જ થાય છે.[૧૩]

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥ ६९ ॥

[મને જે મનુષ્યો પ્રિય છે, તેમનામાં મારા ગુહ્ય જ્ઞાનને કથનારા મનુષ્ય કરતાં ઉત્તમ કોઈ પણ નથી; અને આ લોકમાં મને તેના કરતાં વધારે પ્રિય બીજો કોઇ થવાનો જ નથી. ૬૯]

અને દેહ ધારણ કરેલો હોવા છતાં પણ જે જીવ અને પ્રાણવડે દેહભાવથી અલિપ્ત હોય છે, તે જ મને અત્યંત પ્રિય છે.[૧૪] જ્ઞાની, કર્મિષ્ઠ અને તપસ્વી જો કે મને જાણે છે, તો પણ તે સર્વમાંથી ગીતાર્થને જાણનારો મને અત્યંત પ્રિય છે.[૧૫] હે પાંડવ! જે મારા ભક્તજનોના સમુદાયને ગીતાશાસ્ત્ર સંભળાવે છે, તેના જેવો આ પૃથ્વીતલમાં મને બીજો કોઇ પણ પ્રિય નથી.[૧૬] મારી પ્રીતિથી જ પોતાના મનને સ્થિર કરીને જે મારા ભકતોને ગીતાશાસ્ત્રનું

શ્રવણ કરાવે છે, તે ખરેખર સંતજનોનો મુકુટમણિ જ છે.[17] મને એમ ભાસે છે કે, મારા ભક્તોના સમુદાયરૂપ ઉદ્યાનમાં ગીતાના અર્થનું પ્રતિપાદન કરનારો ભક્ત જાણે વસંત જ હોયની! એથી શ્રોતૃમંડળના અંગમાં નવપલ્લવરૂપ રોમાંચ ખડાં થાય છે અને મંદવાયુથી વૃક્ષો જેમ આન્દોલિત થાય છે, તે પ્રમાણે તેમનાં શરીરો આનંદના ઉમંગવડે ડોલતાં હોય છે; અને નેત્રરૂપ પુષ્પોમાંથી જે આનંદાશ્રુ ટપકે છે, તે મધુસ્રાવ સમાન શોભે છે અને તે ઉદ્યાનમાં કોકિલ પક્ષી જેમ મધુર સ્વરથી ગાયન કરે છે, તેમ આ શ્રોતૃમંડળ સદ્‌ગદિત અંતઃકરણથી ભગવન્નામનો જયઘોષ કરે છે.*[18–19] અથવા તો ગગનમાં ચંદ્રનો ઉદય થાય તો જ ચકોર પક્ષીના જન્મનું સાર્થક્ય થાય છે અથવા તો નવીન મેઘ મયૂરને હોકારો આપતા જ આવે છે! એ પ્રમાણે,[1520] મારી પ્રાપ્તિમાં દૃષ્ટિ રાખીને જે કોઈ સંતોના સમુદાયમાં ગીતા પદ્યરૂપ રત્નોની વૃષ્ટિ વર્ષાવે છે;[21] તેવો યોગ્યતાને ધરાવતો પ્રિયતમ ભક્ત પૂર્વે જોવા જતાં કોઈ મળ્યો નથી અને હવે પછી ભવિષ્યમાં મળવાનોએ નથી![22] હે અર્જુન! એ પ્રમાણે જે મનુષ્ય સંતજનોને ગીતાના અર્થની મેજબાની આપે છે, તે (મનુષ્ય)ને હું મારા પોતાના હૃદયમાં ધારણ કરું છું.[23]

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥ ७० ॥

[અને જે તારા અને મારા આ ધર્મયુક્ત ગીતાસંવાદનું પઠન કરશે, તેણે જ્ઞાનયજ્ઞથી મારું પૂજન કર્યું છે, એમ જ હું સમજીશ. ૭૦]

મારા અને તારા સમાગમમાં જે આ સંવાદ થયો છે, તે આ પૃથ્વીપર મોક્ષને જિતવા માટે જ આવેલો છે.[24] એ સકળ અર્થને પ્રાપ્ત કરાવી આપનારા આપણા સંવાદનું, તેમાંનાં પદોનો વિચાર ન કરતાં જે કેવળ પઠન જ કરે છે;[25] તેણે જ્ઞાનરૂપ પ્રજ્વલિત અગ્નિમાં અજ્ઞાનની આહુતિ આપીને હું જે પરમાત્મા તેને, હે સુમતિ અર્જુન! સંતુષ્ટ કર્યો, એમ જ થાય છે.[26] ગીતાના અર્થનો અનુભવ લઈને શોધક જ્ઞાનીજનો જે યોગ્યતાને પામે છે, તેજ યોગ્યતા ગીતાનું ગાયન કરનારા અને વર્ણન કરનારાને પણ પ્રાપ્ત થાય છે.[27] ગીતાના પાઠકને ગીતાના અર્થના જ્ઞાતા પ્રમાણેની જ ફળપ્રાપ્તિ થાય છે; કારણ કે, ગીતા માતાને, જ્ઞાતા અને જ્ઞાનહીન બાળકનો ભેદ છે જ નહિ.[28]

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥ ७१ ॥

[જે મનુષ્ય ભક્તિયુક્ત અંતઃકરણથી નિર્મત્સર થઈને આ ગીતા શાસ્ત્રનું કેવળ શ્રવણ કરે, તો તે પણ મુક્ત થઈને જે શુભ લોકમાં પુણ્યવાન્ પુરુષો જાય છે, તે શુભ લોકમાં પ્રયાણ કરી શકે છે. ૭૧]

અને સર્વત્ર નિન્દાને ત્યાગી શુદ્ધ આસ્થાથી જે ગીતાના શ્રવણમાં શ્રદ્ધા રાખે છે,[29] તેના કાનોમાં ગીતાના અક્ષરો અથડાતાંની સાથે જ પાતકો અસ્તવ્યસ્ત થઈને પલાયન કરી જાય છે.[1530] જેવી રીતે અગ્નિનો અરણ્યમાં સહજ પ્રવેશ થતાં ત્યાંનાં વનચરો અને પશુ પક્ષી આદિ દશ દિશામાં પલાયન કરવા માંડે છે;[31] અથવા ઉદયાચલમાં સૂર્યનો ઉદય થતાં જ જેમ આકાશમાંના અંધકારનો લોપ થાય છે;[32] તેવી જ રીતે, ગીતાના ઘોષનો કર્ણરૂપ મહાદ્વારમાં

* ૧૫૧૮ અને ૧૫૧૯ એ બે ઓવીઓનો અર્થ અખંડ સંબંધને જાળવવા માટે જાણી જોઈને જ એકત્ર આપવામાં આવ્યો છે.

ઈને અંતઃકરણમાં પ્રવેશ થતાંની સાથે જ સૃષ્ટિની ઉત્પત્તિની પહેલાંનાં પાપોનો પણ લોપ થઈ
ાય છે.[૩૩] એવી રીતે, સર્વ કુળ પવિત્ર થઈને તે પુરુષ કેવળ પુણ્યરૂપ જ થાય છે. એ
માણેનો તેને અલભ્ય લાભ થાય છે.[૩૪]

આ ગીતાના જેટલા અક્ષરો કર્ણદ્વારથી અંતઃકરણમાં પ્રવેશ કરે છે, તેટલા અશ્વમેધ યજ્ઞ
ોનું પુણ્ય પ્રાપ્ત થાય છે;[૩૫] અર્થાત્ ગીતાના શ્રવણથી પાપોનો લોપ થઈને ધર્મની વૃદ્ધિ
ાય છે અને તેના યોગે અંતે ઉપભોગવા માટે સ્વર્ગનું રાજ્ય પ્રાપ્ત થાય છે.[૩૬] એવો જે પુરુષ,
મારી પ્રાપ્તિરૂપ પ્રવાસનો સ્વર્ગમાં પહેલો મુકામ કરીને ત્યાં ઇચ્છામાં આવે ત્યાં સુધી સુખ
ાગવ્યા પછીથી મને જ આવી મળે છે.[૩૭] હે ધનંજય! ગીતાનું શ્રવણ કરનારને અને ગીતાના
ાઠકને, વધારે શું કહું? પણ આનંદ સ્વરૂપી જે હું, તે મદ્રૂપ ફળ જે ગીતા, તે ગીતાની પ્રાપ્તિ
રાવી આપે છે.[૩૮] એટલા માટે, આના વિસ્તારને હવે રહેવા દે. પરંતુ જે કારણ માટે, આ
ીતા શાસ્ત્રના કથનનો મેં આરંભ કરેલો હતો, તે તારું કાર્ય થઈ ગયું કે નહિ?[૩૯]

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय ॥ ७२ ॥

[હે પાર્થ! મેં કહેલું આ ગીતા શાસ્ત્ર તેં એકાગ્રચિત્તથી સાંભળ્યું ને? હે ધનંજય!
ાજ્ઞાનના યોગે તારા મનમાં જે મોહ ઉત્પન્ન થયો હતો, તે નષ્ટ થઈ ગયો ને? ૭૨]

હે પાંડવ! આ ગીતાશાસ્ત્રમાંના સર્વ સિદ્ધાંતો પૂરેપૂરા તારા મનમાં ઠસી ગયા છે કે કેમ?
કહે.[૧૫૪૦] મેં જેવી રીતે અને જે પદ્ધતિથી એ સિદ્ધાન્તો તારાં શ્રવણોને સ્વાધીન કર્યા—તેં
ાંભળ્યા, તેવી રીતે અને તે પદ્ધતિથી તારાં શ્રવણોએ તે સિદ્ધાન્તોને તારા ચિત્તને સ્વાધીન
ર્યા છે કે નહિ?[૪૧] અથવા તારા કાનોએ વચ્ચે જ માર્ગમાં ક્યાંક તેમને પાડી નાંખ્યા, કિંવા તેં
ે તરફ બરાબર ધ્યાન જ ન આપ્યું, એમ તો બન્યું નથી ને?[૪૨] મારા કહેવા પ્રમાણે જ
ાનોએ જો તે સિદ્ધાંતોનો તારા હૃદયમાં પ્રવેશ કરાવ્યો હશે, તો અત્યારે હવે તને હું જે કાંઈ
ૂછું, તેનો સત્વર જવાબ આપ.[૪૩] પ્રથમ તો હું એ જાણવા માગું છું કે, પ્રારંભમાં જે તારા
ાજ્ઞાનમાંથી ઊત્પન્ન થયો હતો અને જેણે તને ભ્રમમાં નાંખી દીધો હતો, તે મોહ હવે તારામાં
કે તેનો લોપ થઈ ગયો છે?[૪૪] એટલું જ નહિ, પણ તારામાં તને પુણ્ય તથા પાપ દૃષ્ટિ-
ાચર થાય છે કે કેમ, તે પણ કહે.[૪૫]

પાર્થ કદાચિત્ નિજાનંદૈકયરૂપમાં નિમગ્ન થઈ જશે, એમ ધારીને આ પ્રશ્નના નિમિ-
ત્થી ભગવાન્ તેને ભેદ બુદ્ધિ પ્રતિ લઈ આવ્યા.[૪૬] જો પાર્થ પૂર્ણ બ્રહ્મરૂપ થઈ જશે, તો
ાપણા હવે પછીના કાર્યની સિદ્ધિ નહિ થાય, એમ વિચારીને શ્રીકૃષ્ણનાથે તેને ભેદ-
ાાની મર્યાદાનું ઉલ્લંઘન કરવા દીધું નહિ.[૪૭] નહિ તો, પોતાની કૃતિ સર્વજ્ઞ શ્રીકૃષ્ણના
ામજવામાં નહોતી આવી કે શું? પરંતુ કેવળ આ કારણ માટે જ તેમણે અર્જુનને આવો
શ્ન પૂછ્યો હતો.[૪૮] એ પ્રમાણે, પ્રશ્ન કરીને લોપાયેલા અર્જુનત્વને પાછું લાવી અર્જુન
ૂર્ણ ભેદદશામાં આવ્યો કે નહિ, એની અર્જુનના મુખના વાક્યથી જ તેમણે ખાત્રી કરી.[૪૯] એ
છી, પૂર્ણચંદ્ર ક્ષીરાબ્ધિને ત્યાગીને આકાશસ્થ તારકાપુંજને સુશોભિત કરે છે એમ દેખાવા
તાં તે જેમ ક્ષીરાબ્ધિથી ભિન્ન નથી;[૧૫૫૦] તેવી જ રીતે હું બ્રહ્મ થયો હતો એ તત્ત્વને ભૂલીને
ાને સમસ્ત જગત્ બ્રહ્મરૂપ છે એ પણ વિસરીને, (અર્જુનનું) બ્રહ્મત્વ પોતાની મેળે જ પીગળી
યું.[૫૧] એવી રીતે બ્રહ્મની સ્મૃતિ રાખી વર્તનાર અને બ્રહ્મની વિસ્મૃતિથી બ્રહ્મરૂપમાં જ રહેનાર

તે, મહા કષ્ટપૂર્વક 'હું અર્જુન છું' એવી ધારણાથી અર્જુન, દેહસ્થિતિમાં આવીને ઊભો રહ્યો.[૫૨] એ પછી કંપતા હાથ પગને સ્થિર કરી, ખડાં થયેલાં રોમાંચને નમાવી, સ્વેદના બિન્દુઓને શમાવી;[૫૩] પ્રાણ વાયુની વૃદ્ધિથી ડોલતા અંગને અંગનો જ ટેકો આપીને, અંતે પોતાના સદ્‌ગદિત થયેલા કંઠને પણ તેણે (અર્જુને) સ્વચ્છ કર્યું. અર્થાત્ એ ઉદ્‌ભવેલા સર્વ વિકારોને તેણે અંદરને અંદર જ શમાવી દીધા.[૫૪] બન્ને નેત્રોમાંથી વહી ચાલેલી અશ્રુધારાઓને પ્રથમ રોકીને પછી લૂછી નાખી.[૫૫] નાના પ્રકારની ઉત્કંઠાના યોગે કંઠ રુંધાતો હતો, એટલે તે ઉત્કંઠાઓને દબાવીને,[૫૬] અને લથડી ગયેલી વાચાને સ્થિર કરીને પ્રાણક્ષોભને પણ તેણે ટાળી નાંખ્યો; તેમ જ વિપરીત થયેલી શ્વાસોચ્છ્વાસની ગતિને પણ પૂર્વવત્ નિયમિત બનાવી દીધી.[૫૭]

अर्जुन उवाच–नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥ ७३ ॥

[અર્જુને કહ્યું:—હે અચ્યુત! તમારા પ્રસાદથી મારા મોહનો લોપ થયો છે; મને મારા સત્ય સ્વરૂપની સ્મૃતિ થઇ છે; હું સંશયરહિત થયો છું અને હવે તમે કહો તેમ કરવાને હું તૈયાર છું. ૭૩]

પછી અર્જુન દેવ (શ્રીકૃષ્ણ)ને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–"તમે મને પુછ્યું કે, 'તને અદ્યાપિ મોહની પ્રિયતા છે કે શું?' તેના ઉત્તરમાં મારે જણાવવું જોઇએ કે, તે મોહ તો પોતાના કુટુંબ-સહિત કયારનોય આ સ્થાનને ત્યાગી ગયો છે![૫૮] સૂર્ય પાસે આવ્યા પછી આંખોને અંધારું દૃષ્ટિગોચર થાય છે ખરું? આવું બોલવું કયાં અને કેમ કરીને શોભી શકે?[૫૯] તેજ પ્રમાણે, હે શ્રી કૃષ્ણરાજ! તમે મારાં નેત્રોને પ્રત્યક્ષ દર્શનનો લાભ આપ્યા પછી, મોહનો લોપ કિંવા નાશ ન થાય, એ બને જ કેવી રીતે?[૧૫૬૦] તેમાં પણ વળી તમે માતા કરતાં પણ ઘણા જ વિશેષ વાત્સલ્ય પ્રેમથી જે જ્ઞાન, ગમે તેવા પ્રયાસ કરવા છતાં બીજા કોઈ પાસેથી મળવું અશકય છે તે જ્ઞાન, વિસ્તારથી કહી સંભળાવ્યું છે.[૬૧] છતાં અદ્યાપિ મોહ છે કિંવા લોપાયો છે, એમ આપ પૂછો છો, તો મારે જણાવવું જોઇએ કે, તમારી જોડે એકરૂપતા થવાથી આજે હું કૃતાર્થ થયો છું![૬૨] 'હું અર્જુન છું' એવા અભિમાનથી હું મોહમાં પડ્યો હતો, પણ તે હું તમારા રૂપ સાથે ઐકય પામવાથી મુક્ત થયો છું; અને તેથી હવે પ્રશ્ન અને ઉત્તર એ બન્ને વિષયોનો પોતાની મેળે જ લોપ થઇ ગયો છે.[૬૩] તમારા પ્રસાદવડે આત્મબોધની પ્રાપ્તિ થતાં મારા મોહનો સમૂળ નાશ થયો છે.[૬૪] હવે, જે દ્વૈતના યોગે ક્રિયા કરવી અથવા ન કરવી એવા જે ભાવો ઉત્પન્ન થતા હતા, તે દ્વૈતને હવે હું જાણતો નથી–આ જગતમાં કેવળ તમારા વિના બીજા કશાને પણ હું પિછાનતો નથી.[૬૫] હવે એ વિશે મારા મનમાં લેશમાત્ર પણ સંશય રહ્યો નથી; અને ખરેખર, જ્યાં કર્મની અવશિષ્ટતા નથી, તે બ્રહ્મ સ્થિતિને હું પામેલો છું.[૬૬] તમારા યોગે મારું પોતાનું સ્વરૂપ મને પ્રાપ્ત થતાં મારા કર્ત્તવ્યનો સમૂળ લોપ થયો છે. હે પ્રભો! હવે કેવળ તમારી આજ્ઞાના પાલન વિના મારે બીજું કાંઇ પણ કરવાનું નથી.[૬૭] કારણ કે, જે દૃશ્યની પ્રાપ્તિથી દૃશ્ય ભાવનો નાશ થાય છે; જે દ્વૈત, ગુરુ શિષ્ય ભાવનો લોપ કરે છે; જે એક હોવા છતાં સમસ્ત દેશને વ્યાપી રહે છે;[૬૮] જેનો સંબંધ થતાં સર્વ બંધ તૂટી જાય છે; જેની આશાથી આશા કુંઠિત થાય છે અને જેનો મેળાપ થતાં સર્વત્ર આત્મસ્વરૂપ જ દેખાય છે;[૬૯] તે તમો પોતે મારી સદ્‌ગુરુ મૂર્ત્તિ છો–કે જે એકલાપણાથી જ સાહાય્ય કરે છે અને જે મૂર્ત્તિપરથી અદ્વૈતના બોધને પણ ઓવારી નાંખવામાં આવે છે;[૧૫૭૦] અને જે પોતે જ બ્રહ્મ થઇને સારાં તથા નઠારાં કર્મનો લોપ કરે છે અને જે નિઃસીમ સેવા કરવાને યોગ્ય છે;



(જેની નિઃસીમ સેવા કરવી જ જોઈએ).[૭૧] ગંગા સમુદ્રની સેવા કરવાને જાય, એટલે તેનો અને સમુદ્રનો મેળાપ થતાંની સાથે જ (ગંગા) સમુદ્રરૂપ થાય છે; તે જ પ્રમાણે, જેણે પોતાના ભક્તોને આત્મપદનો પોતાનો અત્યંત ઉત્તમ ભાગ આપેલો છે;[૭૨] તે તમે હે શ્રીકૃષ્ણ! ભેદરહિત અને સેવા કરવાને યોગ્ય મારા સદ્‌ગુરુ છો અને તેથી આ બ્રહ્મમય કરવાનો આપનો જ મારાપર ઉપકાર છે, એમ સમજો.[૭૩] જે તમારી અને મારી એકરૂપતાના વક્રભેદનું પ્રતિબંધક દ્વાર હતું, તેને ખોલી નાંખીને તમે મને ઉત્તમ સેવા સુખનો યોગ મેળવી આપ્યો છે;[૭૪] તો સર્વ દેવોના રાજા જે તમે, તે જે આજ્ઞા મને કરશો, તેનું હુ પાલન કરીશ. વિશેષ શું કહું? તમો ગમે તે આજ્ઞા કરો."[૭૫]

અર્જુનનું એ ભાષણ સાંભળીને શ્રી કૃષ્ણ, સુખથી અતિ હર્ષ પામીને પ્રેમવડે નૃત્ય કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે; "આ વિશ્વરૂપ ફળ જે હું, તે મને આ અર્જુનરૂપ એક ફળ જ ઉત્પન્ન થયું છે!"[૭૬] પોતાના પૂર્ણ કળાયુક્ત પુત્ર *ચંદ્રને જોઇને ક્ષીરસાગર પોતાની મર્યાદાને છોડતો (ભૂલતો) નથી કે શું?[૭૭] એ પ્રમાણે સંવાદરૂપ પૂતળીમાં હૃદયસ્થ સંકેતથી શ્રીકૃષ્ણ ભગવાન્ અને અર્જુન ઉભયનું લગ્ન લાગેલું જોઈને સંજય તલ્લીન થઈ ગયો.[૭૮] એવી રીતે પ્રેમનો ઊમળકો આવવાથી સંજય ધૃતરાષ્ટ્ર રાજાને કહેવા લાગ્યો કે;–"હે રાજન્! આપણુ બન્નેનાં ભાગ્ય કેટલાં બધાં મહાન્ છે કે, આવા સમયમાં શ્રી વ્યાસે આપણું રક્ષણ કર્યું છે![૭૯] વિચાર કરી જુઓ કે, આપને વ્યાવહારિક દૃષ્ટિ ન હોવા છતાં જ્ઞાનદૃષ્ટિની સહજ પ્રાપ્તિ થઈ છે![૧૫૮૦] અને રથ ચલાવવા માટે તેમ જ અશ્વોની પરીક્ષા કરવા માટે મને રાખવામાં આવેલો હોવાથી મને શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદના શ્રવણનો પ્રસંગ સહજ સ્વભાવે પ્રાપ્ત થયો!†[૮૧] યુદ્ધનો ઘોર પ્રસંગ ચાલૂ જ છે અને ઉભય પક્ષના યોદ્ધાઓની ધૂમશ્ચક્રીનો અંત આવ્યો નથી–આપણે તો એ ધાંધલમાં કોણ જાણે કયાંય ઉડી જઇએ એમ છીએ![૮૨] આવા સંકટના સમયમાં એ કેટલો બધો મહાન્ અનુગ્રહ કે જેના યોગે આપણને બ્રહ્માનંદનો નિર્ભય ઉપભોગ લેવાનો પ્રસંગ મળે છે!"[૮૩] સંજયનું આ ભાષણ સાંભળીને પાષાણપર ચંદ્રનાં કિરણ પડે તોપણ તે જેમ દ્રવતો નથી, તેવી રીતે ધૃતરાષ્ટ્ર સ્વસ્થ થઇને બેસી રહ્યો અને તેનું હૃદય લેશમાત્ર પણ દ્રવ્યું નહિ.[૮૪] રાજાની એવી સ્થિતિને જોઈને સંજયે તેની જોડે ભાષણ કરવાનું બંધ કર્યું. છતાં તે સુખ–આનંદના ઉમળકાથી ઉન્મત્ત થઇને બોલવા લાગ્યો.[૮૫] હર્ષના ઉભરામાં ભાન ભુલીને

---

* સમુદ્રમંથનના સમયમાં જે બધાં મળીને ચૌદ રત્નો નીકળ્યાં હતાં, તેમાંનું ચન્દ્ર પણ એક રત્ન હોવાથી તેને અહીં ક્ષીરસાગરના પુત્ર તરીકે ઓળખાવ્યો છે.

† સંજય ગાવલ્ગણ નામકના સૂતનો પુત્ર હતો. તે ધૃતરાષ્ટ્ર રાજાનો સારથિ હતો. એટલે તેણે આ પોતાની સ્થિતિને દર્શાવનારા જ ઉદ્‌ગારો કાઢ્યા છે. એ મહા સત્યવક્તા અને નિઃસ્પૃહ હતો અને તેથી રાજા ધૃતરાષ્ટ્રને બોધ આપતાં–ઠોક મારતાં પણ અચકાતો નહોતો. વ્યાસના પ્રસાદથી યુદ્ધનો સર્વ વૃત્તાંત, યુદ્ધમાં ગમે તે સ્થળે તે હોવા છતાં, દિવ્ય કે પ્રત્યક્ષ, કે પરોક્ષ સર્વ એના જાણવામાં આવતું હતું અને તે જેવા ને તેવા રૂપમાં ધૃતરાષ્ટ્રને કહી સંભળાવતો હતો. સંજય એક યોધો, દિવ્યદૃષ્ટિવાળો, દિવ્ય જ્ઞાની અને દિવ્ય શરીરી હતો. તે વિશેનું વર્ણન બહુ જ ચમત્કારિક છે અને તે આ પ્રમાણે;–

"चक्षुषा संजयो राजन् दिव्येनैव समन्वितः। कथयिष्यति ते युद्धं सर्वज्ञश्च भविष्यति ॥ १ ॥
प्रकाशं वाऽप्रकाशं वा दिवा वा यदि वा निशि। मनसा चिन्तितमपि सर्वं वेत्स्यति संजयः ॥ २ ॥
नैनं शस्त्राणि छेत्स्यंति नैनं बाधिष्यते श्रमः। गावल्गणिरयं जीवन् युद्धादस्माद्विमोक्ष्यति" ॥ ३ ॥

મહાભારત ભીષ્મ પર્વ, અ. ૨.

ધૃતરાષ્ટ્રનો સારથિ સંજય, અર્જુનનો સારથિ કૃષ્ણ અને કર્ણનો સારથિ શલ્ય, એ સર્વના વિચારને મનમાં લાવતાં, પ્રાચીન કાળમાં સારથ્ય કર્મ અતિશય મહત્વનું મનાતું હતું અને અત્યંત શ્રેષ્ઠજનો પણ એ સારથ્યકર્મનો સ્વીકાર કરતા હતા, એમ સ્પષ્ટ દેખાઇ આવે છે.

સંજયે ધૃતરાષ્ટ્ર સાથે ભાષણ કર્યું હતું; નહિ તો, એ ભાષણ સાંભળવાની રાજાની યોગ્યતા નથી, એ તે સારી રીતે જાણતો હતો.[૯૬]

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

[સંજયે કહ્યું:—હે રાજા ધૃતરાષ્ટ્ર! એ પ્રમાણેનો વાસુદેવ અને પરમ શ્રેષ્ઠ અર્જુનનો અદ્દ્ભૂત અને રોમાંચ ઉત્પન્ન કરનારો સંવાદ મેં સાંભળ્યો. ૭૪]

આગળ વધીને સંજય કહેવા લાગ્યો કે;—"હે ધૃતરાષ્ટ્ર રાજા! તારો ભત્રીજો જે અર્જુન તે એ પ્રમાણે બોલ્યો અને તે સાંભળીને શ્રીકૃષ્ણને પરમ આનંદ થયો.[૯૭] હે રાજન્! પૂર્વ સમુદ્ર અને પશ્ચિમ સમુદ્ર એ નામો જ કેવળ ભિન્ન છે; પરંતુ ઉદકની દૃષ્ટિથી જોતાં તે જેમ એક જ છે,[૯૮] તે જ પ્રમાણે શ્રીકૃષ્ણ અને અર્જુન, દેહની દૃષ્ટિથી ભિન્ન છે, છતાં તેમના પરસ્પર ચાલેલા ભાષણમાં તે ભેદ રહેલો નથી.[૯૯] બે દર્પણોને સ્વચ્છ કરીને એક બીજાની સ્હામે રાખવાથી જેમ એકનું રૂપ બીજામાં દેખાય છે;[૧૫૯૦] તેવી જ રીતે દેવસહિત અર્જુનને દેવ પોતાના સ્વરૂપમાં જોવા લાગ્યા અને અર્જુન સહિત દેવને અર્જુન પોતાના સ્વરૂપમાં નિહાળવા લાગ્યો![૯૧] તે દેવોનો દેવ ભક્ત માટે વિચાર કરીને પોતાના સ્વરૂપપ્રતિ જોવા લાગ્યો તો તેમાં ભક્તનું સ્વરૂપ પણ દૃષ્ટિગોચર થવા લાગ્યું.[૯૨] દ્વૈતભાવ લેશ માત્ર પણ અવશિષ્ટ ન રહ્યો અને તેથી શ્રી કૃષ્ણ ભગવાન્ અને અર્જુન ઉભય ઐક્યના તરંગમાં તલ્લીન થયા![૯૩] હવે જો ઉભયના ભેદનો સર્વથા લોપ જ થઈ જાય, તો તો પ્રશ્ન અને ઉત્તરનો પણ પછી સંભવ ન રહે અને જો ઉભયના પરસ્પર પ્રશ્નોત્તર થતાં અટકી જાય તો પછી સંવાદનું સુખ કયાંથી મળી શકે![૯૪] એવું દ્વૈતભાવાત્મક ભાષણ ચાલતું હતું તેમાં દ્વૈતનો લય થયો; તે શ્રીકૃષ્ણ ભગવાન્ અને અર્જુનનું ભાષણ મેં સાંભળ્યું.[૯૫] બે દર્પણોને સ્વચ્છ કરીને જાણે એક બીજાની સ્હામે ગોઠવી રાખ્યા પછી કોણ કોને જુએ છે, એની કલ્પના કરી શકાતી નથી;[૯૬] અથવા દીપક સમક્ષ બીજા દીપકને રાખતાં કયો દીપક પ્રકાશક છે અને કયો પ્રકાશ્ય છે, એ ભેદને કોઇ પણ જાણી શકતું નથી;[૯૭] અથવા સૂર્ય સમક્ષ દ્વિતીય સૂર્યનો ઉદય થાય, તો અમુક સૂર્ય પ્રકાશક છે અને અમુક પ્રકાશ્ય છે, એવો નિર્ણય કોનાથી કરી શકાય એમ છે વારુ?[૯૮] અર્થાત્ શ્રીકૃષ્ણ અને અર્જુન સંવાદના પ્રવાહમાં ને પ્રવાહમાં એટલા બધા ઐક્યને પ્રાપ્ત થઇ ગયા કે, જો તેનો વિચાર કરવા માંડીએ તો એ વિચાર ત્યાંનો ત્યાં જ અટકી જાય છે.[૯૯] જ્યાં બે નદીના પ્રવાહો આવી મળતા હોય ત્યાં તે બન્ને પ્રવાહોને એક બાજૂએ હટાવવા માટે વચ્ચે લવણને રાખવામાં આવે, તો તે લવણને પોતાને જ જેમ એક ક્ષણ માત્રમાં પાણી થઈ જવું પડે છે,[૧૬૦૦] તેવી જ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુનનું જે સંભાષણ થયું, તેને ધ્યાનમાં ધારણ કરતાં મારી પણ એવી જ અવસ્થા થયેલી છે."[૧]

સંજય આમ બોલતો હતો, એટલામાં અષ્ટ સાત્ત્વિક ભાવોએ તેના સંજયપણાનું હરણ કર્યું.[૨] તેના અંગપર જેમ જેમ રોમાંચ ખડાં થવા લાગ્યાં, તેમ તેમ કરચોળીઓ પડવા લાગી; સ્તબ્ધતાનો આવિર્ભાવ થયો; સ્વેદ આવ્યો અને એ સર્વથી વિશેષ કંપની વૃદ્ધિ થઇ ગઇ.[૩] અદ્વૈતાનંદની અતિશયતાથી દૃષ્ટિ બ્રહ્માનંદમયી થતાં તેમાંથી પ્રેમાશ્રુનું વહન થવા લાગ્યું અને જાણે અચાનક દ્રવ થયો હોય તેવો જ ભાસ થવા લાગ્યો![૪] તેના ઉદરમાં કાંઇ પણ શમાઈ ન શકવા જેવું થઈને કંઠ રુંધાઇ ગયો અને શ્વાસોચ્છ્વાસને લીધે મુખમાંથી શબ્દ નીકળતો અટકી ગયો.[૫] વધારે તો શું? અષ્ટ સાત્ત્વિક ભાવોના યોગે સંજયની બોબડી વળી ગઇ અને તે શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદસુખનો ચોક જ બની ગયો![૬] તે સુખની જાતિ એવી છે કે,

તેના યોગે શાંતિ પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે અને તેથી ત્યાર પછી સંજયને સહજ (પોતાની મેળેજ) દેહનું ભાન પ્રાપ્ત થયું.[૭]

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।

योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥ ७५ ॥

[શ્રી વ્યાસના પ્રસાદથી, યોગેશ્વર અને અર્જુનને, જ્ઞાનયોગ કહેનાર શ્રીકૃષ્ણના પોતાના મુખથી, મેં આ અતિ ગુહ્ય જ્ઞાન પ્રત્યક્ષ સાંભળ્યું છે. ૭૫]

સંજય, પોતાનો આનંદનો ઉભરો ઓછો થવા પછી એમ કહેવા લાગ્યો કે;–"ઉપનિષદોને જે ગુહ્યની ખબર નથી, તે ગુહ્ય શ્રી વ્યાસના પ્રસાદથી મારા સાંભળવામાં આવ્યું છે.[૮] તે ગુહ્યને સાંભળતાંની સાથેજ બ્રહ્મભાવે આવીને આલિંગન આપતાં 'હું અને તું'ના ભાવ સહિત સૃષ્ટિ ડૂબી ગઇ![૯] એ સર્વ યોગમાર્ગો જે સ્થળે આવી મળે છે, તે સ્થળ જે શ્રીકૃષ્ણ ભગવાન્, તેનાં વાકયો શ્રી વ્યાસની કૃપાથી મારે માટે સસ્તાં થઇ પડ્યાં છે![૧૦] અહો! અર્જુનના નિમિત્તથી શ્રીકૃષ્ણ ભગવાન્ પોતેજ અર્જુનરૂપ થઇને પોતાનેજ ઉદ્દેશીને જે બોલ્યા,[૧૧] તે બોલવું (કથન) સાંભળવાને મારાં કર્ણ યોગ્ય થયાં; એટલે હવે શ્રી ગુરુના અદ્ભુત સામર્થ્યનું શું વર્ણન કરી શકાય વારુ?"[૧૨]

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।

केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥७६॥

[હે રાજન્! કેશવ અને અર્જુનના એ પુણ્યકારક અને અદ્ભુત સંવાદનું વારંવાર સ્મરણ થવાથી મને પુનઃ પુનઃ આનંદ થાય છે. ૭૬]

ધૃતરાષ્ટ્ર રાજાને એટલું કહીને સંજય પુનઃ વિસ્મિત થયો અને તેની–સંજયતાની સ્મૃતિ ચાલી ગઇ. જેવી રીતે રત્નની પ્રભા ઘડીમાં ચમકે છે અને ઘડીમાં ચમકતી બંધ થાય છે;[૧૩] હિમાલય પર્વતપરના સરોવરમાંનું પાણી ચંદ્રોદય થતાંજ બંધાઇ (જામી) જતાં તે સરોવરો સ્ફટિક મણિ જેવાં દેખાવા માંડે છે અને સૂર્યોદય થતાં પુનઃ તેજ પીગળીને પૂર્વવત્ પાણી થઇ જાય છે;[૧૪] તે પ્રમાણે સંજય પાછો જ્યારે દેહશુદ્ધિમાં આવતો ત્યારે તેના ચિત્તમાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદનું સ્મરણ થતાં તત્કાળ તે વિસ્મયાપન્ન થઇ જતો! (અને તેવી વિસ્મયતામાં જ બોલી ઉઠ્યો કે, "હે રાજા ધૃતરાષ્ટ્ર! કેશવ જે શ્રીકૃષ્ણ–દેવના દેવ–અખિલ વિશ્વના કારણ–સત્–ચિત્–આનંદ–ઘનસ્વરૂપ–સર્વવ્યાપી પરબ્રહ્મ, તેનો અને તેના અન્ય અંગરૂપ એવો જે તેનો પ્રિય સખા–રે સ્વઅંગરૂપ જે અર્જુન, એ ઉભય વચ્ચે થયેલો સર્વોત્તમ પદાર્થ જે પરમાત્મા, તેની પ્રાપ્તિ કરાવનારો માટે પુણ્યકારક અને જન્મમરણનો ફેરો મટાવનાર માટે અદ્ભુત–સંવાદ જે થયો, તેનું હું ક્ષણે ક્ષણે સ્મરણ કરું છું, ત્યારે મને ફરી ફરી આનંદ થાય છે.)[૧૫]

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।

विस्मयो मे महान् राजन् हृष्यामि च पुनः पुनः ॥७७॥

[અને હે રાજન્! તે શ્રીકૃષ્ણના અત્યદ્ભુત વિશ્વરૂપનું વારંવાર સ્મરણ થતાં મને મહા વિસ્મય થાય છે અને પુનઃ પુનઃ મને આનંદ થયા કરે છે. ૭૭]

પછી તે આનંદના ઉમળકામાં ઉભો રહીને સંજય ધૃતરાષ્ટ્રને સંબોધીને કહેવા લાગ્યો કે; "હે રાજન્! શ્રી હરિના વિશ્વરૂપને જોવાથી પણ તને આનંદ ન થતાં તું આમ સ્વસ્થ થઇને

કેમ બેસી રહ્યો છે?[૧૬] જે વિશ્વરૂપ ન જોવા છતાં પણ દેખાય છે, જેનો અસ્વીકાર કરવા છતાં પણ જેનું અસ્તિત્વ નષ્ટ થતું નથી અને જેને વિસારી દેવાનો યત્ન કરવા છતાં પણ જેનું સ્મરણ થયા કરે છે, તે વિશ્વરૂપને કેમ કરીને ટાળી શકાય વારુ?*[૧૭] આ આનંદનું જે પૂર આવ્યું તેને જોઈને, 'આ શો ચમત્કાર!' એટલો ઉદ્‌ગાર કાઢવા માટેનો અવકાશ પણ રહ્યો નહિ અને મેં જોયું કે, એ આનંદનું મહા પૂર મારી 'મારાપણાની' સ્મૃતિને પણ તાણી જાય છે!"[૧૮] એવી રીતે શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપ સંગમમાં સ્નાન કરીને તેણે અહંતાને તિલાંજલિ આપીને તેના પોતા સાથેના સંબંધને તોડી નાંખ્યો![૧૯] તે અનિવાર્ય આનંદમાં વિશેષ શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરીને બાષ્પરુદ્ધ કંઠથી સંજય વારંવાર 'હે કૃષ્ણ! હે કૃષ્ણ!!' કહેવા લાગ્યો![૧૬૨૦] સંજયની એ અવસ્થાને જોઈને પોતામાં તેમાંના એક પણ ભાવનો ગંધ ન હોવાથી ધૃતરાષ્ટ્ર રાજાને તેના આનંદની કલ્પના માત્ર પણ થઇ શકી નહિ.[૨૧] એટલામાં પોતાને થયેલા સુખના લાભને પોતાના હૃદયમાં જ શમાવીને સંજય દેહભાનમાં આવ્યો.[૨૨] તે વેળાએ ધૃતરાષ્ટ્ર રાજા કહેવા લાગ્યો કે;—"હે સંજય! મારો સમય વીતી જવાના હેતુથી શ્રી વ્યાસે અહીં બેસાડેલો છતાં, તેમ કરવાને બદલે તેં આ વળી શો પ્રકાર કરવા માંડ્યો છે?[૨૩] તે વ્યાસ મુનિએ તને અહીં શા ઉદ્દેશથી બેસાડ્યો છે? અને તું અહીં આ ત્રીજાં જ ભાષણો શાને બોલ્યા કરે છે વારુ"?[૨૪] જંગલી માણસને કોઈ એક મોટા મહાલયમાં લઇ જતાં તેને ત્યાં જેમ દશે દિશાઓ ઉજ્જડ દેખાય છે અથવા સૂર્યનો ઉદય થતાં નિશાચરોની રાત્રિનો જેમ આરંભ થાય છે;[૨૫] અર્થાત્ જેને જે વાર્તાનો અનુભવ ન હોય, તે તે વાર્તાને ભયંકર માને, એ સર્વથા યોગ્ય જ છે; એટલે પછી સારી વાતને નઠારી વાત કહેવી, એ પણ યોગ્ય જ છે.[૨૬] ધૃતરાષ્ટ્ર રાજા પુનઃ કહેવા લાગ્યો કે;—"અત્યારે જે આ કલહ ઉત્પન્ન થયેલો છે, એમાં અંતે જય કોને મળશે?[૨૭] મારી મનોદેવતા તો મને બહુધા એમ જ કહે છે કે, સદા સર્વદા દુર્યોધનનો પ્રભાવ જ વિશેષ છે;[૨૮] અને પાંડવોના સૈન્યની અપેક્ષાએ અમારું સૈન્ય પણ દોઢું કે બમણું છે એટલે ખરેખર વિજય તો (મારા) દુર્યોધનને જ મળવાનો.[૨૯] મને તો એમ ભાસે છે, પછી તને ભલે ગમે તે ભાસતું હોય! પરંતુ હે સંજય! તારી એ વિજય વિશેની ભાવી ધારણા શી છે, તે મને કહી સંભળાવ."[૧૬૩૦]

---

* ઉર્દુ ભાષાના પ્રખ્યાત કવિ **અલ્તાફ઼ હુસયન હાલીએ** પોતાના '**રૂબાઇયાતે હાલી**' ગ્રંથના મંગળાચરણમાં ઇશ્વર (ખ઼ુદા)ની મહત્તાને દર્શાવતાં એવા પ્રકારના જ ભાવો દર્શાવેલા છે. તે આ પ્રમાણે;—

"કાંટા હય, હરેક જિગરમેં અટકા **તેરા**; હલકા હય, હરેક ગોશમેં લટકા **તેરા**.
માના નહીં જિસ્ને **તુઝકો**, જાના હય જ઼ુરુર; ભટકે હૂવે દિલમેંભી હય ખટકા **તેરા**. ૧
હિન્દુને સનમમેં જલ્વા પાયા **તેરા**; આતિશપે **મુગાંને** રાગ ગાયા **તેરા**.
દહરીને કિયા દહરસે તાબીર **તુઝે**; ઇન્કાર કિસીસે ન બન આયા **તેરા**. ૨

ભાવાર્થ:—"હે ઈશ્વર, દરેક (મનુષ્યના) જિગરમાં **તારો** કાંટો અટકેલો છે; દરેક (મનુષ્યના) કાનમાં **તારો** હલકો (ગુલામીની નિશાની) લટકેલો છે; જે તને માનતો નથી, તેણે પણ **તને** જરૂર જાણ્યો તો છે જ; અર્થાત્ ભટકેલા (મનુષ્યના) દિલમાં પણ **તારો** ખટકો રહેલો છે. ૧ **હિન્દુએ** પ્રતિમામાં **તારા** પ્રકાશને જોયો છે; **અગ્નિ-પૂજકે** અગ્નિને ઉદ્દેશીને **તારો** રાગ આલાપ્યો છે; **જડવાદીએ** પ્રકૃતિરૂપે **તને** માન્ય રાખ્યો છે; પણ **તારો** અસ્વીકાર તો કોઇથી પણ કરી શકાયો નથી તે નથી જ!" ૨

અર્થાત્ **સંજયે** વિશ્વરૂપની જેવી મહત્તા વર્ણવી છે તેવી જ **હાલીએ** ઈશ્વરની મહત્તા દર્શાવી છે. ઉભયનો આશય એક જ છે અને તે એ કે, કોઈ પણ મનુષ્ય ઈશ્વરને કિંવા તેના વિશ્વરૂપને વિસારી દેવાનો ગમે તેટલો અને ગમે તેવો પ્રયત્ન કરે, પરંતુ તે ઇશ્વર કદાપિ વિસ્મૃત થઇ શકે તેવો છે જ નહિ. અર્થાત્ તેની સ્મૃતિ તો સદા સર્વદા અખંડ અને અવિચળ જ રહી છે, રહ્યા કરે છે અને ભવિષ્યમાં પણ રહેવાની જ.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भुतिर्ध्रुवा नितिर्मतिर्मम ॥७८॥

[જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધનુર્ધારી પાર્થ છે, ત્યાં શ્રીલક્ષ્મી, વિજય, ભૂતિ–ઐશ્વર્ય અને નિશ્ચલનીતિ એ સર્વ હોવાં જ જોઇએ, એવો મારો અભિપ્રાય છે. ૭૮]

રાજાનું એ ભાષણ સાંભળીને સંજયે કહ્યું;–"તમો પૂછો છો કે, બન્નેમાંથી (ઉભય પક્ષમાંથી) કોને જય મળશે? એ મારાથી કહી શકાય તેમ નથી; પરંતુ જ્યાં આયુષ્ય હોય, ત્યાં જીવન ખાસ હોવું જ જોઇએ. જયાં ચંદ્ર ત્યાં ચંદ્રિકા; જ્યાં શંકર ત્યાં પાર્વતી અને જ્યાં સંત જન ત્યાં જ્ઞાનનો નિવાસ અવશ્ય હોવાનો જ.[૩૨] જ્યાં રાજા ત્યાં સૈન્ય; જ્યાં સૌજન્ય ત્યાં સગપણ (સ્નેહ); જ્યાં અગ્નિ ત્યાં દાહકતા;[૩૩] જ્યાં દયા ત્યાં ધર્મ; જ્યાં ધર્મ ત્યાં સુખસ્થાન અને જ્યાં સુખ ત્યાં પુરુષોત્તમનો નિવાસ અવશ્ય હોવાનો.[૩૪] જ્યાં વસંત ત્યાં વન; જ્યાં વન ત્યાં પુષ્પ; અને જ્યાં પુષ્પ ત્યાં ભ્રમરોનો સમુદાય;[૩૫] જ્યાં ગુરુ ત્યાં જ્ઞાન; જ્યાં જ્ઞાન ત્યાં આત્માનુભવ; અને જ્યાં આત્માનુભવ હોય ત્યાં સમાધાનનો નિવાસ અવશ્ય હોવાનો જ.[૩૬] જ્યાં ભાગ્ય ત્યાં વિલાસ; જ્યાં સુખ ત્યાં ઉલ્લાસ; વધારે શું કહેવું? જ્યાં સૂર્ય ત્યાં પ્રકાશ અવશ્ય હોવાનો જ.[૩૭] એ જ પ્રમાણે, ચાર પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) જેના યોગે સનાથ થયેલા છે, તે શ્રીકૃષ્ણ ભગવાન્ જયાં છે, ત્યાં લક્ષ્મીનો નિવાસ પણ હોવાનો જ;[૩૮] અને પોતાના પતિ સહિત જેની પાસે જગદંબા છે, તેની પાસે અષ્ટ સિદ્ધિ આદિ જગદંબાની દાસીઓ ન હોય, એમ કદાપિ બને જ નહિ.[૩૯]

"વિજયરૂપ શ્રીકૃષ્ણ જેના પક્ષમાં સાક્ષાત્ પોતે આવીને ઉભા રહેલા છે, તે પક્ષમાં જ અવશ્ય વિજયનો વાસ હોવાનો![૧૬૪૦] જે અર્જુન વિજય નામથી પ્રખ્યાત છે અને વિજય સ્વરૂપ શ્રી કૃષ્ણ ભગવાન્ લક્ષ્મી સહિત જેના પક્ષમાં છે, તે પક્ષમાં જ જય વિરાજેલો છે, એમ સમજી લેવું.[૪૧] શ્રીકૃષ્ણ ભગવાન્ અને લક્ષ્મી, જે ભક્તનાં પિતા અને માતા છે, તેના દેશમાંનાં વૃક્ષો કલ્પતરુની બરાબરી શામાટે ન કરે?[૪૨] ત્યાંના સર્વ પાષાણો ચિન્તામણિ કેમ ન થાય? અને ત્યાંની મૃત્તિકાભૂમિ સુવર્ણભૂમિ શામાટે ન બની જાય?[૪૩] તે (ભક્ત)ના ગ્રામની નદીઓ અમૃતને પોતાના ઉદરમાં શામાટે ન વહેવડાવે? આમાં આશ્ચર્ય જેવું કાંઇપણ નથી! હે રાજન્! હવે આનો તું પોતેજ વિચાર કરી જો.[૪૪] તેના–શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળતા શબ્દોને આનંદથી વેદવાક્યના નામથી ઓળખી શકાય અને તેથી દેહ હોવા છતાં તે સચ્ચિદાનન્દ સ્વરૂપ કેમ ન થાય?[૪૫] અર્થાત્ સ્વર્ગ અને મોક્ષ એ ઉભય પદો જેની સત્તામાં છે, એવા જે શ્રી ભગવાન્ અને કમળા (લક્ષ્મી) રૂપ પિતા અને માતાની જેને પ્રાપ્તિ થયેલી છે;[૪૬] એટલે કે, લક્ષ્મીપતિ શ્રીભગવાન્ જે પક્ષમાં આવીને ઉભા છે, તે પક્ષમાં સ્વયમેવ સર્વ સિદ્ધિઓ હોવાની જ. એ વિના હુ બીજું વધારે કાંઈપણ જાણતો નથી.[૪૭]

વળી સમુદ્રમાંથી ઉત્પન્ન થનારો મેઘ જેમ જગતને સમુદ્ર કરતાં વધારે ઉપયોગી થઇ પડે છે; તેવી જ રીતે આજે પાર્થનું ભાગ્ય શ્રીકૃષ્ણ કરતાં વધારે છે.[૪૮] લોઢાને કનક (સુવર્ણ) ની દીક્ષા આપનારો ગુરુ પારસમણિ હોય છે ખરો; પરંતુ જગતના વ્યવહારમાં જે (સુવર્ણ) નો ઉપયોગ થઇ શકે છે, તેની જ વધારે યોગ્યતા માનવામાં આવે છે.[૪૯] આ ઉક્તિથી ગુરુ ગૌરવમાં ન્યૂનતા આવે છે, એવી કદાચિત્ કોઇ શંકા કરશે, તો એનું ઉત્તર એ છે કે, અગ્નિના પ્રકાશરૂપ દીપકની પ્રશંસા કરીએ તો તે જેમ અગ્નિની જ પ્રશંસા થાય છે;[૧૬૫૦] તેજ પ્રમાણે,

દેવના જ પ્રસાદથી પાર્થની જે શક્તિ, શ્રીકૃષ્ણ કરતાં વિશેષ થયેલી છે, તે પાર્થની જ સ્તુ કરવાથી તેનું દેવને વિશેષ અભિમાન ભાસે છે;[૫૧] અને પુત્ર મારા કરતાં સર્વ ગુણોમાં વધા ચઢિયાતો થાય એવી જે પિતાની (સ્વાભાવિક) ઇચ્છા હોય છે, તે જ શ્રીકૃષ્ણની ઈચ્છા અહ પૂર્ણ થયેલી છે.[૫૨]

હે રાજન્! વધારે શું કહું? કૃષ્ણની કૃપાથી વિભૂષિત થયેલો પાર્થ જે પક્ષમાં છે,[૫] તે પક્ષ જ વિજયનું સ્થાન છે, એ વિશે તારે જરાએ સંશય રાખવો જ નહિ. એ પક્ષમ જો વિજયનું આગમન ન થાય, તો પછી વિજયનું વિજયત્વ વ્યર્થ જ થવાનું.[૫૪] અર્થાત્ જ્ય લક્ષ્મી ત્યાં તેનો પતિ શ્રીકૃષ્ણ ભગવાન્ અને જ્યાં પાંડુપુત્ર અર્જુન ત્યાં વિજય અને ભાગ પણ ત્યાં જ છે.[૫૫] જો શ્રી વ્યાસના વચનમાં તારો વિશ્વાસ હોય, તો હું અત્યારે જે કાં બોલ્યો છું તે નિશ્ચિત છે એમ જ તારે સમજવું.[૫૬] જ્યાં લક્ષ્મીનો પતિ શ્રીકૃષ્ણ અને ભક્ત કદંબ અર્જુન છે, ત્યાં જ મંગળ, લાભ અને સૌખ્યનો નિવાસ છે.[૫૭] મારું આ બોલવું જે અસત્ય થાય, તો હું મને વ્યાસના શિષ્ય તરીકે ઓળખાવીશ નહિ!" એમ હાથ ઊંચા કર મોટી ગર્જનાસહિત સંજય બોલ્યો.[૫૮]

એ પ્રમાણે, સંજયે સમસ્ત ભારતના સારાંશને ગીતાના અઢારમા અધ્યાયમાંના અઠ્ઠોતેરમ શ્લોકમાં લાવીને, કુરુનાયક ધૃતરાષ્ટ્રના હસ્તમાં આપી દીધો.[૫૯] અગ્નિ કેટલોક મોટો છે? પરં દીવેટના છેડે લગાડતાં તેના પ્રકાશથી સૂર્યના અસ્ત પછી જે અંધકાર પ્રસરે છે, તેનું નિવારણ થ જાય છે.[૧૬૬૦] એ પ્રમાણે, વેદ અનંત હોઇને તેના સારરૂપ સવા લાખ (શ્લોકમયી) ભારતની રચન કરવામાં આવી અને તે ભારતનો સારાંશ ગીતાના સાતસેં શ્લોકોમાં લાવી મૂકવામાં આવ્યો.[૬૧] તે જ ગીતાના સાતસેં શ્લોકોમાંનો જે અંતિમ શ્લોક, તે વ્યાસના શિષ્ય સંજયનો પૂર્ણ ઉદ્દગાર છે.[૬૨] એ એક જ શ્લોકે અજ્ઞાનના મૂળનું સમૂળ ઉચ્છેદન (ઉત્ખાતન) કરી નાંખ્યું છે.[૬૩] ગીતાન એવા એ સાતસેં શ્લોકો તે ગીતાનાં પદો (પગલાં) છે અને તેઓ ગીતાને ચલાવી જાય છે કિંવા એ પદો ન હોઇને એ શ્લોકવાળી ગીતા–આકાશમાંની અમૃત વૃષ્ટિ જ હોયની! (એવે પણ ભાસ થયા કરે છે.)[૬૪] કિંવા એ શ્લોક નથી, કિન્તુ આત્મરાજાની સભા જે ગીતા, તે ગીતારૂપ સભાના એ સાતસેં શ્લોક સ્તંભ જ છે, એમ પણ મને ભાસે છે.[૬૫] અથવા તો ગીતા સાતસેં શ્લોકોવડે પ્રતિપાદિત સાક્ષાત્ ભગવતી દેવી જ છે. એ દેવી મોહરૂપ મહિષાસુરને મારીને આનંદને પ્રાપ્ત થયેલી છે.[૬૬] એટલા માટે આ ગીતારૂપ દેવીનો કાય વાચા મનથી જે કોઇ પણ સેવક થશે, તે આનંદરૂપ સામ્રાજ્યપદનો સાર્વભૌમ રાજા જ બનશે.[૬૭] અથવા, અજ્ઞાનરૂપ જે અંધકાર, તે અંધકારને આ સાતસેં શ્લોકો પ્રતિજ્ઞાપૂર્વક જિતનાર ન હોઇને આ સાતસેં સૂર્યો જ શ્રીકૃષ્ણે ગીતાના રૂપે પ્રકાશિત કરેલા છે![૬૮] અથવા તો સંસારમાર્ગમાં ચાલનારાઓને જે શ્રમ થાય છે, તે શ્રમનો પરિહાર થાય અને પ્રવાસીઓને વિશ્રાંતિ મળે, એટલા માટે એ સાતસેં શ્લોક દ્રાક્ષની લતારૂપ છે અને તે ગીતારૂપ મંડપપ પ્રસરેલા છે![૬૯] અથવા તો, શ્રી કૃષ્ણાખ્યાનરૂપ ગીતાસરોવરમાંના એ સાતસે શ્લોકો કમળ હોઇને તેમના સુવાસને ભોગવનારા ભાગ્યવાન્ સંતો ભ્રમરરૂપ છે.[૧૬૭૦] અથવા, એ શ્લોક નથી પણ ગીતાના મહિમાને વર્ણવનારા એ સાતસેં સ્તુતિપાઠકો જ છે.[૭૧] અથવા ગીતારૂપ નગરને ઘેરી રહેલો એ સાતસેં શ્લોકનો એક દુર્ગ જ છે અને એથી સર્વ શાસ્ત્રો ગીતાનગરીમાં નિવાસ કરવા માટે પધારેલાં છે.[૭૨] અથવા, પોતાનો પતિ જે આત્મા તે આત્માને પ્રેમથી આલિંગન આપવા માટે ગીતા પોતાના શ્લોકરૂપ બાહુને પ્રસારીને આવી હોય એમ જ ભાસે છે.[૭૩] અથવા ગીતારૂપ કમલનો સુગંધ લેનાર એ શ્લોક નહિ, કિન્તુ ભ્રમર જ છે અથવા તો એ શ્લોક

ગીતારૂપ મહાસાગરના તરંગો જ છે; અથવા શ્રીહરિના ગીતારૂપ રથને ખેંચનારા એ અશ્વો જ છે;[૭૪] અથવા ગીતા તે ગંગા હોઇને એનામાં સર્વ શ્લોકરૂપ તીર્થો, નરાવતાર અર્જુનરૂપ સિંહસ્થ પર્વણી આવ્યાથી, મળવા માટે આવેલાં છે;[૭૫] અથવા તો એ શ્લોક પંક્તિ નહિ, કિન્તુ ચિત્તને અચિન્ત્ય બ્રહ્મની પ્રાપ્તિ કરાવી આપનાર ચિન્તામણિ જ છે; અથવા તો કલ્પનાતીત બ્રહ્મની પ્રાપ્તિ કરાવી આપનાર કલ્પતરુ જ છે.[૭૬] એવા એ સાતસેં શ્લોક, એક કરતાં એક ચઢિયાતા છે, એટલે પછી એમાં એક શ્લોક મહાન્ છે અને અમુક શ્લોક લઘુ છે, એવા ભેદભાવનો નિર્દેશ કેમ કરીને કરી શકાય?[૭૭] કામધેનુ પ્રતિ દૃષ્ટિપાત કરતાં તેનામાં જેમ દૂઝતી અને વસૂકી ગયેલી એવી બે કલ્પનાઓ સંભવતી નથી;[૭૮] દીપકોમાં પ્રથમનો અને પછીનો દીપક કયો, (તે કહેવું વ્યર્થ છે); સૂર્ય પ્રતિ જોતાં ન્હાનો અને મોટો કયો, એ જેમ સમજવામાં આવી શકતું નથી; અમૃતના સમુદ્રને ઊંડો કે ઉત્સ્થલ (થોડી ઉંડાઈવાળો) કહી શકાતો નથી; (કારણ કે, એ સર્વનાં ફળો સમાન—એક—જ છે);[૭૯] તે જ પ્રમાણે, ગીતાના સાતસેં શ્લોકોમાંનો આ પ્રથમ શ્લોક છે અને આ અંતિમ છે, એમ કહી શકાતું નથી. સુવર્ણ પારિજાતકનાં પુષ્પોમાં જેમ આ પુષ્પ તાજું અને આ વાસી એવો ભેદ પાડી શકાતો નથી, તેવી જ ગીતાના શ્લોકોની પણ સ્થિતિ છે.[૧૧૮૦] એ શ્લોકોમાં કશી પણ ન્યૂનાધિકતા નથી, એ કથનની વિશેષ શી સિદ્ધિ કરીએ? પરંતુ આ ગીતાશાસ્ત્રમાં કહેનાર અને સાંભળનારમાં કશોય ભેદ ન હોઇને તે ઉભય એક સ્વરૂપ જ છે;[૮૧] કારણ કે, આ ગીતાશાસ્ત્રમાં શ્રીકૃષ્ણ કહેનાર અને શ્રીકૃષ્ણરૂપ અર્જુન જ સાંભળનાર છે, એ વાર્ત્તા તો સર્વના જાણવામાં આવી જ ગયેલી છે.[૮૨] આ ગીતાના અર્થના જ્ઞાતાને જે ફળ મળે છે, તે જ ફળ કેવળ પાઠ કરનારને પણ મળતું હોવાથી, આ શાસ્ત્ર વાચ્ય અને વાચક ઉભયને સમાન ફળ આપનારું છે.[૮૩] એટલા માટે, આ ગીતાની મહત્તાને વિશેષતાથી સિદ્ધ કરવાની કશી પણ આવશ્યકતા રહેતી નથી. કારણ કે, ગીતા શ્રી ભગવાનની શબ્દમયી મૂર્ત્તિ જ છે.[૮૪] ઈતર શાસ્ત્રોનું વાચન કરી તેના અર્થને સમજ્યા પછીની ફળપ્રાપ્તિ થઈ, એટલે પછી તે શાસ્ત્રોનો લોપ થાય છે; પરંતુ આ ગીતાશાસ્ત્ર તેવું નથી, પણ ઓતપ્રોત પરબ્રહ્મ સ્વરૂપ જ છે.[૮૫] વધારે શું કહેવું? અર્જુનનું નિમિત્ત કરીને સમસ્ત જગત્પર કૃપા કરવા માટે શ્રી કૃષ્ણે, દુર્લભ બ્રહ્માનંદને ગીતારૂપે સુલભ કરી નાંખ્યો છે.[૮૬] જેવી રીતે પૂર્ણ કળાયુક્ત ચન્દ્ર ચકોરના નિમિત્તથી પ્રકાશિત થઈને ત્રણે લોકના તાપની નિવૃત્તિ કરે છે;[૮૭] અથવા તો ગૌતમના નિમિત્તથી, કળિકાળરૂપ જ્વરની બાધાથી પીડિત થયેલા જીવોના દોષોની નિવૃત્તિ માટે શ્રી શંકરે, ગંગાને આ મૃત્યુ લોકમાં મોકલી દીધી છે;[૮૮] તે જ પ્રમાણે, પાર્થરૂપ વત્સનું નિમિત્ત કરીને શ્રીકૃષ્ણરૂપ ધેનુએ, આ ગીતારૂપ દુગ્ધ આપીને સમસ્ત જગતને સંતુષ્ટ કર્યું છે![૮૯]

આ ગીતાશાસ્ત્રમાં જો જીવાભાવથી ડુબકી મારશો, તો અવશ્ય ગીતારૂપ થશો, અથવા એના પાઠનો જો જિહ્વાને શ્રમ આપશો, તોપણ ગીતારૂપ જ થશો.[૧૧૯૦] પારસમણિનું એવું સામર્થ્ય છે કે, તે લોઢાના એક ભાગને પણ સ્પર્શ કરે, તો તેથી સર્વ લોહ પોતાની મેળે જ સુવર્ણમય થાય છે.[૯૧] તે જ પ્રમાણે, ગીતારૂપ વાડકામાંના કોઈપણ શ્લોકના કેવળ એક જ પદને મુખે લગાડો ન લગાડો, એટલામાં તો તાત્કાળ તમારા અંગમાં બ્રહ્મત્વની પુષ્ટિ આવી જશે;[૯૨] અથવા ગીતાપાઠ કરવાથી કંટાળીને ઓસીકાપર ઢળી પડશો અને કેવળ કર્ણથી જ તેનું શ્રવણ કરશો, તોપણ તેનું તે જ અને તેવું જ ફળ પ્રાપ્ત થશે.[૯૩] ગીતાના ઔદાર્યનું શું વર્ણન કરીએ? તે પોતાના શ્રવણ, પાઠન અને અર્થજ્ઞાનથી મોક્ષ વિના બીજું કોઈ ફળ જ આપતી નથી. જેવી રીતે સમર્થ દાતાજન કોઈપણ યાચકને વિમુખ કરીને પાછો ફેરવતો

નથી, તેવો જ ગીતાનો પણ પ્રકાર છે.[૯૪] એટલા માટે, જે પણ વિચારશીલ જનો હોય, તેમણે કેવળ એક ગીતાનું જ સેવન કરવું; કારણ કે, એ વિના ઇતર શાસ્ત્રોનું સેવન કરવાથી કાંઇપણ પ્રાપ્ત થવાનું નથી.[૯૫] વળી શ્રી કૃષ્ણ અને અર્જુને જે કેવળ સંભાષણ કર્યું હતું, તેને શ્રી વ્યાસ મુનિએ હાથમાં લઈ શકાય તેટલું બધું સુલભ કરી નાંખ્યું છે.[૯૬] બાળકને ખાવાનું આપવાને માતા પ્રેમથી બેસે, એટલે બાળકથી ગળે ઊતારી શકાય તેવા જ તે, ન્હાના અન્નના ન્હાના કોળિયા વાળે છે,[૯૭] (અને પછી મોંઢામાં મૂકે છે, જેથી બાળક સરળતાથી તે ખાઈ શકે છે). અગાધ વાયુને પોતાના હાથમાં લેવા માટે બુદ્ધિમાનોએ જેમ વીજન (પંખા)ની યોજના કરેલી છે;[૯૮] તેજ પ્રમાણે, જે શબ્દવડે જાણવામાં દુર્લભ કિંવા કઠિન છે, તેના અનુષ્ટુપ છંદ રચીને, સ્ત્રી અને શૂદ્ર આદિ સર્વની બુદ્ધિને ગમ્ય થાય, તેવી વ્યાસે ગીતાની રચના કરી, તેની સુલભતા કરી દીધી છે.[૯૯] સ્વાતિ નક્ષત્રના જળમાંથી જો મૌક્તિક ઉત્પન્ન ન થતાં હોત, તો સ્ત્રીઓનાં શરીરો શાથી સુશોભિત થાત ?[૧૭૦૦] નાદબ્રહ્મનો જો વાદ્યમાં આવિર્ભાવ ન થયો હોત, તો નાદ આપણા જાણવામાં કેમ કરીને આવી શકત? જો પુષ્પોનો અભાવ જ હોત, તો આપણે વાસનો ઉપભોગ કેમ કરીને લઇ શકત?[૧] જો પકવાન્નમાં માધુર્ય ન હોત તો તે માધુર્ય જિહ્વાને ક્યાંથી પ્રાપ્ત થાત? જો દર્પણના અસ્તિત્વનો અભાવ હોત, તો આપણે આપણા પોતાના સ્વરૂપને શેમાં નિહાળી શકત?[૨] નિરાકાર સદ્દગુરુ જો આકારમાં આવ્યા ન હોત, તો ઉપાસકો તેમની સેવા કેમ કરીને કરી શકયા હોત?[૩] તેજ પ્રમાણે, અગણિત જે બ્રહ્મ, તે ગીતાના સાતસેં શ્લોકોના રૂપે જો પ્રગટ થયો ન હોત, તો તે કોઇના પણ જાણવામાં આવી શકત ખરૂં ?[૪] મેઘ જો કે સમુદ્રના જળને જ ઉપર આકર્ષી તેની વૃષ્ટિ વર્ષાવીને તેનો ઉપયોગ કરે છે, છતાં લોકો તો મેઘની જ આશા કરે છે; કારણ કે, અમર્યાદ સમુદ્રનો કોઇને પણ ઉપયોગ થઈ શકતો નથી.[૫] અર્થાત્, જે વાણીને પણ પ્રાપ્ત થવો અશક્ય છે તે બ્રહ્મ, જો વ્યાસે આ ઉત્તમ શ્લોકોની રચના ન કરી હોત, તો સાંભળવામાં કે મુખવડે વર્ણવ્યામાં પણ કેવી રીતે આવી શકત ?[૬]

એટલામાટે, શ્રીકૃષ્ણની જે ઉક્તિ (સંભાષણ), તેની ગીતાના રૂપમાં વ્યાસે રચના કરી અને એથી સમસ્ત જગત્પર તેનો અનિવાર્ય ઉપકાર થયેલો છે.[૭] અત્યારે તેજ ગીતાના અર્થને વ્યાસનાં પદોને જોઇ જોઇ શુદ્ધ મરાઠી ભાષામાં સાંભળવા યોગ્ય બનાવ્યો છે.[૮] જે ગીતાના અર્થનું યથાર્થ વર્ણન કરવામાં વ્યાસાદિકોનું જ્ઞાન પણ સાશંક થાય છે, તે ગીતાનું મેં ગરીબે આ વ્યાખ્યાન કરેલું છે.[૯] પરંતુ ગીતારૂપ ઈશ્વર બહુ જ ભોળો છે અને તેથી વ્યાસભાષણરૂપ પુષ્પમાળા ધારણ કરે છે; અને તે જ પ્રમાણે અમો ગરીબના દૂર્વાંકુરનો પણ અસ્વીકાર કરતો નથી.[૧૭૧૦] ક્ષીર સમુદ્રના તીરે હસ્તિ સમુદાયો પાણી પીવાને આવે છે, એટલે એકલા તેમને જ પાણી પીવાની પરવાનગી આપીને ક્ષીર સમુદ્ર બીજાં ક્ષુદ્ર પ્રાણીઓને પાછાં વાળી મૂકે છે કે શું ?[૧૧] પાંખ્યો ન આવેલાં પક્ષીઓ કદાચિત્ ઊડી ન શકે, છતાં તેઓ આકાશમાં જ રહે છે અને સમસ્ત ગગનનું આક્રમણ કરનાર ગરુડ પણ તે જ આકાશમાં નિવાસ કરે છે.[૧૨] રાજહંસની મંદગતિ સમસ્ત જગતમાં સર્વોત્તમ હોય, તો તેથી બીજા કોઈએ તેવી ગતિથી ન જ ચાલવું જોઇએ, એવો નિયમ છે કે શું ?[૧૩] કળશમાં વિશેષ અવકાશ હોવાથી વિશેષ પાણી શમાય છે; પણ અંજલિ ન્હાની હોવા છતાં તેમાં તેટલા પ્રમાણથી પાણી નથી માતું કે શું ?[૧૪] મશાલ મોટી હોવાથી તેનું તેજ વધારે પડે છે; પણ દીવેટ ન્હાની હોવા છતાં તેના પ્રમાણમાં તેનો પ્રકાશ નથી પડતો કે શું ?[૧૫] સમુદ્રના વિસ્તાર અનુસાર તેમાં આકાશનું પ્રતિબિંબ મોટું દેખાય છે, પણ તે જ આકાશનું પ્રતિબિંબ ન્હાના વ્હેળામાં પણ તેના પ્રમાણમાં તો દૃષ્ટિગોચર થાય છે જ.[૧૬] તેજ પ્રમાણે, વ્યાસ આદિની મહાબુદ્ધિએ જ આ ગ્રંથવિશે વિચાર કરવો જોઇએ અને અમારે તો સ્વસ્થ થઈને જ બેસી રહેવું જોઈએ, એમ કહેવું

કદાપિ સયુક્તિક થાય તેમ નથી જ.[૧૭] જે સમુદ્રમાં મંદરાચલ સમાન મહાન્ મહાન્ જલચરો નિવાસ કરે છે, તેમના તે વૈભવને જોઇને ન્હાનાં ન્હાનાં માછલાંએ ત્યાં રહેવું જ નહિ કે?[૧૮] અરુણ, સૂર્યના સન્નિધ હોવાથી સૂર્યને જુવે છે અને પૃથ્વીપરની ન્હાની કીડી તેની તરફ દૃષ્ટિપાત નથી જ કરતી કે શું?[૧૯] અર્થાત્ અમો પ્રાકૃત જનોએ, ગીતાનું દેશભાષામાં વર્ણન કર્યું એ અયોગ્ય કૃત્ય છે, એમ કહેવાનું કાંઇપણ પ્રયોજન નથી.[૧૭૨૦] જો અલ્પવયસ્ક બાળક પિતાના ગમનના માર્ગમાં ગમન કરવા માંડે, તો પિતા જે સ્થાને ગયો હોય તે સ્થાને તે બાળક પણ ન પહોંચી જાય કે?[૨૧] તેવી જ રીતે, હું પણ વ્યાસનો પીછો પકડી અને ભાષ્યકારને વાટ પૂછતો પૂછતો ચાલ્યો જાઉં, તો જે સ્થાને વ્યાસ ગયા છે, તે સ્થાને નહિ તો અન્યત્ર હું ક્યાં પહોંચવાનો હતો વારુ?[૨૨] અને જે પરમેશ્વરની ક્ષમાથી પૃથ્વી સ્થાવર જંગમ વિશ્વના ઉપદ્રવને સહન કરે છે; જે પરમેશ્વરના અમૃતવડે ચંદ્ર જગતને તેના સર્વ તાપોની નિવૃત્તિ કરીને શાંતિ આપે છે;[૨૩] જે પરમેશ્વરના અંગના તેજવડે સૂર્યને તેજની પ્રાપ્તિ થયેલી છે અને તેથી તે જગતના અંધકારથી પ્રાપ્ત થયેલા સંકટને દૂર કરે છે;[૨૪] જે પરમેશ્વરની સત્તાથી સમુદ્રને જળસંચય મળેલો છે અને જળને માધુર્ય તથા માધુર્યને સૌન્દર્ય પ્રાપ્ત થયેલું છે;[૨૫] જે પરમેશ્વરની સત્તાથી વાયુને ગતિરૂપ બળ, આકાશને વિસ્તાર અને જ્ઞાનને ઉજ્જ્વલ સાર્વભૌમત્વ પ્રાપ્ત થયેલું છે;[૨૬] જે પરમેશ્વરની સત્તાથી વેદને બોલવાની શક્તિ, સુખને આનંદ અને વિશ્વને રૂપ પ્રાપ્ત થયેલું છે;[૨૭] તે વસ્તુમાત્રપર ઉપકાર કરનાર સમર્થ સદ્ગુરુ શ્રીનિવૃત્તિનાથ મારા અંતઃકરણમાં પ્રવેશીને નિવાસ કરે છે;[૨૮] એટલે પછી આયતી તૈયાર મળી ગયેલી ગીતાને, હું મરાઠી ભાષામાં, જગતને સમજાવવા સમર્થ થયો છું, એમાં આશ્ચર્ય જેવું શું છે વારુ?[૨૯] શ્રીગુરુના નામસહિત પર્વતપર દ્રોણાચાર્યની મૃત્તિકાની મૂર્ત્તિની સ્થાપના કરી તેની સેવાના પ્રતાપથી એકલવ્ય કોળીએ* પોતાની વિદ્યાની કીર્ત્તિને ત્રિભુવનમાં સર્વમાન્ય કરાવી હતી;[૧૭૩૦] ચંદન વૃક્ષની આસપાસનાં વૃક્ષો તે ચંદનના અંગમાંના સૌગંધ્યવડે સર્વ ચંદન થાય છે; અને

* ભીષ્મપિતામહે ધાર્ત્તરાષ્ટ્રો (ધૃતરાષ્ટ્રના પુત્રો) અને પાંડવો (પાંડુ રાજાના પુત્રો) ને ધનુર્વેદ શીખવવા માટે દ્રોણાચાર્યને બોલાવીને હસ્તિનાપુરમાં રાખ્યા પછી, તે બાળકો તેની આજ્ઞામાં રહીને અભ્યાસ કરવા લાગ્યા. એ વર્ત્તમાનનો દેશવિદેશમાં પ્રસાર થવાથી અનેક રાજપુત્રો ત્યાં આવીને દ્રોણાચાર્ય પાસેથી અસ્ત્રવિદ્યાના અભ્યાસનો લાભ લેવા લાગ્યા. એ સમાચાર સાંભળીને એકલવ્ય નામક એક કિરાતપુત્ર પણ ત્યાં આવ્યો અને 'મારો અંગીકાર કરીને મને વિદ્યાદાન આપો' એ પ્રમાણે આચાર્યની પ્રાર્થના કરવા લાગ્યો. પરંતુ દ્રોણાચાર્યે તેનો અંગીકાર કર્યો નહિ. આમ થવાથી તેણે દ્રોણાચાર્યની પાદુકા માગી અને તેને સર્વથા વિમુખ ન કરવાના ઉદ્દેશથી આચાર્યે તેને પાદુકાઓ આપી. તે પાદુકાને લઇને તે પોતાને ઘેર આવ્યો અને ભક્તિપુરઃસર દ્રોણાચાર્યની મૃણ્મય (માટીની) મૂર્ત્તિ બનાવીને અને લાવેલી પાદુકાને તત્સમક્ષ રાખીને તેમની નિત્ય નિયમપૂર્વક પૂજા કરતો ને તેની સામે હસ્તમાં ધનુષ્ય બાણ લઇને પોતે જ ઊભો રહેવા લાગ્યો. તે 'આવી રીતે અસ્ત્ર છોડું ને?' એમ પોતાના મનમાં જ પ્રશ્ન કરતો અને પોતે જ 'હાહા–એમ જ છોડ' એવું ઉત્તર આપીને અસ્ત્ર ચાલન કરતો. એમ કરતાં કરતાં વિમોક્ષ, આદાન અને સંધાન ઇત્યાદિ ધનુર્વિદ્યાનાં જે પ્રકરણો છે, તે સર્વમાં તે અલ્પકાળમાં જ મહા પ્રવીણ અને નિષ્ણાત થઈ ગયો હતો.

બીજી તરફ કૌરવ, પાંડવ તેમ જ અન્ય રાજપુત્રો પણ ધનુર્વિદ્યામાં પ્રવીણ થયા હતા. તેઓ એકવાર મૃગયા કરવાને નીકળ્યા. તેઓ મૃગની પાછળ લાગ્યા હતા, એટલામાં તેમનો મૃગયાશ્વાન (શિકારી કૂતરો) દૂર રહી જઇને ભૂલો પડ્યાથી, જ્યાં એકલવ્ય હતો ત્યાં જઈ લાગ્યો. પરંતુ તેને નિત્ય સુંદર વેષધારી રાજપુત્રોને જોવાની ટેવ પડી ગયેલી હોવાથી, વિચિત્ર વેષધારી એકલવ્યને જોઇને તે તેના અંગપર દોડીને ભસવા લાગ્યો. એકલવ્યે તેના તે વિકાસેલા મુખને જોઇને તેમાં એવી યુક્તિથી ન્હાના બાણોનો એક ઝુમખો ભરી દીધો કે, તેનાથી ભસી પણ ન શકાય અને મોઢું વાસી પણ ન શકાય. તે શ્વાન ત્યાંથી નાઠો અને આમ તેમ ભટકવા લાગ્યો. એટલામાં તેની દૃષ્ટિ રાજપુત્રોપર પડી અને રાજપુત્રોએ તેને જોયો. તે પાસે આવ્યો ત્યારે તેના મોઢામાં ભરેલા બાણના ઝુમખાને જોતાં તેમને અતિ આશ્ચર્ય થયું અને આવી કૃતિ કરનારા ધનુર્ધર આ અરણ્યમાં કોણ હશે, એમ ધારી તેઓ તેની શોધમાં આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં કેટલાક અંતરે જવા પછી ધનુષ્યબાણધારી એકલવ્યને તેમણે જોયો અને તે એ જ હોવો જોઇએ, એમ ધારીને તેઓ ત્યાં જ ઊભા રહી ગયા.

વસિષ્ઠે સ્વીકારેલા કૌપીને સૂર્ય સાથે તેજસ્વિતામાં સ્પર્ધા કરી હતી;[૩૧] ત્યારે હું તો સદ્‌ગુરુમય ચિત્તથી યુક્ત છું અને મારો સદ્‌ગુરુ સ્વામી સમર્થ અને ધની છે કે, જે દૃષ્ટિથી અવલોકન કરતાંની સાથે જ પોતાનું સ્વરૂપ આપી દે છે.[૩૨] પ્રથમથી જ દૃષ્ટિ ઉત્તમ હોય અને તેમાં સૂર્યના તેજનું સહાય્ય મળે, એટલે પછી દૃષ્ટિગોચર ન થાય એવી આ ત્રિભુવનમાં કઇ વસ્તુ છે?[૩૩]

એટલા માટે શ્રી જ્ઞાનદેવ મહારાજ કહે છે કે, મારા મુખમાંથી નીકળનારા નવા શ્વાસોચ્છ્‌વાસ પણ પ્રબંધ થશે; કારણ કે, શ્રીગુરુની કૃપાથી શું નથી થતું?[૩૪] એટલા માટે મેં ગીતાનો અર્થ મરાઠીમાં એટલો બધો સરળ અને સુલભ કરી નાંખ્યો છે કે, તે લોકોની દૃષ્ટિથી જોવાને યોગ્ય થઇ પડશે.[૩૫] પરંતુ મરાઠી ભાષામાં ગીતાનો જે અર્થ સ્પષ્ટ કરેલો છે, તે, જો કોઈ વક્તાનો અભાવ હોય, તોય કેવળ તેનાં વાકયોના વાચનથી જ ઉદાસીન (અગમ્ય) ન દેખાતાં, સર્વથા સ્પષ્ટતાથી જ સમજવામાં આવી જાય છે.[૩૬] અર્થાત્ ગીતાના વિવેચકના કથનને તો મારો અર્થ ભૂષણરૂપ જ થાય છે અને વાંચનાર ગાયક કે વક્તા ન હોવા છતાં કેવળ વાચન કરે, તોય તેમાં ગેયતા કે વક્તૃત્વની ન્યૂનતા લેશ માત્ર પણ જોવામાં આવતી નથી.[૩૭] અલંકારોને સુંદર શરીરપર ન ચઢાવતાં અમથા રાખી મૂકવામાં આવે, તોપણ તે જેમ શોભાવાન્ દેખાય છે અથવા તો અંગપર ધારણ કરવાથી પણ શોભા આપે છે; પરંતુ એ બન્નેનો યોગ થાય તો તો પછી સૌન્દર્યની સીમા જ થાય છે;[૩૮] અથવા તો મોતીની જાત એવી છે કે, તે મોતીઓ સુવર્ણને અનુકૂળ થઇને શોભા આપે છે અને કદાચિત્ સુવર્ણનો અભાવ હોય તો તેઓ પોતે એકલાં પણ શોભા આપનારાં થઈ પડે છે.[૩૯] અથવા તો વસંતઋતુમાંનાં ગોળ મોગરાનાં ફૂલોના વાસમાં તેમને ગુંથીને તેમનો ગજરો બનાવીએ કે છૂટાં હાથમાં લઇએ તોય ભેદ હોતો નથી—ન્યૂનતા હોતી નથી;[૧૭૪૦] તેવી જ રીતે જો ગાનારો મળે તો તેને શોભા આપે અને ગાનાર ન હોય તોપણ જેનું તે જ તો રહે જ છે, એવો સર્વ લાભદાયક મેં આ ગ્રંથ ઓંવી પ્રબંધથી કરેલો છે.[૪૧] આ ગ્રંથમાં આબાલવૃદ્ધના સમજવામાં આવે તેવા ઓંવી પ્રબંધથી સર્વ બ્રહ્મરસથી ભરેલા અક્ષરોની યોજના કરેલી છે.[૪૨]

સર્વ રાજપુત્રોમાંના એક રાજકુમારે આગળ થઇને તેને પૂછયું કે;—"તું પોતે કોણ છે અને કોનો શિષ્ય છે?" એના ઉત્તરમાં એકલવ્યે કહ્યું કે;—"હું હિરણ્યધેનુક નામક નિષાદાધિપતિનો પુત્ર છું અને દ્રોણાચાર્યનો શિષ્ય છું." એથી રાજપુત્રોને ઘણો જ વિષાદ (શોક) થયો અને તેઓ ઘેર આવ્યા. ત્યાં તેમણે આચાર્યને કહ્યું કે;—"આપે અમને ન જણાવતાં ગુપ્ત રીતિથી એક નિષાદને ધનુર્વિધામાં પ્રવીણ કર્યો છે, એનું શું કારણ?" આ પ્રશ્ન સાંભળીને દ્રોણાચાર્ય વિચારમાં પડી ગયા અને એ વિશે તેઓ કશીપણ કલ્પના કરી શકયા નહિ; છતાં એવો તે નિષાદપુત્ર કોણ છે, તેને જોવાની ઇચ્છાથી તેઓ રાજપુત્રોને સાથે લઈ હસ્તિનાપુરમાંથી નીકળીને અરણ્યમાં એકલવ્ય હતો ત્યાં આવ્યા. આચાર્યને જોતાં જ એકલવ્યે દંડવત્ પ્રણામ કર્યા અને હસ્તદ્વય જોડીને તે આચાર્ય સમક્ષ ઊભો રહ્યો. એ પછી અસ્ત્રવિધામાં દ્રોણાચાર્યે તેની પરીક્ષા લીધી અને એ વિધામાં તે પ્રવીણ છે, એમ જાણ્યા પછી પૂછયું કે;—"આ વિધા તેં મારી પાસેથી કેવી રીતે મેળવી?" એના ઉત્તરમાં એકલવ્યે પોતાનો સંપૂર્ણ પૂર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેના એ વૃત્તાંતને સાંભળીને રાજપુત્રોના સંશયનો લોપ થયો અને એકલવ્યની ભાવના તથા આચાર્યના પુણ્યપ્રભાવનું પરમ આશ્ચર્ય થતાં તેઓ એ વિશેનો વાર્ત્તાલાપ કરતા હતા, એટલામાં આ એકલવ્ય ભવિષ્યમાં કદાચિત્ અર્જુનને પણ ભારી થઈ પડશે, એમ ધારીને દ્રોણાચાર્યે તેની પાસેથી ગુરુદક્ષિણા માગી અને તેમાં એટલી જ આજ્ઞા કરી કે:—"હવે પછી બાણ છોડતી વેળાએ તારે તેને કદાપિ અંગુષ્ઠનો સ્પર્શ થવા દેવો નહિ." "તથાસ્તુ" કહીને એકલવ્યે તે દિવસથી બાણને અંગુષ્ઠનો સ્પર્શ ન થવા દેવાના વ્રતનો સ્વીકાર કર્યો અને તે વ્રતનું સર્વ કિરાતો અત્યાર સુધી પાલન કરી રહ્યા છે. તાત્પર્ય એટલું જ કે, જો કે દ્રોણાચાર્યે એને વચનથી બાંધી લીધો હતો, તો પણ એ તો અર્જુનને ભારી હતો જ. (મહાભારત, આદિપર્વ) એ એકલવ્ય ભારતીય યુદ્ધના સમયમાં દુર્યોધનના પક્ષમાં હતો ખરો, પણ યુદ્ધમાં બિલકુલ આવ્યો ન હોતો." આ પ્રમાણે "ભારત વર્ષીય પ્રાચીન ઐતિહાસિક કોશ"માં કથન છે. પણ ભારતમાં પાદુકાનું કથન નથી, 'અંગુષ્ઠ કાપવો' એ ગુરુ દક્ષિણામાં માંગવામાં આવ્યું હતું; તેમ જ એકલવ્ય, ભારતીય યુદ્ધમાં દુર્યોધનપક્ષે એવો પણ ઉલ્લેખ ભારતમાં કોઈ સ્થળે નથી.

ચંદનના વૃક્ષ પાસે જઈને તેને પુષ્પો નથી, એટલાથી તેમાંથી સુવાસ નહિ મળે એમ ધારીને નિરાશ થવાનું કાંઈપણ કારણ નથી; કારણ કે, તેનાં તો સર્વાંગ સૌગંધ્યમય જ છે;૪૩ તેવીજ રીતે, આ મારો ગ્રંથ શ્રવણો (કાનો) માં પડતાંની સાથે જ સમાધિને લાવે છે, એટલે પછી એકવાર એનું વ્યાખ્યાન સાંભળતાં તે તેના પુનઃ શ્રવણનો છંદ કેમ ન લગાડે ?૪૪ આ મારા ગ્રંથનો પાઠ કરવા સાથે જો વક્તૃત્વ (વ્યાખ્યાન) પણ કરવામાં આવે, તો તેથી ઉત્પન્ન થનારું માધુર્ય અમૃતને પણ પાછળ હટાવી દે તેવું છે.૪૫ એવું આ અમૃત કરતાં પણ સરસ આઈતું કવિત્વ શ્રીગુરુના પ્રસાદથી ઉત્પન્ન થયેલું છે અને એના શ્રવણે મનન તથા નિદિધ્યાસનને જીતી લીધાં છે.૪૬ એ ક્રમે તેને આત્મસ્વરૂપના આનંદનો ઉત્તમ ભાગ અપાવે છે અને શ્રવણોદ્વારા સર્વ ઇંદ્રિયોની તૃપ્તિ કરાવે છે.૪૭ પોતાની શક્તિથી ચતુર ચકોર પક્ષીઓ જેમ ચન્દ્રના અમૃતનો ઉપભોગ લે છે, પણ તેવો ઉપભોગ અન્ય સર્વથી લઈ શકાતો નથી; છતાં તારાઓનો ઉપભોગ સર્વને પ્રાપ્ત થાય છે.૪૮ તેવી જ રીતે, અધ્યાત્મ શાસ્ત્રથી જિતેન્દ્રિય અને અધિકારી પુરુષોને ખરો આનંદ પ્રાપ્ત થાય છે અને ઈતર જનોને વાણીના સૌન્દર્યથી સુખની પ્રાપ્તિ થાય છે.૪૯

શ્રી ગુરુ નિવૃત્તિનાથનું ઐશ્વર્ય આવા પ્રકારનું છે અને તેથી આ મારો ગ્રંથ નહિ, કિન્તુ કેવળ તેમની કૃપાનો જ વૈભવ છે.૧૭૫૦ ક્ષીર સિંધુની પેલી પાર પાર્વતીના કર્ણમાં શ્રી શંકરે જે જ્ઞાનામૃત રેડ્યું હતું–ક્યારે રેડ્યું હતું તેની મને ખબર નથી–૫૧ તે જ્ઞાન, ક્ષીરસમુદ્રમાં મત્સ્યના ઉદરમાં જે ગુપ્તરૂપે હતા, તેમને પ્રાપ્ત થયું;૫૨ અને તે મત્સ્યેન્દ્રનાથ સહજ સંચાર કરતા કરતા સપ્તશૃંગપર આવી લાગ્યા; ત્યાં જેમના અવયવો ભગ્ન થયેલા હતા એવા ચૌરંગીનાથ, મત્સ્યેન્દ્રનાથના દર્શનનો લાભ થતાં જ સર્વ અવયવોવડે પરિપૂર્ણ થઇ ગયા.૫૩ પછી અચલ સમાધિનો ઉપભોગ લેવાની ઇચ્છાથી, મત્સ્યેન્દ્રનાથે પોતાનું તે ઐશ્વર્ય ગોરક્ષનાથને આપ્યું.૫૪ મત્સ્યેન્દ્રનાથે યોગરૂપ કમલિનીને ધારણ કરનાર અને વિષયનો વિધ્વંસ કરવામાં મહાશૂરવીર ગોરક્ષનાથને પોતાના યોગૈશ્વર્યના પદે બેસાડીને રાજ્યાભિષેક કર્યો.૫૫ એ પછી શંકરપાસેથી પરંપરાથી આવેલા સુખને–અદ્વયાનંદ સુખને–ગોરક્ષનાથ પાસેથી ગહિનીનાથે પૂર્ણ સંપાદન કર્યું.૫૬ પછી આ કળિયુગે સર્વ ભૂતોનો ગ્રાસ કરેલો છે, એમ જોઈને ગહિનીનાથે શ્રી નિવૃત્તિનાથને એવી આજ્ઞા કરી કે,૫૭ આદિગુરુ શ્રી શંકરપાસેથી શિષ્ય પરંપરાગત જે આ બોધ (જ્ઞાન) નું ઐશ્વર્ય આપણા કુળને પ્રાપ્ત થયેલું છે,૫૮ તે તું લઈને જા અને એના યોગે કલિકાલથી ત્રાસી ગયેલા જીવોને, દુઃખના બંધનથી સર્વ પ્રકારે મુક્ત કર.૫૯ પ્રથમથી જ શ્રીનિવૃત્તિનાથ દયાળુ તો હતા જ, એટલે શ્રીગુરુની આવી આજ્ઞા મળવાથી તેમને પરમ આનંદ થયો. જેવી રીતે મેઘ, વૃષ્ટિ કરવા માટે પોતે જ તત્પર હોય છે અને તેવામાં વર્ષાકાળ આવી લાગતાં તે અત્યંત ખળભળી જાય છે, તેવો જ શ્રીનિવૃત્તિનાથનો પ્રકાર પણ થયો.૧૭૬૦ એ પછી પીડિત જનોને દુઃખોથી મુક્ત કરવાની અનુકંપાથી ગીતાના અર્થના મિષથી તેમણે જે બ્રહ્મરસની વૃષ્ટિ વર્ષાવી, તે જ આ ગ્રંથ છે.૬૧ ગુરુના પ્રસાદની પ્રાપ્તિની આશાથી મને ચાતક સમાન બેઠેલો અનન્ય શિષ્ય ભાળીને મારાપર તેમણે કૃપા કરી અને તેથી જ આજે હું આ યશને પ્રાપ્ત કરી શક્યો છું.૬૨

એવી રીતે ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલા સર્વ સમાધિધનને એક સ્થળે એકત્ર કરી બાંધીને તે ધન શ્રી નિવૃત્તિનાથે મને આપ્યું.૬૩ નહિ તો, મેં તો કશું અધ્યયન પણ કર્યું નથી અને કાંઈ સાંભળ્યું પણ નથી; તેમ જ સ્વામીની સેવા કરવાનું પણ મને જ્ઞાન નથી; એટલે પછી ગ્રંથ રચવાની યોગ્યતા તો મારામાં ક્યાંથી જ હોય ?૬૪ પરંતુ વાસ્તવિકતાથી જોતાં શ્રી ગુરુએ મારું નિમિત્ત કરીને જે ગ્રંથ રચ્યો છે, તે (ગ્રંથ)ના યોગે સમસ્ત જગતનું સંરક્ષણ થયેલું છે.૬૫ એટલા માટે, હું, પુરોહિત (કુલના ગુરુ) પ્રમાણે જે કાંઇ ન્યૂનાધિક બોલી ગયો હોઉં, તેને તમે

માતા પ્રમાણે સહન કરી જાઓ.[૬૬] શબ્દની રચના કેવી રીતે કરવી અને તે શબ્દનો અર્થ કેવો ચઢિયાતો હોવો જોઇએ, તેમ જ અલંકાર શાને કહેવામાં આવે છે, એમાંનું તો કાંઇપણ હું જાણતો જ નથી.[૬૭] કળસૂત્રી પૂતળું જેમ સૂત્રધારના નચાવ્યા પ્રમાણે નાચ્યા કરે છે, તે પ્રમાણે મારા ગુરુએ મારા અંતઃકરણમાં જે જે પ્રકાશિત કર્યું, તે જ હું બોલ્યો છું.[૬૮] અને એટલા માટે હું એમ કહેતો જ નથી કે, મારા ગ્રંથમાંના ગુણદોષોને સહન કરી જાઓ; કારણ કે મારા ગુરુએ મારી પાસે જાંગડ રાખેલો ગ્રંથ જ મેં આપ સમક્ષ રજૂ કર્યો છે.[૬૯] અને તમો સંતજનોની સભામાં જો અમુક એક વાર્ત્તાની ન્યૂનતાનો લોપ ન થાય, તો તેનો બધો દોષ તમારા શિરપર જ આવવાનો.[૧૭૭૦] લોઢાની ન્યૂનતાનો જે પારસમણિના સ્પર્શથી સહજ જ લોપ ન થાય, તો તેનો દોષ કોનાપર આવે? (પારસમણિપર જ.)[૭૧] વ્હેળાનું કર્ત્તવ્ય એટલું જ છે કે, ગંગામાં જઇને મળવું; પછી જો ગંગા તેનો સ્વીકાર ન કરી લે (તેને પવિત્ર ન કરે), તો તેમાં વ્હેળાનો શો દોષ?[૭૨] અર્થાત્ મહદ્ભાગ્યના યોગે હું તમો સંતજનોનાં ચરણોમાં આવી શકયો છું; તો પછી હવે આ જગતમાં મને શાની ન્યૂનતા છે?[૭૩] અહો! શું કહું? મારા ગુરુએ તમો સંતજનોનો મેળાપ કરાવી આપ્યો. એના યોગે મારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઇ છે.[૭૪] જુઓ તો ખરા, તમારા જેવા અનુકૂળ પિતૃગૃહની પ્રાપ્તિ થવાથી જ આ ગ્રંથ રચવાનો મારો છંદ આજે સિદ્ધ થયો છે.[૭૫] નહિ તો, આખી પૃથ્વીને કેવળ સુવર્ણની બનાવી શકાય; સર્વ પર્વતોને ચિંતામણિના ગિરિરાજ કરી શકાય;[૭૬] સાત સમુદ્રને અમૃતવડે ભરી નાખવાનું કાર્ય પણ સરળ છે, તેમ જ તારકોને ચંદ્ર બનાવવા, એ પણ કાંઇ કઠિન વાર્ત્તા નથી;[૭૭] કલ્પતરુનાં ઉદ્યાનો પણ સહજ તૈયાર કરી શકાય (અર્થાત્ એ સર્વ કાર્યો તપના બળથી અનાયાસ કરી શકાય તેવાં છે); પરંતુ ગીતાના અર્થનું રહસ્ય (ગુરુના પ્રસાદ વિના) કદાપિ સમજી શકાય તેમ નથી જ.[૭૮] તે હું મુંગો હોવા છતાં પણ મેં ગીતાનો અર્થ મરાઠીમાં એવી રીતિથી કરેલો છે કે, સર્વ લોકોને નેત્રોવડે પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઇ શકે;[૭૯] અને તેમની જ (શ્રીગુરુની) કૃપાથી આટલા મોટા ગ્રંથરૂપ વિશાળ સાગરને તરીને હું પેલા કિનારાપર પહોંચી કીર્ત્તિરૂપ વિજયની પતાકા ફરકાવી શકયો છું.[૧૭૮૦] અઢારમા અધ્યાયના કળશ સહિત ગીતાના અર્થરૂપ દેવાલયને રચીને તેમાં શ્રી ગુરુની લિંગ (મૂર્ત્તિ) ની સ્થાપના કરી તેમની પૂજા કરી છે.[૮૧] ગીતા એક નિષ્કપટ માતા છે, જે તેના અલ્પવયસ્ક બાળકો જે મુમુક્ષુ જન, તેમનો અને માતાનો વિયોગ થતાં તે બાળકો આમતેમ ભટકયા કરે છે. તે બાળકોનો અને માતાનો મેળાપ કરાવી આપવો, એ આપ સંતજનોનો ધર્મ છે.[૮૨] જ્ઞાનદેવ કહે છે કે;-તમો સંતજનોએ જે કૃપા કરી છે અને તેના યોગે હું જે બોલ્યો છું, એ કાંઇ ન્હાની સૂની ઘટના નથી.[૮૩] વધારે તે શું બોલું? મારા આ ગ્રંથની અત્યારે નિર્વિઘ્ને સમાપ્તિ થવાથી મને એમ જ ભાસે છે કે, મારા સર્વ પૂર્વ જન્મોનું ફળ મને તમે પ્રાપ્ત કરાવી આપ્યું છે.[૮૪] મેં તમારામાં વિશ્વાસ રાખીને જે જે ઇચ્છા કરી, તે સર્વ ઇચ્છાને પૂર્ણ કરી, તેથી હું સર્વથા સુખને પાત્ર થયો છું.[૮૫] હે ગુરો! તમે મારે માટે ગીતાર્થરૂપ ગ્રંથની જે નવીન સૃષ્ટિ રચી છે, તેને જોઇને હું વિશ્વામિત્રની સૃષ્ટિનું હાસ્ય કરું છું![૮૬] કારણ કે, ત્રિશંકુ* રાજાના ઉદ્દેશથી, બ્રહ્મદેવમાં ન્યૂનતા લાવવાના હેતુવડે વિશ્વામિત્રે નાશવંત

* ત્રિશંકુ તે ઇક્ષ્વાકુ કુલોત્પન્ન નિબંધન રાજાનો પુત્ર અને પ્રખ્યાત પુણ્યશ્લોક હરિશ્ચંદ્ર રાજાનો પિતા હતો. એનું મૂળ નામ સત્યવ્રત હતું. એ બાલ્યકાળથી જ દુર્માર્ગવર્ત્તી હતો અને પછીથી તેણે બ્રાહ્મણ વનિતાઓનું પણ હરણ કર્યું હતું. એથી તેના પિતાને કોપ આવતાં તેણે તેને પોતાના રાજ્યમાંથી હાંકી કાઢયો; અને ત્યાર પછી એ દુઃખથી પીડિત થઇને નિબંધન રાજા પોતે પણ રાજ્યનો ભાર મંત્રિમંડળના શિરપર નાંખીને અરણ્યમાં તપશ્ચર્યા કરવાને ચાલ્યો ગયો. પિતા અને પુત્ર ઉભય 'શ્વપાક' પ્રમાણે ભટકતા થવાથી અયોધ્યાનગરીમાં કોઈ ન ધણી કે ન વાલીની સ્થિતિ

સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી. પરંતુ આપે નિર્મેલી સૃષ્ટિ તેવી વિનાશવંત નથી, પણ તે શાશ્વત છે.[૮૭] શંકરે પોતાના ભક્ત ઉપમન્યુની મમતાથી તેને માટે ક્ષીરસાગરની ઉત્પત્તિ કરી હતી અને તે

થવાથી, દશે દિશામાં અરાજકતાનો પ્રસાર થઈ ગયો. અને વળી 'દુષ્કાળમાં અધિક માસ'ની કહેવત પ્રમાણે સમસ્ત રાજ્યમાં અચાનક અવર્ષણનો પ્રસંગ પ્રાપ્ત થયો. એવા અસહ્ય કઠિન પ્રસંગે વિશ્વામિત્ર ઋષિ અરણ્યમાં તપશ્ચર્યા કરવાને ગયા હતા, એટલે પાછળ તેમની સ્ત્રી અને બાળકો આદિ નિરાધાર થઇને અન્ન માટે ટળવળવા લાગ્યાં. એ સમયમાં ઉપર્યુક્ત સત્યવ્રતે રોજ થોડુંક માંસ લાવી આપીને ઘણાક દિવસ સુધી તેમના જીવનનું રક્ષણ કર્યું; પણ એ જ સમયે તેના હાથે વસિષ્ઠ ઋષિનો એક અક્ષમ્ય અપરાધ થયો હતો. સત્યવ્રતે એકવાર વસિષ્ઠની ધેનુનો વધ કરીને વિશ્વામિત્રના કુટુંબને માંસ આણી આપ્યું હતું, એથી વસિષ્ઠે કોપાવિષ્ટ થઇને તેને એવો શાપ દીધો કે;-"બ્રાહ્મણ સ્ત્રીઓનો અપહાર, પિતાનો ક્રોધ અને ધેનુનો વધ એ ત્રણ શંકુઓ (પાતકો)ના પ્રભાવથી સત્યવ્રત ત્રિશંકુ નામને પામો!" એ શાપ મળ્યા પછી તો તે વિશેષ ઉન્મત્ત થઇને વનમાં ભ્રમણ કરવા લાગ્યો. કેટલાક કાળે તેનો પિતા પાછો પોતાના નગરમાં આવ્યો, પણ તેણે સત્યવ્રતના નામ માત્રનું પણ સ્મરણ કર્યું નહિ. એથી નિરાશ થઇને સત્યવ્રત દેહત્યાગ કરવાને તૈયાર થયો; એટલામાં કોઈ દેવતાએ તેને આવીને કહ્યું;-"તું દેહનો ત્યાગ ન કર. કારણ કે, તારો પિતા સત્વર જ રાજ્યાસનપર તારી સ્થાપના કરશે." અને ત્રિશંકુ (સત્યવ્રત) રાજકુમારે પોતાનો એ દેહત્યાગ વિશેનો વિચાર માંડી વાળ્યો. કેટલોક કાળ વીતી ગયો અને તેના પિતાએ તેને રાજ્યસૂત્રોને હાથમાં લેવાની આજ્ઞા આપી અને તે સાથે કેટલોક સદુપદેશ પણ આપ્યો. પૂર્વે પણ એકવાર તેના પિતાએ તેને ઉપદેશ આપ્યો હતો, પણ તે વેળાએ તેનો તે ઉપદેશ ઊંધા ઘડાપર પાણી રેડ્યા પ્રમાણે વ્યર્થ ગયો હતો; પરંતુ અત્યારે તેજ પિતૃબોધનું સારું પરિણામ થયું અને ત્રિશંકુ નીતિથી રાજ્ય કરવા લાગ્યો. ત્રિશંકુનો આ સંક્ષિપ્ત મૂળ વૃત્તાંત થયો.

ત્રિશંકુ એ પ્રમાણે રાજ્ય કર્યા કરતો હતો, તેવામાં એકવાર તેના મનમાં એવો વિચાર આવ્યો કે, 'આપણે આ મર્ત્ય દેહ સહિત જ સ્વર્ગમાં જઇએ અને જેના યોગે ત્યાંના દિવ્ય ભોગોને ચિરકાળ ભોગવી શકીએ, એવો એક યજ્ઞ કરવો જોઇએ.' એ વિચારથી તે વસિષ્ઠ ઋષિપાસે ગયો; પણ વસિષ્ઠે તેને કહ્યું કે;-"તું જેમ ધારે છે, તેમ કદાપિ થવાનું નથી." ત્રિશંકુ કહેવા લાગ્યો કે;-"હું સમજ્યો; મેં પૂર્વે આપની ધેનુનો વધ કર્યો હતો, એટલે આપ દ્વેષથી જ આમ બોલો છો. વારુ ત્યારે હવે બીજા ઉપાધ્યાયને બોલાવી એવો યજ્ઞ કરીને હું સદેહ સ્વર્ગારોહણ કરું છું કે નહિ, તે આપ પણ જોશો જ!" તેની આવી ગર્વોક્તિ સાંભળીને વસિષ્ઠે કોપથી કહ્યું;-"તું સ્વર્ગમાં જાય કે ન જાય એ તો પછીની વાત છે; પણ આ ક્ષણે જ ચાંડાલ બની જા!" વસિષ્ઠના મુખમાંથી આ વચન નીકળતાં જ સત્યવ્રતને (ત્રિશંકુને) ચાંડાલનું સ્વરૂપ પ્રાપ્ત થયું. એથી ત્રિશંકુને ઘણી જ લજ્જા ઉત્પન્ન થઈ અને તે અતિશય પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એ જ સમય ઉપર વિશ્વામિત્ર ઋષિ પોતાને ઘેર આવ્યા અને 'મારી ગેરહાજરીમાં તમારું રક્ષણ કોણે કર્યું?' એવો પોતાના પરિવારને પ્રશ્ન કર્યો. એના ઉત્તરમાં ત્રિશંકુના નામનો ઉલ્લેખ કરીને તેનાં પત્નીએ તેની હતાશ અવસ્થા નિવેદિત કરી. પછી વિશ્વામિત્ર અને ત્રિશંકુનો મેળાપ થયો અને તે વેળાએ વિશ્વામિત્રને ઉદ્દેશીને ત્રિશંકુ કહેવા લાગ્યો કે;-"હવે મારા રક્ષણનો ભાર આપના શિરપર છે." વિશ્વામિત્રે કહ્યું;-"ઠીક છે-જોઈ લેવાશે." પછી એ બન્નેએ મળીને યજ્ઞ આરંભ્યો અને બ્રાહ્મણોને આમંત્રણ મોકલ્યાં. પરંતુ વસિષ્ઠે 'ચાંડાલ યજમાન અને ક્ષત્રિય ઉપાધ્યાય' કહી એ યજ્ઞની નિંદા કરવાથી કોઈ બ્રાહ્મણ આવ્યો નહિ. વિશ્વામિત્ર ક્રોધમાં આવી ગયા ને વસિષ્ઠ પુત્રોને 'તમો સર્વ ચાંડાલ થશો!' એવો શાપ દીધો અને ત્યાર પછી એ યજ્ઞસમારંભમાં કેટલાક બ્રાહ્મણો આવવા લાગ્યા. પરંતુ ત્યાર પછી દેવો હવિર્ભાગના સ્વીકારમાં આનાકાની કરવા લાગ્યા, એટલે વિશ્વામિત્રે ત્રિશંકુને કહ્યું;-"હવે મારું પોતાનું જ જે કાંઇ સ્વોપાર્જિત પુણ્ય હોય, તો અત્યારેજ તું આ દેહથી સ્વર્ગમાં જા!" વિશ્વામિત્રના મુખમાંથી આ વચન નીકળતાં જ ત્રિશંકુ, પક્ષી પ્રમાણે ઉડ્ડાણ કરીને સ્વર્ગ પ્રતિ જવા લાગ્યો. એથી ઇન્દ્રને ક્રોધ આવ્યો ને તેણે તેને કહ્યું;-"ગુરુના શાપથી દગ્ધ થયેલા ત્રિશંકુ! તને મર્ત્યદેહથી સ્વર્ગમાં આવવાનો અધિકાર નથી; માટે તું પાછો અધઃપાતને પ્રાપ્ત થા!" એથી ત્રિશંકુ પાછો નીચે પડવા લાગ્યો અને પોકાર કરવા લાગ્યો. તેના તે પોકારને સાંભળીને વિશ્વામિત્રે કહ્યું;-"તિષ્ઠ, તિષ્ઠ!" (સ્થિર રહે, સ્થિર રહે!) અને એથી ત્રિશંકુ અંતરિક્ષમાં જ સ્થિર રહ્યો. પછી વિશ્વામિત્રે પ્રતિસૃષ્ટિ અને પ્રતિ સ્વર્ગ નિર્માણ કરીને, 'ત્યાં હું ત્રિશંકુની સ્થાપના કરીશ' એવી પ્રતિજ્ઞા સાથે ઇષ્ટિનો આરંભ કર્યો અને તેમ કરીને કેટલાક પદાર્થો પણ નિર્માણ કર્યા. આથી ઇન્દ્રના મનમાં ભાવી ભયનો સંચાર થતાં તેણે વિશ્વામિત્રને આવીને અનેક ઉપાયથી સમજાવ્યા અને ત્યાર પછી ત્રિશંકુને તેના મર્ત્ય દેહનો ત્યાગ કરાવી દિવ્ય દેહ આપીને સ્વર્ગાધિપ ઇન્દ્ર તેને પોતાની સાથે સુરલોક-સ્વર્ગધામમાં લઈ ગયો.

પુરાતન ગ્રંથોમાં ત્રિશંકુની કથા આ પ્રમાણે આપવામાં આવી છે અને ત્રિશંકુ અંતરિક્ષમાં અટકી પડ્યો હતો, એથી અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થયેલા મનુષ્યને ત્રિશંકુ સમાન કહેવામાં આવે છે.

ક્ષીરસાગર આ ગ્રંથની બરાબરીનો છે એમ કહીએ, તો ક્ષીરસાગર તો વિષગર્ભ છે. (સમુદ્રમંથન સમયે તેમાંથી હલાહલ વિષ નીકળ્યું હતું, અને આ ગીતાસાગરમાં તો કેવળ અમૃત ભર્યું છે.)[૮૮] પ્રાણી માત્રને અંધકાર અને નિશાચરની પીડા ન થાય, એટલા માટે તેમણે પ્રયત્ન કર્યો અને સૂર્યે પોતાના તેજથી તેમના દુઃખનો પરિહાર કર્યો, પરંતુ તેના તેજની ઉષ્ણતાથી જીવ માત્રને ત્રાસ થાય છે, એટલી તેનામાં (સૂર્યમાં) ન્યૂનતા રહી ગયેલી છે.[૮૯] તપ્ત થયેલા જગતને ચંદ્રે પોતાની ચંદ્રિકાના યોગે શાંત કર્યું છે ખરું, પરંતુ તે ચંદ્ર કલંકયુક્ત છે, એટલે આ ગ્રંથને દોષયુક્ત ચંદ્રસમાન પણ કેમ કહી શકાય![૧૭૯૦] અર્થાત્ તમો સંતજનોએ મારા હાથે ત્રૈલોક્યને ઉપયોગી થઈ પડનારો જે ગ્રંથ રચાવ્યો છે તે અનુપમ છે.[૯૧]

વધારે શું કહેવું? તમારી કૃપાથી ધર્મરૂપ કીર્તનની સમાપ્તિ થઈ છે; એટલે હવે મારું એટલું જ કર્તવ્ય માત્ર અવશિષ્ટ રહેલું છે કે, તમો સંતજનોની (તનમનધનથી) સેવા કરવી.[૯૨] અને વિશ્વરૂપ સદ્દગુરુએ મારા વાગ્યજ્ઞથી સંતુષ્ટ થઈને મને આ પ્રસાદ આપવો કે,[૯૩] "દુષ્ટોની કુટિલતાનો લોપ થાઓ અને તેમનામાં સત્કર્મ વિષયક પ્રીતિ ઉત્પન્ન થાઓ. જીવ માત્રની પરસ્પર મૈત્રીની નિરન્તર વૃદ્ધિ થતી રહો.[૯૪] આ સમસ્ત વિશ્વમાનાં પાપરૂપ અંધકારનો લય થાઓ, સ્વધર્મરૂપ સૂર્યનો ઉદય થઇને તેના પ્રકાશનો વિસ્તાર થાઓ, પ્રાણિમાત્રની જે જે (શુભ) ઇચ્છાઓ હોય તે સર્વ પૂર્ણ થાઓ,[૯૫] આ ભૂતલપર અખિલ મંગલની વૃષ્ટિ કરનારા ભગવદ્દભક્તોના સમુદાયોનો સર્વ ભૂતોને સદ્દભાવથી સદોદિત મેલાપ થયા કરો![૯૬] તે ભક્ત જનો કેવા છે, એમ જો કોઇ પૂછે તો મારે જણાવવું જોઇએ કે, તેઓ ચાલતા બોલતા કલ્પવૃક્ષનાં ઉદ્યાન જ છે; સજીવ ચિન્તામણિના ગ્રામ છે અથવા તો અમૃતથી છલાછલ ભરેલા બોલતા ચાલતા સમુદ્ર જ છે.[૯૭] જે કલંકરહિત પ્રતિચંદ્ર અને સંસારરૂપ અંધકારને દૂર કરીને શાંતિ સુખ દેનાર પ્રતિસૂર્ય ભગવદ્દભક્તો છે, તે સકળ જીવોને પ્રિય થાઓ![૯૮] વધારે શી ભિક્ષા માગું? સમસ્ત ત્રૈલોક્ય સુખવડે પરિપૂર્ણ થઇ પ્રાણિમાત્રમાં હરિનું અખંડ ભજન કરવાની ઇચ્છાનો ઉદય થાઓ;[૯૯] અને આ ગ્રંથપર જ જેની ઉપજીવિકા છે, તેમને આ લોક અને પરલોકના સુખની પ્રાપ્તિ થાઓ!"[૧૮૦૦] એ પછી સદ્દગુરુએ પ્રસન્ન થઇને કહ્યું કે;–"તારી ઇચ્છા પ્રમાણે સર્વ થશે." આવું વરદાન મળવાથી શ્રી જ્ઞાનદેવ બહુ જ સંતુષ્ટ થયા.[૧]

એ પ્રમાણે કલિયુગમાં, મહારાષ્ટ્ર દેશમાં, શ્રી ગોદાવરી નદીના દક્ષિણ તીર પ્રાંતમાં,[૨] ત્રૈલોકયમાં પવિત્ર અને અનાદિ પંચકોશ ક્ષેત્ર નેવાસા–કે જે સ્થાનમાં સમસ્ત જગતના જીવન સૂત્ર શ્રી *મોહિનીરાજ વિરાજે છે,[૩] તે ક્ષેત્રમાં; સકલકલા સંપૂર્ણ અને પૃથ્વીનો સ્વામી તથા ન્યાયથી પ્રજાનું પાલન કરી યદુકુળને ભૂષણ આપનાર રામરાજા રાજ્ય કરતો હતો,[૪] તે

* 'શ્રી મોહિનીરાજ' અથવા 'મોહનીરાજ' એ દેવનું સ્થાન અહમ્મદનગર જિલ્લામાંના નેવાસા નામક ગ્રામમાં છે અને તે 'શ્રી મહાલયા' ના બીજા સ્ત્રીવાચક નામથી પણ ઓળખાય છે. શ્રી વિષ્ણુએ સમુદ્રમંથન સમયે જે મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું, તેનો આ અવતાર છે અને તેથી એનાં સ્ત્રીલિંગી અને પુરુષલિંગી એવાં બે નામો છે. એ દેવનું મૂળસ્વરૂપ સ્ત્રીનું છે; છતાં ઉત્સવ આદિના પ્રસંગે એને પુરુષનાં વસ્ત્રો પણ ધારણ કરાવવામાં આવે છે. એ જ નેવાસા ગામમાં જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરી લખી હતી. ત્યાં અધાપિ 'જ્ઞાનોબાચા ખાંબ' નામનો એક પ્રસિદ્ધ પાષાણ સ્તંભ છે. એ પર પ્રથમતઃ કોયલાથી જ્ઞાનેશ્વર મહારાજ ઓવીઓ લખતા અને નેવાસાના કુલકર્ણી સચ્ચિદાનંદ બાબા તેની સારી પ્રત ઉતારી લેતા હતા. 'અહમ્મદ નગર ડિસ્ટ્રિકટ ગેઝેટીયર'માં 'નિવાસ' શબ્દનો 'નેવાસા' અર્થ કરેલો છે. પરંતુ એ મહારાષ્ટ્ર ભાષાના અજ્ઞાનને લીધે થયેલી ભૂલ જ છે. કારણ કે, મૂળમાંના 'સકલકલા નિવાસ' એ સમસ્ત પદ સામાસિક હોઇને તે રાજા રામચંદ્ર (રામરાજા)નું વિશેષણ છે, એમ સ્પષ્ટ દેખાય છે

વેળાએ જે નિવૃત્તિનાથ મહારાજની પરંપરા શ્રી શંકરથી છે, તે નિવૃત્તિનાથના શિષ્ય *જ્ઞાનદેવે ભગવદ્‌ગીતાને મરાઠી ભાષાનો અલંકાર કર્યો છે.[૫] એ પ્રમાણે ભારતમાંના પ્રસિદ્ધ ભીષ્મપર્વમાં શ્રી કૃષ્ણ અને અર્જુનનો જે પરમ ઉત્તમ સંવાદ થયો હતો,[૬] જે સર્વ ઉપનિષદોનો સાર છે, જે સર્વ શાસ્ત્રોનું જન્મસ્થાન છે અને પરમહંસ સાધુઓની ક્રીડામાટેનું સરોવર છે;[૭] તે ગીતાનો કળશ અઢારમો અધ્યાય છે, એમ શ્રી નિવૃત્તિ મહારાજના શિષ્ય શ્રી જ્ઞાનદેવ કહે છે.[૮] ઉત્તરોત્તર આ ગ્રંથની પુણ્યરૂપ સંપત્તિવડે જીવ માત્રને સર્વ સુખોનો પૂર્ણ લાભ થાઓ.[૯] શાકે ૧૨૧૨ માં આ ટીકા જ્ઞાનેશ્વર મહારાજે રચી અને સચ્ચિદાનંદ બાબાએ તેને અતિ આદરથી લખી લીધી.[૧૮૧૦]

ઇતિ શ્રી નિવૃત્તિદાસ જ્ઞાનદેવકૃત ભાવાર્થદીપિકામધ્યે "મોક્ષ સંન્યાસ યોગ" નામનો અધ્યાય અઢારમો સમાપ્ત.

શ્રી એકનાથ મહારાજે જ્ઞાનેશ્વરીનું સંશોધન કર્યા પછી તત્સંબંધી લખેલી ઓવીઓનું ભાષાન્તર.

શકે ૧૫૦૬ તારણ નામ સંવત્સરમાં જનાર્દન મહારાજના શિષ્ય એકનાથ સ્વામીએ ગીતા જ્ઞાનેશ્વરીની પ્રતિ શુદ્ધ કરી.[૧] ગ્રંથ મૂળનો જ અતિ શુદ્ધ હતો, પરંતુ લોકોના પાઠભેદથી કયાંક કયાંક અ(સં)બદ્ધ થઈ ગયો હતો, તેને તપાસીને જ્ઞાનેશ્વરીની પ્રતિ શુદ્ધ કરી છે.[૨] જેમની ગીતાની ટીકાને વાંચતાં ભાવિક વાચકને ગીતાનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે નિષ્કલંક જ્ઞાનેશ્વર મહારાજને (મારા) નમસ્કાર હો.[૩] વિપુલ કાલપછી પ્રાપ્ત થનારો જે કપિલાષષ્ઠીનો યોગ ભાદ્રપદ વદ્યષષ્ઠી, તે દિવસે ગોદાવરીના તીર પ્રાંતમાં પૈઠણ નામક ક્ષેત્રમાં જ્ઞાનેશ્વરીની પ્રતિને શુદ્ધ કરવાના કાર્યની સમાપ્તિ થઈ.[૪] જ્ઞાનેશ્વરીના પાઠમાં જે મહારાષ્ટ્ર ભાષામાં ઓવી રચીને ઉમેરશે, તો તેનું તે કાર્ય અમૃતના પાત્રમાં કાચલી રાખ્યા પ્રમાણે જ થવાનું, એમ સમજવું.[૫]

---

* અહીં મૂળમાં 'શ્રી નિવૃત્તિનાથ સુતે' એવા શબ્દો છે. સુત શબ્દનો અર્થ શિષ્ય પણ થાય છે અને કેટલાક મહંતી પંથોમાં શિષ્યપરંપરાને પુત્ર સંજ્ઞાથી જ ઓળખતા હોવાથી શિષ્યને પુત્ર પ્રમાણે જ વારસો વગેરે મળે છે, વળી શિષ્ય પુત્રરૂપ જ છે, એવો શ્રી જ્ઞાનેશ્વરનો આશય પણ જ્ઞાનેશ્વરીમાં સ્થળે સ્થળે પ્રકટ થયેલો છે. કર્ણ જે વેળાએ 'હું બ્રાહ્મણ છું' એમ કહીને ભાર્ગવ રામ પાસે ધનુર્વિદ્યા શીખતો હતો, તે વેળાએ એ અસત્યની જાણ થતાં ભાર્ગવ રામે ક્રોધ કર્યો. એટલે કર્ણે કહ્યું કે;–"ગુરુ તે શિષ્યનો પિતા જ છે અને તેથી જે ગુરુની જાતિ, તે જ શિષ્યની જાતિ છે, એમ ધારીને મેં મને પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવ્યો હતો;" અર્થાત્ અહીં શિષ્ય શબ્દનો કેટલાકો પુત્ર અર્થ કરે છે, તે અનુચિત નથી.

પારિભાષિક શબ્દકોશ.

અન્ન–શાસ્ત્રમાં ચતુર્વિધ (ચાર પ્રકારનું) અન્ન કહેલું છે અને તે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્યના નામથી ઓળખાય છે.

અંગ–યોગનાં આઠ અંગો (અષ્ટાંગ યોગ) કહેલાં છે અને તે આ પ્રમાણેઃ—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

અવસ્થા–અવસ્થાઓ પાંચ છે અને તે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્યા અને ઉન્મની નામથી ઓળખાય છે.

આસન–યોગમાં બધાં મળીને ૮૪ આસનો વર્ણવેલાં છે, પરંતુ તેમાંનાં સિદ્ધ, પદ્મ, વીર, ભદ્ર અને વજ્ર એ પાંચ આસનો મુખ્ય મનાય છે.

ઇન્દ્રિય–બધી મળીને ઇન્દ્રિયો દશ છે. પાંચ **જ્ઞાનેન્દ્રિય** અને પાંચ **કર્મેન્દ્રિય**. શ્રવણ, નયન, ત્વચા, ઘ્રાણ અને રસના એ પાંચ **જ્ઞાનેન્દ્રિય** છે અને શબ્દ, રૂપ, સ્પર્શ, ગંધ તથા રસ એ એમના વિષયો છે; વાક્, પાણી, પાદ, પાયુ અને ઉપસ્થ એ પાંચ **કર્મેન્દ્રિય** છે અને બોલવું, લેવું, ચાલવું, ગુદ–મલ ત્યાગ કરવો અને શિશ્ન–મૂત્ર ત્યાગ કરવો, એ એમના વિષયો છે.

ઋતુ–વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરત્, હેમંત અને શિશિર એ એક વર્ષના બબ્બે માસ અવધિના છ ઋતુઓ છે.

કપિલાષષ્ઠી–એ પર્વણી બહુધા ૬૦ વર્ષે એકવાર આવે છે. એ પર્વણી થવામાં માસ ભાદ્રપદ, પક્ષ કૃષ્ણ, તિથિ ષષ્ઠી, વાર મંગળ, નક્ષત્ર રોહિણી, યોગ વ્યતિપાત અને મહા નક્ષત્ર હસ્ત, એટલા યોગો એક સાથે હોવા જોઇએ ત્યારે કપિલાષષ્ઠી થાય છે.

કર્મ–નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને નિષિદ્ધ એ પ્રમાણે શાસ્ત્રમાં કર્મના ચાર પ્રકાર કહેલા છે. (અઢારમા અધ્યાયના બીજા શ્લોકની ટીકા જુઓ.)

કામ–કોઇપણ પદાર્થની જે વારંવાર ઇચ્છા થવી તે.

કુલાચલ–બધા મળીને સાત પર્વત **અચલ** કહેવાય છેઃ મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિયાત્ર, એટલે કે એ સાત કુલ પર્વત છે.

ગુણ–ગુણ ત્રણ છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ.

૧ સત્ત્વ–જ્ઞાનશક્તિ–જ્ઞાનેન્દ્રિયો. ૨ રજ–ક્રિયાશક્તિ–કર્મેન્દ્રિયો. ૩ તમ–પદાર્થશક્તિ–વિષય.

ગુરુ–ગુરુના ચાર પ્રકાર કહેલા છે. ગુરુ, પરમગુરુ, પરમેષ્ઠિગુરુ અને પરાત્પરગુરુ.

ચક્ર–આધાર–ગુદ, લિંગ, નાભિ, હૃદય, તાલુ, મૂલ, કંઠ અને લલાટ એ છ ચક્રો યોગશાસ્ત્રમાં વર્ણવેલાં છે.

ચિરંજીવ–અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન્, વિભીષણ, કૃપ અને પરશુરામ એ સપ્ત વિભૂતિઓને શાસ્ત્રમાં ચિરંજીવ નામથી ઓળખાવેલી છે.

ચિત્તચતુષ્ટય–બુદ્ધિ, મન, અહંકાર અને ચિત્ત.

છંદ–ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુભ્, બૃહતી, પંક્તી, ત્રિષ્ટુપ્ અને જગતી એ સાત મુખ્ય છંદ વેદવિહિત છે (૮ અક્ષરોનું ચરણ; ૩૨ અક્ષરોનો છંદ; ૨૪ અક્ષરની ગાયત્રી.)

ત્રિવિધતાપ–આધ્યાત્મિક, અધિદૈવિક અને આધિભૌતિક.

દિગ્ગજ–ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક એ આઠ દિગ્ગજ કહેલા છે.

દેવતરુ–મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન એ પાંચ દેવતરુ છે.

ધાતુ–શરીરમાં રહેલા સપ્તધાતુ અને તેમનું પ્રમાણ આ પ્રમાણે છેઃ—

રક્ત,	માંસ,	મજ્જા,	મેદ,	રસ,	અસ્થિ,	અને શુક્ર	એકંદર પ્રમાણ ૩૦½.
૮	૧૦	૨	૩	૪	૩	½	

પથ–એ ચતુષ્પથ છે અને તે આ પ્રમાણે;–**પ્રજ્ઞાન બ્રહ્મ**, (ઋક્શાખા), **તત્ત્વમસિ** (છાંદોગ્ય–સામ.) **અયમાત્મા બ્રહ્મ** (અથર્વવેદ), અને **અહંબ્રહ્માસ્મિ** (યજુઃશાખા).

પુરુષાર્થ–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેલા છે.

પ્રકૃતિ–અપ્, તેજ, ગગન, મહી, મારુત, મન, બુદ્ધિ અને અહંકાર એ પ્રમાણે પ્રકૃતિ અષ્ટધા છે અને તેમાં વળી બે ભેદ છે. પરાપ્રકૃતિ–ચેતન; અને અપરાપ્રકૃતિ–જડ.

પ્રમાણ:–સર્વ મળીને પ્રમાણ છ કહેલાં છે અને તે શાબ્દ, અનુમાન, ઉપમાન, પ્રત્યક્ષ, અર્થાપત્તિ તથા અનુપલબ્ધિના નામથી ઓળખાય છે.

પ્રાણ-મુખ્ય **પ્રાણ** પાંચ છે-પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સંમાન. એ ઉપરાંત પાંચ **ઉપપ્રાણ** છે અને તે આ પ્રમાણે,—નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય. એમનાં અનુક્રમે બગાસું આવવું, છીંક આવવી, ભૂખ લાગવી અથવા ઓડકાર આવવો, હેડકી ઉત્પન્ન થવી અને સર્વ શરીરમાં વ્યાપી રહેવું એ પરિણામો છે.

ભક્ત-શાસ્ત્રમાં ચાર પ્રકારના ભક્ત કહેલા છે. ૧ આર્ત્ત-પીડિત, ભગવત્ પ્રાપ્તિની ઇચ્છા કરનાર; ૨ અર્થાર્થી-ધન પ્રાપ્તિની ઇચ્છા ધરાવનાર; ૩ જિજ્ઞાસુ-જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા રાખનાર અને ૪ જ્ઞાની-જ્ઞાનને પ્રાપ્ત થયેલો.

ભક્તિ-નવ પ્રકારની ભક્તિનાં નામો આ પ્રમાણે છે:-શ્રવણ, કીર્ત્તન, નામસ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

ભાવ-જે આઠ સાત્ત્વિક ભાવો કહેલા છે તે આ છે;–સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત અને પ્રલય.

ભુવન-શાસ્ત્રોમાં ચૌદ ભુવનોનું વર્ણન આપવામાં આવ્યું છે અને તેમનાં નામો આ છે;-પાતાલ, મહાતલ, તલાતલ, રસાતલ, સુતલ, વિતલ, અતલ, ભૂ:, ભુવ:, સ્વર્:, મહ:, જન:, તપ:, અને સત્ય.

ભૂત-પૃથ્વી, અપ્, તેજ, વાયુ, અને આકાશ એ પંચ મહાભૂતો સર્વથા પ્રસિદ્ધ જ છે.

મનુ-અત્યાર સુધીમાં ચૌદ મનુ થઈ ગયા છે અને તેમનાં નામો શાસ્ત્રમાં આ પ્રમાણે આપવામાં આવ્યાં છે;-સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ, ઇન્દ્રસાવર્ણિ, અને ધર્મસાવર્ણિ.

યમનિયમ-યમ, "शरीरसाधनापक्षं नित्यं यत्कर्म तद्यमः" ॥ "आनृशंस्यं दया सत्यमहिंसा क्षांतिरार्जवम् । प्रीतिः प्रसादो माधुर्य मार्दवं च यमा दश" ॥ "શરીર સાધનની અપેક્ષાએ જે નિત્ય કર્મ કરવામાં આવે છે તે યમ છે." "આનૃશંસ્ય, દયા, સત્ય, અહિંસા, ક્ષાંતિ, આર્જવ, પ્રીતિ, પ્રસાદ, માધુર્ય અને માર્દવ એ દશ યમ છે."

નિયમ,–" शौचमिज्या तपो दानं स्वाध्यायोपस्थनिग्रहः । व्रतमौनोपवासं च स्थानं च नियमा दश " ॥ શૌચ, યજ્ઞ; તપ, દાન, સ્વાધ્યાય, બ્રહ્મચર્ય, વ્રત, મૌન, ઉપવાસ અને સ્નાન એ દશ નિયમો છે."

યોનિ-ચાર પ્રકારની છે-જરાયુજ=મનુષ્યયોનિ, અંડજ=પક્ષીયોનિ, સ્વેદજ=જૂ વગેરે અને ઉદ્‌ભિજ્જ=વૃક્ષ આદિની યોનિ.

રસ-સાહિત્ય કિંવા અલંકાર શાસ્ત્રમાંના નવ રસનાં નામો આ છે;-શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભુત અને શાંતરસ.

રુદ્ર-રુદ્રની સંખ્યા ૧૧ ની છે. મૃગવ્યાધ, સર્પ, નિર્ઋતિ, અજૈકપાત્, અહિર્બુધ્ન્ય, પિનાકી, દહન, ઈશ્વર, કાપાલી, મહાદ્યુતિ અને ભર્ગ.

લોકપાલ-એ લોકપાલોની સંખ્યા આઠની છે અને એમને દિગ્પાલ પણ કહેવામાં આવે છે. તેમનાં નામો:-શક્ર નામક આદિત્ય, અનલ નામનો વસુ, સૂર્ય પુત્ર યમ, નિર્ઋતિ નામનો રુદ્ર, વરુણ નામક આદિત્ય, અનિલ નામનો વસુ, વૈશ્રવણ નામનો કુબેર અને ઇશ્વર નામનો રુદ્ર.

વસુ-ધર, ધ્રુવ, સોમ, અહ્ન, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ એ આઠ વસુ છે.

વાણી-પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર વાણીના પ્રકાર યોગમાં કહેલા છે.

વિકાર-બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુ:ખ, ઉત્પત્તિ, વિનાશ, ભય, અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ અને અપયશ એ વીશ વિકારો કહેલા છે.

વ્યષ્ટિ-સમષ્ટિ—**વ્યષ્ટિ**:-વિશ્વ-જાગ્રતિ. તૈજસ-સ્વપ્નાવસ્થા. પ્રાજ્ઞ-સુષુપ્તિ. **સમષ્ટિ**:-વિરાટ્, હિરણ્યગર્ભ, ઈશ્વર.

શબ્દ-ઘોષ, ધ્વનિ, નાદ, અને ૐકાર.

સિદ્ધિ-અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્યા, ઈશિતા અને વશિતા; એ યોગશાસ્ત્રમાં વર્ણવેલી આઠ સિદ્ધિઓ છે. (વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓ, ભાગવત, એકાદશ સ્કંધ, અધ્યાય ૧૫ મો.)

સ્વર-સંગીતશાસ્ત્રગત નિષાદ, ઋષભ, ગાંધાર, ષડ્જ, મધ્યમ, ધૈવત અને પંચમ એ સપ્ત સ્વર.

